બિંદુ અને સિંધુ

આંતરભારતીય પુસ્તકમાળા

બિંદુ અને સિંધુ

લેખક :

અમૃતલાલ નાગર

અનુવાદિકા :

લાભુબેન મહેતા

નેશનલ બુક ટ્રસ્ટ ઈંડિયા, નવી દિલ્હી

1980 (शक 1902)

રૂ. 21-50

Original Title : BUND AUR SAMUDRA (Hindi)
Gujarati Title : BINDU ANE SINDHU

પ્રકાશક : ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110016
મુદ્રક : રાકેશ કે. દેસાઈ, ચંદ્રિકા પ્રિન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ-380001

ભૂમિકા

છેલ્લાં સો-સવાસો વર્ષમાં હિન્દી નવલકથાએ સારી એવી લાંબી યાત્રા પૂરી કરી છે અને એ યાત્રા ઘણી દૃષ્ટિએ બહુ આકર્ષક અને સંઘર્ષપૂર્ણ રહી છે. શરૂઆતની નવલકથાઓમાં સામાજિક કુરીતિઓના નિવારણના પ્રયત્નો તથા શૌર્ય અને જાતીય ગૌરવની ભાવનાઓનું ચિત્રણ થયું. શ્રીનિવાસદાસની 'પરીક્ષાગુરુ', કિશોરીલાલ ગોસ્વામીની 'ત્રિવેણી', 'સ્વર્ગીય કુસુમ' તથા રાધાકૃષ્ણદાસની 'નિઃસહાય હિંદુ' વગેરે નવલકથાઓમાં આ જ પ્રકારની પ્રવૃત્તિઓ નજરે પડે છે. એમના જ સમયમાં દેવકીનંદન ખત્રીએ થોડી એવી નવલકથાઓ સરજી જે માત્ર કાલ્પનિક અને અતિમાનવીય ઘટનાઓથી ભરેલી હતી. હિન્દી નવલકથાઓના ત્રીજા પ્રકારમાં મરાઠી કે બંગાળીમાંથી અનુવાદ કરેલી નવલકથાઓ ગણાવી શકાય, જે મોટે ભાગે શૌર્ય અને પ્રેમના મધ્યકાલીન ભાવબોધની અસર નીચે હતી. રાજસિંહ, સ્વર્ણ-લતા, સ્વર્ણબાઈ, યુગલાંગુરીય, કપાલકુંડલા વગેરે આવી નવલકથાઓનું પ્રતિ-નિધિત્વ કરે છે.

પ્રેમચંદે જાદુગરોના ચમત્કારિક લોકમાંથી પ્રેમ અને શૌર્યના રાજાશાહી વાતાવરણમાંથી હિન્દી નવલકથાને બહાર કાઢીને એને ભારતીય ખેડૂતોના ખેતરોમાં અને બાગમાં સ્થાપિત કરી. પ્રેમચંદે હિન્દી નવલકથાને સામાજિક ભૂમિકા આપી અને એને તત્કાલીન સંઘર્ષરત ભારતીય જીવનનો દસ્તાવેજ બનાવ્યો. એ નિર્વિવાદ સત્ય છે કે પ્રેમચંદને લીધે જ હિન્દી નવલકથા–સાહિત્યને વિચારણીય સ્વરૂપ મળ્યું.

પશ્ચિમની સંસ્કૃતિ અને સભ્યતાનો સંપર્ક આપણા જીવનના ઊંડાણને અસર કરવા લાગ્યો હતો. પશ્ચિમમાં મનોવૈજ્ઞાનિક નવલકથાઓની ધૂમ હતી. હિન્દીમાં પણ જૈનેન્દ્ર અને અજ્ઞેયે માનવમનની ગ્રંથિઓનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો. જૈનેન્દ્રે ગાંધીવાદમાંથી મનોમંથનનો સિદ્ધાંત લીધો, પશ્ચિમમાંથી મનોવિશ્લેષણની પદ્ધતિ લીધી અને એમણે પોતાની મૌલિક, વૈચારિક દૃષ્ટિના યોગથી 'પરખ' અને 'ત્યાગપત્ર' જેવી નવલકથાઓ લખી. અજ્ઞેયની 'શેખર : એક જીવની' ફ્લેશબેકની શૈલીમાં લખાયેલી ઊંડા ભાવબોધ અને દીપ્ત અભિવ્યક્તિ શૈલીનું એક સુંદર ઉદાહરણ છે. મનોવિજ્ઞાનનો સંપૂર્ણ સ્વીકાર ઈલાચન્દ્ર જોશીની

નવલકથામાં થયો અને એમની નવલકથાઓમાં મનોવૈજ્ઞાનિક ગ્રંથિઓ, અસામાન્ય મનોવિજ્ઞાનનો સ્પષ્ટ પ્રભાવ જોઈ શકાય છે.

1936 પછી પ્રગતિશીલ લેખકોના લખનૌ અધિવેશન પછી હિન્દી સાહિત્યમાં પ્રગતિવાદની લહેર આવી. આ પ્રવાહના શ્રેષ્ઠ નવલકથાકાર યશપાલ છે, જેમણે માર્ક્સવાદી ચિંતનમાંથી પ્રેરણા લઈને સામાજિક વૈષમ્ય અને રૂઢિવાદનો વિરોધ કરતી અનેક નવલકથાઓ લખી. રાંગેય રાઘવ, અમૃતરાય વગેરેનો ફાળો પણ ગણનાપાત્ર રહ્યો.

આ મુખ્ય પ્રવાહો ઉપરાંત હિન્દીમાં ઉચ્ચ કોટિની ઐતિહાસિક નવલકથાઓ પણ લખાઈ. વૃંદાવનલાલ વર્માની નવલકથાઓ એની ઐતિહાસિક કથા અને મધ્ય ભારતના પ્રાદેશિક પરિવેશના શિક્ષણથી ઐતિહાસિક રોમાન્સનું ઉત્તમ ઉદાહરણ બની છે. 'વિરાટ કી પદ્મિની', 'ગઢકુંડાર', 'મૃગનયની', 'રાણી લક્ષ્મબાઈ' વગેરે નવલકથાઓએ હિન્દીમાં વર્માજીને, ગુજરાતીના મુનશી અને ધૂમકેતુ જેવું સ્થાન આપ્યું છે. રાહુલ સાંકૃત્યાયને માર્ક્સવાદી દૃષ્ટિકોણથી પ્રભાવિત થઈને 'જય યૌધેય' અને 'સિંહ સેનાપતિ' જેવી નવલકથાઓ લખી, જેમાં ભૂતકાલીન જીવનને ઐતિહાસિક વિકાસવાદી દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન થયો છે. ભગવતીચરણ વર્માની 'ચિત્રલેખા' જો શુદ્ધ રોમાન્સનું ઉદાહરણ છે તો યશપાલની 'દિવ્યા' ઐતિહાસિક દૃષ્ટિની ઉપલબ્ધિ છે.

અહીં 1950 પછી હિન્દીમાં નવલેખનનો પ્રવાહ ચાલ્યો. એ વખતે હિન્દીમાં નાગાર્જુન અને ફણીશ્વરનાથ રેણુની પ્રાદેશિક નવલોની ખૂબ ચર્ચા થઈ. સાચું પૂછો તો સન્ 1950 થી 1955 વચ્ચેની હિન્દી કથાસાહિત્યની મૂળ પ્રવૃત્તિ જ પ્રાદેશિક રહી. નાગાર્જુનની 'બલચનમા' અને રેણુની 'મૈલા આંચલ'એ મિથિલાના લોકજીવનને ખૂબ જ સંવેદનપૂર્ણ રીતે રજૂ કર્યું. પ્રાદેશિક નવલકથાઓનો યુગ થોડા સમયમાં જ પૂરો થઈ ગયો, કારણ કે પ્રાદેશિકતાના નામ પર જીવનની સપાટીનાં અજબગજબનાં તત્ત્વનું દર્શન થવા લાગ્યું. આ સમયની ત્રણ મહત્ત્વપૂર્ણ નવલકથાઓ આપણી પાસે છે: યશપાલની 'જૂઠાસચ', નરેશ મહેતાની 'વહ પથ બંધુ થા' અને અજ્ઞેયની 'અપને અપને અજનબી'. ધર્મવીર ભારતીની 'સૂરજ કા સાતવાં ઘોડા' શિલ્પના પ્રયોગ માટે યાદ કરાશે. છેલ્લાં પાંચ-સાત વર્ષોમાં હિન્દી નવલકથાએ એક નવું પાસું બદલ્યું છે. 'આધા ગાંવ', 'અલગ અલગ વૈતરણી' અને 'રાગ દરબારી'ની ઘણી ચર્ચા થઈ છે.

શ્રી અમૃતલાલ નાગર હિન્દીના પ્રસિદ્ધ નવલકથાકાર છે. એમની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ ઉચ્ચ કોટિના નવલકથાકાર હોવાની સાથેસાથે ઘણા લોકપ્રિય પણ છે. 'માસ મીડિયા'ના આ દિવસોમાં કલાની ઉચ્ચતા ઘણી વાર પ્રચારક સાધનોના લલચાવનાર દબાણને કારણે કુંઠિત થઈ જાય છે. પરંતુ નાગરજીએ શરૂઆતથી જ એવો પ્રયત્ન કર્યો છે કે એમની નવલકથાઓમાં કલાની શ્રેષ્ઠતા પણ મોજૂદ રહે અને જ્યાં સુધી સંભવિત હોય ત્યાં સુધી વધારેમાં વધારે વાચકોને પોતાની તરફ આકર્ષી પણ શકે. આ રીતે બંને ઉદ્દેશોને સાધવા એ ઘણું જોખમનું કામ છે. પરંતુ નાગરજીએ એ કામ ઉપાડ્યું છે ને ઘણીવાર તેઓ એમાં સફળ થયા છે એમ કહી શકાય. નાગરજી મનુષ્યની જિંદગીના સત્યને સૌથી વધુ મહત્ત્વ આપે છે એમાં એમની સફળતાનું રહસ્ય છે. અને એ જ જિંદગીની વિવિધ ખાટી-મીઠી અનુભૂતિઓને તેઓ સુંદર રીતે સમજાવીને આકર્ષક નવલકથાનું રૂપ આપી દે છે. એનો અર્થ એ નથી કે તેઓ આબેહૂબવાદી નવલકથાકાર છે, અને એમ પણ નથી કે એમની નવલકથાઓનું મૂળ કલેવર ફોટોગ્રાફનું આલ્બમ છે. નાગરજી ચરિત્રોને પકડવામાં અને એમના વ્યક્તિત્વને અભિવ્યક્તિ આપવામાં અજોડ છે. ભાગ્યે જ એમની કોઈ નવલકથા એવી હશે જે અનેક જીવંત પાત્રોનો નાટ્યમંચ બની ગઈ હોય. કેટલાંક પાત્રો તો એવાં સજીવ અને જીવંત છે કે વાચકોનાં મન પર એની અમીટ છાપ મૂકી જાય છે અને આ પાત્રો માત્ર આધુનિક કે એકસરખા સમયના જીવનમાંથી જ લીધેલાં નથી, પરંતુ પોતાના દેશના ઇતિહાસનો એક વિશાળ ફલક એમની સામે પડેલો છે એમાંથી જ 'શેઠ બાંકેલાલ' નીકળ્યા, જેમની લહેજતદાર કથનકલા કોને 'ખુશકૈટ' નથી કરતી. તામિલના મહાકાવ્ય 'શિલ્પદિકારમ્'ની કથા પર આધારિત 'સુહાગ કે નૂપુર'નું પાત્ર કોલવન, 'કન્નગી ઔર માધવી' ત્રિષય પ્રેમની અદ્‌ભુત જિંદગીનું અભિસાક્ષ્ય ઉપસ્થિત કરે છે. ઇતિહાસમાં થોડા વધુ પાછળ જઈએ તો 'એકદા નૈમિષારણ્યે'ની યુનિવર્સિટી ઑફ ફિકશન આંખોની સામે તરે છે અને આપણે સોમાહુતિ ભાર્ગવ, ઇજ્યા અને સરયૂ – વસિષ્ઠોને જોઈએ છીએ જે પોતાના વ્યક્તિત્વમાં યાજ્ઞિક સંસ્કૃતિનું વર્ચસ્વ લઈને પણ વિવિધ મતમતાંતરો અને સંપ્રદાયોમાં વિભક્ત ભારતીય સંસ્કૃતિને એક નવો સમન્વય પ્રદાન કરવા માટે પ્રયત્નશીલ દેખાય છે. 'માનસ કા હંસ'માં એમણે તુલસીના જીવનને જોવાની એક નવી દૃષ્ટિ આપી છે. 'અમૃત ઔર વિષ' એમની 'ડબલ પ્લોટ' શૈલીમાં લખાયેલી એક એવી નવલ છે જેમાં લખનૌ શહેરના 'ક્રૉસ સેકશન'નું ઘણું જ સૂક્ષ્મ વિશ્લેષણ કર્યું છે, પરંતુ

આની સાથે આત્મારામ, રઘુસિંહ, પુત્રીગુરુ, અને હિન્દુસ્તાનના નવયુવાનોની દિશાહીનતાના ઉદાહરણરૂપ લચ્છુ જેવાં પાત્રો પણ સરજાય છે જેઓ એક બાજુ પોતાની નિજી ખૂબીઓ અને ખામીઓથી આપણા આત્મીય બની જાય છે તો બીજી બાજુ એવાં પાત્રો પણ છે જે વર્ગગત છે, એ જ કારણે આપણા આજના વાતાવરણમાં વ્યાપ્ત વિવિધ જાતની તકલીફો, ખેંચતાણ અને નિષ્ફળતાનાં પ્રતીક પણ બને છે.

'બૂંદ ઔર સમુદ્ર' કદાચ નાગરજીની સર્વશ્રેષ્ઠ નવલકથા છે. જો કે પુરસ્કારોને કારણે 'અમૃત ઔર વિષ'ને ખ્યાતિ વધુ મળી, પરંતુ જિંદગીના પરસ્પર વિરોધી ધબકારા જોવા, શોધવા અને બાંધવાના જેવા પ્રયત્ન અને આકર્ષણ 'બૂંદ ઔર સમુદ્ર'માં છે એવા 'અમૃત ઔર વિષ'માં નથી.

'બૂંદ ઔર સમુદ્ર'ને વિવેચકોએ 'કલાસિકી' ઢંગની નવલકથા કહી છે. હું ઘણાં અંશે આ મત સાથે સહમત છું. આમા એ જ પ્રકારનું ગૌરવ આલેખાયું છે પરંતુ નાગરજી કોઈ એક શૈલીમાં બંધાઈને ચાલનારા વ્યક્તિ નથી. એમ તો 'બૂંદ ઔર સમુદ્ર'માં લખનૌના ચોકની બહારનું પણ વાતાવરણ છે. ગોમતીનાં કિનારાનું પાગલખાનુ પણ એમાં સામેલ છે. સજ્જન અને વનકન્યા મથુરા તથા વૃંદાવનની યાત્રા પણ કરે છે અને ગોવર્ધન પર્વત પર પ્રેમાલાપ પણ, પરંતુ સાચું એ છે કે નાગરજી નલવકથાને 'ચોક'માં કેન્દ્રિત કરવા માટે વિવશ છે કારણ કે એક તો લખનૌના ચોકનું જીવન એમણે ઝીણવટથી જોયેલું છે, બીજું નવલકથામાં સુસંબદ્ધતા લાવવા માટે ફલકને ઓછામાં ઓછું પ્રસરાવવામાં આવે તે જરૂરી છે. સજ્જનને નાગરિક જીવનના ચિત્રણ માટે તાઈની હવેલીમાં ભાડાની ઓરડી અપાવવા પાછળ આ જ રહસ્ય છે. નાગરજીએ પોતે સ્વીકાર્યું છે કે 'નવલકથાના ક્ષેત્રના રૂપમાં લખનૌ અને એમાં પણ ખાસ કરીને ચોકને લીધો છે. આમ એટલા માટે કર્યું છે કે નાગરિક સભ્યતાની પરંપરા જોવામાં, જુદી બોલીઓના રંગ ઘોળવામાં મને સૌથી વધુ સુવિધા અહીં જ મળી શકતી હતી.' ચોક નાગરજીની આ નવલકથાનું કેન્દ્રબિન્દુ તો છે જ, ચોકની સમૂચી રંગત, દશ્યાવલિ, નાનાં-નાનાં પાત્રો અને એમની ટિપિકલ વાતો ચોકના બધા જ લોકલ કલરને ઉપસાવી દે છે.

વ્યક્તિ અને સમાજની વચ્ચે કેવો સંબંધ છે અને કેવો હોવો જોઈએ એ આ કથાનું કેન્દ્રીય બીજ છે. બિંદુ વ્યક્તિનું પ્રતીક છે, સમુદ્ર સમાજનું. વ્યક્તિ અને સમાજનું સંબંધસૂત્ર તૂટી ગયું છે, સમાજ વ્યક્તિ માટે એક ટોળું બની ગયું છે અને વ્યક્તિ સમાજ માટે એક એવું તત્ત્વ જેને એ કોઈ પણ રીતે સ્વીકારવા

તૈયાર નથી. આ ગરબડ વ્યક્તિ અને સમાજ વચ્ચેના અંતર (એલિનિયેશન)ને કારણે પેદા થઈ છે. મૂળ કારણ છે બંને વચ્ચે ફેલાયેલી એકબીજા પ્રત્યેની અવિશ્વાસની ભાવના. નાગરજી એમ માને છે કે જો નાનાં મોટાં બધાં બિંદુમાં સત્ય માટે નિષ્ઠા હોય તો એક સમરસ સમન્વય પેદા થઈ શકે છે. 'આવા સમાજમાં જેમાં જનજીવન મહાસાગરની ઉપમા પામે છે, જ્યાં માનવતા અભેદ્ય મનાય છે, ત્યાં આવાં થરોનું હોવું કેમ કરીને સંભવે? જો આદર્શનું મહત્ત્વ હોય તો બધાને માટે એનું મૂલ્ય સમાન હોવું જોઈએ એ કેમ સંભવી ન શકે? મોટું બિંદુ હોય કે નાનું બિંદુ હોય, એકદમ નાનકડું બિંદુ કેમ ન હોય, નૈતિક માન-દંડ માટે આ નાનાપણા કે મોટાપણાનું કશું જ મૂલ્ય નથી, એ પાત્ર એ જુએ છે કે બિંદુમાં, પ્રત્યેક અણુમાં સત્ય માટેની નિષ્ઠા કેટલી છે. પ્રત્યેક અણુ આ નિષ્ઠાને પોતાની ક્રિયાશક્તિથી કેટલી હદ સુધી વિકસિત કરીને નવો આદર્શ ઉપસ્થિત કરવાની ક્ષમતા રાખે છે.'

સત્ય પ્રત્યેની નિષ્ઠા માટે આ નવલકથાનાં ત્રણ મુખ્ય પાત્રો સજ્જન, મહિપાલ અને કર્નલ વનકન્યાની ભાભી પર એના પિતાએ જે અત્યાચાર કર્યો એનું નિરા-કરણ કરવા માટે વનકન્યાને સાથ આપે છે. વનકન્યા એક અજબ પાત્ર છે જેમાં નવ યુગની નારીનો મિજાજ નજરે પડે છે, જે સત્યના નામ પર, નારી જાતિ પર થતા અત્યાચારના નિરાકરણના ઉદ્દેશથી પોતાના જ પિતાની વિરુદ્ધ બધા પ્રકારની કાર્યવાહી ચલાવવામાં અચકાતી નથી. વનકન્યા નામ પરથી એમ લાગે છે કે એ નગરથી અલગ એવી કોઈ ચીજ છે, અને એમાં કોઈ શક નથી કે તે નગરોમાં ફેલાયેલાં દગાબાજી, જુઠ્ઠાણું, છેતરપિંડી, જૂથવાદ, કપટ તથા આડંબરોને વીંધતી ત્રણેય મુખ્ય પાત્રોને કોઈ ને કોઈ રૂપમાં બદલાવા માટે વિવશ કરે છે. બલકે એમ કહેવું જોઈએ કે એ જેના પણ સંપર્ક આવે છે તે અંતિમ શ્વાસ સુધી પોતાના સત્યનિષ્ઠ વ્યવહારને કારણે લોકોના અજ્ઞાનથી ઉત્પન્ન થતી ઘૃણા, પરાયાપણું, પરહેજ વગેરેને તોડીને એમને માટે સ્વીકાર્ય અને આત્મીય બની જાય છે. આવા પારસ ગુણધર્મી પાત્ર અંગે સહજ પ્રશ્ન થાય કે શું આ પાત્ર સ્વાભાવિક છે? નાગરજી સ્વાભાવિકતાની એટલી જ પરવા કરે છે જેટલી યથાર્થને ધરતી પર ઊભા રહેવા માટે કરવી જોઈએ. અન્યથા તેઓ સંભવિતને સહજ બનાવવા કે માનવામાં સંકોચ નથી કરતા.

વનકન્યાથી તદ્દન વિપરીત લાગે એવું પાત્ર તાઈનું છે. વનકન્યા આધુનિક છે, સત્યાસત્યનો નિર્ણય કરી શકે છે, પોતે નક્કી કરેલા સાચા માર્ગથી વિચલિત

નથી થતી. સમાજની બધી વિરોધી તકલીફો સહેવા છતાં પણ સમાજને ચાહે છે અને એને સંગઠિત કરવાનો પ્રયત્ન કરે છે. અત્યાચારનો વિરોધ કરતી વખતે એ જરા પણ નરમ નથી પડતી. જ્યારે તાઈ એના પતિની ઉપેક્ષાનો બદલો લેવા માટે એના આખા વંશને નિર્મૂળ કરવા માટે દોરા-ધાગા કરે છે. રૂઢિઓ અને નૈતિકતાના બાહ્ય આડંબરોને વળગી રહેવાને એ બહુ મહત્ત્વની બાબત માને છે. એના મારકમંત્રના બળથી દરેક વિરોધીને ભસ્મ કરી નાખવા માટે એ તત્પર હોય છે. નવા જમાનાથી એ ત્રાસેલી છે અને એની અંદર આ આધુનિકતા પ્રત્યે તીવ્ર વિરોધ છે. બિલ્લીનાં બચ્ચાં પ્રત્યે એ દયાળુ થઈ શકે છે, પરંતુ મનુષ્યોને ક્ષમા કરવાનું એ શીખી નથી – એટલે કે બધી ખૂબીઓ અને ખામીઓના રૂપમાં પરસ્પર વિરોધી બાબતોનો એનામાં એવો જમેલો છે કે એ પાત્ર ન રહેતાં પ્રતીક બની જાય છે. વનકન્યાના પૂછવાથી સજ્જન એનો પરિચય આપે છે, 'આ છે ભારતમાતા.' તાઈ આ નવલનું કેન્દ્રીય પાત્ર છે. એક તરફ એ એના પતિ રાજાસાહેબ દ્વારકાદાસ સાથે જોડાયેલી છે એટલે ઉચ્ચ વર્ગની ખામીઓ અને દંભવાળી આલેખાય છે, તો બીજી બાજુ એના ભાડૂતો સજ્જન અને એના મિત્રો, મિસ્ટર અને મિસિસ વર્મા જેમણે આંતરજાતીય લગ્ન કર્યું છે, એમની સાથે જોડાયેલી છે. નંદોને એની કહેવાતી મારણ ટૂચકાની શક્તિ શીખવવાની પ્રક્રિયામાં તે એના પડોશી ભભૂતી સોની અને એના ઘરમાં સિનેમાની અસર તળે વહેતી બગડેલી હવા સાથે જોડાયેલી છે જેણે મોટીને ઘરનો ઉંબરો ઓળંગવા માટે લાચાર બનાવી અને અંતે એને સમાજ માટે નકામી બનાવી દીધી. તાઈ આડોશીપાડોશીના નાદાન છોકરાઓનું મન બહેલાવવાનું સાધન બને છે. ગોકુલ-દ્વારાના માધ્યમ દ્વારા તે સખી સંપ્રદાયનાં મુખિયાજી, કીર્તનિયાજી વગેરે સાથે તથા મંદિરના પોલિટિકસ અને 'અતિગોપન વાત' સાથે પણ જોડાયેલી છે. પોલિટિકસને કારણે થનારાં પ્રદર્શન, પ્રચાર, જૂથબંધી વગેરે સાથે પણ તાઈ જોડાઈ જાય છે અને અંતમાં પોતાના મનની ઇચ્છા પૂરી કરવા માટે રાધાકૃષ્ણનું લગ્ન ગોઠવવાને બહાને પાગલખાનાના બાબા રામજીની વેવાણ પણ બની જાય છે. તાઈના ચરિત્રને નાગરજીએ જેવી તીક્ષ્ણ અને ઉગ્ર રેખાઓથી દોર્યું છે એવું ભાગ્યે જ ક્યાંય મળે.

સજ્જન, કર્નલ અને મહિપાલ ભણેલાંગણેલાં લોકોના પ્રતિનિધિ છે, પરંતુ નાગરજીએ એમને ક્યાંય 'ટાઈપ' નથી બનાવી દીધા. સજ્જન આખા શહેરની નજરે કલાકાર છે, પરંતુ ચિત્રા સામે માત્ર ભોક્તા પુરુષ છે, શીલા સ્વિંગ માટે મધુર મજાકનો દુર્જન છે, વનકન્યા માટે બગડેલો માણસ છે જેને તે પોતાના

પ્રેમના પાલવમાં બાંધીને એવો બદલી નાખે છે કે એ પોતાની સઘળી સંપત્તિ સહકારી બેન્ક અને બાબા રામજીના માર્ગદર્શન નીચે બીજાં જનઉપયોગી કાર્યો માટે દાન કરી નાખે છે.

કર્નલ સાથી વાત કરનારો સાચા દિલનો માણસ છે, જે મિત્રતાના દરેક વાંકા વળાંકને બચાવી લેવામાં કુશળ છે. સજ્જન અને મહિપાલની વચ્ચે તે સેતુરૂપ છે, પણ બંનેની નબળાઈઓને ક્ષમા કરીને એમના દરેક કામમાં મદદ કરવા તે તત્પર હોય છે. સજ્જન અને મહિપાલ કહેવાય તો ઈન્ટેલેક્ચ્યુઅલ, પરંતુ વ્યાવહારિક દુનિયાના જ્ઞાનમાં કર્નલ બંનેનો મિત્ર જ નહિ, ગુરુ પણ છે અને તે ખૂબીથી સજ્જન અને કન્યાના સંબંધો તથા મહિપાલ, શીલા અને કલ્યાણીના ત્રિકોણાત્મક સંઘર્ષો સરળ કરવામાં સફળ થાય છે. મહિપાલનું અહંતા-ભર્યું મન સામાજિક વિષમતાનો શિકાર બનીને એના ચારિત્ર્યને ભ્રષ્ટ કરે છે અને જ્યારે તે વિવશ બનીને આત્મહત્યા કરે છે ત્યારે કર્નલ એની પૂરી શક્તિથી એના દિવંગત મિત્રની બધી ફરજો પૂરી કરે છે. જો કે આ કાર્યમાં સજ્જન અને વનકન્યા પણ બધી રીતે એની સાથે રહે છે.

'બૂંદ ઔર સમુદ્ર'ની એકદમ વિખરાયેલી મૂળકથાની સાથે અનેક નાનાં નાનાં દશ્યો પણ જોડાયેલાં છે. કથાપ્રવાહને એકસૂત્રમાં રાખવાની જરૂર સમજ-નારા વાચકોને આ ચીજો અનાવશ્યક અને ફાલતુ જેવી લાગે તે સંભવિત છે, પરંતુ નાગરજીની શૈલીનું જ આ એક અંગ છે જેમાં લચ્છીના કેટલાક દોરા આમતેમ ખૂલેલા રહી જાય છે.

'બૂંદ ઔર સમુદ્ર'ના લેખકે કેવડો મોટો કેનવાસ લીધો છે એ સંક્ષિપ્ત વિશ્લેષણથી સમજાય છે. વિવેચકોએ યોગ્ય જ કહ્યું છે કે પ્રેમચંદની રંગભૂમિ પછી આવડો મોટો 'કેનવાસ' કોઈ બીજા લેખકે લીધો નથી. પરંતુ માત્ર મોટા 'કેનવાસ'થી જ શું કોઈ નવલકથા મોટી થઈ જાય છે? કેનવાસ આપણી સમક્ષ જિંદગીની વૈવિધ્યતાને તો લાવે છે, પરંતુ ઊંડાણ લાવવા માટે તો કેનવાસ નહિ, પણ નાનાં-મોટાં પાત્રોની પ્રામાણિકતા અને સજીવતાની અપેક્ષા રાખવામાં આવે છે. 'બૂંદ ઔર સમુદ્ર'માં મોટા ભાગનાં પાત્રો પ્રામાણિક અને સજીવ લાગે છે. સજ્જન વિષે આરોપ મૂકી શકાય કે એના ચરિત્રના આરંભના ભાગમાં એ જેવો ડૅશિંગ છે તેવો અંત સુધી નથી રહેલો. સાચું તો એ છે કે બાબારામના સેવા-પરાયણ આદર્શ વ્યક્તિત્વની સામે તે નિરુપાય અને હતવીર્ય જેવો દેખાય છે. અહીં એક આંતરિક યોજના પણ દેખાય છે. નાગરજીએ જાણીને કે અજાણ્યે

સજ્જનના પાત્રને વનકન્યા અને બાબારામની વચ્ચે ઊભું કરીને એને રૂપાંતરિત થતું બતાવ્યું છે. એ એક જુદો સવાલ છે કે બાબારામના આદર્શને અને પાત્રને નાગરજી નવલકથાના દૃષ્ટિકોણના રૂપમાં ઉપસ્થિત કરવા માગે છે? નાગરજીને ઘણીવાર યથાર્થવાદી નવલકથાકારોની કોટિમાં મૂકવામાં આવ્યા છે. પરંતુ એમની બધી નવલો આ વાતનું પ્રમાણ છે કે તેઓ કોઈ પણ રાજકીય મતવાદનો આગ્રહ નથી રાખતા. તેઓ સમાજની અંદર પરિવર્તન ઇચ્છે છે. એને ગંદકી, સડો, ભ્રષ્ટાચાર અને નિષ્ક્રિયતામાંથી કાઢીને સ્વસ્થ રીતે વિકસિત થતો જોવા ઇચ્છે છે. પરંતુ આ બધાને માટે એમની પાસે કોઈ નિશ્ચિત થયેલી ફોર્મ્યુલા કે વિચારી રાખેલ સમાધાન નથી. નાગરજી પાછળના સમયના ગણ્યમાન લેખક છે, એ કારણે તેઓ એટલાથી સંતુષ્ટ પણ નથી કે લેખકનું કાર્ય સમાજના યથાર્થ જીવનની માત્ર સાચી સાબિતી કે સાક્ષીઓ ઉપસ્થિત કરવાનું હોય. તેઓ કોઈ ને કોઈ સમાધાન ઊભું કરવા માગે છે. આ નવલકથામાં એમણે બાબારામની પ્રેરણાથી જનસેવાના આંદોલનને એક સમાધાનના રૂપમાં પ્રસ્તુત કર્યું છે, 'તમે જો ગૃહઉદ્યોગ વધારીને નગરના પુરુષોને ફાંસી અને બેઈમાનીથી બચાવી શકો, તથા સ્ત્રીઓને એમની આર્થિક વ્યવસ્થાની પૂર્તિ માટે મહિલાશ્રમ જેવી સંસ્થાઓથી બચાવવાની સાથેસાથે નૈતિક સ્તર ઊંચું કરી શકો તો ઘણું મોટું કામ થઈ જશે રામજી.'

આપણે જોઈએ છીએ કે આ રીતે શ્રી અમૃતલાલ નાગરે એમની નવલકથા 'બૂંદ ઔર સમુદ્ર'માં વ્યક્તિ અને સમાજની વચ્ચે થતા રોજના સંઘર્ષોનું ઘણું જ જીવંત અને વ્યાપક ચિત્રણ પ્રસ્તુત કર્યું છે. એમની યથાર્થવાદી દૃષ્ટિ, દૃશ્યોને સાકાર કરવાની ચિત્રાત્મકતા અને પાત્રોને પ્રામાણિક રીતે ઉપસ્થિત કરવાની ક્ષમતાને કારણે 'બુંદ ઔર સમુદ્ર' હિન્દી નવલકથા સાહિત્યની એક પ્રતિનિધિ કૃતિ બની ગઈ છે.

—ડૉ. શિવપ્રસાદ સિંહ

એક

બપોરનો તડકો છત પર શિયાળાની છડી પોકારતો ચારે તરફ પ્રસરી રહ્યો છે. સ્ત્રીઓનું સીવવા-પરોવવાનું ચાલી રહ્યું છે, ઘઉં ઝટકાઈ રહ્યા છે, દાળ વિણાઈ રહી છે, ભાજી સુધારાઈ રહી છે; ક્યાંક આરામ પણ થઈ રહ્યો છે. શાળામાં ન જનાર બાળકોની ધીંગામસ્તી મચી રહી છે. પતંગો પણ ઊડી રહી છે. ક્યાંક કોઈક, કમાઉ દીકરાની જેમ રક્ષણ અને નિશ્ચિંતતા બક્ષતા પેન્શનની પ્રશંસા કરતાં કરતાં પોતાના વૃદ્ધ શરીર પરથી ગરમ કપડાં કાઢી લઈ વાથી અક્કડ બની ગયેલા ઘૂંટણને પંપાળી રહ્યા છે; મોડેથી જમનારાઓના ઘરની છત પર કોઈ કોઈ અત્યારે પણ માથા પર લોટા ઢોળતાં હરગંગે કરી રહ્યા છે. જાગતી દુનિયાના ખટખટ-ઝણઝણ-ધમધમ થતા, ચડતા-ઊતરતા ક્રોધ, મમતા, ખીજ, ગંભીરતા અને હાસ્ય-મજાકથી ભરેલા સપ્તરંગી સ્વર, ગુંજનથી લપેટાઈ ગયા છે. ગુંજન અણુએ અણુમાં વ્યાપી રહ્યું છે. ક્યાંકથી કોઈક એક સ્વરના તારને પણ અડકી જાય તો આજની દુનિયા ગુંજી ઊઠે છે.

લખનૌના એક મહોલ્લામાં ભભૂતી સોનીની બંને યુવાન વહુઓ પોતાના કઠેરાને અઢેલીને પડોશણ તારા સાથે વાત કરી રહી છે. નીચી છત પર ભભૂતીની દીવાલ સાથે ટેકવીને મૂકેલા ચીડના ખાલી ખોખા પર બેસવાથી તારા પોતાની પાડોશણ સખીઓના કઠેરા સુધી પહોંચી ગઈ છે. ગૂંથવાનું બંધ કરીને નાનકડા સ્વેટરના ટાંકા પર આંખ ઠેરવી, ભવાં સંકોરીને તારા કહી રહી છે, 'મને તમે 'તારા-તારા' કહીને બોલાવો છો તે ગમતું નથી. જો ભઈ, માઠું ન લગાડતાં. 'તારા' તો બસ, એક એમને મોંએથી જ મને મીઠું લાગે છે.'

મોટીના ડાબા કાનના જડાઉ ઝૂમખા પર તડકો પડતો હતો. માથાના સહેજ હલવાથી હીરાનાં નંગ આછો ભૂરો પ્રકાશ ફેલાવતાં ઝળહળી ઊઠયાં. ગોરા ગાલ પર હથેળી ગોઠવવાનો લટકો કરીને તે બોલી, 'અલી, તો પછી અમે તને બીજું શું કહીને બોલાવીએ?'

'મિસિસ વર્મા કહો. હું પણ તમને એમ જ કહીશ.'.

નાનીના જાડા હોઠનો તલ સંકોચાયો, નાક ચડી ગયું. ચૂંકનો હીરો ઝગમગ્યો, ભવાં પર ગુમાનનો પટ ચડયો, ડોક મરોડીને તે બોલી, 'તો તું મને શું કહીને બોલાવીશ મિસિસ સોની? અમે તો ભઈ, એ નામથી નહિ બોલીએ. અમને ખરાબ લાગશે.'

મોટી બોલી, 'એમાં ખરાબ શાનું લગાડવાનું ? જેની જે જાત હોય તે કહેવાય, અને વળી આપણે કાંઈ નીચ કોમના થોડા છીએ ? વૈશ્ય છીએ.'

તારા ઈન્ટરમિડિયેટ સુધી ભણી છે. એણે આંતરજાતીય પ્રેમલગ્ન કર્યું છે. પતિની સાથે વારંવાર હજરતગંજ, ક્વૉલિટી, સિલ્વર સ્નો રેસ્ટોરાં, કૉફી હાઉસ સુધીની નવી દુનિયા જોવાનો અવસર મેળવે છે. એનાથી ઓછું ભણેલી, ઓછી સ્વતંત્ર ભજૂતી સોનીની વહુઓ તરફ જોઈને આત્મીયતાભર્યા સ્વરે નવયુગની ગર્વભરી ઘોષણા કરતાં તારા બોલી, 'અરે બહેન, ઊંચ-નીચની વાતે હવે કોણ માને છે ? અને અમે તો ભઈ, નાત–જાતમાં જ માનતાં નથી.'

મોટીની નજરમાં તારા હીરોઈન છે. એના ગૌરવથી પોતે ગર્વિત બની ગદ્ગદ સ્વરે એ બોલી, 'અરે બેની, તેં તો માનવાનું શું, કરી બતાવ્યું. ખેલ ખેલી સજન સંગ !'

તે હસી. એ બંને પણ હસી. તારા નાનીની નજરમાં પણ હીરોઈન છે. તારા ખુદ પોતાની નજરમાં પણ હીરોઈન છે.

તારાની સુઘડ શામળી સૂરતને નશીલાં નયનોથી નીરખતાં શૃંગારભર્યા ચંચળ સ્વરમાં મોટી બોલી, 'જે કહેવું હોય તે કહો ભઈ, 'લવ મેરેજ'માં હોય છે અજબની મઝા. એક વાર જ્યારે હું 'એઈથ'માં ભણતી હતી ત્યારે મને પણ એક છોકરા સાથે 'લવ' થયો હતો.'

એક ક્ષણ માટે મોટીની રસિક લજ્જાળુ નજર ભૂતકાળના સ્વપ્નમાં ખોવાઈ ગઈ. નાનીના મુખ પર 'ઓય મા રે'નો ભાવ આવી ગયો. રંગેલા નખવાળી વચલી બે આંગળીઓ હાસ્યથી ખૂલી ગયેલા હોઠ પર ઝરૂખાની જેમ જડાઈ ગઈ, અને તારા એવી રીતે હસી જાણે પ્રથમ આવનારી વિદ્યાર્થિનીને શાબાશી આપતાં અધ્યાપિકા હસતી હોય.

નીચેની છત પર એની ખાટલી પર સૂતેલી મોટીની ત્રણ મહિનાની છોકરી રડવા લાગી. એનો ચાર વરસનો છોકરો છજ્જા નીચે તાવમાં પડ્યો ઊંઘતો હતો. એની પાસે જ બેસીને ખરલમાં હિંગાષ્ટકનું ચૂર્ણ ઘૂંટતી સાસુએ બૂમ પાડી, 'મોટી ! અરે, છોડી રોવે સે.'

ઉપર તારા મોટી વહુને પૂછી રહી છે, 'તારો લવર કેવો હતો ?'

છોકરી હાથપગ ઉલાળી–ઉલાળીને રડે છે. એની દાદી એકચિત્તે ચૂર્ણ ઘૂંટી રહી છે. એની ફોઈ કોરું પહેરી મોંમાં ને હાથમાં પાન દબાવી, ઠંડીમાં ઠૂઠવાતી નીચેથી ઉપર આવી. નંદો એક મિનિટ તડકામાં મા પાસે ચુપચાપ ઊભી રહી, પછી ચાલતાં ચાલતાં બોલી, 'તાઈને ઘેર જાઉં છું.'

મા બોલી, 'ત્યાંથી મોટીને મોકલતી જાજે. વાતુમાં એવી પડી સે કે ઈને સોકરાં સૈયાં હાંભરતાં જ નથ.'

સત્તાવીસ વર્ષની ઉંમરમાં માયા–મોહથી વિરક્ત બની, આજકાલનાં છોકરા–છોકરીઓ, સરખેસરખી ઉંમરવાળીઓ, ઘર–કુટુંબમાં ડૂબેલી સૌભાગ્યવતીઓ તથા પેટનાં બાળકોનો તિરસ્કાર કરનારી, દૂંપીલી, વ્રત–નિયમ–ઉપવાસથી કઠોર, ફિક્કી કાંતિવાળી નંદો ધર્મધ્યાન અને પરનિંદામાં ડૂબેલા ઘરડા બુઢ્ઢાઓની સોબતમાં પોતાનું પરલોક બનાવી રહી છે.

તાઈને ઘેર જવા માટે નંદો છત પર ચડી, ત્યાં એની બંને ભાભીઓ તારાં સાથે વાતો કરી રહી હતી. દબાતે પગલે છત પર આવીને, બિલ્લી પોતાના શિકાર પર નજર કેન્દ્રિત કરે એમ નંદોએ પોતાના કાન માંડયા.

પરનિંદા માટે નંદોને ખૂબ જ સારી સામગ્રી મળી રહી હતી. પરંતુ એટલામાં જ માએ ફરીને જોરથી બૂમ પાડી, 'અરે મોટી!'

અને બંને વહુએ તરત પાછું ફરીને જોયું. ચોરની જેમ ઊભેલી નણંદને જોઈને બંને ભાભીઓ મૂંઝાઈ ગઈ, અને નણંદ પણ. ઝડપથી સ્વસ્થ થઈને નંદો તાઈની છત પર જવા માટે કઠેરા તરફ ગઈ.

બે

તાઈ રાજાબહાદુર સર દ્વારકાદાસ અગ્રવાલની પહેલી પત્ની છે. રાજાબહાદુર લખનૌના શ્રીમંતોનું નાક છે. અંગ્રેજોના જમાનામાં ડેપ્યુટી કમિશનરથી માંડીને ચીફ સેક્રેટરી અને હોમ મેમ્બર સુધી, સંયુક્ત પ્રાન્તના ગવર્નરથી માંડીને વાઇસ-રૉય સુધી, બધી જગ્યાએ એમની લાગવગ હતી. એમનો આદર થતો હતો. સ્વરાજ આવ્યા પછી શ્રી દ્વારકાદાસની લાગવગ ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સુધી નહોતી રહી. છતાં એમનો રુઆબ ઓછો નહોતો થયો. નવી દિલ્હીના અનેક ઉચ્ચ અધિકારી તથા ઉત્તરપ્રદેશના મોટા મોટા પ્રધાન અને અફસર હજુ પણ વ્યક્તિગત ધોરણે એમને રાજાસાહેબ કહીને જ સંબોધે છે. એમનું સરકારી કામકાજ પણ કાયદાની સીડીથી નહિ પણ પક્ષપાતની લિફ્ટથી સફળતાની મંજિલ પર ચડે છે. રાજાબહાદુરની દાનવીરતા અને ધર્મનિષ્ઠા અંગે મોટા મોટા શંકરા-ચાર્યો પણ પોતાનાં દૈવી સર્ટિફિકેટ આપી ચૂકયા છે. દર વર્ષે એમને ત્યાં સંત-સંમેલન થાય છે. કેટલાય લાખ રૂપિયા ખર્ચીને એમણે લક્ષ્મીનારાયણનું મંદિર

બનાવડાવ્યું છે, જે પોતાના દેવતાઓના નામે નહિ પણ અગ્રવાલ-મંદિરના નામે પ્રસિદ્ધ છે. કહેવાય છે કે એમની નવી હવેલીમાં એમણે સ્થાપેલા લખપ્પી-ચબૂતરા પર જે અખંડ દીપ બળે છે તેનું કાજળ કાળું નહિ પણ કેસરિયું પડે છે. આવા પતિની સુહાગણ તાઈ ગલી-ગલીનો ધુત્કાર સહેતી, ગામ આખાની ઘૃણા અને અનાદર વહોરે છે, અને એનો દાખલો આપી ભાવનાશીલ વડીલ વૃદ્ધો ઘણીવાર ભાગ્યવાદનો પ્રચાર કર્યા કરે છે.

તાઈ જ્યારે પરણીને આવી ત્યારે દ્વારકાદાસના ઘરમાં ખાવાના વખા હતા. પૈતૃક સંપત્તિનો ઝંકાર દાદાના રાજ્યમાં જ કચ્ચાં-બચ્ચાંનાં ઘૂઘરાઓમાં સમાઈ ગયો હતો. એની રહીસહી ગુંજ પિતાના સમયમાં વિલીન થઈ ગઈ કરજ થઈ ગયું એટલે એમણે ગોમતીમાં ડૂબી જઈને પોતાની આબરૂ બચાવી. પૂર્વજોની હવેલી (જે હવે પાછી દ્વારકાદાસની સંપત્તિ બની ગઈ છે ને તાઈના કબજામાં છે) એમનું કરજ ચૂકવવા માટે લિલામ થઈ હતી. દ્વારકાદાસનાં મા એમને અને બે કુંવારી પુત્રીઓને લઈ હવેલી પાસેના એક નાના એવા મકાનમાં રહેતાં હતાં. દ્વારકાદાસ એ વખતે ચૌદ વરસના હતા. એક કુટુંબીની પાસે એ શરાફની દલાલીનું કામ શીખવા લાગ્યા. જેમતેમ કરતાં એમની મોટી બહેનનાં લગ્ન થયાં. એમનાં પોતાનાં પણ લગ્ન થયાં. તાઈ લૂંટાયેલા વૈભવની કુળલક્ષ્મી બનીને આવી.

તાઈનું પિયર હાથરસમાં હતું. એ લોકોની જોકે પડતી થઈ હતી, પણ તેઓ મોટા માણસ હતા. તાઈનાં માબાપ નાનપણમાં જ ગુજરી ગયાં હતાં. એ સમય સુધી એ પોતાના કુટુંબમાં એકનું એક બાળક હતી એટલે બહુ લાડકી હતી. દાદા-દાદીના લાડે એને પહેલેથી જ હઠીલી અને તોછડી બનાવી દીધી હતી. આગળ જતાં જ્યારે બીજા કાકાઓને બાળકો થયાં અને લાડ-પાન વહેંચાવા લાગ્યાં ત્યારે તાઈ ચિડાવા લાગી. લાડથી બગડેલી જીભ અંતરના દ્વેષથી તીખી બની ગઈ. જ્યાં સુધી દાદા-દાદી જીવ્યાં ત્યાં સુધી કોઈ એને કશું કહી ન શક્યું. એ પછી એની બૂરી હાલત થઈ. તીક્ષ્ણ વાણીને કારણે એ ઘરનાં બધાંની આંખમાં ખટકવા લાગી. જેમ જેમ એનો અનાદર ને ઉપેક્ષા થયાં તેમ તેમ એનું અંતર પણ ઘૃણાથી ભરાવા લાગ્યું. માણસોથી દૂર રહીને તે એકલસૂરી બની ગઈ. કાકાઓએ ખાસ દાન-દહેજ આપ્યા વિના દ્વારકાદાસ જેવા ફકીર સાથે પરણાવી સદાને માટે એનાથી મુક્તિ મેળવી લીધી. પછી ક્યારેય બોલાવવાનું નામ ન લીધું.

લગ્ન પછી દ્વારકાદાસના ભાગ્યે પલટો ખાધો. દલાલીમાં પાયમાલ થઈ ગયેલાં રજવાડાં, નવાબોના ઘરનો કીમતી સામાન એમને અડધી-પોણી કિંમતે મળ્યો. એમાંથી જ તેઓ આગળ વધવા લાગ્યા, શરાફીની નાનીસરખી દુકાન કરી

લીધી. સારા દિવસો આવવાનું શ્રેય એમણે એમની પત્નીના ભાગ્યને આપ્યું ને તેથી જ એની જીભના હળાહળને શિવની જેમ તેઓ પી ગયા.

પહેલા મહાયુદ્ધમાં ભાગ્યલક્ષ્મી દ્વારકાદાસ પર હજાર પ્રકારે વરસી. એ જ સમયમાં એમણે એક જૂનું મકાન ખરીદ્યું ને એમાંથી, દટાયેલું ધન પ્રાપ્ત થયું. આ પછી તો દ્વારકાદાસની કીર્તિ દિગદિગંત વ્યાપી ગઈ. ઐશ્વર્ય મળ્યું એટલે સ્વાભાવિક રીતે એમને થવા લાગ્યું કે પત્ની તો એવી હોવી જોઈએ જે એમનું માન–સન્માન કરે, પ્રેમ કરે, એમના ખોળામાં નવા વૈભવનો વારસદાર બેસાડી આનંદ માણે.

લગ્નનાં થોડાં વર્ષ પછી એકવાર તાઈને દહાડા રહ્યા હતા. એને તિરસ્કારતી સાસુ પણ એને લાડ કરવા લાગી હતી. પરંતુ જ્યારે તાઈએ પુત્રીને જન્મ આપ્યો ત્યારે આખા ઘરનો ઉત્સાહ ઠંડો પડી ગયો. સુવાવડ દરમ્યાન જ સાસુનું કોઈક મેણું તાઈના કાનમાં ઠણકી ગયું અને પછી તરત જ મનની કોઈ હીન ભાવનાની પ્રતિક્રિયામાં એને એવો શક પડયો કે ઘરવાળા એની પુત્રીને મારી નાખવા માગે છે. આથી એને પતિ, સાસુ, નણંદ, નોકર–ચાકર, એમ આખા જગત પ્રત્યે તીવ્ર ઘૃણા થઈ ગઈ. લગભગ ચોવીસે કલાક પોતાના ઓરડાનાં બારણાં બંધ કરીને તે પોતાની પુત્રીને હેત કર્યા કરતી. પતિએ ઘણું સમજાવ્યું પણ એણે એમનું કશું જ સાંભળ્યું નહિ. છોકરી આઠ મહિનાની થઈને ગુજરી ગઈ. તાઈનો શોક ઘરની શાંતિને ખાઈ ગયો. બાહ્ય ઐશ્વર્યથી પ્રકાશિત હોવા છતાં કુળદીપક વિના દ્વારકાદાસના મનમાં ઘોર અંધારું છવાયેલું રહ્યું. દિવસે દિવસે અંધારું વધતું ગયું. દ્વારકાદાસે હારીને ફરીને ફેરા ફરવાનું નક્કી કર્યું. જે દિવસે એમનો બીજો વરઘોડો નીકળ્યો તે જ રાત્રે તાઈ ઘર છોડીને ચાલી ગઈ.

પોતાના પુરોહિતોને, માથે આવી પડેલી મહેમાનગતિના ભારથી મુક્ત કરીને આઠ દિવસ પછી દ્વારકાદાસ તાઈને, થોડા દિવસ પહેલાં જ ખરીદેલી પૂર્વજોની હવેલીમાં રહેવા આવવા મનાવી શકયા. એના પર આખી જિંદગી સુધી તાઈનો જ અધિકાર રહેશે અને ભરણ–પોષણ, તીર્થ–વ્રત માટે દર મહિને બસો રૂપિયા એને નિયમિત મળતા રહેશે.

તેત્રીસ વર્ષથી આ ક્રમ અખંડ ચાલી રહ્યો છે. આટલાં વર્ષ દરમ્યાન ધર્મ-સંરક્ષક, ગો–બ્રાહ્મણ–પ્રતિપાલક દાનવીર રાજાબહાદુર સર દ્વારકાદાસ અગ્રવાલ કે. સી. આઈ. ઈ.ની પહેલી ઘરવાળી ગામ-તાઈ બનીને ઝઘડાળુ, અપશુકનિયાળ, ડાકણ વગેરે પદવીઓથી વિભૂષિત થઈ દુનિયા આખીમાં ધિક્-ધિક્ બની ગઈ. એના જાદુ-મંત્રના સેંકડો કિસ્સા પ્રસિદ્ધ છે. કહેવાય છે કે થોડા દિવસ રાતના

બાર વાગ્યે તાઈ કોઈ ભંગીને ઘેર જાદુમંત્ર શીખવા પણ જતી હતી. કાળા દોરાના કંદોરામાં નાનું ચાકુ અને કાતર બાંધીને એણે એની જાતવાળા અને મહોલ્લાવાળાનાં ઘરોમાં કેર વર્તાવ્યો છે. કોઈના પલંગની પાટી પર સિંદૂર ચોપડયો છે, કોઈના તકિયામાં સવા ગજ લાંબો કાળો દોરો પરોવેલી સોય ખોસી આવી છે, ક્યાંક શાહુડીનો કાંટો ખોસી આવી છે, કોઈના લગ્નની ચુંદડી ચારે ખૂણેથી કાપી છે, ક્યાંક નાના બાળકના માથા પર તેલનું ટપકું કરીને મારણમંત્ર ચલાવ્યું છે, કોઈ છોકરીના સેંથાના વાળ કાપીને એને વાંઝણી બનાવી છે, કોઈના બારણે ચાળીસ દિવસ સુધી રોજ સાંજે દીવો પેટાવીને રાખ્યો છે, કોઈને માટે ચાર રસ્તે કામણ મૂકયાં છે. મંતરજંતર કરતાં ઘણીવાર તાઈ પકડાઈ ગઈ છે. સેંકડો વાર ઝઘડા થયા છે. એને માર પણ પડયો છે. દરેક ઘરનાં બારણાં એને માટે બંધ થયાં છે. દરેક ઘરના અપશુકનનો આરોપ તાઈને માથે જ આવ્યો છે.

અત્યારે તડકે બેસીને વાળ સૂકવતી તાઈને આસપાસની છત પરથી આવતા અવાજો ખટકી રહ્યા છે. એના અધપાકયા વાળમાં ઝડપથી આંગળીઓ ફેરવી એને સૂકવતાં સૂકવતાં એ બબડી રહી છે, ' મૂઆઓને મોત પણ નથી આવતું. સાત જનમના દુશ્મન, અભાગિયા, જ્યાં જાઓ ત્યાં સામેના સામે ! '

તાઈના આખા જીવનના બડબડાટનું જો દોરડું ગૂંથવામાં આવે તો, હનુમાનજી પોતાની પૂંછડી વધારી–વધારીને થાકી જાય તોય પૂંછડીથી દોરડું મોટું થાય. તાઈને આખી દુનિયા સામે ફરિયાદ છે, હંમેશા ફરિયાદ છે, પછી બડબડાટનો અંત કેવી રીતે આવે ? ઝમ્મન બજાજની છત પર જોરજોરથી હસતી છોકરીઓ, વહુઓ તાઈની સાત જનમની દુશ્મન છે, ' અભાગણીઓનાં ગળાં દાઈએ વાંસથી ઉઘાડયાં હતાં, જ્યારે જુઓ ત્યારે હા–હા–હા–હા ! ' પછી કઠોડા પર તાઈનો ' અભાગિયા શત્રુ ' જેવો કાગડો ચરકી ગયો. પછી આજુ-બાજુના રેડિયો ચાલુ થયા ' હમ તુમ સે મુહબ્બત કરકે સનમ ', ' ચૂલામાં પડે અભાગિયા સનમ ! ' ગુન્નો પુરતાનીની છત પર ભાવિ સાસુ–વહુના કાંઉ–કાંઉથી કાન પાકી ગયા. ' રાંડની જીભ ઘડપણમાં પણ લવ-લવ-લવ ! હાય !' લાલે દલાલનો દીકરો પોતાની છત પરથી બૂમ પાડી ઊઠયો, ' અરે, સાબુ પણ મૂકી નથી ગઈ ચુડેલ ! મારું પાણી ઠંડું થઈ જાય છે.' તાઈના કાનમાં ઊકળતું તેલ પડયું. ' હાય–હાય ! કેવા બરાડા પાડે છે. અભાગિયા, ડાકુ જેવો. મૂઆનું સત્યાનાશ જાય. બાર–બાર વાગ્યે નહાય છે અઘોરી ! આ નખોદિયા ભભૂતીની અભાગણી વહુઓ નજર સામે જ ઝાડની જેમ ઊભી છે. મરે રે, ક્યાંય બે ઘડી શાંતિથી બેસવા નથી દેતા. હાય રે, એ બધા માણસો મારા પર જેવો જુલમ

કરશે, દુઃખ દેશે, એવું એની સાત પેઢી ભોગવશે. એમના રોમરોમમાં કીડા પડશે. મૂઆને કફન સુદ્ધાં નહિ મળે. ...પાછી આવી, પાછી આવી કાળમુખી! અરે, તારા રોમેરોમમાં કીડા...'

મરેલો ઉંદર મોંમાં પકડીને બિલ્લી નીચેથી આવતી દેખાઈ. તાઈ બબડવાનું છોડીને ચીસ પાડી ઊઠી અને મોટો વાંસ લઈને છત પર દોડી. સીડીવાળા વાછટિયા પર ઝડપથી છલાંગ મારી તાઈની ઉપરવાળી અગાસી વટાવી બિલ્લી ભભૂતીની છત તરફ ગઈ. એ જ વખતે નંદો પણ એ બાજુથી કૂદી. થોડે દૂર જ અચાનક બિલ્લી કૂદી એટલે નંદો ભડકી ગઈ.

-તાઈ એને જોઈને બોલી. "નંદો, રાંડ, તું એને અડી ગઈને! જઈને નાહી આવ!'

'અરે ના, તાઈ, રામજીના સોગંદ એ તો મારાથી આટલે દૂર કૂદી હતી. તમે તો જોતાં હતાં તાઈ. બાપરે, મારું તો હૈયું ધડકી ઊઠયું. મોંમાં શિકાર પકડેલો હતો. તમારે ત્યાંથી જ લાવી હશે, ખરું ને તાઈ?' ઉપરની છતથી ત્રણ પગથિયાં ઊતરીને તાઈ પાસે આવતાં આવતાં એણે પાનવાળો હાથ લંબાવ્યો, "લ્યો, પાન ખાઓ.'

પાન જોઈને તાઈના ચહેરા પરનો ગુસ્સો નરમ પડ્યો. વાંસને દીવાલ સાથે ટેકવી ચબૂતરા પર રાખેલા લોટાથી એ હાથ ધોવા ગઈ. હાથ ધોતાં ધોતાં ફરી પૂછ્યું : 'બિલ્લી તને અડી તો નહોતી ને? સાચું બોલ.'

"ના તાઈ, આટલા મોટા સોગંદ મેં ખાધા તોય! અરે, હું તો પોતે જ મરજાદ પાળું છું. મારા ઘરમાં મારું તો પાનદાન પણ જુદું, ઠાકોરજીની ઓરડીમાં રહે છે.'

તાઈએ સાડીના છેડાથી હાથ લૂછી, છેડાથી જ પાન પકડી કોમળ સ્વરે ધીમેથી કહ્યું, 'જૈ સી–કિસ્ન.'

'જૈ સીરી કિસ' કહી નંદોએ કમ્મરમાંથી તમાકુનો બટવો કાઢયો.

બંને સૂર્ય તરફ પીઠ કરી થોડે દૂર જઈને બેઠી. નંદોએ બટવામાંથી બે ટુકડા સોપારીના ને એક ચપટી તમાકુ મોંમાં નાખી પાન તાજું બનાવ્યું. પછી બટવાને કમરમાં ખોસી પગ લાંબા કરીને બોલી, 'તાઈ, તમારા બધાની કૃપાથી મારી મતિ તો હજી સુધી પુરાણા સનાતન ધરમની જ રહી છે. સવારે ગોમતીજીમાં નાહી આવીને સીધી ઠાકોરજીની ઓરડીમાં ચાલી જાઉં છું. મને કોઈના ઘરની જંજાળ સાથે સંબંધ નથી. સેવા-પૂજામાં જ ત્રણ–સાડા ત્રણ કલાક વિતાવી દઉં છું.'

'તારે ત્યાં કેટલા દેવતા છે?' તાઈએ પોતાના વાળમાં આંગળી ફેરવતાં પૂછ્યું.

'મારે ત્યાં? એક તો રાધા–કિસનની જોડી છે. લક્ષ્મીજી છે. બાલમુકુંદ છે. ગણેશજી, લાડુગોપાલ, વિષ્ણુપાદ, બદ્રીનાથ–જગન્નાથનાં પતરાં, મહાદેવજી, સાલિગરામ અને... બસ, આટલાં જ છે. બાકી છબીઓ છે'

'મારી પાસે ગણેશજી નથી. પહેલાં તો હતા પણ અભાગિયા ઉંદર લઈ ગયા.' તાઈએ માથા પર છેડો નાખીને કહ્યું.

'તો પછી બીજા મગાવી લો ને તાઈ? સિંહાસનમાં સૌથી પહેલાં તો ગણેશજી જ હોવા જોઈએ. સિદ્ધિદાતા તો તેઓ જ છે.'

'મારે મૂઈ સિદ્ધિ લઈને શું કરવું છે? ભાગવતમાં લખ્યું છે કે ભગવાનનાં ચરણોની સતત ભક્તિ કરો. એની પાસે મુક્તિ પણ તુચ્છ છે.'

'હા તાઈ, જો એવી ભક્તિ મળી જાય તો તો જનમ-જનમના સંસ્કાર ન સુધરી જાય? તે દિવસે કથામાં સાંભળ્યું...''

'અરે, કથા ક્યાં થાય છે?' તાઈએ વાતને અટકાવીને પૂછ્યું. તાઈ કથા–સપ્તાહ કે ગોમતી–ગંગામાં નહાવા નથી જતી. એ ક્યાંય નથી જતી. બસ, સવારસાંજ ગોકુલદ્વારામાં મંગલા અને શયનનાં દર્શન કરવા ઘરમાંથી નીકળે છે, તો ત્યારે એના 'સાત જન્મનાં દુશ્મન' શેરી ને મહોલ્લાનાં છોકરા–છોકરીઓ, મશ્કરા જુવાનો અને ગાળ ખાવાના શોખીન મનમોજી આધેડ બુઢ્ઢા પણ એને ચારેકોરથી ઘેરીને 'તાઈ અડી ગઈ. તાઈ, છૂ છૂ છૂ! તાઈ, ક્યારે મરીશ?' કહીને ડગલે ને પગલે એને સતાવે છે. આખે રસ્તે ખિજાતાં, બૂમો પાડતાં તાઈનો શ્વાસ ભરાઈ જાય છે. દુનિયા એને દીઠીયે નથી ગમતી. અખિલ બ્રહ્માંડમાં એને જો કોઈ સાથે બનતું હોય તો તે માત્ર નંદો સાથે. એ જ એને દુનિયાની વાતો કહી જાય છે.

નંદોએ કહ્યું, 'બાનવાલી ગલીમાં કાશીજીથી એક વ્યાસજી આવ્યા છે. એવી તો સરસ કથા કહે છે કે ન પૂછો વાત. એમણે જ કહ્યું કે સંસ્કાર જ મનખાજનમને સાર્થક કરે છે.'

'સંસ્કાર તો હોવા જ જોઈએ, જે કાંઈ હોય તે. આજકાલના તો મૂઆ સંસ્કાર જ બગડી ગયા છે આ દુનિયાના. જો ને, મૂઈ પન્નોની લાડકીઓ બી. એ., એમ. એ. ભણીને ઑફિસમાં નોકરી કરવા જાય છે. બાઇસિકલ લીધી છે એણે.'

'અરે તાઈ, વાત ન પૂછો. આજકાલ તો કળજુગ ચારેય પગ ટેકવીને ઊભો છે. કોઈ કોઈને કહેવાલાયક રહ્યું નથી. અમારા ઘરમાં જ શું ઓછાં ચરિતર થાય

છે? સંકર અને સંકરની વહુ આઠ વાગ્યે તો પલંગ પરથી ઊઠે છે. સંકર ઈસ્ટોવ લાવ્યો છે, તે એને પેટાવી ચા અને ઈંડાં, માછલી અને પાંઉ રોટી, કોણ જાણે શુંનું શું બનાવે છે એની વહુ, પછી પોતાના ધણી સાથે બેસીને ખાય પીએ, એવા તો સંસ્કાર બગડયા છે. મનિયાની વહુ પણ નાનીની સાથે ચોરીછૂપીથી બધું ખાવાપીવા લાગી છે. આ બંને અને એમની ગુરુ તમારી પેલી નવી ભાડૂત ...શું કહેવું ?... બસ!'

'પાપની પોટલીઓ છે અભાગણીઓ. સત્યાનાશ જાય, કોઢ નીકળે, નખોદિયણ, મરે બેય જણીઓ. મારો આતમા તો ઊઠતાં બેસતાં એમને શાપ દે છે.'

તાઈને એના ભાડૂત મિસ્ટર અને મિસિસ વર્મા પ્રત્યે સખત તિરસ્કાર છે. મિસ્ટર જ્યારે એમની આંતરજ્ઞાતીય પ્રેમિકાને મિસિસ બનાવીને આર્યસમાજ મંદિરમાંથી પાછા ફર્યા ત્યારે બંનેનાં ઘર બંને માટે સદાને માટે બંધ થઈ ગયાં હતાં. મિસ્ટર વર્મા કુશળ રેડિયો-મિકેનિક છે. નાની એવી ચાલુ દુકાનના માલિક છે. એમણે બાપ સાથે ભાગ વહેંચી લઈ હોટેલમાં મુકામ કર્યો અને ઘર એલોટ કરનારી કમિટીના સભ્યોને ત્યાં એ દોડા કરવા લાગ્યા. એક ઓળખાણવાળાએ કહ્યું કે ઘર શોધી લો, હું એલોટ કરી આપીશ. શોધતાં શોધતાં રાજાબહાદુર સર દ્વારકાદાસ અગ્રવાલની જૂની હવેલી મળી. ચાર ચોકની હવેલી વીસ વરસથી બંધ પડી હતી. એના એક ભાગમાં રાજાબહાદુરની પહેલી પત્ની તાઈ રહેતી હતી. હવેલી ભૂતોનું રહેઠાણ મનાતી હતી. હવેલી સાથે રાજાબહાદુરને કશો સંબંધ નહોતો, એ તાઈના કબજામાં હતી. અને તાઈએ બહારની ઓરડીઓ, દુકાનો અને જૂની ગૌશાળાવાળો વરંડો ભાડે આપ્યા હતા પરંતુ હવેલીની અંદર એ કોઈ રીતે કોઈ ભાડૂતને આવવા દેવા રાજી નહોતી. મિસ્ટર વર્માએ એલોટમેન્ટ કમિટીની મદદથી એના એક ભાગ પર કબજો મેળવી લીધો. તાઈ ઊઠતાં-બેસતાં વર્મા-દંપતીને ભાંડતી હતી.

નંદો બોલી, 'હવે ગુરુ-ગોરાણી મહોલ્લામાં આવ્યાં છે તો અહીં પણ ગુલાબ ખીલશે...ક્ષત્રિય, બ્રાહ્મણ, વાણિયા, બધાને એક કરીને મૂકશે આ લોકો, જોજો. ભલા, તમે જ કહો. આવા ધર્મભ્રષ્ટની સાથે સંકર-મનિયાની વહુઓ ઊઠે-બેસે, ખાય-પીએ. એટલે જ એમની મતિ બગડી ગઈ છે.'

ત્યાં કોઈએ તાઈના બારણાની સાંકળ ખખડાવી.

તાઈએ નંદોને કહ્યું, 'જા, જોઈ આવ તો, કોણ આવ્યું છે નખોદિયું ?'

નંદોએ આવીને કહ્યું, કે શરણાર્થી ભાડૂત 'ગોશાળા'ની ઉપરવાળી ઓરડી માટે નવો ભાડૂત લઈને આવ્યો છે.

ત્રણ

રાજાબહાદુર સર દ્વારકાદાસ અગ્રવાલના પૂર્વજોની 'ગૌશાળા'ના વરંડાની ઉપરની એક નાની ઓરડી અને અગાસીના ભાડૂત તરીકે આવીને ચિત્રકાર સજ્જનને લાગ્યું કે, પોતે ભાવુકતાના વહેણમાં ખેંચાઈને એક બહુ મોટી ભૂલ કરી નાખી છે. ગલી-મહોલ્લાના જીવનનો પરિચય મેળવી એનાં ચિત્રો બનાવવાની ઇચ્છાથી સજ્જન અહીં આવ્યો છે. એમ તો શાહનજર રોડ પર એનો પોતાનો બંગલો છે. અમીનાબાદ, કેસરબાગમાં એનાં મકાનો છે, જેના ભાડામાંથી મહિને દહાડે આઠસો-હજારની આવક થાય છે. કલાસાધનાના માર્ગમાં અવરોધ ઊભા કરે એવા બધા અભાવરૂપી શત્રુઓના ધસારાને એની પૈતૃક સંપત્તિએ ચીનની ઐતિહાસિક દીવાલની જેમ રોકી દીધો છે. લૅન્ડ સ્કેપ અને પોર્ટ્રૅટ ચિત્રો માટે સજ્જન પ્રસિદ્ધ છે. અમરનાથથી કન્યાકુમારી સુધી અને દ્વારકાથી મણિપુર-આસામ સુધી તે પોતાના દેશના ચારે ખૂણાની પરિક્રમા કરી ચૂક્યો છે. આપણા દેશનો પ્રાચીન વૈભવ—સાહિત્ય, શિલ્પ, ચિત્રકલા, નૃત્ય, સંગીત વગેરે—જોઈને સજ્જન જેટલો પ્રભાવિત છે એટલો જ તે આજના સામાજિક જીવનના સાંસ્કૃતિક દેવાળાનું કારણ જાણવા વ્યગ્ર બની ગયો છે. આજે ક્યાંય પણ નવા નિર્માણનો પરિચય મળતો નથી. ચારે બાજુથી જીવન રૂંધાઈ ગયું છે. આશ્ચર્ય તો એ છે કે સજ્જનને આજે નવું ચિત્ર બનાવવા માટે, શોધ કરવા છતાં કોઈ વિષય નથી મળતો. આ મૂંઝવણમાં પડવાથી જ એને વિચાર આવ્યો કે પોતાની ને સમાજની આ દુર્દશાનું કારણ તે પોતાના સમાજમાં બેસીને શોધે. એક દિવસ વાતવાતમાં પ્રસંગ આવતાં, એની ફ્રેમો બનાવનાર સરદારજીએ એને પોતાના ઘરની પાસે જ એક ઓરડી અપાવવાનો વાયદો કર્યો ત્યારે એ બહુ રાજી થયો. એને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે સરદારજીએ એનો ઉપયોગ પોતાના એક પાડોશીને હરાવવા માટે રાજનૈતિક ચાલની રીતે કર્યો છે.

ગૌશાળામાં નીચે બે લાંબી લાંબી પરસાળ તથા બે ઓરડીઓ છે અને એક પરસાળની છત ઉપર એક નાની ઓરડી છે. નીચેનાં ઓરડી-પરસાળમાં બે શરણાર્થી પરિવાર રહે છે. એક સરદારજી સુતારીનું કામ કરે છે ને બીજા રેંકડીમાં મસાલા વેચે છે. મસાલા વેચનારનો એક કુંવારો સાળો એમની છતની ઉપરવાળી ઓરડીમાં રહેતો હતો. આમ એમનું મોટું કુટુંબ સુતાર સરદારજીના મોટા કુટુંબ કરતાં વધુ જગ્યામાં આરામથી રહેતું હતું. સાળાસાહેબ ઘણા વખતથી કોઈ રોમેન્ટિક કારણોસર માથાના વાળ કપાવી, દાઢી-મૂછ મુંડાવી સૌ જેવા થઈ

ગયા હતા. એમની આવકનો મોટો ભાગ જે આજ સુધી એમનાં ભાણેજ-ભાણીઓ માટે ખર્ચાતો હતો તે હવે ક્યાંક બહાર ખર્ચાવા લાગ્યો. અને પછી એક દિવસ તેઓ ઓરડી છોડીને ચાલ્યા પણ ગયા. મસાલા વેચનારે તે પછી પણ ઉપરવાળી ઓરડી ને છત પર પોતાનો અધિકાર જમાવી રાખ્યો. આથી સુતાર સરદારજીને સ્વાભાવિક રીતે ઈર્ષ્યા થતી હતી. એક-બે વાર બંને વચ્ચે ઝપાઝપી પણ થઈ ગઈ હતી. મસાલા વેચનાર કહેતા હતા કે જ્યારે કોઈ ભાડૂત આવશે ત્યારે તેઓ ઓરડી ખાલી કરી નાખશે. કોણ જાણે કેવી કેવી વાતો બનાવીને એમણે તાઈની માત્ર જીભ જ બંધ નહોતી કરી, સુતાર સરદારની વિરુદ્ધ એના કાનમાં ગરમ મસાલો પણ ભરી દીધો હતો. આ બાજુ, જો કોઈ ભાડૂત આવે તો એ એના કાન ભંભેરીને કોઈ પણ રીતે ભગાવી મૂકતા.

એમના પાડોશીને કૂટનીતિથી મળેલા વિજયથી દાઝેલા સુતાર સરદાર લાગ શોધવાની વેતરણમાં જ હતા ત્યાં વાતવાતમાં સજ્જને એમને જગ્યાને માટે પૂછ્યું. સુતાર સરદારને તાઈ તથા સજ્જનના હિતેચ્છુ બનીને પોતાના હરીફ પર વિજય મેળવવાનો સરસ મોકો મળી ગયો. સાત રૂપિયાની જગાનું ભાડું એમણે પચ્ચીસ કહ્યું ને સજ્જને સ્વીકારી લીધું. સુતાર સરદારે જતી વખતે ગોકુલદ્વારા તાઈ પાસે આ પ્રસ્તાવ મૂક્યો ને તાઈએ ખુશીથી તે સ્વીકારી લીધો. બીજે દિવસે બપોરે તેઓ સજ્જનને જગ્યા બતાવવા પણ લઈ આવ્યા. એ વખતે મસાલા વેચનાર સરદાર એમની રેંકડી લઈને બહાર ગયા હતા. એમની પત્નીએ ખટપટ કરી, પણ એની અવહેલના કરીને સુતાર સરદારે સજ્જનને એ ઓરડી બતાવી દીધી અને એ જ વખતે તાઈની મુલાકાત કરાવી અગાઉથી એક મહિનાનું ભાડું પણ અપાવી દીધું.

બીજે દિવસે સવારે જ્યારે સજ્જન એના બે ખાસ મિત્રોને એ જગા બતાવવા લઈ આવ્યો ત્યારે મસાલા વેચનારે ઉપરનું તાળું ખોલવાની ના પાડી દીધી ને કહ્યું કે એ જગ્યા તો માત્ર કુટુંબવાળાને જ મળી શકે છે. સજ્જનને ખૂબ જ ગુસ્સો આવ્યો. એના મિત્ર કર્નલસાહેબ અને મહિપાલ પણ ગરમ થઈ ગયા. પેલી બાજુ સુતાર સરદારે તાઈ પાસે જઈને એનો પારો ચડાવી દીધો. તાઈ વિષ્ણુસહસ્રનામનો પાઠ છોડીને મસાલા વેચનારને હજાર ગાળો દેતી બહાર આવી ગઈ. મસાલા વેચનારને લાચાર બનીને ઉપરની જગ્યા છોડવી પડી.

આવી મામૂલી ઓરડીના આવા મોટા માણસ ભાડૂત બને એ અંગે મહોલ્લાવાળાઓમાં જાતજાતની ચર્ચા થાય એ ખૂબ જ સ્વાભાવિક હતું. સજ્જનને એની નામનાને કારણે ઓળખે એવા પણ કેટલાક માણસો એ મહોલ્લામાં હતા. ભભૂતી

ઓનીનો નાનો દીકરો શંકરલાલ અને એની સરદારી નીચે, એ જ મહોલ્લામાં રહેનાર બે-ત્રણ નવયુવકો સજ્જનને મળવા પણ આવ્યા. એ લોકોએ મહોલ્લા-જીવનને ચિત્રિત કરવાના કલાકારના મહાન ઉદ્દેશનો ખૂબ જ પ્રચાર કર્યો. અફવાઓમાં એ ઉદ્દેશ અનેકગણો વધીને એક નવા અર્થનો પોશાક પહેરીને ફેલાઈ ગયો. મસાલા વેચનાર તથા બીજા લોકોએ કહ્યું કે મહોલ્લાની વહુ-દીકરીઓને, તસવીર બનાવવાની લાલચ આપી ફોસલાવવાનો જ ચિત્રકાર અને એના મિત્રોનો ઉદ્દેશ છે. મસાલા વેચનાર તથા બીજા એક-બે માણસોની સહીથી શહેરનાં બે દૈનિકોમાં સંપાદકને સંબોધીને ફરિયાદો પણ છપાઈ ગઈ. એમાં એવી ધમકી પણ આપવામાં આવી હતી કે સારા માણસોની વચ્ચેનો કેટલાક શ્રીમંત નવયુવાનોનો આ અડ્ડો જો હટાવી લેવામાં નહિ આવે તો અમે અનશન કરીશું.

આ જોઈને સજ્જન દંગ થઈ ગયો. પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરતું લખાણ એણે છાપાંઓમાં આપ્યું અને સાથે સાથે, મહોલ્લાવાળાઓનો વિશ્વાસ પ્રાપ્ત કરવાનો ઉપાય વિચારવા લાગ્યો. ખોટી રીતે ઊભા થયેલા વિરોધથી હારીને પાછા હઠવાનું એના સ્વભાવથી વિરુદ્ધ હતું. એણે નિર્ણય કર્યો કે પોતે મક્કમ રહીને મહોલ્લાવાળાનું મન જીતી લેશે.

સાંજ પડી ગઈ હતી. સજ્જનની સિગરેટ ખલાસ થઈ ગઈ હતી. બજારમાંથી ખરીદી લાવવા માટે એ નીચે ઊતર્યો ને જોયું તો ત્યાં રાજાબહાદુર ઊભા હતા. સજ્જન તાઈ રાજાબહાદુર અને આ ગલી-હવેલીના નિકટના સંબંધ વિષે જાણતો હતો, છતાં તેના રંગ-ટેકનિકથી ભરેલા મનમાં બે પરસ્પર વિરોધી બાબતો—જરીપુરાણી ગલી અને વૈભવશાળી રાજાબહાદુર—ને એકસાથે જોઈને ખચકાટ થયો.

'અરે આપ ?' એમને જોઈને સજ્જન એકાએક બોલી ઊઠચો. શાહનજર રોડ પર રાજાબહાદુર એના પાડોશી છે. બંને ઘર વચ્ચે આજે પણ સ્નેહસંબંધ છે. સજ્જન એમને છોટેબાબા કહે છે. કારણ કે રાજાબહાદુર એના સ્વર્ગસ્થ પિતાને ભાઈસાહેબ કહી સંબોધતા હતા.

દ્વારકાદાસ એને જોઈને ખમચાઈ ગગા. તેઓ એમની જાદુગર પત્ની પાસે પોતાના પૌત્રનું જીવનદાન માગવા આવ્યા હતા. સવારે એની સગાઈની મીઠાઈ તાઈને આપવા માટે બંગલા પરથી નોકર આવ્યો હતો. તાઈએ મીઠાઈ પાછી વાળી અને શોકયના પૌત્રને ખૂબ જ ભાંડયો. દિવસ ચડતાં જ પૌત્રને ખૂબ તાવ ચડયો. બધાને શક પડયો કે તાઈએ એના પર કાંઈક જાદુમંત્ર ચલાવ્યો છે. વાણી રૂંધાઈ જવાથી તેઓ કશું બોલી ન શક્યા એટલે એક ડગલું આગળ આવીને

એમણે સજ્જનનો ખભો હાથથી દબાવ્યો, જાણે આત્મીયતાનો ભાર નાખીને મુદ્દામાલ સાથે પકડાઈ જનાર અપરાધીની જેમ સહાનુભૂતિ અને દયા માગી રહ્યા હોય. પછી તરત જ જાતને સંભાળી લઈ બોલ્યા, 'તું અહીં ક્યાંથી ?'

'જી, આજકાલ હું અહીં, પેલી ઉપરવાળી ઓરડીમાં કામ કરું છું. મહોલ્લાના જીવનનો સ્ટડી કરું છું.'

'તને ખબર છે આ હવેલી મારા પૂર્વજોની છે ?'

'જી હા, અહીં આવ્યા પછી મને ખબર પડી. હું તો આપની મદદ માગવા આવવાનો હતો. આ મહોલ્લાવાળા ગેરસમજથી મને ઘણીવાર હેરાન કરે છે.'

મદદ માગનાર યાચકના ટેકાથી પોતાના થાકેલા અહંકારને જાગ્રત કરીને રાજાબહાદુરે પોતાની પત્નીના દરવાજાની સાંકળ ખખડાવવાની હિંમત કરી.

'કોણ છે રોયો અભાગિયો ? કોણ સાંકળ ખખડાવે છે ?' અંદરથી તાઈનો રોષભર્યો અવાજ સંભળાયો.

'સાંકળ ખોલો." દ્વારકાદાસનો સહજ ગર્વભર્યો અને ગંભીર સ્વર આ વખતે પ્રયત્નપૂર્વક જ સહજતા પ્રાપ્ત કરી શક્યો.

બડબડાટ કરતી તાઈ આવી. સાંકળ ઉઘાડી પતિને જોઈને ચુપ થઈ ગઈ. લગભગ ચૌદ-પંદર વર્ષ પછી પતિ-પત્ની એકબીજાને નજીકથી જોતાં હતાં. પત્નીને જોઈને દ્વારકાદાસના મનમાં કોઈ પ્રકારની ઈચ્છા ન થઈ, ભયનો સંચાર થયો. વાત શરૂ કરવા માટે દોર પકડતાં તેઓ બોલ્યા, 'આ છોકરાને ઓળખે છે ? કન્નોમલજીનો પૌત્ર છે.'

'હશે. મારે શું કરવો છે ?' કહેતી તાઈ અંદર ચાલી. દ્વારકાદાસ પાછળ પાછળ ગયા. ખાસ કોઈ ઈરાદા વિના, ખાસ કોઈ વિચાર કર્યા વિના સજ્જનનાં પગલાં પણ એમની પાછળ પાછળ જ ચાલ્યાં.

લીલ બાઝેલો ઉંબરો, નાની એવી પરસાળ, સામેના આંગણામાં ફાનસ અને થોડી ચીજો રાખેલી છે. જમણી બાજુની પરસાળમાં ચૂલાની ઝાળ આંખોને ખેંચે છે.

ફાનસના પ્રકાશ પાસેથી પસાર થતાં થાળીમાં પડેલું લોટનું પૂતળું જોઈને દ્વારકાદાસ, સાપ જોયો હોય એમ ચમકી ગયા. તાઈએ થાળી ઉપાડી સામેની પરસાળના થાંભલા પાસે મૂકી દીધી. પછી આંગણામાંથી ફાનસ લઈને પરસાળમાં આવી. રાજાબહાદુર એમની સૌભાગ્યવતીની ઝોળી જેવી ખાટલી પર બિછાવેલી ગંદી-ચીકણી ચાદર પર સંભાળીને—સંકોડાઈને બેસી ગયા. સજ્જન એમનાથી દૂર

સરીને પાંગતિયે બેસી ગયો. તાઈ ખાટલીથી જરા દૂર જઈને જમીન પર બેસતા પતિને ઉ`શીને બોલી, 'કેમ આવ્યા છો ?'

દ્વારકાદાસે હસવાનો પ્રયત્ન કરતાં જવાબ આપ્યો, 'તને મળવા ચાલ્યો આવ્યો. અહીં જાનકીશરણના...'

થાળીમાં રાખેલું લોટનું પૂતળું સજ્જનનું ધ્યાન ખેંચતું હતું. તાઈ પણ કલાકાર છે—તાજ્જુબી અને પ્રશંસાભર્યા આ ભાવથી સજ્જનને એ પૂતળું ઉપાડીને જોવાની પ્રેરણા થઈ.

તાઈ ગુસ્સાથી લાલ બની ગઈ. દ્વારકાદાસની વાત જ્યાંની ત્યાં રહી ગઈ. સજ્જનને ઉદ્દેશીને કહેવાઈ રહેલી એ ગંદી અને ગલીચ ગાળોથી તે ટેવાયેલો નહોતો. દ્વારકાદાસ એને સમજાવવાના ખ્યાલથી કંઈક બોલ્યા, ફરી કંઈક બોલ્યા, પછી લાચારીથી ચુપ થઈ ગયા.

સજ્જન ગરમ પત્ની અને નરમ પતિના સ્વર ચમત્કારોથી છૂટીને એકદમ બહાર ચાલ્યો ગયો.

દ્વારકાદાસ બેસી રહ્યા. તેઓ એમની પત્ની પાસે પોતાના પરિવાર અને પૌત્રની પ્રાણરક્ષાનું વરદાન માગવા આવ્યા હતા. લોટનું પૂતળું તાઈની પ્રાણ હરનારી અમાનુષી શક્તિનું પ્રતીક બની ગવર્નરો, મિનિસ્ટરો, હાકેમો અને શ્રીમંતોનું સન્માન મેળવનાર, હાજી-હજૂર કરનારાના આંખમાથા પર બેસનાર વ્યક્તિને ગળગળા થઈને ભીખ માગવા માટે લાચાર બનાવી રહ્યું હતું.

o o o

બજારમાંથી સિગરેટ ખરીદીને સજ્જન જ્યારે એની ઓરડીમાં પહોંચ્યો ત્યારે ત્યાં કર્નલસાહેબ અને મહિપાલ બેઠા હતા.

'કર્નલસાહેબ' શ્રી નગીનચંદનું લોકપ્રસિદ્ધ તખલ્લુસ નામ છે. તેઓ લખનૌની એક જૂની અને પ્રસિદ્ધ અંગ્રેજી દવાની દુકાનના માલિક છે. સામાજિક કાર્યો માટે મન મૂકીને દાન આપનારા શહેરના ગણ્યાગાંઠ્યા માણસોમાં એમનું નામ લેવાય છે. છ-સાત વર્ષ પહેલાં મહિપાલ શુક્લને લીધે જ સજ્જન સાથે એમને પરિચય થયો હતો. એ પરિચય હવે ગાઢ મૈત્રીમાં પરિણમી ગયો છે. સજ્જન, કર્નલ અને મહિપાલ અભિન્ન મનાય છે. લેખક મહિપાલ આ બેની સરખામણીમાં બહુ ગરીબ છે, પરંતુ ખૂબ જ મહેનતુ, સાચો અને દોસ્તી નિભાવનારો માણસ છે.

સજ્જન ઓરડામાં આવ્યો કે તરત જ કર્નલે પૂછ્યું, 'તને મહાકવિ બોર નો મળ્યા નહોતા ને?'

'ના, શું તેઓ અહીં આવ્યા હતા ?'

'હા, મેં એમને ઊંધી-ચત્તી વાત કરીને રવાના કરી દીધા.'

'સાલા અહીં પણ 'બોરડમ' ફેલાવવા ચાલ્યા આવે છે.'

મહિપાલ બોલ્યો, 'આ કમબખ્ત મહોલ્લાવાળાઓએ તારી વિરુદ્ધ છાપાંઓમાં ફરિયાદ છપાવીને બીજું તો જે ખરાબ કર્યું તે કર્યું પણ આ છૂપા અડ્ડાનું ઠેકાણું જગજાહેર કરી નાખ્યું એ બહુ ખરાબ કર્યું. મહામહેનતે કવિજી અહીંથી ગયા.'

સિગરેટ સળગાવીને શાલથી પોતાને સરખી રીતે લપેટીને બેસતાં બેસતાં સજ્જન એકદમ શાંત બની ગયો. કર્નલ એના તરફ ધ્યાનથી જોઈને, 'કેમ, આજ વળી કોઈ નવી વાત બની છે ?'

'ના, ખાસ કાંઈ નહિ...દ્વારકાદાસજી અહીં આવ્યા છે.'

'દ્વારકાદાસજી ? રાજાબહાદુર ?'

'હા, હમણાં એમની પટરાણીના મહેલમાં છે. યાર, આ બાઈ તો ગજબની કૅરેક્ટર છે. જાદુનાં પૂતળાં બનાવે છે.'

થોડી વાર પહેલાં બનેલી આપવીતી સજ્જને કહી સંભળાવી. કર્નલ વ્યાકુળ થઈ ગયો, 'તું એ પૂતળાને અડ્યો તે સારું ન કર્યું.'

'મને ક્યાં ખબર હતી ભાઈ! હું તો સમજ્યો કે તાઈના એકલવાયાપણું એ મનોરંજન છે. ખરું કહું છું મહિપાલ, હું તો બહુ જ ખુશ થયેલો પણ...' સજ્જન હસવા લાગ્યો. હાથ લાંબો કરી એશ-ટ્રેમાં રાખ ખંખેરીને બોલ્યો, 'મેં મારે વિશે ટ્રેડિશનલ ઇન્ડિયન સ્ટાઈલની એવી શુદ્ધ ગાળો સાંભળી છે કે શું કહું ?'

છત પર કોઈનો પડછાયો પડ્યો. સજ્જનનું ધ્યાન એ તરફ ગયું. રાજાબહાદુર સર દ્વારકાદાસ અગ્રવાલ બારણામાં ઊભા હતા.

સજ્જન વિનયપૂર્વક ઊભો થઈ ગયો. કર્નલસાહેબના ચહેરા પર નમ્રતાનાં કિરણો ઝળકી ઊઠયાં. આદરથી એણે હાથ જોડયા. મહિપાલ એમ જ બેસી રહ્યો.

રાજાબહાદુરનું ધ્યાન કોઈ તરફ ન ગયું. હાથના ઈશારાથી સજ્જનને બોલાવતાં એમણે કહ્યું, 'અહીં આવ તો બેટા !'

સજ્જન તરત જ બહાર ગયો. એના ખભા પર હાથ મૂકીને સીડી તરફ જતાં દ્વારકાદાસે કહ્યું, 'આજની વાતનો ઉલ્લેખ કોઈ પાસે કરીશ નહિ.'

'જી, બિલકુલ નહિ. આપ વિશ્વાસ રાખજો.'

'એનું મગજ જરા ઊંધું છે.'

'જી, મને ખબર છે.'

'શું કહું, બધો નસીબનો વાંક છે...ખેર ! તું કોઈને પણ ન કહેતો, તારા ખાસ મિત્રોને પણ નહિ, ને હું લાલા જાનકીશરણને કહેતો જાઉં છું. તને અહીં કોઈ પણ પ્રકારની તકલીફ નહિ પડે.'

સજ્જન એમને ગલીના નાકા સુધી મૂકી આવ્યો. દ્વારકાદાસના દર્પયુક્ત મુખ પર ચિંતા અને થાકનો પડછાયો પડતો હતો. પાછા ફરતાં સજ્જન વિચારવા લાગ્યો, 'શું આ પણ સુખી છે ?'

ચાર

નંદોએ લાલે દલાલ અને એની વહુને મારવા માટે તાઈ પાસે ટુચકો કરાવ્યો હતો. છ વર્ષ પહેલાં મનિયાનાં લગ્નની તૈયારીના દિવસોમાં ભભૂતી સોનીના ઘરમાં ઘરેણાંની ચોરી થઈ હતી. સોનાનો કંદોરો, કાંઠલો, કવચ અને ચંદનમાળા પૉલિશ કરાવવા માટે કાઢીને માએ જુદા ડબ્બામાં રાખ્યાં હતાં. રાત્રે એ ડબ્બો જ ઊપડી ગયો. બીજે દિવસે સવારથી જ ઘરનો નોકર ગુમ હતો. દરવાજાની સાંકળ ઉઘાડી હતી. તેથી એના પર જ બધો દોષ આવ્યો. વ્યાવસાયિક કારણોને લીધે ભભૂતીએ પોલીસમાં ફરિયાદ ન કરી. મા હાયહાય કરતી બેસી રહી. નોકર સાથેની ભાગીદારીના સોદામાં, ચોરાયેલો કંદોરો નંદોના કબજામાં આવ્યો હતો. એ દિવસોમાં લાલે દલાલની વહુ સાથે એને સારો સંબંધ હતો. નંદોએ એને જ કંદોરો વેચવા માટે આપ્યો હતો. કોઈ ને કોઈ બહાને આટલાં વર્ષ નીકળી ગયાં. નંદોના હાથમાં ફૂટી કોડી પણ આવી નહિ. એ તેની સાથે ઉઘાડે છોગ લડી શકતી નહોતી. ચાર–પાંચ દિવસ પહેલાં સવારના પહોરમાં ગોમતીના તટ પર લાલેની વહુ સાથે એની ખૂબ જોરશોરથી તડાતડી થઈ ગયેલી. લાલેની વહુએ ઘાટ પર બધાં સ્ત્રી–પુરુષોની હાજરીમાં નંદોને ચોરછિનાળ કહીને એના ઘરની જૂની ચોરીની પોલ ખુલ્લી કરી દીધી. પરંતુ નંદો એના પર પોતાની ચોરાયેલી ચીજનો ખુલ્લો આરોપ મૂકી ન શકી. નંદોના આગ્રહથી તાઈ એમને જ મારવા માટે પૂતળાં બનાવી રહી હતી, એ વખતે જ દ્વારકાદાસ અને સજ્જન એને ઘરે આવ્યા હતા.

દ્વારકાદાસના ગયા પછી તાઈ પૂતળાં બનાવવા બેઠી. નંદો ઉપરની સીડી પર છુપાઈને બેઠી બેઠી પતિ–પત્નીની વાતો સાંભળતી હતી. દ્વારકાદાસના ગયા પછી, હમણાં જ પોતાને ઘેરથી આવી હોય એમ ઠીકઠાક થઈને એ આવી. તાઈ

એ વખતે દ્વારકાદાસની ખુશામતના નશામાં મસ્ત, પોતાના વિજયથી સંતુષ્ટ અને પ્રસન્ન હતી. પ્રસન્નતાનો આવેશ ધમણ બનીને એની વેરભાવનાના કોલસાને ફૂંકવા લાગ્યો. તાઈ જોશભર નંદોનું કાર્ય સિદ્ધ કરવા બેસી ગઈ. લાલે અને એની વહુનું મારણ પૂરું કર્યું. મિસ્ટર અને મિસિસ વર્મા વચ્ચે લડાઈનો કાંટો વાવવા માટે શાહીનો કાંટો દોર્યો. લાલા જાનકીશરણ(જેમનો અપરાધ એટલો જ હતો કે આજે સાંજે એમને ઘેર દ્વારકાદાસ આવ્યા હતા.)ના ઘરમાં બીમારીઓનો ઉત્પાત પેદા કરવાના હેતુથી એમના ઉંબરા પર છાંટવા માટે કાળા તલનું પડીકું બાંધ્યું, અને સાંજના પ્રસંગ માટે સજા કરવા સજ્જનનું પૂતળું પણ બનાવ્યું. ધંધાદારી હત્યારાની જેમ દરેકને માટે અશુભ ક્રિયાઓ કરવામાં એને આનંદ આવતો હતો.

નંદોના હાથે એ બધાની વ્યવસ્થા કરાવી એને વિદાય કર્યા પછી પોતે નાહી, સાડી સૂકવી, અને પછી જ્યારે સૂવા ગઈ ત્યારે પોલીસચોકીની ઘડિયાળમાં બારના ડંકા પડ્યા.

માંડ કલાક-દોઢ કલાક સૂતી હશે ત્યાં બે બિલ્લીઓની લડાઈએ તાઈની ઊંઘમાં ખલેલ પાડી. અંધારામાં ચમકતી બે જોડી આંખો તાઈને ડરાવવા લાગી. બિલ્લીઓ એકબીજા પર ફૂંફાડા મારતી હતી. વેરભાવથી ઊભરાતો રોષ આગળ બનીને બે જ્વાળાની જેમ એકબીજા સાથે ગૂંથાઈ જતો હતો. તાઈની જાદુમંત્રભરી આંખોમાં ભય છવાઈ ગયો. એના ભયની વધઘટમાં એને એ બિલ્લીઓ ક્યારેક ક્યારેક મોટી-નાની થતી દેખાવા લાગી. લડતાં લડતાં બિલ્લીઓનું મોઢું જ્યારે એકાદ પળ માટે પણ એની તરફ ફરતું ત્યારે એમની આંખોની ચમક જાદુથી મંત્રેલી સોયની જેમ સીધી એના હૈયામાં પેસી જતી ને ત્યાં જ ખોડાઈ રહેતી. ઘડપણનું મંદ લોહી ભયના અતિરેકથી ઠૂઠવાઈ ગયું. પ્રાણની ગરમી એના કંઠમાં રૂંધાઈને ઘૂંટાવા લાગી. રોષથી ચિચિયારા કરતી બિલ્લીઓએ ફરી ઊછળીને એકબીજા પર હુમલો કર્યો. તાઈને એ બિલ્લીઓ કોઈ મહાવિશાળકાય હિંસક પ્રાણીની જેમ વધીને આખો ચોક ઘેરતી લાગી અને એ યુદ્ધની ઝપાઝપીમાં બિલ્લીઓના ભયાનક ઘૂરરર-ઘૂરરર ખાંઉં-ખાંઉં અવાજ સાથે તાઈના ગળામાંથી જોરથી નીકળતો હીહીહી-હીહીહી અવાજ એક થઈ ગયો. આત્મરક્ષાની ભાવનામાંથી હિંસા જાગી. કોઈ ચમત્કારથી પથ્થરની મૂર્તિના હાથમાં ચેતન આવ્યું હોય એમ એના હાથ આગળ વધ્યા. તકિયો ઉઠાવીને જોરથી માર્યો. બિલ્લીને મારવાથી સ્વર્ગમાં સોનાની બિલ્લી આપવી પડશે એ કડક ધાર્મિક નિયમ પણ એ વખતે વિસરાઈ ગયો હતો.

બિલ્લીઓના મહાયુદ્ધની તન્મયતામાં તાઈના વજ્રપ્રહારથી ભંગ પડ્યો. તે આંગણા તરફ દોડી. હવે તાઈમાં હોશ અને સ્ફૂર્તિ આવ્યાં. એકદમ દોડીને ખાટલાની બીજી બાજુ રાખેલી લાકડી એણે ઉપાડી એની ગાળોનાં અવયવો થનગની ઊઠ્યા. એ પણ ત્રીજી બિલ્લી બનીને આંગણામાં કૂદી. એક બિલ્લી સીધી આંગણામાંથી જ ને બીજી ગભરાટમાં રસોડાની પરસાળ સાથે ભટકાઈને ઉપરના દાદરા તરફ ભાગી. તાઈ દાદરા તરફ દોડી જોશમાં ઉપર ચડી ગઈ. ઠૂઠવાતી અંધારી રાતમાં છત પાસે કઠેરા પર દોડતી છાયાકૃતિ જેવી બિલ્લીઓ અને લાકડી ઉઠાવીને દોડતી તાઈની છાયાછબીએ સૂતેલી છતને ખરાબ સ્વપ્નની જેમ ચોંકાવી દીધી. ભરશિયાળે જેમ કોઈ, સ્થિર રહીને કોઈને ગરમાવો આપતી રજાઈ એક ઝટકાથી હટાવી દે તેમ શાંત રાત્રિ એની ગાળોના અવાજોથી ખળભળી ઊઠી.

તાઈ બડબડતી નીચે ઊતરી. ઉપરના દાદરાની સાંકળ વાસી દીધી. બડબડતી, ખિજાતી, હાંફતી જ્યાં તે એના સૂવાના ઓરડાની ઓસરીમાં પહોંચી ત્યાં એનો પગ કોઈક ભીની ભીની ચીજને અડક્યો. અંગૂઠો ને આંગળીઓ સૂન થઈ ગયાં. તાઈના મનમાં અપવિત્રતાનો ધર્માંધતાભર્યો આંચકો લાગ્યો. તીવ્ર ઘૃણા અને રોષથી મન ભરાઈ ગયું. પરંતુ જીભ પર આવેલું શબ્દોનું પૂર એકાએક 'ઊંહ'માં સમાઈને રોકાઈ ગયું. પોતાને કાંઈક વાંકમાં આવેલી અનુભવતી 'આ શિકારની પાછળ જ મૂઈ પડી'તી' એમ વિચારતી ખરડાયેલા જમણા પગનો પંજો ઊંચો રાખી એડી પર એના ખાટલાની પાંગતે રાખેલા ફાનસ સુધી પહોંચી. ફાનસ પેટાવીને પાછી એવી જ રીતે એડી ટેકવી ટેકવીને એ બનાવના સ્થળે પાછી આવી જોયું તો તાજા જન્મેલા બિલ્લીના બચ્ચાનું માથા વિનાનું મડદું હતું. ઘરમાં આંટાફેરા મારતી ગર્ભવતી બિલ્લીનાં કેટલાંય ચિત્રો એની નજર સાથે ઊભરાઈ આવ્યાં. 'ચૂલામાં પડે રાંડ !' મોંમાંથી તરત જ ગાળ નીકળી. ખ્યાલ આવ્યો કે એનાં જ બચ્ચાને બિલાડો ખાઈ ગયો હતો. લડાઈનું કારણ પણ આ જ હતું.

પગ ટેકવીને તે ખાળ સુધી ગઈ. પગ ધોયા. ફાનસ લઈને ઠાકોરજીની ઓરડીમાં ગઈ. અભેરાઈ પરથી પંખો ઉતાર્યો. મડદાને જૂના પંખા પર રાખીને બહાર ફેંકી દેવાના ઈરાદાથી તાઈ આગળ ચાલી ત્યાં એની સહજ વેરભાવનાની વ્યાવહારિક બુદ્ધિ જાગી ઊઠી. તરત જ દાદરાની નીચેના તાકામાંથી એની જાદુ-મંત્રની પેટી કાઢી, એમાંથી સિંદૂર અને થોડા કાળા તલ લીધા. મંતરજંતરના કામ માટે જુદા રાખેલા લોટના ડબ્બામાંથી થોડો કાઢીને દીવો બનાવ્યો. તલ ને સિંદૂર છાંટેલી બિલ્લીના બચ્ચાની લાશ અને બળતો દીવો પંખા પર મૂકી તાઈ

એને તારાના ઘર પાસે મૂકી આવી, 'રાંડ બહુ મોટું પેટ લઈને ફરે છે. આમ જ કપાઈને પડી જશે.'

આ રીતે લાશ ઘરની બહાર નીકળી ગઈ ને તાઈના મતથી એનો સદુપયોગ પણ થઈ ગયો.

તાઈ જ્યારે પોતાનું આંગણું ધોવા લાગી ત્યારે એણે જોયું કે એના પાટલા નીચે તાજાં જન્મેલાં બિલ્લીનાં ત્રણ બચ્ચાં સંકોડાઈને પોટલીની જેમ પડ્યાં હતાં. તાઈનો ક્રોધ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો.

'નખોદિયણ! મારી છાતી પર જ બધાને લઈને ઘંટી પીસવા બેઠી છે. સાત જનમની દુશ્મન મૂઈ છે; ગલીએ ગલીએ કરીને ઠેઠ મારે ઘેર જ બચ્ચાં પટકવા આવી રાંડ! અરે એની રગરગમાં ફોડા પડશે. શિયાળાની રાતે દોડાવી મારી.' હાથમાં સાવરણી લઈને ખાટલા પાસે જમીન પર તાઈ બેસી ગઈ. ગાળોની વચ્ચે એનું મન આ બચ્ચાંઓને શાના પર ઉડાવીને બહાર ફેંકી દેવાય તેનો વિચાર કરી રહ્યું હતું. ટોપલી ધ્યાનમાં આવી. પછી વિચાર્યું. હમણાં એક પંખાનું તો નુકસાન થયું જ છે, વધારામાં ટોપલી ફેંકી દેવી પડશે. સાડી તો ધોવાની જ છે એમ વિચારીને તાઈએ સાવરણી બાજુએ મૂકીને ત્રણેયને સાડીના છેડામાં ઉપાડી લીધા. પાણીવાળા હાથને લીધે બચ્ચાં થરથરી ઊઠ્યા. તાઈએ એમનો થથરાટ ત્રણવાર અનુભવ્યો. ઠંડીથી સંકોડાયેલાં, બંધ આંખોવાળાં ત્રણે બચ્ચાં છેડામાં પોટલી જેવાં બનીને એના પેટ સાથે ચોંટી ગયાં. ત્રણ જીવોનાં પ્રાણ એના પેટ પાસે સળવળ્યા. ઉંબરા સુધી જતાં જતાં એને એકવાર એની ગોદમાં રમતી દીકરી એકાએક યાદ આવી ગઈ. એ ખચકાઈ ગઈ. વળી જીદ, રોષ અને નિશ્ચય સાથે પગ આગળ ચાલ્યા, પણ બંધ બારણાં પાસે આવીને અટકી ગયા. દીકરીની યાદ તીવ્ર બની ગઈ હતી.

પછી બિલ્લીનાં બચ્ચાં બહાર ન ફેંકાયાં.

* * *

મોંસૂઝણે લગભગ સાડાપાંચ વાગે પૂજાની ઘંટી–ચોપડી લઈને ગોમતીકિનારે જવા માટે લાલે દલાલની વહુએ બારણું ઉઘાડ્યું. બહાર પગ મૂકતાં જ ઉંબરાની બહાર બંને બાજુએ મૂકેલાં પૂતળાં પર નજર પડી. ડરના માર્યા એણે એનો પગ પાછો લઈ લીધો અને ગભરાઈને બહારની લાઈટની સ્વીચ કરી. એના ઘર માટે કરેલા મારક પ્રયોગોને વીજળીના પ્રકાશમાં સ્પષ્ટપણે જોઈને એના દિલના વધી ગયેલા ધબકારાની ઝડપ વધુ તેજ બની. તે એકદમ ગરજી પડી, 'હાય હાય! આ

કઈ રાંડે દુશ્મનાવટ કરી ? અરે બહુઆ, ઓ બહુઆ !'

અંદરથી ઉધરસ સાથે વૃદ્ધત્વથી કાંપતો એક અવાજ આવ્યો, 'અરે શું છે વહુ ?'

'અરે અહીં આવો જલદી, ગજબ થઈ ગયો છે.' કહીને શ્રીમતી લાલે એના ચાર મણના શરીરમાં શ્વાસ સમાવવાનો પ્રયત્ન કરતાં કરતાં વચ્ચે વચ્ચે ગળામાં ઘૂંટાયેલા શબ્દો વડે જલદી જલદી પ્રાર્થના કરવા લાગી : 'હે સત-નારાયણ સ્વામી, તમારી કથા માનું છું. હે બજરંગબલી, તમારો સવાપાંચ રૂપિયાનો પરસાદ...માતાજી, અમારી રક્ષા કરો... હુ...હુ...હુ...'

'અરે શું થયું વહુ !' ઠંડીમાં થથરતી બહુઆ આવી.

'અરે બહુઆ, આ જુઓ તો ખરાં. કોઈ વાંઝિયણ રાંડ આપણા બારણે આ પૂતળાં રાખી ગઈ. જેણે અમારે માટે આ કર્યું હોય, એનું જ ઈશ્વર નખ્ખોદ વાળે. છિનાળ, ચોરટી, દુષ્ટ રાંડ નંદોનું જ એ કામ હશે. એ જ તાઈ પાસે કરાવીને મૂકી ગઈ છે.'

'એ હત્યારીના કુટુંબ પર વીજળી પડે. એ દુષ્ટ તાઈનો તો આવાં કામો કરવામાં જ જનમ વીત્યો છે.'

બારણાને ચીટકીને ઊભી રહી સાડીના છેડાથી નાક-મોં ઢાંકીને બહાર જોતી બહુઆ બોલી.

'એ બહુઆ, તું એને ઉપાડીને ચોકમાં મૂકી આવ. મારે ગોમતી જવાનું મોડું થાય છે.'

ઠંડી અને બુઢાપાથી થરથરતી બહુઆમાં ભયનો કંપ વધ્યો. એ બોલી, 'એ તો વહુ, મહેતર આવશે તે ઉઠાવશે. કોણ જાણે, વચમાં કોઈ ગાય-બાય આવીને ખાઈ જાય તો સૌથી સારું.' કહીને બહુઆ પાછી અંદર ચાલી ગઈ.

લાલેની વહુનો પીત્તો ઊકળી ઊઠ્યો. તે બોલી, 'મોત તો આંગણે આવીને બેઠું છે. આ જ મરશો તો શું થવાનું છે ?'

બહુઆ બારણાના ઉંબરા પાસે જરા અટકી લાલેની વહુએ એના તરફ જોયા વિના ફરી અપીલ કરી, 'અરે ઘરડા-બુઢ્ઢાઓને જાદુમંતર ન લાગે. ઉઠાવી લો એને. મારે ગોમતી જવાનું મોડું થઈ રહ્યું છે.'

સંતો છજા પર આવીને ઊભી રહી, બોલી, 'મા, હું આવું ?'

'તું આવીને શું કરીશ ? નંદો અભાગણી આપણી સાથે આવું કરી ગઈ ! રામ કરે ને એનાં મા-બાપ અડધી રાતે મરી જાય. રામ કરે ને એનાં કુટુંબ

આખાનું સત્યાનાશ જાય...ઉંહ, મારો વખત બગડે છે...માણસ આસપાસ ભાડૂત રાખે છે તે કેવા દિવસો માટે?...અરે વખત આવ્યે કામ ન લાગે એવા ભાડૂતને રાખીને શું કરવું છે? બહુઆ, આપણું ઘર આજે જ ખાલી કરાવી દેજો. આપણે આવા ભાડૂત નથી રાખવા.'

એના મોટા અવાજે રજાઈમાં છુપાયેલા આડોશી-પાડોશીઓને ચોંકાવી દીધા. બીજા માળેથી પતિ અને દીકરી, ત્રીજા માળેથી દીકરો, બધા 'શું થયું? અમે આવીએ?' કહીને જ રહી ગયા. કોઈ નીચે ન ઊતર્યું? લાલેની વહુ ફરી ધમધમ કરતી બારણાં પાસે આવી.

કેસર જેવો તડકો નીકળવા લાગ્યો. ગલી ગુલઝાર બની ગઈ. ઘરોનાં બારણાં ઊઘડી ગયાં. પડોશના ઘરોની સ્ત્રીઓએ લાલેની વહુ સાથે વાતો કરીને પરનિંદાનો પાઠ કર્યો. ઉપરથી લાલે, સંતો, સિંભુ પણ ઊતરી આવ્યા. બારણામાં ને છજામાં ઊભેલા પુરુષોમાં પણ વાત ચાલી. જમાનાની નીચતાનાં વર્ણન થયા. રામલોટન મહારાજનો 'ચા ગરમ–બિસ્કુટ નરમ'નો સ્વર ગલીમાં ગૂંજવા લાગ્યો. સાહજીનો ઊંચો સૂર 'ગુરુએ કીધું હતું કે મારી ઝોળી ભરીને લાવજે રે' સવારની હવામાં લહેરો પ્રસરાવવા લાગ્યો, બાજુના નાકા પર બીજી ગલીમાંથી 'તાઈ લે-લે, તાઈ છૂ-છૂ'નો શોરબકોર પણ રોજની જેમ વખતસર આવી ગયો. પરંતુ મહેતરનું મોઢું હજી સુધી દેખાયું નહિ. સિંભુએ સામેના ઘરમાં ભોલાને, ભોલાએ ગલીની સામેના ઘરમાં સિરીકિશનને બૂમ પાડીને કહી દીધું કે મહેતર જેવો ગલીમાં દેખાય કે તરત જ એને અહીં મોકલી આપવો. રસ્તે ચાલનારાઓ સુધી વાત પહોંચી ગઈ કે લાલે દલાલને ત્યાં પૂતળાં મુકાયાં છે. નાની એવી ગલીમાં બે-ચાર માણસની ભીડ મોટા ટોળા જેવી બનીને પૂતળાને એવી રીતે જોઈ રહી જાણે ખૂન થયેલી બે લાશ પડી હોય! ખૂબ ખૂબ ચર્ચાઓ થઈ. પછી ક્યાંકથી મહેતર આવ્યો.

પૂતળાં જતાં જ લાલેની વહુએ બાલદી લાવીને બારણાં પર પાણી છાંટ્યું. પછી તોપમાંથી ગોળો છૂટે એમ ઘરમાંથી નીકળી.

નંદોના ઘરે એનો બાપ ભભૂતી નીચે નળ પાસે બેસીને માટીથી હાથ ધોઈ રહ્યો હતો. મનિયાનો મોટો છોકરો ઉપર જાળી પાસે ઊભો ઊભો દાદીનો છેડો ખેંચીને જલેબી ખાવા માટે કજિયો કરી રહ્યો હતો. દાદી એને સમજાવતી હતી કે તાવ ઊતર્યા પછી જ જલેબી મળશે, ને જ્યાં સુધી એ ચુપચાપ જઈને ખાટલામાં સૂઈ નહિ જાય ત્યાં સુધી તાવ ઊતરશે નહિ. મોટી પોતાના ઓરડામાં એની નાની છોકરીને ખોળામાં લઈને બેઠી હતી. મનિયા રજાઈ ઓઢીને જમણા હાથના

ટેકાથી માથું ઊંચું રાખી મુઠ્ઠીમાં પકડેલી સિગરેટનો દમ ખેંચતો ખેંચતો એની છોકરીને હસાવી રહ્યો હતો. છોકરીની ડોલતી ગરદન બોખા હાસ્યથી ઝૂકી પડતી હતી. એના પગમાં પહેરેલી ઝાંઝરી અને હાથના સોનાના કડાની ઘૂઘરીઓ નાનકડા શરીરના હલનચલનથી ઠમકી પડતાં હતાં. મોટી એને જોઈને રાજી થતી હતી....અને શંકરના ઓરડામાં હજી પણ રજાઈ અને રંભાની હૂંફમાં રાત ગરમ હતી, નંદોનો ગોમતીથી નાહીને પાછા આવવાનો સમય નજીક આવી રહ્યો હતો. નોકર વચલો માળ લગભગ પૂરેપૂરો વાળી લેવા આવ્યો હતો.

એવામાં લાલેની વહુએ ચોકમાં ઍટમબૉમ્બની જેમ ફૂટીને ભભૂતીના ઘરને હિરોશિમા બનાવી દીધું. નળ પાસે બેઠેલા ઘરધણીને સંભળાવતાં લાલેની વહુ બોલી, "ક્યાં છે તમારી રાંડ? તમારી લાડકી દીકરી? ...અમારા ઘરમાં એનું ચણીતર ફેંકીને આવી છે. એ મારા ઘર પર જાદુમંતર કરાવશે તે ઊલટા થઈને એના જ ઘરના વંશનો નાશ કરશે, કહી દઉં છું, હાય, મારું બૂરું વાંચ્યું. મેં આજ સુધીમાં મેં ક્યારે કોની સાથે બુરાઈ કરી છે તે તાઈ પાસે પૂતળું કરાવીને મારા ઘર પર મૂકી ગઈ. અરે આવવા તો દો એ ચોરટી–છિનાળને નોકર સાથે દોસ્તી બાંધીને પોતાના ઘરની ચોરી કરાવી ને હવે મારા પર જાદુ ચલાવે છે, મેં એનો સોનાનો કંદોરો વેચવા માટે ન રાખ્યો એટલે. અરે, હું શા માટે રાખું કોઈના ઘરના ઝઘડાનો ચોરીનો માલ? મારા ઘરમાં એવો કાયદો નથી. જેના ઘરમાં ચોરીનો વેપાર થાય છે એની જ છોકરી પોતાનો ધણી છોડીને સત્તર ધણી કરતી ફરે છે. ઉપરથી પાછી ભક્તાણી બને છે, ચોરટી ક્યાંયની!'

જ્યાં પહેલાં જ ઍટમબૉમ્બ ફૂટી ગયો ત્યાં માની મશીનગન જેવી ફટફટ કરતી વાણી શું અસર કરે ભલા? ભભૂતી કાનમાં તેલ નાખીને ચુપચાપ દાતણ કરતો રહ્યો. મનિયા, મનિયાની વહુ ત્રીજા માળની જાળીમાંથી વાંકા વળીને જોતાં રહ્યાં. પછી જ્યાં નંદોએ રણક્ષેત્રમાં આવીને ગાંડીવનો ટંકાર કર્યો ત્યાં શંકર અને શંકરની વહુ ઓરડાની બહાર આવી ગયાં. નંદોએ મોટાં મોટાં બ્રહ્માસ્ત્રો છોડ્યાં, માની ફીટફીટ વચ્ચે વચ્ચે દેખા દઈ જતી હતી પરંતુ લાલેની વહુએ વૈજ્ઞાનિક યુગની જેમ ગાંડીવ અને બ્રહ્માસ્ત્રોને રમકડાં સાબિત કરી દીધાં. અપરાધના ખીલા પર જડાયેલી નંદો પોતાની ઉગ્રતાના નાટકમાં સત્યની સ્ફૂર્તિ લાવી શકતી નહોતી. મનુષ્યના અંતરનું પરાયાપણું, એની ઘૃણા, પોતાને ન્યાય થાય તે માટે, ચીંચીચીંચીનું ગુંજન બની મિનારા જેવડી બની ગઈ હતી. ત્રીજે માળેથી ગુસ્સામાં મનિયો પણ લાલે દલાલને બેઈમાન ઠરાવતો નીચે ઊતરી આવ્યો. શંકર પણ ખિસ્સામાં હાથ

નાખીને તમાશો જોવા આવ્યો. વહુઓ અગાસીમાં જ રહી, પાસેપાસે ચોંટીને ઊભી રહી. નીચેના બનાવની ગુસપુસ ટીકાઓ થવા લાગી.

નાની બોલી, 'હાય રે, આ સંતોની મા કેવી જબરી છે, કેવી લડવા દોડી આવી છે.'

મોટીએ કહ્યું, 'સાચી વાત છે ભઈ, હમણાં મારા-તારા માટે કોઈ બૂરું કરી જાય તો આપણને ગુસ્સો ન આવે? અને આ નંદોબીબી તો મહા કાટ છે. બધાની ઈર્ષ્યા કરવી, બધાનું બૂરું વાંછવું, એ જ એનું કામ છે...ધુતારી ક્યાંયની!'

પોતાની છતનો કઠેરો કૂદીને તારા ચોરની જેમ ભભૂતીની ઉપરવાળી છત પર આવી. નાની-મોટીને જોઈને હાથના ઈશારાથી પાસે બોલાવ્યાં. ઝઘડાનું કારણ જાણીને તારા બોલી, 'મારા ઘરનાં બારણાં પાસે પણ રાખી ગયેલી. હું દૂધવાળા માટે બારણું ઉઘાડવા ગઈ તો બહાર જોઈને ગભરાઈ ગઈ. દૂધવાળાએ પણ કોણ જાણે કેટલીય રીતે ડરાવી મારી.'

'ડરવા જેવી જ વાત છે, ભઈ. હવે તો તને આઠમો મહિનો ચાલે છે, અને...' મોટીની વાત પૂરી થતાં પહેલાં તારાએ કહ્યું, 'મારા એ તો કહેવા લાગ્યા કે આ બધા નકામા વહેમો છે. આવી બધી વાતોમાં માનવું નહિ. મેં મારા મનમાં કહ્યું, હા, એમ તો આજના જમાનામાં...'

નીચેના અવાજ આ વખતે પાછલા તમામ રેકોર્ડ તોડીને નવી સીમા સ્થાપવા લાગ્યા. મોટી-નાની દોડીને પાછી જાળી પાસે આવીને નીચેની બાજુ વાંકી વળી જોવા લાગી તારા ઉપર છત પર બેસીને જ કુતૂહલથી નાની-મોટીનાં મોં તરફ તાકી રહી.

નીચે લાલેની વહુએ ઝપટ મારીને નંદોનું ગળું પકડી લીધું. નંદો એના ઘૂંગળાતા ગળામાંથી અવાજ કાઢતી બંને હાથે લાલેની વહુની દાઢી પકડી પૂરા જોશથી એને પાછી ધકેલવાનો પ્રયત્ન કરવા લાગી. ભભૂતી, મા, મનિયો, શંકર બધાંનો ચિચિયારીભર્યો અવાજ એક બનીને ભયંકર હુલ્લડનું રૂપ ધારણ કરતો હતો. મનિયાએ આગળ આવીને મહામહેનતે પોતાની બહેનને છોડાવી. લાલેની વહુ જોશમાં આવી જઈ મનિયા પર ધસી તો એને મારવા માટે એણે હાથ ઉગામ્યો. ભભૂતીએ એકદમ આગળ આવીને દીકરાનો હાથ પકડી લીધો અને એને પાછળ ધકેલતાં લાલેની વહુને કહ્યું, 'હું તમને હાથ જોડું છું વહુજી! જે ભૂલ થઈ છે એ માટે ક્ષમા કરો...નંદો, જા અહીંથી. મનિયા, એને પકડીને ઉપર લઈ જા. ચૂડેલ ચુપ જ નથી રહેતી. બક-બક-બક-બક કર્યે જ જાય છે.'

લાલેની વહુ માંડ માંડ અનિષ્ટ ગ્રહની જેમ ઘરમાંથી ગઈ.

નાની-મોટી રિપોર્ટીંગ કરવા માટે પાછી ઉપરની છત પર આવી ગઈ.

ગુસપુસ વાતોના જોશમાં આવી જઈને નાનીએ કહ્યું, 'ગળું દબાવ્યાથી નંદોબીબી જો મરી જાત તો હું બહુ રાજી થાત. કહેવામાં તો એ બહેન છે, પણ મારા એમને તો એના પર સખત નફરત છે, અને જેઠજી પણ હવે તો એના પર નારાજ રહે છે.'

'અને આ કંદોરો ચોરાયાની શી વાત છે?' તારાએ પૂછ્યું. મોટી બોલી, 'મારાં લગ્ન પહેલાં અહીં એક ભારે મોટી ચોરી થઈ હતી. મા કહેતી હતી કે નોકર ચોરી કરીને નાસી ગયો. ને જુઓ આટલાં વરસ પછી આજે એ વાત મળી કે એ પણ નંદોબીબીજીનું જ કામ હતું.'

'તો શું નોકર સાથે એમની...?'

તારાની રહસ્યમય વાતનો તાર સાંધતાં નાનીએ કહ્યું, 'બની શકે. કે જે પોતાના હસબંડને છોડી દે, ઘરમાં ચોરી કરાવે તે શું ન કરી શકે?'

મોટી માથું હલાવતી બોલી, 'મારી તો સમજમાં નથી આવતું. આ તો પુરુષોને ધિક્કારનારી સ્ત્રીઓ માંહેની છે. મારો તો અનુભવ છે. મારી સ્કૂલમાં એક માસ્તરાણી હતી, એ પણ એવી જ હતી.'

નીચે, ઘરના બીજા માળે બીજી લડાઈનો આરંભ થઈ ગયો હતો. છ વર્ષ પહેલાંની ચોરીનું નુકસાન માના હૃદયમાં આ વખતે માની મમતાથી વધુ ઘેરાયાઈ રહ્યું હતું. મનિયાને પણ ધનની હાનિ અને અપમાન, બંનેની પીડા ઊકળાવી રહી હતી. શંકર પણ નંદોના પક્ષમાં નહોતો. નંદો આખા કુટુંબ સામે એકલી લડી રહી હતી.

મિસ્ટર વર્મા પોતાની છત પર દેખાયા. મોટી માથે જરા આઘું ઓઢી બાજુએ સરી ગઈ. નાનીએ છત પરથી દેખાતી સજ્જનની ઓરડી તરફ ઇશારો કરીને કહ્યું, 'જીજી, જીજી! જુઓ, એમને ત્યાં પણ પૂતળું રાખ્યું છે.'

મોટી હડપચી પર આંગળી રાખીને બોલી, 'હાય-હાય! આ દુષ્ટ તાઈ તો બધાંને ખાઈ જશે.'

પાંચ

ફાટેલી, કપાયેલી પતંગો, કરોળિયાનાં જાળાં, માળાઓ, ચકલીઓ, ખિસકોલીઓ અને પીપળાના દાણાઓથી લદાયેલો, અગણિત માનવોના ચંચળ મનસમૂહની જેમ લહેરાતો ઘટાદાર પીપળો કેટલાયે સૈકાઓથી મહોલ્લાનો સાથી છે. આજના ઘરડા-બુઢ્ઢાના બાળપણના સમયમાં આ વૃક્ષ ગંગા ભૂરિયાની ભઠ્ઠીનો પીપળો કહેવાતો હતો, પરંતુ એ દીવાલ, જે એક વખત કોઈ ગંગા ભૂરિયાની દોલત હતી તે હવે બાબુ છેદાલાલ ઇન્સ્યોરન્સ એજન્ટની મિલકત છે. મ્યુનિસિપાલિટીના રજિસ્ટર અનુસાર એ મકાનનો નંબર હમણાં ૪૨૦ છે, જે બાબુ છેદાલાલની ખ્યાતિમાં ખરેખર જ કળશ ચડાવે છે. આ વૃક્ષની ત્રણ બાજુ રાજાસાહેબના કોઈ પૂર્વજે પાકો ચોરો બનાવીને પથ્થરના એક મંડપમાં હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરાવી હતી. ઉત્સાહી ભક્તો હજુ પણ સિંદુરી વસ્ત્ર પર સોના-ચાંદીના વરખ લગાડી એવો શણગાર કરે છે કે ગલીમાંથી પસાર થનાર દરેક દેખતા માણસનું ધ્યાન એ તરફ આકર્ષાય છે. જ્યોતિહીનોની લાકડી સામે ભટકાઈને દિશા–જ્ઞાન કરાવવનું કામ રાજાના સેવકનો ચોરો કરાવે છે.

મંડપની જમણી બાજુથી અંદર જતી મોટી ગલીના નાકા પર આવેલો આ ચોરો મહોલ્લાના ચોરાનું કામ કરે છે. એની સામે એક નાનો એવો ટેકરો હોવાને કારણે ત્યાં તડકો વિના–રોકટોક આવે છે. મહોલ્લાના એક-બે હુક્કા, લીમડાનાં દાતણ, એક-બે છાપાં, ફળ ને શાકવાળાના ટોપલા, કુલ્ફીમલાઈ, જલેબી, સોનપાપડી, તલના લાડુ, તલપાપડી, બદામની બરફી, તલના લાડુ, મગફળીવાળાના ખૂમચા, ઋતુ અને સમય અનુસાર એ ચોરા પર દેખા દે છે.

મંડપની ડાબી બાજુ, સામેની ગલીમાં પેસતાં જ એક છત્રી છે, અને એની પાસે ગૌશાળાનું ફાટક, ખાડામાં જડેલી આંખની જેમ ચમકે છે. ચોરાનો આ ભાગ વધારે જાણીતો ન હોવાને કારણે મંગળવાર સિવાયના દિવસોમાં સામાન્ય રીતે સૂનો રહે છે. મંગળવારને દિવસે વસંતુ માળી ફૂલહાર, પતાસાં, મગજના નાના-મોટા લાડુ અને નાના-મોટા પેંડા લઈને બેસે છે. કેટલાંક વર્ષથી એક વૃદ્ધ સિંધી પણ પોતાની ફૂટકળ ચીજોની દુકાન પાથરીને બેસે છે. પીપળાની નીચે મંડપમાં બિરાજતા ગદા–પર્વતધારી દોઢ ફૂટના બજરંગબલીનો ચમત્કાર એવો બોક્સઑફિસ છે જે બસ, 'હિટ' થતાં થતાં રહી ગયો.

સવારના સાડા નવ વાગ્યાનો તડકો ચોરા પરથી ઊતરીને ગલીમાં પ્રકાશની કેડી ફેંકી રહ્યો છે. હનુમાનજીના તેજોમય મંડપથી થોડે દૂર જતાં જ સૂર્યનારાયણનું

તેજ તપી રહ્યું છે. ચોરા પર ગાદી પાથરી, રૂનો પાયજામો, કોટ, કાનટોપી પહેરી, સોનાની ફ્રેમના જાડા કાચના ચશ્મા લગાવી, નીલમ જડેલી ચાંદીની વીંટી પહેરી, ગળપટો અને પગનાં મોજાં દ્વારા ઠંડી સામે પૂરેપૂરો મોરચો માંડીને લાલા મુકુન્દીમલ હુક્કો ગગડાવતાં ઉધરસ ખાઈ રહ્યા છે. ચોરાની બાજુની ગલીમાં એક ખુરશી પર સેક્રેટેરીયેટના એક સુપરિન્ટેન્ડન્ટ બાબુ ગુલાબચંદ બેઠા છે. એમની પાસે ચોરા પર છાપું વાંચતાં બાબુ રામસ્વરૂપ બેઠા છે. હનુમાનજીના મંડપથી થોડે દૂર બેઠેલા ભગવાનદીન માખણવાળા (ટેકરીની પાસેના) લાલા મુકુન્દીમલના ઘરેથી આવેલા મોટા થાળમાં પાશેર-પાશેર ભરેલા સાત વાટકા તોળીને રાખી દીધા છે ને આઠમો એના ત્રાજવામાં છે.

લાલા મુકુન્દીમલની નજર ભગવાનદીનના ત્રાજવા પર હતી. ભગવાનદીન વાટકામાંથી એક ચમચી માખણ કાઢી લઈને કૂંડામાં નાખવા જતો જ હતો. ત્યાં લાલા બોલ્યા, 'હત્ એક-એક ચમચી માખણ માટે સાલો ફાયદો કરવાનું વિચારે છે. નાખ પાછું વાટકામાં'

ભગવાદીનને ચમચીનું માખણ વાટકામાં પાછું નાખતાં હસીને કહ્યું, 'અરે લાલા, મને તો નફામાં એક જ ચમચી મળે છે. મોટો નફો તો આપ મોટા માણસ.'

'જુઓ, જુઓ, હહરીનો પાછો દલીલ કરે છે. ગાંધીજી આ જ આઝાદી અપાવી ગયા છે – ઊંચ-નીચ, જે જુઓ તે બસ, જીભ ચલાવશે. અરે, ફાયદો એમાં નહિ પણ ઘરાકને ખુશ કરવામાં થાય છે.'

શાલ ઓઢેલા લાલે દલાલ અંદરની ગલીમાંથી આવ્યા. ચોરા પર બેઠેલી ત્રણે મૂર્તિઓને જેરામજી કર્યા. બાબુ ગુલાબચંદ બોલ્યા, 'અરે, તમારે ત્યાં આજ સવારના પહેરમાં શું થયું હતું?'

'હા, સાંભળ્યું કે તાઈએ કાંઈક કામણ-ટુમણ કરેલાં.' બાબુ રામસ્વરૂપે ગુલાબચંદના પ્રશ્નમાં પોતાનો પ્રશ્ન જોડી દીધો.

'અડે, શું કહેવું યાડ, મહોલ્લાના બખેડા છે સાલા. હજાડ વાડ ઘડમાં ના પાડી છે કે નાના માણસો સાથે હડવા-મડવાનું ન ડાખો, ચાડ પૈસા કમાવાથી જ કાંઈ માણસ સડીફ નથી થઈ જતો. કેમ, લાલા મુકુન્ડીમલ...હું શું ખોટું કહું છું?'

'અરે બાબુ ગુલાબચંદ! તમે કાંઈ સાંભળ્યું?' એકાએક ક્યાંક બહારથી આવીને બાબુ છેદાલાલ બોલ્યા.

લોકોની નજર બાબુ છેદાલાલ તરફ વળી. બાબુ છેદાલાલ બાબુ ગુલાબચંદની

ખુરશી પર હાથ રાખીને ઊભા રહેતાં બોલ્યા, 'આજે સવારે કંપનીના બાગમાંથી જે છોકરાની લાશ મળી હતીને...'

'લાશ ?' લાલા મુકુન્દીમલના પ્રશ્નમાં બધાની જિજ્ઞાસા ભળેલી હતી. બાબુ છેદાલાલે બધાના ઉત્સુક ચહેરા પર એક નજર નાંખીને કહ્યું, 'હેં ! તમને કોઈને ખબર નથી ! સવારના પહોરમાં કેટલી મોટી ભીડ જામી ગઈ હતી. તાજા જન્મેલા બાળકની લાશ હતી જનાબ જગદંબાસહાય માસ્ટર અને એમના ભત્રીજાની વિધવા પકડાયાં છે.'

'જગદંબાસહાય, આ આપણા...?'

'હા હા, એ જ ભૈરવજીની ગલીવાળા, તેમનો છોકરો નહીં પેલો જિદ્દી અને જે છોકરીઓ કમ્યુનિસ્ટ છે ? એ જ સાલો પોતાના ભત્રીજાની વહુ સાથે... હદ થઈ ગઈ જનાબ !' બાબુ ગુલાબચંદના પ્રશ્નનો ઉત્તર દેતાં દેતાં બાબુ છેદાલાલ ચોરા પર બેસી ગયા. બાબુ ગુલાબચંદે એમની સામે બેસવાની લાલચથી એકદમ જ પોતાની ખુરશી એમની તરફ ફેરવી દીધી.

લાલા મુકુન્દીમલ બગાસું ખાતાં બોલ્યા, 'ભાઈ, બીજું થાય શું ? ધરમ-કરમ તો હવે આ દુનિયામાં રહ્યા જ ક્યાં છે ?'

'પણ ભઈ, હું તો કહું કે પોલીસે ભાડે જલદીથી એને પકડી લીધી. સાલી સવારે દુડઘટના થઈને...'

'અરે, એ તો બાબુ સાલિગરામે પકડાવ્યા છે.' છેદાલાલ બોલ્યા.

'ઠીક,' ગોળ મોં બનાવીને રામસ્વરૂપે ડોકી હલાવી, 'એ સાલા નેતાજીનાં આ બધાં કરતૂત છે, પણ એ બેઈમાન ભાઈસાહેબ કેવાક દૂધે ધોવાયેલા છે ? બે વખત તો છેડછાડ કરવા બદલ રેફ્યુજીઓએ એને જૂતાથી પીટ્યો હતો.'

'હાં, તો પછી એનું શું થયું છેદાલાલ ? એ જગદંબાસહાયની વહુનું ?' બાબુ ગુલાબચંદે પૂછ્યું.

'દાક્તરને લઈને પોલીસ આવી છે. ભૈરવજીની ગલીમાં અત્યારે તો ભારે ભીડ જામી છે.' છેદાલાલે કહ્યું.

ચોખંડી ટોપી, મોટા કપાળ પર ચંદનનો ગોળ ચાંદલો, ચાંદીની ફ્રેમમાં વાદળી કાચનાં ચશ્માં, શીળીના આછા ડાઘવાળું, મોટી મોટી સફેદ મૂછોવાળું, શામળું, ભવ્ય મુખમંડળ, વિશાળ કાયા પર ગરમ ઝભ્ભો, જરીની લાલ શાલ, ધોતિયું, તાજા જ પોલીશ કરેલા પમ્પ-શૂ પહેરીને, મોતી-પરવાળાની વીંટીઓ પહેરેલા હાથમાં ચાંદીની મૂઠવાળી લાકડી લઈને પંડિત શિવનાથ શાસ્ત્રીની મહા-ગંભીર મૂર્તિ ગલીમાં પ્રવેશતી દેખાઈ.

'પધારો મહારાજજી, પ્રણામ કરું છું.' લાલા મુકુન્દીમલે દૂરથી જ એમને જોઈને કહ્યું. ચોરા પર બેઠેલા બધાના હાથ એમને પ્રણામ કરવા માટે જોડાઈ ગયા.

'આનંદમાં રહો.' શાસ્ત્રીજીએ આગળ આવીને સૌના અભિવાદનના ઉત્તરમાં કહ્યું.

'કહો મહારાજા, રાજાસાહેબને ત્યાં પાઠ કરી આવ્યા ?'

'હા.'

'હવે એમના પૌત્રની તબિયત કેમ છે ? કાલે તો હાલત બહુ ખરાબ હતી ?'

'ના, એવી ખાસ કોઈ ચિંતા નથી. હા, તાવ તો છે જ.' કહીને શાસ્ત્રીજી પોતાને ઘેર જવા માટે એક ડગલું આગળ વધ્યા.

લાલા મુકુન્દીમલે ફરી પ્રશ્ન કર્યો, 'અને રાજાસાહેબ કોની સાથે છે ? કોંગ્રેસ કે જનસંઘ ?'

શાસ્ત્રીજી પાછા ફર્યા ને બોલ્યા, 'વાત એમ છે મુકુન્દીમલ, કે ધનિક પુરુષ અને વેશ્યા, જેનાથી એમનો સ્વાર્થ સધાય એ બધાની ઇચ્છા પૂર્ણ કરે છે.'

બધા લોકો હસી પડ્યા. બાબુ ગુલાબચંદ ખુરશી પરથી ઊઠતાં બોલ્યા, 'બિરાજો પંડિતજી.'

ચશ્માના વાદળી કાચમાંથી ખુરશી તરફ જોતાં શાસ્ત્રીજી બોલ્યા, 'હવે ઘેર જ જઈશ.'

'અરે બિરાજો તો ખરા.' લાલા મુકુન્દીમલે ભાર દઈને કહ્યું, પછી પોતાના ઘર તરફ મોં ફેરવીને બૂમ પાડી, " ભગોતી, અરે ભગોતિયા ! જરા પાન લઈ આવ આઠ-દસ. હાથ ધોઈને લાવજે...અને એક ચલમ તમાકુ તરત જ કોઈકની સાથે મોકલ.' પછી ખુરશી પર બેઠેલા શાસ્ત્રીજીને કહ્યું, 'વાત તો આપે લાખ રૂપિયાની કહી શાસ્ત્રીજી ! પરંતુ માત્ર ધનવાન જ શા માટે, સૌ પોતાનો સ્વાર્થ ભજે છે.'

'સ્વાર્થ તો કેવળ જ્ઞાની-યોગી જ ભજે છે, બીજા બધા તો સ્વાર્થનો અનર્થ કરે છે. અને...'

'નમસ્તે બાબુસાહેબ ! આવો, આવો.' બાબુ રામસ્વરૂપે પોતાની ઓરડી તરફ જતા સજ્જનને ખૂબ જ ઉત્સાહભર્યા અવાજે બોલાવ્યો.

એમ તો સજ્જન ચોરા પર બેઠેલા બધા જ ગૃહસ્થોના ચહેરાથી પરિચિત હતો, પણ એમનામાંથી કોઈની પણ સાથે એને વ્યક્તિગત પરિચય હજી સુધી થયો નહોતો. બાબુ રામસ્વરૂપે બોલાવ્યો તેથી એના મનમાં થોડો ખચકાટ થયો,

સંકોચ થયો અને સાથોસાથ આનંદ પણ વિનયપૂર્વક હાથ જોડીને તે આગળ આવ્યો. બધા એની તરફ જોવા લાગ્યા. બાબુ રામસરૂપ હરખાઈને બોલ્યા, 'આજ તો છાપામાં તમારા પર આર્ટિકલ છપાયો છે.'

બાબુ રામસ્વરૂપના બોલાવવાથી સજ્જનના મનમાં એવો આછો વિચાર પણ આવ્યો કે કાલે સાંજે રાજાસાહેબે એને વિશે આ લોકોને કાંઈક કહ્યું હશે. પરંતુ એની પોતાની કીર્તિને કારણે જ આદર થાય છે તે જોઈને એ મનોમન ફુલાયો. નમ્રતાનો દેખાવ કરીને એણે કહ્યું, 'જી, એ તો...'

લાલે કુતૂહલભરી નજરે, બાબુ ગુલાબચંદ શિષ્ટતાની મૂર્તિ બનીને, અને બાબુ છેદાલાલ તીરછી નજરે એને જોવા લાગ્યા. શાસ્ત્રીજીનાં વાદળી ચશ્માં એક પળ માટે એના મુખ તરફ ફર્યાં, પછી એમનું ગંભીર મુખ આત્મલીન બની ગયું. લાલા મુકુન્દીમલનાં મોટાં ચશ્માં બરાબર એના ચહેરા પર ચોંટી રહ્યાં.

ત્યાં ચાંદીની તાસકમાં પાન આવ્યાં.

બાબુ રામસ્વરૂપે પાનની તાસક પર ઝડપથી એક નજર નાખીને કહ્યું, 'શાસ્ત્રીજી, આ ભાઈ આપણા ભારતવર્ષના એક બહુ મોટા ચિત્રકાર છે, શ્રીમાન સજ્જન વર્મા. હમણાં તો તેઓ આપણા મહોલ્લામાં જ...'

ઘણીવાર સુધી કુતૂહલમાં એકાગ્ર બનેલા લાલા મુકુન્દીમલની ડોકી સમજણની સ્પ્રિંગથી ફરી. તેઓ બોલ્યા, 'ઠીક, ઠીક! તું જ છે કન્નોમલનો પૌત્ર? કાલે સાંજે રાજાસાહેબ જાનકીસરનને તારી જ વાત કરતા હતા.'

કન્નોમલના નામથી શાસ્ત્રીજીની આત્મલીનતામાં ભંગ પડ્યો. વાદળી ચશ્માં ફરી સજ્જનના મુખ તરફ મંડાયાં. તેઓ બોલ્યા, 'કન્નોમલજી તો અમારા મિત્રો- માંના એક હતા.'

લાલા મુકુન્દીમલ જોરથી બોલ્યા, 'અરે, અમારે ને એમને તો ઘનિષ્ઠ સંબંધ હતો. બહુ નાની ઉંમરમાં ગુજરી ગયા બિચારા. હું ધારું છું કે પચાસેક વરસ તો એમને ગુજરી ગયે થઈ ગયાં હશે. કેમ શાસ્ત્રીજી?'

'જી હા, બીજી સદીમાં એમનું અવસાન થયું.' સજ્જને કહ્યું. મુકુન્દીમલ બોલ્યા, 'ભરયુવાનીમાં ચાલ્યા ગયા બિચારા...એમના દીકરાને પણ બહુ ઓછી ઉંમર મળી. એને તો સાલા શરાબે જ ડુબાડી દીધો.'

સ્વર્ગીય પિતાના સંબંધમાં શરમભરી ને ગાળ જેવી વાત સાંભળીને સજ્જનનું મન લજ્જાથી ભરાઈ આવ્યું.

શાસ્ત્રીજીએ કહ્યું, 'કન્નોમલ પાઠશાળામાં મારા સહવિદ્યાર્થી હતા. વર્ષ-સવા વર્ષ મારાથી મોટા હતા. એ વખતે એમના પિતા અહીં જ ચોકમાં રહેતા હતા.

એમના જમાનામાં એ બાદશાહ હતા.'

'અરે, ભારે રુઆબદાર આદમી હતા. આપણા સમાજમાં સૌથી પહેલાં તેઓ જ વિલાયત ફરવા ગયેલા. પછી એમણે પ્રાયશ્ચિત પણ નહોતું કર્યું. શાહનજફ પાસે બંગલો બનાવી લીધો. મોટા મોટા અંગ્રેજ અફસરો એમને ઘરે આવતા હતા. લાટસાહેબને ત્યાં એમની ખુરશી મુકાતી હતી. સાહેબ ભારે નામ કમાયેલા.'

બાબુ રામસ્વરૂપે જોયું કે આ બંને પ્રતિષ્ઠિત બુઢ્ઢાઓ જ ગાઢ આત્મીયતા દર્શાવી દે છે. પોતે એને બોલાવ્યો એનું ફળ તો મળતું જ નથી. એટલે એમણે વચ્ચે જ ટહુકો કર્યો, 'અરે ભાઈ, આમણે તો એમના પૂર્વજોથી પણ વધારે કીર્તિ મેળવી છે. એમના પર તો છાપાઓમાં આર્ટિકલ છપાય છે. મેં ઈલસ્ટ્રેટેડ વીકલીમાં એમની છબિ જોઈ હતી.

લાલેએ કહ્યું, 'તો શું બાબુસાહેબ, આપ ફોટોગડાફડ છો કે પીંછીથી તસ્વીડો બનાવો છો?'

પોતાની કલા વિષે આવો કઢંગો પ્રશ્ન સાંભળીને સજ્જન પાછો પડી ગયો.

લાલા મુકુન્દીમલના હુક્કા પર તાજી ચલમ આવી ગઈ. લાલાજી નોકરને હુક્કો ફેરવવા અને નળી ઝુકાવવા અંગે સૂચના આપવા લાગ્યા. એ વાતચીતના ચાલુ સ્વરો સાથે સજ્જને પણ પોતાના ભારે સંકોચભર્યા, સજ્જનતાથી મઢેલા સ્વરો ડબલ લાઈનની જેમ ખેંચી દીધા, 'જી, હું પીંછીથી તસવીરો બનાવું છું.'

લાલા મુકુન્દીમલ નવી ચલમનો પહેલો દમ મારવા જ જતા હતા, પણ એ ઇચ્છાનો મોહ ત્યાગીને બોલી ઊઠ્યા, 'અરે, પીંછીની તસવીરો તો અમારે ત્યાં સોંઘીટોળાવાળા પંડિત રામનાથ ગોંસાઈ બનાવતા હતા. વાહ–વાહ, હાથીદાંત પર એમણે એવી તો ઉમદા ઉમદા તસવીરો બનાવી છે કે બીજું કોઈ એવી ન બનાવી શકે.'

લાલે ચુપ થઈ ગયા. એમનો હુક્કો બોલવા લાગ્યો. સજ્જન આ અપરિચિત સમાજના આટલા પરિચયને જ પૂરતો માની હવે ત્યાંથી જવા ઇચ્છતો હતો. આ સમાજની સોબત પરાયાપણાને કારણે હવે એના મનમાં ગૂંગળામણ પેદા કરવા લાગી હતી. શાસ્ત્રીજીને હાથ જોડીને તે બોલ્યો, 'હવે રજા લઉં. ફરી દર્શને આવીશ.'

વાત પૂરી થતાં જ સૌને પ્રણામ કરીને સજ્જન જવા લાગ્યો. શાસ્ત્રીજીએ કહ્યું, 'હા, જરૂર મળજો મને બહુ જ આનંદ થશે. આયુષ્યમાન હો! યશસ્વી હો!'

શાસ્ત્રીજીના ગંભીર સ્વરમાં સજ્જને ઊંડી આત્મીયતાનો અનુભવ થયો. ચાલતાં ચાલતાં અટકી જઈને એણે એકદમ શાસ્ત્રીજીનાં ચરણનો સ્પર્શ કરી લીધો.

માના સિવાય એણે ક્યારેય કોઈના ચરણનો સ્પર્શ કર્યો નહોતો.

શાસ્ત્રીજીનાં વાદળી ચશ્માં એને છત્રી તરફ જતો જોઈને ચોરા પર બેઠેલા સજ્જનોને પૂછવા લાગ્યાં, 'આ છોકરો અહીં શું કરવા આવે છે?'

બાબુ ગુલાબચંદે કહ્યું, 'ખબર નથી સાહેબ! પણ જ્યારે પેલા શરણાર્થી વગેરેએ એમની વિરુદ્ધ વાતો છપાવી હતી ત્યારે એમનું સ્ટેટમેન્ટ આવ્યું હતું કે મહોલ્લાજીવનનાં થોડાં ચિત્રો બનાવવા એ આવ્યા છે. કાંઈક ઈન્ડિયન ટ્રેડિશન્સ વગેરે જોવા ઇચ્છે છે. નાઈના જ ભાડૂત છે.'

લાલે ઊઠતાં ઊઠતાં હસીને બોલ્યા, 'તો પછી મહોલ્લાનાં એમણે નાઈની તસવીર બનાવી કે નહિ હજી સુધી?'

બાબુ છેદાલાલ પણ ઊઠતાં ઊઠતાં હસીને કહેવા લાગ્યા, 'જે દિવસે એ નાઈની તસવીર બનાવી લેશે તે દિવસે હું એને મહોલ્લા તરફથી એક મેડલ ઇનામમાં આપીશ.'

'અરે ક્યાં ચાલ્યા ભાઈ? તમારે ખાતર તો મેં શાસ્ત્રીજીને બેસાડ્યા, અને તમે ઊઠીને ચાલવા લાગ્યા. બેસો–બેસો. એ તો કહો કે વોટ કોને આપવો?'

ચૂંટણી–ચર્ચામાં ગરમી આવવા લાગી. થોડીવાર પછી હાથમાં પૂતળાની તાસક લઈને સજ્જન ચોરા પાસેથી પસાર થતો હતો. લાલે દલાલની નજર પડી, તેઓ હસીને બોલ્યા, 'અચ્છા! તો આપને ત્યાં પણ ભેટ મુકાણી હતી બાબુ-સાહેબ? અડે, અમાડા ધડ પડ તો...'

બધાની નજર સજ્જન તરફ ગઈ. લાલા મુકુન્દીમલ હસીને બોલ્યા, 'કેમ ભાઈ, મકાન–માલિકણની અસર તમારામાં પણ આવી ગઈ? કોને ત્યાં લઈ જાઓ છો?'

સજ્જન હસીને બોલ્યો, 'વાત ન પૂછો. હું જ્યારે ગયો ત્યારે કાગડાઓની મહેફિલ જામી હતી. પેલી રેફ્યુજી સ્ત્રીઓ કહેવા લાગી કે આને હટાવી દો. કાગડા એઠું પાડે છે, અમને બધાંને ડર લાગે છે. મેં કહ્યું, 'લાવો, હું ફેંકી આવું.'

'આપ તો નાસ્તિક આડમી લાગો છો બાબુસાહેબ, એટલે ડડ નથી લાગતો. અમાડે ત્યાં તો સત્રાડના પહોડમાં...'

'કેમ બાબુ છેદાલાલજી, આ જ તમારું ઈન્ડિયન કલ્ચર છેને, જેની તમે લોકો રક્ષા કરવા માગો છો?'

બાબુ ગુલાબચંદની વાત સાંભળીને બાબુ રામસ્વરૂપ હી–હી–હી–હી કરતા હસવા લાગ્યા ને હોંશિયારી બતાવતા હોય એમ બાબુ છેદાલાલ તરફ જોવા લાગ્યા. સજ્જન પણ અર્ધ–ખવાયેલ પૂતળા તરફ નજર રાખીને હસવા લાગ્યો, બાબુ

છેદાલાલ ભાર દઈને બોલ્યા, 'હું એમ કયારેય નથી કહેતો કે આપણા ધર્મમાં જે બુરાઈઓ છે તેને આપણે દૂર ન કરીએ. પરંતુ આપણો જે અસલી ધર્મ છે એની પૂરી રક્ષા થવી જોઈએ.'

'સાચી વાત છે.' લાલે દલાલના ચહેરા પર ધર્મનો આવેશ આવી ગયો, કહેવા લાગ્યા, 'ધડમની ઇચ્છા તો હડ હાલતમાં થવી જોઈએ. અમે તો ભાઈ સારતડો (શાસ્ત્રો)ની વાત કડીએ છીએ. આ બાબુસાહેબની જેમ જાદુમંતડની વાસક હાથમાં ઉઠાવી લેવાની હિંમત અમાડામાં નથી.'

'સાંભળી લીધું બાબુ છેદાલાલજી? બાબુ ગુલાબચંદે ફરી વાણીનો ધક્કો માર્યો, 'અત્યારે તો આપણા સૌભાગ્યથી શાસ્ત્રીજી પણ અહીં બિરાજમાન છે. કહો મહારાજ, કયા શાસ્ત્રમાં આ ધર્મ લખ્યો છે?'

શાસ્ત્રીજીનાં વાદળી ચશ્માં ઊંચકાયાં. મોટી મોટી સફેદ મૂછોમાં મલકાઈને કહેવા લાગ્યા, લાલે થોડી જ શાસ્ત્રની વાત કરે છે? એ તો સાસ (સાસુ) અને તડ (સંપ્રદાય)ની વાત કરી રહ્યા છે.'

બધા હસી પડ્યા. લાલા મુકુન્દીમલના કથ્થાઈ રંગના નકલી દાંત વચ્ચેથી ફાંદની ધ્રુજારી હા-હા-હા કરવા લાગી, બોલ્યા, 'વાહ મહારાજ, કેવો નુસખો લડાવ્યો! હા-હા-હા!'

લાલે દલાલ કાંઈક ચકિત, કાંઈક ઝંખવાયેલા ને શરમાયેલા ઊભા હતા. બાબુ છેદાલાલ બંને ઘૂંટણને હાથથી બાંધીને ટટ્ટાર બેઠા હતા. એમની આંખની કીકીઓમાં જય-પરાજયનું તેજ કાપેલા હીરાની કણીઓની જેમ ચમકી રહ્યું હતું. બાકીનો ચહેરો સંયમિત હતો. બાબુ ગુલાબચંદ અને બાબુ રામસ્વરૂપના ચહેરા, પોતાનો પક્ષ બળવાન છે એ માન્યતાથી ચમકી રહ્યા હતા. શાસ્ત્રીજીએ લાલે તરફ જોઈને કહ્યું, 'ભાઈ મેં તમારા ઉચ્ચાર-દોષની મજાક નથી ઉડાવી, માઠું ન લગાડતા, પણ સ્વતંત્ર રીતે તમારી વાતમાં અર્થ છે. આ દેશમાં કોઈ એક ધર્મ તો છે નહિ, અનેક છે. જેટલાં ઘર, જેટલી સાસુ, એટલા જ ધર્મ છે. સાસુ ગુરુ અને વહુ ચેલી, એટલે ચેલીઓ સાકાર બનતી ગઈ. અનેક પેઢીઓમાં જેટલી વહુઓ થઈ એટલો સાસુધર્મનો પ્રચાર થયો.' હાસ્ય ઊભરાયું, પણ શાસ્ત્રીજીના વાક્પ્રવાહને કારણે અસંયમિત ન બનતાં લોકોના ચહેરા પર ખીલી નીકળ્યું. શાસ્ત્રીજી કહી રહ્યા હતા, 'બાકી રહ્યા તડા. એ તો હિન્દુઓમાં ખ્રિસ્તી દેવી-દેવતાઓના પણ તડા છે. પીર, ઈલાહી, ભુવા, મુલ્લા સૌ પોતપોતાના તડા બનાવીને બેઠા છે.. મેં હમણાં એક પુસ્તકમાં વાંચ્યું કે મુંબઈમાં એક ઈસાઈ દેવી કોઈ માઉન્ટ મેરી છે, જેને ત્યાંના હિન્દુઓ 'મૌતમાવલી' કહીને પૂજે છે. મુસ્લિમ

શાસનના પ્રભાવથી અહીં અલ્લોપનિષદ નામના એક નવા ઉપનિષદ સુધ્ધાંની રચના થઈ ગઈ. કેટલાય મંત્રપ્રયોગોમાં ઈસ્લામીઓનો પ્રભાવ પડ્યો. એક ચેતરામી સંપ્રદાય નીકળ્યો. એણે એક અજબના મતનું પ્રતિપાદન કર્યું છે. એણે ચતુર્મુખી બ્રહ્મા પાસે રાજીનામું અપાવી એમના સ્થાન પર એકમુખી અલ્લા અને ત્રિમુખી દત્તાત્રેય બંનેને બેસાડયા. આ રીતે એક નવી ચતુર્મુખી સૃષ્ટિકર્તાની સૃષ્ટિ રચી. પરમેશ્વર શબ્દને એમણે વિષ્ણુનો પર્યાય માન્યો અને શિવજી ખુદાના હાથમાં સંહારનું કાર્ય સોંપી ભાંગ ઘૂંટવા ચાલ્યા ગયા.'

ચારે તરફથી હાસ્ય ઊમટયું. હસવાના બેધ્યાનપણામાં સજ્જને પૂતળાની તાસક ચોરા પર મૂકી દીધી. એને ખૂબ જ આનંદ આવતો હતો.

લાલે દલાલની નજર પૂતળાની તાસક પર ગઈ. તરત જ તેઓ બોલી ઊઠયા, 'બાબુસાહેબ, માફ કરજો. આ હડમાનજીનું થાનક છે...'

'જી, માફ કરજો, મારાથી ભૂલ થઈ ગઈ.' કહીને તરત જ એણે તાસક ઉપાડી લીધી. અને ચાલતાં ચાલતાં ફરીથી જાણે બચાવ કરતો હોય એમ બોલ્યો. 'હું આને કયાંક ચોકમાં મૂકી દઈશ, જ્યાં કદાચ કોઈને વાંધો નહિ હોય.'

'જી હા, જી હા. બસ, જરા આગળ જશો ત્યાં ચોક હશે. બસ, ત્યાં જ રાખી દેશો, પછી હાથ ધોઈ લેજો.'

હાથમાં કાગડાની ચાંચથી ઘાયલ થયેલા પૂતળાની જાદુવાળી તાસક લઈને ગલીમાંથી પસાર થતાં સજ્જનને ભારે સંકોચ થતો હતો. પોતે ખુદ પોતાની નજરમાં જ તમાશો લાગતો હતો. ગલીમાંથી પસાર થનારા, ઘરના બારી-બારણામાં ઊભેલા લોકોની નજરથી એને બેચેની લાગતી હતી. તે વિચારવા લાગ્યો, 'અહીં પણ એની પાસે એક નોકર હોવો જોઈએ.' વિચાર આગળ ચાલ્યો, 'મહોલ્લાવાળાઓનો વ્યવહાર એકીસાથે કેવો પોતાનો અને પરાયો લાગે છે. મહિપાલ કદાચ સાચું કહેતો હતો – મહોલ્લાને, પોતાના દેશના સમાજને તે એક અજાયબીઘરની ચીજની જેમ જુએ છે. પોતાપણું દર્શાવીને એની સાથે તે હળીમળી નથી શકતો. પરંતુ આ કામ કાંઈ એક દિવસમાં તો બની નથી શકતું અને એને કાંઈ આ સમાજ સાથે પૂર્ણ રીતે હળવું-મળવું પણ નથી. આપણે અસંસ્કાર અને કુસંસ્કાર સામે લડવાનું છે. એને સમજવાનું ને ઉકેલવાનું છે. આપણે આ સમાજની રૂપરેખા બદલીને એને નવી દિશા આપવાની છે.' પછી ધ્યાન ગયું, 'શાસ્ત્રીજીના વિચાર કેટલા ઊંચા છે. એણે એમની ચરણરજ લીધી હતી. ...એકાએક આવી ભાવુકતા કેવી રીતે આવી ગઈ? ખેર, તેઓ ડીઝર્વ કરે છે. પોતે એમને વધુ મળશે. મહિપાલની ધારણા ખોટી છે. ધીરે ધીરે તે બધા સાથે હળીમળી જશે.'

વિચારતાં, જોતાં, ચાલતાં સજ્જન ચોક તરફ આગળ વધવા લાગ્યો.

૭

ચૂંટણીનાં નામો, ચિહ્નો અને પોકારો, મા-બહેન પરની ગાળો, કોઈના કોઈ સાથેના અકુદરતી સંબંધના સમાચાર, શાનદાર કુસ્તી, બીડી, ચમત્કારિક લોશન, અખંડ સંકીર્તન. સિનેમા, ગરમી-મૂત્રરોગ-પુરુષાતનહીનતાની દવાઓનાં પોસ્ટર, પાનની પિચકારીઓ વગેરે ... જનજીવનની વિભિન્ન ભાવનાઓની દીવાલી-અખબારોની પરંપરા પૂરી થઈ. હાથમાં તાસક લઈને સજ્જન ખાંચાના નળ પર આવી પહોંચ્યો.

સામેની બજારવાળી ગલીમાંથી ચાર કોન્સ્ટેબલ ખૂબ જોશમાં આવતા દેખાયા. એમની પાછળ, એમની સાથેસાથે નાનું એવું ટોળું પણ જણાયું. પોલીસ ચાર રસ્તા પર, પોલીસથાણામાં, મેદાનમાં પરેડ કરતા, મોટાં લગ્નોમાં બેંડ બજાવતા, ઘોડાગાડી કે રીક્ષાવાળાઓના અડ્ડા પાસે ચુપચાપ હાથ લંબાવતા જો દેખાય તો આંખોને કાંઈ અજુગતું લાગતું નથી, પરંતુ ગલીની સડક પર ચારની ટોળીમાં ચાલતા પોલીસોનું મહત્ત્વ કાંઈક ઓર જ છે. એ શાસનનું પ્રતીક છે. મનુષ્યની સક્રિય ન્યાયબુદ્ધિએ આ પ્રતીકનું નિર્માણ કર્યું છે. – એ વાતની પ્રતીતિ સજ્જનને આ વખતે થઈ. પોલીસ જમણા હાથની ગલી, જ્યાં લાલે દલાલ, લાલા બાનર્જીસરન, વર્મા, ભભૂતી વગેરે રહે છે તેમાં વળી ગઈ.

હાથની તાસક ભૂલીને સજ્જન પોલીસ અને ગીરદીને જોવામાં લીન બની ગયો. લગભગ એ જ વખતે એ ગલીમાંથી મિસ્ટર વર્મા અને રાધેશ્યામ આવ્યા. મિસ્ટર રાધેશ્યામે આ વર્ષે જ બી. એ. પાસ કર્યું છે અને તાજેતરમાં જ સરકારી ક્લાર્કની નોકરી માટે પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપી છે. એ પોતે પોતાને સોશ્યાલિસ્ટ માને છે. સાથોસાથ, પોતે બહુ ઊંચા વિચારોના માનવી છે એવું પણ એમનું માનવું છે. રાધેશ્યામ શરૂશરૂમાં એકવાર શંકરલાલની સાથે સજ્જનને મળી આવ્યા હતા. તરત જ એમણે આગળ આવીને સજ્જનને નમસ્કાર કર્યા મિસ્ટર વર્માએ પણ ખૂબ આદરથી હાથ જોડીને નમસ્કાર કર્યા.

સજ્જનના મગજમાં પાછી તાસક પેઠી, ખાના ઊંચા થઈ ગયા. મનનો સંકોચ હસવાનો અભિનય કરવા લાગ્યો. તે બોલ્યો, 'મહોલ્લામાંથી આ પહેલો સબ્જેક્ટ મને મળ્યો છે. ... પરંતુ આ શી ધમાલ છે? આ ગલીમાં આવડું ટોળું ને પોલીસના માણસો...'

રાધેશ્યામે તરત જ હાથ ઊંચો કરીને કહેવાનું શરૂ કરી દીધું, 'સાહેબ, એ તો એક માસ્ટર જગદંબાસહાય ટીચર છે. ભારે પર્વર્ટ, લુચ્ચો સાલો...'

સજ્જનને હાથની તાસકનો ખ્યાલ આવ્યો, એટલે તરત બોલ્યો, 'માફ કરજો. હું જરા આ તાસક ચોકમાં મૂકી આવું.'

મિસ્ટર વર્માએ કહ્યું, 'અરે ના, આ ખાળમાં જ ફેંકી દો, આ ગટરમાં.'

'કોઈ વાંધો નહિ લે?' નળ પર કપડાં ધોતી એક વ્યક્તિ પર નજર નાખીને સજ્જને પૂછ્યું.

'નહિ-નહિ, સાહેબ, આપ સંકોચ વિના ફેંકી દો.'

સજ્જને તૂટેલી ગટર પાસે તાસક ફેંકીને નળ પર હાથ ધોયા. પછી પાસે આવીને પૂછ્યું, 'હા, તો કિસ્સો શું છે?'

'જી, એમના ભત્રીજાની વિધવા, જુવાન છે બિચારી. ત્રણ-ચાર વર્ષ પહેલાં લગ્ન થયું હતું. છ-બાર મહિનામાં જ એનો ધણી મરી ગયો. માસ્ટર જગદંબાસહાયને ત્યાં એ રહે છે એટલે એમણે એના પર દરેક જાતનો માલિકીહક્ક જમાવ્યો છે. આ જ તો ટ્રેજેડી છે આપણા સમાજની! ઓહ!'

બોલતાં બોલતાં મિસ્ટર રાધેશ્યામ ક્રોધ અને કરુણામિશ્રિત આવેશમાં આવી ગયા.

સજ્જને પૂછ્યું, 'પછી શું થયું?'

મિસ્ટર વર્માએ વાતનો દોર પકડી લીધો ને બોલ્યા, 'કાલે રાત્રે કોઈક સમયે એને પુત્ર જન્મ્યો. એમણે એનું ગળું દબાવી દઈને એને કંપની-બાગના નાળામાં ફેંકાવી દીધો. આજે સવારે પોલીસને ખબર પડી ગઈ એટલે અહીં રેઈડ આવી ગઈ.'

'પરંતુ પોલીસને એ ખબર કેમ પડી કે...' સજ્જને પૂછ્યું.

બાબુ રાધેશ્યામે તરત જ રાજકીય જોશ ચડાવી ગુસ્સાથી કહ્યું, 'આ દેશમાં તો ઘરના જાણભેદુઓ જ હંમેશા લંકા ડૂબી કરે છે. મહાશય, આ પેલા સાલા સાલિગરામનું જ કરતૂત છે. જગદંબાસહાયની દીકરી કમ્યુનિસ્ટ છે. એને ત્યાં આજકાલ એની પાર્ટીના ડ્રામા-બામાનાં રીહર્સલ્સ ચાલે છે. ભલા, સાલિગરામ શું પોતાના ઘરમાં સાપ પાળે? અરે સાહેબ, આ વોર્ડના કેટલાક લોકોને ત્યાંની રજેરજ વાત એની પાસે પહોંચે છે, તો પછી ભલા, દુશ્મનના ઘરનો ભેદ એનાથી છૂપો રહી શકે ખરો? એ જ તો કોંગ્રેસનો ગેસ્ટાપો છે સાહેબ. અને જો આ ઈલેક્શનમાં જનતાએ આ બાગને ન તોડી તો હું કહું છું કે...'

ગલીમાં આવન-જાવન ચાલુ હતી. નળનો વપરાશ થોડી પળ માટે ખાલી પડ્યો

હતો. ગલીમાંથી આવતા મિસ્ટર વર્માના કોઈ પરિચિતે કહ્યું, 'એણે આગ લગાડી દીધી, વર્માજી!'

'હેં ? કોણે ?' સજ્જન, રાધેશ્યામ, વર્મા, બધાની આ જ પ્રતિક્રિયા હતી.

'એ બાઈએ. દાક્તરી તપાસ માટે જેવી એને બોલાવવામાં આવી કે કોણ જાણે ક્યા બહાને એ અંદરથી જ ઉપર રસોડામાં ચાલી ગઈ. ત્યાં સ્પીરીટ, ગ્યાસતેલ, જે કાંઈ મળ્યું... હવે વધુ સાંભળીને શું કરશો ? આ જગદંબાસહાય કમબખ્ત તો ફાંસી પર લટકાવી દેવાને લાયક છે. એની વાઈફ, એલ્ડર બ્રધરની વિડો, એટલે કે ભાભી, એટલે કે આ વિધવા બાઈની સાસુ...'

'પરંતુ એ બાઈનું શું થયું ?' સજ્જને જરા બેચેનીથી પૂછ્યું.

'એ તો મિનિટોમાં બળી મરી જનાબ, ચારેબાજુ શરીર બળવાની ગંધ ફેલાઈ ગઈ. બારણાં તોડીને પોલીસ અંદર પહોંચી ત્યાં સુધીમાં તો એ બેહોશ બની ગઈ હતી. બળીને સાવ ભડથું થઈ ગઈ હતી. એનાં કપડાં બળી ગયાં હતાં. એ સાવ નવસ્ત્રી...'

'તમે જાતે જોયું ?' સજ્જને પૂછ્યું.

'જી મેં જાતે તો...' કહેનાર ભારે જાડો ત્રાંસી આંખવાળો વકીલનો પુત્ર હતો.

સજ્જનને લાગ્યું કે કહેનાર મહેરબાન એ બાઈનું વર્ણન કરવામાં એક પ્રકારનો આંતરિક અને છૂપો આનંદ મેળવી રહ્યા હતા. એ એને ખટકી રહ્યું હતું. એણે રાધેશ્યામને કહ્યું, 'તમે મને એક વાર ત્યાં લઈ જશો ?'

'હા – હા.' રાધેશ્યામથી પહેલાં વર્માએ હા પાડી દીધી. રાધેશ્યામ પણ તૈયાર થઈ ગયો.

ચાલતાં ચાલતાં રાધેશ્યામે કહ્યું, 'ત્યાં ગીરદી બહુ જ હશે. તમને ત્યાં શું જોવા મળશે ?'

'કાંઈ નહિ, જરા માણસોના મુખભાવ જોઈશ, એમની વાતો સાંભળીશ.' સજ્જને કહ્યું.

સૂર્યના પ્રકાશથી હમેશા દૂર રહેનારી ગલીઓની ગંદકી. સંકડાશ અને એમાં રહેનારી ગૂંગળામણભરી જિંદગી પર રાધેશ્યામના કટાક્ષો સાંભળતી, મંદિર-હનુમાનજીનો સિંદુરવાળો ગોખ, સફેદ રંગથી રંગેલો, ફૂલહાર ચડાવેલો સૈયદનો ગોખ, લખોટીઓથી રમતા અને ભમરડા ફેરવતા ધૂળથી રગદોળાયેલા, હુલ્લડ મચાવનારા, દેશના ભાવિ નવયુવાનોને જોતી-નીરખતી, ગાયો અને રસ્તે ચાલનારથી

બચીને થોડી એવી જગામાંથી પસાર થતી, ત્રણ-ચાર નાની-નાની ગલીઓ પાર કરીને સજ્જન-મંડળી એક ખુલ્લી જગામાં પહોંચી ગઈ. ત્યાં ભીડ જામી ગઈ હતી.

સામે એક જૂનું મોટું મકાન હતું, એના દરવાજા પર બે પોલીસો ઊભા રહીને લોકોને આગળ આવતાં રોકતા હતા. ડાબી બાજુ એક ખુલ્લું મેદાન હતું, જે આગળ જતાં મોટી સડક પાસે પૂરું થતું હતું. સડક પર પોલીસની પિક-અપ મોટર ઊભેલી જણાતી હતી. મેદાનમાં પણ લોકોનું ખાસ્સું ટોળું હતું.

એટલામાં દરવાજામાંથી દારોગાજી નીકળ્યા. એમણે એક સિપાઈને કાંઈક કહ્યું, તે દોડતો પિક-અપ તરફ ગયો. દારોગાજીએ એક વખત લોકો તરફ જોઈને ઘૂરકિયું કર્યું, 'અહીં શું, લાડુ વહેંચાય છે? જાઓ અસભ્યો... તમે પણ પધાર્યા છો?' સજ્જનને જોઈને દારોગાજી બોલ્યા.

સજ્જને પાસે જઈને એમની સાથે હાથ મિલાવ્યો. રાધેશ્યામ અને વર્મા પણ એની પાછળ પાછળ ત્યાં પહોંચી ગયાં.

સજ્જને પૂછ્યું, 'શી સ્થિતિ છે?'

દારોગાજીએ કહ્યું, 'સમય વીતાવવા માટે હૉસ્પિતાલમાં મૂકી દઈશું. પણ બચવી મુશ્કેલ છે.'

'ખૂબ દાઝી ગઈ છે?'

'જી હા, દાઝી તો છે જ, પણ એથી વધુ એને શોક લાગ્યો છે. હમણાં જ ઈન્જેક્શન વગેરે આપ્યાં છે, પરંતુ લાગે છે કે સિંક થઈ જશે.' કહેતાં કહેતાં દારોગાજી અંદર જવા લાગ્યા. સજ્જન ખચકાયો, બોલ્યો, 'હું...'

'આવો, આવો સાહેબ!' દારોગાજીએ એનો હાથ પકડીને ખેંચ્યો. મોટા દરવાજાની અંદર એક નાનો એવો ચોક છે, એમાં ત્રણ મકાન છે. માસ્ટર જગદંબા-સહાયના પૂર્વજોનો વૈભવ હવે લગભગ જમીનદોસ્ત થઈ ગયો છે. જૂની ઈંટો ઠેકઠેકાણેથી ઊખડવા લાગી છે. સામેના મકાનમાં ખુદ મકાનમાલિક રહે છે. પહેલાં કમાનવાળો વરંડો, એમાં ડાબા હાથ પર બે ભારે બારણાંવાળો મુખ્ય દરવાજો, જમણી તરફ ખૂબ મોટો હૉલ છે.

વરંડામાં પોલીસ, ઉંબરા પર પોલીસ, ઘર પોલીસના કબજામાં હતું. છોકરી કૉમ્યુનિસ્ટ છે એ શક પર પોલીસે ઘરની જડતી પણ લઈ લીધી હતી. કોઈ ખાસ ચીજ હાથ લાગી નહિ.

આ લોકો બારણાંમાંથી જઈ રહ્યા હતા તે જ વખતે સિપાઈએ પ્રવેશ કર્યો. એને જોઈને દારોગાજી વરંડામાં જ ઊભા રહી ગયા. કૉન્સ્ટેબલે પાસે આવીને

સેલ્યૂટ કરી અને કહ્યું, 'થાણા પર વાયરલેસ કરી દીધો છે, હજૂર! મિરઝાજી એટેન્ડ કરતા હતા હજૂર. એટલે એમણે મેસેજ આપ્યો છે કે ઇસ્પિતાલની ગાડી મોકલાવે છે હજૂર.'

'ઠીક છે.' દારોગાજીએ કહ્યું, 'અને સાંભળ, ક્યાંકથી બે ખુરશીઓ લાવીને તડકામાં મૂક.'

સિપાઈ હૉલમાં ચાલ્યો ગયો. દારોગાજી સજ્જનને કહેવા લાગ્યા, 'સાચું કહું છું, આજ સવારથી ચા સુધ્ધાં પીધી નથી. આ સાલી પોલીસની નોકરી છે. સવારે ઊઠીને જરા પેપર પર નજર નાખતો હતો. આપનાવાળા આર્ટિકલ પર પણ હજુ તો ઝડપથી એક નજર નાખી એટલામાં બાબુ સાલિગરામ આવ્યા. એમને ઈલેક્શન અંગે થોડી જરૂરી વાતો કરવી હતી. ત્યાં લાશનો રિપોર્ટ આવ્યો. બાબુ સાલિગરામે કહ્યું કે સંદેહ છે માટે જગદંબાસહાયનું ઘર ઘેરી લ્યો. એમની ધારણા એવી હતી કે આ મકાનમાં કમ્યુનિસ્ટોના પ્રોપેગેન્ડાનું મટિરીયલ વગેરે હશે. પછી તો આપ સમજી શકો છો, ક્યાંની ચા અને ક્યાંનો નાસ્તો!'

ખુરશીઓ આવી ગઈ બેસતાં બેસતાં સજ્જને ખિસ્સામાંથી સિગરેટ-કેસ કાઢયું. ગોપુરમની આકૃતિવાળું હાથીદાંતનું આ સિગરેટ-કેસ મહિસુરથી ખાસ એના ઑર્ડર પ્રમાણે તૈયાર થઈને આવ્યું હતું. વચમાં નટરાજની બહુ જ સુંદર મૂર્તિ હતી. સજ્જને સિગરેટ-કેસ કાઢયું કે તરત જ શુક્લાજીએ એ લઈ લીધું. થોડીવાર જોયા પછી સિગરેટ-કેસ ખોલીને સજ્જન પાસે ધરતાં તેઓ બોલ્યા, 'પેલી શું છે મૈથિલી-શરણ ગુપ્તની પંક્તિ, હાઈસ્કૂલમાં મેં વાંચેલી, કે 'પાઈ તુમ્હીં સે વસ્તુ વહ કૈસે તુમ્હેં અર્પણ કરું?''

સજ્જને એક સિગરેટ કાઢી અને ખિસ્સામાંથી સિગરેટ-લાઈટર શુક્લાજી પોતાને માટે એક સિગરેટ કાઢી, કેસ બંધ કરી એને ધારીને જોતાં બોલ્યા, 'તમે આર્ટિસ્ટ લોકો કોણ જાણે ક્યાં ક્યાંથી સુંદર ચીજો એકઠી કરી લાવો છો.'

'જે જેની ચિંતામાં રહે તેને તે ચીજ મળે.' સિગારેટ સળગાવતાં સજ્જન બોલ્યો.

શુક્લાજીએ દરવાજા પાસે ઊભેલા કોન્સ્ટેબલને બૂમ મારી, 'શેરઅલી!'

'જી હજૂર.' શેરઅલી પાસે આવ્યો.

'જરા યાર, અંદર જઈને જોને, પેલી સાલી મરી કે નહિ.'

શેરઅલી ચાલ્યો ગયો. સજ્જને કહ્યું, 'પોલીસના ધંધામાં માણસની કરુણા મરી જાય છે.'

'અરે ભાઈ, શું થાય? રોજ જ આવા તમાશા જોવા પડે છે. ક્યારેક ક્યારેક તો સજ્જનબાબુ, આપ સાચું માનજો, આ પોલીસના ધંધામાં રહીને એમ થઈ જાય છે કે માનવતા-બાનવતા જેવી કોઈ ચીજ છે જ નહિ. પોલીસની રોજનીશી વાંચો તો લાગશે કે આ જ સત્ય છે. બાકી પેલાં બધાં – મંદિર, મસ્જિદ, ધર્મ, કર્મ એ બધી સારી સારી વાતો અને આપનાં આ આર્ટ-કલ્ચર વગેરે ઢોંગ છે. હજારો વર્ષોમાં પણ આ ખૂબીઓ માણસ પર કોઈ પ્રભાવ ન પાડી શકી. ..., હં શું છે?'

દારોગાજીને વાત કરતાં જોઈને શેરઅલી અંદરથી આવીને ચુપચાપ બાજુમાં ઊભો રહી ગયો હતો. દારોગાજીએ પૂછ્યું એટલે બોલ્યો. 'હજૂર, ડાક્તરસાહેબ કહે છે કે હમણાં કાંઈ કહી શકાય તેમ નથી.'

'મારી નાખ્યા સાલીએ, આજે ભૂખ્યા પણ રાખશે ડગારી.'

'ગાળો દેવાનો હક્ક તમને કોણે આપ્યો?' પાછળ હોલના દરવાજા પર ઊભેલી ગોરી સરખી યુવતીએ પૂછ્યું.

શુક્લાજીએ ગુસ્સામાં પાછું ફરીને એવી રીતે જોયું, જાણે એમના અધિકારો પર આક્ષેપ કરવામાં આવ્યો હોય. સજ્જનની ખુરશી પરથી એ યુવતીનો ગોરો ચહેરો સામે જ દેખાતો હતો. સજ્જને આ ચહેરાને ઘણીવાર જોયો હતો. એકાદ વાર ક્યાંક બેચાર જણની ટોળીમાં એની સાથે વાત કરી હોય એવું યાદ પણ આવી ગયું. પરંતુ એ તેને ઓળખતો નહોતો. એ યુવતીના ગોળ ચહેરા અને મોટી મોટી આંખોમાં આવેશની ચમક હતી.

દારોગાજી હસીને બોલ્યા, 'શું કરું સાહેબ, અમારા જે પહેલા માલિક અંગ્રેજ હતા તે પણ ગાળો દેતા હતા. અને આ નવા કોંગ્રેસીકાકા પણ દે છે. હવે જ્યારે આપ લોકોનું, કમ્યુનિસ્ટોનું રાજ આવશે ત્યારે કદાચ ગાળોની ટેવ છૂટી જશે.'

એ યુવતી સજ્જન તરફ પરિચિત ભાવથી જોઈ, ફરીથી દારોગાજી તરફ ઘૂરકીને 'ત્યારે તમને લોકોને મારી મારીને આ આદત છોડાવવામાં આવશે,' બોલી હોલની અંદર ચાલી ગઈ.

દારોગાજી ચડતા ગુસ્સાની લગામ ખેંચીને સજ્જન તરફ જોઈ હસીને જોરથી બોલ્યા, 'જી, એટલે જ તો કમ્યુનિસ્ટોનું રાજ આવવા નહિ દઈએ, કેમ સાહેબ?'

સજ્જને ધીમેથી કહ્યું, 'માફ કરજો, પણ આ ગાળની આદત તો મને પણ ખરાબ લાગે છે.'

'હા, ખેર, બૂરી તો છે જ. પણ શું કરું સાહેબ, આ પોલીસખાતું ગાળ વિના કામ જ નથી કરી શકતું.'

બહારથી કોન્સ્ટેબલે આવીને કહ્યું, 'હૉસ્પિતાલથી ગાડી આવી ગઈ છે હજૂર.'

દારોગાજીએ કહ્યું, 'આવી ગઈ છે તો હું શું કરું? દાક્તરસાહેબને પૂછ કે દરદીની હાલત લઈ જવા જેવી છે? નહિ તો, ઊભો રહે, હું જ એમની સાથે વાત કરી આવું છું. તમે અહીં જ બેસજો સજ્જનસાહેબ!'

'જી હા! હું બેઠો છું. ... નહિ તો, જાઉં હવે.'

'અરે બેસોને! હું હમણાં જ આવું છું.'

દારોગાજી અંદર ચાલ્યા ગયા. કોન્સેટબલ પણ એમની પાછળ-પાછળ જ ગયો.

સજ્જને ખિસ્સામાંથી સિગરેટ-કેસ કાઢયું. એ વિચારતો હતો કે નકામો શિષ્ટાચારમાં ફસાઈ ગયો. પછી વિચાર આવ્યો, દરદીને કેમ હશે? આગ ચાંપવામાં એને જરાય ખચકાટ નહિ થયો હોય? ઓહ! કેટલું ખરાબ મૃત્યુ! કલ્પનાથી સજ્જનના રુંવા થથરી ગયા.

ગોરી યુવતી પાછી આવી. આવીને ખાલી ખુરશી પાસે ઊભી રહી ગઈ. સજ્જન સભ્યતાવશ ઊભો થઈ ગયો ને બોલ્યો, 'આવો.'

'તમે અહીં શા માટે આવ્યા છો?'

અંગ્રેજીમાં પુછાયેલા શુષ્ક સવાલથી સજ્જન ચોંકી ઊઠયો. એનો જવાબ મળે તે પહેલાં જ યુવતીએ ફરી પ્રશ્ન કર્યો, 'તમને વળી પોલીસવાળા સાથે મૈત્રી ક્યારથી થવા લાગી? માફ કરજો. પણ હું ખૂબ જ બ્લંટ સવાલ પૂછું છું.'

સજ્જને ગંભીર સ્વરમાં જવાબ આપ્યો, 'બીજા બધા લોકોની જેમ ખબર સાંભળીને આવ્યો હતો. આ મિસ્ટર શુક્લા મને અંદર લઈ આવ્યા. મારે એમની સાથે ઓળખાણ છે.'

'તો પોલીસની ઓળખાણથી શું તમે પણ કોઈની લાચારીનો ફાયદો ઉઠાવશો?' અવાજમાં વધારે શુષ્કતા અને તીખાશ હતી.

સજ્જનને માથું નમાવી દીધું, પછી કહ્યું, 'મારાથી ભૂલ થઈ, માફ કરજો. હું જાઉં છું.'

'હું તમને જવા માટે નથી કહેતી.' યુવતીનો અવાજ પહેલાં કરતાં નમ્ર હતો. 'બીજા કોઈ સમયે આવ્યા હોત તો મારું સૌભાગ્ય માનત. ...તમે જાણો છો કે અપરાધી મારા પિતા અને મારી ભાભી છે?'

'એ હું નહોતો જાણતો. ખરું જોતાં, જો તમને માઠું ન લાગે તો કહું કે હું તમને પણ નથી ઓળખતો. આમ તમને જોયાં ઘણીવાર છે. તમે કદાચ કોમ્યુનિસ્ટ પાર્ટીમાં કામ કરો છો.'

'જી નહિ. હું કોમ્યુનિસ્ટ નથી, પરંતુ પાર્ટીવાળાઓ સાથે મારે સંબંધ છે.' યુવતીએ જવાબ આપ્યો.

'તમને કદાચ એ ખબર નહિ હોય કે તમારા ઘર પર આ આફત તમારે કારણે જ ઊતરી છે.' સજ્જને કહ્યું.

યુવતી એની સામે જોઈ રહી. સજ્જને કહ્યું, 'તમારે ત્યાં કમ્યુનિસ્ટ પાર્ટીના લોકો એકઠા થાય છે, એ કારણે ચોકી રાખવામાં આવતી હતી, આથી તમારા ઘરનો અપરાધ...'

'અપરાધ કોનો? મારા પિતાનો કે ભાભીનો?'

પ્રશ્ન સાંભળીને સજ્જન એક સેકંડ અટકી ગયો. પછી બોલ્યો, 'બંનેનો છે. પરંતુ તમારી ભાભી અત્યારે...'

'એ મારા પિતાના અપરાધની સજા ભોગવી રહી છે!' કહીને યુવતી ચાલવા લાગી. પછી કાંઈક વિચાર કરીને પૂછ્યું, 'ભાભીનો અપરાધ શો હતો? ભર-યુવાનીમાં વિધવા બનવાનો કે મા બનવાનો?'

સજ્જનને લાગ્યું કે એ યુવતી ભાવાવેશમાં છે ને કોઈ ને કોઈ રૂપમાં આવેશ બહાર કાઢવા ઇચ્છે છે. એને સાંત્વન આપવા માટે નરમ બનીને સજ્જને કહ્યું,

'મારી નજરમાં તે એ કારણે ગુનેગાર નથી! હા, બાળકની હત્યાને હું જરૂર...'

'એ મારા પિતાએ કરી છે. એમણે ભાભી પર દરેક રીતે બળજબરી વાપરી છે. હું જાણું છું, હું કહું છું.'

યુવતીનો ગોરો ચહેરો ફરી આવેશમાં લાલચોળ બની ગયો, ફરી જવા માટે પગ ઉપાડ્યો. ફરી ઊભી રહી ગઈ, અને બોલી—જાણે સ્વગત બોલતી હોય, 'ભાભીનો અપરાધ એ જ કે તે સ્ત્રી છે અને આર્થિક દૃષ્ટિએ સ્વતંત્ર નથી.'

જમીનમાં નજર ખોડીને યુવતી ઊભી રહી. સજ્જન ખામોશ બની એને જોઈ રહ્યો. એના મનમાં ન જોયેલી દંડ પામતી વ્યક્તિ માટે સહાનુભૂતિ ઊભરાઈ રહી હતી અને એ જ સહાનુભૂતિ તે કહેનારના દાઝેલા હૃદયને પણ આપી રહ્યો હતો. યુવતીના અસ્તવ્યસ્ત વાંકડિયા વાળ, દુઃખથી સ્થિર બનેલી મોટી મોટી આંખોની કીકીઓ, ભાવાવેશમાં ઉશ્કેરાયેલો સુંદર ગોરો ચહેરો કરુણ-સ્નિગ્ધ દૃષ્ટિથી જોતાં જોતાં એકાએક સજ્જનને ઇચ્છા થઈ આવી કે એ એને પ્રેમ કરી લે. બીજી જ

પછી એને પોતાને માટે ખૂબ શરમ લાગી, ખૂબ ગુસ્સો આવ્યો. એણે નજર નીચી કરી લીધી.

'તમે એક મહેરબાની કરશો? પોલીસવાળાઓને કહેશો કે તેઓ અહીંથી જલદી ચાલ્યા જાય? અમને લોકોને મન મૂકીને રડવાનો પણ અવકાશ નથી મળતો.'

મોટી મોટી આંખોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. હોઠ અને નસકોરાં ધ્રુજવા લાગ્યાં હતાં. સજ્જને જોયું ને તરત જ આંખો ઢાળી લીધી. 'છિઃ! નારી શું માત્ર ભોગની જ વસ્તુ છે?' એણે પોતાને જ પ્રશ્ન કર્યો. યુવતી ઝડપથી હોલમાં ચાલી ગઈ.

સાત

'આ ઑલ ઇન્ડિયા રેડિયો લખનૌ, અલ્હાબાદ, પટના છે. આપની પસંદની ફિલ્મી રેકર્ડોનો પ્રોગ્રામ સમાપ્ત...'

તારાએ ઊઠીને રેડિયોનો કાંટો લાહોર પર મૂક્યો.

'છમ છમ છમ બાજે પાયલ મોરી,
આજા ચોરી-ચોરી, આજા ચોરી-ચોરી.'

હિન્દુસ્તાનનો તૂટેલો તાર પાકિસ્તાન રેડિયોના ફિલ્મી પ્રોગ્રામે જોડી દીધો. સાંભળનારાઓએ ફરી એક તાજગી અનુભવી.

તારા પાછી પલંગ પર આવીને અઢેલીને બેસી ગઈ. નાની પાંગતિયે હથેળી પર માથું ટેકવીને સૂતી હતી. મોટીએ કારપેટની આરામખુરશીને પલંગ સાથે લગાવીને એના પર બેઠક જમાવી હતી. તારા આવીને બેઠી કે નાનીએ ચાલુ વાતનો દોર ફરી ઊંચક્યો. કહેવા લાગી, 'મેં નંદોબીબીના હસ્બંડને જોયા છે. મારી માસીની જેઠાણીની ભત્રીજી સાથે એનું બીજું મેરેજ થયું છે. જરા જૂની ઢબના માણસ છે, પરંતુ ઘણા સજ્જન છે. દેખાવમાં પણ સારા છે.'

'અરે આને માટે તો સાક્ષાત્ કામદેવ આવે તોપણ નકામું. ચુડેલ છે ચુડેલ. ...અરે! તમને એક વાત કહેવાની તો રહી જ ગઈ. વીજળીની ઝડપે આરામખુરશી છોડીને મોટી પલંગ પર આવી ગઈ. મોટીના અવાજ અને સ્ફૂર્તિના પ્રભાવથી, આડી પડેલી નાની ગલગલિયાં કરે એવી અચરજ સાથે બેઠી થઈ ગઈ.

નારીના દેહસૌંદર્યને કુરૂપ બનાવીને પણ સર્જન-સૌંદર્યથી એનું મન અભિભૂત કરનારા સુહાગણ તારાના અંગ પર ચડેલા આઠ મહિના જ્યાં સુધી એને

એના પગ સંકોચવાની રજા આપી શકતા હતા ત્યાં સુધી તે સીધી સતર્ક બેસીને પોતાની ઉત્સુકતા પ્રગટ કરવા લાગી.

મોટી બંને પગ ઊંધા કરી, જમણા પગનો ઘૂંટણ વાળી, એના પર હાથ ટેકવી, આંગળીઓ નચાવતી, ગુસપુસ કરતી હોય એવા સ્વરમાં બોલી, 'નંદો-બાબાજીની પેટીમાંથી ફોટાઓ મળ્યા છે. એક ડઝન પૂરા. સેટનો સેટ !'

'અરે, કેવાં ફોટા ?' એ રહસ્ય માટેની નાનીની બેચેની એના ચહેરાને અકળાવી રહી હતી. તારાની આંખોમાં પણ ચમક હતી.

મોટીએ લહેકાથી કહ્યું, 'અરે, ખરાબ-ખરાબ ફોટાઓ, બજારમાં નથી મળતા ?... હાય, જોઈને મારો તો જીવ ઊકળી ઊઠે છે.' મોટીની જીભમાં રોમાંચ થયો, દેહમાં રસની લહેર દોડી ગઈ અને આંખોમાં મદ ચડી આવ્યો.

તારાએ પૂછ્યું, 'તેં એ ફોટાઓ જોયા ?'

'અરે હા, ભઈ હા ! સવારે મારા એમણે નંદોબાબાજીની એકએક ચીજની જડતી લીધી. કદાચ કાંઈક બીજું પણ ચોર્યું હોય તો ? અરે, એના પર તો ભારે રકઝક થઈ. નાનીને પૂછ. ને અમારા એમનો મિજાજ તો તું જાણે જ છે. જે વખતે તેજ બની જાય ત્યારે લાટસાહેબ પણ એમની પાસે શી વિસાતમાં !'

મોટીનો પતિ મનિયા એની રીતનો રસિક જુવાન છે. એટલે શરૂશરૂમાં તો તે મોટીને ખુશ પણ કરતો હતો. પરંતુ આ બધું થોડા સમય માટે જ રહેતું અને મનિયાની ઇચ્છાથી થતું. મોટી હમેશા મનિયાથી થરથર કાંપતી રહેતી. અવિવાહિત દિયર શંકરલાલ એને ગમતો. નણંદ નંદો તો પૂરેપૂરી ઝેરની પડીકી જ હતી. ભાઈ પાસે ખોટી ચાડી ખાઈને મોટીને એણે ખૂબ સતાવી, માર સુધ્ધાં ખવડાવ્યો. પોતાને વશ રાખવા માટે જ મનિયાને સંતોની વહુમાં ફસાવ્યો. એટલે, નંદોને માર પડ્યો તેથી એ ખૂબ ખુશ હતી.

વાતો ચાલી જ રહી હતી ત્યાં ઓરડાની બહાર તારા અને મિસ્ટર વર્માના અવાજની સાથોસાથ પોતાના પતિનો અવાજ સાંભળીને નાનીને આશ્ચર્ય થયું, સાથે આનંદ પણ થયો. આરામખુરશીમાંથી ઊઠીને જલદી એ ઓરડાનાં બારણાં પાસે આવી ગઈ. હાથ જોડીને મિસ્ટર વર્માને નમસ્કાર કર્યા ને પતિ તરફ જોઈને કાંઈક પૂછવા જતી હતી ત્યાં મિસ્ટર વર્માએ કહ્યું, 'જુઓ, તમારા નાઠેલા કેદીને ગિરફતાર કરી લાવ્યો.'

નાની શરમાઈને હસવા લાગી, તારા મજાકભરી નજરે એના તરફ જોઈને હસી પડી. શંકરલાલે વર્માને કહ્યું, 'અરે ભઈ, તો પછી એમ કહો કે બે ભાગેડુ

આપસમાં એકબીજાને પકડીને પોતાના હાકેમોની તહેનાતમાં આવી ગયા.'

ચારેયનું હાસ્ય એક બની ગૂંજી ઊઠ્યું.

ઓરડામાં પલંગની પાંગતને અઢેલી બહાર કાન માંડીને બેઠેલી મોટીના મનમાં ઉત્સુકતા હતી કે આ લોકો કેવી વાતો કરે છે. તારા અને નાની, ખાસ કરીને દેરાણી નાની તરફ દબાયેલી ઈર્ષા હોવા છતાં મોટી એના પ્રત્યે બળતી નહોતી. નાની અને તારા બંનેનો આ વખતે એમના અસ્તિત્વ સાથે કશો સંબંધ નહોતો, તેઓ તો માત્ર એક માધ્યમ હતાં જેમના દ્વારા મોટીનો રસવિલાસ ચાલતો હતો.

દિયરનો અવાજ સંભળાયો, 'ચાલ સ્વરૂપ. ઘેર જઈને જલદી તૈયાર થઈ જા, પછી...'

'થોડી વાર રોકાઓ, હવે ચા પીને જજો.' તારાનો અવાજ સંભળાયો.

'ના, નકામી તકલીફ...' શંકરને બોલતો અટકાવીને મિસ્ટર વર્મા બોલી ઊઠ્યા.

'અરે ભાઈ, બેસોને, તમારા નામે મને પણ એક કપ મળી જશે, નહિ તો આ તો તરસ્યો જ રવાના કરી દેશે.'

'સાંભળો છો મિસિસ વર્મા! તમારી ફરિયાદ થઈ રહી છે.'

'તમે જ સાંભળો. જે બેકદર હોય એની વાત ક્યાં સુધી સાંભળવી?'

તારાનો અવાજ દૂર ચાલ્યો ગયો. મૃદુ હાસ્ય પછી મિસ્ટર વર્માનો અવાજ મોટીને સંભળાયો. તેઓ એના દિયરને પૂછી રહ્યા હતા, 'પિક્ચર-બિક્ચરનો પ્રોગ્રામ બનાવ્યો છે કે શું?'

'જી હા. પેલા મારા છેને, તમે કદાચ એમનું નામ સાંભળ્યું હશે, વિરહેશજી, એમણે 'બહાર આઈ રે' પિક્ચરનાં ગીતો લખ્યાં છે.'

'હા–હા, હમણાં એ ચાલે તો છે. પિક્ચર કેવું છે?' વર્માએ પૂછ્યું.

'સાંભળો છો?' દૂરથી તારાની બૂમ સંભળાઈ. મોટીએ અનુમાન કર્યું કે તારા રસોડામાં છે.

દૂરથી મિસ્ટર વર્માનો અવાજ આવ્યો, 'શંકરબાબુ, હમણાં આવ્યો.'

'સાંભળો-સાંભળો, મિસ્ટર વર્મા,' શંકરલાલ બોલ્યો, 'બેસો, ક્યાં જાઓ છો? કાંઈ તકલીફ લેવાની જરૂર નથી.'

'જી, કાંઈ નહિ. આ હમણાં જ આવ્યો.' મિસ્ટર વર્માનો અવાજ બંધ થઈ ગયો.

'મિઠાઈ-બિઠાઈ લેવા ગયા હશે,' મોટીએ વિચાર્યું. શંકરલાલ તારાને કહેતો હતો, 'તમે શું મિસિસ વર્મા, નકામા દોડાવ્યા બિચારાને.'

'વાહ ભાઈ! વરસને વચલે દિવસે તો તમે આવો છો અમારે ઘેર. અરે નાની, મોહિનીને બોલાવી લે, પર્દાની બીબી થઈને અંદર બેઠી છે તે.'

'શું ભાભી અહીં જ છે? – ભાભી!' શંકરલાલે બૂમ પાડી. અવાજની સાથે જ છાપાનાં પાનાંનો અવાજ થયો.

મોટી સંકોચ સાથે ઊભી થઈ. ઓરડાના દરવાજા પર આવીને ઊભી રહી ગઈ. વરંડામાં સોફા પર શંકરલાલ બેઠો હતો. એને જોઈને હસીને બોલ્યો, 'તમે તો એવાં છુપાઈને બેઠાં હતાં જાણે કોઈક કોઈના દિલમાં છુપાઈને બેઠું હોય! હું તો ઘરમાં શોધી શોધીને થાકી ગયો.'

'આ રેડિયો પાકિસ્તાન છે. ફિલ્મી રેકર્ડ...'

'મોહિની, જરા રેડિયો બંધ કરજે.' તારા રસોડાના ચોકમાં થાંભલાને અઢેલીને ઊભી હતી ત્યાંથી બોલી. નાની સ્ટવ પરથી ચાની કીટલી ઉતારીને દૂધનો લોટો મૂકી રહી હતી. મોટી એના દિયરની વાતનો જવાબ દેતી દેતી અંદર રેડિયો બંધ કરવા ગઈ. એણે કહ્યું, 'દિલમાં જે છુપાયું છે એને શોધતાં શોધતાં તો અહીં આવ્યા છો. મારા પર શાનો ઉપકાર કરો છો?'

રેડિયો બંધ થઈ ગયો. વરંડામાંથી શંકરલાલનો જવાબ આવ્યો, 'અજી દિલમાં એ ક્યાં છે? એ તો જાહેરમાં છે. દિલમાં તો તમે છુપાઈને બેઠા છો.'

મોટી હસતી હસતી બહાર આવી. શંકરલાલે એને જોઈને વાક્ય પૂરું કર્યું, 'ભલે મારા નહિ ને ભાઈના દિલમાં હો. વાત તો એકની એક છે.'

મોટીએ જોયું કે તારા ને નાની, બંને હસી રહી હતી. મોટીએ એમને જોયા ને નટખટ બનીને તારાને કહ્યું, 'આમની વાતો સાંભળો છોને? જૂઠું બોલવામાં પણ અમારા લાલાજીએ એમ. એ. પાસ કર્યું છે. એમ તો ન કહ્યું કે ચાલોભાભી, તમને પિક્ચર દેખાડું, ને ઉપરથી દિલની વાતો કરે છે.'

બોલતાં બોલતાં મોટી રસોડાના વરંડા તરફ ગઈ. શંકરે જવાબ આપ્યો, 'ભાભીઓને આમંત્રણ નથી અપાતાં. એ તો પોતે જ ગળે પડીને આમંત્રણ લઈ લે છે, મને લાગે છે કે મિસિસ વર્મા મારી વાતનું સમર્થન કરશે.'

એ વખતે જ મિસ્ટર વર્માએ હાથમાં દડિયા સાથે ઘરમાં પ્રવેશ કર્યો. તારા એની પાસેથી દડિયા લેવા માટે આંગણામાં આવી. નાની ટ્રેમાં ચાના કપ ગોઠવતી હતી. મોટી પાસે જ બેઠી હતી. એણે સહેજ લાજ કાઢી. મિઠાઈ અને ફરસાણના

દફિયા આપીને શંકરલાલ પાસે આવતાં આવતાં વર્માએ પૂછ્યું, 'કઈ વાતનું સમર્થન તમે કરાવી રહ્યા હતા?'

'કાંઈ નહિ. એક ભાભીના અત્યાચારનો ફેંસલો બીજી ભાભી પાસે કરાવતો હતો.' શંકરે હસતાં હસતાં જવાબ આપ્યો.

વર્માએ સોફા પરથી માથું ફેરવી રસોડાના વરંડા તરફ જોઈને કહ્યું, હં...તમારાં ભાભીસાહેબ પણ અહીં પધાર્યાં છે. પરંતુ જેને તમે ફેંસલાનો અધિકાર આપ્યો છે એની યોગ્યતાનો તો અંદાજ લગાવવો હતો.'

'મિસ્ટર વર્મા, હવે સ્ત્રીઓને અયોગ્ય ન કહેશો. કોન્સ્ટીટયૂશનમાં એમને બરાબરીનો દરજ્જો મળ્યો છે.'

તારા ચાની ટ્રે લઈને આવી ગઈ. ગોળ ટેબલ પર રાખતાં બોલી, 'આ બધી વાતો કલ્ચર્ડ લોકોની સમજમાં જ ઊતરે છે મિસ્ટર લાલ, ગમારોને કહેવાથી શો ફાયદો?' કહેતાં કહેતાં તારાએ પતિ તરફ તોફાની, મીઠાશભર્યો, તીખો કટાક્ષ ફેંક્યો. વર્મા અને શંકરના હોઠ પર સ્મિત રેલાયું. શંકરે કહ્યું, 'બસ, હવે હું નિરુત્તર બની ગયો, મિસિસ વર્મા.'

નાની મિઠાઈ-ફરસાણની પ્લેટ લઈને આવી પહોંચી. એને જોઈને શંકરની વાતમાં નવો ઉત્સાહ આવ્યો, બોલ્યો, 'ક્યાંક સ્વરૂપ પણ મને ગમાર બનાવી દે તો...'

'એ તો જે જેવા હશે તેવા જ કહેવાશે.' નાનીના જવાબથી તારા-વર્મા ખડખડાટ હસી પડયાં. શંકરલાલ પણ એ હાસ્યમાં ભળી ગયો.

રસોડામાં ઊભેલી મોટીએ આનંદ પામતાં પામતાં હાયકારો કર્યો. એ તો મજાકમાં પણ એના પતિને ગમાર કહી નથી શકતી. એ વખતે જ સામે ઊભેલી તારાએ એને બોલાવી. આંખના ઈશારાથી જ મોટીએ કહ્યું, 'ના, મને શરમ આવે છે.'

એ વખતે શંકરલાલે ઊભા થઈને તારાને કહ્યું, 'આવો, બેસો.'

'તમારાં ભાભીસાહેબને તો બોલાવો. એમને શરમ આવે છે.' કહીને તારાએ મોટી સામે હસીને જોયું.

મોટીએ તારા તરફ ગુસ્સો બતાવ્યો. શંકરે બૂમ પાડી, 'ભાભી.' તારા આવીને શંકરલાલ પાસે સોફા પર બેસી ગઈ. નાની કપમાં ચા રેડી રહી હતી.

શંકરલાલ ઊઠીને સામે આવ્યો. મોટી એના તરફ લજાતી નજરે જોતી, માથાનો છેડો સંભાળતી, સંકોચભર્યાં પગલાં ભરતી આંગણું પાર કરવા લાગી.

શંકરલાલ એની તરફ જોઈને બોલ્યો, 'અમારા ભાભીનાં નખરાંની તમને ખબર નથી. ભાઈએ એમને બેહદ ખુશામતપ્રિય બનાવી દીધાં છે.'

મોટી વરંડામાં આવી ગઈ. મિસ્ટર વર્માએ ઊભા થઈને હાથ જોડ્યા. મોટીએ પણ સંકોચાઈને હાથ જોડ્યા અને જોઈને તારાની પાસે બેસી ગઈ. તારાએ મિઠાઈની પ્લેટ લઈને શંકરલાલ સામે ધરી. નાનીએ ચાનો પહેલો પ્યાલો વર્માને આપ્યો.

સ્ત્રી-પુરુષની મિશ્ર મંડળીમાં બેસીને ચા પીવાનો મોકો મોટીને વર્ષો પછી આ બીજીવાર મળ્યો હતો. શાળાના સમયમાં ખ્રિસ્તી દીદીજીના ઘેર એમના એક સગાં દંપતીની સાથે એણે ચા પીધી હતી. પરંતુ ત્યારની વાત જુદી હતી. એ કુમારિકા હતી. આટલાં બંધનોમાં પણ બંધાઈ નહોતી. એને મઝા આવી હતી. આ વખતે પણ મઝા પડતી હતી, પરંતુ મોટાં બંધનો હતાં. તારા અને નાનીના ખુલ્લા વ્યવહારને જોઈને તે અંદરથી નાનપ અનુભવતી હતી. બધાને ચા આપી, પોતાનો પ્યાલો લઈ નાની એની પાસે આવીને બેઠી.

વર્માદંપતીએ ચા પીવડાવી તેના બદલામાં લાલદંપતીએ એમને પોતાની સાથે પિક્ચર જોવા આવવાનું આમંત્રણ આપ્યું. વર્માએ કહ્યું, 'તમને લોકોને તો સોંગ-રાઈટરસાહેબે પાસ...'

વર્માના સંકોચને કાપતાં શંકરલાલે કહ્યું, 'જી ના, પાસ-બાસ નથી. એમની બહુ ઇચ્છા હતી, અને મેં પણ વિચાર્યું કે આજે રવિવાર છે, કોઈક પિક્ચર તો જોવું જ છે. ચાલો, ચાલો મિસિસ વર્મા, અમારા તરફથી આમંત્રણ છે.'

મિસ્ટર અને મિસિસ વર્માએ આંખથી એકબીજાની સંમતિ મેળવી અને આમંત્રણ સ્વીકારી લીધું.

શંકરલાલે મોટીને કહ્યું, 'ચાલો ભાભીસાહેબ, આજે તમને પણ મઝા કરાવીએ. ગભરાશો નહિ, ભાઈની લેખિત રજા મગાવી લઈશ.'

રજા માગવાની વાતથી મોટી મનમાં ને મનમાં શરમથી ડૂબી ગઈ. એને લાગ્યું જાણે બંને યુગલો એની તરફ સહાનુભૂતિથી જોઈ રહ્યાં છે. 'હાય રે, હું કેટલી લાચાર છું. ઊંચી સોસાયટીવાળાની નજરોમાં નીચી છું, ને તે પણ માત્ર મારા પતિને કારણે!'

મોટી ઊંચું ન જોઈ શકી. બધાં ચાલ્યાં. એ સૌની પાછળ ચાલી.

આઠ

મેટિની શો પૂરો થયા પછી લોકોનું ટોળું સિનેમાહોલમાંથી એવી રીતે નીકળતું હતું જાણે પાણીનો મોટો પંપ ખોલી નાખ્યો હોય! એ જ વખતે શંકર-વર્મા-પરિવારના ટાંગા ત્યાં ઊભા રહ્યા.

શંકર ટાંગામાંથી ઊતરીને ભાડું આપવા માટે પોતાનું પાકીટ ખોલવા લાગ્યો, એ જોઈને બીજા ટાંગામાંથી પોતાની પત્ની અને મોટી સાથે ઊતરીને ઊભા રહેલા મિસ્ટર વર્મા બોલ્યા, 'મેં બંનેનું પેમેન્ટ કરી દીધું છે મિસ્ટર લાલ!' પછી શંકરના ટાંગાવાળાને કહ્યું, 'આની પાસેથી તારા પૈસા લઈ લેજે.'

શંકરે પાકીટ બંધ કરતાં હસીને કહ્યું, 'તમે ભારે ઉતાવળા છો. ઠીક, હું ટિકિટ લઈ આવું છું.'

'હું જાઉં છું.' કહીને વર્મા આગળ વધ્યા, એમને રોકતાં શંકરે કહ્યું, 'મિસ્ટર વર્મા, પ્લીઝ!' અને શંકર ઝડપથી આગળ ગયો.

ત્રણે સ્ત્રીઓની સાથે મિસ્ટર વર્મા ધીમે ધીમે આગળ ચાલ્યા. તારા, નાની, મોટી ત્રણેય એમના તરફ પડતી પુરુષોની નજરનો ખ્યાલ કરતી અને સ્ત્રીઓને ફેશન પર નજર નાખતી ધીરે ધીરે આગળ વધી રહી હતી.

લાંબા વાંકડિયા વાળ, ચશ્માંધારી નાની આંખો, ગરમ ઝબ્બો-બંડી, ચૂડીદાર પાયજામો, મોજાં, પેશાવરી-સેન્ડલ, ડાબા હાથમાં ચેસ્ટર અને જમણા હાથમાં 'ફાઈવ-ફાઈવ-ફાઈવ'નું ટીન – એવા એક સજ્જનને સાથે લઈને શંકરલાલ ત્યાં આવ્યો. ભારે ગર્વથી એણે પરિચય કરાવ્યો, 'મિસ્ટર વર્મા, આ જ પ્રસિદ્ધ કવિ વિરહેશજી છે, જેમણે આ ચિત્રનાં ગીતો લખ્યાં છે. અને આ છે મિસ્ટર ત્રિભુવનનાથ વર્મા. કેસરબાગમાં જે અજંતા રેડિયો એન્જિનીયરીંગ વર્ક્સ છે તે એમનું જ છે. અને આ છે મિસિસ તારા વર્મા. આ મારાં ભાભી છે, મિસિસ મોહિની લાલ, અને આ – જેને આપ જેવા કવિઓ મોજની દુનિયામાં કોણ જાણે શુંનું શું કહી સંબોધે છો – મારી એ છે, મિસિસ સ્વરૂપકુમારી લાલ!'

તારાએ અતિશયોક્તિભર્યા ભાવથી, નાનીએ આદરભાવથી ને મોટીએ લજ્જાની આડશમાં પોતાના ગદ્‌ગદ્ બની ગયેલા હૃદયના ધબકારા છુપાવીને વિરહેશજીને નમસ્કાર કર્યા અને વિરહેશજીના તમામ લેખક, કલાકાર, નેતા, ઉપનેતા, નેતી-નેતીઓ દ્વારા પેટન્ટ કરાવેલી ફોર્મ્યુલા પ્રમાણે જ હતા – શક્ય તેટલા બંધ હોઠનું સ્મિત અને કોમળ-કોમળ હાથજોડ.

મિસ્ટર વર્મા પણ વિરહેશજીને જોઈને ધન્ય-ધન્ય બની ગયા હતા. વિરહેશ એવા વર્ગના દેવતા હતા જેને મેળવવા માટે એંસી ટકા નાના-મોટા સૌને લાલચ રહેતી હતી અને સ્ત્રીઓ પણ બિચારી છેવટે તો એ બાબુઓની જ વહુ-દીકરીઓ છે, સવારમાં પ્રભાતિયાંને બદલે, 'એઈમાન બલમા જા, બલમા જા–બલમા જા જા!'ની રેકર્ડ સાંભળવી ને ગણગણવી વધુ પસંદ કરે છે. સિનેમાસ્ટારના બાપદાદાની વંશપરંપરાની એમને ખબર, કયા સ્ટાર કેટલાનો કોન્ટ્રાક્ટ કરે છે, ક્યાં ક્યાં કામ કરે છે, કયા સ્ટારનો કોની સાથે લવ ચાલી રહ્યો છે અને કોનો પ્રેમ કોની સાથે ખરાબ નામમાં જોડાઈ ગયો છે એનો અપ-ટુ-ડેટ હિસાબ તમને એમની પાસેથી મળી જશે. ફિલ્મી દુનિયા સાથે સંબંધમાં હોય તેવા અનેક પ્રોડ્યુસર, ડાયરેક્ટર, પ્લેબેક સીંગર, મ્યુઝિક ડાયરેક્ટર, કેમેરામેન, લેખક, ગીતકાર એવો દંભ કરી શકે કે એમની તબિયતના સમાચાર પણ આ સુંદરીઓના મોંએથી ઘણી વાર જાહેર થાય છે. સિનેમા એ શહેરોની એંસી ટકા યુવાન પ્રજાનું ધ્યાન અને ધ્યેય છે. તારા, મોટી, નાની, બધાંને વિરહેશને મળવાથી ખૂબ અભિમાન અને ઉલ્લાસ લાગતા હતા.

શંકરલાલે કહ્યું, 'ખાસ મારે માટે જ તેઓ આ સમયે અહીં ઊભા હતા.'

'જી હા, મને તો આજે બે-ત્રણ ઑફિસર ફ્રેન્ડઝ પરાણે પોતાની ગાડીમાં બેસાડીને અહીં મેટિનીમાં લઈ આવ્યા. કહે કે વિરહેશ, અમે તારી સાથે બેસીને સ્ક્રીન પર તારું નામ વાંચીશું. લાચારીએ આવવું પડ્યું. પછી મેં એ લોકોને કહ્યું કે ભાઈ, હું તો હમણાં અહીં જ ઊભો રહીશ કારણ કે મારા મિત્ર શંકરલાલ આવવાના છે. એમની સાથે પિક્ચર જોવાનું મેં પ્રોમીસ આપ્યું છે નહિ તો હું એમની ગાડીમાં જ ચાલ્યો જાત.'

આટલું પ્રવચન કરીને વિરહેશજી મહારાજ બધા ભક્તોને પોતાના દર્શનામૃતથી કૃતાર્થ કરવા લાગ્યા. શંકરલાલે હાથ આગળ કરીને કહ્યું, 'ચાલો, જઈએ.'

વિરહેશ ગોપ-ગોપીઓથી ઘેરાઈને આગળ વિચર્યા.

કર્નલે ગાડી લાઈનમાં ઊભી રાખી. કર્નલ અને સજ્જન પોતપોતાની બાજુના કાચ ચડાવી દરવાજા બંધ કરી બહાર ઊભા રહ્યા. ગાડીનું તાળું બંધ કરવા કર્નલ ઝૂડામાંથી ચાવી કાઢવા લાગ્યો. સજ્જને કારની છતની પેલી બાજુ જોયું. ચારે બાજુ માણસોનું ટોળું, અને એ ભીડમાં મહાકવિ બોર એની ઉદાસ, નિષ્ક્રિય આંખો એકાએક સજાગ બની ગઈ. એણે કહ્યું, 'કર્નલ, પાછો ચાલ. હવે અહીં નહિ જોઈએ.' એના ચહેરા પર ઉદાસી અને કહેવાની રીતમાં કંટાળો હતો.

'કેમ?' કર્નલે ભ્રમર ચડાવીને પૂછ્યું.

'ઊંહુ યાર, નથી જોવું બમણા બોર થઈશું!'

સજ્જન બાળકની જેમ ચિડાયો. કર્નલ કારનું તાળું મારી ચાવીઓનો ઝૂડો ખિસ્સામાં રાખી આગળ ચાલ્યો. સજ્જન એ જ ખિન્ન થયેલા મૂડમાં બોલ્યો, 'એક તો બંબઈયા ફિલ્મ, એસ્થેટિક ટેસ્ટમાં સડેલા પપૈયા જેવી. બીજું, તારી પસંદગી. ને ત્રીજું, મહાકવિ બોર પણ દેખાઈ ગયા!'

બોરના નામથી કર્નલને હસવું આવી ગયું. સામે જોયું, પણ એને કોઈ દેખાયું નહિ. પૂછ્યું, 'અરે ક્યાં છે?'

'પેલું કોણ છે જોને, દાદરો ચડે છે. ભારે મુસીબત થશે યાર, ચાલ, બંધની પાસે ગોમતીકિનારે એકાંતમાં બેસશું ને વાતો કરશું. સજ્જનના અવાજમાં થાક હતો.

'તું પોતે જ આજે કંટાળો ફેલાવી રહ્યો છે. મારી ઇચ્છા છે જોવાની – વાહ! અને અહીં આવ્યા છીએ તો પછી અહીં જ જોઈશું. સાલા બોરને પાસે ફરકવા નહિ દઉં, તું જોજે તો ખરો ચાલ.'

સજ્જન અને કર્નલ હૉલના દરવાજા સુધી પહોંચી ગયા હતા. ટિકિટચેકર ટિકિટોમાંથી પોતાનું અડધિયું કાઢી રહ્યો હતો ત્યાં બોરની નજરે સજ્જનને પકડી લીધો.

વિરહેશ-મંડળીની બધી નજરો નવી ચમકથી સજ્જનને જોવા લાગી. મધ્યમ કદનું સુગઠિત શરીર, લોહીથી ચમકતું ગોરું રૂપાળું ખૂબસુરત પોલીશડ મુખ, વિશાળ કપાળ, પશ્મીનાની શેરવાની, ખૂલતા પાયચાનો પાયજામો, હાથમાં ઓવરકોટ લઈને સજ્જન દરવાજા પાસે ઊભો હતો. બધાએ હાથ જોડ્યા. સજ્જને ચહેરા પર બેપરવાઈ રાખી હાથ જોડ્યા ને હૉલમાં જવા માટે પગ ઉપાડ્યો ત્યાં તો બોર જલદી ઊઠીને આગળ આવ્યો. શંકરલાલ અને વર્મા પણ આગળ આવ્યા. તારાએ ઊઠીને પોતાના કોટ પર પડેલા કેકના ટુકડાઓને હાથથી ઝાટકી નાખ્યા ને પછી ટેબલ પરથી પ્યાલો ઉઠાવીને જલદી જલદી પોતાની કૉફી પૂરી કરવા લાગી. નાનીએ ઊઠીને પોતાના માથા પરનો દુપટ્ટો ઠીક કર્યો, પછી ખોટી ખોટી ધીમી ઉધરસ ખાઈને સફેદ-લીલા નંગ પહેરેલી ગોરી આંગળીઓથી રૂમાલ મોં પાસે રાખ્યો. પછી લીપસ્ટીકવાળા હોઠ વાંકાચૂંકા કરી રીઝર્વ બની ગઈ. મોટીએ હાથ જોડ્યા પછી નાની તરફ જરા વધુ ફરી ગઈ અને જલદી જલદી પોતાનો કેક પૂરી કરવા લાગી. મોટીને માટે તો આજની સાંજ સ્વર્ગલોકમાં વીતી રહી હતી. નરગીસ, સુરૈયા, રાજકપૂર, દિલીપકુમાર, દેવાનંદ, નિમ્મી,

પ્રેમનાથ અને બીજા પણ જેટલાં પ્રસિદ્ધ નામ છે એ બધાંના ખાસ મિત્ર કવિવર વિરહેશજી સાથે બેસીને ફિલ્મી દુનિયાની વાતો સાંભળવી, એમનાં ગીતો સાંભળવાં એ સૌભાગ્ય મોટીના મનને બાવરું બનાવી રહ્યું હતું. ઉત્સાહના અતિરેકથી એનો ચહેરો હોશકોશ વિનાનો ધૂંધળો બની ગયો હતો.

બોરે કહ્યું, 'અરે તમે – આપ, ભાઈ? બહુ સારું કર્યું યાર – મિ. સજ્જન! અને કર્નલસાહેબને જોઈને તો તબિયત ખુશ થઈ ગઈ.'

શંકરે આગળ આવીને સજ્જનને કહ્યું, 'સજ્જનજી, મારા ફૅમિલીના લોકો આપને મળવા ઘણા ઉત્સુક છે.'

કહીને એણે નાની વગેરેને આવવા માટેનો સંકેત કર્યો. સજ્જન એ જ અદામાં બહાર નીકળી આવ્યો. બધાંને મળી 'બહુ આનંદ થયો' કહીને સજ્જન પાછો ફર્યો.

મિસ્ટર વર્મા બોલ્યા, 'મિસ્ટર વર્મા, મારી વાઈફ અને આ મિસિસ લાલ આપનાં પેઇન્ટીંગ્સ જોવા ઇચ્છે છે. આજે સવારે અમે આર્ટિકલ...'

'અરે જ્યારે કહો ત્યારે બતાવી દઉં એમનાં ચિત્રો.' વિરહેશ એના વાંકડિયા વાળ ઝટકાવીને બોલ્યો ને પછી કાંઈક બીજું પણ કહેવા જતો હતો ત્યાં સજ્જનનો તંગ ચહેરો જોઈ કર્નલે ગુસ્સે થઈને કહ્યું. 'બોરેશ!'

આ નામ સાંભળીને વિરહેશ ખમચાઈ ગયો. સજ્જને મિસ્ટર વર્માને શાંત સ્વરે કહ્યું, 'તમે સૌને લઈને કોઈક દિવસ મારે ત્યાં આવજો, પરંતુ મહેરબાની કરીને મને પહેલેથી ખબર આપજો. ચાલો કર્નલ!'

બંને અંદર ચાલ્યા ગયા.

પોતાની ટિકિટ આપીને અંદર જતી વખતે શંકરલાલ, વિરહેશ વગેરેએ જોયું કે કર્નલ અને સજ્જન એક બોક્સમાં બેસતા હતા.

વિરહેશને બાલ્કનીમાં બેસવાનું ખૂંચ્યું, પરંતુ યજમાનની 'શ્રદ્ધા' આગળ એનું ક્યાં ચાલે તેમ હતું? મોટી, તારા અને નાની પછી એક સીટ છોડીને શંકર અને વર્મા બેઠા. પછી નાની સીટ બદલીને પોતાના પતિ પાસેની ખાલી સીટ પર આવીને બેઠી. હવે તારા પાસેની સીટ કવિવર માટે ખાલી થઈ ગઈ, પરંતુ કવિવર આવતાં આવતાં અટકી ગયા.

'હમણાં આવું છું'' કહીને વિરહેશજી સજ્જનના બોક્સ તરફ ગયા.

સજ્જન અને કર્નલ બોરના અંદર આવવાથી ખિજાઈ ગયા.

વિરહેશજીએ કહ્યું, 'હેં...હેં...આપ લોકોના પધારવાથી મારું...'

સજ્જને કર્નલના સાથળ પર ચૂંટી ખણી, કર્નલે મિજાજ કરીને કહ્યું, 'બોરેશ,

જાઓ અહીંથી! અમને ડિસ્ટર્બ ન કરો! ચાલો!'

'જાઉં છું, હમણાં જાઉં છું.' કહેતાં કહેતાં વિરહેશ પાછલી સીટ પર બેસી ગયો અને દીનતાપૂર્વક હસીને બોલ્યો, 'સજ્જનભાઈ, આ પિક્ચરમાં, એટલે કે આ જ પિક્ચરમાં મારું સોંગ...'

'ઓહ! આ જ પિક્ચરમાં છે?' સજ્જને એની સામે જોયા વિના કહ્યું.

કર્નલે કહ્યું, 'એવી ખબર હોત તો અમે અહીં આવત જ નહિ. અચ્છા, હવે આપ અહીંથી ટળો જલદી!'

'હા-હા. બસ, જાઉં જ છું. આમાં મ્યુઝિક ડાયરેક્ટરે મારો ટ્યૂન...'

'બોરેશ!' કર્નલે ફરી આંખ કાઢી.

વિરહેશ હાથ જોડીને બોલ્યો, 'આપ બધાંની સામે મને આવી રીતે ન બોલાવો, કર્નલસાહેબ! મન થાય તો એકલો હોઉં ત્યારે સો જોડા...'

'ઠીક તો હવે, જલદી ભાગો.'

'હા – હા.'

'બો...'

બોરેશ ઊઠીને ગયો. ત્રીજી ઘંટી વાગી. રેકોર્ડો વાગવી બંધ થઈ. વિરહેશ પોતાની લાઈનમાં આવ્યો. ચાર જોડી પગને 'માફ કરજો, થેંક્યૂ' કરતો વિરહેશ આવીને મોટી પાસે ઊભો રહી ગયો. પોતાની ખાલી સીટ તરફ ઇશારો કરીને તારાને કહ્યું, 'પ્લીઝ મિસિસ, હાં; હું જરા અહીં બેસીશ. સ્ક્રીનથી અહીં નજરનો એંગલ સારો આવે છે. આપને કશી તકલીફ તો નથીને? આપને?'

વિરહેશે બેસતાં બેસતાં તારા અને મોટીને ખૂબ જ નમ્રતાભરી ભાષામાં પૂછ્યું. પછી ખોળામાં ઓવરકોટ ને તેના પર સિગરેટનું ટીન રાખીને એણે શંકર તરફ જોઈને કહ્યું, 'તમે લોકો બહુ દૂર પડી ગયાં, ખેર!'

આ અંતર સૌથી વધુ નાનીને ખટકી રહ્યું હતું. વિરહેશ એના પતિનો મિત્ર છે અને એ જ એની વાતો સાંભળી નહિ શકે.

ન્યૂઝરીલ શરૂ થઈ ગયું. વિરહેશે ધીમેથી તારાને કહ્યું, 'પિક્ચરમાં એક જગ્યાએ મેં કામ કર્યું છે. તમે ઓળખી કાઢજો.'

'સાચે?' તારાએ આનંદથી ચમકી જઈને કહ્યું.

'શું – શું?' નાનીએ તારાને કોણી મારીને પૂછ્યું. તારાએ નાનીને કહ્યું, 'મિસ્ટર વિરહેશે પોતે પણ આમાં એક્ટિંગ કરી છે.'

'એમ?' નાનીએ ઉત્સાહભેર આ સુસંવાદ એના પતિને સંભળાવ્યો. એણે

વર્માને કહ્યું, સૌને પોતાના સૌભાગ્ય પર ગર્વ થયો. મોટી, જે આ વખતે પણ કાન માંડવા છતાં કાંઈ સાંભળી શકી નહોતી તે વિરહેશ સરખો બેઠો કે તરત એને પૂછી બેઠી, 'આપે એમને શું કહ્યું ?'

વિરહેશે માથું એની તરફ ઝુકાવી હસીને કહ્યું, 'મેં આમાં એક જગ્યાએ જરા સરખી એક્ટિંગ પણ કરી છે. પેલા ડાયરેક્ટર અને બીજા બધા કહેવા લાગ્યા, ખૂબ આગ્રહ કરવા લાગ્યા...એટલે મેં નાનો સરખો પીસ કરી નાખ્યો.'

મોટીએ ફરીવાર આગ્રહથી કહ્યું, 'સાંભળો તો, જ્યારે આપની એક્ટિંગ આવે ત્યારે મને જરા કહેજો.'

'તો શું તમે પોતે મને ઓળખી નહિ શકો ?' કહેતાં કહેતાં વિરહેશે એની તરફ જોયું.

અંધારામાં એકદમ પાસે બેઠેલા 'મોટા માણસ'ને મોટીના લજ્જાભર્યાં નયનોએ ધ્યાનથી જોયો અને પૂછ્યું, 'તો શું તમે છો એવા જ બરાબર આમાં પણ દેખાશો ?'

'બરાબર ! હા – હા – હા. જી હા, બરાબર આવો જ.' મોટીની ગોરી સુંદર સૂરત અને આ ભોળા સવાલ પર વિરહેશને ખૂબ પ્રેમભર્યું હસવું આવ્યું. મોટી શરમાઈ ગઈ.

ન્યૂઝરીલમાં પંડિત જવાહરલાલ નેહરુ રમતગમતનું ઉદ્દ્ઘાટન કરી રહ્યા હતા.

જ્યારે 'બહાર આઈ રે'નું સેન્સર સર્ટિફિકેટ આવ્યું ત્યારથી આ બધાની નજર સ્ક્રીન પર વિરહેશનું નામ વાંચવા એવી એકાગ્ર થઈ ગઈ હતી જેમ અર્જુનની દૃષ્ટિ ચકલીના માથા પર એકાગ્ર બની ગઈ હતી.

સ્ક્રીન પર વિરહેશનું નામ આવ્યું. એનું પ્રશંસક – મંડળ ધન્ય – ધન્ય બની ગયું. વિરહેશે પોતાના નામ પર એક દમ ખેંચીને હાથ નીચો કર્યો તો સિગરેટ અચાનક મોટીના કાંડાને અડી ગઈ. મોટી અને વિરહેશ બંનેએ પોત-પોતાના હાથ ખેંચી લીધા. વિરહેશે વાંકા વળીને ધીમેથી પૂછ્યું, 'દાઝ્યા તો નથીને ?'

'ના.' આનંદથી નાચી ઊઠેલી મોટીએ કહ્યું. આ વખતે જો ખરેખર જ વિરહેશે એને દઝાડી દીધી હોત તો પણ એ આમ જ કહેત, 'ના !'

પોતાનો સીન આવતાં પહેલાં વિરહેશે ઝૂકીને પહેલાં તારાને સૂચના આપી, પછી વાંકા વળીને મોટીને કહ્યું. તારાએ પેલી બાજુ સૂચના ફેલાવી દીધી. સંસારનું આઠમું આશ્ચર્ય સામે આવવાનું હોય એમ બધા જ શ્વાસ રોકીને તૈયાર થઈ ગયાં.

હિરોઈનની સગાઈની પાર્ટીમાં ઘણા મહેમાનોની સાથે વિરહેશ પણ આવે છે. હિરોઈનને અભિનંદન આપી એક ખુરશી પર બેસી જાય છે. એ પછી બે-ત્રણ વાર એની ઝલક દેખાઈ જાય છે.

પોતાનો સીન આવતાં જ વિરહેશે મોટીને ધીરેથી કહ્યું, 'હવે ઓળખજો તમારા આ તુચ્છ માનવીને!'

ઇન્ટરવલ પડતાં મોટી સાથે નજર મળતાં જ વિરહેશનું જીવન સફળ થઈ ગયું.

નવ

સજ્જન અને કર્નલ સિનેમાહોલમાંથી નીકળીને હજરતગંજ પહોંચ્યા. ઊંચાં મકાનોની હાર મૂકીને કર્નલની ગાડીએ સડકનું ચક્કર લીધું. મોટરોની હાર નક્કના બે ચોક વચ્ચે આરામ કરી રહી હતી. રોશની, ઝાકઝમાળ, ફૅશન-સ્ટાઈલ, યુવક-યુવતીઓની આવન-જાવન, રૂપ અને રંગ-સુગંધથી મહેકતું ઝગકતું હજરતગંજનું સૌભાગ્ય સખત ઠંડીની રાતમાં અસ્ત થઈ ગયું હતું. બસ, મેફેર સિનેમાનો ઝગમગાટ, તરતમાં વિધવા થયેલી નારીના દેહ પરથી ઊતરી રહેલાં સુહાગચિહ્નોમાં આખરી ચિહ્નની જેમ બાકી હતો. લાલબાગ તરફ ગાડી લેતાં કર્નલે કહ્યું, 'હું જરા મારો કોટ લઈ લઉં, ડ્રાયક્લીન માટે આપ્યો હતો. તારે ત્યાંથી પાછા ફરતાં સુધીમાં દુકાન...'

'મને અહીં જ છોડી દે, તું એ બાજુથી ચાલ્યો જજે.' એકાએક સજ્જને કહ્યું.

'કેમ – કેમ?'

'હું ફરતો – ફરતો જઈશ. ઊભી રાખ, ઊભી રાખ દોસ્ત!' ગાડી ઊભી રહી ગઈ. કર્નલે કહ્યું, 'અરે, તો હું તને મૂકી જાઉં છું. કોટ કાલે આવી જશે.'

'ના, હવે તો ચાલીને જ જઈશ.' ગાડીમાંથી ઊતરેલા સજ્જનની નજર ફૂટપાથ તરફ ઝૂકેલી હતી.

એનો ઉદાસ ચહેરો જોઈને કર્નલે કહ્યું, 'સાંભળ તો, આજે આખો દિવસ તું ઉદાસ રહ્યો છે. કોઈ ખાસ વાત બની છે?'

'ના... ખાસ કાંઈ નહિ. એમ જ પછી તને કહીશ!'

સજ્જન ઉતાવળે ફૂટપાથ તરફ ચાલ્યો ગયો.

આજ સવારથી જ સજ્જનને ગૂંગળામણ થાય છે. આખા દિવસ દરમિયાન કલાકારના સંવેદનશીલ મન પર આઘાત જ લાગતા રહ્યા છે. સજ્જનની પ્રશંસામાં છપાયેલો લેખ જોઈને સવારમાં જ મહિપાલે ઈર્ષ્યાવશ ન કહેવાનું કહ્યું તેથી જીવ ખાટો થઈ ગયો. પછી પોતાની ઓરડીમાંથી પૂતળું લઈને ચોકમાં જતાં ગલીઓનો તમાશો બનવા બદલ એને મનમાં શરમ અને મૂંઝવણ થઈ હતી. ત્યાર પછી જગદંબાસહાયની પ્રગતિશીલ પુત્રીએ એને ખટકે એવી બેચાર વાતો સંભળાવી. પછી એ યુવતી માટે એના મનમાં કામ-વિકાર જાગવાથી ખુદ પોતાના જ આત્માના હથોડા ચાલવા લાગ્યા અને હમણાં જ ચિત્રા એના ચારિત્ર્યના બંને પાસાંઓનો દરેક રંગ ઝગકાવીને એનું ચિત્ર બનાવી ગઈ.

બત્રીસ વર્ષની ઉંમર સુધી અવિવાહિત રહેવાને કારણે એનું કામજીવન અનિયમિત છે. સ્ત્રી સાથેના નિકટના સંપર્કની તક ક્યારેક ક્યારેક તો બેત્રણ મહિના સુધી નથી મળતી, અને જ્યારે એવો સમય આવી જાય છે ત્યારે એ અતિરેક કરી નાખે છે. એના જીવનમાં ત્રણ પ્રકારની સ્ત્રીઓ આવે છે. એકને પૈસા આપીને એ આનંદ ખરીદે છે, બીજી પાસેથી મળેલા પ્રેમના ઉપહારમાંથી એ રસ પ્રાપ્ત કરે છે અને ત્રીજા પ્રકારમાં જેની સાથે માત્ર શિષ્ટાચારનો ઉપલકિયો સંબંધ હોય એવી બધી સ્ત્રીઓ આવી જાય છે. આ જ એકમાત્ર એવી સ્ત્રી હતી જેને માટે હંમેશા એના દિલમાં ઊંડી શ્રદ્ધા હતી. નારી પ્રત્યેની એ જ શ્રદ્ધા આજે એના મનને તમાચા મારી રહી છે. એ બહુ જ બેચેન છે. એને માની યાદ આવી રહી છે.

સજ્જનની માનું અવસાન થયે અગિયાર વર્ષ થઈ ગયાં. સજ્જનના પિતા શ્યામમનોહર વર્મા ખૂબ જ વિલાસી હતા. વિલાયતથી બેરિસ્ટરની ડીગ્રી લઈને આવ્યા હતા, પરંતુ કચેરીમાં એક દિવસ પણ ગયા નહોતા. નાચ, મુજરા, સંગીત, શરાબ અને મોજમજામાં એમણે આઠ-દસ લાખ રૂપિયા ફૂંકી માર્યા. ઘરના અંતઃપુરમાં તેઓ ક્યારેક જ આવતા અને જ્યારે આવતા ત્યારે નોકર-ચાકર, દાસી, મા સુધ્ધાં ભયભીત થઈ જતાં. સજ્જન એના પિતાને તિરસ્કારતો હતો. તેઓ નકામી વાત પર એની મા સાથે ઝઘડો કર્યા કરતા, ખરાબ–ખરાબ ગાળો દેતા, ક્યારેક હાથ પણ ઉપાડતા. સજ્જનની મા ખૂબ ગંભીર અને શાંત સ્વભાવની હતી. મૂંગે મોંએ વ્રત, નિયમ, ઉપવાસનું કઠોર જીવન તે વિતાવતી હતી. સજ્જનને એવું યાદ નથી કે એણે ક્યારેય માને બહાર જતી-આવતી જોઈ હોય. એકવાર

એણે કહેલું, 'મરતી વખતે મારાં સાસુ કહી ગયાં હતાં કે ઘર સંભાળજે, કોઠારની ચાવી છાતીએથી દૂર ન કરતી અને ઘરનો ઊંબરો છોડીને ક્યારેય દૂર ન જતી.' સજ્જનની માએ આ ત્રણે વાત મરતાં સુધી પાળી હતી.

સજ્જનના દાદાજી રાયબહાદુર કન્નોમલ સન 1902 માં બત્રીસ વર્ષની ઉંમરે ગુજરી ગયા. એ વખતે શ્યામમનોહર એક વર્ષના હતા. જમીનદારી સરકારને હાથ ગઈ. શ્યામમનોહર ઉંમરવાન થયા ત્યાં સુધીમાં ખાનારાઓ લાખો રૂપિયા ખાઈ ગયા. સજ્જનની દાદી બિચારી અબળા સ્ત્રી પોતાનું ઘર લૂંટાતું જોઈને રાત-દિવસ છાતી કૂટતી હતી. એનો દીકરો બાપ જેવો જ ઉત્તમલક્ષણો થતો જતો હતો એનો એને સંતોષ જરૂર હતો. શ્યામમનોહર હઠ કરીને બેરિસ્ટર થવા માટે વિલાયત ચાલ્યા ગયા. એ પછી દાદીનું અવસાન થઈ ગયું. સજ્જનને હજી સુધી દાદીનું ઊંડું સ્મરણ છે.

વિલાયતથી આવ્યા બાદ શ્યામમનોહરના રંગઢંગ કાંઈક જુદા જ થઈ ગયા. મન પર પેરિસની નાઈટક્લબના નકશા અંકાઈ ચૂક્યા હતા. પૈસા તો પુષ્કળ હતા જ, આંધળી યુવાનીની ઘોડીને એમણે બેલગામ કરી દીધી.

સંયોગવશાત્, પિતા લાલા કન્નોમલની જેમ જ બાબુ શ્યામમનોહર પણ બત્રીસમે વર્ષે અવસાન પામ્યા. એ વખતે સજ્જન જુનિયર કેમ્બ્રિજમાં ભણતો હતો. તેર વર્ષની ઉંમરે, નવા છેડેથી જાગ્રત થનારું માનવીનું જિજ્ઞાસુ મન સજ્જનને પણ સતાવવા લાગ્યું હતું. જીવન-મરણ, ભગવાન-ધર્મ, આઝાદી-ગુલામીની રાજનીતિ, ભારતદેશ અને કોણ જાણે કેટલીય જાતની જિજ્ઞાસાઓની સાથોસાથ યુવાનીના છૂપા અર્થને સ્પષ્ટ જોવાની તલપ પણ એના મનમાં જાગી ઊઠી હતી.

પિતાના મૃત્યુ પછી મા સજ્જનનું લગ્ન કરવા માટે બેચેન બની ગઈ. સજ્જને 'ના'ની હઠ પકડી લીધી, એ આટલી નાની ઉંમરમાં લગ્ન કરવા માગતો નહોતો. એના મનમાં, મોટા થઈને પોતાની પસંદગીનું લગ્ન કરવાની ઇચ્છા હતી. એ એની માને સ્પષ્ટ કહી શકતો નહોતો કે એમના દ્વારા નક્કી કરેલા કોઈ સંબંધને એ પસંદ નહિ કરી શકે. ત્રણ વર્ષ પછી મૂછો ફૂટી ત્યારે એ વિચારવા લાગ્યો કે માએ પસંદ કરેલી સુંદરમાં સુંદર છોકરી પણ એની જીવનસંગિની બની નહિ શકે. એ રૂપની સાથે સુગંધ પણ ઇચ્છતો હતો, સુગંધની પરિભાષા એની પોતાની હતી: વ્રત-નિયમ-સંયમ પાળનારી અને ઘર સંભાળનારી વહુ ને કદી પણ પસંદ કરી શકે નહિ. એને તો ભણેલી-ગણેલી, નવા વિચારોવાળી, સુંદર, ચતુર, અને કોણ

જાણે કેટલીક જાતની ખૂબીઓવાળી પત્નીની ઇચ્છા હતી. આ ઉપરાંત, લગ્ન પહેલાં તે રોમાન્સ ઇચ્છતો હતો.

એક દિવસની વાત છે, માએ અચાનક એના પગ પકડી લીધા ને આંખમાં આંસુ સાથે કહ્યું, 'બેટા, એક ભીખ માગું છું. તારા પિતાના રસ્તે ન ચાલતો. જિંદગીભર મારો આત્મા કલ્પાંત કરતો રહ્યો છે. તું મને સતાવતો નહિ.'

પોતાની મા પર સજ્જનને બહુ જ પ્રેમ હતો. એ એના મનની વિચિત્રતા હતી કે જે ખૂબીઓ એ પોતાની પત્ની માટે પસંદ નહોતો કરતો તે જ ખૂબીઓ માટે માનો આદર કરતો હતો. ચારિત્ર્યહીન પિતાથી વિરુદ્ધ એની માના ચારિત્ર્યમાં એને સદા શક્તિ ઝળકતી દેખાતી હતી. પિતા મારઝૂડ અને અત્યાચાર કરતા, છતાં તેઓ એને એની શાંત, સહનશીલ, મમતામયી માની સરખામણીમાં સદા નિસ્તેજ અને ઘૃણાજનક લાગતા. એના પિતા સિવાય બીજું જે કોઈ માના સંપર્કમાં આવતું તે એનો મનથી આદર કરતું. એની મા બધાંનાં દુઃખ-દરદમાં ભાગ પડાવતી. એમ તો એ ચોખ્ખાઈવાળી હતી, પરંતુ સજ્જને એને એક ક્ષયથી પિડાતી બાઈના, ઘરના એક નોકરની વહુના થૂંક-ગળફા સાફ કરતી પણ જોઈ છે.

સજ્જનના મન પર એની માની એક ન ભૂંસાય તેવી છાપ પડી છે. પિતાના રસ્તે ન ચાલવાનું વચન આપીને એણે પોતાને માટે એક આંતરિક યુદ્ધ વહોરી લીધું. આ જ ભ્રમણમાં, બચપણથી પોષાયેલા એના ચિત્રના શોખની લગની લાગી ગઈ.

સીનિયર કેમ્બ્રિજ પાસ કરીને એણે આર્ટસ્કૂલમાં નામ લખાવી લીધું.

પિતાના મૃત્યુ પછી છ વર્ષ બાદ એની મા પણ ચાલી ગઈ.

સજ્જનનું મન સૂનું પડી ગયું. એ ગૂંગળામણમાંથી નીકળવા માટે જ એણે ચિત્ર બનાવવાને બહાને પ્રવાસનું નક્કી કર્યું.

પોતાની માને આપેલા વચનમાં સજ્જને, એના જીવનકાળ દરમિયાન જ છૂપી સમજણ કરી લીધી હતી. એણે એના પિતાની જેમ ઉડાઉ ન બનવાનો નિશ્ચય કર્યો હતો. એના પિતાથી વિરુદ્ધ, માલ-મિલકત સંભાળવાની અને હિસાબ-કિતાબ પર ધ્યાન રાખવાની એનામાં ટેવ હતી. નોકર-ગુમાસ્તા પર નજર રાખવાની અને ઘરનો વ્યવહાર મશીનની જેમ ગોઠવી દેવાની ક્ષમતા એનામાં હતી. પોતાની મિલકત વધારવાની ઇચ્છા અને રુચિ ન હોવા છતાં, જે મિલકત હતી તેને સુરક્ષિત રાખવા માટે એની બુદ્ધિ હંમેશા જાગૃત રહેતી હતી. આટલા સંયમ સાથે સ્ત્રીસંબંધી દૃષ્ટિબિંદુમાં તે અસંયમી બન્યો હતો.

પાંચ વર્ષમાં આર્ટસસ્કૂલનો ડિપ્લોમા પાસ કરીને ફરતાં, અનુભવ અને આનંદ લેતાં એના મનમાં એક સિદ્ધાંત બંધાયો કે લગ્ન કરવું (ઓછામાં ઓછું એને માટે) જરૂરી નથી અને જો જરૂરી હોય તો માણસે (એણે) ત્રીસ વર્ષ પછી કરવું જોઈએ. એ વખતે યોગ્ય જીવનસાથી શોધવાની સમજ આવી જાય છે. પોતાના ચિત્રો દ્વારા સફળતા અને કીર્તિ પ્રાપ્ત કરતાં કરતાં એની વધતી જતી લગની પોતાનો સ્વાર્થ જોવા લાગી. આ સ્વાર્થની દૃષ્ટિથી તે મનોમન સ્ત્રીને વખતોવખત ઉપયોગમાં આવનારી ચીજ, મનોરંજન અને દૈહિક સ્ફૂર્તિ આપનારું સાધન માનવા લાગ્યો. જાગૃતિનો અંચળો ઓઢેલો એટલે જાહેરમાં તો હિંદી-વિલાયતી આદર્શોની બડાઈ હાંકતાં એ પણ નારીને મોટી મોટી ઉપમાઓથી શણગારતો હતો. આજે એ જ ઉપલક્રિયા કલ્ચરનો પડદો એકાએક ફાટી ગયો. એક સ્ત્રી પર થનારા અત્યાચાર અને કરુણ સ્થિતિમાં નીપજેલા મૃત્યુથી સજ્જનના મનની ઈમાનદારી જોશથી ઊકળીને બહાર આવી અને એ જ ઈમાનદારીના પ્રકાશમાં એણે પોતાને જગદંબાસહાયની સુંદર પુત્રી તરફ વાસના-વિકારથી ભરેલો જોયો તો એને પોતાના પ્રત્યે પાર વિનાની શરમ ઊપજી.

જાતે ભાગંભાગ કરતા માણસનું મન પણ અજબ ગોરખધંધો છે. શરૂશરૂમાં જ્યારે તે પોતાની મેળે જ ચીલો છોડી દે છે ત્યારે પોતાની હોશિયારી પર અભિમાન કરે છે; જ્યારે એ જ હોશિયારી ભયનું કારણ બની જાય છે ત્યારે તેનાથી છટકવા લાગે છે: અને જ્યારે ભય માતેલા સાંઢની પેઠે તેને રગદોળવાનું શરૂ કરે છે ત્યારે વેગથી ભાગતાં ભાગતાં તેનો અણુએ અણુ વેરવિખેર થઈ જાય છે. એનાથી ભયગ્રસ્ત બનીને તે જ્યારે ઉતાવળિયો બની નાસવા લાગે છે ત્યારે પોતાની જ ભૂલભૂલામણીમાં અથડાતો-કૂટાતો પાગલ બની જાય છે. તેનામાં પેદા થતા આ ગાંડપણને દબાવી રાખવાના પ્રયત્નમાં સજ્જનની ચેતના જડ બનતી જતી હતી. સ્થૂળ રીતે ગતિશીલ હોવા છતાં તેનું મન એક જગાએ ખોડાઈ ગયું હતું. અગતિના ખીલા સાથે બાંધેલા નવા નાથેલા જંગલી પાડાની પેઠે તેનું મન મુક્ત થવા માટે ફૂંફડા મારતું હતું, એકલદોકલ પાછલે રસ્તે ભાનવિના ચાલતો અને આગળ વધતો તે પોતાની ધારણા પ્રમાણે સાચા રસ્તા પર જઈ રહ્યો હતો. લાગ્યું કે ઠંડી લાગે છે, ને શરીર પર સ્વેટર ચડાવી દીધું. એ શાહનજફ રોડ પર ચાલવા લાગ્યો. બંને બાજુ બંગલાઓની મૂંગી કતાર સૂના રસ્તા પર ચાલી જતી સજ્જન નામની વ્યક્તિ પ્રત્યે જેટલી ઉદાસીન હતી એટલો જ તે પણ એનાથી ને આજુબાજુના વાતાવરણથી અલિપ્ત ચાલ્યો જતો હતો.

સામેથી આવતી કારની લાઈટ બરાબર એના પર જ પડી. સજ્જન ચોંકયો, બેધ્યાનપણે કારને જોઈ, ફરી સડક પર ડાબી બાજુ ખસીને પહેલાંની જેમ માથું નીચું કરી ચાલવા લાગ્યો.

કાર ઝડપથી આવીને એની પાસે ઊભી રહી ગઈ. સજ્જનના અંતરનો 'નિશ્ચેતન મહેલ' સ્થૂળ જગતનો ધક્કો ખાઈને ધસી પડ્યો, એણે હજી પોતાની જાતને લથડિયામાંથી સંભાળી પણ નહોતી ત્યાં કારમાંથી એક યુવતીનું તેજદાર અટ્ટહાસ્ય સંભળાયું.

'ઓહ! શીલા છે!' જીવમાં જીવ આવ્યો. નજર સપાટી પર આવી. ગાડીમાં મહિપાલ અને ડૉ. શીલા સ્વિંગ દેખાયાં. અતિશય ગૂંગળામણમાંથી ઉગારવાનું નિમિત્ત બનવા માટે આ માનસિક આવશ્યકતાની ક્ષણે આ બંને દોસ્તો સજ્જનને બહુ ગમ્યા. એ પ્રસન્ન થયો.

'ક્યાંથી ચાલ્યા આવો છો સાહેબ?' હાથ બહાર કાઢીને શીલાએ એના ઓવરકોટનો કોલર ખેંચતાં મસ્તીભર્યો સવાલ કર્યો.

સજ્જન એના બેધ્યાનપણા પર કાબૂ મેળવી ચૂક્યો હતો. આનંદના વહેણમાં આવતાં એ સવાલ બેવડાવીને એણે પૂછયું, 'અને આપ લોકો ક્યાંથી આવો છો સાહેબ?'

'શેતાનના સ્વર્ગમાંથી!' મહિપાલે હસીને કહ્યું.

ડૉ. શીલા સ્વિંગે મહિપાલના ખભા પર મુક્કો મારીને હસતાં હસતાં કહ્યું, 'આપણા સીક્રેટ સ્વર્ગનું ઠેકાણું આ દુનિયાવાળાઓને ન બતાવ, યૂ ફૂલ, નહિ તો એ ત્યાં પણ ઈશ્વરના બાગનું સફરજન રોપી દેશે!'

ઈશ્વરના બાગનું સફરજન આ પળે સજ્જનના ગળામાં અટકી રહ્યું હતું. મગજના ચીંટિયાથી એની દુખતી નસ કપાવા લાગી. વાતને ઉપેલકિયા ફિક્કા હાસ્યથી ટાળી દઈને એણે બંનેને કહ્યું, 'ચાલો, થોડો સમય મારે ત્યાં જ બેસો, તમને લોકોને કોફી પીવડાવીશ અથવા તો તમે ઇચ્છો તો મુખમાંથી નીકળનારી ખુશબુને બમણી કરી શકો છો.'

'બહુ મોડું થઈ જશે યાર! કેમ, ડૉક્ટર, ટાઇમ શું છે?'

'ટાઇમ, ટુ બી એકઝેક્ટ, અગિયાર ને વીસ. હજી કાંઈ બહુ મોડું નથી થયું. 'ચાલો દુર્જન, અમે તને ઓબ્લાઈજ કરશું!'

'નહીં યાર, ફરી કોઈવાર. શીલાને તો કોઈ મિયાં છે નહિ કે એક્સપ્લેનેશન આપવું પડે, પરંતુ મારી બીબી તો યક્ષિણી બનીને મારી રાહ જોઈ રહી હશે.'

સજ્જન ગાડીમાં બેસી ગયો હતો. મહિપાલની વાત ન-સાંભળી કરીને શીલા પોતાની ઝમકદાર સ્ટુડબેકરને પાછળ વાળવા લાગી.

સજ્જને મહિપાલને કહ્યું, 'કોઈક દિવસ હું જરૂર તારું ચિત્ર બનાવીશ, મહિપાલ! તું એવા આદમીઓ માંહેનો છે જે આગ અને પાણીના બે સમુદ્રોની વચ્ચે સળગતો અને પીગળતો ઊભો છે.'

'નાઓ-નાઓ, શીલાની લેગ-પુલીંગ રહેવા દે સજ્જન! એ નથી હજારો સેન્ટીગ્રેડસ સુધી ગરમ કે નથી ફ્રીઝીંગ પોઈન્ટ સુધી ઠંડી.'

'બસ, મહેરબાની કરો, મારી વકીલાત કરવાની જરૂર નથી. એનો ઇશારો મારા તરફ નહોતો. ઈઝ ઈટ નોટ દુર્જન?'

'સર્ટનલી નોટ! તને ખબર છે કે ફેર સેક્સનો હું કેટલો આદર કરું છું.' કહેતાં કહેતાં સજ્જનનું હૃદય ધડકી ઊઠ્યું. જગદંબાસહાયની પુત્રી અને ચિત્રાનું સ્મરણ થઈ આવ્યું.

સજ્જનના બંગલાના ફાટક પાસે પહોંચીને મોટરે હોર્ન માર્યું. મહિપાલ બોલ્યો, 'ઈન ઑલ ફેરનેસ, શીલાના સંબંધમાં હું કહીશ કે એનું દિલ કલાકારોની જેમ ગરમ છે અને મગજ વૈજ્ઞાનિકોની જેમ ઠંડું!'

મહિપાલની વાત શીલાને સારી લાગી. તે બોલી, 'મારા ધંધામાં એ જ જરૂરી છે. આર્ટ પ્લસ સાયન્સ...'

'તું મને જોશ ચડાવી રહી છે શીલા! આજના નેવું ટકા ડૉક્ટર સાલા જલ્લાદ અને કસાઈ છે. અને ન્યાયને માટે – ઑલવેઝ અનકોન્શ્યસલી, આઈ નો– તું પણ છો.'

ચોકીદારે દોડતા આવીને ફાટક ખોલ્યું.

* * *

અડધી રાત્રે સજ્જન માસ્ટર જગદંબાસહાયની કલંકગાથા સાંભળી રહ્યો હતો. સંકોચ વ્હીસ્કીએ એની વાણીમાં અને શીલા-મહિપાલના હૃદયમાં કરુણાનો સ્રોત વહેતો કરી દીધો હતો. મહિપાલની આંખોમાં મોટાં મોટાં આંસુ ઊભરાઈ આવ્યાં.

સજ્જને કહ્યું, 'એને માટે આંસુ વહેવડાવવાની જરૂર નથી મહિપાલ. મને પૂરેપૂરી ખાતરી છે કે બળતી વખતે એને જરાય તકલીફ નહિ થઈ હોય. એ તે વખતે સેલ્ફપઝેસ્ડ – એક આવેશમાં...'

'આત્મહત્યાનો આવેશ આંસુઓની શક્તિ લઈને જ ચડે છે, સજ્જન! ભલા, કોઈને આ રીતે મરવાની નોબત જ શા માટે આવે? માનવીની ઓલાદને આ

ધરતી પર પહેલો વ્યાસ લેતાં જ આવી નિર્દયતાથી ગળું દાબીને મારી નાખવામાં આવે છે! આ સમાચાર હું ને તમે જોઈશું, સાંભળીશું અને સહન કરીશું?' સંગેમરમરના ગોળ ટેબલ પર જોરથી હાથ પછાડીને મહિપાલ ઊભો થઈ ગયો. સજાવટભર્યા લાંબા હોલમાં ઝડપથી આંટા મારવા લાગ્યો. એનો ક્રોધ સહજ સ્વાભાવિક હતો, નશાએ એમાં વીજળી ભરી દીધી હતી. થોડી થોડી વારે ધ્રુજારી સાથે એના હૃદયમાં ચસકા આવવા લાગ્યા. જે શરીરમાં એક નાની સરખી ફાંસ વાગવાથી પણ પીડા થાય છે એ જ શરીરને માનવી પોતાના હાથે આગ લગાવે? ...સળગી–સળગીને મરે!... (મહિપાલ ધ્રુસકા ભરીને રડવા લાગ્યો.) 'ભોળા! આવું કોઈને ન દેતો. કોઈને–કો...ઈનેય–કોઈને નહિ!'

સળગનારીનો તરફડાટ અત્યારે મહિપાલના જીવમાં આવી રહ્યો હતો, આંસુઓથી ભરેલી આંખોમાં નાના-શા બાળકની કોમળ ગરદન પર એક બાજુ કઠોર હાથની તસવીર ખેંચાઈ ગઈ. મહિપાલનો શોક ન્યાય અને ક્રોધનો આવેશ બનવા લાગ્યો.

મહિપાલની વાતની અસર સજ્જન પર પણ થઈ હતી. સવારે ખબર સાંભળતાં જ થોડીવાર માટે ક્રોધ અને કરુણાનો જે વેગ એને ખેંચી ગયો હતો એનો સ્પર્શ સજ્જનને અત્યારે ફરીવાર થયો. દિવસ આખામાં પહેલીવાર પોતાના મનની મૂંઝવણોમાંથી છૂટીને એને કોઈ બીજા માટે ભાવનાનો સ્પર્શ થયો – આ એની સુસંસ્કૃત બુદ્ધિ ઉપરથી બોજો હટાવવા બરાબર હતું. એને લાગ્યું કે આ કોમળતાની જાગૃતિથી એના અંતરનો અપરાધ થોડો ઓછો થઈ ગયો છે. આ કોમળ ક્ષણને રોકડમૂડી બનાવીને સજ્જને હિસાબ કર્યો, 'છેવટે હું એટલો ખરાબ નથી, એટલો ખરાબ નથી.'

મહિપાલ ટેબલ પરથી ઊઠયો કે તરત ડૉ. શીલા સ્વિંગની નજર એના તરફ મંડાયેલી રહી. એનું મગજ શબ્દોમાં બંધાયા વિનાના સવાલના પ્રવાહમાં વહી રહ્યું હતું. એની સામે ઝડપથી એવા અનેક 'કેસીઝ' આવી રહ્યા હતા જેમાં તે માનવીની જિંદગી અને મોતની ક્ષણો સાથે જાતે લડી હતી. 'જિંદગી બચવી જોઈએ' – એ એના મનનો અભિપ્રાય છે અને આ વખતે એમાં અંતરની કરુણાનો સંયમિત પ્રવાહ પણ આવી ગયો છે.

મહિપાલ આવેશમાં આવીને બારી પાસે જઈ એક પગ ઉપર રાખી મૂઠી વાળેલા હાથ પર હડપચી ટેકવી શૂન્ય દૃષ્ટિએ અંધારામાં સૂતેલા કમ્પાઉન્ડના

બાગને જોવા લાગ્યો – ક્યાંક, થોડે દૂર જોવા લાગ્યો. એની બધી ભાવનાઓ આ વખતે એક બનીને કોઈ વિચારના આગમનની રાહ જોઈ રહી હતી.

પાછળ, પોતાની જગા પર બેઠેલી શીલા બોલી, 'એ સાચું છે આવી ટ્રેજેડીઝ અહીં સેંકડોના પ્રમાણમાં થાય છે, પરંતુ કરવું શું ? છેવટ એનો ઇલાજ શું છે ?'

સજ્જન વિચાર્યા વિના જ, વિચારક જેવો ચહેરો બનાવીને બોલી ઊઠ્યો, 'આ બધું શિક્ષણની ખામીને કારણે જ છે. આપણી પ્રજા ઘણી જ બેકવર્ડ છે.'

'શિક્ષણ, વ્હોટ ? કેવું શિક્ષણ ? સમાજને એવું તે શું શીખવી શકાય જેથી આવાં ક્રાઈમ્સ એકદમ બંધ થઈ જાય !' કહેતાં કહેતાં ડૉક્ટર શીલા વિચારમાં ડૂબવા લાગી.

'ગવર્મેન્ટ એમને એજ્યૂકેશન આપે માનવતા શું છે, હ્યુમન વેલ્યૂઝ શું છે તે એમને સમજાવવામાં આવે.'

'પરંતુ આપ એમને સમજાવશો કેવી રીતે ? આપની પાસે સાધન શું છે ?' બારી પાસેથી આવતાં મહિપાલે સજ્જનની વાતને કાપી નાખી.

'કેમ ? ગવર્મેન્ટ ટીચર્સને એપોઇન્ટ કરે. આર્ટ અને કલ્ચરના ફંકશન્સ ગોઠવે, થોડાંક એવાં સ્ત્રી-પુરુષો પણ રોકવામાં આવે જે ઘેર-ઘેર ફરીને લોકોને સફાઈ અને રહેણીકરણીની રીત સમજાવે, એમના મગજના સ્તરને ઊંચું લાવે.'

'માત્ર શિખામણ પર મને વિશ્વાસ નથી સજ્જન !' સજ્જનની વાતને 'હોપલેસ કેસ' કહેતી હોય એવી મુખમુદ્રા બનાવીને ડૉ. શીલા બોલી, 'અચ્છા, નાઓ કમ ઑન. એ વિચાર કે તું મારી પાસે આવે છે. અને હું, જેવી તારા દોસ્તે કહી તેવી કસાઈ છું. હું એટલું જરૂર માનું છું કે લોકોની જિંદગી બચાવવાથી વધારે મહત્ત્વનું એકેય કામ આ દુનિયામાં નથી. પરંતુ એ જ કામ મારી આવકનું સાધન પણ છે. મને થાય છે કે જે કામ શીખવા માટે મેં આટલી મહેનત, આટલા પૈસા બરબાદ કર્યા છે એ કામમાંથી ફાયદો શા માટે ન ઉઠાવું ? કોઈ માણસને જો એની જિંદગી પ્રિય હોય તો એ એના માટે રૂપિયા શું કામ ન ખર્ચે ? અને હું એ રૂપિયા શા માટે ન લઉં ? હું મારા માટે સુખ અને આરામની જિંદગી ઇચ્છું છું. હું તમારા પેલા ક્રિશ્ચિયન, ગાંધીયન કે રામકૃષ્ણ મિશનવાળાના સિદ્ધાંતો પર ચાલી શકતી નથી કે સન્યાસી બની માણસોની જિંદગી બચાવતી ફરું.' બોલીને શીલા ચુપ થઈ ગઈ. એક પ્રશ્નાર્થ દૃષ્ટિ મહિપાલ તરફ કરીને એના ચહેરા પર શા ભાવ છે તે જાણવા પ્રયાસ કર્યો. મહિપાલ માથું નીચું કરી વિચારમગ્ન બેઠો હતો.

સજ્જન પણ વિચારમાં પડ્યો, બોલ્યો, 'ખરેખર આ વિચિત્ર સવાલ છે. પોતાનો સ્વાર્થ જોવો સ્વાભાવિક છે, હ્યુમન નેચર છે. ક્યારેક કોઈ એબનોર્મલ, મહાન આત્માઓ નીકળી આવે છે, એમની વાત જવા દો. પરંતુ આમજનતાની વાત જુઓ તો આ જ છે. આપણે પહેલાં આપણો સ્વાર્થ જોઈશું પછી બીજાનો વિચાર કરીશું... ને બીજી દૃષ્ટિએ જોઈએ તો જો માનવીનો આ નેચર નહિ બદલાય તો માનવતાના પોકારો અને એના આધારે ઊભી કરવામાં આવેલી તમામ વેલ્યૂઝ જૂઠી છે. ...સમજમાં નથી આવતું કે માણસનું દિલ કઈ રીતે બદલાવી શકાય?' બોલતાં બોલતાં સજ્જનના અવાજમાં કંપ આવી ગયો. મનમાં ચિત્રા અને જગદંબાસહાયની પુત્રી સાથે એનો અપરાધી આત્મા ડોકાઈ ગયો. સજ્જન એનાથી વિચલિત બની ગયો.

'બદલાઈ શકે છે.' મહિપાલે નજર ફેરવી સજ્જન તરફ જોયું ને બોલ્યો, 'અત્યાચાર–બીજાનો અનુચિત ફાયદો ઉઠાવવાનું બંધ કરો. અને જો તમે સીધી રીતે નહિ કરો તો યાદ રાખજો, મારી-મારીને તમારી અક્કલ ઠેકાણે લાવવામાં આવશે.'

'તું તો એવી રીતે કહે છે જાણે હું જ અત્યાચારી હોઉં.' મહિપાલની ચેતવણી સજ્જનના જખમ પર લાગી હતી. એના તરફડાટને ઉપલકિયા હાસ્યથી સંભાળી લઈને એણે મહિપાલને જવાબ આપ્યો. શીલાને પણ હસવું આવી ગયું. મહિપાલ પર આ હાસ્યની કશી જ અસર ન થઈ. એ બોલ્યો, 'તું, હું, બધાં જ અત્યાચારી છીએ દોસ્ત! વાતનો ઇશારો કોઈ એક પર નથી, આખા સમાજ પર છે. દબાવું અને દબાવવુંનો સિદ્ધાંત આપણી ગળથૂથીમાં મળે છે. પરંતુ જે લોકો દબાતા રહે છે તેઓ કોઈ દિવસ પોતાની તક ઝડપીને દબાવનારનું ગળું દબાવી દેશે, જોઈ લેજો. અને એ દિવસ હવે બહુ દૂર નથી સજ્જન!'

'તો શું તું એમ સમજે છે કે હિન્દુસ્તાનમાં કોમ્યુનિસ્ટોનું જોર વધી જશે? એ લોકો ખૂન-ખરાબી કરાવશે?' શીલાએ બંને હાથની આંગળીઓ એકબીજામાં ભરાવી પગ હલાવતાં પૂછ્યું.

'હું નથી જાણતો કે કઈ પાર્ટીનું જોર વધશે. હું રાજકારણનો જાગૃત વિદ્યાર્થી નથી. પરંતુ હું એટલું જરૂર માનું છું કે માર્ક્સના સિદ્ધાંત અને રશિયા, લેટલી, ચીનના નવા નિર્માણથી દુનિયાના દરેક નાનામોટાના વિચારોમાં ક્રાંતિકારી પરિવર્તન અવશ્ય થયું છે. જેટલા જુલમના ભોગ બનેલા છે, જેટલા સર્વસ્વ હારી બેઠેલા છે એ બધા હવે પછડાયેલા નાગની જેમ ફેણ ઉઠાવી રહ્યા છે. આ

વખતે એમને કોઈ રોકી નહિ શકે. ...અને આપણા સમાજની સ્ત્રી પણ સર્વસ્વ હારેલી છે. એને હદથી વધારે સતાવવામાં આવી છે – હદથી વધારે!'

સજ્જનને એની માનું સ્મરણ થઈ આવ્યું. એણે કેટલા અત્યાચાર સહ્યા હતા!

શીલા બોલી, 'સ્ત્રીઓની બાબતમાં તું બહુ રોમાંટિક ઢબે વિચારે છે મહિપાલ! હવે તો સ્ત્રી ભણેલી-ગણેલી, કલ્ચર્ડ અને પહેલાં કરતાં કયાંય વધારે સ્વતંત્ર છે. હું જોઉં છું કે છોકરીઓનું એજ્યુકેશન...'

ક્રોધના ઊભરાને રોકવા છતાં મહિપાલ એની જીભની તીખાશને દબાવી ન શકયો. બોલ્યો, 'મુઠ્ઠીભર સ્ત્રીઓ આઝાદ છે. એમાંથી એક તું છો જે બત્રીસ રૂપિયા ફી કમાઈ લે છે. પરંતુ બહુમતી તો એ સ્ત્રીઓની છે જેને બળી-બળીને મરવા માટે લાચાર બનવું પડે છે.'

'તું તો હવે જિદ પકડી બેઠો છે મહિપાલ.' શીલાએ જીભમાં મીઠાશ લાવીને કહ્યું, 'આવા પાંચ-દસ કેસ જરૂર બને છે, એ વાત બીજી...'

'બીજી નહિ, પહેલી છે. આ જ વાત પહેલી છે. સોમાંથી માંડ પાંચ-દસ પર છોડી દો. બાકી હિન્દુસ્તાનનું દરેક ઘર સ્ત્રીઓ માટે કસાઈખાનું છે!'

'તારું ઘર પણ?' સજ્જને વ્યંગ કર્યો.

સાંભળીને મહિપાલ અટકી ગયો, એનો ચહેરો તંગ બન્યો, પછી સંયત સ્વરમાં બોલ્યો, 'હા, હું પણ એક કસાઈ છું!'

'કેમ?' કોઈ જજ અપરાધીને સવાલ પૂછે એવા રોફથી સજ્જને પૂછ્યું. બીજાના અપરાધની આડશ લઈને એનું અપરાધી હૃદય આખાબોલું બનવા લાગ્યું.

મહિપાલ બોલ્યો, 'મારું લગ્ન નિષ્ફળ ગયું. જેમ માતાપિતા દ્વારા નક્કી થયેલાં લગ્નોમાં મોટેભાગે થતું હોય છે. આપણાં એંસી ટકા ઘરોમાં આવાં લગ્નો જીવનભર માટે કરજની જેમ નિભાવાય છે. પરિણામ એ આવે છે કે કયાંક પતિ, કયાંક પત્ની, કયાંક પતિ-પત્ની બંને એકબીજાની પીઠ પાછળ વ્યભિચાર કરે છે.'

'માત્ર એવાં જ લગ્નોમાં શા માટે, લવમેરેજમાં પણ આવું જ થાય છે. જ્યાં સુધી રોમિયો-જુલિયેટ નવાં નવાં રહે ત્યાં સુધી બંનેમાં ખૂબ જ પ્રેમ રહે છે. પછી કાં તો છૂટાછેડા ને કાં તો આપસમાં દગાબાજી – આવા જ રસ્તા રહી જાય છે. હું પણ એવા મત પર પહોંચી છું કે લગ્નનો રિવાજ માનવીમાં કપટ, જૂઠ અને અત્યાચાર જગાવે છે. એને હટાવી દો, સ્ત્રીઓને આર્થિક રીતે સ્વતંત્ર કરી દો, પછી જુઓ, સ્ત્રી-પુરુષના સંબંધ કેટલા જલદી નોર્મલ બની જાય છે.' શીલા બોલી.

'પછી સ્ત્રી-પુરુષ વચ્ચે સંબંધ શાનો રહેવાનો? માત્ર દેહ-ભોગનો!' મહિપાલ આવેશમાં આવીને બોલ્યો.

'અને આજે શું છે? નાઈન્ટી-નાઈન પરસેન્ટ પોઈન્ટ નાઇન રીકરીંગ કેસીઝમાં સ્ત્રી-પુરુષ એકબીજાને શું વાપરવાની નજરથી નથી જોતાં?' સજ્જન ટેબલ પરથી સિગારેટ-કેસ ઉપાડતાં બોલ્યો.

'અરે, હું તમને કહું મારી નજર સામે તો કોણ જાણે કેટલાંય ઘરોના પડદા ચિરાઈ ગયા છે. પહેલાં હું એવા એબોર્શન કેસીઝ નહોતી કરતી. પછી વિચાર્યું કે એમાં વાંધો શો છે? જે કામ માત્ર માણસ જ નહિ, પશુ-પંખી પણ કુદરતી રીતે કરે છે એને જો આદમ અને ઈવનાં સંતાનો લગ્ન અને એના મોરલ કોડને કારણે પાપ સમજીને કરે તો હું શા માટે એમની બેવકૂફીનો ફાયદો ન ઉઠાવું?' કહીને શીલાએ જાણે સાત્ત્વિક ઉત્તેજનાના ઊભરામાં ગ્લાસને હોઠ સાથે લગાવી દીધો.

સજ્જનને પ્રેરણા મળી. પોતાના ગ્લાસ તરફ હાથ લંબાવતાં તે બોલ્યો, 'તું એકદમ બરાબર કહે છે. લગ્ન અને એના મોરલ કોડ સમાજને ઊંચો કરવાને બદલે નીચા પાડે છે. એને ખતમ કરી દેવાં જોઈએ.'

'અરે, એ એની મેળે જ ખતમ થઈ જશે. જ્યારે સ્ત્રી અને પુરુષ બંને ઉચ્ચ શિક્ષણ મેળવશે, બંને કમાતા લાગશે તે જ દિવસે આ સડેલો મોરલ કોડ પણ ખતમ થઈ જશે.'

'અચ્છા હવે ગેટ-અપ યક્ષ!' શીલાએ હસીને મહિપાલને કહ્યું, 'ઘડિયાળ જો. તારી વિયોગિની રસ્તો જોતી બેઠી હશે!'

બે જોડી આંખો ખામોશીથી હસી. મહિપાલ ઝડપથી નજર ચૂકવી ઘડિયાળ તરફ જોવા લાગ્યો. એક ઉપર ચાલીસ મિનિટ થઈ હતી.

દસ

શીલાની ગાડી સડક પર ફૂટપાથ પાસે ઊભી રહી.

દરવાજો ખોલતાં મહિપાલને શીલાએ કહ્યું, 'એન્ડ બી નાઈસ ટુ યોર મિસિસ, ડાર્લિંગ! આજે સાચે જ તને ખૂબ મોડું થઈ ગયું છે.'

'હા, પણ વન્સ ઈન એ બ્લૂ મૂન, આ પણ બરાબર છે!' કૃત્રિમ બેપરવાઈથી બોલીને મહિપાલ હસ્યો, બોલ્યો, 'હું જો ચિત્રકાર હોત તો મારું ચિત્ર માટીના

રંગથી રંગત. બસ, દિલના ધબકારા ઉજળા છે... મગજ, હા, મગજ પણ ઉજળું તો છે પરંતુ મૂંઝવણોના ચાલતા ચકરાવાથી ઘેરાયેલું છે. ...તું મારા ચાહની સાથી છો, કલ્યાણી મારા જીવનની નિષ્ઠા છે. હું તમારા બંનેથી ઋણમુક્ત થઈ શકતો નથી, સાચું કહું છું...'

હારેલા-થાકેલા બીમારની જેમ મહિપાલ કરુણ દૃષ્ટિથી શીલા તરફ જોઈ રહ્યો. શીલાએ પ્રેમથી એના ગાલ પર હાથ રાખીને કહ્યું, 'કેટલો ચાર્મિંગ (મનોહર) છે તું ! નાઓ ટેક કેર ઓફ યોર હેલ્થ ડીયર! તારા મનનું આ દર્દ તારા સાહિત્યને આપી દે... અને બધું ભૂલી જા.'

શીલાના હાથના દબાણથી બંને માથાં ઝૂકી ગયાં. અંધારામાં નમેલી ચાર આંખોમાં એક બળ ચમકી રહ્યું હતું – શીલાની નજરમાં હીરાની કણી બનીને અને મહિપાલની આંખોમાં કરમાતા ગુલાબના ફૂલની જેમ. શીલાના હોઠમાં ભાર-ભરી ગરમી હતી અને મહિપાલના હોઠમાં ભાવનો સ્પર્શ તો હતો પણ જોશ નહોતું.

'કાલે મળશે ?' શીલાએ ઊઠીને પૂછ્યું.

'લખવા માગું છું.' મહિપાલ બહાર નીકળતાં બોલ્યો.

'મારે ત્યાં લખ. એમ કર, બપોરે જમીને મારે ત્યાં...'

'સમાધિ લગાવ્યા પછી જોગી એનું આસન છોડી શકતો નથી ! ...જો સાંજ સુધીમાં આવવાની ઇચ્છા થશે તો ફોન કરીને આવી જઈશ.' મહિપાલ બોલ્યો.

'ના, કાલે તો જરૂર આવવું પડશે. ક્રિસમસ ઇવ છે...'

'ઓહ ! હું ભૂલી ગયો હતો. ...આવીશ... કાલે હું... લગભગ સાત વાગે તારે ત્યાં પહોંચી જઈશ, બાય–બાય !'

'બાય–બાય !' સરસર કરતી કાર ચાલી ગઈ. કારની લાલ બત્તી પણ આંખોથી અદશ્ય થઈ ગઈ. મહિપાલ, હવે જાણે કોઈ ઉપાય ન હોય એમ ઘરની ગલી તરફ ચાલ્યો.

ફૂટપાથ પરથી ઘસાયેલી-તૂટેલી ઈંટોમાં ચાર પગથિયાં ઉતરીને સાંકડી ગલીમાં પ્રવેશ કરતાં ગલીના સૂનાપણા સાથે મહિપાલનું સૂનાપણું મળી ગયું.

બંધ દરવાજાની મૂંગી જનતા પાસેથી પસાર થતા મહિપાલના વિચારો પોતાનામાંથી ઊઠીને બહાર ફેલાવા લાગ્યા. મૂંગગળામણ ઉચ્છ્વાસ બનીને ઉપર આવી. આંખો અનાયાસે જ આકાશ તરફ જોવા લાગી. ઊંચી દીવાલોની સાંકડી સમાંતર રેખાઓ ઉપર પોષની રાત સરસ ઝગમગી રહી હતી.

'દુનિયા કેટલી વિશાળ છે!' મહિપાલ વિચારવા લાગ્યો. 'આ તારાઓ એકસાથે કેટલા વિસ્તારમાં – કેટલી વ્યક્તિઓ, ઘરો, વસ્તીઓ, દેશ-પરદેશને પોતાના ચળકાટથી બાંધી રહ્યા છે!'

અડધી ગલીને રોકીને એક ગાય બેઠી હતી. બાજુની કોઈ ગલીમાંથી કૂતરાઓની લડાઈનો અવાજ સંભળાતો હતો. આ અવાજ રાતના સન્નાટાનો જ એક ભાગ હોય એમ મહિપાલને લાગ્યું. લગભગ આ જ વખતે એનાથી પંદર-વીસ ડગલાં દૂર કોઈ ઘરના ઉપરના મજલા પરથી કોઈ ચીજ ધબ દઈને ગલીમાં આવી પડી. મહિપાલ ચોંકી ઊઠ્યો. એને માટે રાતના સન્નાટામાં ભંગ પડ્યો. શું પડ્યું? આ સમયે કોણ જાગી રહ્યું હશે? ગલીની બત્તીના પ્રકાશમાં અને સફેદ પોટલી જેવું ચમકતું જણાયું. એનું મન ચોંકીને તરત કોઈ અપરાધ-કોઈ વણમાગેલા શિશુની લાશની કલ્પનામાં પડી ગયું. હૃદયના ધબકારા સાથે પગલાં પણ ઉતાવળાં બન્યાં. પાસે જઈને જોયું તો એક ફાટેલો મેલો તકિયો દેખાયો, જેનું થોડું રૂ ગલીમાં પણ ઊડતું હતું. આ જોઈને એને શાંતિ થઈ. હસવું પણ આવ્યું, કે આવા સમયે આ દળદર ફેંકવાનો મૂડ કોને આવ્યો હશે? પછી વિચાર્યું, મહોલ્લો છે, કેટલાંય મન છે; રાત થવાથી શું જીવનની ગતિ થોડી અટકી પડે છે? ખુદ એ જ ચાલી રહ્યો છે, પોતાની સમસ્યાઓની ગાથા લઈને ચાલી રહ્યો છે. ...વિચારવા લાગ્યો, દર ચાર દીવાલની અંદર પુરાયેલી કોણ જાણે કેટલાંય મનોની ગાથાઓ સૂતી કે જાગતી હશે!

મહિપાલની કલ્પનાએ દરેક ઘરના બંધ દરવાજા ખોલી નાખ્યા. ઝૂંપડીઓમાં બિછાવાયેલી ખરાબ અને તૂટેલી જીર્ણ ખાટલીઓથી માંડીને ઉમદા પલંગો સુધી, ફાટેલી ગોદડી અને ટાટથી માંડીને રેશમી રજાઈ સુધીમાં દૂંફ લેતા મહોલ્લાની અસ્પષ્ટ ઝલક એને દેખાવા લાગી. કેટલાય જાગતા હશે, વિરહમાં એકલા, અથવા આનંદમાં બેકલાં. કોઈ સાંસારિક માયામાં પણ મશગૂલ હશે. આ ઘરોમાં કેટલાય જગદંબાસહાય પણ હશે. કેટલીય એવી વિવશ રમણીઓ પણ હશે જેને આજના દૈહિક સુખની કિંમત કાલે પોતાના દેહને આગ ચાંપીને ચૂકવવી પડશે.

મહિપાલના રુંવાં ઊભાં થઈ ગયાં. એને ઠંડી લાગવા લાગી. ...આ જીવન પણ અજબ સમસ્યા છે. આ મહોલ્લાઓ એ બધી સમસ્યાઓને કારણે ગલીઓ, સડકો, બજારના ચીલા અને ઇતિહાસની ગઈ-ગુજરી સદીઓની જટિલ જાળથી ઘેરાયેલા છે. એમાં માનવો અને હેવાનોને એકસાથે, કશા જ ભેદભાવ વિના રક્ષણ મળ્યું છે. શ્રીમંતો અને નગરશેઠોની ઊંચી હવેલીઓથી માંડીને ગરીબોનાં

જિંદગી વિતાવનારનાં માનવીય ઉંદરોનાં દર જેવાં ઘર આ મહોલ્લાનાં નામ અને સરનામાં માટે સમાનભાવે હક્કદાર રહ્યાં છે. ઇમાનદારોના ઇમાનની પરખ મહાજન પાસે અહીંથી જ જગજાહેર થાય છે. ચોર, ખૂની અને બદમાશ પણ આ જ ગલી-મહોલ્લામાં સમાય છે.

...સદીઓ વીતે છે, સમસ્યાઓ બદલાઈ જાય છે; ઘર ખંડેર બને છે, નવાં ઊભાં થાય છે. ...મહોલ્લો વેરાનમાં સદા નવી આશા લઈને જીવે છે, માનવીની કદી ન પૂરી થાવ તેવી આ કથા છે; એના દિલમાં માનવીનું ઘર છે.

* * *

ઘેર પહોંચીને સાંકળ ખખડાવવામાં મહિપાલને જરા સંકોચ થયો. થયું કે મોંમાંથી શરાબની ગંધ જરૂર આવતી હશે. પછી થયું, કદાચ ન પણ આવે. પીધાને ઘણી વાર થઈ ગઈ છે.

ગડમથલમાં એક મિનિટ પસાર થઈ ગઈ; છેવટે એણે સાંકળ ખખડાવી.

થોડીવાર પછી બારણાં પાછળથી કલ્યાણીનો અવાજ આવ્યો, 'કોણ છે?'

'હું.' મહિપાલે કહ્યું કે તરત જ અંદરથી આગળિયો ખસ્યો ને સાંકળ ઊઘડી ગઈ. ઉંબરાનું અજવાળું મહિપાલ પર પડવા લાગ્યું. પતિ-પત્નીએ એકબીજાને જોયાં, પતિએ નજર આડી કરી લીધી. અંદર જઈને બોલ્યા વિના એણે બેઠકનું બારણું ખોલ્યું ને અંદર સ્વીચ તરફ ગયો.

બહારના દરવાજાની સાંકળ બંધ કરી કલ્યાણીએ શુષ્ક સ્વરે પૂછ્યું, 'અહીં જ સૂશો?'

'લખીશ.' ભારે અવાજમાં જવાબ દઈને મહિપાલે ટેબલલેમ્પ સળગાવ્યો અને એના ટેબલ પરના કાગળો એવી રીતે ફેંદવા લાગ્યો જાણે કોઈ જરૂરી કાગળ શોધી રહ્યો હોય. વ્યસ્ત હોવાને બહાને એની પીઠ પત્ની તરફ હતી, એમ જ રાખીને એણે કહ્યું, 'બેએક પાન મને આપી જજે.'

'પાનદાનીમાં મૂક્યાં છે.' પત્નીએ કહ્યું કે તરત જ કાગળો છોડીને મહિપાલે પાનદાની ઉઠાવી લીધી ને મોંમાં ચાર પાન ભરીને એવો નિશ્ચિંત બની ગયો જાણે ચોરીનો માલ લઈને ભાગતો ચોર ભયવાળી જગા વટાવીને પોતાની સરહદમાં પહોંચી ગયો હોય.'

એની પત્ની દરવાજેથી ચાલી ગઈ હતી. નિશ્ચિંતતાનો શ્વાસ લઈને મહિપાલે મોંમાં તમાકુની ચપટી નાખી.

એ દિવસથી ઘરમાં પતિ-પત્નીની ખટપટ ચાલી રહી છે. કાલે બપોરે તો ખૂબ જ જોરમાં જામી પડી હતી; આજે પણ કલહ-પ્રભાતથી જ દિવસનો આરંભ થયો; ભોજન વખતે પણ તે ખાતાં ખાતાં થાળી ખસેડીને ઊઠી ગયો હતો. ઝઘડો ખર્ચ બાબતમાં થયો હતો. દોઢ મહિનાથી એની આવક છિન્નભિન્ન થઈ ગઈ છે. સપ્ટેમ્બરમાં મહિપાલની મોટી પુત્રીને ડબલ ન્યૂમોનિયા થઈ ગયો હતો. મરતાં બચી ગઈ, નહિ તો બીજી બધી ક્રિયા થઈ ગઈ હતી. શીલા અને કર્નલને લીધે સારવારનો ખર્ચ તો એને બહુ ન થયો, પરંતુ માનસિક અસ્તવ્યસ્તતાને કારણે એ દિવસોમાં તે કાંઈ લખી ન શકયો. રોજ કૂવો ખોદીને પાણી પીનાર માણસને એક દિવસ પણ નવરા બેસવું ભારે પડી જાય છે. મહિપાલને નવેમ્બરથી જ તંગી શરૂ થઈ ગઈ હતી. આશા હતી કે ડિસેમ્બરમાં પુસ્તકોની રોયલ્ટીના દોઢ-પોણા બે હજાર રૂપિયા આવી જશે. પરંતુ મહિપાલના કેટલાય તગાદા પછી થોડા દિવસ પહેલાં જ પ્રકાશકનો પત્ર આવ્યો હતો કે બજારની મંદીને કારણે આ વખતે એમનો હાથ છૂટો નથી, રૂપિયા ફેબ્રુઆરી કે માર્ચમાં મોકલશે.

માત્ર રોટલા-પાણી માટે પણ નવ માણસોના ઘરમાં મહિને ઓછામાં ઓછા સાડા ત્રણ–પોણા ચારસો રૂપિયા જોઈએ જ. મહિપાલના બે પુત્રો હર્ષવર્ધન અને શ્રીવર્ધન તથા ભાણેજ શકુંતલા ઇન્ટરમીડિયેટના બીજા વર્ષમાં ભણે છે, પંદર વર્ષની પુત્રી રાજ્યશ્રી નવમા ધોરણમાં છે, અને સિદ્ધાર્થ સાતમામાં ભણે છે; તપોધન સાત વરસનો છે, બીજા ધોરણમાં ભણે છે અને અનામિકા હજી વરસેકની દૂધપીતી બાળકી છે.

રેડિયો માટે નાટક, વાર્તાઓ, માસિકોમાં વાર્તાઓ, લેખ વગેરે લખવા ઉપરાંત મહિપાલ અહીં છેલ્લા પાંચ-છ મહિનાથી એક સ્થાનિક દૈનિક પત્ર માટે રોજની એક હાસ્યની કોલમ પણ લખવા લાગ્યો છે. એટલે હમણાં તો એ હાસ્યની કોલમના પુરસ્કારના દોઢસો રૂપિયા જ એની બાંધેલી આવક છે, બીજું બધું આકાશીવૃત્તિ છે. આમ તો બજારમાં બધી મળીને એની અગિયાર ચોપડીઓ વેચાય છે, પરંતુ આવક ખાસ થતી નથી. મહિપાલની નવલકથાઓમાં રોમાન્સનો તદ્દન અભાવ છે અને આજકાલ (પ્રકાશકના કહેવા અનુસાર) તમતમતી ચોપડીઓની માગ સૌથી વધુ છે. પ્રગતિશીલ, સામાજિક, વિચારશીલ નવલકથા વેચાય ખરી, પરંતુ... આ 'પરંતુ' પર એક 'પરંતુ' એ પણ છે કે જે રચનાઓની ખળભળાટ, હાહાકાર કરતી સમાલોચનાઓ : એક 'અધ્યયન', બે 'ચિંતન', અને દસ દષ્ટિકોણ પ્રકાશિત થઈને માસિક – સાહિત્ય વાંચનારાઓને મોટાં મંદિરની સામે બેઠેલા ભિખારીઓની

જેમ ઘેરાઈ ન વળે તો એના લેખકોની આવક હજી પણ ઓછી થાય છે. મહિપાલની રચનાઓને પણ આ સૌભાગ્ય ઓછું મળે છે. એને એમ લાગે છે અને એ ફરિયાદ પણ કર્યા કરે છે કે સૌથી વધુ બોલબાલા એવી જ ચોપડીઓની થાય છે જેના લેખક કોઈ ને કોઈ રાજનૈતિક કે સાહિત્યિક જૂથની સાથે મળી ગયેલા હોય. જે જૂથનું જેટલું વધુ સંગઠન હોય છે એવા લેખકોની એટલી જ વધુ પબ્લિસિટી થાય છે, અને તે એટલું વધુ કમાઈ પણ લે છે. મહિપાલ પોતાને કોઈ જૂથ સાથે જોડી ન શક્યો.

આ રીતે તે પોતાના વર્ગથી વિખૂટો પડેલો, એકલો છે. આ એકલવાયા-પણાને કારણે તે દિવસે દિવસે માનસિક ધૂનના કળણમાં ડૂબતો જાય છે. અભાવના વીંછીનો ડંખ ખાઈને ક્યારેક લાખોની લક્ષ્મી અને સાતેય સુખની કલ્પનાથી પોતાનો જીવ બહેલાવે છે, અને ક્યારેક આ મિથ્યા કલ્પનાની પ્રતિક્રિયામાં પોતાને કોસતો રામ, બુદ્ધ, મહાવીર, ઈસુ, ગાંધી અને પ્રાચીન ભારતીય ઋષિઓ, સંતો-ના ત્યાગ અને તપનિષ્ઠામાંથી પ્રેરણા લઈ લખવા-વાંચવાના કામમાં લાગી જાય છે. દિવસ અને રાતના અતૂટ ક્રમની જેમ એનું કામકાજ અને નકામાપણાનો ગુનો તથા હેરાનીભર્યો ક્રમ ક્યારેક પૂરો જ નથી થતો. ઈશ્વર અને પ્રિયતમાની વચ્ચે લાલચથી બંને હાથ ફેલાવીને તે હંમેશા તરસ્યો ને તરસ્યો જ રહી જાય છે.

દીવાનખાનામાંથી પત્નીના ગયા પછી મહિપાલનો પ્રાયશ્ચિત્તનો મૂડ ખૂબ વધી ગયો. એકાએક એને એ બાબતનો ખ્યાલ આવ્યો કે આડત્રીસ વર્ષની ઉંમરમાં જ કલ્યાણીના માથાના વાળ સફેદ થવા લાગ્યા છે. ચહેરાની રેખાઓ પાકટ બની ગઈ છે, એ એની ઉંમરથી પાંચ-સાત વર્ષ વધુ મોટી લાગે છે. મહિપાલ વિચારવા લાગ્યો કે કલ્યાણીની આ દુર્દશા પોતાને કારણે જ થઈ છે. માન્યું કે તે કલા-સાહિત્ય વગેરેમાં જરાય સમજતી નથી, વાતો પણ સાવ જુનવાણી કરે છે, હંમેશા રૂપિયા-પૈસા, સંબંધ-સગપણ, લેવા-દેવા વગેરે અંગે જ વિચાર ર્ક્યા કરે છે, છતાં પણ એનું જીવન જેવું એકનિષ્ઠ છે એવું એણે ભાગ્યે જ જોયું છે. બીજાને આરામ આપવા તે તનતોડ મહેનત કરી શકે છે, પોતાનો જાન સુધ્ધાં ન્યોચ્છાવર કરી શકે છે. આ વિશેષતા મહિપાલે બીજી સ્ત્રીઓમાં બહુ જ ઓછી અથવા તો નહિ જેવી જ જોઈ છે. મહિપાલ ખરા દિલથી એને શ્રદ્ધાપૂર્વક નમી પડ્યો.

કલ્યાણી એક હાથમાં પાણીનો ગ્લાસ અને બીજા હાથમાં કાચની પ્લેટ લઈને ઓરડામાં આવી. મહિપાલ ચોંકી ઊઠ્યો. જો પહેલાં જરા પણ સંચાર થયો હોત તો તે લખવા કે વાંચવાનો ઢોંગ કરત, પરંતુ આ વખતે તો તે કાગળ, કલમ, પુસ્તકથી દૂર ખાટ પર તકિયાને અઢેલીને બેઠો બેઠો 'પ્રાયશ્ચિત્ત' કરી રહ્યો હતો.

પરંતુ સહાનુભૂતિ ભરેલી ચિંતનતસવીરની જેમ આ પ્રાયશ્ચિત્તને એ એની પત્નીની સામે જાહેર કરીને કહી નથી શકતો કે જો, તારી પીઠ પાછળ પણ હું તારા જ ગૌરવનું ચિંતન કરી તારી પ્રતિષ્ઠા વધારી રહ્યો છું. તેથી, એકાએક કલ્યાણીના આવી જવાથી એ મૂંઝાઈ ગયો.

મેજ પર ગ્લાસ રાખીને ખૂણાના સ્ટૂલ પરથી એક જૂનું છાપું લઈને કલ્યાણી પૂછવા લાગી, 'આ પાથરી દઉં? તમારે કામનું...'

'પાથરી દે, આ શું છે? ચણાના લોટનો શીરો?' જોઈને મહિપાલની ભૂખ ઊઘડી ગઈ. પીકદાની લઈને એમાં પાન થૂંકી, ગ્લાસના પાણીથી કોગળા કરી નાખ્યા.

શીરાની પ્લેટ અને દહીંવડાનું વાસણ મૂકતાં કલ્યાણી બોલી, 'બડકઉ રોજ બહુ જ કહેતો હતો કે મા, શીરો બનાવ, શીરો બનાવ, એટલે મને થયું કે ફુરસાણમાં દહીંવડા બનાવી લઉં.'

'આ તો એકદમ ગરમાગરમ છે. ...વાહ, સરસ બન્યો છે!' માવાના ટુકડા, ચારોળી, ખાંડેલી નાની એલચી અને સાકરની ગાંગડી નાખીને બનાવેલો ચણાના લોટનો શીરો મહિપાલને ઘણો જ ભાવે છે.

કલ્યાણી બોલી, 'વીજળીના સ્ટવ પર હમણાં જ ગરમ કર્યા. ...તમે સવારે આખી ખસેડીને ચાલ્યા ગયા, મારો દિવસ કેવો ગયો છે...' વાત પૂરી ન થઈ શકી. કલ્યાણીની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં, હોઠ કંપવા લાગ્યા.

મહિપાલની કરુણા જાગી. એને છુપાવીને હસતાં હસતાં એ બોલ્યો, 'એમ! તો આ બધા રિસાયેલા વાલમને મનાવવાના લટકા છે. બડકઉ બિચારાનું તો બહાનું જ છે!'

કલ્યાણીના સૂકા ચહેરા પર સ્મિતની હરિયાળી લહેરાઈ. મહિપાલ બોલ્યો, 'એવમસ્તુ! હમ સંતુષ્ટ ભયેન. લે...'

મહિપાલે ચમચામાં શીરો લઈને એની તરફ ધર્યો. કલ્યાણી બોલી, 'ના, હું નહિ ખાઉં.'

'કેમ, એમાં આભડછેટ લાગી ગઈ! ગાંડી! અરે, ચોકા નામના એક ઓરડામાં ન ખાધું ને દીવાનખાના નામના બીજા ઓરડામાં ખાઈ લીધું એમાં કઈ બુરાઈ આવી ગઈ, કહે જોઉં?'

'તો હું તમને એવું કરવાનું ક્યાં કહું છું; બાકી આ તો આપણા વિચાર-વિવેકની વાત...'

'તારા વિચાર-વિવેકની એસી કી તૈસી. લે, ખા હવે.' લાડથી ધમકાવીને મહિપાલે ચમચો એના હોઠે લગાડી દીધો. કલ્યાણી એકદમ જ હોઠ બંધ કરી પાછળ હટી જઈને દૃઢ સ્વરે, પણ ક્ષમા માગતી હોય એવી મુદ્રામાં બોલી ઊઠી, 'ના – ના.'

મગજમાં ગુસ્સાની લહેર આવી ગઈ, પરંતુ મહિપાલે એને દબાવી દઈને ગંભીર સ્વરે કહ્યું, 'સ્વામી વિવેકાનંદે કહ્યું હતું – જાણે છે વિવેકાનંદ કોણ હતા?'

'હા–હા. એમનો ફોટો જોયો છે.'

'અચ્છા, તેઓ કહી ગયા છે કે આપણો હિન્દુ ધર્મ–જાણે છે ક્યાં વસે છે? – રસોડામાં. અને આપણા ભગવાન કોણ છે? – કહે છે કે આપણા ભગવાન છે દાળ-ભાતની તાંબડી, અને આપણો ધર્મ કેવો છે કહે તો?'

કલ્યાણીએ જવાબ ન દીધો, પ્રશ્નાર્થ નજરે એની સામે જોઈ રહી.

'આપણો સનાતન ધર્મ પેલા હિજડા જેવો છે... જે નાક પર આંગળી રાખીને આંખ મટમટાવતાં એના માનવાવાળાને કહે છે કે એય અભાગિયાઓ, મૂઆઓ, મને અડશો નહિ, હું એકદમ પવિત્ર ને સ્વચ્છ છું.'

આ રીતે ધર્મની હાંસી ઉડાવવાનું કલ્યાણીને ખૂંચ્યું, ખટક્યું, એ ભયભીત બની ગઈ. મહિપાલ વાત ટુંકાવીને ચૂપ થઈ ગયો. શીરાની અડધી વધેલી પ્લેટ નીચે મૂકીને વડાની પ્લેટ ઉપાડતાં એ પોતાની વાતની પ્રતિક્રિયાની રાહ જોવા લાગ્યો. કલ્યાણી કંપતા સ્વરે બોલી, 'જુઓ, આપણે સારા ઘરનાં, ઘર-ગૃહસ્થીવાળાં, બાળ-બચ્ચાંવાળાં છીએ. તમારે ભગવાનને ને ધરમને આવું ન કહેવું જોઈએ. ભારે પાપ લાગે.'

'પાપ તો હડહડતું તારી આ છૂતાછૂતમાં ઘૂસેલું છે. અહીં છૂત, ત્યાં છૂત... રામ રામ! ઠીક, તો એ કહે કે તું શીરો તારા ચોકામાં શા માટે બનાવે છે? ત્યાં જ બેસીને શું કામ ખાય છે, પીરસે છે? તારા વિચાર પ્રમાણે તો એ પણ અભડાયેલું ગણાય.'

'કેમ?' કલ્યાણીએ ચોંકીને પૂછ્યું.

'કેમ શું? અરે, આ તો આરબ દેશનું ભોજન છે, મુસલમાનનું.'

'હશે, એમાં મારે શું? મુસલમાન એના ઘરમાં બનાવે છે ને હું મારે મારા ઘરમાં બનાવું છું.'

'એ તો હું પૂછું છું કે તું શું કામ બનાવે છે? અરે, તમે લોકો તો શબ્દમાં ને અક્ષરમાં પવિત્રતા-અપવિત્રતા સૂંઘનારા માણસો છો.'

'નહિ તો.' કલ્યાણી કશું કહી પણ ન શકી ને ચૂપ પણ ન રહી શકી. ઉતાવળમાં આટલું જ બોલી ગઈ. મહિપાલે ફરી એને બોલતી અટકાવીને કહ્યું,

'નહિ તો શું ? શબ્દ અપવિત્ર ન હોય તો તું ગાજર, ગોબી શા માટે નથી ખાતી ? એમાં – એમાં ગાય શબ્દનો 'ગા – ગો' આવી જાય છે એટલે ને ? તો... તો તારે આ વડાય ન ખાવાં જોઈએ. એમાં પણ 'ગા – ગો' આવે છે. (ઉત્સાહમાં અડધું વડું ખાઈને) વાહ, ખૂબ જ પોચાં બન્યાં છે.'

'વડામાં ગા – ગો ક્યાં આવે છે ?' વડાની પ્રશંસાથી સંતુષ્ટ થઈને કલ્યાણીએ વિનોદભર્યા સ્વરે પૂછ્યું.

'તેલુગુ ભાષામાં વડાને 'ગારુ' કહેવાય છે. હવે ભઈ, એ બનાવતી પણ નહિ ને ખાતી પણ નહિ. બે વડા વધારે લઈ આવ. જરા ગરમ મસાલો ભભરાવીને અને એક ચપટી મરચું નાખીને જરા તીખું બનાવજે, મજા આવી જશે.'

કલ્યાણી હસી, પછી બોલી, 'અત્યારે હવે વધારે ન ખાઓ. એ તો મારો જીવ ન રહ્યો એટલે લઈ આવી. હવે સવારે ખાજો.'

'ઓકે ચીફ,' કહીને મહિપાલ પ્લેટનું દહીં એકઠું કરીને ચમચામાં ભરવા લાગ્યો. એની પત્નીને ચીડવવા માટે કહેલી વાત એકાએક એના મનમાં વિચાર બનીને બેસી ગઈ, 'શીરો પરદેશી ચીજ છે. છતાં આજે આપણા દેશી ભોજનમાં મહત્ત્વનું અંગ બની ગયો છે. આ રીતે ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની ચીજો, શબ્દો, રીત-રિવાજની ઘણી વિશેષતાઓ એકબીજા દ્વારા અપનાવાઈને લોકવ્યાપી જનજીવનમાં સમાઈ જાય છે. આ વડા કોણ જાણે ભારતના કયા પ્રાન્તમાં, ક્યા સ્ત્રી કે પુરુષે સૌથી પહેલા પ્રયોગ તરીકે બનાવ્યા હશે... અથવા તો કદાચ કોઈક જગાએ ખોરાકના જુદા જુદા પ્રયોગ કરનાર લોકોએ આની શોધ કરી હોય. પણ એ તો નક્કી કે એકથી બીજા દ્વારા અપનાવાઈને જ આજે લગભગ સમગ્ર દેશની ભોજન-સામગ્રીમાં એ ભળી ગયા છે... એકથી બીજા સુધી ચીજ કેવી રીતે પહોંચે છે ? સંસ્કૃતિનો પ્રસાર કેવી રીતે થાય છે ? દેશકાળના ફેલાવામાં વસ્તુ અને વિચાર કેવી રીતે સંસ્કાર બનીને સમાઈ જાય છે ?... વાહ રે માનવજીવન ! કેટલું જટિલ અને કેટલું સરળ ! એક સાથે...'

કલ્યાણીએ વાત શરૂ કરી, મહિપાલનું ધ્યાન અંતર્મુખથી બહિર્મુખ બન્યું. કલ્યાણી કહેવા લાગી, 'આજે સાંજે પારવતીની મા આવી'તી. અરેરે, બિચારીના ઘરની ઘણી ખરાબ દશા છે. સાંભળીને મારો તો જીવ થથરી ગયો...'

'શું થયું ?' પૂછતાં પૂછતાં મહિપાલે શીરાની પ્લેટ ઉપાડી.

'અરે શું કહું ? પારવતીનો બાપ તો મહા નંખેદ માણસ છે. અરે, પોતાનાં બાળ-બચ્ચાંને ભૂખે મારીને પોતે એશઆરામ કરે છે. એને તો રામજી સાત જનમ સુધી નરકમાંથી નહિ ઉગારે !'

પાર્વતી પાડોશમાં રહેતા એક કારકુનની મોટી પુત્રી છે. અઢાર વર્ષની થઈ ગઈ; ન લગ્ન થઈ શક્યું, ન ભણી શકી. એને બીજાં પાંચ ભાઈબહેન છે. બાજુની જ ઓરડીમાં પાર્વતીની માસી પોતાનાં બાળકો સાથે રહે છે. માસાની પાંચ વર્ષથી ટ્રાન્સફર થઈ છે એટલે જલંધર રહે છે; ત્યાંથી ખર્ચ મોકલે છે. પાર્વતીના પિતાના નાના પગારનો વધારે ભાગ પણ માસીની જ પેટીમાં જાય છે. પાર્વતીની મા પોતાનાં બાળકો સાથે પોતાની નાની બહેનને કારણે અનાથ વિધવાની જેમ આર્થિક દુઃખથી ભરેલી અને સુહાગણની જેમ લાતો-જોડા-ગાળોથી ભરેલી લાચાર જિંદગી વીતાવે છે. આખા મહોલ્લામાં સાળી-બનેવીની વાત ફેલાયેલી છે.

મહિપાલે ખાલી પ્લેટ છાપા પર રાખીને ગ્લાસ તરફ હાથ લંબાવીને કહ્યું, 'કોઈ નવી વાત બની?'

'અરે, હમણાં તો પગાર જ ઘરમાં નથી દીધો. પારવતીની મા મારી પાસે ક્રુસકે ક્રુસકે રડી, કહે કે બહેન, બધું સહી શકું છું પણ બાળકો બબ્બે દિવસ સુધી ભૂખે રડે તે જોતાં જીવ કેમ હાથમાં રહે?'

મહિપાલનું મન એના શરીરને સખત બનાવીને ફરી પોતાનામાં લીન થવા લાગ્યું.

કલ્યાણી આર્દ્ર કંપિત સ્વરે કહેવા લાગી, 'મને કહે કે બહેનજી, પંડિતજી તો મોટા મોટા માણસોને ઓળખે છે, ક્યાંક મારા એકાદ છોકરાને રખાવી દો. મારે કશું નથી જોઈતું, બસ, એને બે જારના રોટલા ને ફાટેલાં જૂનાં...'

આંખોમાંથી ગંગા-જમના વહેવા લાગી, પળવાર માટે કલ્યાણીના કંઠનો સ્વર આંસુઓના પાતાળમાં ડૂબી ગયો. મહિપાલ ખામોશ રહી સાંભળતો રહ્યો. ભાવાવેશ પર થોડો કાબૂ મેળવી, છેડાથી આંસુ લૂછતાં કલ્યાણી કહેવા લાગી, 'એની વાત સાંભળીને મારું હૃદય ફાટી જાય છે. કેવું કલેજું લઈ એ માતા પોતાના પુત્રને ઘરમાંથી બહાર મોકલવાની વાત...'

તે ફરી રડવા લાગી. નિશ્વાસ નાખીને મહિપાલ બોલ્યો, 'પેટ! પાપી પેટ; એનાથી હારીને મા પણ કાળજા પર પથ્થર મૂકી દે છે. ...મનમાં થાય છે કે જઈને એ સાલા દીપનારાયણને ખૂબ પીટું. મારી મારીને સાલાનાં હાડકાં ઢીલાં...'

જગતની કરુણાને વીંધીને ગૃહિણીનો આદેશભર્યો સ્વર તીરની જેમ આગળ આવ્યો, 'ખબરદાર, તમને કહી દઉં છું. દુનિયાભરની પંચાતમાં ન પડતા. આપણે શી લેવાદેવા? અરે, આપણો જે ધર્મ છે તે આપણે નિભાવ્યો. તમે શા માટે કોઈની દુશ્મની વહોરી લો છો?' બોલતાં બોલતાં કલ્યાણી ઊઠીને અંદર ચાલી ગઈ.

મહિપાલ વિચારતો હતો,'હું શું દીપનારાયણ જેવો નીચ નથી? મારી પત્નીને સતાવું છું, છેતરું છું. એટલું ખરું કે હું નકામા ખર્ચ નથી કરતો, પણ

મારાં બાળકોને સારી રીતે ખવડાવી-પહેરાવી પણ નથી શકતો... અને કાલે ક્રિસમસ ઈવ છે, શીલાને ત્યાં જવાનું છે. એને કાંઈક પ્રેઝંટ પણ આપવી પડશે. ...ઘરમાં પાંચ રૂપિયા બચ્યા છે. અને પહેલી તારીખનું પણ કાંઈ આકર્ષણ નથી. 'લોકસત્તા'વાળાના પૈસા પણ આઠ-દસ જાન્યુઆરી પહેલાં મળવાના નહિ. એટલા દિવસ કેવી રીતે ચાલશે ? કેમ ચાલશે ? હે ભગવાન !...'

કલ્યાણી લોટામાં પાણી લઈ આવી. થૂંકદાની લઈને પતિના હાથ-મોં ધોવડાવવા લાગી. પાસે હોવાથી પતિના મોંમાંથી નીકળતી આછી ગંધ આવી. કલ્યાણીએ નાક સંકોડયું. પત્નીની સાડીના છેડાથી હાથ લૂછતા મહિપાલે એનો સંકોચ જોઈ લીધો. સમજી પણ ગયો; ચોરી પકડાઈ જવાથી અકળામણ અને શરમ પણ આવી. પોતે જ બોલ્યો, 'આજે જરા સરખો પી લીધો છે મેડમ ! સજ્જનને ઘેર, એણે બહુ આગ્રહ કર્યો.'

થૂંકદાની ખૂણામાં મૂકી ડાબા હાથ પર પાણી નાખતાં બોલી, 'તેઓ તો મોટા માણસ છે, પીએ છે તે એ પ્રમાણે ખાવાયે પામે છે. તમે તો... જુઓને, કેવા નંખાઈ ગયા છો આજે...'

'અરે, હું કાંઈ રોજ રોજ પીઉં છું ?... હા, કાલ અને પરમદિવસ એમ બીજા બે દિવસ પીશ. ક્રિસમસ પહેલાં તને ચેતવી દઉં છું, ખરાબ ન લગાડતી.'

ટેબલ પરથી પાનનો ડબ્બો અને તમાકુની ડાબલી ઉપાડીને આપતાં કલ્યાણી બોલી, 'રિસાઓ નહિ તો એક વાત કહું.'

'કહો !'

'જવા દો, નથી કહેતી. બે દિવસ પછી અત્યારે મારા ગ્રહ-નક્ષત્ર ઠીક થયા છે.' હસીને જાતે પાનદાનીમાંથી બે પાન કાઢીને મોંમાં મૂક્યાં ને પાનદાની બંધ કરી. મહિપાલે તમાકુની ડબ્બી એની સામે ધરી ને હસીને કહ્યું, 'સંકોચ ન કરો મહારાણી, હું અભયદાન આપી ચૂક્યો છું.'

'અરે, શકુંતલાના હાથ પીળા કરવાની ચિંતા છે. સારાપણું કોઈ જોતું નથી, બુરાઈ જલદી પકડી લે છે.' સામે ખુરશી પર એક પગ ઊંચો કરીને બેસતાં કલ્યાણી બોલી.

તકિયા પર ટેકીને મહિપાલે કડકાઈથી કહ્યું, 'અરે આપણે આહિન બાલાના શુક્લ – બાલા પીએ પ્યાલા, છતાં બાલાના બાલા. કોણ સાલું મારી તરફ આંગળી ઉઠાવી શકે છે ?'

કલ્યાણી હસી પડી, 'આ વખતે તો બાલાના શુક્લ એવા અકડશે જાણે નાનાના ઘરની તાલુકદારી એમના જ ભાગે આવી હોય. (પછી ક્રમશઃ ગંભીર થઈ

ગઈ) જો લાખ–બે લાખનું આપણું ગજું હોત તો આપણી સામે કોઈ આંખ ઉઠાવી શકત ? ગટ્ટુ મોટા માણસ બની ગયા છે, એ ભલે ગમે તે કરે, બાલ્લાના બાલ્લા જ રહેશે. મેં તો સાંભળ્યું કે મુલ્લરની મા બધા સામે કહેતી હતી કે હાંડડ... પછી તમારું નામ લઈને કહે કે પ્રખ્યાત જરૂર છે, પણ મોટા માણસ થોડા જ છે ? એની પાસે છે શું તે ભાણેજને દહેજમાં દેશે ?'

મહિપાલનું મન મુલ્લરની મા અને આખા સમાજ પ્રતિ ઘૃણાથી ભરાઈ ગયું. ગટ્ટુ (એનો નાનો ભાઈ, લખનૌના શ્રીમંત ચિકિત્સક ડૉ. જયપાલ શુક્લ)ની સાંસારિક સફળતાના પ્રકાશમાં પોતાની સાંસારિક અસફળતાનું ચિત્ર એના હૃદયમાં નાગની ફેણનું જંગલ બનીને દેખાવા લાગ્યું. આર્થિક અસમર્થતાના વાઘે પંજો ઉઠાવી એવી થપ્પડ મારી કે એના સાહિત્યિક વૈભવની ચામડી ઊખડી ગઈ. એનો જીવ તરફડી ઊઠ્યો, ઉશ્કેરાટમાં એ સીધો ટટાર બેસી ગયો, કડક અવાજમાં બોલ્યો, 'હું પણ જોઉં છું કે દસ વરસ પછી કોણ મોટો માણસ કહેવાય છે ? ગટ્ટુ કે હું ? આ પૈસાની દુનિયા બહુ દિવસ નહિ રહે. આજે તો સમાજનું શાસન જ એ બેઈમાનો અને લુંટારુઓના હાથમાં છે. તેઓ જે માન્યતા ફેલાવે એ જ લોકજીવનની માન્યતા છે. ...જેઓ આ – આ દગાબાજીને સમાજનો સૌભાગ્ય-સિતારો બનાવી પોતાના ખોટા સિક્કા ચલાવી રહ્યા છે તેઓ એ ભૂલી જાય છે કે કરોડો નબળા, ભૂખ્યા ને નાગા એમની પાછળ 'મરણિયો શું ન કરે' ના સ્પિરિટ સાથે ગાંડા જોશથી આગળ વધી રહ્યા છે. આ મુઠ્ઠીભર દગાબાજોને સળગાવીને ખાખ કરી દેવાશે ત્યારે મારી દીકરીઓની સાથે જ્ઞાનરૂપી દહેજ જશે, અને એની જ કિંમત થશે. ...ચોર, સાલા બદમાશ ! મારી ગરીબીની મજાક ઉડાવે છે ?'

ઉશ્કેરાટમાં હુંકાર કરતો મહિપાલ પાટ પરથી ઊભો થઈ ગયો ને ઓરડામાં ટહેલવા લાગ્યો.

કલ્યાણીને એની વાતો સમજાઈ નહિ, પણ એના આવેશથી તે ડરી ગઈ. પોતે ગરીબી અને પૈસાની તંગી સામે ઝૂઝતી હોવાને કારણે એક રીતે એ પણ અમીરોને તિરસ્કારે છે. એ પણ જુએ છે ને રોજ અનુભવે છે કે આજની દુનિયામાં સીધા અને ઈમાનદારનું મોત છે અને બેઈમાન ફૂલતા-ફાલતા રહે છે. ...પણ આ બધું બદલાય કેવી રીતે ? દુનિયામાં હંમેશ આમ જ થતું આવ્યું છે. ભગવાનની મરજી જ એવી છે.

પછી એને એના પતિ પર દયા આવવા લાગી – બિચારા દુ:ખી બની જાય છે ! આટલી મહેનત કરવા છતાં પણ એમને સુખ નથી મળતું. મગજનું કામ

કરે છે પણ બિચારાને એક અંબોળ જેટલું ઘી પણ નસીબમાં નથી. કેવા નંખાઈ ગયા છે!...

વિષમ માનસિક પરિસ્થિતિમાં એક મિનિટનો સમય બ્રહ્માના એક કલ્પ જેટલો થઈ જાય છે. એથી બમણા સમય સુધી ઓરડામાં સન્નાટો છવાયેલો રહ્યો; માત્ર મહિપાલના ચાલવાનો પગરવ સંભળાતો હતો, જે ગંભીર સન્નાટાનું જ એક અંગ હતો.

એકાએક કલ્યાણીની સામે આવીને મહિપાલ બોલ્યો, 'બસ. મેં નક્કી કરી લીધું છે. શિવચરણ દુબેના છોકરા સાથે વાત પાકી કરી લઉં છું. એમના આચાર ને વિચાર બંને સારા છે. એમનો છોકરો પણ ઘણો સુશીલ છે. આ વરસે એન્જિનીયરીંગ પાસ કરશે. શું સમજી?'

મહિપાલના ઉશ્કેરાટથી દબાવા છતાં કલ્યાણીએ ધીરેથી કહ્યું, 'શિવચરણ તો એ બાજુના દુબે છે. હું *ધકરવનને ઘેર નહિ કરું.'

મહિપાલે ખિજાઈને કહ્યું, 'તો શોધી લાવને લખનૌના બાજપેયીનો બેટો, જે સત્યનો સમર્થક હોય – દહેજ ન માગે.'

'તો શું શિવચરણ દહેજ નહિ લે?'

'ના! શિવચરણ સાચો માણસ છે. હું એને, એના વિચારોને સારી રીતે સમજી ગયો છું.'

ઊંડો નિઃશ્વાસ નાખીને કલ્યાણી બોલી, 'દુનિયા કેવી છે? શકુંતલાનાં મા-બાપ જો જીવતાં હોત તો શું મઝગાંવી મિશ્રની દીકરી ધકરવનના ઘેર જાત?'

'તો લાવ, કાઢ પંદર-વીસ હજાર રૂપિયા. આ લોકો છોકરા-છોકરીનાં લગ્ન થોડાં કરે છે? લક્ષ્મી અને અહંકારની ગાંઠ બાંધે છે. નીચ! ઈન હ્યુમન! ...પેલા... પેલા તિવારીજી, કહે છે કે ભારે મોટા લેખક, વિચારક ને કોલેજના પ્રિન્સીપાલ છે, પણ જન્માક્ષર માગવા જાઓ તો કહેશે કે નગદ પચ્ચીસ હજાર લાવો, બાકી જેવી તમારી શ્રદ્ધા! ...આ લોકો ભણેલા-ગણેલા છે? સભ્ય છે? છિઃ!'

---

* કાન્યકુબ્જ બ્રાહ્મણસમાજમાં પણ બીજા સમાજોની જેમ જ અનેક ઉપજાતિઓ છે. આ ઉપજાતિઓ અનેક ગોત્રોમાં વહેંચાઈ છે; અને ગોત્ર અનેક કુળમાં વહેંચાયાં છે. કુલ ત્રણ મુખ્ય ભાગો છે: ષટ્કુળ મધ્યમ અને ધાકર. ષટ્કુળવાળા પોતાને સર્વોચ્ચ માને છે અને ધાકરોને (પોતાના સમાજમાં) હીનતમ દૃષ્ટિથી જુએ છે. બાલા નામના પ્રસિદ્ધ પૂર્વજના કુળમાં વીસ બિસ્વા 'મરજાદ'માં જન્મેલા મહિપાલ શુકલ ષટ્કુળવાળા છે. એમની ભાણેજનું પિતૃકુળ પણ ઉચ્ચ છે. તેઓ વીસ બિસ્વા મરજાદવાળા માંઝ ગામના મિશ્ર છે.

મહિપાલના પગમાં ફરી જોર આવી ગયું. તે નાની એવી જગામાં પણ શક્ય તેટલી ઝડપથી આંટા મારવા લાગ્યો. પછી એકાએક કલ્યાણીની ખુરશી પાસે ઊભા રહી, એનો ખભો દબાવતાં ભવાં ચડાવીને બોલ્યો, 'કાન ઉઘાડા રાખીને સાંભળી લે, શકુંતલાનું લગ્ન શિવચરણ દુબેના છોકરા સાથે નક્કી કરીશ. – અને જન્મપત્રિકા વગેરે કશું જ નહિ મેળવું. – અને જો વધુ વાંધા કાઢીશ તો એનું લગ્ન બીજી જ્ઞાતિમાં કરી નાખીશ. હું જાત-ભાત કશામાં માનતો નથી. મને એ બધા પ્રત્યે તિરસ્કાર છે, ભયંકર તિરસ્કાર. સાંભળી લીધું ? – સાંભળ્યું કે નથી સાંભળ્યું ?'

કલ્યાણી વાતનો જવાબ આપતાં ગભરાતી હતી, એના મુખ પર ચડ-ઊતર ચાલી રહી હતી. પતિને આવી રીતે હઠપૂર્વક પૂછતા જોઈને એણે તરત જ નિર્ણય કરી વાતનો જવાબ આપ્યો, 'તમારાં છોકરાંનાં લગ્નમાં તમારું મન માને તેમ વર્તો. શકુંતલા પરાઈ થાપણ છે. નાનાં નણંદ જીવતાં હોત તો એમની સલાહથી ભલે તમે ધકરવન...'

'પાછી તું ધાકરોને નાનાં ગણાવે છે ? હું કહું છું કે કોઈ નાનું-મોટું નથી.'

'હોય કે ન હોય. જો શકુંતલાને જેવા-તેવા કુળમાં દેશો તો હું ઝેર ખાઈશ.'

'પણ રૂપિયા ક્યાંથી લાવું ?'

'પટ્ટકુળમાં તમે શું એકલા જ ગરીબ છો ? ઘણુંય છાતી ફૂટે છે. એથી દુનિયાનું કામકાજ ઓછું અટકી જાય છે – ગરીબ હોય તો હોય.

'આ છાતી ફૂટવાવાળાની દુનિયા જ સાચી દુનિયા છે, અને તે હવે લથડી રહી છે. જાણે છે લોકો લગ્ન-વિવાહ કેવી રીતે કરે છે ? જીવનના મંગલ સંસ્કાર અને ઉત્સવ લોકો કેવી રીતે મનાવે છે ? ઉધાર લઈને.–પોતાને ચિંતા, અપમાન અને આંસુઓમાં પૂરેપૂરા ડુબાડીને. મારી – મારી પાસે એટલું દિલ અને દિમાગ નથી કે આજની હજાર ચિંતાઓ સાથે હું કોઈ વ્યાજખાઉ શેઠિયાના અત્યાચારનો બોજ મારા માથા પર લાદું. હું એવું કદી નહિ કરી શકું.'

કલ્યાણી પતિની વ્યથાથી વ્યથિત થઈ, સાથોસાથ એના નાસ્તિક જેવા વિરોધની ખિજાઈ પણ ખરી. મહિપાલને તે દરેક રીતે યોગ્ય સમજે છે; જ્યારે તે એના પર ખૂબ જ નારાજ થાય છે, એનું અપમાન કરે છે ત્યારે એને એ વિચિત્ર નથી લાગતું. આખી દુનિયામાં ઘેરઘેર સદા તે એવું જ જોતી આવી છે કે પુરુષ સ્ત્રી પર શાસન કરે છે. આ વિરોધી સામાજિક વાતાવરણમાં અમીર, ગરીબ મધ્યમ વર્ગ–બધાંના ઘર સામેલ છે. મહિપાલ ચારિત્ર્યહીન છે, કલ્યાણી એના એ

રૂપને પણ સમજી જાય છે. મોટા મોટા કટ્ટર સનાતન ધર્મના ઘરોમાં પણ એણે પુરુષોને શરાબી, વ્યભિચારી અને દરેક રીતે ચારિત્ર્યહીન જોયા છે, સાંભળ્યા છે. પરંતુ એનાથી જે જરાય સહન નથી થતું તે મહિપાલની આ વાતો. એના ચોવીસ વર્ષના વિવાહિત જીવનમાં એના પતિના જીવનની રીત અને વિચારોને તે કદી ખરા દિલથી ગ્રહણ કરી શકી નથી. એના મનમાં વર્ષોથી એક શંકા છુપાયેલી છે : શું આ બધી નાસ્તિક અધર્મી વિચારોથી ભરેલી વાતોને કારણે દુનિયા એના પતિની ઈજ્જત કરે છે? આવું લખવાને કારણે જ શું તે મોટા લેખક મનાતા હશે? ...આટલાં વર્ષોથી તેઓ આવી જ વાતો કહે છે ને લખે છે. છાપાં અને સભાઓના લોકો એમનો આદર કરે છે, અને છતાં સંસાર તો એની સનાતન કેડી પર જ ચાલ્યો જાય છે. એમની વાતોને કળિયુગી વિચારવાળા ભલે ટેકો આપે, પણ એમાં તત્ત્વ કાંઈ નથી. ભગવાને બનાવેલાં કુળ, મરજાદ, ધર્મ-કર્મ, રિવાજ દુનિયા પરથી થોડાં જ ભૂંસાઈ જવાનાં છે? દુનિયા તો જેમ આજસુધી ચાલી આવી છે તેમ ભવિષ્યમાં પણ ચાલશે. બધા કરજ કરીને, આવી રીતના ઉપાયોથી પોતાનાં છોકરા-છોકરીનાં લગ્ન-વિવાહ કરે છે, તો પછી આ જ કાંઈ અનોખા છે?

કલ્યાણીએ બીજો પગ પણ ઊંચકીને ખુરશી પર લઈ લીધો અને ઘૂંટણ પર હાથ ટેકવી આંગળીઓ ભીડી રોષથી બોલી, 'કરજ કરો કે મન ફાવે તે ઉપાય કરો, પણ શકુંતલા તો આપણા પરકુળમાં જ જશે. તમારાં છોકરા-છોકરીનાં લગ્ન ફાવે તો ઢેઢ-ભંગી સાથે કરજો ને ફાવે તો ચમાર સાથે. હું કાંઈ નહિ બોલું. હું ગંગાકિનારે જઈને પડીશ. પણ નાની નણંદની દીકરી તો સનાતન રીતથી જ સોંપાશે. ફાવે તો આ કાનથી સાંભળો ને ફાવે તો પેલા કાનથી સાંભળો.' કહીને કલ્યાણી જવા માટે એકદમ ઊભી થઈ ગઈ.

મહિપાલ શકુંતલાના વિવાહ, દહેજ અને પત્નીની આ નારાજી તથા પોતાના મનની મૂંઝવણને કારણે વિચારમાં ડૂબી ગયો હતો. પત્નીની ખુરશી પાસે ટેબલને અઢેલીને ઊભો ઊભો તે વિચારી રહ્યો હતો કે આ સ્ત્રીઓ પણ શું મજાકની ચીજ છે આ દુનિયામાં? ઇતિહાસના આદમકાળથી સ્ત્રી જ પુરુષ માટે સૌથી મોટી સમસ્યા રહી છે. વર્તમાન સમાજમાં સ્ત્રીની એક વિચિત્ર સામાજિક સ્થિતિ છે. ખાસ કરીને આપણા દેશમાં તો આ વિચિત્રતા વધુ સ્પષ્ટ રીતે દેખાય છે. આપણે જોઈએ છીએ કે સામાન્ય ઘરોમાં સ્ત્રી આજે કોઈ ને કોઈ પ્રકારની અપમાનભરી જિંદગી વિતાવે છે. નાના ગણાતા માણસોની વાત તો બાજુ પર રહી, મોટા

મોટા સભ્ય, શ્રીમંત અને પંડિતોના ઘરોમાં પણ સ્ત્રીજાતિનું દમન થાય છે, જુદી જુદી રીતે એમનું અપમાન થાય છે. સામાન્ય જગતમાં સ્ત્રી ઘરનું કામકાજ અને બધાંની સેવા – ચાકરી કરનાર તથા પુરુષના ભોગની વસ્તુ બનવા સિવાય બીજું કશું જ નથી. હા, એનું એક મહત્ત્વ અવશ્ય છે કે તે બાળકો પેદા કરનાર મશીન પણ છે. માનવજાતને વિકસાવવા માટે બાળકો અત્યંત મહત્ત્વનાં છે, એટલે એનું ઉત્પાદન કરનારી ફેક્ટરીનું પણ મહત્ત્વ છે. ...પણ આટલું અપમાન, અમાનુષી વ્યવહાર હોવા છતાં પણ પુરુષ માટે સ્ત્રીથી વધારે આદરણીય બીજી કોઈ ચીજ નથી. અત્યારે પણ દુનિયા સમજે છે કે સ્ત્રી સમાજની ઇજ્જત છે. પુરુષજગત નિશ્ચિત રીતે સમજે છે કે સ્ત્રી વિના તે અધૂરું છે.

આ વિરોધાભાસ આપણા સમાજમાં પાયાના પથ્થરની જેમ પહેલેથી વાંકો દટાયો છે, અને આ ખોટા પાયા પર જ માણસનું ઘર બન્યું છે, રીત–રિવાજ બન્યાં છે, સંસ્કૃતિ, ધર્મ-કર્મ – જગતનો વ્યવહાર બન્યા છે. ...પછી બધું કેમ ઊંધું ને ઊંધું જ ન હોય?

કલ્યાણી ઊઠી એટલે મહિપાલના વિચારોને આંચકો લાગ્યો, પૂછ્યું, 'કેમ? ચાલી?'

પ્રશ્ન એટલી સરળતાથી પુછાયો હતો કે આટલો વિરોધ હોવા છતાં કલ્યાણી મહિપાલ સાથે આંખ મેળવીને હસ્યા વિના ન રહી શકી. બોલી, 'હા ભઈ, હવે હું જાઉં છું. પળેકમાં તમારો મિજાજ જશે તો ગરજવા-વરસવા લાગશો ને સૂતેલો મહોલ્લો જાગી ઊઠશે.'

મહિપાલને હસવું આવી ગયું. કલ્યાણી રોષભર્યા અવાજે બોલી, 'તમારે શું? તમે તો બૂમબરાડા પાડીને ચાલ્યા જાઓ છો, પાડોશણો મારી મજાક ઉડાવે છે, કહે છે કે પંડિતજીને મહિને-પંદર દા'ડે આવું કયું ભૂત સવાર થાય છે?'

મહિપાલ ઝંખવાયો, હસવું પણ આવ્યું. પૂછ્યું, 'તારી પાડોશણો મારી મજાક ઉડાવે છે?'

કલ્યાણી ખિલખિલ કરતી હસી પડી, પાલવથી મોં ઢાંકીને બોલી, 'મારી પાડોશણો જ શા માટે, તમારાં દીકરા-દીકરી સુદ્ધાં તમારી હાંસી ઉડાવે છે. મને કહે છે કે માતાજી, ચૂપ જ રહો, નહિ તો પિતાજી ઍટમબૉમ્બ વરસાવશે.'

મહિપાલ પણ જોરથી હસી પડ્યો, પછી બોલ્યો, 'સાચું છે, હું તને સતાવું તો ખૂબ છું. પરંતુ કલ્યાણી, મારો ઈશ્વર જાણે છે કે તને સતાવીને હું મને પોતાને જ સતાવું છું. તારા વિના મારી ગતિ નથી. કલ્યાણી વિના મહિપાલ મહિપાલ નથી!'

કલ્યાણી નિષ્ઠામાં તન્મય બની શાંત મુખે ઊભી રહી.

એવામાં ઉપરથી નાની દીકરીના રડવાનો અવાજ આવ્યો. કલ્યાણી જલદીથી એંઠાં વાસણ ઉપાડતી બોલી, 'કાંઈ કામ ન હોય તો તમે જ ઉપર ચાલ્યા આવો. મને લાગે છે કે ત્રણ વાગી ગયા છે.'

મહિપાલે કહ્યું, 'હમણાં ઊંઘ નથી આવતી. તું જા.'

અગિયાર

'મોટા દિવસ'ની સવાર. કર્નલ સાથે સજ્જન પંડિત શિવનાથ શાસ્ત્રીને ઘેર ગયો હતો. બંને ત્યાંથી પાછા ફરી રહ્યા છે. સવારના નવ – સવા નવના તડકાથી આકાશ સોનેરી જરૂર છે, પરંતુ ગલીની ભીનાશથી છાપરાં ગળતાં હતાં.

કર્નલે કહ્યું, 'આજે તો બહુ ઠંડી છે ભઈ, આસપાસમાં ક્યાંક ખૂબ બરફ પડ્યો હોય એમ લાગે છે.'

હવામાનની વાતથી સજ્જનનું ધ્યાન ન દોરાયું એટલે કર્નલે 'ઇન્ટલેક્ચ્યુઅલ' વાત ઉપાડી, કહ્યું, 'દોસ્ત, કાંઈ પણ કહે, પણ જ્યોતિષવિદ્યા બહુ મોટી ચીજ છે. માત્ર એટલું જ છે કે તે કહેનારો જોઈએ. હું તો આજે શાસ્ત્રીજીનો ભક્ત થઈ ગયો છું.'

સજ્જને કહ્યું, 'માણસ ઘણો ઉદાર અને જ્ઞાની છે એમાં શક નથી. આજે મહર્ષિ વ્યાસની પાપ-પુણ્યની વ્યાખ્યા સાંભળીને મારું તો બધું જ કન્ફ્યુઝન દૂર થઈ ગયું. કેવી સીધી વાત છે કે પરોપકાર કરવો તે પુણ્ય છે અને બીજાને તકલીફ આપવી તે પાપ. ...ખરેખર, કમાલ છે આ સાદગી, આ સાચી સીધી દૃષ્ટિ !'

'અરે દુકાનની ચોરીવાળી વાત, અને લલ્લુ સાથેની મારી વહેંચણીની વાત, મારી વાઇફનો ચહેરો-મહોરો, બધુંય કહી દીધું. ભલા, કહો તો ખરા, હવે જ્યોતિષ પર ભરોસો કેમ ન બેસે ?' કર્નલ પોતાની દૃષ્ટિથી શાસ્ત્રીજીના મહિમાનું વર્ણન કરી રહ્યો હતો.

સજ્જને હસીને દબાયેલા સૂરે કહ્યું, 'મારી બાબતમાં તો એમણે અજબ ભવિષ્ય ભાખ્યું છે !'

કર્નલ પોતાના ખભાથી એના ખભાને હળવો ધક્કો મારીને હસવા લાગ્યો ને બોલ્યો, 'અજબ શાનું સાલા, તારી તો બદનામી જ નહિ; પણ દુર્ગતિ પણ થવી જોઈએ. તારી ને મહિપાલની બંનેની !'

'તો તો જાણે મારી બદનામીથી આપ રાજી થશો. અને આપ તો અમારા જિગરી દોસ્ત છો! કાં?'

'દોસ્ત હોઉં એટલે શું, ખરાબ કામોમાં પણ સાથ દઉં?' કર્નલે જવાબ આપ્યો.

'પણ એમણે ખાસ ભાર દઈને તો એવું નથી કહ્યું કે કોઈ ખરાબ કામને લીધે મારી બદનામી થશે?'

'હા, એમ તો એ પણ કહ્યું છે કે બદનામી સહી લીધા પછી તારું ખૂબ મોટું નામ થશે.'

એક હળવો નિસાસો મૂકી, ખિસ્સામાંથી સિગરેટ-કેસ કાઢતાં સજ્જન બોલ્યો, 'કવિ નરેન્દ્રની પેલી કઈ લાઈન છે કે 'બંદ કલી સા રાજ ન તેરે ખોલે સે ખુલ પાયેગા!''

કર્નલ સામે સિગરેટ-કેસ ધરીને પોતે પણ એક સિગરેટ કાઢી અને એને મોંમાં દબાવીને બોલ્યો, 'એટલે સિદ્ધાંતથી જ હું જન્મકુંડળી બતાવવાનું પસંદ નથી કરતો. ભાવિ ન જાણવું જ સારું છે. કાલની ચિંતાથી આપણો આજનો ખેલ ઝાંખો પડી જાય છે.'

સિગરેટ સળગાવવા માટે તેઓ એક જગાએ ઊભા રહી ગયા. સિગરેટ-લાઈટર ખિસ્સામાં મૂકીને સજ્જન અને કર્નલ આગળ ચાલવા જતા હતા ત્યાં જ એક નોકર જેવા માણસે આવીને પૂછ્યું, 'બાબુજી, આ ગલીમાં ડાગતર સાહેબની દુકાન કાં' આવી?'

કર્નલે પૂછ્યું, 'ક્યા ડૉક્ટરનું પૂછે છે?'

'સાહેબ, જે દહીં વેચે સે.'

સાંભળીને સજ્જન અને કર્નલ બંને ચમકી ગયા. કર્નલને વળી એમ પણ ગુસ્સો આવ્યો કે એક મામૂલી માણસ એની સાથે મજાક કરી રહ્યો છે. એટલે બોલ્યો, 'બદતમીજ, મજાક કરે છે?'

'નઈ સરકાર,' પૂછનારે પોતાના બંને કાન પકડી હાથ જોડીને કહ્યું, 'હું પોતે જ મોટા ચક્કરમાં પડી ગ્યો સું, બાકી મારા સેઠે જ કીધું કે ડાગતરની દુકાનેથી દહીં લઈ આય! મારો સું વાંક...'

'ભારે બેવકૂફ છે તારો શેઠ. ડૉક્ટરની દુકાને તે વળી દહીં-દૂધ મળતાં હશે?' કહીને કર્નલ આગળ ચાલ્યો.

પસાર થતા એક લાલાજીએ આ સાંભળ્યું એટલે નોકરને પૂછ્યું, 'દાક્તર કંદોઈ માટે પૂછે છે? જો સામે ડાબી બાજુ તો દુકાન છે.'

નોકર શૂન્ય નજરે ડૉક્ટર કંદોઈની દુકાન જોવાની કોશિશ કરવા લાગ્યો. લાલાજી બોલ્યા, 'એલા એ, જો, પેલી. રેશનની દુકાન પછી કાછિયાની દુકાનો નથી દેખાતી? બસ, એની બાજુમાં જ છે.'

કર્નલ અને સજ્જન આગળ ચાલ્યા. કર્નલ બોલ્યો, 'ભારે મજાક છે સાલી, કે કંદોઈનું નામ પણ ડૉક્ટર!'

સજ્જને કહ્યું, 'એક દવા વેચનાર જો કર્નલ બની શકે તો...'

'મને હતું જ કે તું જરૂર આમ કહેવાનો.' ખિજવાઈને હસતાં હસતાં કર્નલે કહ્યું.

ડૉક્ટર નામના કંદોઈને જોવાની મજાકભરી ઇચ્છાથી સજ્જન ગલીની બંને બાજુની દુકાનો જોતો જોતો ચાલવા લાગ્યો. કૂતરા, ગાયો, ગીરદીવાળી સાંકડી ગલીમાં પણ સાઈકલ-સવારીની કુશળતા બતાવતા માણસો, જાતજાતની વાતો, સ્ત્રી-પુરુષની આવન-જાવનથી ગલીની બજાર ભરચક હતી. આ ગલીમાં શાસ્ત્રીજીવાળી ગલી કરતાં તડકો પણ ઘણે સુધી આવેલો હતો. ડાબા હાથ તરફની પાનચક્કીમાં લોટની રજથી સફેદ બુરખા જેવા મજૂરોને જોઈને સજ્જનને મજા પડી. જમણી તરફ એક સાંકડી ગલી આવી, પછી દરજીની દુકાન, મશીનનો ઝકઝક અવાજ, મેંદીના રંગવાળી દાઢીવાળા વોરાજી બારણાને અઢેલીને બેઠાં બેઠાં સીવી રહ્યા હતા, એમની પાસે માટીના તળિયાવાળો હુક્કો રાખ્યો હતો. સાથી કારીગરો વેતરવાનું ને સીવવાનું કામ કરતા હતા. દરજીની દુકાન પછી એક ઘરનું બારણું, પછી દરજી, કાછિયો, મણિયારો, વૈદ, પાછું મકાન. ડાબી તરફ પાનચક્કી પછી મોદીની ખૂબ મોટી દુકાન–'દામોદર, પાશેર ચણાનો લોટ! બે આનાની દ્રાક્ષ આપજે. અરે, મારો માલ આપોને ભાઈ. હા, લ્યોને. અરે, ફટકડી લેતો આવજે અંદરથી...' વગેરે અવાજો પછી રાજવૈદની પદવીના સાઈનબોર્ડવાળા પાઘડીધારી વૈદરાજ એમની દર્દીવિહોણી દુકાનમાં બેઠેલા દેખાયા. પછી કાછિયાની દુકાનો. દાઢી-મૂછ વિનાનો, સ્ત્રીની સાડી પહેરીને બેઠેલો એક હિજડો પાન બનાવી રહ્યો હતો. એના પછી જ કંદોઈ શિરોમણિ ડૉક્ટરની દુકાન આવી. દુકાન મોટી હતી. ગાદી પર ગણેશજીથી પણ સવાયા, રંગમાં હબસીથી પણ ચાર ચાસણી ચડે તેવા, ગરમ કાનટોપીથી આખું મોઢું ઢાંકીને ડૉક્ટર સાહેબ જલેબી જોખી રહ્યા હતા. એને જોઈને સજ્જન ખૂબ ખુશ થઈ ગયો. કર્નલને કહ્યું, 'યાર એને ત્યાંથી તો જરૂર કાંઈક ખરીદીએ. શું માણસ છે, ખાસ્સો જાપાની તોપનો ગોળો છે.'

દુકાનના પાટિયા પર પિત્તળની જાળી મૂકીને મિઠાઈના થાળ ગોઠવ્યા હતા. શિવજી, હનુમાનજી, ગાંધીજી નેહરુ, શિવાજી અને રાણા પ્રતાપની છબિઓ ટીંગાડી

હતી. શિવજીના ચિત્ર પર ફૂલહાર પણ પહેરાવ્યા હતા. બહાર પિત્તળની સાંકળમાં બે ઘંટ પણ લટકતા હતા. એ વખતે દુકાન પર સાધારણ ઘરાકી હતી. કર્નલે કહ્યું, 'જલેબી લઈ લઈએ.'

કાનટોપીના કાણામાંથી ડૉક્ટર સાહેબનું, પૈડું ફરી ગયું હોય તેવું ચપટું નાક, ક્યુકા જેવી આંખો પર ચાંદીની ફ્રેમવાળાં ચશ્માં, કાળીધોળી મૂછ અને પાનની પિચકારી મારતા જાડા-જાડા હોઠ દેખાતા હતા. ગ્રાહક પાંચ-સાત જ હતા, પરંતુ દેકારો ભારે હતો. ડૉક્ટરનો હાથ નવ દિવસમાં અઢી ગાઉની ઝડપે ચાલતો હતો અને જીભ મેલગાડીની ઝડપે. સજ્જને જલેબી, બટાટાનો માવો અને વાલોળનાં બીનો ઑર્ડર આપ્યો.

પાછળ, ગલીની બીજી બાજુ મકાનના ઓટલા પર બેઠા બેઠા તડકો ખાતા એક કરચલીવાળા વૃદ્ધે કોઈને કહ્યું, 'અરે, જુવાની તો બધા મજાથી વિતાવી દે છે, પણ આ બુઢાપો વીતાવવો એ મરદનું કામ છે. દાંત છે નહિ, કાને સંભળાતું નથી, આંખે ઓછું દેખાય છે... હાથ-પગમાં, હાડકે-હાડકામાં એવી પીડા થાય છે વા'લા, કે બધા વડવા મા-બાપ સુધ્ધાં યાદ આવી જાય છે... અરે, કોઈ પાણી પાવાવાળું પણ નથી હોતું. ભારે શૂરવીરનું કામ છે ઘડપણ વીતાવવું એ. બધાય નથી વિતાવી શકતા ભાઈ! મને ત્રાણું વરસ થયાં. ભગવાનને ત્યાં મારો કાગળ જ હહરીનો ખોવાઈ ગયો છે. ખોં – ખોં – ખોં!'

ઊભો ઊભો સજ્જન સાંભળી રહ્યો હતો. અનાયાસે જ એના મન પર આ વાતોનો પ્રભાવ પડ્યો. કોઈક દિવસ એ પણ બુઢ્ઢો બનશે. કદાચ આટલો જ બુઢ્ઢો બનશે! ...આ વડીલ સાચું કહી રહ્યા છે. બુઢાપો વીતાવવો એ ભારે શૂરવીરનું કામ છે.

'ઓ રે બાબુ, ઓલા દિ'ના છ આના નથી આપી ગ્યા, રબડીના.'

'આમને કહો છો?' સજ્જનને બતાવી કર્નલે ડૉક્ટરને પૂછ્યું. સજ્જન ચોંકીને એ બાજુ જોવા લાગ્યો ને બોલ્યો, 'હું? હું તો તમારી દુકાન પર પહેલાં ક્યારેય આવ્યો પણ નથી.'

'વાહ! તમે તો લઈ ગ્યા'તા રબડી. આ હજી ગ્યા પરમદિની જ વાત સે. એમ ન હમજતા કે ડૉક્ટરને કસું યાદ નથ રે'તું, હાં.'

આ અણધાર્યો તગાદો સાંભળીને સજ્જનનો ચહેરો લાલ બની ગયો. પાસે જ આંખોમાં સૂરમો આંજેલા, મોમાં પાન ખોસેલા, રૂનો ડગલો ને કાનટોપી પહેરેલા એક ગોરા-ગોરા લાલાજી ઊભા હતા. એમણે 'શરીફ મોટા માણસ' જેવા

લાગતા સજ્જનની પરેશાની પારખી જઈ ડૉક્ટરને ધમકાવતાં કહ્યું, 'ડૉક્ટર, સાઠે બુદ્ધિ નાઠી કે શું ? માણસ-માણસની ઓળખાણ પણ નથી રહેતી અફીણના નશામાં ?'

સજ્જન એમની તરફ જોઈને પોતાનો બચાવ કરવા લાગ્યો, 'આજે પહેલી વાર જ હું અહીં કાંઈ ખરીદવા આવ્યો છું.'

'પહેલી વાર ? અરે રોજ તો મારે ત્યાંથી ઉધાર લઈ જાવ છો ?'

કર્નલે હસીને કહ્યું, 'અરે ભાઈ, તમને બીજા કોઈકનો શક પડી ગયો છે ડૉક્ટર સાહેબ. આમની નસમાં તો રબડી નહિ પુડિંગ વહે છે. શું સમજ્યા ?'

નોકરે ગરમ જલેબીનો થાળ ડૉક્ટર પાસે મૂકતાં કહ્યું, 'નકામી તકરાર કરો છો લાલા, આ એ નથી.'

હાથ ઝટકીને ડૉક્ટર એના નોકર પર જ તૂટી પડ્યા, 'વાહ ! મને સું ગધેડો હમજ છ ? આ વીમા વોરીનો દીકરો ખરો કે નઈ ?'

લાલાજી હસીને બોલ્યા, 'બાપરે ! ડૉક્ટર, ઈંટના ચશ્માં બનાવો ઈંટનાં. પથ્થરનાં ચશ્માથી તમારા જેવા અફીણિયાનું કામ ચાલશે નહિ !'

પછી હસતાં હસતાં સજ્જન અને કર્નલને કહેવા લાગ્યા, 'આમની આ જૂની ટેવ છે બાબુસાહેબ ! રાત્રે નશામાં કોઈને ઓછો માલ તોલી આપે છે તો કોઈને વધારે. એમની પાસેથી રાત્રે ઉધાર કોઈ લઈ જાય અને સવારે ઉઘરાણી કોઈ બીજા પાસે કરે. ...અરે વાહ ભઈ ડૉક્ટર, શહેરભરમાં તમારો પણ જવાબ નથી.'

ત્યાંથી આગળ વધતાં સજ્જને કર્નલને કહ્યું, 'એક રીતે મને અફસોસ થાય છે કે જીવનનાં આટલાં વર્ષ મેં એક ખોટી દુનિયામાં વિતાવી દીધાં. ખરું જોતાં કેરેક્ટર્સ તો અહીં ગલી-મહોલ્લામાં છે. જીવનની વિભિન્નતા તો અહીં જ જોવા મળે છે.'

કર્નલે હસીને કહ્યું, 'હાં – હાં, વધારે આર્ટિસ્ટપણું મારી સામે ન બતાવ. સાલી દુનિયા આખીની ગંદકી, અજ્ઞાનતા તો અહીં પોષાય છે ને આપ કેરેક્ટર માટે ફરી રહ્યા છો !'

સજ્જનને કર્નલની વાત ખટકી, પરંતુ એ હકીકત પણ હતી, એને નકારવા માટે સજ્જનને કોઈ જવાબ ન સૂઝયો.

બંને ચાલતા રહ્યા. કર્નલે કહ્યું, 'સાલા મહિપાલનો કાલથી કાંઈ પત્તો જ નથી. કાલથી શું, પરમ દિવસ બપોર પછી મને એ મળ્યો જ નથી.'

'પરમ દિવસે રાત્રે મારે ત્યાં આવ્યો હતો. પોતાના ઊંધા તત્તાની સાથે હતા સાહેબ !'

'હા – હા, એ તો હું જાણું છું. મોટા દિવસનો ઉત્સવ મનાવી રહ્યા હશે શુક્લજી મહારાજ! એટલે સવારે મોડે સુધી સૂઈ રહે છે.'

'સૂવા દેને યાર,' સજ્જને કહ્યું, 'માનવીનું તરફડતું દિલ થોડી ઊંઘથી આરામ મેળવી લે તો એમાં દુનિયાને શું નુકસાન થવાનું છે? બિચારો બહુ હેરાનગતિ ભોગવે છે.'

પોતાની શેરીમાં આવીને જોયું તો ચોરા પર મંડળી જામી હતી. આજે મંગળવાર હોવાને કારણે વસંતૂ માળી પણ ફૂલ અને પ્રસાદ લઈને બેઠો હતો અને ત્યાં જ પંડિત મહિપાલ શુક્લ પણ પલાંઠી મારીને બેઠાં બેઠાં ગપ્પાં મારી રહ્યા હતા. બાબુ છેદાલાલે બંનેને આવતાં જોઈને દૂરથી જ બૂમ પાડી, 'આવો-આવો. બસ, તમારી જ ખોટ હતી!'

સજ્જને બધાને હાથ જોડ્યા. કર્નલે હસતાં હસતાં બાબુ ગુલાબચંદની ખુરશી પાછળ ઊભા રહીને એના માથા પર એક હળવી ટપલી મારીને કહ્યું, 'બોલો સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ, શું ચાલી રહ્યું છે? તને ખબર છે સજ્જન, ગુલબ્બુ સાથે મારે ગાળનો સંબંધ છે...'

ગુલાબચંદ કાંઈ જવાબ આપે તે પહેલાં જ લાલા મુકુન્દીમલ હુક્કો છોડીને બોલ્યા, 'અરે ભાઈ નગીનચંદ!'

'જી લાલાજી,' કર્નલે જવાબ આપ્યો.

લાલાની વાતની વચમાં બાબુ રાધેશ્યામે છેદાલાલને બે ખુરશી મગાવવા માટે કહ્યું. છેદાલાલે પોતાના ઘરમાં અવાજ ફેંક્યો.

લાલાએ કર્નલને પૂછ્યું, 'વિજયાલક્ષ્મી પંડિતનું સ્વાગત કરવા સ્ટેશને ન ગયા? તમે તો, શું કહેવાય છે, કોંગરેસના બહુ મોટા ચેલા છો!'

'હા લાલાજી, પહેલાં વિચાર તો કરેલો, પછી થયું કે જનસંઘ તરફથી તો કોઈ એવી પ્રખ્યાત સ્ત્રી આવશે નહિ, એટલે જો હું જાઉં તો તમને ખરાબ લાગશે.'

સજ્જન હનુમાનજીના મંડપને અઢેલીને મહિપાલ પાસે બેસી ગયો હતો. મહિપાલે વાંકા વળીને એના કાનમાં પૂછ્યું, 'હાથમાં શું છે?'

'જલેબી. કાલ સાંજે શીલાને ઘેર હતો?' સજ્જને પણ એવી જ રીતે ધીમેથી પૂછ્યું.

મહિપાલે હસીને ડોકી હલાવી. સજ્જન પણ હસ્યો. એ વખતે લાલા મુકુંદીમલ કર્નલની મજાકનો જવાબ આપી રહ્યા હતા, 'અરે, અમને શું કામ ખોટું લાગે ભાઈ! અમારા જનસંઘમાંથી નહિ તો અમારા વોર્ડમાંથી તો એવી

પ્રખ્યાત સ્ત્રી નીકળવાની છે, કોમ્યુનિસ્ટોમાંથી. ઘરમાં જ માળું અંધેર મચાવી દીધું છે!'

સજ્જનના કાન ચમક્યા. લાલા મુકુંદીમલ બાબુ છેદાલાલ તરફ જોઈ ને બોલ્યા, 'અરે ભઈ, પેલી રહસ્ય ખોલનારી પત્રિકા ક્યાં છે?'

'શું કોઈ કોમ્યુનિસ્ટની પત્રિકા નીકળી છે?' કર્નલે ઉત્સુકતા બતાવતાં છેદાલાલને પૂછ્યું.

છેદાલાલે ખિસ્સામાંથી પત્રિકા કાઢી. બાબુ રાધેશ્યામે કહ્યું, 'અરે, સરાસર બદમાશી છે, સાલિગરામની. ઇલેક્શનના ચક્કરમાં ગુનેગારને છોડાવીને નિર્દોષ...'

'એવું કેવી રીતે કહી શકાય? અરે, મરનારીએ પોતે સ્ટેટમેન્ટ આપ્યું છે.' પત્રિકા ખોલતાં છેદાલાલ બોલ્યા.

'સ્ટેટમેન્ટ નહિ, ખાક...'

છેદાલાલનો નોકર બે ફોલ્ડીંગ ખુરશી લઈ ને આવી ગયો. લાલા મુકુંદીમલે વાત કાપીને કહ્યું, 'અરે પહેલાં સાંભળવા તો દો. ગુલાબચંદ, તું વાંચ તું જરા સારી રીતે સંભળાવીશ.'

ગુલાબચંદ બોલ્યો. 'પંડિતજીને આપો, પંડિતજીને. તેઓ તો મોટા લેખક છે. હું શું સંભળાવતો'તો.'

'હા – હા, મહિપાલ, તું જ સંભળાવ.' ખુરશી પર બેસીને પોતાની ઉત્સુકતા બતાવતાં કર્નલે કહ્યું.

લાલા મુકુન્દીમલે એમના ઘર તરફ મોં કરીને બૂમ પાડી, 'અરે ભગોતિયા રે! પાન દઈ જા જલદી... હં, હવે સંભળાવો પંડિતજી મહારાજ.'

મહિપાલ વાંચવા લાગ્યો, 'રહસ્યોદ્‌ઘાટન! રશિયાના એજન્ટોનાં કાળાં કરતૂત. જનતા કોમ્યુનિસ્ટોથી સાવધ રહે! તારીખ ૨૩ ડિસેમ્બર રવિવારને દિવસે કંપની–બાગ પાસેના બાદશાહી નાળામાંથી કૂતરાં ને શિયાળોએ ચૂંથી નાખેલી એક નવજાત શિશુની લાશ મળી આવી હતી, આ સમાચાર વૉર્ડની જનતા હવે બરાબર જાણે છે. આપણી રાષ્ટ્રીય સરકારની કર્તવ્યનિષ્ઠ પોલીસે કેટલી ઝડપથી આ અમાનુષી ક્રૂર હત્યાનો પત્તો મેળવી લીધો એ વાત પણ હવે કોઈથી અજાણી નથી. આપણા વૉર્ડના સુપરિચિત સુયોગ્ય અધ્યાપક શ્રીયુત જગદંબાસહાયજીની યુવાન વિધવા ભત્રીજાવહુ શ્રીમતી જશોદાબીબી (જેણે દુર્ભાગ્યે પોતાનું કાળું કલંક છુપાવવા માટે આત્મહત્યા કરી લીધી છે) આ પાપની ભાગીદાર હતી, એ પણ જનતા સારી રીતે જાણી ગઈ છે. જનતાએ ભ્રમમાં પડીને આ કલંક-કહાણી સાથે આદરણીય માસ્ટર જગદંબાસહાયજીનું નામ જોડી દીધું છે. અમે

જનતાને એ કહેવાનું અમારું પરમ કર્તવ્ય સમજીએ છીએ કે પૂજ્ય માસ્ટર સાહેબનું નામ વ્યર્થ જ બદનામ કરવામાં આવે છે.'

'દેવતુલ્ય અધ્યાપક જગદંબાસહાયજી પર આ કલંક સદાને માટે રહી જાત એમાં જરાય શંકા નથી, પરંતુ સારા માટે ભગવાન પણ હમેશાં સારું જ કરે છે. આપણા નગરના મહાન નેતા, આપણા વૉર્ડના રત્ન, લોકસેવા-વ્રતધારી બાબુ સાલિગરામજી જાયસવાલની અપૂર્વ સૂઝસમજ તથા આપણી રાષ્ટ્રીય પોલીસની કાર્યકુશળતાને લાખ લાખ ધન્યવાદ છે, જેને કારણે આપણી ભલી-ભોળી જનતા એક નિર્દોષ આત્માને કલંકિત ઠરાવતાં બચી ગઈ અને અસલી અપરાધી ભાગી ગયો. શું જનતા જાણે છે કે એ દુષ્ટ પાપી કોણ છે? કોણ છે એ નીચ પામર, જેણે ઉગ્ર અપરાધ કરીને આપણી ધર્મપ્રિય જનતાને એના દુષ્ટ પાપાચારથી ત્રસ્ત કરી છે? આ વિષયમાં અમે કાંઈ ન કહેતાં સ્વર્ગસ્થ શ્રીમતી જશોદાબીબીનું નિવેદન જ પ્રગટ કરીએ છીએ જે એમણે મૃત્યુ પહેલાં પોલીસ સમક્ષ કર્યું હતું. પાપની જ્વાળાથી સળગી ઊઠેલી ભારતીય મહિલાએ પોતાના અંતકાળ સમયે તૂટચાફૂટચા શબ્દોમાં પોલીસને કહ્યું કે, 'ભલ્લેબાબુ મારી નણંદના મિત્ર હતા. બંને એક પાર્ટી (એટલે કે કૉમ્યુનિસ્ટ પાર્ટી, જે દેશદ્રોહીઓની સંસ્થા છે)માં કામ કરતાં હતાં. ભલ્લેબાબુ ઘણીવાર અહીં આવતા હતા. એક દિવસ એમણે અને મારી નણંદ કુમારી વનકન્યાએ મને ફસાવી દીધી. ત્યારથી ભલ્લેબાબુ મને ડરાવી-ધમકાવી પોતાને વશ રાખતા હતા. જ્યારે મને ગર્ભ રહ્યો ત્યારે ઘર-વાળાને પણ બધી ખબર પડી ગઈ. પરંતુ બધાને પોતાની આબરૂનો ડર હતો. કાલે સાંજે જ્યારે મારા પાપે જન્મ લીધો ત્યારે મારા દેવતાતુલ્ય પૂજ્ય કાકા-સસરાજીએ ભલ્લેબાબુને બોલાવીને 'તમારો દીકરો લઈ જાઓ' કહીને છોકરો આપ્યો. મારા દીકરાને ભલ્લેબાબુએ જ મારીને ફેંકી દીધો છે. હું શરમની મારી જાતે બળી મરું છું.'

'આ નિવેદનનો – દીન અબળાના આ કરુણ પોકારનો શુદ્ધ મનથી વિચાર કર્યા બાદ ન્યાયપરાયણ જનતાના દિલમાં શા વિચારો આવે છે? – એ જ કે પરદેશી સભ્યતાની હવામાં પોષાઈને ઈશ્વર, ધર્મ-કર્મ, પાપ-પુણ્યનો વિવેક ન રાખનાર આંગ્લ-શૂદ્ર કૉમ્યુનિસ્ટ પોતાના સ્વાર્થ માટે નીચમાં નીચ કામ સુદ્ધાં કરી શકે છે. આ પત્રિકા ઇલેક્શનની પત્રિકાના રૂપમાં છાપવામાં નથી આવી એ વાતને જનતા સારી રીતે સમજી લે. આ પત્રિકા અમારા વૉર્ડના એકમાત્ર લોકપ્રિય રાષ્ટ્રીય નેતા બાબુ સાલિગરામજી જાયસવાલના આંતર-હૃદયનો કરુણ પોકાર જનતાને સંભળાવવા માટે વહેંચવામાં આવે છે. જ્યારથી વૉર્ડમાં આ શોકભરી દુર્ઘટના

બની છે ત્યારથી પૂજ્ય સાલિગરામજીનું મન આઠે પહોર ખૂબ જ દુ:ખી રહે છે. અને એમણે કઠિન વ્રત લીધું છે કે હવેથી તેઓ એમના વૉર્ડમાં આ સન '42ના દ્રોહીઓની કલંકિત છાયા પણ પેસવા નહિ દે. જનતાને પ્રાર્થના છે કે તેઓ પોતાના પ્રિય નેતાની પ્રતિજ્ઞા પૂરી કરવામાં પૂરેપૂરી મદદ કરે.'

વાંચીને મહિપાલે પત્રિકા સંકેલી. સજ્જનનું આખી પત્રિકામાંથી માત્ર એક જ વાત પ્રત્યે ધ્યાન ખેંચાયું : જગદંબાસહાયની પુત્રીનું નામ વનકન્યા હતું. મિસ વનકન્યાએ તે દિવસે કહ્યું હતું : 'ખૂન મારા પિતાએ કર્યું છે. હું જાણું છું, હું કહું છું. મારી ભાભીનો અપરાધ માત્ર એટલો જ છે કે તે સ્ત્રી છે, અને આર્થિક રીતે સ્વતંત્ર નથી.' સજ્જનની સામે વનકન્યાનો ઉત્તેજિત, ગોરો, સુડોળ ચહેરો તરી આવ્યો. આ પત્રિકામાં એના ઉપર ઘણા ઘૃણાજનક આરોપ મૂકવામાં આવ્યા છે. આ પત્રિકા સરાસર જુઠ્ઠાણાંથી ભરેલી છે.

'આ પત્રિકા સરાસર જુઠ્ઠાણાંથી ભરેલી છે.' બીજું કોઈ કાંઈ કહે તે પહેલાં જ સજ્જન બોલી ઊઠ્યો. મહિપાલ પાસેથી પત્રિકા લઈને ખિસ્સામાં રાખતાં બાબુ છેદાલાલ તીક્ષ્ણ નજરે સજ્જનને ચકાસવા લાગ્યા. લાલા મુકુંદીમલનો હુક્કો શાંત થઈ ગયો. બાબુ ગુલાબચંદ બોલ્યા, 'ખેર, એમાં તો કાંઈ શક જ નથી...'

'જી, હું પોતે ગયો હતો જગદંબાસહાયને ત્યાં. સબ-ઇન્સ્પેક્ટર શુક્લાએ મને બધી હકીકત કહેલી. બીજી વાત એ કે લગભગ સાડા અગિયાર – બાર વાગ્યા સુધી તો તે સ્ત્રી – શું નામ છે એનું, જશોદાબીબી – ભાનમાં આવી નહોતી, અને તે ભાનમાં આવે એવી ડૉક્ટરને જરાય આશા પણ નહોતી. ઊલટું, હું તમને કહું કે શુક્લા બિચારા પરેશાન હતા કે એનું ડાઈંગ ડેક્લેરેશન નહિ મળી શકે...'

'ખરે, આમાં થોડું જુઠ્ઠાણું હોય એમ બની શકે,' લાલા મુકુંદીમલે કહ્યું, 'ભાઈ, ઇલેક્શનના દિવસો છે. પ્રોપેગેન્ડમાં જૂઠું પણ બોલાય છે. પરંતુ આ કારસ્તાન કૉમ્યુનિસ્ટોનું નથી એની શી સાબિતી?'

બાબુ રાધેશ્યામ ગુસ્સે થઈ ગયા ને બોલ્યા, 'સાહેબ, તમે કમ્યુનિસ્ટોને શા માટે બદનામ કરો છો? સાલા જગદંબાસહાયને તો બધા જાણે છે. ભારે હલકો માણસ છે – એને આમાં દેવતુલ્ય વર્ણવ્યો છે. સાલિગરામનો મહિમા ગવાયો છે, અને તમે કહો છો કે...'

'આમાં પૉલિસી શું છે તે તમે સમજ્યા નથી,' કર્નલે ઠંડા સ્વરે વાત શરૂ કરી, 'ભલ્લેબાબુ પાસે મહેતર-ચમાર અને રિક્ષા-યુનિયનના સૉલીડ બે હજાર મત છે. સાલિગરામ જેવો ચાલાક માણસ આવો મોકો જવા દે? આ પત્રિકાથી કૉમ્યુનિસ્ટ લોકોની હવા બગાડીને તે એ વોટ તોડવા માગે છે.'

'તમારો પૉઈન્ટ એકદમ સાચો છે કર્નલ સાહેબ! પરંતુ આ વોટ હવે ન તો – કમ્યુનિસ્ટોને મળશે, ન કૉંગ્રેસને જોજો તમે.' કહીને છેદાલાલે ઝટકો મારી સિગારેટની રાખ ખંખેરી.

મુકુંદીમલ દીર્ઘ દષ્ટિથી અંદાજ લગાવતા હોય તેમ ડોકી હલાવીને બોલ્યા, 'ખરું કહો છો છેદાલાલ. હવે આ બધા વોટ જનસંઘને મળવાના.'

'અરે, તમે પણ ક્યાં પહોંચ્યા લાલાજી! મહેતરોમાં મુસલમાન પણ છે, રિક્ષાવાળાઓમાં પણ મુસલમાન છે. એમના વોટ ભલા જનસંઘને કેવી રીતે મળી શકે? તમે એકદમ ફેક્ટ વાત સમજી લેજો કે આ વોટ કાં તો કૉમ્યુનિસ્ટો લેશે, નહિ તો પછી આ કૉંગ્રેસવાળા લઈ જશે. સાલિગરામે તક જોઈને આ પત્રિકા ફેંકીને પોતાનો મતલબ સાધી લીધો છે. હવે તમે એને જે કહેવું હોય તે કહો.' કર્નલે પોતાનું મંતવ્ય પ્રગટ કર્યું.

'હવે હું કહું...'

બાબુ ગુલાબચંદને બોલતાં અટકાવીને મહિપાલ બોલ્યો, 'હું પણ કાંઈક કહીશ ગુલાબચંદ આ ઇલેક્શન તો ચાર દિવસની ધાંધલ છે. પરંતુ આ ધાંધલમાં સમાજનું આવડું મોટું પાપ છુપાઈ જાય એ તમે સૌ કેવી રીતે સાંખી શકો છો?'

'અરે ભાઈ પંડિતજી મહારાજ, તમેય કેવી વાત કરો છો?' લાલા મુકુંદીમલે વાત ઉપાડી. એ જ વખતે એમના ઘેરથી પાનની રકાબી પણ આવી ગઈ. આગળની ખુરશી પર બેઠેલા કર્નલ સામે નોકરે પાન ધર્યું. મુકુન્દીમલે પોતાની વાત ચાલુ રાખી, 'આ તો સંસાર છે. ચાલતો જ રહે છે હહર્રીનો. આ કાંઈ નવી વાત બની છે? અમે તો આવું બધું જ જોતાં-સાંભળતાં ઘરડાં થઈ ગયા.'

'અરે, પણ હજીય ક્યાં સુધી સાંભળશો? જ્યાં સુધી સમાજમાં આ બધો પાપાચાર ચાલતો રહેશે ત્યાં સુધી તમારી આ પાર્ટીઓ અને ઇલેક્શન બધું નકામું છે.'

'નકામું તો છે જ મહારાજા, હું પણ એ જ વાત કહું છું. જેની લાઠી એની ભેંસ. ગમે તે પાર્ટી આવે પણ રાજ્ય સદા આમ જ ચાલશે; અને પ્રજા પણ આવી જ રહેશે. પાપ પણ રહેશે, પુણ્ય પણ રહેશે – આ બધો તો ભગવાને રચેલો ખેલ છે. એને કોણ બદલી શકે? આટઆટલા મોટા ઋષિ-મુનિઓ થઈ ગયા, રામચંદ્રજી ને શ્રીકૃષ્ણજી જેવા અવતાર થયા, તોય સાલી દુનિયા ન બદલાઈ, હવે શું બદલાવાની?'

'બોલ લાલ લંગોટવાળાની જે! ચોર્યાસી ઘંટવાળાની જે! બજરંગ, તારો જ સહારો છે સ્વામીનાથ!' કડકડતી ઠંડીમાં પણ ઉઘાડા શરીરે, જનોઇથી બાંધેલા ચાવીઓના મોટા ઝૂડાને ખભા પર નાખીને, છાતી, મૂછ અને ગરદન અક્કડ રાખીને એક ભક્તરાજે પ્રવેશ કર્યો ને પોતાના જોશભર્યા સ્વરથી વાતાવરણ ગજાવી દીધું.

પોતાના ભલા માટે ભક્તની મસ્તીમાંથી જોશ અને રકાબીમાંથી પાનનું બીડું ઉપાડતાં રાધેશ્યામબાબુ બોલ્યા, 'બદલાશે લાલા, હવે કૉમ્યુનિસ્ટો આવીને બદલશે. પૂંજીવાદીઓનો ખેલ હવે વધારે દિવસ નહિ ચાલે.'

ગુલાબચંદ હસીને બોલ્યા, 'યાર તું તો દિવસે દિવસે કોમરેડ સ્ટાલિન બનતો જાય છે. બાપલા, તારાં બાળ-બચ્ચાં ને નોકરીનું પણ ધ્યાન રાખજે દોસ્ત. આ કૉંગ્રેસ ગવર્મેન્ટ છે.'

'કોઈ પણ ગવર્મેન્ટ હોય, બાબુ ગુલાબચંદ, સળગતા દિલની આહ કોઈના રોકવાથી રોકી નથી શકાતી.' મહિપાલે કહ્યું, 'હું કૉમ્યુનિસ્ટ નથી પણ તમે ખાતરીથી માનજો કે જ્યારે હું સાંભળું છું કે રશિયામાં બેકારી બિલકુલ નથી, દરેક માણસને કામ અને રોટલો મળે છે, ત્યારે મને પણ થઈ જાય છે કે હિન્દુસ્તાનમાં પણ કૉમ્યુનિઝમ આવી જાય.'

એ જ વખતે પાછળની ગલીમાંથી એક સ્ત્રી દોડતી – દોડતી આવી. અઠ્ઠાવીસ-ત્રીસની ઉંમર. ચહેરો અને આંખો તંગ રેખાઓ અને ગભરાટથી ભરેલા હોવા છતાં એની સુંદરતાથી બધાંનું ધ્યાન ખેંચતાં હતાં. મંડળીને જોઈને યુવતી એકા-એક ઊભી રહી ગઈ. ગલીમાં પાછળથી કોઈ દોડતા આવનારનો અવાજ આવ્યો, 'પકડો! પકડો!!' યુવતી લાલા મુકુંદીમલ પાસે આવીને ઊભી રહી ગઈ. કાન-ટોપથી સજાવેલા, જાડા કાચના ચશ્માં પહેરેલો, સફેદ મૂછોવાળો લાલાજીનો ચહેરો તંગ થઈ ગયો. યુવતી ઝટ દઈને એમનાં મોં પર થૂંકી અને બીજી તરફ મોં ફેરવ્યું ત્યાં તો ભાગંભાગ મચી ગઈ. સજ્જન ચોરા પરથી ઊઠીને એની તરફ આગળ વધ્યો. ઓગણ્યાએંસી વરસના ધનિક – સંમાનિત લાલા મુકુંદીમલ આબરૂ જવાથી ક્રોધથી ધુંવાફુંવા થઈ ગયા. ગળપટાથી જલદી જલદી મોં લૂછીને ઊઠતાં હુક્કો જમીન પર એવી રીતે પડી ગયો જાણે લડાઈમાં શહીદ થઈ ગયો હોય.

સજ્જન પાસે પહોંચતાં જ યુવતીની આંખ એના ચહેરા પર મંડાઈ. ગલીમાંથી હાંફતો અવાજ અને દોડતાં પગલાંનો ધ્વનિ નજીક આવી ગયો. યુવતીએ પાછું વળીને જોયું, સજ્જને પણ જોયું: એક પાંસઠ – સિત્તેર વર્ષના એરિસ્ટોક્રેટ જેવા દેખાતા ગૃહસ્થ દોડતા આવી રહ્યા હતા. 'પકડજે માય ડિયર! પકડજે! થેંક્યુ – થેંક્યુ!'

'માય ડિયર!' કહીને યુવતી સજ્જનને વળગવા લાગી. સજ્જન સાવધાન હતો. બંને હાથ પકડીને એણે કહ્યું, 'ખબરદાર!'

'હવે નહિ કરું, હવે નહિ થૂંકું. પ્લીઝ, એક્સક્યુઝ મી. મને છોડી દો – મને મારો નહિ.'

વૃદ્ધ મહાશય આવીને ઊભા રહી ગયા. તેઓ ખૂબ જ હાંફતા હતા. કર્નલ, ગુલાબચંદ મંડપની પાસે ઊભા હતા. છેદાલાલ ચોરા પર પોતાના ઘરની દીવાલને અઢેલીને ઊભા હતા. રાધેશ્યામ પણ એમની પાસે જ હતા. મહિપાલ પોતાની જગા પર બેઠો હતો. પ્રસાદનો થાળ અને ફૂલોની ટોપલીઓ પર પોતાના બંને હાથ ઢાંકીને વસંતુ માળી ગભરાયેલા દેડકાની જેમ ઉભડક બેઠો હતો.

વૃદ્ધ ગૃહસ્થને જોઈને મુકુંદીમલ બોલ્યા, 'વકીલ સાહેબ આ... આ આપની પુત્રવધૂ છે? એ જ ગાંડી?'

'જેન્ટલમૅન, યુ આર માય ફાધર, માય બ્રધર, માય એવરિથિંગ.' સજ્જનના હાથોમાં લાચારપણે બંધાયેલી સ્ત્રીએ ચમકતી આંખો અને કરુણાથી કંપતા સ્વરે પોકારવા માંડ્યું, 'મને મારા રાજેશ પાસે પહોંચાડી દો. રાજેશ માય ડાર્લિંગ! ફ્લાવર ઑફ માય હાર્ટ! મારું દિલ સળગી રહ્યું છે. અહીં! અહીં! મારો હાથ છોડી દો. ક્યાં સળગી રહ્યું છે તે હું બતાવું. સ્મશાનની જેમ ધફ ધફ સળગે છે!'

'અચ્છા – અચ્છા ઘેર ચાલ બેટા!' એના સસરા વકીલ સાહેબ બોલ્યા, 'ઘેર ચાલ. તારાં કપડાં–સામાન બાંધીએ ત્યારે રાજેશ પાસે જવાશે ને!'

'ના હું ત્યાં જ જઈશ. માય ડીયર હસ્બંડ ઈઝ કૅપ્ટન! તેઓ મને સાડીઓ આપશે, મોટરમાં ફેરવશે. હું જઈને મારા રાજેશને ભેટી પડીશ.' યુવતીએ સજ્જન પાસેથી છૂટવાનો ફરીથી પ્રયત્ન કર્યો. સજ્જને એના કાંડાને ઝટકો મારતાં કહ્યું, 'ઘેર ચાલો.'

'ના, મને ત્યાં ન લઈ જશો. યુ આર જેન્ટલમૅન, હેલ્પ મી. ત્યાં ગોપુ છે, તે એની વાઈફને ભેટે છે. કીસ કરે છે. મને પાયખાનામાં બંધ કરી દે છે. અને આ બુઢ્ઢો, મારો સસરો મને દીકરી – દીકરી કહે છે. મા પણ મીઠી જીભથી મારી દીકરી મારી રાણી કહ્યા કરે છે. એમને જરાપણ દયા નથી આવતી. રાત્રે બંને ડોસા – ડોસી ગુસપુસ...'

સજ્જને હાથ છોડીને તડાક દઈને એનાં મોં પર તમાચો માર્યો. યુવતી ડરીને બકરી બની ગઈ. પોતાના આવેશ પર કાબૂ મેળવી શરમાઈને એણે વકીલ સાહેબને કહ્યું, 'મને માફ કરજો.'

'નહિ બેટા ! ના – ના.' વકીલ સાહેબે ઉપકૃતભાવે કહ્યું.

'ઘેર ચાલો.' સજ્જને કહ્યું કે તરત યુવતી ચુપચાપ રડતી ડૂસકાં ભરતી પોતાના ઘર તરફ ચાલી. વકીલ સાહેબ કોઈની સામે નમસ્તે કર્યા વિના માથું નમાવીને થાકેલા સૂનમૂન જેવા આગળ ચાલ્યા.

કર્નલે કહ્યું, 'સજ્જન, હું આવું તારી સાથે?'

'ના. હું આવું છું હમણાં.' સજ્જને મોં ફેરવ્યા વિના જ જવાબ આપ્યો અને ચાલ્યો ગયો.

બાર

પાછા ફરતાં ચોરો ખાલી જોયો એટલે સજ્જન પોતાની ઓરડી તરફ ગયો. જોયું તો દરવાજો ખુલ્લો હતો.

અંદર આવ્યો. વનકન્યા બેઠી બેઠી થૉમસ ક્રેવનની 'ધ સ્ટોરી ઑફ પેઇન્ટીંગ' વાંચી રહી હતી. એને જોઈને સજ્જનનું હૃદય સહજ રીતે ઊછળી પડયું. પછી ધ્યાન ગયું કે ત્યાં કર્નલ કે મહિપાલ કોઈ નહોતું. જલેબી-ફરસાણની ટોપલી સામે જ પડી હતી.

સજ્જને આનંદમાં આવી જઈ પોતાની જાતને ભૂલી જઈને હાથ જોડયા. વનકન્યાએ હસીને હાથ ઊંચા કર્યા ને પછી બોલી, 'તે દિવસે તમે અચાનક મારે ઘરે આવી ગયા હતા...'

'એટલે બદલામાં આજે તમે મને ચોંકાવી દીધો, કેમ?' સજ્જન ઓરડીની વચ્ચે જ ઊભો રહી ગયો, 'અને મારા બંને નાલાયક મિત્રો કયાં ગયા? તમને અહીં તેઓ મળ્યા તો હશે જ?'

'કોઈને' જોતાં જ ઉત્સાહની રેલ આવી હતી. કામના-નકામા શબ્દોની વાચાળતામાં દોસ્ત માત્ર 'નાલાયક' જ બન્યા એ શું ઓછું સંતોષજનક છે?

'હા, એમનામાંથી મહિપાલજીને હું ઓળખુ છું, અને એક બીજા મહાશય પણ હતા. હું જ્યારે આવી ત્યારે બંને અહીં હતા.'

'કયાં ગયા એ લોકો? તમને કાંઈ કહી ગયા છે?'

આંગળીથી નાના ટેબલ તરફ ઇશારો કરીને વનકન્યા બોલી, 'ત્યાં કાંઈક લખીને ગયા છે?'

સજ્જને ઉપાડીને જોયું, ઓમ્બ્રે આર્ટ સોસાયટીના એક જૂના નિમંત્રણપત્રનું બુકપોસ્ટ-કવર બંધ કરીને મૂક્યું હતું, છાપેલા સરનામા પર મહિપાલનાં હસ્તાક્ષરથી લખ્યું હતું, 'મેની હેપી રીટર્ન્સ ઑફ ધ ડે! (આ ખુશીનો દિવસ વારંવાર આવે.)'

સજ્જન હસ્યો – રગરગમાં કરંટની જેમ દોડતો આનંદ સ્મિતમાં સમાઈ ગયો, 'બદમાશ સાલા!'

કવર ખોલ્યું, જૂના નિમંત્રણ કાર્ડની પાછળ મહિપાલ લખી ગયો હતો: "જલેબીના સોગંદ, આ બ્રાહ્મણ અત્યારે વિરહી બનીને જઈ રહ્યો છે. મારો આજનો જલેબી ત્યાગ તારી ડાયરીમાં સુવર્ણાક્ષરે લખી લેજે કર્નલે પણ સ્વાદેન્દ્રિય જીતીને પોતે જૈન હોવાનું પ્રમાણ આપ્યું છે. આ નિરાગીપણું. એકલાપણું તને મોટા દિવસના ઉપહાર તરીકે ભેટ આપીને જઈએ છીએ. કાકાઓનો આભાર માન, સદ્‌ભાગી બન, તારા હક્ક માટે અત્યારે તો અમે આ જ દુઆ આપીએ છીએ!'

નીચે કર્નલના ખરાબ અક્ષરોથી લખાયું હતું, 'બેટા, કૉમ્યુનિસ્ટ ન બની જતો.'

ખડખડાટ હસી પડાય એવા આનંદને ઉપલકિયા રોષથી ઢાંકી પત્ર ખિસ્સામાં મૂકીને સજ્જન વનકન્યા તરફ ફર્યો. અમુક હદ સુધી પહોંચેલું અતિ રૂપાળાપણું અને પાણીદાર વ્યક્તિત્વ વનકન્યાની વિશેષતા હતી. સજ્જનની આંખોમાં એ દર્શનનો પ્રભાવ ઝળક્યો. ઉમંગભર્યા રોષમિશ્રિત અવાજમાં બોલ્યો, 'આ મારા બંને દોસ્તો એવા તો એક નંબરના મૂર્ખ છે કે તમને શું કહું? જરૂરી કામે જઈ રહ્યા છે એમ તો લખ્યું પરંતુ એમ ન લખ્યું કે એ કમબખ્તો હવે ક્યાં મળશે? મારો આખો ક્રિસમસ ડે નકામો કરી નાખ્યો.'

કહેતાં કહેતાં સજ્જન કન્યા પાસે જ એક ચોરસ તકિયાને અઢેલીને બેસી ગયો. તે બોલી, 'પેલા બીજા સાહેબ જ મહિપાલજીને એમની સાથે લઈ ગયા છે બાકી હું તો ઇચ્છતી હતી કે મહિપાલજી રોકાય.'

આશકનું દિલ કાંસાના વાસણની જેમ ખણણ કરી ઊઠ્યું. સજ્જને પૂછ્યું, "મહિપાલનું તમારે ખાસ કાંઈ કામ છે?'

'ના – ના, મેં એમનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે. તેઓ મારા પ્રિય લેખક છે.'

સજ્જનના મનને આ ન રુચ્યું. પરંતુ એ સંતોષભર્યો ચહેરો રાખી સાંભળી રહ્યો.

કન્યાએ ફરી હસીને કહ્યું, 'એમ તો કેટલીય વાર વિચારેલું કે જઈને એમને મળી આવું. પછી થયું કે ઘણાય અજાણ્યા લોકો તમ લેખક - કલાકારો વગેરે પાસે ગમે ત્યારે આવતા રહે છે. એથી તમને લોકોને અનુચિત ઘમંડ આવી જાય છે. એટલે ન મળી. આજે સંયોગવશાત્ તેઓ અહીં મળી ગયા તો...'

'તો એમાં શું છે? જે વખતે ઇચ્છા થાય ત્યારે તમારા પ્રિય લેખકને કાન પકડીને હાજર કરી દઉં. ચાલો, હમણાં જ જઈએ એને ઘેર. એ બંને ઘેર જ ગયા હશે.'

વનકન્યાએ ખૂબ સંયમભર્યા ભાવથી કહ્યું, 'અત્યારે તો હું એક કામે આવી છું – તમારી પાસે.'

સાંભળીને સજ્જનના 'મૂડ'માં બીનાશ આવી. વિષયને સમજીને તરત જ ગંભીર બની ગયો ને પૂછ્યું, 'અબાઉટ ધેટ પેમ્ફલેટ?'

'હા.'

'મેં હજી હમણાં જ મહોલ્લાવાળાઓની સાથે સાંભળ્યું એ પત્રિકાને સાધારણ સમજીને છોડી દેવા લાયક છે. એ વાંચીને આવતી પેઢી આપણી જનરેશનના નામ પર થૂંકશે.'

'ખેર, ભવિષ્યની વાત છોડો, મારી તો આજની સમસ્યા છે.' કહેતાં કહેતાં કન્યાએ પોતાનું વિચારમગ્ન મુખ નીચું કરી દીધું, બંને પગના અંગૂઠા અને આંગળીઓ આપસમાં કાતરની જેમ ચાલવા લાગ્યા. નજર ભરીને એને જોવાનો સજ્જનને મોકો મળ્યો. ભૂરા વાંકડિયા વાળની બે લટ બંને કાન પર લટકતી હતી, બહુ સુંદર લાગી – બહુ જ સુંદર. કેટલી તકલીફમાં છે બિચારી! એ મારી પાસે તકલીફમાં ભાગ વહેંચવા આવી છે. કેટલી મોટી આશા લઈ ને આવી છે!...'

જરા જોશમાં આવીને સજ્જને કહ્યું, 'તમે એ અંગે શું કરવા ઇચ્છો છો? હું દિલથી તમને મદદ કરીશ.'

કાનમાં ક્યાંકથી શાસ્ત્રીજીનો સ્વર ગૂંજી ઊઠ્યો. 'પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનં.'

વનકન્યાએ માથું ઊંચું કર્યું. નજરમાં નજર પરોવીને જોયું, જાણે કસોટી કરી, પછી બોલી, મારી બદનામીની ચિંતા નથી કરતી. સ્વર્ગીય ભાભી માટે ન્યાય ઇચ્છું છું.'

'પેમ્ફલેટમાં આપેલું ડાઈંગ ડેકલેરેશન...'

કન્યા શુષ્ક હાસ્ય કરીને બોલી, 'બાબુ સાલિગરામે ઢોળાઈ ગયેલા દૂધમાંથી નફો મેળવ્યો છે. મારા પિતાને શું કામ સારું ન લાગે! ખૂન કરીને પણ ખૂની ફાંસીના દોરડા પરથી નિર્દોષ બનીને ઉતરી આવ્યો. આ સ્વરાજ્યનો ન્યાય છે!'

સજ્જન વિચારમગ્ન બની ગયો.

કન્યા ફરી બોલી, 'મરતાં મરતાં પણ ભાભીના દેહ પાસેથી એક વધુ સેવા લેવાઈ. એમનો હાથ પકડીને સ્ટેટમેન્ટ પર સહી કરાવવામાં આવી ...તે દિવસે મેં

જે અનુભવ કર્યો તે કદી નહિ ભૂલું. એક મૅજિસ્ટ્રેટ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એક ડૉક્ટર અને એક રાષ્ટ્રીય નેતા – આ આપણા ન્યાયનાં પ્રતીક સરાસર ન્યાયનું ગળું દબાવી રહ્યા હતા. મરનારનો આત્મા ધરતી પરથી કેવો બૂરો અનુભવ લઈને ગયો હશે. છેલ્લી ઘડી સુધી એનો અનુચિત લાભ લેવાયો.

'સ્કાઉન્ડ્રલ્સ !'

'ઇલેક્શનની કેવળ એક ચાલને માટે માનવતા વિરુદ્ધનું આવડું મોટું ષડ્યંત્ર રચાયું. આ આપણી સભ્યતાનો તાજો નમૂનો છે.'

એક મિનિટ માટે ઓરડામાં ચુપકીદી પ્રસરી ગઈ. કન્યાએ ફરી વાત શરૂ કરી, 'આ લોકો તો, ખેર, નીચ તરીકે જાણીતા છે. પરંતુ આજે પાર્ટીવાળાનું વલણ જોઈને મને જે દુ:ખ થયું છે એનું વર્ણન કરી શકતી નથી.'

'પ્રશ્નાર્થ નજરે સજ્જન જોઈ રહ્યો. કન્યા કહેવા લાગી, 'આ પત્રિકાની સાથે સવારે ભલ્લેબાબુ અને બેત્રણ સાથીઓ બીજી એક પત્રિકાનો મુસદ્દો મારી પાસે લાવ્યા હતા. એમાં પણ આ અન્યાયથી વધારે પાર્ટી અને ભલ્લેબાબુની આબરૂ બચાવવાની ફિકર કરવામાં આવી હતી. હું એના પર સહી કરું એમ તેઓ ઇચ્છતા હતા. મેં ના પાડી દીધી. હું પૂછું છું કે શું આ સ્ત્રીની આબરૂ કોઈ પણ પાર્ટી કે રાષ્ટ્રની આબરૂ કરતાં ઓછી છે? આ અન્યાય શું આખા સમાજ પ્રત્યેનો અન્યાય નથી?'

સજ્જન સ્વયં પોતાનું દિલ તપાસી રહ્યો હતો.

'બધા પોતાનો જ સ્વાર્થ જુએ છે. સજ્જનજી! મારો તો મનુષ્યજાત પરથી જ વિશ્વાસ ઊઠતો જાય છે.'

સજ્જન કશું ન બોલ્યો. મૌન એની સંમતિનું સૂચક હતું. કન્યાએ પોતાની પર્સ ખોલી એક કાગળ કાઢીને કહ્યું, 'મેં એક નાનો એવો લેખ લખ્યો છે. એને કોઈ છાપામાં છપાવી દો એટલી તમારી મદદ માગું છું.'

ફૂલસ્કેપ કાગળના ચાર પાનાં વાંચવામાં સજ્જન મશગૂલ બની ગયો. વન-કન્યાની દૃષ્ટિ ઓરડામાં આમતેમ ફરતી, વચ્ચે વચ્ચે સજ્જનના ચહેરાની પ્રતિક્રિયા જોઈ લેતી હતી.

વાંચીને સજ્જને ઊંડો નિશ્વાસ મૂકીને કહ્યું, 'તમે બહુ જ સરસ લખ્યું છે.... પરંતુ મારો એવો મત છે કે આને છાપામાં ન છાપો. ઇલેક્શનની ધમાલમાં આ લેખ દબાઈ જશે. હમણાં તો પત્રિકાબાજીની જ મોસમ છે.'

'પણ મારી પાસે તો બીજું કોઈ સાધન નથી.'

'હું કર્નલને આ વાત કરીશ, એ જ, જે મહિપાલની સાથે તમને અહીં મળ્યા હતા. ...અમીનાબાદમાં વિક્ટોરિયા મેડિકલ સ્ટોર છે ને...એનો પ્રોપ્રાયટર છે. ઇલેક્શનના દાવપેચ એ બહુ સારી રીતે જાણે છે. હમણાં આપણે જઈએ. હું, તમે, કર્નલ, મહિપાલ બધાં બેસીને કોઈક રસ્તો શોધીશું. મારું કહેવાનું છે કે જ્યાં સુધી આ લેખ ઇલેક્શનની બધી ધમાલથી ઉપર નહિ તરી આવે ત્યાં સુધી પબ્લિક પર એની કશી અસર નહિ પડે.'

'હું જિંદગીભર તમારો ઉપકાર માનીશ.'

સજ્જનને વાત સારી લાગી, પછી આ સારાપણામાં પોતાની છુપાયેલી ઇચ્છાની ઝલક દેખાવાથી એને પોતાને માટે શરમ લાગી. તે બોલ્યો, 'મને તમારી નજરમાં એટલો ખરાબ ન માનતા. આ કામ જેટલું તમારું છે એટલું જ મારું પણ છે. દરેક ન્યાયપ્રિય માનવીનું છે. પછી કોણ કોના પર ઉપકાર કરશે અને કોણ આભાર માનશે ?'

વનકન્યાની નજર શંકા અને આદરના મિશ્રભાવ સાથે નીચું જોઈ ગઈ.

નાસ્તા પર સજ્જનની નજર પડી. ટોપલી ખોલતાં સજ્જને કહ્યું, 'આવો, થોડો નાસ્તો કરી લઈએ, જલેબી તો એકદમ ઠંડી થઈ ગઈ છે, પરંતુ ખેર...'

પડીકાં ખોલતી વખતે છાપાના કાગળનો ખખડાટ થતો રહ્યો. સજ્જને પૂછ્યું, 'મને લાગે છે કે આની સાથે ચા જોઈશે, કેમ ?'

'હું બનાવું છું.' કહીને કન્યા ઊઠી ખૂણામાં નાના ટેબલ પર ચાની સામગ્રી પડી હતી.

સજ્જન બજારમાંથી દૂધ લાવવા ગયો. કર્નલને ઘેરથી સીધા શાસ્ત્રીજીને ત્યાં ચાલ્યા જવાને કારણે એ દૂધની બાટલી પોતાની સાથે નહોતો લાવી શક્યો.

ચા પીતાં પીતાં સજ્જને વાત શરૂ કરી; કહ્યું, 'તમે અહીં આવ્યાં તેની થોડીવાર પહેલાં મને એક સોશિયલ સર્વિસનો અનુભવ થયો. અહીં ગલીમાં જરાક આગળ એક વકીલ સાહેબ રહે છે. ઘણા વૃદ્ધ છે. વાતચીતમાં ખૂબ ઈન્ટરેસ્ટીંગ લાગ્યા. હાં, તો એમના નાના દીકરાની વહુ ગાંડી છે. આજે એકાએક ગલીમાં નીકળી આવી હતી. ખૂબ ધમાલ મચાવી દીધેલી. કંટ્રોલમાં લાવવા માટે મેં એને તમાચો માર્યો. મને લાગે છે કે પહેલી વાર જ કોઈ સ્ત્રી પર હાથ ઉગામ્યો. ...ઘણીવાર સુધી મારી હથેળીમાં એ તમાચાંની ઝણઝણાટી ચાલુ રહી.'

'એ કેવી રીતે ગાંડી થઈ ગઈ ?'

'તમારી ભાભીએ એક પ્રકારનો અત્યાચાર સહ્યો, આ સ્ત્રીએ બીજા પ્રકારનો અંત પણ એક્સરબો બનીને બે રૂપમાં સામે આવ્યો. બસ, એ જ ફેર છે.' સજ્જનના સ્વરમાં વેદના અને વિચાર બંનેનો ઊંડો સ્પર્શ હતો. કન્યા મન દઈને એને જોઈ-સાંભળી રહી હતી.

સજ્જને અટકીને ફરી બીજો વ્યાસ લઈને કહ્યું, 'વકીલ સાહેબના ત્રણેય દીકરાઓ એવાં નસીબદાર નીકળ્યા છે કે હવે એ લોકોએ માબાપ સાથેનો એમનો સંબંધ પણ એટલો જ દૂરનો કરી નાખ્યો છે. મોટો દીકરો ઈંગ્લેન્ડમાં ડૉક્ટરનું ભણવા ગયો હતો, ત્યાં જ એક કાઉન્ટીમાં પ્રેક્ટિસ જમાવીને સ્થિર થઈ ગયો છે, પોતાનાં વહુ-બાળકોને પણ ત્યાં બોલાવી લીધાં છે. હવે એની સાથે તો જાણે કશો સંબંધ જ રહ્યો નથી. છ-બાર મહિને વળી એકાદ કાગળ આવે. બીજા સાહેબજાદા આઇ. સી. એસ. છે. તેઓ પણ હવે આવા ગલી-મહોલ્લાં અને ઘરડાં માબાપ સાથે શા માટે સંબંધ રાખે ભલા? હા, થોડાક રૂપિયાની મદદ જરૂર કરે છે. ત્રીજા સાહેબજાદા મિલિટરીમાં છે, એટલે કે મિજાજી તોપ-બંદૂકના માલિક, કૉટન સો-એન્ડ-સો. એને એના સગા કાકાની દીકરી સાથે રોમિયો-જુલિયેટનો સંબંધ હતો, જે પ્રોગ્રેસ કરીને લગ્નના સ્વરૂપમાં પલટાઈ ગયો. અને આ સ્ત્રી લગભગ સાત-આઠ વર્ષથી કંડેમ્ડ માલની જેમ અહીં પડી છે. વકીલ સાહેબ પોતાના પુત્રના કલંકિત કરતૂતથી એટલા ડરી ગયા કે તેઓ અને એમની બુઢ્ઢી હંમેશાં ખૂબ નર્વસ ટેન્શનથી પોતાની વહુ પર ખૂબ કડક દેખરેખ રાખવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે મનની ઇચ્છાઓ ફ્રસ્ટ્રેટ થતાં થતાં આજે આ હાલત પર પહોંચી ગઈ છે.'

કહીને બે પળ સુધી વિચારમગ્ન દૃષ્ટિથી સજ્જન કન્યા સામે જોઈ રહ્યો, પછી એક જ ઘૂંટડે ઠંડી ચાનો અડધો પ્યાલો પીને પ્યાલો મૂકી દીધો.

કન્યાએ સાવ ભોળપણ અને દુઃખ સાથે પ્રશ્ન કર્યો, 'પણ થશે, શું? આ બધું ક્યાં સુધી ચાલશે? આનો કોઈ અંત નથી?'

'જરૂર છે. જરૂર હશે.'

'કેવી રીતે થશે તે મારી સમજમાં તો આવતું નથી. આજ સવારથી મને એક નવી ચિંતા હેરાન કરી રહી છે. ...તમારા પોલિટિકલ વ્યૂઝ શું છે તે હું નથી જાણતી, પરંતુ મને કૉમ્યુનિઝમ પ્રત્યે બૌદ્ધિક આકર્ષણ છે એ તો તમે પણ જાણો છો...'

'હશે. હું કોઈ સ્ત્રી-પુરુષને 'ઇઝમ'ની દૃષ્ટિથી નથી જોતો...'

'મેં એટલા માટે કહ્યું કે કૉમ્યુનિસ્ટ કહેવડાવવું એ આજકાલ ભયાનક મનાય છે, જો કે એમાં પણ સેંકડો – હજારો મારા – તમારા જેવા જ માણસો છે. ખેર, તો ભલ્લેબાબુને હું લગભગ ત્રણ-ચાર વર્ષથી ઓળખું છું. તેઓ બહુ વધારે વાંચવા – વિચારવાવાળા તો નથી, છતાં વાંચતા-વિચારતા રહે છે. આમ તો તેઓ પ્રેક્ટિકલ વર્કર છે. અને હું સાચું કહું છું, લોકો ભલે એમને ગમે તે કહે, તેઓ ખૂબ સાચા માણસ છે, હું એમનો આદર કરું છું ...પરંતુ આજ સવારે એમની વાતો સાંભળીને મને એવું લાગ્યું જાણે હું કોઈ નવા માણસને જોઈ રહી હોઉં.'

સજ્જન બુદ્ધિમાનની જેમ હસીને બોલ્યો, 'હું તમારા પોલિટિકલ વ્યૂઝ પર આઘાત પહોંચાડવા નહોતો માગતો, પરંતુ કૉમ્યુનિસ્ટો કદી જવાબદાર માણસો નથી હોતા એ વાતમાં જરાય સંદેહ નથી.'

'તમારું લૉજિક ભ્રમણાભરેલું છે!' વનકન્યાનો સ્પષ્ટ આરોપ સાંભળીને સજ્જનના મનને ધક્કો લાગ્યો. એ સાંભળીને બેસી રહ્યો. કન્યા કહેવા લાગી, 'એક વાત, જે વર્ષોથી મારા મનમાં ખટકતી હતી તે આજની ઘટનાથી મારું સાંત્વન બની ગઈ છે. આજે એકાએક મને એવું લાગ્યું કે જેમ ફૂટબૉલની મૅચ થાય છેને, બરાબર એવા જ રાજકીય પાર્ટીના સંઘર્ષ હોય છે. જનતા ફૂટબૉલ છે; મૅચ એના જ નામ પર રમાય છે, પોલિટિકલ પાર્ટીઓના ખેલાડીઓ ઠોકરો પણ એને જ મારે છે. આ ઇલેક્શન આપણી જનતાથી ચાલતી સમાજવ્યવસ્થાનું જ એક રૂપ દર્શાવી રહ્યાં છે.'

સજ્જન ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો.

કન્યા બોલતી જતી હતી, 'ભલ્લેબાબુ જે સ્ટેટમેન્ટ બનાવીને લાવ્યા હતા એમાં મારા પિતાનું પાપ અને ભાભીનો અંત પણ પ્રોપેગેન્ડાના રૂપમાં જ સામે આવ્યા. એમાં માત્ર કૉમ્યુનિસ્ટ પાર્ટી અને ઇલેક્શનનું જ મહત્ત્વ હતું. એમની વિરુદ્ધ જુઠ્ઠો પ્રચાર શા માટે થાય છે એની પોલ પણ ખૂબ જોશપૂર્વક ખોલવામાં આવી હતી – મેં પૂછ્યું, 'આવું જ જોશ તમને એક સ્ત્રી પર થનાર અત્યાચાર માટે કેમ ન આવ્યું ? — કહેવા લાગ્યા, પાર્ટી આ જ આદર્શો માટે ચાલે છે. જ્યારે પાર્ટી જીતશે ત્યારે સમાજ પણ બદલાશે. સાચું કહું છું. મને સંતોષ ન થયો. મને લાગ્યું કે સમાજને આ લોકો જનરલ ટર્મ્સમાં જોઈ રહ્યાં છે, જે વ્યક્તિઓની પીડાઓનું સામૂહિક રૂપમાં દર્શન કરીને આ રાજનીતિક સિદ્ધાંત બન્યા છે એમની અનુભૂતિ, એમનો તરફડાટ પણ હવે આપણા મનમાંથી નીકળી ગયાં છે. આપણી દૃષ્ટિ હવે માત્ર પોલિટિકલ બની ગઈ છે – માત્ર પોલિટિકલ – ઘાણીના

બળદની જેમ આદતના જોરે ગોળ ફરતાં ચાલી રહ્યાં છીએ, કામ કશું જ નથી રહ્યું.'

'તમે સાચું કહો છો, બરાબર મારા મનની વાત કરી રહ્યાં છો. હું પોલિટિક્સને હેટ કરું છું.' કહીને સજ્જને કીટલી ઉપાડી, જોયું ને બોલ્યો, 'વાતોમાં ચા એકદમ ઠંડી પડી ગઈ, બીજીવાર બનાવું ?'

'તમારે માટે બનાવું, હું તો હવે...'

'હા, મન તો મારું પણ હવે બદલાઈ ગયું છે. ...જુઓ, ચા-કૉફી, સિગરેટ પણ ફુરસદના શોખ છે. મન જ્યારે પૂરેપૂરું કોઈ ભાવના સાથે જડાઈ જાય છે ત્યારે આ બધી ચીજો નકામી સાબિત થાય છે.' બોલતાં બોલતાં સજ્જન સિગરેટ-કેસ કાઢવા માટે ખિસ્સામાં હાથ નાખવા લાગ્યો.

કન્યાએ એકદમ એને ટોક્યો, 'હાથ ધૂઓ, જલેબીથી ચીકણા નહિ થયા હોય ?'

સજ્જને શરમભર્યા સ્મિતથી એની સામે જોઈને ડાબા હાથે સિગરેટ-કેસ કાઢ્યું ને કન્યાને કહ્યું, 'આ બધું હવે પૂરું તો કરો, અને ઈફ યુ ડોન્ટ માઈન્ડ, ચા ફરી એકવાર બનાવી જ લ્યો. ...અરે, અરે...ખાઈ તો લ્યો, પછી આરામથી ચા બનશે.'

'ના, બસ, હવે ખાઈ લીધું.'

'ઉંહ, એવું નહિ ચાલે. જો અન્યાય દૂર કરવો હોય તો પોતે અન્યાયી ન બનવું જોઈએ. પુરુષો સાથે સમાનતા જોઈતી હોય તો અડધો નાસ્તો પણ પૂરો કરો !' સજ્જને બરાબર આંખોઆંખો કાઢીને ભારે શેખીભર્યો અભિનય કર્યો.

કન્યા હસી પડી ને બોલી, 'તમારા મોકા પર ન્યાય માગો છો, હું ક્યારેક ન્યાય માગીશ તો તમે સાફ ના સંભળાવી દેશો.' બોલતાં બોલતાં એના અવાજમાં નારીનું સ્વમાન ગૂંજી ઊઠ્યું. આંખની કીકીઓ ગુલાબી લજ્જાના કાચા તાંતણાથી બંધાઈને એની મેળે કાન સુધી ખેંચાઈ ગઈ.

સજ્જન ફરી એકવાર ખુશ થઈ ગયો. એણે બરાબર નોંધ્યું કે કન્યાના મનોભાવ સીધી રેખાઓ અને બિન્દુઓની જેમ એના ચહેરા અને આંખોમાં આવી જાય છે. એના બધા રંગો સાદા પરંતુ પ્રાણવાન છે.

સજ્જને હસીને કહ્યું, 'ઓળખ્યા વિના તમે તો મારી વિરુદ્ધ એકતરફી હુકમનામું...'

પોતાના પળેકના ઉત્સાહને રોકતાં, વાતને સંભાળી લઈ કન્યાએ કહ્યું, 'પર્ટિક્યુલરલી તમને નથી કહ્યું, મારું કહેવાનું બધા જ પુરુષો માટે છે.'

'જુઓ મહેરબાન, તમે જો જાતિવાદ ફેલાવશો તો મારી-તમારી વચ્ચે લડાઈ થઈ પડશે. સ્ત્રી શું ઓછી હત્યારી હોય છે ? અરે, મેં તો સ્ત્રીઓને ચંપલથી પોતાના પતિની પૂજા કરતી જોઈ છે.'

કન્યા હસી.

'થોડા દિવસ પહેલાં એક ઉર્દૂ નોવેલ 'ઉમરાવજાન અદા' વાંચતો હતો. એમાં એક બૂઢા મિંયાજીની વાત છે, જેમને એમની બિલવેડ, એક તવાયફ, પોતાના બીજા પ્રેમીઓને રાજી કરવા માટે વારંવાર ઝાડ પર ચડવા-ઉતરવાનો હુકમ દેતી હતી.'

કન્યા પાછી હસી, હસતાં હસતાં બોલી, 'એ કમબખ્ત હતો જ એને લાયક. ખેર, તમારી વાત માની લઉં છું. સ્ત્રીઓ પણ તક મળ્યે ભારે જલ્લાદ સાબિત થઈ છે.'

નાસ્તો પૂરો થયો. કાગળ-પાંદડાં એકઠાં કરીને બહારની કચરાની ટોપલીમાં ફેંકાઈ ગયા. કીટલી સાફ કરીને ફરીથી પાણી મુકાઈ ગયું.

સજ્જને આરામથી ગાદી પર બેસીને સિગરેટ કાઢી, સળગાવી, અને એક દમ ખેંચી દુનિયા આખીનું સામ્રાજ્ય પોતાના હૃદયમાં ભરી લીધું. સજ્જનના મનમાં અત્યારે અજબનો ઉત્સાહ હતો. એક વનકન્યાની ઉપસ્થિતિથી આ નાનો એવો ઓરડો ભર્યોભાદર્યો સંસાર બની ગયો હતો. એ ઈઝલ પર રાખેલું અધૂરું ચિત્ર જોઈ રહી હતી.

સજ્જને એકાએક પૂછ્યું, 'આ વનકન્યા નામ તમે પોતે પાડેલું કે તમારાં પેરેન્ટ્સે ?'

કન્યાએ સ્મિત કરી પૂછ્યું, 'શા માટે પૂછો છો ?'

સજ્જને મોંમાં સિગરેટ દાબેલી રાખી બેપરવાઈ બતાવતાં જવાબ આપ્યો, 'આવાં નામો આપણે ત્યાં કોમન નથી. ...તમે ક્યારે બદલ્યું ? હાઈસ્કૂલનું ફોર્મ ભરતી વખતે ?'

'તમે તો પૂરેપૂરા જ્યોતિષ બની ગયા.'

'તમને પોતાને સૂઝ્યું કે કોઈએ...'

'મેં પોતે જ વિચાર્યું હતું. – કેવું છે ?'

'હં – હં, સારું છે ! બોલચાલીની ભાષામાં તો કહેવાશે જંગલી છોકરી !' બંને હસી પડ્યાં.

કન્યાએ ચિત્ર તરફ જોતાં પૂછ્યું, 'આ સત્યનારાયણની કથા છેને ? ...બહુ સરસ બનાવ્યું છે. આ તો મરાઠી વાતાવરણ છે સ્કેચ ક્યાં કર્યો હતો ?'

'કોલ્હાપુરમાં.'

'તમને આ કહેવાતા ગરીબ ગુરબાં સાથે બેસવામાં ખચકાટ નથી થતો તે જોઈને મને ઘણો જ આનંદ થયો.'

'માફ કરજો, તમારા આનંદમાં વિઘ્ન નાખું છું, મને સંકોચ તો થાય છે...'

'તો પછી?'

'પરંતુ ઇચ્છા થાય ત્યારે સંકોચ તોડી પણ નાખું છું.'

'તમે જો આ ખચકાટને હંમેશ માટે તોડી શકતા હો તો ચાલો મારી સાથે. અજન્ટા-ઇલોરા તો તમે ખૂબ બનાવ્યા, હવે આ જીવતી ગુફાઓનાં ચિત્રો બનાવો. આ આપણા મોટા-મોટા નેતાઓ છે – જેઓ અભિમાનપૂર્વક કહે છે કે પોતે દુનિયાને આઝાદ કરશે – એમને જરા ખબર તો પડે કે એમની જનતાનું અસલી સ્વરૂપ શું છે?' કન્યાના ચહેરા પર આવેશની લાલાશ આવી ગઈ.

એની વાત સાંભળીને સજ્જનનું મન ખીલી ઊઠ્યું, એ બોલ્યો, 'તમે મને ઇન્સ્પાયર કરો છો કન્યાજી! હું આ જ મિશન લઈને અહીં પ્રયોગ કરવા આવ્યો છું. પરંતુ હું તમારી આ ઉપયોગી વાત સાથે સંમત નથી કે અજન્ટા-ઇલોરાનાં ચિત્રો બનાવવા જરૂરી નથી.'

'હું એમ નથી કહેતી...'

'અજન્ટા-ઇલોરા જોઈને જો યોગ્ય ઇન્સ્પીરેશન લેવાય તો માણસની આખી જિંદગીને સુંદર અને ઉપયોગી બનાવવા માટે એ એકલાં જ બસ છે.'

'હું...'

'હું તમને ખરું કહું છું, જ્યારે હું આ ગુફાઓ જોતો હતો ત્યારે અચાનક મારી સામે મિસરના પિરામિડોનાં દશ્ય આવી ગયાં. આ બંનેને જરા કૉન્ટ્રાસ્ટમાં જુઓ. એક બાજુ આપણાં ઇજિપ્શિયન પૂર્વજોએ પહાડોના પહાડ ઊભા કરી દીધાં છે, એમની શક્તિ અને પ્રતિભાથી તેઓ પણ આપણી દષ્ટિ અને બુદ્ધિને આશ્ચર્યમુગ્ધ બનાવી દે છે. ...પરંતુ આ બનાવટી પહાડોનો ઉપયોગ શાને માટે કરવામાં આવ્યો? – મડદાંઓ માટે! ...હવે બીજી બાજુ જુઓ. આપણાં ભારતના પૂર્વજોએ ઊંચા ઊંચા પહાડોને પોલા કરીને એને પોતાની સુંદરતાથી ભરી દીધા. અને સૌથી વધુ સુંદરતા તો એ છે કે એને ભણવા – ભણાવવાના ઉપયોગમાં લેવામાં આવ્યા, કોઈ રાજા ફરઉનના એશ-આરામ માટે કે મડદા દાટવા માટે નહિ. આ બંને કલ્ચરલ દષ્ટિકોણમાં કેટલો ફરક છે? આપણે ત્યાં કલાને આપણે આપણી જિંદગી સાથે જડાયેલી જોઈએ છીએ. આપણી કલામાં

અદ્ભુતતા ખૂબ છે, પરંતુ તે આપણને ભડકાવતી નથી, બલકે મનને પ્રકાશ આપે છે. એ સુંદરતા આપણા મનને એની પાસે ખેંચી જાય છે, અને એને પણ એટલું જ સુંદર બનાવી દે છે.'

સજ્જનની વાતોનો પ્રભાવ કન્યાના ચહેરા પર ચિત્રની જેમ અંકાયો હતો. ખુદ સજ્જન પણ પોતાની વાતોના પ્રભાવમાં બંધાઈને ચૂપ થઈ ગયો.

થોડીવાર રહીને કન્યા બોલી, 'તમારી વાત બરાબર છે. તમારા અનુભવની આ વાત કહીને તમે આજે મને એક ઊંચી કસોટી આપી છે. આય શેલ નેવર ફરગેટ ઈટ ! ...પરંતુ એક વાત મારી સમજમાં નથી આવતી. આ દેશમાં એક બાજુ તો આ ઊંચાં-ઊંચાં દર્શન, સાહિત્ય, શિલ્પ-કલા – એ બધાની અતૂટ કડીઓ પથરાઈ છે, અને બીજી બાજુ આ આપણાં ઘરોના સત્યનારાયણ, આ પાખંડી રિવાજો, મારી ભાભી, અને તમારી પેલી પાગલ જેવી સ્ત્રીઓ, મારા પિતા, મારા ભાઈ...'

'તમારા ભાઈ? તમારા ભાઈએ શું કર્યું ?'

સજ્જના પ્રશ્નથી કન્યાની વાતનું વહેણ ઝટકા સાથે અટકી ગયું. કહેવાની અનિચ્છાને કારણે ફિક્કા સ્મિત સાથે એમણે ધીમા અવાજે કહ્યું, 'મારું ઘર મારે માટે સાચા અર્થમાં યુનિવર્સિટી છે, શું કહું. મારા ભાઈ એક વિચિત્ર લાચારીથી બંધાયેલા છે. ...તમને કેવી રીતે કહું ?... (ચહેરા પર શરમની લાલી આવી ગઈ, આંખો નીચી થઈ ગઈ, પછી હિંમત એકઠી કરી આંખ મેળવીને) પરંતુ તમે સમાજને જોવા નીકળ્યા છો એટલે એક કેસની જેમ જ વિનાસંકોચે કહીશ... મારી આ ભાભી 'પઈ' છે.'

કન્યાના ચહેરાના ભાવ જોઈને સજ્જન કાંઈક જુદું સાંભળવાની આશા રાખી રહ્યો હતો. એને બદલે ભાભીના સંબંધમાં સાંભળીને અને તે પણ એક વિચિત્ર શબ્દ સાંભળીને તે ચોંકી ગયો, પૂછ્યું, 'પઈ શું... ?'

કન્યાએ ખૂબ જ સંભાળી સંભાળીને કહેવા માંડયું, 'કુદરતની એક મશ્કરી ! આવી સ્ત્રીઓ જાહેરમાં સ્ત્રી દેખાય પરંતુ ખરી રીતે સ્ત્રી નથી હોતી.'

'ઓહ ! ...હં ! ... એટલે કે હિજ...'

'જી હા, ફરક એટલો જ કે એમનો ઉપરનો ભાગ સામાન્ય સ્ત્રીઓની જેમ બરાબર ડેવલપ્ડ હોય છે.'

'તો પછી આ લગ્ન કેવી રીતે થઈ ગયું ?'

'જેમ ઘણા દગાઓ થાય છે એમ. મા-બાપને પંદર હજારની પહેરામણી મળી. ભાઈને કશું ન મળ્યું એટલે તેઓ ભાભીના હાડકાં ભાંગે છે. તમને હું શું કહું ?

ભાભીનું દુ:ખ જોયું નથી જતું. ...એમાં શક નથી કે ભાઈને જેન્યુઈન શૉક લાગ્યો છે. તેઓ દિલના ખૂબ જ ભોળાને સારા છે. પરંતુ એમને ફિટ્સ આવે છે. અને જ્યારે ફિટ્સ આવે છે ત્યારે એ રાક્ષસ બની જાય છે. એક દિવસ રાત્રે જ્યારે એ સૂતી હતી ત્યારે એના વાળમાં એમણે આગ લગાડી દીધી. એક દિવસ સવારના પહોરમાં એને ગોમતીમાં નહાવા લઈ ગયા ને પછી કહે, ચાલ, હું ને તું બંને માથું મુંડાવી નાખીએ ને પછી સાથે ગોમતીજીમાં ડૂબી મરીએ...'

'અરે! ...'

'ત્યાં એમણે એક સીન ક્રિયેટ કરવાની કોશિશ કરી. જ્યારે ભાભીએ ના પાડી ત્યારે તેઓ નારાજ થવા લાગ્યા. ભાભીએ તરત જ સમજથી કામ લીધું. કહ્યું કે પહેલાં તમે મુંડન કરાવો પછી હું કરાવી લઈશ. આ રીતે ભાઈ માથું મુંડાવવા બેઠા. જ્યારે એમનું માથું નમેલું હતું ત્યારે તે ધીમેથી ઊઠીને ચાલી આવી. રસ્તામાં ક્યાંકથી રિક્ષા કરીને હાંફતી-કાંપતી ઘેર આવી.'

'ચ્... ચ્... ચ્...'

'હું તમને શું કહું? એમને લીધે ઘરમાં કેટકેટલા કજિયા થાય છે ... અને ... અને સાચું કહું છું, ખૂબ શરમ આવે છે... મારા ઘરમાં એક એવું વિશ્યસ સર્કલ જેવું બની ગયું છે કે... મારી કાકી અને મા વચ્ચે શોક્ય જેવો સંબંધ થઈ ગયો છે. મારી કાકીએ પોતાનો પક્ષ મજબૂત કરવા માટે ભાઈની શુભેચ્છક બનીને એમની સાથે પોતાની વિધવા વહુનો અનુચિત સંબંધ બંધાવવા ઇચ્છયું. એક રીતે મારા ભાઈ ખૂબ જ ધાર્મિક નિષ્ઠાવાળા છે, છતાં પણ અચકાતાં અચકાતાં તેઓ લગ્નનો વિચાર કરી રહ્યા હતા. એમાં કદાચ મારી ભાભીની પણ ઇચ્છા હતી. ઇન ધ મીન ટાઈમ, મારી માને કાકીની રમતની ખબર પડી ગઈ. એ ચારિત્ર્યની સાફ છે, પરંતુ પાવરની ભૂખી છે. એણે જ મારા પિતાને ઉશ્કેરીને એમની પાસે આ જબરદસ્તી કરાવી હતી. માત્ર મારી કાકીને પાઠ ભણાવવા માટે પોતાનો બદલો લેવા માટે.'

એક ઊંડો શ્વાસ લઈને સજ્જને કહ્યું, 'મિસ કન્યા, આય સિમ્પથાઈઝ વીથ યૂ!'

'આભાર! પરંતુ મને સહાનુભૂતિની જરૂર નથી. મારી લડાઈ હું જાતે જ લડી લઉં છું. ...આ બધું કહેવાનો મારો આશય માત્ર એટલો જ છે કે એક તરફ આપણી સંસ્કૃતિએ આ અજન્ટા-ઇલોરા વગેરે જડ પહાડોમાં ચેતના ભરી, તો કોઈ સિસ્ટમની ખરાબીથી ચેતન માનવીને જડ પથ્થર બનાવી દીધો. આપણા આટલા સારા-સારા આદર્શ, સમાજમાં એક બાજુ પોતાની સાચી અસર રાખીને

પણ એકત્ર થઈ નવી શક્તિ નથી બની શકતા. કારણ શું છે? વ્યક્તિની આટલી સાચી નિષ્ઠા હોવા છતાં આપણું નેશનલ કેરેક્ટર કાંઈ જ નહિ?'

સજ્જનને ખરાબ લાગ્યું તે બોલ્યો, 'હું નથી માનતો કે આપણું નેશનલ કેરેક્ટર કાંઈ જ નથી. જે નેશનમાં ચારિત્ર્યનું બળ નથી હોતું એમાં વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ જેવા પૉએટ્સ નથી પાકતા. શિલ્પના આ બધા અદ્‌ભુત નમૂના જોવા મળે છે તે ન જોવા મળત. આપણી હિસ્ટરીમાં અશોક જેવો રાજા આવે છે, બુદ્ધ, મહાવીર, ગાંધી જેવી પર્સનાલીટીઝ આવે છે. ...તમને કદાચ તમારા ઘરના વાતાવરણને લીધે આખું હિન્દુસ્તાન ખરાબ દેખાય છે, હું એવું નથી માનતો. મારી સામે મારી માનો દાખલો છે, અને દુનિયામાં બીજા પણ ઘણા માણસો મળી આવે છે. પરંતુ આજે સવારે જ હું અહીં ગુજ્જોમલના આંગણામાં પંડિત શિવનાથ શાસ્ત્રીજી રહે છે, ખૂબ મોટા સ્કોલર છે, એમને મળવા ગયો હતો. એમની પાસેથી મને આપણી ટ્રેડિશનની જે વાતો જાણવા મળી તેથી હું દંગ થઈ ગયો. સમજમાં નથી આવતું કે તમારી વાતોને હું સાચી કેવી રીતે માનું?'

ચાનો પ્યાલો આગળ કરીને કન્યા બોલી, 'હું એની ના નથી પાડતી, પરંતુ એટલું જરૂર કહું છું કે આપણા સામાજિક બીબામાં જરૂર કોઈ એક વિરોધી ધારા પણ વહી રહી છે, જે આ બધી નૈતિક સુંદરતાની આંખ ફોડી નાખે છે. ...ખાંડ ઓછી તો નથી?'

'નો, થેંક્સ! જરા વધારે છે. તમે કદાચ એ ચમચી નાખી? ખેર! મીઠાશને એન્જોય કરી રહ્યો છું.'

મશ્કરીને સમજવા છતાં કન્યાએ એ ટાળી નાખ્યું. બોલી, 'જુઓ, જેમ કે આ સત્યનારાયણની કથા છે, એમાં શું છે? કરોડો ઘરોમાં ખૂબ ઊંડી શ્રદ્ધાથી એ વાત વંચાય છે. એમાં કયું મોરલ છે? મેં તો કથા વાંચી છે, એમાં નથી સત્ય કે નથી નારાયણ.'

સજ્જન કૃત્રિમ રોષથી બોલ્યો, 'ભઈ આખો વખત આ કોમ્યુનિઝમ મને સારું નથી લાગતું.' (એકાએક કશુંક ખ્યાલમાં આવતાં) 'અરે, પણ તમે કશું ખાધું નહિ હોય હજી સુધી.'

'કેમ? નાસ્તો તો હજી હમણાં જ કર્યો.'

'અરે, એથી શું વળે? અને હવે તો બે વાગવા આવ્યા. આટલા મોડે સુધી તમે જમો નહિ તો તમારા ઘરમાં કોઈ નારાજ ન થાય?'

ચા પીવાને બહાને કન્યા ચૂપ રહી, મુખ તંગ થઈ ગયું. પછી ગંભીરતાથી બોલી, 'પહેલાં નારાજ થતાં હતાં. ...પરમદિવસથી ઘરનો સંબંધ જ નથી રહ્યો.'

પ્રશ્નાર્થ નજરે સજ્જન એની સામે જોઈ રહ્યો.

કન્યા બોલી, 'મને ઘરમાંથી કાઢી જ મૂકી છે.'

'એ ક્યારે?'

'પરમ દિવસે જ!'

'કોઈ ખાસ કારણ બનેલું?'

'હા, કારણ તો ખાસ હતું જ. બાબુ સાલિગરામની સલાહથી મારા ઘરના તમામ લોકોએ પોતાના નિવેદનમાં મારા ફાધરને દેવતુલ્ય બતાવ્યા, સૌએ ભલ્લેબાબુ અને ભાભીને જ આરોપી ઠરાવ્યાં. મેં પોલીસને આવું નિવેદન કરવાની ના પાડી દીધી.'

'સ્કાઉન્ડ્રલ્સ! તો પછી તમે હમણાં રહો છો ક્યાં? કૉમ્યુનિસ્ટ પાર્ટી...'

'જી નહિ. પરમદિવસ રાતથી કાલ બપોર સુધી મારી એક મિત્રને ઘેર હતી. પછી એના ઘરના લોકોને મારા ત્યાં રહેવાથી તકલીફ લાગી, એટલે ત્યાં મારી ઈપ્ટા (ઈન્ડિયન પીપલ્સ થિયેટર)ની કૉમરેડને ઘેર ચાલી આવી. જોઉં છું, હવે ક્યાં જાઉં છું, શું થાય છે? હમણાં તો બધું જ અંધકારમય છે.' દબાવવા છતાં ઊંડી નિરાશા એક નિસાસો બનીને નીકળી પડી.

સજ્જન ભાવથી ઉત્તેજિત થઈને બોલ્યો, 'નહિ, તમારે કોઈ પણ પ્રકારની તકલીફ શા માટે વેઠવી? મારાં આટલાં બધાં મકાનો છે.'

'પરંતુ તમારાં મકાનોમાં હું ન રહી શકું.'

'કેમ?'

'વાત 'કેમ' સુધી પણ વિચારી શકાય એવી નથી.' કન્યાએ દૃઢતાથી કહ્યું.

સજ્જન ગંભીર બની ગયો પછી બોલ્યો, 'હું તમારી માનસિક હાલતને સમજું છું. તમે આજ સુધી જે કાંઈ જોયું છે તે પરથી દરેક સાચી સમજદાર સ્ત્રીને તમારી જેમ જ પુરુષ પર શક ને નફરત કરવાનો હક્ક છે. હું પુરુષ છું, ખરાબ પણ છું, પરંતુ... વીથ યોર પરમીશન મિસ વનકન્યા, મારામાં કાંઈક સારાપણું પણ છે.'

નીચી નજર રાખી પાંપણ ઊંચી કરી એકવાર એને જોઈને કન્યા હસી અને બોલી, 'એ ન સમજતી હોત તો આજે તમારી પાસે મદદ માગવા પણ ન આવત.'

'ઠીક, તો ઊઠો. આપણે જઈએ.'

'કેમ?'

'મારે ઘેર આજે સંત ઈસુનો જન્મદિવસ છે. માટે તમને આમંત્રણ છે.'

'હું હમણાં રમકડાંનું પ્રદર્શન જોવા જાઉં છું.'

સજ્જને કહ્યું, 'હા – હા, હું પણ સાથે આવીશ, અને મહિપાલ ને કર્નલને પણ લઈ લઈશું.'

'સજ્જનજી, હું...'

'જુઓ, હવે આ સૂચન પર હું તમારું કશુંય નહિ સાંભળું. આજનું આમંત્રણ તો તમારે સ્વીકારવું જ પડશે. આજસુધી તમે પુરુષોની સાથે ખુલ્લા મનથી ઊઠતાં-બેસતાં નહોતાં? ...તો પછી?...એ ઉપરાંત, આ પૅમ્ફલેટ અંગે તમારે કર્નલને મળવાનું પણ છે.'

કન્યા સાથે બહાર જતી વખતે સજ્જનને સંતોષનો જે અનુભવ થયો તે અનેક સ્ત્રીઓનો અનુભવ હોવા છતાં એને માટે નવો હતો, પહેલો હતો. નારીનો આદર કરવાનું એ શીખી રહ્યો હતો.

તેર

નવા વર્ષના ખાતામાં સન '51ની એક ખબર 'શ્રી રોકડ બાકી'ની જેમ આવી. ચૂંટણીના મોસમી હુલ્લડમાં પણ આધુનિક ડેમોક્રેટ સમાજની આ 'શાશ્વત' ખબર 31 ડિસેમ્બરના છાપાઓમાં છપાઈને લખનૌ શહેરની જનતાને ચોંકાવી ગઈ હતી.

નગરની છેલ્લી હદ પર, રેલવે લાઈનની બાજુમાં એક દાટેલી લાશ મળી આવી. કૂતરાઓ એને બહાર ખેંચી રહ્યા હતા. એ દિલ કંપાવનારા દૃશ્ય પર જ્યારે છોકરાઓની નજર પડી ત્યારે આખા શહેરમાં ધાંધલ મચી ગઈ. આસમાની રંગની વૉયલની સાડી અને પ્લાસ્ટિકની ચૂડીઓ પહેરેલી લગભગ પચ્ચીસ વર્ષની એક યુવતી દુર્ગંધભરી લાશ બનીને કદાચ બે-ત્રણ દિવસથી એ ખાડામાં દટાયેલી હતી, એના પગનું એક સફેદ સેન્ડલ પણ ત્યાં પડ્યું હતું.

નવા વરસની પહેલાં આ સડતી યુવાનીની વાતો નગરની ગલીઓ અને બજારોમાં થવા લાગી. જ્યાં-ત્યાં કતલ, લૂંટ અને બળાત્કારની કેટલીયે વાતો જનતાની નજરમાં વારંવાર આવી ચૂકી હતી, એટલે ચૂંટણીના વાતાવરણમાં આ ખબર પણ કૉંગ્રેસ સરકારની ફરિયાદ બનીને અમરવેલની જેમ ચારેબાજુ ફેલાઈ ગઈ. એ યુવતી કોણ હતી તેની માહિતી હજી સુધી પોલીસ મેળવી શકી નહોતી. કોઈ એને હિન્દુ કહે છે, કોઈ મુસલમાન. કોઈ કહે છે કે સ્ત્રી આ શહેરની

-જ હતી, ક્યાંક વળી એમ સિદ્ધ કરવામાં આવે છે કે ટ્રેનમાં ગળું દાબીને અથવા ઝેર ખવડાવીને મારી નખાઈ છે. ખૂનનાં કારણોના પણ અંદાજ લગાવાય છે; જેટલાં મોં એટલી વાતો. ...બસ, વાતો છે ને કામ છે. નવા વર્ષનો નવો દિવસ પણ પુરાણાં વર્ષોના દરેક દિવસની જેમ દરેક વ્યક્તિની છાતી પર સાપ બનીને લહેરાઈ રહ્યો છે. જનતાનું જીવન આર્થિક થપાટો ખાઈ ખાઈને રેતીની જેમ વિખરાઈ ગયું છે. નફાખોરો સન '52 ના નવા દિવસે પણ રેતીમાંથી તેલ કાઢવા માટે આજ સુધી જે રીતે મંડી પડતા હતા તેમ જ મંડી પડયાં છે, બધી બાજુએ મીઠું-તેલ-લાકડાનાં રોદણાં છે, ઉપરથી ચૂંટણીની માથાઝીંક છે, દરેક વૉર્ડ અને ગલી-મહોલ્લાની પોલિટિકલ પાર્ટીઓનાં લાઉડસ્પીકરો પોતપોતાની સભાના અવાજોથી કાનના પડદા ફાડી રહ્યાં છે; હું-તમે-તે બધાં જ પરસ્પર કીચડ ઉછાળવાના પવિત્ર કામમાં પ્રાણપણે લાગી ગયા છે.

નવા વર્ષના નવા દિવસની રાત એવી રીતે ઝગમગી રહી છે જાણે કોઈ સતાવેલી વેશ્યા પોતાના મનની વેદનાને મનમાં જ દબાવી દઈને પેટના ગ્રાહકોને રીઝવવા ખાતર પૂરા સાજ-શણગાર સજીને એના ઝરુખામાં બેઠી હોય.

જેઓ કરજ કરીને પણ લગ્ન, જનોઈ વગેરે જીવનના ઉત્સવો ઊજવે છે એવા આબરૂવાળા લોકોનાં ઘરની જેમ બજાર આવન-જાવન અને રોનકથી ભરેલું છે. જ્યાં ઉપલકિયા ઝગમગાટ, હસવાનું, આનંદ અને ટોળ-ટપ્પાંની અંદર ચિંતાની ચિતા ધૂ-ધૂ કરતી સળગી રહી છે.

ચોકની ચારે બાજુ બસો, મોટરો, ટાંગા, એક્કા, રિક્ષાઓ, સાયકલો અને પગે ચાલનારાની ગીરદી સતત ક્રમસર એવી રીતે ચાલી રહી છે જાણે કોઈ દેવાળિયા શેઠની મિલ ચાલતી હોય. મિલના ગડગડાટથી બહારના લોકોને ગતિનો ખ્યાલ આવે છે, તેઓ સમજે છે કે નવું ઉત્પાદન થઈ રહ્યું છે, નિર્માણ થઈ રહ્યું છે; પરંતુ અંદર બહુ જ ઓછું ઉત્પાદન કરીને વધારે એનર્જી બરબાદ થઈ રહી હોય છે, માત્ર શેઠજીની આબરૂ ટકાવી રાખવા માટે. પરંતુ ઢોલમાં પોલ રાખીને પૂંજીવાદી વિકાસનો આ લક્ષ્યહીન ક્રમ વધુમાં વધુ ચાલશે તો પણ ક્યાં સુધી? હવે એમાં દમ પણ કેટલો રહ્યો છે?

હોટલો, કંદોઈઓ અને પાનવાળાની દુકાનોમાં રેડિયો દ્વારા ખબરો આવી રહી છે. બજારમાંથી પસાર થઈને ઘર તરફ વળતા રેડિયોના સ્વરો અતૂટ ક્રમે સાંભળનારના કાનમાં પહોંચે છે. કોઈ કોઈ સડક પર તો એક નાકાથી બીજા નાકા સુધી ડગલે ને પગલે દરેક ઘરમાંથી આવતો રેડિયોનો અવાજ સમાજના 'એક સ્વર'ની જેમ ગૂંજતો સંભળાય છે! રમતગમતના ખબરો આવે છે.

'કલકત્તામાં રમાતી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી મૅચનો આજે ત્રીજો દિવસ હતો. રાય, ઉમરીગર, હજારે માત્ર અઠ્ઠાવીસ રન કરીને એક કલાકની અંદર જ આઉટ થઈ ગયા. માંજરેકરે અડતાલીસ રન કરીને આજની સુસ્ત રમતમાં થોડો રસ પેદા કર્યો. ...હવે હવામાન સાંભળો...'

રેડિયોને ગ્રીનવિચ સમયના સંકેતની હેડકી આવવા લાગી. નવા પ્રોગ્રામની રાહમાં, સજ્જનના ડ્રોઈંગરૂમમાં પાસે પાસે બેઠેલાં સજ્જન અને કન્યા એકબીજાને એકીટશે જોઈ રહ્યાં. ચાર-પાંચ દિવસમાં બંનેની આંખોમાં સ્પષ્ટતા આવી ગઈ છે. રેડિયોનો અવાજ આવ્યો : 'આ ઑલ ઇન્ડિયા રેડિયો લખનૌ–અલ્હાબાદ–પટના છે. પરાગ – આ સાહિત્યિક પ્રોગ્રામમાં આજે આપ મહિપાલ શુક્લ પાસેથી એમની નવી વાર્તા સાંભળશો : 'જ્યારે નવો યુગ આવે છે.' – શ્રી મહિપાલ શુક્લ...'

સજ્જને સોફા પર માથું નાખીને આંખો બંધ કરી દીધી. કન્યા સીધી રેડિયો તરફ જોઈ રહી હતી, જાણે સ્વરમાં એને મહિપાલનું સ્વરૂપ દેખાઈ રહ્યું હોય. મહિપાલનો અવાજ ઊંડાણમાંથી નીકળે છે, એમાં ઓજસ અને મીઠાશ પણ છે, શબ્દો ગુંજનની વીંટી પહેરીને નીકળે છે; પરંતુ સ્વર પર થાક ચડેલો છે, તે ખેંચાઈ – ખેંચાઈને બોલે છે, એથી રેડિયો પર ઘરઘરાટ થાય છે.

આંખ ઉઘાડીને સજ્જને કન્યાને કહ્યું, 'એનો અવાજ જરા ટયૂન કરી દેશો ? ...થેંક્યૂ !'

મહિપાલ એની વાર્તા સંભળાવી રહ્યો હતો. વાર્તાનો વિષય હતો, આદિ યુગમાં સત્તા અને શ્રેષ્ઠતા માટે નર-નારીનો સંઘર્ષ વાર્તા પૂરી થઈ.

'હમણાં આપ મહિપાલ શુક્લની વાર્તા સાંભળી રહ્યા હતા. આ ઑલ ઇન્ડિયા રેડિયો છે...' એક સ્ત્રીના નાકમાંથી નીકળતા સ્વરે શંકરાનો ખયાલ ઉપાડ્યો.

'વાર્તા કેવી લાગી ?' ટેલીફોન તરફ જતાં જતાં સજ્જને કન્યાને પૂછ્યું.

'મજાની હતી. ઘણી જ સારી !' કન્યા હજી પણ વાર્તા પર વિચાર કરતી હતી.

સજ્જનને રેડિયો પર ફોન કરી ત્યાંના ડયૂટી – ઑફિસરને મહિપાલને બોલાવવા માટે વિનંતી કરી.

કન્યા સોફા પરથી ઊઠી રેડિયોગ્રામ પાસે આવી સજ્જનને પૂછ્યું, 'તમને આ ખયાલ ગમે છે ?'

ટેલીફોનનું રિસીવર કાન પર રાખીને સજ્જને નકારાત્મક માથું હલાવીને કહ્યું, 'મને તો માત્ર મારા અને મારાઓના ખ્યાલ ગમે છે... હાં, હલો, બોલો મહાન લેખકજી, આપની મહાનતા તો હવે દિવસે દિવસે વધતી જતી દેખાય છે. આપના આ 'કેમ ?' પર થાય છે કે કસી – કસીને દસ હંટર મારું. શરમ નથી

આવતી, છ દિવસથી તેં તારું મોઢું પણ નથી બતાવ્યું – ન સવારે કે ન સાંજે! ...હાં...હાં...અરે! ચૂ – ચૂ! તો તો ખૂબ મહેનત પડી હશે. મૂરખ, એટલે જ કહું છું કે બહુ ન પીધા કર. ...હે...હે...હે...! વૅરી ગૂડ; આવી જા. ...મારો અભિપ્રાય? અરે મારા અભિપ્રાયથી વધુ કીમતી અભિપ્રાય આપ સાંભળો. આપ મહાશયના એક જબરદસ્ત ફેન – હિન્દીમાં પ્રશંસિકા કહેવું જોઈએ – ઈફ આય એમ નોટ રૉંગ, એમનો અભિપ્રાય સંભળાવું છું. (પછી માઉથપીસ મોંથી જરા નીચું કરીને કન્યાને) કમ હીયર કન્યા, આય વીલ ઈન્ટ્રોડયૂસ યૂ ટુ યૉર મોસ્ટ ફેવરીટ ઑથર.'

કન્યા રેડિયોનો અવાજ ધીમો કરી, એક કાન ટેલીફોનની વાતો તરફ રાખી રેડિયોની પીનને આધારે આખા હિન્દુસ્તાનમાં ફરી રહી હતી. જ્યારે સજ્જને એને બોલાવી ત્યારે રેડિયોમાં બહુ જ મધુર કંઠમાં કર્ણાટકી સંગીત ચાલી રહ્યું હતું. કન્યા જરા સંકોચાતી ટેલીફોન પાસે આવી.

સજ્જને મહિપાલને કહ્યું, 'લ્યો, એ આવી ગઈ, આ છે મિસ વનકન્યા, અને બીજા છેડા પર છે મારો એક બેવકૂફ દોસ્ત...' કહેતાં કહેતાં સજ્જને રિસીવર કન્યાને આપી દીધું.

કન્યાએ સ્મિત કરતાં રિસીવર લીધું. મહિપાલ સાથે વાત કરવા લાગી, 'નમસ્કાર જી?... (હાસ્ય) ના, મેં સાચું નથી માન્યું. તમે બંને તો મિત્રો છો, એકબીજાને જે ઇચ્છો તે કરી શકો છો. હું તો તમારા બંનેની કલામાંથી પ્રેરણા લઉં છું. ...જી... સારી લાગી. સાચે જ! ...બહુ જ સારી તો નહિ કહું. તમારી 'દેવતા' વાર્તા બહુ જ સારી હતી...'

એકાએક બરાબર ઉપર છાપરા પર થઈને મોટું વિમાન ખૂબ જ અવાજ કરતું પસાર થઈ ગયું; કાનના પડદા ફાટી ગયા. વનકન્યાએ ફરી વાતચીત શરૂ કરી. એટલામાં એક બીજું વિમાન આવી પડ્યું – એટલી જ નીચાઈએ ઊડતું અને અવાજ કરતું. વનકન્યા માટે વાત સાંભળવાનું મુશ્કેલ બની ગયું, સજ્જન કુતૂહલથી બાલકનીમાં જોવા ચાલ્યો ગયો.

પોતે હમણાં જ સજ્જનને ઘેર આવે છે એમ વનકન્યાને કહીને મહિપાલે રિસીવર મૂકી દીધું. બબ્બે વિમાન આટલાં નીચે ઊડયાં તે પર મહિપાલ અને રેડિયો સ્ટેશનના બીજા લોકોએ રોષ વ્યક્ત કર્યો. એટલામાં મહિપાલ માટે ફરી ટેલીફોન આવ્યો; આ વખતે કર્નલ બોલતો હતો.

મહિપાલે કહ્યું, 'અહીં જ રોકાઈ જાઉં? શા માટે? હું સજ્જનને ઘેર જાઉં છું. ...હેં, ઍરોડ્રામથી બોલો છો? ત્યાં શું આપ મરવા માટે પધાર્યા હતા?'

આકાશમાં ફરી વિમાન ઘૂઘવવા લાગ્યાં – એકની પાછળ બીજું, એટલું જ તેજ, એટલું જ સનસનાટી ભર્યું !

વિમાનો ચક્કર પર ચક્કર લગાવવા લાગ્યાં; આખું શહેર મૂંઝવણમાં પડી ગયું. શિયાળાની રાત; સન બાવનના પહેલા દિવસે આ રહસ્યમય આકાશી તોફાન લોકોને વિચિત્ર રીતે ચમકાવવા લાગ્યું. પાંચ મિનિટ સુધી વિમાનો એમ જ ચક્કરો લગાવતાં રહ્યાં. બજારો બંધ થતાં અટકી ગયાં; સેંકડો – હજારો રજાઈઓની ગરમી વિધવા થઈ ગઈ. હાટ, બજાર, નાકુ, ચોકી, ગલી, અગાસી, છાપરાં, ચારે બાજુ મનુના વંશજોની વેલ ફેલાઈને અવાજોથી ફૂલવા લાગી.

અને પછી ધાંધલ થઈ પડી કે પત્રિકાઓ પડે છે. સોહાગવતીના મુખચંદ્રની શોભા જેવી નિર્મળ ચોથની ચાંદનીમાં સફેદ કબૂતરોની જેમ અગણિત પત્રિકાઓ ઊડવા લાગી.

શહેરની ગલી – સડકોમાં, છતો પર આકાશના વરદાનને પકડવા માટે લાખો હાથ ઊંચાં થવા લાગ્યા. સડકો પર વીજળીના થાંભલાથી થોડે ઊંચે સુધી પત્રિકાઓ આવી ત્યારે લોકોની નજરે એ નાની પુસ્તિકાઓ હોય એવી જણાઈ.

જેમના હાથમાં સહજ રીતે પુસ્તિકા આવી એમને તો જાણે ડરબીની લૉટરી લાગી ગઈ; ક્યાંક ઝૂંટાઝૂંટ થવા લાગી, ધક્કામુક્કી, ગાળાગાળી મચી ગઈ; જેમને પુસ્તિકા ન મળી તેઓ રોષમાં આમતેમ ફરવા લાગ્યા. કોઈ હિંદીવાળાના હાથમાં ઉર્દૂની પુસ્તિકા આવી ગઈ તે મહોલ્લામાં ઉર્દૂવાળાને શોધવા લાગ્યા. જે ઉર્દૂ-વાળાના હાથમાં હિન્દીની પુસ્તિકા આવી ગઈ તેઓ પોતાના ઘરનાં શાળામાં જતાં ને મોટે ભાગે હિન્દી વાંચતાં બાળકોને જગાડવા લાગ્યા. જેટલા માણસો હતા એટલા કામમાં લાગી ગયા.

આવા વખતે જનતા ગજબની સ્ફૂર્તિ બતાવે છે. એક પ્રચારપુસ્તિકા જલદી મેળવવા માટે હજાર અસ્કમાતો થઈ પડ્યા, વાત પૂરી પણ થઈ ગઈ અને હવે તો મોટે ભાગે ટોળીઓ જમાવીને પુસ્તિકા વાંચી રહ્યા છે.

પુસ્તકના પહેલા પાના પર ત્રણ ઘૂંઘટોનો રફ પેન્સિલ સ્કેચનો બ્લૉક છાપ્યો છે. નીચે ટાઈપના મોટા અક્ષરે છાપેલું છે : 'ઘૂંઘટ કા પટ ખોલ રી! લેખિકા! કુ. વનકન્યા.'

પોતાના ઘરની દુર્ઘટનાનું આછું બયાન કરીને અંતમાં લેખિકાએ લખ્યું હતું : 'પુરુષ – સમાજને મારે કશું જ કહેવાનું નથી. જેને લૂંટવાની આદત પડી ગઈ છે તે સહેલાઈથી પોતાની આદત છોડી શકતા નથી. મારે તો મારી બહેનોને

વાત કરવી છે. જે બહેનો શાળા – કૉલેજમાં ભણે – ભણાવે છે, જે ઘરની ચાર દીવાલોમાં કેદ પડેલી છે એ બધાંને મારું સત્યાગ્રહભર્યું નિવેદન છે કે 'પ્રેમ' શબ્દની સાથે ફેલાયેલી જે નારીવિરોધી ગંદી તસવીર આજના જનસમાજમાં સ્વીકારાયેલી છે, તેનાથી સાપની ફેણની જેમ દૂર રહો. જેમને પોતાના ગુલામ બનાવીને અત્યાચારીઓ રાજ કરવા ઇચ્છતો હોય છે તેમનું નૈતિક બળ તેઓ પહેલાં તોડી નાખે છે. હજારો વર્ષના ઇતિહાસમાં અધિકતર સમાજે સ્ત્રી સાથે દરેક રીતનો ખેલ ખેલ્યો છે, એનામાં રસ લઈને હંમેશાં એને પગ તળે કચડી છે, જીવતી સળગાવી છે. વિવાહના મંત્રમાં આપેલો નારીનો અધિકાર, અર્ધનારીશ્વરના પ્રતીકમાં આપેલી સમતા – આ મહાન જનતાંત્રિક આદર્શ મોટે ભાગે પોથીઓની વસ્તુઓ બની આજે ભારત કરતાં ભારતની બહાર વધુ આદર મેળવી રહી છે. 'જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવતાઓનો નિવાસ રહે છે.' – આ મહાન ઉક્તિને અત્યંત બેશરમી સાથે જૂઠી ઠરાવીને ભારતીય પુરુષ – સમાજ વ્યાવહારિક ક્ષેત્રમાં નારીને ઢોર, ગમાર, શુદ્ર અને પશુ સાથે મૂકતા આવ્યા છે. એને જ તેઓ ધર્મ માને છે. ધર્મ, ન્યાય, રાજ બધું પુરુષોનું છે; પુરુષ પોતાની ઇચ્છાની સાંકળોમાં સ્ત્રીને દગાથી કે બળજબરીથી બાંધીને પોતાની દાસી બનાવે તો એ લાચાર બિચારી શું શું કહે? દેવતા બનીને આ ઠગ - જગત જો એનું સર્વસ્વ હરણ કરી લે તો તે શું કરે? પરંતુ હવે આપણે જૂઠા ધર્મનો ભય અને જૂઠી આબરૂની માયાજાળ તોડીને કહેવું પણ પડશે અને લડવું પણ પડશે.

'મેં જ્યારે મારા ઘરમાં મારા પિતાના અત્યાચારો વિરુદ્ધ કહેવા ઇચ્છયું ત્યારે મારી ભાભીએ જ રડી-રડીને મને રોકી. લાખ કોશિશ કરવા છતાં હું એને સમજાવી ન શકી. આ હેવાનિયત વિરુદ્ધ જનમત તૈયાર કરવામાં આબરૂ નહિ જાય; આબરૂ તો ત્યારે જાય છે જ્યારે પોતાની મરજી વિરુદ્ધ માત્ર પશુની જેમ સ્ત્રીનો ઉપયોગ થાય છે. સ્ત્રીની આબરૂ તો ત્યારે જાય છે જ્યારે 'પ્રેમ' શબ્દની લોભામણી માયાજાળ ફેલાવીને સ્ત્રીની ઇચ્છાને પુરુષ ખૂબ જ કુશળતાપૂર્વક ફસાવી લે છે. બિચારી ભલી-ભોળી સ્ત્રી સમજે છે કે પુરુષ એને પ્રેમ કરી રહ્યો છે. જીવનભર તેઓ બંને એકબીજાનાં સુખ-દુઃખના આધાર બનશે. ...પરંતુ હું મારી બહેનોને પૂછું કે શું એ જ પ્રેમ છે જે આજે અમૃત ને કાલે હળાહળ બની જાય છે? શું એ જ પ્રેમ છે, જે આપણા એકએક શ્વાસમાં વિંધાઈને લોહીને આંસુનું ખારું પાણી બનાવી દે છે? ...આખો દિવસ આપણે એક નિર્મોહી, કપટીના ધ્યાનમાં બેસી રહીએ, ન કોઈ કામના રહીએ, ન કોઈ ઠેકાણાના... રોઈ રોઈને આંખો ક્યારેક સૂજી જાય, ક્યારેક આંસુના ભારથી દબાઈ જાય... આપણામાં

ન કોઈ ઉમંગ રહે, ન કોઈ ઉત્સાહ, ન કોઈ બીજી ભાવના! હું પૂછું છું – શું આ જ પ્રેમ છે, જેના ભ્રમમાં પડીને નારીજાતિ પોતે પોતાનો નાશ કરવામાં પુરુષને મદદ કરે છે? નારી, દૂર કર આ મોહ! ઘૂંઘટનો પટ ખોલી નાખ! પુરુષના અત્યાચારો વિરુદ્ધ સંગઠિત બનીને તારો અવાજ ઉઠાવ. જે દિવસે સ્ત્રી જાતિ તેના પર થતા અત્યાચારોના અંત માટે નિશ્ચયપૂર્વક ઊભી થશે તે દિવસે દુનિયાના દરેક જાતના અત્યાચારોનો અંત આવશે!'

* * *

સજ્જન અને કન્યા સોફા પર એકબીજા તરફ સહેજ ઝૂકીને બેઠાં બેઠાં સાથે વાંચી રહ્યાં હતાં. વનકન્યાના લેખને અંતે નાની એવી એક નોંધ છાપેલી હતી: 'બહેન વનકન્યાનો લેખ ચૂંટણીના પાર્ટી પોલિટિક્સ અને દુનિયાની જંજાળોથી દૂર જઈને વિચારવા યોગ્ય છે. અમે બધાને હાથ જોડીને પ્રાર્થના કરીએ છીએ કે જનતા આના પર ધ્યાન આપે. મને લાગે છે કે આ જે ઇલેક્શન ચાલી રહ્યું છે અને જે હુલ્લડ મચી રહ્યું છે એમાં જે ન્યાય માટે પબ્લિક તલસી રહી છે તે જ ન્યાય બહેન વનકન્યાનો લેખ માંગી રહ્યો છે. પબ્લિક આના પર ધ્યાન આપે. (નીચે મહિપાલ શુક્લ, સજ્જન વર્મા, નગીનચંદ જૈન ઉર્ફે કર્નલ સાહેબની સહી હતી.)'

વાંચતી વખતે કન્યાની આંખમાં વિનોદ લહેરાયો, સજ્જનને હસવું અને ગુસ્સો બંને આવ્યા. સજ્જન બોલ્યો, 'આ કર્નલ પણ ગધેડાનો ગધેડો જ રહ્યો હંમેશાં! કેવું કઢંગુ સ્ટેટમેન્ટ કર્યું છે અને વળી એના પર મારું ને મહિપાલનું નામ પણ લખી માર્યું છે કમબખ્તે!'

કન્યા હસી, બોલી, 'તો એમાં શો વાંધો છે? ...ગમે તે કહો, પણ કર્નલ સાહેબે કમાલ કરી નાખી! ...'

સિગરેટ મોંમાં નાખીને લાઈટર કાઢતાં સજ્જને કહ્યું, 'બસ, ક્રિસમસને દિવસે તમારી સામે જ મેં એને આર્ટિકલ આપેલો, તે પછી આજ સાંજ સુધી આ સંબંધમાં એણે મને કશું જ નથી કહ્યું, કોઈ પ્રકારની ચર્ચા નહિ...'

'ઉંહ! તમને પણ ન કહે શું?' આંખોની કીકીઓમાં કૃત્રિમ અવિશ્વાસ ઝળક્યો; સફળતાથી ઊછળતા હૃદયે અચાનક બેધ્યાનપણે પોતાના દિલનું રહસ્ય આંખમાં ઉછાળી દીધું. સજ્જન મુગ્ધ બનીને એને જોઈ રહ્યો. પોતાના રહસ્યનો પહેલો પડદો બંનેની સામેથી ખસતો હતો; આ અનુભૂતિને આજની તિજોરીમાં ભરીને ફરી પોતાની વાત ઉપાડતાં કન્યા બોલી, 'આ સ્કેચ તો તમારો જ બનાવેલો છે.'

સજ્જને અકારણ જોરથી હસીને જવાબ આપ્યો, 'આ વખતે તો એને પણ કર્નલે બનાવેલો જ સમજો. મારી કોઈ સ્કેચબુકમાંથી ઉપાડી ગયો છે; દેવા, મિસરિખ, બહુલેશ્વર વગેરે કોઈ ગામડાના મેળામાં સ્કેચ કર્યા હતા. અરે, એણે જો મને કહ્યું હોત તો હું નવું ચિત્ર બનાવી આપત...'

'પરંતુ આ સારું તો લાગે છે. ...એમણે ખૂબ પૈસા ખર્ચ્યા હશે.'

'ઉંહ! પૈસા બીજા શા કામ માટે હોય છે?'

'પોતાને માટે બધા ખર્ચ કરી શકે છે. બીજા માટે ખર્ચ કરવાનું બહુ મુશ્કેલ કામ છે, કોઈ ઉદ્દેશને પૂરો કરવા માટે તો એથી પણ કઠિન!' કન્યાએ ભાવભર્યા સ્વરમાં જવાબ આપ્યો.

સજ્જન એમ બતાવવા માગતો હતો કે એના મિત્ર અને એ ખાસ કરીને એ પોતે કોઈ પણ સત્કાર્ય પૂર્ણ કરવા માટે પોતાના તન-મન-ધન હથેલીમાં લઈને તૈયાર ઊભા રહે છે. એણે સોફાના હાથાઓ પર બંને હાથ ફેલાવીને હવાઈ લહેકાથી કહ્યું, 'મારા જીવનમાં આ જ સિદ્ધાંત ફર્સ્ટ ઇમ્પોર્ટન્સનો છે; અને મારા દિલનો સંબંધ પણ માત્ર આવા લોકો સાથે જ થાય છે, જે આવડું મોટું દિલ રાખતા હોય. અને આને હું કોઈ ખાસ મોટાપણાની નિશાની નથી માનતો, દરેક સાધારણ માણસમાં આ ગુણ હોવો જ જોઈએ.'

આનંદિત નજરે કન્યાએ એના તરફ જોયું. જોવાની લગન હવે એની દૃષ્ટિમાં નહોતી, બલકે આનંદ વધી રહ્યો હતો. સજ્જનના વ્યક્તિત્વમાં જાણે એને એનો આધાર મળી ગયો હતો, જે મેળવવાની ઇચ્છા દરેક સ્ત્રી-પુરુષમાં હોય છે. કન્યાની દૃષ્ટિની આ સચ્ચાઈ સજ્જનના અંતરમાં શિથિલ પડેલા સત્વને ઉમંગી બનાવી રહી હતી; આ ઉમંગમાં એને રસ પણ મળતો હતો અને ઊભા થઈ જવાની ચૅલેન્જ પણ. કન્યા સમક્ષ વારંવાર એને એના મનને રોકવું પડતું હતું. કન્યાને પોતાની તરફ લજ્જાવિહીન અંગતભાવે જોતી જોઈને સજ્જન પોતે પોતાની વાતને વજન દેવામાં સાવધાન બની ગયો. પ્રસંગ બદલીને એ બોલ્યો, 'તમારો લેખ ઘણો જ સુંદર છે. જનતા પર ચોક્કસ એની સારી અસર પડશે.'

માથું નીચું કરીને કન્યા વિચારવા લાગી, પછી બોલી, 'શું થશે તે સમજાતું નથી. તમને મનની વાત કરું તો જ્યાં સુધી આ અત્યાચાર અને જુઠ્ઠાણાનો પડદો ચિરાયો નહોતો ત્યાં સુધી હું મનમાં ને મનમાં ક્ષોભની મારી ઊકળતી હતી. તમે કલ્પના નહિ કરી શકો કે તે દિવસે કેટલી પીડા સાથે એ લેખ લઈને હું તમારી પાસે આવેલી. તમારી પાસેથી ને પછી અહીં કર્નલ સાહેબ પાસેથી વિશ્વાસ મળ્યો તો ખૂબ જ શાંતિ થઈ; થયું કે દુનિયામાં જો અન્યાય છે તો એનો

સામનો કરવાનાં સાધનો પણ છે. મને એવું લાગ્યું કે જાણે મને મારો બદલો મળી ગયો. પણ હવે વિચાર આવે છે કે આટલી ધૂમધામથી મારા મનના સત્યનો પ્રચાર તો થયો, પણ પછી શું? હજારો-લાખો લોકો આ પત્રિકા વાંચશે, બેચાર દિવસ ગરમાગરમ ચર્ચા પણ કરશે, પણ એના પછી? આ જ રીતે બધું ચાલશે, બાળકો નાવારસ કહીને મારી નખાશે. સ્ત્રીઓ સળગીને આત્મહત્યા કરશે...'

પોતાની પ્રિયા (હા, હવે સજ્જનના મનમાં 'પ્રિયા' શબ્દ સ્પષ્ટ છે, જો હજુ જીભ પર કે વ્યવહારમાં નથી આવી શકતો)ને સાંત્વના દેવા માટે ખૂબ જોશપૂર્વક એણે કહ્યું, 'ના, અંત સુધી આપણે આ અન્યાયને જડથી ઉખેડી નાખવા માટે લડીશું.'

સજ્જનની આંખોમાં એની વાતની શક્તિનો અંદાજ લગાવતાં ને પછી એના તરફથી દૃષ્ટિ હટાવીને એક ધીમો નિઃશ્વાસ નાખીને કન્યા બોલી, 'સમજમાં નથી આવતું કે કેવી રીતે થશે. આપણી પોલિટિકલ પાર્ટીઓ સામાન્ય રીતે સમાજથી કપાઈને સત્તાની પાછળ દોડી રહી છે...'

'દોડવા દો. પબ્લિક એમને પોતાની મેળે જ કૂટ-આઉટ કરી દેશે.'

'કૂટ-આઉટ કરવાથી સમાજમાં વ્યવસ્થા નથી આવતી સજ્જનજી, અરાજકતા એ માનવસમસ્યાનો ઉપાય નથી. સામાજિક ચેતના બદલવાનો સવાલ છે. એ બદલ્યા વિના આ બધા અન્યાય આમ જ થતા રહેશે. ...અને રાજનીતિને એના ચાલુ રવૈયા માટે આપણે ભલે નીંદીએ, પણ સમાજની ગાડીનું સ્ટીયરીંગ વ્હીલ પોલિટિક્સ જ છે.'

'હું એમ નથી માનતો. કલ્ચર...'

'કલ્ચર પેટ્રોલની જેમ જરૂરી છે, જેના વિના ગાડી જ ચાલી નથી શકતી; પરંતુ એથી સ્ટીયરીંગ વ્હીલનું મહત્ત્વ તો તમે ઓછું નથી કરી શકતા. જ્યાં સુધી સમાજ એટલો સુસંસ્કૃત અને સભ્ય ન બને કે સેક્રેટરિયેટ, પોલીસ અને મિનિસ્ટર વિના પણ આરામથી ચાલી શકે ત્યાં સુધી રાજનીતિનું મહત્ત્વ એટલું જ જોરદાર રહેશે. અને આ સ્થિતિ હજુ દુનિયામાં વધારે નહિ તો ઓછામાં ઓછાં સો વર્ષ સુધી તો રહેશે જ.'

કન્યા ચૂપ થઈ ગઈ. સજ્જન પણ વિચારમગ્ન ચૂપ બેસી રહ્યો. વિચારોમાં દૃષ્ટિ પરોવીને કન્યાએ ફરીથી કહેવાનું શરૂ કર્યું, 'આપણા રાજનીતિક નેતા, ભલે ગમે તે પાર્ટીના હોય, નેવું ટકા તો સાંસ્કૃતિક દૃષ્ટિથી વિચારી જ નથી શકતા. એમને એક વાતનો ક્યારેય અનુભવ જ નથી થતો કે સાંસ્કૃતિક દૃષ્ટિનો વિકાસ

કર્યા વિના પોલિટિક્સમાં સ્પિરિચ્યુઅલ ફોર્સ આવી જ શકતો નથી અને એના વિના પોલિટિક્સ પાવર–પોલિટિક્સ જ બની રહેશે.'

'તમે સ્પિરિચ્યુઅલ ફોર્સમાં માનો છો ? હું તો સમજતો હતો કે કોમ્યુનિસ્ટ આ બધું નથી માનતા.'

'કોમ્યુનિસ્ટ નથી માનતા તો બીજા બધા લોકો શું યોગ્ય રીતે માને છે?' કન્યાએ હસીને કહ્યું, 'એમ તો કોમ્યુનિસ્ટ પણ માને છે. પરંતુ દરેકના જાણવાની ને માનવાની રીત-રસમ પોતપોતાની હોય છે. સાચું પૂછો તો હું એ જાણતી જ નથી કે સ્પિરિટ, આત્મા યા પરમાત્મા શબ્દ ખરેખર કઈ શક્તિનું નામ છે. એટલું ખરું કે મનના કોઈ ભાવને વ્યક્ત કરવા માટે આ શબ્દ આપમેળે આવી જ જાય છે.'

'હું જાણું છું, ઓછામાં ઓછું મારે માટે તો જાણું જ છું.' કન્યા એના તરફ ધ્યાનથી જોવા લાગી, સજ્જને હસીને ધીમા રસભર્યા અવાજે કહ્યું, 'મારો સ્પિરિટ, આત્મા કે પરમાત્મા, જે કાંઈ કહો, એક જંગલી છોકરી છે.'

વનકન્યા પર આ વાતની તીવ્ર પ્રતિક્રિયા થઈ, એકવાર કીકીઓમાં પરાણે રસ વરસ્યો, અને તરત જ એ સંયમિત બની ગઈ, ગંભીર થઈને માથું નમાવી દીધું. એણે જવાબ ન આપ્યો.

બહારથી કર્નલ અને મહિપાલના અવાજો સંભળાયા. બંને જોરજોરથી વાતો કરતા આવી રહ્યા હતા. કર્નલ કહેતો હતો, 'અરે ભાઈ, કાલે શહેરમાં આની અસર જોજે...'

બંનેએ ઓરડામાં પ્રવેશ કર્યો કે તરત વનકન્યા નમસ્કાર કરતી ઊભી થઈ ગઈ. મહિપાલે સાંસ્કૃતિક ગંભીરતાથી એને જોઈ, કર્નલે ખૂબ જ અંગતભાવથી હસીને.

કર્નલે એને પૂછ્યું, 'કહો, આજનો તમાશો તમને કેવો લાગ્યો ?'

કન્યા જવાબ આપે તે પહેલાં જ સજ્જને મહિપાલને કહ્યું, 'દોસ્ત કોઈ સારો વકીલ બતાવ!'

અને મહિપાલ કાંઈ કહે તે પહેલાં કર્નલે ઉત્સાહથી પૂછ્યું, 'વકીલ ? હા – હા ! હમણાં જ ફોન કરું. કામ શું છે?'

'આપના પર ચારસોવીસીનો દાવો ઠપકારવો છે.' સજ્જને મોં ગંભીર બનાવીને જવાબ આપ્યો.

'જરૂર ઠપકારો સાલા પર...' કહેતાં કહેતાં મહિપાલ અટકી ગયો ને કન્યા તરફ જોઈને બોલ્યો, 'ક્ષમા કરજો, મોંમાંથી ગાળ નીકળી ગઈ!'

કન્યા હસવા લાગી. સજ્જન બોલ્યો, 'એ છે જ એને લાયક! શું નિવેદન છાપ્યું છે અમારા નામ પર એ જરા ફરમાવશો?' બોલતાં બોલતાં સજ્જને પાસે જ ટિપોય પર પડેલી પત્રિકા ઉપાડવા હાથ લંબાવ્યો. કર્નલ શરમાઈને હસવા લાગ્યો.

મહિપાલે કહ્યું, 'આખે રસ્તે એને ફટકારતો આવ્યો છું. આવી ભૂલભરેલી ભાષા સાથે મારું નામ જોડ્યું છે, જરા એ વાત પર ધ્યાન દેજો.'

'ભાષા ન જુઓ, ભાવ જુઓ એનો! ભાષાની ભૂલો તો મોટા મોટા સાહિત્યકાર પણ કરે છે–બાલમુકુન્દ ગુપ્ત અને મહાવીરપ્રસાદ ત્રિવેદી જેવા મહાન આચાર્યોની ભૂલો પણ કદાઈ હતી. – બાકી આમણે આજે આખા શહેરને ચોંકાવી દીધું છે, મને અને તમને પણ; એ કાંઈ મામૂલી વાત નથી!'

કર્નલ ખૂબ જ ખુશ થયો. બૂમો પાડતો બોલી ઊઠ્યો, 'બસ–બસ–બસ! ઘણું જીવો તમે! હવે મારા તરફથી પણ ઈન્ટલેક્ચ્યુઅલ જવાબ આપનાર મળી ગયા આ મૂરખાઓને! આ લોકો કેરી નથી જોતા, એનાં પાન જુએ છે! અને પોતાને મોટા આર્ટિસ્ટ સમજે છે!'

મહિપાલે કહ્યું, 'ઠીક હવે, તમારે લીધે એને છોડી દઉં છું. ...તમારો લેખ ખૂબ જ સુંદર હતો, તમે સારું લખો છો.'

કન્યાએ નમ્રતાથી નજર નીચી કરી દીધી, 'છાપતાં પહેલાં તમને બતાવવાની ઈચ્છા હતી. ભૂલો તો ખૂબ જ હશે.'

'અરે ના! બહુ જ સુંદર લખ્યું છે! બસ, દુઃખ એક વાતનું રહી ગયું કે જો આ બેવકૂફે મને પહેલાં કહ્યું હોત તો તમારા લેખને સપોર્ટ કરવા માટે હું એક સારું એવું વક્તવ્ય લખી દેત.' મહિપાલે કહ્યું.

સજ્જન પણ તરત જ બોલી ઊઠ્યો, 'એ જ તો હું પણ કહું છું! એને કોણ જાણે શી ધૂન સવાર થઈ ગઈ કે ન કોઈને પૂછ્યું ન ગાછ્યું...'

'એ પોલિસી છે બાબુજી! ઇલેક્શનમાં પત્રિકાની વેલ્યૂ હોય છે. કોઈને કાને વાત ન જવી જોઈએ કે અમારી કઈ પત્રિકા બહાર પડવાની છે. ત્યારે અસર પડે છે પબ્લિક પર.' કર્નલે કહ્યું.

'અસર રાખ પડશે...'

'કાલે જોજો.'

'નહિ. અસર તો જરૂર પડશે...' કન્યા કહેવા ગઈ, એની વાત કાપીને સજ્જને હસીને કહ્યું, 'હમણાં તો તમે કહેતાં હતાં કે એની કાંઈ અસર નહિ થાય!'

કન્યા શરમાઈ ગઈ. દાબેલા રોષથી હસતાં હસતાં એણે સજ્જનને કહ્યું, 'જાઓ, તમે તો મારી વાતનો અર્થ જ બદલી નાખો છો. (પછી કર્નલને કહ્યું) હું આમને એમ કહેતી હતી ભાઈસાહેબ કે નકામા તમારા આટલા રૂપિયા ખર્ચાવ્યા. ચાર દિવસ જનતા શોખથી ચર્ચા કરશે, પછી આ જ બધા અત્યાચાર થતા રહેશે !'

મહિપાલે કહ્યું, 'સાચું છે! સમાજને બદલવા માટે, એની ઘણી રૂઢ બની ગયેલી માન્યતાઓ બદલવી પડશે. એને માટે એક વ્યાપક સંગઠન અને આંદોલનની જરૂર છે.'

ઘણીવાર સુધી ચર્ચા ચાલુ રહી. કર્નલ અને મહિપાલ જ્યારે જવા લાગ્યા ત્યારે સજ્જન એમની સાથે ઓરડાની બહાર આવ્યો. એણે કર્નલને પૂછ્યું, 'કેટલો ખર્ચ થયો ?'

'કેમ ? શું આપ મને પેમેન્ટ કરવાના છો ?'

'હા.'

કર્નલ મહિપાલ તરફ જોઈને બોલ્યો, 'સાંભળો છો રાયજાદાની વાત!' (સજ્જનને) બાબુજી, હજી તો કંઈ ખર્ચ થયો નથી. હવે તો આપની બુલબુલને હજાર – બે હજારની પ્રેઝન્ટ પણ આપવી પડશે મારે. ત્યારે બધાનું બિલ સાથે જ મોકલી આપીશ તમને !'

'અરે હા મને પણ લાગે છે, તારાં લગ્ન આની સાથે જ થશે. છોકરી ઘણી સારી છે, મને પસંદ પડી છે.'

સજ્જનને મિત્રોની આ વાતો ગમતી હતી, હસીને બોલ્યો, 'તમે લોકો મારા મગજમાં ઑટો – સજેશન ભરી રહ્યા છો. હું તો બિચારીને નિઃસ્વાર્થભાવે મદદ...'

'હા – હા, ભારે નિઃસ્વાર્થી છો આપ સાલા!' કર્નલે હસીને કહ્યું, 'નહિ યાર, આ છોકરી મને પણ ખૂબ ગમી છે. બસ, એ જ છે કે જરા કૉમ્યુનિસ્ટ છે, બાકી એની આંખોમાં શીલ છે.'

એ બંનેનાં ગયા પછી સજ્જન કન્યાને એને ઘેર મૂકવા ગયો. કન્યાએ એની બહેનપણીનો આશ્રય છોડીને દસ રૂપિયા માસિક ભાડાની એક નાની ઓરડી રાખી લીધી હતી. જ્યારે એ ગાડીમાંથી ઉતરવા લાગી ત્યારે સજ્જને એના ખિસ્સામાંથી એક મોટું કવર કાઢીને એની સામે ધરતાં કહ્યું, 'આ રાખો.'

'શું છે ?'

'રાખોને !'

'રૂપિયા ?'

'હા – હા, કામ આવશે.'

'ના.'

'જુઓ, મારા હોવા છતાં તમે તકલીફ ભોગવો એ મારાથી નહિ જોવાય.'

'મને કશી તકલીફ નથી લાગતી.'

'તમારી પાસે ખર્ચ માટે પૈસા છે?'

કન્યા ચૂપ રહી.

સજ્જને કહ્યું, 'તો પછી આને રાખી લોને! જુઓ, આને માટે કોઈ જાતનું અપમાન કે આભાર માનવાનાં નથી.'

'નહિ... નમસ્તે!' કન્યા ધીરે ધીરે માથું નમેલું રાખીને એની ઓરડી તરફ ચાલી ગઈ.

કોઈ સ્ત્રીની સામે આજે પહેલી વાર સજ્જનના રૂપિયા હાર્યા હતા.

ચૌદ

બંધ ઓરડામાં બિલાડીનાં ગોળમટોળ ત્રણ બચ્ચાં તાઈની ઝોળી જેવી ખાટલી પર કૂદાકૂદ કરી રહ્યાં છે. જ્યારથી આંખ ઉઘડી છે ત્યારથી બચ્ચાં શાંતિથી બેસતાં નથી. એ કારણે તાઈનું મન હમેશા ચિંતામાં જ રહે છે: મોરીના મોઢા પાસે ઈંટ મૂકી દીધી. બારણાની સાંકળ હમેશા બંધ જ રહે છે, ક્યાંક ત્યાંથી બિલાડી ન આવી જાય. બચ્ચાંની મા પણ એને દીઠી નથી ગમતી, બચ્ચાંને દૂધ પાવા માટે તે ગમેતેમ કરીને તાઈના ઘરમાં ઘૂસી આવે છે અને તાઈ જ્યારે એને જોઈ જાય છે ત્યારે લાકડી લઈને દોડે છે.

અંધારા ઓરડામાં બિલ્લીએ ઉપરની કાંગરી પરથી નળ પાસે મૂકેલા ઢાંકેલા પીપ પર છલાંગ મારી. એને જોઈને ખાટલામાં એકબીજાને વળગીને બેઠેલાં ત્રણેય બચ્ચાં જોરથી મ્યાંઉં – મ્યાંઉં કરવા લાગ્યાં. બિલ્લી તાઈની ખાટલી પર ચડીને સૂઈ ગઈ; બચ્ચાંઓ વળગીને દૂધ પીવા લાગ્યાં. એક બચ્ચું એની પીઠ પર ચડીને દૂધ પીવા લાગ્યું: અને જોર કરી કરીને દૂધ પીવાના લાલચમાં ખસતું ખસતું નીચે પડી ગયું. ત્રણ નાનકડી પૂંછડીઓ આનંદથી હલતી હતી: બિલ્લી પણ ક્યારેક ક્યારેક મમતાના અતિરેકમાં પૂંછડી હલાવી લે છે.

તાઈ બજારમાંથી એમને માટે દૂધની લોટી લઈને આવી રહી છે. પરંતુ મુરલુ ગાલમાં પાન દબાવી મુઠ્ઠી વાળીને સિગરેટ પીતાં પીતાં તાઈને જોઈને અચાનક ખલીફા પાનવાળાના ચોરા પરથી કૂદીને ગલીમાં તાઈની સામે બેસી ગયો

ને એમની લાકડી પકડી લીધી. તાઈ ચમકી ગઈ, લોટીમાંથી દૂધ છલકાઈ ગયું.

મુરહુ બોલ્યો, 'તાઈ મરણકિનારે આવ્યાં છો, દૂધ-મલાઈ બાળકો માટે હોય છે. લોટી મને આપી દો, લાકડી છોડી દઈશ.'

તાઈ ગુસ્સે થઈ ગઈ. મુરહુએ ફરીથી કહ્યું, 'જુઓ – જુઓ શાપ આપો છો ? ગુસ્સે થશો તો તમને જ નુકસાન થશે – દૂધ ઢોળાઈ જશે.'

તાઈ ખરેખર ભારે મૂંઝવણમાં સપડાઈ ગઈ હતી. આજના જેવી પરિસ્થિતિમાં તે કદાચ ઘણા સમયથી આવી નહોતી. જિંદગીમાં કદાચ પહેલીવાર તાઈ રણક્ષેત્રમાં પરાસ્ત થઈ ને સંધિ કરવા માટે લાચાર બની; ખિજાઈ ને બોલી, 'છોડી દે મૂઆ ! છોકરાઓ ભૂખ્યા હશે.'

'અરે, મારા સિવાય બીજા કોણ તમારા છોકરા હોઈ શકે ? એ જે કોઈ હશે એ બધાને હું સમજી લઈશ. અરે, સાંભળી લેજો બજારના ભાઈઓ, તાઈએ મને ગોદ લીધો છે. હવે એમની જે માલમિલકત છે તે મારી છે, ફાવે તો એમના મરણ પછી લઉં ને ફાવે તો એમના જીવતાં લઉં !'

ગલીના બંને બાજુના દુકાનદારો સોની, દરજી, મોદી, તંબોળી, કંદોઈ બધા હસતા હતા. તાઈની આજુબાજુથી પસાર થતા લોકો હસતા હતા. ચારેબાજુની કનડગતથી અતિશય રોષ ઊભરાવા છતાં તાઈ દૂધની લોટીને કારણે લાચાર બની ગઈ છે. એણે ગાળો દેવાનું પણ બંધ કરી દીધું ને ભઠ્ઠીમાં પડેલા લોઢાની જેમ તપતી ઊભી રહી ગઈ.

અચાનક લાકડી છોડીને તે આગળ નીકળી ગઈ.

પરંતુ મુરહુએ આવું નહોતું ધાર્યું. ટેકો છૂટી જવાથી લાકડી ગલીમાં પડી ગઈ, મુરહુના હાથને ઝટકો લાગ્યો. ફરીને લાકડી આગળ કરતાં બોલ્યો, 'ઠીક છો, લાકડી લઈ જાવ, એ તાઈ!'

આગે જઈને તાઈ ઊભી રહી ગઈ, ને એની તરફ કરડી નજર કરીને બોલી, 'ઘેર આવીને આપી જજે અભાગિયા, નહિ તો કાલ સવારે તારા વંશનો નાશ કરી નાખીશ !'

મુરહુના હૈયામાં તાઈના શાપની ચોટ લાગી; મશ્કરી ભુલાઈ ગઈ, ડર લાગ્યો, બધાની સામે, ઘમંડ આવ્યું, અક્કડ થઈને હસતો હસતો બોલ્યો, 'અરે તું તો કાલ મારા વંશનો નાશ કરીશ ! હું તો આજે તારું બધું સાફ કરી દઈશ. આ પડી તારી લાકડી, ગમે તો લે, નહિ તો ન લે. હું નહિ પહોંચાડું, સાંભળી લેજે. ઓ તાઈ!'

તાઈ બજરંગઅલીના ચોરા પાસે પહોંચીને પોતાની ગલી તરફ વળી ગઈ.

બજારવાળાઓએ પરભુને સમજાવ્યો, પરંતુ એ હઠે ચડ્યો. એક ધર્મભીરુ સોનીએ એના છોકરાને તાઈને લાકડી દેવા મોકલ્યો.

બડબડાટ કરતી તાઈ અંદર આવી કે તરત બિલ્લી ઊછળીને ખાટની નીચે ચાલી ગઈ. એક બચ્ચું, જે માનું દૂધ પીને મસ્તીમાં આવી લડતાં લડતાં ખાટલા નીચે પડી ગયું હતું એ તાઈને ઉંબરામાં જોઈને ઝીણું-ઝીણું મ્યાંઉં-મ્યાંઉં કરતું દોડ્યું. ખાટલીમાં મસ્તી-તોફાન કરતાં બંને બચ્ચાં પણ એના ઓસરીમાં પડેલા ભાઈના મ્યાઉંનો અર્થ સમજી જઈને એકદમ મ્યાંઉં-મ્યાંઉં કરતાં ખાટલીના છેડા તરફ દોડ્યાં. આ સમયે દૂધ મળે છે એટલી સમજણ આ દસ-બાર દિવસનાં બચ્ચાંઓને બરાબર પડી ગઈ હતી. વરંડાવાળું આગળ દોડ્યું તો ચોરા પર પડ્યું, અને ચોરા પર બે ડગલાં દોડીને ફરી આંગણામાં; ખાટલાવાળામાંથી એક તો સ્ટંટ બનાવીને ધમ્મ કરતું જમીન પર પડ્યું, નબળા મિંયાં ખાટલી પર જ મ્યાંઉ-મ્યાંઉ કરવા લાગ્યા.

બંને બચ્ચાં આંગણામાં આવીને મ્યાઉં-મ્યાઉં કરતાં તાઈના પગ સાથે મોં રગડવા લાગ્યાં, એને પગ ઉપાડવાનું ભારે થઈ પડ્યું. તાઈના બહારના ગુસ્સા-રોષ પર સ્નેહની ઠંડક છવાઈ ગઈ. બંને માટે જમીન પર થોડું દૂધ ઢોળીને પોતાનો પીછો છોડાવી એ વરંડામાં આવી: થાંભલાને અટકાવીને રાખેલા એલ્યુમિનિયમના ઢાંકણામાં લોટીનું દૂધ રેડીને તાઈ આંગણામાંથી બંને બચ્ચાંને ઉપાડીને લઈ આવી, પછી ખાટલી પરથી ત્રીજા બચ્ચાને પણ ઉપાડીને દૂધની પાસે મૂકી દીધું.

એટલામાં બારણાની સાંકળ ખખડી. માનવગંધથી તાઈ ફરી તમતમી ઊઠી!

'અરે, તમારી લાકડી લઈ લો, તાઈ, ઓ તાઈ!' બહારનો અવાજ સાંભળીને તાઈ પેટીમાંથી કાળા તલ લઈને ગાળો દેતી દેતી બારણા તરફ ગઈ.

* * *

તે દિવસે રાત્રે નવ વાગ્યા સુધી ગલીની બજારમાં ખૂબ જોરશોરથી વાતો થવા લાગી કે પરભુ મુરહુને બદલે ભૂલથી તાઈએ પરસોત્તમ સોનીના છોકરા પર તલ છાંટી દીધા; એની સ્થિતિ ખરાબ છે, મંત્ર-તંત્ર, દાક્તરી ઇલાજ બધું જ થઈ રહ્યું છે. ભભૂતી સોની દુકાન બંધ કરી મહારાજના માથા પર પેટી મુકાવી ભાલાવાળા ચોકીદાર સાથે ગલીમાં આવ્યા ત્યારે એમણે આ વાત સાંભળી. પરસોત્તમની દુકાન પર ઊભા રહીને એના નાના ભાઈને સમાચાર પૂછ્યા. પરસોત્તમ માટે સહાનુભૂતિ રાખનાર બધા માણસો તાઈ માટે અપાર ઘૃણા અને

ગુસ્સો દર્શાવી રહ્યાં હતાં. ભભૂતીએ કહ્યું, 'હું હમણાં ઘેર જઈને પછી તારે ત્યાં આવું છું.'

ભભૂતીના ઘરમાં અત્યારે મોટી- અને નંદો સિવાય કોઈ નથી. શંકર અને નાની બીજા શોમાં સિનેમા જોવા ગયાં છે. મા છ દિવસથી બનેવીની કાણે કાસગંજ ગઈ છે: એનો કજિયાળો પૌત્ર પણ સાથે જ ગયો છે. મનિયા માલ લેવા માટે ગઈ કાલે કલકત્તા ગયો છે.

મનિયાને હાથે માર ખાઈને ચોરીનો ભેદ ખૂલી ગયો ત્યારથી નંદો ઘર-બહાર પગ મૂકી શકી નથી. ગોમતી-દેવદર્શન તો ઠીક, પણ તાઈને ઘેર આવવા-જવાનું સુધ્ધાં મનિયાના હુકમથી બંધ થઈ ગયું છે. પહેલા બે દિવસ તો એની ઓરડીમાંથી બહાર જ ન નીકળી. પછી ઘરકામમાં થોડું મન લગાડ્યું. મા તરફથી સારો ભાવ ન મળ્યો. એણે મનિયાનાં બાળકો પર એના વાત્સલ્યના પ્રેમનો દોર નાખ્યો; મનિયાના નહાવા-ખાવાના સમયે ધોતિયું, ટુવાલ, પાણી, પાટલો સુધ્ધાં એણે કરવા માંડ્યું. એટલામાં સગા માસાના અવસાનનો પત્ર આવ્યો એટલે મા કાસગંજ ચાલી ગઈ. માના જવાથી નંદોની હિંમત વધી; ને ભાભીઓ સાથે કામકાજમાં પૂરેપૂરી મદદ કરવા લાગી. નાનીને તો સવારે પતિના ચા-પાણીમાંથી, પછી હાઈસ્કૂલનો પોતાનો કોર્સ વાંચવામાંથી, પછી પતિએ આપેલું 'હોમવર્ક' પૂરું કરવામાંથી, પછી તારા સાથે વાતો કરવામાંથી અને પછી આવી જ રીતે કાંઈ ને કાંઈ કરતાં રહેવામાંથી ઘરના કામકાજ માટે વધુ સમય ન મળતો, તેથી સાસુના જવાથી ને મનિયાના અંકુશથી મોટી પર જ ગૃહવ્યવસ્થાનો પૂરો બોજો આવી ગયો છે. તેથી નંદોને એની સાથે રહેવાની તક વધારે મળે છે. એણે મુન્ની માટે સ્વેટર પણ શરૂ કર્યું છે, મોટી પાસે નવું ગૂંથવાનું પણ શીખવા લાગી છે.

જ્યારે ભભૂતીએ 'સાંકળ ઉઘાડો'ની બૂમ પાડી તે સમયે મોટી અને નંદો પલંગ પર સૂતાં સૂતાં વાતો કરી રહ્યાં હતાં. મુન્ની બાજુમાં જ હીંચકામાં સૂતી હતી. રેડિયો પર ફિલ્મી ગીત ચાલી રહ્યું હતું :

'અકેલે મેં વો ઘબરાતે તો હોંગે
મિટાકર મુજકો તો પછતાતે હોંગે
હમારી યાદ આ જાતી તો હોગી...'

ભભૂતી ઘરમાં આવ્યા. પેટી કબાટમાં મૂકી, તાળું બંધ કર્યું, વાળું કર્યું અને એમની દીકરીને અંદરની સાંકળ વાસવાનું કહીને પરસોત્તમ સોનીને ઘેર છોકરાની ખબર કાઢવા ચાલ્યા ગયા.

નણંદ – ભોજાઈ ફરી નિશ્ચિંત બનીને ત્રીજે માળે – મોટીના ઓરડા તરફ ચાલ્યા. નંદોને એકાએક મીઠાઈ ખાવા-ખવડાવવાનું મન થઈ ગયું. મોટીને પૈસા આપવા ન દીધા, પોતાની પેટીમાંથી પૈસા લઈને ગલીમાં આવી. સામેના વરંડામાં પાથરણું પાથરીને બેઠેલા ચોકીદારની ખુશામત કરી એને મીઠાઈ–ફરસાણ અને અર્ધો શેર દૂધ લાવવા મોકલ્યો. ઉપર મુન્ની એકલી હતી એટલે મોટી ચાલી ગઈ, નંદો મીઠાઈ આવવાની રાહ જોતી નીચે જ બેસી રહી.

કાલ રાતથી એકલી હોવાને કારણે નંદો મોટીની પાસે જ સૂએ છે. સાસુના ગયા પછી આજકાલ નંદોને મોટી ભાભી પર, એ લગ્ન કરીને આવી ત્યારે શરૂશરૂમાં થોડા દિવસ જેવો પ્રેમ ઊભરાયો હતો તેવો હાલ ઊભરાયો છે; પરંતુ સાચું તો એ છે કે અત્યારના જેવો પ્રેમ તો એને કદી આવ્યો જ નહોતો.

એના કમાઉ ભાઈ સાથે બગાડવા નંદો કોઈ રીતે તૈયાર નથી. મનિયો ભોળો છે, જરા સરખી ખુશામતથી પીગળી જાય છે. મોટી જ્યારે પરણીને આવી હતી ત્યારે મનિયો નવી વહુ પર હંમેશ ખુશ રહેતો હતો, એ ભાભીનું મન જીતી લેતી હતી. પછી જ્યારે એની બહેનપણી સંતોની વહુ સાથે મનિયાનો સંબંધ બંધાવી દેવામાં સફળ થઈ ત્યારથી એ મોટીના જાની દુશ્મન બની ગઈ; થઈ શકે એટલો જુલમ એણે એના પર કરાવ્યો. પાછો મનિયો એકાએક સુધરી ગયો, ત્યારથી ભાઈ-બહેનમાં એક વિચિત્ર કાંટો પડી ગયો હતો. 'આત્મજ્ઞાન' થવાથી મનિયો નંદોની છૂપા રુસ્તમ જેવી હરકતોને કારણે એને વધુ ધિક્કારવા લાગ્યો; એ બહેનને વેશ્યાના ધંધામાંથી છોડાવવા માગતો હતો. નંદો એની વિરુદ્ધ બની ગઈ: સૌથી વધુ ટેકો એને એના પિતાના લાડ-પ્યારનો હતો. ભાઈબહેન બંને એક-બીજાની પોલ જાણતાં હતાં પરંતુ મોઢે બોલી શકતાં નહોતાં. એટલે મનિયાએ નંદો સાથે એક પ્રકારની ઉદાસીનતાનો સંબંધ બનાવી લીધો હતો. હજી સુધી તો બંનેના ગુના-ત્રાજવાના બંને પલ્લાંમાં વજન બરાબર હતાં, પરંતુ એક નવા ગુનાની ઓથ મળવાથી મનિયાનું પલ્લું ભારે થઈ ગયું. તે દિવસે ઓરડીની તપાસ કરવાને બહાને એણે નંદોને એકાંતમાં ખૂબ જ ધમકાવી; એની પેટીમાંથી ફોટાઓનું આલ્બમ નીકળી આવ્યું તેથી તે એકદમ વાઘ જેવો બની ગયો ને બોલ્યો, 'અત્યારે જ હું આખા ઘરને આ બતાવી તારું મોં કાળું કરી શકું છું, અને તું મારે વિશે જે કહીશ તે બધું જૂઠું માનવામાં આવશે. યાદ રાખજે, હવે મારી વિરુદ્ધ થઈશ તો તારો ચોટલો પકડીને તને ઘર બહાર કાઢી મૂકીશ; એ વખતે બાપુ પણ કાંઈ નહિ કરી શકે.' એની ચોટલી મનિયાના હાથમાં આવી જવાથી નંદો એના કાબૂમાં રહીને 'સુશીલ' બનવા લાગી. પોતાનું માન વધારવા

માટે મોટી સાથે પણ મેળ વધાર્યો. નંદોના કોઈક ભારે તેજસ્વી નક્ષત્રના ઉદયથી એના માસા ગુજરી ગયા, તેથી એને મોટી સાથે એકલા નિભાવવાનો ને મનિયાને પોતાની સુશીલતાથી રીઝવવાનો સુવર્ણ અવસર મળી ગયો.

કાલ રાત્રે નણંદ–ભોજાઈ બંને પાસે પાસે સૂતાં હતાં તેથી આજ સવારથી મોટી નંદો સાથે એકદમ પોતીકી બની ગઈ છે. દિવસે એણે નાનીને કહ્યું પણ ખરું કે, 'નંદોબીબીજી ઉપરથી જેવી દેખાય છે તેવી બિલકુલ નથી. જો એમને આપણી સોસાયટી મળે તો તે એકદમ સુધરી જાય.'

નંદો મીઠાઈ, ફરસાણ અને દૂધ લઈને ઉપર આવી. એ વખતે એકલી સૂતેલી મોટી સૂના ઘરમાં આઝાદ – કંઈક મોટા અવાજે – વિરહેશની ગઝલ ગાઈ રહી હતી :

'સિર સે કફન લપેટે નિકલે હૈં પ્યાર કરને,
નજરેં કો ચાર કરકે મીઠા ગુનાહ કરને.'

નણંદ–ભોજાઈને વાતોનો રસ એવો ચડ્યો કે મોટીનાં રોમ – રોમ પુલકિત બની ગયાં. નંદોએ પણ પોતાના બાળપણથી માંડીને આજ સુધીની વાતો કરી નાખી; અને અંતમાં મોટીએ પણ પોતાના દિલનો અપટુડેટ એકાઉન્ટ બતાવી દીધો.

નંદો અંગે ખુદ એની મા જ વારંવાર કહ્યા કરે છે કે 'કૂવા-સમુદ્રને તળિયું છે, પણ નંદોના પેટને તળિયું નથી!' કાસગંજ જતી વખતે સાસુ બંને વહુઓને નંદોથી સાવધ રહેવાની ચેતવણી આપી ગઈ હતી. નાનીના સ્વભાવમાં શાણપણ છે; મોટી ફળણમાં પડેલી નાવની જેમ દરેક રેલની સાથે વહી જાય છે. અને નંદોના સારા નસીબે બંનેના સ્વભાવમાં એક ચાવી સમાન લાગતી હતી.

શ્વાસોચ્છ્વાસ સંભળાય એટલી નજીક બંને કોણી પર માથું ટેકવીને ખૂબ રસપૂર્વક વાતો કરી રહ્યાં હતાં. પોતાની અને બીજાની અલિફલૈલાની વાર્તાઓ જેવી રંગીન વાતો કરીને નંદોએ મોટીને પૂરેપૂરી પોતાની મુઠ્ઠીમાં લઈ લીધી. નંદોએ એને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે પોતે વેશ્યાનો ધંધો કરે છે. એણે કહ્યું, 'દુષ્ટ પુરુષો કરે તો સ્ત્રીઓ શું કામ ન કરે? જેને ભગવાને રૂપ આપ્યું હોય એ શું કામ ચાર ઘરેણાં એકઠાં ન કરી લે? સ્ત્રીએ પુરુષનો કોઈ રીતનો ભરોસો ન રાખવો જોઈએ, પોતાની છાતી હંમેશાં સોનાથી મઢેલી રાખવી જોઈએ. અને પોતાની મૂડી-મિલકત એવી રીતે રાખવી કે એક હાથે રાખેલી ચીજની બીજા હાથને પણ ખબર ન પડે. મળી ન શકે.'

ત્યાં બાપુ આવ્યા; 'સાંકળ ઉઘાડો'નો અવાજ આવ્યો. નંદો જઈને ઉઘાડી આવી. બાપુના ઓશીકા પાસે હુક્કો ભરીને રાખ્યો, પછી મોટી પાસે આવી. – અને ફરીથી રસિક વાતો ચાલુ થઈ ગઈ.

વાતવાતમાં મોટી પાસે નંદોએ પ્રસ્તાવ પણ મૂક્યો કે જો એ ઇચ્છે તો નંદો એનો સંબંધ કોઈની સાથે ગોઠવી શકે એમ છે. કોઈને ખબર નહિ પડે. મળવા – કરવાનો બંદોબસ્ત નંદો કરશે. મોટીને એના પ્રેમી પાસેથી જે કાંઈ મળે તેનો ચોથો ભાગ એણે નંદોને પ્રમાણિકતાપૂર્વક આપી દેવો.

મોટી દુઃખની મારી ભોળપણથી તેના વિરહેશ પ્રત્યેના પ્રેમની વાત કરી બેઠી. નંદોને એક તળિયું મળ્યું. એ જ વખતે છત પર કોઈકનાં પગલાંનો અવાજ થયો.– બંનેએ છત પરનો ધમધમ અવાજ સાંભળ્યો; ડરના માર્યાં બંને એકબીજાને વળગી પડ્યાં, પછી નંદોએ શંકરને કરુણ સ્વરે બૂમ પાડી. ઉપરનો અવાજ દોડીને તાઈના ઘર તરફ ચાલ્યો ગયો.

* * *

તાઈ બચ્ચાંઓને ગોદડીમાં દબાવીને મોં ઉઘાડું રાખી નસકોરાં બોલાવી રહી હતી. હમણાં હમણાં તાઈને મોડે સુધી ઊંઘ આવતી નથી. બચ્ચાંઓને લીધે ઘરમાં ગંદકી વધી ગઈ છે. તાઈને બિન્નાઈ – બિન્નાઈને વારંવાર ધોવું-લૂંછવું પડે છે. બિલ્લીનાં બચ્ચાના આવ્યા પછી એના કામનું દબાણ વધી ગયું છે. બચ્ચાં તાઈને બહુ જ તંગ કરે છે. એ પૂજા કરવા કે જપ કરવા બેસે છે ત્યારે બચ્ચાં એના ખોળામાં જઈને બેસે છે. દૂધના સમયે બચ્ચાં મ્યાંઉં – મ્યાંઉં કરે છે. રાત્રે રજાઈ નીચે તોફાન-મસ્તી કરીને તાઈનાં પેટ અને છાતીને કુરુક્ષેત્રનું મેદાન બનાવી દે છે.

આજે તાઈ બચ્ચાંને ખવડાવતી વખતે ખૂબ લાડથી એકને ઉપાડી એની આંખમાં આંખ પરોવી જોવા લાગી, લાગ્યું કે જાણે અંદરથી બાલમુકુંદ ડોકાઈ રહ્યા છે.

તાઈનું મન ભક્તિથી ભરાઈ આવ્યું, ખૂબ ભાવપૂર્વક એણે એને છાતી સાથે ચાંપી દીધું. ત્રણેયને પકડીને એની ખાટલીમાં રજાઈથી દબૂરીને પોતે જાપ કરતી કરતી સૂઈ ગઈ. આ એની પહેલી ઊંઘ હતી.

ભડકીને જાગીને જોયું તો એના મોઢામાં કપડાનો ડૂચો દીધેલો હતો. સાફાથી ચહેરો ઢાંકેલા તીક્ષ્ણ આંખોવાળા બે માણસોએ એને જકડી લીધી હતી. એની રજાઈ ઉપાડીને નીચે ફેંકી, બચ્ચાંઓને પણ એવી જ ક્રૂરતાથી ઉઠાવીને ફેંક્યાં, અને ખીંટી પર ટાંગેલી લાલ શાલમાં તાઈને લપેટી નવી મજબૂત દોરીથી

એને મુડદાની જેમ બાંધી દીધી; એ લોકોએ ચહેરો ખુલ્લો રાખ્યો, માત્ર મોઢામાં ડૂચો નાખી મોં પર કપડું બાંધી દીધું.

તાઈની નજર સામે એના ઘરની એકેએક ચીજ ઉછાળાઈ ને ફેંકાઈ. ચોરોએ "કાંઈક ખાધું, કાંઈક ફેંક્યું ને કાંઈક બાંધીને લઈ ગયા" જેવું કર્યું. એકને શોધખોળમાં તાઈના જાદુ-ટોણાવાળી પેટી મળી ગઈ, એણે ખૂબ પ્રેમથી સિંદૂરની પડીકી ડબ્બીના ઘીમાં નાખી હલાવીને તાઈના બાંધેલા મોં અને વાળ પર લગાડી દીધું, એના પર કાજળની રેખાઓ આંકી અને પેટીના તલ-જવ છાંટયા, પછી તાઈની સામે જ રૂપિયા ભરેલી થેલી ઉછાળતા ચાલ્યા ગયા.

બિલ્લીનાં બચ્ચાં ખાટલીના પાયા પાસે એકબીજાને વળગીને બેઠાં – બેઠાં મ્યાંઉ – મ્યાંઉ કરવા લાગ્યાં.

પંદર

વનકન્યાને પોતાના જીવનમાં આટલી ઝડપથી પ્રવેશ કરતી જોઈને સજ્જનને થોડો થોડો ગભરાટ પણ થવા લાગ્યો. જો કે આટલા ઓછા સમયમાં ને આટલી ઝડપથી વધતા સંબંધ એની જિંદગીમાં અનેકવાર આવ્યા છે, પરંતુ એ સંબંધ કરતાં આ નવો સંબંધ વધારે માર્મિક છે. સજ્જનને લાગતું હતું કે જેમની સ્મૃતિઓના તકિયા બનાવીને આજ સુધી એ સૂતો આવ્યો હતો એવી યુવતીઓ જેવી કન્યા નથી. કન્યાનું આકર્ષણ એને ઢંઢોળીને જગાડી રહ્યું છે. પ્રથમ મિલનથી જ કન્યા એને માટે કસોટી બની ગઈ. મિત્રો પણ મજાક-મશ્કરીમાં કન્યા સાથે જ એનાં લગ્નનું ભવિષ્ય ભાખે છે; ખુદ પોતે પણ કંઈક એવા પ્રકારનું જ વિચારે છે. આવા પ્રકારનું વિચારવા સિવાય એની પાસે બીજો કોઈ ઉપાય પણ નથી. છેવટે બીજી કઈ રીતે કન્યા પ્રતિ વધતા જતા ખેંચાણને એ અંતિમ સ્વરૂપ આપી શકે? પરંતુ શું કન્યા પણ આવું વિચારે છે? ક્યાંક એવું તો નહિ હોય કે કન્યા માત્ર એનો લાભ જ લઈ રહી હોય ને કામ પતી જતાં એને દગો દઈને ચાલી જાય? – આ શંકાથી પણ સજ્જનનું મન કચવાટ અનુભવે છે.

પરમદિવસે રાત્રે કર્નલની કરામતે વનકન્યા અને એના લેખને ચમત્કારિક રીતે પ્રસિદ્ધિની ઊંચાઈ પર પહોંચાડી દીધા. ગઈ કાલે સવારે દેશભરનાં તમામ છાપાંઓમાં હવાઈ કરામતની સાથે વનકન્યાના લેખની ચર્ચા છપાઈ હતી. શહેરનાં છાપાંઓએ તો ખૂબ વિસ્તારથી નવા વર્ષના પહેલા દિવસની એ ઘટનાને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. વનકન્યાએ બીજે દિવસે સવારે આંખ ઊઘડતાં જ એની

પ્રસિદ્ધિનો ચમત્કાર જોયો. આગળપાછળ-પિછાણવાળા ખૂબ ઉત્સાહથી એને અભિનંદન આપવા આવ્યા. છાપાના રિપોર્ટરોએ એના ઇન્ટરવ્યૂ લીધા, એના ફોટા પણ પડ્યા. આ બાબતોથી વનકન્યા ખૂબ જ ઉત્સાહિત અને પ્રફુલ્લ દેખાતી હતી. દિવસભરના વ્યસ્ત કાર્યક્રમ પછી જ્યારે સજ્જનને કન્યા સાથે સમયનું એકાંત મળ્યું ત્યારે એને લાગ્યું કે કન્યા એના પ્રત્યે કાંઈક બદલાઈ ગઈ છે. એ એનાથી નજર બચાવવા, વાત ઓછી કરવા અને જલદીથી એનો પીછો છોડીને ભાગી જવા માટે ઉતાવળી બની ગઈ હતી. એ ઉપરાંત, કારમાં સજ્જનની સાથે બહાર જવાની પણ એણે ના પાડી દીધી, અને એકલી ચાલી ગઈ. સજ્જનની ઇચ્છા હતી કે બંને જણ સાથે ફરવા નીકળે, 'આખા શહેરની ચર્ચા' કારમાં રસ્તાઓ પર, કૉફી હાઉસમાં એ એની બાજુમાં હોય, લોકો એની અને એની હીરોઈનની ચર્ચા કરે, ઈર્ષ્યા કરે. પરંતુ કન્યા એના બધા ઉત્સાહ અને મનસૂબાને ધૂળમાં મેળવીને ચાલી ગઈ. જતી વખતે તે એક વાત પણ કહી ગઈ હતી, 'મહિપાલજીની 'દેવતા' વાર્તામાં એક ઘણું સુંદર વાક્ય આવે છે. કદાચ તમે વાંચ્યું પણ હશે, તે એ છે કે ઈશ્વર જે ભલા માણસને કોઈ કારણે સજા દેવા ઇચ્છે છે તેને તે દેવતા બનાવી દે છે.' વાત એવી રીતે કહેવાઈ હતી કે સજ્જનને માટે તે તીક્ષ્ણ વ્યંગરૂપ બની ગઈ.

સજ્જનને માટે કાલની આખી સાંજ ને રાત, અને આજની સવાર પણ કાંટાભર્યાં બની ગયાં છે. એને એવું લાગ્યું જાણે વનકન્યા પણ એની એ નીચતાને ઓળખી ગઈ છે, જેને કારણે સજ્જન પોતે ખૂબ જ ગ્લાનિ અનુભવી રહ્યો છે. એને લાગ્યું કે કન્યા હવે નહિ આવે – ક્યારેય નહિ આવે. કાલ સાંજથી બેહદ બેચેનીમાં સજ્જને ફરી એકાંત સેવ્યું. ટેલિફોન બીજા ઓરડામાં મોકલી દીધો, કોઈને પણ – કર્નલ, મહિપાલ અને 'આ મેમસાહેબ, જે હમણાં ગઈ', સુધ્ધાંને ન મળવાનો એનો નિશ્ચય નોકરોને સમજાવી ઓરડાનો દરવાજો બંધ કરી દીધો. એ જ ઓરડામાં રહીને એણે વાતવાતમાં નોકરોને ધમકાવ્યા, શરાબ પીધો, રસોડામાં મિનિટે મિનિટે નવી નવી ડીશોનો ઑર્ડર આપી એણે બધાને ચોંકાવીને હરાવી દીધા. પછી રેડિયો અને સંગીત સાથે લડ્યો, પછી પુસ્તકો સાથે, 'ગીતા' સાથે, ગૌતમ બુદ્ધ સાથે...

'ગીતા'માં લખ્યું છે કે કામથી ક્રોધ જાગે છે, ક્રોધથી બુદ્ધિવિભ્રમ થાય છે.

વિખરાયેલા મનની અટપટી ચાલોથી થાકીને સજ્જન થોડીવાર આ વાત પર અટક્યો. એકવાર ખૂબ ગર્વ સાથે એના મનમાં એ વિચાર પણ આવ્યો કે તે કામને જીતી લેશે. એ પોતાના જીવનમાંથી નારી નામની ચીજને જ ભૂંસી નાખશે.

એક જગ્યાએ બુદ્ધ અને એના શિષ્ય આનંદની વાતચીત વાંચી :
આનંદ – 'ભંતે ! સ્ત્રીઓ સાથે અમે કેવો વ્યવહાર રાખીએ ?'
બુદ્ધ – 'અદર્શન, અર્થાત, ન જોવું.'
આનંદ – 'જોવાઈ જવાય તો શું કરવું ?'
બુદ્ધ – 'વાત ન કરવી, આનંદ.'
આનંદ – 'વાત પણ કરવી પડે તો ?'
બુદ્ધ – 'સાવધ રહેવું.'

સજ્જન પણ હવેથી એવું જ કરશે. સ્ત્રીએ એને બહુ બહેકાવ્યો છે. તે હવેથી સાવધ રહેશે. તે બ્રહ્મચર્યનું પાલન કરશે – જરૂર કરશે. દુનિયામાં ઘણાએ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. એ કેમ ન કરી શકે ? બ્રહ્મચર્ય આપણી ભારતીય સંસ્કૃતિનો મહાન આદર્શ છે. આપણે એ તરફ પણ ગતિ કરવી જોઈએ. નવા અનુભવથી કદાચ એને નવી ચેતના મળે, નવી દૃષ્ટિ મળે ! હવે આપણને આપણા જીવનનું યોગ્ય દિશાજ્ઞાન મળવું જ જોઈએ. આપણી યોગ્ય ગતિ હોવી જ જોઈએ. પુસ્તકનાં પાનાં ફેરવતાં વાંચ્યું કે બુદ્ધે એક જગ્યાએ કહ્યું છે : 'ગતિવાન તો હું પણ છું, પરંતુ ક્યાં જવાનું છે એની ખબર નથી, જો ગતિશીલતા હોય પરંતુ સંયમ-સાધનામાં પ્રમાદ ન હોય; વિરક્તિ હોય પરંતુ સેવા-ધર્મમાં ઊણપ હોય; ઉચિત સ્વાભિમાન હોય પરંતુ વિનયનો અભાવ ન હોય; સાચા અર્થમાં ક્ષાત્ર ધર્મની અનુભૂતિ હોય પરંતુ શસ્ત્ર ગ્રહણ ન કર્યાં હોય, તો સાક્ષાત્કાર થવામાં કેટલી વાર ?' સજ્જનને લાગ્યું કે તે એના જીવનનો નવો માર્ગ મેળવી રહ્યો છે. અને વનકન્યા – એ તો એક મુસીબતમાં ફસાયેલી સ્ત્રી હતી, જેટલી થઈ શકી તેટલી તેની સેવા સજ્જને કરી – પરોપકાર પુણ્ય છે.

આધ્યાત્મિક સ્તર પર આવીને જાતજાતની કલ્પનાઓથી પોતાના ભાવિ જીવનનું ચિત્ર રચતાં રચતાં–સજ્જને રાત વિતાવી દીધી. પાછલી રાત્રે ઝોકું આવી ગયું. આ વખતે જાગવા છતાં અને નશો ઊતરી ગયા પછી પણ સજ્જનનું બ્રહ્મચર્ય ટકી રહ્યું. એના મનમાં આ વિચાર આંખ ખૂલતાં જ સવારનો પ્રથમ વિચાર બનીને આવ્યો.

આજે સવારે એક સ્થાનિક અંગ્રેજી દૈનિક પત્રે એની સંપાદકીય નોંધમાં કન્યાના લેખની પ્રશંસા કરીને આ મામલાની તપાસ કરવાની સરકાર પાસે માગણી કરી હતી. ચૂંટણી લડનારી તમામ પોલિટિકલ પાર્ટીઓને એણે અપીલ કરી હતી કે તેઓ પોતાની હારજીત માટે માનવતાનું ગળું ન દબાવે. દુનિયા થોડાક વિશ્વાસો

પર ટકેલી છે, જો એ જ ભૂંસાઈ જાય તો દરેક પોલિટિકલ પાર્ટીના ઊંચા ઊંચા આદર્શ નિર્જીવ થઈ જશે.

સજ્જનને કન્યાની ઈર્ષા થઈ; પછી ખ્યાલ આવ્યો કે એ તો હવે બ્રહ્મચર્ય પાલન કરવાનો છે. એને ભલા હવે કન્યા સાથે શી લેવા-દેવા ?

પોતાના મનને મજબૂતાઈથી બાંધીને સજ્જને દૈનિક કાર્યમાં મન પરોવ્યું. આજે વર્ષો પછી એકાએક સજ્જનને માના મંદિરમાં જવાની ઇચ્છા થઈ આવી. બધા નોકર-ચાકરોને પણ એ વાતથી ખૂબ આશ્ચર્ય થયું. બંગલાની પાછળના ભાગમાં સંગેમરમરનું ઠાકુરઘર બનેલું છે. આ મંદિર સજ્જનની મોટી દાદીએ પોતાના કુળનાં દેવી-દેવતાઓ માટે બનાવ્યું હતું. વિલાયતથી પાછા આવ્યા બાદ કન્નોમલની માએ ન કદી પતિને પોતાના શરીરનો સ્પર્શ કરવા દીધો કે ન મંદિરમાં પગ મૂકવા દીધો. પરંપરાથી કુળદેવતાની પૂજા સાસુ પાસેથી વહુને સોંપાતી આવી હતી ને સજ્જનની માના જીવનપર્યંત આ નિયમ બાધા વિના ચાલ્યો આવ્યો હતો. સજ્જનની માના સમયમાં જે પૂજારી મંદિર સંભાળતો હતો એનો જ ભત્રીજો અત્યારે પણ નોકર છે. રોજની ઠાકુરપૂજા અને ચંડીપાઠ થઈ ગયા પછી તે સજ્જનને ચરણામૃત અને આશીર્વાદ આપવા આવે છે. બસ, એટલો જ સજ્જનને અને ધર્મને સંબંધ રહ્યો છે. ઈશ્વર છે કે નહિ એ સમસ્યા પર એણે ગંભીરતાથી એક ક્ષણ પણ ખર્ચી નથી. સામાન્ય રીતે ઈશ્વરની હાંસી ઉડાવવાનું એનું વલણ છે. આજે જ્યારે તે સ્નાન કરીને સીધો મંદિરમાં ગયો ત્યારે ચંડીપાઠ કરતાં કરતાં ઊંઘતો પૂજારી એવી રીતે ચોંકી ગયો જાણે એણે ભૂત જોયું હોય !

વર્ષો પછી પોતાના જ રહેવાના ઘરના બીજા છેડામાં એણે પગ મૂક્યો હતો. એણે હંમેશાં મા સાથે આ ઠાકુરઘરના ઓરડાનો સ્વીકાર કર્યો હતો. માના મૃત્યુ પછી જ્યારે એ પહેલીવાર મા વિનાના એ ઠાકુરઘરમાં આવ્યો ત્યારે એનું હૃદય ભરાઈ આવ્યું. ઓરડો નિસ્તેજ બની ગયો હતો, એમાં બનાવેલો સંગેમરમરનો ખૂબસૂરત ઠાકુરમંડપ મેલો થઈ ગયો હતો. મખમલનો ચંદરવો, એના પરનું જરીકામ – બધું જ મેલું-મેલું ને જૂનું બની ગયું હતું. ચંદરવાને ખેંચી રાખતી ચાંદીની લાકડીઓ સાફ ન થવાને કારણે કાળી પડી ગઈ હતી. નિસ્તેજ વાતાવરણમાં બાખરા દેવો ચંદન અને ફૂલહારથી શણગારેલા નિષ્પ્રાણ જેવા બેઠા હતા. સજ્જનને આ સારું ન લાગ્યું, પૂજારી પર ક્રોધ આવ્યો, ધમકાવીને કહ્યું, 'તું ક્યા ધર્મને માને છે? જે ભગવાનને સૌથી વધુ પવિત્ર માને છે એને જ આવી અપવિત્ર અને ગંદી રીતે રાખે છે? આવા સારા કામ માટે હરામનો પગાર ખાતાં તને શરમ નથી આવતી ?'

પૂજારીના હાથ-પગ ધ્રૂજવા લાગ્યા. કેટલીય વાર જવાબ વિચાર્યો પણ મનની વાત કહી ન શક્યો. ત્રીસ રૂપિયા મેળવતો પૂજારી બ્રાહ્મણ એના માલિકના ગુસ્સા પાસે કાંઈ પણ કહેવાની હિંમત કેવી રીતે કરી શકે?

આજે સજ્જને એના નોકર-ચાકરોને સાફસૂફી કરવાનો આદેશ આપ્યો, માળી માટે પણ હુકમ દીધો કે, 'એને કહેજે કે કાલથી અહીંને માટે સારાંમાં સારાં ફૂલો, ગજરા અને તોરણ વગેરે સારી રીતે લાવે – જેવું માતાજીના સમયમાં થતું હતું. એનાં તમામ ફૂલોની મહેનત એ મારા ઓરડામાં જ વાપરી નાખે એ શું? જો કાલ સુધીમાં અહીંની દરેક ચીજ સરખી નહિ થાય તો બધાને પાંચ-પાંચ રૂપિયા ફાઇન કરીશ... અને પંડિતજી, જો તમે મન દઈને સારી રીતે પાઠ ન કરી શકો તો કાલથી હું બીજો બંદોબસ્ત કરી લઈશ.'

'નહિ ધર્માવતાર...!'

'બકવાસ ન કરો. હું મારા ઘરમાં શુદ્ધ પાઠ ઇચ્છું છું, પૂરી નિષ્ઠાથી એ થાય તે હું જોવા માગું છું.'

પૂજારી, નોકરો પર પોતાના રોફનો ભય બેસાડીને સજ્જનનું મન ખાલી થયું ત્યારે ફરીથી એની નજર દેવતાઓ પર પડી. એના મનમાં કોઈ આસ્થા ન જાગી, વિચારવા લાગ્યો કે આખરે માણસ આ મૂર્તિઓમાં જુએ છે કોને? મુગ્ધ કોના પર થાય છે? એણે એની દાદીને, માને કલાકો સુધી અહીં બેસીને પૂજન-પાઠ કરતાં અથવા કથા-પુરાણ સાંભળતાં જોયાં છે. ઘરમાં વીજળીનો પંખો હોવા છતાં એણે એની માને કલાકો સુધી ઠાકુરજીને પંખો નાખતી જોઈ છે. હિન્દુસ્તાનનાં ઘણાં મંદિરોમાં જઈને એણે માત્ર ત્યાંની કલા જોઈ છે. ભગવાનને નહિ. એણે પંડા-પૂજારીઓની બદમાશી અને અનાચાર પણ ઘણા જોયા છે; પરંતુ એ વાત પર ક્યારેય વિચારપૂર્વક ધ્યાન નથી આપ્યું કે આખરે ક્યાં જાદુથી બંધાઈને હજારો લોકો આવી જગા પર હંમેશાં ખેંચાઈ આવે છે. આ વખતે આ વિચાર સજ્જનને પહેલી વાર આવ્યો. તે ગંભીર બની ગયો; પરંતુ પોતાના પ્રશ્નનો ઉત્તર ન મેળવી શક્યો. ઘસેલી, પિત્તળની, મોટી મોટી બનાવટી નિર્જીવ આંખો ચોંટાડેલી રાધા-કૃષ્ણની મોટી જોડી, કેટલીક નાની-નાની જોડીઓ, કેટલાંક પતરાં, શાલિગ્રામ, શિવજીનાં લિંગ, બાલમુકુન્દ, ચાંદીની જલધારીમાં નાગધારી શિવ, ગણેશ, હનુમાન, ત્રણ મોટા મોટા તામ્રયંત્ર – આ બધી ચીજોમાં એને કશું સત્ય ન દેખાયું. તોપણ કરોડો માનવીઓ છેવટ આમાં જુએ છે શું?

સજ્જનની થોડી એકાંત પળો પૂરી શાંતિમાં વીતી, એનો એના પર પ્રભાવ પણ પડ્યો. વિચારવા લાગ્યો, હવે અહીં રોજ આવીશ – અને કાંઈ નહિ તો આને

મારા ચિંતનનો ઓરડો બનાવી લઈશ – નિયમિત આવીશ. સજ્જનને વિશ્વાસ હતો કે આટલું અનુશાસન એ પોતા પર કરી શકશે.

સજ્જન આજ સવારથી એક જીદ લઈને ઊઠ્યો છે; એના મનમાં તપી-તપીને એ નિશ્ચય ક્રમશઃ પાકો થઈ રહ્યો છે કે પોતે સ્ત્રી સંબંધમાં પોતાના વિચારોને ભટકવા નહિ દે. કન્યા જો એના જીવનમાં આવશે તો પણ તે એને એક સાધારણ મિત્રની જેમ જોશે. તે એના તરફથી પોતાનું મન બળપૂર્વક ખેંચી લેશે.

આજે જ્યારે તે એના ચોકવાળા સ્ટુડિયો પર ગયો ત્યારે સાથે બે નોકરો અને બાલદીઓ વગેરે લીધાં, ઘણાં ફૂલ અને ગજરા પણ લીધાં. આજે તે અંદર-બહાર દરેક જગ્યાએ સફાઈ કરવા તરફ ઢળ્યો હતો – નશા પછી પણ તે પોતાના પાગલપણાને ગરમ રાખવાની કોશિશમાં પડ્યો હતો.

નોકરોની સાથે પહેલી વાર જ તે પોતાની ઓરડીમાં આવ્યો હતો, આજ સુધી માત્ર ડ્રાઇવરે જ આ જગ્યા જોઈ હતી. બંગલાના નોકરો ગંધ લેતા લેતા ગોશાળાની છત પર એમના શેઠની પાછળ પાછળ જવા લાગ્યા. દાદરો ચડતાં એકાએક તાઈના ઉઘાડા બારણા તરફ નજર ગઈ, નોકરના માથા પર ફૂલનો ટોપલો જોઈને ઇચ્છા થઈ કે લાવ, તાઈના દેવો માટે એમને પણ થોડાં ફૂલ આપું. કદાચ એ રાજી થઈ જશે. નોકરોને ચાવી આપી ઓરડી ધોવાનો ને સાફ કરવાનો હુકમ આપી પોતે નાની એવી વાંસની ટોપલીમાં ફૂલ લઈને તાઈના ઘર તરફ ગયો. ઉંબરામાં પગ મૂકતાં વિચાર આવ્યો કે ગાળો ખાવી પડશે તો? પછી થયું કે ખાઈ લઈશ.

આંગણામાં બિલ્લીનાં ત્રણ નાનાં-નાનાં બચ્ચાં એક લાઈનમાં બેઠાં હતાં, જોતાં જ એક સાથે જોરથી મ્યાંઉં–મ્યાંઉં કરી ઊઠ્યાં. આંગણામાં એક ડગલું ચાલવાનું પણ સજ્જન માટે મુશ્કેલ બનાવી દીધું. ક્યાંક એકાદું ચગદાઈ ન જાય એનો સજ્જનને ડર હતો. તેઓ એના પગની આજુબાજુ મ્યાંઉં–મ્યાંઉંનો અવાજ કરતાં એને બેડીઓની જેમ જકડી રહ્યાં હતાં.

સામે ઓસરીમાં જરા ટેકવીને રાખેલા ખાટલા સાથે બંધાયેલી તાઈ નજરે પડી. સજ્જન એકદમ ચોંકી ઊઠ્યો, એના આખા ચહેરો હનુમાનજીની જેમ સિંદુરથી લેપાયેલો હતો, મોં પર પટ્ટી બાંધેલી, ગાલ અને કપાળ પર કાજળની લીટીઓ કરેલી – મડદાની જેમ બાંધેલું તાઈનું આ શરીર, ભયાનક તાંત્રિક મેકઅપ-વાળું રૂપ જોઈને સજ્જનને એકવાર તો ચોક્કસ લાગ્યું જ કે તાઈ મરી ગઈ છે. મડદા પાસે જતાં એને ખચકાટ થયો. એટલામાં તાઈનું માથું હલ્યું, ભારે મેકઅપમાં ફાટેલી સફેદ આંખો ચમકી ઊઠી સજ્જન તરત જ પાસે ગયો. એણે

એના મોં પર બાંધેલો પાટો ખોલી નાખ્યો, મોંમાં ખોસેલું કપડું બહાર કાઢ્યું; તાઈનાં જડબાં જકડાઈ ગયાં હતાં, ઘણીવાર સુધી એમ ને એમ ખુલ્લાં જ રહ્યાં. સજ્જને તાઈનાં બંધન ખોલી નાખ્યાં ને એના ઠંડા હાથપગ અને જડબાંને જોરથી ઘસવા લાગ્યો.

થોડી વારમાં તાઈમાં કાંઈક ચેતન આવ્યું. એના જડબામાં પડેલાં તાળાંની તકલીફ સામે તાઈ હજી પણ લડી રહી હતી. સજ્જન એના ગળા પર માલીશ કરતાં કરતાં જડબાને સરખું બેસાડવાની કોશિશ કરતો હતો. બોલવા માટે તાઈ અંદરથી વ્યાકુળ બની ગઈ હતી. ખાટલાના બંને પાયા પર હાથનું જોર દઈને તાઈ બેઠી થઈ ગઈ. એણે સજ્જનને ધીમેથી દૂર કર્યો.

સજ્જને કહ્યું, 'હું ડૉક્ટર બોલાવું છું તાઈ.' તાઈએ હાથ હલાવી ના પાડી. આંગણામાં મ્યાંઉ-મ્યાંઉં કરીને ચીસો પાડતાં બચ્ચાં તરફ હાથ લાંબો કરીને એના ખડી ગયેલાં જડબાવાળા વિવશ ગળામાંથી એણે અવાજ કાઢવાનું શરૂ કર્યું.

સજ્જન કાંઈ સમજ્યો નહિ. બોલ્યો, 'હું હમણાં શેક કરવાનો બંદોબસ્ત કરું છું, જરૂર પડશે તો ડૉક્ટરને પણ બોલાવી લઈશ.'

તાઈ આંગણા તરફ હાથ કરીને શબ્દવિહીન સ્વરમાં કાંઈક કહી રહી હતી, જેને કાંઈક બીજું જ સમજીને સજ્જને જવાબ આપ્યો, 'હું તમારું બાળક છું. મારી સેવા લેવામાં જરા પણ સંકોચ ન કરો.'

તાઈ ફરીથી આંગણા તરફ હાથ કરવા લાગી. સજ્જન નોકરોને બોલાવવા માટે બહાર ચાલ્યો ગયો. આ વખતે એ ઓટલા પરથી નીકળી ગયો. બચ્ચાં આંગણામાં બૂમો પાડતાં રહ્યાં.

સજ્જન જ્યારે એના એક નોકર સાથે સ્ટવ લઈને પાછો આવ્યો, ત્યારે તાઈ ખાટલા પર બેસીને હાથથી એનું માથું અને નીચલું જડબું પકડીને હલાવવાનો પ્રયાસ કરતી હતી. સજ્જને સતત માલીશ કર્યું, પોતાનું ને નોકરનું મફલર સ્ટવ પર ગરમ કરી શેક કર્યો. તાઈએ પોતાની લોંદા જેવી જીભ ઉપાડીને પહેલો શબ્દ ઉચ્ચાર્યો... 'દૂધ.' સજ્જને તાઈની દૂધ પીવાની ઇચ્છા જાણીને તરત જ નોકરને બજારમાંથી એક શેર દૂધ લેવા મોકલ્યો. તાઈ સાડીના છેડામાંથી પૈસા કાઢતી જ રહી ગઈ.

થોડીવાર સુધી તાઈ એને જોતી રહી; પછી થાકેલા અવાજમાં ધીમેથી બોલી, 'કન્નોમલનો પૌત્ર?' પછી શ્વાસ લઈને બોલી, 'નંદોનો બાપ હતો!' કહીને તાઈ પાછી થાકી ગઈ. એનું કાજળ અને સિંદૂરથી રંગેલું, તલ ચોંટાડેલું મોઢું

સજ્જનના મનમાં એક અજબ કલ્પના જગાવતું હતું. એને લાગતું હતું જાણે એ કોઈ આદિમ જાતિની ગોરાણીને મળી રહ્યો હોય.

તાઈ ફરી ઊઠી, ઊઠીને આંગણા તરફ જવા લાગી. સજ્જન એને ટેકો દઈને ચાલવા લાગ્યો. તાઈએ બે વાર ના પણ પાડી, છતાં સજ્જન એને પકડીને એની સાથોસાથ ચાલવા લાગ્યો. ઓટલા પર બેસીને, બચ્ચાંને પોતાના ખોળામાં લઈને તાઈ બેસી ગઈ. પછી સજ્જન તરફ જોઈને એની સાડીની ગાંઠ છોડી પૈસા કાઢીને તાઈએ કહ્યું, 'દૂધ મગાવી દે.'

'મગાવ્યું તો છે તાઈ.'

'આમને માટે મગાવી દે.'

નોકર પાછો આવ્યો ત્યાં સુધી સજ્જન ચૂપચાપ તાઈની સામે જોઈને વિચારતો રહ્યો – તાઈ, જેને બધાં જ ખરાબ કહે છે, જે હમેશા ગાળો અને મેણાં દીધા કરે છે, જાદુ-મંત્ર કર્યા કરે છે, દરેકનો તિરસ્કાર કરે છે – એ તાઈ આ બિલ્લીનાં બચ્ચાં માટે કોણ જાણે કેટલાય સમયથી વ્યાકુળ બની હતી. એને સૌથી પહેલાં એ બચ્ચાંની ભૂખની ચિંતા થઈ. સજ્જન વિચારવા લાગ્યો, પથ્થર પીગળવું જાણે છે. માનવજીવનમાં આટલું સૌંદર્ય કોણ જાણે ક્યાં છુપાઈ રહે છે? – અને આ સૌંદર્યના માલિક હોવા છતાં મનુષ્ય પોતાની ચારે બાજુ ઘૃણા, ક્રૂરતા અને હિંસાની જાળ શા માટે વણી લે છે? – એ સજ્જનની સમજમાં ન આવ્યું. તો પણ તાઈ એને માટે આદરને પાત્ર બની ગઈ હતી.

બચ્ચાં તાઈના ખોળામાં ઘૂસીને સૂવા માટે એકબીજા સાથે મીઠો ઝઘડો કરી રહ્યાં હતાં. એને તો આરામની જગ્યા મળી ગઈ હતી. એક તાઈના હાથ પર ચડીને એના ખભા પર બેસીને આંખ બંધ કરી ઊંઘવાનો પ્રયત્ન કરી રહ્યું હતું, તાઈની ગરદન સ્નેહથી એના તરફ વળેલી હતી. કાગળ-પેન્સિલ માટે સજ્જનનો જીવ તલસી ઊઠ્યો. આ અપશુકનિયાળ મેકઅપમાં તાઈ જેટલી ભયંકર લાગતી હતી એટલી જ બચ્ચાંઓની સાથે કરુણામયી લાગતી હતી.

નોકર દૂધ લઈને આવ્યો. તાઈ બચ્ચાંને ખોળામાં લઈને ઊઠી, એમના દૂધના ઢાંકણામાં દૂધ નખાવીને તાઈએ સજ્જનને કહ્યું, 'હવે તું જા!'

'થોડું દૂધ તમે પણ પી લો તાઈ!'

'મારી તો પૂજા પણ રહી ગઈ મૂઈ, કમબખ્તના થર આખાને કૉલેરા થાવ. તું તારું દૂધ લઈ જા. જા!'

ભૂખ્યાં બચ્ચાં જલદીથી ઢાંકણાનું દૂધ પીતાં હતાં. સજ્જન અને એના નોકરના ગયા પછી તાઈએ ઘરનું બારણું બંધ કર્યું ને જલદી જલદી એના ઘરની

ઓરડીઓમાં જઈને ચોરોએ ઉથલાવેલી ચીજો, પેટી વગેરે જોવા લાગી. ઠાકોરજીના ગોખલામાં સંતાડેલી એની મૂડી સુરક્ષિત હતી. તાઈના જીવમાં જીવ આવ્યો. પોતાની રીઝર્વ બૅન્કને સલામત જોઈને તાઈ એની બીજી નાની-મોટી બૅન્કોની તપાસ કરવા લાગી. ઘંટી ઉખાડીને, એની નીચે દાટેલી હાંડી ખાલી કરવામાં આવી હતી. ધનની લાલચમાં ચૂલો નકામો જ ખોદી નખાયો હતો. ઓસરીવાળી મોટી કોઠીના ચારેય ખૂણા ચોરોએ ધનની લાલચમાં ખોલી નાખ્યા હતા. ફાનસ પેટાવીને તાઈએ હાંડલીમાં બાંધેલી રૂપિયાની પોટલીની તપાસ પણ કરી. પરંતુ તે ન મળી. તાઈ ઘણીવાર સુધી માથા પર હાથ રાખીને વિચારમાં બેસી રહી. બિલ્લીનાં બચ્ચાં પેટ ભરાઈ જવાથી કૂદકા મારતા હતા.

ચોરોએ રફેદફે કરેલા એના ઘરના સામાનને ફરીથી ગોઠવી રસોડાના આંગણામાં ફેંકેલા અનાજ, મસાલાના ડબ્બા અને ફૂટેલા માટલાને તાઈએ સંભાળીને જોયા, ઘર ધોયું, નાહી અને ઠાકોરજીની પૂજા કરી, સજ્જને આણેલાં ફૂલ ચડાવ્યાં. પછી દરવાજે તાળું મારીને સજ્જનની ઓરડીએ ગઈ. નોકરોએ ઓરડો અને છત ધોઈને સાફ કરી નાખ્યા હતા, દરેક ચીજ સારી રીતે શણગારી દીધી હતી, ફૂલોના ગજરાએ ઓરડાને રંગીન બનાવી દીધો હતો. સજ્જન બેઠો બેઠો તાઈનો જ સ્કેચ દોરી રહ્યો હતો. બારણામાં તાઈને ઊભેલી જોઈને સજ્જન ગભરાઈ જઈને ઊભા થઈ ગયા, 'આવો તાઈજી.'

તાઈનો ચહેરો ચિંતાથી કઠોર બની ગયો હતો, એ બોલી, 'મારા ત્રણ હજાર અને છ વીસી રૂપિયા ચોરી ગયા દુષ્ટો. અરે, એમના રુંએ રુંએ કોઢ થઈને મારી પાઈએ પાઈ બહાર નીકળશે, તું જોઈ લેજે.'

સજ્જન સમજ્યા કે ચોરો તાઈની બધી મૂડી ઉઠાવી ગયા. એણે તાઈને સાંત્વન આપ્યું. તાઈ એકાએક પૂછી બેઠી, 'તારું લગન થઈ ગયું છે કન્નોમલના પોતરા ?'

'હજી નહિ.'

'મારે ત્યાં ગોકુલદ્વારામાં એક જણ આવે છે. દસ્સા છે, આપણી જ નાતના. એની છોકરી છે, ખૂબ સુંદર છે, બધાં કામકાજમાં હોશિયાર છે. અંગ્રેજી છઠ્ઠી સુધી ઘરમાં ભણી પણ છે. તું કહે તો વાત ચલાવું.'

સજ્જને હસીને કહ્યું, 'નહિ તાઈજી, હમણાં તો લગ્ન નથી કરવું.'

'હમણાં નહિ કરે તો શું બુઢ્ઢો થઈને કરશે ? કન્નોમલ અભાગિયો તો ધરમભ્રષ્ટ હતો, તું પણ એવો જ છે ?'

સજ્જને હસીને કહ્યું, 'ના તાઈ, હું તો ખૂબ પવિત્રતાથી રહું છું.'

'રોટલા કોણ કરે છે? મહારાજ કે હોટેલમાં ખાય છે?'

'મહારાજ બનાવે છે તાઈજી, ક્યારે ક્યારેક હું પણ બનાવી લઉં છું.' તાઈની સામે પોતાની પવિત્રતાની વાત કરતાં કરતાં સજ્જનને મનોમન ખૂબ જ હસવું આવતું હતું. તાઈ બોલી, 'તું જો રામચંદરની છોકરી સાથે લગન કરવા તૈયાર હો તો હું...(નજીક જઈને ખૂબ ધીરેથી) સો તોલા સોનું ચડાવીશ તારી વહુને. જો, કોઈ મને ગમે તેટલું લૂંટી જવાની કોશિશ કરે, પણ ગોકલનાથજી મહારાજ મારી રક્ષા કરે છે. એકેએકના વંશનો નાશ કરી નાખીશ અભાગિયાઓના. ...પણ તું લગન કરી લે કન્નોમલના પોતરા. સો તોલા...'

સજ્જને અને તાઈએ ઊંચું જોયું તો બારણામાં કન્યા હતી. સજ્જન ગભરાયા. પોતાને કારણે પણ અને તાઈને કારણે પણ. તાઈ એને પરીક્ષકની કઠોર દૃષ્ટિથી જોઈ રહી. કન્યા આવીને સામે ચટાઈ પર બેસી ગઈ. તાઈએ પૂછ્યું, 'આ કોણ છે?'

સજ્જન મૂંઝવણમાં પડી ગયા. એ જાણતા હતા કે કુમારિકા અને વિજાતીય સાંભળીને તાઈ કન્યા અને સજ્જન બંનેની વિરુદ્ધ થઈ જશે. કન્યા સામે આવી જવાથી સજ્જનનું મન ડામાડોળ થવા લાગ્યું હતું. તરત જ ઉત્તર દેવાના ગભરાટમાં સજ્જન કહેવા લાગ્યા, 'આ આપણી જ નાતની છે તાઈ.'

'કોની દીકરી છે?'

'એ...એ... એનું પિયર બહારગામ છે.'

'તો અહીં એનું સાસરું છે? કોને ત્યાં?'

સજ્જન ઇચ્છતો નહોતો કે કન્યા કાંઈ જવાબ આપે. અને તેથી એક પછી એક જૂઠ રચતો જતો હતો. તાઈના પ્રશ્નો અને કન્યાની હાજરીથી ગભરાટના માર્યા એને વિચારવાનો સમય મળતો નહોતો. અચાનક કન્યાના ચૂડી વિનાના હાથ પરથી પ્રેરણા લઈને સજ્જન બોલ્યો, 'એ અહીં સ્કૂલમાં ભણાવે છે તાઈજી. એના સાસરાવાળા બધા મરી ગયા છે.'

'તારી પાસે શું કામ આવે છે?'

'કામ શીખવા આવું છું માજી.' કન્યાને લાગ્યું કે તાઈજી સજ્જનની નજીકની સગી છે. એ સજ્જનના ગભરાટનો આનંદ લેતી તાઈને જવાબ આપીને સંતુષ્ટ કરવા લાગી.

તાઈ એકાએક સજ્જનને પૂછી બેઠી, 'તો શું તું વિધવાવિવાહ કરશે આની સાથે?'

'ન... ન... તાઈજી, હું તો એનો માસ્ટરજી છું, દસ રૂપિયા મહિનાના પગારે ભણાવું છું.'

તાઈ કશું ન બોલી, ચૂપચાપ બેઠી વિચારતી રહી, પછી ઊઠતાં ઊઠતાં બોલી, 'તું વિચારી લેજે કજોમલના પોતરા, મેં તને જે વાત કરી છે તે. અને બીજા કોઈને કે'તો નહિ.'

'નહિ તાઈજી. અને તમે કહો તો પોલીસમાં ફરિયાદ નોંધાવી દઉં.'

તાઈ બોલી, 'પોલીસ-ફોલીસની જરૂર નથી. હું પોતે જ એ દુષ્ટો સાથે સમજી લઈશ.' કહીને તાઈ ધીમે ધીમે બહાર ચાલી ગઈ. એના ગયા પછી કન્યાએ પૂછ્યું, 'એ કોણ છે?'

સજ્જને હસીને કહ્યું, 'ભારતમાતા!'

કન્યાને એના જવાબથી કશી સમજ તો ન પડી, પણ આ ડાકણ જેવી ડોસીમાં ભારતમાતાની કલ્પના કરવાથી એને હસવું આવી ગયું. પૂછ્યું, 'તમે એને મારે અંગે આટલું બધું જૂઠું શા માટે કહ્યું?'

સજ્જન પ્રશ્ન સાંભળીને ખચકાઈ ગયો, પછી સાવધાનીથી બોલ્યો, 'જો સાચું કહેત તો તારી – તમારી બાબતમાં એની માન્યતા કાંઈક સારી બંધાત.'

સજ્જનના 'તમે' કહીને બોલાવવા ઉપર વનકન્યાનું ધ્યાન ગયું. સજ્જન પણ એના નિશ્ચય અને કન્યાના સહજ આકર્ષણથી લથડી રહ્યો હતો. એની આંખો નીચી હતી અને મુખમુદ્રા ગંભીર ને વિચારપૂર્ણ. કન્યા વિચારતી હતી કે કદાચ સજ્જન કાલની વાતથી કાંઈક નારાજ થઈ ગયો છે. એની નારાજીને ધ્યાનમાં લઈને કન્યા બોલી, 'હું કર્નલ ભાઈસાહેબના ત્યાંથી આવું છું.'

સજ્જને માથું ઊંચું કરી એના તરફ જોયું. કન્યા આગળ કહેવા લાગી, 'આજ સવારના પહોરમાં મથુરાથી એક સજ્જન (આછું સ્મિત કરીને) કર્નલ ભાઈસાહેબની સાથે મારું રહેઠાણ શોધતા આવી પહોંચ્યા હતા.'

ત્યાં સુધીમાં સજ્જનનું મન સ્થિર થઈ ગયું હતું. એણે જરાક સ્વસ્થ થઈને પૂછ્યું, 'એને તારા – તમારા ઘરનું સરનામું ક્યાંથી મળ્યું?'...

'કાલે છાપામાં વાંચીને તેઓ આવ્યા. પહેલાં મારે ઘેર ગયા. ત્યાં ગાળો ખાધી. પછી કોઈએ એમને કર્નલ ભાઈસાહેબનું નામ કહ્યું. અને એ રીતે તેઓ એમને લઈને મારી પાસે આવ્યા.' કહીને કન્યાએ એની બેગ ખોલી એક વાળેલો ચોરસ કાગળ બહાર કાઢ્યો. એને ખોલીને આગળ ધરીને બોલી, 'આ ભાભીએ પોતાની બહેનપણીને લખેલો પત્ર છે.'

સજ્જન પત્ર વાંચવા લાગ્યો. ઠીક ઠીક ભણેલી સ્ત્રીના જેવા લખાણમાં

લખાયેલો એ પત્ર ખૂબ જ કરુણ હતો, 'હું રાક્ષસોના પંજામાં પડી ગઈ છું. ત્રિભુવન લાલાજીની સ્ત્રીમાં ખામી છે. તેઓ મારી સાથે વિધવાવિવાહ કરવા તૈયાર થઈ ગયા હતા. માતાજી વિવાહ માટે તો રાજી નહોતાં, પણ એમને મનમાં હતું કે મારી સાથે ત્રિભુવનને બાંધીને એમને પોતાના તાબામાં રાખી લે. આ ઘરની લીલા તો પૂછીશ જ નહિ બેન. કોની કોની ખરાબી કહું. ત્રિભુવન મનના ભોળા છે. એમણે પોતાની સચ્ચાઈને કારણે ઘર આખામાં મારી સાથે લગ્ન કરવાનો ઢંઢેરો પીટી દીધો. કાકા–કાકીજી મને મારવા આવ્યાં. મને બચાવવા જતાં માતાજીને પણ માર પડયો. અને કાકાજીએ – એ રાક્ષસને કાકાજી શું કહું? – મારપીટ કરી જબરજસ્તીથી મારું બધું જ લૂંટી લીધું. નન્હી, મારે માટે તો મરવાનુંય કયાંય ઠેકાણું નથી. ઘરમાં મારું કોઈ નથી. ભગવાન પણ જૂઠો થઈ ગયો છે. ત્રિભુવનનું બાપ પાસે કશું ચાલતું નથી. કન્યાબહેન મારો પક્ષ લે છે, પણ એ બિચારીયે શું કરે? મનની સ્થિતિ તને લખીને મન હળવું કરું છું, પણ તું મને જવાબ ન લખતી. કયાંક આ રાક્ષસોના હાથમાં કાગળ આવી જશે તો મારે જીવવું ભારે થઈ જશે.'

પત્ર એકવાર વાંચીને સજ્જને એ બીજીવાર વાંચ્યો, ત્રીજીવાર વાંચ્યો, એના પર જ નજર રાખી બેસી રહ્યો. કન્યા બોલી, 'કર્નલ ભાઈસાહેબે કહ્યું છે કે, આ પત્રથી બાપુને તરત જ દોષિત ઠરાવી શકાય એમ છે. તેઓ મને મૅજિસ્ટ્રેટને ત્યાં લઈ જતા હતા. મેં કહ્યું કે પહેલાં તમને પૂછી લઉં.'

સજ્જનને ફરી ઝટકો લાગ્યો; પોતાને સંભાળી લઈ નજર નીચી રાખી એણે કહ્યું, 'કર્નલે સારી સલાહ આપી, તમારે મૅજિસ્ટ્રેટને ત્યાં જવું જોઈએ. અને પેલા તમને મળવા આવ્યા હતા એ ભાઈ કોણ હતા?'

સજ્જનના નવા વલણને સમજવાનો પ્રયત્ન કરતી એની સામે એક નજરે તાકી રહીને દાંતથી નખ ચાવતી કન્યા બોલી, 'ભાભીની આ જ બહેનપણીના પતિ છે. એ બહેનપણી બિચારી પક્ષઘાતથી પિડાય છે. ૭ મહિનાથી ઊઠી-બેસી નથી શકતી. એ લોકો મને પૂરી મદદ કરવા તૈયાર છે. તેઓ તો એટલે સુધી કહે છે કે અહીંથી કોર્ટનો હુકમ લઈને તેઓ મથુરામાં એમની પત્નીનું સ્ટેટમેન્ટ પણ અપાવી શકે – જો હું, આપણે એવું ઇચ્છીએ તો.'

સજ્જને પૂછ્યું, 'તો પછી તમે શું ઇચ્છો છો?'

'જેમ તમે કહો તેમ.'

ખિસ્સામાંથી સિગરેટ કાઢીને મોં પર ફિલસૂફનો ભાવ લાવી એના તરફ જોઈને સજ્જને કહ્યું, 'હું શું કહું? એ તો તમારો મામલો છે...'

'માત્ર મારો જ? માનવતાનો નહિ?'

'ના, મારા કહેવાનો અર્થ બીજો હતો. તમારા પિતાની, કુટુંબની પ્રતિષ્ઠાનો સવાલ છે...'

'પિતાની પ્રતિષ્ઠા!' કન્યા રોષથી બોલી, 'એ લોકોની આબરૂ સાથે મારે કશો સંબંધ નથી. હું એમની સાથે ભાભીનો બદલો લેવા તૈયાર થઈ ગઈ છું. તેઓ તો કાલથી મારી પાછળ પડ્યાં છે. મારું નાક કપાવવા ગુંડા રોકી લીધા છે.'

કન્યા પ્રત્યેના સજ્જનના બધા જ વિરોધી ભાવ એક પલકમાં છૂ થઈ ગયા. ગભરાઈને બોલ્યો, 'એ લોકોએ તને કોઈ પ્રકારનું નુકસાન તો નથી પહોંચાડયું ને?'

કન્યાએ કહ્યું, 'કાલ રાત્રે લગભગ આઠ વાગે બાપુ મારી ઓરડીના બારણે આવીને ખૂબ ગરજ્યા. બધાની સામે મારે વિષે ખરાબ ખરાબ વાતો કરી. નાક કાપવાની ધમકી આપી. મેં બારણું ન ખોલ્યું.'

'પછી?'

'પછી તેઓ ચાલ્યા ગયા. એ પછી એમણે જ રોકેલા ગુંડાઓ મારું બારણું ઠોકવા લાગ્યા ને અવાજો કરવા લાગ્યા. એ લત્તામાં બધા પાલખી ઊંચકનારા મજૂરો જ રહે છે, એમાંથી કેટલાય પૈસા અને કદાચ સાલિગરામના પ્રભાવથી પણ મારા દુશ્મન બની ગયા છે. આજે સવારે એ લત્તામાં રહેતી બે-ત્રણ સ્ત્રીઓ, પુરુષો અને બાળકો સુધ્ધાં મારી ઓરડી પાસેથી પસાર થતાં થતાં મને હેરાન કરતાં હતાં. એ તો કર્નલ ભાઈસાહેબે આવીને... અને ત્યારથી હજી સુધી હું ત્યાં ગઈ પણ નથી.' કન્યાની આંખો ફરી પાણીથી ચમકી ઊઠી. સજ્જનની કરુણા ફરી જાગી ઊઠી. ઉત્તેજિત થઈને એ બોલ્યો, 'તમે ત્યાં રહો છો જ શા માટે? કેટલી વાર કહ્યું છે. પણ તમારો ખ્યાલ છે કે હું પણ બીજાઓની જેમ તુચ્છ અને દુષ્ટ છું.'

'મેં એવું કદી વિચાર્યું નથી.'

'તો બીજું શું ધારો છો? મારું પોતાનું આવડું મોટું મકાન છે. આખા મકાનમાં તો હું રહેતો નથી. તમે ઇચ્છો તો એક આખો સમાન ભાગ તમારે માટે અલગ કરી શકું તેમ છું. મારી બાજુએ દીવાલ સુધ્ધાં ચણાવી લઈશ. એથી વધુ તમારે શું જોઈએ?' કન્યા એકાએક હસી પડી, ને બોલી, 'તમારો ગુસ્સો પણ કેટલો અર્થહીન છે? પરંતુ મને ખરાબ નથી લાગ્યું.'

કન્યાના આ રીતના હસવાથી અને જવાબથી સજ્જન એકદમ ખચકાઈ ગયો, નાનપ અનુભવવા લાગ્યો. આ વખતે એની માનસિક સ્થિતિ એવી હતી કે એ આખી રાતના નિશ્ચય અનુસાર એનાથી સંપૂર્ણ રીતે અલગતા નહોતો અનુભવી શકતો અને અહીં કેટલાક દિવસથી વ્યવહારમાં જે પોતાપણું આવી ગયું હતું

એ પણ દર્શાવી નહોતો શકતો. આશ્ચર્યથી તે કન્યાની દૃષ્ટિને જોવા લાગ્યો – એ જ પહેલાં જેવી નિકટતા અને દૂરપણાનો મિશ્રિત આભાસ.

કન્યા ફરી બોલી, 'એ મોટા બંગલાના કોઈ ભાગમાં ભાડું આપીને રહી શકું એટલી મારી શક્તિ નથી. અને ધારો કે મારું મન રાખવા માટે તમે એનું ભાડું દસ રૂપિયા કહો તો એ શું ખોટું નહિ ગણાય?'

સજ્જને કહ્યું, 'હું મારાં ભાડાનાં મકાનોમાંથી કોઈ મકાન તમને નથી આપતો. હમણાં કોઈ ખાલી પણ નથી. હું તો એક મિત્રના દાવે તમારી તકલીફમાં ઉપયોગી થવા માગું છું. હું તમારી પાસેથી કોઈ બદલો લેવા નથી માગતો. ઓછામાં ઓછું આ મૂંઝવણ અને હેરાનગતિથી તમે તાત્કાલિક બચી જશો. અને હમણાં તો કાંઈ નથી એમ માનો, પણ આ કાગળના આધારે તમે કોઈ કાનૂની કારવાઈ કરો તો એ વખતે ત્યાં રહેવાથી આખો વખત તમારે માથે જોખમ રહેશે.'

'તમે મને 'તું' કહેવા લાગ્યા હતા, પછી વળી 'તમે' કેમ?'

'દેવતા થઈ ગયા છું માટે!' સજ્જને વ્યંગમાં કહ્યું. સાંભળીને કન્યા ચૂપ થઈ ગઈ. માથું નીચું કરી દીધું.

થોડી પળો ચુપકીદી છવાઈ રહી. પછી એકાએક ગળું ખંખારીને બોલી, 'એક વાત કહું?' અને એની આંખો સજ્જનની આંખોમાં પરોવાઈ ગઈ. સજ્જને એના તરફ જોઈને કહ્યું, 'શું?'

કન્યાએ એકવાર પાંપણ નીચી કરી. ચહેરો વધુ ગંભીર ને થોડો લાલ પણ થઈ ગયો. પછી માથું ઊંચું કરીને બોલી, 'હું જ્યારે તમને મળી હતી ત્યારે એક સારા કામમાં સારા માણસની મદદ મેળવવા સિવાયની કોઈ ભાવના મારા મનમાં નહોતી. પરંતુ તમે જેટલી ઝડપથી આપણી મુલાકાતોને જે રંગથી રંગી છે તે... તે... મને ખાસ ખરાબ ન લાગવા છતાં ચોંકાવનારું તો લાગે છે – સાંભળો, મને મારી વાત કરી લેવા દો – હું તમને ખરાબ માણસ નથી સમજતી, પણ માફ કરજો, હું એટલું જરૂર અનુભવું છું કે તમે મને મિત્રથી કાંઈક વધારે માનો છો, અથવા માનવા ઇચ્છો છો, ને એ વલણને હું સમજી શકતી નથી.'

સજ્જન પર કન્યાની આ સ્પષ્ટ વાતની ઊંડી અસર પડી, એ બોલ્યો, 'જે રીતે તું સચ્ચાઈ પર જોર આપી રહી છે એ રીતે હું પણ કહું? શું તેં મને કશુંક બીજું માનવા દેવામાં મદદ નથી કરી?'

કન્યાની આંખોમાં લજ્જા ઊભરાઈ આવી. સજ્જન કહેવા લાગ્યો, 'મારી બાબતમાં હું એટલું કહી શકું છું કે હું કદાચ પૂરેપૂરો સદ્‌ચરિત્રનો નહિ હોઉં, તો દુષ્ટ ચરિત્રનો પણ નથી. અને તને જે કાંઈ માનું છું... અથવા કહેવું જોઈએ

કે ગઈકાલ સુધી માનતો હતો, એ માટે આટલું જલદી કાંઈ પણ કહેવું એ ભૂલ છે. હમણાં તો, મારાથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય તો માફ કરજે. હું સ્ત્રીઓનું સન્માન કરું છું એ સાબિત કરવાનો મને મોકો આપ.'

'તમારે માટે મારા મનમાં જરા પણ અવિશ્વાસ નથી, અને હવે રહેશે પણ નહિ. તમને મેળવીને મેં મારા જીવનમાં એક નવો વિશ્વાસ મેળવ્યો છે.'

સજ્જનનો માનસિક આદર્શ ફરીથી લથડિયાં ખાવા લાગ્યો. કન્યા તરફ એણે એટલી તીક્ષ્ણ અને અને મર્મભેદી દૃષ્ટિથી જોયું કે, તે પણ સ્થિર ન રહી શકી. સાવધ બનીને બોલી, 'આ પત્ર માટે શું કરવાનું છે?'

સજ્જને પોતાને સંભાળી લઈને જવાબ આપ્યો, 'ચાલ, કર્નલને ત્યાં જઈએ. મને લાગે છે કે એના પર આજે જ કાંઈક કામ થવું જોઈએ.' ઊઠતાં ઊઠતાં એણે ફરીથી કહ્યું, 'પરંતુ હવે તું રહીશ ક્યાં? હું તને ત્યાં તો રહેવા નહિ જ દઉં.'

કન્યા ચૂપચાપ બેઠી પગનો અંગૂઠો ખણતી રહી. પછી બોલી, 'આજે ક્યાંય પણ રહી શકું છું – તમારે ત્યાં, કર્નલ ભાઈસાહેબને ત્યાં કાલ સુધીમાં કશોક પ્રબંધ કરવો પડશે, તમારે જ કરવો પડશે.'

સજ્જન સહેજ વિચાર કરીને બોલ્યો, 'મારા કેસરબાગવાળા મકાનમાં એક માળ વધારવાની રજા મને મળી ગઈ છે; નકશો વગેરે બધું પાસ થઈ ગયું છે, હું તારે માટે એક ફ્લેટ જલદી બનાવડાવી લઈશ. ત્યાં સુધી...'

કન્યા એને જોઈ રહી હતી. સજ્જને એકીનજરે એની સામે જોઈને પોતાની વાત પૂરી કરી, 'ત્યાં સુધી તું મારે ત્યાં જ રહે. કર્નલને ત્યાં મને કશો વાંધો તો નથી લાગતો, પણ એની પત્ની જૂના વિચારની છે. કોઈ તારે વિશે ખરાબ વિચાર કરે એવું હું ઇચ્છતો નથી.'

'પરંતુ તમારે ત્યાં રહેવાથી શું દુનિયા મને છોડી દેશે? કાલે મારા પિતા સુધ્ધાંએ તો મેણું મારી દીધું. ખેર, હું તમારી વાત માનીશ.'

પ્રસન્નતાના આવેગમાં ફરી સજ્જન પોતાને ભૂલી ગયો, એને ઇચ્છા થઈ આવી કે કન્યાને પોતાની બાથમાં લઈ લે. બાહ્ય રીતે તો સજ્જન સજ્જન જ રહ્યો. બુદ્ધનું વાક્ય એના કાનમાં ગૂંજવા લાગ્યું : 'હોશ સમ્હાલે રખના આનન્દ!'

સોળ

સજ્જનના દૈનિક કાર્યક્રમમાં આજથી એક નવું પરિવર્તન આવ્યું. કર્નલના ઘેર નાસ્તો કર્યા પછી ચોકમાં જવાને બદલે એ પોતાના બંગલા પર ચાલ્યો ગયો. દેવતાઓ પ્રત્યેનું શેઠનું વલણ બદલાઈ જવાને કારણે કાલ બપોરથી જ નોકરોની ટુકડી પરમ ભગવાનભક્ત બની ગઈ હતી. અત્યારે મંદિર – વરરાજાના ચહેરાની જેમ ચકચકિત છે. રેશમી ગલેફમાં બંધાઈ ગયેલ હાંડીઓ ખોલીને સાફ કરાઈ છે. ચંદરવાને ખેંચી રાખતા ચાંદીનાં દંડ ચકચકિત થઈ ગયા છે. ઠાકોરજીના મંડપની બંને બાજુએ સંગેમરમરના થાંભલા પર બનાવેલી ચમ્મર ઢોળનાર સ્ત્રીઓની મૂર્તિઓ કાલ કરતાં વધુ સાફ છે. માળીએ પણ પોતાનું કામ બતાવવામાં કાંઈ કસર રાખી નથી. હજારી ફૂલના તોરણ અને પડદા મંડપની શોભા વધારી રહ્યાં છે. આજે પંડિતજી પણ સમય કરતાં વહેલા આવીને ઠાકોરજીને સ્નાન-શણગાર કરાવીને ખૂબ જ ભક્તિનો દેખાવ કરીને ‘ ૐ જય જગદીશ હરે, ભક્તજનો કે... ભક્તજનો કે સંકટ છિન મેં દૂર કરે’ની આરતી ગાઈ રહ્યા છે. એ વખતે પૂજારીના સંકટ સમાન સજ્જન ઠાકુરમંદિરમાં પહોંચ્યો. પૂજારીના હાથ-પગ ધ્રૂજી ઊઠયા, જેમતેમ આરતી પૂરી થઈ. સજ્જન એક નજરે જોતો ઊભો રહ્યો. એને લાગ્યું કે એની મા સ્પિરિટના રૂપમાં એ જગ્યાએ હાજર છે, અને સજ્જનના અહીં આવવાથી એને ખૂબ શાંતિ મળી છે. પંડિતજી ચાવી ચાવીને શબ્દોનું ઉચ્ચારણ કરીને એવા ગભરાટમાં પાઠ કરતા હતા કે સજ્જનને હસવું આવી ગયું. વિચારવા લાગ્યો, ધર્મના આ ફક્કડ દલાલ બ્રાહ્મણમાં સાચી નિષ્ઠા કેવી રીતે આવે?

પોતાની સાચી નિષ્ઠા પર વિચાર કરતો એ જ્યારે એના ચિંતનમંદિરમાંથી બહાર આવ્યો ત્યારે એને એક ચિઠ્ઠી પર બાબુ સાલિગરામ જાયસવાલ અને લાલા જાનકીશરણનું નામ મળ્યું. સજ્જને નોકરોને પૂછ્યું. ‘કેટલીવારથી બેઠા છે?’

‘લગભગ વીસ મિનિટથી બેઠા છે સરકાર!’

‘ચા મોકલાવી?’

‘હાજી સરકાર!’

સજ્જને ફરી પૂછ્યું, ‘એમને શું કહ્યું?’

‘કહ્યું કે સરકાર પૂજાઘરમાં છે.’

‘ઠીક.’ સજ્જન સંતુષ્ઠ થઈને કપડાં બદલવા ગયો.

જ્યારે ડ્રોઈંગરૂમમાં પહોંચ્યો ત્યારે બંને સાહેબોએ ખૂબ ગળગળા થઈને સજ્જનનું એના જ ઘરમાં સ્વાગત કર્યું. બાબુ સાલિગરામનો એને પરિચય નહોતો. લાલા જાનકીશરણ સાથે 'જે રામજીકી' કરવા જેટલો સંબંધ જરૂર હતો. એ પણ રાજાસાહેબના પડોશી, અને પોતે કન્નોમલનો પૌત્ર હોવાને કારણે.

સજ્જને હાથ જોડીને ક્ષમા માગતાં કહ્યું, 'આપ લોકોને રાહ જોવી પડી.'

દુબળો, સીધો દેહ, પાતળા હોઠ, પાતળી મૂછ ને પાતળા નાકવાળા આધેડ ઉંમરના લાલા જાનકીશરણ બોલ્યા, 'અરે ના-ના, બલકે અમે તો, સાચું માનો તો, તમે પૂજા પણ કરો છો એ જાણીને ખૂબ જ રાજી થયા.'

ભૂરી મૂછવાળા, કાળી ટોપીધારી બાબુ સાલિગરામ ચશ્માંમાંથી જોતી આંખોને દીનતાથી સંકોચીને હસતાં હસતાં બોલ્યા, 'અરે, સાહેબ ખાનદાન માણસ છે, અને વળી આવડા મોટા મહાન કલાકાર છે આપણા ભારતવર્ષના, આપણા ઇન્ડિયાના. અને આ કલા તો સરસ્વતીજીના વરદાનમાંથી આવે છે. ભલા એ પૂજા ન કરે શું? હી – હી – હી!'

ચાંદીની નકશીદાર મૂઠવાળી લાકડી પર બંને હાથ ટેકવીને સીધા બેસતાં લાલા જાનકીશરણે કહ્યું, 'તમે આપણા સમાજમાં આવું નામ કાઢ્યું તેથી અમે તો ભાઈ બહુ રાજી છીએ. હવે આપણા મહોલ્લામાં પણ કામ કરો છો. એક દિવસ ખુદ રાજાસાહેબ પણ મારે ઘેર આવીને તમારે અંગે કહી ગયા હતા. આમ પણ અવારનવાર પૂછ્યા કરે છે.'

'તેઓ મારા વડીલ છે, હંમેશાં જ મારું ધ્યાન રાખે છે.' સજ્જને ચહેરા પર ને અવાજમાં કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કર્યો.

બાબુ સાલિગરામે કહ્યું, 'હું તમારા બંને મિત્રોને તો સારી રીતે ઓળખું છું, બાકી આમનું તો નામ માત્ર સાંભળેલું. સજ્જનજી તો પૂરા સજ્જન જ નીકળ્યા. હેં – હેં – હેં – હેં!'

'અમે તો ભાઈ આજે તમારી પાસે એક પ્રસ્તાવ લઈને આવ્યા છીએ. મેં આમની પણ સંમતિ લઈ લીધી છે – સાલિગરામની. મેં એમને કહ્યું કે, રાજકારણ તો હંમેશ ચાલુ જ રહે છે, પણ જનતામાં કાંઈક પાયાનું કામ પણ થવું જોઈએ. તો તેઓ માની ગયા. પછી મને થયું કે, એકવાર તમારી પણ સલાહ લઉં. શુક્લાજી અને કર્નલસાહેબ સાથે તો મારે પણ જૂનો સંબંધ છે. તમારો અભિપ્રાય મળી જશે તો પછી આગળનું કામકાજ શરૂ કરી દઈશું.'

લાલા જાનકીશરણે પોતાની વાત વ્યવસ્થિત રીતે કહી દીધી. સજ્જન તરત

જ સમજી ગયો કે આ હવાઈ પત્રિકાનો પ્રતાપ છે. મનથી સાવધ બની ઉપરથી સરળતા બતાવી તે બોલ્યો, 'દરેક સારા કાર્યમાં હું તમારી સાથે છું. બોલો, શું કરવાનું છે?'

બાબુ સાલિગરામે કહ્યું, 'હું તો સાહેબ, રાજકારણનો કીડો છું. હું તો એક જ વિષય – ભાષણ કરવાનું અને મિટિંગ ભરવાનું જાણું છું. પણ હવે તમે કહો કે એવો કયો માર્ગ છે કે જેથી પબ્લિકનું જ્ઞાન વધે.'

'હા ભાઈ, તમે તો ખૂબ ભણ્યા છો ને ફર્યા છો, એવો કોઈ રસ્તો શોધો જેની જનતા પર અસર પડે. મેં તો આમને કહ્યું કે નિસાતગંજમાં રમકડાંનું જે પ્રદર્શન થયું હતું તેનો જ થોડો ભાગ મહોલ્લે – મહોલ્લે ફેરવી દો...'

'એનાથી કંઈ ખાસ ફાયદો નહિ થાય. ઘણા લોકો એ જોઈ આવ્યા છે. ઉપરાંત, તમારામાંથી કોઈ રમકડાંથી તો રમશે નહિ... હું – હું... મેં તો એમને એવી સલાહ આપી કે તમારાં ચિત્રોનું પ્રદર્શન કરીએ. લોકોને નવા જમાનાની કલાનું જ્ઞાન પણ મળશે.' બાબુ સાલિગરામનું તીર બરાબર નિશાન પર લાગ્યું. સજ્જનને પોતાનાં ચિત્રોનું પ્રદર્શન કરવાનો પ્રસ્તાવ સારો લાગ્યો.

બાબુ સાલિગરામે કહ્યું, 'અમે હર એક્સેલેન્સી પાસે એનું ઉદ્ઘાટન કરાવીશું. આ જ મહિનાની વીસ તારીખ સુધીમાં ફટથી પ્રદર્શન કરી દઈએ. બધું કામ બરાબર થઈ જશે. ...તો સજ્જનજી, તમે બધાના ફોટા મેળવી આપો, ને એમાં કાંઈ તકલીફ હોય તો માત્ર તમારો ફોટો આપી દો. એકાદ ગાંધીજીનો ફોટો પણ લગાવી દેજો...'

સજ્જન હસીને બોલ્યો, 'તો આ પ્રદર્શન પણ તમારા ઇલેક્શનનો જ એક પ્રોપેગેન્ડા સ્ટન્ટ છે એમ લાગે છે.'

લાલા જાનકીશરણે જરા સ્મિત કર્યું. બાબુ સાલિગરામ ગંભીર બેસી રહ્યા. લાલાજીએ કહ્યું, 'હા, ઇલેક્શનને થોડો ફાયદો તો જરૂર થશે. પરંતુ અમારી મૂળ ભાવના તો જનતાને લાભ મળે એ છે.'

સજ્જને માત્ર પોતાનું જ નહિ, પણ નગરના બધા જ પ્રસિદ્ધ ચિત્રકારોનું એક કલા – પ્રદર્શન ગોઠવવાનું સ્વીકારી લીધું. વાતવાતમાં સાલિગરામે ફરી એકવાર પ્રદર્શનની પત્રિકામાં સજ્જન અને એના બંને મિત્રોનાં નામ છાપવાની અનુમતિ લઈ લીધી.

સજ્જનને ખબર નહોતી કે મહિપાલ એનું નામ છપાવવા સામે વાંધો લેશે. અત્યારે તો એ સૌથી વધુ કન્યાને મળવા માટે જ ઉત્સુક થઈ ગયો હતો. એના મનમાં થતું હતું કે, કન્યા મળે તો તે એને સમજાવી દે જેથી આ પ્રદર્શન

માટે એને કશી ગેરસમજ ન થાય. જો બાબુ સાલિગરામ એને એની ચાલમાં ફસાવવા આવ્યા હતા, તો તે એને પોતાની જાળમાં ફસાવી દેશે.

પાછા ફરતી વખતે લાલા જાનકીશરણ સજ્જનની ગાડીમાં જ આવ્યા.

સજ્જન એની ઓરડીમાં આવ્યો. કાલનાં કરમાયેલાં ફૂલોએ અકસ્માત એને તાઈની યાદ દેવડાવી. કાલે બિચારી બંધનમાં દુ:ખ ભોગવી રહી હતી. અને એટલું થવા છતાં પણ આશ્ચર્ય એ કે પોતાની તકલીફ કે ચોરીના દુ:ખ કરતાં બિલ્લીનાં ભૂખ્યાં બચ્ચાંની ફિકર હતી. તાઈના ચારિત્ર્યનો આ વિરોધાભાસ સજ્જનને બેચેન કરી રહ્યો હતો. આવી ઘૃણામયી પણ જો કરુણામયી બની શકે, તો તે પોતાના વ્યભિચારી મનને સદાચારી કેમ નથી બનાવી શકતો ? ...પાછી એને કન્યા શા માટે યાદ આવે છે ? કન્યા સારું કે ખરાબ લગાડે એવી ઇચ્છા એને કેમ થાય છે ? સજ્જન પોતાનું મન ચારે બાજુથી સમેટી લઈને તાઈનું ચિત્ર બનાવવા લાગી ગયો.

મહાકવિ બોર ધીમા ડગલે હેં – હેં કરતાં ઓરડામાં પધાર્યા. બોરને જોતાં જ સજ્જન સળગી ઊઠ્યો. પરંતુ મોંઢેથી કશું બોલ્યા વિના ચૂપચાપ પોતાનું કામ કરતો રહ્યો.

હસીને વિરહેશ બોલ્યો, 'મને હતું કે સજ્જનભાઈ આ સમયે પોતાની કલા-સાધનામાં જ પડેલા હશે. હેં...હેં, શું બનાવી રહ્યા છો ?'

મનમાં થયું કે કહી દઉં 'તારું માથું !' પરંતુ કશું જ બોલ્યા વિના એ ઝડપથી બ્રશ ચલાવવા લાગ્યો.

વિરહેશ બહારના બારણાને એઢેલીને બેસી ગયો. મોટીની બારી પર વારંવાર નજર નાખતાં ને જોરથી હસતાં, વાતો કરતાં વિરહેશે પોણો કલાક વિતાવી દીધો. ક્યારેક પોતાની નવી રચનાઓ ગાઈને સંભળાવતો હતો.

સજ્જને કેટલીયે વાર સૂચન કર્યું કે તે હવે અહીંથી ચાલ્યો જાય, ને એક વાર તો એણે સાફ સાફ કહી દીધું, 'વિરહેશ, હું અત્યારે એકાંત ઇચ્છું છું. બીજી કોઈ વાર આવજે.'

'બીજી વાર તો – હા – આવીશ જ. પણ વાત એમ છે સજ્જનભાઈ, કે તમારે ત્યાં આવવાથી મને નવી પ્રેરણા મળે છે. અહીં આવીને હું નવી સ્ફૂર્તિ, નવી ચેતના, નવો પ્રાણ મેળવું છું. હું તમને – આપને ડિસ્ટર્બ નહિ કરું સજ્જનભાઈ ! હવેથી હું એકદમ ચૂપચાપ બેસી રહીશ.'

થોડી વાર કવિવર વિરહેશ ખરેખર ચૂપચાપ બેસીને મોટીની બારી તરફ જોઈ રહ્યો, પછી ગણગણવાનું શરૂ કર્યું. પછી એકાએક બોલી ઊઠ્યો, 'સજ્જનભાઈ,

આ બનાવું ? મને મૂડ આવી રહ્યો છે.' કહીને સજ્જનની હા કે ના સાંભળ્યા વિના સ્ટવની પાસે પહોંચી ગયો. સ્ટવ સળગાવ્યો, પાણી ચડાવ્યું અને એક ઠંડો શ્વાસ લઈને વિરહેશ કહેવા લાગ્યો, 'સજ્જનભાઈ, ગાલિબ સાચું લખી ગયો છે કે 'ઇશ્ક પર જોર નહિ. હૈ યે વો આતિશ ગાલિબ – કિ લગાયે ન લગે ઔર બુઝાયે ન બને.'... (આહ) સજ્જનભાઈ, આપને સાચું કહું છું, 'દિલમાં આગ લાગ્યા વિના કોઈ અમર રચના થઈ નથી શકતી.' અને હવે આપ જોજો, હું બહુ જ થોડા વખતમાં મારું બીજું અમરગીત લખવાનો છું.'

સજ્જન કશું ન બોલ્યા. વિરહેશ ફરી બારણાં પાસે આવી દરવાજા સાથે એક ગાલ અડકાડી મોટીની બારી તરફ જોઈને ગણગણવા લાગ્યો, 'બાર તુમ્હારી તકતે પ્યારી, અખિયાં હારી, અખિયાં હારી.'

ચા થઈ: પીધી. વિરહેશજીએ સજ્જનની તમામ સિગરેટ ફૂંકી મારી. કેટલીયે વાર તડપી તડપીને ગાયું. એક વાર મોટીની બારી પર એક ચહેરો ચમક્યો. વિરહેશે મજનૂની જેમ જોયું, પરંતુ એ કોઈ બીજી હતી. (નંદા હતી.) વિરહેશ નિરાશ થઈને જોરજોરથી વિરહનાં ગીત ગાવા લાગ્યો.

દાદરો ચડીને છત પર આવતા મહિપાલે વિરહેશને આંખો બંધ કરીને, લાંબા કાન પર હથેળી દાબીને ગાતો જોયો. એના પીડિત, ઉત્તેજિત ચહેરા પર રોષ આવી ગયો.

અંદર સજ્જનને કોઈના આવવાનો સંચાર સંભળાયો. એ સમજ્યો કે કન્યા આવે છે. ઉલ્લાસ પ્રગટ્યો.

બારણામાં વિરહેશની મૂંડી હલાવીને મહિપાલે કહ્યું, 'ટાંટિયાં ટૂંકા કરો મહારાજ! અંદર જવા...'

'ગુરુ! ગુરુ!' કહીને ઝટ દઈને વિરહેશે મહિપાલના પગ પકડી લીધા. લાંબા વાળને ઝટકો દઈને, જાડા ચશ્માંમાંથી ભાવભરી કીકીઓ ચમકાવીને બોલ્યો, 'હવે ગુરુનાં દર્શન થઈ ગયાં, મારું બધું કામ થઈ જશે.'

કન્યાને બદલે મહિપાલને જોઈને સજ્જન નિરાશ થયો: પણ એકંદર એને સંતોષ થયો.

મહિપાલ તકિયાને ટેકાને એવી રીતે બેઠો જાણે ભાંગી પડ્યો હોય. સજ્જને એની વ્યથાની નોંધ લીધી. એણે પેલેટ-બ્રશ મૂકી દીધાં.

વિરહેશ બોલ્યો, 'ગુરુજી, આજકાલ એક નવું ગીત લખી રહ્યો છું...'

સજ્જને સજ્જનતાપૂર્વક કહ્યું, 'વિરહેશ, મારે મહિપાલ સાથે થોડી જરૂરી વાતો કરવાની છે...'

'હા – હા, આપ ખુશીથી વાતો કરો. હું છત પર જઈને બેસીશ. આજે ગુરુજી આવી ગયા છે, એમની કૃપાથી મારું ગીત પૂરું થઈ જાય તો... ગુરુજી, આપના આશીર્વાદથી આ મારું બીજું અમરગીત થશે. બસ, એ પૂરું થઈ જાય એટલે સીધો મુંબઈ ચાલ્યો જઈશ.' મહત્ત્વાકાંક્ષાની ઠંડી આહ ફેંકીને વાળને ઝટકો દઈ વિરહેશ ઊભો થયો અને આગસ મરડી મોટીની બારી તરફ જોતો જોતો બહાર નીકળ્યો.

સજ્જન ગુસ્સે થઈને ધીમેથી બોલ્યો, 'આ કમબખ્ત જળોની જેમ ચોંટે છે. કોઈનું સાંભળતો કે માનતો નથી. બસ, એક કર્નલનું – કેમ, આવો ઉદાસ કેમ લાગે છે? ભાભી સાથે મહાભારત થઈ ગયું?'

મહિપાલે ડોકું હલાવી ના કહી. સજ્જને ફરી પૂછ્યું, 'તને કાંઈ ને કાંઈ ચિંતા જરૂર છે. સવારે કર્નલે કહ્યું કે કાલે તારા સાળાનું લગ્ન હતું.'

'લગ્ન પરમદિવસે હતું. કાલે જમણવાર હતો.'

સજ્જન થોડીવાર ચૂપ રહ્યો, પછી બોલ્યો, લગ્નમાં તારે કાંઈ ને કાંઈ પ્રેઝન્ટ પણ આપવાની હશે.'

'આપી દીધી.'

સજ્જને સિગરેટ-કેસ ઉઘાડ્યું, ખાલી નીકળ્યું, ચિડાઈને બહાર નજર કરીને બોલ્યો, 'આ બોર...'

'સિગરટ છે, લે.' ઝભ્ભાના ખિસ્સામાંથી ડબ્બી કાઢીને મહિપાલે જમીન પર ફેંકી.

'ગુરુજી, એક સિગરેટ મને પણ...' કહેતો વિરહેશ અંદર આવ્યો.

મહિપાલે પૂછ્યું, 'વિરહેશ, આજકાલ કામ શું કરે છે?'

સિગરેટ કાઢીને સજ્જન અને મહિપાલ તરફ ધરી, હસીને વિરહેશ બોલ્યો, 'કામ તો ગુરુજી, આજકાલ... આ ગીત લખી રહ્યો છું.'

'તારું પેટ કેવી રીતે ભરે છે? કુટુંબને કેવી રીતે પોષે છે? મેં સાંભળ્યું છે કે તારું લગન-બગન થઈ ગયું છે, બાળ-બચ્ચાં પણ છે?'

'બાળ-બચ્ચાં બધાં એમને મોસાળ રહે છે. હવે તમને હું શું કહું ગુરુજી, મારી બૈરી એવી મૂરખ છે કે જો હું એની સાથે રહું તો મારી બધી કવિતા ખતમ થઈ જાય. તદ્દન ગામડિયણ, તદ્દન ગામડિયણ!'

'અને બાળકો કેટલાં છે?'

'આપના આશીર્વાદથી પાંચ છે ગુરુજી.'

સાંભળીને મહિપાલને રોષ ચડી ગયો. બોલ્યો, 'પાંચ બાળકો ને છતાંય તું બેકાર? તને શરત નથી આવતી વિરહેશ? છેવટે એ લોકોનો ખર્ચ કેમ ચાલે છે?'

વિરહેશ કશું ન બોલ્યો, સિગરેટ ફૂંકતો રહ્યો.

મહિપાલે સજ્જનને કહ્યું, 'ખાસ કામમાં નહીં તો ઘેર ચાલ. અહીં મારો શ્વાસ રૂંધાય છે.'

'ચાલ, આમ તો હું એક જણને અહીં એક્સપેક્ટ કરતો હતો.'

મહિપાલ સમજ્યો, પૂછ્યું, 'આવવાનો વાયદો કર્યો છે?'

'ના...'

વિરહેશ બોલ્યો, 'સજ્જનભાઈ, તમે જાઓ છો તો ચાવી મને દેતા જજો. હું અહીં બેઠાં કાંઈ કે કામ કરીશ, મૂડ આવી રહ્યો છે.'

સજ્જને પોતાની સજ્જનતાનો ઝભ્ભો ઉતારીને સારી પેઠે ગુસ્સે થઈને કહ્યું, 'આ ધર્મશાળાની ઓરડી નથી.'

હેં – હેં – હેં હસીને વિરહેશ કાંઈક કહેવા જ જતો હતો ત્યાં મહિપાલ બોલ્યો, 'સજ્જન, ઊઠો થા જલદી. હવે મારો જીવ અહીંથી એકદમ જ ઊડી ગયો છે. ગુસ્સો આવી જશે તો ક્યાંક એકાદને મારી દઈશ!'

વિરહેશ સિગરેટનો દમ ખેંચતો ચૂપચાપ છત પર ચાલ્યો ગયો. એના બહાર ગયા પછી સજ્જન ધીમેથી બબડ્યો, 'ગળે આવી ગયો છું. જ્યારે આવે છે ત્યારે મારો મૂડ બગાડીને જાય છે.'

મહિપાલે કહ્યું, 'તેં જ એને માથે ચડાવ્યો છે.'

સજ્જન વાત કાપીને બોલ્યો, 'આજે સવારે બાબુ સાલિગરામ અને લાલા જાનકીશરણ મારે ઘરે આવેલા. અહીં મહોલ્લામાં એક આર્ટ એક્ઝિબિશન કરવા માગે છે.'

'કરવા દો સાલાઓને.'

'આપણને એના કન્વીનર બનાવવા માગે છે.'

'હું એવા દુષ્ટોની મંડળીમાં સામેલ થવા નથી માગતો! આ પૈસાવાળા અને કોંગ્રેસીઓ બંને વિશ્વાસને લાયક નથી!'

સજ્જન હસ્યો, 'હું જાણું છું કે આ પરમદિવસના હવાઈ ચમત્કારનો પ્રતાપ છે... પરંતુ મેં સંમતિ આપી દીધી છે. જો તેઓ આપણને બેવકૂફ બનાવવા આવ્યા હશે તો આપણે એમને બનાવીશું...'

'તું પોતાને એ લોકોથી વધુ અક્કલવાળો સમજે છે? છેતરાઈ જઈશ સજ્જન!'

'કઈ વાતની છેતરામણી? આપણો ને એમનો કોઈ પોલિટિકલ પેક્ટ તો થતો નથી. આ બહાને મને ગલી-મહોલ્લાવાળાનો સારો પરિચય થશે.'

'તો એને માટે કોઈ બીજો ઉપાય વિચાર. આ લોકો સાથે મળીને કાંઈ પણ કામ કરવું તે ભૂલ છે.'

વિરહેશ કઠેરાને અઢેલીને સામેની દીવાલની બારી તરફ જોઈને જોરથી ગાવા લાગ્યો :

'નહીં આયે અબ તક જો થે આનેવાલે,
કહાં છિપ ગયે મુઝકો તડપાનેવાલે.
અજબ મોહિની ડાલ દી યાર તૂને.
કિ મર મર કે જીતે હૈં દિલ દેનેવાલે.'

મહિપાલ અને સજ્જન ઓરડીની બહાર આવ્યા.

સજ્જન તાળું બંધ કરી રહ્યો હતો ત્યારે મહાકવિ બોરને બારીમાં મોટીનું ચન્દ્રમુખ દેખાયું. બોર હરખથી ઊભરાઈ ગયો. મહિપાલ પોતાના વિચારોમાં ડૂબેલો હતો. તાળું બંધ કર્યા પછી સજ્જને જોયું તો એ છાતી પર હાથ રાખી શરબતી આંખોથી ને ગદ્‌ગદ્‌ ભાવથી ઉપર જોઈને ગાતો હતો : 'અજબ મોહિની ડાલ દી યાર તૂને...' સજ્જને ઉપર જોયા વિના જ વિરહેશને કહ્યું, 'ઠીક, જા હવે.'

'જાઉં છું, જાઉં છું, મારા દોસ્ત, જરા ઊભા રહો.' (ફરીથી ગાઈને) 'જાતા હૂં, જાતા હૂં મેરે દોસ્ત, ઠહરો! કિ આયે હૈં નજરેં...'

મહિપાલ ગુસ્સે થઈ ગયો, દબડાવીને બોલ્યો, 'ઠીક હવે આ નખરાં રહેવા દે ને ચાલવા માંડ સીધો-સીધો. અમને મોડું થઈ રહ્યું છે.'

દાદરા પરથી પહેલાં મહિપાલ ઊતર્યો, પછી સજ્જન ને પછી બોર. બોરની નજર ઉપર હતી. ગાતો અને વિદાય લેતો એ ઊંધો ચાલીને દાદરા તરફ જતો હતો. અચાનક એક પગથિયું ચૂક્યો ને દડબડ કરતો જઈ પડ્યો સજ્જનની પીઠ પર. સજ્જન પણ લથડિયું ખાઈને મહિપાલ પર પડ્યો. મહિપાલ સીડીની બંને બાજુની દીવાલોને જોરથી બે હાથ પકડીને ઊભો રહી ગયો. બધા પડતાં બચ્યા. સરદારજીનું કુટુંબ 'શું થયું – શું થયું' કરતું નીચે આવી ગયું. સજ્જનના ખભા પર માર લાગ્યો હતો. મહિપાલનું મગજ તપી ગયું. ક્રોધથી બોરના લાંબા વાળ ખેંચીને જોરજોરથી ત્રણ-ચાર તમચા મારતાં કહ્યું, 'અલ્યા, જોઈને નથી ચાલતો? જોડા મારી-મારીને તારા આખા શરીરને ઢીલું કરી દઈશ, યાદ રાખજે.'

બોરે પોતાનાં ચશ્માં સંભાળતાં સંભાળતાં નમ્રતાથી 'ગુરુજી – ગુરુજી' કહેવાનું શરૂ કરી દીધું. સજ્જને મહિપાલનો હાથ ખેંચીને બોરને છોડાવ્યો.

સરદારણીઓનાં બાળકો બોરને માર પડતો જોઈ ખડખડાટ હસી પડ્યાં.

મહિપાલ વિરહેશ તરફ જોયા વિના ઝડપથી સજ્જનનો હાથ પકડી ફાટક તરફ ચાલ્યો. વિરહેશને માર્યા પછી એને પોતાને પસ્તાવો થતો હતો, જે એ પ્રગટ કરવા નહોતો માગતો. કાલ રાતથી એ ખૂબ જ ત્રાસેલો હતો.

સગા સાળાની જનનલગ્નનો આવી હતી. અમસ્તો તો એ પોતાના સમાજમાં સગાં-વહાલાંમાં જવા-આવવાનું ટાળતો હતો, પણ અહીં લાચાર હતો. કાલ રાત્રે છોકરીવાળાને ત્યાં જમણવાર હતો, એમાં વાતોના આવેશમાં આવી જઈને તે એના સમાજની નિંદા કરવા લાગ્યો. એક ફાંધી ખોપરી અક્કડ બ્રાહ્મણદેવતાએ સામે પડીને મહિપાલની ટીકા કરવાનું શરૂ કર્યું, 'નાસ્તિક છે. સનાતન ધર્મની નિંદા કરે છે. પહેલાં એક શેઠને ફસાવી ઘર ભર્યું, હવે માલદાર ઠાકરાણીને ફસાવી છે. ખ્રિસ્તી સાથે ખાય-પીએ છે.' મહિપાલ બેહદ ગુસ્સે થઈ ગયો. એના સસરાએ એમના માનનીય જમાઈ અને પૂજ્ય અતિથિને હાથે-પગે પડીને મામલો શાંત પાડ્યો.

પત્ની આજ સવારથી શોકયની વાત પર કેટલીય વાર પોતાનો પાંચજન્ય શંખ ફૂંકી ચૂકી છે. મહિપાલ ખિજાઈને અહીં ચાલ્યો આવ્યો હતો. એટલે વિરહેશ પર અનાયાસે ખીજ વરસી પડી. સજ્જન કહી રહ્યો હતો, તારે તારા ગુસ્સા પર કાબૂ રાખવો જોઈએ દોસ્ત!'

અંદરના ચીડથી મહિપાલનો ચહેરો બગડી ગયો, એ બોલ્યો, 'ખાડામાં પડે કાબૂ! હવે તો જિંદગીથી જ થાકી ગયો છું!'

આ પછી સજ્જન કશું ન બોલ્યો. બંને ગલીઓ વટાવતાં આગળ ચાલ્યા.

સત્તર

મહિપાલ એની બે મોટી બહેનો અને નાના ભાઈની સાથે મોસાળમાં ઊછર્યો હતો. એના મોસાળનું કુળ મોટી જમીનદારીનું હતું. પિતા એક જિલ્લા હાઈસ્કૂલના હેડમાસ્તર હતા. તેઓ સ્વાભિમાની, સ્પષ્ટવક્તા અને ચારિત્ર્યવાન પુરુષ હતા. મહિપાલની માનાં મોટા ઘરના તમામ દોષ હતા. એનો મોટા ભાગનો સમય એના પિયરમાં જ વીતતો હતો. એના પિતા અને મોટાભાઈને એના પર બહુ જ વહાલ હતું. એ કારણે જ મહિપાલની મામીઓ વગેરે પર મહિપાલની માની સત્તા કોઈ પ્રકારના અવરોધ વિના ચાલતી હતી. રિયાસતી અંતઃપુરનાં કુચક્ર ચલાવવામાં તે

ખૂબ જ કુશળ હતી, થોડી જાલિમ પણ હતી. અને તેથી લોકો એની બહુ ઈર્ષ્યા કરતા હતા.

મહિપાલની બંને મોટી બહેનોનાં લગ્ન-આણાં ત્યાંથી જ થયાં. તેઓનું લગ્ન પણ મોટાં ઘરોમાં થયું. મહિપાલનું લગ્ન એક મોટા કુળમાં થયું. લગ્નના થોડા દિવસ પછી જ નસીબે એને માટે અનેક પરિવર્તન આણવાનું શરૂ કરી દીધું. પિતા બીમાર પડ્યા ને ગુજરી ગયા. એક વર્ષ પછી મોટા મામાનું પણ અવસાન થઈ ગયું. મોટા મામાના અવસાન પછી મહિપાલની માને પિયરમાં રહેવું ભારે થઈ પડ્યું. ઘરમાં એના અનેક વિરોધીઓ હતા જ, તક મળતાં તેઓ એને નીચી પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એક ઘૃણિત પરિસ્થિતિમાં પકડાઈ જવાથી પોતાનું મોં સંતાડવા એને આત્મહત્યા કરવી પડી.

માના મૃત્યુ પછી મહિપાલ, એની પત્ની અને નાના ભાઈ જયપાલ માટે પરિસ્થિતિ વિષમ બનતી ગઈ. મામીઓ એમની મરણ પામેલી નણંદના અત્યાચારનો બદલો એનાં સંતાનો પર લેવા લાગી. એ દિવસોમાં મહિપાલ ઇન્ટર મીડિયેટ અને જયપાલ નવમા ધોરણમાં ભણતા હતા.

મહિપાલને સાહિત્યમાં રુચિ અને લગન કિશોરવયથી જ પેદા થયાં હતાં. મા પ્રત્યે માન-શ્રદ્ધા અને પિતા પ્રત્યે ભક્તિભર્યું આકર્ષણ એના સંવેદનશીલ હૃદયમાં અભાવના ભાવની જેમ જાગ્યું. બાળપણમાં એની ઇચ્છા પિતાની પાસે જ રહેવાની થતી હતી, પરંતુ માના આગ્રહને કારણે તે એમની પાસે સ્થિરતાથી કદી રહી ન શક્યો. એના પિતા શાંત, ગંભીર અને ખૂબ જ વિચારવાન પુરુષ હતા. તેઓ ઘણીવાર કાંઈ ને કાંઈ લખતા પણ હતા. ખડી બોલીમાં એમણે રચેલા સવૈયા, ઘનાક્ષરિયોનો સંગ્રહ હજી પણ મહિપાલની પાસે સચવાયેલા છે. ઇતિહાસ, સમાજ અને શિક્ષણ સંબંધી લેખો ક્યારેક ક્યારેક 'સરસ્વતી', 'માધુરી', 'ચાંદ' અને 'સુધા' વગેરે પત્ર-પત્રિકાઓમાં છપાતા હતા. બાળપણથી જ મહિપાલની ઇચ્છા એના પિતાની જેમ આદર્શવાદી, વિદ્યાવાસંગી અને લેખક બનવાની થઈ હતી. પ્રેમચંદ અને 'ચાંદ', 'ભવિષ્ય', 'પ્રતાપ', 'અભ્યુદય' વગેરેના સામાજિક, રાજનૈતિક સાહિત્યનો પ્રભાવ એના પર સતત પડતો રહ્યો. એના મામાઓ અને મુનીમો ખેડૂતો પર જે જુલમ ગુજારતા હતા તે એને બહુ ખૂંચતો હતો. ઘણીવાર તે બેચેન બની વિચારતો કે આવા બેહાલ મજૂરો પર એના આ નકામા મામાઓ આટલો જુલમ કયા અધિકારથી કરે છે ? ખેડૂતોને ચાબુકથી મારવા, એમને ઝાડ પર ઊંધા લટકાવી નીચે ધુમાડો કરવો, મરજીમાં આવે તેટલું મહેનતાણું આપીને એમને ભૂખે મારવા, ઘર લૂંટવાં વગેરે અમાનુષી અત્યાચાર એ રોજ જોયા કરતો

હતો; અને એમને જોઈને એનું રોમેરોમ સળગી ઊઠતું હતું. એના ત્રણેય નાના મામાઓને ગામની વહુ-દીકરીની લાજ લૂંટતા પણ એણે અનેકવાર જોયા હતા. ખાસ કરીને એના આધેડ વચલા મામા ભારે વ્યભિચારી હતા. કુંવારી કન્યાઓનો સર્વનાશ કરવામાં એમને ખૂબ જ આનંદ આવતો હતો. દીકરી-ભત્રીજીઓની ઉંમરની ગામની ગરીબ ખેડૂતોની દીકરીઓને પોતાની વાસનાનું સાધન માનવામાં એમનો આત્મા જરા સરખો પણ અચકાતો નહિ.

પિતાના ઘરમાં દશેરા, મોટા દિવસો અથવા ઉનાળાની રજાઓ વિતાવીને મહિપાલ જ્યારે પણ એને મોસાળ પાછો આવતો ત્યારે એને થતું જાણે હર્યાભર્યા મેદાનમાંથી બળપૂર્વક ખેંચી જઈને શ્વાસ રુંધાઈ જાય એવા ભોંયરામાં એને પૂરી દીધો છે. જમીનદારીના વાતાવરણમાં અફીણ, ચરસ, ગાંજો, શરાબ, મારપીટ, અત્યાચાર, વ્યભિચાર, રંડીબાજી, અપ્રાકૃતિક મૈથુન વગેરે જાતજાતની ગંદકીઓ જોઈ-જોઈને તે રાતદિવસ દુઃખી રહેતો. એની દશા જીભ કાપી લીધેલા માનવી જેવી હતી. સાહિત્ય મંગાની વાણી બનીને એના જીવનમાં આવ્યું. પહેલાં જોડકણાં લખવા શરૂ કર્યાં, પછી વાર્તાઓ લખવા લાગ્યો. પિતાનું જોઈને ડાયરી લખવાની ટેવ પણ એણે પાડી લીધી હતી. એથી વાર્તાલેખનમાં એને ખૂબ મદદ મળી. ઇન્ટરની પરીક્ષા આપી ત્યાં સુધીમાં એની પાંચ-છ વાર્તાઓ 'ચાંદ' અને 'સુધા'માં છપાઈ ચૂકી હતી.

માના મૃત્યુ પછી મોસાળનું વાતાવરણ એને માટે અત્યંત અપમાનજનક બની ગયું. એક દિવસ ખૂબ મોટો ઝઘડો થઈ પડ્યો એટલે ઇન્ટરની પરીક્ષાનું પરિણામ આવ્યા પહેલાં જ મહિપાલ એની નવોઢા પત્નીની પ્રેરણાથી નવું ઘર વસાવવાના ઇરાદા સાથે કામની શોધમાં લખનૌ ચાલ્યો આવ્યો.

આ સન '30નો ચળવળનો જમાનો હતો. 'સુધા'ના સંપાદન વિભાગમાં 40 રૂપિયાના પગારે એને નોકરી મળી ગઈ. 'સુધા' કાર્યાલયમાં એને રોજ પ્રખ્યાત સાહિત્યકારોનાં દર્શન થતાં હતાં. પ્રેમચંદ, નિરાલા, મિશ્રબંધુ, સુમિત્રાનંદન પંત, રૂપનારાયણ પાંડેય, કૃષ્ણબિહારી મિશ્ર વગેરે અનેક સાહિત્ય દેવતાઓનાં દર્શન એને અહીં થયાં; તેથી એનો સાહિત્યિક વિકાસ ઝડપથી થયો. ખાસ કરીને તે નિરાલાજીના નિકટના સંપર્કમાં આવ્યો; આ સંબંધ એને નોકરીના રુંધનમાંથી બચાવનાર ઉપયોગી નીવડ્યો. નોકરીની ટેવ ન હોવાથી, નોકરીથી અસંતુષ્ટ રહેવા છતાં ગરજને કારણે મહિપાલ નોકરીમાં ચોંટી રહ્યો. ત્રણ મહિનાની અંદર જ અમીનાબાદમાં એક નાનું એવું મકાન ભાડે લઈ એની સગર્ભા પત્ની અને ભાઈની સાથે તે જામી ગયો. એની પત્નીના ઘરેણાં જ એની એકમાત્ર સુરક્ષિત પૂંજી હતી.

મોસાળથી એ રામભરોસે જ નીકળી પડ્યો હતો. એણે એના ભાઈ ને હાઈસ્કૂલમાં દાખલ કર્યો અને જ્યાં સુધી એ ભણવા ઇચ્છે ત્યાં સુધી ભણે એવી એને ખાતરી આપી. મહિપાલ જીવ દઈ ને મહેનત કરવા લાગ્યો. 'સુધા'માં કામ કર્યા પછીના વધેલા સમયમાં એક બીજા પ્રકાશક માટે 'બુક ઑફ નૉલેજ', ઇતિહાસ તથા કોર્સનાં પુસ્તકો બીજા નામે લખીને કે અનુવાદ કરીને કૉપીરાઇટ સાથે, વેચી દેતો; મહિનામાં એક-બે વાર્તા પણ લખતો; આ રીતે એણે મહિને સો રૂપિયા કમાવાનો રસ્તો પકડી લીધો.

ધાર્યા કરતાં સમય સારો હતો. પત્ર-પત્રિકાઓ ઓછાં હોવા છતાં નવા લેખક જ દમવાળો હોય તો એને પ્રસિદ્ધિ જલદીથી મળી જતી હતી. મોટા સાહિત્યકારો હમેશા નાનાને ઉત્સાહ આપ્યા કરતા હતા. મહિપાલની કલમમાં જોશ હતું, મનમાં ઉપર આવવાની લગની હતી, ધીમે ધીમે તે આગળ વધવા લાગ્યો.

એને એક શ્રીમંત નવયુવક રૂપરતન મળી ગયા, તે એની વાર્તાઓના પ્રશંસક હતા. તેઓ રાષ્ટ્રીય વિચારો ધરાવતા માણસ હતા. એમના પિતા શેઠ ભજગોવિંદદાસ મોટા શાહુકાર હતા; રૂપરતને પોતે એક હેન્ડલૂમની ફૅક્ટરી ખોલી હતી; એ ઉપરાંત વૈદ્યોને રાખીને તેઓ એક આયુર્વેદિક રસાયણશાળા અને ઔષધાલય પણ ચલાવતા હતા; દ્રાક્ષાસવ, ચ્યવનપ્રાશ, દશમૂલારિષ્ટ વગેરે દવાઓ એમને ત્યાં તૈયાર થતી હતી. મોટા નેતાઓને એમની રસાયણશાળા બતાવીને તેઓ એમની પાસેથી સર્ટિફિકેટ મેળવી લેતા હતા. જાહેરખબરની અસરમાં એમને વિશ્વાસ હતો. એમને ઘણી સારી આવક થતી હતી. રૂપરતન કૉંગ્રેસના કોમળ નેતા અને ખજાનચી પણ હતા, ભાગીદારીમાં વિલાયતી દારૂની દુકાન પણ ચલાવતા હતા. રૂપરતન ઘણા ધંધાવાળા, ઘણા જ મિલનસાર, ભણેલા-ગણેલા, વાતચીતમાં કુશળ તથા નવયુવાનો સન '31–'32માં પોતાની જાતને સોશ્યાલિઝમના હિમાયતી ગણાવતા હતા તેમાંના એક હતા.

રૂપરતન સાથે મહિપાલની મુલાકાત જીમખાના ક્લબમાં થઈ. મહિપાલ સાથે એને મીઠો સંબંધ હતો. એની સાથે તે ક્યારેક ક્લબમાં પણ જતો હતો. એની રહેણીકરણી પણ ઍરિસ્ટોક્રેટ હતી. તેથી તે મોટા માણસો સાથે જલદી હળીમળી જતો હતો. લખનૌ આવીને જ એણે ખાદી પહેરવા માંડી હતી – કાંઈક દબાયેલા શોખને માર્ગ આપવાની સ્વતંત્રતા મળવાથી, અને કાંઈક એટલા માટે પણ કે કીમતી કપડાના અભાવને ખાદીની વૈરાગ્યપૂર્ણ વેશભૂષાથી સરસ રીતે ઢાંકી દેવાતો હતો. પ્યાલીઓના સંગાથમાં રૂપરતન અને મહિપાલને લાગ્યું કે બંનેના વિચાર એકબીજા સાથે ઠીક ઠીક મેળ ખાય છે, બંનેનો સંબંધ દિવસે દિવસે ગાઢ થતો

ગયો. એક દિવસ રૂપરતનને છાપું કાઢવાનું સૂચન કર્યું. મહિપાલ ખૂબ જ પ્રસન્ન થયો.

રૂપરતનના પિતા પાસે એક પ્રેસ ગીરવે પડ્યું હતું. રૂપરતને એના પિતા પાસેથી એ કરજ લઈ લીધું; અને પછી કાયદાબાજની ચાલાકી કરી તે એ પ્રેસના માલિક થઈ બેઠા.

સાપ્તાહિક 'નવચેતના' ખૂબ આગ દાલવતું હતું. મહિપાલના સંપાદનકાળમાં ત્રણવાર એની જામીનગીરી જપ્ત થઈ. જ્યારે જ્યારે જામીનગીરી જપ્ત થઈ ત્યારે ત્યારે 'નવચેતના'નું વેચાણ વધ્યું. પછી રૂપરતને મહિપાલને સમજાવી દીધો કે એની પત્રિકાના પ્રકાશનને આંચ ન આવે એટલું જ વિરોધાત્મક લખાણ તે લખે. 'નવચેતના' કાર્યાલય ગરમ લોહીવાળા નવયુવકોનો અડ્ડો થઈ ગયો. ધીમે ધીમે 'નવચેતના' પુસ્તક પ્રકાશનનો પણ આરંભ થયો.

રૂપરતને આ સંસ્થાને સમાજવાદી જાહેર કરી હતી. તેઓ વારંવાર જોરશોરથી કહેતા કે આ સંસ્થા એમના પોતાના લાભ માટે નથી ખોલી, પરંતુ લેખકો, કવિઓ અને પ્રેસના કર્મચારીઓની આર્થિક સહાયતા માટે તથા સમાજવાદના પ્રચાર કરવા માટે સ્થાપવામાં આવી છે. આ રીતે સમાજવાદના નામે તે દરેક પાસે રાજીખુશીથી ત્યાગ અને તપશ્ચર્યા કરાવતા હતા.

મહિપાલના દિવસો ઘણા સુખમાં વીતવા લાગ્યા. એનું માસિક વેતન પાંચસો રૂપિયા હતું, જેમાંથી ત્યાગને નામે ત્રણસો રૂપિયા કપાઈ જતા હતા. રૂપરતનની મીઠી ચાલને ભોળો મહિપાલ સમજતો નહોતો; એના ત્યાગ પરથી કમ્પોઝીટર અને પ્રેસના બીજા માણસોને પણ પોતાની સંસ્થા માટે લાચારીથી ત્યાગ કરવો પડતો હતો. આ દિવસોમાં મહિપાલે ખૂબ ઉન્નતિ કરી. ખૂબ વાંચવું, વાર્તા-નવલકથા લખવી અને લગનથી જિલ્લાઓ, ગામડાઓ, મજૂરોની વસ્તીઓમાં ફરી-ફરીને ગરીબોનાં દુઃખોની માહિતી એકઠી કરવી એ એનું કામ હતું. સરકારના અત્યાચારની સાથોસાથ શ્રીમંતોની પોલ ઉઘાડી પાડવામાં એની કલમ ખૂબ જોરથી ચાલતી હતી. રૂપરતન જાતે બીજા શ્રીમંતોની પોલ મહિપાલને બતાવતા હતા. બીજા પર પોતાનો પ્રભાવ જમાવવા માટે જ રૂપરતન આવું લખાવતા; બિચારો મહિપાલ આ ચાલને સમજી ન શક્યો.

એણે જયપાલને ઇન્ટર પાસ કરાવી દાક્તરીમાં દાખલ કર્યો. પત્ની સાથે બૌદ્ધિક મેળ ન હોવાને કારણે લગભગ રોજ એની સાથે ઝઘડા થયા કરતા હતા, પરંતુ આથી મહિપાલ ક્યારે પણ ચારિત્ર્યહીન ન બન્યો. રૂપરતનના વામા-વારુણીના સંગાથમાં તે ક્યારેક ક્યારેક કેવળ વારુણીમાં જ સાથ આપતો હતો.

સન '36ની ચૂંટણીમાં 'નવચેતના'એ ખૂબ કામ કર્યું. રૂપરતન કોંગ્રેસની ટિકિટ પર એમ. એલ. એ. થઈ ગયા, પાર્લામેન્ટરી સેક્રેટરી પણ થઈ ગયા. હવે તે પોતાના પત્રની નીતિ-રીતિને બદલવા માગતા હતા. કાર્યાલયની નાની-નાની વાતોમાં એમણે વિઘ્નો નાખવાનું શરૂ કરી દીધું. ત્યાગના નામે બે વર્ષ સુધી એમણે પ્રેસના માણસોને કશો જ વધારો નહોતો આપ્યો. જમાનાની તાસીર જોઈ ચૂકેલા કર્મચારીઓ શેઠ રૂપરતનના સમાજવાદ અને ત્યાગને બરાબર સમજી ગયા હતા, પરંતુ મહિપાલની સજ્જનતા, સચ્ચાઈ અને નિષ્ઠા પર મુગ્ધ હોવાને લીધે તથા એના તરફથી આશ્વાસન મળવાને કારણે મામલો હજી સુધી કોઈ પણ રીતે ઠેલાતો જતો હતો. પરંતુ હવે બધા જ માણસો હઠે ચડ્યા હતા. મહિપાલ પણ મક્કમ થયો કે હવે દરેકને વધારો મળવો જ જોઈએ. આ વખતે રૂપરતને પોતાની ટાળવાની મીઠી નીતિ છોડીને સાફ સાફ 'ના' પાડી દીધી.

મહિપાલ આસમાન પરથી જમીન પર આવી પડ્યો. એણે રાજીનામું આપી દીધું. રૂપરતન વ્યક્તિગત રીતે મહિપાલ સાથે સંબંધ ટકાવી રાખવા માગતા હતા. એટલે એમણે એને ખૂબ જ સમજાવ્યો, મોટી-મોટી આશાઓ આપી, પણ તે ન માન્યો. કર્મચારીઓનો ન્યાયી પક્ષ છોડીને એણે માત્ર પોતાનો સ્વાર્થ જોવાની ના પાડી દીધી. કર્મચારીઓએ હડતાલ પાડી, તોફાનો કર્યાં. રૂપરતને પોલીસની મદદથી એમને દબાવ્યા, અનેકને પકડ્યા, પરંતુ મહિપાલ ન પકડાયો. મામલો દબાઈ ગયા પછી રૂપરતને ધીરે ધીરે એની સાથેનો પોતાનો અંગત સંબંધ પણ પૂરો કરી દીધો.

આવડું રાજ, આટલા લોકો પર હકૂમત, આટલા લેખકોનો આશ્રયદાતા થયા પછી મહિપાલ હવે કશું જ રહ્યો નહોતો. આ એને બહુ જ ખટકતું હતું. 'નવચેતના' પ્રકાશને છાપેલાં એનાં પુસ્તકો એના કરતાં રૂપરતનને વધુ પૈસા આપતાં હતાં.

ચુસ્ત આદર્શવાદી હોવાથી એક પૈસો પણ દહેજ લીધા વિના મહિપાલે એક સુંદર સુશીલ કન્યા સાથે એના ભાઈનું લગ્ન કર્યું. એમ. બી. બી. એસ. થઈ ગયા પછી વિલાયત જઈને ભણવાની વારંવાર પ્રેરણા આપી. પરંતુ જ્યારે જયપાલને વિલાયત જવાનો સમય આવ્યો ત્યારે તે પોતે નિરાધાર થઈ ગયો હતો, છતાં પણ મહિપાલ હાર્યો નહિ. એની પત્નીનાં બધાં જ દાગીના વેચીને એણે જયપાલને ઇંગ્લેન્ડ મોકલ્યો. આ જ સમયે કમનસીબે એની વચલી મોટી બહેન અને તેના પતિ ગુજરી ગયા. દાદાના ઘરમાં નિરાધાર બનેલી એની ભાણેજ શકુંતલા પણ એની સાથે રહેવા ચાલી આવી.

મહિપાલને એની પત્ની, બાળકો, ભાણેજ, નાના ભાઈની પત્ની તથા એના નાના બાળકનું ભરણપોષણ કરવા તન તોડીને મહેનત કરવી પડતી હતી: છતાં તે દોઢસો – પોણા બસોથી વધુ કમાઈ શકતો નહોતો.

બીજું યુદ્ધ શરૂ થયું, કેટલાય બેકારો માટે યુદ્ધ આવકનું સાધન બન્યું, મંદીને કારણે દુકાનદારો પણ ક્રમશઃ કાળા નફાની કૃપાથી પોતાની ચરબી વધારવા લાગ્યા. મહિપાલને માટે આ યુદ્ધ જીવ લેનારું હતું – આર્થિક સંકટ તો હતું જ; ઉપરાંત, જયપાલ, ઇંગ્લૅન્ડ હોવાને કારણે એનો જીવ હમેશા ચિંતાતુર રહેતો હતો. સન '41માં જયપાલ ગમે તેમ કરીને પાછો આવી ગયો, ડીગ્રી લઈને જ આવ્યો. ભાઈના પાછા આવવાથી મહિપાલના જીવમાં જીવ આવ્યો. ભાઈને ઠેકાણે પાડવા માટે તે ફરીથી બેશરમ બની રૂપરતનને મળ્યો. એમની ઓળખાણથી મેડિકલ કૉલેજમાં નોકરી અપાવી અને સુખદ ભાવિની કલ્પના કરીને સંતુષ્ટ બન્યો. પરંતુ આ સંતોષ ક્ષણિક હતો. દેરાણી-જેઠાણીને હવે બનતું નહોતું. જયપાલ પણ કાંઈક બદલાયેલો દેખાતો હતો.

સન '42ના આંદોલનમાં મહિપાલ જેલમાં ગયા પછી જયપાલ પોતાના મોટાભાઈના કુટુંબને નિરાધાર છોડીને જુદો થઈ ગયો. બે વર્ષ પછી ભારે માંદગીને કારણે જ્યારે તે છૂટીને ઘેર આવ્યો ત્યાં સુધીમાં એની બધી શ્રદ્ધાઓ પત્તાના મહેલની જેમ કડડડ કરતી તૂટી પડી હતી. એણે જોયું કે રૂપિયાની શરતમાં દુનિયા એનાથી ઘણી આગળ વધી ગઈ હતી. આજુબાજુનાં કેટલાંય મકાનો નવાં અને આલીશાન બની ગયાં હતાં. એની પડોશમાં રહેતો એક દૂબળો-પાતળો, બૂરી દશા ભોગવતો યુવક રેશનીંગ ઇન્સ્પેક્ટર બનીને હૃષ્ટપુષ્ટ અને સુંવાળો થઈ ગયો હતો: એના ઘરમાં ચારે બાજુ ખાડા-ખબડા થઈ ગયા હતા. ખુદ એનો સગો નાનો ભાઈ જયપાલ મોટર-બંગલાનું સુખ ભોગવી રહ્યો હતો. મહિપાલ જેલમાંથી છૂટીને આવ્યો તે પછી જયપાલ માત્ર એક વાર આવીને ઊભાં ઊભાં ભાઈને મળી ગયો હતો. પછી કદી કુશળ સમાચાર પૂછવા નહોતો આવ્યો. બહારના લોકોને તે કહેતો, 'ભાઈએ મારે માટે કર્યું છે જ શું? જો એમણે મારું લગ્ન દહેજ લઈને કર્યું હોત તો મારો વિલાયતનો ખર્ચ નીકળી જાત. તેઓ એમના આદર્શવાદના ચક્કરમાં બેવકૂફી કરતા રહે એની જવાબદારી મારે માથે શા માટે આવે?'

મિત્ર રૂપરતન અને પછી સગા ભાઈ તરફથી આઘાત પામીને મહિપાલ ધૂની બની ગયો છે. યુદ્ધના દિવસોમાં અને આજ સુધીની ખૂબ જ ખેંચતાણભરી જિંદગીથી એ ચીડિયો અને અસ્થિર મનવાળો બની ગયો છે. સ્વમાની એટલો

છે કે કર્નલ અને સજ્જન જેવા અંગત મિત્રો પાસેથી પણ કોઈ પ્રકારની મદદ લેવાનું પસંદ કરતો નથી. ડૉક્ટર શીલા સ્વિંગ સાથે પણ તે મૈત્રીમાં સરખાપણું રાખવાનો પ્રયત્ન કરે છે. કર્નલ, સજ્જન અને શીલા એની દુખતી રગને પિછાણીને હમેશા એના સ્વમાનની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે.

આવી વ્યક્તિ પર જો કોઈ ભરી સભામાં લાંછન લગાડે કે તે કોઈ શેઠ અથવા માલદાર સ્ત્રીના પૈસા ચાટીને લાલચટક થઈ ગયો છે તો એને ખૂબ ખરાબ લાગે તે સ્વાભાવિક છે. મહિપાલ એની આ નિંદાથી બાવરો બની ગયો હતો.

ગલીઓમાંથી પસાર થતાં થોડીવાર સુધી સજ્જન અને મહિપાલ ચૂપ રહ્યા. મહિપાલના દુઃખી ચહેરાને જોઈને સજ્જને પૂછ્યું, 'દોસ્ત, વાત શું છે? ...તું આજે હદથી વધારે અપસેટ દેખાય છે. ...હું જાણું છું કે તું મારી પાસેથી મદદ નહિ લે, પણ ઘરમાં પૈસાની કાંઈ તકલીફ છે?'

મહિપાલ સજ્જનના ખભા પર હાથ મૂકી, એની સામે જોયા વિના, માથું નીચું રાખીને બોલ્યો, 'જરૂર પડ્યે તમારા લોકો પાસેથી મદદ નહિ લઉં તો બીજું મારું અહીં છે કોણ?'

કહીને મહિપાલ ચૂપ થઈ ગયો. સજ્જનના ખભા પર હાથ રાખીને ચૂપચાપ આગળ ચાલતો રહ્યો. ગલીનું બજાર એના આનંદમાં મસ્ત હતું. બધી જાતની વાતો થતી હતી – ચાર દિવસ પહેલાંની વિમાની પત્રિકાથી માંડીને આજના શાક-ભાજીના ભાવ સુધીની ચૂંટણીની ચર્ચા સાધારણ હતી. એક જગાએ લોકોની વાતોમાં ચૂંટણીથી માંડીને ધર્મ અને જાતિની જોરદાર ચર્ચા થતી હતી. મહિપાલ એકદમ ખિજાઈ પડ્યો, સજ્જનને કહ્યું, 'મારા હાથમાં બે દિવસ માટે સત્તા આવી જાય તો આ જેટલા ધર્મની વાત કરવાવાળા છે એ બધાને ચોકમાં ઊભા રાખી જોડાથી માર મરાવું. ઢોંગી, ધુતારા!'

સજ્જન હસીને બોલ્યો, 'હશે – હશે! જવા દો મહાશય! આખર આ ધર્મવાળાઓએ તારું શું બગાડ્યું છે?'

મહિપાલે કહ્યું, 'મારું જ નહિ, સમગ્ર માનવતાનું એ અકલ્યાણ કરી રહ્યા છે. અંધશ્રદ્ધાથી ભરેલા કેટલાક સિદ્ધાંતોને પકડીને આ લોકો સ્વસ્થ અને સંસ્કારયુક્ત ચિંતનનું ગળું રૂંધી રહ્યા છે, એની આંધળી કદરતા આખી જિંદગીને તદ્દન માનવતાહીન દૃષ્ટિથી જુએ છે.'

સજ્જને કહ્યું, 'લાગે છે કે સાળાનાં લગ્નમાં તને કોઈક માનવતાહીન વાત દેખાઈ આવી છે! અને એ તો દેખીતું છે કે એવી વાત છોકરાવાળા, એટલે કે

તારા સાસરાવાળાએ કરી હશે. કેમ, એમ જ છે ને?'

સજ્જનની વાત પર હોંકારો કરીને બે ડગલાં ચૂપચાપ ચાલ્યા પછી મહિપાલ બોલ્યો, 'આ બ્રાહ્મણો કહેવાય તો છે દેશના ઇન્ટેલેક્ચ્યુઅલ લીડર, પરંતુ એમનાથી વધુ પતિત, ક્રૂર, દંભી અને મૂર્ખ કદાચ જંગલી જાતિઓમાં પણ નહિ હોય. મારા પર – પોતાના બાપ પર તહોમત લગાવે છે કે હું શીલાના પૈસા ખાઉં છું, મેં રૂપરતનની મૂડી પચાવી પાડી છે. હદ છે!'

સજ્જન હસ્યો, બોલ્યો, 'ખાય તો છે, એમાં કાંઈ ખોટું છે?'

મહિપાલ મજાકના મૂડમાં નહોતો, ક્રોધ ક્રમશઃ વધતો જતો હતો. આ વખતે જો એ સડક પર ન હોત તો ખૂબ જોરથી ગરજી ઊઠત. ખિજાઈને બોલ્યો, 'આ કમબખ્તો, દરેક પ્રકારની ગંદકીઓથી ભરેલા, નીચમાં નીચ, સનાતન ધર્મનો મહિમા વધારે છે બેઇમાન! મારા પર જૂઠો આરોપ મૂકે છે. રૂપિયા પર જીવ હોત તો મહિપાલ શુક્લ આજે લખપતિ હોત, લેખક નહિ.'

'દોસ્ત, તું નકામો જ ચિડાય છે. અરે, દુનિયાનો તો કાયદો છે કે આગળ વધનારનો પગ પકડીને એને પાછળ ઘસડવો. મુકાબલામાં તારે બતાવી આપવું જોઈએ કે તું કેવી રીતે આ ભારે જબરા વિરોધ હોવા છતાં આગળ વધે છે!'

મહિપાલના ઉકળાટ પર સજ્જનનાં વચનો ઠંડા પાણીની જેમ પડ્યાં. એ ચૂપચાપ માથું નીચું રાખીને આગળ ચાલવા લાગ્યો, પછી એક નિશ્વાસ નાખી નિરાલાની પંક્તિઓ ખૂબ જ ભાવથી બોલ્યો :

'કરના હોગા યહ તિમિર પાર,
દેખના સત્ય કા મિહિર – દ્વાર.
બહના જીવન કે પ્રખર જ્વાર મેં નિશ્ચય –
લડના વિરોધ સે દ્વંદ્વ – સમર,
રહ સત્ય – માર્ગ પર સ્થિર નિર્ભર,
જાના, ભિન્ન ભી દેહ, નિજ ઘર નિઃસંશય.'

મહિપાલ – જીવનથી હારેલી થાકેલી એક વ્યક્તિ – ને મહાકવિની વાણી એવી રીતે આધાર આપી રહી હતી જેમ કોઈ રોગીને આધુનિક વિજ્ઞાન ઑક્સિજનના શ્વાસ આપીને મદદ કરતું હોય.

ગલીની આગળ મોટા બજારની સડક પર ચૂંટણીની ખૂબ ધાંધલ સંભળાતી હતી.

અઢાર

કન્યા આજે આવી નહિ. ખબર નહિ, એને રહેવાની જગા ક્યાં મળી હશે? ઇચ્છા થઈ કે જઈને એકવાર એને જોઈ આવું એ મુસીબતમાં પડી છે, સ્વાભિમાની છે – એના સ્વાભિમાનની રક્ષા કરીને એને સંકટમાંથી બચાવવામાં જ માનવતા છે.

ગાડી લઈને સજ્જન કન્યા રહેતી હતી તે વાસમાં ગયો. ત્યાંથી ખબર મળ્યા કે કાલે રાત્રે જ સામાન લઈને એ કોઈકની મોટરમાં ચાલી ગઈ છે. સજ્જનને એ અજાણ્યા મોટરવાળાની ઈર્ષા થઈ; વળી ખેદમાં બ્રહ્મચર્ય યાદ આવ્યું. વિચાર્યું કે મારે શું? પરંતુ બ્રહ્મચર્ય વ્રતધારી સજ્જનનું મન કન્યા વિના ચણચણતું જ રહ્યું.

પાછો ફરીને સજ્જન કર્નલની દુકાન પર આવ્યો. મહિપાલ ત્યાં જ બેઠો હતો. એણે કર્નલને સજ્જન-સાલિગરામ પ્રેક્ટની વાત કરી હતી. કર્નલ પણ સજ્જન પર ખૂબ નારાજ હતો. આવતાં જ એના પર ગરજી ઊઠ્યો, 'આ તેં કોને પૂછીને સ્વીકારી લીધું? તું મારા બધા કર્યા-કારવ્યા પર પાણી ફેરવવા માગે છે?'

કર્નલના વિરોધથી સજ્જનને એમ લાગવા માંડ્યું હતું કે એણે ખરેખર ભૂલ કરી છે, એણે ભૂલ કરી નાખી હતી એટલે એ એના પર મક્કમ રહેવા માગતો હતો. ખાસ કરીને મહિપાલની સામે તો એ પોતાની ભૂલ સ્વીકારવા નહોતો જ ઇચ્છતો; મોઢું કટાણું કરીને શુષ્ક અવાજે એ બોલ્યો, 'જો તું પણ સામેલ થવા ન માગતો હોય તો ન થતો. મેં જે કર્યું છે તે જોઈ-વિચારીને અને યોગ્ય જ કર્યું છે.'

'યોગ્ય શું ધૂળ કર્યું છે!' કર્નલ બોલ્યો, 'હું પૂછું છું કે તું કયા ચક્કરમાં પડી ગયો? જાનકીશરણ અને સાલિગરામ સવારના પહોરમાં બંગલા પર આવી પહોંચ્યા હતા એટલે મોઢું જોઈને શિષ્ટાચાર આવી ગયો? તારા ભેજામાં એ આવ્યું કે બિન્નોનો જે કેસ ચાલે છે તેના પર તારી આ નાદાનીની શી અસર થશે?'

'બિન્નો' શબ્દ સાંભળીને સજ્જન ચોંક્યો. પછી 'કેસ'ના અનુસંધાનમાં સમજી ગયો કે કર્નલે કન્યાનું નવું નામ પાડ્યું છે. કર્નલના આ લાડભર્યા સંબોધનથી કન્યા પ્રત્યે એને આસક્તિ થઈ. કન્યા ક્યાં છે? – નવેસરથી ચિંતા થઈ; વેદના થઈ. પોતાની ભૂલ પર શરમ આવવા માંડી. સવારે સ્વીકાર કરતી વખતે એને કન્યા યાદ આવી હતી એમાં સંદેહ નથી, છતાં પણ એણે સંમતિ આપી દીધી! ...કન્યા માટે એનું મન ઘેલું બની ગયું છે. —કેમ? બ્રહ્મચર્ય-બ્રહ્મચર્ય ... આ જે મગજમાં ચાલી રહ્યું છે તે ક્યાંક સાવ ધૂન તો નથીને?

અચાનક હું મારી માનસિક 'સમતુલા ખોઈ રહ્યો છું ! એનું કારણ ?' કારણ સમજમાં નથી આવતું મગજ કાપેલા ફળનાં બિયાંની જેમ વિખેરાઈ રહ્યું હતું, કોઈ વાત પર એને જેટલું એકાગ્ર કરો, એટલું જ એ ધુમાડા જેવું બની જાય છે. ગુસ્સો આવ્યો. કર્નલને જવાબ આપ્યો, 'મેં બધું સારી રીતે વિચારી લીધું છે. જે પોતાના દુશ્મન સાથે પણ હાથ મેળવવા તૈયાર હોય તે જ મનુષ્ય છે. ધેટ ઇઝ અવર ઇન્ડિયન કલ્ચર! આપણો કેસ લડવાની સાથેસાથે આપણે આ પ્રદર્શનમાં ભાગ લઈશું. તમે લોકો સંકુચિત નજરે જુઓ છો, હું એ એક આર્ટિસ્ટના મિજાજની વિરુદ્ધ સમજું છું.' સજ્જન પોતાની વાત પર ખુશ થયો.

'એવો ! મારી સાથે રહેવાની તારા પર સારી અસર પડી છે !' મહિપાલે ચહેરા પર વડીલપણું લાવીને કહ્યું, 'આ વાતોની સાથે અવાજમાં જો ક્યાંક તારું દિલ પણ બોલ્યું હોત સજ્જન, તો ખાતરીથી માનજે કે આજે હું તારા ચરણો પર શ્રદ્ધાથી મારું માથું મૂકી દેત !'

સજ્જન શરમ અને ગુસ્સાથી કાંપી ઊઠ્યો. મનનું ઝંખવાણાપણું તેમ જ રોષ એની સંપૂર્ણ તીક્ષ્ણતા સાથે એકદમ એના મુખ પર છવાઈ ગયાં.

ત્યાં દરવાજા પરના પડદામાંથી, સામેની સીડી પરથી વનકન્યા ઊતરતી દેખાઈ.

એ લોકો દવાખાનાના પાછલા ભાગમાં, કર્નલની ખાનગી ઑફિસમાં બેઠા હતા. સજ્જન આરામખુરશી પરથી ઊભો થયો. દરવાજા પાસે જઈને પડદો ઊંચકી કન્યાને એણે કહ્યું, 'તું અહીં ? હું તને મળવા ત્યાં ગયો હતો.'

કન્યા હસી, કાંઈ જવાબ ન આપ્યો. પડદો ખસેડી ઓરડામાં આવી, સજ્જન રસ્તો છોડી અંદર ચાલ્યો આવ્યો. કન્યાને જોઈને મહિપાલે ઊભા થઈ નમસ્કાર કર્યા, કર્નલે બેઠાં બેઠાં જ એના તરફ હસીને કહ્યું, 'તને અહીં જોઈને આર્ટિસ્ટસાહેબ ધા ખાઈ ગયા છે. આજે કામ કરી આવ્યાં છે બોડમદાસ. ઉપરથી અહીં અમારા ઉપર લેક્ચર ફેંકી રહ્યા હતા !'

સજ્જનના ચહેરા પર ફરીથી રોષ આવ્યો, પણ આ વખતે જરા સંયમ સાથે.

ખૂણામાંથી ખુરશી ખેંચી લઈને બેસતાં કન્યાએ સજ્જનને કહ્યું, 'કર્નલ સાહેબે મને ઉપર રહેવાની જગા આપી છે. કાલે તેઓ મારી પાછળ પડ્યા કે જલદીથી જઈને ગાડીમાં તારો સામાન અહીં લઈ આવ.'

કર્નલે હસીને મહિપાલને કહ્યું, 'પહેલાં તો આ મારી સામે બહુ રોફ બતાવવા લાગી – બહુ દલીલબાજી કરી કે આમ નહિ ને તેમ નહિ. મેં તો કહ્યું દલીલબાજી પછી કરજે, પહેલાં જઈને સામાન લઈ આવ. જો મને ભાઈ બનાવ્યો

છે તો મારો હુકમ પણ માનવો પડશે. કેવી જગામાં રહેતી હતી – મજૂરોના વાસમાં! બાપ અને પેલો હલકો સાલિગરામ ખાર ખાઈને બેઠાં છે, બીજું કાંઈ નહિ તો કોઈને પૈસાની લાલચ આપીને છેડતી પણ કરાવે. ગૃહસ્થ સ્ત્રી બિચારી એમાં જ મરી ગઈ જનાય!'

'આ તેં સારું કર્યું, અને તારો ઉપરનો ઓરડો એક રીતે તો ખાલી જ પડ્યો હતો.'

'અરે, લાકડાનાં બૉક્સ, બાટલીઓ, એવું બધું જ અગડંબગડં પડ્યું હતું. આજે સવારે બધું ઉપડાવીને પાછળના તબેલામાં મોકલી આપ્યું. અહીં એને માટે જગા જગા થઈ ગઈ. ઉપર ઓરડો છે, એક વાછટિયું છે, નળ-બાથરૂમ બધું જ છે.'

કન્યા કર્નલને આશ્રયે રહેવાની વાતનો અસ્વીકાર કરી ન શકી તે માટે સજ્જનને આશ્ચર્ય થતું હતું. એણે સજ્જનનું સૂચન ન માન્યું કેમ? દુનિયા જો સજ્જનની સાથે અથવા એની સાથેના કોઈ મકાનમાં કન્યાને રહેતી જોઈને એની બદનામી કરે તો શું કર્નલની સાથે રહેવાથી એને છોડી દેશે? તો પછી કન્યાને એના પ્રત્યે આ અવિશ્વાસ શા માટે? આ વખતે સજ્જનનો જીવ જોરદાર હવામાં ઊડતા કપડાની જેમ ફડફડી રહ્યો હતો. એને લાગતું હતું કે સાલિગરામ સાથેના સહયોગની વાત હમણાં કહેવાશે જ, એ ક્ષણનો સામનો કરતાં સજ્જન અચકાતો હતો. એને પોતાના પર, કર્નલ, મહિપાલ, કન્યા, સાલિગરામ, જાનકીશરણ – બધાં પર તીવ્ર રોષ આવવા લાગ્યો. એને થતું હતું કે તે ઝડપથી ઊઠીને નાસી જાય, પરંતુ એમ કરવા માટે જાણે એના પગમાં, એના આખા શરીરમાં શક્તિ જ નહોતી, એ આરામખુરશીમાં જડાઈને બેઠો હતો.

કર્નલે કન્યાએ પૂછ્યું, 'બિન્નો, ક્યાંય બહાર જતી હતી?'

'જી હા. જલદી જ આવી જઈશ.'

'તું ગમે ત્યારે આવજે. મેં ચોકીદારને કહી રાખ્યું છે. એક તાળું અહીંના દરવાજે લાગી જશે. તું જ્યારે પણ આવે ત્યારે ચોકીદારને જગાડીને ઉઘડાવી લેજે.'

કન્યા હસી, બોલી, 'મને સેકન્ડ શોમાં પિક્ચરો જોવાની આદત નથી ભાઈસાહેબ!'

મહિપાલ પહેલીવાર કન્યા માટે 'તું' શબ્દનો પ્રયોગ કરતો હસીને બોલ્યો, 'તું સમજી નહિ બહેન, આ કર્નલ દરેક વાત ભારે પોલિસીથી કહે છે. એ એમ સમજે છે કે કૉમ્યુનિસ્ટ છોકરીઓ રાત્રે જ દાતરડું – હથોડો લઈને ફર્યા કરે છે.'

કન્યા ખડખડાટ હસી પડી, કર્નલ પણ ઝંખવાણો પડી હસીને બોલ્યો, 'આ લેખક-કલાકારોની વાત પર ધ્યાન નહિ આપતી બિન્નો! આ લોકો હંમેશાં મૂર્ખાઈભરી વાતો કરવા માટે જ નામ મેળવે છે.'

કન્યા હસી તો જરૂર, પણ ત્રાંસી નજરે એની આંખો સજ્જનના વ્યથિત ચહેરાને ધ્યાનથી જોઈ રહી હતી. સજ્જન માથું નીચું રાખીને બેઠો હતો. કર્નલ, મહિપાલ બંનેનું ધ્યાન કન્યા તરફ હતું. કન્યાનું આમ મનગમતી રીતે સજ્જન તરફ જોવું, એની ખામોશ બેચેની મહિપાલના મનમાં કવિતા જગાડી ગઈ. 'પ્યાર કી નજરોં મેં ભી ક્યા બાત હોતી હૈ!' — વિચારતાં મહિપાલને સજ્જનની ઈર્ષા થઈ, જો કે એના મનના કોઈ ખૂણામાં પણ કન્યા માટે કોઈ પ્રકારની કુભાવના નહોતી. એકવાર ખૂબ જોશથી એના મનમાં થઈ આવ્યું કે સજ્જન – સાલિગરામ પેક્ટની ચર્ચા કન્યાની સામે ઉપાડી તો સજ્જનને નીચો બતાવે. પછી એની આ ઇચ્છાને દબાવીને એણે પૂછ્યું, 'તારા કેસની શી સ્થિતિ છે કન્યા?'

કન્યાએ ચમકીને સજ્જનના ચહેરા પર જડાયેલી એની આંખોને મહિપાલ તરફ ફેરવી. એ જવાબ આપે તે પહેલાં જ કર્નલ બોલી ઊઠ્યો, 'હજી હું જરા વકીલો સાથે સલાહ કરી રહ્યો છું. આની ભાભીના પેલા સગા કાલે આવ્યા હતા એમને મેં સૂર્યા હિન્દુ હોટેલમાં ઉતર્યા છે. આજે મેં એમને નાની ગાડીમાં ઇમામવાડા વગેરે જોવા માટે મોકલી દીધા છે. અચ્છા, ભાઈ સજ્જન, તને એક ખુશખબર કહું. આપણી બિન્નો ડ્રાઈવીંગ શીખી રહી છે. આજે શિવમંગલ કહેતો હતો કે બેબીજી એકદમ શીખી જશે.'

સજ્જને સૂની નજર ઊંચકી. કન્યાએ હાસ્ય, લજ્જા અને શાબાશી મેળવ-વાની સૌભાગ્યભરી કામના સાથે પોતાની કીકીઓ એની આંખોમાં પરોવી દીધી. નાના એવા ઓરડાના સામાન્ય અંધારામાં પળભર માટે ચાર આંખોને માત્ર બે જ જણ દેખાયા. સજ્જનની બેચેનીને રાહત મળી, મનને ભારે શાંતિ મળી. કર્નલ, મહિપાલ, કોઈથી પણ આ નજર છૂપી ન રહી શકી. મહિપાલના મનમાં વિલક્ષણ ભાવ આવ્યો, થયું, છોકરી ચાલાક છે. સજ્જન સાથે લગ્ન કર્યા પછી કૉમ્યુ-નિઝમમાંથી કૅપિટાલિઝમ તરફ આવવું પડશે, એટલે મોટર ચલાવવાનું શીખી રહી છે.

કર્નલે બધાનું ધ્યાન બદલાવતાં એની વાત શરૂ કરી કહ્યું, 'હું જરા બૅરિસ્ટર ધવનની ફરી એકવાર સલાહ લઈ લઉં. એમની પાસેથી દરેક રીતની સારી સલાહ મળશે. આ એકલા સાલિગરામ સામે મોરચો નથી જનાબ. આ વખતે ઇલેક્શનની આખી મશીનરી આપણી સામે મોરચો માંડશે. આ વિમાનનું પરાક્રમ મારી

ધારણા કરતાં ઘણું વધારે કામ કરી ગયું! શહેરમાંથી એમની અસર ભુંસાઈ ગઈ છે. પરંતુ આ વખતે હું પણ શ્રી દાદાગુરુના આશીર્વાદ લેવાની માનતા માનીને અક્કડ થઈને બેઠો છું. એમનાં ચરણના પ્રતાપથી કાલે આ એવો ડોક્યુમેન્ટ મારા હાથમાં આવી ગયો છે કે આપણે એમની નસેનસ હલાવી દઈશું. (એકાએક વિચાર આવવાથી વાતનું સ્વરૂપ બદલીને) ઠીક, તો સજ્જન, અમે તારો ને સાલિગરામનો પેક્ટ પાસ કરીએ છીએ. આ મોરચા પર આપણને પબ્લિક સામે આપણે સચ્ચાઈ બતાવવાનો સારો મોકો હાથમાં આવશે. એ આપણને ગળા સુધી ડૂબાડવાની સ્કીમ લઈને આવ્યો છે અને આપણે હહરાને ઊભેલા હાથીની જેમ પૂંછડી આમળીને બેસાડી દઈશું. હવે તો આજ કે કાલ સાલિગરામ આવશે જ. પહેલાં તો ખૂબ સંભળાવીશ કે તમે સાલાઓએ એક આર્ટિસ્ટની સજ્જનતાનો લાભ ઉઠાવીને મને નીચો બતાવવાની કોશિશ કરી છે! ઠીક છે બચ્ચા, હું પણ તને એ બતાવીશ – એ જ સજ્જનવાળી વાત – કે આપણી માનવતા દુશ્મનો સાથે પણ દરેક કામમાં ખુલ્લા દિલથી સામેલ થવામાં છે.'

સજ્જનનો ચહેરો ખીલી ઊઠ્યો, વનકન્યાના ચહેરા પર પ્રશ્નનો ઉદય થયો, મહિપાલને કર્નલનું સમર્થન ખટક્યું, એ કન્યાને વાતની ભૂમિકા સમજાવતાં બોલ્યો, 'હજી કદાચ એમને ખબર નથી. વાત એમ છે કન્યાજી કે આજે તમારા બાબુ સાલિગરામ અને શહેરના એક બહુ જ મોટા વ્યાજખાઉ મહાજન સજ્જનને ખુશ કરવા માટે એનાં ચિત્રોના પ્રદર્શનનું બહાનું લઈને એની પાસે આવ્યા હતા. એમણે વિચાર્યું કે એ કલાકારને પૂજા આપીને પોતાની તરફ ખેંચી લેશે. ... અને એ લોકો એમાં સરળતાથી સફળ પણ થઈ ગયા.'

વનકન્યાનો ચહેરો કાળો પડી ગયો, સજ્જનના ચહેરા પર ગુસ્સાની લાલાશ છવાઈ ગઈ, મહિપાલની વાતની ખોટી અસર ભૂંસી નાખતાં કર્નલે તરત જ કહ્યું, 'તેં ખોટી રીતે વાત કરી મહિપાલ! સજ્જને બરાબર વિચાર્યું હતું, મૂળમાં આપણી જ દૃષ્ટિ ટૂંકી હતી!' વનકન્યાના ચહેરા પર વધતી જિજ્ઞાસાને સંતોષવા કર્નલે કહ્યું, 'સજ્જનની વાત મને સવા સોળ આના લાગે છે બિન્નો! એનું કહેવું છે કે તેઓ આપણી પાસે એક સારી પ્રપોઝલ લઈને આવ્યા તો જેમ એક માનવતાના કામમાં એણે તને મદદ કરી એવી જ રીતે પોલિટિક્સનો ભેદભાવ ભૂલીને કોઈના પણ સારા કામમાં મદદ કરશે, એમાં શું ખોટું છે?'

કન્યાની આંખોમાં શંકા અને સમર્થનના મિશ્રણ જેવો ભાવ ઝળક્યો. સજ્જન એની સાથે આંખ મેળવવા માટે વિફળ હતો. પ્રેમમાં એક રીતે જીભ આંખ

પાસે પૂરી રીતે હારી જાય છે. ચાર આંખોમાં વાત કરવાની જેટલી શક્તિ હોય છે એટલી એક સાથે હજાર જીભ હોય તો પણ નથી થઈ શકતી. પોતાની દૃષ્ટિથી કન્યાની તીરછી દૃષ્ટિને બાંધીને સજ્જને કહ્યું, 'તેઓ મારાં ચિત્રોના પ્રદર્શનની દરખાસ્ત લઈને આવ્યા હતા. હું એમની નિયત તરત જ પામી ગયો. મેં એમની પ્રપોઝલને ઉલટાવીને એક નવી વાત જ આગળ ધરી. મેં કહ્યું કે મહોલ્લામાં પ્રદર્શન ભરવાની આ નવી યોજના છે તો એમાં ગલી-મહોલ્લાની તમામ સ્ત્રીઓ પોતાના સીવણ-ભરત અને પરંપરાથી તેઓ જે જે કલાઓ જાણતી હોય તેનું પ્રદર્શન પણ થાય. એમાંથી મહોલ્લાવાળા પસંદગી કરે, ઇનામ વહેંચે. સો રૂપિયાનું ઇનામ હું પણ મારી મધરના નામે આપીશ. એની સાથોસાથ આજની કલાની પણ આ લોકોને શિક્ષણ આપવામાં આવે. એટલા માટે શહેરના બધા જ સારા ચિત્રકારોનાં ચિત્રો લઈ આવીશ — ચાલીસ પચાસ ચિત્રોથી વધુ ત્યાં શું જોઈએ ? જાનકીશરણના સામેવાળા એ હૉલમાં પ્રદર્શન થશે. એમાં મેં શું ખરાબ કર્યું ? મહિપાલ કહે છે કે મેં દગો દીધો. આ મારી પ્રમાણિકતા પર જૂઠું કલંક છે, અને હું મારી વાતની સચ્ચાઈને સાબિત કરી બતાવીશ.'

કન્યાએ તરત જ સજ્જનને કહ્યું, 'તમે જે ઉત્સાહ બતાવ્યો છે તે તમારા કલાકારની પ્રતિષ્ઠાને અનુકૂળ છે. હું તો ખાસ કાંઈ નથી, છતાં પણ એને માટે તમે મને જે કામ સોંપશો તે હું જવાબદારીપૂર્વક કરીશ.'

સજ્જન ખીલી ઊઠ્યો. મહિપાલે કહ્યું, 'તમે લોકો તમારા કલાકારોને યોગ્ય આવેશમાં દુનિયાની ચાલને ભૂલતા નહિ. આ ઇલેક્શનના દિવસો છે!'

'ઇલેક્શનના દિવસો છે તો અહીં પણ એમના કાકા બેઠા હશે — બાબુ નગીનચંદ જૈન ઉર્ફે કર્નલસાહેબ!' કહીને કર્નલે અક્કડ બની એની સફાચટ મૂછ પર તાવ દીધો. પછી સજ્જનને કહ્યું, 'પ્રદર્શન કરો ઠાઠથી. અને આજની તારીખમાં ક્યાંક મારી પણ એક વાત લખી લે સજ્જન, કે એ લોકોની દરેક ચાલને પલટીને આ વખતે આપણી એક અલગ પાર્ટી — માનવતા દળ જો ન રચાય તો કાંઈ કામ થયું ન ગણાય. હવે આપણે એક નહિ પણ બધી પોલિટિકલ પાર્ટીને પડકાર દઈને કસોટી પર કસીશું, આપણે જનતા સાથે રહીશું. જનતાના અધિકારો સાથે રહીશું. હવે ભલે સરકાર હોય કે મોટા મોટા કૅપિટાલિસ્ટ કે પોલિટિકલ પાર્ટીઓ હોય, આપણે બધાની સામે આપણા અધિકારો માટે સાવધાન રહીશું. કેમ બિન્નો ? શો અભિપ્રાય છે ?'

મહિપાલ ખુરશી પરથી ઊઠતાં બોલ્યો, 'બિન્નો વિચારી શું કહે, મારું કહેવું છે કે... તમે બધા જો રાવણની જેમ દસ માથા જેટલી બુદ્ધિ ધરાવીને ફૂલ્યા નથી

સમાતા તો તમને લોકોને આ સાલિગરામ વગેરે મદદર્શનના પુરસ્કારમાં એક-એક ગધેડાનું માથું વધારામાં પ્રદાન કરશે – એ યાદ રાખજો! ...બિચારી ...બિચારી વનકન્યાનો કેસ અદ્ધરથી જ ઊડી જશે – જોઈ લેજો, તમ મૂર્ખાઓને મારું આ બ્રહ્મવાક્ય હું કહી જાઉં છું.'

સજ્જન પણ ઉશ્કેરાટમાં ઊભો થઈ જઈને બોલ્યો, 'તો પછી મારું પણ ભરતવાક્ય સાંભળતા જાવ મહિપાલ. સજ્જન દરેક રીતે તમારા બ્રહ્મવાક્યને જૂઠું સાબિત કરી બતાવશે. અને આ વાત હું એવા લોકોની સામે કહું છું કે જેની સામે જૂઠા પડવા કરતાં હું મરી જવાનું વધુ સારું સમજું.'

મહિપાલ કશું ન બોલ્યો, ખિન્નઈને ચાલ્યો ગયો. સજ્જનને અત્યારે મહિપાલ પર ખૂબ જ ગુસ્સો આવતો હતો. એણે કન્યાનું મન એના તરફથી બગાડવાની કોશિશ કરી; એ વાત એને રહી-રહીને રોષિત કરતી હતી. બડબડતો એ કહેવા લાગ્યો, 'પોતે ખોટી જિંદગી વિતાવે છે, પોતાની બેવકૂફીથી લોકોની ચઢામણીમાં આવે છે ને સમજે છે કે બધા લોકો એવા જ હશે. ઇડિયટ!'

કર્નલે કહ્યું, 'અરે યાર! તું પણ કોની વાતો પર ધ્યાન દઈ રહ્યો છે. હમણાં ક્યાંકથી મનનો કોઈક કાંટો વાગી ગયો હશે એટલે લેખકજી મહારાજ વિરોધી બની ગયા; અને હમણાં જ મન પલટી જશે તો તારા કરતાંય વધારે આગળ પડીને તારું કામ પતાવશે. સાચું કહું છું બિન્નો, મહિપાલ જેવો ભોળો માણસ મેં ક્યાંય નથી જોયો! એની જીભ ખરાબ છે, દિલ નહિ!'

કન્યા બોલી, 'અરે, એમ તો કોઈ માણસ દૂધનો ધોયેલો નથી હોતો ભાઈ-સાહેબ, પણ એકંદરે મહિપાલજી માટે મારા મનમાં આદર છે. દિલના સારા ન હોય તો આટલા સારા સાહિત્યકાર પણ ન બની શકત.'

સજ્જનનો ગુસ્સો કન્યા, કર્નલ અને ખુદ પોતાની જ દલીલથી હારી રહ્યો હતો, એને તે હજી પણ પોતાના કાળજામાં બાંધીને રાખવા માગતો હતો. આ ક્રોધ, આ ઉશ્કેરાટ, એને કન્યાની પ્રેમભરી દૃષ્ટિએ પ્રદાન કર્યાં હતાં, જેની આગળ તે અત્યારે બધું જ ભૂલી ગયો હતો. કન્યાનું સ્નેહદાન એના નબળા મનને અત્યારે મિથ્યા અહંકારથી સબળ બનાવી રહ્યું હતું. એ ઇચ્છતો હતો કે થોડીવાર માટે એને કન્યા સાથે એકાંત મળી જાય. એની સાથે ફરવા આવવાના પ્રસ્તાવનો તે દિવસે કન્યાએ અસ્વીકાર કર્યો હતો. સજ્જનની આંખોમાં અત્યારે જે ચમક હતી તે 'ચિંતનમંદિર'ના બ્રહ્મચર્યના સંકલ્પની તદ્દન ઊંધી દિશામાં પ્રકાશ નાખી રહી હતી. કન્યાની મોહિનીશક્તિથી બંધાયેલા એના પ્રાણ એની મૂંગી ઇચ્છાની પાંખો ખૂબ બેચેનીથી ફફડાવી રહ્યા હતા. આ વખતે પોતાપણાને કોઈ બીજા રૂપમાં

પ્રતિષ્ઠિત ન કરી શક્યો એટલે કન્યાને એ જ પૂછી બેઠો, 'તારું પોતાનું ક્રિચન હવે સજ્જ થયું કે નહિ?'

કન્યા બોલી, 'ભાઈસાહેબ તો ના પાડે છે, પરંતુ આ બાબતમાં હું એમની વાત નહિ માનું, એક-બે દિવસમાં...'

'ત્યાં સુધી તારી જમવાની સગવડ ક્યાં...'

'કાલે રાત્રે પણ ભાઈસાહેબની સાથે જ...'

'ભોજન કર્યું.' સજ્જને હસીને કહ્યું, 'જૈનોના ચક્કરમાં બહુ ન પડતી કન્યા, આ અહિંસા પરમો ધર્મ: કહી-કહીને તારાં માછલી-કબાબ છોડાવી દેશે.'

ઓરડો હાસ્યથી ગૂંજી ઊઠ્યો. કર્નલે કહ્યું, 'તું માંસ-માછલી ખાવાવાળો અમારા ભોજનની લિજ્જત શું જાણે?' કહેતો કર્નલ ઊભો થઈ ગયો. બહાર જતાં જતાં બોલ્યો, 'હું વચનસાહેબને ટેલિફોન કરીને હમણાં આવું છું.'

કર્નલ ચાલ્યો ગયો. સજ્જન અને કન્યા એકબીજાને જોવા લાગ્યા. સજ્જને પૂછ્યું, 'તેં દિલથી મારી વાતનું સમર્થન કર્યું હતું...'

'કઈ વાતનું?'

'આ સાલિગરામની સાથે...'

'તમને એવી શંકા કેમ આવે છે?'

સજ્જન ઊઠીને કન્યાની બાજુની ખુરશી પર આવીને બેઠો, કહેવા લાગ્યો, 'તેં આજે મને સદાને માટે તારો દાસ બનાવી દીધો!'

'હું દાસત્વ તોડવામાં માનું છું સજ્જનજી.'

'છતાં પણ એક દાસત્વ એવું છે જેને માનવીય બુદ્ધિનો કોઈ ઈઝમ ક્યારેય તોડી શકશે નહિ. દિલનો સંબંધ મોટી ચીજ છે. એ પ્રેમ અને માનવતાનું બંધન છે, જેમાં બંધાઈને પછી માણસ ક્યારેય એમાંથી આઝાદ થવાનું ઇચ્છતો નથી; બલકે એવું ઇચ્છે છે કે એ બંધન એની ચારે તરફ હરપળે મજબૂત બને, વધુ ને વધુ મજબૂત બને.'

કન્યા ચૂપ બેસી રહી. એના મોઢા પરથી સજ્જન બરાબર સમજી ન શક્યો કે એની વાતોની કન્યા પર શી પ્રતિક્રિયા થઈ. ઓરડામાં અર્ધી મિનિટથી વધુ વાર ચૂપકીદી રહી. પછી સજ્જન બોલ્યો, 'કાલે તેં મારી સાથે વાયદો કર્યો હતો કે તું મારે ત્યાં રહેશે.'

કન્યા માથું ઝુકાવી દૃઢ સ્વરે બોલી, 'અહીં તમારું ઘર સમજીને જ આવી છું!'

સજ્જન એક રીતે સંતુષ્ટ થયો. પળભર વિચારીને ફરી બોલ્યો, 'મનનો આ પણ કેવો અજબ રંગીન ચમત્કાર છે કે જેના ધ્યાનમાં હરદમ ડૂબેલું રહે છે

એની જ સામે આવતાં એને મૂંઝવણ થાય છે.'

કન્યા ચૂપ રહી. એના ચૂપ રહેવાથી સજ્જનને બળ મળ્યું. એકાએક ઝટકા સાથે એણે પ્રશ્ન કર્યો, 'તું શું એવું નથી અનુભવતી કન્યા?'

કન્યાએ ધીમેથી માથું ઊંચું કર્યું, પ્રશ્નભરી આંખે એને જોઈ રહી. પછી સાવધાનીથી બોલી, 'હું અત્યારે એવી માનસિક સ્થિતિમાં છું કે મારા વિચારો પર મને પોતાને વિશ્વાસ નથી આવતો.'

એક પળ માટે કન્યા અટકી, પછી ધીમે ધીમે વાતનો તંતુ ઉઠાવ્યો, 'એવું તો નથી જ માનતી કે હું કોઈને પ્રેમ ન કરી શકું. પરંતુ સાધારણ રીતે હજી સુધી એ વિચારથી દૂર જ રહી છું; જોકે એક સ્વપ્ન મનમાં રચાતું હતું તે ચોક્કસ. ...મારું એ અધૂરા જેવું સ્વપ્ન તમે ખૂબ નાટકીય પરિસ્થિતિમાં આવીને પૂરું કરવાની ઉતાવળ દર્શાવી. એ માટે ન તો હું તમને બરાબર સમજી શકી છું કે ન મને પોતાને. ...તમે કઠિન સમયમાં મારા મદદગાર બનીને આવ્યા છો. મને ડર છે કે મારા સ્વાર્થને કારણે હું જરૂર કરતાં વધારે તમારો ઉપકાર માની રહી છું...'

'આમાં ઉપકાર માનવાની કોઈ વાત જ નથી.'

'તમારા દિલમાં નહિ હોય, સંભવ છે કે તમે સાચું કહેતા હશો, પરંતુ મનમાં એ ભાવના જરૂર છે અને બિલકુલ સ્વાભાવિક રૂપથી છે.'

'સ્વાભાવિક કેમ છે?'

'તમારી સાથે મારે પહેલાં ક્યારેય ઘનિષ્ઠતા નહોતી, તમે મારા સગા પણ નથી.'

'આપણે જે સંબંધથી બંધાઈ રહ્યા છીએ તે દુનિયામાં સૌથી મોટો...'

'શૂન્ય છે!' કન્યાએ શાંત ગંભીર સ્વરમાં વાક્ય પૂરું કર્યું.

સજ્જન ચોંકી ઊઠ્યો, 'શૂન્ય શું?'

કન્યાએ પહેલાં કરતાં અવાજ જરા મોટો કરીને કહ્યું, 'ઝીરો... મીંડું... એથી વધુ આ સંબંધની કોઈ પરિભાષા મારા ખ્યાલમાં આવતી નથી.'

સજ્જન સ્તબ્ધ બની ગયો. એણે કન્યા તરફથી આવા જવાબની કલ્પના ક્યારેય નહોતી કરી.

કન્યા ફરી કહેવા લાગી, 'જે પ્રેમ પર દુનિયા પ્રાણ આપે છે તેને હું મનનું એક ખાલીપણું માનું છું.'

સજ્જનના સ્વરમાં કડકાઈ આવી, એણે પૂછ્યું, 'કેમ?'

કન્યા બોલી, 'ખાલીપણા સિવાય આ બીજું છે શું? લયલાને મજનુ ન મળ્યો, મજનુ લયલા વિના રહી ગયો – એટલે દુનિયા એમના પ્રેમનાં ગીત

ગાય છે. હું પૂછું છું કે આ જ લયલા-મજનુ જો એકબીજા સાથે પરણી શક્યા હોત તો દુનિયા શું એમને અમર પ્રેમી માનીને યાદ રાખત ?'

સજ્જન ગંભીર બની ગયો, વિચારીને એણે જવાબ આપ્યો, 'અભાવનો અનુભવ કરવો એ જીવનની નાની બાબત નથી હોતી કન્યા! પોતાના ખાલીપણાને ઓળખીને જ એને ભરવા માટે માણસની અંદર છુપાયેલી તાકાત બહાર આવે છે, એનો વિકાસ થાય છે. હવે રહ્યાં લયલા-મજનુ. તેઓને એટલા માટે યાદ કરવામાં આવે છે કે એકબીજા માટે એમણે હરપળ, હરક્ષણ દિવાના બનીને પોતાની જાતને ન્યોચ્છાવર કરી. મહત્ત્વ આ ન્યોચ્છાવરનું છે!'

કન્યા એક વાર ધીમેથી ખોંખારો ખાઈને ચૂપ થઈ ગઈ. એણે એવું વલણ બનાવ્યું જાણે એને આ વાતોમાં કશો જ રસ નથી. સજ્જન ચૂપ બનીને એને જોતો રહ્યો. અચાનક ઊઠીને જતાં જતાં કન્યા બોલી. 'કવિઓએ સદા જે વિચારો અને અનુભૂતિઓને આગળ વધાર્યાં છે એને હું દગાબાજીનો અંચઓ સમજું છું. વાત સીધી હોવી જોઈએ. સ્ત્રી-પુરુષના સંબંધનું અંતિમ રૂપ છે પતિ-પત્ની બનવું... અને આ સંબંધના રૂપમાં હું હાલ તમને મારી સાથે સરખા રીતેજોઈ નથી શકતી!'

સજ્જનને ફરી આકરી ઠોકર લાગી.

બારણા પાસે પહોંચીને બહાર જતાં પહેલાં, પાછું જોયા વિના કન્યા કહી ગઈ, 'સ્ત્રી-પુરુષ જીવનમાં માત્ર એક જ વાર એકબીજાને મેળવે છે; આ વાતમાં મારો દૃઢ વિશ્વાસ છે. અને મેળવવા માટે એમણે આપસમાં પોતાની જાતને અનેક કસોટીઓ પર કસવી પડે છે. એ જવાબદારીનો સંબંધ છે — શ્રીમંતો, કલાકારો, મનમોજીનો દિલ બહેલાવવાનો ખેલ નથી!'

કન્યા ચાલી ગઈ. સજ્જનનું સ્વપ્નલોક ફરી પાયામાંથી ઊખડી પડયું. સજ્જનને પોતાની લાચારી પર ખૂબ ગુસ્સો આવ્યો. આ યુવતી રોજ આવીને એની સાથે રમકડાની જેમ રમે છે, અને પછી ઝટકો દઈને ચાલી જાય છે. સજ્જન રોજ એનાથી અલગ રહેવાની પ્રતિજ્ઞા કરે છે, અને એ પ્રતિજ્ઞા કાચા તાંતણાની જેમ વારંવાર તૂટી જાય છે.

ભરી બજારમાં કોઈએ એને તમાચો મારી દીધો હોય એમ સજ્જન વિવશ અને ચૂપ રહી તરફડવા લાગ્યો. એ વખતે કર્નલે આવી હસતાં હસતાં ઓરડાની લાઈટ કરી એને કહ્યું, 'કેમ બેટા, થઈ ગઈ તારી લવ-મેકિંગ? હું તો તને તક આપવા માટે જ ટળી ગયો હતો.'

ભારે અવાજે સજ્જન બોલ્યો, 'તમે મારા પર બહુ જ મોટો ઉપકાર કર્યો! બેવકૂફ, સાલા!'

ઓગણીસ

કર્નલને ત્યાંથી નીકળીને અમીનાબાદ પાર્કના ગીરદીવાળા રસ્તા પરથી પસાર થતાં મહિપાલની માનસિક ઉત્તેજના, પાણી પડવાથી ધૂળ બેસી જાય એ રીતે બેસવા લાગી, પ્રતિક્રિયામાં ગ્લાનિ વધવા લાગી. હવે ક્યાં જવું! એનું કોઈ ઠેકાણું નથી. કોઈના દિલમાં એનું સ્થાન નથી. એ બધાંને બોજારૂપ છે. એનું જીવન કોઈને પણ માટે ઉપયોગી નથી. એના કપાળ પર નિષ્ફળતા લખાયેલી ચમકતી હતી. એવું લાગતું હતું કે જેવી રીતે સુંદર મોટા મકાનની છત પર વીજળીના મોટા મોટા અક્ષરોમાં લખેલી નીમ ટૂથપેસ્ટની જાહેરખબર સૌની નજરે પડે છે તેમ આખી દુનિયા એ અભાગીની નિષ્ફળતાને જોઈ રહી છે. એ કેટલો લાચાર છે.

મહિપાલને થયું કે બહુ સરળ હોવું પણ સારું નથી. આજની દુનિયામાં સીધો માણસ હંમેશાં લાચારીનો શિકાર બનવા માટે બંધાયેલો છે. શેઠ રૂપરત્ન અને નાના ભાઈ ગટુએ એને ઠગી લીધો છે એ વાત પર કોઈ વિશ્વાસ નહિ કરે, પરંતુ મહિપાલે રૂપરતન જેવા શેઠને ફસાવી પૈસા પડાવી લીધા, અથવા તો, ડૉ. જયપાલ દ્વારા એને આર્થિક લાભ પહોંચતો હશે એવી વાતો કરવા દરેક જણ મોં ખોલીને તૈયાર રહેશે. હું શીલાને શું આપું છું તે દુનિયા નહિ જાણે. કદાચ જાણશે તોપણ એમ જ કહેશે કે મહિપાલ શુક્લ, જે મોટો લેખક અને સાહિત્યકાર છે તે એવો રાક્ષસ છે કે એનાં કંગાળ પત્ની-બાળકોનાં પેટ કાપીને વિલાસમાં પૈસા લૂંટાવે છે. દુનિયા મને હરહાલતમાં બદનામ પણ કરશે, કારણ કે હું સીધો છું, ગરીબ છું. મારા હાથમાં કોઈ પ્રકારની સત્તા નથી.

સામે ભગતજી પાનવાળાની દુકાન પર કાલ રાતના ભોજન-સમારંભમાં હાજર હતી એવી બે વ્યક્તિઓ ઊભેલી દેખાઈ. એમને જોઈને, પોલીસને દેખતાં ચોર કતરાય એમ મહિપાલ ચોકમાંથી કતરાઈને ભાગ્યો. એ કેટલો ઝડપથી ચાલ્યો છે એ વાતનું ભાન એને કેસરબાગના ચોક સુધી, નજીરાબાદની આખી સડક પાર કરતાં સુધી ન થયું. ચોકમાંથી પસાર થતી બસો એની ઝડપી ચાલને બ્રેક મારીને એ વાતનું પણ ભાન કરાવ્યું કે એણે નકામો જ પોતાની જાતને કેટલો હેરાન કર્યો. એણે એ લોકોથી ડરવાની શી જરૂર હતી? મૂળમાં તો તે એ લોકોથી નહિ પણ પોતાની બદનામીથી ડરીને ભાગ્યો હતો. પરંતુ આ તો નકામી વાત છે. પોતાના ગભરાતા મનને સંયમ શીખવીને મહિપાલે પોતાની જાતને પૂછ્યું, 'હું

ક્યાં સુધી લોકોથી ભાગતો ફરીશ. અને મેં એવું કર્યું પણ શું છે? સંસારમાં ઘણાંય એવાં છે જે એકથી વધુ સ્ત્રીઓ સાથે સંબંધ રાખે છે. ઘણાંય એવાં છે જે પોતાની વિલાસ-ક્રીડા માટે સ્ત્રીઓના અનુચિત વેપારને ઉત્તેજન આપે છે – શું મહિપાલ શુક્લ એમનાથી પણ બેદ છે? – નહિ, હું નિષ્પાપ છું. મારો ને શીલાનો સંબંધ આજની લૌકિક દૃષ્ટિએ અનૈતિક ભલે હોય, પરંતુ અમે કોઈ પાપ નથી કરતાં. અને જો એમ કહેવાય કે હું એકપત્ની-વ્રતનું પાલન નથી કરી શકયો તો પણ કોઈ પાપ નથી. ત્રીસ-ચાલીસ વર્ષ પહેલાં કેટલાય લોકો બબ્બે-ત્રણત્રણ પત્નીઓ રાખતા હતા; ખુદ શિવ, કૃષ્ણ, અને ભગવાન રામના પિતા પણ બહુપત્નીવાદી હતા. અનેક ઋષિઓ સુધ્ધાંએ બહુપત્નીત્વના સિદ્ધાંતને માન્ય કર્યો છે. શીલા એક પ્રકારે મારી પત્ની તો છે જ, ભલેને એની સાથે સાત ફેરાવાળું લગ્ન ન થયું હોય.'

મહિપાલની બુદ્ધિ એની અંદર વિકસતા ભયનો નાશ કરવા માટે ઉચિત-અનુચિત તર્કનો સહારો લઈ રહી હતી. જતાં જતાં એની વિચારધારા એટલે સુધી પહોંચી ગઈ કે શીલા જ એની સાચી પત્ની છે, કલ્યાણી સાથે એનું લગ્ન વડીલોની ઇચ્છાથી થયું છે. અને આ બાળકો? – આ બધાં બાળકો ખરી રીતે શીલાનાં જ હોત.

પોતાનાં બાળકોની માના રૂપમાં શીલાની કલ્પના કરતાં મહિપાલની બકવાસી બુદ્ધિ પણ સંકોચાઈ ગઈ. ...ના, શીલા એનાં બાળકોની મા ન બની શકે. શીલા મા બનવાના વિચારને જ ધિક્કારે છે. મહિપાલને ફરીથી એ વિચાર આવ્યો કે જો શીલાને પણ એનાથી કોઈ બાળક થાય તો... કેવું લાગે? કલ્યાણીનાં બાળકો, શીલાનું સંતાન – અને બંનેયના બાળકો એનાં સંતાન! ...બાળકોમાં પ્રેમની વહેંચણી એ કેવી રીતે કરી શકશે? જે લોકોને જુદી જુદી સ્ત્રીઓથી સંતાન થાય છે એમનાં મનમાં શું ભેદભાવ નહિ ઊઠતા હોય! અવશ્ય ઊઠતા હશે. સ્વાભાવિક રીતે જ ઊઠતા હશે. દુનિયામાં એવા તો કેટલાય દાખલા મોજૂદ છે. ખુદ દશરથનો દાખલો મોજૂદ છે. જુદી જુદી સ્ત્રીઓથી જો એમને બાળકો ન હોત તો શું એમનું ઘર આમ વેરવિખેર થાત? બહુપત્નીવાદની સૌથી મોટી ટ્રેજેડીના રૂપમાં દશરથનું ઉદાહરણ એની સામે આવ્યું. ત્રણ સ્ત્રીઓથી પેદા થયેલા ચાર પુત્રોના પિતાને કેવા બૂરા મોતે મરવું પડયું.

મહિપાલ એના વિચારોમાં ચાલતો ચાલતો વિકટોરિયા પાર્કમાં પહોંચી ગયો હતો. અત્યારે એના મન પર વિચારો એવી રીતે છવાઈ ગયાં હતાં કે અજાણતાં જ એને બેસવાની ઇચ્છા થઈ અને વિકટોરિયા મંડપના ઓટલાના પગથિયાને

અહેલીને તે બેસી પણ ગયો. શિયાળાનું અંધારું, પાર્કની શાંતિ, કેમ બેઠો છે એ વાતનો ખ્યાલ – બધું અત્યારે એના વિચારોની બહાર હતું. ખિસ્સામાંથી એક સિગરેટ કાઢી, સળગાવી અને એના વિચારોની ધારામાં ડૂબી ગયો.

લગભગ એક કલાક સુધી એ ત્યાં જ બેઠો બેઠો જાતજાતની વાતો વિચારતો રહ્યો. ઠંડી વધી રહી હતી. વિચારોની ગરમી પણ હવે મોસમની ઠંડીને ઓછી કરી શકતી નહોતી. સત્ચિંતનની અગણિત ક્ષણોનો માલિક, પોતે ઘરની બહાર છે એ વાતનો અનુભવ થતાં ઠુંઠવાવા લાગ્યો. અત્યારે એ જાય ક્યાં? રહે ક્યાં?

મહિપાલ ઘેર જવા નહોતો ઇચ્છતો. એનું મન કલ્યાણીની સામે જતાં ડરતું હતું. સવારે પતિ-પત્નીના ઝઘડાથી બાળકોને પણ ખબર પડી ગઈ છે કે એમના પિતા દુશ્ચરિત્ર છે. એની પત્ની, બાળકોની મા, હોવા છતાં તે બીજી સ્ત્રી સાથે 'અનુચિત' સંબંધ રાખે છે.

'બાળકો શું વિચારતાં હશે? પિતા મહિપાલ એનાં બાળકો સાથે આંખ કેવી રીતે મેળવી શકશે? કલ્યાણી સાવ મૂરખ છે. સમજું છું કે એને જે ક્ષોભ થયો તે સ્વાભાવિક હતો, તોપણ જે રીતે એણે એનું પ્રદર્શન કર્યું તે એકદમ જ બેહૂદું હતું.' અત્યારે મહિપાલની મનોદશા વિચિત્ર હતી.

ચાર વર્ષ પહેલાં આંતરડામાં ઘા થવાથી કલ્યાણી ખૂબ બીમાર પડી ગયેલી. કર્નલની સાથે ડૉ. શીલા સ્વિંગ સારવાર કરવા માટે એને ઘેર આવી હતી. મહિપાલ સાથે વાતો કરવાથી એને એના પ્રત્યે બૌદ્ધિક આકર્ષણ થયું. કર્નલે પણ એના મિત્રની પ્રસિદ્ધિ અને મહાનતાનું ભાવભર્યું, ગર્વભર્યું વર્ણન કર્યું. શીલાના મન પર એની પણ છાપ પડી. કલા અને સાહિત્યમાં શીલાની રુચિ પ્રથમથી હતી. હિન્દી સાહિત્યનો એને પરિચય નહોતો છતાં પણ પ્રેમચંદનાં એક-બે પુસ્તક, શરતનાં એક-બે અનુવાદ એણે હિન્દીમાં વાંચ્યાં હતાં. ઉગ્રની 'ચંદ હસીનોં કે ખુતૂત' તો આજે પણ એને યાદ છે.–બસ, આટલી જ પૂંજી પર બંનેની મૈત્રીની ભાગીદારી થઈ. એ દિવસોમાં પૈસાની તાણ હતી એટલે મહિપાલે કર્નલ પાસેથી ઉધાર રૂપિયા લઈ પોતાનાં પુસ્તકોનો સેટ ખરીદ્યો અને કર્નલ મારફત ડૉ. શીલા સ્વિંગના 'કર-કમળો'માં ભેટ ધર્યો તે પછી શીલાએ ફી લેવાનું બંધ કર્યું. અને બોલાવ્યા વિના વિઝિટ પર જઈ કલ્યાણીને રોગમુક્ત કરવામાં ખૂબ મહેનત લીધી. શીલા, કલ્યાણી અને બાળકો સાથે ખૂબ જ હળીમળી ગઈ. એને મહિપાલ લેખક અને વ્યક્તિ, બંને રીતે ગમ્યો, શીલા પોતાની કલાપ્રિયતા, સૌજન્ય અને શક્તિથી મહિપાલને પ્રભાવિત કરવા લાગી. બસ, બંનેનો આ જ સંબંધ હતો. ક્યારેક કૉફી હાઉસમાં પણ બેસવાનું થતું હતું. મહિપાલની સાથે

સજ્જન અને કર્નલ સાથે પણ એની ઘનિષ્ઠતા વધવા લાગી. આમ જ મહિનાઓ વીતી ગયા.

એક દિવસ મહિપાલ એકલો કૉફી હાઉસમાં બેઠો હતો. શીલા આવી. તે દિવસે કાંઈક ઉદાસ મૂડમાં હતી. ત્યાં બેસવાનું ન ગમ્યું. મહિપાલને ફરવા આવવાનું સૂચન કર્યું. બંને ગાડીમાં વાતો કરતાં લામાર્ટીનિયર કૉલેજથી આગળ સુધી નીકળી ગયાં. ગાડીમાંથી ઊતરીને એકાંત જગામાં બેસી ગયાં. વાતોના વહેણમાં તણાતાં શીલાની આંખો મહિપાલ માટે એવા સંબંધનો સંદેશો લાવી જે, અનુભવની દૃષ્ટિએ એને માટે ખૂબ રસમય હતો, તાજગીભર્યો હતો. એના પછી થોડા જ દિવસમાં મહિપાલનું એકપત્નીવ્રત ખંડિત થઈ ગયું. પાપનો ખ્યાલ હોવા છતાં, શીલાને મળવાથી આજે પણ મહિપાલના મનમાં એવી જ તાજગી આવે છે, જે ચાર વર્ષ પહેલાં એણે અનુભવી હતી. શીલાનો સૌથી મોટો ગુણ એ છે કે તે મહિપાલને રીઝવવાનું જાણે છે. આટલા દિવસમાં આજ સુધી ક્યારેય ઝઘડો નથી થયો, જોકે મતભેદ ઘણીવાર થાય છે. મહિપાલ ઉગ્ર છે. એનો સ્વભાવ શીલાની સામે પણ પોતાનો પરિચય આપે છે, પરંતુ શીલાની સામે એની ઉગ્રતાને ઉત્પાત મચાવવાનો મોકો મળતો નથી. શીલા એના ક્રોધને ત્યાં ને ત્યાં જ દબાવી દેવાની કલા જાણે છે. ખૂબ હળીમળી ગઈ હોવા છતાં આજ સુધી શીલાએ મહિપાલની આર્થિક સ્થિતિ સંબંધે ક્યારેય એક પ્રશ્ન પણ કર્યો નથી કે પોતાની કોઈ અંગત અને ઘરની વાતોની ચર્ચા એની સાથે કરી નથી. બંનેને મળવાનું પણ રોજ નથી થતું. પોતાના કામકાજમાં, પોતપોતાના સમાજમાં વ્યસ્ત રહે છે. છતાં પણ જલદી જલદી મળતાં રહેવાનો એમનો અનિવાર્ય નિયમ છે.

મહિપાલના મનમાં શીલાની સ્મૃતિ એની મધુરતા સાથે તીવ્ર બની ગઈ. વિચારવા લાગ્યો કે ત્યાં જ રાત વિતાવી દઉં.

મહિપાલ ઊભો થયો. ફરી એક વાર અચકાયો. ફરી વિચાર્યું કે શીલાને ત્યાં ગયા વિના બીજો ઉપાય નથી. એમ તો એ સજ્જનને ઘેર જઈને પણ સૂઈ જાત, પરંતુ અત્યારે એને ત્યાં જવાની ઇચ્છા નથી. એની નજીકમાં સજ્જન હિપોક્રેટ છે. કર્નલનું ઘર એના ઘરની બહુ નજીક છે, ત્યાં જવાથી એ ઉપદેશનું પંચામૃત પિવડાવવા લાગશે... શીલાને ઘેર જ જવું જોઈએ.

નિશ્ચયપૂર્વક આ વિચારને દૃઢ કરીને તે દસ ડગલાં ચાલ્યો; વળી વિચાર્યું કે એ શીલાને ત્યાં જ રહેશે ? શું એ રહી શકે ? મહિપાલના પગ પાછા અટકી

ગયા. ફરીને ગ્લાનિનો હુમલો આવ્યો. એનું જીવન નિરર્થક છે. તે હવે સંન્યસ્ત લેશે – ક્યાંક ભાગી જશે.

નાસી જતાં પહેલાં શીલાની અંતિમ વિદાય લેવાનો વિચાર એના મનમાં બચાવરૂપે આવ્યો, અને તે એ જ બહાને ચાલવા લાગ્યો.

બંગલા પર પહોંચતાં નોકરો પાસેથી જાણવા મળ્યું કે મિસ સાહેબ વિઝિટ પરથી પાછી નથી ફરી. એ વખતે ઘડિયાળમાં પોણા દસ વાગ્યા હતા. મહિપાલ નોકરને કોફી બનાવવાનું કહીને શીલાના લિવિંગ રૂમમાં જઈને સોફા પર સૂઈ ગયો. વીસ મિનિટ પછી શીલા પણ આવી ગઈ.

શીલાના અંબોડામાં ત્રણ પીળા ગુલાબનાં ફૂલ અને કાનોમાં હીરાનાં એરીંગ ચમકી રહ્યાં હતાં. શીલા બહારથી ખૂબ આનંદમાં પાછી ફરી હતી, મહિપાલને જોઈને એના આનંદમાં ચાર ચાંદ લાગી ગયા.

'યૂ રાસ્કલ, વ્હોટ આર યૂ ડુઈંગ હિયર એટ ધીસ ટાઈમ ઑફ ધ નાઈટ ? વહુએ ઘરમાંથી કાઢી મૂક્યો છે કે શું ?'

મહિપાલે શુષ્ક હસીને કહ્યું, 'હા.'

'સાચું કહે. ઝઘડીને આવ્યો છે ?'

મહિપાલે વાતને હસવામાં ઉડાવીને જવાબ આપ્યો, 'નહીં રે, હું તો હસવામાં કહું છું. એવું થયું કે આજ સાંજે આ બંને બેવકૂફો મળ્યા નહિ. હું જરા ફરવાના મૂડમાં આવી ગયો. ઘણીવાર સુધી વ્હાઈટ વિક્ટોરિયા પર બેસી રહ્યો. પછી તારે ત્યાં આવવાનું મન થઈ ગયું. ચાલ્યો આવ્યો. જમવા-કરવાનું તેં પતાવી દીધું છે ?'

'હજી ક્યાં ખાધું છે ? તેં પણ કદાચ નહિ ખાધું હોય.'

'એટલે તો પૂછ્યું.'

'અબ્દુલ.'

'જી મિસ સાબ.' દૂરથી અવાજ સંભળાયો.

મહિપાલને હસવું આવી ગયું. શીલાએ જોયું, પૂછ્યું, 'કેમ, શાના પર હસવું આવ્યું ?'

મહિપાલે કહ્યું, 'અબ્દુલના મિસ સાહેબ કહેવા પર.'

શીલાને વાત સમજતાં એક ક્ષણની વાર લાગી, પછી તે જોરથી હસી પડી. એની પાસે પડેલો ગોળ તકિયો એણે મહિપાલ પર ફેંક્યો. ત્યાં સુધીમાં અબ્દુલ આવી ગયો હતો. તરત જ ગંભીર બનીને શીલાએ એને સૂચના આપી, 'સાહેબ અહીં જ જમશે. આજે શું બનાવ્યું છે ?'

'મુરગી.'

'ઠીક ! જમવાનું પીરસ. ...ઊભો રહે ! મહિપાલ, ડ્રીંક લેવું છે ?'

'શરત પર પસંદ કરું.'

અબ્દુલને પછી કાંઈ આદેશ દેવાની જરૂર ન પડી. શીલા પાસેથી ખાનાની ચાવી માગી. ટેબલનું ખાનું ખોલી, બીજી ચાવી કાઢી અને આલમારી ઉઘાડી ટેબલ પર ગ્લાસ અને વ્હીસ્કીની બોટલ મૂકી દીધાં.

જમવાના ટેબલ પર બેસતાં શીલાએ પૂછ્યું, 'તારી નવલકથાનું શું થયું ?'

'હમણાંથી આગળ નથી વધતી.'

'ક્યારથી ?'

'પંદર-વીસ દિવસ થઈ ગયા.'

'અત્યાર સુધી કેટલું લખાયું છે ?'

'ચોપ્પન પાનાં.'

'લખવાનું કેમ બંધ કરી દીધું ?'

'ઓઃ, એમ જ, વચ્ચે કાંઈક રેડિયો વગેરેનું કામ આવી ગયું. અને વળી રોજની મજૂરી કરવામાંથી ફુરસદ નથી મળતી.'

'એને પૂરી કરી નાખ. તેં એક સરસ ચીજ ઉપાડી છે.'

મરઘી પર છરી ચલાવતાં મહિપાલે બેપરવાઈથી મોં બનાવીને કહ્યું, 'ઊંહ, થશે પૂરી કોણ પરવા કરે છે ?'

'વાહ, જો તમામ આર્ટિસ્ટ આમ જ વિચારશે તો કાલે આર્ટ નામની કોઈ ચીજ જ નજરે નહિ પડે.'

'જૂની, ગવાઈ ગયેલી વાત. એટલી ગવાઈ ગયેલી કે સિનેમાવાળા પણ એનો ડાયલૉગ બનાવી લે છે. જો શીલા, લખવા માટે કોઈ કોઈ લેખકને ફરજ નથી પાડી શકતું. લેખક પોતે પણ પોતાને ફરજ નથી પાડી શકતો. એનું કારણ એ છે કે લેખક – કે કોઈ પણ આર્ટિસ્ટ પોતાની આર્ટમાં પોતે એટલો લાચાર હોય છે કે જરા સરખી શાંતિ મળતાં જ પોતાનું કામ શરૂ કરી દે છે !'

'કેમ, આજકાલ કોઈ ખાસ મુશ્કેલીમાં છો ?'

પ્રશ્ન સાંભળીને મહિપાલે પોતાની જાતને સંભાળી લીધા; ને બોલ્યો, 'ખાસ મુશ્કેલી શું... ભાણેજનાં લગ્નની ચિંતા છે. રોજ ક્યાંકની જન્મપત્રી માગો, ક્યાંક ખુશામત કરો, આ જ બધી મૂંઝવણો મન પર બોજો નાખી દે છે.'

'શકુનનું લગ્ન ક્યાંય નક્કી કરી લીધું છે શું ?'

'અરે, પહેલાં વરરાજા તો ખરીદું. આપણે ત્યાંનો આ અજબ કાયદો છે કે વધારે પૈસાથી ખરીદેલી ચીજ પર આપણો પોતાનો જ અધિકાર નહિ. છોકરી માટે વરના પૈસા આપીને પણ આપણે જ દરેક રીતે બેવકૂફ બનવું પડે છે, અપમાન સહેવું પડે છે.'

'મહિપાલ, તું કેમ આ બધા જાતિ વગેરેનાં બંધન તોડી નથી નાખતો? હવે જો તારા જેવા લોકો પણ આવી બાબતોમાં લીડ નહિ લે તો છેવટ સમાજ બદલાશે કેવી રીતે?'

'અરે, હું તો લાખ વાર બદલું, પરંતુ પેલી જે છે તમારી... એ કહે છે કે હું ઝેર ખાઈ લઈશ, જો તમે શકુંતલાનું લગ્ન પદ્દકુળમાં નહિ કરો તો.'

પરિસ્થિતિની લાચારીને પૂરી સહાનુભૂતિથી સમજવા છતાં પણ વાત કરવાની રીત પર શીલાને હસવું આવી ગયું. એણે કહ્યું, 'તું તો કલ્યાણીની એવી નકલ કરે છે કે... ઠીક, મળવા દે આ વખતે, તારી ફરિયાદ કરીશ.'

મહિપાલે એ વાતનો કાંઈ જવાબ ન આપ્યો. ચૂપચાપ ખાતો રહ્યો.

'અબ્દુલ.'

'હજૂર.'

'મિયાં, એકવાર ગ્લાસ ભરી દે.'

'બહુ સારું હજૂર.'

શીલાએ કહ્યું, 'હું તારી તકલીફોને બરાબર સમજું છું. છોકરાવાળા ઢગલોએક દહેજ માગતા હશે.'

'માગવા દો સાલાને!' ગ્લાસમાં રંગ રેડાતાં જ એના મનમાં નવી મસ્તી છવાઈ ગઈ. એણે કહ્યું, 'મેં એની ચિંતા કરવાનું જ છોડી દીધું છે. કલ્યાણીને ગરજ હશે તો પોતે જ કરી લેશે.' પછી અબ્દુલને કહ્યું, 'ભાઈ, થોડી વધારે નાખ દોસ્ત!'

ગ્લાસમાં બે પેગ નાખીને તે સોડાની બાટલી ખોલવા લાગ્યો હતો. અબ્દુલે તરત જ સોડા રાખીને બોટલ ખોલી. બે પેગ વધુ નાખ્યા. શીલાએ પૂછ્યું, 'તને ખાતરી છે કે તું ઓવર નથી જતો?'

'ના. આય નીડ ઈટ.' અબ્દુલને બોટલ બંધ કરતો જોઈને એણે પૂછ્યું, 'મિસ સાહેબને ન આપી?'

'હું હવે નહિ લઉં.'

'સાથ આપવા માટે?'

'ના, સવારે પેશન્ટસ એટેન્ડ કરવાના છે.'

'એક પેગ સાથ આપવા માટે?'

'અબ્દુલ, તું જા. હું લઈ લઈશ. સોડા ખોલી નાખ ને જા.'

અબ્દુલના ગયા પછી શીલાએ ઊઠીને મહિપાલના ગ્લાસમાંથી જ લગભગ એક પેગ પોતાના ગ્લાસમાં લઈ લીધો ને પછી સોડા મેળવ્યો.

ગ્લાસ ખણકવી બંનેએ પોતાના પ્રેમના ઘૂંટ પીધા. ગ્લાસ મૂકીને જમવાનું શરૂ કરતાં શીલાએ કહ્યું, 'મહિપાલ, એક વાત કહું?'

'શું?'

'મારા ઘણા રૂપિયા બ્લેકનાં પડ્યા છે, એને વ્હાઈટ કરવામાં તું મદદ કરીશ?'

'ના.'

'પહેલાં મારી વાત સમજી લે. તારે મારી માત્ર એટલી જ મદદ કરવાની છે કે મારે જે પ્રકારના માણસો જોઈએ તેવા શોધી દેવાના.'

'શા કામ માટે?'

'હું પબ્લિકેશન કરવા માગું છું. એક તો તું મને તારાં બધાં પુસ્તકો પબ્લિશ કરવાનો હક આપ. એ જ્યાં જ્યાં છપાયાં છે ત્યાંથી એ બધો સ્ટૉક ખરીદવા હું તૈયાર છું! જે વેચાઈ ગઈ છે એની નવી એડિશન હું છાપીશ. પુસ્તકોનો ધંધો સમજનાર એક સારો મેનેજર તું મને આપ – બસ, એટલી જ મદદ જોઈએ છે.'

મહિપાલ ચૂપચાપ સાંભળતો રહ્યો. શીલાની વાત પૂરી થઈ ગઈ તોયે એણે પોતાના તરફથી જવાબમાં કશું ન કહ્યું. શીલાએ ફરી પૂછ્યું, 'બોલ, મંજૂર છે? – આ વાત હું પહેલેથી જ સ્પષ્ટ કહી દઉં છું કે આ મારી પ્યોર બિઝનેસ ફોર્મ્યુલા છે. આ મંદીના જમાનામાં થોડીઘણી ચોપડીઓ લોકો જરૂર ખરીદે છે, અને હું તો એવી નવી રીતે એની પબ્લિસિટી કરીને સેલ પુશ કરીશ કે તું જોતો જ રહી જઈશ.'

મહિપાલ હસ્યો – જોરથી ધૂનભર્યું પોકળ હાસ્ય કર્યું. શીલા એનો ચહેરો જોવા લાગી. મહિપાલે કહ્યું, 'તારી પાસેથી ન લેવા છતાં આ હાલ છે કે લોકો ખુલેઆમ મને બદનામ કરે છે. અને એમાં વળી તું તારા પૈસાથી મારાં પુસ્તકો છાપવા લાગશે તો તો લોકો માત્ર પરસ્પર કાનાફૂસીમાં નહિ પણ ઇતિહાસમાં મારું કલંક લખવા દોડશે.'

'તારી સાથે એક મોટી તકલીફ મને એ પડે છે મહિપાલ, કે જ્યારે તું તારે પોતાને વિષે વિચાર કરે છે, ત્યારે એકદમ અયોગ્ય થઈ જાય છે. અરે કોલ પ્રમાણે તારી જ જિંદગી હવે અડધી સફર તો કરી ચૂકી છે. ક્યાં સુધી બેવકૂફીઓનો

શિકાર બન્યા કરશે? હું તને સાચું કહું છું, ઘણા દિવસથી હું આ વાત પર વિચાર કરતી હતી. મેં ખૂબ સમજી વિચારીને જ આ વાત આજે તને કરી છે. આ કામમાં આપણને બંનેને ફાયદો છે. અરે, મેં સેલ વધારવા પબ્લિસિટીના એવા સારા સારા ઉપાયો વિચાર્યા છે...'

'વિચાર્યા હશે. મને સંભળાવવાની જરૂર નથી.'

'તું વધારે પડતું કરે છે. થોડી વાર માટે ભૂલી કેમ નથી જતો કે તું એ નથી કે જે ... કે જે તું મારો છે. આપણે સીધા–સાદા બે દોસ્ત છીએ. સાથે મળીને આવું બિઝનેસ કરીએ તો એમાં નુકસાન શું? દુનિયાની વાતોને છોડ. દુનિયા તો કોણ જાણે શુંનું શુંય બકયા કરતી હોય છે.'

'હું દુનિયાથી નથી ડરતો શીલા મારા મનના ચોરથી ડરું છું.'

'તું ડરતો–બરતો કાંઈ નથી; હમણાં સાચું કહી દઈશ તો તને માઠું લાગી જશે. પરંતુ તું છે મૂર્ખ! હું હસવામાં નથી કહેતી. તારામાં ખરેખર એક એવી નાદાની છે જે ખુદ તને જ ચેન લેવા નથી દેતી. બીજાની વાત તો નકામી છે.

મહિપાલ કાંઈક કહેવા જ જતો હતો ત્યાં શીલા સમજાવટભર્યા સ્વરમાં કહેવા લાગી, 'જો, મેં ખૂબ સારી સારી સ્કીમો વિચારી છે. તમામ સ્કૂલો અને કૉલેજો, યુનિવર્સિટીઓમાં એવી રીતની પબ્લિસિટી કરાવીશ કે જે તારા પુસ્તકો વાંચીને એનું સારું ક્રિટિસિઝમ કરશે, એના કૉમ્પિટિશનમાં જે ફર્સ્ટ આવશે એને ઇનામ આપવામાં આવશે. આથી લોકો તારા પુસ્તકો વધુમાં વધુ સંખ્યામાં મેળવવા અને વાંચવા માટે ઉત્સુક થશે.

મહિપાલ આ સાંભળીને મનમાં ને મનમાં ઘણો સુખી થયો. જાણે રણના તરસ્યાને પાણી મળ્યું. લોકો ચારે બાજુ એનાં પુસ્તકો વાંચે ને પ્રશંસા કરે એ એની ખૂબ મોટી તમન્ના રહી છે. પરંતુ આ સ્વાર્થસિદ્ધિને માટે મહિપાલ એની મર્યાદા નહિ તોડે શીલાને હતોત્સાહ કરતાં બોલ્યો, 'જો, આ પ્રકાશનનું કામ પૂરો સમય અને પૂરી મહેનત માગે છે. તને એટલી ફુરસદ છે નહિ...'

'તું એવું કેમ સમજી બેઠો કે હું આ કામમાં મારો સમય નહિ આપી શકું. બસ, મને એક સારો બિઝનેસ મેનેજર આપી દે. જો, મહિપાલ, મારા નકામા પૈસા નફો દેવા લાગશે, તને પણ રોયલ્ટીની બાંધેલી રકમ મળશે. સાચું કહું છું, આ મંદીના જમાનામાં પણ હું તારાં પુસ્તકોનું સેલ ન વધારી લઉં તો કહેજે!'

'બહુ થઈ ગયું. હવે કોઈ નવી વાત શરૂ કર.'

'હું ઘણી અગત્યની વાત કરું છું.'

'મારા જીવતાં જીવત તારું આ બિઝનેસ નહિ ચાલી શકે. મર્યા પછી કરજે!'

'મહિપાલ,' શીલાએ લાડથી મધુર સ્વરે કહ્યું, 'તું તો ક્યારેય મારી વાત માનતો નથી.'

મહિપાલે ગ્લાસ ઉપાડતાં ફિક્કા હાસ્ય સાથે કહ્યું, 'ખેર, આજે હું તારી એવી દરેક વાત માનીશ જે આજે જ પૂરી થઈ શકવાની હોય?'

'એનો અર્થ શું?'

'આજે હું તારી અંતિમ વિદાય લેવા આવ્યો છું.'

શીલ સ્તબ્ધ બની ગઈ. કાંઈ સમજી ન શકી. પરંતુ ડરી જરૂર ગઈ. 'તારો અર્થ શું છે?'

* * *

બંને શીલાના પલંગ પર બેઠાં હતાં – એક સાથે રજાઈ ઓઢીને. શીલા દુઃખી હતી. એને કારણે મહિપાલની આવડી મોટી બદનામી થઈ ગઈ, એ વાત રહી રહીને એના મનને ખૂંચતી હતી. ઘણીવાર સુધી ચૂપ બેસી રહ્યા પછી એકાએક મહિપાલના ગળામાં હાથ નાખીને એને પોતાની છાતી સાથે જડી દઈ આંસુભરી આંખે શીલા બોલી, 'દુનિયાને કહેવા દે!'

'દુનિયાની મને પરવા નથી. વાત કલ્યાણી અને બાળકો સુધી પહોંચી ગઈ છે. ... મને એ વાતનું ખૂબ જ દુઃખ છે કે તેઓ આજ સુધી તને જે નજરે જોતાં હતાં તે નજરે હવે નહિ જુએ. મારે માટે એમને છોડવાનો અથવા તો તને છોડવાનો સવાલ આવી ગયો છે.'

શીલા કશું ન બોલી. એમ જ જકડી ને બેસી રહી.

'જાણું છું કે ઘરમાં ને બહાર બંને જગાએ થોડા દિવસ પછી આ મામલો દબાઈ જશે. દરેક મામલો પોતાની ગરમી બતાવીને પછી દબાઈ જતો હોય છે. ત્યાર પછી આપણે ફરી આ રીતે જ મળીશું ને દુનિયા ફરી આપણને બેશરમ માનીને આપણી તરફ આંગળી ઉઠાવવાનું છોડી દેશે.'

શીલા સરખી થઈને બેઠી. બોલી, 'જો મહિપાલ, આપણે પરસ્પર એકબીજાને જાણીએ છીએ, પછી આ હકીકતને દુનિયાથી છુપાવીએ જ શા માટે? આપણી સચ્ચાઈને જો દુનિયા ખોટી સમજતી હોય તો સમજે, આપણે શા માટે ખોટી સમજીએ? અને એ ઉપરાંત એક વાત હું તને એ પૂછું છું કે આટલા દિવસમાં મેં તો ક્યારેય કલ્યાણીનો અધિકાર છીનવ્યો નથી, તો પછી કલ્યાણી માટે તું મારો અધિકાર શા માટે છીનવે છે?'

'તેં મને કલ્યાણી પાસેથી છીનવ્યો છે શીલા! જે માણસ પર વીસ વર્ષ સુધી એનો એકછત્રી અધિકાર રહ્યો, એના પર આજે તું ભાગીદારી લઈ રહી છો.'

'કલ્યાણી તને જેટલો જીતી શકી એટલો તું આજે પણ તેનો છે, પરંતુ જે મારી જીતનો ભાગ છે તે લેનારી એ કોણ? હું કદી તારો સાથ છોડીશ નહિ. પ્રોમિસ કર કે હવેથી તું કદી મારી પાસે એવી વાત કરશે નહિ. આ લવ–ટ્રાયંગલ કરીને એના પ્રોબ્લેમના ચક્કરમાં પડવાની હવે આપણી ઉંમર રહી નથી. આપણે આજ સુધી જેમ રહ્યાં છીએ તેમ જ રહીશું. બોલ, વાયદો કર કે પાછો નહિ હટે?'

મહિપાલનું પૌરુષ પાછાં ડગલાં ભરવાને તૈયાર નહોતું. બોલ્યો, 'હું વાયદો કરું છું, આપણો જે સંબંધ છે તે સદા રહેશે.' શરાબના નશાએ પ્રતિજ્ઞામાં ખૂબ જ જોશ ભરી દીધું, પરંતુ આવી હાલતમાં પણ તેણે સંપૂર્ણરીતે એની જાગૃતિ ખોઈ નહોતી. નશાને કારણે થોડોઘણો બેધ્યાન હોવા છતાં મહિપાલને એના સ્વાભિમાનનો બરાબર ખ્યાલ હતો. વચન દઈ ને એણે પોતે પણ શીલા પાસે વચન માગ્યું, 'અને તારે પણ વચન દેવું પડશે કે હવે ભવિષ્યમાં મારી સામે બિઝનેસની વાતો નહિ કરે. તું પોતાને લખપતિ સમજે છે. મેં આજ સુધી તારા લાખોની પરવા નથી કરી.'

'વાત અહીં જ રહેવા દે. હવે ક્યારેય એવી વાત નહિ કરું.' પોતાનો ગુનો માફ કરાવવા માટે મહિપાલની છાતી પર માથું ટેકવી એણે બરાબર એના દિલને અપીલ કરી. ચતુર સ્ત્રી પુરુષને રીઝવવાનું બરાબર જાણે છે.

મહિપાલ જ્યારે શીલાને ઘેરથી નીકળ્યો ત્યારે રાતનો દોઢ વાગ્યો હતો. એણે શીલાની મોટર ન લીધી. કહ્યું, 'શહેરમાં કોઈ સમયે કોઈ ચીજ બંધ નથી થતી. આ ચોકમાં કે ડાલીગંજમાં રિક્ષા કે ટાંગો જરૂર મળી જશે.'

શીલાએ પોતાની શાલ પરાણે આપી દીધી. ઠંડી ખૂબ હોવાથી મહિપાલે પણ ના ન કહી. સડક પર આવીને તે વિચારવા લાગ્યો, 'હવે ક્યાં જાઉં?'

* * *

સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંઓ પર વિચાર કરતાં કરતાં મહિપાલે શિયાળાની રાત ગોમતીના ઘાટના એક ખુલ્લા શિવાલયમાં પોતાની જ્ઞાન-ચેતના પાસેથી ગરમી મેળવીને પૂરી કરી. આમ છતાં પણ તે એ ખ્યાલમાંથી બહાર ન નીકળી શક્યો કે પોતે કમજોરીઓનો ગુલામ છે. આવી દશામાં એની વિવેકબુદ્ધિ ક્યારેય વિકસી નથી શકતી, એનો કોઈ નિર્ણય ન્યાય અને ઔચિત્યનો આધાર મેળવી નથી શકતો. એ કમજોર છે, અન્યાયી છે, ઘર છોડવાનો એનો ઇરાદો પણ અનુચિત છે, પાપ છે.

દુર્બળ મનના મહિપાલનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. આકાશમાં ચમકતા તારા થોડા થોડા અદૃશ્ય થયા હતા. મહિપાલ વિચારવા લાગ્યો કે રાત તો હવે વીતી જ ગઈ છે, પરંતુ દિવસ ક્યાં અને કેવી રીતે વીતશે? ભટકતો ભટકતો આખરે તે ક્યાં સુધી જશે? શું ભટકવું જ એના જીવનનું મિશન થઈ જશે? આ વિચાર શું મૂળમાં જ કાયરતાપૂર્ણ નથી? આ જ્ઞાનચિંતન જે કાંઈ તે કરે છે તે શું કેવળ સમય વિતાવવા માટે જ શોખના રૂપમાં કરે છે? એનું શું કોઈ સામાજિક મૂલ્ય નથી? પિતા થઈને બાળકો પ્રત્યે શું એનું કોઈ નૈતિક કર્તવ્ય નથી? માત્ર મોં છુપાવી રાખવાનું આખરે સંભવિત પણ કેવી રીતે બની શકશે? એણે મજબૂત થઈને મુસીબતનો સામનો કરવો જોઈએ.

'ઘેર જઈશ. કલ્યાણીને એકવાર બધી પરિસ્થિતિ સમજાવીશ. પછી જે નક્કી થશે તે જોયું જશે.'

મહિપાલ એને ઘેર જઈને બારણાથી જ પાછો ફર્યો; સાંકળ ખખડાવવાની હિંમત એનામાં ન આવી.

કર્નલને ઘેર લગભગ નિત્યના સમયે પહોંચી ગયો.

સજ્જન અને કર્નલને સ્વપ્નમાં પણ એ ખ્યાલ ન આવ્યો કે એમનો મિત્ર ગઈકાલ સવારથી જ ઘેરથી ભાગેલો છે.

વીસ

'અરે સાહેબ, એ સાચું જ કહેતી હશે. આજકાલના બાવા-સાધુઓનાં કાંઈ ઠેકાણાં હોય છે?'

ચોકથી જરા દૂર ચાવાળાની દુકાન પાસે લોકોની ભારે ઠઠ જામી હતી. લોકોના ટોળાથી અડધી સડક ભરાઈ ગઈ હતી; કેટલાક લોકો ભીડમાં ઘૂસીને તમાશો જોવા માટે આગળ વધી રહ્યા હતા, કેટલાક તમાશો જોઈને પાછા ફરતાં જાતજાતના અભિપ્રાય જાહેર કરતા હતા. એક સ્ત્રી ગળું તાણીતાણીને ઝઘડી રહી હતી, એના અવાજ પર વચ્ચે વચ્ચે બીજા કેટલાય અવાજોનો ધસારો છવાઈ જતો હતો. ખૂબ ધમાલ મચી ગઈ હતી.

સજ્જને રોજની જગ્યાએ એની ગાડી ઊભી રાખી. આવતાં જ ગીરદી તરફ એનું ધ્યાન ગયું. ગાડી બંધ કરીને એ ગાડી પાસે જ ઊભો રહી ગીરદી જોવા લાગ્યો. પાસેથી પસાર થતા બે માણસોની વાતચીત પરથી એના મનમાં પણ તમાશો જોવાનું કુતૂહલ જાગ્યું.

ટોળામાં આગળ જઈને એણે જોયું તો એક ખુરશી પર વકીલ સાહેબની ગાંડી પુત્રવધૂ બેઠી બેઠી જોરજોરથી રડતી અને બૂમો પાડતી હતી. પાસે જ એક લંગોટધારી વૃદ્ધ સાધુ ઊભા ઊભા હસી રહ્યા હતા. એની પરિચિત ગાંડીને આ તમાશાની મુખ્ય નાયિકાના રૂપમાં જોઈને સજ્જનથી તમાશો જોનાર તરીકે ઊભા ન રહેવાયું. આગળ આવીને એના માથા પર હાથ રાખી એણે પૂછ્યું, 'શું થયું ?'

સરખી રીતે હજી એ પૂછી પણ નહોતો શક્યો, ત્યાં તો ગાંડી યુવતી એને જોઈને એવી રીતે ઊભી થઈ ગઈ, જાણે ડૂબતાને આધાર મળી ગયો હોય. એણે હર્ષથી ગદ્‌ગદ્ સ્વરમાં કહ્યું, 'ઓહ, યૂ હેવ કમ જેન્ટલમેન ! મને આના હાથમાંથી બચાવો. આ સાધુ-બાધુ કાંઈ નથી, કસાઈ છે કસાઈ. એ મને વેશ્યા બનાવવા માગે છે. હું વેશ્યા છું ? તમે કહો કે હું કેવા ઊંચા કુળની છું. હમણાં મારા રાજેશને ખબર પડી જશે, તો એ આવીને આ બાવાજીને ગોળીથી ઉડાવી દેશે. તમે મને મારા રાજેશ પાસે લઈ જાવ. મારો રાજેશ કેપ્ટન ! જ્યારે એ આવીને જોશે કે આ બધા માણસોએ ગીરદી કરી મૂકી છે, તો આ – બધાને ગોળીથી 'ટક-ટક' – એકએકને શૂટ કરી દેશે. અને આ બાવો, હરામી, કુત્તો...'

ગાંડી એકવાર મુઠ્ઠી વાળીને બાવા તરફ ધસી. સજ્જને એના બંને હાથ પકડીને જોરથી ઝટકી નાખ્યા અને પૂછ્યું, 'તારે ઘેર આવીશ તું ?'

'પેલા બુઢ્ઢાને ત્યાં ?' ના, ક્યારેય નહિ જાઉં. તમે મને મારા રાજેશની પાસે પહોંચાડી દો. બસ, તમે અત્યારે જ મને ત્યાં લઈ ચાલો. બસ, હવે હું અહીં નહીં રહું. ચાલો...ચાલો !' એ સજ્જનને આગ્રહથી ધકેલવા લાગી.

સજ્જને એકવાર પાસે ઊભેલા લંગોટધારી વૃદ્ધ સાધુ તરફ જોયું – બુઢાપો માત્ર એના બોખા કરચલીવાળા ચહેરા પર જ દેખાતો હતો; બાકી આખું શરીર પોલાદ જેવું મજબૂત હતું. વર્ણ શ્યામ હોવા છતાં તેજોમય હતો. બાવાની સામે જોઈ રહેલા સજ્જનને ગાંડીએ કહ્યું, 'બાવા તરફ શું કામ જુઓ છો ? એ મને કદાપિ રોકી નહિ શકે.' ગાંડી ફરીથી એને પોતાના બંધાયેલા હાથે ઝાટકા દેવા લાગી.

સાધુએ સજ્જનને કહ્યું, 'અત્યારે ટોળાને કારણે એને જોશ ચડી ગયું છે, રામજી ! આપ જરા મારી સાથે આવવાની તકલીફ લેશો ? એના હાથ છોડી દો.'

સજ્જને તરત જ ગાંડીના હાથ છોડી દીધા ને સાધુની સાથે ટોળામાંથી બહાર નીકળવા માટે આગળ ચાલ્યો. ગાંડીએ તરત એનો હાથ પકડી લઈ વળગીને કહ્યું, 'નહિ ! બાવાની સાથે જશો નહિ. એ તમને પણ ગાંડા બનાવી દેશે, જડીબુટ્ટી ખવડાવશે, કસરત કરાવશે, મારશે.' બાવાએ આગળ જઈને ચાવાળાના નોકરને કહ્યું, 'બેટા, જરા ધ્યાન રાખજે.'

સજ્જને ગાંડીને સમજાવવા માંડી કે, એ બાવાને જેલમાં પૂરવા લઈ જાય છે. ગાંડી એથી ખૂબ જ રાજી થઈ, અને પછી ગાંડીની ઇચ્છા અનુસાર સજ્જને એને આશ્વાસન આપ્યું કે, બાવાને ગિરફતાર કરાવીને પછી તે એને તરત જ વિમાનમાં બેસાડીને રાજેશની પાસે લઈ જશે.

ટોળામાંથી બહાર નીકળીને સાધુ અને સજ્જન એક જગાએ વાત કરવા ઊભા રહ્યા; પાંચ-સાત જણ તરત જ એમની આજુબાજુ પણ એકઠા થઈ ગયા. વૃદ્ધ સાધુએ કહ્યું, 'રામજી, હું આ છોકરીનો ઇલાજ કરનાર છું. આપ શું એના કોઈ સગા છો?'

સજ્જને કહ્યું, 'જી નહિ. એક દિવસ આમ જ એ આ ગલીમાંથી ભાગી હતી. હું એને પકડીને ઘેર પાછી લઈ ગયો હતો; ત્યારે આ બિચારીની હિસ્ટ્રીની મને ખબર પડી. એના સસરા...'

'એના સસરાને પણ રામજી હમણાં કહેવડાવ્યું હતું. મેં કહ્યું કે આ પ્રકારે તે આશ્રમમાંથી ભાગી આવી છે, તો આપ આવવાની તકલીફ લેશો. એ બિચારા એમની ઇજ્જત-આબરૂના ડરથી બજારમાં આવવા તૈયાર ન થયા. મને કહેવડાવી દીધું કે બાબા જાણે. ખેર, હવે પ્રશ્ન એ થયો છે રામજી કે એ ટોળામાં આવી ગઈ છે. ચાર જણાએ ઊંધી વાત કરી, ચારે સીધી; એટલે અત્યારે મારા અંકુશમાં નહિ આવે અને ગીરદીમાં ગાંડા પર, ખાસ કરીને સ્ત્રી-દર્દી પર બળનો પ્રયોગ કરવો મારી નીતિની વિરુદ્ધ છે. આપ એક સેવા કરશો રામજી? એને સમજાવીને મારા આશ્રમ સુધી પહોંચાડી દો તો ભારે ઉપકાર થશે.'

સજ્જને કહ્યું, 'મારી પાસે ગાડી છે...'

બોખા મોંએ રાજીપો દર્શાવતાં સાધુએ હસીને કહ્યું, 'બસ-બસ, તો તો આપે મારું બધું કામ પાર પાડી દીધું. આપ એને આપની ગાડીમાં લઈને આવો. હું દોડીને પહોંચી જાઉં છું. આ બગીચો વટાવીને સીધી સડકના ઘાટ પર મારો આશ્રમ છે.'

'હું સમજી ગયો, હવે કશી તકલીફ નહિ પડે. આપને દોડીને પહોંચવાની જરૂર નથી. હું એને જરા એક રાઉન્ડ ફેરવી દસ મિનિટમાં પહોંચું છું – હું એને ફેરવું એમાં આપને કશો વાંધો તો નથીને?'

સાધુ એના બોખા મોંથી ખિલખિલ કરીને હસી પડયા. એમનું હાસ્ય બાળકના કલરવ જેવું નિર્મળ હતું; નાની-નાની આંખોની કાળી કીકીઓમાં અપાર સ્નેહ ચમકી રહ્યો હતો. સજ્જનને એ હાસ્યે પ્રભાવિત કર્યો. સાધુએ કહ્યું, 'રામજીના કામમાં વાંધો લેનાર હું કોણ? તેઓ હંમેશ યોગ્ય જ કરે છે. ઠીક રામજી, હવે આશ્રમમાં મળીશું.'

ગાડીમાં બેસીને ગાંડી ખૂબ જ રાજી થઈ, પહેલાં એને જરા સંકોચ થયો હતો. ગાડીમાં બેસતાં બેસતાં ખચકાઈ ગઈ ને બોલી, 'હું ગાડીમાં આવી રીતે આવું? મારા પગમાં સેન્ડલ નથી, મારી આ સાડી! છિઃ! હું આવી ફાટેલી સાડી પહેરીને ગાડીમાં બેસું? હું નહિ આવું.' સજ્જને એને આશ્વાસન આપ્યું કે તે એને સાડી ને સેન્ડલ અપાવવા માટે જ લઈ જાય છે. ત્યારે એ રાજી-રાજી થઈ જઈને ગાડીમાં બેસી ગઈ. સજ્જને એના બંને વાયદા પૂરા કર્યા.

સેન્ડલ અને સાડી લઈને કેપ્ટન રાજેશની ગાંડી પત્ની ખૂબ ખુશ છે. એની વાતો ક્યારેય અટકતી નથી. વાતમાં એ જ બધું કે એ એના રાજેશને પ્રેમ કરવા માટે કેવી તલસી રહી છે. એના પ્રેમશૃંગારની ખાનગી લીલાઓની મધુર કલ્પના કરતાં અને ઉત્સાહથી વખાણ કરતાં ગાંડીને અપાર ઉલ્લાસ આવતો હતો. સજ્જન માટે આ સમય ભારે કઠિન હતો. સ્ત્રી-પુરુષનું અતિ ખાનગી મધુર રહસ્ય એક અતૃપ્ત વાસનાભરી ગાંડીની મુખ્ય કામના બનીને એના મનમાં રસને બદલે પીડા જગાડતું હતું. એ ગંભીર બની રહ્યો હતો – ગંભીર બનવામાં સજ્જનને કઠિન શ્રમભરી માનસિક તાણનો અનુભવ થતો હતો. એને એક વિચાર, એક ભય સતાવી રહ્યો છે કે અતૃપ્તિ મનને કેટલી હદ સુધી બેશુદ્ધ બનાવી દે છે! માણસ જે વાતોને એનું પ્રિયમાં પ્રિય અને કિંમતી રહસ્ય સમજે છે, એને પણ બેધડક અને આટલા વિકૃત રૂપમાં જાહેર કરી દે છે! એને ઘેરો આઘાત લાગતો હતો – કોઈ પણ માણસ પાગલ બની શકે છે; ગમે ત્યારે બની શકે છે. આ સજ્જન નામનો પ્રતિષ્ઠિત શ્રીમંત નાગરિક, પ્રસિદ્ધ કલાકાર અને સુંદર દેખાવડો યુવાન એની અતૃપ્તિઓને કારણે જો ક્યારેક ગાંડો થઈ જાય તો? ...હે ભગવાન! સજ્જન થથરી ગયો. ગાડી મેડિકલ કૉલેજ વટાવીને પાકો પુલ, મોટો ઈમામવાડો અને મચ્છીભવન થઈને ઘાટની નજીક પહોંચી ગઈ.

ઘાટની ગલીના નાકા પર લેમ્પપોસ્ટની પાસે લેમ્પપોસ્ટની જેમ જ લંગોટધારી વૃદ્ધ સાધુ ટટ્ટાર ઊભા હતા. એમની સામે ગાડી ઊભી રહેતાં જ ગાંડી બૂમો પાડીને રડવા લાગી, 'હું નહિ જાઉં! હું બાવાને ત્યાં નહિ જાઉં.'

સાધુએ ગાડીનો દરવાજો ઉઘાડી ગાંડીને હાથ પકડી બહાર ખેંચીને એક તમાચો મારી દીધો. એના સેન્ડલ ને સાડીનાં બૉક્સ પડી ગયા. સ્ત્રી એ સમયે મારને ભૂલીને પોતાની ચીજો માટે ચિંતિત બની ગઈ. તમાચો પડતાં જ તે એકદમ ચૂપ થઈ ગઈ, જાણે એનામાં સમજ આવી ગઈ. એ સાધુના હાથમાંથી છૂટવાનો પ્રયત્ન કરવા લાગી. સાધુએ એની આતુરતા જોઈને મીઠા સ્વરે પૂછ્યું, 'આ શું લાવી બેટી?'

એમની મજબૂત મૂઠીમાંથી છૂટવાનો હળવો પ્રયત્ન કરતાં એણે કહ્યું, 'મારા સેન્ડલ, સાડી – મારા રાજેશે મને અપાવ્યા છે.'

સાધુજીએ ફરી પૂછ્યું, 'આમણે અપાવ્યાં છે?'

'ના-ના, હું શું કોઈ પરાયા પુરુષ પાસેથી ચીજ લઈ શકું? તમે મને છોડી દો. મારા રાજેશે મને કહ્યું છે કે તેઓ સાડી અને સેન્ડલ પહેરાવીને...'

'ઠીક લે, છોડી દીધી.' કહીને વૃદ્ધ સાધુએ એને છોડી દીધી. એ સડક પર ખુલ્લા પડેલા એની સાડીના ખોખાને લેવા ગઈ. સાધુએ પણ એટલી જ ઝડપથી એ ખોખું અને ગાડીની સીટ પર પડેલું સેન્ડલનું ખોખું ઉપાડી લીધું.

ગાંડી બહુ હઠ કરવા લાગી. સાધુએ એને કહ્યું, 'આ બધી ચીજો તારા રાજેશે આપી છેને?'

'હા.'

'આમણે તો નથી આપીને?'

'ના.'

'ઠીક. તો હવે આ બંને ચીજોને હું ગોમતીજીમાં ફેંકી દઉં છું.'

સાંભળીને બિચારી ગાંડીનો તો જાણે જીવ ઊડી ગયો. સાધુજીના હાથ નીચા કરી તે એમની પાસેથી પોતાની ચીજો લેવા માટે બાળકની જેમ હઠ કરવા લાગી. સાધુ હસતા રહ્યા. આ ખેંચતાણમાં પણ એમણે સજ્જનને કહ્યું, 'રામજી બહુ ઉપકાર કર્યો. આવો, આશ્રમ પર થોડીવાર માટે પધારો.'

ગાંડી પોતાની ચીજો માટે તોફાન મચાવી રહી હતી. એની તરફ એકવાર જોઈને સજ્જને હાથ જોડીને કહ્યું, 'ફરી ક્યારેક આવીશ, આપને ત્યાં ઘણા ગાંડાઓ છે?'

'હા રામજી. મને આપ સૌએ ગાંડી દુનિયાનો સેવક બનાવી દીધો છે, એટલે આ જ ડયૂટી બજાવું છું. ઠીક, હવે જાઉં છું. આ ચીજો જે એના રાજેશે આપી છે, તે બધી ગોમતીજીમાં પધરાવી દઉં છું. જય રામજીકી.' કહીને સાધુ ખોખાની સાથે ઘર તરફની સડક પર ગાંડીને ખીજવતા દોડવા લાગ્યા, 'હું આને હમણાં જ ફેંકું છું – ફેંકું છું.'

ગાંડી પોતાની ચીજો બચાવવા માટે આતુર બનીને બાવાની પાછળ દોડવા લાગી.

સજ્જન ઊભો ઊભો આ દૃશ્ય જોઈ રહ્યો. ગાંડી અને સાધુ ઘાટ પર જઈને દૃષ્ટિપથમાંથી અદૃશ્ય થઈ ગયા.

પોતાની ઓરડીમાં આવીને સજ્જન એવો ઢીલો થઈને પડ્યો જાણે એનામાં જીવ જ ન હોય. એનો ચહેરો એકદમ ફીકો પડી ગયો હતો. આ દિવસોમાં સજ્જન વનકન્યા તથા એની કામવાસનાને કારણે ઘેરા માનસિક સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યો હતો. કાલે સાંજે કન્યા જતી વખતે એના વધતા જતા પ્રેમ સાથે ફરી રમત રમી ગઈ હતી. રાત્રે એનું મન બેચેન રહ્યું, એક વખત વ્હીસ્કી-સોડા મગાવ્યા પણ ખરા, પરંતુ ગ્લાસ હોઠ સુધી લાવીને અટકાવી દીધો. મન પ્રતિજ્ઞા તોડવા માટે વારંવાર હઠ કરવા લાગ્યું. સજ્જને ગુસ્સે થઈ ને એ ચીજોને નજર સામેથી હટાવી લેવાનો નોકરને હુકમ કર્યો. આજે સવારના સમયે પણ એ ઉદાસ રહ્યો. એના 'ચિંતનમંદિર'માં પણ આજે એનો જીવ ન લાગ્યો. એના મનમાં ઉત્તરોત્તર આ જોર કરી રહી હતી કે, હવે કન્યાને દૂરથી જ ટાળી દેશે. એની સાથે કોઈ પ્રકારનો સંબંધ નહિ રાખે. એ દરેક સ્ત્રીથી દૂર રહેશે. અને જો જરૂર પડશે તો તે તાઈએ જણાવેલી પેલી અજાણી, અણદેખી છોકરી સાથે પરણી જશે.

સજ્જન એની હઠ, તર્ક, સંયમ–અસંયમ, શંકાઓ અને સમાધાનના ઘોર જંગલમાં ભટકતો તરફડી રહ્યો હતો. ક્ષણ માટે પણ એને શાંતિ નહોતી મળતી. અત્યારે જાણે ગાંડીએ એના જ મનની સાકાર મૂર્તિ ધારણ કરીને એની દરેક પ્રતિજ્ઞા અને નિશ્ચયને હરાવી દીધા હતા. સજ્જનના મનમાં અનાયાસે જ એ ભય ઘર કરી ગયો હતો કે, એક દિવસ એ પણ આ રીતે ચેતનામુક્ત ગાંડો બની જશે સજ્જન અત્યાર સુધીમાં તૂટી પડ્યો હતો. એને ઊંઘ આવી ગઈ.

હેં–હેં કરતા મહાકવિ બોર ઓરડીમાં દાખલ થયો. સજ્જનને ઊંઘતો જોઈ એની તરફથી નિશ્ચિંત બનીને છત પર આવી મોટીની બારી તરફ નજર રાખીને ફિલ્મી ગીત ગાવા લાગ્યો :

'અહાહાહા ! ઠંડી હવાયેં, લૌટ કે આયેં,
હમ હૈં યહાં, તુમ હો વહાં... કૈસે બુલાયે,'

ઉપરની બારી પર ગાયનની અસર ન થઈ. વિરહેશે બીજું ગીત ઉપાડ્યું :

'ઉન કે બુલાવે પે ડોલે મેરા દિલ,
જાઉં તો મુશ્કિલ ન જાઉં તો મુશ્કિલ.'

ઉપરની બારી વિરહેશની પ્રેયસીના મુખચંદ્ર વિના સૂની રહી. અપરાજિત પ્રેમીએ ત્રીજું ગીત ઉપાડ્યું :

'દિલ કિસી કો દીજિયે, દિલ કિશીકા લીજિયે,
જિંદગી હૈ ચાર દિન, યહી કામ કીજિયે.'

બારણાં સાથે માથું ટેકવીને બારી તરફ નજર રાખી વિરહેશ એની પ્રેયસી સુધી અવાજ પહોંચાડવા માટે જોરજોરથી ગાવા લાગ્યો. સજ્જનની ઊંઘ ઊડી ગઈ. આંખ ઊઘડતાં જ દરવાજા પર ઊભા ઊભા ગળું ફાડતા બોરને જોઈને સજ્જન આજે પોતાના પર કાબૂ ન રાખી શક્યો. ગુસ્સાની બેહોશીમાં એની ગૃહસ્થાઈનાં બધાં બંધનો અનાયાસે તોડીને એણે બૂમ પાડી, 'બોર! ગેટ આઉટ!'

વિરહેશ કર્નલ કે મહિપાલ તરફથી દરેક પ્રકારના દુર્વ્યવહારની કલ્પના કરી શકતો હતો, પરંતુ સજ્જન તરફથી નહિ. પોતાનું ચાતક જેવું રટણ છોડીને હાંફળો-ફાંફળો થઈ હાથ જોડી વિનંતીભર્યા સ્વરે બોલ્યો, 'હેં – હેં ભાઈસાહેબ, તમે સૂતા હતા તેની મને ખબર નહોતી.'

સજ્જન પોતાની અભદ્રતા પર સ્વયં શરમાયો. પ્રકટ રૂપમાં કોઈ બહારના માણસોને અસભ્ય વચનો કહેવાની એને ટેવ નહોતી. બોરે એની બોરિયત ફેલાવવી શરૂ કરી, કહેવા લાગ્યો, 'હું તો સજ્જનભાઈ... ભાઈસાહેબ... હેં – હેં, આજકાલ મારું બીજું અમરગીત લખવાના મૂડમાં એટલો ખોવાયેલો રહું છું કે...'

હાથમાં એક દડીઓ લઈને આવતી કન્યા દરવાજા પર અચકાઈને ઊભી રહી ગઈ. એને જોઈને સજ્જનની મિલન અને દમનની ઇચ્છા સાથેસાથ જોશમાં ઊભરાઈ આવી.

વિરહેશે વનકન્યાને જોઈને એનું હેં – હેંવાળું મોઢું સજ્જનને બદલે એની તરફ ફેરવી નાખ્યું. હાથ જોડીને બોલ્યો, 'આપ જ કદાચ હેં – હેં... આપ જ કદાચ કુમારી વનકન્યાજી છો. મેં આપને નાટકોમાં પાર્ટ કરતાં જોયાં છે. આપની તો આજકાલ બહુ કીર્તિ ફેલાઈ રહી છે. હેં...હેં... સજ્જન ભાઈસાહેબે આપને કીર્તિના આકાશમાં ઉડાડી દીધાં. હેં...હેં...'

કન્યા ગંભીરતાથી 'જી હા' કહીને અંદર આવી ગઈ. એક નજર સજ્જનના ઊતરેલા ચહેરા પર નાખી લાડુનો દડીઓ ટેબલ પર મૂકી એની સામે આવીને પૂછ્યું, 'તારી તબિયત કેમ છે?'

કન્યાનો 'તારી' શબ્દનો પ્રયોગ સજ્જન માટે જાદુનું કામ કરી ગયો. કન્યા પ્રત્યેનો એનો બધો જ વિરોધ પાણીમાં મીઠાની જેમ ઓગળી ગયો, ને એની ખારાશ વિરહેશ તરફ વહેવા લાગી, એણે કહ્યું, 'વિરહેશ, મારી તબિયત ઠીક નથી. હું એકાંત ઇચ્છું છું, તું મહેરબાની કરીને અહીંથી ચાલ્યો જા.' કહીને સજ્જન તકિયા પર માથું નાખી આંખો બંધ કરી સૂઈ ગયો.

કન્યા ચિંતાભર્યા ભાવથી એને જોવા લાગી. વિરહેશ બંને તરફ અર્થભરી દૃષ્ટિ નાખી હસીને બોલ્યો, 'ભગવાન આપની તબિયતને જલદીથી આનંદલાભ

આપે! વિરહી વિરહેશ એના સજ્જનભાઈ ને હંમેશાં આ જ દુઆ આપતો રહેશે!" કહીને વિરહેશ બહાર ગયો. બંને સમજ્યાં કે જાય છે. સજ્જનને રાહત મળી. પરંતુ મોટીનો વિરહી છત પર જઈને પાછો બેસી ગયો. સજ્જન દાંત ભીંસીને ચૂપ થઈ ગયો. કન્યાએ બારણાં તરફ પીઠ કરીને સજ્જનની સામે બેસતાં ફરીથી પૂછ્યું, 'તમારી તબિયત કેમ છે?'

સજ્જનને ગુસ્સો આવ્યો, એ બોલ્યો, 'હું મરવા પડ્યો છું – પરંતુ તારી બલાથી!'

કન્યા હસીને બોલી, 'હું સંજીવની ગુટિકા લાવી છું!'

આજે પહેલીવાર કન્યા પાસેથી પોતાને અંગે સ્નેહભરી વાત સાંભળીને સજ્જનને ઘણી રાહત મળતી હતી. એને પોતાની અંદર એક એવાં પ્રકારની સુંદરતાનો અનુભવ થતો હતો, જેવો હવામાં લહેરાતા ધાનના હર્યાભર્યા ખેતરોમાં થાય છે. ભોળું મન પાછળનું બધું ભૂલી જઈને રસમગ્ન થવા લાગ્યું. એણે કહ્યું, 'બાળપણમાં દાઈ મને એક વાર્તા કહેતી હતી કે, એક પરી એક રાજકુમારને ઉડાડીને લઈ ગઈ. દિવસ આખો તે એને જાદુની લાકડીથી મડદું બનાવીને રાખતી હતી અને રાત્રે જયારે એને રમવાનું મન થતું, ત્યારે ફરી એને જીવતો કરી દેતી હતી. રમત પછી રાજકુમાર ફરી મડદું બની જતો હતો.'

સાંભળીને કન્યા હસી પડી.

બહાર વિરહેશે તાન છેડી :

'યે રાતેં, યે મૌસમ, યે હંસાના – હંસના,
મુઝે ભૂલ જાના, ઇન્હેં ન ભુલાના.'

કન્યા અને સજ્જન બંનેને ઘણું ખરાબ લાગ્યું. કન્યાએ ધીમેથી પૂછ્યું, 'આ કોણ છે?'

'એક અસભ્ય છે! કમબખ્ત અહીં પણ પીછો છોડતો નથી. એનાથી દુઃખી થઈ ગયો છું.'

વિરહેશનું ગીત પંચમ સ્વર પર ચડવા લાગ્યું.

કન્યા એકદમ ઊઠી. બારણું આડું કર્યું. પછી ટેબલ પરથી લાડુનો પડિયો લાવી રહી કાગળ પાથરી સજ્જનની સામે રાખતાં બોલી, 'મને નોકરી મળી ગઈ.'

સજ્જનને ઝટકો લાગ્યો. કન્યા માટે નોકરીની શોધ કરવાની વાત અત્યાર સુધી એણે પોતે કેમ ન વિચારી? એને માટે પ્રયત્ન કેમ ન કર્યો? શું આ નોકરી પણ એને કર્નલના પ્રયત્નથી જ મળી છે? – એક પળમાં એના મનને અનેક ધક્કા લાગી ગયા.

પડિયાની અંદર એક પાંદડા પર રાખેલું ભીનું સિંદૂર એની આંગળી પર લઈને સજ્જનને ચાંલ્લો કરવા કન્યા બરાબર એની નજીક આવી ગઈ. સજ્જન એના સ્પર્શથી શીતલ બની ગયો. આંખોમાં આંખ પરોવી હસી રહી હતી. એના ગોરા લલાટ પર સિંદૂરી બીંદી ખૂબ જ સુંદર લાગતી હતી. સજ્જને એકદમ એનો હાથ પકડી લઈ બહુ જ ધીમેથી કહ્યું, 'કન્યા, હું તારી સાથે લગ્ન કરવા માગું છું.' કન્યા ગંભીર બની ગઈ, પણ એણે હાથ છોડવવાનો પ્રયત્ન ન કર્યો, બોલી, 'હજી એનો સમય પાક્યો નથી!' કહીને ધીમે ધીમે કરતાં એણે એનો હાથ છોડાવી લીધો, અને વાત બદલીને એની સામે પડિયો ધરતાં બોલી, 'મહાવીરજીનો પ્રસાદ છે.'

સજ્જન એની વાતનો દોર પકડવા ઇચ્છતો હતો. એણે લાડુ તરફ ધ્યાન ન દેતાં ફરી પ્રશ્ન કર્યો, 'વાર શા માટે છે?'

કન્યાએ શાંત ભાવથી કહ્યું, 'હજી આપણે એકબીજાને સારી રીતે ઓળખતાં નથી.'

'એ તારો ખ્યાલ છે! તું જાણે છે કે હું તને ચાહું છું; અને હું પણ જાણું છું કે તું પણ મને...'

'એ તારો ખ્યાલ છે! લે, લાડુ લે, ભગવાનનો પ્રસાદ ગ્રહણ કરવામાં મોડું ન કરાય.'

તું પણ મને ભગવાનના પ્રસાદની જેમ મળી છો કન્યા. હું તને ગ્રહણ કરવામાં મોડું કરવા નથી ઇચ્છતો.' સજ્જનની આંખોમાં અતૃપ્તિની ઉત્તેજના ચમકી ઊઠી.

બહારથી વિરહેશનો અવાજ આવ્યો, 'ભાભીજી, જો તમે સજ્જનભાઈને માટે ચા બનાવો તો એક કપ મને પણ આપજો. ભગવાન તમારું ભલું કરશે. ...(ફરી ગાવા લાગ્યો) દયા કરો હે દયાલુ ભગવાન, મૈં બૈઠા બૈઠા તડપ રહા હૂં...'

સજ્જન અને કન્યાને વિરહેશની આ અસભ્યતાભરી વાત અસહ્ય લાગી. ઝડપથી દરવાજો ઉઘાડીને કન્યા વિરહેશને કહેવા લાગી, 'મહાશય, તમારાથી વધારે અસભ્ય મેં હજી સુધી કોઈ જોયો નથી. આવો જૂઠો સંબંધ ફેલાવવાનો અધિકાર તમને કોણે આપ્યો?'

'જવા દે કન્યા! ચાલી આવને!' અંદરથી સજ્જને બૂમ પાડી.

બહાર, મોટી એની બારી પર આવી ગઈ હતી. વિરહેશની આંખો ત્યાં અટકી ગઈ હતી. વનકન્યાની ઉગ્રતા એની પ્રેમિકાના રંગને બદરંગ કરી રહી હતી; એ હાથ જોડીને બોલ્યો, 'ક્ષમા માગું છું દેવીજી! હું... હું મારા બીજા

અમરગીતના મૂડમાં હતો. ...મારું બીજું અમરગીત મારી પાંપણોના ઝરુખામાં આવીને મારી આંખોમાં સમાઈ રહ્યું છે!' વિરહેશની સ્વપ્નભરી દૃષ્ટિ ફરી મોટીની બારી પર પહોંચી ગઈ. મોટી આડશમાં ઊભી રહીને એના વાંકડિયા વાળવાળા પ્રિયતમને એક સુંદર ગોરી 'કાળમુખી'ને ફિટકાર આપતી જોઈને સ્તબ્ધ બની ગઈ હતી. વનકન્યા વિરહેશનું વેવલાપણું જોઈને ખિજાઈને પાછી આવી. એના હટાવતાંની સાથે વિરહેશે કન્યાએ ઉઘાડેલું બારણું પોતાની તરફ ખેંચી બંધ કરી દીધું.

મોટી મેદાન સાફ જોઈને બારીમાં સામે આવી ગઈ. વિરહેશનું મુખકમળ ખીલી ઊઠ્યું. બંને બાજુથી ઈશારાબાજી થવા લાગી, 'હવે રહેવાતું નથી; હવે સહેવાતું નથી; હાય, કેવી કેવી લાચારીઓ છે. ક્યારે મળીશું. હું જાન દઈ દઈશ.' વગેરે ભાવોની ફૂલઝડીઓ બંને તરફથી છૂટવા લાગી. પછી પરસ્પર મનામણાં થવા લાગ્યાં, 'તું તારી સ્થિતિ સંભાળ હાય, તારી આ દશા મારાથી જોવાતી નથી.' વિરહેશે એના ખિસ્સામાંથી એક પત્ર કાઢીને બતાવ્યો, મોટીએ બારીમાંથી પોતાનો પત્ર હલાવ્યો; પછી હાથનો ઈશારો કરીને બારીએથી ખસી ગઈ. થોડીવારમાં દોરીથી બાંધેલી વિરહેશની ચિરપરિચિત થેલી ધીમે ધીમે નીચે ઊતરવા લાગી. વિરહેશ અને મોટીએ બેત્રણ વાર આ થેલી દ્વારા પત્રોનું આદાન-પ્રદાન કર્યું છે. ગઈ વખતે મોટીને બતાવી બતાવીને વિરહેશે એ થેલી ચૂમી હતી, છાતીએ લગાડી હતી, એના પત્રમાં થેલી પર કવિતા પણ લખી હતી.

પત્ર લેવા વિરહેશ સીડી તરફ આવ્યો. એ જ વખતે ડૉ. શીલા સ્વિગ અને એની પાછળ પાછળ વર્મા આવ્યા. જ્યારે મોટીનો પત્ર નીચે પહોંચ્યો ત્યારે ડૉ. શીલા છત પર આવી પહોંચી હતી. વિરહેશે હાથથી દોરી પકડી કે શીલાએ એનો હાથ પકડી લીધો. વિરહેશ હેબતાઈ ગયો.

'આ અહીં શું થઈ રહ્યું હતું ?' ડૉ. શીલાએ પ્રભાવશાળી અવાજમાં પૂછ્યું.

મોટી વર્માને જોઈને પહેલેથી જ બારીએથી રફુચક્કર થઈ ગઈ હતી. વિરહેશ મુદ્દામાલ સાથે પકડાઈ જવાને લીધે બધી રીતે મૂઢ બની ગયો હતો, એના ચહેરા પર પરસેવો વળી ગયો, બોબડી બંધ થઈ ગઈ.

ડૉ. શીલાએ વિરહેશને ઘણીવાર જોયો તો હતો, પણ તે એને ઓળખતી નહોતી. થેલીમાં કાગળ જોઈને તે એને કાઢવા લાગી. વિરહેશને કાંઈ ન સૂઝયું એટલે એ રડતો રડતો એના પગમાં પડી ગયો, 'સેવ મી સર, આય એમ યોર સર્વન્ટ સર !'

છત પર અવાજ સાંભળીને સજ્જને બારણું ઉઘાડયું, 'હલ્લો શીલા!' વર્માએ ભક્તિભાવથી હાથ જોડયા. સજ્જને માથું હલાવીને ઉત્તર આપ્યો ને વિરહેશની તરફ જોઈને પૂછયું, 'શી ધાંધલ છે?'

રડતાં રડતાં વિરહેશે કહ્યું, 'આમની પાસેથી મારું અમરગીત અપાવી દો સજ્જનભાઈ.'

ડૉ. શીલા થેલીમાંથી કાગળ કાઢીને વાંચવા લાગી. લીટીવાળી નોટબુકનાં બંને બાજુનાં ચાર પાનાં ભરીને લખાયેલો મોટીનો પ્રેમપત્ર શીલા માટે ખૂબ મઝેદાર થઈ પડ્યો. બીજી-ત્રીજી લાઈન વાંચતાં જ એ ખડખડાટ હસી પડી. સજ્જનની તરફ પત્ર ધરતાં બોલી, 'આ એનું અમરગીત જુઓ...'

વનકન્યા બહાર આવી ગઈ હતી, એના પર શીલાનું ધ્યાન ગયું, એ વિચારવા લાગી, સજ્જન અને કન્યાનાં કપાળો પર એક સરખો ચાંદલો જોયો, સમજી ગઈ. તરત જ વિરહેશ અને એના પત્રને ભૂલી જઈને હસતી હસતી બોલી, 'આય એમ શ્યોર, તું જ મિસ વનકન્યા છે!'

વિરહેશ સજ્જન પાસેથી એનો પત્ર માગી રહ્યો હતો. સજ્જને એક નજર નાખીને જ પત્ર વાંચવાનું બંધ કરી દીધું, ભવાં ચડાવીને વિરહેશને કહ્યું, 'તું અહીં આ બધું કરવા આવે છે એમ? ગૃહસ્થોના મહોલ્લામાં મને બદનામ કરાવશે?'

વર્મા પણ અત્યારે વિરહેશને માનભરી નજરે નહોતો જોતો. વિરહેશ ઠંડો શ્વાસ લઈને બોલ્યો, 'સજ્જનભાઈ...'

'ચૂપ રહે! સજ્જને ધમકાવ્યો અને કહ્યું, 'હવે જો તું ક્યારે પણ અહીં દેખાયો તો યાદ રાખજે, પોલીસને હવાલે કરી દઈશ. જા જલદી!'

'જાઉં છું! જાઉં છું!... પણ મારો પત્ર તો આપો.'

સજ્જને ઝટકો મારી પત્ર એના મોં પર ફેંક્યો. વર્માએ આગળ આવીને એ પત્ર વિરહેશ પાસેથી ઝૂંટવી લીધો અને એને વચ્ચેથી ફાડતાં બોલ્યો, 'મહોલ્લાની આબરૂ એની સાથે જાય તે ઠીક નહિ. ચાલ્યા જાઓ અહીંથી!'

થોડા દિવસ પહેલાં ભક્તના રૂપમાં મળનારા વર્મા પણ અત્યારે વિરહેશનો અનાદર કરવાની હિંમત દેખાડી રહ્યો હતો. વિરહેશ એની તરફ ઘૂરકીને જોવા લાગ્યો, જાણે ફાડી ખાશે.

કન્યા અને શીલા વાતો કરતાં ઓરડીની અંદર ચાલી ગયાં હતાં.

વર્માએ ચાલાકીથી ફાટેલો પત્ર પોતાના ખિસ્સામાં મૂકી દીધો, વિરહેશ હારીને જવા લાગ્યો, જતાં જતાં પાછો ફરીને સજ્જન તરફ રોષ બતાવીને બોલ્યો,

'ગરીબોનો પ્રેમ પણ આ પૂંજીપતિ લોકો સહન નથી કરી શકતા. તમે તો બારણાં બંધ કરીને તમારી પ્રિયતમા સાથે મોજમજા કરો...'

સજ્જને ઘૂરકીને એની સામે જોયું. ત્રિરહેશ ચૂપચાપ નીચે ઊતરી ગયો.

રહસ્ય કહેતો હોય એવા અવાજે વર્માએ સજ્જનને કહ્યું, 'એનો લવ અફેર શંકરલાલના ઘરમાંથી કોઈની સાથે ચાલી રહ્યો છે. જ્યાંથી પત્ર ફેંકવામાં આવ્યો એ બારી એના મોટાભાઈના ઓરડાની છે ... આપની ખૂબ બદનામી થઈ જાત!'

સજ્જનને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ, તે કહેવા લાગ્યો, 'અહીં એનો સંબંધ કેવી રીતે જામી ગયો, તે કાંઈ સમજમાં નથી આવતું!'

સજ્જન ઓરડામાં ગયો કે તરત શીલાએ હસીને કહ્યું, 'યૂ રાસ્કલ! કલાને નામે અહીં પ્રેમની દુકાન ખોલી છે?'

બધાં હસવા લાગ્યાં. સજ્જને કહ્યું, 'તો શું તું પણ પ્રેમીની લાલચમાં અહીં આવી છે? કહે તો તારો નમૂનો લાવીને હાજર કરું?'

વર્માની હાજરીમાં શીલા ઇચ્છિત જવાબ ન આપી શકી, એના હાથ પર મુક્કી મારીને હસવા લાગી; પછી બોલી, 'અહીં એક પેશન્ટ જોવા આવી હતી, આમની પત્નીને વાતવાતમાં એમણે તારી વાત કરી. મને થયું કે આ બીમારના હાલ પણ પૂછી લઉં. અને મારી ખુશનસીબી જુઓ કે હાલને બદલે મને તમારું સાક્ષાત દર્દ જ જોવા મળી ગયું.' કહીને શીલાએ પ્રેમભરી નજરે કન્યાની સામે જોયું. કન્યા શરમાઈને હસવા લાગી. સજ્જન પણ હસવા લાગ્યો.

'લો, લાડુ ખાઓ. એ મહાવીરજીનો પ્રસાદ લાવી છે.'

સજ્જને શીલા અને વર્મા સામે દડિયો ધર્યો. લાડુ લેતાં શીલા પૂછવા જ જતી હતી ત્યાં સજ્જને કહ્યું, 'એમને નોકરી મળી ગઈ છે.'

'ગુડ! ક્યાં?'

'નવજીવનના એડિટોરિયલ સ્ટાફમાં.' કન્યાએ ઉત્તર આપ્યો ને પછી પૂછ્યું, 'મને લાગે છે કે ચા તો આપણે બધાં પીશું.'

'હું માફી માગું છું.' વર્માએ હાથ જોડીને કહ્યું.

'કેમ?' સજ્જને પૂછ્યું.

'દુકાને જવું છે; ખૂબ મોડું થઈ ગયું છે.'

'બરાબર છે! બરાબર છે!' શીલાએ કહ્યું, 'એન્ડ થેન્ક યૂ વેરી મચ ફોર ટેકિંગ સો મચ ટ્રબલ. અને ફિકર કરશો નહિ. હજી વીસ-પચ્ચીસ દિવસ કશું જ નહિ થાય. તમે પણ મહાવીરજીના લાડુ-બાડુ માની રાખો કે છોકરો આવે.'

વર્મા હસવા લાગ્યો, બોલ્યો, 'વખત આવવા દો! આપના બંગલા પર મીઠાઈ લઈને અમે લોકો હાજર થઈ જઈશું.'

'થેંક્યુ!' શીલાએ હાથ જોડ્યા. વર્મા બધાંને નમસ્તે કરી ચાલ્યો ગયો. શીલાએ આઝાદીનો ઊંડો શ્વાસ લીધો અને નિરાંતે તકિયા પર સૂઈ ગઈ. સ્ટવ સળગાવતી કન્યા તરફ જોઈને કહ્યું, 'દુર્જન! તું નસીબદાર છો. ...લાવ, બીજો એક લાડુ મારા મોંમાં નાખી દે. ...પરંતુ મહિપાલ તો મને કહેતા હતા કે મિસ વનકન્યા કૉમ્યુનિસ્ટ છે.'

'હા ભઈ, એ તો હુંય તને પૂછવાનો હતો કન્યા, કે તું આ બધું માને છે?' સજ્જને શીલાની બાજુમાં જ એક બીજો તકિયો ઢાળીને આરામથી પગ લંબાવીને બેસતાં પૂછ્યું.

કન્યા બાટલીમાંથી દૂધ કાઢી તપેલીને સ્ટવ પર મૂકતાં એક પળ ચૂપ રહી, પછી બોલી, 'મેં ક્યારેય ઈશ્વર છે કે નહિ, એ વાત પર સીરિયસલી વિચારતો કર્યો નથી; અને થોડોઘણો વિચાર કરવા છતાં કોઈ દલીલથી ઈશ્વરને નકારી નથી શકી. સારા-માઠા સમયમાં બીજાની જેમ એ મારા મનનો આધાર પણ છે.'

'ઈશ્વર તર્કની ચીજ નથી.' શીલાએ કહ્યું, 'મારો ખ્યાલ છે કે દરેક મનુષ્ય આખી જિંદગીમાં પોતાના તમામ કર્તવ્યપાલનથી ઈશ્વરનું જ નિર્માણ કરે છે...'

'મહિપાલ પણ આ જ કહેતો હોય છે.'

'તને લાગે છે કે હું મહિપાલથી બહુ અલગ બનીને વિચારી શકું?'

'ગ્રેટ! આને જ કહેવાય પ્રેમ!' સજ્જને આ વાત એવી રીતે કહી જાણે કન્યાને સંભળાવી રહ્યો હોય. કન્યાના ચહેરા પર કોઈ પ્રકારની પ્રતિક્રિયા ન ઝળકી.

શીલા કહેવા લાગી, 'દુનિયામાંથી, ખાસ કરીને આપણા દેશમાંથી ઈશ્વર નામની ચીજ ભૂંસાઈ જાય એ મને અશક્ય જ લાગે છે.'

'સાયન્સ એક દિવસ જરૂર એનો ખુલાસો કરશે. કાં તો એ આ ધારણાને મજબૂત બનાવશે ને કાં તો પછી હંમેશને માટે એને ખતમ કરી દેશે. હવે આપણે ઍટમિક યુગમાં પગ મૂક્યો છે ડૉક્ટર આપણે પૃથ્વી છોડીને બીજા ગ્રહોમાં પહોંચવાની વાતો વિચારવા લાગ્યા છીએ, આ રીતે શું એક દિવસ ઈશ્વરના મૂળતત્ત્વ સુધી નહિ પહોંચી જઈએ?' કન્યાએ વાત પૂરી કરી એક નજર ગરમ થતા દૂધ પર નાખી, ઊભરો આવવામાં થોડી વાર હતી.

'અને એના પહેલાં જ કયામત આવી ગઈ તો?' સજ્જને પ્રેમભરી નજરે કન્યા તરફ જોઈને પૂછ્યું.

'ક્યામત આવી જશે તો તો ઇન્સાફના દિવસે ખુદા મિંયાને બધાં માણસો જોઈ જ લેશે! એ દિવસે હું તારી વિરુદ્ધ સાક્ષી આપીશ દુર્જન! ઈશ્વરને કહીશ કે આ માણસે એક ગોરી, ખૂબસૂરત, ભોળી છોકરીનું દિલ લૂંટી લીધું હતું!'

દૂધમાં ઊભરો આવી ગયો હતો, કન્યાએ ઊઠીને સાડીના છેડાથી ગરમ તપેલી પકડીને જમીન પર મૂકી, અને કૂંજામાંથી કીટલીમાં પાણી ભરવા ગઈ. કૂંજો ખાલી હતો. સજ્જને ઊઠીને કહ્યું, 'લાવ ભરી લાવું.'

'નળ ક્યાં છે?'

'નીચે.'

'તું બેસ. હું લઈ આવું છું.'

'તું ત્યાં ક્યાં જશે? રેફ્યૂજી લોકો છે, તને જોઈને ચોંકી ઊઠશે.'

કૂંજાનો કાંઠો બંનેના હાથમાં હતો, બંનેની આંખોમાં રસમયી આત્મિયતા હતી – સજ્જનના મનમાંથી મુક્તપ્રવાહ વહી રહ્યો હતો; કન્યા લજ્જા અને સંયમનાં બારણાં બંધ રાખી ઊભી હતી, રસ એ બારણાની તિરાડમાંથી ઝરી રહ્યો હતો. એ બોલી, 'હું ભય પમાડું એવી લાગું છું?'

'ઓછામાં ઓછું મને તો ભય લાગે જ છે!' હસીને એણે કૂંજો લઈ લીધો ને ચાલ્યો ગયો.

નકામો બળતો સ્ટવ બુઝાવીને કન્યા શીલા પાસે બેસી ગઈ. શીલા પ્રેમથી એનો હાથ ચૂમીને બોલી, 'મેં સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું કે તું આવી મીઠડી હોઈશ! સજ્જન ખુશનસીબ છે, અને તું પણ! બસ, હવે જલદી જલદી તમે લોકો લગ્ન કરી લ્યો, જેથી મને પાર્ટી મળે!'

'હમણાં મારી ઇચ્છા નથી.'

'કેમ?'

'દર્દીઓ સાથે તમારો સંબંધ કેટલો હોય છે? – માત્ર ફી અને વિઝિટનો – બરાબરને! પરંતુ જે પોતાના ઘરના દર્દીની રાતદિવસ સારવાર કરતા હોય છે, એમનો સંબંધ તમારાથી વધુ ગાઢ હોય છે!'

'તારું કહેવાનું છે કે લગ્ન તારે માટે ગંભીર ચિંતાનો પ્રોબ્લેમ છે! સાચું કહેજે ડાર્લિંગ, શું તું પણ એ લોકો માંહેની છે જે પ્રેમને સ્કૂલનો કોર્સ સમજી પરીક્ષા પાસ કરે, ને અંતમાં સર્ટિફિકેટ લઈને લગ્ન કરે? મને આ બેવકૂફીના સિદ્ધાંત પર હસવું આવે છે. અરે, પોતા પર ભરોસો રાખ; જ્યારે એકબીજા પર મન લાગ્યું છે, અને જ્યારે બંને ભણેલાં-ગણેલાં, ખાનદાન અને સમજુ છો તો ખાતરીથી માનો કે, જિંદગીભર બંનેની પ્રેમની ગાંઠ છૂટવાની નથી.'

'હું એમાં સહમત નથી! અને મને આશ્ચર્ય થાય છે કે તને...'

'મને 'તું' કહે વહાલી! સજ્જન સાથેના સંબંધને લીધે તેને જોયા વિના પણ મને તારા પર પ્રેમ હતો, પરંતુ હવે તો જિંદગીભર માટે હું તારી થઈ ગઈ છું, મેં કહ્યું ને કે હું દિલના આકર્ષણમાં ભરોસો રાખું છું!'

કૂંજો લઈને સજ્જન ઓરડામાં દાખલ થયો. કન્યાએ જલદીથી ઊઠીને એના હાથમાંથી કૂંજો લીધો અને ચાની તૈયારીમાં પડી ગઈ. સજ્જન એને મદદ કરવાને બહાને એની બાજુમાં જ રહ્યો.

શીલાએ સજ્જનને કહ્યું, 'દુર્જન, સ્ત્રી-પુરુષના સંબંધ વિષે હું મારી જિંદગી પરથી એક વાત શીખી છું – પ્રેમ થિયરી નહિ પ્રેક્ટિસ છે; જેટલો વધુ પ્રેમ કરો, સંબંધ એટલો જ ઊંડો જાય છે; અને સંબંધ જેટલો જૂનો થાય છે એટલી જ એમાં રોજ નવી તાજગી આવે છે. તારો શો ખ્યાલ છે?'

'હું તારા વિચારો સાથે મળતો છું.' સજ્જને જવાબ શીલાને આપ્યો, વાત કન્યાને સંભળાવી. કહેવા લાગ્યો, 'વાહ, કેવી સુંદર વાત તેં કહી નાખી, લવ ઈઝ નોટ થિયરી, બટ પ્રેક્ટિસ!'

શીલા ભાવવિભોર બની ગઈ, પછી બોલી, 'દુર્જન, કાલ સુધી જે વાતમાં મને ભરોસો હતો, તે આજે જૂઠી સાબિત થઈ ચૂકી છે – સ્ત્રી હોય કે પુરુષ – માણસને માટે લગ્ન કરવું બહુ જરૂરી છે. તેથી માણસ જેને ચાહે છે, તેને હંમેશાં પોતાની પાસે, પોતાના ઘરમાં, પોતાના હૃદયમાં છુપાવીને રાખી તો શકે છે. કોઈ આંગળી ઉઠાવીને કહી તો ન શકે કે આ 'તારો' - કાયદાથી તારો – નથી.'

શીલાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. સજ્જન કન્યાની પાસે સુખી ગૃહસ્થની જેમ બેસીને સ્ટવની સૂરજમુખીના ફૂલ જેવી જ્વાળા અને એના ગુંજનમાં પોતાના સુખદ ભાવિની જ્વાળા મેળવી રહ્યો હતો. કન્યા શાંત ગંભીર બેસીને કીટલી તરફ નજર રાખી શીલાની વાતો સાંભળી રહી હતી.

સજ્જને શીલાનાં આંસુ ન જોયાં, એની વાતનો ઉત્તર મેળવવા માટે કન્યાના મુખ તરફ આંખો માંડી દીધી, જાણે આગ્રહપૂર્વક કહી રહ્યો હોય, 'આ બાજુ જો! મને જો! જવાબ દે!'

એકાએક શીલાએ પૂછ્યું, 'અચ્છા દુર્જન, આ આપણે હમણાં જે લવ કોન્સ્પીરસી પકડી એમાં બંને પરણેલાં છે?'

'વિરહેશ બાળ-બચ્ચાંવાળો છે ને આ ઘરમાં જે છોકરી એને પ્રેમ કરે છે...'

'એ પણ નાની ઉંમરની નથી, એટલું તો પત્રના લખાણ પરથી જણાઈ આવે છે. ...અચ્છા દુર્જન, મેં એનો પત્ર પકડ્યો તે સારું ન કર્યું એમ મને

લાગે છે. એ વખતે કોણ જાણે કેવું ઝનૂન મારા પર સવાર થઈ ગયું હતું. દાદરો ચડતાં જ મેં એવો તમાશો જોયો – દીવાલને આધારે શેલીનું ઊતરવું, એ લાંબા વાળવાળાના ચહેરા પર આનંદ અને ઉતાવળ! ખરું કહું તો ઉપરથી હસવા છતાં એ વખતે મારામાં ધિક્કાર ઊભરાઈ આવ્યો હતો; દિલને ખાતરી થઈ ગઈ હતી કે એ ગંદુ કામ છે.'

'ખરેખર જ ગંદુ કામ છે! આ માણસને સારી રીતે પીટવો જોઈ તો હતો.' સ્ટવ બંધ કરતાં કન્યાએ કહ્યું.

'કેમ?' શીલાએ એવી રીતે સંભાળીને પૂછ્યું જાણે એને ધક્કો લાગ્યો હોય. સજ્જન ખામોશ નજરે કન્યાને જોઈ રહ્યો.

પ્યાલા લેવા માટે ઊભી થતી કન્યા બોલી, 'આ લોકો પ્રેમની પાછળ નહિ, શારીરિક શોખની પાછળ દિવાના બની રહ્યાં છે.'

'તો એમાં ખરાબ શું છે?' શીલાએ દબાયેલા સ્વરે પૂછ્યું, કન્યાથી પોતાની નજર છુપાવવા ચાના પ્યાલા પર ઝુકાવી દીધી.

કન્યાએ જરા ઉત્તેજિત ભાવથી કહ્યું, 'ખરાબી પૂછો છો! મેં આ શોખને મારા જ ઘરમાં રાક્ષસી ભૂખ બનીને બે જણનાં પ્રાણ લેતાં જોયો છે. આ શોખની ભ્રમણામાં કસાઈને કેટલીય સ્ત્રીઓની જિંદગી બરબાદ થતી જોઈ છે.'

'આ ખરાબી તો સામાજિક વ્યવસ્થાની છે, ડાર્લિંગ. તું માણસની આ કુદરતી જરૂરિયાતને ખરાબ શા માટે કહે છે?' કન્યા શીલાની આ વાતનો જવાબ આપવા જ જતી હતી, ત્યાં શીલાએ જોરથી એની વાત વધુ આગળ વધારી, બોલી, 'ભૂખ પણ માણસની એક કુદરતી જરૂરિયાત છે, તું કોઈ ખાવાના શોખીનને ખરાબ નથી કહેતી.'

'ડોક્ટર, તમે આ વાત દિલથી કરી રહ્યાં છો, કે માત્ર મારી પરીક્ષા લેવા માટે?' કન્યાએ આમ તો આ પ્રશ્ન બહુ ઠંડી રીતે પૂછ્યો, પરંતુ એનો એકએક શબ્દ રાખ છાયેલી ચિનગારી જેવો હતો. સજ્જન આ બંને મહિલાઓની વાત સાંભળતો ચૂપચાપ ચા પીતો હતો; કન્યા જે સત્ત્વપક્ષનું સમર્થન કરતી હતી, તે સજ્જનનાં મોંએ સદા જાહેર થતી વિચારધારાને અનુકૂળ હતું, અને શીલાની વાતો એના દિલમાં છુપાયેલા ઘાયલ ચોરની રક્ષા કરતી હતી. એનું પોતાનું ચિંતન બે વિચારધારાઓની ખેંચતાણમાં સ્તબ્ધ હતું.

શીલા પણ કન્યાના આ પ્રશ્નથી ખમચાઈ ગઈ હતી, એણે ફિક્કું હાસ્ય કરી સાવધાનીથી પ્રશ્નનો ઉત્તર પ્રશ્નથી આપ્યો, બોલી, 'જો હું કહું કે દિલથી કહી રહી છું તો?'

'તો હું તમને દિલથી કદી અપનાવી નહિ શકું !'

'આટલી નફરત ?'

'મારી પાસે એ જ પૂંજી છે.'

'ક્યારેય નથી ખાઈ ?'

કન્યાએ એકવાર સજ્જન તરફ જોયું, તે પછી કહ્યું, 'એનો જવાબ અત્યારે નહિ આપું.'

'જવા દે. પણ એક વાત કહે ડાર્લિંગ, માણસની નબળાઈઓની પાછળ શું સચ્ચાઈ નથી હોતી ? આ લાંબા વાળવાળો, એના ઘરમાં બૈરી-બાળકો હોવા છતાં પણ અહીં એક સ્ત્રી સાથે પ્રેમ કરવા આવ્યો, એવું ન હોય કે એની ઘરવાળી મોટી સતી હોવા છતાં કૂવડ અને ઝઘડાળુ હોય ને એ કારણે જ આ પ્રેમનો તરસ્યો...'

'તોપણ હું એની તરફ સહાનુભૂતિ નહિ દર્શાવું. એ પોતાની ભૂખને કારણે એક સ્ત્રીનું જીવન બગાડવા આવ્યો છે !'

'હું સમજી ગઈ. તારો ખાસ વાંધો એ છે કે આવા લોકો આજની સમાજ-વ્યવસ્થામાં સ્ત્રીઓને નુકસાન પહોંચાડે છે એ સાચું છે, પણ માની લો કે આ સમાજ બદલી નાખવામાં આવે...'

'તોપણ વ્યભિચાર માટે અવકાશ નથી.'

શીલા સાંભળીને ચૂપ થઈ ગઈ. ચાનો છેલ્લો ઘૂંટડો પીને એણે પ્યાલો મૂકી દીધો. કન્યા નવેસરથી ચાના મોટા મોટા ઘૂંટડા લેવા લાગી. સજ્જન હાથમાં ખાલી પ્યાલો લઈને બેઠો હતો. કન્યાનું ધ્યાન ત્યાં ગયું, એણે પૂછ્યું, 'વધુ જોઈએ ?'

સજ્જને ચૂપચાપ એનો પ્યાલો આગળ ધરી દીધો. શીલાએ કહ્યું, 'ક્યારેક ક્યારેક એવું પણ થઈ જાય છે કે ...હવે એમ માની લો કે હું પરીણિત, બાળ-બચ્ચાંવાળી છું; મને મારા પતિ પ્રત્યે પ્રેમ છે; અને માની લો કે આ સજ્જન મારી જિંદગીમાં આવે છે, એ પણ પરીણિત છે; અમે બંને આપસમાં ગાઢ મિત્રો બની જઈએ છીએ. – એવી સ્થિતિમાં જો અમે બંને એકબીજા સાથે શારીરિક...'

'હું તમને બંનેને ધિક્કારું !'

હારીને શીલા કહેવા લાગી, 'તું હઠીલી છો વનકન્યા. ધિક્કાર મોટી ચીજ નથી. માણસને એના સારાપણા અને ખરાબપણા સાથે અપનાવ, પ્રેમ કર. સ્ત્રી અને પુરુષની પવિત્રતા કરતાં માનવતા ક્યાંય વધારે ઊંચી છે !'

'હિયર – હિયર,' તાળી પાડતાં સજ્જને ફરી કન્યા તરફ વિનોદ અને બનાવટી ભયભરી દૃષ્ટિએ જોઈને કહ્યું, 'એમ ન સમજતી કે, હું તારો વિરોધ કરી રહ્યો છું. હું તો માત્ર એ વાતની પ્રશંસા કરું છું કે, શીલા અત્યારે આટલું દર્દ અને વ્યથા હોવા છતાં વિચારોની નવી ઊંચાઈ પર પહોંચી રહી છે. પરંતુ તારા દર્દ અને વ્યથાની બધી રીતે કદર કરવા છતાં પણ હું એક વાત પૂછું શીલા, લેટ અસ ટેક હર ફાધર્સ કેસ, તારો માનવતાનો સિદ્ધાંત શું એમને પણ પ્રેમથી અપનાવી લેશે?'

શીલા ચારેબાજુથી ઘેરાઈ ગઈ હતી. એના ચહેરા પર થાક દેખાતો હતો. ખૂબ જ કરુણાભરી દૃષ્ટિએ એણે સજ્જન તરફ જોયું ને બોલી, 'ગુનાને ભલે ધિક્કારો, સજ્જન, પરંતુ ગુનેગારને કલેજા સાથે લગાડી રાખો – સંભવ છે કે તમારો પ્રેમ મેળવીને એ કોઈક દિવસ એની ભૂલ સુધારી લે!'

'હું તમારી આ પોકળ અહિંસામાં વિશ્વાસ નથી રાખતી. ધરતી પરથી પાપને ખતમ કરવા માટે પાપીઓનાં માથાં કાપવાં જ જોઈએ.'

કન્યાની સળગતી વાતે બે પાપીઓને પોતપોતાની રીતે દઝાડી દીધા. શીલા એના હૈયા પર પડદો નાખવા માટે હસતી હસતી સજ્જનને કહેવા લાગી, 'દુર્જન, લગ્ન થઈ ગયા પછી આ છોકરી તને પોપટની જેમ પિંજરામાં રાખશે યાદ રાખજે!'

કન્યાએ હસીને કહ્યું, 'જો એમને પિંજરામાં પૂરી રાખવાની જ નોબત આવે તો પછી લગ્ન શા માટે કરું?'

'પરંતુ સજ્જન હકીકતમાં તું સમજે છે તેવો સજ્જન નથી. હું એને સમજી-બૂઝીને જ દુર્જન કહ્યા કરું છું.'

સજ્જનને શીલાની વાત ન ગમી, પરંતુ એણે કશો જવાબ ન આપ્યો. કન્યા બોલી, 'તમે એને કાલ સુધી જોયો હતો, હું એને આજથી જોઈ રહી છું. એની વીતેલી કાલને હું જોવા પણ નથી ઇચ્છતી, પરંતુ આવનારી કાલે જો મને એના તરફથી કાંઈ આંચ આવી તો...' પોતાના આવેગને રોકવાના કઠિન શ્રમથી ખૂબ ઠંડીમાં પણ કન્યાના ચહેરા પર પરસેવો ચમકી ઊઠ્યો.

એ જોઈને સજ્જન થરથરી ગયો.

શીલાએ પોતાનું માથું ઝુકાવી દીધું. કન્યાના તેજને જોવાની ક્ષમતા હવે એનામાં રહી નહોતી, જો કે ઇચ્છા જરૂર હતી.

વાતની હારમાળા અહીં જ પૂરી થઈ ગઈ.

એકવીસ

આજે આખો દિવસ કન્યાની સાથે રહીને કઠિન મોરચા પર લડવું પડ્યું છે. એથી સજ્જન ખૂબ જ ત્રાસી ગયો છે. અને એ જેટલો ત્રસ્ત રહ્યો એટલી જ એના મન પર કન્યાની સંમોહન જાળ ફેલાઈ. દિવસે શીલાના ગયા પછી સજ્જને એને પૂછ્યું હતું, 'મારામાં જો તું ખરાબી જોશે તો તું શું કરીશ કન્યા?'

'ભાભીની જેમ બળીને મરી જઈશ!'

સજ્જન ભય પામ્યો, તૂટતા સ્વરે બોલ્યો, 'તું પાગલ છો, જરૂર પાગલ છો!'

કન્યા બોલી, 'બીજાની બૂરાઈ જોઈને એની સામે લડવું કે દૂર હટી જવું મારે માટે સરળ છે; પરંતુ તારે માટે મારી પાસે બીજો કોઈ ઉપાય નથી.'

'પરંતુ માની લે... માની લે કે આપણું લગ્ન ન થાય, આપણો આ સંબંધ તૂટી જાય?'

'લગ્ન ભલે ન થાય, પણ સંબંધ તૂટી નહિ શકે. 'કન્યાની વાત સજ્જનને માટે કોયડો બની ગઈ. આંખોથી સ્નેહ વરસાવી હસતી હસતી તે બોલી, 'સંબંધ મેં બાંધ્યો છે. એને રૂપ ભલે તેં આપ્યું હોય. રૂપને ઠીક કરવાનું તારા હાથમાં છે, પરંતુ સંબંધનો નભાવ તો હું જ કરીશ, તું નહિ.'

ત્યાર પછી આખો દિવસ કન્યા એના પર સત્તા ચલાવતી રહી. નિશ્ચિત સમયે તે એને સાથે લઈને કર્નલની પાસે આવી. મથુરાથી આવેલા મહાશયને સાથે લીધા, વકીલની પાસે ગઈ અને મૅજિસ્ટ્રેટના બંગલા પર જઈને એની સ્વર્ગસ્થ ભાભીનો પત્ર રજૂ કરી દીધો. મૅજિસ્ટ્રેટે એના વિષે તપાસ કરવાનું આશ્વાસન આપ્યું.

મૅજિસ્ટ્રેટના બંગલામાંથી નીકળ્યા પછી જ્યારે કર્નલે કન્યાને મહેમાન મહાશયની સાથે જઈને એમની ખરીદીમાં મદદ કરવાની ડ્યૂટી સોંપી, અને તે ચાલી ગઈ ત્યારે સજ્જનને એક પ્રકારનો ભારે આરામ મળ્યો. આજે એને મનમાં ને મનમાં ખાતરી થઈ ગઈ હતી કે, કન્યા હવે એના જીવનમાંથી કોઈ રીતે ખસી જશે નહિ. અને એને એ પણ ખાતરી થઈ ગઈ હતી કે તે એને પોતાના અંકુશમાં રાખશે – સજ્જનને આ વાતની જ ચિંતા હતી, એ તેથી ચિડાતો હતો. એનું મન, હમણાં જ પકડીને બાંધી રાખેલા જંગલીના જેવું બની ગયું હતું. અનેક અનર્ગળ વિદ્રોહભરી વાતો એના મનમાં રમઝટ બોલાવતી આપોઆપ ઊઠી આવતી હતી;

તે એનાથી – પોતાની જાતથી – ગભરાઈ ઊઠ્યો હતો. એને થયું કે પોતે ગાંડો થઈ જશે.

સજ્જનની ગાડી ગોમતીકિનારે ગાંડાઓના બાવાના આશ્રમ પર જ જઈને ઊભી રહી. બાવાનું પાગલખાનું એક અજબ દૃશ્ય ઉપસ્થિત કરતું હતું. પાકા માંડવામાં પાસે પાસે આઠ-દસ ખાટલા પાથરેલા હતા – સામે એક ઘાસનું છાપરું હતું, એની નીચે એક ખૂણામાં ત્રણ લંગોટધારી યુવકો રસોઈ બનાવી રહ્યા હતાં. સ્ત્રી-દર્દી સિવાય બીજા બધા દર્દી પરિચારક બાવાની જેમ જ લંગોટધારી હતા, બધાનાં જ માથાં મૂંડેલાં હતાં. બીજા ખૂણામાં એક ઘંટી ખોડેલી હતી. બહાર ખુલ્લામાં વૃદ્ધ સાધુ એક ગરમ સ્વેટર પહેરી, કાન પર ટુવાલ લપેટી બે-ત્રણ માણસો સાથે વાત કરી રહ્યા હતા. એક મારવાડી યુવક મંડપમાં બેસીને ગીતા, પુરાણ વગેરેના દાખલા આપીને આ સંસારને અસાર ગણાવતો એવી રીતે પ્રવચન કરી રહ્યો હતો, જાણે એની સામે હજાર–બે હજાર માણસોનું ટોળું શ્રદ્ધાથી બેસીને સાંભળી રહ્યું હોય. એક ઠીંગણો બંગાળી એના સાહેબની પાસે થનારી પ્રશંસાભરી વાતો કરીને પોતે જ ખુશ થઈ રહ્યો હતો. એક પહેલવાનનો પગ મંડપના થાંભલા સાથે સાંકળથી બાંધ્યો હતો. એ પોતાને છોડાવવાના પ્રયત્નમાં મંડી પડ્યો હતો ને સામે બેઠેલા બાવાને એક શ્વાસમાં સેંકડો ગાળો આપી, એમને કુસ્તીમાં લડવા આવવા આહ્વાન આપી રહ્યો હતો. બીજા થાંભલા સાથે બાંધેલો જંગલનો એક ઠેકેદાર ગાળોમાં બરાબર સાથ દેતાં દેતાં પહેલવાનને ગમ ખાઈ જવા સમજાવી રહ્યો હતો, 'આ બાવો સાલો પાકિસ્તાની એજન્ટ છે. રોજ રાત્રે એનું વિમાન આવે છે. મારા અઢી લાખ રૂપિયા લઈ ગયો. આજે રાત્રે આ સાલાને મારી નાખીને આપણે વિમાનમાં નાસી જઈશું. હમણાં ચૂપ રહે.' એક દૂબળો પાતળો સિંધી યુવાન એના ખાટલામાં પલાંઠી મારીને, મોંમાં પાણીનો કોગળો ભરી ગાલ ફુલાવીને જાણે યોગની સાધના કરી રહ્યો હતો. બે સ્ત્રીઓ ગોમતીમાંથી બાલદીમાં પાણી ભરીભરીને લાવતી હતી. કેપ્ટન રાજેશની ગાંડી પત્ની સૂતી હતી. આ વખતે એના માથાના વાળ પણ મૂંડી નખાયા હતા.

બધા અવાજોથી મુક્ત રહીને બાબા આવેલા ગૃહસ્થો સાથે વાતો કરતા હતા. સજ્જનને જોતાં વૃદ્ધ સાધુ ઊઠીને એટલી પ્રસન્નતાપૂર્વક એને મળ્યા જાણે અત્યાર સુધી એની જ રાહ જોતા હોય. કહેવા લાગ્યા, 'અમને કરોડોનું ધન મળી ગયું રામજી, તમારા આવવાથી એટલી પ્રસન્નતા થઈ છે.' પછી બેઠેલા માણસોને કહ્યું, 'આ જ રામજી સવારે મારી મદદે આવ્યા હતા. એમણે એને વાતોની જાળમાં એવી ઉતારી કે તે સાથોસાથ જ ચાલી આવી.'

સામે બેઠેલા પંડિતજી બોલ્યા, 'ઉપકારી લોકોની કમી નથી મહારાજ! તમારા જેવા લોકોથી જ તો ધરતી ટકી છે. આજે બજારમાં જ્યારે એક માણસે કહ્યું કે, એ સ્ત્રીનું કહેવું સાચું હોઈ શકે, બાવાજી એના પર કોઈ પ્રકારનો અનુચિત... અરે, મેં કહ્યું, હું એમને સારી રીતે ઓળખું છું, આવા – આવા મહાત્મા...'

'હું સેવક છું રામજી – ન સાધુ, ન સંત, ન વૈરાગી. મારા ગુરુએ મને બે ઉપદેશ આપ્યા અને ગુરુદક્ષિણામાં મેં બે વચન આપ્યાં. જે ઉપદેશ આપ્યો તે જ વચનોમાં લઈ લીધો. ઉપદેશ એમ આપ્યો કે જગતને મારું રૂપ સમજીને મારી સેવા કરજે; અને મારી સેવામાં મરતાં સુધી ભૂલ ન થાય એ માટે લંગોટી બાંધી રાખજે. હું તો બસ એટલું જ ભણ્યો છું રામજી!'

મોઢામાં કોગળો ભરેલો સિંધી યુવક એકાએક ઝડપથી ઊઠ્યો, અને વરંડાની બહાર મોરી સુધી આવતાં આવતાં એને ઊલટી થવા લાગી. યુવક એવી જ રીતે ઓકતો ઓકતો મોરી સુધી ગયો. એનાં કપડાં ખરાબ થયાં. જમીન પણ ખરાબ થઈ.

'ધત્તેરેકી રામ ભગતવા!' કહેતાકને બાબા ઝડપથી ઊઠ્યા. સજ્જન એમની કાર્ય-તત્પરતા જોઈ રહ્યા. પાગલખાનું એના મન પર છવાઈ ગયું – અજબ વાતાવરણ છે, કોઈના ઘરમાં જો કોઈ એક ગાંડું બની જાય છે તો સંભાળવાનું મુશ્કેલ થઈ પડે છે; ઘર આખાની ખોપરીઓ ચોવીસે કલાક માટે ચિંતાની ખીંટી પર ટીંગાઈ રહે છે. અહીં દસ-પંદર ગાંડાની ટોળી બાંધીને આ વૃદ્ધ સાધુ દરેક બાજુ ચોકસાઈભરી નજર રાખી, મારપીટ, બૂમાબૂમ, 'બેટા – દીકરા' કહેવું, સ્ફૂર્તિથી બંદોબસ્ત કરવો – આ બધું કરીને જ્યારે પોતાની બેઠક પર આવીને બેઠા તો લાગ્યું કે જાણે તેઓ ઊઠીને ક્યાંય ગયા જ નહોતા, એમણે કાંઈ જ કર્યું નહોતું, એને કશી ચિંતા નથી, મગન થઈને હસવા માટે તે સદા મુક્ત રહે છે.

'તમારી શી સેવા કરું રામજી? ચા લેશો? ભાંગ-બૂટીનો શોખ હોય તો એનો પણ પ્રબંધ થઈ શકશે.'

'મને માત્ર આપની કૃપા જોઈએ છે.'

'પણ ચા તો જરૂર પીઓ રામજી; આપ આશ્રમમાં પધારો ને અમારી સેવા ન સ્વીકારો...'

'સેવા અમારે કરવી જોઈએ...'

'સેવા પ્રત્યેક મનુષ્યે કરવી જોઈએ રામજી, અરે રમાશંકર, ચા તો ચડાવ બેટા. લવંગ – એલચી – મસાલા બધું નાખજે. ...મારું તો એવું માનવું છે રામજી કે મનુષ્યના મનમાં જ્યાં સુધી લેશ માત્ર સેવાભાવ છે, ત્યાં સુધી તે પોતાની જ શક્તિથી મતિને ભ્રમિત થતી અટકાવે છે.'

'આપની આ વાત મને ન સમજાઈ.'

'સાચો સેવક સદા શાંત ચિત્ત અને સતર્ક રહે છે. પોતાની ભૂલ થાય તોયે તે શાંતિ અને તર્ક ગુમાવતો નથી રામજી. આ વાતનું બસ આ જ રહસ્ય છે.'

સજ્જનના મનને આ વાત ન ગમી. એણે કહ્યું, 'આપ સેવક થવા પર કેમ ભાર મૂકો છો. મનુષ્ય પોતાનો સ્વામી કેમ ન બને?'

સાધુ હસ્યા, એમણે જવાબ આપ્યો, 'એક જ વાત છે રામજી. પૂર્વાશ્રમમાં હું મોટર મિકેનિક હતો. છેલ્લે માલિકની નોકરીમાંથી છૂટીને વિંધ્યાચળમાં ઘૂમ્યો. ત્રિકૂટિમાં ધ્યાન કર્યું, નિર્જળ, નિરાહાર રહ્યો – કોણ જાણે કેટલાંય પાયા વગરનાં કાર્યો કર્યાં. ત્યાં એક મહાત્માના દર્શન થયાં. તો એમણે કહ્યું કે, ડયૂટી બજાવવાનું છોડીને અહીં સો ઢોંગ કરે છે? – જા, સેવા કર. પછી હું શું કરું રામજી? જેને ગુરુ માન્યા એમની આજ્ઞા પણ માનવી જ પડેને. તો કહેવાનો સારાંશ એ છે કે પોતાની ડયૂટીથી બંધાયા વિના કોઈ પોતાનો સ્વામી બની જ નથી શકતો. પણ મને તો મને તમારો સેવક માનવામાં જ સંતોષ મળે છે. 'આપ મારા રામજી છો'.'

સજ્જનને સાધુની વાતો ગૂંચવણવાળી લાગી; છતાં પણ એમનું વ્યક્તિત્વ એને એમની તરફ ખેંચી રહ્યું હતું. અને એમના સેવા-સિદ્ધાંતનો વિરોધ હોવા છતાં આ આકર્ષણને કારણે જ એનું મન સાથોસાથ એ વાતનો સ્વીકાર કરતું હતું કે, સાધુના વ્યક્તિત્વનું આકર્ષણ એમનું સેવા-વ્રત જ છે. 'હું – સજ્જન વર્મા – સાધુ-સંન્યાસી પાસે શા માટે આવું? સેવાનો મહિમા જિસસ, વિવેકાનંદ, ગાંધી જેવા મહાપુરુષોના વ્યક્તિત્વથી જ વધ્યો છે. પરંતુ સેવા કરવાનું વ્રત કઠિન છે. સેવા... સજ્જનના મનમાં એના ચાર નોકરો, ડ્રાઈવર, પૂજારી, માળી, રસોયો, મુનીમ, ક્લાર્ક, મુખ્તાર અને પહાડી ચોકીદારોની સેવક-સેના નાચવા લાગી. એક વ્યક્તિ જે અનેક વ્યક્તિઓની સેવા મેળવવાનો લક્ષ્મીસિદ્ધ, જન્મસિદ્ધ અધિકારી રહ્યો છે; જેની સામે સેવક સદા 'હજૂર, સરકાર, માઈ-બાપ, માલિક' વગેરે શબ્દોનો પોકાર કરતા આવે છે, અને જે સદા એમને પોતાથી નીચા સમજીને એમને ધમકાવવા – ફટકારવા ને રોફ મારવાની આદતવાળો રહ્યો છે – એ સેવાના આદર્શને અત્તરની જેમ સૂંઘીને આનંદ ભલે લઈ લે, પરંતુ સેવાના ફૂલને એના હાથમાં રાખીને સ્પર્શ અને ગંધનો આનંદ સાથોસાથ ગ્રહણ કરવો એ એના વશની બહારની વાત છે. સજ્જન પોતાની વિવશતાને ઓળખીને સુખી ન થયો, એની ચીઢ વધી. એ એની કામુકતાથી હાર્યો છે; પોતાના જ મોઢે વારંવાર પ્રશંસેલા આદર્શોનો અમલ કરવાની નૈતિક શક્તિ પણ એની પાસે નથી. એ કેટલો પતિત છે! બત્રીસ વર્ષ વીતી ગયાં. એ હજી સુધી પોતાની જાતને ઓળખી

શક્યો નહિ. અત્યાર સુધી કેટલા વિશ્વાસથી, દૃઢથી, જોશભરી ઈમાનદારી સાથે તે પોતાના વ્યક્તિત્વના બધા વિરોધોને એક ગાંસડીમાં બાંધીને નિર્દ્વંદ્વ ચાલ્યો આવ્યો છે. જે મનમાં આવ્યું તે કર્યું, જે મનમાં આવ્યું તે કહી નાખ્યું— હવે એની જાગૃતિ એની જ તમન્નાઓને તમાચા મારે છે! ... તો શું હું બહુ ખરાબ માણસ છું. અત્યાર સુધી મેં શું બધું ખોટેખોટું જ કર્યું છે?'

'કાંઈ ખોટું નથી કર્યું રામજી. શરૂઆતમાં માણસ ભૂલ કરીને જ અનુભવ મેળવે છે. હું મારી વાત કહું...'

એના મનમાં ચાલતા પ્રશ્નોનો ઉત્તર એકાએક સાધુના મોંએથી સાંભળી સજ્જન ચોંકી ઊઠ્યો. સાધુજી આત્મકથા કહેતા હતા, 'પહેલાં જ્યારે હું મોટર-કંપનીમાં મિકેનિક તરીકે રહ્યો રામજી, ત્યારે મોટરોનો ધંધો આ દેશમાં તદ્દન નવો જ હતો. કારીગરોની અછતને કારણે એની માંગ બહુ હતી. અંગ્રેજ લોકો ખૂબ બક્ષિશ આપતા. એટલે બધું મળીને મારી આવક બસો – અઢીસો રૂપિયા થતી. હું ગામડાગામનો છોકરો, આટલું નાણું મેળવીને ગર્વથી કઠોર બની ગયો. પચાસ-પંચાવન વરસ પહેલાં બસો-અઢીસો રૂપિયા બહુ કહેવાતા રામજી. ધનના મદમાં હું કોટ-પાટલૂન પહેરવા લાગ્યો: બંને ટાઈમ કસરત, ભાંગ – બૂટી, ઘી-દૂધ, રબડી-મલાઈનું સેવન મોજથી કરવા લાગ્યો. ખાવાપીવા પછી જે સો-સવાસો બચતા તે દર મહિને પિતાજીને મોકલી આપતો હતો. એટલે ખાઈ-ખાઈને જાડો અને ઉદ્દંડ થઈ ગયો. એ વાત મારી પાસે હંમેશાં સાચી હતી – એક તો મારી ડયૂટી હું બરાબર જાળવતો, બીજું કામવાસના ખાસ નહોતી. શરીર સારું કરવાનો શોખ હતો, તેથી બધાથી અકડાઈને રહેતો હતો. એકવાર એક માણસ સાથે મારે વેર થઈ ગયું, એણે મારા પર એક મોટું કલંક લગાડયું; શેઠને ફરિયાદ કરી કે, હું એમના પૈસા ખાઈ જાઉં છું. આ જૂઠા કલંકથી મને ઘણો જ ઉદ્વેગ થયો રામજી, ખૂબ ક્રોધ આવ્યો. હું એક મોટર-ટ્રક સમી કરતો હતો, સાંજે એને જ ટેસ્ટીંગના બહાને મારી ઓરડી પર લઈ આવ્યો, નિયમ વગેરે પતાવ્યું. તે દિવસે ભાંગ જરા વિશેષ માત્રામાં લીધી; અને ફરતાં ફરતાં અડધી રાત્રે જઈને એની ફૂટપાથ પર ટ્રક ચડાવી દીધી. એ માણસ ખાટલા સમેત કચડાઈ ગયો રામજી. મેં ઝડપથી દીવાલ તોડીફોડીને ફુલ સ્પીડમાં ગાડી દોડાવી અને ચક્કરો લઈને છેવટ મારા કારખાને પહોંચ્યો. મારો માલિક અંગ્રેજ હતો, એનો બંગલો પણ એ જ કમ્પાઉન્ડમાં હતો. મેં જઈને સાહેબને બધી જ વાત સાચેસાચી કહી દીધી. સાહેબ ડયૂટીથી બહુ રાજી રહેતા હતા. તેઓ વિચારમાં પડી ગયા; પછી કહ્યું કે, અચ્છા જા. તેં મને સાચી વાત કહી તે સારું કર્યું,

હું તને બચાવી લઈશ; પણ ખૂનીને હું નોકર તરીકે નહિ રાખું. ... તો કહેવાનું તાત્પર્ય એ છે રામજી કે મૂઢતામાં મનુષ્ય પહેલાં પોતાની ભૂલથી અનુભવ મેળવે છે, પરંતુ પછી જો તે સંતર્ક રહીને પ્રયાસ કરે તો સદ્‌ભાવ સદ્‌ગુણોમાંથી સદ્‌અનુભવ ગ્રહણ કરવાની શક્તિનો સંચય કરે છે.'

સજ્જનના મન પર આ વાતની અજબ પ્રતિક્રિયા થઈ. એના મનમાં નિર્દય ખૂની અને દયાળુ લોકસેવકના રૂપમાં સાધુના બંને ચરિત્રોની અથડામણ થવા લાગી. એમના પ્રત્યેની એની શ્રદ્ધાને ન તો એ તોડી શકતો હતો, કે ન સ્થિર રાખી શકતો હતો. સાધુની સામે એને ખૂબ જ મૂંઝવણ થવા લાગી હતી. સાધુ ફરી બોલ્યા, 'મૂંઝવણ વધારવાથી વધે છે, અને ઘટાડવાથી ધીમે ધીમે મનના તાર ઊકલી જાય છે.'

સજ્જન ફરી ચોંક્યો; સાધુજી હસ્યા, કહેવા લાગ્યા, 'આશ્ચર્યની કોઈ વાત નથી રામજી. ગોસાંઈજીનું વચન સત્ય છે કે, 'સકલ પદારથ યા જગ માહીં, કર્મ હીન નર પાવત નાહીં'.'

બેઠાં બેઠાં સજ્જનને ઊંઘનાં ભારે ઝોકાં આવવા લાગ્યાં. એની વિચારશક્તિ નબળી પડતી જતી હતી. એને એકાએક એવું થવા લાગ્યું કે, સાધુની સ્નેહમયી કાળી કાળી કીકીઓ એના મનના પ્રત્યેક ખૂણામાં પ્રવેશી રહી છે: એમનાથી જાણે કે કશું જ છૂપું નથી. સજ્જનને લાગતું હતું કે, એના અસ્તિત્વનો લોપ થઈ રહ્યો છે. સાધુની તીક્ષ્ણ સ્નેહમયી દૃષ્ટિ એની રગેરગમાં ઊતરી ગઈ હતી. એવું લાગતું હતું કે, તે અંતરિક્ષ તરફ દોડી રહ્યો છે. અને સાધુની દૃષ્ટિ સૂર્ય-કિરણની જેમ અંતરિક્ષને વીંધીને આગળ નીકળી જાય છે. સજ્જનના અહંકારે હારીને પણ હાર માનવાની ના પાડી દીધી. પરંતુ એ ઈન્કારને એ પોતાનું બળ ન આપી શક્યો, એની ચિંતનશક્તિ વિખરાતી હતી; એને બેઠાં બેઠાં જ ઊંઘનું મોટું ઝોકું આવ્યું – એક વાર, બે વાર – પાંપણ ઊંચકવાનું ભારે પડી ગયું. સજ્જન અધીરો બની ગયો હતો, મસાલાવાળી ચા બરાબર સમય પર એની પાસે આવી.

બાવીસ

બાબા રામજીના આશ્રમથી ઘેર આવતાં સજ્જને છત્તર મંજિલની પાસે મહિપાલને ચાલતાં જતો જોયો. એણે ગાડી થંભાવીને મહિપાલને બૂમ મારી. મહિપાલનો ચહેરો એકદમ ઊતરી ગયેલો ને ઉદાસ હતો. ગાડીમાં બેસતાં તે બોલ્યો, 'સારું થયું કે તું મળી ગયો. મને શીલાને ત્યાં મૂકી દે.' રસ્તાની વાતચીતમાં મહિપાલે જ્યારે એની ને શીલાની આત્મીયતાની તુલનામાં સજ્જન અને કન્યાના વધતા જતા સંબંધની વાત કાઢી, ત્યારે સજ્જને એકદમ જ એનો વિરોધ કર્યો; એણે કહ્યું, 'શીલાનું હું સન્માન કરું છું, પરંતુ કન્યાને એની સરખામણીમાં મૂકવા માટે બિલકુલ જ તૈયાર નથી. મારી માને બાદ કરતાં જેમનાં જીવન મેં આજ સુધી નજીકથી જોયાં-જાણ્યાં છે એવી બધી જ સ્ત્રીઓમાં કન્યા પોતાની નિષ્ઠામાં સૌથી ઊંચી છે.'

'નિષ્ઠામાં મેં મારી પત્નીને પણ ઓછી નથી માની સજ્જન...'

'તો પછી ? એને છોડીને શીલા...'

'શીલા મારે માટે નશાની જેમ જરૂરી છે. આ તમામ ઉપરના નશા... તું જાણે છે કે હું એનો ગુલામ નથી પણ શોખીન છું. પરંતુ શીલા ઉપરનો નશો નથી, એનો સંબંધ મારા અંતર સાથે છે. સજ્જન, હું તને ખોટું નહિ કહું, જે થાકેલી-હારેલી જિંદગી સાથે હું રાતદિવસ સંઘર્ષ કરું છું, એની કદાચ તેં સ્વપ્ને પણ કલ્પના નહિ કરી હોય. શીલા મારા થાકેલા, ઘાયલ અહંકારનું બળ છે. એના સિવાય એક કર્નલ જ એવો છે, જેની પાસેથી મને બળ મળે છે. ખોટું નહિ લગાડતો સજ્જન, એની સરખામણીમાં તું પણ મારી સામે બોજો બનીને આવે છે.'

સજ્જને કહેલું, 'હોઈ શકે છે. પરંતુ તું શું નિષ્પક્ષ બનીને તારી વાઈફની સરખામણીમાં શીલાને એ જ રીતે મોટી માની શકે છે, જે રીતે તું મારી અને કર્નલની સરખામણીમાં કર્નલના પ્રેમને મહત્ત્વનો માને છે ?'

મહિપાલ કશો જવાબ નહોતો આપી શક્યો. સજ્જને પછી આવેશમાં આવીને કહ્યું હતું, 'હું હજી મારા મનને નથી જાણતો. અત્યારે હું જેટલો બેચેન છું, અનિશ્ચિત છું, એટલો ક્યારેય નથી થયો. ક્યારેક વિચારું છું કે કન્યા જેવી ઝનૂની જોશીલી સ્ત્રી સાથે જીવન જીવવામાં કદાચ હું સુખી ન બની શકું...'

'એવી જ રીતે જેમ કલ્યાણી મારે માટે સમસ્યા બની જાય છે.'

'પણ પછી વિચારું છું કે, આ સાચા સોનામાં હું મારી નિષ્ઠાને હીરાની જેમ જડી ન શકું, તો મારી જિંદગી જ નકામી છે. કન્યા મારી નબળાઈઓ સામે પડકાર રૂપે આવી છે.'

'જો કે આ બંનેને કારણે મારા મનમાં ટેરિબલ ખેંચતાણ ચાલી રહી છે; લાખ વાર ન ઇચ્છવા છતાં મારા ચારિત્ર્યની નબળાઈઓ મને એની તરફ ઘસડે છે. બટ આય નો, કે અંતમાં મારી નબળાઈઓ કન્યાની નિષ્ઠા સામે ઝૂકી પડશે.'

સજ્જનની વાતોથી મહિપાલને લાગ્યું કે, પોતે એવું નહિ કરી શકે. કલ્યાણી સાથે બંધાયા રહેવા છતાં એને માટે તે શીલાનો ત્યાગ નહિ કરી શકે.

સજ્જનની વિદાય લીધા પછી થોડી જ વાર પછી શીલાની છાતીમાં મુખ છુપાવીને મહિપાલે એને કહ્યું, 'ઓ મારી નબળાઈ, તું મારો સાથ કદી ન છોડતી.'

એના વાળ પર હાથ ફેરવતાં શીલા બોલી, 'સાથ છોડવાનો સવાલ જ તારા મનમાં કેમ પેદા થાય છે? શું થોડી એવી બદનામીથી જ તને આવો ડર લાગવા માંડ્યો?'

'બદનામીથી નથી ડરતો શીલા. ખરું તો એ છે કે ડર મને મારા મનમાં બેઠેલા પેલા ભગવાનનો લાગે છે, જે વારંવાર મને કહે છે કે: 'તું ખોટું કરી રહ્યો છે, મહિપાલ તું કોઈકનો અધિકાર ઝૂંટવી રહ્યો છે'.'

'હું એવું નથી માનતી. તું જે અધિકાર ઝૂંટવી લેવાની વાત કરે છે, તેને હું મહત્ત્વ નથી આપતી. આપણે એકબીજાની આત્માની જરૂરિયાતને પૂરી કરીએ છીએ. જેને પૂરી કરવાનો દરેકનો જન્મસિદ્ધ હક્ક છે. હું મારા ને તારા સંબંધને પાપ પણ નથી સમજતી.'

'હા. આપણા તમામ મોરાલિસ્ટિક સંસ્કાર બાજુએ રાખીએ તો એક રીતે હું પણ એમ માનું છું કે, આપણે કોઈ પાપ કરતાં નથી. છતાં કલ્યાણીનો વિચાર કર શીલા, એનું જીવન કેટલું એકનિષ્ઠ છે.'

'ઠીક છે. એના ટેમ્પરામેન્ટને એ સૂટ થાય છે. કેટલાય એવા હોય છે જે વિચાર્યા વિના જે બંધનને સ્વીકારી લે છે, એમાં જ હંમેશને માટે બંધાઈ જાય છે. તારી વાઈફ પણ એવી જ છે; પરંતુ આપણે, જેઓ જિંદગીને આપણા પોતાના વિચારોની કસોટી પર કસવાની ટેવવાળાં છીએ, તેઓ ખરાબ કેમ કહેવાઈએ? મોરલ્સના ગુલામ હોવાને કારણે જેમને શરૂઆતથી જ એકનિષ્ઠામાં બંધાઈ જવાની આદત હોય છે, એમનાથી નાના કેમ ગણાય?'

'હું શું જાણું શીલા, દુનિયા એમને ખરાબ કહે છે, હું પણ કદાચ આદતના જોરે જ એવું કહું છું. ...કાંઈ સમજમાં નથી આવતું ... ક્યારેક ક્યારેક દુર્યોધનની જેમ જ એમ કહેવાનું મન થઈ જાય છે :

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ,
જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિઃ ...

— ધર્મને જાણું તો છું, પરંતુ એના તરફ મારી રુચિ નથી; અધર્મને પણ જાણું છું, પરંતુ એનાથી હું છૂટી શકતો નથી. મારા દિલમાં બેઠેલા કોઈ દેવતાના ઇશારે, એ મને જેમ કહે છે તેમ જ કરું છું. (નિશ્વાસ નાખીને) એમ જ કરું છું.'

'આ ફિલસૂફી સૌથી સારી છે. માણસને પોતાની ઈમોશનલ નીડ્ઝને ઓળખ્યા વિના છૂટકારો મળતો નથી. તારી વાઈફ જો એને સંતોષી શકત તો, હું સારી રીતે જાણું છું, તું પણ આજે એની જેમ જ એકનિષ્ઠ હોત. આટલાં વર્ષોમાં મેં તારા ચારિત્ર્યને કોઈ પણ મોટામાં મોટા મોરલિસ્ટથી ઊતરતું નથી જોયું.'

પોતાની પ્રશંસા સાંભળીને મહિપાલ શીલાને પ્રેમભરી નજરે જોવા લાગ્યો. લાગણીવશ બની એણે એને પોતાની બાથમાં લઈ લીધી. એ વખતે બંને એકબીજાના આલિંગનમાં હોવા છતાં પણ સેક્સ ઉત્તેજનાથી દૂર, એક પ્રકારનો ઊંડો માનસિક સંતોષ મેળવી રહ્યાં હતાં.

થોડી ક્ષણોમાં વ્યવસ્થિત બનીને મહિપાલે કહ્યું, 'શીલા, જમાના પ્રમાણે તો આધેડ થઈ ચૂક્યાં છીએ. જોશભરી યુવાનીને હવે તર્કબુદ્ધિ બાંધી લે છે. સમજમાં નથી આવતું કે, ભાવિ આપણને કઈ તરફ લઈ જશે. હકીકત છે કે આજ સુધી જે વાત પર મારા ઘરના લોકોથી અજાણી હતી, તે હવે છૂપી નથી રહી. કલ્યાણીનો દ્રોહ કરીને હું તારી સાથે સંબંધ રાખી શકત, પરંતુ મારાં બાળકોએ જાણ્યા પછી હવે હું આ સંબંધ કેવી રીતે નિભાવી શકીશ? તેઓ આપણે વિષે શું વિચારશે? તને, જેને હું મારી પ્રેરણાની દેવી માનું છું, તેને તેઓ એમના કુટુંબને છિન્નભિન્ન કરનારી, કુટિલ અને નીચ માનશે. – હું આ કઈ રીતે સહી શકીશ? જો ઘરવાળા પ્રત્યે હું મારી પ્રમાણિકતા નિભાવું તો હું તારા પ્રત્યે વફાદાર નથી રહી શકતો. અને તારા પ્રત્યે સાચો બનું છું, તો મારી આખી જિંદગીને જૂઠી બનાવવી પડશે.'

'કેમ?'

'સમજો કે હું તારા વિના રહી નથી શકતો, એ વાતનો સ્વીકાર કરી લઉં, તો મારે માટે પછી એક જ ઉપાય રહે છે ને તે ઘરથી જુદા રહેવાનો. ખર્ચ

દેવા સિવાય ઘરવાળા સાથે કશો સંબંધ ન રાખું. ...પરંતુ એમ કરવામાં પણ એક તકલીફ છે. હું તારી સાથે એક ઘરમાં ન રહી શકું. દુનિયા કહેશે કે મેં તારે માટે નહિ, પણ તારા પૈસા માટે મારાં ઘરબાર પણ છોડી દીધાં છે.'

'પરંતુ તારે ઘર છોડવાની જરૂર શા માટે છે? તું આવી રીતે કેમ વિચારે છે, એ જ મારી સમજમાં નથી આવતું.'

'તો પછી બીજો ઉપાય જ શો છે?'

'ડોન્ટ બી ફની ડાર્લિંગ! તું જરૂર કરતાં વધારે ભાવુક બનીને આ વાતનો વિચાર કરે છે. બંને વાતો સાચી છે – કલ્યાણી અને બાળકો તારે માટે અત્યંત જરૂરી છે. એમનાથી છૂટો પડીને તું માનવતાની દૃષ્ટિએ નીચો પડી જઈશ. અને હું ... અને તું ... હા, જુદાં તો પડી શકીએ. પરંતુ જુદાં પડવાથી આપણી જિંદગી બુઝાઈ જશે. તેં હમણાં સાચું કહ્યું હતું – આપણે લગભગ આધેડ થઈ ગયાં છીએ. ઢળતી જિંદગીમાં પ્રેમ શારીરિક જોમ નહિ, પણ આત્માનો આશરો બને છે. પંદર-વીસ વરસ પહેલાં, આઠ-દસ વરસ પહેલાં પણ એવું બની શકત કે, તું મારી જિંદગીમાં આવત અને કદાચ ખરેખર નીકળી પણ જાત. અત્યારે મારું મન તારી સાથે જે રીતે બંધાયું છે, તેવી એ વખતે પણ સ્થિતિ હોત તો કદાચ હું મહિનો – બે મહિના, વધુ છ મહિના તારા વિરહમાં દિવાની રહીને પછી બધું ભૂલી જાત. પરંતુ હવે એવું ન કરી શકું.'

'કર શીલા, એમ જ કર. તારી સાથે રહીને ભલે મારું જીવન સુખી થાય, પણ તું સુખ નહિ મેળવી શકે. ધારી લે કે હું મરી ગયો – કે બેવફા નીવડ્યો. પછી દિલને સમજાવીને કોઈ સારા માણસ સાથે લગ્ન કરી લે. હવે તારી જિંદગીનું પરમેનન્ટ સેટલમેન્ટ કરજે. લગ્ન માનવસમાજનો જરૂરી રિવાજ છે, ઊંચો સિદ્ધાંત છે. હવે એને સ્વીકારી લે.'

'સ્વીકારી લીધું પણ મારું લગ્ન થઈ ગયું છે. હવેથી આવી ચર્ચા ક્યારેય ન કરતો.'

'કર્નલ સાહેબનો ટેલીફોન આવ્યો છે હજૂર.' નોકરે દરવાજાના પડદા પાછળ ઊભાં ઊભાં કહ્યું. બંનેએ ચમકીને એકબીજા સામે જોયું.

'કોને માટે છે?' શીલાએ પ્રશ્ન કર્યો.

'આપને માટે પણ પૂછ્યું હજૂર, ને સાહેબને માટે પણ.'

'જા, તું વાત કરી લે. હું અહીં છું એ એને ખબર તો પડી જ ગઈ છે, પણ કહી દેજે કે અત્યારે હું કોઈને મળવા નથી ઇચ્છતો.'

શીલા વાત કરવા ચાલી ગઈ. મહિપાલ હારેલા મને પલંગ પર સૂઈ ગયો. વિચારવા લાગ્યો, 'કદાચ ઘેરથી કોઈ પૂછવા આવ્યું હશે. કાલ સવારથી ઘેર નથી ગયો. બાળકો, કલ્યાણી બધાં ચિંતામાં પડી ગયાં હશે – પડવા દો. ચારિત્ર્યહીન પિતા ક્યા મોઢે પોતાનાં બાળકો સામે જાય? કલ્યાણી કેટલી બધી મૂર્ખ છે. સમજ્યા-કર્યા વિના બધાંની સામે આવડું મોટું તોફાન જગાવી એણે મને ક્યાંયનો ન રાખ્યો. હું હવે એનું મોં નહિ જોઉં ... ક્યારેય નહિ જોઉં.'

શીલા ઓરડામાં આવી. પાસે આવીને પૂછ્યું, 'કાલ રાત્રે તું ક્યાં હતો?'

મહિપાલે કશો જવાબ ન આપ્યો. આંખ મીંચીને પડ્યો રહ્યો. શીલાએ ફરી પૂછ્યું, 'કાલથી તું ઘેર નથી ગયો ... આ કેવી અનુચિત વાત છે.'

મહિપાલે કશું ન કહ્યું. શીલા એની પાસે બેસીને એના માથા પર હાથ ફેરવતી બોલી, 'જમી લે. પછી ચાલ, હું તને મૂકી જાઉં. ઊઠ.'

'ઘેર નહિ જાઉં. કાલ રાત્રે સૂતો નથી. ઘેર જવાથી આજની રાત પણ ઝઘડામાં વીતશે. હું હવે એટલો થાકી ગયો છું કે, મારો થોડો સરખો વિરોધ થાય તે પણ સહન નહિ કરી શકું. ... કર્નલને ફોન કરી દે – બાળકોને કહી દેશે કે ચિંતા ન કરે. હું સજ્જનને ત્યાં સૂઈશ.'

વાતવાતમાં શીલાએ જાણ્યું કે ગઈ રાત્રે મહિપાલ બેઘરની જેમ ઠૂંઠવાતો શિવાલયમાં પડ્યો રહ્યો હતો. એ પછી એણે મહિપાલને જવા ન દીધો.

એના ચાર વર્ષના ઘનિષ્ઠતમ સંબંધમાં પહેલી વાર મહિપાલે આ ઘરમાં આખી રાત વીતાવી.

તેવીસ

મનમાં ચોર લઈને સજ્જન માખણચોરની લીલાભૂમિમાં આવ્યો. પ્રાયશ્ચિત્તની આગમાં એનો અહંકાર બળી-બળીને, વેદનાથી તપી-તપીને કરુણ બની ગયો હતો. આ યાત્રામાં વનકન્યા આઠે પહોરની પરીક્ષાની જેમ એની સાથે હતી. બે દિવસ મથુરામાં સાથે રહીને બેચેન બનેલું સજ્જનનું ઉદાસ કરુણ મન ઊડીને એના ઘરના વૈષ્ણવ સંસ્કાર અને માની કૃષ્ણસેવાના પ્રભાવથી શ્રીકૃષ્ણનાં ચરણમાં જઈને લપેટાઈ ગયું.

સજ્જન પોતાની જાતને કન્યામાંથી ખેંચી રહ્યો હતો. કન્યાના સ્નેહનો સંબંધ તોડીને સજ્જન શ્રીકૃષ્ણની ભક્તિથી સહસા વિભોર બનીને એના મનને

બ્રહ્મચારી બનાવી રહ્યો હતો. મથુરા આવીને એણે વનકન્યાની સ્વર્ગસ્થ ભાભીના સંબંધમાં થનારી કાનૂની કાર્યવાહીમાં જરા પણ ભાગ ન લીધો; બલ્કે ત્યાં પહોંચતાં જ વનકન્યાને ઘેર મૂકીને એકલા જ મથુરામાં ફરવાનું શરૂ કરી દીધું. વિશ્રામઘાટ, દ્વારિકાધીશ, કિશોરીરમણ, બિહારીજી, રાધાકૃષ્ણ વગેરેનાં પ્રસિદ્ધ મંદિરોમાં ફરતાં, દર્શન કરતાં, પરાણે એના પાશ્ચાત્ય સંસ્કારવાળા વ્યક્તિત્વને ભૂલીને તે પોતાની જાતને ચિર સંસ્કારી હિન્દુ વૈષ્ણવ તરીકે અનુભવવાના પ્રયત્ન કરી રહ્યો હતો. આ દેશની જનતામાંથી કોણ જાણે કેટલાયને અસાધારણ બનાવી દેનારા ભક્તિ–પ્રપાતનું દર્શન એ પોતાની અંદર કરવા ઇચ્છતો હતો. સૂર, મીરાં, વગેરેનાં જીવનની લગન જે લાલ સાથે લાગી હતી તે કોણ છે? – શું છે?

સજ્જન દૃઢતાપૂર્વક એની આ ભાવભરી જિજ્ઞાસા સંતોષવા મંદિરે–મંદિરે દરેક મૂર્તિમાં શોધતો ફર્યો, પરંતુ વ્રજનો લાડલો લાલ એને ક્યાંય ન દેખાયો. દરેક જગ્યાએ આડંબર હતો.

ટાંગાવાળો એને ફેરવતો ફેરવતો કૃષ્ણજીની જન્મભૂમિ બતાવવા લઈ આવ્યો. કૃષ્ણની જન્મભૂમિ!... એ વિચારથી જ સજ્જનનું મન એક વિચિત્ર કુતૂહલથી ભરાઈ ગયું. એ કૃષ્ણ, જે પરમાત્મા બનીને આ વિશાળ મહાદ્વીપ જેવા દેશમાં ઘેરઘેર પુજાઈ રહ્યો છે, તે આ જ ભૂમિ પર જન્મ્યા હતા. પરમાત્મા મનુષ્ય બનીને જન્મ્યા હતા, પૃથ્વી પર જન્મેલા કંસના કારાગારમાં એમણે જન્મ લીધો હતો.

એ જેલનું સ્થાન, શ્રીકૃષ્ણની જન્મભૂમિ, એની નજર સામે આવી ગઈ. ભગવાનની જન્મભૂમિ પર ખુદાનું ઘર બનેલું જોઈને સજ્જનને નવાઈ લાગી. એના હિન્દુ માનસને ઊંડો ધક્કો લાગ્યો. ટાંગાવાળાએ એને ઇતિહાસ કહેવાનું શરૂ કર્યું: 'ઔરંગઝેબે મંદિરને તોડી નખાવ્યું ને ત્યાં જ આ મસ્જિદ ઊભી કરી દીધી મહારાજ.'

સજ્જન મનમાં ને મનમાં ઊકળી ઊઠ્યો. એ સાંપ્રદાયિક ઉકળાટમાં જ એક વાર એકાએક એને એમ લાગ્યું કે, કૃષ્ણની જન્મભૂમિ પર, ખંડેરોના ઓટલા પર રંગીન પથ્થરની કલાહીન મસ્જિદની જગાએ કન્યા ઊભી છે. કૃષ્ણની જન્મભૂમિ પર પહોંચીને સજ્જન મસ્જિદ અને કન્યા બંનેથી મુક્ત બનીને કૃષ્ણના ભાવથી ભરાઈ જવા માગતો હતો. ઔરંગઝેબની મસ્જિદ અને વનકન્યાનું ધ્યાન – એ બંનેમાંથી જ એની આસ્થા ડગમગી ગઈ હતી. અને તે પોતાના મનને સ્થિર કરી રહ્યો હતો. શ્રી કૃષ્ણના ધ્યાનમાં પોતાની જાતને મગ્ન કરી દેવા માગતો હતો.

મસ્જિદની નીચેના ખંડેર પર હાથ ટેકવીને ઊભા રહેલા સજ્જનનું ધ્યાન કાલ્પનિક કારાગારના દૃશ્યમાં લીન થઈ ગયું.

...મસ્જિદ પર નજર ગઈ. સજ્જનનું મન ક્રોધથી ભરાઈ ગયું. મસ્જિદ એક નાદાનીભરી શક્તિનું પ્રતીક બનીને એની સંસ્કારોથી સીંચાયેલી કલ્પનાને ઊંચે ચડતા રોકતી હતી. અને ઇચ્છા થવા લાગી કે, મસ્જિદ પડી જાય – પાડી નાખવામાં આવે.

અત્યારે એના મનમાં ઈલોરા-અજંતાની ગુફાઓ, સોમનાથ-વિશ્વનાથનાં મંદિર તથા બીજાં બધાં પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ મંદિરો, મૂર્તિઓ અંગે, જેને મુસલમાનોએ તોડી નાખ્યાં હતાં, ક્રોધ ઊભરાતો હતો. એ વિચારવા લાગ્યો કે, જે રીતે અહીં કેશવનું મંદિર તોડીને મસ્જિદ ઊભી કરવામાં આવી છે, એવી જ રીતે જો દિલ્હીની જુમ્મા મસ્જિદને તોડીને એના પર કેશવદેવનું મંદિર બનાવવામાં આવે તો મુસલમાનોને કેવું લાગશે? ...પરંતુ સજ્જનના મિત્રો-પરિચિતોમાં અનેક મુસલમાનો પણ છે. એ મુસલમાનોમાં ઘણા ખૂબ જ ભલા છે. મુસલમાનોમાં પણ મોટા-મોટા સાધુ, સંત પેદા થાય છે. મસ્જિદમાં એમણે જે ખુદાને જોયા છે, કબીરે જે નિર્ગુણ રામ-રહીમને પિછાણ્યા છે, ચૈતન્ય-રસખાન, મીરાં જેના પર આશક બન્યા છે, સૂર-તુલસી જેવા ભક્ત બની તરી ગયા છે, તે ભગવાન જુદા જુદા નહિ પણ એક છે. આ મુસલમાન હરિજન પર રાજર્ષિ ભારતેન્દુની કોટિના હિન્દુઓ વારી ગયા છે.

મસ્જિદ પ્રત્યેના એના ક્રોધના ભાવથી સજ્જને લજ્જા આવી. આ મસ્જિદને પાડી નાખવાની કે જુમ્મા મસ્જિદનું કેશવદેવના મંદિરમાં પરિવર્તન કરવાની વાત એને સંકુચિત અને ગંદી લાગી. આટલું લાગવા છતાં પણ કૃષ્ણની જન્મભૂમિ પર ઊભી કરેલી મસ્જિદને સજ્જનનું મન ક્ષમા ન કરી શક્યું. એનો ક્રોધ ચાલુ જ રહ્યો. આ મિથ્યા દંભભરી ધર્માંધતા કોઈ પણ રૂપમાં માફ કરી શકાય તેમ નથી. જે થયું, તે થયું પણ હવે દરેક વર્ગ અને પ્રકારની પ્રતિક્રિયાવાદી શક્તિઓની વિરુદ્ધ લડવું જ જોઈએ. એની સામે લડવું એ માણસની ફરજ છે.

...જે થયું તે થયું, હવે સજ્જન કન્યા સાથે કોઈ પ્રકારનો સંબંધ નહિ રાખે. એનો તિરસ્કાર... ના, તે હવે કોઈનો તિરસ્કાર ન કરી શકે. કન્યાનો તિરસ્કાર કરવો એ ઘણો વધારે અન્યાય છે. કન્યાના ચારિત્ર્યની દૃઢતાએ જ એને નવા જીવનનો રાહ બતાવ્યો છે. બલ્કે સાચું તો એ છે કે, એણે જ કન્યા સાથે નીચતા કરી છે. ક્રોધ અને વાસનાભરી બેહોશીના એક ધક્કામાં એણે પોતાનો ભેદ ખોલી

નાખ્યો. પરમ દિવસના બનાવ પછી તે કન્યા સામે નજર નથી માંડી શકતો. ...અને કન્યા મહાન છે. હું નીચ છું, વાસનાનો કીડો છું. મારામાં સ્વાભિમાન નથી. માત્ર ઘમંડી છું. ઘમંડી માણસ દુનિયામાં કશું મેળવી નથી શકતો. અને વળી હું કઈ વાતનો ઘમંડ કરું છું? ...ખાનદાની પૈસાનો? પૈસાની સત્તા અને એની ખોટી મહત્ત્વની આબરૂ હવે પૂજાશે કેટલા દિવસ? દસ-પંદર વર્ષ, વધારેમાં વધારે! મોટો કલાકાર હોવાનો ઘમંડ કરું? એટલે કે સુખની ક્ષણોમાં પણ મને પોતાને દગો દઉં?

સજ્જન આત્મગ્લાનિથી ઢીલો બની રહ્યો હતો. પાશ્ચાત્ય સંસ્કાર, આબરૂદાર તરીકેની પ્રતિષ્ઠા અને દરજ્જાના હિમાલયનો બરફ ઓગળ્યા પછી ઊંચા શિખર પર ટકી ન શક્યો; એ તો પહાડ પરથી જોશભેર પડતા ઝરણાની જેમ છાતી કંપાવતો મેદાનની સપાટી પર પ્રાર્થનાની ગંગા બનીને ઊતરી આવ્યો. આત્મગ્લાનિમાં કૃષ્ણ-જન્મભૂમિનાં દર્શનથી જાગેલા સંસ્કાર પ્રાર્થના સિવાય બીજું રૂપ ધારણ જ ન કરી શક્યા.

* * *

કાળા ઊનના રેસાઓની જેમ એકઠી થઈ, રાત્રિ કાળી કાંબળીની જેમ ધરતી પર પથરાઈ ગઈ. ચિંતાના તાર પરસ્પર જોડાઈને કન્યાના મનોલોક પર કાળી રાતની જેમ છાઈ ગયા, 'તેઓ ક્યાં હશે? એમને શું થઈ ગયું?'

સજ્જન ઘેર પાછો ન ફર્યો તેથી કન્યાની ચિંતાનો પાર નહોતો. એની સ્વર્ગસ્થ ભાભીની અપંગ સખીએ દસ વાર પૂછ્યું, એના પતિ લાલા મુરલીમનોહરે પણ દુકાનેથી પાછા આવીને કેટલીય વાર ચિંતા દર્શાવી. દિવસની રસોઈ રડતી પડી રહી. વાળુની વાનીઓ પણ રસિક જનની ગેરહાજરીમાં શણગાર સજેલી સોહાગણની જેમ ફીકી પડી ગઈ. સજ્જન અમીર, વળી કહેવાતી સગાઈના સંબંધથી આ ઘરના જમાઈ, તેઓ ક્યાં રહી ગયા? કેમ ન આવ્યા? પોલીસમાં ફરિયાદ કરવી?

કન્યાએ બહારથી તો હસી-હસીને સૌને સમજાવી દીધાં કે, જમાઈસાહેબ કલાકાર છે. એમના આમ અચાનક ગૂમ થઈ જવાથી કોઈએ ચિંતા ન કરવી જોઈએ. મંદિરોમાં ફરવા નીકળ્યા જ હતા, ધૂનમાં ને ધૂનમાં હજાર હાથ દૂર વૃંદાવન ચાલ્યા ગયા હશે.

રાત્રે એના સૂવાના ઓરડામાં જઈને એકાંત મળતાં જ કન્યા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. સજ્જનની ગેરહાજરી, એને આ રીતે છોડીને એનું ચાલ્યા જવું અભિમાની કન્યાથી સહેવાતું નહોતું —'ક્યાંક એવું તો નહિ બન્યું હોય કે, લખનૌ પાછા ચાલ્યા ગયા હોય? આજે તો એમની સાથે કોઈ પ્રકારની કડવી-મીઠી ચર્ચા પણ

નથી થઈ. હા, પરમ દિવસ સવારની ઘટના પછી તેઓ એમના મનને સ્થિર કરી નથી શકયા. મેં મારા તરફથી એમને આશ્વાસન આપવામાં કશી કમીના રાખી નથી. એમની ભૂલનું કારણ મારી ભૂલ છે; એમને કહી ચૂકી છું; હું પોતે પણ હવે એવો અનુભવ કરું છું.'

કન્યા અહંકારી છે. નૈતિકતાની શક્તિ એના અહંકારનું પોષણ કરે છે. ઘરના ગંદા વાતાવરણની પ્રતિક્રિયામાં એના મોટાભાઈ અને એ આત્મતેજથી પ્રકાશી પુખ્ત બન્યાં. એમનાં લગ્નની ટ્રેજેડી પછી એના મોટાભાઈ તો લડતાં લડતાં થાકીને બાવરા બની ગયા; કન્યાએ એમની માનસિક અસમતુલા પરથી પણ બોધ લઈને પોતાની નૈતિકતાને વધુ કસી. હા, એટલો પ્રભાવ જરૂર પડ્યો કે, એનો આંતરિક વિદ્રોહ અધિક પ્રગટ થયો. એ ખુલ્લા શબ્દોમાં એના ઘરના વડીલોના દુષ્કૃત્યોની એમના મોં પર જ નિંદા કરવા લાગી. એની એક પ્રગતિશીલ સહવિદ્યાર્થિનીની પ્રેરણાથી એનો સંબંધ ઈન્ડિયન પ્યુપિલ્સ થિયેટર, કૉમ્યુનિસ્ટ પાર્ટીના લોકો અને માર્ક્સવાદીઓ સાથે પણ થવા લાગ્યો. આથી એની વિદ્રોહાત્મક વૃત્તિને બળ મળ્યું. પરંતુ એના ગુરુ અને મોટાભાઈની છત્રછાયામાં, એની સાથોસાથ પ્રગટ થનારી આસ્તિકતા વિદ્રોહ કરવા છતાં, એના મનમાંથી ન ગઈ. આ રીતે જ્યાં સુધી મનના વિદ્રોહને સંતોષ આપવાની વાત હતી, ત્યાં સુધી તો તે પ્રગતિશીલ બની ગઈ, એથી વધુ આગળ તે ન જઈ શકી; જો કે બૌદ્ધિક અને ભાવનાત્મક મૂંઝવણે એને ઊંડાં વિચારમંથનો કરાવતી રહી.

એની આ મૂંઝવણોમાં એક પોતીકી અને છૂપી મૂંઝવણ પણ મુખ્ય કામ કરતી હતી, અત્યારે પણ કરે છે. મુખ્ય એટલા માટે કે એની આ મૂંઝવણને લીધે આજ સુધી તે કોઈની પાસે પોતાનું મન ખોલી નથી શકી. મોટાભાઈને મર્યાદાને લીધે કશું કહી શકાતું નહિ, અને બહારના કોઈને કહીને તે પોતાની નૈતિકતા અને સદ્ચરિત્ર પર આંચ આવવા દેવા નહોતી માગતી. આજે ચોવીસ વર્ષની ઉંમર સુધી, વનકન્યા દૈહિક રીતે બ્રહ્મચારિણી છે. જો કે સંસ્કારોએ એના મનોલોક પર અબ્રહ્મચર્ય આવવા નથી દીધું, છતાં પણ તે મદનનું દહન કરીને વીતરાગ તો નથી જ બની શકી. ઉંમરની માગણીથી પુરુષના સાંનિધ્યની સહજ સ્વાભાવિક ઇચ્છા એના મનમાં ક્યાંક ભૂખી પડી હતી. પિતાની કામ-વિકૃતિઓ, કાકીની ચારિત્ર્યહીનતા, અને એની પોતાની સુંદર યુવાનીને લાલચના પ્યાલામાં પીનારી પુરુષોની આંખો તથા આ બધી વાતોની સાથે જ આ દેશના અનેક આદર્શ પુરુષોનો કામવૃત્તિને વિકાર સમજવાનો ઉપદેશ, દબાયેલી રીતે નિરંતર એને બંને બાજુ ખેંચીને હેરાન કરતા હતા; કામેચ્છા અને કામદમનની ઇચ્છા બંને સાથોસાથ

એને મૂંઝવતી હતી. સમાજનાં અભિશાપ જેવી એની સ્વર્ગસ્થ ભાભી, અને પ્રવૃત્તિના અભિશાપ જેવી એની જીવંત ભાભીના દાખલા એને પુરુષ તરફ તિરસ્કાર ઉત્પન્ન કરાવતા હતા. આધુનિક સામાજિક ચેતના અનુસાર મેળવેલી સમજથી પણ તે આ જ અનુભવ મેળવતી હતી કે માનવસમાજમાં, મુખ્યત્વે ભારતીય સમાજમાં પુરુષોએ નારીજાતિની દુર્ગતિ કરી મૂકી છે. આ બધી બાબતોને કારણે એની અંદરનું સ્વાભિમાન – પૌરુષ – પુરુષોની વિરુદ્ધ બળવો કરતું રહેતું હતું, છતાં હવે, વરસ – બે વરસથી, મનોમંથનના પ્રભાવથી એણે જે સિદ્ધાંત-નવનીત મેળવ્યું હતું તેથી તે ઠીક ઠીક શાંત, ગંભીર અને સંતુલિત બની ગઈ હતી. કન્યાએ એક રીતે મનમાં ને મનમાં એમ નક્કી જેવું કરી લીધું હતું કે જો એને ક્યારેય એના જ જેવો સંસ્કારી, સિદ્ધાંતવાદી પુરુષ મળી જશે તો તે લગ્ન કરી લેશે.

ભાભીની આત્મહત્યા અને એને કારણે થતી પોલીસની કાર્યવાહીના ભ્રમણમાં એને સજ્જન મળી ગયો. ચિત્રકાર સજ્જનની ખ્યાતિથી તે પરિચિત હતી; પ્રગતિશીલ કેમ્પના લોકો એને પોતાની માંહેનો સમજતા નહોતા, છતાં પણ એના ઉન્નત વિચારોની પ્રશંસા કરતા હતા, પ્રદર્શનોમાં કન્યાએ એનાં ચિત્રો પણ જોયાં હતા; એને પણ દૂરથી જોયો હતો. આ રીતે ખ્યાતિ અને ઉન્નત વિચારોની પશ્ચાદ્ભૂમિ સાથે સજ્જન એને ખૂબ જ ઉત્તેજનાભરી ક્ષણોમાં મળ્યો હતો. વળી એણે એની સ્વર્ગસ્થ ભાભી પર થયેલા અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં ઘણી મદદ કરી. સજ્જનનું વ્યક્તિત્વ પણ આકર્ષક હતું. આ બધી વાતોએ એનામાં સજ્જન પ્રત્યે કૃતજ્ઞતાભરી શ્રદ્ધા જગાડી દીધી. પછી સજ્જન એના પ્રત્યે આકર્ષાવા લાગ્યો. એના આકર્ષણમાં ઝડપ આવી, અને ઘણી જલદી એણે એને પોતાની જીવનસંગિની બનવાનો પ્રસ્તાવ પણ કરી દીધો. કન્યાએ અનુભવ્યું કે જીવનમાં પહેલી વાર તે કોઈ પુરુષના આકર્ષણ પાશમાં પૂરેપૂરી રીતે બંધાઈ ગઈ છે. અને એની સાથોસાથ, આત્મપ્રશંસાનો મોટો દરવાજો બંધ રાખી નૈતિકતાના ગઢમાં સુરક્ષિત રહેનારી અહંકારી નારીને – પુરુષોને સંકુચિત અને શંકાભરી દૃષ્ટિથી જોનારી કન્યાને – સજ્જન પ્રતિ પોતાના મનનું બંધન સ્વીકારવામાં ખચકાટ પણ રહેતો હતો. એટલે જ તે સજ્જનને વારંવાર ઉત્સાહ આપવા અને વારંવાર અટકાવી દેવા માટે પોતાની જાત પાસે જ લાચાર હતી.

પિતાએ ઘેરથી કાઢી મૂકયા બાદ જ્યારે તે ભોઈના વાસમાં ઓરડી લઈને રહી તે સમયે ભાડાના કૂતરાના શોરબકોર, ગંદા ઇશારા જોઈને કન્યા ડરી ગઈ, એ ડરથી જ એના મનમાં ખાતરી થઈ કે, માનપૂર્વક સુરક્ષિત જીવન જીવવા માટે આજના યુગમાં સ્ત્રીને એક પુરુષ સાથી જોઈએ જ. સજ્જન પ્રત્યે એનું મન વધુ દૃઢ

બની ગયું; પરંતુ તે સજ્જનને ઘેર, એટલું જ નહિ. એના ભાડાના ઘરમાં પણ રહેવા ન જઈ શકી. અજબ વાત હતી કે કર્નલને ઘેર રહેવામાં તે પોતાને સજ્જનની રક્ષામાં જ માનતી હતી; અને એ પણ અજબ વાત હતી કે એકલાં મથુરા આવવામાં અથવા સજ્જન સિવાય એના કર્નલ ભાઈસાહેબ સુધ્ધાં સાથે આવવામાં એને સંકોચ થયો હતો.

પરમ દિવસે સજ્જને અનાયાસે એના પર પ્રહાર કર્યો. સજ્જન તરફથી આવા પ્રકારના વ્યવહારની એ કલ્પના પણ કરી નહોતી શકતી. એના સ્વાભિમાનને ઘેરો આઘાત લાગ્યો. આમ છતાં, સજ્જનને કરેલા વર્તાવથી એના મનના હજાર થરોમાં ઉમંગ પણ થયો, એને રાહત થઈ. સમજમાં ન આવે તેવો, ઉપરના સ્તર પણ ન દેખાય તેવો, એક વિચિત્ર તર્ક બાંધીને એનું મન સજ્જન માટે વધારે દૃઢતાથી બંધાઈ ગયું. એ પછી જ સમજપૂર્વક કામ લઈને સજ્જનનો પશ્ચાત્તાપ દૂર કરતાં, એની ભૂલ માટે પોતાના અહંકારને જ વધારે દોષિત ઠરાવી એટલે સુધી તૈયાર થઈ ગઈ કે, સજ્જન જ્યારે ને જે સમયે ઇચ્છે ત્યારે એ એની સાથે લગ્ન કરવા તૈયાર છે...

...અને આજે સજ્જન...? શું એ એને છોડી ગયો? જો એને છોડવી જ હતી, તો શું આ પારકા નગરમાં પારકે ઘેર, બીજાની નજરમાં આમ મજાકનું સાધન બનાવીને? રમાભાભી શું ધારતાં હશે? શક્ય છે કે અત્યારે એ એને એમના પતિ પોતાના રૂમમાં બેઠાં બેઠાં અમારી જ ચર્ચા કરતાં હોય! કોણ જાણે શુંનું શું વિચારતાં – કહેતાં હશે? એમણે મને આંખ ઊંચી કરવા લાયક ન રાખી! – ક્યાંયની ન રાખી!

પાણીની બહાર ફેંકાઈ ગયેલી માછલીની જેમ કન્યા તરફડતી રહી. અભિમાનનું તીર – આંસુ – પણ ભાથું છોડીને નીકળી ગયું. જીવ હળવો થયો; પરંતુ પોકળ બની ગયો, જેને તે ઠંડા નિશ્વાસથી ભરતી રહી. એક ભાવ, એક રૂપમાં તલ્લીન બનીને વનકન્યા – એક ભણેલી-ગણેલી, તેજીલી-ચપળ, સબળા નારી – કાવ્યમાં પ્રશંસાયેલી વિયોગિની બાળાની જેમ મતિ-ગતિહીન બનીને સ્તબ્ધ થઈ ગઈ. માકર્સ, ગાંધી આદિનાં તત્ત્વજ્ઞાન, ચર્ચા-વિચારણા, ઇલેક્શન, રાજનીતિ સ્ત્રીસ્વાતંત્ર્ય, સાહિત્ય, કલા અને સંસ્કૃતિ, જ્ઞાન-વિજ્ઞાનભરી, ચળવળભરી ઉપરની દુનિયા પ્રત્યે તે એવી રીતે બેભાન બની ગઈ, જે રીતે નિદ્રામાં દેહ ભૂલાઈ જાય છે. પરંતુ આ નિદ્રા બેહોશી કે જડતા નહોતી. એક એવી ચેતનાની જાગૃતિ હતી, જેમાં માણસ પોતાનો અહંકાર ખોઈને પોતાની જાતને મેળવી લે છે. વિરહિણીનાં નયનોએ એવી વેલ વાવી કે 'સીંચત નીર નૈન કે સજની, મૂલ પાતાલ ગઈ.'

અત્યારે કન્યા કન્યા નહોતી. એનું અંતર – બહાર બધું એકાકાર બની ગયું હતું – અને તે આકાર સજ્જનનો હતો. અત્યારે ચેતના જ એનો પ્રાણ હતી.

*   *   *

એ સમયે સજ્જન થાકેલાં તન અને મન સાથે વૃંદાવનની એક ધર્મશાળાના સુંદર હોલમાં રાસ જોતો હતો. ગુજરાતી શેઠ-શેઠાણીઓની એક ભક્તમંડળી તરફથી આ પ્રાઈવેટ આયોજન હતું; તોપણ બહારના પચ્ચીસ-ત્રીસ માણસો જોવા આવી જ પહોંચ્યા હતા. સજ્જન એ જ ધર્મશાળાની એક ઓરડીમાં રહ્યો હતો. વૃંદાવન આવીને એને ઊંડી નિરાશા જ સાંપડી હતી. જે વૃંદાવનની લોકગીત, લોકનાટ્ય અને ભારતીય સાહિત્યની પ્રબળ પ્રેરક શક્તિઓમાં ગણના થાય છે, જ્યાંનાં અનેક સ્થળો પર સોળ કળાધારી કૃષ્ણચન્દ્રની બાળલીલાની સ્મૃતિ આજ સુધી પૂજાય છે, ત્યાં એને ભગવાન નજરે જ ન પડ્યા. મથુરામાંથી ભક્તિની જે જ્યોત જગાવીને તે મોટી આશા સાથે વૃંદાવન આવ્યો હતો, તે જ્યોત અહીંની અધાર્મિકતા અને મોગલાઈ આડમ્બરના કઠોર ધક્કાથી બૂઝું-બૂઝું થવા લાગી. વારંવાર એમ થવા લાગ્યું કે, વૃંદાવનનું માહાત્મ્ય નફાખોરી માટે રચવામાં આવેલું એક બહુ મોટું ષડ્યંત્ર છે, જો કે આ ઘટાટોપ અંધારામાં વીજળીના ચમકારાની જેમ અનેક વાર ભક્તજન અને વ્રજનો સબળ દેહ તથા સરળ મનવાળા સ્ત્રી-પુરુષના રૂપમાં વૃંદાવનચન્દ્રની ઝલક એને મળતી જ રહી. રાસલીલાનો ઑરકેસ્ટ્રા સાંભળતાં જ મન બહેલાવવાના વિચારે સજ્જન એની ઓરડીમાંથી નીકળીને બહાર જોવા આવ્યો.

વંદના, આરતી પછી કૃષ્ણલીલાનો આરંભ થયો. કૃષ્ણ ભગવાન પોતાની વડાઈ દર્શાવવા મોટી મોટી ફિલસૂફીભરી વાતો વધારવા લાગ્યા. સજ્જનને બેચેની થવા લાગી. સજ્જનને લાગવા માંડ્યું જાણે કૃષ્ણજી રામલીલા મંડળીના માલિક અને તમામ પંડા-પૂજારીઓની નફાખોરીનું સાધન બનીને, દાણાવાળાના પ્રચાર-એજન્ટનું કામ કરી રહ્યા હતા, જે આનંદકંદ, સચ્ચિદાનંદ વગેરે અનેક નામોથી આ વૈષ્ણવ તીર્થમાં, મંદિરોના ઝરુખા, ઝૂલા અને પ્રસાદને નામે વેચાય છે. એનો માનસિક થાક ચારગણો વધી ગયો. શું આ જ છે આપણા ધર્મનું રૂપ? શું આ જ ધર્મ, આ જ ભગવાન એની સ્વર્ગસ્થ મા તથા ભારતના કરોડો લોકોનાં હૃદયમાં સદીઓથી સંસ્કાર બનીને પૂજાઈ રહ્યા છે?

લાંબા તાડ જેવા એક રૂપાળા પુરુષનો દેહ કેસરિયા ચુંદડીમાં છુપાઈને દોઢ હાથ ઘૂંઘટ સાથે જશોદા મૈયાના રૂપમાં પ્રગટ થયો. ફાટેલા વાંસ જેવા સ્વરમાં જશોદામૈયા કહેવા લાગી:

જશોદા : આજ મારો કનૈયો હવાર – હવારમાં રંબા ગયો સે. અરે આજ તો નાસ્તો હઉ નથ કરી ગ્યો. કોણ જાણે કીયાં હાલી ગ્યો.

એના લાલની પ્રતીક્ષા અને ચિંતા કરતી નંદરાણી આંટા મારવા લાગી. એટલામાં મોર-મુકુટધારી મુરલીધર નંદ-નંદન પધાર્યા. એને જોઈને જશોદાજી કહેવા લાગ્યાં :

જશોદા : અરે લાલ, તું આઈ ગ્યો? તું તો બાબાનો એવો લાડકો થઈ ગ્યો સે કે રાત-દી રમ્યા જ કરે સે. અરે લાલા, જો હવે તું રમવા દૂર ન જાતો. ન્યાં હાઉ આવી ગ્યો સે.

દૂર ખેલન જિન જાઉ લાલ બન હાઉ આયે હૈ.

કૃષ્ણ : તબ હંસિ બોલે કાન્હરી મૈયા કિનન પઢાયે હૈં.

ચાર બેદ લૈ ગયો શંખાસુર જલ મેં રહ્યા લુકાઉ.

મીન રૂપ ધરિ તાકૂં માર્યો તહાં ન દેખે હાઉ.

...અરે મા, જો ચાર વેદને લઈને શંખાસુર દાનવ જઈને પાણીમાં ડૂબ્યો સે. ઈ જળમાં કોઈ નો જઈ સકે. ત્યારે મેં માછલીનું રૂપ ધરીને એને મારી નાખ્યો. અરે માડી, મેં હાઉ તો ન્યાં નો જોયો.

જશોદા : અરે ઓ લાલા, સંખાસુર દાનવ તેં જ માર્યો? અને માછલીનું રૂપ તેં જ ધર્યું?

કૃષ્ણ : હા માડી, મેં જ.

જશોદા : (ચોંકીને) તેં જ?

કૃષ્ણ : (વાત બહેલાવીને) અરે માડી, મેં તો બાબાએ કીધું એમ કર્યું સે.

જમુના કે તટ પર ધેનૂ ચરાવત, જહાં સઘન બન ઝાઉ,

બૈઠિ પાતાલ બ્યાલ ગહિ, નાથ્યો તહાં ને દેખે હાઉ.

...એ માડી, હું તો જમનાજીના તટ પર મારાં ગાય-વાછરું ચરાવ્યા કરું સું. અને પાતાલમાં પેસીને કાલીનાગ નાથ્યો સે. હાઉ તો મેં ન્યાંય નો દેઈ ખો.

આ રીતે ભગવાન એમના કાચબો, વરાહ, નૃસિંહ, વામન અવતારોના અનુભવની પ્રશંસા કરવા લાગ્યા.

બોલ્યા : અરે માડી, જો, રાજા બલિને છગવા માટે બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. અને માપીને તણ પગલાં પૃથ્વી પણ માગી. એ તણ પગમાં તણેય લોક માપી લીધાં સે. એટલે મા, મારો એક પગ સ્વર્ગમાં ગ્યો, એક પાતાળમાં ગ્યો

અને એકમાં મેં આ ભૂલોકને માપી લીધો. અરે માડી, હાઉ તો મેં ન્યાંય નો દેઈખો.

જશોદા : (આશ્ચર્યથી) અરે લાલા, વામનનું રૂપ તેં જ ધરેલું અને રાજા બલિને તેં જ સેતર્યો 'તો ?

કૃષ્ણ : હાં માડી, મેં જ સેતર્યો હતો.

જશોદા : અને મારા લાલ, આ ગંગાજી તારાં જ ચરણમાંથી નીકળી સે ?

કૃષ્ણ : (બહેલાવીને) અરે નઈ રે માડી, મેં તો બાવાએ કીધું એમ કર્યું સે.

જશોદ : હાં, એટલે તો કઉં છું કે તું બઉ ચતુર સે. તને તો રમવાનોય વખત નઈ મળ્યો હોય.

સજ્જન મુગ્ધ થવા લાગ્યો. પહેલી લીલાના પ્રચાર-એજન્ટ કૃષ્ણ આ હાઉ-લીલાના રચયિતાની કલમથી સહજ માનવ બનીને પ્રગટ થયા છે. આ માનવ ભગવાન ધરતી પર આદિકાળથી પોતાની શક્તિનો ઇતિહાસ બનાવતો આવ્યો છે અને છતાં પણ વિનયી છે. તે ક્રમશઃ વિકસિત થતો જાય છે અને છતાં પણ એની માતા – માનવીની ધરતી માતા – એને હજી પણ બાળ-સ્વરૂપમાં જ જોઈ રહી છે. ભોળી સ્નેહમયી માને વિશ્વાસ નથી આવતો કે એનો પુત્ર આવી આવી પ્રબળ પરાક્રમભરી ઘટનાઓનો નાયક છે. માને માટે પુત્ર પુત્ર જ રહેશે.

પોતાની માને યાદ કરતાં સજ્જનની આંખમાં આંસુ આવી ગયાં. એણે જોયું કે પ્રેક્ષકો પણ એની જેમ જ આ લીલાથી આનંદિત થઈ રહ્યા છે. આ કૃષ્ણને – પોતાને – મનુષ્ય સારી રીતે ઓળખે છે. સર્વ શક્તિમાન ભગવાન એના ભક્તોને ભયમુક્ત કરી રહ્યા છે. મા ભલે મોહવશ બનીને એના દીકરાને હાઉથી ડરાવ્યા કરે, પરંતુ તે પોતે પોતાના જ ભયથી મુક્ત બની આનંદમાં મગ્ન છે.

સજ્જન વિચારવા લાગ્યો, આજનો સર્વ શક્તિમાન ભગવાન જે પોતે જ બનાવેલા એટમ હાઈડ્રોજન બૉમ્બથી ડરી રહ્યા છે તે જ્યારે આ હાઉભયથી મુક્ત બનશે ત્યારે જ ફરી આ રીતે બાળસ્વરૂપ બની નવી સંસ્કૃતિનું નિર્માણ કરશે. કાચબો, મગરમચ્છ, વરાહ, નૃસિંહ આદિનાં રૂપ ધારણ કરી વિઘ્નરૂપી અસુરોને મારીને જ્યારે તે એટમાસુરનો સંહાર કરશે, ફરી જ્યારે મોહમયી ધરતી-માતાની સામે તે ભયમુક્ત થઈ સહજભાવે આવશે ત્યારે કોને નહિ ગમે ? કોણ એવું હશે જે પોતાના આવા સહજભાવભર્યા રૂપ પર મુગ્ધ નહિ થઈ જાય ?

આ ભગવાન પર વિશ્વાસ કરવાનું મન થાય છે, આ ભગવાન આત્મવિશ્વાસનુ પ્રતીક છે.

સજ્જન એના દિવસભરના થાકને હાઉના ભયથી મુક્ત કરી નવા આવેશ, નવા ભાવમાંથી સ્ફૂર્તિ મેળવીને સૂઈ ગયો. એને એક વાર પણ કન્યા યાદ ન આવી.

સવારે સજ્જન એક મંદિરની બહાર પથ્થરના ઓટલા પર બેસીને 'જ્ઞાન-ગુદડી'નો સ્કેચ દોરી રહ્યો હતો, અને કન્યા એને 'નિધિવન'માં શોધી રહી હતી. કન્યા જીદ કરીને વૃંદાવન આવી હતી. લાલા મુરલીમનોહરે એને ખૂબ સમજાવી કે વૃંદાવન ભલે લંડન, ન્યૂયૉર્ક, મુંબઈ, કલકત્તા, દિલ્હી ન હોય, પણ એની નાની નાની ગલીઓ, સડકો અને પ્રસિદ્ધ પૌરાણિક ધાર્મિક સ્થાનોથી ઊભરાતું તો છે જ. અજાણ્યા માટે તો શોધવાનું કઠિન જ બને. પરંતુ કન્યા ન માની.

કન્યા નિધિવનમાં ચારેય ખૂણે ભટકીને ખાલી હાથે એની ગુમાવેલી સંપત્તિને બીજેથી શોધવા માટે પાછી ફરવા લાગી. સજ્જન નિધિવનમાં ન મળ્યો, છતાં ત્યાંથી પાછા ફરવામાં એને અસંતોષ નહોતો. નિધિવન એક મહાન નાદયોગી, તાનસેન અને બૈજુ બાવરાના ગુરુની તપોભૂમિ છે. રસિકવરે અહીં સંગીત સિદ્ધ કરી પરમ સંતોષની નિધિ પ્રાપ્ત કરી હતી. નિધિવનમાં આવતાં એવું લાગે છે, જાણે આપણે સાચે જ એ વૃંદાવનમાં ઊભાં છીએ, જે કૃષ્ણકાળમાં લગભગ હાલના રૂપમાં જ આબાદ રહ્યું હશે. સઘન કુંજ, લતાઓ, વૃક્ષોથી નિધિવન સમૃદ્ધ છે. ક્યાંક ખંડેર, ક્યાંક ત્રણચાર વૃક્ષો મળીને સઘન મંડપ જેવું બનેલું છે ક્યાંક કેરડાના કાંટા ગૂંચળા બનીને પથરાયા છે. પંખીઓનો કલરવ, વાંદરાઓની દોડાદોડી, હરણના એક બચ્ચાનો કિલ્લોલ – સજ્જનના ધ્યાનમાં ખોવાયેલી હોવા છતાં નિધિવનમાં કન્યાને શાંતિ મળી.

ઉદાસ પાછી ફરતી હતી; સામે સ્વામી હરિદાસજીની સમાધિ પર. ચશ્માં પહેરેલા, ભસ્મ ચોળેલા, વાળ અને મૂછ મૂંડેલા લંગોટીધારી મસ્તમૌલા સાધુ એમના બેસૂરા સ્વરમાં ખૂબ જ પ્રેમથી હરિદાસજીએ કાનડા રાગમાં રચેલું ભજન ગાઈ રહ્યા હતા :

માઈરી સહજ જોરી પ્રગટ ભઈ જો રંગ કી,
ગૌર શ્યામ ઘન દામિની જૈસે.
પ્રથમ હૂં હુતી અબ હૂં આગે હૂં,
રહે હૈ નટરિ હૈ તૈસે.
અંગ અંગ કી ઉજરાઈ સુઘરાઈ
ચતુરાઈ સુંદરતા ઐસે.

શ્રી હરિદાસના સ્વામી શ્યામ કુંજબિહારી ... કન્યાને લાગ્યું કે અદશ્યે એને આ ભજન આશીર્વાદના રૂપમાં સંભળાવ્યું છે. એની અને સજ્જનની – સ્ત્રી-પુરુષની – સહજ જોડી દેશકાળથી પર છે. એ નિત્ય છે. એનો અંત નથી.

ચોવીસ

'પતિ-પત્નીના રૂપમાં સ્ત્રી-પુરુષની સહજ જોડી દેશકાળથી પર છે. તે નિત્ય છે; એનો અંત નથી.'

— તો પણ એના અને શીલાના ખૂબ કોમળ, અત્યંત માર્મિક સંબંધને કારણે હાલ મહિપાલનું મન, ચિત્રોમાં દેવતાનું મુખમંડળ શ્રીચક્રથી ઘેરાયેલું રહે છે તેમ ઘેરાયેલું હતું. છતાં સિદ્ધાંત અને ન્યાયના ધોરણે તે એના અને કલ્યાણીના 'વૈધ' સંબંધને મહત્ સત્ય માનવા માટે લાચાર છે. અને આ જ લાચારીને કારણે બે દિવસ ઘરથી દૂર રહ્યા પછી મહિપાલ એને ઘેર જવા માટે કર્નલની ગાડીમાં શીલાને ઘેરથી પાછો જઈ રહ્યો છે.

શાળાના વિવાહના ભોજન-સમારંભમાં એના અને શીલાના પ્રેમની કલંક-કથાઓ પતિ-પત્ની વચ્ચે જે પહોળી અને ઊંડી માનસિક ખાઈ ખોદી દીધી હતી, એમાં આ બે દિવસમાં મહિપાલે ઊંડી ડૂબકીઓ ખાધી છે. એ અને શીલા – એ અને કલ્યાણી – મહિપાલ શુક્લ હવે બેવડા બંધનમાં રહી નથી શકતો. આ દ્વંદ્વાત્મક જીવનમાં એનું એકે રૂપ સ્પષ્ટ દેખાઈ આવતું નથી.

સવારે – અત્યારથી કલાક સવા કલાક પહેલાં – જ્યારે કર્નલ એને લઈ જવા માટે શીલાને ઘેર આવ્યો હતો, ત્યારે મહિપાલનું મન ઓગળી ગયેલા ગરમ મીણનો સાગર બનીને એકવાર ભરતીની જેમ ઊમટયું; પછી થોડી પળોની ભારે ભરતીના ઉતાર બાદ ફર્લાંગો પાછળ હટીને કરુણ મર્મર કરતા સમુદ્રની જેમ ગદ્ગદ થઈ ગયું હતું. એ જાણતો હતો કે એને શીલાનું ઘર છોડીને પોતાને ઘેર જવું જ પડશે. મહિપાલ પોતાની અંદર, છોકરી પિયરથી સાસરે જતી હોય એવો અનુભવ કરી રહ્યો હતો. એ જાણતો હતો કે ગયા વિના એનો છૂટકો નથી, પતિ-પત્નીની સહજ જોડી દુનિયામાં રહેવાની જ. એ નિત્ય છે. એનો અંત નથી. સંસ્કારી, ઉર્ધ્વ ચેતનાશીલ મહિપાલ આ સત્યથી પોતાનું મેં કેમ છુપાવી શકે?

બે દિવસ સુધી ઘરથી મેં સંતાડી, સંન્યાસ અને વિલાસના ઝૂલા પર પોતાના અતૃપ્ત, અણપ્રીછ્યા વિદ્રોહી મનને ઝુલાવીને કર્નલની સાથે તે એના ઘેર એવી રીતે

પાછો જતો હતો, જાણે ઘરથી રિસાઈને ભાગી ગયેલો છોકરો પકડાઈ જઈને પાછો ફરી રહ્યો હોય.

નીકળતી વખતે શીલાએ નિશ્ચેષ્ટ નજરે એના તરફ જોયું હતું. મહિપાલને એવું લાગ્યું, જાણે પહાડની સુરંગમાં ન દેખાય વ્યાકુળ ઝરણું વહી રહ્યું છે. એનું મન ખામોશીના પોલાદની પેટીમાં પોતાની જાતને પૂરીને દુઃખી થઈ ગયું, અને એ જ દુઃખ ક્રમશઃ એકઠું થઈને એની સૈદ્ધાંતિક પીઠિકા બની ગયું. મહિપાલ ફરીફરીને પાછો પોતાની વાત પર આવી ગયો – પતિ-પત્નીનો સંબંધ નિત્ય છે, અભેદ્ય છે.

* * *

કર્નલના દવાખાનાની પાછળના ભાગમાં કન્યાના ઓરડામાં કલ્યાણી એના નાના પુત્ર તપોધનને લઈને બેઠી હતી. કર્નલે એને ત્યાં બોલાવી હતી. આ બે દિવસના તપે કલ્યાણીને શુદ્ધ કરી દીધી છે. ઊંડી વેદનાની અસર તળે એનું ગંભીર શાંત-અશાંત મુખ તાજું સ્નાન કર્યું હોય તેવું લાગે છે. તપોધન ખુરશી પર બેઠોબેઠો પગ હલાવી રહ્યો છે.

તંગ ચહેરા સાથે મહિપાલે એ ઓરડામાં પ્રવેશ કર્યો, કર્નલ એની પાછળ હતો. કલ્યાણી અને મહિપાલની નજર એકવાર મળ્યા વિના ન રહી શકી. બંનેએ તરત જ નજર ખેંચી લીધી – નિમિષ માત્રમાં જ બંનેએ નવેસરથી પોતાની અભેદ્યતાને પિછાણી લીધી, પરંતુ મનના વિરોધોએ પરસ્પર મુખ ફેરવી લીધું. કલ્યાણીએ માથું ઝુકાવી દીધું. મહિપાલ મોં ફેરવીને તપોધનને જોવા લાગ્યો.

બાળક શરમથી સંકોચાઈને બેઠો હતો. પિતાને પોતાની તરફ જોતા જોઈને એની વાચાળતા ગુમ થઈ ગઈ. વાઘની સામે આવી પડવાથી ભયની માયાથી માણસની આંખ ખોડાઈ જાય તેવી જ રીતે ભયભીત તપોધન એકીટશે એના પિતાને જોવા લાગ્યો. પિતાનો સ્નેહ એના બાળકથી વિમુખ ન થઈ શક્યો; મન ઝૂકી ગયું, આંખોમાં મમતા ચમકી ઊઠી. પિતા મહિપાલ એના બાળકની હાજરીમાં વિલાસી મહિપાલને ક્ષમા કરવામાં અસમર્થ નીવડ્યો તેથી શરમથી ભરાઈ ગયો. 'આ... મારાં... બધાં બાળકો... અન્ય સ્ત્રી સાથેના મારા સંબંધને એમના મનમાં કઈ દૃષ્ટિએ જોતાં હશે ?'

જૂનો સવાલ એકદમ નવો, તીક્ષ્ણ બનીને ધારની જેમ એના મનમાં ભોંકાવા લાગ્યો. મહિપાલને તપોધનની હાજરીથી શરમભરેલ ક્રોધ આવ્યો. એને દબાવીને પ્રબળ ઇચ્છાથી તે આગળ વધ્યો, તપ્પુના સુક્કા વાળ પર હાથ ફેરવીને બોલ્યો, 'આજે સ્કૂલે નથી જવું કે ?'

'જી, હમણાં જઈશ.'

પુત્રના માથા પર હાથ રાખીને ગુસ્સાભરી નજર ઉઠાવી એણે પત્ની સાથે પહેલી વાત – પહેલો સવાલ – કરી, 'બાળકો શું આજે ભૂખ્યાં શાળા–કોલેજે જવાનાં છે?'

કલ્યાણી પહેલાં ચૂપ રહી. કુતૂહલની પળ મહિપાલ માટે બહુ લાંબી થઈ ગઈ. અધીર બનીને તે વધુ ક્રોધ પ્રગટ કરવાનો જ હતો, ત્યાં કલ્યાણી એના જમણા પગના વીંછિયાવાળી આંગળી અને અંગૂઠાને સંકોરી એના તરફ નજર રાખીને બોલી, 'રંજ્જો અને શકુંતલા બનાવે છે. તપ્પુ, ઘેર જા, હું હમણાં આવું છું.'

'હા બેટા, જા, અમે લોકો આવીએ છીએ.'

જતાં પહેલાં સાત વર્ષના બાળક તપોધને એકવાર મા તરફ ને પછી એના પિતા તરફ જોયું – એટલી ઝગમગતી દીનદૃષ્ટિથી જોયું જાણે કહી રહ્યો હોય, 'મારી માને સતાવશો નહિ.'

તપોધનના ગયા પછી ઓરડામાં થોડી પળો માટે મોત જેવો સન્નાટો છવાઈ ગયો; કલ્યાણી માથું ઝુકાવીને બેસી રહી, મહિપાલનું માથું પણ નીચું રહ્યું, કર્નલ બંનેને શૂન્ય નજરે જોતો ચપટીથી એના નીચલા હોઠને ધીરે ધીરે ખેંચતો રહ્યો.

મહિપાલે અચાનક વાત શરૂ કરી; કર્નલને પૂછ્યું, 'આ લોકો મથુરાથી ક્યારે પાછાં આવવાનાં છે?'

'કાલ નહિ તો પરમ દિવસે સવારે તો આવી જ જશે. બિન્નો માત્ર ચાર દિવસની રજા લઈને ગઈ છે.'

ત્યાર પછી ફરી પળેકનો સન્નાટો છવાઈ ગયો. એકાએક કર્નલે કલ્યાણી તરફ જોઈને કહ્યું, 'ભાભી, હવે વીતેલી વાતોને દિલમાંથી કાઢી નાખો. વાત હવે માત્ર તમારા બંનેના વાંધા–ફરિયાદ કે ઝઘડાની નથી; સવાલ તો એ છે કે યુવાન દીકરા-દીકરીઓ છે. એમના પર શી અસર થશે? હવે તમારે એમનો જ વિચાર કરીને ગંભીરતાથી કામ લેવું જોઈએ ભાભી.'

'એ? આ જન્મમાં શું, ચોર્યાશી હજાર જન્મમાં પણ આ વાતનો વિચાર નહિ કરે. એની તો એ પ્રતિજ્ઞા છે કે જે વાતની હું ના પાડું એ વાતને એ દસ લાખ વાર બેવડાવશે, નહિ તો જિગાસોના પાંડેની દીકરીનું નાક નીચું થઈ જાય. એના…'

'મહિપાલ, હવે તું ચૂપ રહે છે કે નહિ? હું કહું છું કે આવડો મોટો લેખક…'

'ખાડામાં પડે લેખક. સાલા લેખકની કશી કદર છે? ઘરમાં પણ નથી. જે દિવસે…જે દિવસે આની ચૂડીઓ ભાંગાશે તે દિવસે એને ખબર પડશે કે હું કેવડો મોટો લેખક હતો.' કહીને તે ઓરડામાં આંટા મારવા લાગ્યો.

કલ્યાણી માથું ઝુકાવીને બેસી રહી.

કર્નલે ફરી વાત શરૂ કરી; કલ્યાણીને કહ્યું. 'મહિપાલે તમારી સાથે ઘણો ખરાબ વર્તાવ કર્યો છે ભાભી, હું એની સામે કહું છું. પરંતુ એ તમારી ખૂબ જ કદર કરે છે, એ વાત પણ હું એની જ સામે તમને કહી રહ્યો છું…'

વિલાસી મહિપાલના અપરાધી મનને એના ન્યાય પક્ષનું સમર્થન મળ્યું. ઉશ્કેરાઈ જઈને તે બોલ્યો, 'તું શું, બ્રહ્મા આવીને સમજાવશે તોપણ એ નહિ માને કે હું એની કદર કરું છું. અરે, સમજાવવાની વાત જ જવા દો. મારા આચરણથી એને નથી સમજાતું. મારાં ચીસ-ગુસ્સો તો એને દેખાય છે, પણ હું એનો જે આદર કરું છું, એને જે મહત્ત્વ આપું છું, એને એ કોડીની કિંમત જેટલાં પણ નથી માનતી. અને માને કેવી રીતે, એનો ખ્યાલ તો એવો છે કે …કે મારામાં કશું સારાપણું છે જ નહિ. એ સમજે છે કે હું એનો શત્રુ છું … (દાંત પીસીને) મૂરખ! અક્કલની ખાં…'

'મહિપાલ!'

'આ સ્ત્રીએ મારું જીવન નષ્ટ કરી નાખ્યું છે. ક્યારેય મારી વાત નથી સાંભળી, ક્યારેય મને સમજવાની કોશિશ નથી કરી કે છેવટ આ માણસને શું જોઈએ છે …શું કહે છે…'

'ઠીક, હવે હું કહું છું કે…'

'કર્નલ, હું અત્યારે ઉશ્કેરાયેલો જરૂર છું પણ નારાજ નથી. હું મારા મનની બધી વાતો એની હાજરીમાં તારી સામે મૂકી દઈશ. હવે…હવે મારી એકતાલીસ-બેતાલીસ વર્ષની ઉંમર થવા આવી છે. અલ્લડ યુવાની હવે નથી રહી કે લડી-ઝઘડીને પછી બધું ભૂલી જાઉં. હવે મને થાક લાગે છે. મને પણ બળ જોઈએ. વધારેમાં વધારે આ આઠ-દસ વર્ષ મારાં કામ કરવાનાં છે. જીવનમાં ભલે બીજું કાંઈ ન મળે, પણ હું શાંતિ ઇચ્છું છું. અને આ સ્ત્રી મને અશાંત કરે છે…'

'તો એમને કહી દો ભાઈસાહેબ કે એમને જ્યાં શાંતિ મળતી હોય ત્યાં જાય…'

'જોઈ લે! જોઈ લે કર્નલ…'

'હું કહું છું, તું ચૂપ રહે મહિપાલ!' કર્નલે દબડાવીને જોરથી કહ્યું. પછી અવાજ ધીમો કરીને બોલ્યો, 'ભાભી સાથે મને વાત કરવા દે. અને ખબરદાર જો વચમાં જરા પણ બોલ્યો તો! હાં ભાભી, જુઓ, વાત જરા આંટીઘૂંટીવાળી છે.

મારાથી જો કાંઈ ચૂક થઈ જાય તો માઠું નહિ લગાડતાં – હું પહેલેથી જ માફી માગી લઉં છું – જુઓ, મહિપાલને સમજવામાં તમે ભૂલ કરો છો. મહિપાલમાં દોષો છે એ હું માનું છું, પરંતુ તમારે એ પણ માનવું પડશે કે એના જેવો ભોળો, દિલનો સાફ માણસ તમને આ જમાનામાં એકલદોકલ જ જોવા મળશે. હું જરાય ખોટું નથી બોલતો ભાભી, વેપારી દુનિયાદારી માણસ છું. દસ જાતના માણસ રોજ મારી નજરે પડે છે. પોતાનો માણસ છે એટલે કદર નથી થતી, પરંતુ એના ગુણ અને યોગ્યતા પાસે સારા સારા માણસોને માથું નમાવતા મેં જોયા છે.'

આંગળીઓમાં સળગતી સિગરેટ દબાવી માથું નીચું કરી મહિપાલ ખુરશીમાં સીધો બેસીને તલ્લીનભાવથી આત્મપ્રશંસા સાંભળી રહ્યો હતો. અત્યારે કર્નલના ઉપકાર તળે એ દબાતો જતો હતો. કર્નલ કહેતો હતો, 'મહિપાલ જેવા લેખકની કદર તો ભાભી, વિલાયતમાં જ થઈ શકે છે. એના જેવા આર્ટિસ્ટ ઈન્ટલેક્ચ્યુઅલને આવી આવી મુસીબતોનો સામનો કરવો પડે છે. એવા માણસમાં જો એકાદી નબળાઈ હોય તો મારા મત પ્રમાણે ક્ષમા કરી દેવી જોઈએ.'

કર્નલ બોલતો બંધ થયો. ઓરડામાં શાંતિ છવાઈ ગઈ. ત્રણેનાં મુખ વિચાર-મગ્ન મુદ્રામાં નમેલાં રહ્યાં. કર્નલ ડાબા હાથની આંગળીમાં પહેરેલી નવરત્નની સુંદર જડાવ વીંટીને જમણા હાથથી આમતેમ ફેરવવા લાગ્યો. જમણા હાથની આંગળીમાં મોટો લસણિયો શોભી રહ્યો હતો. કર્નલે ધીમેથી ગળું ખંખારી ફરીથી બોલવાનું શરૂ કર્યું, 'હું એમ નથી કહેતો કે મહિપાલને તમે કશું ન કહો, પરંતુ જે કહેવું-સાંભળવું હોય તે એનો મૂડ જોઈને કરો. હવે તમે જ વિચારો, યુવાન દીકરા-દીકરીઓ પાસે તમારા બંનેના અણબનાવનું કારણ ખુલ્લું પડી ગયું. જમાનો કેવો ખરાબ છે એ તો તમે જાણો છો. કુંવારા છોકરા-છોકરીઓ છે. નાના એવા કારણે કાબૂ બહાર ચાલ્યા ગયા તો...'

'એ જ કારણથી હું એમને કહું છું ભાઈસાહેબ, બીજું કોઈ કારણ નથી. 'આટલી વાર પછી કલ્યાણીનો અવાજ ખૂલ્યો. મહિપાલના ભવાંની કમાનો ચડી ગઈ, કીકીઓને તીરછી ફેરવીને પત્નીને એવી રીતે ગુસ્સાથી જોવા લાગ્યો કે જાણે હિપ્નોટીઝમનો કોઈ પ્રયોગ કરી રહ્યો હોય. કલ્યાણી ઉશ્કેરાયેલા પરંતુ દબાયેલા અવાજે બોલી રહી હતી, 'હુ બધું જ સહન કરી શકું છું, આવી બુરાઈ-બદનામી જો એમને આચરવી હોય તો એમને કહો કે મને પહેલાં થોડું ઝેર લાવી દે. હું મારા ઘરમાં કોઈનો દોષ સહન નહિ કરી શકું, પછી ભલે એ એમનો હોય કે છોકરા-છોકરીઓનો હોય.' 'કલ્યાણીના ચહેરા પર ઉગ્રતા ફેલાઈ ગઈ હતી.

આ ઉગ્રતા મહિપાલના મનનો આદર્શ છે. ઘણી ઇચ્છા કરવા છતાં આ આદર્શને તે એના જીવનમાં પામી શક્યો નહિ. કલ્યાણીનો જિદ્દી અને ઉદ્દંડ સ્વભાવ જ એનું એકમાત્ર કારણ છે. 'એણે ક્યારેય મારા કલાકાર સાહિત્યિક વ્યક્તિત્વને પ્રેરણા નથી આપી. હંમેશાં મારો વિરોધ કર્યો. પતિવ્રતા, તપસ્વિની, તેજસ્વિની છે તો શું થયું ? એ અત્યંત અપૂર્વ અદ્વિતીય, તદ્દન મૂરખ છે.' શબ્દો અને વિચારોની છાયાઓ પાણીની લહેરની જેમ દોડતી ઓગળી ગઈ; શેષ રહેલી ક્રોધભરી જડતાના કણમાં એનું મગજ અટકી ગયું. ગરજીને બોલ્યો, 'હું તારા બાપનો દબાયેલો નથી, સમજી ? તને દસ લાખ વાર ગરજ હોય તો મારી સાથે રહે; નહિ તો હું તો એક ક્ષણ માટે પણ તને સહન કરવા તૈયાર નથી – અહંકારિણી, સ્વાર્થી નીચ !'

કર્નલે ઊઠીને તરત એના મોં પર હાથ દાબી દીધો, દબાયેલા સ્વરમાં ગુસ્સે થઈને એણે કહ્યું, 'મહિપાલ ! મહિપાલ !' મહિપાલ એના હાથને હળવો ઝટકો મારી મુક્ત થઈ ગયો. કર્નલનું વઢવાનું ચાલુ રહ્યું, તે બોલ્યો, 'હું કહું છું કે પાગલ થઈ ગયો છે શું ? બસ સાહેબ, હવે હું સમજી ગયો. બધો વાંક તારો જ છે.'

'શું બકે છે ?' મહિપાલે કર્નલને પણ તુચ્છકારવાનું શરૂ કર્યું. અત્યારે કર્નલ મહોદયનો મૂડ એવો કાંટો તોળ્યા જેવો સ્વસ્થ છે કે તે ભૂલમાં પણ કોઈ પ્રકારના તિરસ્કારની અસર નીચે નથી આવતા. અને કર્નલ મહોદય જ્યારે એવા મૂડમાં આવી જાય છે, ત્યારે બે લડનારી પાર્ટીઓમાં સમાધાન થયા વિના રહેતું નથી... નહિ તો પછી એક પાર્ટીએ કર્નલ સાથે ઝઘડવા માટે તૈયાર રહેવું પડે છે. લાલા નગીનચંદજી ઉર્ફે કર્નલ સાહેબે કોણ જાણે કેટલાંય સગાં-વહાલાંના અને સંબંધોના ઘરોમાં ચૂલા જુદા થતાં બચાવ્યા છે. પ્રભાવથી આંગળી ઊંચી કરીને કહ્યું, 'જુઓ જી, આવો ખોટો રોફ ન મારો અત્યારે, સમજ્યા ? હું એકદમ સિરીયસ મૂડમાં છું અત્યારે હું નથી તારો કે નથી ભાભીનો. જે મને સાચું લાગશે તે જ કહીશ. અને હું ફરી કહું છું કે બધો દોષ તારો છે. તું ભાભી જેવી સતીના પગનું ધોણ પણ નથી સાલા, ઈન્ટેલેક્ચ્યુઅલી ભલે ગમે તેટલો મોટો હોય.'

મહિપાલને લાગ્યું જાણે તે બેઠો હતો તે ખુરશી કર્નલે અચાનક ખેંચી લીધી. સજ્જનની હાજરીમાં જો કદાચ કર્નલે આટલી સાફ વાત કરી હોત તો તે એને બીજી દૃષ્ટિથી જોત, પરંતુ અત્યારે કલ્યાણીની સામે કર્નલનો આ ફિટકાર એને ખૂબ ખેંચ્યો. એ એની બેચેનીને સંભાળીને, પોતાની જાતને કસીને કર્નલ પર ભારે પ્રહાર કરી એની પત્નીની દૃષ્ટિમાં વિજેતા બનવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં કર્નલે એક ભારે તીક્ષ્ણ સત્ય કહીને એની જીભ બંદ કરી દીધી. કર્નલે કહ્યું, 'તેં તારા લખાણમાં માનવતાને ગમે તેટલી આલેખી હોય, પરંતુ હજી સુધી

માણસને તું ઓળખી નથી શક્યો! માની લઉં છું કે ભાભી જિદ્દી છે, પરંતુ તું તો મૂર્ખ છો મૂર્ખ! આટલાં વર્ષ સાથે રહેવા છતાં તું એમના મનની લાગણીઓ સમજ્યો નહિ અને હું સમજી ગયો. એ જેટલા શુદ્ધ વિચારોની પવિત્ર દેવી છે, એટલા શુદ્ધ વિચારોનો કોઈ પણ માણસ કોઈ પણ પ્રકારની ગંદકી સહન નહિ કરી શકે બાબુજી. હવે તમારી જ વાત લો. તમારા ઈન્ટેલેક્ચ્યુઅલ વિચાર જેટલા ઊંચા છે, એટલી ઊંચી જો કોઈની ગંદકી નજરે પડે તો તમે ચમકી નથી ઊઠતા જનાબ? સેંકડો વાર મેં જ તમને એમ ચમકતા જોયા છે.'

રોગી માણસને જેમ ક્યારેક ક્યારેક શુદ્ધ પવન નુકસાન કરી જાય છે, એવી રીતે કર્નલની વાતોની અસર મહિપાલ પર થઈ. એની અંદરનું સત્ય ઊભરાયું, પરંતુ સમતોલપણે શાંત ભાવથી નહિ, બલ્કે વિદ્રોહી બનીને. એણે માથું ઊંચકીને રોષભેર કહ્યું, 'હું જાણું છું, એટલું જ નહિ બલ્કે નિઃસંકોચ બધાની સામે કહી દઉં છું કે કલ્યાણી મારાથી અધિક એકનિષ્ઠ છે. મેં પણ સત્તર-અઢાર વર્ષ એકપત્નીવ્રત ધારણ કરી શુદ્ધ નિષ્ઠાથી વિતાવ્યાં છે. અત્યારે પણ એની (કલ્યાણીની) મહામૂર્ખતા પ્રત્યે ઘોર ઘૃણા હોવા છતાં, એને માટે મારા મનમાં પ્રેમભર્યો પૂજ્યભાવ છે. તું ગમે તે કહે કર્નલ, આજે હું કલ્યાણીની સામે પણ વિના સંકોચ કહીશ કે શીલા અને મારા પ્રેમમાં હું કોઈ ગંદકી જોતો નથી. અને જે ... જે મારી શીલાનો તિરસ્કાર કરશે એનો હું પણ તિરસ્કાર કરીશ.'

'મારી' શબ્દ પર ભાર હતો; એ શબ્દે એનું કામ કર્યું, કલ્યાણી અંદરને અંદર સળગી ઊઠી, ઘુંટાયેલી લાચારી નિઃશ્વાસરૂપે બહાર નીકળી, કલ્યાણીની આંખો તીરછી નજરે એના પતિને એવી રીતે જોવા લાગી, જાણે કહી રહી હોય કે તમે મને પ્રવાહમાં ડૂબાડી દીધી. તમે આ શું બોલી નાખ્યું?

મહિપાલે ઉશ્કેરાટમાં બોલી તો નાખ્યું, પણ પછી તરત જ ચોરની જેમ એની પત્ની તરફ જોયું. ત્યારે કલ્યાણીએ પણ એના તરફ ફરિયાદ, પરાજય અને કરુણાભરી દૃષ્ટિએ જોયું. નજરોનું મિલન પાછું ઘાતક સિદ્ધ થયું; મહિપાલ અત્યારે સત્યથી ત્રાસેલો હતો. 'પતિ-પત્નીનું બંધન અતૂટ છે, અનંત છે. હું એને તોડીશ. સ્ત્રી-પુરુષનો પ્રેમ મહાબંધન છે; સ્ત્રી-પુરુષ પતિ-પત્ની હોય કે ન હોય, કલ્યાણી સતી હોય તો ભલે રહી. હું પતિત હોવા છતાં મહાન છું. શીલા મને પ્રેરણા આપે છે, હું શીલાનાં પ્રાણોમાં વસું છું, સામાજિક દૃષ્ટિથી આ ભલે અનૈતિક હોય – સાલો સમાજ અમારા પ્રેમ આગળ શી ચીજ છે?'

ઉશ્કેરાટમાં મહિપાલ એકાએક ઊભો થઈ ગયો. કર્નલને કહ્યું, 'કર્નલ, આય એમ ગોઈંગ, એને કહી દે કે મારી કમાણીમાંથી હવે હું મારા ખર્ચના પંચોતેર

રૂપિયા કાપી લઈને તારી મારફત એને દર મહિને મોકલતો રહીશ.'

મહિપાલ બારણાં તરફ ચાલ્યો; કલ્યાણી અને કર્નલ બંને આશ્ચર્ય પામ્યા. કર્નલે પૂછ્યું, 'હવે શીલાને ઘેર જ રહેશે?'

પ્રશ્ન સરળ ભાવથી પુછાયો હતો, પરંતુ મહિપાલને ટોણા જેવો લાગ્યો, તે ચિડાઈને બોલ્યો, 'હું સ્ત્રીઓના પૈસા પર જીવતો કૂતરો નથી.'

'તમારા દુશ્મન પણ એવું કલંક લગાડી ન શકે.' પોતાના સર્વસ્વને જતાં જોઈને કલ્યાણીનો જીવ ઊડી ગયો, ગભરાઈને આગળ દોડી, પછી કર્નલનો ખ્યાલ આવ્યો, અટકી ગઈ, પોતાને સંભાળવા પ્રયત્ન કર્યો છતાં સંભાળી ન શકી, બોલી, 'તમે ચાલ્યા જશો તો હું છોકરાંવને શું કહીશ, દુનિયાને શું મોં બતાવીશ?'

'કેમ? તું તો સતી-દેવી છો. તારી તો બધા પૂજા કરે છે. દુનિયા થૂંકે છે તો મારા જેવા પતિત...'

'આજે મુરાદાબાદવાળા શકુંતલાને જોવા આવવાના છે. એટલા માટે જ મેં ભાઈસાહેબને તમારી પાસે મોકલ્યા હતા.'

મહિપાલનો ઉશ્કેરાટ, વિચારધારા, માનસિક પ્રણ અને યોજનાઓ આ સાંભળતાં જ અદશ્ય થવા લાગ્યાં. પત્ની, પ્રેમિકા અને પ્રેમ, આ બધી યુવાનીભરી સમસ્યાઓ નવી પેઢીની વાત આવતા જ, ચોર જેમ ઘરનો માલિક આવે ને છુપાઈ જવાનો પ્રયત્ન કરે તેમ પોતાની જાતને છુપાવી દેવાનો પ્રયત્ન કરવા લાગી. મહિપાલે ફરી પોતાના મનને જોશપૂર્વક મજબૂત કર્યું. બોલ્યો, 'હવે ગમે તે આવે, મારો તારી સાથે કશો સંબંધ નથી.'

કર્નલ આગળ આવીને બોલ્યો, 'છોકરવાદ કરી રહ્યો છે મહિપાલ! આની સાથે તું લડી શકે છે, પરંતુ બાળકો સાથે લડીને ક્યાં જઈશ? હવે બહુ થઈ ગયું. જા, બે દિવસથી તારા ઘરમાં બધાંની શી સ્થિતિ થઈ ગઈ છે તેનો તને અંદાજ નથી.'

'અને આ બે દિવસ સુધી મારા દિલ પર શું શું વીત્યું છે એનો અંદાજ તને પણ નથી. પરંતુ મેં આ નક્કી કરી લીધું છે કર્નલ, કલ્યાણી સાથે મારે સમાધાન થઈ શકે તેમ નથી.'

'જો...'

'જો-બો કાંઈ નહિ. ચોવીસ વર્ષ જે સ્ત્રી સાથે મેં વીતાવ્યાં અને ચોવીસ વર્ષમાં જે સ્ત્રી મને સમજી ન શકી, તેની સાથે હવે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવાનું મન નથી.'

'છેવટ ક્યાંક રહેશે તો ખરોને. શીલાને ત્યાં તો નહિ જ રહે. અત્યારે મારે ત્યાં કે સજ્જનને ત્યાં પણ તું રહી શકે છે...'

મહિપાલના મનમાં ગોમતી કિનારાના પેલા શિવાલયનું ચિત્ર આવી રહ્યું હતું, જ્યાં એણે પરમ દિવસની રાત વિતાવી હતી. શિવાલય આધ્યાત્મિક સંતોષ માટે એને પોતાને માટેનું અત્યારે સૌથી સુંદર આશ્રયસ્થળ લાગી રહ્યું હતું. શિવાલયનો વિચાર આવતાં જ કલ્યાણી અને શીલા બંને એમની બધી સમસ્યાઓ સાથે એના મનમાંથી નીકળી ગયાં. એક નવી સ્ફૂર્તિથી એનું મન ભરાઈ ગયું. તે બોલ્યો, 'મારા જેવા સાહિત્યકારને રહેવા માટે મહેલ-મહેલાતો નથી જોઈતી. તીન ગાંઠ કોપીન મેં બિન ભાજી બિન લોન...'

કર્નલ એને સમજાવતો બોલ્યો, 'એ તો હું જાણું છું. પણ હવે મારું પણ માની લે. જા, ઘેર જા. છોકરીનું માગું આવ્યું છે. આ બિચારી કાલથી ખૂબ જ ચિંતામાં હતી. સાચું કહું તો હું તો તને લાવવા-બોલાવવાની ફેવરમાં નહોતો. હું જાણતો હતો કે જ્યારે તારો મૂડ સારો થશે ત્યારે ઉચિત-અનુચિત સમજીને તું જાતે જ ચાલ્યો આવશે. પરંતુ ભાભી બિચારી એટલી વ્યથિત હતી કે... ચાલો, એ બહાને ભાભીનાં દર્શન તો થયાં. હવે ક્યારેક તારે ઘેર આવીશ ત્યારે પડદાની કેદ તો નહિ રહે. કિચનમાં...' કર્નલે જાણી જોઈને વાતોને હળવી બનાવી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

કલ્યાણીના ચહેરા પર સંતોષની ઝલક દેખાવા લાગી.

કર્નલ એની વાક્‌ધારાને અટકાવીને પળેક થોભ્યો, પછી બીજી જ વાત આગળ કરીને બોલ્યો, 'ઠીક ભાભી, કહો જોઈએ કે તમે મારા જેવા મ્લેચ્છોને ત્યાં ચા – બા પીઓ કે નહિ? ખેર, ન પીતાં હો તો કાંઈ વાંધો નહિ, પણ મીઠાઈ ખાધા વિના નહિ જ જવા દઉં. હું હમણાં આવ્યો.' કહીને કર્નલ ઝડપથી ઓરડાની બહાર ચાલ્યો ગયો.

પતિ-પત્ની બંનેને એકાંત મળ્યું. કલ્યાણીએ સંકોચ વિના કરુણ દૃષ્ટિએ એના પતિ તરફ જોયું. મહિપાલ એ દૃષ્ટિનો સામનો ન કરી શક્યો. એને આજનું સમાધાન પણ રહીરહીને ખટકતું હતું. અત્યારે એકાંતમાં કલ્યાણીની સામે એને, હારેલા પુરુરાજાને વિજેતા સિકંદર સામે અનુભવ થયો હશે એવો જ કાંઈક અનુભવ થઈ રહ્યો હતો.

* * *

ઘેર પાછા ફરતી વખતે મહિપાલના મનની સ્થિતિ કાંઈક વિચિત્ર બની ગઈ હતી. બે દિવસ સુધી બહાર રહીને એને એનાં બાળકોનો સામનો કરવામાં ઘણો

જ સંકોચ થઈ રહ્યો હતો. જુવાન-જુવાન બાળકો છે. જેટલો વધારે એને આ વાતનો ખ્યાલ આવતો, એટલો જ કલ્યાણી પર ક્રોધ ચડતો. ઘેર આવીને તે ઘરમાં ન જઈ શક્યો. ફાટકના દરવાજા પર રાખેલા લેટરબૉક્સની જાળીમાંથી એને અંદરની ટપાલ દેખાઈ. કલ્યાણીને કહ્યું, 'ફાટકની ચાવી મને આપી જા, અને તું જ આપી જજે.' ત્યાં સુધી મહિપાલ ગલીમાં જ આંટા મારતો રહ્યો. એક પડોશી મહાશય એમને ઘેર જતા હતા. નમસ્કાર કરીને પડોશી સજ્જન ખૂબ જ લહેકાથી પૂછવા લાગ્યા, 'કહો પંડિતજી, આપ વોટ કોને આપવાના છો ?'

'ભઠ્ઠીમાં જાય વોટ ! હું તો આ બધાને ધિક્કારું છું.'

પાડોશી મહાશયને આ વાતથી સંતોષ ન થયો. મોં બનાવીને બોલ્યા, 'હા, એ તો છે જ. પરંતુ અમે તો સાંભળ્યું છે કે આપે અને કર્નલસાહેબ વગેરેએ કૉમ્યુનિસ્ટોને ખેંક કરવાનું શરૂ કર્યું છે. તે દિવસની આપની વિમાની પત્રિકા તો ભારે અસરકારક નીવડી. જેણે જેણે વાંચ્યું એણે કહ્યું કે, આવો ગજબનો પ્રોપેગેન્ડા તો કોઈ પાર્ટી તરફથી પણ નથી થયો. મેં તો કહી દીધું પંડિતજી કે આ બધી અમારા પંડિતજીની જ લીલા છે. કોઈ આવું જોરદાર લખી જ ન શકે. હેં – હેં – હેં !'

મહિપાલને ખૂબ જ ચીડ ચડતી હતી, પરંતુ તે લાચાર હતો. એ જ વખતે કલ્યાણી બારણાંના પાછળ દેખાઈ. એણે માંડમાંડ પાડોશી મહાશય પાસેથી છુટકારો મેળવ્યો. કલ્યાણીએ જતાં પહેલાં કહ્યું, 'હવે તમે નાહી – ખાઈ લ્યો.'

મહિપાલે કહ્યું, 'છોકરાઓને જમાડી લે.'

'એ લોકો તો બધાં ગયાં. માત્ર તપ્પુ છે, રજની છે ને શકુંતલા છે.'

'કેમ ?'

'હવે શકુંતલા તો જવાની એટલે રોકી લીધી. રજની, મને થયું કે મને મદદ કરી શકે એટલે...'

મહિપાલે કાંઈ ન કહ્યું, ફાટક ઉઘાડીને અંદર ચાલ્યો ગયો. લેટરબૉક્સમાંથી બે પત્ર અને એક પત્રિકા નીકળ્યાં.

કલ્યાણી ચાલી ગઈ હતી. રજની, શકુંતલા વગેરે ઘરમાં હતાં એટલે મહિપાલને અંદર જવાની હિંમત આવતી નહોતી. પત્રિકા નવી હતી. ખૂબ સજાવી-શણગારીને કાઢી હતી. પત્રોમાં બંને કવર હતાં. એક ઑલ ઇન્ડિયા રેડિયોની છાપવાળું, બીજું કોઈ બીજાનું. મહિપાલ પત્રિકામાં પોતાનું મન રોકવા લાગ્યો. ચિત્રો જ ચિત્રો હતાં – વાંચવાલાયક મૅટર ઘણું જ થોડું હતું. મહિપાલે ઠીક ઠીક સમય એની પાછળ વીતાવ્યા બાદ રેડિયોનું કવર ખોલ્યું. એક ટૉકનો કૉન્ટ્રેક્ટ હતો. ટૉક એક સીરીઝમાં આયોજિત કરી હતી. સીરીઝનું નામ હતું 'ચોથું મહાયુદ્ધ' અને

એની અંદર મહિપાલની આરંભની વાર્તા હતી – 'સ્ત્રી-પુરુષમાં'. મહિપાલ હસી પડયો. ચોથું મહાયુદ્ધ થશે – મુખ્યત્વે સ્ત્રી-પુરુષ વચ્ચે જ થશે, કારણ કે દુનિયામાંથી આર્થિક અસમાનતા નીકળી ગયા બાદ મનુષ્ય સામે પછી સ્ત્રી-પુરુષની સમસ્યા જ સૌથી અધિક મહત્ત્વની બની રહેશે. મહિપાલને થયું ટૉક મજેદાર બનશે. ને એ જ વિચારમાં બીજું કવર ફોડયું. 'અખંડ સૌભાગ્યવતી નાનીને ભાઈના આશીર્વાદ' – કલ્યાણીનો પત્ર હતો, ભૂલથી ફોડાઈ ગયો. સામાન્ય રીતે મહિપાલ એના ઘરના લોકોના પત્રો ફોડીને વાંચતો નહિ, પરંતુ અત્યારે કોણ જાણે કેવી ધૂન આવી ગઈ કે તે પત્ર વાંચી ગયો. એનું લોહી ઊકળી ઊઠયું. કલ્યાણીએ એના ભાઈ પાસેથી થોડા રૂપિયા ઉધાર મગાવ્યા હતા, જેના જવાબમાં એણે લખેલું કે હમણાં હાથ જરા તંગીમાં છે તેથી મદદ કરવા માટે લાચાર છું. ભાઈના પત્રમાં એનાં રોદણાં રડયાં હતાં. મહિપાલના મોટા સાળાએ એની બહેનને લખ્યું હતું કે, પિતાના કોઈક અપમાનજનક વ્યવહારને કારણે તે એના નાના ભાઈની જાનમાં લખનૌ આવ્યો નહોતો. જાનની વિગત લખવાનો બહેનને આગ્રહ કર્યો હતો. અંતમાં એક વાક્ય હતું : 'અને અમારા લેખક મહાશયના શા સમાચાર છે ? આજકાલ આર્ટિસ્ટીનો ધંધો કાંઈ નરમ પડી ગયો છે કે શું ?'

વાંચતાં જ મહિપાલ ક્રોધથી પાગલ બની ગયો. એના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો. આ એવો આવેશ હતો જેમાં અપ્રત્યક્ષ રીતે મનમાં પ્રતિહિંસાની ભાવના પૂર્વનિશ્ચિત અને સુશાંત ભાવથી ક્રોધની લગામ પકડી માણસના હોશને તદ્દન જ જુદા વ્યક્તિત્વમાં બદલી નાખે છે; એના ચહેરાની ચેષ્ટા પણ બદલાઈ જાય છે. મહિપાલ બેઠકને ઉઘાડી જ મૂકીને ઊંબરો, વરંડો, આંગણું ઓળંગી દાદરો ચડી મોટા ઓરડામાં ગયો. ત્યાં તપ્પુ બેઠો બેઠો એની ફાટેલી પતંગ સાંધી રહ્યો હતો. પિતાનું સ્વરૂપ જોઈને ગભરાઈ ગયો. એ સામે હોવા છતાં મહિપાલે એને જોયો નહિ. છજું વટાવી ચોકાવાળા ઓરડામાં જતાં પહેલાં જ હલન-ચલન સંભળાયું. કલ્યાણી કહેતી હતી, 'બારણાની પાછળ રહેજે, જ્યાંથી હું જોઈ... ' મોઢાની વાત મોઢામાં જ રહી ગઈ. શકુંતલા મામીની સામે પાટલા પર બેસીને આવનાર મહેમાનો માટે દાડમના દાણા કાઢી રહી હતી. રંજના ઉઘાડે માથે માની સામે બેસીને કપડાથી ચાનો સેટ લૂછતી હતી. કલ્યાણી મીઠાઈનો પડિયો ખોલી જુદી જુદી મીઠાઈઓના ટુકડા ચાંદીની નાની નાની નકશીદાર રકાબીઓમાં ગોઠવીને રાખતાં રાખતાં દીકરી-ભાણેજને સૂચના આપતી હતી. એક વરસનું બાળક પાસે જ બેસીને વાટકીમાં લોટો મૂકવાનો પ્રાણપણે પ્રયત્ન કરી રહ્યું હતું. મહિપાલ દરવાજે આવ્યો તો જાણે સૌને માટે કાળ આવ્યો. મહિપાલને કલ્યાણી સિવાય

અત્યારે બીજું કોઈ દેખાતું નહોતું. એના હાથમાં ખુલ્લો કાગળ હતો, ચહેરો ને અવાજ ખૂબ જ કર્કશ હતા. એણે કલ્યાણીને કહ્યું, 'મારી સાથે આવ.' કહીને મહિપાલ પાછો ફરી ગયો. – કલ્યાણી પતિનો ચહેરો જોઈને જ લાકડું બની ગઈ. તરત જ હાથ ધોઈને પાછળ-પાછળ દોડી. એનું કાળજું ધડકી રહ્યું હતું.

ત્રીજા માળે એક મોટી ઓરડી હતી. લોકોની અવરજવરથી બચવા માટે મહિપાલ અહીં બેસીને જ કામ કરે છે. કલ્યાણી આવી કે તરત જ મહિપાલે ઓરડી બંધ કરી દીધી. પછી એની સામે આવીને, એની ગભરાયેલી આંખોમાં પોતાની ખૂની આંખો પરોવીને પૂછ્યું, 'તેં તારા ભાઈ પાસેથી રૂપિયા માગ્યા હતા?'

કલ્યાણી પ્રશ્ન સાંભળતાં જ એવી ડરી ગઈ કે હા કે ના કશું બોલી ન શકી. મહિપાલે ફરી પૂછ્યું, 'બોલ, રૂપિયા શા માટે મગાવ્યા હતા?'

'ગયા મહિને તમે કહેતા હતા કે પુસ્તકોની રોયલ્ટી મોડી આવશે, છટકઉની જાન શહેરમાં...'

'છટકઉની જાન શહેરમાં આવે કે જંગલમાં આવે, પણ તેં રૂપિયા શા માટે મગાવ્યા? તું બહાર મારી બદનામી કરાવે છે?'

'મોટાભાઈ પાસે માગવામાં...'

'મોટાભાઈ હોય કે બીજો કોઈ સાળો હોય, તેં મને પૂછ્યા વિના કોઈ પાસેથી પૈસા મગાવ્યા જ શું કામ? તેં મને કેમ ન કહ્યું? તેં મને બહારના લોકો પાસે અપમાનિત શા માટે કર્યો? બોલ!'

'ભૂલ થઈ, મોટાભાઈ...'

'મોટાભાઈની સગી!' તડાક કરતો જોરથી તમાચો કલ્યાણીના ગાલ પર પડ્યો. છ બાળકોની મા, આડત્રીસ વર્ષની ગૃહિણી શારીરિક અને એથીય અધિક માનસિક આઘાત લાગતાં ગાભરી-ગાભરી થઈ ગઈ. 'હરામજાદી, તેં મારી આબરૂ ધૂળમાં મેળવી દીધી. હરામજાદી, તું સતી બને છે? તું...તું...તું...'

રાજ્યશ્રી બારણાં બહાર કાન માંડીને ઊભી હતી. પિતાનો લાલ ચહેરો જોઈને એને તથા શકુંતલાને ઝઘડાનો શક તો પડ્યો જ હતો. તેઓ બંને તથા સમજુ બાળકો આનું કારણ – ડૉ. શીલા સાથેનો પિતાનો પ્રેમસંબંધ – પણ જાણી ગયાં હતાં; એટલે રાજ્જો એની જિજ્ઞાસા રોકી ન શકવાને લીધે કાન માંડીને સાંભળવા માટે ઉપર દોડી આવી હતી. માની ચીસ, અને પિતાનું ઘૂરકીને કહેવું, 'ચૂપ! ખબરદાર જો બહાર અવાજ ગયો તો,' પછી માનો આક્રંદભર્યો અસ્પષ્ટ અવાજ, ફરી દબાયેલી ચીસો, ધ્રુસકે ધ્રુસકે રડવું, પિતાની અસ્પષ્ટ ગાળો, ઘૂરકિયાં, ધક્કામુક્કી, ફેંકવું, ધબ્બાના અવાજો – રાજ્યશ્રી ડરથી પથ્થર બની ગઈ, પછી વ્યથિત થઈ.

પછી આંસુઓથી ઉશ્કેરાઈને જોરજોરથી બારણું ઠોકતી ચીસ પાડી ઊઠી, 'પિતાજી! પિતાજી! ખોલો! માને મારો નહિ. પિતાજી...શકુબેન...'

આંસુઓથી ઘૂંટાયેલો હિસ્ટીરિયાની ચીસ જેવો મર્માન્તિક અવાજ આવ્યો.

બારણું તરત ઊઘડી ગયું. કલ્યાણીએ જ બારણું ઉઘાડયું હતું, રાજ્યશ્રી માને જોરથી ભેટી પડી. કલ્યાણી બારણું ખોલતાં પહેલાં જ ખૂબ કઠોરતાથી પોતાની જાતને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરતી હતી, તે દીકરીના ભેટી પડવાથી પોતાની જાતને સંભાળવામાં લાચાર બની ગઈ. મહિપાલ પીઠ ફેરવીને ઊભો હતો; હિંસાભાવ અને લજ્જા બંને એકબીજામાં મળી ગયાં હતાં. એમાં પુત્રીની સામે લજ્જા શક્તિશાળી બની ગઈ.

એટલામાં શકુંતલા પણ અનામિકાને તેડીને આવી પહોંચી.

આંસુ લૂછી. ગળું સારુ કરતાં કલ્યાણીએ છોકરીઓને કહ્યું. 'જાઓ હું આવું છું.'

પરંતુ છોકરીઓ ત્યાંથી ન ખસી. મહિપાલ એકદમ બારણાં તરફ ચાલ્યો. રાજો અને કલ્યાણી છત પર આવી ગયાં. મહિપાલે આગળ આવી કલ્યાણીના પગે હાથ મૂકીને કહ્યું, 'મને માફ કરી દે.' એણે છોકરીઓને પણ એમ જ કહ્યું, અને નીચે ચાલ્યો ગયો. ચાલતો ચાલતો ઘરની બહાર નીકળી ગયો. ગ્રમાલભરી સડકો, ઑફિસનું કમ્પાઉન્ડ, શાહી ફાટક બધું પાછળ રહેતું ગયું. આગળ પુરાતત્ત્વનું સંગ્રહાલય હતું. મહિપાલની મ્યુઝિયમના સૂના પૅર્ટિકોના એક પગથિયા પર એવી રીતે બેસી ગયો, જાણે ગત વૈભવના સંગ્રહાલયમાં એના ખંડિત વ્યક્તિત્વને પણ આશ્રય મળી ગયો હોય.

એક ઘૂંટાયેલો લાંબો નિઃશ્વાસ બે ટુકડા થઈને કાળજામાંથી નીકળી ગયો. એનું મન રાતના સૂના ચોકની જેમ સાં – સાં કરતું હતું. પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ! – એની ક્યાંય પણ ગતિ નથી. એનું મન અવરુદ્ધ છે. – તે દયાળુ છે, વિચાર-વિવેકશીલ છે, સિદ્ધાંતવાદી છે; તે ક્રૂર છે, અવિચારી-અવિવેકી છે, સિદ્ધાંતહીન છે. તે સત્-અસત્‌ની બેવડી સીમાઓથી ઘેરાયેલો 'કાંઈ જ નહિ' – શૂન્ય છે. હાયરે અભાગી! તું ક્યાં જશે? શું કરશે? તું કૌરવરાજ દુર્યોધનની જેમ ધર્મને જાણે છે, પરંતુ એ પ્રમાણે તારું આચરણ નથી; તું અધર્મને પણ સમજે છે, પરંતુ એનાથી મુક્ત થતો નથી. 'મારા હૃદયમાં બેઠેલો કોઈ દેવતા મારી પાસે જેમ કરાવે છે, તેમ જ હું કરું છું.' ...પરંતુ એ દેવતા પણ અત્યારે મૂંગો થઈ ગયો છે, કશું નથી બોલતો; મારી પાસે કશું નથી કરાવતો.

શકુંતલાનો વિવાહ, બાળકોનું શિક્ષણ, એમનાં સુખ-સગવડ, એમનું ભવિષ્ય, પત્નીવ્રતધર્મ, પ્રેમીનો ધર્મ, સાહિત્યકાર તરીકે રાષ્ટ્ર પ્રત્યેનો એનો ધર્મ, લેખક તરીકે અમર બનવાની એની મહત્ત્વાકાંક્ષા, સુખ-સૌભાગ્યથી ભર્યુંભર્યું જીવન વીતાવવાની ઇચ્છા, તપસ્વીઓની જેમ આશ્રમવાસી બનીને સાહિત્ય-સાધના કરવાનું સ્વપ્ન – ચારે બાજુ નિંફળતા, આ બધાનો વિરોધાભાસ કરાવતી મહિપાલની એક ઇચ્છા અત્યારે સર્વથા કુંઠિત બની ગઈ હતી. ખૂબ ખૂબ વિચારવા છતાં એણે કશું ન વિચાર્યું, ઘણું ચાલવા છતાં તે ક્યાંય ન પહોંચ્યો. તૂટેલી મૂર્તિઓની બાજુમાં એક ભાંગેલા માનવી બેસી ગયો. હાય–હાય–હાય – મહિપાલ એના શ્વાસોચ્છ્વાસમાં માત્ર આ જ ગુંજન સાંભળી રહ્યો. બસ, આ જ 'હાય' અત્યારે એની અનન્ત જેવી લાગતી ગતિ હતી.

પચીસ

ગોવર્ધન ગિરિના ભરતપુર ભાગના દેખાવની સપાટી પરના પૌરાણિક અને વિશાળ કુંડની પાસે ત્રણ મોટી છાયાવાળાં વૃક્ષોના ઝૂંડમાં સજ્જન અને કન્યા લંચ બાદ ને આરામના મસ્તીભર્યા મૂડમાં બેઠાં છે. મોરના અવાજોથી ગોવર્ધન ગૂંજી રહ્યો છે. એક બોલે કે તરત જ ચારે બાજુથી બીજા મોર શોર મચાવી દે છે. એમનો અવાજ શાંત પડે છે કે નાનાં-નાનાં પક્ષીઓનો મધુર કલરવ સંભળાય છે, જેમ જીવનની બાડમાંથી ઊગરેલા માણસને પોતાનો શ્વાસ સંભળાય છે. કન્યા ટિફિન કેરિયરના ડબ્બા એકઠાં કરીને બંધ કરી રહી છે. થોડે દૂર ચાર વાંદરા કાંઈક વધુ મેળવવાની આશામાં બેસીને એને જોઈ રહ્યા છે. વાંદરાઓને કારણે આ બંનેનું લંચ સંઘર્ષના ભયથી મજેદાર રહ્યું. ડબ્બાઓ પર કન્યાની શાલ ઢાંકીને એમાં હાથ નાખી નાખીને એમણે સેન્ડવીચ, માવા અને પેંડાનો આનંદ લીધો હતો. લાકડીના ડરથી વાંદરાઓ એમની પ્રસિદ્ધ પોકળ ધમકીઓ દેખાડીને પણ દૂર રહ્યા: સમાધાન તરીકે એમણે પણ કૃષ્ણ કનૈયાના આ પૂંછડાંધારી મિત્રોને ફળ અને એમની ભોજન-સામગ્રીમાંથી થોડુંક આપ્યું. સજ્જને કહ્યું, 'કોમરેડ, એમને થોડા વધુ પેંડા આપો.'

'હવે નહિ. નીચે આપણો ટેક્સી ડ્રાયવર પણ છે.'

'કેમ. એ એના જમવાનો પ્રબંધ કરીને આવ્યો હશે.'

'તો પણ, બિચારો રોજ ફળ-મીઠાઈ તો પામતો નહિ હોય.'

'અને આ વાંદરા ક્યાં રોજ રોજ...'

'મારે મન પશુઓ કરતાં માનવોનું વધુ મહત્ત્વ છે.'

'કૉમરેડ, ગિરિરાજ પર આવીને તો તમારા આ પ્રોગ્રેસીવિઝમને ભૂલી જાઓને. બધામાં એક સરખો જ જીવ છે :

બધા સરખા છે.

બધામાં એક પ્રાણ છે.

તજીને અભિમાન, હરિગાન. – સિગરેટની તલપ લાગી છે કૉમરેડ.'

'તો પી.'

'નહિ જી. ગોપાલની આ પવિત્ર ભૂમિ પર... '

'સબૈ ભૂમિ ગોપાલ કી અથવા યા મૈં અટક કહા... '

'જા કે મનમેં અટક હૈ સોઈ... હા –હા – હા. કન્યાબીબી, તારાથી હું હાર્યો.'

ટિફિન કેરિયર બંધ કરતાં પહેલાં કન્યાએ ચાર-પાંચ પેંડા વાંદરા તરફ ફેંક્યા, પછી ઢાંકણું બંધ કરીને હસતાં હસતાં બોલી, 'હાથ જોડું છું મહારાજ, મારી સાથે હારજીતનો વ્યવહાર ન રાખો.'

'કેમ ?'

'આજે હારશે તો કાલે મારા પર જીત મેળવવા માટે પણ બહાર પડશે. આપના આ આર્ટિસ્ટિક મૂડથી મારી રક્ષા કરો દયાનિધિ !'

જમીન પર મૂકેલા કોટના ખિસ્સામાંથી સિગરેટ-કેસ કાઢીને સજ્જને મસ્તીમાં આવીને કહ્યું, 'આર્ટિસ્ટની જીવનસંગિની બનશે અને પાછી આર્ટિસ્ટના મૂડથી બચીને પણ રહેશે.'

'હા ભાઈ. આર્ટિસ્ટના મૂડને તો માત્ર ચતુર વેશ્યા જ સાચવી શકે, ગૃહિણી નહિ. ભલેને પછી તે ગમે તેવી ચતુર અને કુશળ હોય.' કન્યાએ ગંભીર મોં કરીને કહ્યું.

સજ્જનથી વિફરતી મસ્તી ફરી પાછી સંયમના વર્તુળમાં સમાઈ ગઈ, સિગરેટ હોઠ વચ્ચે દબાવી પોતાના મનના ભાવો દબાવતાં એણે કહ્યું, 'તેં તો બધા આર્ટિસ્ટો પર જબરદસ્ત આક્ષેપ કરી દીધો. મારા ખ્યાલ પ્રમાણે તો આર્ટિસ્ટ એસેંશિયલી મનનો ખૂબ જ પવિત્ર હોય છે. ભલે પ્રત્યક્ષ જીવનમાં...'

'વાત પ્રત્યક્ષ જીવનની જ છે. એટલે કે માત્ર તારી જ વાત નથી. મારી એવી ધારણા છે કે કલાકાર સાધારણ રીતે પોતાની કોઈ ખૂબ જ મોટી ખામી યા ક્ષુદ્રતાને કારણે જ ખૂબ દુઃખ ભોગવી સંવેદનશીલતા મેળવે છે. ...ઊભા રહો, મને કહી લેવા દો. ...એ સાચી વાત છે કે મેળવેલી આ અણમોલ વસ્તુની કદર કેવળ દાર્શનિક અથવા તો કલાકાર જ કરી શકે છે. પરંતુ અતિ સંવેદનશીલ

હોવા છતાં પણ કલાકાર પોતાની ખામીનું દુ:ખ સહેતાં સહેતાં બેહદ કઠોર થઈ જાય છે. એક રીતે એનું મન જડ બની જાય છે. એ નથી જાણતો કે એને લીધે બીજાને કેટલું દુ:ખ સહન કરવું પડે છે.'

'કહી લીધું ?'

'હા !' કન્યા સજ્જનની પૂછવાની રીત પર હસી પડી.

સિગરેટનો એક લાંબો દમ ખેંચી, ધુમાડો છોડી, સામેના એક પ્રાચીન ગૌડીય મઠની ખંડેર દીવાલ સામે નજર રાખી ખૂબ જ શાંત અને તટસ્થ ભાવથી એણે કહેવાનું શરૂ કર્યું, 'જો ડાર્લિંગ ! – અલાવ મી ટુ ઍડ્રેસ યૂ લાઈક ધૅટ ઍટ ધીસ મોમેન્ટ – હું હાલ એવા જ મૂડમાં છું. જો, કલાકાર કહીને તું મને કે બીજા કોઈને પણ મામૂલી માણસથી અથવા તો જ્યાં સુધી ભાવનાને સંબંધ છે, કોઈ પણ જીવથી અલગ કરીને ન જો. હું કલાકાર હોવા છતાં એ જ છું જે તું છો, જે તારી અભાગી ભાભી હતી, તારા પિતા છે કે કોઈ પણ છે, આ વાંદરા પણ છે, આ કલરવ કરતાં પરિન્દા પણ છે – જેવાં બધાં છે એવો જ હું પણ છું. ભૂખ અને સેક્સ તારી પણ એટલી જ પાયાની જરૂરિયાત છે જેવી દરેકની હોય છે. અને સંવેદનશીલતા પણ મારામાં પાયાની રીતે એટલી જ છે જેટલી દરેક સામાન્ય-અસામાન્ય...'

'ટૂંકમાં કહે.'

'સંક્ષેપમાં જિંદગી એક અનુભવ છે. ટાઈમનો – ટાઈમને માટે હિન્દીનો શબ્દ... કે...'

'કાળ...'

'કાળની એક અતૂટ ધારા છે. કાળને ફક્ત જીવ જ ભોગવે છે, જીવ જ ઓળખે છે. માણસ બધાં જીવો કરતાં શ્રેષ્ઠ મગજ ધરાવે છે એટલે એના કાળના અનુભવને હજાર પ્રકારે વ્યક્ત કરવાનું પણ જાણે છે. અનુભવથી જ એની રચનાત્મક શક્તિઓનો વિકાસ થાય છે. જીવનનો અનુભવ જ મનુષ્યનો ઇતિહાસ છે – એ મનુષ્ય ભલે કોઈ કલાકાર હોય કે બીજો કોઈ પણ હોય.'

'પરંતુ અનુભવ તો મૂંગાની વાત જેવો હોય છે. ખુદ પોતાના જ મનના અનુભવનું માણસ સ્પષ્ટ રીતે વર્ણન નથી કરી શકતો. શું તું કહી શકે છે કે મારા સંબંધમાં તારો શો અનુભવ છે ? હું શું તારે માટે માત્ર એક રૂપ અને આકાર જ છું ? મારા રૂપ-રંગ જ શું મારું સૌંદર્ય છે ?'

'નહિ. મારી દૃષ્ટિએ દેહનું સૌંદર્ય જ જીવનનો પૂર્ણ અનુભવ નથી, કન્યા. એનો અર્થ એવો નથી કે તને જોઈને મારા મનમાં શારીરિક રીતે તને મેળવવાની

ઇચ્છા નથી થતી. મારી એ દિવસની બળજબરીમાં પણ, તક મળવાનું બહાનું ભલે કાંઈ પણ બન્યું હોય, મારી ઇચ્છા તને શારીરિક રીતે મેળવવાની જ હતી...'

'તકનું બહાનું પોતે જ એક અનુભવ નથી હોતો સજ્જન?'

'હોય છે, એની વાત પછી કરીશ. હું એમ કહેતો હતો કે તે દિવસ તને આટલો ખરાબ અનુભવ આપીને પણ...'

'માની લે કે મને ખરાબ અનુભવ નથી લાગ્યો, તો?'

'ખેર, ભલે ન હોય: મેં મારા તરફથી તો તને ખરાબ અનુભવ જ આપ્યો.'

'ખરાબ હોત તો એ અનુભવને તું વ્યક્ત ન કરત.'

'તું એકદમ જ ઉપરની સપાટી પર ફરી રહી છો કન્યા. હું અનુભવની વાત કરું છું – તે નથી સારો કે નથી ખરાબ.'

'ખુદ તેં જ હમણાં સારપ-બૂરાઈની વાત ઉપાડી.' કહીને કન્યા હસી.

એના હાસ્યની આ અદા પર સજ્જનની કામેચ્છા જાગી ઊઠી. આ મુગ્ધતાથી એની અંતર્દષ્ટિએ ખૂબ તપેલા લોઢાના વર્ણ જેવો અનુભવ કર્યો; એના સ્પર્શથી ક્રૂર આઘાત અને વેદનાના તરફડાટનો અનુભવ કર્યો, અને સાથોસાથ બધા વિચાર, આકાર-વિકાર અસ્તવ્યસ્ત થઈ જવા છતાં પણ કન્યાનું સ્મિત એના અંતરમાં – ઘણાં વધારે ઊંડાણમાં – મહા વેગવાન ઝરણાની સહજ ગતિની જેમ એની નસેનસમાં પ્રસરી રહ્યું હતું. રૂપ, રસ, ગંધ, ગુંજન અને સ્પર્શ – કન્યાના સ્મિતમાં એને બધું જ એક સાથે પ્રાપ્ત થયું. પૂર્ણતા અને આનંદની ચેતનાથી એનું બાહ્ય જગત, એની ક્રિયાશીલતા શિથિલ બની ગઈ. એ ક્ષણે એને એવું લાગ્યું જાણે કેટલાંય સ્તરો પર એની અનુભવશક્તિઓ એકસાથે દોડી રહી છે. દરેક સ્તર એકમાનમાં મળીને ચાલ્યા જાય છે. ત્રણ-ચાર ફૂટ દૂર બેઠેલી કન્યા એનાથી જરાય દૂર નથી. એ એના અંતરમાં વસેલી છે. એ પ્રાપ્તિ એને સંપૂર્ણતાનો અનુભવ કરાવે છે. અત્યારે એની બધી ખામીઓ પુરાઈ ગઈ છે, બધા વિકાર શાંત થઈ ગયા છે. ગિરિ ગોવર્ધન, કુંડ, વૃક્ષોનાં ઝુંડ, પશુપક્ષી, ગોટીલ મઠ, સૂર્યથી ચમકતું આકાશ, તે પોતે અને દેહધારિણી કન્યા, જેને એકીટશે જોઈ રહીને તે આ બધું જોઈ રહ્યો છે – આ બધાં વિભિન્ન રૂપ અને આકારોમાં કશો વિરોધાભાસ નથી. આ બધામાં – અણુએ અણુમાં તે અને કન્યા એકાકાર બની વિચરી રહ્યાં છે.

વિચિત્ર ક્ષણ હતી; વિચિત્ર અનુભવ હતો. એ અનુભવની શક્તિ આટલી પ્રખર અને તીવ્ર હોવા છતાં પણ એકદમ સહજ હતી. આ સહજતા જ સુંદરતા છે. સજ્જન એ સૌંદર્યથી પૂર્ણ છે. આ પૂર્ણતા એને કન્યાને લીધે જ પ્રાપ્ત થઈ છે.

સજ્જનની ખોવાયેલી આંખો અને આનંદમય મુખમંડળથી કન્યા અસ્પૃશ્ય ન રહી શકી. આ ભોળું સુંદર મુખડું એના 'પ્રિયતમ'નું છે, એનું પોતાનું છે. કન્યા સજ્જન માટે ભાવુક ન બની, પણ તૃપ્ત થઈ ગઈ. ઇચ્છા થઈ કે આ ભોળા મીઠડા મુખડાને એના બંને હાથોમાં દબાવીને ચૂમી લે! હાય! એણે કેવું વિચારી નાખ્યું? વર્ષોની દબાયેલી અભિલાષા અત્યારે ખુલ્લમખુલ્લા એના મનમાં આવી ગઈ. એને ખૂબ જ શરમ લાગી. ચહેરો ગુલાબી થઈને આંખો સાથે જરા નીચે ઝૂકી ગયો: પછી એની મેળે જ ગભરાઈ જઈને ખ્યાલ આવ્યો કે ક્યાંક સજ્જન એને પારખી ન લે, એટલે મનની શરમને નટખટતાથી ઢાંકતી બોલી, 'શું કોઈ અનુભવ મેળવી રહ્યા છો કલાકાર મહાશય?'

સજ્જન ભાનમાં આવ્યો, શરમાઈ ગયો, હસીને બોલ્યો, 'તારાથી હું હારી ગયો, જો કે આ હારમાં પણ મારી જીત છે.'

'ફરી પાછી એ જ હારજીત. તું ગમે તે કહે. મેં નક્કી કરી લીધું છે કે તારા આ આર્ટિસ્ટિક મૂડ પર હવે બિલકુલ ધ્યાન નહિ આપું.'

'પૈ મુરલી મુરલીધર કી અધરાન ધરી અધરન ન ધરૌંગી.'

'ચાલ, ઊઠ.'

'ઊભા રહોજી. મને પેલું યાદ કરી લેવા દો. પેલું પેલું રસખાનનું કવિત...'

'કવિત નહિ, સવૈયા છે.'

'અરે, જે હોય તે. શું છે એ ... ઊંહુ ... શું છે કન્યા?'

'છે તો કાંઈક ચોક્કસ, પણ શું છે તે યાદ નથી. મારું મગજ વિશુદ્ધ પ્રોઝવાદી છે. પોએટ્રી યાદ નથી રહેતી. હવે ચાલો ભઈ.'

'...તેરે કહે સબ સ્વાંગ કરૌંગી ...અહા! યાદ આવ્યું...
મોરપંખા સિર ઉપર રાખિહૌ ગુંજ કી માલ ગલે પહિરૌંગી,
ઓઢી પિતાંબર લૈ લકડી બન ગોધન ગ્વાલિનિ સંગ ફિરૌંગી
ભાવતો વોહિ મેરો રસખાન સો તેરે કહે સબ સ્વાંગ કરૌંગી,
વા મુરલી મુરલીધર કી અધરાન ધરી અધરા ન ધરૌંગી.

...આહા! ભાવતો હૈ તૂં મેરો રસખાન ... એ કન્યા, જસ્ટ ફોર એ સેકન્ડ, ...ઊભી થઈ જા.'

સજ્જને એની સ્કેચબુક અને પેન્સિલ ઉપાડ્યાં. કન્યાએ ચિડાઈને કહ્યું, 'તું...'

'બોલ નહિ ઊભી થઈ જા.'

સ્કેચ દોરવા લાગ્યો. કન્યા – શ્રીરાધા – કૃષ્ણના વેશમાં, મોરમુકુટ, ગળાની માળા, પિતાંબર, ડાબા હાથમાં લાકડી. ચિત્રમાં જમણી બાજુ બે હાથ – શ્રીકૃષ્ણના

હાથ – વાંસળી આપી રહ્યા છે. શ્રી રાધા – કન્યાની આંખોમાં લજ્જા, હોઠ પર દબાયેલું સ્મિત, ભમ્મરોમાં રોષ, શરીરની ત્રિભંગી મુદ્રા અને જમણા હાથની ના પાડતી આંગળીઓમાં યૌવનની ચપળતા છે.

આ 'ગમ્મત' કન્યાને ગમતી હતી. 'પોતે કલાકારને પ્રેરણા આપનારી મહાશક્તિનું કામ કરી રહી છે' – આ બધા કલ્ચરલ બખેડા એના મિજાજને નાપસંદ છે. તે સજ્જન – એક પુરુષ – ને પોતાની જાત સમર્પિત કરી રહી છે, બસ, એટલું જ તે જાણે છે. સજ્જન કલાકાર છે, શ્રીમંત છે, આ બધી વાતો એના મનમાં અવશ્ય આવે છે. પોતે ધનિક અને મહત્ત્વની વ્યક્તિની ભાવિ પત્ની અને પ્રિયતમા છે, એ વાત એના મનમાં બીજા નંબરે છે. પહેલી મહત્ત્વની વાત તો સ્પષ્ટ રીતે એ જ છે કે સજ્જન – એક પુરુષ – ને તે પોતાનો કહી શકે છે. પરમ દિવસે રાત્રે જ્યારે સજ્જન ઘેર ન આવ્યો ત્યારે એના વિરહમાં કન્યાએ પહેલી વાર સ્પષ્ટ રીતે એ વાતનો અનુભવ કર્યો હતો કે સજ્જનની સામે એના અસ્તિત્વનો લોપ થઈ જાય છે – ભલે તે એના આ અનુભવને દબાવવા માટે ઉપરના રોફનો ઢોંગ કરે. એણે એ સ્પષ્ટ રીતે જોઈ લીધું કે જે દિવસથી સજ્જનની આંખમાં પહેલીવાર પ્રેમની ચમક આવી તે દિવસથી જ તે પોતાની જાતને સજ્જનની પ્રેમેચ્છામાં લીન થતાં રોકી નથી શકી. પોતાને રોકવાના દરેક પ્રયત્નમાં તે નિષ્ફળ બની છે. સજ્જનની જિદ આગળ તે નમી જાય છે. સ્ત્રીઓના અધિકાર, પુરુષોના અત્યાચાર, પુરુષો પ્રત્યેની એની એક પ્રકારની ઘૃણા, પોતાની જાતને પ્રથમ મહત્ત્વ આપવાની ટેવ, વાંચન-લેખન, ચિંતન-દર્શન વગેરે એની બધી વિશેષતાઓ સજ્જનના આગ્રહ પાસે નિસ્તેજ બની જાય છે. સજ્જન એની પોતાની ઇચ્છાનું જ પુરુષરૂપ છે. જે સ્ત્રીએ હજી સુધી કોઈ પુરુષને રંગીન નજરે પોતાની તરફ જોતો સહન નથી કર્યો, જેણે આ પહેલાં એના ત્રણ પ્રેમ-યાચકોને ધુત્કારી કાઢ્યા હતા, તે સજ્જન પાસે બધી રીતે પરાસ્ત છે. એનો આ પરાજય પરમ દિવસે આખી રાત આંસુઓમાં નહાયા પછી તો હવે એને બિલકુલ અપમાનજનક નથી લાગતો. કાલ બપોર સુધી વૃંદાવનમાં ચારે બાજુ ભટકતાં–ભટકતાં શરીર અને મનથી થાકીને લોથ થઈને જ્યારે તે સાક્ષાત્ આંસુનું ટીપું બની ગઈ હતી, અને એનું ભવિષ્ય અંધારી, અનંત અને ભયાનક ગુફા જેવું દેખાતું હતું. જ્યારે તે પાછી ફરીને મથુરા, લખનૌ કે બીજે ક્યાંય પણ પાછા ન જવાનો, કોઈ પણ પરિચિત, મિત્ર અને સંબંધીને પોતાનું મુખ ન બતાવવાનો ભર્યો નિશ્ચય કરી ચૂકી હતી ત્યારે અચાનક સેવાકુંજની પાસેની એક ગલીમાં સજ્જને એના નામની બૂમ પાડી હતી. એ અવાજ સાંભળીને તે કેટલી બાવરી બની ગઈ હતી. સજ્જનને એક ઘરના બારણામાં ઊભેલો

જોઈને તે કેવી રીતે ભાંગી પડી હતી – ખુલ્લા મોંમાંથી ઊંડો શ્વાસ બહાર નીકળી ગયો, એણે બંને હાથે એનું હૈયું દાબી દીધું, દસ ડગલાં દૂર ઊભેલા સજ્જન સુધી પહોંચવા માટે જાણે તે તદ્દન અશક્ત બની ગઈ હતી, એને ચક્કર આવી ગયાં, પગ લથડી ગયા હતા. જો સજ્જને ઝડપથી દોડી આવીને એના હાથ પકડી ન લીધા હોત તો તે ગલીમાં જ મૂર્છા ખાઈને પડી જાત. એની સ્થિતિ જોઈને સજ્જનનો વૈરાગ્ય ગળી ગયો, એની કઠોરતા જાતે એના હૃદય પર તૂટેલા પથ્થરની જેમ વારંવાર પડવા લાગી. એ વખતે સજ્જન એક આધેડ બંગાળી વૈષ્ણવીના ઘરમાં શ્રી રાધા-માધવની છબિ દોરી એ વિધવા પાસેથી પાંચ રૂપિયામાં ટોપલો ભરીને આશીર્વાદ ખરીદી એના બારણાનો ઉંબરો ઓળંગી રહ્યો હતો. કન્યાને તે એ જ ઘરમાં લઈ આવ્યો. ચતુર વૈષ્ણવીએ સાક્ષાત્ રાધા-માધવ પાસેથી વરદાન સ્વરૂપ વધારે રૂપિયા મેળવવાની આશાથી ઘણી સેવા કરી. ઓસરીમાં પડેલી ખાટલી ઉપર ઝડપથી એની કાથીની ગોદડી બિછાવી દીધી, કૂવામાંથી તાજું પાણી લાવીને પીવડાવ્યું, સજ્જન પાસેથી પૈસા લઈને ચા-દૂધ વગેરે લાવીને ચા બનાવી, પછી પુરી, ખીર, દાળ-ભાત, શાક વગેરે સુંદર વાનીઓ બનાવી યશોદા માતાની જેમ એના રાધા-માધવને ઠાકુરજીનો ભોગ જમાડ્યો, ઘણી મીઠી વાતો કરી, ઊઠતાં-બેસતાં આશીર્વાદ આપ્યા, 'વહુજી'એ સેંથામાં સિંદૂર નહોતું પૂર્યું એનો મીઠો ઠપકો આપ્યો, વિદાય આપતી વખતે શ્રી રાધાજીના ગળાની માળા સજ્જનને તથા શ્રી માધવની માળા કન્યાને પહેરાવી અનેક આશીર્વાદ આપ્યા, ઓવરણાં લીધાં. સજ્જને એનું પાકિટ કન્યાના હાથમાં આપી એમાંથી વૈષ્ણવીને દક્ષિણા આપવાનું કહ્યું. વૈષ્ણવીના સૂના ઘરમાં એમણે લગભગ ચાર કલાક વીતાવ્યા. પરંતુ પરસ્પર ખાસ વાતો ન થઈ. 'તબિયત કેમ છે ? – ઠીક છું. ક્યારે આવી ? – સવારે. લે, પાણી પી લે. વધારે ચા લઈશ ? – કન્યા, મને માફ કરી દે' ...વગેરે ગણ્યાંગાંઠ્યાં બેચાર વાક્યોથી વધારેનો અવકાશ જ નહોતો, બંને મૌન સંવેદનાથી અભિભૂત હતાં. સાંજે મથુરા પાછાં ફર્યા પછી ઘેર જતાં પહેલાં સજ્જને બજારમાંથી કન્યા માટે સાડા આઠસો રૂપિયાની ચાર સાડીઓ ખરીદી, એક કીમતી સાડી એની યજમાન માટે પણ ખરીદી. કન્યાના પગમાં જૂનાં સેંડલ જોઈને આગ્રહ-પૂર્વક નવાં સેન્ડલ ખરીદ્યાં, ઉમદા વેનિટી કેસ ખરીદ્યો, કીમતી શાલ ખરીદી. કન્યાએ દબાયેલા સ્વરમાં એક-બે વાર ના પણ પાડી, પરંતુ સજ્જનના આગ્રહને તે ટાળી ન શકી. દોઢ-બે કલાકમાં લગભગ બારસો રૂપિયાનો સામાન ખરીદીને સજ્જન-કન્યા ઘેર પાછાં ફર્યાં. ઘરમાં સજ્જન અને કન્યા બંનેએ એમના યજમાનની સામે એમનું લયલા-મજનુ જેવું અનન્ય પ્રદર્શન કરી એમના

દિલની શંકાકુશંકાની ખાઈ એને પૂરી દીધી. કન્યાની માનેલી ભાભીને કન્યા તરફથી કંઈ સ્પષ્ટતા નહોતી મળી, છતાં પણ તે આનંદિત હતી. રાત્રે સજ્જનની ઇચ્છાનુસાર જ નવા વસ્ત્રો સજી તે એની સાથે પિક્ચર જોવા પણ ગઈ હતી. ... અને આજે બંને જણ ગોવર્ધન આવ્યાં છે.

સજ્જને એની રાધાને રસખાનના સવૈયાના ભાવો અનુસાર ચિત્રિત કરી. રફ સ્કેચમાં પણ મોરમુકુટ, ગળાની માળા, પીતાંબરધારિણી ખૂબ જ મનમોહક લાગતી હતી. પુરુષવેશમાં મુરલી માટે ના પાડતી કન્યા, રાધાનો સ્ત્રીભાવ એવો માર્મિક દોરાયો હતો કે સજ્જન પોતે પોતાની કલા પર મુગ્ધ બની ગયા. એ એક નજરે એના સ્કેચને જોઈ રહ્યો, પછી પ્રસન્ન બનેલી, ઊંડી તરસભરી નજરે કન્યા તરફ જોયું.

કન્યાનો બ્રહ્મચારિણી દેહ આટલો શૃંગાર સહી ન શક્યો. એનું મન કાબૂમાં ન રહ્યું. ખૂબ લાચાર નજરે એણે જોયું. સજ્જનનું પૌરુષ કૃતકૃત્ય થયું, ઉલ્લસિત બન્યું, બેહોશ થઈ ગયું. પાંચ-છ દિવસ પહેલાં લખનૌમાં પોતાના ઘરમાં કન્યાને જોઈને એ બેહોશ બન્યો હતો, પરંતુ તે અને આ બેહોશીમાં અંતર હતું. કન્યાની આંખોમાં એની આંખોની તરસ ઉલેચતા તે ઊઠ્યો, ટિફીન કેરિયરની સાથે ભટકાઈને આગળ વધી કન્યાના ગળામાં હાથ નાખી એને પોતાની તરફ ખેંચી લીધી. શરીરોએ પરસ્પર મિલનથી વીજળીનો સ્પર્શ અનુભવ્યો. કન્યાની આંખો પ્રિયની આંખોના મોહમાં બંધાઈ. એના મુખના ભાવોથી તદ્દન અલગ, અજાણી સ્વેચ્છાના વશમાં આવીને નિશ્ચલ બની ગઈ હતી. ચહેરા પર શરમની લાલી અને ગભરાટની ફીકાશ એના સહજ ગોરા વર્ણ સાથે સંતાકૂકડીનો ખેલ ખેલતી રહી. એનું જમણું અંગ પુરુષનાં ડાબા હાથથી બંધાયેલું, પુરુષના દિલની ધડકન સાથે મળી રહ્યું હતું. બમણાં વસ્ત્રો હોવા છતાં નારીદેહને પુરુષદેહની નૈસર્ગિક ગરમી શાંત મસ્તી આપી રહી હતી. ગાલો પર એકબીજાના શ્વાસ ભટકાયા...

'અરે, બધા જુઓ તો, વિલાયતી માછલીના ડબ્બાના ડબ્બા ચાલીને ગિરિરાજ પર ચુંબન-ચટકાંનો વેપાર હાલી રીયો સે.'

મઠની ભાંગેલી દીવાલ પર એક ગોસાંઈજીનું હાસ્યભર્યું બોખલું મોં એવું લાગતું હતું જાણે પાસે-પાસે, ઉપર-નીચે અને એક હારમાં નાના-મોટા બે જંગલી થોરનાં ફૂલ ખીલ્યાં હોય. સાંભળતાં જ કન્યાનો ચહેરો લાલ થઈ ગયો, શરમથી એ પાણીપાણી થઈ ગઈ અને માથું નીચું કરી ઢાળ તરફ દોડી. સજ્જન પણ શરમાઈ ગયો. એણે ખંડેર તરફ જોયા વિના જ વાંકા વળી સ્કેચબુક, પેન્સિલ કેનવાસની થેલીમાં મૂક્યાં કેમેરા, થરમોસ અને કોટ ખભા પર નાખ્યા, સ્ટિક અને ટિફિન

કેરિયર ઉપાડીને ચાલ્યો. કન્યા ખુલ્લા પગે કાંટા-કાંકરાને કારણે વધુ દોડી ન શકી. વૃક્ષોનાં ઝૂંડ પાર કરીને ઢાળ તરફ જતાં સજ્જને એ બંનેની શરમ પર મજાકનો પડદો પાડતાં જોરથી કહ્યું, 'અરે ઉસ્તાદ, ઊભાં રયો, હુય આવું સું !'

કન્યા ઊભી રહી ગઈ, પણ આ બાજુ જોયું નહિ. એની પાસે પહોંચીને સજ્જને કહ્યું, 'ચારટી વિલાયતી નારી, માછલાના ડબ્બા ચાવીને તું કહીં ભાગે સે ?'

લાજભર્યો કૃત્રિમ રોષ બતાવવા છતાં કન્યાને હસવું આવી ગયું, તે બોલી, 'જા, તું ઘણો ખરાબ માણસ છો !'

'અદનક્ષીનો કેસ કરીશ તારા પર. મેં કશું ખરાબ કામ નથી કર્યું ને તું મને ખરાબ કહે છે ? – યૂ વિલાયતી માછલી – આય એમ સોરી – નારી, ડબ્બાના ડબ્બા ચાવીને મારા પવિત્ર કામને ખરાબ કહે છે !'

સજ્જનના વિનોદી અભિનયે કન્યાની બનાવટી ખીજને દૂર કરી દીધી. તે એને જોઈને હસી પડી. બોલી, 'તું ભારે દુષ્ટ છો.'

'થેંક્યૂ ફોર ધ કોમ્પ્લિમેન્ટ !'

'મજાક ન કર, મારું દિલ હજી ધડકે છે.'

'દિલની ધડકન જીવનની નિશાની છે. તું જરાય સ્પોર્ટિંગ નથી.'

'મને ન હોઉં.' કહેતાં કહેતાં કન્યા ગંભીર બની ગઈ, બોલી, 'હવે મારા મનને સંભાળજે. તારી પાસે હું લાચાર બની જાઉં છું.' આંખોએ એવી રીતે જોયું જાણે કહેતી હોય કે તું આને કેમ સમજતો નથી.

'તું તો વાતનું વતેસર બનાવી રહી છો.' કન્યાની ગંભીરતા સજ્જનને નકામી લાગી, તે ખિજાઈ ગયો, 'અરે, એક બૂતે જોઈ લીધાં તો શું થયું ? એક – – એક – એક મજેદાર ઘટના બની.'

'જે ચીજ તારે માટે મજાક છે તે મારા જીવનનો એક અતિ પવિત્ર અનુભવ છે.'

'ગાંડી છો તું તો ! સ્ત્રી-પુરુષનું મિલન પવિત્રતા-અપવિત્રતાની કલમથી આવી રીતે બંધાતું નથી. તું...તું મૂળમાં તારા ઘરની ગંદકીથી એવી ભીરુ બની ગઈ છો કે ...નહિ તો આમાં અપવિત્રતાની વાત જ ક્યાં આવે છે ? મને મારી ભાવિ પત્નીની પવિત્રતાની ખાતરી છે. હું એ પણ જાણું છું કે હું એને દગો નહિ દઉં – કદી નહિ દઉં.'

કન્યા માથું નીચું રાખી સાંભળી રહી. જ્યારે તે બોલી રહ્યો ત્યારે તીરછી આંખે એની તરફ જોઈને લુખ્ખા સ્મિત સાથે ધીમેથી બોલી, 'દુષ્યંતની જેમ ભૂલી તો !'

'શું ?'

ગળું ખંખારીને ફરી હસીને તે બોલી, 'કોઈનો શાપ લાગે તો ?'

'શાપ ? – આ યુગમાં ?'

'નજરનો શાપ આ યુગમાં પણ લાગે છે.'

સાંભળીને સજ્જન ચૂપ રહ્યો. એક-બે મિનિટ સુધી બંને ચૂપચાપ ચાલતાં રહ્યાં. પછી સજ્જને કન્યા તરફ જોઈને કહ્યું, 'તારા મનમાંથી મારે માટેનો વિશ્વાસ ઊઠી ગયો છે, ખરું ને ?'

'વિશ્વાસ જીવનનો આધાર છે.' કન્યાએ ખૂબ જ સરળતાથી જવાબ આપ્યો.

સજ્જનને એની વાતનો ઉત્તર તો મળ્યો પણ તેથી એને સંતોષ ન થયો. વાત સાધારણમાંથી વિશિષ્ટ અને આદર્શના સાર સુધી પહોંચી ગઈ હતી. સજ્જનને ચીડ ચડી; માનસિક પરિસ્થિતિને કારણે એ ચીડ એના પોતાના પર જ ચડી. એણે કહ્યું, 'એ સાચું છે કે મારું ચારિત્ર્ય સધાયેલું નથી રહ્યું. શ્રીમંતનો એકનો એક દીકરો, જેના માથેથી મોટા વડીલોની છાયા નાની ઉંમરમાં જ ચાલી ગઈ હોય તે સાધારણ રીતે બહેકી જાય છે. મારી નબળાઈઓને કારણે મેં તારા વિશ્વાસને ભારે ધક્કો લગાડ્યો છે. પરંતુ હું ખરાબ નથી જ.'

'ખરાબ લોકોનો ડર નથી લાગતો, કારણ કે તેઓ સહેલાઈથી દેખાઈ આવે છે. એમની સાથે લડવું કે અલગ રહેવું પણ સરળ છે. ડર ખરાબીઓનો જ લાગે છે જે સારા માણસોના દિલમાં પણ હજાર પડની અંદર છુપાયેલી રહે છે અને અચાનક પ્રગટ થઈને બીજાને પોતાની પકડમાં લઈ લે છે.'

સજ્જનને કન્યાનું આ પ્રવચન ગમ્યું નહિ, અત્યારે એનું મન મસ્ત બની રહ્યું હતું. રાધાકૃષ્ણનાં પ્રેમ અને ભક્તિની રસમયી વાતો એની મસ્તીનો શૃંગાર બની શકતી હતી; પરંતુ આ પ્રવચન તો એવું લાગ્યું જાણે શરાબ પીતી વખતે 'કોઈકે' ગ્લાસમાં ગંગાજળ નાખવા માંડ્યું હોય. એનું દિલ બળવો કરવા લાગ્યું, શરાબ શા માટે ખરાબ છે અને ગંગાજળ શા માટે સારું છે ? માની લો કે સારાપણું અને ખરાબી છે, તો પણ આ ચુંબન ખરાબ શા માટે ગણાય ? સ્ત્રી-પુરુષનું એકબીજા માટેનું સહજ આકર્ષણ, દેહમિલન ખરાબ શા માટે છે ? આ કન્યા બગાડખરીથી મને એક એવી બૂરાઈથી શા માટે ચેતવી રહી છે જે મૂળમાં કદી–કદી ખરાબ નથી ? – સજ્જને એની વિદ્રોહી લાગણીમાંથી બળ મેળવીને કન્યાને કહ્યું, 'તું મારા સ્ટેટમેન્ટને જબરજસ્તીથી ખોટો રંગ ચડાવી રહી છે કન્યા. મારામાં એવી કોઈ ખરાબી નથી જે પડ નીચે પોષાતી હોય. અને ... ઊભી રહે – ઊભી રહે, પહેલાં મારી વાત સાંભળી લે, તું જે ચીજને બૂરાઈ કહે છે તે બેવકૂફ સુધારકોની ગેરસમજ છે.

આ મૉરલ અને પાપ, બૂરાઈ વગેરે શબ્દોએ માણસના કુદરતી વિકાસમાં જે રીતે અને જેટલા પથ્થરો નાખ્યા છે, એથી વધારે કદાચ કોઈ વસ્તુએ નથી નાખ્યા. અને જો તારી રીતે જ વિચારવામાં આવે તો સ્ત્રીથી વધારે ખરાબ ચીજ દુનિયામાં કોઈ છે જ નહિ. બીજા બધા મૉરલિસ્ટોની વાત જવા દો, ખુદ બુદ્ધ અને શંકરાચાર્ય જેવા લોકોએ સ્ત્રીઓનો વિરોધ કર્યો છે. નારી નરકનું દ્વાર છે, બધી બૂરાઈઓનું મૂળ છે. હવે બોલ, હવે શું કહે છે?'

કન્યા જરા ચિડાઈને બોલી, 'બુદ્ધ અને શંકરાચાર્ય જો સ્ત્રી હોત તો લખત કે પુરુષ સાક્ષાત્ નરક છે, અને નારી એ નરકનો ગઢ બનીને પ્રકૃતિના બીજા જીવોને એ ગંદકીથી અલગ રાખે છે.'

સજ્જનને કન્યાના કહેવા પર વ્યંગપૂર્ણ હસવું આવ્યું. કન્યા તેથી વધુ ચિડાઈ ગઈ. બોલી, 'આદિકાળમાં સ્ત્રિયારાજ ખરેખર જ બહુ સારું હશે, જેમાં પુરુષો આજની સ્ત્રીની જેમ દબાઈને રહેતા હતા.'

સજ્જન એક ધ્યાનથી એના ચહેરા તરફ જોઈ રહ્યો હતો. સુંદર ભોળા મુખડા પર ક્રોધની ચમક જોઈને સજ્જનને ખૂબ પ્રેમ આવ્યો. એ પ્રેમ પાસે તે રાજીખુશીથી હારી ગયો. સ્ટિકવાળો જમણો હાથ એણે પ્રેમથી કન્યાના ખભા પર મૂકી દીધો ને બોલ્યો, 'પ્રિયે નારાજ ન થા! આ આઝાદ વતનનો નાગરિક આજે પણ હજૂરનો ગુલામ બનીને એ આદિકાળથી ઓછો નહિ ઊતરે.'

કન્યાના જોશને આ મજાકથી ઝટકો લાગ્યો અને સાથોસાથ એ સ્પર્શથી એને સંકોચ પણ થયો. પરંતુ એ ઝટકો અને સંકોચ જાણે પિંજરામાં સપડાયેલી વાઘણની જેમ લાચારીના હતા. વાઘણ ગાયની જેમ દીન બની ગઈ. સજ્જન એના ખભા પર ધીમે ધીમે સ્ટિક ટપકારતો બોલ્યો, 'જુઓ, પંડિત કન્યાપરશાદ, આપણે બંનેય હવે આપણી તમામ કૉમ્પ્લેક્સિઝમાંથી પસાર થઈને એક સપાટી પર આવી ગયાં. જે લોકો થોડી વાર માટે એકબીજાને મળે છે, અને રેલના મુસાફરની જેમ એમનો પરિચય પૂરો થઈ જાય છે, એવાં અસંખ્ય સ્ત્રી-પુરુષોની જેમ આપણે એકબીજાને નથી મળ્યાં. પંડિત ચાર મંત્રો વાંચે કે કૉર્ટમાં જઈને સહી કરી આવવી એ તો એક સાધારણ ફૉર્માલિટી છે, અને તે હવે લખનૌ પહોંચતાંની સાથે પૂરી થઈ જશે. તને નથી ખબર કે કાલ પછી મારામાં કેવડું મોટું પરિવર્તન આવ્યું છે. જાણે કે આપણે એક ઘોર અંધારી એવી ગોળગોળ સીડી પરથી જતાં હતાં. કાલે વૃંદાવનમાં એવું લાગ્યું, જાણે આપણે બંનેય એ

અંધારી સીડી પાર કરીને હવે પ્રકાશભરી ખુલ્લી છત પર આવી ગયાં છીએ. શું તને એવો અનુભવ નથી થતો ?'

કન્યાના ચહેરા પર એનું મન ઊપસી આવ્યું. એક સ્થાયી મૃદુ સ્મિતમાં લપેટાઈને એનું મન મૂર્છિત બની ગયું.

એના ખભા પર હાથ મૂકીને સજ્જન થોડો ગંભીર બની ગયો. બોલ્યો, 'જો, હું એક રીતે નબળાઈની હદ સુધી વિલાસી છું. તારે મારી નબળાઈઓ સાથે લડવું પડશે, તારા એ અધિકારને હું સ્વીકારું છું. પરંતુ એક વાત યાદ રાખજે, ભગવાનને ખાતર ગોરાણીની જેમ મને શિખામણ આપવાનું શરૂ ન કરતી. આપણે જો પરસ્પર સાફ દિલથી વર્તશું તો સારું થશે. પતિ-પત્નીએ પરસ્પર ગઈગુજરીની વાત ન પૂછવી જોઈએ એવી માન્યતાને ખોટી ગણાવતા લોકો માંહેનો હું છું. આ સિદ્ધાંત કાચા મનવાળા સાધારણ માણસને જરૂર લાગુ પડે છે, આપણા જેવાને નહિ.'

કન્યા હોશમાં આવતી હતી. મીઠા સ્વરે તે બોલી, 'મારે તારી ઘણી બધી વાતો સાંભળીને શું કામ છે ? જે ખાસ વાત હતી તે જાણી લીધી. પરંતુ સજ્જન, વીતેલો ઇતિહાસ જ કેવળ સાચો નથી થતો, આજ પણ ઇતિહાસની સાક્ષી બની શકે છે. કાલે તું વિલાસી હતો તો આજે પણ હોવું એ કાંઈ જરૂરી નથી. જો આજથી તારી જિંદગીની કોઈ નવી પરિસ્થિતિ શરૂ થતી હોય તો તારો ઇતિહાસ પણ નવો થશે.'

'તું એમ સમજે છે કે માણસની આદત આટલી જલદી બદલાઈ જાય છે.'

'જરૂર બદલાઈ જાય છે. જેમ કે તેં હમણાં કહ્યું કે તું સાધારણ માનવી કરતાં વધુ ચેતનાવાળો અને જવાબદારીના ભાનવાળો છે, તો તને હવે સ્ત્રીની ખોટને કારણે વિલાસી બનવાની જરૂર નહિ રહે. જ્યારે તું મારો બનશે ત્યારે મારો જ બનીને રહેશે.'

સજ્જનનો હાથ કન્યાના ખભા પર જડાઈ ગયો હતો. એ ખામોશ હતો. સામે નકશીદાર સફેદ પથ્થરનો બે માળનો સુંદર મંડપ હતો. એની પાસે જ થોડે દૂર સફેદ રંગના એક મકાન પાસે એમની ટેક્સી ઊભેલી દેખાઈ. ટેક્સી જોયા પછી કન્યાને પહેલી વાર ખ્યાલ આવ્યો કે સજ્જન સામાનના ભારથી લદાયેલો છે. જો કે વજન કાંઈ જ નહોતું, છતાં એને લાગ્યું કે તે ઝોળી, કેમેરા ને કોટ તો લઈ જ શકે. અને એણે લઈ લીધું. સજ્જને પોતાના વિચારમાંથી જાગીને કન્યા તરફ જોયું. કન્યાની આંખમાં અધિકારની આડશે સમર્પણ ડોકાઈ રહ્યું હતું – પહેલી વાર કન્યાની આંખોમાં મૌન નિમંત્રણ ડોકાતું હતું.

છવ્વીસ

નંદાના કહેવાથી મહાકવિ બોર સવારે પાંચ વાગે ભભૂતી સોનીના મકાનની સામે સૂની અંધારી ગલીમાં સિગરેટ પીતો આંટા મારે છે. વચ્ચે વચ્ચે ખાંસી પણ ખાઈ લે છે, જાણે કોઈને સંકેત કરી રહ્યો હોય.

અંદરના ઉંબરામાં કાંઈક અવાજ થયો, ભભૂતીના ઘરની સાંકળ ઊઘડી. બારણાંની પાછળ નંદાની કૃત્રિમ ઉધરસ સંભળાઈ અને બારણાંની સાંકળ ઊઘડી ગઈ. મહાકવિ બોર ઉંબર પર ચડી આવ્યા. બારણું બંધ થઈ ગયું.

બેઠકની સાંકળ ખોલી, લાઈટ કરી નંદાએ બોરને ત્યાં બોલાવ્યો. બોર જ્યારે અંદર આવતા હતા તે જ સમયે નંદા એના હાથ સાથે પોતાની છાતી ઘસીને બહાર નીકળી. ઘરના અંદરના દરવાજાની સાંકળ ચડાવીને નિશ્ચિંતતાથી તે બેઠકના ઓરડામાં પાછી આવી. બેઠકના મોટા ઓરડામાં પા ભાગની દીવાલ સુધી ચારે બાજુ ટાઈલ્સ જડેલા હતા. અંગ્રેજ લોકોના ડ્રોઈંગ રૂમની જેમ સગડી રાખવાનું મોટું તાકું અને એના પર મેન્ટલપીસ પણ બનાવ્યું હતું. ફાયરપ્લેસની ચારે બાજુ વેલની જાળી બનાવી હતી; જેમાં ઠેકઠેકાણે ડાળના ગુચ્છા બનાવ્યા હતા, પોપટો ડાળ પર ચાંચ મારી રહ્યા હતા. ટાઈલ્સમાં ઓમ્, રાધાકૃષ્ણ અને સમાધિસ્થ ગંગાધર શિવ ચમકી રહ્યા હતા. એક સોફાસેટ, બે ખુરશી અને એક સેન્ટર ટેબલને બેઠકની જગામાં મૂક્યાં હતાં.

નંદા આવીને સેન્ટર ટેબલ પાસે ઊભી રહી ગઈ. મહાકવિ એશટ્રેમાં સિગરેટ મૂકીને બેસવા જ જતા હતા ત્યાં એને જોઈને મોં ફેરવી હસીને બોલ્યા, 'નંદાભાભી, ધક્કો મારીને કાળજું છોલી નાખ્યું, હવે મલમ તો લગાવો!'

'એય, જાઓ જાઓ!'

'મારા સોગન, તું પણ કાંઈ ઓછી નથી હોં નંદાભાભી.' કહીને વિરહેશકુ આતુર ભાવથી નંદા તરફ આગળ વધ્યા. નંદા પાલવ સંકોડી, એક ડગલું પાછળ હટી જઈ આંખો તતડાવીને બોલી, 'ના-ના, અડશો નહિ. હું તો આ ગોમતી ચાલી.'

'અરે તું ગોમતી જવા નીકળી છો તો મારી પ્રિયાને અહીં મોકલતી જા. આ જાન્યુઆરીની ઠંડીમાં સવા ચાર વાગે ઘેરથી નીકળ્યો છું તારા હુકમથી. કાળજું ગરમી ઝંખે છે મારી જાન!'

'આ કોઈ રાંડ-વેશ્યાનો કોઠો સમજી લીધો છે શું કે મારી જાન, મારી જાન કરતાં ધૂણી આવ્યા? અરે, હું કાંઈ કુટણ-છિનાળ ઓછી છું?'

નંદોબીબીના નખરાંને મહાકવિ બોર જેવો પાકો પીઢ માણસ માની ન શકે એ સંભવિત નથી. એ પણ ખૂબ વિનંતીભર્યા સ્વરે માખણ લગાવતો બોલ્યો, 'નહિ – નહિ !'

'મને તો એમ થયું કે તમારા બંને વચ્ચે પ્રેમ છે, મારી ભાભી બિચારી આઠેય પહોર ઉદાસ રહે છે, મને તો દયા આવી ગઈ.'

'એ તો છે જ નંદોબીબી, તમે દેવ છો.'

'એમ નહિ પૂછો કે મેં તમને શોધી કેવી રીતે કાઢયા ?'

'અરે તમે તો જાદુગર છો નંદો...'

'તમે તો તમારી આંખો લડાવીને ચાલ્યા ગયા. અહીં મારી ભાભીની હાલત તો એવી થઈ ગઈ કે આંખ જોઈ ન જાય.'

'અરે, મારી પણ એવી જ હાલત થઈ ગઈ છે નંદોબીબી. તમારી ભાભીએ મારું દિલ જ માત્ર નથી છીનવ્યું. મારું જિગર, મારું કલેજું, મારો પ્રાણ, મારા ચેન-આરામ...'

'સો રૂપિયા લાવ્યા છો ?'

'નંદોબીબી, તારે માટે પ્રાણ હાજર છે. સમજી લ્યો કે બાબુગંજથી પગે ચાલીને આવું છું. આજકાલનો જમાનો તો તું જાણે જ છે. પૈસા-પૈસા માટે જીવ લેવાઈ જાય છે. સો રૂપિયા ખિસ્સામાં રાખીને આ અંધારા અને સૂનકારમાં ...પરંતુ હું સાંજે તું જ્યાં કહીશ ત્યાં સો રૂપિયા પહોંચાડી દઈશ.'

'એય, તું તો ભારે હોંશિયાર નીકળ્યો ! મજા...'

'તારી યુવાનીના સોગંદ, તારી ખૂબસૂરતીના સોગંદ, તારી ભાભીના સોગંદ, તને દગો દેવાની મારી લગીરે નિયત નથી. અરે, હવે મારો-તારો કોઈ એક દિવસનો વ્યવહાર તો નથી. લે, હાલતુરત આ પચ્ચીસ રૂપિયા રાખી લે. આ સોમાંથી કપાશે નહિ, પરંતુ ઉપરના આપું છું.'

નોટો જોઈને નંદોએ એવું મોઢું કર્યું જાણે વાઘણ પાસે શિકારના રૂપમાં માખી આવી હોય. નાક ચડાવી, હોઠ મરડીને નંદો બોલી, 'ઘરમાં રાખો તમારી પચ્ચીસ રૂપરડી. મારા બાપના ઘરમાં લાખોની માયા છે. મારા ભાઈસાહેબ પણ એટલું કમાય છે કે ધારે તો આખા ને આખા સિનેમા ખરીદી શકે છે.'

સિનેમાવાળા બાબુનું ઠેકાણું, જેની 'બહાર આઈ રે' ફિલ્મ શહેરમાં આવી હતી, નંદોને એની ધંધા-સાહેલી કૈલાસોની વહુ મારફત, અથવા તો કદાચ એની પણ કોઈ સાહેલી મારફત, એક ધંધા-મિત્ર, સિનેમાના એક ગેટકીપરે બતાવ્યું હતું. બે દિવસ પહેલાં એ જ ગેટકીપર મહાકવિ બોરને કૈલાસોની વહુને ઘેર

નંદોને મળવા માટે લઈ આવ્યો હતો. ત્યાં મહાકવિએ પોતાની સિનેમાસ્ટારો સાથેની દોસ્તી અને ભારે ભારે મોજની ગપાષ્ટિકા હાંકી. કૈલાસોની વહુથી માંડીને નંદો અને એની ભાભી સુધ્ધાંને ફિલ્મસ્ટાર બનાવી દેવાનું વચન આપ્યું. નંદોએ સો રૂપિયા મધ્યસ્થીના માગ્યા અને આજે આ સમયે મોટી અને બોરનું મિલન કરાવી દેવાનું વચન આપ્યું. મહાકવિએ એ વાતનો સ્વીકાર કરી લીધો: એટલું જ નહિ, પરંતુ તે દિવસે નંદોની હાજરીમાં જ કૈલાસોની વહુ માટે શરાબ, ચાટ, સિગરેટ વગેરેમાં પિસ્તાલીસ–પચાસ રૂપિયાનું ખર્ચ કરી એણે નંદોનું મન ભરી દીધું હતું. જો કે ગેટકીપરે નંદોને ચેતવી દીધી હતી કે બાબુનું ઘર જોતાં એમની આર્થિક સ્થિતિ બહુ સારી જણાતી નથી; પણ નંદોને વિશ્વાસ નહોતો આવ્યો. એની સ્ત્રીની ચતુર બુદ્ધિને લાગ્યું કે કદાચ એ નવા ગ્રાહકને પોતાની પકડમાં રાખવા માગે છે. આજે જ્યારે નંદોની સામે બોર તરફથી બોણીના માત્ર પચ્ચીસ રૂપિયા જ આવ્યા ત્યારે તે હોશિયાર બની ગઈ, બોલી, 'આજે તો હવે એ નહિ આવી શકે! મારા ભાઈસાહેબ કાલ રાત્રે કલકત્તાથી આવી ગયા છે.'

'પણ તેં તો કહ્યું હતું કે આજે...'

'અરે મને એવી થોડી ખબર હતી કે મનિયા આવી જશે. એનો તો કાગળ આવ્યો હતો કે હજી આઠ-દસ દિવસ વધારે થશે. અને અહીં મારી મા ને બાપા સંક્રાત નાહવા માટે અલ્હાબાદ જવાનાં હતાં, તેઓ તો કાલ રાત્રે જ ચાલ્યાં ગયાં. પણ મનિયા અચાનક આવી ગયો એમાં હું શું કરું?'

મહાકવિ બોરે ઝડપથી જઈને નંદોના પગ પકડી લીધા. બોલ્યો, 'કાંઈ પણ કર નંદોબીબી, એકવાર મોહિનીને મારી પાસે લઈ આવ.' પછી ઊભા થઈને શૂન્યમનસ્ક બની જઈ બોલી ઊઠ્યો, 'દૂરથી જોઈ-જોઈને હવે મારું મન બાવરું થઈ ગયું છે. જે ક્ષણે મોહિનીને મારા બાહુપાશમાં જકડી લઈશ, એના ગરમ ગરમ શ્વાસની પીંછીથી, એના પ્રેમ-મંદિર નેત્રના ઘેરા રંગથી જ્યારે મારી હૃદયપાટી પર... '

'અરે, છોડો–છોડો, શું કરો છો?' નંદોએ ચિડાઈને કહ્યું. મહાકવિ બોરે મોહિનીને પોતાની બાથમાં લેવાની ધૂનમાં નંદોને જકડી રાખી હતી અને તે ચિડાઈ રહી હતી. મહાકવિ એની ભાવનાધારામાં જ વહેતા રહ્યા. એણે નંદોને વધુ ભીંસથી પકડી લીધી ને બોલ્યા, 'મારી પ્રાણેશ્વરીને મેળવી આપ નંદોરાણી. મારા હૃદયમાં સૂતેલું બીજું અમરગીત જાગવા માટે વ્યાકુળ બની રહ્યું છે.'

'ચૂલામાં જાઓ તમે ને તમારું ગીત! આવા-આવા દગાબાજ ઘણા જોયા. પહેલા મારા રૂપિયા લઈ આવ...'

'રૂપિયા હું તને સાંજે લાવી આપીશ. તું સો માગે છે, હું બસો આપીશ. તારા પર પણ મારું મન ન્યોચ્છાવર થાય છે નંદોરાણી...'

'મને આ બધી વાતો નથી ગમતી. મને તો મારા ઠાકુરજી અને સેવા-પૂજાથી કામ છે.'

'અરે, ભગવાન કરે ને તને એવી ભક્તિ મળે. ...આહા! તું કેવી દયાળુ છે! જો, હું ફરી તારા પગે પડું છું.'

મહાકવિ બોર વાંકા વળ્યા. એના પહેરણની બાંય ઊંચી થઈ. ડાબા હાથમાં સોનાની ઘડિયાળ ઝળકી. નંદોએ ઘડિયાળ પર નજર રાખી વિરહેશનું કાંડું એવી રીતે પકડયું જાણે તે એને પગે પડતાં રોકતી હોય. એનો હાથ ઘડિયાળની ઉપર જ હતો. તે બોલી, 'તમે વારંવાર આગ્રહ કરો છો. ભારે જોખમનું કામ છે. મારો મનિયા મોટો જલ્લાદ છે.' ઘડિયાળ કાંડામાંથી નીકળી ગઈ! નંદોએ વાત આગળ વધારીને પૂરી કરી, બોલી, 'ઠીક ભાઈ, તમારે ખાતર કોશિશ તો હું કરીશ, પછી તો ભગવાન જાણે!'

ઘડિયાળ બોરના હાથમાંથી સરકીને નંદોના હાથમાં આવી ગઈ. મહાકવિનો ચહેરો ફિક્કો પડી ગયો. એ કાંઈક કહેવા જ જતો હતો ત્યાં નંદો ઓરડામાંથી બહાર નીકળી ગઈ.

મહાકવિ બોર ઘડિયાળ જવાથી ઉદાસ હતા. ઘડિયાળ માગેલી હતી.

પોતાને ગોમતી જવું છે માટે સાંકળ બંધ કરવાને બહાને નંદો મોટીને નીચે લઈ આવી. મનિયા એ વખતે ગાઢ નિદ્રામાં હતો સૂતેલી બાળકીને નંદો નીચે લઈ આવી અને એની ઓરડીમાં સુવાડી દીધી.

પરંતુ એણે મોટી અને વિરહેશને એકલાં રહેવા માટે વધારે સમય ન આપ્યો. મનિયા જાગી ગયો છે એ ડર મોટીને ઓરડામાંથી ભગાડવા માટે પૂરતો હતો, પરંતુ વિરહેશને નંદોની યુક્તિનો અંદાજ આવી ગયો હતો. એણે મોટીનો હાથ પકડીને કહ્યું, 'અરે એ તો અમસ્તી જ ખોટું કહે છે. નંદોબોબો, ગભરાતી નહિ, તારા સો રૂપિયા હું આજે જ આપી જઈશ.'

મોટીએ પૂછ્યું, 'શાના–રૂપિયા?'

વિરહેશ મતવાલી નજરથી એની સામે જોઈ હસીને બોલ્યો, 'કોહિનૂરના દામ દેવા પડે છે મોહિની. એમણે મારી ઘડિયાળ લઈ લીધી છે.'

'શા માટે?'

'અરે હવે જવા દે એ બધી વાતો. જો કે ઘડિયાળ મને આપી દે તો તો સારું જ છે. હું સાંજે રૂપિયા લાવી દઈશ.'

'બાબાજી...' મોટીએ વિનંતીભર્યા સ્વરે કહ્યું, તમારે પગે પડું, માની જાઓ આ ભારે મોટા કવિ છે; એ તમારા રૂપિયા જરૂર આપી દેશે.'

નંદો માની ગઈ. એણે ઘડિયાળ પાછી આપી દીધી, અને વિરહેશને મોટીના સહવાસના સુખથી બીજું અમરગીત રચવા માટે પૂરતી સુવિધા પણ કરી આપી.

પરંતુ સો રૂપિયા તે દિવસે સાંજે ન આવ્યા. મોટી બેશક ખૂબ આનંદમાં હતી. બીજે દિવસે સવારે ફરી એ જ વખતે મહાકવિ બોર આવ્યા. આજે મોટી પહેલેથી જ એની પ્રતીક્ષામાં નંદોની સાથે બેઠકમાં બેઠી હતી. બોર આજે પચાસ રૂપિયા લઈને આવ્યો હતો. એણે પચ્ચીસ જાતના બહાનાં બનાવ્યાં, બીજે દિવસે ખૂબ બધા પૈસા લાવવાનું વચન આપ્યું. તેણે વિનંતી કરી. મોટી પણ પગે પડવા લાગી, પરંતુ નંદો આજે જરાય મચક આપે એમ નહોતી. એણે બોરને કહ્યું, 'જાઓ છો કે બૂમો પાડું.' બીજીવાર નંદોએ ઊંચો અવાજ કરી મોટીને કડકાઈથી કહ્યું, 'ચાલ આ બાજુ!'

મોટી ગભરાઈ ગઈ. બોરનું એકેય બહાનું ન ચાલ્યું. એને ઘરમાંથી જવું પડ્યું! સાંકળ બંધ થઈ ગઈ.

મોટી મનમાં ને મનમાં નંદો પર ગુસ્સે થઈ રહી હતી. ચાલ્યા જતા વિરહેશની અતૃપ્ત નજર અને નિરાશ મુખ એને જેટલું યાદ આવતું તેટલી એની અતૃપ્તિ વધતી અને એટલી જ એની નંદો પ્રત્યેની વેરવૃત્તિ તીવ્ર બનતી હતી. પરંતુ મોટી કશું ન બોલી શકી. સાંકળ બંધ કર્યા પછી નંદોએ એને કહ્યું, 'અરે, આ પોટચો ભારે દગાબાજ છે રાણી. તું જોજે, હું તારો સંબંધ એવી જગાએ બંધાવી આપીશ કે મન પ્રેમીના પ્રેમથી ભરાય અને શરીર ઘરેણાંથી મઢાઈ જાય.'

'મને ઘરેણાંની જરૂર નથી. માણસ પ્રેમના ભૂખ્યા હોય છે, નીચ લોકો ઘરેણાં સાથે પ્રેમ કરે છે.' બોલતી બોલતી મોટી ઓરડામાંથી ચાલી ગઈ. નંદોની ઓરડીમાંથી છોકરીને તેડી લીધી ને ઉપર જઈને સૂઈ ગઈ. પલંગ પર અવાજ થવાથી મનિયાની ઊંઘ ઊડી ગઈ હતી 'શું છે?'

'કાંઈ નહિ. નીચે સાંકળ બંધ કરવા ગઈ હતી,'

મનિયાએ ઊંઘમાં મોટીને એની બાથમાં લઈ લીધી ને સૂઈ ગયો. મોટીનું વિરહતપ્ત મન એ વખતે બેચેન બની ગયું હતું. નંદોએ રચેલા બંધનમાં બંધાયેલ રહેવાથી એને એના પ્રેમીને મન ભરીને મળવાનો મોકો કદી નહિ મળે. એ ભારે કડુ છે.

નંદોને ડર લાગ્યો કે મોટી મનિયાને કાંઈક કહી કહીને એને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડશે તો? મનિયાનું મન નંદોની એકદમ વિરુદ્ધ તો છે જ. હમણાં

હમણાં એના પર રાજી પણ છે. ઓરથી ઠગાયાનો બધો જ ગુસ્સો મોટીની જતી વખતની વાત સાથે જોડાઈને એની પર જ જઈ પડ્યો. નંદો આજે પણ ગોમતી ન ગઈ. ઘરમાં જ નાહી-ધોઈને પોતાની ઓરડીમાં બેઠી બેઠી આ જ વિચારમાં ડૂબી કે એણે હવે મનિયાને પોતાના હાથમાં લઈ લેવો જોઈએ.

કલાક – સવા કલાક પછી મોટી સ્નાનાદિ માટે જ્યારે નીચે ગઈ અને મનિયા પણ જાગીને રજાઈમાં પડ્યો પડ્યો સિગરેટ ફૂંકવા લાગ્યો ત્યારે નંદો એના ભાઈ પાસે આવી.

'શું છે?' મનિયાએ એની બહેનને બેપરવાઈથી પૂછ્યું. ઘણા સમયથી નંદો સાથેનો મનિયાનો સરળ વ્યવહાર પણ એકદમ સરળ નહોતો. નંદો એકદમ જ ભોળી ભક્તાણી બની જઈને પલંગની પાસે જ જમીન પર ઉભડક બેસી ગઈ ને બોલી, 'હું તો હવે તારી દુશ્મન બની ગઈ છું કેમ?'

મનિયા કાંઈ ન બોલ્યો એટલે નંદોએ ફરી કહ્યું, 'તેં જ્યારે પણ જે કાંઈ કહ્યું મેં સદાને માટે માથે ચડાવી લીધું છે. સવારનો વખત છે. હું ગોમતી નાહીને આવું છું. નારાયણજી જાણે છે કે કોઈક વાર મા-બાપુની વાત ટાળી હશે પણ તારી વાત ટાળવા જેટલી હિંમત મેં ક્યારેય નથી કરી.'

તો પણ મનિયો ચૂપ રહ્યો. 'સંતોની વહુ મને કેટલી વાર બોલાવે છે. તારે ખાતર એણે કેટલીવાર રોઈ રોઈને કહેવડાવ્યું છે, પરંતુ જ્યારથી તેં ના પાડી છે ત્યારથી મેં ઘરમાંથી બહાર પગ નથી મૂક્યો. મેં સાફ શબ્દોમાં કહેવડાવી દીધું કે મારે મારા ભાઈનો હુકમ માનવાનો છે. મારી સામે એની આબરૂનો સવાલ છે. મનિયાએ ખાટલાની ઈસ પર મૂકીને ઝટકો આપી સિગરેટની રાખ ખંખેરી. ફરી હસીને બોલી, 'કલકત્તાથી તું મારે માટે કાંઈ ન લાવ્યો. આજે હું ફરિયાદ કરવા આવી છું. મેં કાલે તને કાંઈ ન કહ્યું શું ભાઈને બૈરી એટલી પ્રિય બની જાય છે કે બેનના સમાચાર પણ ન પૂછી શકાય. અરે, માજાણી બેન તો બેન જ રહેવાની આખર સુધી.'

મનિયાનું મન પીગળ્યું. હસીને બોલ્યો, 'શું જોઈએ છે તારે?'

'સવારનો પહોર છે, મને તો ભાઈ, તું સાજો-સારો રહે એટલું જ જોઈએ. જુગજુગ જીવો.' વાત કરતાં કરતાં એકાએક ઓશીકા તરફના પલંગના પાયા પાસે નંદોની નજર ગઈ. એ એવી રીતે ચોંકીને જોવા લાગી કે મનિયાને પણ કુતૂહલ થયું. વાંકા વળીને જોઈને પૂછ્યું, 'શું છે?'

'કાળા દોરામાં લપેટેલો કાગળ લાગે છે. જોઈએ તો ખરાં. ...હાય દૈયા, આ તો કોઈ તાવીજ-બાવીજ છે! એને ન અડીશ મનિયા. તને મારા સોગંદ,

મનિયા. હાય રામ!' કહીને નંદાએ તાવીજ પોતાના હાથમાં લઈ લીધું અને કાંઈક કહેવા પણ જતી હતી ત્યાં મનિયાએ કડકાઈભરી નજરે એની બહેન તરફ જોયું ને કહ્યું, 'તેં જ કર્યું હશે ચુડેલ.'

'તારે મને જે કહેવું હોય તે કહી લે. હું તો બા-બાપુના સોગંદ ખાઈને કહું છું કે મેં નથી કર્યું. (તાવીજનો દોરો કાઢી નાખીને કાગળ ઉખેળતાં) હાય રામ! આ તો પાંચેય પીરનું તાવીજ છે!'

મનિયાએ પણ વાંકા વળીને કાગળ જોયો. એક શીંગડાવાળા વાઘ જેવા જાનવરને એક શીંગડું અને પૂંછડીવાળો રાક્ષસ મારતો હતો – તાવીજની આ અશુભ છબિએ મનિયાને પણ ખૂબ ચોંકાવી દીધો. એને પૂરી ખાતરી હતી કે તાવીજ નંદો જ લાવી છે કારણ કે તે જ આ બધું કર્યા કરે છે, અને આ બહાને તે કોઈ ષડ્યંત્ર રચી રહી છે. ક્રોધમાં આવી રજાઈ ફગાવી દઈ એ બેઠો થયો ને દાંત ભીંસીને બોલ્યો, 'સાચું બોલી દે નંદો, નહિ તો તારો જીવ લઈ લઈશ.'

નંદો બોલી, 'તને ફાવે તેમ કર. પણ જ્યાં મેં કશું કર્યું જ નથી ત્યાં ડર શાનો? હું બહાર ભલે ગમે તેમ કરતી હોઉં, પણ ઘરમાં એવી કાંઈ કરું? મને મારો ભાઈ, મા-બાપ બધાં વહાલાં છે. એ તો જે સ્ત્રી પોતાના ધણીને દગો દઈ પરાયા પુરુષ સાથે આંખો લડાવે એ જ એના પતિને મારવા માટે આવાં ચરિતર કરી શકે!'

મનિયાની ઉત્સુકતા અને ક્રોધ બંને તીવ્ર બની ગયા. નંદોને પૂછ્યું, 'સાચું કહે, શી વાત છે?'

નંદોએ કહ્યું, 'અમસ્તી તો હું ન કહેત, પણ મારા ભાઈનો જીવ લેવાનો કોઈ પ્રયત્ન કરશે તો હું જરૂર કહી દઈશ. જેને ખાતર તું તારી સગી બેનને સતાવે છે એ તારા દિલની રાણીનું કામ હશે. આજકાલ રાણીજી પરાયા માણસ સાથે પ્રેમ કરે છે. એ તારી બારીમાંથી પણે તાઈની ઓરડીમાં જૈન ભાડૂત રહે છે એની મારફત ચિઠ્ઠી-ચપતરી કરે છે. એ તો એક દિવસ અચાનક હું જોઈ ગઈ.'

'સાચું કહે છે નંદો?' મનિયાએ ધીમેથી પૂછ્યું. એના ચહેરાનું તેજ ઊડી ગયું. એના હોઠ અને ગાલની નસો તેજીથી ફરકતાં હતાં.

'હું શા માટે કોઈને ખોટું આળ ચડાવું? મેં મારી નજરે જોયું કે એક લાંબા-લાંબા વાળવાળો પુરુષ હતો ને ભાભી છત પર થેલી લટકાવી એમાં કાગળ મોકલતી હતી. એના પણ કાગળ આવતા હતા.'

'ક્યાં છે એ કાગળો ?' મનિયા ગરજી ઊઠ્યો. નંદો ધીરેથી બોલી, 'અહીં જ હશે. એની પેટી-બેટીમાં જો. અને હું કાંઈ પ્રપંચમાં નહિ પડું. એ તો જો પાંચેય પીરનું તાવીજ અત્યારે ન જોયું હોત...'

મનિયા બહેનના બકવાસથી હટી જઈને અત્યંત ક્રોધમાં એના દુશ્મનના પત્રોની શોધમાં પેટી સુધી પહોંચી ગયો હતો. નંદો હળવેકથી બહાર સરી ગઈ.

થોડીવારમાં મનિયાએ ચાર-પાંચ પેટીઓ ઉઘાડી નાખી. એકેએક કપડાની ઘડી ખોલી છૂટા કરી નાખ્યા. તાળાવાળી પેટીનો નકૂચો તોડીને એણે એક રેશમી રૂમાલમાં વીંટાળેલા વિરહેશના પત્રો શોધી કાઢ્યા. પત્રો વાંચતાં વાંચતાં મનિયા એનું ભાન-સાન ભૂલવા લાગ્યો, ક્રોધના આવેશથી પત્રના અક્ષરો ધૂંધળા બની ગયા. મનિયા ગરજતો ગરજતો ઓરડામાંથી બહાર નીકળ્યો, 'ક્યાં છે હરામજાદી ?'

મોટી બરાબર નીચે સ્નાનાગૃહમાં નાહતી હતી. નંદોએ ઈશારાથી બતાવ્યું કે અહીં છે. સ્નાનાગૃહના બારણાને ધક્કો મારીને મનિયા ગરજ્યો, 'ખોલ. છિનાળ, હરામજાદી ! તારા...'

મોટીને અર્ધનહાયેલી સ્થિતિમાં ભીની સાડીએ બારણું ખોલવું પડ્યું. મનિયા અધીરાઈથી એનો હાથ ખેંચી એને આંગણામાં ઘસડી લાવ્યો અને ધક્કો મારી જમીન પર પછાડી મન ફાવે તેમ ગાળો દેવા માંડી ને બચ્ચા—લાતો ને થપ્પડો મારી મોટીની સહનશક્તિને સમજ્યા વિના ચીસો પાડવા લાચાર બનાવી દીધી. ઘરમાં રોકકળ મચી ગઈ. શંકર અને નાની ઓરડામાંથી નીકળી આવ્યાં. ગલીમાં ને પાસ—પડોશીઓમાં મોટીની ચીસો અને મનિયાની ગર્જનાને ગાળો સંભળાવા લાગ્યાં.

નંદો એની ઓરડીમાં બેસીને એના ઠાકોરજીને નવડાવતી રહી.

શંકર મોટાભાઈને રોકવા વચ્ચે પડ્યો. 'આઘો ખસ...' મનિયાને અત્યારે ખુન્નસ ચડ્યું હતું, છાતી તાણીને એ બોલ્યો, 'આ બધું તમારા લોકોના કારણે જ થયું છે. તેં જ મારા ઘરમાં બદમાશ ઘુસાડ્યો છે, સાલા ! આજે હું એકે-એકને મારી નાખીશ. આ ...વાળીએ મારી લાખ રૂપિયાની આબરૂ બગાડી દીધી ! આ સાલીને તો હું અત્યારે જ ખોદીને દાટી દઈશ. લે, સાલી, લે. આ પ્યાર, આ ચુંબન, આ બોસો...'

એક હાથે એનો હાથ પકડી આંગણા આખામાં ઘસડી ઘસડીને મારી-મારીને મોટીની દુર્દશા કરી નાખી. એની ભીની સાડી કાચડમાં લથપથ થઈ ગઈ હતી. એના દેહની લાજ પ્રયત્ન કરવા છતાં સચવાતી નહોતી.

ગલીના કેટલાક માણસો અવાજ સાંભળીને ઘરની અંદર ઘૂસી આવ્યાં. ચારે બાજુથી 'અરે શું થયું, અરે, મારો નહિ' વગેરે અવાજો થવા લાગ્યા. આવેલી બે સ્ત્રીઓને વાત કહેવા માટે નંદોએ પોતાની ઓરડીમાં બોલાવી લીધી.

'હાય બાપ!' ગુન્નો પુરતાની બધી વાત સાંભળીને બોલી. બંસો લાલાએ ઓરડીના ઉંબરા પર બેઠેલી પુરતાની પાસે જઈ વાંકા વળીને પૂછ્યું, 'પુરતાની, શું થયું?'

એનું કપાળ ફૂટી દુ:ખભર્યા સ્વરે પુરતાની જોરથી બોલી, 'શું કહું ભાઈ, કળજુગનાં કામ છે. આ રાજકુંવર જેવો જેનો ધણી હોય, કમાતો – ધમાતો, ખૂબસૂરત, મજબૂત કાઠું – અરે આપણો મનિયા કઈ વાતમાં કમ છે? ભગવાન ન કરે કે કોઈ સારા માણસના ઘરમાં આવી વહુ આવે. અભાગણી સુવરની જાત, રાજાના ઘરમાં પોષાઈને પણ ઘરઘરનું મેલું ચાટવાની આદત ન છોડી. ખરેખર, ભારે કળજુગ આવી ગયો બેટા! હાય – હાય!'

'બધા અંગરેજી મામલા છે પુરતાનીજી, હવે સવરાજ ગયું છે. સ્ત્રીઓ હવે વોટ દેવાની પણ હક્કદાર છે – એ જેમ ફાવે તેમ કરે. રહ્યા મારા-તમારા જેવા પુરાણા વિચારના લોકો ને બાપદાદાની આબરૂ એટલે ભાઈ, નાક કપાવીને ચૂપચાપ બેસી જાવ. કાલે કોઈ પાર્ટી એના પણ પક્ષ લઈને વિમાનમાંથી પત્રિકા ફેંકશે. આ નાક કપાયું તે તો કપાયું, ઉપરથી આખી દુનિયા થૂંકવા આવશે.'

'અરે, હું સાલા એકેએકને સમજી લઈશ. બધાની કતલ કરી નાખીશ.' મનિયા આંગણામાં ઊભો ઊભો ગરજ્યો.

'અરે ભાઈ, શ્રીમંતોના મામલો છે...'

તડકો દીવાલો પરથી ઊતરીને ગલીમાં આવ્યો ત્યાં સુધીમાં તો ભભૂતી સોનીનાં બારણાં પાસે ટોળું જામી ગયું. મિસ્ટર વર્માના મકાન સુધી, અને ત્યાં પણ આગળનાં બે ઘર સુધી ગલીમાં એટલી ભીડ થઈ ગઈ કે સહેલાઈથી ચાલવાનું મુશ્કેલ હતું. ધીરે ધીરે ઘરમાં ટોળું વધવા લાગ્યું: વચ્ચે વચ્ચે ગુસ્સે થઈને મનિયા કાદવમાં લથપથ પડેલી એની પત્નીને બે-ચાર લાતો મારી લેતો હતો. વચ્ચે વચ્ચે લોકોની સમજાવટ પણ ચાલતી હતી, ટીકા-ટીપ્પણ થતું હતું, અંતમાં વાત તારા-વર્માના પાડોશ અને સજ્જનના 'દુરાચારના અડ્ડા' પર આવીને અટકી ગઈ. નંદોની ઓરડીમાંથી મહિલામંડળનું જે મંતવ્ય વાતો દ્વારા પ્રસરતું હતું તે જનમત તૈયાર કરવામાં સહાયક હતું. મનિયા સાંભળતાં સાંભળતાં રોષમાં આવી ગયો, 'હું સાલી રાંડને મારા ઘરમાં નહિ રાખું. જાય એના યારોની પાસે. નીકળ હહરી.'

મનિયા મોટીને ઘસડીને લઈ જવા લાગ્યો; આંગણું, વરંડો, ઉંબરાઓની ઊંચાઈ-નીચાઈ પર ઠોકરો ખાતી, રગદોળાતી મોટીની જીવંત લાશ ઘર બહાર ફેંકી દેવામાં આવી. મોટી મહાપ્રયત્ને પરંતુ જલદીથી ઊઠીને પોતાનાં કપડાં સંભાળી, સંકોચાઈને ઢીંચણોમાં ધૂળભર્યું મોં છુપાવી સસરાનાં ઓટલા નીચે બેસી ગઈ.

ટોળું વધતું ગયું. શહેરને એક નવી ચર્ચા મળી. આ સ્ત્રીને જેની સાથે પ્રેમ થયો છે તે એક કવિ છે; અને એક ધનિક પુત્ર જે શોખ ખાતર પેન્ટર પણ છે, એણે અહીં મોજમજાનો અડ્ડો બનાવ્યો છે; એની જ છત પરથી આ ઇશ્કની વાર્તા શરૂ થઈ. આ બધી વાતોમાં કન્યા-સજ્જનનો કિસ્સો, વિમાનની પત્રિકા-બાજીની ચર્ચા પણ એક વાર જોરથી ચાલી. ધનવાનો વિરુદ્ધની જનતાની સહજ ઘૃણાએ સજ્જનને જે રીતે ચીતર્યો તેથી ત્યાં એની વિરુદ્ધ ઘણી ખરાબ હવા ફેલાઈ ગઈ. વાતોમાં લોકોએ મનિયાના નાના ભાઈ અને તેની વહુ પર, તારા-વર્મા પર નવી ફેશન ચલાવવા અને મહોલ્લામાં બેશરમી ફેલાવવાનો આરોપ મૂક્યો.

કીચડમાં રગદોળાયેલી, મોં છુપાવીને સંકોચાયેલી એક નારી અનેકને અનેક પ્રકારે નવા જમાના વિરુદ્ધ ઉશ્કેરવામાં પ્રેરણા આપતી હતી. કેટલાક નવજુવાનોને પ્રૌઢો-વૃદ્ધોના આ રિમાર્ક બેહદ ખટક્યા. ગરમાગરમ ચર્ચા પણ થઈ. પરિણામની રીતે અંતિમ જનમત (નવું-જૂનું દળ) એવો તૈયાર થયો કે નવા-જૂના બેય જમાનામાં સારાપણું પણ છે ને ખરાબી પણ છે. એની સાથોસાથ સમાજમાં દુરાચાર-વ્યભિચાર વૃત્તિનું દમન પણ કરવું જોઈએ એ પણ નક્કી થઈ ગયું. આ રીતે લોકો ઘણી નૈતિક સામાજિક સમસ્યાઓ પર ઊંડો વિચાર કરી, કાંઈક સિદ્ધાંત નક્કી કરી, પછી ઑફિસ, દુકાન, સ્કૂલ, કૉલેજ વગેરે પર જવાનો સમય સાચવવા માટે (બધી નૈતિક સમસ્યા અને નિર્ણયો ભૂલીને) પોતપોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. નવા લોકો આવતા રહ્યા, જૂના લોકો જવા લાગ્યા.

મોટી તમાશો બનીને એમની એમ જ બેસી રહી.

સત્તાવીસ

મોટાભાઈનો આંધળો ગુસ્સો, ખૂન કરવાની ધમકી અને ચાર માણસોની સામે પોતાની આબરૂ બચાવવાના ખ્યાલથી શંકરલાલ ઉપર જ ચાલ્યો ગયો હતો. બીજી બાજુ નાની પણ ગભરાટમાં સંકોચાઈને ઊભી હતી. એનો ચહેરો ભયથી સફેદ થઈ ગયો હતો. શંકરની વાચાળતા પણ શાંત થઈ ગઈ હતી. શંકર અને નાની આડશે ઊભા રહીને નીચેનો તમાશો ચૂપચાપ જોઈ રહ્યાં હતાં.

તારા-વર્મા પોતાને ઘેર બેઠાં આ મામલાનો ઇતિહાસ જાણવા માટે ખૂબ જ ઉત્સુક બન્યાં હતાં. વર્માએ તારાને તો ઉપર ચડતાં રોકી અને પોતે પત્નીના કહેવાથી ભભૂતીની છત પર ચડીને નીચે ઊતર્યા. ત્રીજા માળના ટાંકુમાંથી ડોકું તાણીને બરાબર નીચેના આંગણામાંનો તમાશો જોવા લાગ્યો. નાનીની નજર ઉપર ગઈ. વર્માને જોઈને એણે એના પતિને ઇશારો કર્યો. વર્માએ ઇશારો કરીને બંનેને ઉપર બોલાવ્યા અને ઊંડો નિસાસો નાખીને કહ્યું, 'મિસ્ટર લાલ, હવે તો પોલીસને ઇન્ફૉર્મ કરો. આ મહોલ્લાવાળા પણ ભારે નીચ છે. આ સાલા મનિયાને શેહમાં નાખી નાખીને મોહિનીદેવીને મરાવી જ નાખશે.'

પત્નીએ રડતાં રડતાં સિફારસ કરી, 'હા, પકડાવી જ દો એમને નહિ તો બિચારીનો જીવ...'

'મને કાંઈ વાંધો નથી. પણ એ જ વિચારું છું કે પોલીસની પૂછતાછમાં બિચારા મિસ્ટર સજ્જન નકામા ઇન્વૉલ્વ થઈ જશે. અને તમે તો જોઈ લીધું કે મહોલ્લાવાળા માત્ર એમને જ નહિ બલ્કે આપણને પણ ખરું-ખોટું સંભળાવે છે.' શંકરલાલે જવાબ આપ્યો.

'તો પછી છેવટ એમનું થશે શું ? અથવા તો એમના કોઈ પિયરવાળાને...'

'પિયરમાં કોણ છે બિચારીનું ? સાવકો ભાઈ છે, એ શું આ હાલતોમાં મોહિનીને રાખશે ખરો ? શું લાગે છે સરૂપ ? – મને તો નથી લાગતું.' તારાએ કહ્યું.

નાનીએ ઠંડો નિસાસો નાખીને કહ્યું, 'ઊંહું !'

'પુરુષોની આ જ તો તાનાશાહી છે. તમે લોકો ગમે તે કરો એમાં કાંઈ વાંધો નહિ, પણ પત્ની જો...'

પત્નીની વાત અટકાવીને વર્માએ શંકરને કહ્યું, 'તો આપ મિસ્ટર સજ્જન વર્માને જ ઇન્ફૉર્મ કરો.'

'તેઓ અહીં નથી. ક્યાંક બહાર ગયા છે.'

'તો વિશ્વેશજીને ઈન્ફોર્મ કરો. ભૂલ ગમે તે હોય પણ છેવટ એ મોહિની-દેવીના લવર છે...'

'હા – હા, એમને જ ઈન્ફોર્મ કરો.' તારાએ પતિની વાતનું સમર્થન કર્યું, પછી નાનીને કહ્યું, 'સરૂપ, બિટ્ટી ભૂખી હશે. કેવી રડે છે બિચારી!'

નાનીએ કહ્યું, 'આજે તો મારે ઘેર દૂધ જ નથી આવ્યું. નીચે હોય પણ તે...'

'મારે ત્યાં ચાલો.' તારાએ કહ્યું, પછી શંકર તરફ જોઈને બોલી, 'મિસ્ટર લાલ, તમે કોઈ પણ રીતે વિશ્વેશજીને ખબર આપો.'

'શું કરું, મને એમના ઘરની ખબર નથી. ...પરંતુ ઊભા રહો, હું મહિપાલજીને ત્યાં જાઉં છું. તેઓ સાહિત્યકાર છે, કદાચ...'

'હું પ્લીઝ જલદી જાઓ.' વર્માએ કહ્યું.

'ચાલો, તમારી બાજુથી જ જાઉં. સાયકલ પણ તમારી જ...'

'હા – હા, ચાલો.'

'હા... આપણા ઘરના બારણેથી જવાનું અત્યારે યોગ્ય નથી.'

'સાચી વાત. ચાલો.'

બધાંય વર્માને ઘેર જવા માટે ઉપરની છત પર ચડવા લાગ્યાં. નાનીએ બિટ્ટી એના પતિના હાથમાં આપતાં કહ્યું, 'તમે જાઓ, હું ઓરડાને તાળું મારીને આવું છું.'

દોઢેક કલાકમાં જ મહિપાલ અને કર્નલ આવી પહોંચ્યા. ટોળું વિખેરાઈ ગયું હતું; છતાં કેટલાંક સ્ત્રી-પુરુષ ઘરની આજુબાજુ ઊભાં હતાં, ટીકા-ટીપ્પણ ચાલતાં હતાં. મનિયા બેકકનાં બેચાર તાત્કાલિક પરમ હિતેચ્છુઓથી ઘેરાયેલો સિગરેટ પીતો ગંભીર બેઠો હતો. નંદોનો દરબાર હવે ઓરડીમાંથી નીકળીને વરંડામાં આવ્યો હતો. નાની મોટાની બાળકીને લઈને હજી સુધી તારાને ઘેર જ હતી, ને એના પતિના આવવાની પ્રતીક્ષા કરતી હતી. તારા ને વર્મા પણ રાહ જોતાં હતાં. વર્મા આજે એના કામ પર પણ ન ગયો.

વર્માએ એના ઘરનાં બારણાંમાંથી કર્નલ અને મહિપાલને ગલીમાં પ્રવેશતાં જોયા. શંકરલાલ એમની સાથે નહોતો. આ લોકો મોટરમાં આવ્યા હતા. કર્નલનો ડ્રાઈવર સાથે જ આવ્યો હતો.

ટોળાને હટાવીને મહિપાલ મોટાની પાસે પહોંચી ગયો. કર્નલ એની સાથે જ હતો.

અખંડ સમાધિધારી યોગીની જેમ ઢીંચણમાં માથું નાખીને મોટી જેમની તેમ જ બેઠી હતી. ફરક એટલો હતો કે રગદોળાયેલી ભીની સાડી હવે તડકો સહેતાં સહેતાં સુકાઈ ગઈ હતી.

મહિપાલે આગળ આવી એના માથા પર હાથ મૂક્યો ને કહ્યું, 'ઊઠો બહેન, મારી સાથે આવો.'

મોટીએ માથું ન ઊંચક્યું. કર્નલે ટોળાને તતડાવ્યું, 'તમે બધાં ટોળે શા માટે વળ્યા છો? અહીં શું કોઈ તમાશો છે તે જોવા ઊભા રહ્યા છો!'

નવા અવાજથી નવી આફત લાગી એટલે મનિયા બેઠકમાંથી બહાર આવ્યો.

લોકોમાંથી એક વક્ર બાંયે હસીને કર્નલને જવાબ આપ્યો, 'તમાશો તો છે જ લાલાજી! લયલા–મજનુંનો...'

'તમને શરમ નથી આવતી?' આ વાક્ય કર્નલ અને મહિપાલ બંનેના મુખમાંથી સાથોસાથ નીકળ્યું. મહિપાલને બોલતો જોઈને કર્નલ ચૂપ થઈ ગયો. મહિપાલ બોલતો રહ્યો, 'તમને મજાક સૂઝે છે. આ બિચારી અસહાય સ્ત્રીની દુર્દશા જોઈને તમને લોકોને તો ભારે સુખ મળતું હશે, કેમ? હું પડકાર ફેંકીને કહું છું કે તમારામાંથી જે કોઈ મન–વચન અને કર્મથી શુદ્ધ હોય તે આગળ આવીને આ સ્ત્રીની નિંદા કરે. આ સ્ત્રીએ ઘણું ખરાબ કામ કર્યું છે તે સાચું છે, પરંતુ તમારા બધામાં કોણ સચ્ચરિત્ર અને નિષ્પાપ છે....જેનો દાવો હોય તે મારી સામે આવે.'

પળેક માટે લોકો મૂર્છામાં આવી ગયા. મનિયા એના ઓટલા પર ઊભો રહી છાતી કાઢીને બોલ્યો, 'આપ કોણ છો બાબુસાહેબ?'

મહિપાલને અપમાન લાગ્યુ, એણે પણ ભવાં ચડાવીને કહ્યું, 'આપ કોણ છો પૂછવાવાળા?'

'હું આ સ્ત્રીનો પતિ છું.'

'તો તમારી પત્નીને જલદી ઘરની અંદર લઈ જાઓ.'

'આપ...' મનિયા બોલે તે પહેલાં જ કર્નલ ગુસ્સે થઈ ગયો, હાથ લાંબો કરીને બોલ્યો, 'આપ-આપ શું કરો છો જી? તમને તમારી પત્નીને મારવાનો હક્ક કોણે આપ્યો છે જી? એ જો બદચલન હોય તો કોર્ટમાં જઈને કેસ કરો. તમે કાયદાને તમારા હાથમાં શા માટે લીધો?'

'તમે પણ એના યાર...' મનિયાનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ મહિપાલે એનો હાથ પકડી ખેંચી લીધો. મનિયા આ આકસ્મિક આક્રમણને સંભાળી ન શક્યો, ખેંચાઈને ગલીમાં કૂદી પડવું પડ્યું. બારણાં નીચેના નાના ઓટલાની

ઠોકર પણ લાગી, અને ઉપરથી મહિપાલનો એવો જોરદાર હાથ પડ્યો કે એના ગાલ અને કાનનાં તમરાં બોલી ગયાં. મનિયાની આંખોમાં લોહી ધસી આવ્યું. મહિપાલે એનો ડાબો હાથ પકડી રાખ્યો હતો, મારવા માટે જમણો હાથ જેવો ઊંચો કર્યો કે મહિપાલે કાંડું પકડી લીધું. બંને કસરતી યુવાનો આપસમાં બથ્થમ-બથ્થા આવી ગયા.

કર્નલે બીડ તરફ મોં કરી બૂમ પાડી, 'ડ્રાઈવર! ડ્રાઈવર! શિવમંગલ!'

શિવમંગલ ટોળામાંથી આવતો દેખાયો. કર્નલે બૂમ પાડીને એને હુકમ આપ્યો, 'લાલા જાનકીશરણને ત્યાં જઈ થાણે ટેલીફોન કર. મારું નામ લઈને શુકલાજીને કહેજે કે જલદી બોલાવ્યા છે.'

ટોળામાં કોઈ મધ્યસ્થી કરવાવાળા. કોઈ વિદ્રોહ-માર્કા અને કોઈ લેભાગુ કિસમના તમાશાબીન હતા. પોલીસનું નામ સાંભળતાં જ લેભાગુઓ તો પરનિંદા, પરદોષનું આટલું સુખ લઈને જ બબડતા બબડતા ભાગી ગયા; મધ્યસ્થી કરવાવાળા મહિપાલ અને મનિયાના મલ્લયુદ્ધમાં 'હાં – હાં' કરતા કૂદી પડ્યા અને વિદ્રોહી વર્ગમાંથી એક મુનશીજીએ પોલીસનું નામ સાંભળતાં જ કર્નલને કહ્યું, 'હા – હા, પોલીસ બોલાવો ફોજ બોલાવો. શ્રીમંતોનું તો રાજ છે આજકાલ! સાલા મહોલ્લામાં આવીને વ્યભિચાર ફેલાવે અને ઉપરથી પોલીસની ધમકી આપે!'

બીજો બોલ્યો, 'અરે, અમે આમને અને એમની પોલીસને દાટી નાખશું સાલાઓને અહીં જ...'

મહિપાલ પાસેથી છૂટીને મનિયા બીજાના હાથમાં જકડાઈને ઉત્તેજનાથી હાંફતો હતો, બોલ્યો, 'મારી પત્ની છે. હું મારીશ. અને બચાવવા જે આવશે એને પણ મારીશ...'

'જવા દો, જવા દો...'

'સાલા દાદાગીરી કરે છે! મારી લાખ રૂપિયાની આબરૂ... આ સાલીને એના યારોની સામે જ...' મનિયાએ લોકોના હાથમાંથી છૂટીને ફરી મોટીને લાત મારી, મોટી દીવાલ સાથે ચોંટી ગઈ, પણ માથું ન ઊંચક્યું. મહિપાલ ઉશ્કેરાઈને આગળ વધ્યો. લોકોએ બંનેને રોક્યા, 'જવા દો બાબુસાહેબ! અરે મનિયા માનતો કેમ નથી! હવે મારપીટ કરવાથી શો ફાયદો છે? અરે પત્નીને ન રાખવી હોય તો કાઢી મૂક સાલીને. પિયરમાં પટકી આવ સાલીને!'

'ગમે ત્યાં જાય, ચૂલામાં જાય ...વાળી.' મનિયાને પકડીને લોકો એને ધકેલતા ધકેલતા ઘરમાં લઈ ગયા. મહિપાલ એનાથી જબરો સાબિત થયો હતો, એને

પટકીને ખૂબ જ રગડ્યો હતો. એના આ જાહેર અપમાનથી મનિયાનો ક્રોધ બમણો થઈને સળગી ઊઠ્યો હતો. તે પોતાના કાબૂમાં નહોતો.

લાલા જાનકીશરણ પોલીસ દારોગા શુક્લા અને બીજા બે સિપાઈઓ સાથે આવ્યા. એમને જોઈને ધોંધાટ થંભી ગયો. એમની સમજાવટથી થોડી વારમાં મનિયા માની ગયો કે એની પત્ની હવે એના કોઈ કામની નથી રહી. 'જે એને લઈ જવા ઇચ્છે તે લઈ જાય. જહાન્નમમાં જાય!'

મનિયાને ઘેરો વળીને લોકો એની બેઠકમાં લઈ આવ્યા. લાલા જાનકીશરણ, કર્નલ અને બીજા બેચાર માણસો ટોળાને વિખેરવા લાગ્યા. શંકરલાલે ભાભીને આગ્રહ કરીને ઉઠાડી.

બે-અઢી કલાક પછી મોટીનું માથું ઢીંચણ પરથી ઊંચકાયું. એનો ચહેરો પથ્થર જેવો જડ હતો.

આ દરમિયાન મહિપાલનું મન આ આખા દૃશ્યમાંથી અલગ થઈ જઈને પોતાની અંદર ખોવાઈ ગયું હતું.

મોટી વર્માને ઘેર પહોંચી કે તરત જ તારા અને નાની બંને એને ભેટી પડી. મોટી મૂર્તિની જેમ જડ ઊભી રહી, એના શરીર પર ઠેરઠેર ઉઝરડા અને મારનાં લીલાં નિશાન ઊઠી આવ્યાં હતાં.

વર્મા અને શંકર બંને પરસ્પર, હવે શું કરવું જોઈએ એ સમસ્યા પર વિચાર કરવા લાગ્યા. કર્નલ લાલા જાનકીશરણ સાથે એમને બંગલે જતાં જતાં કહેતો ગયો, 'એ સ્ત્રીને ખૂબ જ માર પડ્યો છે. હું ડૉ. સ્વિંગને ટેલીફોન કરીને હમણાં જ બોલાવું છું. અંદર કોઈ ગંભીર ચોટ આવી ન હોય. મારનું રીએકશન હવે થશે. એને દૂધ–બ્રાન્ડી જલદી પીવડાવી દો.'

લાલા જાનકીશરણને ઘેર એમ નક્કી થયું કે આ મામલાનો રિપોર્ટ થાણાની ડાયરીમાં ન નોંધાય. મહોલ્લાનો મામલો છે. દારોગાજીને સારી રકમ મળી જશે, ભભૂતી કઠણ આસામી છે. શંકરલાલને પણ ત્યાં બોલાવાયો. લાલા એને દૂર લઈ ગયા. સમજાવ્યો; શંકરલાલે પાંચસોનો ચેક લાલા જાનકીશરણને નામે લખી આપ્યો. લાલાએ રોકડી નોટો શુક્લાજીના ખિસ્સામાં ધીમેથી મૂકી દીધી. 'સ્ત્રી'ને માટે એમ નક્કી થયું કે એને વિરહેશને સોંપી દેવી. બીજે ક્યાંય એને માટે ઠેકાણું નથી.

ડૉ. શીલા એક ઑપરેશનમાં રોકાયેલી હતી. એણે પેશન્ટને પોતાને ત્યાં જ લઈ આવવા કહ્યું. કર્નલે વાતનો સ્વીકાર કરીને કહ્યું કે પેશન્ટ લઈને મહિપાલ હમણાં જ એને ત્યાં પહોંચે છે.

મહિપાલે કહ્યું, 'હું બોરની તપાસમાં જાઉં છું.'

'બોરને હું તારા કરતાં વધુ સારી રીતે સમજી લઈશ, મહિપાલ, એ મારો કરજદાર છે.' કર્નલે કહ્યું, 'હમણાં જ સાલાને અહીં થાણામાં લાવીને પચ્ચીસ જોડા મરાવું છું.'

'બોરને ત્યાં હું જાઉં છું. એનું ઘર શોધવાનું તારે માટે મુશ્કેલ બનશે.' મૂળમાં તો મહિપાલ અત્યારે શીલાને મળવા ઇચ્છતો નહોતો. શીલા પાસે મોટી અને બોરનો પ્રસંગ આવવાથી એનું મન એકદમ ઊંધું-ચત્તું થઈ જશે. મહિપાલ પોતે પણ પત્ની પર અત્યાચાર કરે છે, એ પણ વિરહેશની જેમ પત્ની-બાળકોવાળો હોવા છતાં અન્ય સ્ત્રીને પ્રેમ કરે છે. પ્રેમ તો સાચો કરે છે, તો પછી મોટી અને વિરહેશના પ્રેમને તે કલુષિત શા માટે માને? પરંતુ મહિપાલ એ જ 'પરંતુ'થી બચવા માગે છે, શીલાથી બચવા માગે છે, પોતાની જાતથી બચવા માગે છે – તે માત્ર પતિ છે અને પિતા છે; એનાં જે કૌટુમ્બિક કર્તવ્ય છે એનું પાલન થવું જોઈએ. બીજા કશા વિચાર એણે ન કરવા જોઈએ. 'મહિપાલ, વિચારોને ભસ્મ કર, હૃદયને ભસ્મ કર! પાછલા જીવનને ભૂલી જા, ભૂલી જા!'

એના બંગલામાં શીલા મોટીને સમજાવતી હતી, 'પાછળની જિંદગીને ભૂલી જાઓ, નવી જિંદગી સામે જુઓ.'

થોડીવાર પછી મહિપાલ વિરહેશને શીલાના ઘેર મૂકીને બહારથી જ પાછો ચાલ્યો ગયો. કર્નલ, શીલા તથા શંકર અને નાની સુધ્ધાંએ વિરહેશ સાથે સામ–દામ–દંડ–ભેદની નીતિ અખત્યાર કરી. વિરહેશે એની રક્ષા કરવાનું વચન આપ્યું.

જતી વખતે નાની મોટીને વળગીને ખૂબ રડી શંકરલાલની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં, કર્નલની આંખો પણ ભરાઈ આવી. મોટી પથ્થરની જેમ ઊભી રહી.

વિરહેશ એની હૃદયરાણીનો હાથ પકડીને ઓરડાનાં બારણાં તરફ ચાલ્યો. મોટી માથું નમાવી ધીમે ધીમે એવી રીતે ચાલી જાણે નવી પરણીને જઈ રહી હોય. ઉંબરા પર અટકી ગઈ, પાછી ફરીને ઊભી રહી આઠ-દસ સેકંડ ફાટેલી આંખે નાની અને શંકરને જોઈ રહી. પછી બોલવાનો પ્રયત્ન કર્યો ને રૂંધાયેલા સ્વરે બોલી, 'છોકરાને મા સંભાળી લેશે! ...મારી બિટ્ટીને સંભાળજો! મારી બિટ્ટી ...બિ ...ટ્ ...ટી ...'

બોલતાં બોલતાં મોટીના દાંત ભીંસાઈ ગયા. એને મૂર્છા આવી ગઈ.

* * *

તે જ દિવસે રાત્રે આઠ-સાડા આઠ વાગે લખનૌમાં સજ્જનની ઓરડી પર મહોલ્લાવાળાઓએ ભારે મોટો હુમલો કર્યો. મોટી અને બોરના પ્રેમકાંડનો બધો દોષ લોકોએ સજ્જનને માથે જ નાખ્યો. જ્યારે સજ્જન આ મહોલ્લામાં આવ્યો હતો અને મસાલા વેચનાર શરણાર્થીએ છાપામાં સજ્જન વિરુદ્ધની ફરિયાદો કરતાં લખ્યું હતું કે ઓરડી શ્રીમંતોના દુરાચારનો અડ્ડો બની ગઈ છે, એ જ જૂની વાત ફરીથી તાજી થઈને બોલાતી હતી. મહોલ્લાના કેટલાક લોકો આમ કહીને પોતાના શાણપણનું પ્રમાણ આપતા હતા કે એમણે તો પહેલેથી જ કહ્યું હતું કે આવું કાંઈક જરૂર થશે. મનિયાની મિત્રમંડળી પણ ઉશ્કેરાઈ હતી. નેતાજી સાલિગરામ તથા જાનકીશરણે લોકોને ઉશ્કેર્યા. ઈલેક્શનનું હુલ્લડ એના અસંગઠનમાં પણ સંગઠિત બનીને સજ્જનની ઓરડી પર તૂટી પડ્યું. ઉશ્કેરાયેલા ટોળાએ ઓરડીનું તાળું તોડી નાખ્યું. સજ્જને બનાવેલાં ચિત્રોના ટુકડેટુકડા કરી નાખ્યા. રંગોની ટ્યૂબ ફેંકી ને બૂટ નીચે દબાવીને જમીન પર રગડી દીધી. નાની એવી ઓરડીમાં લગભગ વીસ માણસોના ટોળાએ ઘૂસી જઈને મન ફાવે તેમ ભાંગફોડ કરવા માંડી હતી. દીવાલ પર ટાંગેલાં ત્રણ ચિત્રો પર આફત આવી. એક પર સ્ટવ ફેંકાયો, બીજું ચાના પ્યાલાથી ફાડી નાખ્યું, ત્રીજા પર સ્ટૂલનું બળ અજમાવવામાં આવ્યું. ચાદરના ટુકડેટુકડા થઈ ગયા; સ્ટવનું તેલ ગાદી અને તકિયા પર છંટાયું. એના પર દીવાસળી લગાડી. આખો ઓરડો ફૂટેલા કાચ, તૂટેલા પ્યાલા, ફાટેલાં ચિત્રો અને ચાદરનાં ચીંથરાથી ભરાઈ ગયો.

આસપાસનાં ઘરોની છત અને બારીઓમાંથી લોકો આ ઉન્મત્ત અભિમાનનું દશ્ય જોઈ રહ્યા. નાશ, ગાળો, હિંસાથી ભરેલી મશ્કરી, તટસ્થ ભાવે તમાશો જોનારાઓની વાતોનો એકસાથે ગણગણાટ થવા લાગ્યો, તેથી વાતાવરણ વધુ ભયાનક બનતું હતું. તમાશો જોનારાનાં ટોળેટોળાં ગૌશાળાના ફાટકમાં ઘૂસીને ચાલ્યા આવતા હતા. જે જ્યાં સાંભળતા તે અહીં તમાશો જોવા ચાલ્યા આવતા. નીચે ટોળું, આસપાસનાં ઘરોમાં ટોળું, અને સજ્જનની ઓરડી તથા છત પર એના પર વેર લેનારાનું ટોળું. આ ભીડ અને ધમાલ વચ્ચે અચાનક તાઈના ઘરનું બારણું ખૂલ્યું. એક હાથમાં ઝોળી ભરીને સિંદૂર સાથે તાઈ આંખો ફાડતી કાળા કાળા લાકડા જેવા દાંત ભીંસતી, ગાળો દેતી, મંત્રો બોલતી બહાર આવી.

તાઈને જોઈને, તમાશો કરનારાઓની મનોરંજન વૃત્તિ ઊભરાઈ. પરંતુ દાઈ મુઠ્ઠી ભરીભરીને સિંદૂર બંને બાજુ ટોળા પર ઊડાડતી જતી હતી, 'ઓમ્ નમો નારાયણ સંકર જતિ કમરૂકમચ્છા સતીની દુહાઈ, કાલી માની દુહાઈ, પાંચે પીરની દુહાઈ, શંખિણી, ડંકિની આવ, દુશ્મનને ખાવ. કાળી ચકલી ચકચક કર

ધોળી સૌને નિર્વંશ કરે, ઈંદ્ર, ભૈરવ, ચાંડાલ રાજા આવ, દુશ્મનને ખાવ !' –ભયાનક આંખો, કઠોર અને અપશુકનિયાળ મુખ, કાળા કાળા લાકડા જેવા દાંતવાળી, બંને બાજુ ટોળા પર મુઠ્ઠી ભરીભરીને સિંદૂર ફેંકતી અને મંત્ર બોલતી તીરની જેમ આગળ દોડતી તાઈ ટોળા પર એનો અદ્ભુત પ્રભાવ નાખી ગઈ. પ્રસિદ્ધ જાદુગરણી તાઈના સિંદૂર અને મંત્રથી ટોળાનું દિલ કંપી ગયું. ઘણાએ તાઈને જોઈને એને છેડવા માટે બૂમો પાડવાનું પણ શરૂ કર્યું. પણ તાઈના મંત્ર અને સિંદૂર દરેકને પરાજિત કરતા હતા. સિંદૂરથી ડરેલા લોકો સાંકડી જગામાં એવી નાસભાગ કરવા લાગ્યા કે ધક્કાધક્કી મચી ગઈ. ઉપર સીડી તરફ જતી તાઈ ટોળાની વચ્ચે આવી ગઈ. આજુબાજુના ધક્કાથી ભીંસાવા લાગી. આવેશમાં આવીને તાઈએ એક બુઢ્ઢાનું મોં એના સિંદૂર ભરેલા મોટા મોટા નખવાળા પંજાથી ઉઝરડી લીધું. નખ વાગવાથી અને તેથીય અધિક જાદુગરણીના જાદૂઈ સિંદૂરના સ્પર્શથી તે વૃદ્ધ ચીસ પાડી ઊઠયો. આસપાસમાં બૂમ ઊઠી કે તાઈ લોહી પીએ છે.

નીચેથી લઈને સાંકડી સીડી ઉપરની છત અને સજ્જનની ઓરડી સુધીના આવતા-જતા અસંતુલિત ટોળાને ચીરતી, ધક્કા ખાતી, ગળું ફાડી ફાડીને ચીસો પાડતી ને ગાળો દેતી તાઈ પણ ઉપર પહોંચી ગઈ. સીડી તરફ આગળ વધતા કોઈએ ભયના આવેગમાં તાઈની ઝોળી પકડીને તાઈ ઉપર જ ઊંધી વાળી દીધી. સિંદૂરથી સજાયેલી તાઈનું રૂપ અને એનું ગાળો દેવાનું આથી ઘણું વધારે ભયંકર બની ગયું !

થોડી જ વારમાં તાઈ કાયર ટોળા પર વિજયિની સિદ્ધ થઈ. ખરદૂષણની વિશાળ સેનાના મુકાબલામાં એકલા રામ અને લક્ષ્મણે વિજયી સિદ્ધ થઈને વીરતાનું જે જ્વલંત ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું, તે એમના પછી આજે તાઈએ કરી બતાવ્યું.

પાછા ફરતી વખતે વર્મા અને ભભૂતી સોનીની ગલીમાંથી પસાર થતાં ટોળાની એક ટુકડીએ વર્માના મકાન પાસે ઊભા રહીને પણ અવાજો કર્યા. ગંદી ગંદી ગાળો દીધી. બારણાં ભડભડાવ્યાં. મનિયાનું ઘર પાસે જ હોવાને કારણે હુમલો કરનાર ટોળાની સહાનુભૂતિ ઘણી વધારે ઉત્તેજિત થઈ ગઈ હતી. ભીડનું આ એ અંગ હતું, જે સમાજના અંગ્રેજીપણા સામે લડતું હતું. તારા-વર્મા બારણું તૂટવાના ભયથી પીળાં પડી ગયાં હતાં. નાની અને શંકર એમના ઓરડામાં ગભરાઈને સૂન્ન બનીને બેઠાં હતાં. મનિયા શરાબના નશામાં બેહોશ પડયો હતો.

તે દિવસે તાઈ મોડી રાત સુધી ફાનસના પ્રકાશમાં કન્નોમલના પૌત્રએ બનાવેલી તસવીરોના ટુકડા સંભાળી–સંભાળીને એકઠા કરતી હતી.

અઠ્ઠાવીસ

પાછી ફરીને તાઈ નાહી, આખી દુનિયાને ગાળો દેતાં દેતાં ઠાકોરજીનો દીવો કર્યો, પછી બચોળિયાંની વાડકીઓમાં દૂધ નાખીને એમને બોલાવવા લાગી. તાઈનો અવાજ સાંભળતાં જ 'લલિતા' 'વિશાખા' તો પૂંછડી પટપટાવતાં આવી આવી ગયા, પરંતુ 'કિસ્નો' ન આવ્યો. તાઈને કિસ્નાની ચિંતા થઈ – ક્યાં ગયો અભાગિયો – તાઈ 'કિસ્ના' 'કિસ્ના' કરતી આખા ઘરમાં જોઈ આવી. જ્યારે ન મળ્યો ત્યારે એને હજાર ગાળો સંભળાવતી આવીને એની ઝોળા જેવી ખાટલીમાં સૂઈ ગઈ. બિલ્લીનાં બચ્ચાં હવે મોટાં થઈ ગયાં છે. આખો વખત ઘરમાં નથી રહેતાં. છાપરે–છાપરે ચડીને આખા મહોલ્લાનું ચક્કર લગાવ્યા કરે છે. તાઈને માટે મુસીબત થઈ ગઈ છે. જ્યાં સુધી ત્રણ બચ્ચાંઓને કાંઈ પાતી નથી ત્યાં સુધી તે પોતે જમતી નથી. અત્યારે પણ કિસ્નો હાજર નહોતો એટલે એનું જમવાનું ન બની શક્યું. એ ચડભડતી રહી, બડબડતી રહી. આ બચ્ચાંઓની મા, જે પોતાનું પાપ એના ઘરમાં પટકી ગઈ તેને એની શોક્ય કહી કહીને ગાળો દેવા લાગી.

અત્યારે તાઈ ખૂબ જ ગુસ્સામાં હતી. કિસ્નાએ દૂધ ન પીધું. કન્નોમલના પૌત્રનું આટલું નુકસાન થઈ ગયું- કાલે એની શોક્યના પૌત્રના ચાંલ્લા થશે, જમણવાર થશે, અભાગણી નંદોએ પાછા આવીને કહ્યું પણ નહિ કે બંને જંતર તે બરાબર રીતે મસાણમાં દાટી આવી છે કે નહિ – આ બધી ચિંતાઓ તાઈને ઘેરી વળીને, જેમ મહોલ્લાના લોકો એને હેરાન કરે છે એમ હેરાન કરતી હતી. સજ્જનની ઓરડી પર હલ્લો કરનારાનું ટોળું અત્યારે પણ તાઈના દિલમાં બદબદી રહ્યું હતું. રહીરહીને એની હિંસાવૃત્તિ ઊભરાઈ આવતી હતી, એ હજી પણ એની કલ્પનામાં ટોળા પર જાદુનું સિંદૂર ફેંકી ફેંકીને સૌનો સર્વનાશ કરી રહી હતી.

થાણામાં એકનો ટકોરો થયો. લલિતા-વિશાખાએ ઘરના એક ખૂણામાં શિકારને દબાવી દીધો હતો. ઉંદર અંતકાળનું ચૂં-ચૂં કરીને મરી ગયો. તાઈનું મન ગાળોથી ભરાઈ ગયું. બિલ્લીનાં બચ્ચાં મોટાં થઈને હવે મોટાં શિકારી પણ બની ગયાં છે. તાઈનાં વૈષ્ણવ સંસ્કાર લલિતા-વિશાખા અને કિસ્નાની શિકારી પ્રવૃત્તિની ઘોર ઘૃણા કરે છે, પરંતુ આ બચ્ચાં પાસે એનું કશું ચાલતું નથી.

તાઈના કાનોમાં ઘુર્ર-ઘુર્રનો અવાજ આવવા લાગ્યો. લલિતા–વિશાખામાંથી કોઈ એક ખૂબ જોરથી ઘૂરતી હતી, કારણ કે એના પંજા નીચે શિકાર દબાયેલો હતો, અને બીજી એ શિકારને હાથ કરવા માટે તરકીબો લડાવતી હતી. થોડી વારમાં લલિતા-વિશાખા ખાંઉં-ખાંઉં કરતી એકબીજા પર તૂટી પડી. આખું ઘર કુરુક્ષેત્ર બની ગયું. લલિતા-વિશાખા આખા ઘરમાં દોડીને ઠેર ઠેર ઊભી રહી મોરચો માંડતી આપસમાં જોરજોરથી ઘૂરતી રહી.

'મરો, ભાડમાં જાઓ, મરો બધાં! રાત્રે પણ બે ઘડીનું ચેન નથી મળતું અભાગિયા! ઉંહ!' – લલિતા-વિશાખાના ઝઘડામાં વચ્ચે પડવાની તાઈએ ઘણીવાર ઇચ્છા કરી, પરંતુ અત્યારે તે બિલકુલ ભાંગી પડી હતી. એના સાંધેસાંધા દુખતા હતા. તાઈ ટોળાથી આજે જેવી ઘેરાઈ હતી તેવી ક્યારેય નહોતી ઘેરાઈ. ટોળાના દબાણથી ધક્કા ખાઈને ક્યારેક આગળ ધકેલાતી હતી તો ક્યારેક પાછળ. એના જાદૂઈ સિંદૂરના ભયથી લોકોમાં એવો ખળભળાટ મચી ગયો હતો કે લોકો હસતાં, નારાજ થતાં, ડરતાં ડરતાં સિંદૂરથી બચવા માટે ભાગતા હતા. તાઈ પ્રત્યેની લોકોની ઘૃણાએ તાઈને આજે ખૂબ જ ધક્કા માર્યા, ખૂબ જ ગબડાવી–મારી. કેટલીક વાર તો લોકોનાં જોડા-ચંપલ એના પગ છૂંદીને નીકળી ગયા. જો કે અંતમાં જીત તાઈની જ થઈ, પરંતુ એની દુર્દશા પણ ઘણી થઈ ગઈ હતી.

ત્યાં ક્યાંકથી કોઈ સ્ત્રીની જોરજોરથી પીડાભરી કણસ એને કાને પડી. તાઈના કાન સાવધાન થતાં જ એની બકબક બંધ થઈ ગઈ, એણે મોં પરથી રજાઈ હટાવી લીધી. તદ્દન બાજુમાં જ કોઈ સ્ત્રી પ્રસવપીડાથી ચીસો પાડતી હતી. કોણ છે, કોને ત્યાં છે, એ જિજ્ઞાસાએ તાઈને શાંતિથી સૂવા ન દીધી. તાઈ બેઠી થઈ ગઈ. તાઈને બેઠેલી જોઈને કિસન, જે એની બંને બહેનો લલિતા-વિશાખાથી નબળો હતો. તે કૂદીને તાઈના ખોળામાં આવીને બેઠો. પરંતુ એ વખતે તાઈનું ધ્યાન ક્યાંક બીજે હતું; પાડોશમાં કોઈકને દર્દ ઊપડ્યું હતું. અનુમાન કરતાં તાઈની બુદ્ધિએ બરાબર ઠેકાણું શોધી કાઢ્યું, એની ભાડૂત તારા કણસતી હતી.

તાઈની અંદરનો રોષ ઘુમરાઈ-ઘુમરાઈને એના કાળજામાં સુદર્શન ચક્રની જેમ ફરવા લાગ્યો, 'રાંડ મરી જાય તો સારું! નખોદિયણ છોકરો જણશે, દરદ છેક ઊંડેથી ઊપડેલું છે.'

તારાની પ્રસવપીડાની બૂમો તાઈના મનને દૂર દૂર સુધી દોડાવવા લાગી. પહેલું ધ્યાન એની શોક્ય અને એના પૌત્રના ચાંલ્લામાં ગયું. શોક્યના પૌત્રનાં ચાંલ્લા થશે, નાચગાન થશે, જલસો થશે. કાલે તાઈની શોક્ય આખા શહેરની સ્ત્રીઓમાં રાણીની જેમ બેઠી હશે. એની પુત્રવધૂનો મિજાજ પણ આસમાન પર

ચડયો હશે. ચાર દિવસમાં લગ્ન થશે. પછી પૌત્રને પણ બાળકો થશે, એની શોકય ... ‘રાંડ દાદી બનશે, સ્વર્ગની સીડી ચડશે’... એના પતિ રાજાસાહેબનો વિચાર આવ્યો. તાઈ રોષ અને ઘૃણાથી ભરાઈ ગઈ. ક્રૂર આવેશે એને બેસવા ન દીધી. કિસન ખોળામાં સૂઈ ગયો હતો. તાઈએ રજાઈને ઝટકો માર્યો. કિસનજી ખોળામાંથી ગબડીને જાગી ગયા. પરંતુ તાઈ ઊઠી નહિ. ન એનું ધ્યાન બચ્ચા તરફ ગયું. તારાની ઉપરાઉપરી આવતી પ્રસવપીડાની ચીસો પણ અત્યારે એના ચિંતનમાં પાર્શ્વસંગીતથી વધુ પેસી ન શકી. એ નંદોનો વિચાર કરતી હતી. નંદો એની શોકયના બંગલા અને મસાણમાં જંતર દાટી આવી તો હશે જ. ‘સતનારાયણ સ્વામી કરે ને કાલ સાંજે જ્યારે ચાંલ્લા થઈ રહ્યા હોય ત્યારે અભાગિયો (શોકયનો પૌત્ર) કપાયેલા વૃક્ષની જેમ તૂટી પડે!’ – રંગમાં ભંગ થશે, હાહાકાર મચી જશે; એની શોકય કાળજું ફાડીને ગરજી ઊઠશે; છાતીઓ કૂટાવા લાગશે; એના પતિ માથું પકડીને બેસી જશે; કેવો હાહાકાર મચી જશે! તાઈ આવું બધું વિચારી-વિચારીને હિંસક આનંદથી ઉભરાઈ ગઈ. નિદ્રા ગાયબ થઈ ગઈ, પાનની તલપ લાગી. તાઈ ઊઠી, ઓશીકા પાસે રાખેલા ફાનસની વાટ ઊંચી કરી. ફાનસ પૂજા-વાળા વરંડામાં રાખી હાથ ધોવા આંગણામાં આવી. તારાની પ્રસવપીડા એને નજીકથી સંભળાતી હતી. જ્યાં પાણી રાખ્યું હતું એની તદ્દન પાસે જ એક બંધ બારણું હતું. એ બારણું તારાના ઘર તરફ પડતું હતું. હાથ ધોઈને તાઈ બારણે કાન માંડીને ઊભી રહી ગઈ. એ બારણા પછી તારાના ઘર તરફ એક સાંકડી ગલી છે જે તારાના રસોડાના વરંડામાં નીકળે છે. એના પછી આંગણું, ફરી વરંડો અને તે ઓરડો...એટલે કાન માંડીને ઊભેલી તાઈ એની કલ્પનામાં એની ભાકૂત તારાની પાસે પહોંચી ગઈ, એનો પીડાગ્રસ્ત ચહેરો જોવા લાગી, હસવા લાગી, હજાર ગાળો સંભળાવવા લાગી. નિત્ય ફળદ્રુપ કલ્પનામાં તારાના અંતની વાત વિચારતાં વિચારતાં તાઈ પૂજાઘરના વરંડામાં, જ્યાં એની પાનદાની હતી ત્યાં આવી ગઈ. કિસન, લલિતા, વિશાખા ત્રણે એની પાનદાની પાસે ફાનસને ઘેરીને બેસી ગયાં. ત્રણે બચ્ચાં લાડુ જેવાં મોં બનાવી. તાઈ પાન બનાવતી હતી તે ટીકીટીકીને જોઈ રહ્યાં હતાં. સફેદ ચામડી પર પીળાં–કાળાં ટપકાંવાળાં ત્રણ બિલ્લીનાં બચ્ચાં ઘણાં સુંદર લાગતાં હતાં – ઘૃણાના તીવ્ર પ્રવાહવાળા નાળામાં વહી જતી તાઈને આ બચ્ચાંઓની ઝલક બહુ ગમી, એને કાંઈક એવું જ અભિમાન થયું જેવું એની શોકયને એના પૌત્ર-પૌત્રીઓને જોઈને થાય છે – ‘કેવાં ભોળાં બનીને જોઈ રહ્યા છે અભાગિયા! જ્યારે હત્યા કરે છે ત્યારે આ ભોળપણ નખોદિયામાં કયાંય દેખાતું પણ નથી!’

પાન ધોવા માટે તાઈ વાટકીમાં પાણી લાવી હતી, વિશાખાએ એમાં મોઢું નાખી દીધું. તાઈ ફરીવાર ગુસ્સાની અટારી પર ચડી ગઈ. જ્યારથી બિલ્લીનાં બચ્ચાં આવ્યાં છે ત્યારથી તાઈના ધરમ-કરમ દિવસમાં સો વાર ભ્રષ્ટ થઈ જાય છે. બિલ્લીનાં બચ્ચાં ઘરમાં ગંદકી ફેલાવે છે. તાઈ ગાળો દેતી દિવસમાં સો વાર એ ગંદકી સાફ કરે છે. બિલ્લીનાં બચ્ચાં એના રસોડામાં, પૂજાઘરમાં, ક્યાં નથી જતાં ? ઉંદર ખાઈને પંજાથી મોં લૂછતાં લૂછતાં મસ્તી સાથે આવીને તેઓ તાઈના ખોળામાં બેસે છે, વૈષ્ણવી તાઈ એ વખતે આ અખાદ્ય ખાવાવાળા લલિતા, વિશાખા અને કિસન પ્રત્યે ઘૃણાથી ભરાઈ વારંવાર એની પાસેથી આઘા તગડી મૂકે છે. બચ્ચાં વારંવાર પાસે આવવાની હઠ કરે છે. હઠ કરીને લાડ કરવાનો બિલ્લીનો વિશેષ ગુણ છે. તાઈ એનાથી હારી જાય છે. હારીને બચ્ચાંને એના ખોળામાં બેસાડવાં જ પડે છે. અખાદ્ય ખાનારા ઘૃણિત બિલ્લીનાં બચ્ચાં તાઈનાં કિસન અને લલિતા-વિશાખા બનીને એના હાથમાં પડેલી કરચલીઓને ચાટે છે, ઘણીવાર તાઈનું મોં પણ એમની ખરબચડી જીભથી ચાટે છે. એનાં કિસન અને લલિતા-વિશાખા રમતમાં દોડતાં દોડતાં ક્યારેક ઠાકુરજીના સિંહાસન પર પણ છલાંગ મારે છે. પીત્તળ–તાંબુ અને પથ્થરનો બનાવેલો ઠાકુર-પરિવાર વેરણછેરણ થઈ જાય છે. તાઈ આ બધું સહન કરે છે. બીજી વાટકીમાં તાજું પાણી લેવા તાઈ બડબડ કરતી ફરી વાર ઊઠી. તારાની કરુણ ચીસો તાઈના મનમાં પિસ્તાલીસ વર્ષ પહેલાંની એના પ્રથમ અને અંતિમ પ્રસવપીડાની યાદ આપી ગઈ. તાઈ પાન બનાવતી રહી, સાંભળતી રહી. પાન બનાવ્યું, ચપટી વગાડી કૃષ્ણાર્પણ કરી મોંમાં રાખ્યું, તમાકુની ચપટી લીધી, 'જેસિરીકિસ' કહીને મોંમાં મૂક્યું; હાથ ધોયા; શાંતિથી ઊઠી, ફાનસ લીધું, ઠાકોરજીવાળી ઓરડીમાં ગઈ અને કોઠારની ચાવીનો ગુચ્છો કાઢ્યો.

વર્ષો પછી આજે તાઈની બાજુથી હવેલીના એ ભાગનું બારણું ખૂલી રહ્યું હતું જે હાલ તારાના કબજામાં હતું.

* * *

દર્દ વધતું ગયું. વર્મા કશી જ વ્યવસ્થા ન કરી શક્યો. એ અત્યારની એમની પરિસ્થિતિથી ધૂંધવાઈ રહ્યો હતો. આ જ શહેરમાં વર્માનાં માતાપિતા રહે છે, તારાનાં માતાપિતા પણ રહે છે, પરંતુ તે કોઈની મદદ મેળવી નથી શકતો. મોટા ભાગનો મહોલ્લો પણ એમના પ્રેમવિવાહને ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. અત્યારે એના પ્રેમસંબંધ પ્રત્યેની સમાજની ઘૃણાથી એનાં મનમાં જે ઉશ્કેરાટ થતો હતો તે એના પ્રેમનાં પ્રતીક પોતાના થનાર બાળકની મા તારાનું કષ્ટ જોઈને વધારે વધી રહ્યો હતો. તારાની

પ્રાણરક્ષા માટે તે બાવરો બની ગયો હતો. તારા એને એની પાસેથી ખસવા દેવા નહોતી ઇચ્છતી, પરંતુ વર્મા હઠપૂર્વક ક્યાંકથી પણ દાઈને શોધી લાવવા માટે કપડાં પહેરીને બહાર નીકળ્યો. વરંડામાં આવ્યો ત્યાં સામે, આંગણાની પેલી બાજુ રસોડાવાળા વરંડાની એ નાની ગલી, જેનાં આગળના ભાગમાં બળતણનાં લાકડાં રાખ્યાં હતાં, એ અત્યારે એક ઝાંખા પ્રકાશથી ચમકતો હતો. એક આકૃતિ ક્રમશઃ આ તરફ આગળ આવતી હતી. આકૃતિ રસોઈવાળા વરંડામાં આવી ગઈ. આકૃતિ સ્ત્રી જેવી છે – સફેદ કપડાં પહેરેલી – ચુડેલ જેવી ! આ ઘરમાં ભૂતનો વાસ મનાય પણ છે. આખા દિવસના ડરમાં આ સમયનો ડર ઉમેરાવાથી તે સામેથી આવતી તાઈને કેવળ પ્રેતના રૂપમાં જ જોઈ શક્યો. વર્માના હાથ-પગ ફૂલી ગયા. ડરથી વાચા ખમચાવા લાગી – અને એ ડર મુક્ત કંઠની ચીસ બની ગયો. વર્મા કપાયેલા વૃક્ષની જેમ વરંડામાં પડીને બેભાન બની ગયો.

પતિની ચીસે ઓરડામાં દર્દથી વિવશ પડેલી તારાને ભયના કૂવામાં ધકેલી દીધી. એ પથારીમાંથી ઊઠી ન શકી, એટલે પતિની ચીસનું કારણ જાણવાની હિંમત થઈ નહિ; પતિની ચીસે એની અંદરના ભયને વધારી દીધો. એનું કાળજુ કંપી ગયું, ગર્ભના જીવમાં પણ ઉથલપાથલ થઈ ને એનો જીવ ડૂબવા લાગ્યો. તારા કશું બોલ્યા–વિચાર્યા વિના કે પ્રયત્ન કર્યા વિના લાચાર બનીને પોતાની જાતને યમરાજના હાથમાં સમર્પિત કરવા લાગી. એનું હૃદય ડૂબ્યું; એ બેભાન થઈ ગઈ.

તાઈ જલદી જલદી આંગણું પાર કરી વરંડામાં આવી, ત્યાં સોફા પાસે વર્મા બેભાન પડ્યો હતો. પળેક એને જોવા માટે તે અટકી ને પછી ઓરડામાં ચાલી ગઈ. તારાની દશા જોઈને એના શરીરમાં વીજળી દોડી ગઈ. એનું મગજ ખૂબ જ સાવધાનીથી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર થયું. એકવડિયું ને નબળું શરીર હોવા છતાં પણ તાઈ એની હિંમતથી જગત જીતી ગઈ.

વર્મા જ્યારે ભાનમાં આવ્યો ત્યારે ઊઠીને ઓરડામાં આવ્યો. તાઈ તારાને બાળક જણાવી રહી હતી. એણે વર્માને ખૂબ મોટેથી ધમકાવીને કાઢી મૂક્યો. દૈવી સહાયતાના રૂપમાં તાઈનું અહીં આવવું વર્માને હજી પણ અકલ્પનીય જેવું લાગતું હતું. તો પણ એને હવે હિંમત આવી રહી હતી. તાઈએ અંદરથી જ એને પાણી ગરમ કરવાની આજ્ઞા આપી, ચાકુ લાવવાનું કહ્યું. વર્મા ચૂપચાપ એની આજ્ઞાનું પાલન કરતો રહ્યો. રસોડાવાળા વરંડામાં સ્ટવ સળગાવતાં એણે એના ઘરમાં અચાનક નવાગંતુકનો અજબ જેવો પહેલો સ્વર 'કુઆઁ–કુઆઁ' સાંભળ્યો.

એનું મન રોમાંચથી ભરાઈ ગયું. સાથે જ એના મનમાં તારાના જીવન માટે ભયનો સંચાર થયો. સ્ટવ સળગાવવાનું ભૂલી જઈને વર્મા દોડતો ઓરડાનાં બારણાં સુધી આવી પહોંચ્યો, પણ તાઈના ભયથી થંભી ગયો. પહેલાં હિંમત ન આવી, પણ પછી ત્યાં ઊભાં ઊભાં જ પૂછ્યું, "તાઈજી, શું થયું ?'

તાઈ ખૂબ જોરથી ખિજાઈ પડી, 'અરે પાણી ગરમ કર્યું કે નહિ! બાપ બન્યો છે અભાગિયો!'

વર્માજી કાંઈ કહેવાની હિંમત ન કરી શક્યો. ગભરાઈને રસોડા તરફ દોડ્યો.

આજે એણે તાઈના અકલ્પનીય રૂપનું દર્શન કર્યું હતું, જાણે હજી પણ એને ભરોસો નહોતો આવતો કે એમના પર જાતજાતના જાદુમંતર કરનારી, એમની સાથે વેર રાખનારી ઘૃણામયી તાઈ જ એમને આ સંકટમાંથી ઉગારવા આવી છે – આ નિષ્કામ સેવા, પારકા માટે આ પ્રેમભાવ તાઈમાં એકાએક ક્યાંથી ઉત્પન્ન થઈ ગયો એ વાત એને માટે એક રહસ્ય જ બની રહી. ઘૃણામયી તાઈ એની દૃષ્ટિમાં અત્યારે દેવી હતી – રહસ્યમયી દેવી હતી!

ઓગણત્રીસ

કન્યા અને સજ્જન આજે સવારે જ મથુરાથી પાછાં આવ્યાં છે. સ્ટેશન પર સજ્જને કન્યાને એના બંગલે આવવા માટે ખૂબ જ આગ્રહ કર્યો પણ કન્યા ન માની. એની દલીલ હતી કે કર્નલ ભાઈસાહેબને ખરાબ લાગશે. સજ્જનને પણ વધુ આગ્રહ કરવાનું ઉચિત ન લાગ્યું. ચાર દિવસ સુધી લગભગ ચોવીસે કલાક કન્યાની સાથે રહીને સજ્જન એટલું તો બરાબર સમજી જ ગયો છે કે, કન્યાને એની ઇચ્છા વિરુદ્ધ વશ કરવાનું કામ સરળ નથી. કન્યા અન્ય આધુનિક યુવતીઓથી નિરાળી છે. તે લગભગ સજ્જનની મા જેટલી જ જિદ્દી છે. સજ્જન આ છેલ્લા ચાર દિવસમાં કન્યાને મેળવવા માટે ખૂબ જ વ્યાકુળ બન્યો. એનાથી દૂર ભાગવા માટે પણ બહુ તડપ્યો – પરંતુ એની હઠ બંને કિનારા પર કન્યાની હઠ પાસે વારંવાર હારી છે. આ પરાજય એને વિજય મેળવવા માટે ખૂબ જ ઉશ્કેરી રહ્યો છે – સજ્જન એની આ ઉત્તેજનાને મનમાં દબાવી દબાવીને કન્યાની સામે સભ્ય અને સુસંસ્કારી દેખાવા માટે ઘણો વધુ પ્રયત્નશીલ છે. એના જે જંગલીપણાનો પરિચય કન્યાને થયો છે તે કલંક એ ભૂંસી નાખવા માગે છે. એ કન્યાનું હૃદય જીતવા જ માગે છે – એનો દેહ જીતવા માટે જ હૃદય જીતવા ઇચ્છે છે ... અને

કાલની જ વાત છે, સુંદરતાનો નાશ કરનારા જંગલીઓ પર જ્યારે સજ્જને રીમાર્ક કરી હતી ત્યારે કન્યા ઊંડી અર્થભરી દૃષ્ટિથી એની સામે જોઈને બોલી હતી, 'તમારી આ વાતને ક્યારેય ભૂલી ન જતા!' પોતાનાથી જ પરાજિત બનીને સજ્જન ત્યારથી જ આ વાતને ન ભૂલવા માટે પ્રયત્નશીલ છે! એણે ત્યાર પછી કન્યાને છેડવાનું તો શું, કોઈ પ્રકારની સાધારણ મજાક પણ નથી કરી. ટ્રેનમાં પણ તે કન્યાને અજંતા, આબુ, ઇલોરા, ખજુરાહો કે ચિદમ્બરમ્, મદુરા વગેરેની સુંદર શિલ્પકલાનાં વખાણ સંભળાવતો રહ્યો, સંયોગવશાત્ બે બર્થનો એકાંત કમ્પાર્ટમેન્ટ મળવા છતાં સજ્જને ખૂબ જ સંયમ સાથે એ સૌંદર્યની ચર્ચા કરી. એણે કન્યા પાસે પોતાનું એટલું સુંદર પ્રદર્શન કર્યું કે જ્યારે તે ઉપરની બર્થ પર સૂવા ગયો ત્યારે એનું મન ઘણું થાકી ગયું હતું.

આજે સવારે સ્ટેશન પર જ્યારે કન્યાએ એની સાથે બંગલે આવવાની ના પાડી દીધી ત્યારે તે મનમાં ઘણો ક્ષુબ્ધ થયો, છતાં બહાર 'એઝ યુ લાઈક' (જેવી તારી મરજી)વાળી સભ્ય મુદ્રામાં કલાકારોચિત મસ્તીનો ઢોંગ કરતો રહ્યો.

મથુરાથી તાર કર્યો હતો એટલે સ્ટેશન પર એનો ડ્રાઈવર કાર લઈને આવ્યો હતો. કન્યાને પહોંચાડવા માટે સજ્જન કર્નલના દવાખાને ગયો. સંયોગ-વશ કર્નલ મહાશય એ વખતે એમની દુકાનના પાછલા ઓરડામાં લાલા જાનકી-શરણની સાથે બેઠા હતા. સજ્જનની ઓરડી પરના ગઈ રાતના હુમલાના સમાચારે કર્નલને અત્યારે ખૂબ જ ગુસ્સો કર્યો હતો. લૂંટના સમાચારની સાથોસાથ લાલા જાનકીશરણ મહોલ્લામાં યોજાનારા ચિત્રકળા-પ્રદર્શનના આયોજનની ચર્ચા કરવા પણ એની પાસે આવ્યા હતા. કર્નલે ખૂબ જ વ્યવહારદક્ષતાથી લાલા જાનકીશરણને ઉચિત ઉત્તર આપ્યો હતો. લાલા જાનકીશરણ જતા જ હતા, ત્યાં સજ્જન અને કન્યા ત્યાં પહોંચ્યાં.

બંનેને જોઈને કર્નલનો ચહેરો ખીલી ઊઠ્યો. લાલા જાનકીશરણની આંખોમાં આ જુગલ જોડીને જોઈને અર્થભરી, ક્ષુદ્ર ચમક આવી.

કર્નલે એના નોકરને બૂમો પાડી, 'ભોલા, ગાડીમાંથી બિન્નોનો સામાન લઈને ઉપર મૂકી આવ.' લાલા જાનકીશરણે સજ્જનને કહ્યું, 'અરે, ક્યાં ગાયબ થઈ ગયા હતા છેલબિહારી? હવે પ્રદર્શનને બે જ દિવસ બાકી છે એની ખબર છે ને? અને અમે એવી જાહેરાત કરી છે કે ચારે બાજુ તમારી ધૂમ મચી ગઈ છે.'

સજ્જનને ઘણું ખરાબ લાગ્યું. પોતાને રોકવાનો પ્રયત્ન કરવા છતાં એનાથી ન રહેવાયું, તે બોલ્યો, 'જી હા, કાલે મથુરામાં અને આખે રસ્તે લોકો મને એ જ કહેતા હતા કે લાલાજીએ તમારી ખૂબ ધૂમ મચાવી છે!'

લાલા જાનકીશરણ ઝંખવાઈ ગયા. બોલ્યા, 'ઠીક ભાઈ, હવે તમે જાણો ને તમારું કામ જાણે, અમારાથી તો જે સેવા થઈ શકી તે કરી દીધી. કાલ રાત્રે બિચારા સાલિગરામ ગલીમાં પડી ગયા તેથી એમના પગનું હાડકું તૂટી ગયું છે...'

સજ્જને તરત જ અરરર કરીને કહ્યું, 'કેવી રીતે પડી ગયા?' લાલા જાનકીશરણ હસ્યા, બોલ્યા, 'સાંભળ્યું તો એમ છે ભાઈ, કે તમારી મકાનમાલિકણે એના પર કાંઈક જાદુમંતર કર્યા હતા.'

સજ્જન હસી પડ્યો, બોલ્યો, 'કેમ – કેમ? એમને સાલિગરામ પ્રત્યે...'

'તમે હમણાં જ આવ્યાં છો, જરા સ્વસ્થ થાઓ, પછી કર્નલ તમને બધી વાત સમજાવશે! ઠીક ભાઈ, જાઉં છું! રાજાસાહેબને ત્યાં જવું છે.'

'કેમ, બધું ઠીક તો છે ને?'

'અરે, આજે ચાંલ્લાનું આમંત્રણ છે ભાઈ...'

'હા, હા, હું તો ભૂલી જ ગયો હતો.' સજ્જને કહ્યું.

'આજકાલ તમે કોણ જાણે શાય વિચારોમાં રહો છો કે તમને પોતાને જ બિલકુલ ભૂલી જાઓ છો. ઠીક ભાઈ, જાઉં છું કર્નલ! જે રામજીની!' બહાર જતાં લાલા જાનકીશરણને સજ્જને કહ્યું, 'રાજાસાહેબને કહેજો કે હું હમણાં આવું છું!'

લાલા જાનકીશરણના ગયા પછી અહીંતકીંની વાતો થવા લાગી. કર્નલે કન્યાને કહ્યું, 'તારા મથુરા જવાથી ખૂબ મોટું કામ થઈ ગયું બિન્નો. હવે આજે જ તારા બાપુને ગિરફતાર કરાવું છું, અને સાલિગરામના નાકમાં એવો તો દમ લાવી દઈશ કે યાદ કરશે બેટો કે કર્નલ સાથે કામ પડયું હતું.'

સાલિગરામની વાત નીકળતાં એનો પગ ભાંગવાની અને તાઈના ટૂચકાની પણ વાત થઈ, કર્નલ એકદમ ગંભીર થઈ ગયો. એને સજ્જનને ગઈ કાલની બધી વાત અને ગઈ રાતની લૂંટનું બધું જ વર્ણન કરવું પડયું. સાંભળીને સજ્જન અને કન્યા બંનેના ચહેરા તપી ગયા. સજ્જને નક્કી કર્યું કે ઘેર જતાં પહેલાં તો એકવાર એની ઓરડીની દશા જોવા જશે.

*   *   *

એની પ્રયોગશાળાનું આ ધ્વસ્ત રૂપ જોઈને સજ્જન એનું ભાન ખોઈ બેઠો. કતલ કરેલી લાશ પડી હોય એવી એ ઓરડી લાગતી હતી. ચિત્રોના થોડા ફાટેલા ટુકડા આમતેમ વિખરાયેલા પડયા હતા. એક ખૂણામાં અડધું બળેલું નાનું ટેબલ એના બે સાબુત પાયા પર કાંગારુની જેમ ઊભું હતું. સુરાહીના

ટુકડા, ચિત્રોની ફ્રેમના કાચના ટુકડા, જે તાઈ એકઠા કરીને એક ખૂણામાં મૂકી ગઈ હતી, એને એના રોમરોમમાં ભોંકાતા લાગ્યા. ગાદલાનું રૂ આંતરડાની જેમ બહાર નીકળી પડ્યું હતું–એક પણ ચીજ સાજી રહી નહોતી! સજ્જન, કન્યા અને કર્નલ ત્રણેય ઘણીવાર સુધી ચૂપચાપ ઊભા રહ્યા. સજ્જનની આંખો એવી મોટી થઈ ગઈ હતી જાણે એ પિસ્તોલમાંથી ગોળીઓ છૂટવાની હોય.

કન્યાને સજ્જનનું એ મૌન રૂપ ડરાવવા લાગ્યું. સજ્જનને એના ક્રોધના તાપથી બચાવવા, કાંઈક કહેવા માટે તે વાક્ય અને શબ્દ શોધતી હતી, પરંતુ એ કશું જ ન કરી શકી. આ નાનકડો ઓરડો એના નવા સંસારનું પ્રવેશકક્ષ હતું. અહીં તે પહેલી વાર સજ્જનની નજીક આવી હતી. દૈનિક પત્ર 'નવજીવન'-માં નોકરી મેળવ્યા પછી હનુમાનજીનો પ્રસાદ લઈને તે અહીં આવી હતી તે દિવસ એને યાદ આવતો હતો, એણે સજ્જનને હનુમાનજીનું કંકુ ચોડ્યું હતું. પહેલી વાર 'તમે' કહ્યું હતું. અને સંકોચના પડદામાંથી ડોકાવાનું છોડીને એના મનનાં દ્વાર ખોલી તે સજ્જનની ઘણી નજીક આવી હતી. એને યાદ આવ્યું– તે દિવસે સાથે જ ઈઝલ પર સત્યનારાયણની કથાનું ચિત્ર મૂક્યું હતું, બહાર છત પર મહાકવિ બોર બેઠો હતો, ડૉક્ટર શીલા સ્વિંગ આવી હતી, ચા બની... કેવો સરસ હતો એ દિવસ? કેટલો સુંદર લાગતો હતો આ ઓરડો? એ સુંદરતાને આજે આ રીતે ધ્વસ્ત થયેલી જોઈને એને ખરેખર જ ખૂબ દુઃખ થતું હતું. ભૂતકાળના દિવસની વાતો યાદ આવી ગઈ. એણે કહ્યું, 'તમારી વાત સાચી છે...'

સજ્જને ધીમેથી એની તરફ મોં ફેરવ્યું, કર્નલે પણ જોયું, કન્યા બોલી, 'દુનિયા હંમેશાં એવા માણસોથી ભરેલી રહી છે જે સુંદરતાથી યોગ્ય રીતે પ્રભાવિત બનીને, એના પ્રત્યે શ્રદ્ધાળુ બનવાને બદલે એનો નાશ કરવામાં પણ આનંદનો અનુભવ કરે છે. મથુરાનો નાશ કરનારા ઐતિહાસિક લુંટારાથી આ લોકો કોઈ રીતે ઓછા જંગલી નથી જેમણે તારાં સુંદર ચિત્રોનો નાશ કર્યો છે!'

કર્નલે કહ્યું, 'ભાઈ, હું તો પહેલેથી કહેતો હતો કે ગલી-મહોલ્લા હવે ગૃહસ્થોને રહેવા લાયક નથી રહ્યા. એમાં મૂર્ખ લોકો રહે છે. સજ્જન એમના મનની સુંદરતા જોવા આવ્યો હતો – જોઈ લીધી સુંદરતા?'

સજ્જન ગુસ્સે થઈને બોલ્યો, 'અહીંના લોકો જો એમ સમજતા હોય કે હું એમનાથી ડરીને આ ઓરડી છોડી દઈશ તો એ વાત ખોટી છે. હું અહીં જ રહીશ. હું આ લોકોના જંગલીપણા સામે લડી લઈશ. જંગલી ક્યાંના! આ... આ...આ...અજંતા-ઈલોરાના દેશમાં રહેનારા લોકો છે? મનમાં થાય છે કે આ જંગલી લોકોના મોં પર તેજાબ છાંટીને એમને સળગાવી દઉં!'

'બાળક જેવી વાતો કરે છે. સળગાવી શકશે? એટલો ક્રૂર બની શકશે?' કન્યાની વાત સાંભળીને સજ્જને એક ઠંડો નિસાસો નાખ્યો.

કર્નલે કહ્યું, 'સજ્જન, મારો અભિપ્રાય છે કે હવે તું તારું એક્ઝીબિશન કેન્સલ કરી દે. અહીંના લોકોને તારા પર ખાર છે. તે દિવસે જો કોઈ દુર્ઘટના થઈ પડશે તો ઠીક નહિ થાય. 'હર એક્સેલન્સી' આવવાનાં છે. મોટા મોટા માણસો આવવાના છે, એમની સામે તારું અપમાન થઈ જશે.'

કન્યા બોલી, 'નહિ ભાઈસાહેબ, પ્રદર્શન ચોક્કસ કરશું! આ મનુષ્યનો દોષ નથી, એમની મર્યાદાઓની પિછાણ છે. અહીંના લોકો માટે પ્રદર્શન શિક્ષણ-પ્રસારનું માધ્યમ બને ત્યારે સજ્જનનો અહીં આવવાનો ઉદ્દેશ પૂર્ણ થશે.'

સજ્જન તપી જઈને બોલ્યો, 'હું અહીં જ રહીશ! હું આ કમબખ્તોની છાતી પર મગ ભરડીશ! આવા રીએક્શનરી એલીમેન્ટથી ડરીને ભાગવાનું સજ્જન નથી શીખ્યો!'

તાઈ એક પોટલી લઈને છત પરથી આવતી જણાઈ, એને જોઈને કન્યાએ નમસ્કાર કર્યાં. તાઈએ જવાબ ન દીધો, માત્ર એની તરફ કરડી નજરે જોવા લાગી. એણે પોટલી સજ્જનને આપતાં કહ્યું, 'કન્નોમલના પૌત્ર, આ તારાં ચિત્રો છે. હું તને આજે લાઈ બનાવી દઈશ, એટલે બધાં સાંધી લેજે.'

ક્રોધની પ્રબળ ભરતી મનના સાગર તટેથી તરત જ પાછી હટી ગઈ. તાઈની આ વાત એના મનમાં હાસ્ય પ્રગટાવતી સ્પર્શી ગઈ. તાઈની મમતા મહાપ્રલયના મનુની નાવની જેમ રક્ષણ કરવા આવી હતી. સજ્જને પોટલી લઈ લીધી. હુમલાખોરોને ગાળો દેતી તાઈ કહેવા લાગી, 'જે જે લોકોએ તારું નુકસાન કર્યું હશે એ બધા જ આઠ દિવસની અંદર નિર્વંશ જઈ જશે અભાગિયાઓ! તું હવે આ ઓરડીમાં તારો સામાન ન રાખીશ. મારા પુરુષો માટેના ઓરડામાં રહેજે!' કહેતાં કહેતાં એણે એકાએક કર્નલ અને કન્યા તરફ ઘૂરકી ઘૂરકીને જોયું ને બોલી, 'તમે લોકો બહાર જાઓ! જાઓ!'

કન્યા તરત જ બહાર ચાલી ગઈ. કર્નલને બહુ ખરાબ લાગ્યું એ કાંઈક કહેવા જ જતો હતો ત્યાં સજ્જને એનો હાથ દબાવી દીધો – કર્નલ પણ બહાર ચાલ્યો ગયો. તાઈ સજ્જનની એકદમ પાસે આવીને ધીમેથી બોલી, 'જો કન્નોમલના પૌત્ર, તું હવે લગન કરી લે. તારી વહુને સો તોલા સોનું ચડાવીશ. આ રાંડ કોણ છે? બેશરમ ક્યાંયની! ઉઘાડે માથે પુરુષોની સાથે ફરે છે!'

પહેલાં જેમ કર્યું હતું તેમ અત્યારે તાઈ પાસે જૂઠું બોલવાનું સજ્જનને ન ગમ્યું. એ મજાકને આગળ ન વધારતાં સજ્જને સાફસાફ શબ્દોમાં કહ્યું,

'તાઈજી, એ બહુ જ સારી સ્ત્રી છે. જો તમે મને હવેલીમાં રાખશો તો એ પણ આવશે.' પછી તાઈ કશું ન બોલી. એક ક્ષણ આંખમાં આંખ પરોવી એ જોઈ રહી, 'કળિયુગ આવી ગયો છે મૂઓ!... આ પણ આવશે... આવે અભાગણી આવે ને રહે એના ધણીની સાથે, મારે શું! મારી બાજુનું બારણું બંધ રાખીશ!' પછી તાઈ ઓરડામાં ન રોકાઈ, જેવી ઝડપથી આવી હતી તેવી ચાલી પણ ગઈ.

ત્રીસ

રાજાસાહેબને ત્યાં પૌત્રના ચાંલ્લાની મિજબાની ખૂબ જ ભપકાથી થઈ. એ પ્રદેશોના ગવર્નર, ત્રણ કેન્દ્રીય પ્રધાનો, બધા રાજ્ય પ્રધાનો, નાયબ પ્રધાનો, અનેક જૂના તાલુકદારો, કાનપુર, કલકત્તાના બે-ચાર કરોડપતિ સુધ્ધાં હાજર હતાં. ભારે બાદશાહી સમારંભ હતો. મહિપાલે મિજબાની વખતે એના વ્યંગોથી થોડીક કડવાશ પેદા કરી દીધી. જમ્યા પછી લૉનમાં આવ્યા ત્યારે સજ્જને કહ્યું, 'મહિપાલ, અહીં તારું મન ખૂબ જ થાકી ગયું છે. થોડા દિવસ માટે ક્યાંક બહાર જઈને આરામ કરી આવ.' મહિપાલ પણ એના મનમાં ક્યાંક આવો જ અનુભવ કરતો હતો. મિત્રની સહાનુભૂતિ અત્યારે અનુકૂળ લાગી, બોલ્યો, 'હા દોસ્ત, મારા માનસિક થાકથી ઉદ્‌ભવતું ચીડિયાપણું ક્યારેક ખુદ મને પણ ખરાબ લાગે છે. તારો ઉપાય સારો છે. સંયોગવશાત્ હમણાં મારા મામાના દીકરાનો પત્ર પણ આવ્યો છે, વિચારું છું કે આ વખતે થોડા દિવસ માટે સાંસારિક ચિંતાઓમાંથી જોરપૂર્વક મુક્તિ મેળવીને એને ગામ ચાલ્યો જ જાઉં. ...હવે ચાલ્યો જ જઈશ.'

પોતાના નિશ્ચય પર ખુશ થઈને મહિપાલે એની વિદાય પણ લઈ લીધી. એકલતા અનુભવતો સજ્જન પણ ઘેર જવા માટે નીકળ્યો ત્યાં એક જૂની પરિચિત, સજ્જનની ચમકતા તાપ જેવી કુંવારી જિંદગીમાં ઘણી વાર છાંયડો બનીને કામ આવનારી મિસિસ ચિત્રા રાજદાન મળી ગઈ. તે ઘેર પાછા જવા માટે કોઈ કારવાળાને શોધી રહી હતી. ચિત્રા કોઈની પરિણીતા નહિ, ઘણાની રખાત રહી છે. ઉંમર થતાં જલદી ઢળી જનારું એનું રૂપ-સૌંદર્ય હજી પણ આકર્ષક હતું. આ બાજુ કન્યાના ચાર દિવસના ઇનકારભર્યા સહવાસે સજ્જનની કુલીન અને કલાકારવાળી હઠપ્રવૃત્તિ તથા ભોગેચ્છાને મનમાં ને મનમાં જગાડી રાખી હતી; એક અને એક બે મળી ગયાં.

તે રાત્રે શરાબના નશામાં મનોમન, એને આ અપરાધમાં ધકેલનારી સ્વાભિમાની કન્યાને દંડ દેવા માટે એમ પણ નક્કી કરી નાખ્યું કે હવે તે ચિત્રા રાજદાન સાથે જ લગ્ન કરીને પતિતોદ્ધારનો આદર્શ બેસાડશે.

બીજે દિવસે સવારે જ રાજાસાહેબનો મોટો દીકરો જાતે આવીને એને બોલાવી ગયો. રાજાસાહેબ, લાલા જાનકીશરણ અને સાલિગરામ એના ભાંગેલા પગ પર પ્લાસ્ટર મરાવીને બેઠા હતા. રાજાસાહેબના પ્રભાવથી અને આ બંનેની ખુશામતથી, શિષ્ટાચારમાં બંધાઈને સજ્જને કન્યાના પિતાવાળા કેસમાં કશી સહાય ન કરવાનું વચન આપી દીધું. એ દિવસ સુધી તે કન્યા અને કર્નલથી ફંટાતો રહ્યો. ચિત્રા ઘરમાં જ રહી. પેલી બાજુ કર્નલ અને કન્યાએ કેસનું કામકાજ આગળ વધાર્યું. એ છાપામાં વાંચીને સજ્જનને વધારે ગુસ્સો આવ્યો. પૂરા ત્રણ દિવસ રખડપાટમાં વીતાવીને ચોથે દિવસે દિવાનજીને કેટલુંક ફર્નીચર, સજાવટ અને ઉપયોગનો સામાન તાઈની હવેલીમાં પહોંચાડવાની આજ્ઞા આપી. બપોરે એ પોતે તાઈને ત્યાં પહોંચી ગયો. લલિતા-વિશાખા અને કિસન ત્રણે એક સાથે બંધાઈને દોડતાં હતાં. તાઈએ સજ્જનને એમને પકડી લાવવા કહ્યું. સજ્જને ત્રણેને ખીલા સાથે બાંધી દીધાં.

'તાઈ, મારો સામાન આવી ગયો ?'

'હાં રે, મેં બધો સામાન બરાબર ગોઠવાવી દીધો છે. તારી બેઠક સસરાજીની બેઠકમાં જ મેં રખાવી છે. અને કેમ રે કન્નોમલના પૌત્ર, પેલે દિ કિશોરીના છોકરાની મિજબાનીમાં ગયો હતો તું ?'

'હા તાઈ.'

'પાર્ટી કેવી હતી ? સાંભળ્યું કે ઘણા લોકો આવ્યા'તા.'

સજ્જન જાણી કરીને ખોટું બોલ્યો, 'ના તાઈ, વધારે નહિ, છસો-સાતસો માણસ હતા.'

'કેટલી જાતની મીઠાઈઓ હતી ?'

સજ્જનને યાદ નહોતું. એ ઉપરાંત પણ તે અત્યારે નકામા સવાલ-જવાબથી બચવા માગતો હતો, બોલ્યો, 'ગણતરીમાં ઘણા ટુકડા હતા તાઈ, પણ ખાસ કાંઈ હતું નહિ.'

થોડી વાર ચૂપ રહીને તાઈ બોલી, 'કન્નોમલના પૌત્ર, તું લગન કરી લે. એવડો મોટો જમણવાર કરીશ કે રાંડના કાળજામાં આગ લાગી જશે. બોલ, પાકું કરું ? છોકરી તને બતાવી દઈશ, ખૂબ સુશીલ છે.'

સજ્જન આ સમસ્યામાંથી બચવા ઇચ્છતો હતો, બોલ્યો, 'તાઈજી, મારા જન્માક્ષરમાં લખ્યું છે કે જો હું બે વર્ષની અંદર લગ્ન કરીશ તો મારું મોત થશે.'

સાંભળીને તાઈ સ્તબ્ધ થઈ ગઈ, પછી બોલી, 'જન્મકુંડળી સારી રીતે મેળવાવી આપીશ. જેની કુંડળીમાં પૂરું સૌભાગ્ય હશે એને જ...' પછી જાણે કોઈ રહસ્યમય વાત કહેતી હોય એમ ધીમેથી બોલી, 'કન્નોમલના પૌત્ર, કોઈનું કારજ કરવાની મારા મનમાં ખૂબ જ ઇચ્છા છે. એ રાંડ વિચારતી હશે કે એને તો પુત્ર, પૌત્ર છે, ચલાવી ચલાવીને સૌને ચલાવ્યા છે. અરે, હવે હું પણ આ છોકરાની છઠ્ઠી કરીશ, પછી તારા...'

ત્યાં જ તાઈ એના ઘરની સાંકળ ખખડતી સાંભળીને ત્યાં ચાલી ગઈ. સજ્જન ડેલીની બહાર ગલી તરફ આવ્યો. લાલા જાનકીશરણ એમના વરંડામાં બેઠા બેઠા ફુગ્ગાવાળાને પૈસા ચૂકવતા હતાં. એને જોતાં જ બોલ્યા. 'તાઈને ખોળે બેસી ગયા ભાઈ ?'

સજ્જન અત્યારે મજાકનો જવાબ દેવાના મૂડમાં નહોતો. લાલા જાનકીશરણને જોઈને તે સંકોચ પામ્યો. લાલાજી બોલ્યા. 'આવો–આવો, બે મિનિટ બેસો ! અરે, આવો તો ખરા !'

સજ્જનને એના ઓટલા પર જવું પડ્યું. લાલા જાનકીશરણ બોલ્યા, 'છોકરાં ભલે વડીલોને ભૂલી જાય, પણ વડીલો તો વડીલો જ રહેશે. હા, રાજાસાહેબને આજનું છાપું જોઈને દુઃખ જરૂર થયું છે. દિવસે એમનો ટેલીફોન પણ આવ્યો હતો.'

લાલા જાનકીશરણ વધુ કાંઈ કહે તે પહેલાં જ સજ્જન બોલી ઊઠ્યો, 'એમાં મારો કોઈ હાથ નથી લાલાજી. હું આ મામલામાં નથી.'

'પરંતુ કર્નલ...'

'આ મામલામાં કર્નલે મને કશું પૂછ્યું નથી.'

'હા – હા – હા ! તો વાત એમ છે !'

સજ્જનને લાલા જાનકીશરણનું આ હાસ્ય અને વાત ઘણાં ખરાબ લાગ્યાં પરંતુ અત્યારે એ પોતે પોતાને અપરાધી લાગતો હતો એટલે કાંઈ ન બોલ્યો. લાલા જાનકીશરણે વાત આગળ વધારી, કહેવા લાગ્યા, 'ભાઈ, મને પાંસઠમું વરસ ચાલે છે. સંવત ચુમ્માલીસમાં મારો જન્મ છે. તારા બાપ મારાથી ઘણા નાના હતા. હવે હું તને શું કહું ? તું તો ભગવાનની દયાથી આટલું નામ પામ્યો છે. દરેક રીતે સમજદાર છે. બસ. ઈશારામાં જ તને વાત કહેવાનો મારો ધરમ છે – શોખ બધા કરો, પરંતુ પોતાની જાતને સંભાળી રાખો. નગીનચંદને પણ મારા

તરફથી આ જ શિખામણ આપજે. જે છોકરી સગા બાપની નથી તે બીજા કોઈની થઈ શકે ભાઈ!'

સજ્જન ચૂપ રહ્યો. કન્યા વિશે લાલાજી જે માન્યતાઓ બાંધતા હતા તે એની દૃષ્ટિએ અસત્ય હોવા છતાં પણ અત્યારે એનો વિરોધ કરવા માટે પ્રેરતી નહોતી. પ્રદર્શન વિશે વાતો થઈ. લાલા જાનકીશરણે એમના બંને મોટા ઓરડા એને બતાવ્યા. ઓરડા ચિત્રોના પ્રદર્શન માટે યોગ્ય નહોતા, એમાં પૂરતું અજવાળું નહોતું. સજ્જને વીજળીવાળાને બોલાવી લેવાનું લાલાજીને કહ્યું. બીજે દિવસે સવારે આઠ વાગે અહીં આવવાનું પાકું કરીને સજ્જન તાઈની હવેલીમાં પાછો આવ્યો. ઓરડામાં કન્યા બેઠી હતી; એને જોતાં જ સજ્જન અક્કડ થઈ ગયો. એને કશું કહ્યા વિના તે એક આરામખુરશી પર બેઠો ગયો. મોં બીજી બાજુ ફેરવી લીધું.

કન્યાએ પૂછ્યું, 'નારાજ છો?'

'......'

'નારાજ થવા જેવું કશું થયું તો નથી...'

'મારી શી હિંમત કે હું તમારાથી નારાજ થાઉં?'

'મને સ્વપ્નમાં પણ કલ્પના નહોતી કે તું અન્યાયનો પક્ષ લેશે.'

સજ્જન ચિડાઈ ગયો; બોલ્યો, 'હું ન્યાયનો પક્ષ લેવા માટે જ બદનામ છું,'

'તો પછી...'

'હું હવે આમાં તારો અન્યાય જોઉં છું.'

'શું?'

શુંનો ઉત્તર શોધવા છતાં સજ્જનને ન મળ્યો. કન્યા બોલી, 'હું મારા પિતા સાથે અન્યાય કરું છું? શું તું હવે એ ઉચિત સમજે છે કે સ્ત્રીએ સર્વદા દલિત રહેવું જોઈએ?'

સજ્જન એની સુધબુધ ખોઈ બેઠો. ચિડાઈને બોલ્યો, 'જી ના. સ્ત્રીને હવે કોણ દલિત કહી શકે છે ભલા; દયાશે પુરુષ...'

સજ્જન, તર્કથી વાત કર, શા કારણે ક્રોધ આવી ગયો છે? શું મેં તને કોઈ પ્રકારનો દગો દીધો છે? શું આ વાત હું તારે ત્યાં પહેલીવાર આવી હતી ત્યારે જ સ્પષ્ટ નહોતી થઈ ગઈ?'

'મને એ વાતની ફરિયાદ નથી. મારી ફરિયાદ તો એ છે કે જ્યારે મેં તને ના પાડી હતી ત્યારે ચાર દિવસ શું તું રોકાઈ નહોતી શકતી?'

'સજ્જન, તારી પાસે મોટા મોટા માણસોની લાગવગ પહોંચી; મારા પિતાને બચાવવા માટે નહિ પરંતુ સાલિગરામની આબરૂ માટે! હું શા માટે માનું? સાલિગરામનું અપમાન થાય કે કોંગ્રેસવાળા બદનામ થાય એનો દોષ મારા પર શા માટે આવે?'

'મિસ વનકન્યા, હું તમારી પોલિટિકલ ચાલને બરાબર સમજી ગયો છું અત્યાર સુધી...'

'સજ્જન, સાચી વાત શી છે તે તું સારી રીતે જાણે છે. કોઈ રીતે મારે ચર્ચા નથી કરવી.'

'અને હું પણ ચર્ચા કરવા નથી માગતો.' કહીને સજ્જને ફરીથી મોં ફેરવી લીધું. કન્યા પાટ પરથી ઊઠીને સજ્જનની પાસે આવી; આરામખુરશીની પાસે આવીને ઊભા રહેતાં જ સજ્જનના માથા પર હાથ રાખીને એણે પૂછ્યું, 'હવે નહિ બોલે?'

'ના.'

'ક્યાં સુધી?'

'હંમેશને માટે!'

'ન બોલતો, હું તો બોલીશ!'

વનકન્યાના હાથનો સ્પર્શ સજ્જનને ઉત્તેજિત કરતો હતો. આ ઉત્તેજના જ અત્યારે સજ્જનને માટે એથી પણ વધારે ગુસ્સો કરાવનારી બની ગઈ. વનકન્યાનો સ્પર્શ સુખદ અને શીતળ હતો, ઓછામાં ઓછું એને એવું લાગી રહ્યું હતું. એ સ્પર્શ કન્યાના અંતરની બધી જ 'પવિત્રતા' જાણે કે એને સોંપી રહ્યો હતો. સજ્જનના અંતરની અપવિત્રતા ચિડાઈ પડી, પવિત્ર-અપવિત્રની ભાવના સજ્જનના મનમાં એકદમ સ્પષ્ટ હતી. એની સાથોસાથ તે પોતાની અપવિત્રતાને જ પવિત્ર માની વનકન્યાની પવિત્રતાને અપવિત્ર ઠરાવી દેવાની જીદ કરતો હતો. સજ્જન અચાનક બેઠો થઈ જઈને બોલ્યો, 'આ તું મને નથી કહેતી, મારા પૈસાને, મારી આબરૂ અને પ્રસિદ્ધિને...'

'બીજીવાર સાંભળું છું!'

'તું હંમેશાં જ બેશરમ બનીને આને સાંભળતી રહીશ!'

વનકન્યાનો ચહેરો એકવાર તપી ગયો, પણ પછી સંયત સ્વરે બોલી, 'જે દિવસે મને ખાતરી થશે કે તું ખરેખર જ આવું સમજે છે તે દિવસથી મારું મોં નહિ બતાવું!' કહીને કન્યા ખસી ગઈ.

'કન્નોમલના પૌત્ર!'

'હું, તાઈજી !'

'સાંભળ, આ જે તારી છે ને તેને કહી દે કે તારાના છોકરાની ફોઈ બનીને છઠ્ઠીનું પૂજન કરી આવે. જેવા પેલા અભાગિયા અધરમા છે તેવા જ આ છે! અને એને માટે ફોઈ હું ક્યાંથી લઈ આવું !'

સજ્જને તરત જ અધિકાર સાથે કન્યા તરફ જોઈને કહ્યું. 'હા, હા, તાઈજી !'

કન્યા પણ તરત જ બોલી, 'જરૂર બનીશ તાઈજી, પરંતુ હું અધર્મી નથી તાઈજી !' કન્યાએ મજાક કરવાનો પ્રયત્ન કર્યો.

ગલીનો એક કૂતરો અંદર ઘૂસી આવ્યો. ઓરડાના બારણામાં ઊભેલી તાઈની નજર પડી; 'હટ !' કરતી તે એની પાછળ દોડી. કૂતરું ગભરાઈને ફાટક તરફ જવાને બદલે વરંડા તરફ દોડ્યું. તાઈ ગરજી ઊઠી, 'અરે તારું સત્યાનાશ જાય નખોદિયા ! અરે પકડો, મારા ઘરમાં ઘૂસી ન જાય. મારાં લલિતા-વિશાખા...'

એ પહેલાં જ સજ્જન વરંડામાં દોડી ગયો અને પાછળ પડીને કૂતરાને ત્યાંથી ભગાડ્યું. કૂતરું આંગણું વટાવીને સીધું ફાટક તરફ દોડ્યું. સજ્જન ફાટક બંધ કરવા ગયો. મોટા નકશીદાર બારણાં બંધ કરતાં અચાનક એની નજર ગલીમાંથી પસાર થતા બાબા રામજી પર પડી.

'બોલો રામ ભગતજી.' બાબાજી એમના દાંતવિહોણા બોખા મોંથી હસ્યા. એમની ઝીણી ઝીણી આંખો સ્નેહની ચમકથી ભરાઈ ગઈ. સજ્જન જાણે ચોરી કરતાં પકડાઈ ગયો હોય એમ એમને જોઈને ગભરાઈ ગયો. બાબાજી ફાટક તરફ આગળ આવ્યા, એમની પાછળ એમની જાડી લાકડી અને તુંબડી લઈને મુંડનવાળો લંગોટધારી ચેલો પણ હતો. એમના આવ્યા પછી સજ્જને બારણાં અટકાવ્યાં અને એમની પાછળ પાછળ ચાલ્યો. વરંડામાં ઊભેલી તાઈએ એક વેશધારી સાધુને જોઈને તરત જ એમનાં ચરણમાં પોતાનું માથું નમાવી દીધું.

'સુખી હો, સુમતિ હો, શાંતિ હો !'

'મહારાજ, ક્યાંથી પધાર્યા ?'

'રામજીના ઘેરથી આવ્યો છું રામ ભક્તાણી, જ્યાંથી તું આવી છે !'

'અરે, એ તો બધા જાણે છે મહારાજ, હું તો પૂછું છું કે...'

'તમે તો ગાંડાઓની સારવાર કરો છો, ખરું ?'

'હા બેટી, હું ગાંડાઓની સારવાર કરું છું. જ્યાં ગાંડા હોય છે ત્યાં હું એમની સેવા કરવા પહોંચી જાઉં છું. કેમ, ખરુંને રામજી !'

સજ્જનને લાગ્યું કે આ વાત એના માટે જ કહેવાઈ છે. એ માથું ઝુકાવીને ચૂપ રહ્યો.

'ઠીક...ઠીક, આપ જ છો, મેં ગોકુલદ્વારામાં સાંભળ્યું હતું! તો એમ કહોને કે કનોમલનો પૌત્ર તમને પહેલેથી જ ઓળખે છે.'

'અરે, આ રામજી છે, એ કોને નથી ઓળખતા, શું નથી જાણતા? એનાથી મોટું સત્યને જાણનારું છે કોણ?'

સજ્જન એમ જ માથું નમાવીને બેઠો રહ્યો, બાબાજીએ એકવાર કન્યા તરફ નજર નાખીને પછી નાઈને પૂછ્યું, 'તારી દીકરી છે રામ ભક્તાણી?'

'મારી શું કામ હોય રાંડ!'

'અરે તારી જ તો છે રામ ભક્તાણી! તું એનું સો તોલા સોનું લઈને બેઠી છે. એટલે ગાળો દે છે!'

'મેં કોઈની પૈસાભાર ચીજ પણ લીધી નથી. હા, સો તોલા સોનું હું આને (સજ્જન તરફ જોઈને) – એની વહુને આપીશ, જો એ હું કહું એની સાથે લગન કરશે તો.'

'અરે લગન કરાવ્યા વિના દઈ દે રામ ભક્તાણી.'

'ના બાબાજી!'

'પરોપકાર થશે રે. એ જો ચોરાઈ જાત તો શું કરત?'

'મારે ઘેર ચોરી થયાની ખબર તમને પણ મળી ગઈ હતી બાબાજી?'

ખરેખર તારા ઘેર ચોરી થઈ ગઈ છે રામ ભક્તાણી? અરે, હું તો અમસ્તો જ કહેતો હતો, ઉદાહરણ આપતો હતો.' કહીને બાબાજી મોટેથી હસી પડ્યા. પછી બોલ્યા, 'ઠીક! તો ચોરી થઈ ત્યારથી જ રામ ભક્તાણીને મનમાં વિચાર આવ્યો કે સો તોલા સોનું કોઈકને આપી દે!'

'હા બાબાજી, વાત તો સાચી છે.' કહેતાં નાઈનો ખિન્ન ચહેરો, ચમકતી આંખો અને કાળા કાળા ઠૂંઠા જેવા દાંત ખીલી ઊઠ્યા. પછી બોલી, 'મારું કોણ છે? અને નથી મારે મરીને નાગ-નાગણનું જોડું બનીને બેસવું. નાગ ને નાગણ તો પેલા જ બનશે રાંડના (ડાબા હાથની હથેલીમાં જમણા હાથના ટપાકો આપી હથેળી હવામાં ઉડાવી) હું તો મહારાજ, જ્યારે મરીશ ત્યારે વૈકુંઠમાંથી વિમાન આવશે અને મને લઈ જશે, જોઈ લેજો.'

'અરે રામ ભક્તાણી, તું જરૂર જશે! તારે માટે તો શ્રી કૃષ્ણ ભગવાન વૈકુંઠમાંથી સ્પેશિયલ વિમાન મોકલશે! તેઓ તારાથી પરમ પ્રસન્ન છે! તેઓ વિચારે છે કે ક્યારે રામ ભક્તાણી વૈકુંઠમાં આવે ને ક્યારે હું એની લાકડી

લઈને ભાગું!' બાબાજી પાછા ખિલખિલાટ કરતા હસી પડ્યા. આ વાત પર બધાને હસવું આવી ગયું. તાઈને પણ ખરાબ ન લાગ્યું, તે ચૂપ થઈ ગઈ.

બાબાજી પીઠ ફેરવીને સજ્જનને જોવા લાગ્યા. સજ્જન નિસ્તેજ બનીને બેઠો હતો. બાબાજીની સામે તે જોઈ શકતો નહોતો. બાબાજી બોલ્યા, 'પોતાના વિજયના દિવસે ભારે મૌન ધારણ કરી લીધું છે રામજી?'

'બાબાજી, સાંભળો, 'તાઈ બાબાજીને ઈશારો કરીને બોલાવી જરા દૂર લઈ ગઈ અને ધીરેથી પૂછ્યું, 'જંતરમંતર જાણો છો બાબાજી?'

'હા રામ ભક્તાણી. અંખિની, શંખિની, ડંખિની જેને કહો તેને ઉતારું!'

'બાબાજી, મારી શોક્યના પૌત્રને બરાબર એનાં લગન વખતે જ મારી નાખો!'

'તેથી શું થશે રામ ભક્તાણી?'

'મારા કાળજામાં એક આગ છે, શોક રાંડનો વંશ ચાલશે. મારી દીકરી ન રહી, નહિ તો મારો વંશ ચાલત. (ધીરેથી) ભગવાનનું દીધેલું મારી પાસે ઘણું છે બાબાજી. જો એમ કરી દેશો તો ઠાકુરજીનાં ચરણોના સોગંદ, મારું બધું જ તમને આપી જઈશ. – બસ, સો તોલા સોનું મેં કન્નોમલના પૌત્ર...'

'હું કહું રામ ભક્તાણી? તું હમણાં જ કોઈ ભારે મોટો ઉત્સવ કરી નાખ! બસ, આ જ રામજીને, અને આ ઊભાં સીતાજી...'

'એવી બધી ખોટી ખુશામત નહિ કરું મહારાજ! તમને સાચું કહું છું, મને આ બેયની જેટલી ફૂટી આંખેય સારી નથી લાગતી, ન જાત ન ધરમ! હમણાં મારા ઘરમાં એક રાંડ એવી જ ઘૂસી આવી છે. બીજી જાતમાં અંગરેજી લગન કરીને બાળક જન્મવા આવી અભાગણી મારી હવેલીમાં. બસ, અંગરેજી ભણી લીધું, નહિ વિવેક, નહિ બુદ્ધિ. ભોગવવું મારે પડયું. હું ન હોત તો બાળકની છઠ્ઠી પણ ન પૂજાત.'

તાઈ જોરજોરથી એનું આ ભાષણ કરતી હતી. કન્યા અને સજ્જન ઓરડામાં ઊભાં હતાં. બાબાજીનો ચેલો તુંબડી અને દંડો લઈને મૂર્તિની જેમ ઉભડક બેસીને લાળ ટપકાવતો હતો. તાઈ જોશમાં હતી, આગળ કહેવા લાગી, 'મને કોઈનો ડર નથી. આ કન્નોમલના પૌત્રે મારા પર એક ઉપકાર કર્યો છે તેથી હું પણ એનું સાચવું છું. એના પિતાને, દાદીને, માને મેં જોયાં છે. મારા સસરાના સમયથી અમારો ને એમનો ઘરનો સંબંધ છે. એટલે જ કહું છું કે તું આ બધી પંચાત છોડીને મારી મરજી પ્રમાણે લગ્ન કરી લે. બધો ખર્ચ હું ઉપાડીશ. મારા મનની મોટી આશા અધૂરી છે, મારે પણ પૌત્રો હોત. કોઈનું મુંડન કરાવત, કોઈની જનોઈ કરાવત, મારે ઘેર ચાંલ્લા થાત...'

વર્ષો પછી – કોણ જાણે કેટલાં વર્ષો પછી તાઈની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. બાબા રામજીનો કસરતી દેહ ટટાર થયો; એમનું વૃદ્ધ મુખ ક્ષણેક માટે ગંભીર થયું, ઝીણી ઝીણી આંખો સ્થિર થઈ અને તેઓ બોલ્યા. 'રામ ભક્તાણી, તું સીતા-રામજીનાં લગ્ન કરી નાખ! મારા રામજી, તારી સીતાજી! ખૂબ વાજતે-ગાજતે, ધૂમ-ધડાકા સાથે જાન કાઢીશું! દિલની ઇચ્છાઓ પૂરી કરી લે રામ ભક્તાણી, સીતાજીથી વધુ સારી બીજી કઈ કન્યા મળશે?'

તાઈ ગંભીર બનીને સાંભળી રહી હતી; એના ચહેરા પરથી લાગતું હતું કે વાતનો પ્રભાવ પડ્યો છે; પરંતુ પછી ચોંકીને બોલી, 'જો તમે આ છોકરીને સીતા કહીને મારી દીકરી બનાવવા ઇચ્છશો તો...'

'અરે ના રામ ભક્તાણી. ઊંચી જાતની મૂર્તિઓ લાવીશું ને પ્રતિષ્ઠા કરીશું. પછી હું મારા દીકરાને લઈ જઈશ. તું તારી દીકરીની સગાઈ મારા દીકરા સાથે કરવા માટે કહેણ મોકલજે!'

'હું સીતા-રામનાં લગ્ન નહિ કરું.'

'કેમ બાઈ રામ ભક્તાણી?'

'ના મહારાજ, એમાં ફરિયાદની વાત થઈ જાય. હું રાધા-કૃષ્ણનાં લગ્ન કરીશ.'

'અરે, પણ રાધા તો ચિરકુમારી સોહાગણ છે રામ ભક્તાણી!'

'તો હું આ વખતે એમનાં લગ્ન કરી જ નાખીશ. ચાલો. તમે આવી ગયા તે બહુ સારું થયું.'

'હા, પણ એમ ન સમજતી કે હું ફોગટનો આવ્યો છું રામ ભક્તાણી! મારા રામજી દહેજમાં તારી પાસેથી ઘણું બધું માગશે! એક તો તારે કન્યા-પાઠશાળા ખોલવી પડશે. અને બીજું અમારા સાંઢાઓ માટેના આશ્રમમાં એક ઓરડો બંધાવવો પડશે!'

'સારી વાત છે. મંજૂર. આપીશ!' કહીને તાઈએ બાબાના ચરણસ્પર્શ કર્યા, 'અચ્છા જાઉં, મારે ગોકુલદ્વારા જવાનો સમય થયો છે...' પછી કન્યા તરફ ફરીને, 'અચ્છા તો સાંભળ, છોકરાની છઠ્ઠીને દિવસે તું આવી જજે. ફોઈનું બધું દાપું આપીશ. તમે પણ આવજો મહારાજ. એ દિવસે બ્રહ્મભોજન કરીશ. ગમે તેનો હોય મૂઓ – મારા સાસરાની હવેલીમાં કોણ જાણે કેટલાં વર્ષ પછી કોઈ બાળકની નાળ ગડાઈ છે.'

તાઈ ઝડપી ચાલે વરંડામાં થઈને પોતાના નિવાસ તરફ ગઈ. તાઈના ગયા પછી બાબા રામજીએ સજ્જન, કન્યા અને પોતાના પાગલ રોગી ભણી જોયું. એ જડભરત એક હાથમાં તુંબડી અને બીજા હાથમાં મોટી સોટી લઈને બેઠો

બેઠો લાળ ટપકાવતો હતો. બાબાજી તરત રોગીની પાસે ગયા, 'કેમ રામ ભગત?' પાગલે ફિક્કા સરળ સ્મિત સાથે લાળ ટપકાવતાં ધીમા સ્વરે કહ્યું, 'હાં બાબાજી!'

કન્યા તરફ જોઈને બાબાજીએ કહ્યું, 'દીકરી, થોડું પાણી લઈ આવ.' કન્યા ઓરડામાં નજર દોડાવવા લાગી. સજ્જન પણ હસ્યો, પરંતુ કેવળ હસીને જ રહી ગયો. ઓરડાના બીજા છેડે ઘોડી પર રાખેલો ઘડો કન્યાએ જોયો. એ ત્યાં ગઈ. બાબાજીએ સજ્જનને કહ્યું, 'રામજી, હું તો સમજતો હતો કે તમે રામજી છો! હા–હા તમે તો સજ્જન છો!'

સજ્જન પર ઘડાઓ ભરી–ભરીને ઠંડું પાણી રેડાતું હતું.

એકત્રીસ

રાત્રે લગભગ સાડા આઠે દુકાનેથી ઘેર જતાં પહેલાં કર્નલ કન્યાને મળવા ગયો. ઓરડાનાં બારણાં બંધ હતાં, બારણાંની તિરાડોમાંથી ગળાઈને પ્રકાશ બહાર આવતો હતો. કર્નલે બારણાં પર ટકોરા માર્યા.

'કોણ?' કન્યાના અવાજમાં વધારે એનાં આંસુ જ ગભરાઈને બહાર આવ્યાં. કર્નલની સામે આખી પરિસ્થિતિ આવી ગઈ. એ પહેલાંથી પણ વધુ ગંભીર બની ગયો. જવાબમાં એણે કહ્યું, 'બિન્નો.'

અંદર ખુરશી ખસી, એક ક્ષણની શાંતિ પથરાઈ, પગલાંનો અવાજ પાસે આવ્યો, સાંકળ ઊઘડી. પ્રકાશ પાછળ હોવાને કારણે કન્યાનો ચહેરો ધૂંધળો દેખાયો. કન્યાનું ધૂંધળુ માનસ જ અત્યારે એનાં મુખમંડળની આભા બનીને પ્રગટ થતું હતું. સાંકળ ઉઘાડીને કન્યા પાછી ફરી ખુરશીની પાસે ઊભી રહી ગઈ. સામેની ખુરશી પર કર્નલ બેસી ગયો. કર્નલની આંખો નીચી હતી, ચહેરો વિચારમગ્ન, કન્યા સામેની ખુરશી પાસે ચૂપચાપ ઊભી હતી.

કર્નલે મૌનનો ભંગ કર્યો, 'બેસ બિન્નો!'

કન્યા બેસી ગઈ.

પછી કર્નલે પૂછ્યું 'સજ્જનને મળી હતી?'

'હા!'

'તાઈની હવેલીમાં એનો સામાન આવી ગયો હતો…'

'આવી ગયો.'

પાછું મૌન.

કર્નલે પ્રાસ્તાવિક વાત પછી પણ મૂળ વાત પૂછી, 'ખૂબ નારાજ હશે?'

કન્યા ચૂપ રહી, આંસુ પર કાબૂ રાખી માથું નમાવીને બેસી રહી.

પોતાના મિત્ર વતી ચોખવટ કરતો હોય એમ કર્નલે કહ્યું, 'મૂળમાં રાજાસાહેબે કહેલું તેથી એને ખરાબ લાગ્યું...પરંતુ દરેક જગાએ સજ્જનતા નથી ચાલતી, માણસને માટે વાતની પણ કિંમત હોય છે. ...ખેર, તું ફિકર ન કર બિન્નો, બે દિવસ પછી મૂડ ઠંડો થઈ જશે એટલે એ એની મેળે જ કહેશે કે કર્નલ આ તેં સારું કામ કર્યું. હું એને જાણું છું ને! 'કર્નલે હસીને વાતની ગંભીરતાને હળવી કરી નાખવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વાતાવરણ ભારે રહ્યું.

ત્યાર પછી ફરી ઓરડામાં મૌન છવાયું. અપેક્ષાથી વધુ વાર લંબાયું. કર્નલે ઓરડામાં એક નજર નાખીને કહ્યું, આજે તેં રસોઈ નથી કરી બિન્નો?'

કન્યા ચૂપ રહી.

'તને મન ન થતું હોય તો હું હમણાં જ બનાવડાવીને મોકલી આપું છું.'

'ના ભાઈસાહેબ!'

'ચિંતા ન કર બિન્નો, હું તને ખાતરી આપું છું કે બધું બરાબર છે... ને આ ખાટામીઠા અનુભવો તો થયા જ કરે છે એની મારી!' વાત પાછી શાંત પડી ગઈ. કર્નલ ફરી વાત શરૂ કરતાં કહ્યું, 'એક વાત પૂછું?'

'જી'.

'તમારા બંને વચ્ચે કાંઈ નક્કી થઈ ગયું છે?'

'.........'

'જો બિન્નો, દુનિયા ભારે કઠિન છે અને હું સાફસાફ કહું છું કે સ્ત્રીઓનો પ્રશ્ન ભારે નાજુક બની જ જાય છે. તું ગમે તેટલી સ્વતંત્ર હો પણ...તું સજ્જન સાથે લગ્ન કરવા માગે છે? મને ચોખ્ખેચોખ્ખું કહી દે.'

કન્યા માથું નીચું રાખી અંગૂઠો જમીન પર ઘસવા લાગી. કર્નલે ફરી પૂછ્યું, 'તમારી વચ્ચે કોઈ એવી વાતચીત થઈ છે? બોલ?'

'હા.'

'લગ્નની વાત થઈ છે?'

'હા.'

'ક્યારે, હમણાં તાજેતરમાં?'

કન્યાએ ડોકી હલાવી સંમતિ દર્શાવી.

'તને એણે શું કહ્યું હતું? – અત્યારે મારી પાસે સંકોચ ન કર. લગ્ન ક્યારે કરશે એવું કશું કહ્યું હતું?'

'મથુરામાં નક્કી થયું હતું કે અહીં આવીને તરત જ તૈયારી થશે.'

'તો પછી કરું તૈયારી? વાત એમ છે બિન્નો કે હું આ પ્રશ્નમાં બહુ મોડું કરવા નથી માગતો. સજ્જન એક વાર પકડમાં આવી જશે પછી બધું બરાબર થઈ જશે.'

'હું કોઈ પર બોજ઼ેન થવા નથી માગતી ભાઈસાહેબ!'

'આમાં બોજ઼ે થવાનો તો કોઈ સવાલ જ નથી! કદાચ તને એટલો તો ખ્યાલ આવી ગયો હશે કે સજ્જન દૂધે ધોયેલો માણસ ન હોવા છતાં ખરાબ માણસ નથી.'

કર્નલ ચાલ્યો ગયો. એના ગયા પછી કન્યાએ બારણાંની સાંકળ વાસી અને અશક્ત બનીને પલંગ પર પડી. અત્યારે પોતે ઠગાઈ હોય એવો અનુભવ કરતી હતી, થાક અનુભવતી હતી, હાર થઈ હોય એવો અનુભવ કરતી હતી. બીજે દિવસે વહેલી સવારે જ કર્નલ સજ્જનને ત્યાં પહોંચી ગયો. ઓરડામાં ચિત્રાને જોઈને એના મનને ધક્કો લાગ્યો. પણ ગંભીર રહ્યો. સજ્જન પણ સાબિતી સાથે પકડાઈ જનાર ચોર જેવો થઈ ગયો. તેઓ ડ્રોઈંગરૂમમાં ચાલ્યા આવ્યા. બંને ચૂપ બેસી રહ્યા. થોડી વારમાં ચા આવી. કર્નલ બોલ્યો, 'સાંભળો સાહેબ, બેવકૂફી કરવાની પણ એક ઉંમર હોય છે! આપની આ આર્ટિસ્ટગીરી હવે બિલકુલ જ સહન નહિ કરી શકું!'

સજ્જનને પણ ગુસ્સો આવવા લાગ્યો. એને ધમકી સહેવાનું જરાય ગમતું નહોતું, એ બોલ્યો, 'હું હવે બાળક નથી...'

'તું તો બાળકથી પણ બેદ છે... તું જાનવર છે જાનવર! સાલા આર્ટિસ્ટ બને છે, ...ઈન્ટેલેક્ચ્યુઅલ બને છે?'

'કર્નલ, હું અત્યારે ખૂબ જ સિરીયસ મૂડમાં છું?'

'હું પણ ખૂબ જ સિરીયસ મૂડમાં છું સજ્જન! તું એક બાજુ તો છાપામાં મહાન બને છે ને બીજી બાજુ તારો તારા પર જરા પણ કાબૂ નથી?'

સજ્જન ચૂપ રહ્યો. એની ભ્રમરો સંકોચાઈ ગઈ. મુકુર એક પ્લેટમાં દૂધિયું લાવીને ટેબલ પર મૂકતો હતો, કર્નલે ચિડાઈને કહ્યું, 'લઈજા, કશું નથી જોઈતું મારે અત્યારે!' મુકુર પ્લેટ ઉપાડીને ચાલ્યો ગયો. કર્નલે કહ્યું, 'એક બાજુ એક ખાનદાન છોકરી સાથે પ્રેમનો ઢોંગ કરે છે, લગ્ન કરવાનું વચન આપે છે, સ્ત્રીના અધિકારો માટે મારી પાસે સિફારસ કરવા આવે છે ને બીજી બાજુ ઘરમાં સાલી... સાલી રંડીને છુપાવીને રાખે છે!'

સજ્જને એક વાર આંખ ઊંચી કરીને કર્નલ સામે જોયું, બંનેની નજર મળી. સજ્જનની નજર નીચી થવા લાગી પણ એણે જોરપૂર્વક ઊંચી રાખી. કર્નલે કહ્યું, 'અત્યારે એ ક્યાંક બિન્નોની નજરે પડી જાત તો એ બિચારી ના શા હાલ થાત?'

'હું દુનિયાથી છુપાવીને કશું કામ નથી કરતો!'

'ભારે પવિત્ર ને નિખાલસ બને છે! પવિત્ર ને સાફ દિલના હોવાનો અર્થ શો થાય છે તે જાણે છે? કેવી રીતે જાણે? દુનિયાની સામે મહાનતાનું નાટક કરશો ને ઘરમાં...'

'કર્નલ, હું ચિત્રા સાથે લગ્ન કરીશ!'

કર્નલ જાણે પહાડના શિખર પરથી ગબડી પડ્યો. એક સેકન્ડ સુધી એને જોઈ રહ્યા પછી એણે કહ્યું, 'તેં બિન્નોને વચન આપ્યું છે!'

'મેં મારો વિચાર બદલી નાખ્યો છે.'

'કેમ?'

'કેમનો સવાલ નથી.'

'સવાલ શા માટે નથી સાહેબ? આપે એક ભલી છોકરીને વચન આપી દીધું છે!'

'વચન જરૂર આપ્યું હતું, પરંતુ મેં એની સાથે કશી બુરાઈ નથી કરી!'

'બૂ...રાઈ નથી કરી! જાણે એ આપના જ કાબૂની વાત હોયને! જેમનાં દેહ જ ગંદકીના ટોપલા હોય છે એવી સસરી રંડાઓ આજ સુધી તારી જિંદગીમાં આવી છે! એક ભલી છોકરીની સાથે એની મરજી વિરુદ્ધ તું બુરાઈ કરી પણ કેવી રીતે શકત? કાન ખોલીને સાંભળી લે સજ્જન, બિન્નોની સાથે તારો એક જ સંબંધ નહિ તૂટે, બે તૂટશે! તું આપેલું વચન પાછું વાળી શકે છે. પરંતુ હું ખાનદાન છું, જેની સાથે એક વાર સંબંધ બાંધી લીધો તેનાથી હું કદાપિ વિમુખ બનતો નથી! હું પછી તારું મોં નહિ જોઉં!' કહીને કર્નલ ખુરશી પરથી ઊભો થઈ ગયો...'સુકરૂ!...શું નામ છે એનું, સજ્જન જરા ઘંટડી વગાડ!'

ઘંટડી વાગવાની સાથે જ બે બારણાંમાંથી બે નોકરો દોડતા આવ્યા. કર્નલે કહ્યું, સુકરૂ, ટેલીફોન અહીં લઈ આવ અને પેલું હલવા-સોહન પણ લઈ આવ અને ચાર ટોસ્ટ પણ શેકાવી લાવ.'

આદેશ આપીને કર્નલ બેસી ગયો. નોકરો ચાલ્યા ગયા પછી એણે સજ્જનને કહ્યું, 'હું આજે એને ઘરમાંથી બહાર કાઢીને જ જઈશ!'

'કર્નલ, આ મારો અંગત મામલો છે!'

'સજ્જન, આ મારો પણ અંગત મામલો છે!'

'તું મને વિચારવાની મુદત આપ.'

'મારી પાસે હવે સમય નથી!'

'તે દિવસે તેં રાજાસાહેબને ત્યાં જાનકીશરણ અને સાલિગરામ સામે...'

'મેં એવું વચન તો નહોતું આપ્યું કે હું બિન્નોને બળપૂર્વક સંમત કરી દઈશ. એ વખતે રાજાસાહેબની અદબ હતી.'

'તો રાજાસાહેબની અદબ હવે નથી? મારે માટે રાજાસાહેબ કન્યા કરતાં ઘણા વધારે ઇમ્પોર્ટન્ટ છે. લે, ચા પી. ઠંડી થઈ ગઈ છે, ઊભો રહે, બીજી મગાવું છું.' ટેબલની નીચે રાખેલી ઘંટડીની સ્વીચ ફરી દબાવી.

કર્નલે પૂછ્યું, 'રાજાસાહેબને ખબર છે કે એ છોકરી કેવી છે? વળી તેઓ શું અન્યાય પક્ષથી પર છે? સાલિગરામ રાજાસાહેબની ઓથ લઈને મારા પર હુમલો કરી જાય તે હું સહન નહિ કરું. બિન્નો સાથે તારું લગ્ન થશે ને જલદી જ, સમજ્યો?'

નોકર આવ્યો, ચા લાવવાનો આદેશ આપ્યો. નોકર કીટલી ઉપાડીને ચાલ્યો ગયો. બીજો નોકર આવ્યો, રકાબીમાં દૂધિયા હલવા–સોહન મૂકી ગયો. જવાબ વિચારવા માટે સજ્જનને આટલો સમય મળ્યો. તે બોલ્યો, 'લગ્ન જિંદગીભરનો સવાલ છે!'

'તો પછી તારે પહેલેથી જ સમજી-વિચારીને સંબંધ વધારવો હતો. અને સજ્જન, મેં પણ દુનિયા જોઈ છે, સારી–ખરાબ નજરો પારખી શકું છું. તારી સાથેનાં દસ વર્ષમાં મેં જેટલાં પતંગિયાંને જોયાં છે એમાંથી એકેયને માટે નગીનચંદ કર્નલના મનમાં એવો ભાવ ઉત્પન્ન નથી થયો જનાબ, કે તે કોઈને પણ એની બહેન કહે. આ છોકરીને હું પહેલી નજરે ઓળખી ગયો હતો અને હવે તો એ હંમેશાં મારી નજર સામે જ રહે છે.'

ટોસ્ટ શેકાઈને આવી ગયા. ચાની કીટલી આવી ગઈ. સજ્જને એક ટોસ્ટ ઉપાડ્યો ને સુકરૂને ચા બનાવવા કહ્યું. એ કર્નલની વાતોથી બચવા માટે એક ઓથ ઇચ્છતો હતો. ખરું તો એ છે કે તે પોતાની જાતથી બચવા માટે એક ઓથ ઇચ્છતો હતો. એ વિચારોથી બચવા માગતો હતો. એ પોતાની જાતને ઓળખી નહોતો શકતો. બાબા રામજી કર્નલ અને તે પોતે તથા વનકન્યાનું નિર્મળ વ્યક્તિત્વ પણ એની આ અકારણ જીદની વિરુદ્ધ હતું. રાજાસાહેબની મહેફિલમાં ચિત્રાનું મિલન અચાનક એની સુપ્ત વાસનાને જગાડી ગયું જે મથુરા-વ્રજમાં લગાતાર ચાર દિવસ કન્યા સાથે રહીને એને વારંવાર તડપાવતી રહી હતી. કન્યા વિરુદ્ધ જો એના મનમાં કોઈ વાત હતી તો એ જ કે એ એની ઇચ્છા પાસે નમી નહિ.

ચાના બંને પ્યાલા બંને સાહેબોની પાસે મૂકીને સુકરૂ અદબ વાળીને દૂર ઊભો રહ્યો, કર્નલે એને ચાલ્યા જવાનો આદેશ આપ્યો. સુકરૂના ગયા પછી કર્નલે કહ્યું, 'બોલ, તેં એનામાં એવી તે શી ખામી જોઈ કે તારું મન એમાંથી ઉઠી ગયું.'

'એ હઠીલી છે.'

'અને તું રંગીલો છે!'

સજ્જન ચૂપ રહ્યો. કર્નલ બોલ્યો, 'બીજા પર આંગળી ઉઠાવતાં પહેલાં પોતા પર પણ એક નજર નાખતા રહો!'

ચૂપકીદી છવાઈ ગઈ. બંને ચા પીવા લાગ્યા. નાસ્તો થયો, ચા થઈ. નોકર આવ્યો, વાસણો ઉપાડી ગયો. ઘડિયાળમાં સાડા સાત વાગી ગયા. કર્નલ બોલ્યો, 'હવે ચાલ, ઊઠ, કપડાં બદલી લે. કે પછી આમ જ આવીશ?'

'આમ જ આવીશ.' સજ્જન ઊભો થયો.

કર્નલ બેઠાં બેઠાં જ બોલ્યો, 'જો, હવે એ વાત તો શ્યોર છે કે એ લોકો આપણને બદનામ કરવા માટે કોઈ ને કોઈ યુક્તિ તો કરશે જ. તું હટી ન જતો સજ્જન, કહી દઉં છું. હું જાણી-જોઈને આજે બિન્નીનો પણ પ્રબંધ રાખીશ. મરદની રીતે કામ લેજે, એના પર કશી આંચ ન આવવી જોઈએ!'

'કર્નલ મને મહેતલ દે.'

'શાની મહેતલ માગે છે ભાઈ? કાં તો પછી ખાંડણીમાં માથું નહોતું નાખવું અને હવે જે સાંબેલા પડશે તેનાથી ડરશે તો ...હું કહું છું કે ...શું કહું! સજ્જન, ખુશામત નથી કરતો, પરંતુ એક રીતે મને મહિપાલથી વધારે તારી ઇમાનદારી પર વિશ્વાસ રહ્યો છે.'

સજ્જન માથું નમાવીને ચૂપચાપ ઊભો રહ્યો.

કર્નલે ઊભા થઈને ઘંટડીની સ્વીચ દબાવી; સુકરૂ આવ્યો, 'સુકરૂ, પેલાં મેમસાહેબ ઊઠે તો એમને ચા પાઈને કહી દેજે કે આજે સાહેબ મળશે નહિ. સાહેબ મારી સાથે જમશે. અને જો, ધ્યાન રાખજે કે એ બાઈ ઘરની કોઈ ચીજ આમતેમ ન કરી નાખે.'

'જોસેફને ગાડી કાઢવાનું કહે સુકરૂ.' કર્નલના હુકમો પૂરા થયા પછી સજ્જને ધીમા સ્વરે હુકમ કર્યો. એની જીદ અત્યારે તૂટતી હતી. સજ્જન પોતાની જાતથી હારી ગયો હતો. અત્યારે તે કર્નલની પાછળ માથું નીચું રાખીને એવી રીતે ઓરડાની બહાર નીકળ્યો જાણે કોઈ પ્રબળ વિદ્રોહી નિઃશસ્ત્ર બનીને પોલીસની હાથકડીમાં પકડાઈ ગયો હોય.

બત્રીસ

સજ્જનને માટે આજનો દિવસ ઘણો ખરાબ હતો. સાલિગરામે એમની ચાલ બરાબર ચલાવી. છાપાઓમાં છપાયું હતું કે પ્રદર્શન બોર્ડ કમિટી તરફથી ભરાવાનું છે, 'હર એક્સેલન્સી' એનું ઉદ્ઘાટન કરશે, તથા આ પ્રદર્શનને રાજધાનીના બધા મુખ્ય કલાકારો અને શિલ્પીઓનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે. નગરના શ્રીમંત લાલા જાનકીશરણની હવેલીમાં આ પ્રદર્શન ભરાશે. મધ્યમ વર્ગના લોકોના જીવનને સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉન્નત કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. મહોલ્લામાં આ પ્રકારનું આયોજન કરવાનો આ પહેલો મોકો નગરના સુપ્રસિદ્ધ નેતા શ્રી સાલિગરામ જાયસવાલની અપૂર્વ સૂઝ-સમજણનું જ પરિણામ છે, સજ્જન મનોમન સળગી રહ્યો હતો. સવારે કર્નલે એને નિસ્તેજ કર્યો અને અત્યારે આ રીતે મન ફીકું પડી ગયું.

બાર વાગ્યા સુધીમાં તે સૌનાં ચિત્રો લઈને લાલા જાનકીશરણની હવેલીમાં પહોંચી ગયો. કર્નલ અને કન્યા ત્યાં નહોતાં. લાલા જાનકીશરણ ખૂબ જ આતુરતાથી મળ્યા, બોલ્યા, 'ભાઈ, હું તો ક્યારનો તમારી રાહ જોઈ રહ્યો છું.'

સજ્જન કશું ન બોલ્યો. મજૂરોનાં માથેથી ચિત્રો ઉતારવાની લાલા જાનકીશરણને બહુ જ ઉતાવળ હતી. એમણે એમના નોકરને તરત જ આજ્ઞા આપી. ચિત્રો ઉતારતી વખતે અનભિજ્ઞ નોકરે થોડી બેપરવાઈ રાખી. સજ્જને તરત જ બોજાને સંભાળ્યો ને બીજા મજૂરોનો ભાર પોતે જ ઉતારવા લાગ્યો. સાવધાનીથી ચિત્રો મૂકી દીધા પછી, મજૂરો જ્યારે ચાલ્યા ગયા ત્યારે લાલા જાનકીશરણ પોતાના નકલી દાંતની બત્રીસી બતાવીને બોલ્યા, 'બહુ થાકી ગયા હશો ભાઈ, ઘણી મહેનત પડી હશે. આ સાલિગરામ સસરાએ એવું ક્ષુદ્ર વર્તન કર્યું છે કે હું તમને શું કહું?'

લાલા જાનકીશરણ મોં ગંભીર કરીને બેસી ગયા. લાલાજીની સાલિગરામ વિરુદ્ધની ફરિયાદ સજ્જનને કાંઈક વિચિત્ર લાગી, એ કાંઈક કહેવા જતો હતો ત્યાં લાલાજી ફરીને બોલી ઊઠ્યા, 'મેં તો ભાઈ રાજાસાહેબને પણ ફોન કરીને આ બાબતમાં સલાહ લઈ લીધી. આમ તો... હાલ તેઓ તારાથી જરા...હા, એટલે કે તું તો જાણે જ છે! તો પણ, આજે કન્નોમલ હોત ને તારા પર નારાજ થાત એવું જ એમનું થવાનું છે. રાજાસાહેબ ટેલીફોનમાં સાલિગરામ પર ખૂબ જ ખિજાયા હતા. મને એમણે કહ્યું કે એણે ખૂબ જ નાલાયકીનું કામ કર્યું છે.

પરંતુ સજ્જનને કહેજે કે આ વખતે ધીરજથી કામ લે, પ્રદર્શન કરી જ નાખે. 'હિઝ એક્સેલન્સી'નો મામલો છે, પરંતુ પછી હું એને સમજી લઈશ...'

સજ્જન ગુસ્સે થઈને બોલ્યો, 'હું અત્યારે જ આ બધાં ચિત્રો ઉપાડી જાઉં તો બાબુ સાલિગરામને દાળ ચોખાના ભાવની ખબર પડી જાય. કયો ચિત્રકાર એમને પોતાનાં ચિત્રો આપત...'

'હા – હા ભાઈ, એ તો બરાબર જ છે...'

'ખેર, મને પબ્લિસિટીની આકાંક્ષા નથી. ભગવાનની દયાથી મારું નામ પૂરતું જાણીતું છે. સાલિગરામને માત્ર એક જ શહેરના લોકો જાણે છે. સજ્જન વર્માના વખાણ માત્ર હિન્દુસ્તાનમાં જ નહિ, વિલાયતનાં છાપાંઓમાં પણ થાય છે.'

'અરે બેટા, હું બધું જાણું છું, તું તો મારા બાળક જેવો છે, ક્યાંય કોઈ તારાં વખાણ કરે છે તો મારી છાતી ગજગજ ફૂલે છે. શું કહું, તારા ઘરમાં તો કોઈ આંખોનું સુખ લેનારું પણ ન રહ્યું બેટા! (ધોતિયાના છેડાથી લાલા જાનકીશરણે આંખો લૂછી ને પછી ઊંડો નિસાસો નાખીને) હરિ ઇચ્છા! ચિરંજીવ રહો ભાઈ, ભગવાન તને વધારે પ્રતિષ્ઠા આપે. મારે કારણે આજે મારે બારણે પણ હિઝ એક્સેલન્સી અને મોટા મોટા લોકોનાં પગલાં થશે! જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તારા ગુણ ગાઈશ!'

ત્યાર પછી એકાદ ક્ષણ સુધી ચૂપ રહીને લાલા જાનકીશરણે ખૂબ જ ગભરાટમાં પૂછ્યું, 'હજી સુધી તું જમ્યો તો નહિ હો ભાઈ? ચાલ આવ, મારે ત્યાં તૈયાર છે.'

'જી નહિ. મારે આજે કર્નલને ઘેર જમવાનું છે. હજી સુધી આવ્યા નથી?'

'ના, આવ્યો તમે હતા, ચાલ્યો ગયો. કર્નલ દીકરો મારા પર ઘણો નારાજ છે. એની સાથે પેલી છોકરી પણ આવી હતી જેને કારણે રાજાસાહેબને તારા પ્રત્યે રંજ થયો છે. નગીનચંદ અસભ્યતાની હદ પર ઊતરી આવ્યો. ખરાબ ન માનજે બેટા, તારો દોસ્ત છે તો મારો પણ પરિચિત છે. અરે ભાઈ, એના બાપ લાલા મોતીચંદજી સાથે મારે વ્યવહાર હતો; પરંતુ આ હું તારી પાસે ગંગાજળ હાથમાં રાખીને કહી શકું છું કે જે શીલ અને ખાનદાની સ્વભાવ, અદબ-વિવેક તારામાં છે એ નથી નગીનચંદમાં કે નથી તારા – શું નામ છે, મહિપાલજીમાં મારા બનેવી રૂપરતન સાથે એમણે છાપું કાઢ્યું ત્યારથી એમને પણ હું ઓળખું છું. મૂળ વાત એ છે ભાઈ કે ખાનદાની શ્રીમંત જુદા જ હોય છે. અરે, નગીનચંદના બાપે પેદા કર્યું. કોઈ રાજાસાહેબ કે મારી-તારી જેમ પેઢી દર પેઢીથી તો લક્ષ્મીનો આ મહિમા એને ત્યાં છે નહિ. ખેર, જમી લે.'

'જી નહિ. હું પહેલાં કર્નલને મળીશ. ક્યાં ગયા છે, તમને કાંઈ કહી ગયો છે?'

લાલા જાનકીશરણ ગંભીર મોં બનાવીને એક પળ મૌન રહ્યા, પછી બોલ્યા, 'નગીનચંદ મને કહી ગયો છે કે પ્રદર્શન મારે ત્યાં નહિ થાય. એ પેલા – શું નામ છે, તાઈની હવેલીમાં પ્રબંધ કરી રહ્યાં છે.'

સાંભળીને સજ્જન સ્તબ્ધ બની ગયો. કર્નલે જે નિશ્ચિત ડગલું ભર્યું હતું તેથી મનમાં ક્યાંક ઠંડક લાગવા છતાં પણ તે થંભી ગયો, પછી એકદમ ઝટકો મારી ઊભો થયો ને બોલ્યો, 'હું હમણાં આવું છું.'

'સાંભળ તો બેટા!'

'જી, હું હમણાં આવું છું.' સજ્જન ઊભા ન રહ્યો. તરત જ તાઈની હવેલીમાં ચાલ્યો આવ્યો.

કન્યા કર્નલના ત્રણ નોકરો, બાબા રામજી અને એમના ચાર સાજા થયેલા પાગલો આંગણામાં બેસીને ઝંડીઓ ચોંટાડતાં હતાં. તાઈ અને નંદો પાસે જ ઊભા રહીને જોતાં હતાં. તાઈ અને બાબા રામજી વાતો કરતાં હતાં. સજ્જન જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે કોઈક હસવાની વાત થયેલી, જેને કારણે બધાંના ચહેરા ખીલી ઊઠ્યા હતા.

'આવો રામજી, જુઓ અહીં કેવું મંગલ બની રહ્યું છે!'

સજ્જનના આવતાં જ કન્યાનો ચહેરો ગંભીર બની ગયો. એ માથું નીચું કરીને ઝંડીઓ કાપવા લાગી. તાઈ બોલી, 'કન્નોમલના પૌત્ર, દિલગીર ન થતો. જાનકીશરણ અભાગિયાનો તો હું વંશનાશ કરી દઈશ.'

'અરે જાઓ જાઓ તાઈ, તમે તો વાતો બનાવો છો, તમારાથી તો કાંઈ થતું નથી!'

'રાંડ! તું શું સમજે? તારા હાથે તો જે જે કામ કરાવ્યાં તે બધાં ઊંધાં થયાં. પાપની પોટલી અભાગણી!'

'ઓ તાઈ તું…' નંદો તાઈની ગાળોથી ઝંખવાઈ ગઈ. ચાર માણસની સામે પોતાનો મિજાજ બતાવીને નંદો મેદાનમાં પડવા માગતી હતી ત્યાં તાઈનું મગજ ગરમ થઈ ગયું. એ બોલી, 'અરે મને શું કહે છે! હું તો તપીને પાકટ થઈ ગઈ છું, મારી સામે કોઈ આંગળી પણ ઉઠાવી ન શકે. તું અભાગણી પોતે ગંદી, આખી દુનિયાને ગંદી…'

'રામ ભક્તાણી, જવા દે, શુભ કામમાં અત્યારે મારવાનું રહેવા જ દે. (સજ્જનને) કેમ રામજી, જે કામ માટે ગયા હતા તે સફળ થયું?'

'જી હા! ચિત્રો લઈ આવ્યો છું.'

'સાંભળ્યું કે આ લોકોએ તમારી સાથે નીચતા કરી? કોઈ ચિંતા ન કરસો રામજી, આ તો વિસ્વ છે...' તાઈ અને નંદો વચ્ચે અચાનક ફરી ચકમક ઝરી. નંદો ધીમે ધીમે કશુંક બબડતી હતી, જેના પર તાઈ અચાનક ગરમ થઈ ગઈ. 'અભાગણી, ગજા ઉપરવટ જઈને ન બોલ, કહી દઉં છું. જો મારી સાથે ઝઘડીશ તો ચાર દિવસમાં એવી ગતિ કરી દઈશ કે ગલી-ગલીના કીચડ ખૂંદતી રખડીશ. આ બાબાજી પણ તને સારી નહિ કરી શકે!'

'ધત્તેરેકી રામ ભક્તાણી!' બાબા રામજી નંદો સામે આંખ કાઢીને ગરજ્યા, 'જગત-તાઈ સાથે વિવાદ કરે છે?'

સજ્જન આ કજિયાનો આનંદ લેવાના મૂડમાં નહોતો. કર્નલ ક્યાં છે એ એને જાણવું હતું. પણ કોને પૂછે? આમ તો ત્યાં કર્નલના નોકરો જ બેઠા હતા, પરંતુ તેઓ અત્યારે એને દેખાતા નહોતા. એ કન્યાને પૂછવા માગતો હતો...બાવા રામજીની સામે પોતાને પાક–સાફ સાબિત કરવાના હેતુથી ને કન્યા પ્રત્યે પોતાનો અનુરાગ દર્શાવવા ઇચ્છતો હતો, પરંતુ એ અનુરાગ કેવી રીતે ઝલકાવે? કેવી રીતે પૂછે? તેથી એના મનમાં એ સવાલ ઊઠતો હતો કે તે કોને પૂછે. પછી અંતરની ઇચ્છાએ જોર કર્યું. એણે પોતાનો સંકોચ તોડીને સહજભાવે પૂછી જ લીધું, 'કન્યા, કર્નલ ક્યાં છે?'

'જમવાની વ્યવસ્થા કરે છે.'

'કોના માટે જમવાની વ્યવસ્થા કરવા ગયો છે?'

'એમની, મારી, બધા માટેની.' કન્યાએ કહ્યું.

'તું જમ્યો નથી કન્નોમલના પૌત્ર? અરે, તો તેં મને કહ્યું કેમ નહિ? ચાર પૂડા ઉતારી નાખત એમાં કેટલી વાર લાગત?'

'નહિ તાઈજી, જમવાનું હવે આવતું જ હશે.'

કર્નલ આવ્યો કે તરત સજ્જન અને કર્નલ બંનેએ પોતપોતાના અનુભવ એકબીજાને કહ્યા. કર્નલ અને જાનકીસરણ વચ્ચે તીક્ષ્ણ ગરમાગરમી થઈ ગઈ હતી. એણે કહ્યું, 'હું સાફ કહી આવ્યો છું, રાજાસાહેબ હોય કે લાટસાહેબ હોય, હવે કોઈની પણ સિફારસથી પ્રદર્શન એમના ઘરમાં હરગીજ નહિ થાય. જો એમણે યુક્તિ કરી છે તો અમે પણ એનો જવાબ દઈશું. મેં કશું ખોટું તો નથી કહ્યું ને?'

'ના, બરાબર છે!'

'તું હમણાં જ જા, અને બધાં ચિત્રો ઉપડાવી લાવ. આ જગા એનાથી પણ ફસ્ટક્લાસ છે.'

સજ્જન જ્યારે લાલાજીને ત્યાંથી ચિત્રો લેવા ગયો ત્યારે એમણે એમની પહેલાંની મીઠાશ અને સજ્જનતા ભૂલીને આંખોમાં ઠીકરી મૂકી દીધી. ચિત્રોના જવાબમાં સાફ ના મળવાથી સજ્જન ઘણો જ ઉશ્કેરાયો. લાલાજીએ સાફ કહી દીધું કે 'હર એક્સેલન્સી' ઉદ્‌ઘાટન કરી લેશે પછી જ કાંઈક વિચારાશે.

ખાનદાની શીલ અને સંસ્કારવાળા જાનકીશરણને ખાનદાની શીલ અને સંસ્કારવાળા સજ્જન વર્મા પાસેથી બે-ચાર એવી વાતો સાંભળવી પડી કે જેથી લાલા જાનકીશરણને માઠું લાગ્યું. સજ્જન ખરેખર ખૂબ જ ત્રસ્ત અને ઉત્તેજિત થઈ ગયો હતો. કર્નલે એને સાંત્વના આપી, કહ્યું, 'અત્યારે ભલે કાંઈ નહિ. સાંજના સાડાચાર વાગવામાં કેટલી વાર છે. એમના ઉદ્‌ઘાટનને સમયે જ, હર એક્સેલન્સીની સામે જ હું જાનકીશરણ અને સાલિગરામ વગેરેનાં મોઢાંનો રંગ ન બગાડું તો મારું નામ નહિ. તું ચૂપચાપ બેસી રહે.'

કર્નલે તાઈની હવેલીને ઝંડીઓ લગાવી, શણગાર કર્યો.

લાલા જાનકીશરણે એમની હવેલીના દરેક થાંભલાને ફૂલની માળાથી શણગાર્યા હતા. ચાર રસ્તા પર નળની પાસે એક દરવાજો, હવેલીની સામે એક દરવાજો અને વીજળીનાં રંગીન બલ્બોનું તોરણ; એમના ઘરથી શરૂ કરીને ચોકની મોટી સડક સુધી બે ફર્લાંગના રસ્તા પર ઝંડીઓ લગાડાવી હતી.

સજ્જન ક્રોધથી ભસ્મ થતો જતો હતો. કર્નલ આરામખુરશી પર ઊંઘી ગયો હતો. બાબા રામજી એમના પાગલોને લઈને ચાલ્યા ગયા હતા. કર્નલના નોકરો આંગણામાં બેઠા હતા. કન્યા તાઈની સાથે તાસને ઘેર ચાલી ગઈ હતી.

લગભગ સાડા ત્રણ-પોણા ચારે લાલા જાનકીશરણનો નોકર આવ્યો; કહ્યું, 'રાજાસાહેબ પધાર્યા છે, તમને બોલાવે છે.'

'નહિ. જવાની કશી જરૂર નથી!' આંખો ઉઘાડ્યા વિના જ કર્નલે, પોતે જાગે છે તેનું પ્રમાણ આપી દીધું. સજ્જન કશું જ બોલી ન શક્યો. નોકર એક ક્ષણ અટક્યો, પછી સજ્જન તરફ જોઈને પૂછ્યું, 'તો હજૂર…'

'હા હા જી, મેં તને કહી તો દીધું! જા અહીંથી!'

નોકર જવા લાગ્યો, સજ્જને કર્નલને પૂછ્યું, 'જઈ આવું કર્નલ, રાજાસાહેબ…'

'રાજાસાહેબ હોય કે કોઈ પણ સાહેબ હોય, તારે જવાની કશી જ જરૂર હું જોતો નથી. મોટા છે તો મોટાની રીતે વર્તે!'

'હું એક વાર જઈ જ આવું છું કર્નલ.' સજ્જન ખુરશી પરથી ઊઠ્યો.

'હું કહું છું કે તું નહિ જઈ શકે સજ્જન!'

સજ્જન બેસી ગયો.

પાંચ જ મિનિટ પછી રાજાસાહેબના વચલા સાહેબજાદા પધાર્યા, 'બાબુજી બોલાવે છે.'

સજ્જન ધર્મસંકટમાં પડ્યો. ત્રાંસી નજરે કર્નલ તરફ જોયું. કર્નલ વિચિત્ર મૂંઝવણમાં મુકાયો. એની સામે જ ત્રિભોવનદાસ ઊભા હતા તેથી તે ઇશારો પણ કરી શકે તેમ નહોતું. પરંતુ એનાથી કહ્યા વિના ન રહેવાયું, 'જુઓ ત્રિભુવનજી, વન સાઈડેડ પક્ષ લેવો ગેરવાજબી વાત બનશે. સાલિગરામ સાલો મારી તો નજરમાં કદી કશું હતો જ નહિ પરંતુ આપણા બધાના પરસ્પરના વ્યવહારમાં લાલા જાનકીશરણ...'

'અરે કર્નલ, હવે અત્યારે તો એની આબરૂનો સવાલ છે...'

'તો આપણી પણ આબરૂનો જ મામલો છે!'

'સજ્જન, તમે ચાલો.' ત્રિભોવનદાસ સજ્જનનો હાથ પકડી એને ઉઠાડવા લાગ્યા. સજ્જન ના ન કહી શક્યો, કર્નલ રોકી ન શક્યો, સજ્જન ચાલ્યો ગયો.

હિઝ એક્સેલન્સીની ગાડી સડક પર ઊભી રહી તે વખતે રાજાસાહેબના નેતૃત્વ હેઠળ અનેક પૈસાવાળા સ્વયં પ્રતિષ્ઠિત, પોતાને મોટા માણસ સમજનાર દસબાર મૂર્ખ બત્રીસી બતાવતા ઊભા હતા. સજ્જન આ બેવકૂફોની મંડળીમાં શહીદ બનીને ઊભો હતો. ગલીમાં જાનકીશરણની હવેલી સુધી બે ફર્લાંગના રસ્તા પર લાટસાહેબા માટે લાલ રેશમની જાજમ બિછાવી હતી. દરેક ઘરમાં પહેલેથી જ ફૂલોની ટોપલીઓ મુકાવી દીધી હતી. હિઝ એક્સેલન્સી પર આખે રસ્તે ફૂલની વર્ષા થયા કરી. ચાર રસ્તાના દરવાજા પછી ગલીમાં પેસતાં જ બાજુબાજુમાં દોરી બાંધીને બે જોડેલી ટોપલીઓ લટકાવી હતી. હિઝ એક્સેલન્સીએ પ્રવેશ કર્યો કે તરત બંને છેડેથી દોરી ખેંચી લીધી. ટોપલીમાંથી ફૂલોનો મોટો હાર લાટ-સાહેબાના ગળામાં આવી પડ્યો. જાનકીશરણની હવેલી પાસે મોટું ટોળું જામ્યું હતું. મોટા મોટા લોકો દેખાતા હતા—ડૉક્ટર, વકીલ, પૈસાદારો, સરકારી ઑફિસરો, મહોલ્લાના લોકો અને નગરના મુખ્ય કલાકારો એ ગલીની શોભા વધારી રહ્યા હતા. જૂની અને નવી પેઢીના બધાં જાણીતા ચિત્રકાર અને શિલ્પીઓ લાટસાહેબા અને શ્રીમંતોની ભીડમાં આગિયાઓ વચ્ચે નક્ષત્રની જેમ અલગ તરી આવી ચમકતા હતા. ધરા એમનાથી ધન્ય હતી, એ ગલી એમના પદાર્પણથી પવિત્ર બની હતી. પોલીસનો ભારે પ્રબંધ કરવામાં આવ્યો હતો. બાબુ સાલિગરામ

અને લાલા જાનકીશરણ બંનેને શક હતો કે કર્નલ અને કન્યા મળીને કોઈક પ્રકારનું વિઘ્ન ઉપસ્થિતિ કરશે.

ઉદ્‌ઘાટન થયું. રાજાસાહેબે હર એક્સેલન્સીની પ્રશંસાના મિનારા ચણી દીધા, અને એ વાતની ખાતરી આપી કે અહીંના પ્રજામાન્ય ગૃહસ્થો હમેશાં ખૂબ જ રાજભક્ત અને દેશભક્ત રહ્યા છે. એમણે સાલિગરામની નેતાગીરીની પણ ખૂબ જ પ્રશંસા કરી અને સજ્જનને માટે પણ બે મીઠા શબ્દો કહી દીધા.

લાલા સાલિગરામ પગમાં પ્લાસ્ટર હોવાથી ઊભા નહોતા થઈ શકતા. ખૂબ તકલીફ લઈને એમણે પણ માઈક્રોફોન નીચું કરાવીને પોતાની નેતાગીરીનો મારો ચલાવ્યો. એમણે પોતાના ભાષણમાં સજ્જનનો ઉલ્લેખ ન કર્યો પણ દેશની રાષ્ટ્રીય સંસ્થાને સહયોગ આપવા માટે બધા કલાકારોનો 'આભાર' માન્યો. હર એક્સેલન્સીએ કલાના મહિમાની પ્રશંસા કરતાં એમની પાસે ઊભેલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા લખનૌનિવાસી દેશપૂજ્ય વયોવૃદ્ધ કલાકારોનો પોતાના ભાષણમાં ખૂબ જ આદર સાથે ઉલ્લેખ કર્યો. રાજાસાહેબને આ આયોજન માટે અભિનંદન આપ્યા. અને લાલા જાનકીશરણની હવેલીના મોટા હૉલના દરવાજા પર લગાડેલી ફૂલોની માળાને કાતરથી કાપી લીધી. તાળીઓ પડી, ટોળું અંદર દાખલ થયું. સજ્જન ઓરડામાં દાખલ થતાં જ જાણે લાકડું બની ગયો. શહેરની અનેક મુખ્ય વ્યક્તિઓ, એને ગુરુજનો અને સાથી કલાકારોની સામે તે માથું ઊંચકવાને લાયક રહ્યો નહોતો. પચાસ ચિત્રો એક જ દીવાલની એક બાજુ ઉપરથી નીચે સુધી ટાંગી દીધાં હતાં. મૂર્તિઓનું મહત્ત્વ લાલા લોકોની સમજમાં ખાસ નહોતું આવ્યું છતાં પણ એક ટેબલ પર એ પણ મૂકવામાં આવી હતી. ઓરડામાં સૌથી વધુ ધ્યાન ખેંચનારી માત્ર એક જ ચીજ હતી ...રાજાસાહેબની મહેફિલમાં દરવાજા પર વીજળીના બલ્બોની ભારતમાતા; જેના હાથમાં ત્રિરંગા ઝંડામાં ફરતું ચક્ર હતું. કલાકારો એમની કલાકૃતિઓની આ દશા જોઈને સ્તબ્ધ બની ગયા. સજ્જન ત્યાંથી મોં છુપાવીને ભાગી ગયો. રાજાસાહેબ, જાનકીશરણ વગેરે કોઈને પણ અત્યારે હર એક્સેલન્સી અને બેચાર મોટા અફસરો સિવાય કોઈની પણ ફિકર નહોતી. કર્નલ અને કન્યા ઓરડાના એક ખૂણામાં ઊભાં હતાં. હર એક્સેલન્સીએ જેટલાં ચિત્રો પર નજર પહોંચી શકી તેટલાં જોઈ લીધાં.

હર એક્સેલન્સી, રાજાસાહેબ, બેચાર ફાંદાળા બેડોળ શ્રીમંતો અને અફસરો એક નજર નાખીને ઓરડામાંથી ચાલી ગયા. વયોવૃદ્ધ ચિત્રકારોએ એમની કૃતિઓનો આ પ્રકારે દુરુપયોગ થવાથી જાહેરમાં કશું ન કહ્યું. હા, એ લોકો ત્યાંથી ચાલ્યા ગયા.

સજ્જનના સાથી સુવિખ્યાત યુવાન કલાકારો પરસ્પર આ પ્રદર્શનની ચર્ચા કરતા હતા. એવું લાગતું હતું જાણે વીજળીનો ત્રિરંગો ઝંડો બતાવવા માટે જ આટલી કલાકૃતિઓને ગુલામ બનાવી એ ઓરડામાં બંધ કરી દીધી છે. ત્રિરંગી ઝંડાની ગુલામી કરવામાં કોઈ કલાકારને જરા પણ વાંધો નહોતો, વાત તો એમ હતી કે ભારતમાતા અને ત્રિરંગાનો ઉપયોગ અત્યારે શિખંડીના રૂપમાં થયો હતો. એની ઓથે ચાર ધનવાનો કલાને એમની ગુલામ – ગુલામની પણ ગુલામ બનાવતા હતા. આ શ્રીમંતો, જે લાટસાહેબના લિસ્ટમાં પ્રતિષ્ઠિત નાગરિક ગણાય છે. એમનો એજન્ટ બનીને સજ્જન આપણા કલાકાર મિત્રોનું ગળું કપાવી રહ્યો છે એવી જાતની રીમાર્ક પણ કરવામાં આવી.

કન્યા પાસે જ ઊભી હતી. આ સાંભળીને ક્ષુબ્ધ બની ગઈ. કર્નલ એ વખતે ત્યાં નહોતો. મહોલ્લાના લોકો ચિત્રોવાળી દીવાલ સામે ઊભા રહીને ચિત્રોને પોતાની દૃષ્ટિથી સૂંઘવાની કોશિશ કરતા હતા. આ બધાં ચિત્રો દર્શકો માટે અર્થહીન બની ગયા હતા. કલા અર્થહીન બની ગઈ હતી.

એક નવયુવાન ચિત્રકાર ભાષણ કરવાના મૂડમાં આવી ગયો! હોલમાં ફરતા લોકો પાસે એણે આ પ્રદર્શન માટે પોતાનો તીવ્ર અસંતોષ જાહેર કર્યો.

બીજો બોલ્યો, 'નકામો શા માટે તારી જાતને થકવી રહ્યો છે યાર. તું પ્રતિષ્ઠિત નાગરિક પણ નથી કે તને થાક ઉતારવા માટે આના પછી ચા અને નાસ્તો મળે.

ત્રીજાએ ગુસ્સે થઈને કહ્યું, 'અમે... અમે જો પ્રતિષ્ઠિત નથી તો આ સાલા લાલા-લલ્લી ક્યાંથી પ્રતિષ્ઠિત થઈ ગયા?'

બીજાએ કહ્યું, 'એમને સરકારે પ્રતિષ્ઠિત બનાવ્યા છે. સરકારી અને ગવર્નરના લિસ્ટમાં તમને શહેરના આ તમામ નીચ લોકોનાં નામ મળશે. મારી-તમારી ત્યાં કોઈ વિસાત નથી.'

'જો એમને આપણી કદર નથી તો આપણે એ બધા સાલાને આપણી ફાટેલી ચંપલની અણીથી મારશું. ક્યાં છે સજ્જન?'

કન્યા આ ઉશ્કેરાટનો જવાબ આપવા માટે બળપૂર્વક આગળ આવી. એણે કહ્યું, 'આ લોકોએ સજ્જનજીને ઠગ્યા છે. ચિત્રો મગાવી લીધાં પછી એ લોકોએ એમને હોલમાં આવવા પણ દીધા નથી. એમને માટે આ કલાકૃતિઓ માત્ર બહાનું હતી. એ બહાને મોટા મોટા લોકોને પોતાને ત્યાં બોલાવી પોતાની પબ્લિસિટી કરાવવાનો જ એમનો ઉદ્દેશ હતો.'

ઝનૂનભર્યું હાસ્ય કરીને એક જણ બોલ્યો, 'અરે, પબ્લિસિટી તો આ નેતાઓની મોનોપોલી થઈ ગઈ છે. મોટા મોટા સાહિત્યકારો, કલાકારો અને વૈજ્ઞાનિકોની કોન્ફરન્સ બોલાવે છે, કોન્ફરન્સમાં હાજર રહેલા નેતાઓનાં નામ અને એમનાં ભાષણોનું વિવરણ તો છાપાંઓમાં પૂરી ડીટેલ્સ સાથે અપાય છે પરંતુ સાહિત્યકારો-કલાકારોનાં નામ સુધ્ધાંનો ઉલ્લેખ થતો નથી!'

'તમે એમને સાથ આપો છો જ શા માટે? ઠીંગો બતાવો સાલાઓને! આ લોકો જે પોતાને મોટા માણસ સમજે છે એમને, ભલે તેઓ નેતા હોય, પ્રણેતા હોય, કોઈ પણ હોય એ સાલાઓને આજકાલના જમાનાના અછૂત તરીકે ઠરાવી દેવા જોઈએ. જે માણસ માણસની જેમ રહી ન શકે તે કોઈ પણ હોય, એનો બહિષ્કાર કરો!'

'સજ્જને તો અમને કહ્યું હતું કે મહોલ્લાના લોકોને કલાની વિશેષતાઓથી પરિચિત કરવા માટે આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. દરેક ચિત્ર સાથે ચિત્રનો ભાવ સમજાવતાં કાર્ડ્ઝ ટાંગવામાં આવશે...'

'હાજી, વિચાર એવો જ હતો, પરંતુ અમને કશું કરવાનો મોકો જ આપવામાં ન આવ્યો. જ્યાં સુધી ચિત્રો ન આવ્યાં ત્યાં સુધી તો ખુશામત કરતા રહ્યા, ત્યાર પછી આ રીતે...'

એક મહાશય સમજાવવા આવ્યો, 'સાહેબ, આપ લોકો અહીં આવી વાતો ન કરો. બાજુના ઓરડામાં જ બધા મોટા-મોટા માણસો...'

'તમારા મોટા-મોટા માણસોની ઐસી કી તૈસી. ક્યાં છે સજ્જન? બોલાવો એમને! આ સાલા મોટા માણસો માટે અમારી કલાનું અપમાન કરવામાં આવ્યું છે!'

કન્યા બોલી, 'પ્રદર્શન માટે અમે બીજી જગા પસંદ કરી રાખી છે. બરાબર આ મકાનની પાસે જ. ત્યાં અમારો બધો જ પ્રબંધ છે. આ લોકોએ જો ચિત્રો આ રીતે દબાવી ન દીધાં હોત તો આ પ્રદર્શનનું ઉદ્ઘાટન અહીં ન થતાં ત્યાં થાત, હર એક્સેલન્સી દ્વારા નહિ થતાં કોઈ ચિકન ભરત ભરનાર કુશળ કલાકારને હાથે થાત. જો તમે સૌ કલાકાર સંમત હો તો અત્યારે જ આ બધા ચિત્રો ઉતારીને...

ચારે બાજુથી એક જ સ્વર ઊઠ્યો, 'ઉતારો ચિત્રો!' કલાકારો પોતે એટલા ઉશ્કેરાટમાં હતા કે તેઓ પોતે ચિત્રો ઉતારવા લાગ્યા. જનતાના કેટલાકે પણ એમાં મદદ કરવા માંડી.

એ જ વખતે લાલા જાનકીશરણના સાહેબજાદા બે પોલીસોની સાથે હોલમાં આવ્યા ને આવતાની સાથે ગરજ્યા, 'ખબરદાર, કોઈ ચિત્રોને હાથ ન લગાડે.'

જાનકીશરણના પુત્રે એક નહિ અનેક સિંહોના વનમાં આ શિયાળની ગર્જના કરી હતી. એનું પરિણામ પણ એવું જ આવ્યું. કલાકારો ખૂબ જ તપી ગયા. એમની સાથોસાથ અનેક યુવકો પણ ઉશ્કેરાઈ ગયા. હોલ સાર્વજનિક ક્રોધથી ગાજી ઊઠ્યો.

બાજુવાળા ઓરડામાં ચા-પ્રકરણ સમાપ્ત જ થતું હતું ત્યાં અચાનક આ ધાંધલ સંભળાઈ. રાજાસાહેબની ભમ્મર ચડી ગઈ. સાલિગરામ, જાનકીશરણ સૌના મોં બગડી ગયાં. આમંત્રિત અતિથિઓમાં ગુસપુસ થવા લાગી.

પ્રદર્શનવાળા ઓરડામાં કન્યા જનતાની વાણી બનીને બોલતી હતી. ત્યાંનું વાતાવરણ શૂળી પર ચડ્યા જેવું દેખાતું હતું. બધા કલાકારો વનકન્યાની વાતનું સમર્થન કરતા હતા. જો એમને પોતાને એમની કલાકૃતિઓ ત્યાંથી ઉતારવા દેવામાં નહિ આવે તો કાલ સવારે બધા કલાકારો સંગઠિત બની આ મોટા માણસોના અન્યાય વિરુદ્ધ પોતાનો અવાજ ઉઠાવશે એવી ઘોષણા થઈ. છાપાંઓમાં, પત્રિકાઓમાં દરેક રીતે એમના દંભ અને ઢોંગના મોં પર થૂંકવામાં આવશે.

'બોલાવો, પોલીસને બોલાવો, જેને બોલાવવા હોય તેને બોલાવો ! આ ચિત્રો તો અહીંથી જનર્યે જ રહેશે. અમે અહીંથી ચિત્રો લઈને જ જઈશું, નહિ તો અમારી લાશ અહીં પડશે.'

કન્યાના આ ઉશ્કેરાટભર્યા જવાબ સાથે જ લાલા કર્નલ બે નોકરોના ખભા પર એક મોટી સીડી ઉપડાવીને સ્મિત કરતા દાખલ થયા. હર એકસલેન્સી એ વખતે વિદાય થવા માટે બહાર નીકળ્યાં હતાં. એમની સાથે 'પ્રતિષ્ઠિતો'નું ટોળું ચાલતું હતું. લાલા કર્નલ એમને જોઈને હોલમાં જતાં પહેલાં હર એક્સલેન્સીની સાથે ચાલતા લાલા જાનકીશરણને ઉદ્દેશીને બોલ્યા. 'લાલાજી, ચિત્રો લઈ જવા દો, આ પોલીસોને બહાર બોલાવી લો, નહિ તો હસવામાંથી ખસવું થઈ જશે. ઈલેક્શન લટકી પડશે.'

રાજા સર દ્વારકાદાસ, લાલા જાનકીશરણ ઝેરભરી આંખે જોતાં જોતાં નીકળી ગયા. કર્નલ એમના ઘરનો વિભીષણ હતો જે રામની સેનામાં ભળી ગયો હતો. કન્યા આખા હુલ્લડને, બધા અસંતોષને નિયંત્રિત કરી એને એક રચનાત્મક રૂપ આપવા માટે અદ્ભુત આયોજન કરતી હતી. ઊતરેલી એકેય તસવીર આ ભીડભર્યા હોલમાં ગુમ ન થાય, ખરાબ ન થાય તે તરફ એનું ધ્યાન હતું.

બધાં ચિત્રો ઊતરી ગયાં. પોલીસ કે જાનકીશરણના માણસોએ પછી કશો હસ્તક્ષેપ ન કર્યો. કલાકારો પોતે જ અત્યારે મજૂરો બનીને ચિત્રો ઉપાડવા લાગ્યા. જાનકીશરણના હૉલમાંથી નીકળતી વખતે કર્નલે જાહેર કર્યું કે 'ભાઈઓ, કાલ સાંજે તાઈની હવેલીમાં ઉદ્ઘાટન થશે.'

પ્રદર્શનની નિષ્ફળતાની લજ્જાના ભારથી દબાયેલી–કચડાયેલી અહંતા સાથે સજ્જન ત્યાંથી નાસી છૂટ્યો.

તેત્રીસ

કર્નલના ઘેર રાતના ત્રણ વાગ્યા સુધી પ્રદર્શનને સફળ બનાવવાની વિચારણા ચાલી. કન્યા પણ ત્યાં હતી. પ્રદર્શનનું ફરીથી ઉદ્ઘાટન કરાવવામાં આવે એવું નક્કી થયું. ચિકનનું કામ કરનારી કોઈ ગરીબ વિધવા દ્વારા આ કલા-પ્રદર્શનનું ઉદ્ઘાટન થાય એ નિર્ણય તો સાંજે ચિત્રકારોની વચ્ચે જ થઈ ગયો હતો. ચિત્રકાર મદને જ આ સૂચન કર્યું. એમણે કહ્યું હતું કે ગયે વર્ષે મેં મારાં ચિત્રોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કોઈ લાટ, ગવર્નર કે મિનિસ્ટર પાસે ન કરાવતાં લખનૌની એક રમકડાં બનાવનારી શ્રી રેવતીરામ પાસે કરાવ્યું હતું. ડૉક્ટર રાધાકમલ મુખરજીએ ઉદ્ઘાટનનું ભાષણ કર્યું હતું. આ પ્રદર્શન માટે પણ એવા જ ઉદ્ઘાટનનું આયોજન શા માટે ન કરાય? બધાંને, ખાસ કરીને કર્નલ અને કન્યાને આ સલાહ બહુ જ ગમી ગઈ. એને જ અનુરૂપ ઉદ્ઘાટન-સમારોહનો પ્લાન થયો. યુનિવર્સિટીના પ્રોફેસરો, સાહિત્યકારો, પત્રકારો વગેરે લોકોને આગ્રહપૂર્વક લાવવાનો નિર્ણય થયો કારણ કે કર્નલ જાણતો હતો કે જાનકીશરણ, સાલિગરામ વગેરે આજનો બદલો કાલે અવશ્ય લેશે.

રાત્રે કર્નલ અને કન્યા બેઠાં બેઠાં આ જ બધી વાતો કરતાં હતાં. કન્યા બેધ્યાન થઈ જતી હતી. સજ્જન માટે એનું ધ્યાન બેધ્યાન થઈ જતું હતું. વાતવાતમાં એક-બે વાર કર્નલે આ બાબતની નોંધ લીધી હતી, પરંતુ એ વખતે સાલિગરામ વગેરે સાથે એની લડાઈનો નકશો તૈયાર કરવામાં એ એટલો ગૂંથાયેલો હતો કે કન્યાની આ અન્યમનસ્ક દશા પ્રત્યે ધ્યાન આપવાની એને ફુરસદ જ ન મળી. એક પછી એક સ્કીમ બનતી હતી. લાઉડ-સ્પીકર મુકાશે, એક હવેલીની અંદર, બીજું એના દરવાજા પર; એમાં બધા મોટા મોટા માણસો, પ્રોફેસરો, સાહિત્યકારો, મોટા મોટા વકીલો, બેરિસ્ટરો, જજ અને

ડૉક્ટરોના ભાષણો કરાવાશે. તેઓ બધા આ પ્રદર્શન વિષે એમનો અભિપ્રાય આપશે જેથી લોકો પર સારો પ્રભાવ પડશે. વચ્ચે વચ્ચે ભજનોની રેકર્ડ પણ વગાડવામાં આવશે. અચાનક કર્નલને એક નવી વાત સૂઝી. એ બોલ્યો. 'બિન્નો એક લાખ રૂપિયાનો આઈડિયા આવ્યો છે અત્યારે! કાલ, પરમ દિવસ અને પછીનો દિવસ, ત્રણ દિવસ પ્રદર્શન રહેશે. ત્રણેય દિવસ હું બાળકોને મીઠાઈ વહેંચીશ. અરે વધારેમાં વધારે હજાર દડિયા રોજ વહેંચાશે, પાંચસો-છસોનું ખર્ચ થશે, તો થવા દો. અરે, ચાર મોટા માણસોને મીઠાઈ ખવડાવી તો કોણે જોયું? છોકરાઓ મીઠાઈ ખાશે તો ગલી-ગલીએ વખાણ કરતાં ફરશે. આપણા રામ પાસે તો આવી જ સ્કીમો છે. ...તું શું વિચારમાં છે બિન્નો?'

'જી, કાંઈ નહિ. હું તો તમારી વાત સાંભળતી હતી. હા, બરાબર છે. પાંચ-છ હજાર બાળકોને મીઠાઈ વહેંચશો, પણ એટલું ખર્ચ...'

'સાંભળ બિન્નો, સજ્જન માટે ચિંતા કરવાની કશી જ જરૂર નથી. એવું હોત તો હું આમ ચૂપચાપ બેસી રહેત? હું તને આખી સીનરી કહી શકું એમ છું. પ્રદર્શનમાંથી મોં છુપાવીને ભાગ્યો, અંદર ને અંદર સાહેબજાદો ખૂબ જ બન્યો હશે. થોડી વાર બક્ષીના સરોવરવાળી સડક પર રેશ ડ્રાઈવિંગ કર્યું હશે, પછી ઘેર જઈને એક છેડેથી ઘરના નોકરોને કોઈ ને કોઈ બહાને તતડાવ્યા હશે, ખૂબ પીધી હશે... હા, પીએ તો છે, પરંતુ ક્યારેક-ક્યારેક. આ એની એક ખરાબ વાત છે. અસલમાં વાત એમ છે બિન્નો કે હું મોટી ઉંમર સુધી કુંવારા રહેવાની તદ્દન વિરુદ્ધ છું. એનાથી મોટી મોટી ખરાબીઓ પેદા થાય છે; સજ્જનમાં પણ કેટલીક એબ જરૂર આવી છે. એબ કોનામાં નથી હોતી બિન્નો એ કારણે તને કશી નારાજી ન થવી જોઈએ.'

'જી નહિ, મારે કશી ફરિયાદ નથી. હા, તો તમે પાંચ-છ હજાર બાળકોને મીઠાઈ વહેંચવાની...'

કર્નલ હસી પડ્યો, બોલ્યો, 'પાંચ-છ હજાર બાળકોને મીઠાઈ વહેંચીશ, પણ તે અત્યારે નહિ, તારાં લગ્નને દિવસે. અત્યારે તો માત્ર હજારેક દડિયા વહેંચવાની સ્કીમ છે.'

વાત ચાલતી હતી ત્યાં અચાનક ટેલિફોનની ઘંટડી વાગી. જગતચંદ હરખચંદ ઝવેરીને ત્યાંથી ફોન આવ્યો હતો. તેની પાસેથી ખબર પડી કે 'રાજાસાહેબ કર્નલ અને સજ્જન પર ખૂબ જ નારાજ છે. હમણાં થોડી વાર પહેલાં એમને ત્યાં થોડા ખાસ માણસોની મીટિંગ મળી. સાલિગરામ અને જાનકીશરણ પણ હાજર હતા.

તમારા પર એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે તમારી ચાલચલગત સારી નથી અને કોઈ એક કોમ્યુનિસ્ટ છોકરીને તમે રાખી છે. તમે લોકો કોમ્યુનિસ્ટ પાર્ટી સાથે ભળી ગયા છો. એટલે, કાલે જ્યારે તમારું પ્રદર્શન થશે એ જ વખતે લાલા જાનકીશરણના ઓટલા પર લાઉડસ્પીકર મૂકીને નિયમ મુજબ ચાર જાણીતા લોકોની મીટિંગ કરીને તમારા લોકોના બદચલનની પબ્લિક પાસે જાહેરાત કરવામાં આવશે.' કર્નલને એમ પણ કહેવામાં આવ્યું કે થોડા દિવસ પહેલાં જ સજ્જનની ઓરડીમાંથી મહોલ્લામાં બનેલી પ્રેમઘટનાના સંબંધમાં પણ ખુલાસો માગવામાં આવશે. જો કે રાજાસાહેબ જાહેરાતની દૃષ્ટિએ આ પ્રસ્તાવની સાથે છે એટલે લોકો પર એની ખૂબ જ અસર પડે છે. રાજાસાહેબ પોતે તો કાલની મીટિંગમાં નહિ આવે પરંતુ એમણે પોતે કેટલાક ઝવેરીઓને અને મોટા માણસોને ફોન કર્યા છે.

કર્નલે ખૂબ જ ગંભીરતાથી શાંતિપૂર્વક બધી વાતો સાંભળી. છેવટે એણે કહ્યું, 'સાંભળો જગતચંદજી. અમારા મનના શા ભાવ છે તે તો ઈશ્વર જાણે છે. મારા મનમાં એ છોકરી માટે જો કોઈ પાપ હશે તો મને દાદા ગુરુજીનાં ચરણમાં જવાનું નસીબ નહિ મળે. હું બદીથી ડરું છું. બદનામીથી નથી ડરતો.'

પરિસ્થિતિ ગંભીર બની ગઈ. જો કે કર્નલે કન્યાને બધી વાત ન કરી છતાં એની સામે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ. કન્યાનો ચહેરો ક્રોધ અને લજ્જાથી લાલ બની ગયો હતો. કર્નલ હસીને બોલ્યો, 'ભગવાન જે કરે છે તે બધું સારા માટે કરે છે. હવે એવું લાગે છે કે રાજાસાહેબની જન્મકુંડળીમાં પણ નાક કપાવાનો યોગ લખ્યો છે. અત્યાર સુધી તો સાલિગરામની નેતાગીરી સામે જ મોરચો માંડવાનો નિર્ણય હતો, હવે રાજાસાહેબના ખજાનાની શક્તિ પર પણ ચૂનો લગાવીશ. આપણે સીધા માણસો, સીધી ચાલ ચાલીએ છીએ બિન્નો, આ જ આપણી જીત છે. જ્યાં સોય નથી સમાતી ત્યાં આ લોકો પાવડો ચલાવવાની કોશિશ કરે છે. હું આજ સુધી ક્યારેય બેવકૂફીમાં પડ્યો જ નથી. માણસને તપાસીને એના પ્રમાણમાં ચાલ વિચારું છું, જેમ ડોક્ટર દર્દને ઓળખીને પ્રિસ્ક્રિપ્શન લખે છે. જાણે છે આના જવાબમાં હું શું કરવાનો છું ? કાલે સવારે તને અને તારી ભાભીને બધા મોટા મોટાને ત્યાં પ્રદર્શનનું આમંત્રણ આપવા મોકલીશ. ...શું કહું આ સજ્જન સસરો આ વખતે જ એવો ફોસી નીકળ્યો કે... હું સવારે જ મહિપાલને તાર કરી બોલાવી લઉં છું. બિન્નો, મારા નામથી એક લેખ તૈયાર કરીને છપાવી દે, હું તને મારા મનના બધા ભાવો કહી દઈશ.'

કન્યા પોતાના વિચારમાં ડૂબેલી હતી. એનું જીવન ફરીથી પથ્થરો સાથે અથડાવા માટે લાચાર બનવા માંડ્યું છે. એનું મન કહે છે કે અત્યારે એ સજ્જનને

ખોઈ બેઠી છે; સજ્જનનું આવવું એના જીવનમાં અભિશાપ સિદ્ધ થયું. નિરાધારના આધાર પર તે અત્યાર સુધી ગર્વ કરતી રહી. એ કેટલી બધી ઠગાઈ છે.

* * *

પ્રદર્શનની સાથેસાથે સ્ત્રીઓના મેળાની સફળતાએ રાજાસાહેબ, બાબુ સાલિગરામ અને લાલા જાનકીશરણને ભારે મૂર્ખ બનાવ્યા. જનસંઘ પ્રજા સોશ્યાલિસ્ટ, કૉમ્યુનિસ્ટ વગેરે બધી વિરોધી પાર્ટીના લાઉડસ્પીકરોને કૉંગ્રેસની વિરુદ્ધ પ્રોપેગેન્ડા કરવા માટે એક નવું અને જોરદાર બહાનું મળી ગયું. વનકન્યાના પિતાની ગિરફતારી, વનકન્યા અને સજ્જનની મથુરા જઈને સાબિતી મેળવી લાવવાની અદ્ભુત, રોચક અને રોમાંચકારી વાત – જેની ખુદ સજ્જન અને કન્યાને પણ ખબર ન હતી – વિરોધીઓ તરફથી સંભળાવવામાં આવી. અફવાઓની દુનિયામાં, ચૂંટણીની આબોહવામાં સજ્જન અને વનકન્યા સન બાવનનાં લયલા-મજનુ બની ગયાં. કર્નલનાં લાઉડસ્પીકરો પણ રાજનીતિમાં પોતાની તટસ્થતા જાહેર કરતાં સડકો પર ફરતા હતા, 'અમે કેવળ તારી જાતિ પર થનારા અત્યાચારોની વિરુદ્ધ અવાજ ઉઠાવીએ છીએ. અમે આ ચૂંટણીની ધમાલમાં અમારી બુદ્ધિ ઠેકાણે રાખવા માગીએ છીએ. આ ચૂંટણીનો જે ઉદ્દેશ છે તેનો અમલ કરવાની અમે જનતા પાસે ભીખ માગીએ છીએ.'

ત્રીજે દિવસે સાલિગરામ-પ્રચારનું રૂપ પણ બદલાઈ ગયું. ચોકમાં પ્રચારકાર્ય માટે આવેલા બે મિનિસ્ટરોની કારને ઘેરી લઈને લોકો એમને ગાળો દેવા લાગ્યા. વાતાવરણ ઉગ્ર બનવા લાગ્યું.

શેઠ રૂપરતન અને એક મિનિસ્ટર સાહેબે કર્નલ, સજ્જન, બાબુ સાલિગરામ અને લાલા જાનકીશરણને પરસ્પર સમજૂતી કરવા માટે ચા પર બોલાવ્યા. સજ્જન બહુ બેચેન હતા. જ્યારથી ચિત્ર-પ્રદર્શન સ્ત્રીઓનો મેળો બની ગયું ત્યારથી એણે ત્યાં જવાનું છોડી દીધું હતું. તે મુક્ત છે. ચિત્રારૂપી અસ્ત્રથી એણે પોતાના સત્ય પર એટલા પ્રહાર કર્યા કે હવે અત્યાર સુધીમાં એની ચેતનાને લકવા લાગી ગયો હતો. આંતરિક ગ્લાનિથી અભિભૂત બનીને તે જડ થઈ ગયો હતો. આ દિવસોમાં ચિત્રાએ કઠોર વ્યંગબાણોથી એના દિલ પર જે તીક્ષ્ણ ઘા કર્યા હતા તેથી તે પથ્થર બની ગયો હતો. એ દિવસથી જૂના અને માનીતા નોકરો સુધ્ધાં એના ઓરડામાં જતાં ડરતા હતા, કારણ કે આ વખતે એમનો માલિક કોઈ પર નારાજ નહોતો થતો. કોઈ ચીજનો હુકમ નહોતો આપતો; શરાબનો પણ નહિ; સિગરેટનો પણ નહિ; ચા-કૉફી પણ બહુ ઓછા. માલિકનો વધારે સમય તો પથ્થરની જેમ

એઠાં એઠાં જ પસાર થતો હતો. ક્યારેક ક્યારેક હોઠ ચાલતા હતા. મોટા મુનીમે કર્નલની દુકાન પર જઈને બધું વર્ણન કર્યું. કર્નલ અહીં મેળામાં રોકાયેલો હોવાને લીધે સજ્જનને મળી નહોતો શક્યો. કર્નલે એને આશ્વાસન આપ્યું ને કહ્યું કે હું ફુરસદે આવી જઈશ, ગભરાવાની કાંઈ જરૂર નથી.

દીવાનજીએ કહ્યું, 'બીજો તો કોઈ અંદેશો નથી, પરંતુ એમના ટેબલમાં...'

'તમે ઓરડાની દેખરેખ બરાબર રાખજો...'

'એ તો છે જ, તો પણ...'

'તમે જાઓ, બેફિકર બની જાઓ. આમ તો શું થવાનું છે તે કોઈ નથી જાણતું, પણ હું એટલું જાણું છું કે સજ્જન પોતાની જાતને કદી મારી નહિ શકે.'

કર્નલની ગાડીએ કન્યાને સવારે દસ વાગે સજ્જનની હવેલી પર પહોંચાડી દીધી.

કન્યા ઓરડામાં પહોંચી, સજ્જન સામે જ સોફા પર બેઠો બેઠો સિગરેટ પીતો હતો. બારણું ખૂલતાં જ એણે કન્યાને જોઈ અને ચોંકી ઊઠ્યો. એકાએક સર્ચલાઈટ પડવાથી ચોર જેમ માલ સાથે પકડાઈ જાય છે તેવું સજ્જનનું ચોંકવાનું હતું. ગભરાટમાં તે એની સિગરેટ મુઠ્ઠીમાં છુપાવવા લાગ્યો, જાણે કે એ ગુનો હોય. એની હથેળી દાઝી ગઈ. એને ભાન આવ્યું. કન્યા ખૂબ જ સહજભાવથી સ્મિત કરતી આવતી હતી. પાસે આવીને પોતાનો કોટ એના ખોળામાં ફેંકીને બોલી, 'આજકાલ આ કયા આર્ટિસ્ટિક મૂડની ભરતી ચડી છે.' – એણે એની પાંચે આંગળીઓથી સજ્જનના રુક્ષ વાળ પકડી લીધા અને આંખોમાં આંખો પરોવી ભમ્મર ચડાવી બોલી, 'જુઓ સાહેબ, તમારા આ આર્ટિસ્ટિક સ્ટંટ હવે હું બિલકુલ ચાલવા નહિ દઉં. હવે તું મારે માટે કાંઈક છોડ, હું તારે માટે કાંઈક છોડીશ. તો જ નભશે. બોલ, કરે છે કોન્ટ્રેક્ટ ?'

સજ્જનને જ્યારે પહેલવહેલી આંખ મેળવવી પડી ત્યારે આંખમાં ખૂબ ગભરાટ હતો. બંને આંખોના થર્મામીટરમાં પોતાની ગરમી માપતાં હતાં. સજ્જનનું ડામાડોળ હૃદય કન્યાની આંખોમાં પોતાની સ્થિરતા જોઈ રહ્યું હતું. કન્યાની આંખોમાં પણ સજ્જનની ભયભીત, સરળ અને જિદ્દી કીકીઓમાં પોતાની સત્તા જોઈ રહી હતી. કન્યા એનાથી દૂર હટીને બોલી, 'આ ત્રણ-ચાર દિવસોમાં, સાચું કહું છું, તને એક સેકંડ માટે પણ નથી ભૂલી છતાં ઓલ ધ વ્હાઈલ કામને કારણે તને ભૂલી ગઈ છું. તારા મૂડે પહેલાં તો મને ધક્કો પહોંચાડ્યો હતો પરંતુ આ મેળાએ

અને સામાજિક વિરોધે મારામાં નવો પ્રાણ પ્રગટાવ્યો છે. આપણે એક ઉદ્દેશને માટે ભયંકર સંઘર્ષનો સામનો કર્યો છે.'

વનકન્યાએ સજ્જનની આત્મગ્લાનિભરી જડ ક્ષણોમાં એકાએક હલચલ મચાવી દીધી. કન્યા સ્ફૂર્તિથી ભરેલી છે. એની એક-એક વાત એના બે દિવસની ગૂંગળામણ અને ગરમીભર્યા દિલમાં તાજા ગુલાબની સુગંધભરી ઠંડી હવાની લહેર જેવી લાગે છે. એ જે પ્રસંગનું વર્ણન કરતી હતી એના નાયકોમાં એનું પણ શ્રેય છે. આ વાત સજ્જનના નકામા મનમાં સંતોષ ભરવા લાગી. કન્યા દૂરના સંબંધનો એક વધુ પડદો ઉપાડીને નજીક આવી ગઈ.

કન્યા બોલી, 'સજ્જન, આજે હું બે કલાકની રજા ગાળવાના મૂડમાં આવી છું. પહેલાં તો કાંઈક નાસ્તાની ચીજ તૈયાર કરાવી દે, પછી કલાક—બે કલાક પછી જમીને હું ચાલી જઈશ.'

'તો મગાવી લે.'

'ના... મેં તે દિવસથી તારા નોકરોને હુકમ ન આપવાના સોગન લીધા છે.'

સજ્જન ઝડપથી ઊઠ્યો, ટેબલ નીચે લટકતી ઘંટડી ઉપાડી, સ્વીચ દબાવી અને કન્યા તરફ જોઈને બોલ્યો, 'હું એને માટે...'

બારણું ખૂલ્યું, સંચિતસિંહ ટુવાલ ખભા પર મૂકતો બારણું ખોલીને અંદર આવ્યો.

'ઠાકુર, આજથી આ ઘર આમનું છે; મારું નથી, બીજા કોઈનું પણ નથી. સમજ્યો?' સજ્જનના ચહેરાના મસલ્સ, એનું આખું સ્નાયુમંડળ આ કહેતી વખતે ધ્રુજારીથી ભરાઈ ગયું. ભારે શરાબીની જેમ એનું આખું શરીર હલતું હતું. સજ્જને ખૂબ જ દૃઢતાથી પોતાની જાતને સંભાળી રાખી, ભૂલથી ઘંટડીની સ્વીચ એની મૂઠીમાં રહી ગઈ હતી તેથી બહાર ક્યાંય સુધી ઘંટડી વાગતી રહી. ઠાકુરને આ સંભળાતું હતું છતાં પણ તે કાંઈ કરી શકતો નહોતો. પરંતુ એના મુખભાવ પરથી કન્યાનું ધ્યાન ઘંટડીના અવાજ તરફ ગયું અને એણે સજ્જનને હસતાં હસતાં કહ્યું, 'ઘંટડી પર હવે રહેમ કરો જનાબ!'

આટલી જ વારમાં સાહેબની લાંબી ઘંટી સાંભળીને છ બીજા નોકરો આવી ગયા. સજ્જનને એના બેધ્યાનપણા પર હસવું આવી ગયું. નોકરોની સ્થિતિ વિચિત્ર બની ગઈ. જો કે એટલો તો સૌને સંતોષ થયો કે એમના સાહેબ હવે ફરીથી માણસ બની ગયા છે અને આ ઘરમાં એક અસલી ઘરવાળી પણ આવી ગઈ છે. સજ્જને હસીને નોકરોને કહ્યું, 'ખેર, હવે તમે આવી જ ગયા છો તો

તમને લોકોને બક્ષિસ મળશે. આ મહિને બધાને બક્ષિસ તરીકે બમણો પગાર મળશે. હવેથી આમનો હુકમ માનજો.'

કન્યાના કૉમરેડી મનને આ દેખાવ ન ગમ્યો. એટલામાં સજ્જન કન્યા તરફ જોઈને હસતાં હસતાં બોલ્યો, 'હવે હુકમ આપો.'

વનકન્યાને જીવનના નવા વાતાવરણમાં નવું કામ કરતાં ખૂબ જ લજ્જા આવી. એના ગાલ લાલ થઈ ગયા. એણે સજ્જનને કહ્યું, 'શું તમાશો કરે છે. કહી દે.'

સજ્જન બધાની સામે હઠપૂર્વક માથું હલાવીને બોલ્યો, 'ના, તું જ કહે.'

ભારે મુશ્કેલીપૂર્વક કન્યાએ નોકરોની સામે જોયું – ન જોયું કરીને કહ્યું, 'અરે કાંઈ પણ, એમ જ કાંઈક નાસ્તા માટે લઈ આવો… અને… જમવાનું કલાક–દોઢ કલાક પછી.'

'મેનુ હજૂર.'

કન્યા સંકટમાં પડી ગઈ, 'આજે તમે લોકો તમારી મરજી પ્રમાણે ભોજન તૈયાર કરો. હું અહીંથી દોઢ વાગે જઈશ. બસ, એટલી વાતનું ધ્યાન રાખજો.'

નોકરોએ ઓરડો ખાલી કર્યો, બંનેએ બન્નેને નવી દૃષ્ટિથી જોયાં. સજ્જન હજુ પણ પોતાને પૂરી રીતે સંભાળી નહોતો શક્યો, છતાં પણ એને લાગતું હતું કે કન્યા સાથેનો એનો સંબંધ જાહેર કરવામાં, નવા જીવનમાં પ્રવેશ કરવામાં એને ક્યાંક ફરીથી બળ મળી રહ્યું છે. ચિત્રા સાથેની એની વિપરીત હઠની પ્રતિક્રિયાથી એની અંદરની ચેતના પર જડતાનું મોટું આવરણ આવી ગયું હતું તે હવે હટી રહ્યું હતું. સજ્જન મનથી સંતુષ્ટ હતો, સાવધાન બનતો હતો, ક્રમશઃ સ્વસ્થ બનતો હતો.

તે જ દિવસે રાત્રે શેઠ રૂપરતને સાલિગરામ અને જાનકીશરણ સાથે સમજૂતી કરવા માટે સજ્જન અને કર્નલને બોલાવ્યા હતા. એક મિનિસ્ટર મહોદય પણ હાજર રહે એવી સંભાવના હતી. કર્નલે કહ્યું કે આ મીટિંગમાં વનકન્યાની હાજરી અને એની સલાહ સૌથી વધુ મહત્ત્વની છે. શેઠ રૂપરતનને કર્નલની આ શરત માનવી જ પડી.

સજ્જનનો દિવસ બહુ સારો વીત્યો હતો. કન્યાએ એના પાછલા ચાર-પાંચ દિવસના અનુભવો કહ્યા – કેવા કેવા ઘરોમાં તે પ્રદર્શન માટે આમંત્રણ આપવા ગઈ, એણે એટલાં ઘરોની ઝાંખીમાં શું શું મેળવ્યું. મેળામાં આવનારી સ્ત્રીઓની વાતો અને એમના વ્યવહારથી કન્યાને કેવા-કેવા અનુભવ થઈ રહ્યા છે એ બધું સાંભળતાં સાંભળતાં એવી તન્મયતા છવાઈ ગઈ કે સજ્જનને પોતાના 'પાપ'નું

પ્રાયશ્ચિત્ત કરવાનો મોકો જ ન મળ્યો. કન્યા કેટલી ઉત્સાહભરી હતી, કહેતી વખતે કેવી તદ્રુપ થઈ જતી હતી. એ જાણે કોઈ સ્વપ્નને સાકાર કરી રહી હતી. સજ્જન પર એની ભારે ઊંડી છાપ પડી. જતી વખતે કન્યાના ડાબા હાથની ત્રીજી આંગળીમાં એક હીરાની વીંટી શોભતી હતી. દિવસે કન્યાના ગયા પછી સજ્જન ઘણી વાર સુધી ખોવાયેલી સ્થિતિમાં બેસી રહ્યો. એને બાબા રામજી યાદ આવ્યા, મન અચકાયું, ફરી બળપૂર્વક એણે જવાનો નિર્ણય જ કર્યો.

ત્રીજા પહોરનો તડકો ગોમતીના તટ પર ફેલાઈ રહ્યો હતો. બાબાજીના પાગલો લંગોટીઓ પહેરીને રેસ રમતા હતા. બાબાજી ઘાટનાં બે છાપરાંની વચ્ચે ખુલ્લા આકાશ અને ખુલ્લી ધરતી પર ઊભા રહીને રેસ જોતા હતા.

ઘાટ પર પહોંચીને બાબાજીની સામે જવામાં સજ્જનને ઘણો જ સંકોચ થયો; પછી તે આગળ ને આગળ ચાલવા લાગ્યો. બાબા રામજીએ એને જોયો. બોખા મોંથી ખિલખિલાટ હસીને બંને હાથ પહોળા કરી દીધા. એ પગે પડે તે પહેલાં જ એને પોતાની બાથમાં લઈ લીધો! 'મને અત્યારે કરોડો રૂપિયા મળી ગયા રામજી. તમે મને ખૂબ જ રાહ જોવડાવી.'

પાગલોને વ્યાયામ, પ્રાર્થના અને એમને સર્પગંધાની જડીબુટ્ટી પિવડાવવાનું કામ પૂરું કર્યા પછી બાબાજીએ નિશ્ચિંત બનીને સજ્જન સાથે વાતો કરી, ઘણી વાર સુધી વાતો થઈ. કહ્યું, 'રામજી પસ્તાવાથી વધારે નકામો નશો કોઈ નથી. એમ કેમ નથી વિચારતા કે તમને એક પ્રકારનો અનુભવ મળ્યો. હવે એ અનુભવમાંથી લાભ મેળવો. દુઃખ કઈ વાતનું થાય છે? બીતી તાહિ બિસારી દે આગે કી સુધિ લેથિ.'

જતી વખતે બાબાજીએ એને કહ્યું હતું, 'રામજી, કોઈ ગમે તે કહે પરંતુ હું આ જગતના માયા-મિથ્યા કાંઈ પણ નથી માનતો. જો ભગવાન સત્ય છે તો ભગવાનની બનાવેલી સૃષ્ટિ પણ સત્ય છે. અને જો સત્ય છે તો એને મોકળા મને ભોગવો. જ્યાં અસત્ય દેખાય ત્યાં એની સામે બરાબર યુદ્ધ કરો.'

'એમ જ થશે!' સજ્જને બાબાજીનો ચરણસ્પર્શ કરી નિશ્ચય કર્યો. એનું મન એકદમ હલકું બની ગયું હતું. તે એના મનના બધા વિકારો બાબાજીને કહી નાખીને ધોઈ ચૂક્યો હતો. એને રસ્તો મળી ગયો હતો. ચિત્રાની બાબતમાં બાબાજીએ સલાહ આપી હતી, 'એનું કાં તો કોઈ સારી જગાએ લગ્ન કરાવી આપો અથવા જો કાંઈ કામ કરે તો એની પાસે તે કામ કરાવો અને ભરણપોષણનું ખર્ચ આપો. કામ ન કરે તો કશું જ ન આપતા. નકામા પ્રત્યે દયા કરવી એ અમાનુષીપણું છે રામજી!'

સજ્જન સાંજે તાઈની હવેલી પર ગયો. હવેલીની અંદર સ્ત્રીઓ માટે વ્યવસ્થા હોવાથી કર્નલ વર્માના ઘેર વરંડામાં ખુરશી નાખીને બેસી રહેતો હતો. સજ્જન પણ ત્યાં જ બેસી રહ્યો. ગલીમાંથી સ્ત્રીઓ અને છોકરા-છોકરીઓનાં ટોળાં ધમાલ મચાવતાં આવ-જા કરતાં હતાં. કર્નલે સજ્જનને જણાવ્યું કે મેળો ખૂબ ગૌરવભરી રીતે ચાલે છે, કન્યા ઘણી ખૂબીથી આખા કાર્યક્રમને ચલાવે છે. પ્રદર્શનમાં ઘણી ભરેલી ચાદરો અને તકિયા, ગલેફ અને રૂમાલ વગેરે વેચાયાં પણ છે. સ્ત્રીઓએ ચા, પાન, ચાટ અને મગફળીની દુકાનો પણ રાખી છે. કન્યા કેટલીય યુવતીઓની હીરોઈન બની ગઈ છે. દસ છોકરીઓ એઠાં પાન વગેરે ફેંકવાનું કામ સંભાળે છે. એક બંધ જગામાં આટલી ભીડ, અસંયમિત ભીડ હોવા છતાં હવેલીમાં ગંદકીનું નામ નથી. છોકરીઓનાં નૃત્ય-ગીત અને નાનાં-નાનાં નાટકોની યોજના ખૂબ જ જામી હતી. પ્રદર્શનના વેચાણથી પણ ઘણાને પ્રોત્સાહન મળ્યું હતું. કર્નલે ઉત્સાહથી કહ્યું કે એક આવું જ આયોજન એ બહુ થોડા વખતમાં અમીનાબાદમાં પણ કરશે. જે સ્ત્રીઓ બિચારી પીડાઈ-પીડાઈને જીવન વિતાવવા માટે લાચાર છે એમને આ પ્રકારની યોજનાથી ઘણો સંતોષ મળે છે. એમનામાં એક નવો ઉમંગ પેદા થાય છે. સજ્જન ઘણા સંતોષથી આ બધું સાંભળતો હતો.

એણે કન્યા સાથે લગ્ન કરવાના સંબંધમાં પણ વાતો કરી. કર્નલે પંડિત શિવનાથ શાસ્ત્રી પાસે મુહૂર્ત જોવડાવી આ જ લગ્નગાળામાં લગ્ન કરાવી દેવાની વાત કરી.

આઠ વાગે જ્યારે કર્નલ અને સજ્જન હવેલીમાં ગયા ત્યારે એમને કન્યા મળી – બધાનું જીવન બદલાઈ ચૂક્યું હતું. રાત્રે શેઠ રૂપરતનને ઘેર કર્નલ, સજ્જન, બાબુ સાલિગરામ અને એક મિનિસ્ટર હાજર હતા. શેઠ રૂપરતન આ વખતે ચૂંટણી માટે ઊભા નહોતા રહ્યા. તેઓ એમના બિઝનેસ માટે આ વર્ષે અમેરિકા જઈ કેટલાક નવા મશીનની એજન્સી લાવવા ઇચ્છતા હતા. એટલે અત્યારે તેઓ પણ પોતાને તટસ્થ પાર્ટી તરીકે જાહેર કરતા હતા.

મિનિસ્ટર સાહેબ બોલ્યા, 'કર્નલ સાહેબ, તમારા લોકો પાસેથી આવી આશા નહોતી.'

રૂપરતને કહ્યું, 'અરે, ચૂંટણી તો ચાર દિવસની વાત છે. ઓછામાં ઓછો ભાઈચારાનો વિવેક તો રાખવો હતો...'

'અમે અમારા તરફથી કશી પહેલ નથી કરી. પરંતુ હા, જ્યારે કોઈ અમને અમસ્તા અમસ્તા હેરાન કરે તો પછી...'

'હેરાનગતિ તો તમે લોકોએ જ શરૂ કરી. વિમાન ઉડાવ્યું.' બાબુ સાલિગરામે કહ્યું.

'અમે એક અન્યાય સામે અવાજ ઉઠાવ્યો હતો.'

રૂપરતને કહ્યું, 'અરે ભાઈ, તો અમે તો હાજર હતા. તમે, સજ્જન કે મહિપાલ, કોઈએ પણ આવીને મને કહ્યું હોત તો હું બધું બરાબર કરાવી દેત.'

'અરે ભાઈ, બધી કહેવાની વાતો છે! હું તો જાહેરમાં કહું છું કે સાલિગરામે પોતાની ઈલેક્શનની ચાલ માટે એક સ્ત્રીનો જીવ લીધો છે.'

'અરે, હવે એ પણ કહેશો કર્નલસાહેબ!' બાબુ સાલિગરામ એમના પ્લાસ્ટરવાળા પગ પર હાથ ફેરવતા બોલ્યા, 'મારે તો કશી મતલબ જ નહોતી. પોલીસે...'

'ખેર, આ ઊલટી રામાયણ મને ન વંચાવશો નેતાજી, તમારા લોકોની સોબતથી હું પણ આ બધું શીખ્યો છું.'

'ઠીક, ખેર. જવા દો આ બધી વાતોને! વાત ભૂલી જાઓ!' મિનિસ્ટર સાહેબ કાજુ ખાતાં ખાતાં બોલ્યા, 'તમારે એ વાતનો ખ્યાલ જરૂર રાખવો જોઈએ કે કોંગ્રેસ ભલે સારી હોય કે ખરાબ, દેશને સંભાળનારી એકમાત્ર રાષ્ટ્રીય સંસ્થા એ જ છે. આવા સમયે કોંગ્રેસને નુકસાન પહોંચાડવું એ દેશની સામે દ્રોહ કરવા બરાબર છે.'

'જી, એ રીતે હું પણ કહું છું કે સ્ત્રીઓ સાથે અન્યાય કરવો એ માનવતા પ્રત્યેનો ભયંકર દ્રોહ છે.'

'તો તમે કદાચ કોમ્યુનિસ્ટ પાર્ટી...'

'તમે પાર્ટીની દૃષ્ટિથી શા માટે જુઓ છો, મારી ભાભી કોઈ પાર્ટીની નહોતી અને મારા પિતાજી ક્યારેય કોંગ્રેસના સમર્થક નહોતા. મારે ત્યાં ઈપ્ટાનાં રિહર્સલ ન ચાલતાં હોત તો એમને અપરાધમાંથી બચાવવામાં તમને ક્યારેય રસ ન હોત...'

'ઠીક, હં! ખેર, હવે વીતી ગયેલી વાતો સાથે કશો સંબંધ નથી.'

'સંબંધ કેમ નથી? આખી વાત ત્યાંથી જ શરૂ થઈ છે...'

'તમે પણ હવે પાકા કોમ્યુનિસ્ટ થઈ ગયા છો, કર્નલ!'

'યાર, તમે તો એવી રીતે કહો છો જાણે આ શબ્દ કોઈ ગાળ હોય.' સજ્જને શેઠ રૂપરતનની વાત કાપી.

'ખેર, બોલ્યા તો...' મિનિસ્ટરસાહેબે હસીને કહ્યું, 'અમે તો સમજ્યા કે અમારા સજ્જનસાહેબ ચિત્રો બનાવતાં બનાવતાં પોતે પણ કોઈનું બનાવેલું

ચિત્ર જ બની ગયા છે.' મિનિસ્ટર સાહેબની આ મજાક પર રૂપરતન, સાલિગરામ વગેરે હસી પડ્યા. મિનિસ્ટર સાહેબે આ હસવા સાથે જ આગળ પોતાની વાત જોડતાં કન્યાને કહ્યું, 'વનકન્યાજી, હું તમને અને તમારી પાર્ટીને અભિનંદન આપું છું જે અમારા જૂના દોસ્તોને અમારી પાસેથી આટલા જલદી છીનવીને લઈ ગયા.'

કન્યાએ તરત ઉત્તર આપ્યો, 'ધન્યવાદ તમને છે કે લોકોને આ રીતે પોતાની પાસેથી ઝૂંટવાઈ જવાનો મોકો આપો છો. અમસ્તું તમારી જાણ માટે કહી દઉં કે હું નથી કોમ્યુનિસ્ટ પાર્ટીની સભ્ય અને નથી મને એ લોકોએ માતાહરી બનાવીને આ લોકોને ઝૂંટવા માટે નિયુક્ત કરી.' બોલતાં બોલતાં કન્યાના ચહેરા પર રોષ આવી ગયો.

મિનિસ્ટર સાહેબ જરા ગંભીર બની ગયા, બીજા લોકો ડરથી એમની સામે જોઈ રહ્યા. કર્નલે હસીને પૂછ્યું, 'વધુ કાંઈ સાંભળશો ?'

'ના, મેં કોઈને સંભળાવવાની કે નીચા બતાવવાની દૃષ્ટિથી આ વાત નહોતી કહી.' કન્યા બોલી, 'હા, મને ખરાબ જરૂર લાગ્યું હતું.'

સજ્જને કન્યાની વાત સાથે પોતાની વાતને જોડીને કન્યા તરફ જોઈને કહ્યું, 'એમને બરાબર સંભળાવ ! મિનિસ્ટર થઈ ગયા છે તો શું થયું. જૂના દોસ્ત છે.'

'હા–હા–હા !' મિનિસ્ટર સાહેબ તતપપ કરતાં સજ્જનની વાતનું સમર્થન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

શેઠ રૂપરતનને પણ આ મોકો હાથમાંથી ન જવા દેવા માટે ઉત્સાહ આવ્યો. હાસ્યની સાથે સાથે એમના મોઢામાંથી પણ પ્રેમના પરપોટા ફૂટવા લાગ્યા. બોલ્યા, 'અરે સાહેબ, વર્ષો વીતી ગયા અમારી ને એમની ઓળખાણને ! જ્યારથી મારો અને મહિપાલનો સાથ થયો ત્યારથી અમે મિત્રો છીએ.'

મિનિસ્ટર સાહેબના દોસ્તને પોતાનો દીકરો બનાવવાનું લાલા જાનકીસરણ પણ ન ચૂક્યા. બાબુ સાલિગરામે પણ પાર્ટીનો પૂરો પરિચય આપી ખુશામતની ઇમારત પર કળશ ચડાવી દીધો. મિનિસ્ટર સાહેબ હસતા હસતા ઊભા થયા. બધાએ પોતપોતાની ખુરશી છોડી દીધી. બાબુ સાલિગરામે પણ ખુરશીના હાથા પર હાથ ટેકવી ઊભા થવાનો અભિનય કર્યો; મિનિસ્ટર સાહેબ એમની તરફ જોઈને બોલ્યા, 'સાલિગરામ, હવે બધું બરાબર થઈ ગયું, સમજ્યા ? કર્નલ, તમારા મીનાબજારમાં કોંગ્રેસની કાંઈક પબ્લિસિટી થવી જોઈએ. આજે સાંજે જ થોડાં પોસ્ટરો વગેરે મોકલાવાઈ જશે.'

'જુઓ, હું એક સિદ્ધાંતની વાત કરું છું. એને પાર્ટીઝન સ્પિરિટમાં ન લેતા...'

'હા, હું તારી આ વાત સાથે સહમત છું કન્યા. આ સાંસ્કૃતિક મેળાનો ઉપયોગ પોલિટિક્સ માટે ન કરવો જોઈએ.'

મિનિસ્ટર સાહેબે સજ્જન અને કન્યા બંને તરફ જોઈને સજ્જનને કહ્યું, 'તમે બંને તો એકબીજાનાં પૂરક બની ગયાં હો એવું લાગે છે! લગ્ન ક્યારે કરો છો?'

લાલા જાનકીસરણ અને પછી રૂપરતન પણ એકાએક હસી પડ્યા, જાણે કે મિનિસ્ટર સાહેબે આ મજાક કરી હોય. આ હસવા પરથી મિનિસ્ટર સાહેબ પણ એમની વાતની મજાકનું મૂલ્ય સમજ્યા અને હસી પડ્યા. કર્નલે કહ્યું, 'બસ, હવે એની પણ વાર નથી. તરતમાં જ કોઈક દિવસે નગીનચંદ તરફથી આપ લોકોની સેવામાં ઈન્વિટેશન કાર્ડ મળી જશે.'

'અચ્છા! ખૂબ આનંદની વાત છે. હું તમને બંનેને ખૂબખૂબ અભિનંદન આપું છું!' મિનિસ્ટર સાહેબે હસીને સજ્જન સાથે હાથ મેળવીને કહ્યું, પછી ચાલ્યા ગયા. કેટલાય દિવસોનું તાણભર્યું વાતાવરણ આમ હળવું બન્યું.

ચોત્રીસ

વર્માના ઘરના વરંડામાં એક લાંબી બેન્ચ અને બે ખુરશીઓ પર વર્મા, સજ્જન, કર્નલ અને મહિપાલ બેઠા હતા. મહિપાલ આજે સવારે જ એના મોસાળથી પાછો આવ્યો હતો. વર્માના છોકરાની છઠ્ઠીના ઉપલક્ષમાં તાઈ તરફથી થનારા જમણમાં સજ્જનના મિત્રના નાતે કર્નલ તરફથી આમંત્રણ મળવાથી તે અહીં આવ્યો હતો. ભોજન પછી બધા બેઠા હતા. બ્રાહ્મણોએ જમી લીધું હતું, હવે સ્ત્રીઓનું જમવાનું ચાલતું હતું. અંદરથી ઢોલકનાં ગીત સંભળાતાં હતાં:

જિયા જલ ભુન જાય,
રાજા ચલે ચાકરિયા.
સાસ કો લાયે લોટા, નનદી કો લાએ લુટિયા,
હાય જિયા જલ ભુન જાય,
હમ કો લાએ મટુકિયા.

તકિયાને અઢેલીને અર્ધસૂતેલી સ્થિતિમાં મહિપાલ ઢીંચણ પર અજંતા રેડિયો એન્જિનિયરિંગ વર્ક્સના લેટરપેડ પર ક્યારનો આ ગીતો લખતો હતો. કર્નલ હસીને બોલ્યો, 'હવે બેટા તું સાહિત્ય લખવાનું છોડીને ઢોલકનાં ગીતો લખ.'

મહિપાલે કશો જવાબ ન આપ્યો. સજ્જન મજાક કરતો બોલ્યો, 'જોયું કર્નલ, તારી વાતનો જવાબ સુધ્ધાં ન દીધો.'

'અરે ભાઈ, જવાબ શું દેશે? સાલાની આદત છે. તે દિવસે એને તાર કરવામાં મેં દોઢ રૂપિયો ખર્ચ્યો. હું આ ઓપોઝિશનથી ગભરાઈ ગયો હતો. મને થયું કે કદાચ પ્રચારપત્રિકાઓ કાઢવી પડે તો મહિપાલના આવી જવાથી સુવિધા રહેશે, પરંતુ શ્રીમાનજીએ જવાબ સુધ્ધાં ન દીધો!'

'અરે મહાશય, મોસાળની મીઠાઈ છોડીને હું ભલા તમારી પ્રચારપત્રિકાઓ માટે શા માટે આવું?'

'તો આજે શા માટે આવ્યો?'

'તાઈને ત્યાં જમણ જમવા!'

'તાઈએ તને આમંત્રણ તો નહોતું આપ્યું. મેં ખોટો મોઢાનો વિવેક કર્યો તો ખાવા માટે ઝટપટ દોડ્યો આવ્યો!'

'અલ્યા, બ્રાહ્મણ ક્યારેય નિમંત્રણની પરવા કરે ખરો? ... અહા, શું ગીત છે! મઝા આવી ગઈ!'

બધાનું ધ્યાન અંદરથી આવતા નવા ગીત તરફ ગયું...

મહિપાલે લખતાં લખતાં આ પંક્તિને એવી દાદ આપી કે લોકો હસી પડ્યા. કર્નલ હસીને, સાથે જ કૃત્રિમ રીતે નારાજ થઈને બોલ્યો, 'ઠીક ... ઠીક, હવે તારી આ ખોટી બડાશ છોડ તો? નકામો ધંધો લઈને બેઠો છે.' કર્નલ મહિપાલના હાથમાંથી કાગળ ખેંચવા લાગ્યો. મહિપાલ ગભરાઈને બોલ્યો, 'એ–એ! શું કરે છે! મારા કામના કાગળ છે.'

ત્યાં સજ્જન બોલ્યો, 'કાંઈ પણ કહો ભાઈ, પરંતુ તાઈ આપણી ભારે કઢંગી કેરેક્ટર છે.'

'અરે સાહેબ, વાત ન પૂછો! જ્યારથી આ બાળક જન્મ્યું છે એમણે અમને હેરાન કરી મૂક્યાં છે. તાઈનો આભાર તો નથી ગળે ઊતરતો કે નથી ઓકી શકાતો.'

'કેમ–કેમ, શું થયું?' કર્નલે રસપૂર્વક પૂછ્યું. વર્માએ પણ હસીને જ કહ્યું, 'અરે, રોજ મને અને મારી વાઈફને વિધર્મી અને મ્લેચ્છ, કોણ જાણે શું શું કહ્યા કરે છે! અમને તો એમણે એકદમ તુચ્છ બનાવી દીધાં છે, અને બાળક પાછળ જાન આપી દે છે. એની બધી સંભાળ, પ્રસૂતાની બધી જ જવાબદારી તાઈએ પોતાની ઉપર લઈ લીધી છે. જાતજાતના પાક, બદામ, ઘીના એમણે ઢગલા કર્યા

છે. મારી વાઈફને વઢી-વઢીને કહે છે કે આ બધું તને એટલા માટે ખવડાવું છું કે મારા બાળકને ખૂબ દૂધ મળે.'

બધા લોકો હસવા લાગ્યા. અંદર ઢોલક પર ગવાતું હતું, 'જચ્ચા મેરી ઝીંગુરસે ડર ગઈ રે.'

તાઈની આખી હવેલીમાં આજે ચારે બાજુ ધક્કાધક્કી મચી ગઈ હતી. તારાના રસોડાવાળા વરંડામાં ભઠ્ઠી ખોદી હતી, કંદોઈ કામ કરતા હતા. બીજા વરંડામાં ઢોલક ઢમકતા હતા. તાઈના ઘરમાં સ્ત્રીઓની ભીડ હતી. ગોકુલદ્વારાના મુખિયાજી, ભિતરિયાજી વગેરે પણ ત્યાં બેઠાં વાતો વલોવી રહ્યાં હતાં. સ્ત્રીઓ થાળમાં ખાવાનો સામાન લઈને પુરુષોના ઉતારાના ઉપરવાળા ઓરડામાં આવ-જા કરતી હતી. બ્રહ્મભોજન અને સજ્જનની મંડળીનું ભોજન અત્યાર સુધીમાં પતી ગયું હતું. તાઈએ એકસો એક બ્રાહ્મણોને જમાડ્યા હતા. એમની નાતજાતવાળા, આડોશી-પાડોશીમાં બધાને ત્યાં આમંત્રણ મોકલ્યું હતું. એની શોક્યને ઘેર પણ નિમંત્રણ મોકલ્યું હતું. અત્યારે સ્ત્રીઓની પંગત જમતી હતી. ચારે બાજુ તાઈના આ છઠ્ઠીના જમણની વાતો ચાલતી હતી. ચારે બાજુ આ વાત પર આશ્ચર્ય પ્રગટ થતું હતું. નંદો ખૂબ જ બળતી હતી, છતાં પણ આવી; ખૂણામાં બેસીને ધીમે ધીમે બીજી સ્ત્રીઓ પાસે તાઈની નિંદા કરતી હતી.

નાની અને કન્યા તારાના ઓરડામાં હતાં. કન્યાને આજે પહેલી જ વાર તારા સાથે આટલી વાર સુધી બેસીને વાતો કરવાનો અવસર મળ્યો હતો. નાનીને તો આજે પહેલી જ વાર મળવાનું બન્યું હતું. એ વખતે મોટીની વાત નીકળી હતી. નાની અને તારા મોટીને યાદ કરીને બહુ રડી હતી. આજે જો એ અહીં હોત તો કેવો આનંદ આવત! કન્યાને મોટીની આખી વાતની આજે ખબર પડી. નાનીએ કહ્યું કે શંકરલાલ વિરહેશને ત્યાં મોટીને મળવા ગયો હતો. મોટી એને ખૂબ જ ઉદાસ લાગી. વિરહેશે એમને બે મિનિટ વાત કરવાની તક પણ ન આપી. ક્યાં પહેલાં દોસ્તી રાખતા હતા તે વખતની સ્થિતિ ને ક્યાં આટલી બેપરવાઈભર્યું વર્તન, સામે જોઈને વાત સુધ્ધાં ન કરી અને ભવિષ્યમાં મોટીને એને મળવા પર પ્રતિબંધ મૂકી દીધો. શંકરલાલ કહેતો હતો કે વિરહેશના ઘરનું વાતાવરણ બેહદ ખરાબ છે. એની પાસે એક જ તો ઓરડો છે, મોટો છે, પણ ખંડેર જેવો છે. એ જ ઓરડાના અડધા ભાગમાં દોરી નાખીને પડદો નાખ્યો છે; અને પડદો પણ પૂરો નથી. જ્યારે શંકરલાલ પહોંચ્યો ત્યારે વિરહેશ એક-બે દૂબળા-પાતળા લફંગાઓની સાથે બેઠો શરાબ પીતો પીતો ગંદી અને ખુલ્લી મજાક કરતો હતો.

આ બધું સાંભળીને કન્યા અત્યંત ક્ષુબ્ધ થઈ હતી. આજની સામાજિક સ્થિતિમાં નારી થવું એ અભિશાપ છે. એને મોટીનો અંત સ્પષ્ટ દેખાતો હતો – એક દિવસ ક્ષીણ થઈ-થઈને મરી જશે. અને એની સ્વર્ગસ્થ ભાભીને યાદ કરીને મોટીના દુ:ખથી એ અભિભૂત બની ગઈ. સાધારણ રીતે સ્ત્રી અને પુરુષ એકબીજાનું સન્માન નથી કરતાં. સામાન્ય રીતે સ્ત્રી આર્થિક દૃષ્ટિએ પુરુષની આશ્રિતા છે, એનું વ્યક્તિત્વ સ્વતંત્ર નથી. આ દેશની સ્ત્રીઓ સદા આ દુ:ખભાર ઉઠાવતી આવી છે. સીતાને પણ સહેવું પડયું હતું, દ્રૌપદીને પણ.

ત્રણચાર સ્ત્રીઓ તન્મય બનીને ઢોલક પર ગાતી હતી. બધાના અવાજ ઉત્તર-દક્ષિણ દોડતા હતા. આગળના ઉપર-નીચેના તૂટેલા ચાર દાંત પછીના કાથાથી ચીકટ કાળા, ઘસાયેલા દાંત અને દાઢોની હારની વચ્ચેથી તુરાઈ વાજા જેવો ધૂતૂ-ધૂતૂ અવાજ કાઢતી પંચાવન વર્ષની સુરમાવાળી, રંગીલી, કાળી કૂબડી 'સુંદર'ના કંઠમાંથી તાન પલટી પલટીને નીકળતી હતી. એની મસ્તીમાં તે એની યુવાન જોડીદાર શરબતીથી પણ ચાર ચાસ વધારે બોલતી. આમ તો અત્યારે જમાનો શરબતીનો જ છે. શરબતી એક પૈસાદાર કાણા ભાડભૂંજાની સાતમી કહેવાતી વહુ છે. પતિને હમેશાં અંગૂઠા પર નચાવે છે. ઘરમાં ખુલ્લંખુલ્લા પ્રેમીઓ આવે છે. શરીર દાગીનાઓથી લદાયેલું છે. ગાવા-વગાડવાનો ભારે શોખ છે. તેથી મોટા-મોટા ઘરમાં જાય-આવે છે. ગયા જમાનાની સરનામ સુંદરને એની ઈર્ષ્યા આવે છે. મંજીરા વગાડતી કિશનસિંહની પુત્રવધૂના મોટા બોર જેવા ગાલ પાનથી વધારે લચી પડ્યા છે. એ ઓટલાની જેમ બેસીને સુંદર અને શરબતીની હરીફાઈ પર મંદમંદ હસતી હતી. કિસનસિંહની પુત્રવધૂ એના ઓળખીતા-પાળખીતામાં નારદ મુનિના નામથી પ્રખ્યાત છે. એ લડાવી મારે છે, પરંતુ કોઈની વચ્ચે વેરઝેર નથી કરાવતી. કિસનસિંહની પુત્રવધૂ ત્રીસ-ચાલીસ વર્ષથી અહીં રહે છે અને વર્ષ–બે વર્ષ ઓછાં કરીએ તો લગભગ એટલા જ સમયથી વિધવા પણ છે. ખાનગીમાં એવી અફવા ચાલે છે કે એક મોટા પ્રતિષ્ઠિત પંડિતજી સાથે એનો જૂનો સંબંધ છે. પશ્ચિમના ખત્રીઓ અને અગ્રવાલોના રીતરિવાજમાં તો એ પારંગત થઈ ગઈ છે. મંત્ર ફૂંકવા, દવાઓ, ટુચકા એને બહુ જ આવડે છે. બધી જગ્યાએ આદર મેળવે છે. સલાહ આપવામાં ખૂબ સાચી, ખૂબ મીઠાબોલી અને સારા-સારા લોકો સાથે મજાક કરવામાં ખૂબ તેજ. ગોકુલદ્વારાની ભિતરિયાજી પણ બેઠી હતી. દાઢી અને ગોળમટોળ ફાંદ સાથે, હાથ લાંબા કરી-કરીને બંને ગાનારીઓને કહેતી હતી કે 'મરો-રાંડની, તમને ગાતાં જ નથી આવડતું. હું મારા બાળપણમાં ગાતી'તી: ખાનગી મંડળીમાં સીરીજીનું રૂપ લેતી'તી...'

'તો રાંડ અત્યારે એ રૂપ શું કામ રાખ્યું છે? અભાગણી, દસ હાથની દાઢી લઈને મારા ગાવામાં ભૂલ કાઢે છે? શરબતીએ ગુસ્સે થઈને એના ઝીણા પણ જુસ્સાભર્યા અવાજમાં કહ્યું.

ભિતરિયાજી સુંદરની જેમ શરબતીના સોના-ચાંદીમાં સૂતેલી યુવાનીથી દબાઈ જાય તેવી નહોતી. હાથ લાંબો કરીને બોલી, 'રાંડની ભૂલ ન કાઢું ? તારો તે અવાજ છે કે રેલની સીટી ?'

આજુબાજુની સ્ત્રીઓ હસી પડી. શરબતીનો પારો ચડી ગયો. કિસનસિંહની પુત્રવધૂ બોલી, 'આવો જુલમ ન કરો, ભિતરિયાજી ! એના ચાહકોમાં બૂમ પડી જશે !'

'અરે, હું નથી ડરતી એનાથી કે નથી ડરતી એના ચાહકોથી. એને ન તો સારાં-સારાં ગીતો આવડતાં કે નથી આવડતી ગાવાની રીત.'

'લ્યો, દુનિયાભરમાં શરબતી ગાવામાં પ્રસિદ્ધ છે અને ભિતરિયાજી કહે છે કે એને ગાતાં જ આવડતું નથી!' કિસનસિંહની પુત્રવધૂ બોલી.

શરબતીની નિંદાથી સુંદરને અત્યારે સ્વર્ગીય સંતોષ મળતો હતો. ભિતરિયાજીને ટેકો આપતાં એ બોલી, 'અરે, આ ભિતરિયા ભાભી ભારે પક્કી છે! મેં ગોકુલ-દ્વારામાં એનું ગીત સાંભળ્યું છે!'

'અરે, ત્યાં તો માત્ર ભજન જ ગાઉં છું. ચાલ, લાવ ઢોલક મને દે...' કહીને એની ઢોલ જેવી ફાંદ લઈ ભિતરિયાજી ઝડપથી ઊઠી શરબતીના હાથમાંથી ઢોલક લઈને આંખ ઉલાળતી બોલી, 'અરે... જ્જા! જો, આમ વાગે ઢોલક અને આમ ગવાય ગીત. ચાલ સુંદર, શરૂ કર પેલું ...દુનિયામેં પૈદા હુએ હૈ...'

ભિતરિયાજીનો હાથ ખરેખર ખૂબ મીઠો હતો. ઢોલક વાગ્યું. સુંદરના ફાટેલા બેસૂરા ગળાએ પહેલ કરી. ભિતરિયાજીને ગાયનની કળાની જાણ હતી, કેટલાક નકામા-નકામા તાનપલટા પણ સભાને નખરાંથી રીઝવવા માટે લેવા લાગી :

'(અરે) દુનિયામેં પૈદા હુએ દુ:ખ-સુખ ઉઠાને કે લીએ.
મેરે દિલમેં ઐસી આવે સૈલ બાગોં કી કરૂં,
લે ચલો જાલિમ મુઝે સૈલેં કરાને કે લીએ,
મેરે દિલમેં ઐસી આવે સૈલ તાલોં કી કરું,
લે ચલો જાલિમ મુઝે કપડે ધુલાને કે લીએ.'

બહાર બેઠેલો મહિપાલ સહજ રીતે ખડખડાટ હસી પડ્યો. ઓરડામાં બેઠેલાં બધાં ચમકી ગયાં. એ વખતે શંકરલાલ અને વર્માના આગ્રહથી સજ્જન એની વ્રજયાત્રાની વાત કહેતો હતો. આવી સાંસ્કૃતિક વાતચીત પર મહિપાલનું હાસ્ય ખૂબ અચાનક જેવું ને અર્થહીન લાગ્યું.

'હવે શું ઈન્ટેલેકચ્યુઅલતા આવી ?' કર્નલે જરા લુખ્ખા અવાજે સવાલ કર્યો. એને પણ સજ્જનની વાતોમાં ખૂબ રસ પડતો હતો. મહિપાલ માથા પર હાથ ફેરવતો બોલ્યો, 'આ ગીત જરૂર કોઈ ઘરરખ્ખુ સ્ત્રીએ બનાવ્યું હશે. બિચારી અંધારા ઘરોમાં દબાઈ મરતી, કામકાજથી ભરેલી નીરસ નવયુવાન નાયિકા કલ્પનામાં પ્રિયતમની સાથે તળાવની સેર કરવા ગઈ. હનીમૂનમાં પણ બીજું કાંઈ ન સૂઝયું તો કપડાં ધોવાનું જ કામકાજ ભેગું કરીને લઈ ગઈ. હા–હા–હા ! અહીં વસે છે આપણા સમાજની નારીનું મન !'

'સાંભળો.' વનકન્યા બારણાં પાસે ઊભી હતી. અવાજ સાથે બધાનું ધ્યાન ત્યાં ગયું. સજ્જનના ચહેરા પર નવું તેજ આવી ગયું. એ એકદમ જ ઊઠ્યો.

'કહે બિન્નો, તાઈ પાસેથી શું દાપું મળ્યું ?' કર્નલે પૂછ્યું.

'હમણાં ક્યાંથી હોય ભાઈસાહેબ, છઠ્ઠી તો હજી સાંજે પુજાશે.' પછી સજ્જનને બહુ જ ધીમા સ્વરે કહ્યું, 'એમના છોકરાને કાંઈક ભેટ આપવી પડશે. ફોઈ બની છું.'

'આજે જ પ્રેઝન્ટ આપવી છે ?'

'આપવી તો આજે જ જોઈએ. તારાએ પૂજા ચડાવવાના દાપામાં એના તરફથી એક કીમતી બનારસી સાડી ખરીદી છે.'

'કેમ કર્નલ, લગ્ન પહેલાં મિયાં-બીબીએ આ રીતે ગુસપુસ વાતો કરવી જોઈએ ખરી ?' મહિપાલના આ પ્રશ્ન પર બધા હસી પડ્યા. કન્યાના મુખ પર લાજની લાલી આવી ગઈ. સજ્જને હસીને જવાબ આપ્યો, 'એય... મિંયા-બીબી રાજી તો ક્યા કરેગા કાજી ?'

બીજીવાર સૌ હસી પડ્યાં; ખુશીના તાનમાં કન્યાએ એના ભાવિ પતિ તરફ અજાણતાં ખૂબ જ માદક અને ગર્વભરી દૃષ્ટિએ જોયું. સજ્જનનું ધ્યાન ત્યાં નહોતું, પરંતુ બીજા બધાએ જોયું. કર્નલે હસીને નજર ખસેડી લીધી. મહિપાલના કાળજામાં ઈર્ષાભર્યું, લાલસાભર્યો કાંટો વાગ્યો.

સજ્જને ફરીથી ધીમા સ્વરે કન્યાને પૂછ્યું, 'જે કહે તે લાવી આપું.' અત્યારે એનું મન ગર્વ અને આનંદથી નાચી ઊઠ્યું હતું. પતિનો પાર્ટ અદા કરતાં તે એની પત્ની સાથે વ્યવહાર – દુનિયાદારીની ચર્ચા કરતો હતો. આ નવો અનુભવ આ પળે એનામાં સ્ફૂર્તિ ભરતો હતો. ભોળાપણાનું આ જ તો સૌંદર્ય હોય છે.

પતિને સૂચન કરવા આવ્યા છતા કન્યાનો સંકોચ પૂર્ણપૂણે દૂર નહોતો થયો. શંકરલાલની પત્ની સરૂપ બાળક માટે એક તોલા સોનાનો ઘૂઘરો અને

સાંકળી લાવી હતી. સરૂપ અને તારાની વાતોમાં 'મારા એ ...મારા એમણે...'ના વાતાવરણથી ઉમંગમાં આવી જઈને વનકન્યા સજ્જન પાસે સૂચન લઈને આવી તો ગઈ હતી. પણ આ લોકોની કીમતી ચીજોથી વધારે કીમતી કોઈ ચીજ લાવજે એમ કહેવામાં એને સંકોચ થતો હતો. કન્યા હવે એક લખપતિની વાગ્દત્તા પત્ની છે. સજ્જન હવે એ વાતને જગજાહેર કરી ચૂક્યો હતો. કન્યા પણ હવે એ વાતનો દૃઢ નિશ્ચય કરી ચૂકી હતી કે સજ્જનને હવે તે બાંધીને રાખશે. સાધારણ મધ્યમ વર્ગના અભાવોમાં ઊછરેલી પ્રગતિશીલ વિચારોવાળી વનકન્યા નવા ઉલ્લાસમાં શક્તિની હોડ લેવાના જુસ્સામાં આવી ગઈ હતી. મનની વાત મનમાં નહોતી રાખી શકતી ને કહી પણ નહોતી શકતી. સજ્જને પૂછ્યું એટલે અચકાતાં અચકાતાં બોલી, 'શું કહું? એમણે મારે માટે કીમતી સાડી લીધી છે. સરૂપ બાળક માટે સોનાનો ઘૂઘરો લાવી છે... સમજી લે. નહિ તો ભાઈસાહેબ સાથે વાત કરી લે.'

કહીને કન્યા તરત અંદર ચાલી ગઈ. ઘરની અંદર ઢોલક ઢમકી રહ્યો હતો. કન્યાનો સજ્જન અત્યારે દુનિયાદારીના ઉલ્લાસમાં હતો જ્યારે એ બંને વાતો કરતાં હતાં ત્યારે વર્મા મહિપાલને પૂછતો હતો કે છઠ્ઠી શા માટે કરાય છે? એના પ્રશ્નના જવાબમાં મહિપાલ કહી રહ્યો હતો, 'મેં આના પર ક્યારેય બહુ ધ્યાન નથી આપ્યું. બાળકના જન્મનો છઠ્ઠો અને બારમો દિવસ ખૂબ મહત્ત્વનો હોય છે. મારી ધારણા છે કે તાંત્રિકોના પ્રભાવથી આ રિવાજ ફેલાયો છે. હિંદુઓની માન્યતા અનુસાર આને ષષ્ઠીદેવીની પૂજાનો દિવસ ગણાય છે. આપણે ત્યાં સોળ માતાજીઓ મનાય છે, ષષ્ઠી એમાંની એક એટલે કે છઠ્ઠી છે.'

સજ્જન વિચારતો હતો, શું લાવું? પરિસ્થિતિએ એને વર્મા જેવા સાધારણ મધ્યમ વર્ગીય માણસ સાથે રીતરિવાજ કરવા માટે લાચાર બનાવી દીધો છે. મનથી એને આ સારું લાગતું નહોતું. મીઠા મોંની સાહેબ-સલામ જુદી વાત છે. પરંતુ આ રીતે સંબંધ બાંધવાનું સારું નહોતું લાગતું. એમણે કન્યાને મોટા માણસની પત્ની સમજીને કીમતી સાડી આપી છે. કન્યા તરફથી પ્રેઝન્ટ અપાય તે મારી શક્તિને લાયક હોવી જોઈએ. બહુ વધારે પડતી પણ ન હોવી જોઈએ, નહિ તો આ (નાના) માણસો ભવિષ્યમાં પણ અપેક્ષા રાખશે.

મહિપાલ કહેતો હતો, 'છઠ્ઠીના દિવસ સાથે જ આપણે ત્યાં ભાગ્યવાદનો જન્મ પણ જોડાયેલો હોય છે. આજના દિવસે જ વિધાતા કોઈને રાજા તો કોઈને રંક બનાવી દે છે. કોઈ બેઈમાન બને છે, કોઈ પરમ સાત્ત્વિક. કોઈ

સાત્ત્વિક સંસ્કારનું હોવા છતાં પણ ભાગ્યચક્રથી દબાઈને ખરાબ, ઘણો ખરાબ... ઘણો-ઘણો ખરાબ માણસ બની જાય છે.'

'અને ?'

'સાચું છે. ભાગ્યમાં લખેલું કોઈ મિટાવી નથી શકતું.' કર્નલે કહ્યું.

'તું ભાગ્યને માને છે, મહિપાલ ?'

'માનતો નથી છતાં માનું છું.'

'જો ભાગ્યમાં માનતો હોય તો અમીરી-ગરીબી, શિક્ષણ અજ્ઞાનતા વગેરે ભેદ...'

'એને માટે શ્રીમંત મૂડીપતિ વર્ગને શા માટે જવાબદાર ઠરાવું છું, એમ ને ?'

'હા.'

'સજ્જન, નવી ચેતના અનુભવમાંથી આવે છે. અનુભવ સિદ્ધ કરવા માટે વ્યક્તિ અથવા આખા સમાજને જે કરવું અને સહેવું પડે છે તે એનું ભાગ્ય છે – એના ભાગનું સામાજિક દાયિત્વ છે...' કહેતાં કહેતાં મહિપાલનો સ્વર ગંભીર થઈ ગયો, 'એ જન્મમાં જે કર્યું તેનું પરિણામ આ જન્મમાં ભોગવું છું. આ જન્મમાં જે કરું છું, જે કાંઈ કર્યું... એનું પરિણામ... મારે આ જન્મમાં અથવા આવતા જન્મમાં ભોગવવું પડશે. હું બચી નહિ શકું, કદાપિ બચી નહિ શકું.' ઘેરા અવાજમાં મહિપાલ અટકી અટકીને એવું સાચેસાચું બોલી ગયો જાણે ત્યાં બીજું કોઈ ન હોય. પોતે એકલો જ હોય – શરીર-મનની સંગતિ સુધ્ધાં વીસરીને તે સ્વગત બોલતો હતો.

છેલ્લા બે દિવસના એના ઊંડા ખેદના તાજા અનુભવને લીધે સજ્જનને લાગ્યું કે મહિપાલને એના કોઈ કાર્યનો બેહદ પસ્તાવો થાય છે. કારણ જાણવાની ઇચ્છા થઈ; પછી બે બહારના – શંકરલાલ અને વર્મા – નો ખ્યાલ આવ્યો. આ ખ્યાલ હોવા છતાં સજ્જનના મનમાં બધાની વચ્ચે મહિપાલને ટોકીને એના પસ્તાવાનું કારણ પૂછવાની ઇચ્છા થઈ. મહિપાલના ચહેરા પરની ઊંડી ભૂલની એક ઝલકે આ પળે એની રહીસહી ચસક પણ ગૂમ કરી દીધી હતી, તેથી એને આનંદ થયો. પ્રતિદ્વંદ્વી કલાકાર મિત્ર પ્રત્યેની એના મનની ગુપ્ત ઈર્ષા પણ આ આનંદમાં ભળી હતી. સજ્જને એને ટોકીને હસતાં હસતાં પૂછ્યું, 'કયા ઘેરા પાપની યાદ અત્યારે સતાવે છે ?'

મહિપાલ ચોંકયો, જાણે અચાનક પકડાઈ ગયો હોય, પછી તરત જ સ્વસ્થ બનીને, ફિક્કું હસીને, એના નોર્મલ અવાજમાં બોલવાનો ઠીકઠીક સફળ પ્રયત્ન

કરીને, આધ્યાત્મિક હવામાં ઊડતાં બોલ્યો, 'મોસમ કૌન કુટિલ ખલ કામી... કયું પાપ કહું ?'

વાત સજ્જનને બરાબર ઠેકાણાસર વાગી. એ પૂછીને પછી પસ્તાયો. પોતે શું ઓછો પાપી છે ? એને જ જો કોઈ આ રીતે મજાકના રૂપમાં આ પ્રશ્ન પૂછત તો ? —સચ્ચાઈના આવેશમાં આવીને સજ્જને કહ્યું. 'હું પણ બહુ જ પાપી છું દોસ્ત ! તારા સિદ્ધાંત પ્રમાણે આવતા જન્મે મારે પણ કોણ જાણે શું શું ભોગવવું પડશે ?'

'ભાઈ, બધાં પાપી છે. બધાં પોતપોતાનાં કર્મો ભોગવે છે.' કર્નલે વાતને સામાન્ય બનાવી વાતાવરણની ખિન્નતાનો ભાર હળવો કર્યો.

'હલ્લો !' આનંદથી ઊછળતી ડૉ. શીલા સ્વિંગ કન્યા સાથે વરંડામાં દાખલ થઈ. મહિપાલને જોઈને એનો ઉત્સાહ થંભી ગયો, મહિપાલનો ચહેરો ફિક્કો પડી જઈને પછી પથ્થર બની ગયો. એના સિવાય બધા ઊભા થઈ ગયા. પછી એ પણ ઊભો થઈ ગયો.

કન્યા સજ્જન તરફ જોઈને આંખો કાઢીને બોલી, 'તું હજી સુધી ગયો નથી ?'

'બસ, જાઉં જ છું.' સજ્જને ઉતાવળથી કહ્યું.

ત્રાંસી નજરે મહિપાલના ચહેરાને જોઈને શીલા ફરી ઉત્સાહથી બોલી, 'બિલકુલ બરાબર ! આ દુર્જન પાસેથી બરાબર આ રીતે જ કામ લેજે ! એ એને જ લાયક છે !'

'અરે, જોડા મરાવો સરકાર ! જમાનો તમારા લોકોનો જ છે !' સજ્જને હસીને કહ્યું.

'અમને બીજો તો કશો વાંધો નથી. પણ ડર એ છે કે અમારા જોડા પણ શરમાળ છે. તૂટી જશે ! અમને નુકસાન થશે અને તોયે પુરુષોની બેશરમ ખોપરી તૂટશે નહિ.'

આના પર બધા જોરથી હસ્યા.

મિ. વર્માએ પોતાની ખુરશી પાસેથી દૂર ખસીને શીલાને કહ્યું, 'આવો ડૉક્ટર-સાહેબ, પધારો.'

વરંડામાં બે ખુરશી અને એક લાંબા બાંકડા પર ચારે જણ બેઠા હતા; બે સ્ત્રીઓના આવવાથી જગા ઓછી પડી. એના ખુલાસા જેવું કરતાં મિ. વર્મા બોલ્યા, 'શું કહું, ઘરમાં તો અત્યારે સ્ત્રીઓનું જ રાજ છે.'

'હું જાઉં છું.' મહિપાલ નીચી નજર રાખી ઊભો થયો.

'કેમ? બેસને.' ડૉ. શીલાના સ્વરમાં આગ્રહ હતો. આંખો ભીખ માગતી હતી. જે દિવસે કર્નલ મહિપાલને શીલાના ઘેરથી લઈ આવ્યો હતો ત્યાર પછી આજે બંનેની પહેલી મુલાકાત થતી હતી.

મહિપાલે ઊંચું જોયું. ખૂબ જ દીન અને અસહાય દૃષ્ટિએ એણે શીલા સામે જોયું. પછી બહાનું બતાવતો બોલ્યો, 'ના, મારે તો અત્યારે જવાનું જ હતું...'

'ઊભો રહે, હું પણ આવું છું. કર્નલ, એક વાત કહું.' સજ્જને કહ્યું.

'હું આવી કે તરત બધા ચાલવા લાગ્યા!' શીલાએ હસીને પરંતુ થોડા દુઃખભર્યા સ્વરમાં કહ્યું.

'ના, કર્નલને તમારી સેવામાં મૂકી જઈએ છીએ; અને વળી હું તો હમણાં જ પાછો આવું છું. હવે તો આઝાદમાંથી ગુલામ થઈ ગયો છું ને!' સજ્જને પ્રેમભરી આંખે કન્યા તરફ જોયું.

'પુરુષોને કાં તો સ્ત્રીઓના માલિક બનવાની ઇચ્છા હોય છે ને કાં તો ગુલામ બનવાની! પરસ્પર સરખાપણાનું મહત્ત્વ તો જાણતા જ નથી આ લોકો!' કહેતી વખતે કન્યાની આંખોમાં મીઠી ફરિયાદ હતી; ફરિયાદ ઓછી, મીઠાશ વધારે હતી.

સજ્જનને અત્યારે અચાનક એ જૂનો અનુભવ તાજો થયેલો લાગ્યો કે કન્યાનો પ્રેમ અતિ નિર્મળ, અતિ નિષ્કપટ છે. પોતે ઇચ્છા કરવા છતાં એવી શુદ્ધતા પોતાની અંદર કેમ અનુભવી શકતો નથી? એ પોતાની જાતને બધાથી અલગ કરીને શા માટે રાખે છે, શા માટે જુએ છે? કન્યાની પ્રેમગંગામાં એના કલુષિત પ્રેમનો સંગમ થાય છે. શું તે ક્યારેય નિર્મળ નહિ બની શકે?

* * *

સાથે સાથે ગલીઓ પસાર કરતા સજ્જન અને મહિપાલ મૌન હતા. બંનેના મનમાં ખૂબ જ મંથન ચાલી રહ્યું હતું.

'હું ઘણો જ નીચ છું! ...કન્યા જેવી સદ્‌ચરિત્ર છોકરીને યોગ્ય નથી! ...પરંતુ હું મારી જાત સાથે લડી લઈશ! હું નિર્મળ બનીશ!' સજ્જન કન્યાની નિર્મળતાના વિચારથી પોતે પણ નિર્મળતાના ભાવથી ભરાઈ ગયો.

'હું ઘણો જ તુચ્છ છું. મારા જીવનને ધિક્કાર છે, ધિક્કાર છે... હે ભોળા!'

શિવ ભોળાને યાદ કરીને મહિપાલ પહેલાંથી પણ વધુ તુચ્છતા અને આત્મ-ધિક્કારથી ભરાઈ ગયો.

ગલીઓ ચૂંટણીની ચર્ચાના અવાજોથી ભરેલી હતી. કોઈ કહેતું કોંગ્રેસ ઘણી આગળ જાય છે, કોઈ કહેતું જનસંઘ જોરમાં છે. બપોર પછીની અફવાઓમાં

કિશાન–મજૂર પ્રજા પાર્ટીના કેન્ડિડેટના રંગ તો બિલકુલ ઝાંખા પડી ગયા હતા. ઘોડેસ્વાર, ઊગતો સૂર્ય, વહાણ, ફૂલ, એન્જિન, દાતરડું વગેરે નિશાનોની તો ચર્ચા પણ નહોતી થતી.

પાંત્રીસ

ગલીઓમાંથી નીકળીને બંને ચોકના ચાર રસ્તા પર આવી ગયા. ગોળ દરવાજાવાળો ચોક આવતા-જતા અને ઊભા રહેલા માણસોના ટોળાથી ઘેરાયેલો હતો. લાઉડસ્પીકરોનો એકબીજા સાથે અથડાતો અવાજ હવાની જેમ જાણે કે કુદરતનું અંગ બની ગયો હતો. વિક્ટોરિયા પાર્કની બંને બાજુની ચા-પાનની દુકાનોની બધી જ ખુરશીઓ માણસોથી ભરેલી હતી. વિક્ટોરિયા પાર્કમાં પોલિંગ થતું હતું. પોલીસ, ફાઈલ સાથેના સરકારી ઑફિસરો, મોટરો, ડોળીઓ, પાલખીઓ – લોકોની ભીડમાં વિશેષ રૂપ ધરીને સામે આવ્યા કરતી હતી.

સજ્જન આજે ડ્રાઇવરને સાથે લઈને આવ્યો હતો, કારણ કે આજની ટોળાની ધક્કાધક્કીને કારણે ક્યાંક કોઈને ઈજા ન થઈ પડે અને સડક પર એકલી ઊભેલી એની ગાડીને કોઈ કારણ વિના તોડીફોડી પણ ન નાખે. પરંતુ ચૂંટણીનું વાતાવરણ માત્ર લોકોની વાતોના અવાજથી જ ભરેલું રહ્યું, બીજી રીતે પૂર્ણ શાંતિ હતી. પ્રબંધ પણ સારો દેખાતો હતો. સજ્જન અને મહિપાલ જ્યારે ગાડી પાસે આવ્યા ત્યારે ડ્રાઇવર ગાયબ થઈ ગયો હતો. સજ્જનને ગુસ્સો આવ્યો. મહિપાલે કહ્યું, 'જવા દે, મેળાનો દિવસ છે, ક્યાં સુધી ગાડીમાં બેસી રહે? આટલામાં જ ક્યાંક હશે. ચાલ, ત્યાં સુધીમાં પાન ખાઈ લઈએ. ઘણા વખતથી સારું પાન ખાવા નથી મળ્યું.'

સજ્જનનું મન અત્યારે એના ડ્રાઇવર પાછળ હતું. કન્યા એની રાહ જોશે. ચાર વાગ્યાથી તાઈની હવેલીમાં સ્ત્રીઓનો મેળો શરૂ થઈ જશે, પછી એને બોલાવવાનું પણ અઘરું બની જશે. કાલથી એના મનમાં કન્યા પર અનહદ લાડ અને આદર ઊભરાઈ આવે છે. રાત્રે રૂપરતનને ત્યાં ચિત્રાને જોઈને એના મનમાં ગભરાટ પેદા થયો હતો. જો કે ચિત્રાથી તે ઘણો જ પ્રસન્ન અને પ્રભાવિત હતો. એણે કાલે સજ્જનની આબરૂ બરાબર સાચવી લીધી, છતાં પણ ચિત્રા કન્યા ન બની શકે. ચિત્રા એની આશ્રિતા બની શકે, પત્ની નહિ. એને પત્નીની જરૂર છે. એ હવે એના અનિયમિત જીવનથી ખૂબ જ કંટાળી ગયો છે તે ચોક્કસ. આજ સુધી પત્નીની જવાબદારીથી મુક્ત જીવન વિતાવીને તે એનાથી બચવા માટે

ભાગતો હતો, જાળમાં ફસાઈ જનાર જંગલી હાથીની જેમ બંધન સામે બળવો કરતો હતો. વ્રજભૂમિમાં કન્યા સાથે ફરતાં ફરતાં, એના પ્રેમપાશમાં જકડાયેલી કન્યાની લાચારીનો લાભ ઉઠાવીને, એનો ઉપભોગ કરી પોતાના મનમાં એનો દરજ્જો નીચો કરવા માટે સજ્જનનું ઉપચેતન મન જે ષડયંત્ર રચતું હતું એમાં એને નિષ્ફળતા મળી. એ જ નિષ્ફળતાની ખીજ, વ્રજભૂમિમાં ઊભરાયેલી, પરંતુ દાબી દીધેલી એની કામપિપાસા જ રાજા સાહેબની મહેફિલમાં ચિત્રાને જોઈને ફરી ઊભરાઈ આવી હતી. ચિત્રાને લીધે આવું બન્યું હતું એમ નથી; કોઈ બીજી એવી જ પરિચિતા મળી હોત તો તે એની સાથે પણ સપટી પડત. પરંતુ હવે એવી સ્ત્રીનો સહવાસ – ચિત્રાનો સહવાસ – એને નૈતિક દૃષ્ટિએ અસહ્ય લાગ્યો. એને એના મનનું ઊંડું પાતાળ દેખાયું. એને પોતાને માટે બેહદ ઘૃણા થઈ. આ સમયે જ કન્યા કાલે એના બધા જ સુસંસ્કારોનું પ્રતીક બનીને આવી હતી અને એને એનો અહંકારરહિત સ્નેહ આપીને ઉગારી લીધો હતો – દિવસે પણ અને રાત્રે રૂપરતનને ઘેરથી પાછા ફરતાં પણ. કાલથી સંપૂર્ણ (વિકાર રહિત) મનથી કન્યા એની સ્વામિની, એની ગૃહસ્વામિની છે. એની સ્મૃતિ, એનું દર્શન, એનો સ્પર્શ સજ્જનના રહ્યાસહ્યા વિકારોને પણ દૂર ભગાડી દે છે, એને ઊંચે ઊડવાની પ્રેરણા આપે છે. ડ્રાઈવરની ગેરહાજરી એને ખૂબ જ ખટકી. કારની ચાવી પણ એની પાસે નહોતી નહિ તો તે આટલો બેચેન ન બનત. પરંતુ અત્યારે એને ડ્રાઈવર પર ખૂબ ક્રોધ પણ નહોતો આવ્યો. મહિપાલ બરાબર કહે છે, મેળાનો દિવસ છે, બિચારો ક્યાં સુધી ગાડીમાં બેસી રહે. એ પણ માણસ છે.

માનવતા અને કન્યાના આદેશપાલનની મૂંઝવણમાં સજ્જન થંભી ગયો હતો. મહિપાલે એનો હાથ પકડીને ખેંચીને કહ્યું, 'ચાલને પણ! અત્યારથી વહુનો ગુલામ ન બન ...જો કે સારી સ્ત્રીના ગુલામ બનવામાં જ આપણા જેવાનું કલ્યાણ છે!'

જમના તંબોળીની દુકાન પર પાનની પ્રતીક્ષામાં ઊભાં ઊભાં તેઓ પાસે જ આવેલી લાલ મહારાજની ચા-ઠંડાઈની દુકાન પર બેઠેલા લોકોની વાતો સાંભળવા લાગ્યા. ઈલેકશનના સમાચાર સાંભળવા મળતા હતા. સજ્જન અને મહિપાલને પણ આ સાંભળીને મજા આવી ગઈ. પાન ખાધા, સજ્જને કહ્યું, 'ચાલ, જઈએ.'

મહિપાલ એક સેકંડ દ્વિધામાં ઊભો રહ્યો. સજ્જને બીજી વાર કહ્યું ત્યારે બોલ્યો, 'હમણાં તું જઈ આવ. હું જરા અહીં જ ફરીશ. સારું લાગે છે.'

'તું તો કોઈ કામને કારણે ત્યાંથી ઊઠ્યો હતોને.'

'ના... એમ જ ઠીક, તો તું જા. પરંતુ જઈશ કેવી રીતે? તારો ડ્રાઇવર...' સજ્જન એના મોંને ધ્યાનથી જોઈ, જાણે કે એના પર કાંઈક વાંચતો હોય તે રીતે બોલ્યો, 'નહિ આવ્યો હોય તો બસમાં ચાલ્યો જઈશ.'

સજ્જન ચાલ્યો ગયો. મહિપાલ પાર્ક તરફ ગયો. ગિરદી રંગબેરંગી અને જોરદાર હતી. ચૂંટણીની વાતો સિવાય કાને બીજું કશું પડતું નહોતું. બુઢ્ઢા, બીમાર, અપંગ સુધ્ધાં વોટ આપવા આવતા હતા. સ્ત્રીઓમાં તો અપાર જોશ હતું. ગણતંત્રની પરંપરામાં ઘણા જૂના જમાનાથી માનનાર ભારતદેશની નારીઓને ઇતિહાસમાં પહેલી વાર વોટ આપવાનો અધિકાર મળ્યો હતો. મોટા ભાગની સ્ત્રીઓ એમના પુરુષોની ઇચ્છા અનુસાર વોટ આપી આવી હતી. કેટલીકે પોતાના અધિકારનો સ્વતંત્ર ઉપયોગ પણ કર્યો. એક મહાશય વારંવાર એમની પત્નીને જનસંઘી દીપકની જ્યોત જગાવવાનો આદેશ આપતા હતા અને એમની પત્ની કોંગ્રેસના બળદો આગળ ઘાસ નાખવા માગતી હતી. બંને વચ્ચે બોલાચાલી થઈ પડી. જોશમાં આવી જઈને પત્ની દેવી પાર્કને જ પોતાનું ઘર સમજી પતિદેવ પર ગરમ થઈ ગઈ ને બોલી, 'જુઓ, આજે હું જિંદગીમાં પહેલી વાર વોટ આપવા આવી છું. મારું મન જેને આપવા ઇચ્છશે એને આપીશ. અને તમને મારા સમ છે, હવે જો ટકટક કરશો તો મારું મોત જોશો.'

પતિ-પત્નીનો આ વૃષભ-દીપકનો સંવાદ ચાલતો જ હતો ત્યાં બાજુમાંથી પસાર થતા એક પોલીસે પતિદેવનો હાથ પકડ્યો. પોલિંગ ક્ષેત્રમાં કેનવાસિંગ કરવું તે અપરાધ હતો.

ચોકની કેટલી વેશ્યાઓએ સ્વતંત્રતાનું ભજન કરનારી સભ્ય દુનિયાને આજે ભારે મોટો, સીધો, સાચો અને તીક્ષ્ણ જવાબ આપ્યો. એમને પૂછવામાં આવ્યું, 'બાપનું નામ?' જવાબ મળ્યો, 'રૂપિયા!'

ફરીને પુછાયું, 'પતિનું નામ?'

જવાબ મળ્યો, 'રૂપિયા!' એમનામાંથી બાવીસ-ત્રેવીસ વર્ષની એક નથણીવાળી નટખટ છોકરી બોલી, 'ના, પતિ આ સાહેબ છે જે અમને ઘેરી લઈને અહીં વોટ આપવા માટે લાવ્યા છે.'

ચૂંટણીનાં ચિત્રોમાં મહિપાલનું મન લાગી ગયું. આ ચૂંટણી મૂળમાં એને એક ભારે કટાક્ષ જેવી લાગતી હતી. એક તરફ તો ભારતની આ અપૂર્વ જનતાંત્રિક ચૂંટણીએ પુખ્ત વયના મતાધિકારને સ્વીકારીને આખા સમાજને એની મનમાની સરકાર રચવાની સ્વતંત્રતા આપી દીધી. પ્રાચીન ભારતના સામંતી ગણતંત્રમાં કોઈ સ્ત્રી, કારીગર, વેપારી અને નોકરને પોતાની સરકાર રચવાનો અધિકાર નહોતો.

જનતા પર શાસન કરવાનો અધિકાર માત્ર ક્ષત્રિય સામંતોનો જ હતો. આ રીતે એક તરફ ભારે મોટી પ્રગતિ કરવા છતાં આજની પ્રજાતંત્રની ચૂંટણી અર્થહીન છે.—નિતાંત અર્થહીન. તોફાન મચાવીને અર્થ સિદ્ધ કરવામાં આવે છે. ...એકા-એક મહિપાલનું ધ્યાન કલકત્તાના શેર માર્કેટની અંદર મચેલા ભયંકર કોલાહલ તરફ ગયું. સટ્ટા બજારની ધમાલ અને જનતાંત્રિક સાર્વભૌમ ચૂંટણી લડવાની તોફાની ટેકનિક બિલકુલ એકસરખી હતી. લક્ષ્મી અને સત્તાને સિદ્ધ કરવા માટે આ ચોખ્ખું ગાંડપણભર્યું વિધાન જોઈને મહિપાલને ખૂબ જ આશ્ચર્ય થયું. ખ્રિસ્તી સભ્યતાની સાડી ઓગણીસ સદીઓની અને ભારતીય સભ્યતાની એનાથી પણ ચાચાર હજાર વર્ષ જૂની ઉચ્ચ નૈતિકતા પર ગુમાન કરનાર આજના સભ્ય વિચારક લોકો, સમાજસેવક ન્યાયના નામ પર થનારી આ વિચિત્રતાને કેવી રીતે સહન કરી શકતા હશે? તોફાનવાળી ટ્રીક વિકસિત બુદ્ધિની ઉપજ તો હોઈ જ ન શકે. આ સંકીર્ણ સ્વાર્થ, ઘોર અનૈતિકતાભરી ક્રૂર ચતુરાઈ જે માનવબુદ્ધિને ભ્રમમાં નાખવાનું ષડ્યંત્ર રચે છે...

બોલતાં બોલતાં અચાનક જીભ કચરાઈ જાય તેવું જ કાંઈક મહિપાલના મનમાં ખટ્ થયું. મન અમળાઈ ગયું, એક મનની સામે બીજું મન શરમથી ઝૂકી ગયું. સભ્યતા, સંસ્કૃતિ, આદર્શ, ન્યાય, સૌંદર્ય, સત્ય, માનવતા વગેરે મોટા-મોટા શબ્દોનો વારંવાર વિચાર કરીને નિત નવા અર્થોથી નિખરનાર કલાકાર-સાહિત્યકાર પોતે જ પોતાના અપરાધથી જડ છે. આ જડતા મહિપાલની વિચાર-ચતુરાઈને હરી ગઈ. અનેકાનેક કારણોથી આવનારા આવા માનસિક મોકા પર તે એકદમ પોલો થઈ જાય છે.

મહિપાલ અત્યારે એનું આ માનસિક પોલાપણું સહન ન કરી શક્યો. એણે પૂરા જોશથી એની ઈમાનદારીને દબાવી, 'નહિ, મારે મારી સ્થિતિ સુધારવી જ છે. શકુંતલાનું લગ્ન કરવું છે. દહેજ અને વ્યવહારની ઘણીય નકામા ખર્ચની રકમોને અનૈતિક અને અસામાજિક કાર્ય માનવા છતાં પણ મારે એ બધું કરવું જ પડશે. તે એકલો ચણાની ભઠ્ઠી તોડી નહિ શકે; દુનિયા જ્યાં સુધી આ પ્રકારની કઢંગી માન્યતાઓને માનીને ચાલતી રહેશે ત્યાં સુધી એક મહિપાલ શુક્લ બિચારો શું કરી શકે. બિચારી કલ્યાણીના મનને એ ક્યાં સુધી દબાવે? શકુંતલાનું લગ્ન તે શાનદાર રીતે કરવા માગે છે. એ તેના હૃદયની વિશાળતાનો પરિચય આપે છે. આજકાલ કઈ સ્ત્રી પોતાની નણંદની છોકરી માટે આટલી ચિંતા કરે છે? બસ, હવે મહિનાએકમાં શકુને યોગ્ય ઉત્તમ કુળનો વર શોધી જ લઈશ. 'ચટ મંગની પટ બ્યાહ' કરીને... અને પછી મારી સામે પણ કુટુંબ છે. પોતાનાં બાળકો કોને

વહાલાં નથી હોતાં. ભાઈ-બહેનો માટે જો મેં મારી આટલી જિંદગી ખર્ચી તો શું મારાં બાળકોની ઉન્નતિની કામના ન કરું ? ...હા, પણ... ચોર, સ્વાર્થી, કુલાંગાર...'

મહિપાલનું બીજું મન એની આ તમામ વાતોની છત ફાડીને એના સ્વર્ગસ્થ પિતાના સ્વરમાં ધિક્કારવા માટે હોશની ઉપરની સપાટી પર આવી ગયું. વધારે જોરપૂર્વક ન વિચારવા છતાં તે એની નબળાઈઓ વિશે વિચારતો હતો; સામાજિક નિર્બળતા અંગે વિચારતો હતો. વ્યક્તિ અને સમાજ બંને દોષપૂર્ણ છે. જ્યાં સુધી સમાજ નથી બદલાતો ત્યાં સુધી વ્યક્તિ બિચારી શું કરે ? જ્યાં સુધી સમાજનું નિર્માણ થાય છે ને સમાજ દ્વારા વ્યક્તિનું પોષણ થાય છે ત્યાં સુધી ચારિત્ર્યનો પ્રભાવ ચારિત્ર્ય પર પડે છે. વ્યક્તિ અને સમાજના સમન્વયનો આ જ મૂળભૂત આધાર છે. આનાથી જ કુટુંબની રચના થાય છે. આજની વ્યક્તિ અને સમાજ બંનેય આ ખેંચતાણના તોફાનમાં પોષાઈ રહ્યાં છે. ...આજની વ્યક્તિ એવી લાચાર છે કે નીતિની ઊંચી ઊંચી માન્યતાઓને એ જો અચાનક તોડીફોડી પણ નાખે તોયે એને ક્ષમા આપી દેવી જોઈએ.

બીજું મન – આ વખતે પિતાના સ્વરમાં નહિ – ફરી ધિક્કારવા માટે પ્રસ્તુત થયું. મહિપાલ અનાયાસે જ આહ કરી ઊઠયો. વિકસિત ચેતનાનો પ્રકાશ મહિપાલને એની અંતરદૃષ્ટિ ફોડતાં રોકતો હતો. એને પોતાની સભાનતા અત્યારે ભારે મોંઘી પડતી હતી. ઘેરાઈને ગભરાઈ ગયો હોય તેમ આંખો ફાડી-ફાડીને મહિપાલ એની ચારે તરફ જોવા લાગ્યો. વચ્ચે સડક પર આવીને ઊભો રહ્યો. કાર પાસે આવતાં હાથ ઊંચો કરીને રોકી. કાર ઊભી રહી.

'અરે ગુરુ, તમે અહીં ?' રૂપરતને પૂછ્યું, 'આવશો ? મારે તમારું કામ છે.'

'હા, ચાલો ! ઈલેક્શનમાં મને ખાસ કોઈ ઈન્ટરેસ્ટ નથી. આ તો એમ જ ચાલ્યો આવેલો, ધમાલ જોવા.'

રસ્તામાં મહિપાલે પૂછ્યું, 'આ વખતે તમે કેમ ઊભા ન રહ્યા રૂપરતન ?'

'સાચું કહું ગુરુ, વાણિયાનો છોકરો પહેલાં એનો ધંધો સંભાળે છે, પછી બીજું બધું.'

મહિપાલ મનોમન વિચારવા લાગ્યો કે આ એ જ રૂપરતન છે જે એક સમયે સમાજવાદની વાતો ફેંક્યા કરતો હતો, જેણે જનહિતની મોટીમોટી વાતો કરી એને ઠગ્યો હતો. એકાએક રૂપરતન એના ખભા પર હાથ રાખીને બોલ્યા, 'મહિપાલ, મારે માટે મિનિસ્ટરીનો ચાન્સ તો છે નહિ. મારાથી પણ મોટામોટા ધરખમ માણસો

ઉમેદવાર છે. આ વખતે ડેપ્યુટી મિનિસ્ટરશીપ પણ વહેંચાઈ રહી છે, પરંતુ એ બધું મને પસંદ નથી. બીજી વાત એ કે હવે હું મારો વધારે ટાઈમ બિઝનેસમાં ન આપું તો... તમે જાણો જ છો કે જમાનો કેવો કઢંગો ચાલે છે!'

'અરે, તમારા જેવા મોટા લખપતિ પણ જમાનાને રડે છે? હા-હા-હા!'

'હા-હા-હા! જેનાથી જમાનો ચાલે છે એ લોકો પણ એ ચક્રની નીચે આવી જાય છે. સતત સાવધાન રહેવું પડે છે.' રૂપરતને ગંભીર બનીને કહ્યું.

'તમે પોલિટિક્સનું ચક્કર છોડી દીધું એ સારું જ કર્યું.'

'ના, છોડયું તો એવું કાંઈ નથી... ખેર, જવા દો! એક પ્રપોઝલ મૂકું છું. તમારાં બધાં નવાં પુસ્તકો મને આપી દો. હું તમારાં જૂનાં પુસ્તકોના કોપીરાઈટ તમને પાછા આપી દઈશ અને રોયલ્ટી બેઝીઝ પર લઈ લઈશ. વીસ પર્સેન્ટ રોયલ્ટી. બોલો, છે મંજૂર?'

મહિપાલ વિચારવા લાગ્યો, હવે આને ફરીથી પોતાની નવી પોઝિશન બનાવવી છે. એટલે મને ફરી લોભાવી રહ્યો છે. ...પરંતુ એની પાસેથી કામ કઢાવવું છે. પછી મોઢેથી બોલ્યો, 'મને તો બધી બાજુથી લાભ છે. આગળ સતર્ક...'

રૂપરતને કહ્યું, 'જૂની વાતોને ભૂલી જાઓ ગુરુ! અસલમાં એ વખતે તમે સિદ્ધાંતોનાં સ્વપ્ન સાકાર કરવાના ઉત્સાહમાં હતા...નહિ તો...દિલની વાત કરું છું, તમારે માટે મારું મન ક્યારેય મેલું નથી બન્યું એ જ પ્રેમભાવ, એ જ આદર...'

'કહેવાની જરૂર નથી. વ્યવહારથી હું સમજી શકું છું. ઠીક, મારાં પુસ્તકો માટે એડવાન્સ શું આપશો?'

'કેટલાં પુસ્તકો છે?'

'મારાં ત્રણ પુસ્તકોની નવી એડિશન નથી નીકળી. પ્રકાશક ગરીબ હતા. ખેર, એક નવી કથા હમણાં હાથમાં લીધી છે...'

'ભલે, ત્રણચાર હજાર, જે માગશો તે આપી દઈશ.'

'અને મારાં જૂનાં પુસ્તકો પર?'

'લાગે છે ગુરુ, કે પહેલાં કરતાં ચતુર થઈ ગયા છો.'

'અનુભવોએ શીખવ્યું છે.'

'બરાબર જ છે. હવે મને ને તમને વધુ સારું ફાવશે. ખેર, જે ગમે તે લઈ લેજો.'

'કેમ, પાછું કોઈક સાપ્તાહિક કાઢવાનો વિચાર છે?'

હા ! કાદું પણ ખરો. આમ તો તમને જોઈને જ આ વાતોની ઈન્સ્પિરેશન મળે છે. વિચારું છું કે પ્રકાશનના કામ પર જ પહેલું અટેન્શન પે કરું આ વખતે. આ વખતે હું કોઈક નવી રીતથી એક્સપરિમેન્ટ કરવા માગું છું. પેંગ્વિન સીરીઝની માફક ભારતીય ભાષાઓની શ્રેષ્ઠ નવલકથાઓની એક સીરીઝ ચલાવીશ. પબ્લિસિટી અમેરિકન સ્ટાઈલ પર. હિન્દુસ્તાનના દરેક મોટા શહેરમાં મહિપાલ શુકલની નવલ-કથાઓ પર – આય મીન હું જેમનાં પુસ્તકો પબ્લિશ કરીશ એ બધાં લેખકો પર સાહિત્યિક ગોષ્ઠીમાં પેપર્સ વંચાશે, દરેક સ્કૂલ, કૉલેજ, યુનિવર્સિટીઝ, મોટાં રેસ્ટોરાં, સ્ટેશન પ્લેટફૉર્મ, છાપાંઓ – દરેક જગાએ તમારી પબ્લિસિટી. મને પાકી ખાતરી છે કે આજ સુધી કોઈ પ્રકાશકે હિન્દુસ્તાનમાં હિન્દી પુસ્તકોનું બજાર બનાવવા માટે વિચાર્યું જ નથી.'

કાર શેઠજીની હવેલી પાસે પહોંચી ગઈ. મહિપાલનું મન ફુલાવા લાગ્યું. થોડી વાર પહેલાંનો વિષાદ મટી ગયો. એને લાગ્યું કે એના સારા દિવસો ફરીથી આવી ગયા.

રૂપરતનને ઘેર, એમની લાઇબ્રેરીમાં સ્કીમ બનાવતા બનાવતાં બે કલાક વીતી ગયા. મહિપાલ બોલ્યો, 'મારું એક કામ કરી દેશો ?'

'બોલો.'

'મારે એક હાર વેચવો છે.'

'સોનાનો ?'

'ના, નવરત્નનો.'

'ક્યાંથી મળ્યો ?'

'માનો હાર છે. ભારે છે.'

'શા માટે વેચો છો ?'

'ભાણેજનાં લગ્ન કરવાં છે.'

'કેટલા જોઈએ છે ?'

'પંદર હજાર.'

'ઘણા વધારે છે મહિપાલ, વળી તમારે આગળ પણ મોટી જવાબદારી છે. ...શું મોસાળથી હજુ પણ મદદ...'

'જ્યારથી હું ગદ્દુ અને વાઈફને લઈને ત્યાંથી આવ્યો છું ત્યારથી એક પૈસો નથી લીધો. ...અને હવે તો બિચારા તેઓ જ હેરાનગતિમાં આવી ગયા છે. તાલુકદારી ખતમ થઈ જ ગઈ. પરમદિવસે બિચારાને ત્યાં મોટી જબરજસ્ત ધાડ પડી...'

'એમ ?'

'હા, હું ત્યાં જ હતો. મારે હાથે જ એક ડાકુ માર્યો ગયો.'

'એમ !'

'વાત પૂછો નહિ. ડાકુઓની વાતો સાંભળી હતી, તે દિવસે પ્રત્યક્ષ અનુભવ થયો.'

'તમારા કોઈ મોસાળિયાને તો…'

'હા, એક નોકર તો એ વખતે જ મરી ગયો. એકની હાલત અત્યંત નાજુક હતી, કદાચ અત્યાર સુધીમાં ખતમ પણ થઈ ગયો હશે. બેને મામૂલી જખમ થયા હતા.'

'માલમાં શું ગયું ?'

'દોઢ લાખ રૂપિયાનું ઝવેરાત ગયું. ભારે નુકસાન થયું.'

'હા… એ તો થયું જ.'

'હું એથી વધારે ચિંતામાં છું.'

'કઈ વાતને માટે ?'

'અરે, એ જ હાર…'

'હા, હા. લેતા આવજો. જોઈ લઈશ. …આ ડાકુઓની ઈન્સ્ટિટયૂશન પણ પુરાણા જમાનાનું કોમ્યુનિઝમ છે. અમીરોને લૂંટવા, ગરીબોને દોલત વહેંચવી…'

'હું તો આને સામંતવાદનો પાયો માનું છું. ડાકુઓ જ વધુ શક્તિશાળી બની રાજા બની જતા હતા. મહાજનોની ગુલામીમાંથી જનતાને મુક્ત કરીને…'

'શું ? હું સમજ્યો નહિ.'

'મોહન–જો–દરો અને હડપ્પા જેવાં નગરરાજ્યોને નષ્ટ કરીને આ સામંત લોકો નારા લગાવતા હતા કે ધરતી પર ફેલાઈ જાઓ; ધરતી એમની છે જે એને ખેડે છે – વાવે છે. સામંત રક્ષક અને વ્યવસ્થાપક હોવાને નામે ખેડૂત પાસેથી ઉપજનો છઠ્ઠો ભાગ કરના રૂપમાં લે છે – બાકી ફાયદો ખેડૂતનો. એટલે પહેલાં જે ખેડૂત મહાજનનો માત્ર મજૂર હતો તે હવે સ્વતંત્ર બની શ્રીમંત બન્યો છે. આ એ જમાનાની એક મહત્ત્વપૂર્ણ પ્રગતિ હતી.'

'મારા મત પ્રમાણે તમે હિસ્ટ્રીને તમારી રીતે તોડી-મરડી રહ્યા છો !'

'ના. એવી વાત નથી, પરંતુ સાચું એ છે કે ભારતીય ઇતિહાસની એક સાચી રૂપરેખા બની રહી છે. મોહન–જો–દરો અને હડપ્પાની શોધ કેવળ કુતૂહલની ચીજ નથી. તે આપણી અનેક વૈદિક અને પૌરાણિક વાતોને નિરર્થકમાંથી સાર્થક બનાવે છે અને આપણને આપણા વિકાસનો ક્રમ સમજવામાં મદદ કરે

છે. ઉદાહરણ માટે 'પુરંદર' શબ્દને જ લ્યો. 'નગરોને સળગાવનારો' ઇન્દ્ર નિશ્ચિત રૂપથી સામંતનો પ્રતીક હતો. નગર રાજ્યના શાસક સામંતોના શત્રુ હતા, કારણકે તેઓ વેપારી હતા. ખેતી એમનો મુખ્ય ધંધો નહોતો. તેઓ ખાવાની જરૂર હોય એટલી જ ખેતી કરાવતા. આર્ય સામંતોએ માણસોના ઉત્પાદનની વ્યવસ્થાને બદલી નાખી. લોકોનું ખેતી તરફનું વલણ વધ્યું. જે કામ કરનાર કારીગર વગેરે એમનું પેટ ભરવા માટે મોટા વેપારી મહાજનોના આશ્રિત હતા તેઓ ખેતીદ્વારા સ્વતંત્ર બની ગયા. 'ઉત્તમ ખેતી મધ્યમ બાન'ના પોકારો ફેલાઈ ગયા. એના પ્રભાવથી સામાજિક યોજનામાં આમૂલ પરિવર્તન થયું.'

'ઈટસ રિયલી ઈન્ટરેસ્ટિંગ ...તમે ...તમે કાંઈ પીશો?' રૂપરતને પૂછયું.

'ના. મારે ઘરે જવું છે.'

'પીને વહુની પાસે જતાં ડર લાગે છે? હા—હા ...તો અહીં જ રહી જાઓ. જૂની આદત છે, તારી શ્રીમતીજી જાણે પણ છે. હું કહેવડાવી દઉં છું.'

'હમણાં તો ઘેર જ જઈશ. પેલો હાર પણ લઈ આવું. કીમતી ચીજ અરક્ષિત...'

'અરક્ષિત કેમ? તમારી વાઈફની પાસે હશે હાર!'

'હા ...આ. એની જ પાસે છે – એની જ પાસે છે. પરંતુ જ્યારથી ધાડ પડી છે...'

'તમે પણ યાર મૂરખ બ્રાહ્મણ જ રહ્યા! કોઈ ડાકુ તમારે ત્યાં તો નહિ આવે.'

મહિપાલ શરમભર્યું હસ્યો ને બોલ્યો, 'ના. એક વાર જઈ આવું. ઠીક. આજે તમારે ત્યાં જ રહી જઈશ. ઘેર કહેતો પણ આવીશ.'

રૂપરતનનો હાથ ઘંટડીની સ્વીચ પર પડ્યો. ચપરાસી આવ્યો.

'ગાડી કાઢવાનું કહે. પંડિતજીની સાથે જશે.'

છત્રીશ

હોળી પહેલાના દિવસની વાત છે. સજ્જન આખો દિવસ એક ચિત્ર પર કામ કરીને પાછળના વરંડામાં ચા પીતો બેઠો હતો. ત્યાં અચાનક જૂના દરવાને આવીને કહ્યું, 'હજૂરનાં સાસુજી પધાર્યાં છે. સાથે હજૂરના સાળાસાહેબ અને એક શ્રીમતીજી પણ છે.' નવા સંબંધીઓનાં નામથી સજ્જન ચોંકી ઊઠ્યો. એમ નહિ કે આ સંબંધોની એને ખબર નહોતી; જ્યારે લગ્ન કર્યું છે તો સસરાના સંબંધી પણ હોય જ. પરંતુ આમ અચાનક?...

સ્વ. રાયબહાદુર લાલા ક્નોમલના આર્ટિસ્ટ પૌત્ર અને પોતાના જમાઈના ડ્રોઇંગ રૂમનાં ચારે તરફ આંખ ફાડી ફાડીને જોતી માસ્ટર જગદંબા સહાયની પત્ની એની પુત્રીના સૌભાગ્ય પર ઈર્ષા કરતી હતી. એની પાસે જ એના દીકરાની કમનસીબ વહુ બેઠી હતી, બીજા સોફા પર સજ્જનના સાળાસાહેબ પલાંઠી મારીને કપાળ અને લમણાં પર સિંદૂરના મોટા મોટા ચાંલ્લા કરીને આંખો બંધ કરી ધ્યાનમગ્ન મુદ્રામાં બેઠા હતા. સજ્જને થોડા ગર્વ સાથે હૉલમાં પ્રવેશ કર્યો. સાસુને જોઈ, લાંબી, એવડા શરીરની હતી. યુવાનીમાં સુંદર હશે. પાનના રંગથી હોઠ કાળા પડી ગયા હતા. આંખોમાં પીયા ભર્યા હતા. જોતાં લાગતું હતું કે કેટલાય દિવસથી નાહી પણ નહિ હોય. બીજી યુવતીએ પડદો નહોતો રાખ્યો પણ ઢાંકી-ઢૂબેલી હતી. એના શામળા–સલૂણા ચહેરા પર ફીકાશ અને ઉદાસી દેખાતાં હતાં. સાળાસાહેબ પહેલી દૃષ્ટિએ જ ભારે અજબ લાગ્યા. મનમાં ને મનમાં ખૂબ હસવું આવ્યું. સજ્જનને જોતા જ સજ્જનની સાસુ અને સાળાવેલી ઊભાં થઈ ગયાં. સાળા મહોદયે પણ નેત્ર ખોલી, ડોકી ફેરવી એના બનેવી તરફ એવી રીતે જોયું જાણે શિવજી કામદેવને ભસ્મ કરી રહ્યા હોય; 'બજરંગ-બજરંગ' બોલી ઊઠ્યા અને પછી ગરદન નીચી કરી દીંચણ હલાવતા બેસી રહ્યા. સજ્જને હાથ જોડ્યા, સાસુએ ખૂબ આશીર્વાદ આપ્યા.

'મારી નાનકીએ ગયા જન્મમાં ખૂબ પુન કર્યું હશે તે આવું ઘર ને વર મળ્યાં. અમે તો બેટા, સાચું માનજે, તારા નોકરો સાથે પણ સંબંધ બાંધવાને લાયક નથી. તારા જેવા જમાઈ મળવાથી અમે અમારા નસીબને વખાણીએ છીએ.' કહીને સાસુસાહેબાએ એમની કમરે ખોસેલો એક રૂમાલ ખોલવાનું શરૂ કર્યું, વીંટી કાઢી અને સજ્જન સામે ધરીને બોલી.

'આ...'

'આ શું ?'

'આ તો લેવી જ પડે. રિવાજ પ્રમાણે લગ્ન થયાં હોત તો બધું થાત. તમારી સાથે લેન-દેન થાત, નજરાણામાં ફલદાન, તિલક, દરવાજા ચાર, વિદાયમાં કોણ જાણે કેટલું લેવું-દેવું પડે છે.—તેં તો અમારી એક પાઈ પણ ન ખર્ચાવી.' સજ્જનની સાસુએ એના પીયા ભરેલી આંખોમાં વાત્સલ્યરસનો મદ બનાવીને જમાઈ પર ઢોળતાં ખૂબ ભાવથી એનો જમણો હાથ લઈ પન્નાની મોટી ચોકીવાળી વીંટીની બાજુમાં સોનાની ઢીલી વીંટી પહેરાવી દીધી. પછી ઓવારણાં લઈ આશિષ દેવા લાગી. સજ્જનને, એની સાસુના વ્યવહારમાં સ્નેહ હોવા છતાં પણ બનાવટ અને સસ્તાપણું વધારે લાગ્યાં.

'હરિ ઓમ! બજરંગ!' સાળાસાહેબ એમની સમાધિમાંથી ફરી જાગ્યા. એક નિઃશ્વાસ નાખ્યો અને આંખો પટપટાવતાં તાકીને એમના બનેવીને જોવા લાગ્યા. સજ્જનને એમનો છૂપો ડર લાગ્યો. દૂબળી, પીળા શરીરવાળી, દુખિયારી લાગતી સાળાવેલી સંકોચાઈને બેઠી હતી.

'નાનકા, તારા બનેવીનું મોં મીઠું કર બેટા, એમ જુએ છે શું? (સજ્જનને) એને એની બહેન બહુ જ વહાલી છે. પહેલેથી જ નાનીને પણ એના મોટાભાઈ પર ખૂબ પ્રેમ છે. ...શું કહું, તકદીરની ઓછી છું બેટા...'

બહાર પોર્ટિકોમાં કાર ઊભી રહી, કારનું બારણું ઊઘડવાનો ને બંધ થવાનો અવાજ આવ્યો. સજ્જનના દિલને ઠંડી હવાની લહેર જેવું લાગ્યું, ચહેરો ખીલી ઊઠ્યો, આંખો બારણાં તરફ મંડાઈ. સજ્જન આ સગાઓ સાથે કાંઈક વિચિત્ર અનુભવ કરી રહ્યો હતો. સજ્જનને હોલમાં આવતાં જ જોયું કે કન્યાએ ચિકનની સાડી, આછા પિસ્તા રંગનું સાદું ગરમ બ્લાઉઝ, આછા ચોકલેટી રંગની શાલ અને બારીક પટ્ટીનાં સફેદ ચંપલ પહેર્યાં હતાં – ખૂબ સારી લાગતી હતી.

માસ્ટર જગદંબાસહાયની ધર્મપત્નીએ મહિનાઓ પછી એની દીકરીને જોઈ. નાનકી સ્ત્રી બની ગઈ હતી. ચહેરા પર ગંભીરતા આવી ગઈ હતી. હાલચાલ, રીતભાતમાં પણ પહેલાં કરતાં ફરક પડ્યો હતો. પરંતુ મા–ભાઈ વગેરેને જોઈને કન્યા જે ખુશીથી ખીલી ઊઠી એમાં માને પુત્રીની પહેલાંની ચમક મળી. લાખ દુરાશાઓ હોવા છતાં નાનકી હજી પણ માની એ જ નાનકી હતી. કન્યાના પતિને ચિત્ર કરવા માટે મિલનનો એક વિષય મળ્યો. મા, માથી પણ અધિક કન્યાની ભાભીનો પીળો ચહેરો અને થાકેલી–મીંચાયેલી આંખો કન્યાને જોઈને જે રીતે ખીલી ઊઠી તે દૃશ્ય સજ્જનના માનસપટ પર ભારે માર્મિકતા સાથે અંકિત થયું હતું. સગપણની ગાંઠ કેવી કઠણ અને કેટલી સહજ હોય છે – જેટલી ખેંચાય એટલી વધુ મધુર અને મજબૂત થાય છે. કન્યાના મોટા ભાઈસાહેબ સોફા પર યથાવત્ પલાંઠી મારીને બેસી રહ્યા. એકવાર નેત્ર ખોલી નાનકી અને માતાના મિલનનું દૃશ્ય જોયું, પછી એને માયા સમજી પોતાની સમાધિમાં લીન થઈ ગયા.

કન્યા એની ભાભીને વળગી પડી. મા સાથે હસીને દૂરથી વાતો કરી. મોટાભાઈની ચરણરજ લીધી, પરંતુ એમની સમાધિનો ભંગ ન થયો. સમાધિમુદ્રામાં એમનું મુખ ભવાં ચડાવેલ શૂન્ય અર્થાત્ મીંડાના એવા ચિત્ર જેવું લાગતું હતું જાણે કોઈ કાર્ટૂનિસ્ટની કરામત હોય... 'આ સાળા તો ખરેખર જ ગાળ–બ્રાન્ડ સાળા છે.' સજ્જને કાંઈક મજાક અને કાંઈક ખીજના મૂડમાં વિચાર્યું.

સજ્જનની સાસુજી એની દીકરીના ગળામાં મગમાળા પહેરાવતી હતી – દશ્યમાં કોઈ હાર્દિકતા કે પવિત્રતા નહોતી.

'હરિ ઓમ! બજરંગ! બજરંગ!' સાળાસાહેબે સમાધિ ભંગ કરી. સૌને આંજી દેતી આંખોથી જોયાં. મા બોલી, 'અરે નાના, કેવો છે તું, બહેનને ઘેર મળવા આવ્યો અને…'

'કેમ જી મિસ્ટર સજ્જન વર્મા, હું આપના મહેલમાં બેસીને મારી બીડી પી શકું છું.'

'મોટાભાઈ, કેવી વાત કરો છો તમે. પીવી છે તો પીતાં શા માટે નથી?' કન્યાએ ચિડાઈને ભાઈને સચેત કરવા ઇચ્છ્યું.

સજ્જનને એના ગાઉનમાંથી સિગરેટકેસ અને લાઈટર કાઢીને સાળાની સામે ધર્યા. સાલારજંગ બોલ્યા, 'હું તમારે ત્યાંની કોઈ ચીજ સ્વીકારી નથી શકતો.'

સજ્જને એનું સિગરેટકેસ પાછું ખિસ્સામાં મૂકી દીધું. કન્યાને કહ્યું, 'હું જાઉં છું ડાર્લિંગ, મારે જરા કામ છે. તું માતાજી વગેરેની…'

'ભાઈ. તારું એક કામ છે.' સાસુજીએ એમના જમાઈને કહ્યું. સજ્જન અટકી ગયો. વનકન્યા એના પતિનો ચહેરો વાંચવા લાગી, મૂડ ખરાબ નહોતો. ગંભીરતાના જાડા પડદા નીચે હોઠ પર દબાયેલું હાસ્ય રમી રહ્યું હતું. સાસુજીએ એમના જમાઈને પાસે બેસવાનો ઘણો આગ્રહ કર્યો, પરંતુ સજ્જન 'મને આવી જ ટેવ છે' કહીને ઊભો જ રહ્યો. માસ્ટર જગદમ્બાસહાયની પત્ની કાંઈક બોલવા જ જતી હતી ત્યાં નાનો બોલી ઊઠ્યો, 'નાનકી?'

'જી?'

'તું જાણે છે આજે હું અહીં શા માટે આવ્યો છું. કાલ રાત્રે શંકરજી સાથે મારે ખૂબ ચર્ચા થઈ પડી. એમણે કહ્યું બેટા, તારે નાનકીને ઘેર જવું જોઈએ. મેં કહ્યું હું કદાપિ નહિ જાઉં. આ વાત પર શંકરજી પણ અડી પડ્યા ને હું પણ અડી પડ્યો. પછી મારા* અલીગંજવાળાએ મધ્યસ્થી કરી.'

બધા નાનાબાબુ તરફ જોતાં ચુપ ઊભાં હતાં. કન્યાની મા પોતાની વાત સજ્જનને કહેવા માટે આતુર હતી, પરંતુ નાના બાબુની વાતોનો પ્રવાહ ચાલુ હતો. તેઓ બોલ્યા, 'નાનકી' હવે મારી સિદ્ધિ પહેલાં કરતાં ઘણી વધી ગઈ છે, સમજી? ધારું તો તારા ઘરનો બધો સરસામાન એક સેકંડ માત્રમાં મારે ઘેર પહોંચાડી દઉં. પરંતુ ના, હું માયામોહમાં નથી પડતો. જ્યારે મારી પાસે સિદ્ધિ આવી ત્યારે એણે મને કહ્યું કે જો તું ઇચ્છશે તો તને તારા તકિયા નીચે દરરોજ

* અલીગંજમાં લખનૌનું પ્રાચીન હનુમાન મંદિર છે.

એક લાખની નોટ મળશે. મારી જગા પર મા હોત તો તે માયા–મોહના ચક્કરમાં ફસાઈ જાત. પરંતુ મને તો મારા ગુરુ બજરંગબલી ધીરેથી આવીને કાનમાં કહી ગયા હતા કે વિષ્ણુસહાય ઠગારી માયાના ચક્કરમાં ન આવતો. હું તને ભગવાનનાં દર્શન કરાવી આપીશ...'

'નાના, આ શું ઢંગધડા વિનાની વાતો બકયા કરે છે. જરા કાંઈક વિવેક તો રાખ...'

'તું આને બેહૂદી વાતો કહે છે? શું તને મારી સિદ્ધિ પર વિશ્વાસ નથી?' સજ્જનનો સાળો એની મા પર ગર્જ્યો. નાનાની વહુનો ચહેરો ડરથી પીળો પડી ગયો. વહુ ધીરેથી બોલી, 'મા, કહી દો કે વિશ્વાસ છે.'

નાના મહાશય ખૂબ જોરથી દાંત પીસીને લાલ આંખોથી ઘૂરકતા એમની મા તરફ ધસતા હતા. સજ્જને સાળાનો હાથ પકડી જોરથી ઝટકો માર્યો ને કહ્યું, ''ખામોશ, ત્યાં બેસો.'

સાળા મહાશય ખચકાઈ ગયા, બડબડવા લાગ્યા, 'મને બીડી પીવા નથી દેતા. હું શંકરજીને કહીશ. માય ગુરુ વીલ સી યૂ.' ગુસ્સાથી ભરેલી આંખો તાણીને દાંત કચકચાવતા સાળાસાહેબે કહ્યું ને પછી અટકી જઈને એક ગરમ નિશ્વાસ નાખ્યો.

માસ્ટર જગદંબાસહાયની પત્નીએ એમની દીકરીને કહ્યું, 'તે દિવસથી આવી હાલત થઈ ગઈ છે આની. અમે લોકો પળ પળની ખેર માનીને. દિવસ વિતાવીએ છીએ. ઘરમાં શી સ્થિતિ છે, શું કહું? ...(સજ્જનને) ભાઈ, ઘરઘરની તપાસ કરીને જો, કોની આબરૂમાં બેચાર થીંગડાં મારેલા નથી. તો પછી અમારા ઘરે એવી કઈ મોટી ભૂલ કરી છે? તું જ ન્યાય કરીને જો.'

'એ બધી વાતોને અત્યારે રહેવા દે મા.' કન્યાએ મા તરફ જોયા વિના એના મનની વધતી જતી વ્યાકુળતાને ચહેરા પર બાંધીને કહ્યું.

નાના બાબુ ઉર્ફે વિષ્ણુસહાયજી એકાએક ઊઠીને ગોળ ટેબલ પર રાખેલી મીઠાઈની હાંડીમાં હાથ નાખવા લાગ્યા. એમની મા પુત્રીની વાતનો જવાબ આપતાં અટકી જઈને એને દબડાવીને કહેવા લાગી, 'નાના, તારી બુદ્ધિ કયાં ચાલી ગઈ છે. નાની બહેનના ઘરનું...'

'બધી માયા છે. મિથ્યા છે, બોલશો નહિ.' કહીને નાના બાબુએ મીઠાઈના કેટલાક ટુકડા એક સાથે કાઢીને પોતાના મોંમાં ભરી દીધા.

માસ્ટરસાહેબની ધર્મપત્નીએ એમનાં દીકરી-જમાઈ સામે દયનીય દૃષ્ટિએ જોઈને ધીમેથી કહ્યું, 'આ હાલ છે. આને લીધે તો હવે ઘરમાં કોઈ સૂઈ નથી

શકતું, કોઈ કામકાજ નથી કરી શકતું. રસોડામાં ઘૂસી જઈને બધી રાંધેલી ચીજો ક્યારેક ફેંકી દે છે, ક્યારેક બહાર જાનવરોને ખવડાવી દે છે. ...શું કહું, આના હાથે પીટાતાં પીટાતાં અમારા લોકોનો માત્ર જીવ નીકળવો હવે બાકી છે. તેં તારા બાપને કેદ કરાવી જ દીધા, હવે આને પણ પાગલખાનામાં મોકલાવી દે નાનકી, અને અમારા સૌ માટે એકએક ઝેરનું પડીકું...' એની આંખો અને ગળું ભરાઈ આવ્યાં. આંખ લૂછવાને બહાને એક સારી વાત એ બની કે એની આંખના ચીપિયા લુછાઈ ગયા.

એકાએક સજ્જને કન્યાના ખભા પર ધીરેથી હાથ મૂકીને કહ્યું, 'આમને બાબાજીને ત્યાં પહોંચાડી દઉં?'

કન્યાએ એના મનની વ્યથા અને અનિશ્ચયને પતિની આંખોમાં રેડી દીધા. બોલી, 'માને પૂછી લે.'

માએ સાંભળી લીધું. તે બોલી, 'ધૂની થઈ ગયો છે. ઘરમાં કોઈ પુરુષ નથી એટલે વધારે ભયંકર બની ગયો છે...' પછી એકાએક જમાઈના પગમાં પડી ગઈ. સજ્જને ભારે મૂંઝવણ અનુભવી. સાસુના બંને હાથ પકડીને ઉઠાડતાં બોલ્યો, 'આ શું. આ શું? ઊઠો.'

'બેટા, મારું સૌભાગ્ય મને પાછું આપી દે. ઈશ્વર તને ખૂબ ખૂબ આપશે. તેઓ જેવા છે તેવા, પણ મારી જિંદગીના આધાર છે. એમને ખાતર કોણ જાણે કેટકેટલું સહન કર્યું...'

'બાપુ કાયદાના હાથમાં છે, અમે લોકો કશું કરી શકીએ એમ નથી.'

'હું તને કાંઈ નથી કહેતી નાનકી. જેના બળ પર તેં તારા બાપને કેદમાં નખાવ્યો તે એ વખતે મારો કોઈ નહોતો. પરંતુ હવે તે મારો દીકરો છે, મારો પણ હક્ક છે.'

કન્યાનો ચહેરો ગુસ્સાથી તમતમી ઊઠ્યો. એની સાસુની અધિકાર પદ્ધતિ જોઈને સજ્જન સ્વયં મનમાં ને મનમાં ગભરાઈ ગયો હતો, પરંતુ કન્યાના ક્રોધને જોઈને એણે પોતાની જાતને કાબૂમાં લઈ લીધી, મીઠી જીભથી કામ લઈને સાસુને કહ્યું, 'તમારો હક્ક પૂરેપૂરો છે, એની હું ના નથી કહેતો. પરંતુ આ બાબતમાં તમે મને કશું ન કહો તો સારું છે. મારા હાથમાં ખરેખર કશું જ નથી. સરકાર તરફથી એમના પર કેસ ચાલે છે.'

'બધા લોકો કહે છે કે બેટા, જો તું જામીન થા તો તેઓ આવી શકે. તારા હાથ બધી જગાએ પહોંચે છે...'

પતિના ચહેરા પર એક ઝડપી નજર નાખી વનકન્યાએ માને કહ્યું, 'મા, તને હાથ જોડું છું. બીજી જે કહેશો તે તમારી સેવા કરશું, પણ એમને કોઈ ખોટું કામ કરવા માટે...'

'ભૂલ કોનાથી નથી થતી ?'

'બાપુએ ભૂલ નહિ અપરાધ કર્યો છે...'

'અપરાધ નહિ, પેલું કર્યું છે.' માસ્ટરસાહેબનાં ધર્મપત્નીનો સ્વર તીખો અને તેજ થઈ ગયો. જોશમાં આવીને એક શ્વાસે બોલતી ને સ્વર ઊંચો કરતી ગઈ, 'આ બધા કાંટા તારી કાકીએ વાવ્યા છે, એને કેમ નથી પકડાવતી ? એ રાંડે જેવું મારું કાળજું બાળ્યું છે... (ફૂંફાડો મારીને રડવા ને બકવા લાગી) મારા નસીબમાં જેવી આગ લગાડી છે, તેવું એની આગળ આવ્યું. હજી પણ આવશે. કૂવે કૂવે નાસૂર પડશે...'

'પાણી !' મીઠાઈ ગળામાં ફસાઈ ગઈ હતી. સજ્જને જોયું, સાલારજંગ એક હાથ હાંડીમાં ને બીજાથી પોતાનું ગળું પંપાળતાં કરુણ મુદ્રામાં બેઠા હતા. સજ્જને આગળ જઈને ઘંટડીનું બટન દબાવ્યું. એક નોકર તરત જ આવ્યો. 'પાણી લાવ' કહેતા અચાનક સજ્જનને ખ્યાલ આવ્યો કે નોકર લોકો પડદાની બહાર જ આસપાસ ઊભા ઊભા આ બધો તમાશો જોઈ રહ્યા હશે. પછી આપસમાં વાતો કરશે, મજાક ઉડાવશે. સજ્જનની સામે નવા સ્વરૂપે એનો આ વિચિત્ર સાળો અને આ તમાશો કરતી ગંદી-મેલી સાસુ દેખાઈ. આ એનાં સગાં છે, એની પત્નીનાં સગા ભાઈ અને મા છે. એમને પોતાનાં સગાં કહેવાં પડશે. કેવી બેઆબરૂ છે. કન્યાએ આ ઘરમાં આવીને આબરૂ મેળવી. એના કોઈ વ્યવહારમાં ક્યારેય બેહૂદાપણું કે ફૂવડપણું દેખાયું નહિ, નહિ તો શ્રીમંતોના નોકરો તો દોષ શોધવામાં શ્રીમંતોથી પણ વધારે હોશિયાર હોય છે. આ મારાં સાળા અને સાસુ મળીને આજે કન્યાની કુલીનતા માટે ભારે ખોટી ઈમ્પ્રેશન મૂકી જશે.

પાણી આવી ગયું. નાના બાબુનો હાથ હજી પણ હાંડીની અંદર જ હતો, બીજા હાથે ગ્લાસ લઈને તેઓ ગટક ગટક પી ગયા. તૃપ્ત થઈને એમણે 'હરિ ઓમ, બજરંગ–બજરંગ' ના ઉચ્ચારો કર્યા. પછી પાસે જ ઊભેલા એના બનેવીને જોઈને કહ્યું, 'કેમ જી, મિસ્ટર સજ્જન વર્મા, કાંઈ સાધના કરો છો કે નહિ ?'

આ પ્રશ્નથી સજ્જન અચકાઈ ગયો. નોકર ઊભો હતો તેથી કશું કહી ન શક્યો. એ કન્યાની પાસે આવ્યો. એને બાજુએ લઈ જઈને ધીમેથી કહ્યું, 'કન્યા, ઈશ્વરને ખાતર આમનાથી છોડાવ. પચાસ-સોની મદદ માગે તો આપી દે...'

બહાર પોર્ટિકોમાં કોઈની ગાડી આવીને ઊભી રહેવાનો અવાજ આવ્યો. સજ્જન કંપી ઊઠ્યો. કોઈ બહારનું હશે તો આ સાળાને જોઈને મનમાં શું ધારશે? બીજો નોકર ઓરડામાં આવ્યો, બોલ્યો, 'ડૉક્ટરસાહેબા આવ્યાં છે હજૂર.' સજ્જને કન્યા તરફ જોયું ને બોલ્યો, 'શીલા આવી છે. તું એને...'

'તું જ એમને રીસીવ કર, હું હમણાં આમને વિદાય કરીને આવું છું.'

સજ્જન વરંડામાં આવ્યો. 'હલ્લો,' ડૉ. શીલાના અવાજમાં અને સ્મિતમાં આજે સજ્જનને થાક દેખાયો. 'હલો શીલા! અત્યારે દર્દીઓને છોડીને કેવી રીતે આવી?'

'નીપલીંગ રોડ પર એક દરદીને જોવા જતી હતી. અહીં એક મિનિટ માટે તને મળવા આવી છું.'

'ચાલ, ઉપર જઈને બેસીએ.'

'ના, બહાર આવ. તને એક વાત કરવાની છે.'

પોર્ટિકોની બહાર ક્યારાને કિનારે કિનારે બંને ચાલવા લાગ્યાં, બંને ચૂપ હતાં.

લૉનમાં પ્રવેશ કરવા માટે વેલથી છવાયેલા વાંસના દરવાજા પાસે આવીને ડૉ. શીલા સ્ત્રિંગ ઊભી રહી ગઈ. બોલી, 'દુર્જન...' કહેતાં કહેતાં શીલા અટકી ગઈ, ખૂબ કરુણ નજરે સજ્જન તરફ જોઈને દર્દભર્યા અવાજે પૂછ્યું, 'શું તારો દોસ્ત હવે મને ક્યારેય નહિ મળે?'

સજ્જનના દિલમાં વાતે ચસકો માર્યો. તે બોલ્યો, 'મને ખબર જ નથી કે એ આજકાલ તને મળતો નથી.'

'કેટલાય મહિના થઈ ગયા. બસ, ત્યાં જ મળ્યા હતા ચોકમાં, પાર્ટીને દિવસે. ઈટ વૉઝ ઈન જાન્યુઆરી, કદાચ ૨૫ તારીખ હતી.'

'કાંઈ ખાસ બન્યું હતું?

'શું કહું, આય હેવ નો ગ્રજ અગેન્સ્ટ હિઝ વાઈફ, પરંતુ એ સાચું છે કે એ મહિપાલ જેવા જીનિયસને સમજી શકતી નથી. એ કેટલો દૂબળો થઈ ગયો છે. કાલે મેં એને અમીનાબાદમાં સડક વટાવતો જોયો હતો. આય કાન્ટ બેર ધીસ એની મોર.' કહેતાં કહેતાં શીલાનું ગળું રુંધાઈ ગયું. એણે એની વેનિટી બેગ ખોલીને રૂમાલ કાઢ્યો.

શીલાના ખભા પર હાથ મૂકીને એને સાંત્વના આપતાં સજ્જને કહ્યું, ડોન્ટ બી ફૂલિશ શીલા, હું જાણું છું કે મહિપાલ તારે માટે કેવો ભાવ રાખે છે. એ તારાથી જુદો નહિ રહી શકે.'

'હું મિસિસ શુક્લા પાસેથી એના પતિને ઝૂંટવીશ નહિ, પરંતુ મને લાગે છે કે મહિપાલ પર મારો પણ હક્ક છે.'

સજ્જન ઊંડા વિચારમાં પડી ગયો. એક પરીણિતા અને બીજી પ્રણયિની. કોનો હક્ક માનવો, કોનો ન માનવો. પ્રેમ શું કોઈ શાસ્ત્રથી બંધાઈને ચાલી શકે છે? કોઈ પર કોઈનું દિલ લાગી જાય તો એને કોણ રોકી શકશે? થોડી વાર પહેલાંનો પ્રસંગ એને યાદ આવ્યો, જ્યારે એની સાસુ એના પતિ અને જેઠાણીના પ્રેમકાંડને ભાંડી રહી હતી,...'પરંતુ આ વાત કાંઈક જુદી છે.'

શીલાએ કહ્યું, 'તું એને કહેજે જરૂર.'

'હું એને તારી પાસે જરૂર મોકલી આપીશ. હું કાલે સવારે જ એની પાસે જઈશ.'

'તું આ વાતનો ઉલ્લેખ કોઈ પાસે ન કરતો. નોટ ઈવન ટુ યોર વાઈફ.'

'ના, ના. ખાતરી રાખજે. અને તું કોઈ કારણે વ્યથિત ન થતી.'

'અચ્છા, તો ઠીક છે. એન્ડ હાઉ ઈઝ યોર વાઈફ?'

સજ્જન ધર્મસંકટમાં પડ્યો. કન્યા અંદર છે એમ કહેવાથી કદાચ ડૉ. શીલા એને મળવા માટે ત્યાં પહોંચી જાય ત્યાં એના અજગજગનાં સાળાસાહેબ અને સાસુ છે.

સજ્જન હા-ના કશું જ કહ્યા વિના વાત ટાળતાં બોલ્યો, 'તારે વ્યથિત થવાની કશી જરૂર નથી, શીલા. તું જાણે છે કે મહિપાલ ખૂબ મોટો અને આર્ટિસ્ટ સ્કૉલર હોવા છતાં પણ ઘણો જ અસ્થિર બુદ્ધિનો છે. એની વે, આય પ્રોમિસ, હું એને તારી પાસે લઈ આવીશ.'

'એના સાળાનાં લગ્ન વખતે કોઈએ અમારી વિરુદ્ધ કાંઈક કહ્યું હતું. એ વખતે એની લાઈફે પણ કદાચ એ કારણે એની સાથે સારો એવો ઝઘડો કર્યો હતો. મહિપાલ બે દિવસ મારે ત્યાં રહેલો.'

'અચ્છા. મને આ બધી કશી જ ખબર નથી.'

'તું મથુરા ગયો હતો. આ બધી વાતો મેં તને ટૂંકમાં એટલા માટે કહી દીધી કે જેથી તું એને સમજદારીપૂર્વક હેન્ડલ કરી શકે ...ઠીક, તો જાઉં છું.' બે ડગલાં શીલા ચાલી, વળી અટકી ને આંખ નીચી રાખીને બોલી. 'ભોળપણ મહિપાલના કેરેક્ટરની સૌથી મોટી ખૂબી છે. આ વખતે તે એના ભોળપણને મારીને જબરજસ્તીથી એક નવી સમજ પોતાના પર લાદી રહ્યો છે. હું એને ખૂબ સારી રીતે ઓળખું છું. એ બહુ દિવસ સુધી પોતા પર આ ટૉર્ચર સહન નહિ કરી શકે. ડર લાગે છે કે એને કાંઈ થઈ ન જાય.'

પોર્ટિકો તરફ જતાં એને દિલાસો આપીને સજ્જને કહ્યું, 'શીલા, ખાતરી રાખજે કે મહિપાલ હજી પણ એટલો જ ભોળો છે. કાલે, હા, કાલે જ તો, એ અહીં સવારે જ આવ્યો હતો, એન્ડ વીલ યૂ બિલીવ, અને લોકો રાતના ૧૦ા વાગ્યા સુધી વાતો કરતાં બેઠાં હતાં – સ્ત્રીપુરુષોના સંબંધની, જાતિઓની, આર્ય-અનાર્ય કલચરની, હું તને સાચું કહું છું કે જો એનું ભોળપણ ગુમાઈ ગયું હોત તો એનામાં આ બધી માહિતી મેળવવાનો ઉત્સાહ ન હોત. તું ખાતરીથી માનજે, વધારે બોલવાનું કામ એણે જ કર્યું, ન થાક્યો, ન કંટાળ્યો.'

'લખે છે?'

સજ્જન અટકી ગયો. 'ના. મારા ખ્યાલ પ્રમાણે એને કદાચ ટાઇમ નથી મળતો. હું તારા કહેવાનો અર્થ બરાબર સમજું છું, શીલા. પરંતુ મારો ખ્યાલ છે કે એનામાં લખવાની શક્તિ ઘણી પડી છે. એમ તો હું પણ કેટલીય વાર મહિનાઓ સુધી એક પણ ચિત્ર બનાવી નથી શકતો.'

'હા... આ... અચ્છા, જાઉં છું.'

સજ્જને એને રોકાવાનો આગ્રહ ન કર્યો. સજ્જન જ્યારે ડ્રોઇંગ રૂમમાં પહોંચ્યો ત્યારે એણે જોયું કે મીઠાઈની હાંડી ગાલીચા પર ફૂટેલી પડી હતી, કન્યાના ઝમણા-માંથી લોહી વહેતું હતું. કદાચ થોડી જ પળો પહેલાં આ દુર્ઘટના બની હતી. સજ્જનની સાળાવેલી કન્યાના ગાલ એના પાલવથી લૂછતી હતી, મા ઊભી ઊભી જોતી હતી અને સાળાસાહેબ ફરીથી સમાધિ-મુદ્રામાં બેઠા હતા.

કન્યાને વાગેલું જોઈને સજ્જનને ગુસ્સો આવી ગયો. એને જોઈને વનકન્યાની મા એનો મૂક વ્યવહાર છોડીને પુત્રીના જખમ માટે વિચલિત બની ગઈ. સજ્જનને કહેવા લાગી, 'જો તો ભાઈ, મારું તકદીર કેવું છે. તું આને પાગલખાનામાં મોકલી જ આપ. એક ઉપકાર કર્યો છે તો હવે બીજો પણ કરી દે.'

સજ્જનના મનમાં થતું હતું કે એના સાળાને સારી પેઠે મારે. ઈરાની ગાલીચા પર માટીની હાંડીના ટુકડા ખૂબ ખરાબ દેખાતા હતા. કોણ જાણે ક્યાંથી ફૂટેલા માટીના વાસણ સાથે મૃત્યુનો સંબંધ એના મનમાં અત્યારે આવી ગયો હતો અને એ બાબત એને બેહદ ઉકળાવતી હતી. સાસુને જવાબ આપ્યા વિના એણે એની પત્નીને કહ્યું, 'કન્યા, માને મળી લીધું. હવે અંદર જા.'

'તો બેટા, પછી તારા દરબારમાં મારી સુનાવણી ન થઈ?' સાસુ બોલી.

'જી ના. ખોટા કામમાં હું કદી કોઈને મદદ નથી કરતો. કન્યા. જા.'

'ભાભીને હું મારી પાસે રાખું છું મા. પછી પહોંચાડી દઈશ.'

'ના. અમારા પાપીઓના ઘરનું કોઈ માણસ તમારે ત્યાં રહેશે તો રોગ નહિ લાગે? નાના, ઊઠ. જઈએ હવે. જ્યારે પોતાના જ પારકા થયા ત્યાં પારકાનું તો શું કહેવું? અરે, જેણે આખી દુનિયામાં ઢંઢેરો પીટાવી પોતાના બાપને પકડાવ્યા તે છોકરી પાસેથી કોઈ આશા રાખવામાં જ મારી મોટી ભૂલ હતી. પરંતુ એટલું કહી જાઉં છું કે માણસે પોતાનો સારો સમય જોઈને ઘમંડથી ફુલાઈ ન જવું જોઈએ. જો કાલે આ જ તારો ધણી એવી કોઈ ભૂલ કરી બેસે...'

અત્યાર સુધી સંયમમાં રહેલી કન્યા હવે પોતાને કાબૂમાં ન રાખી શકી. એનો ચહેરો અને અવાજ બંને તપી ગયા. તે બોલી, 'એમના જેવા માણસોથી ભૂલ પણ થાય છે તો તેનાથી પણ કોઈ માણસની ભલાઈ જ થાય છે. એમનાથી કોઈનું બૂરું નથી થતું. એમના જેવા માણસો છે કેટલા દુનિયામાં...'

'બસ–બસ, બહુ થઈ ગયું. હવે તું જતી કેમ નથી કન્યા.' સજ્જને એની પત્નીને ધમકાવી અને ઘંટડીની સ્વીચ દબાવી. નોકર હાજર થયો. 'રામગુલામ, માતાજીને માટે એક ટાંગો લઈ આવ, ને આ કચરો સાફ કરાવ.'

સજ્જનના મિજાજનો પારો ચડી ગયો હતો. અત્યારે સામાન્ય માણસો પ્રત્યેની પોતાની કરુણા ભૂલીને એ શુદ્ધ ઍરિસ્ટોક્રેટિક મૂડમાં આવી ગયો હતો. કન્યાનો હાથ ખેંચીને બોલ્યો, 'ચાલ.' અને એણે એને રોકાવા ન દીધી. ચાલતાં ચાલતાં રામગુલામને હુકમ આપ્યો કે તે હમણાં અહીં જ રહે.

બહાર ગૅલેરીમાંથી એક નોકરને આજ્ઞા આપીને ડ્રૉઈંગ હૉલમાં મોકલી આપ્યો કે એ પાગલ પર બરાબર નજર રાખવામાં આવે જેથી તે કોઈ ચીજ ખરાબ ન કરી શકે.

આ બનાવ પછી કન્યા ખૂબ જ થાકી ગઈ હતી. સજ્જને એના ઉપચારમાં અમીરી ઠાઠ કરવા ઇચ્છયું, પણ કન્યાએ એને ના પાડી દીધી. સૌભાગ્યસુખથી સંતુષ્ટ વનકન્યાએ એના પતિનું ધ્યાન બીજી તરફ દોરવાનો યથાસાધ્ય પ્રયત્ન કર્યો, પરંતુ સફળ ન થઈ શકી. પોતાની સ્કૂલની વાતો કરી, કેટલાંક ઘરોની સ્ત્રીઓ સીવવા-ભરવાના કામ અંગે એને મળવા આવી હતી એના સંબંધમાં કાંઈક વિરક્તિથી ચર્ચા કરી, પરંતુ જે વાત શરૂ થતી એનો સંબંધ ક્યાંક ને ક્યાંક આજ સાંજની ઘટના સાથે નીકળી જ આવતો હતો; અને સાંજના બનાવ પર કન્યાના પિયરિયા અંગે બંનેમાંથી કોઈ એક શબ્દ પણ મોંમાંથી બોલતું નહોતું.

પ્રગટ રીતે બીજી બીજી વાતો કરવા છતાં પણ કન્યાનું મન પોતાની વાતમાં ગૂંચવાયેલું હતું. એણે એના પિતાને સજા કરાવીને ન્યાય કર્યો કે અન્યાય, પાપ કર્યું કે પુણ્ય – આ સવાલ એને ઘણીવાર સતાવ્યા કરતો હતો. ઘણી સ્ત્રીઓ જે

એના સામાજિક કાર્યમાં સાથીદાર કે વિરોધી બનીને આવે છે તે બધી દબાયેલું-ઢાંકેલું કે ખુલ્લંખુલ્લા એમ જ કહે કે કન્યાએ પિતાની વિરુદ્ધ થઈને ઘણો મોટો અન્યાય કર્યો છે, ભારે મોટું અભારતીય, અસાંસ્કૃતિક કાર્ય કર્યું છે. આજે એની મા પણ એના મોં પર કહી ગઈ. સજ્જન જ્યારે શીલાને મળવા બહાર ગયો હતો ત્યારે કન્યાની માએ એને ભય પમાડવાનો પ્રયાસ પણ કર્યો હતો કે મોટા માણસોનું શું ઠેકાણું, આજે લગ્ન કર્યું, કાલે જ્યારે મન ભરાઈ જશે ત્યારે બહાર કાઢી મૂકશે. નાતજાતમાં રીતરિવાજ સાથે થનારાં લગ્નો પણ જ્યાં તૂટી જાય છે ત્યાં આ રીતનાં નકલી લગ્નનો કશો ભરોસો નહિ. કન્યાને એ વખતે ખરાબ લાગ્યું, છતાં વાતને ગળી ગઈ, પરંતુ પછીથી જ્યારે માએ ફરીથી એના પતિને ઓથ બનાવીને આવી વાત કરી ત્યારે એનું મગજ સળગી ઊઠ્યું. 'માને મારા પતિની ઈર્ષા થાય છે. માને મારા સૌભાગ્યની ઈર્ષા થાય છે.' ...આ વિચાર એના મનમાં જડાઈ ગયો, અને એને એની મા પર ખૂબ જ ક્રોધ આવી ગયો. એ પહેલાં, જ્યારે એમણે બાપુને છોડાવવામાં મદદ કરવાની માને સાફ 'ના' કહી ત્યારે નાના બાબુએ મીઠાઈની ખાલી હાંડી એની બહેન પર તાકીને મારી હતી. સારું થયું કે હાંડી પૂરાં જોશથી કન્યાના મોં પર ન લાગી, જમણા લમણાની પાસે ગાલના હાડકા પર ભટકાઈને હાંડી કન્યાના ખભા ઉપરથી પાછળ પડીને ફૂટી ગઈ. ગાલ છોલાઈ ગયો, લોહી ચમકવા લાગ્યું, વહેવા લાગ્યું. કન્યાએ ભાઈના હાથનો માર પહેલી વાર ખાધો હતો; મા, બાપ અને કાકીના હાથનો માર તો બહુ ખાધેલો. વિધવા કાકી તો એમના પ્રેમીના સૌભાગ્યના રોફમાં ગયા વરસ સુધી એના પર હાથ ઉઠાવતી હતી, એને કારણે ઘરમાં ભયંકર ધાંધલ મચી હતી ને પિતાએ, એનો પક્ષ લઈને બોલનારી મા સુધ્ધાંને લાકડીએ લાકડીએ મારી હતી. સ્ત્રીઓને મારવાનો એના ઘરનો સામાન્ય રિવાજ છે – જ્યારે માના ગ્રહો અનુકૂળ રહેતા ત્યારે કાકીની લાકડીપૂજા થતી, અને જ્યારે કાકીના ગ્રહ પ્રબળ રહેતા ત્યારે માના આ જ હાલ થતા. નાનાની અભાગી વહુએ કેવળ એના પતિના હાથનો માર જ ખાધો, અને કન્યાની સ્વર્ગસ્થ પિતરાઈ ભાભીએ મરવાના એક વરસ અગાઉથી –જ્યારથી તે કન્યાની માના ષડ્યંત્ર દ્વારા એના નૃશંસ ઘૃણિત કાકાજી–સસરાની પશુવૃત્તિનો શિકાર બની ત્યારથી – સાસુ કાકી – સાસુ અને કન્યાના રાક્ષસ પિતાને હાથે કોઈ ને કોઈ કારણે રોજરોજ માર ખાધો. વિવાહિતા શ્રીમતી વનકન્યા વર્માને ભાઈના હાથનો માર તો ન પડ્યો (કારણ કે ભાઈ પ્રત્યે એનું મમત્વ અખંડ હતું) પરંતુ એના પિયરના જીવનના બધા ઝઘડા અને મારપીટ એના ધ્યાનમાં આવી ગયા.

અત્યારે ચીનાઈ નકશીદાર કીમતી પલંગ પર રબ્બરના મુલાયમ ગાદલા પર

હાથના ટેકે માથું રાખીને સૂતેલી, મોટા ઘરની, અનેક નોકર-ચાકરોની સ્વામિની, પિયાની પ્યારી સોહાગણ એના પાછલા જીવનના વિચારથી મનમાં ને મનમાં તરફડતી હતી. એ બધી મલિનતા એના જીવનમાંથી કેવી રીતે ધોવાઈ જાય; એક વાત, જે એના પતિના મનમાં ચાલતી હતી, તે જ એના મનમાં પણ એની રીતથી મંથન ચલાવી રહી હતી. — એના પિયરિયાંને પોતાનાં માનવામાં એને ખૂબ જ શરમ લાગતી હતી. આ શરમ એને શરમજનક લાગતી હતી, પોતાનાં પોતાનાં જ રહેશે, સગપણનું બંધન અતૂટ છે.

સાંજના બનાવની વાત કરવાની ઇચ્છા ઘણી વાર પછી ઘૂંટાઈ ઘૂંટાઈને હવે ફૂટી નીકળી. કન્યા બોલી, 'સગપણ પણ કેવી અજબ ચીજ છે. કેવળ જોડવાનું જાણે છે, તૂટવાનું નહિ.'

'માત્ર ભાવુકો અને ઇમાનદારો માટે.' કહેતાં કહેતાં પલંગની પાસે જ ચીની નકશીની ખુરશી પર સજ્જન થોડો વધુ લંબાયો અને પગ પલંગને આધારે ટેકવ્યા.

'હા...આ, પરંતુ સગપણ તો કોઈ પણ, કોઈ હાલતમાં પણ તોડી નથી શકતું. માની લે કે કાલે તારું મન મારાથી ભરાઈ જાય અને તું એવી જ રીતે બીજા કોઈ પર રાજી થઈ જાય જેમ મારા પર રાજી થયો હતો...'

'કહેતી જા, કહેતી જા! તારા આ મજાકના નસ્તરને હું ખૂબ ધીરજ સાથે સહન કરું છું.'

કન્યા હસી, બોલી, 'હું તો માત્ર એક દાખલો આપું છું. એવું થતું નથી શું? આજે મળ્યાં, કાલે લગ્ન થયાં, પરમ દિવસે ડાઈવૉર્સ. ત્રીજા દિવસથી ફરી નવું મિલન, નવું લગ્ન, નવો ડાઈવૉર્સ, પણ હું પૂછું છું કે છૂટાછેડા આપી દીધા પછી પણ ક્યારેક મળે તો તે ભૂતકાલીન પતિ-પત્ની શું એમનો જૂનો સંબંધ ભૂલી શકે છે?'

'મારા ખ્યાલથી નહિ. મહાકવિ બાયરન અને એની પત્નીનો પ્રેમ છૂટાછેડા પછી ગાઢ થયો. — પણ એમાં મારું ઉદાહરણ ક્યાંથી આવી ગયું?'

'અરે, તું તો મજાકમાં બેપરવાઈથી કહેલી વાતને પણ ગંભીર બનાવી દે છે. એનો અર્થ એ કે તારા મનમાં ક્યાંક ચોટ છે.'

'હાતિમતાઈએ કહ્યું છે કે અયે નસીબદાર, આજ સવાલ હું તારે માટે પણ ખેવડાવી શકું છું.' સજ્જને અભિનય સાથે કહ્યું.

કન્યા હસી, બોલી, 'મારી આ બેપરવાઈભરી મજાક અને મારા સબકોન્શ્યસમાં કોઈ ચોર બોલે છે, એમને?'

'યેસ મંદેમજેલ, ઈફ યૂ દોન્ત માઈન્દ.'

'અરે જા, જા. મારા મનમાં તમારા જેવું પક્ષીઘર નથી વસ્યું. આ મજાકનું એસોસિયેશન કહું તમને?'

'હુકમ...'

'તું જ્યારે ડૉ. લીલા સ્વિંગની સાથે હતો ત્યારે માએ મને આ ડર બતાવ્યો હતો. એ વખતે પણ મારાથી હસવું રોકી ન શકાયું.' કહીને કન્યાના કંઠમાંથી જોરપૂર્વકનો ખિલખિલાટ ગૂંજી ઊઠ્યો.

સજ્જન એક નજરમાં સમજી ગયો. હાસ્ય અને બૌદ્ધિકતાના આ આડંબરની આડમાં અગરબત્તીના ધુમાડાની બારીક રેખા જેવા લહેરાતા કન્યાના ભય પર સજ્જનની સહાનુભૂતિ ઊભરાઈ. પોતાની સરળ સુંદર અને કુશળ પત્નીનાં ભોળા ચહેરા પર પ્રેમ લહેરાયો; સજ્જને ગંભીર અને શાંત–મધુર સ્વરમાં કહ્યું, 'કન્યા, એક વાત જિંદગીભર વારંવાર, અને કોઈ પણ સમયે અજમાવજે. તારા આ જીવનસાથીમાં લાખ બુરાઈઓ કેમ ન હોય, અને છે પણ, પરંતુ એનામાં એક સારાપણું પણ છે. હું જ્યાં સુધી નિશ્ચય નથી કરતો ત્યાં સુધીની વાત જુદી છે, પરંતુ મારું મન જ્યારે કોઈ વાત પર લાગી જાય છે ત્યારે એ વાત પથ્થર નહિ, બલકે પહાડ બની જાય છે. તું ગમે ત્યારે અજમાવી જોજે.'

વિશ્વાસથી સ્થિર અને પ્રિયની પ્રશંસાથી ચમકતી કીકીઓ સજ્જનના બોલતા ચહેરામાં ડૂબી ગઈ હતી.

સાડત્રીસ

હોળીને બીજે દિવસે સજ્જનને ઘેર બાબા રામજી અને જે કાંઈક સાજા થઈ ગયા હતા તે બધા પાગલ દર્દીઓને આમત્રંણ હતું. સજ્જને ચાર કલાક માટે એક બસ ભાડે રાખી હતી, એમાં બાબાજી એમની મંડળી સાથે પધાર્યા હતા. સજ્જનની આલીશાન હવેલીમાં એમના ગણો સાથે પ્રવેશ કરતા બાબા રામજી સજ્જનને સાક્ષાત શિવ જેવા લાગ્યા. માના ઠાકુરદ્વારામાં જ બધાને બેસાડ્યા. કન્યા રસોડામાં હતી. સજ્જન આજે વિશેષ ઉત્સાહમાં હતો. માના મૃત્યુ પછી આજે પહેલી વાર એના ઘરમાં તહેવાર સુંદર રીતે મનાવતો હતો. અત્યારે બાબા રામજીની મંડળીને આમંત્રી છે, સાંજે કર્નલ અને મહિપાલ સપરિવાર આવશે. બધા નોકરોને હોળીનું પકવાન અને એકએક રૂપિયો બોણીનો આપવામાં આવશે, સાથે એકએક પહેરણ, ધોતિયું અને કેસરી સાફો પણ.

આજ સવારથી જ કન્યા ખૂબ કામમાં છે, નોકરોને પણ શ્વાસ લેવાની ફુરસદ નથી. કન્યાએ બધાને આશ્વાસન આપી દીધું છે કે કાલે આખો દિવસ બધાને પૂરેપૂરી રજા મળશે.

સજ્જને મંદિરને ફૂલોથી ખૂબ સજાવ્યું છે, ઠાકુરજીને રંગ છાંટેલાં કપડાં પહેરાવ્યાં છે. ચાંદીના બે મોટા કટોરામાં રંગ ભરીને સોનાની બે નાની નાની પિચકારીઓ ઠાકુરજીની સામે રાખી છે. માના ફોટા પર મોટાં મોટાં ગુલાબોનો હાર પહેરાવ્યો છે. બાબાજી સજ્જનની પ્રસન્ન મુદ્રા જોઈને બોલ્યા, 'કેમ રામજી, આવું સુખ પહેલાં ક્યારેય પણ મળ્યું હતું ?'

'ના બાબાજી.'

'ગૃહસ્થ આશ્રમથી અધિક કોઈ આશ્રમ નથી.'

'એવું કેમ બને બાબાજી ? હું તો માનું છું કે સંન્યાસીઓથી અધિક કોઈ સુખી નથી.'

'જોગી-સંન્યાસીનું સુખ અદ્‌ભુત છે એમાં કોઈ સંદેહ નથી. પરંતુ દેશ-કાળને યોગ્ય મારો સિદ્ધાંત તો એ છે કે પરમ જ્ઞાનની મજા એકલાં એકલાં લીધી તો એમાં શું લીધું રામજી ? ... સાચો આનંદ તો કર્મજોગમાં છે અને કર્મજોગની કસોટી છે ગૃહસ્થાશ્રમ.'

'પરંતુ બધું દુઃખ તો ગૃહસ્થાશ્રમને કારણે જ છે. કુટુંબને માટે જ મનુષ્ય એકબીજા પર અત્યાચાર કરે છે, જાતજાતના પાપ કરે છે.'

'અને ઘરમાં રહીને મનુષ્ય પુણ્ય પણ બહુ કરે છે, કરી શકે છે. કુટુંબ ન હોય તો દુનિયાનું રૂપ કેવું હોય રામજી ? અમારી જેમ બધા લંગોટધારી બની જાય તો આ સૃષ્ટિ કેમ ચાલે ?'

'ન પણ ચાલે તો કાંઈ વાંધો નહિ બાબાજી. ચાલીને પણ શું કરે છે ? હમણાં એટમ બોમ્બ બન્યો છે; સાંભળ્યું છે કે હાઈડ્રોજન બોમ્બ પણ તૈયાર થઈ ગયો છે. બીજી પણ કોણ જાણે કેટકેટલી સંહારક શક્તિઓ બનશે–પછી આવી સૃષ્ટિથી લાભ શો ?'

બાબા રામજી હસ્યા, બોલ્યા, 'ભગવાનમાં માને છે ?'

સજ્જન આ પ્રશ્નથી ખમચાઈ ગયો, પછી સ્વસ્થ થઈને બોલ્યો, 'મહારાજ હું સમજી શકતો નથી કે માનું છું કે નહિ, હમણાં જ્યારે મથુરા ગયો હતો ત્યારે કૃષ્ણ ભગવાનની જન્મભૂમિ જોઈને એમ લાગ્યું કે ભગવાન કદાચ માનવ જ છે. આપણે ત્યાં રામ-કૃષ્ણ વગેરે બધા અવતાર આખરે જન્મ્યા તો છે માનવના રૂપમાં જ.'

'યથાર્થ છે રામજી, હું પણ આમ જ માનું છું. ભગવાન કેવળ માનવરૂપમાં જ નહિ, પરંતુ જીવમાત્રમાં છે. હા, એમ ભલે કહો કે એની ચેતના મનુષ્યમાં જ સૌથી અધિક છે, એટલે જ ભગવાન વ્યાસદેવ કહી ગયા છે કે માનવથી મોટું બીજું કોઈ નથી. તો પછી શું આટલી મહાન જાતિ આત્મઘાત કરીને મરશે? આવી વાત વિચિત્ર લાગે છે. રામ ઘટઘટમાં વ્યાપેલો છે. એના પર વિશ્વાસ રાખો.'

સજ્જનના મનમાં એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ, પરંતુ પ્રશ્ન કરવામાં સંકોચ થયો; વાત મોં સુધી આવતાં આવતાં અટકી ગઈ. બાબા રામજીએ એમની નાની નાની ચમકતી આંખોથી એને જોઈને સ્મિત કર્યું, પછી બોલ્યા, 'એમ તો ટેવ પ્રમાણે બધામાં જ ભગવાનને જોઉં છું, પરંતુ પરમ રૂપનું દર્શન તો હજી મને પણ નથી મળ્યું રામજી. જેમણે જોયું છે તેઓ કહે છે કે અનુભવથી રામજી પણ પરમ સિદ્ધના રૂપમાં જીવને મળે છે. મને એમની વાત પર શ્રદ્ધા છે. બાકી સત્ય તો અનુભવગમ્ય છે. એટલે પ્રયત્ન કરીએ છીએ. હશે તો મળશે; ન મળે તો ખાડામાં જાય. આપણને તો આપણી નિષ્કામ સેવામાં જ પરમ સુખ મળે છે. હું તો આ ધરતી પર જ ભગવાનને વિચરતા જોઈને સંતોષ અનુભવું છું.'

'અને બાબાજી, આ જે આપ બેઠાં બેઠાં જ બીજાના મનની વાત જાણી લ્યો છો. ભવિષ્યનું વર્ણન કરો છો...'

બાબાજી ખડખડાટ હસી પડચા, બોલ્યા, 'એમાં કાંઈ રહસ્ય નથી રામજી. અનુભવથી બધું મેળવી શકાય છે. અને અનુભવ સાધનાથી સિદ્ધ થાય છે. સકલ પદારથ યા જગ માંહી, કર્મહીન નર પાવત નાહીં.'

સજ્જન વિચારમાં પડી ગયો. એક દુનિયા જે એને આજ સુધી રહસ્યલોક જેવી લાગતી હતી – જેને કારણે ભારતવર્ષ સંસારમાં 'રહસ્યમય ભારત' ના નામથી પ્રસિદ્ધ છે – તે બાબાજીના કહેવા પ્રમાણે અતિસરળ છે, સાધના દ્વારા સુલભ છે. કેવી છે એ સાધના? શું તે એ ન કરી શકે?

'કેમ ન કરી શકો રામજી? મનુષ્ય માટે અસંભવ કશું નથી. એણે ઇચ્છા કરવા માત્રની વાર છે.'

'માત્ર ઇચ્છા કરવાની જ વાર છે! માત્ર ઇચ્છા કરવાની જ વાર છે!!' ...સજ્જનને લાગ્યું કે જાણે ક્ષણભરમાં એણે બધું જ સિદ્ધ કરી લીધું. આ ભાવાવેગથી એનામાં સ્ફૂર્તિ, આનંદભરી તન્મયતા આવી ગઈ.

'હા, સિદ્ધ કરી લીધા પછી બધું ક્ષણભરમાં જ પ્રાપ્ત થાય છે. પરંતુ સિદ્ધ કરતાં સમય લાગે છે, શક્તિની જરૂર છે. જે મનુષ્યમાં સંયમ અને ધૈર્ય નથી તે સાધક નથી બની શકતો.'

'પરંતુ મને ખાતરી છે કે હું કરી શકું.'

'તો ઠીક છે. તમારા વિશ્વાસને કર્મની કસોટી પર સજાવો.'

'મારે શું કરવાનું રહેશે.'

'સેવા.'

'કોની?'

'રામની. રામ, જે ઘટઘટમાં વિચરી રહ્યો છે. તારે તારા સ્વામીની...'

'બાબાજી, ક્ષમા કરજો, વાત અટકાવું છું, પણ હું ભગવાનનો દાસ શા માટે બનું?'

'ન બનો વાત્સલ્યભાવથી પૂજો, સખાભાવથી ભજો, આત્મભાવથી ભજો. કોઈ પણ ભાવથી ભજો. સેવક તમારે દરેક સ્થિતિમાં બનવું જ પડશે. માતા એના બાળકની સેવા કરે છે, મિત્ર મિત્રની સેવા કરે છે. માનવ પોતાની પણ સેવા કરે છે. સેવા શું નાની બાબત છે રામજી? મને યાદ છે, એક વાર પહેલાં પણ તમે આ પ્રશ્ન કર્યો હતો.'

સજ્જન લજ્જિત બન્યો, બોલ્યો, 'જી હા બાબાજી, મોટાઈની દુર્ભાવના મારી તર્કબુદ્ધિને બહેકાવી દે છે.'

મોટાઈની ભાવના ખરાબ નથી, કારણ કે આ મોટાઈ તો રામની છે. રામ ઘટઘટમાં વ્યાપેલો છે, એટલે એ મોટાઈનો પ્રીતિભાવ રાખો. હું તો રામજી ભણ્યો નથી. હા, અનુભવથી જે વિચાર ઉત્પન્ન થાય છે એને વાગોળ્યા, પીંજ્યાં ને ગૂંથ્યા કરીએ છીએ. તમે તો બહુ ફર્યા છો, ભણેલા છો, સાંભળ્યું છે કે વિદ્વાનોનો સત્સંગ કર્યો છે – કેવાં કેવાં વિશાળ મંદિર, ભવન, મૂર્તિઓ, વિજ્ઞાનના ચમત્કારો રામજીની શક્તિએ આ પૃથ્વીમંડળ પર દર્શાવ્યા છે! એ જ શક્તિને ભજો, એમાં જ લીન થઈ જાઓ.'

'ભારે કઠણ છે...'

'હા, કઠણ તો મને પણ લાગે છે. ...અને તમે તો રામજી, કેવાં કેવાં ભવ્ય ચિત્રો દોરી લ્યો છો, હું નથી દોરી શકતો. મને ભારે કઠિન લાગે છે. તમે આવું કઠિન કામ કેવી રીતે કરો છો રામજી?'

સજ્જન શ્રદ્ધાના આવેશમાં બાબાનાં ચરણોમાં ઝૂકી પડ્યો. બાબાજીએ ખૂબ જ સ્નેહપૂર્વક એને ઊઠાડ્યો ને કહ્યું, 'ગીતામાં ભગવાને કહ્યું છે કે અભ્યાસથી યોગ થાય છે. અને અભ્યાસ કઈ વાતનો હોય કે 'જોગઃ કર્મસુ કૌસલ' — અર્થાત્ કર્મની કુશળતા જ યોગ છે. મન – વચન – કર્મથી કામમાં જેટલા લીન રહેશો તેટલી જ કુશળતા પ્રાપ્ત થશે.'

'ભારે કઠિન હોય છે મહારાજ. માયા – મોહ વિકાર બાંધી રાખે છે – સંસારમાં રહીને, કુટુંબના બંધનમાં રહીને...'

'રામજી, આ તો અજ્ઞાનીનો મત છે, વિજ્ઞાનીનો નહિ. અને કહો કે આ એટમબૉમ્બ બનાવનાર લોકો કયા જંગલમાં, ગુફાઓમાં રહે છે? સાધનાથી જ તો એમણે સિદ્ધિ મેળવી છે ને?'

'પરંતુ એમણે નાશને સિદ્ધ કર્યો છે!'

'ઠીક છે, તમે નિર્માણને સિદ્ધ કરો. જેની ચેતના વિરાટ બનશે એનો વિજય થશે. દ્વંદ્વ ન હોય તો ચેતનાનું રહસ્ય કઈ રીતે સમજાય, વિકાસ કેમ થાય? હું તો કહું છું રામજી, યોગનો માર્ગ ગૃહસ્થાશ્રમવાળા માટે જ છે?'

કન્યા આવી. બાબાજી બોલ્યાં, 'કેમ રામ ભક્તાણી, લક્ષ્મીનો આનંદ અનુભવ્યો?'

કન્યા શરમાઈ ગઈ, આંખો નીચી કરી મંદ હસીને બોલી, 'જી હા, બાબાજી, પરંતુ જેટલો મારાથી સાધ્ય છે એટલો જ.'

'કેમ? આ જો, કેવડો આલીશાન મહેલ છે તારો. આટલા નોકર – ચાકર છે. શું નથી તારી પાસે? મજેથી પલંગમાં પોઢી હુકમ ચલાવ્યા કરો!'

બાબાજીના કહેવાની રીતે અને આંખોનો વિનોદભરી ચમકે પતિ-પત્નીને રડાવી દીધા. સજ્જન બાબાજી તરફ હાથ કરીને બોલ્યો, 'સાચી લક્ષ્મી તો આ દેહરૂપી મહેલમાં વિરાજે છે મહારાજ! અમે એનું સુખ શું જાણીએ ભલા.'

'સુખ-દુઃખ તો ભાવમાં છે રામજી, જેમાં સુખ માનો એ જ લક્ષ્મી છે. શ્રી બીજું કાંઈ નથી રામજી. જેમ સવારે સૂરજ નારાયણ જ્યારે અંતરિક્ષના ગર્ભમાં હોય છે અને આકાશ પર એનો ચમત્કાર ફેલાય છે એમ જ આ તેજ પણ અંતરના ભાવનો પ્રકાશ છે.'

સજ્જન લક્ષ્મીની આ નવી પરિભાષા સાંભળીને પ્રભાવિત થઈ ગયો.

બાબાજી બોલવા લાગ્યા, 'બંગાળમાં, રામજી, રામકૃષ્ણ પરમહંસ મહારાજ હતા. તેઓ એક હાથમાં સોનું અને બીજા હાથમાં કાંકરા લઈને બંને માટે એમના મનમાં સમભાવ સ્થિર કરી દેતા હતા. શા કારણે? એટલા માટે કે તેઓ અનંત શ્રીથી વિભૂષિત હતા. રાજા જનક હતા, એમને નોકર-ચાકર, લાવ-લશ્કર, મહેલ-મહેલાતો કઈ ચીજની ખોટ હતી? ભગવાનના સસરા, જગદંબાના પિતા, ગૃહસ્થાશ્રમી રાજા. તો પણ એમને એમના આ સુખનો કશો મોહ નહોતો. શા માટે? કારણ કે તેઓ અનંત શ્રીથી વિભૂષિત હતા.'

'સાંભળવામાં તો વાત સારી લાગે છે બાબાજી, પરંતુ સમજમાં નથી આવતી. કન્યાએ કહ્યું, 'આપણે જે વાતાવરણમાં રહીએ છીએ એનો પ્રભાવ નથી પડતો શું ? હું મારા મનને જાણું છું. આટલાં વર્ષ સુધી લક્ષ્મીપતિઓના સુખના ઠાઠ પ્રતિ ઘૃણા રાખવા છતાં પણ આજે જ્યારે હું એ જ વાતાવરણમાં આવી છું તો એકાએક એ વાતનો પણ ઈન્કાર કરી શકતી નથી કે આ વૈભવ-વિલાસનો પોતાનો એક આનંદ છે જે ધૈર્યવાનમાં ધૈર્યવાન અને સંયમીમા સંયમી મનુષ્યને પણ મગ્ન કરી દે છે. મારા નૈતિક, સામાજિક વિચાર ભલે મને બચાવી રાખે...'

'હા દીકરી, આ નિયમ-સંયમ, આચાર-વિચાર જ તો વાસ્તવિક શ્રી છે. અત્યારે તારી પાસે થોડી પૂંજી છે, એટલે બહારની મોટી પૂંજીથી તું પ્રભાવિત થઈ જાય છે જેમ ગરીબ લખપતિથી પ્રભાવિત થાય છે, લખપતિ કરોડપતિથી પ્રભાવિત થાય છે. તને એક દૃષ્ટાંત આપું. રાજા જનક વિદેહી કહેવાતા, એટલે બધા ઋષિ-મુનિઓને થયું કે માળું અમે તો કંદમૂળ ખાઈએ છીએ. તપશ્ચર્યા કરીએ છીએ અને આ રાજા થઈને અમારી પદવી લઈ જાય છે ! – એક મહાત્મા હતા, તેઓ ખૂબ લાલપીળા થઈને જનકજીના દરબારમાં ગયા અને કહેવા લાગ્યા કે મારી સમજમાં નથી આવતું કે તું આટલું રાજસુખ ભોગવવા છતાં કેવી રીતે વિદેહી હોઈ શકે. ભગવાનનાં ચરણોમાં તારું મન કેવી રીતે બેસી શકે છે. મહાત્માએ કહ્યું, બતાવતો હોય તો બતાવ, નહિ તો હું આજે તારાં બધાં પાખંડનો ભાંડો ફોડી નાખીશ. રાજા જનક બોલ્યા, મહારાજ, આપ આરામ કરો, ભોજન વગેરે કરી લ્યો, પછી બેસીને વિચાર કરીશું. આમ રાજાને ત્યાં મહાત્માની ખૂબ ભારે મહેમાનગતિ થઈ. જ્યારે તેઓ સ્નાન-ધ્યાન પૂજા-પાઠથી પરવાર્યા ત્યારે રાજા એમને રસોડામાં લઈ ગયા. સોનાનો પાટલો, સોનાનો થાળ, અને છપ્પન પકવાન રામજી, ખૂબ ભારે બંદોબસ્ત થયો. પછી રાજા જનકે એક ટ્રિક એ કરી કે જે આસન પર એ મહાત્મા બેસીને ભોજન કરવાના હતા એના ઉપર એક ખુલ્લી તલવાર કાચા દોરાથી બાંધીને લટકાવી દીધી. મહાત્મા ખૂબ જ ગભરાયા. ભોજન કરવા તો બેઠા પણ એમનું આખું ચિત્ત એમના માથા પર લટકતી તલવારમાં જ લાગી રહ્યું. રાજા પૂછે, મહારાજ, કઢી કેવી બની છે, અને મહારાજ, લાડુ કેવા છે, તો મહાત્મા હું-હા કરીને ટાળી દે. જ્યારે મહાત્માએ ભોજન કરી લીધું ત્યારે જનકજીએ પાછો એમને એમનો સવાલ પૂછ્યો. મહાત્માએ કહ્યું, સાચી વાત તો એ છે મહારાજ કે મારું બધું ધ્યાન મારા માથા પર લટકતી તલવારમાં હતું. રાજાએ કહ્યું, બસ, આ જ તો રહસ્ય છે. ધ્યાન જ્યાં રાખીએ ત્યાં રહે.'

સજ્જનના બે ચુંબકોના આકર્ષણમાં સમાનભાવે બંધાયેલો અને સ્તબ્ધ

હતો; પરંતુ આ સ્તબ્ધતા એને જડ નહોતી બનાવતી. વિચાર ચુંબકોના વિદ્યુત ખેંચાણની ઝણઝણાટી એની નસોમાં ફેલાઈ રહી હતી. કન્યા બાબાજીને ભોજન કરાવવા લઈ ગઈ. સજ્જને કેવળ ચૂપચાપ અનુસરણ કર્યું.

બાબાજીના આદેશ અનુસાર એમનું ભોજન પણ પાગલો માટે જે હતું તે જ હતું. હોળીના તહેવારને કારણે એમણે મરચા-મસાલા વિનાનાં શાકપાન સાથે આજે બધાને ખીર લેવાની રજા પણ આપી દીધી હતી. હા, કન્યાએ ફળોના ઢગલા કરી દીધા હતા. આસન પર બેસતાં બાબાજીએ પતિ-પત્ની તરફ જોઈને કહ્યું.

'બ્રાહ્મણ-સાધુને જમાડો તો દક્ષિણાનો કરાર પહેલેથી કરવામાં આવે છે. બોલો, દીકરી, રામજી, તમે લોકો મને શી દક્ષિણા આપશો !'

ભાવભર્યા ઉત્સાહની એક લહેર સજ્જનના મનમાં આવી, પરંતુ એના પર કાબૂ રાખીને સ્વસ્થ શબ્દોમાં એણે કહ્યું, 'આજ્ઞા કરો.'

'આ તમારો સમસ્ત વૈભવ મને દક્ષિણામાં દેશો રામજી ?'

કન્યા સજ્જન સામે જોવા લાગી. સજ્જન માથું નમાવી ગંભીર મુદ્રામાં ખમચાઈને ઊભો ઊભો વિચારતો હતો. બાબાજી બોલ્યા, 'એથી ઓછામાં મને સંતોષ નહિ થાય રામજી.'

સજ્જને કહ્યું, 'ભાવ તો છે બાબાજી, પરંતુ કહી શકતો નથી કે એના પર સદા સ્થિર રહી શકીશ કે નહિ. થોડા દિવસ વિચાર કરવાનો સમય આપો.'

'તો ત્યાં સુધી હું આમ જ થાળીની પાસે બેસી રહીશ રામજી ?'

કન્યા એના પતિ તરફ જોતી રહી. સજ્જનના ચહેરા પર એના અંતરનું ભીષણ યુદ્ધ પ્રગટ થતું હતું.

બાબાજીએ ફરીથી કહ્યું, 'રામજી, કાં તો તું જે માને છે તેના પર લાગી રહે, નહિ તો એને ભૂલીને એ જ ચક્રમાં ઘૂમ્યા કર જેમાં જગત ઘૂમે છે. આખરે વિચારણા ક્યાં સુધી કરતા રહેશો ? માત્ર વિચારો કરવા એ તો ત્રિશંકુની સ્થિતિ છે.'

'આપ બધા પાસેથી આ જ દક્ષિણા માગો છો બાબાજી ?' સજ્જને પૂછ્યું.

'આમ પૂછવાથી તને શો લાભ છે ? સમજી લે કે આજે પહેલી વાર આ તારી માયા જોઈને મને પણ લક્ષ્મીની લાલચ થઈ છે.'

સજ્જને કન્યા તરફ જોયું. કન્યા એનો ભાવ સમજીને બોલી, 'હું હંમેશાં અભાવોમાં ઊછરી છું, મને ધનનો અભાવ નહિ ખટકે.'

'તો મને પણ નહિ ખટકે, બાબાજી, આપની આજ્ઞા સ્વીકાર્ય છે. ઘણું ભોગવ્યું આનું સુખ. હવે અંતરની શ્રી ઇચ્છું છું. આપ ભોજન કરો. પરમ દિવસે કચેરી ખૂલતાં જ હું આપને નામે બધી લખાપટ્ટી કરાવી દઈશ.'

'કોની કચેરીમાં?' બાબાજી ખડખડાટ હસી પડયા. 'મારી તો આ ક્ષણે જ લખાપટ્ટી થઈ ગઈ રામજી. હવે આ ધન તારું ન રહ્યું. તું માત્ર મારો ખજાનચી છે. માત્ર વેતન મળશે.'

'ઠીક છે, એમ જ થશે. આ ધન પરથી આજથી મારું સ્વામીત્વ ગયું.'

'હા રામજી. આ લંગરના આધારે તારે સ્થિર થવું પડશે. એક-એક પળનું ચિંતન-સાધન તને તારો સ્વામી બનાવશે. તું સ્વામી બનવા ઇચ્છે છે ને! – બન!'

રંગભરી, સુખ-મસ્તીભરી, તાજા શણગારભરી હોળી વિચારમગ્ન થઈ ગઈ. સજ્જન ઊભરાતા વિચારોના સાગરમાં વહેવા લાગ્યો. એ વખતે પ્રત્યેક વિચાર સમજવો અસંભવ હતો અને આવશ્યક પણ નહોતો. તે એક ભાવ-રત્નાકરના તળિયે બેસી ગયો હતો, એની આસપાસ અને ઉપર એ જ જળનાં જીવનજંતુ – સુંદર-અસુંદર, તીવ્ર ગતિમાન અને શનૈશ્ચર – વિચાર એને ઘેરી વળ્યા હતા.

આડત્રીસ

બાબાજીને જમીને ગયાને લગભગ બે કલાક થઈ ગયા હતા. પોર્ટિકોની બહાર ઊભી રહેલી બસ સુધી બાબાજીને પહોંચાડી આવીને પતિ-પત્ની જ્યારે પાછાં ફર્યાં ત્યારે નીચેની ગેલેરી સુધી બંને સાથે ચાલ્યાં. પછી સજ્જન ઉપર ચાલ્યો ગયો, કન્યા નોકરોને ખવડાવવા-પીવડાવવા અને કોઠાર બંધ કરવા માટે નીચે જ રહી.

ત્યારથી કન્યા કોઈ ને કોઈ કામમાં વ્યસ્ત રહી. નોકરોને ખવડાવી-પીવડાવી અને બક્ષિસ વગેરે આપી બે કલાકની રજા આપી. ઠાકુરદ્વારામાં પૂજાનાં વાસણો માંજ્યાં, થોડીવાર સુધી એની સાસુના ફોટા સામે એકાનજરે જોઈ રહી; ઠાકુરજીની સામે રાખેલા દીવામાં ઘી પૂર્યું, વાટ સરખી કરી, થોડીવાર સુધી ઝુમ્મરોને જોઈ રહી. ઓરડાની છત અને દીવાલો પર પુરાણનાં ચિત્રો દોરાતાં હતાં, એને શૂન્ય નજરે નિહાળતી રહી. પછી ઠાકુરદ્વારાના દરવાજા બંધ કર્યા.

બહાર ઓટલા પર આવી. લોન પાર કરી બીજી બાજુના રસોડાવાળા વરંડામાંથી સુસ્ત ચાલે, શૂન્યભાવે પસાર થઈ. આ બાજુથી ઉપર જતા દાદરા પર ચડી ગઈ.

આ હવેલીના મોટા મોટા ઓરડા કીમતી સામાનથી ભરેલા હતા. સજ્જન બેઠો હતો તે સ્ટુડિયોવાળા ઓરડા સિવાય કન્યા ઘણીવાર સુધી આમતેમ ફરતી રહી. ક્યારેક અહીં ઊભી રહેતી, ક્યારેક ક્ષણભર માટે ત્યાં બેસતી, ક્યારેય કોઈ પુરાણી મૂર્તિ યા ફર્નિચર પર જામેલી ધૂળ સાફ કરતી – આવા જ બહાનાથી તે પોતાનું મન તપાસી રહી હતી. આ ઘર, આ ઘરની દરેક ચીજ – એની છે. તે ગૃહસ્વામિની છે. પાંચ છ મહિના પહેલાં કન્યા સ્વપ્નમાં પણ આ વાતની કલ્પના નહોતી કરી શકતી. એના પિયરના વાતાવરણથી અસંતુષ્ટ, પૈસાની અછતમાં ઊછરી, બહારથી સંયત પણ અંતરથી ખીજભરેલી પોતાની ન સમજાયેલી મહત્ત્વાકાંક્ષાઓ સાથે ક્યારેક સાહિત્ય આરાધના, ક્યારેક અભિનયકલા અને ક્યારેક રાજકારણના ક્ષેત્ર તરફ જનારી આ યુવતીએ અમીરી વૈભવ સંબંધમાં વાંચ્યું-સાંભળ્યું તો અવશ્ય હતું, પરંતુ મનભરીને જોવાનો અવસર પણ પહેલાં ક્યારેય મળ્યો નહોતો. તે શ્રીમંતાઈની ઘૃણા કરતી હતી, ધનિકો પર વ્યંગબાણ વરસાવતી હતી, પરંતુ જ્યારે સજ્જન એના પ્રેમનો યાચક બન્યો અને તે મનથી એના પ્રત્યે ઝૂકી ગઈ ત્યારથી સજ્જનની સાથે સાથે એના આ વૈભવ પ્રતિ પણ એનો લોભ અજાણતાં જ વધી ગયો હતો. વિવાહ પછી સજ્જને એનું આખું રાજપાટ એને સોંપી દીધું હતું. એક દિવસ જ્યારે પોતાના શોખ ખાતર એણે એની મા, દાદી અને મોટી દાદીના પુરાણાં, જડાઉ ઘરેણાં પહેરાવી 'વહુરાણી'ના રૂપમાં એનું પોર્ટ્રેટ બનાવ્યું હતું ત્યારે લાખ-એંસી હજારની સંપત્તિ પોતાના શરીર પર લાદીને એને ખૂબ 'અજબગજબ'નું લાગ્યું હતું. હવે તો એ ધીરે ધીરે પોતાના વૈભવથી ટેવાતી જતી હતી. હવે એનું 'અજબગજબ'નું નહોતું લાગતું. આ સહજભાવમાં આજે ત્યાગની છરીએ કાણું કરી નાખ્યું. બૌદ્ધિક રૂપથી કન્યા આ ત્યાગનો વિરોધ નથી કરી શકતી, છતાં પણ ત્યાગ કરવામાં એનું મન ઉદાસ છે; રહી રહીને ખચકાય છે. જો કે આ બધી સંપત્તિ બાબા રામજી એમની સાથે ઉપાડીને નથી લઈ ગયા, તો પણ એને લાગે છે કે એ હવે એની નથી રહી.

આ ઉદાસી એના નવજીવનોલ્લાસની વર્તમાન ક્ષણોમાં ખટકી; આધ્યાત્મિક યથાર્થની દૃષ્ટિએ આ ત્યાગવૃત્તિ ઠીક છે, એનું પાલન કરનાર ગૃહસ્થ સુખી રહે છે. પણ એનો એ અર્થ તો નથી થતો કે અમે ગૃહસ્થ નથી રહ્યાં. આ મારું ઘર છે. હું સુખી છું. સૌભાગ્યવતી છું. મારી ગૃહસ્થી અને સુખસૌભાગ્યને ચેનથી ભોગવીશ પણ ખરી.

મનનો વિષાદ થોડો હળવો બન્યો, પ્રિયની યાદ આવી. કન્યા ઊઠી એના શયનગૃહમાં ગઈ. સજ્જન ત્યાં નહોતો. કન્યાએ અરીસામાં એનું મુખ જોયું–ઢીલું

ઢીલું લાગ્યું. કન્યા એના પ્રિયતમ પાસે ફીકો ઉદાસ ચહેરો લઈને જવા નહોતી ઇચ્છતી; એને આ વાતનો શક પણ ન પડવો જોઈએ. સાબુથી મોં ધોયું, ક્રીમ લગાવ્યું, ચાંલ્લો કર્યો, વાળને હળવેથી ઠીક કરી લીધાં; પછી એકાએક મનમાં કાંઈક આવ્યું; પાસેના ઓરડામાં જઈને વોર્ડરોબ ખોલ્યો. નીલા રંગની રેશમી બેંગલોરી સાડી કાઢી, પછી હીરાનો સેટ કાઢીને પહેર્યો. કાનમાં બુટિયા, નાકમાં ચૂંક, ગળામાં હાર, જમણા હાથમાં ચાર ચૂડીઓ, ડાબામાં હીરાજડિત ઘડિયાળ. સજ્જને ખરીદી આપેલ હીરાનો આ નવો સેટ વનકન્યાએ આજે પહેલી જ વાર પહેર્યો હતો. દેહ પર ચડેલી હીરાની ચમક કન્યાના મનમાં ચડી ગઈ. દર્પણમાં એનાં રૂપ શણગાર એને માદક લાગ્યાં.

સજ્જન એના સ્ટુડીઓમાં ચિત્ર બનાવતો હતો. કન્યાને જોતાં જ એનો ચહેરો અને આંખો અચરજ અને ખુશીથી ચમકી ઊઠયાં, 'હલ્લો!' એણે પગથી માથા સુધી કન્યાને જોઈ.

'નજર લગાડશો શું?'

'નજર લાગી ગઈ જ્યારે લાગવાની હતી ત્યારે. હવે તો તને જોઈને નજર ભરું છું મારી.'

'મને થયું કે તમે ફરિયાદ કરશો. આટલી મૂલ્યવાન ચીજ તમે આટલા શોખથી ખરીદી...' કન્યા બોલી, પછી અટકી અને ગંભીર બની બોલી: 'ત્યાગ પહેલાં એકવાર ગ્રહણ કરવાનું મન થયું.'

સજ્જને પ્રેમથી એના ગાલને ટપલી મારી, કહ્યું, 'હું ઘણા સમયથી ઊંડો વિચાર કરતો હતો અને નિશ્ચય પર પણ પહોંચી ગયો હતો.'

કન્યા પ્રશ્નાર્થ નજરે એને જોવા લાગી.

સજ્જને કહ્યું: 'જો કન્યા, અભાવ કાં તો બળ આપે છે, અથવા મારી નાખે છે. આપણાં બંને પાસે મને લાગે છે કે અભાવથી બળ મેળવવાની આશા જ વધુ રાખી શકાય, પરંતુ એની સાથોસાથ એક બીજી વાત પણ છે. મારા મનમાં કેટલીક અતૃપ્તિઓ પણ છે. દાખલા તરીકે, બીજું કશું નહીં, પણ મારું વૈવાહિક જીવન હજી હમણાં જ શરૂ થયું છે. તને સાથે લઈને ફરું, ખૂબ દૂર દૂર સુધી આપણે સાથે સાથે દુનિયા જોઈએ, એ મારી ઇચ્છા છે. મેં જોયું કે મારી આ ઇચ્છાને હું દબાવવા ઇચ્છું તો દબાવી જરૂર દઉં, પરંતુ એથી મને ચેન ન મળે.'

બોલતાં બોલતાં સજ્જન અટક્યો, વિચારવા લાગ્યો. કન્યા ખુરશી ખેંચીને એની પાસે જ બેસી ગઈ હતી. તે એને જે દૃષ્ટિથી જોઈ રહી હતી એ કેવળ સુહાગભરી એકનિષ્ઠ પ્રેમવાળી સ્ત્રીને જ પ્રાપ્ત થાય છે, આ દૃષ્ટિમાં સ્નેહ હતો,

માદકતા પણ હતી, પરંતુ તે લૂની જેમ બાળતી નહોતી, બલકે સવારના પવનની જેમ જોનારને સહજપણે તૃપ્તિથી ભરી દેતી હતી.

કન્યાએ કહ્યું, 'ફરવાની ઇચ્છા તો મને પણ થાય છે.'

'હા કન્યા! હું હવેથી એ જરૂર કહીશ કે આપણા માટે અધિક સુખ સાધનો એકઠાં નહીં કરું, ઓછામાં ઓછાથી કામ ચલાવીશ, પરંતુ કેટલીક ચીજો એવી પણ છે જેને હું એકાએક ત્યાગવા નથી માગતો. હું મને દગો દઉં છું એમ નથી, પરંતુ હું મારી મર્યાદાઓને ધીરે ધીરે વધારવા માંગું છું. હા, જે ચીજ ચિહ્નરૂપ છે, અને જે મને યોગ્ય લાગે છે તે એ કે ભવિષ્યમાં થનારાં આપણાં બાળકોના મોહનું બહાનું બતાવી હું આપણી આ પૂર્વજોની મિલકત હડપ નહીં કરી જાઉં. મારી પાસે, ઉપલક અંદાજથી અત્યારે લગભગ આઠ લાખની પૂંજી છે. ડેડીએ ઘણી રકમ, લગભગ આટલી જ રકમ મોજમજામાં ફૂંકી મારી. લગભગ ચાર-પાંચ લાખ કોર્ટ ઑફ વૉર્ડઝના જમાનામાં લૂંટાઈ ગયા. ખેર, જે કાંઈ પણ હોય, હું મારી અર્ધી રકમનું ટ્રસ્ટ તરત જ કરી દઈશ એમાંથી આપણે સમાજ-ઉપયોગી કાર્યો કરશું.'

કન્યા ઉત્સાહિત બની ગઈ. બોલી, 'તેં બરાબર મારા મનની વાત કહી દીધી. જો સજ્જન, તારી પાસે હું મારા મનની વાત ખુલ્લી કરીને કહું છું. ખરું કહું તો જ્યારે આપણું મન મળ્યું ત્યારે મારા મનમાં તું ખૂબ પૈસાવાળો છે એ વાત નહોતી. સાચું માનજે. હા, જ્યારે હું કલ્પના કરતી હતી કે તારી સાથે મારું લગ્ન થશે – તો એની સાથોસાથ – આ ઘરની સ્વામિની બનવાની વાત મનમાં પેદા જ નહોતી થતી એવો દાવો કરવો એ ખોટું છે... આ ઘરમાં આવીને જરૂર મને બધા વૈભવનો મોહ થયો. તારા વ્યવહારે જ મને આ મોહ કરાવ્યો ...હું મારી વાત તને બરાબર કહી નથી શકતી, પરંતુ તું એને બરાબર સમજી લેજે.'

સજ્જને કહ્યું, 'હું એને બિલકુલ બરાબર સમજું છું.'

'આજે બાબાજીએ કહ્યું ત્યારે હું અધિક વિચલિત ન થઈ; મને થયું કે મારે માટે તો આ ત્યાગ સહજ છે, પરંતુ આટલા સમયથી એકાંતમાં...' કહેતાં કહેતાં કન્યા અટકી ગઈ, ચૂપ થઈ ગઈ, માથું નમાવી દીધું.

સજ્જન ખડખડાટ હસી પડ્યો. કન્યા ચોંકીને એને જોવા લાગી. પોતે ગુનેગાર હોય એવો અનુભવ કરતી ખસિયાણી પડી ગઈ. સજ્જને બંને હાથ એના ગળામાં નાખીને એના હોઠ પોતાની પાસે ખેંચી લીધા, રસ ભરી દીધો ને બોલ્યો, 'ભારે ભોળી, 'ભારે મીઠડી છે તું.'

સજ્જન ઊભો થઈ ગયો, એક આળસ મરડી, એના અધૂરા ચિત્ર તરફ સતર્ક દૃષ્ટિ નાખીને બોલ્યો, 'સીધા, સાચા માણસ માટે આવી વાતો જિંદગી અને મોતનો સવાલ બની જાય છે. આપણે જે વાતો કરીએ છીએ તે કોઈ દુનિયાદારીની સામે કરીએ તો આપણને ગાંડા ગણીને હસી પડશે. હા! હા! હા! કહેશે, આવા દાન સતયુગમાં થતાં હશે; કલિયુગમાં એની કલ્પના પણ ગાંડપણ છે. ચાલ જઈએ.'

ઊઠતાં ઊઠતાં કન્યા બોલી, 'આજે પૈસાનો મોહ સ્વીકારી લીધો.'

'તેં કશું જ નથી સ્વીકાર્યું. એને માનવાવાળા મેં એવા એવા જોયા છે કે શું કહું? એકઠા કરી કરીને લાખો ભેગાં કરે છે. જિંદગીભર ખાવા પહેરવા માટે તલસે છે, બીમાર પડે તો પોતાનો ઈલાજ નથી કરાવી શકતા. એમનું ધન નથી એમને કામ આવતું કે નથી બીજાને...'

કન્યાએ હસીને કહ્યું, 'સાંભળ્યું છે કે આવા જ લોકો મરીને સાપ થાય છે.' બંને એમના ઓરડામાં પહોંચી ગયાં. સજ્જન પલંગ પર તકિયાને અઢેલીને બેસી ગયો ને બોલ્યો, 'ભઈ, સાપની વાત તો અજબ રીતે મને પણ સાચી લાગે છે, જો કે હજી પણ એના પર વિશ્વાસ નથી આવતો.'

કન્યા એની સામે જ બેઠી હતી, એનું મુખ જોવા લાગી.

સજ્જને કહ્યું, 'આપણે ત્યાં પણ સાપનું જોડું હતું.'

'ક્યાં?'

'ઠાકુરદ્વારામાં.'

'ઠ... ઠાકુ...'

'હા, એની નીચે એક ભોંયરું છે. ક્યારેય વાત ન નીકળી, નહીં તો અત્યાર સુધીમાં તને એ જગાનું નિશાન બતાવી દીધું હોત. ડેડીના અવસાન પછી એ જગા ઉપરથી ચણાવી દીધી. હું પોતે પણ ક્યારેય એની અંદર નથી ગયો. હા, બાળપણમાં એકવાર એને ઉઘડતાં જરૂર જોયું હતું.'

'ત્યારે એમાં સાપ હતા?'

'હા. ડેડીએ એમને મારી નખાવ્યા. એ પછી થોડા જ મહિનાઓમાં તેઓ પણ મરી ગયા. અમારે ત્યાં સૌને એવો વિશ્વાસ હતો કે એમનું મોત એ જ કારણે થયું હતું. મા કહ્યા કરતી હતી કે મારા વડદાદાએ જ્યારે આ હવેલી બંધાવી ત્યારે અમારા જૂના ઘરેથી એ જોડાને સોનાના ઘડામાં અહીં લાવવામાં આવ્યા હતા. મારા વડદાદા આમ તો ભારે બળવાખોર પ્રકૃતિના હતા. એ જમાનામાં ઈંગ્લંડ ગયા, પાછા આવીને પ્રાયશ્ચિત્ત પણ ન કર્યું; પણ કહે છે કે એમને પણ

આ જોડા પર શ્રદ્ધા હતી. કહે છે કે એ જોડું અમારા પૂર્વજ રઘુમલજી અને એમની પત્નીનું હતું. તેઓ જ નવાબ સઆદતઅલીખાંની સાથે દિલ્હીથી લખનૌ આવ્યા હતા.'

'પછી શું થયું?'

'એમનું કાપડનું કામ હતું. તેઓ ખૂબ જ ચતુર અને પ્રભાવશાળી હતા, નવાબને એમની મુઠ્ઠીમાં રાખતા હતા. અહીં આવીને તેઓ લાખો કમાયા અને કહે છે કે મર્યા પછી એમણે એમની પત્નીને સપનામાં કહ્યું કે અશરફીઓના જે હાંડા પર હું બેઠો છું એની આજુબાજુના ચાર હાંડામાંથી કોઈ કશું ન કાઢે. જ્યારે કુટુંબ પર કોઈ સંકટ આવશે ત્યારે જરૂરતને સમયે એક કટોરો અશરફી હું આપીશ અને એક કટોરો દૂધ મારા માટે રાખવામાં આવે.'

'પછી?'

'પછી શું? એમની મરજી અનુસાર બધું કરવામાં આવતું.'

'તો શું સ્વપ્ન પછી ખરેખર જ સાપ...'

'હા, થોડા સમય પછી એમની પત્ની પણ મરી ગઈ, ત્યારે લોકોએ ત્યાં જોડું જોયું.'

'અને એ ધનને કોઈએ ન લીધું?'

'ના. કદાચ જરૂર પણ નહોતી. રઘુમલજી પછી પાંચ પેઢી સુધી અમારે ત્યાંની દોલત વધતી ગઈ. અમારા પૂર્વજો ઘણા ચતુર અને વ્યવહારુ હતા. દરબારમાં એમનું ઘણું માન હતું. જેવી હવા વહેતી તેવી જ ચાલ ચાલતા હતા. વેપારીમાંથી શાહુકાર બન્યા, શાહુકારમાંથી તાલુકદાર. ખરે, તો મારા વડદાદા, જેમણે આ હવેલી બંધાવી, એમણે જ્યારે અમારો ખજાનો અહીં લાવતા હતા ત્યારે, પરીક્ષા કરવા, એક હાંડામાંથી થોડીક અશરફીઓ કાઢીને બાજુએ રાખી દીધી. એમને રાત્રે સ્વપ્નું આવ્યું કે જો એ અશરફીઓ પાછી નહીં મૂકી દો તો તમારાં દીકરો-વહુ જશે. એમણે બીજે જ દિવસે એ અશરફીઓ હાંડામાં નાખી દીધી. મારા દાદા એને કદી ન અડકયા. તેઓ બિચારા તો ભરયુવાનીમાં જ ચાલ્યા ગયા. જમીનદારી કોર્ટ ઑફ વૉર્ડઝમાં ચાલી ગઈ. ઘણા રૂપિયા એ જમાનામાં લૂંટાયા-ઝૂંટવાયા. એ પછી ડેડી પુખ્તવયના થયા. વિલાયત ગયા. પાછા આવ્યા તો એકદમ બદલાઈ ગયા હતા. એમણે ઘણા રૂપિયા બરબાદ કર્યા. સાપના જોડા પણ એમના નશાની ખીજમાં આવીને એમણે જ મરાવી નાખ્યા. થોડા સમય પછી તેઓ પણ મરી ગયા! મા કહ્યા કરતી હતી કે એ સાપ-પૂર્વજોના અભિશાપથી જ આ ટ્રૅજેડી થઈ.'

'અને એ અશરફીઓ ?'

'ડેડીએ ગળાવી નાખી હતી.'

'એ ભોંયરામાં હવે શું છે?'

'ખબર નથી.'

એક નિશ્વાસ નાખી કન્યા બોલી, 'સાપ દ્વારા થતી ધનની રખવાળીના કિસ્સા મેં પણ ઘણા સાંભળ્યા છે, પણ ક્યારેય વિશ્વાસ નહોતો આવતો.'

'હું પણ વિશ્વાસ ન કરત, પણ માએ એમને જોયાં હતાં. એ જોડા સાથે અમારા ઘરનો ઇતિહાસ જોડાયેલો છે?... અજબ મૂંઝવણ લાગે છે, આવી વાતમાં વિશ્વાસ કરવો કે ન કરવો?'

'સાચી વાત છે, આ દેશ વિચિત્રતાઓથી ભરેલો છે. ભારે મોટો વિરોધાભાસ છે આપણે ત્યાં. એક બાજુ તર્ક, દર્શન, ગણતંત્ર વગેરેની આટલી જબરજસ્ત પરંપરાઓ અને બીજી બાજુ આ સાપ, ચમત્કારિક યોગી, તાઈના જાદુમંત્ર વગેરે – જો આના પર વિશ્વાસ મૂકીએ તો અંધવિશ્વાસ સિવાય...'

'પરંતુ કન્યા, વિશ્વાસ કેવી રીતે ન કરીએ? આપણા બાબાજીને જ જો. એમની આત્મિક શક્તિ પર ભલા, તું કેવી રીતે અવિશ્વાસ રાખે? કહે.'

કન્યા કોણીના ટેકે માથું રાખીને સૂઈ ગઈ. સજ્જનના ચહેરા તરફ વિચારપૂર્વક જોઈ રહી.

સજ્જને કહ્યું, 'મોહ અને ત્યાગ...'

'સાપ અને યોગી... બંને...'

'અતિ સીમા પર. અને બંનેની પરંપરાઓ અતિ પ્રાચીન પણ છે. મોહન-જો-દરો અને હરપ્પાના જમાનાથી હિંદુસ્તાની ખૂબ ધન કમાવાનું, એનો ખૂબ ઉપભોગ પણ કરવાનું જાણે છે; અને એની પ્રતિક્રિયાના રૂપમાં બધા ભોગ ત્યાગીને યોગ સાધના પણ એ જ સમયથી પ્રચલિત છે.'

'મેમ સાહેબ!' બહારથી નોકરનો અવાજ આવ્યો.

'આવ શીતલ,' કન્યા ઊઠીને બેઠી થઈ.

'ચા લઈ આવું હજૂર?'

'લઈ આવ.' સજ્જને કહ્યું. નોકર ચાલ્યો ગયો.

ઓરડામાં સન્નાટો છવાઈ ગયો. થોડીવારમાં ચા-નાસ્તો આવ્યાં. સજ્જન અને વનકન્યા જાણે પોતે જ પોતાની અંદરનાં સાચ અને જૂઠ બંનેથી ડરીને ચૂપ થઈ ગયાં હતાં. સજ્જન ચૂપચાપ ચા પીવા લાગ્યો, કન્યાના હાથમાં પ્યાલો:

ઊંડો થવા લાગ્યો. છેવટે તે બોલી, 'સજ્જન, આજે જો આપણે ડગી જઈશું તો એનાથી મોટી શરમની વાત આપણે માટે બીજી કશી નહીં હોય. ખાઓ, પીઓ ને મોજ કરો – નો સિદ્ધાંત પૂંજીના કાળા નાગનું ઝેર છે. જો આપણે એને ઉતારી નહીં શકીએ...'

'વિચારી લે કન્યા. બાબા રામજી આપણને એક એવી માનસિક મૂંઝવણમાં નાંખી ગયા છે કે જેમાંથી ઊગરવા માટે આપણે કોઈને કોઈ દિશા તરફ નિશ્ચિત પગલાં માંડવાં જ પડશે. આપણે એક સાથે યોગી ને ભોગી નહીં બની શકીએ. આપણે આપણા માટે એક રસ્તો ચૂંટવો જ પડશે.'

'ચૂંટી લીધો. આપણે ગૃહસ્થ છીએ. આપણાં ભોગ અને ત્યાગ બંનેય સંતુલિત હોવા જોઈએ.'

ઓગણચાળીસ

'હો... હો... હોળી!'

કાળાં, લાલ, જંગલી લીલાં પીળાં કેસૂડાના રંગનાં મોં હાથ-પગ વાળા, રંગ અને ફૂલગોટાથી ચિત્રવિચિત્ર ફાટેલા ચીંથરા પહેરાવી એક જોકરને ગધેડા પર વરરાજા બનાવી, ડબો વગાડતું સડેલા ટમાટા ઉછાળતું, લોકોના મોં પર મેશ લગાવતું, કાદવમાં બગાડેલા ગુણપાટ લઈને જાનૈયાનું સરઘસ મહિપાલના ઘરની સામેથી પસાર થતું હતું. હોળીની ધાંધલથી એ સાંકડી સડકની ચારે બાજુઓ ગાજી ઊઠી. સામેના મહાદેવવાળા ઓટલાનું ચક્કર લેતો સજ્જનનો એક નોકર સાયકલ પર આવતો હતો. સરઘસને પોતાની તરફ આવતું જોઈ તે સાયકલ પરથી ઊતરી પડયો અને ઓટલાને અડીને ઊભો રહી ગયો. વાઘોની સામે બળદનો શિકાર હતો. તેઓએ હો – હા કરતાં સજ્જનના નોકર પર હુમલો કર્યો. છિદ્દુ હોશિયાર હતો. અને મજબૂત પણ. સાયકલને બંને હાથેથી ઉપાડી, ઢાલની જેમ રાખીને ગર્જ્યો, 'ખબરદાર, સાયકલ સમેત તૂટી પડીશ, કહી દઉં છું. એ-ત્રણને તો દબાવી જ દઈશ, પછી ભલે તમે બધાં મળીને મને મારી નાખો.'

હોળીનંદનોએ એમની પશુવૃત્તિથી પારખી લીધું કે શિકાર બળદ નહીં, પણ બીજો વાઘ છે. છિદ્દુ આંખો ફાડી ઓટલાની દીવાલથી જરાક ત્રાંસો થઈને સાયકલ ઉપાડી મોરચો બાંધીને ઊભો હતો. છોકરાઓએ હુરરરે ઉડાવી. હાઉ બોલ્યા, ધૂમાધૂમ કરી, બધી જાતની ગાળો દીધી, પિચકારી અને ફુવારાથી રંગી નાખ્યો, ગુણપાટ ઉછાળવાના પેંતરા બતાવ્યા, છિદ્દુએ પણ આગળ આવીને એમના માથા

પર સાયકલ ઝીંકવાનો પેંતરો બતાવ્યો. રંગની ઝડીથી પોતાની આંખોને બચાવતા છિદ્દુને, પોતાની જાતને બચવવામાં છઠ્ઠીનું દૂધ યાદ આવી ગયું. સરઘસ આગળ નીકળી ગયું. છિદ્દુના હાથ વજનની સાથે પથ્થરની જેમ તૂટી પડીને નીચે આવ્યા. કાંઈક એકાએક સ્તબ્ધ થઈ જતી ઉત્તેજનાને કારણે અને કાંઈક સાયકલની રક્ષાના ભાવથી એના હાથ જ્યાંના ત્યાં જડ થઈ ગયા હતા; તે એક ક્ષણ માટે ગલીમાં બેસી ગયો.

મહિપાલ એના છજ્જામાંથી આ દૃશ્ય જોતો હતો. ચાર-પાંચ દિવસથી, ખાસ કરીને આજ સવારથી એણે આ પ્રકારનાં અનેક દૃશ્યો જોયાં છે અને જુએ છે. એટલા પર મંડળી જમાવીને ધમાલ મચાવનારા છોકરાઓને તો તે હદથી આગળ જતાં રોકે છે. પરંતુ બહારવાળાઓના પર એનું કંઇ ચાલતું નથી. બીજું, આ ધમાલમાં એનું પ્રૌઢ શરીર ભલે સક્રિય રીતે ભાગ ન લઈ શકે. પરંતુ એના નવયુવાન મનને ખૂબ રસ પડે છે. હોળીમાં આ રંગયુદ્ધ, આ ચકચૂર મસ્તી, નશામસ્તી, ગાળગલોચ બધું જ એને એક રીતે ઘણું જ કુદરતી અને સારું લાગે છે. હોળીના આ જ પાંચ દિવસ તો સમાજને અનિયંત્રિત કરી નાખે છે, નાનાં મોટાં બધાં એક રંગમાં રંગાઈ જાય છે. મોટા મોટા શ્રીમંત અને પ્રતિષ્ઠિતોના યુવકો પણ બૂરી હાલતમાં રંગબેરંગી મોં બનાવી સડકો પર દેખાય છે. અનેક રંગોથી રમત ખેલતાં હોવા છતાં સમાજ એક રંગમાં રંગાઈ જાય છે. ગલીઓ, દીવાલો, બારણાં, કૂતરા, ગાય, બળદ, ગધેડા, બકરીઓ, બધું રંગીન નજરે પડે છે. ગલીઓની જમીન, દીવાલો અને લોકોની જીભ પર મદન-રતિનું જોડું ગાળો બનીને એના બ્રહ્માનંદ સહોદર રૂપને સસ્તું બનાવી દે છે. હોળીની ધમાલમાં બસ આ જ એક ચીજ મહિપાલને ખટકે છે – પૃથ્વીનું સર્વોત્તમ સુખ આ રીતે ગાળ કેમ બની જાય? શા માટે પુરુષ પોતાની જાતને અને સ્ત્રીને આ રીતે અપમાનિત કરે છે? એમાં એને કયો રસ મળે છે? હોળી રસ અને શૃંગારનો તહેવાર છે. એ ગાળ કેમ બન્યો?

સજ્જનનો નોકર એના માલિક તરફથી એવી સૂચના લઈને આવ્યો હતો કે તે લોકો નક્કી કરેલા સમયે – સાંજના છ વાગ્યાને બદલે ચાર વાગ્યે જ આવી જાય જેથી બધા લોકો હોડીની સહેલ કરવા જઈ શકે.

મહિપાલે હસીને કહ્યું, 'તારા સાહેબને કહેજે કે અમે લોકો શાહનજફ રોડ પર નહીં પણ ગલીમહોલ્લામાં રહીએ છીએ. તારા સાહેબને તારી સૂરત બતાવી દેજે ને કહેજે કે શું આ જ હાલ અમારા લોકોના પણ કરાવવા ઇચ્છો છો?'

નોકર શરમાઈને હસવા લાગ્યો. મહિપાલે એને કર્નલને ત્યાં ન જવા દીધો. શકુંતલાને બોલાવીને પકવાનો પીરસીને છિદ્દુનો સત્કાર કરવાનું કહ્યું, એનાં કપડાં ખૂબ જ ભીનાં થઈ ગયાં છે એટલે એને મહિપાલનું એક જૂનું ખમીસ અને ધોતિયું પણ આપે. એટલું જ નહીં પણ મહિપાલે છિદ્દુની બહાદુરી પર પ્રસન્ન થઈને એને બે રૂપિયા સિનેમા જોવા માટે ઇનામમાં આપ્યા. છિદ્દુના ચહેરા પર પ્રસન્નતા ખીલી ઊઠી. પછી મહિપાલ ઉપર ચાલ્યો ગયો.

મહિપાલના ઘરમાં અત્યારે અનેક પરિવર્તન થઈ ગયાં હતાં. જ્યાં-ત્યાં વૈભવનો પ્રભાવ ફેલાયેલો છે. મહિપાલની નાની એવી બેઠકમાંથી લખવા-વાંચવાનો સામાન, ટેબલખુરશી, સ્ટૂલ, ફાઈલો વગેરે ગાયબ થઈ ગયાં હતાં. આર્ટસ્કૂલથી આવેલો સાંચી શિલ્પની ડિઝાઈનવાળો સોફાસેટ, પાટ પર ત્યાંની જ છાપેલી ચાદર, ત્યાંના જ પરદા, એશટ્રે, ટેબલલૅમ્પ, પ્લેટ, બુદ્ધ વગેરેએ મળીને મહિપાલની સાહિત્યિક બેઠકને કોણ જાણે ક્યાં ગૂમ કરી દીધી હતી. લખવા-વાંચવાના હિસાબ કિતાબ હવે વરંડાની પાછળવાળા નાના વરંડામાં લાકડાંનું પાર્ટિશન લગાવી બનાવેલા એક નાનકડા ઓરડામાં મૂકવામાં આવેલું હતું. ઓરડો હજી પૂરેપૂરો તૈયાર નહોતો થયો. એટલે સુતારના ઓજારોનો થેલો અને લાકડાઓનો ઢગલો એક બાજુ મૂકેલા હતા. ઉપર ઘરમાં ખાસ પરિવર્તન તો નથી થયું તો પણ ચમત્કાર બધી બાજુ ફેલાયો છે. હોળીના અવસર પર આખા પરિવાર માટે ખરીદાયેલા કીમતી શૂ, લોફર શૂ, અને આલા ડિઝાઈનની સ્ત્રીઓની સેંડલો, ચંપલોથી માંડીને આખા ઘરના ચહેરાનો ચળકાટ સ્પષ્ટ દર્શાવતો હતો કે ઘરની જન્મકુંડળી બદલાઈ ગઈ છે. મહિપાલ બેઠકમાં છિદ્દુને બાળકોને હવાલે છોડી થોડીવાર ઉપરવાળા છજામાં ઊભો રહી સૂની સૂની, પરંતુ હોળીભરી ગલીને જોતો રહ્યો અને પછી રસોડામાં ચાલ્યો ગયો.

કલ્યાણી આજે ખૂબ જ કામમાં હતી. એને પકવાનો બનાવવામાંથી ફુરસદ નથી. કાલે વેવાઈને ત્યાં પકવાન મોકલાશે. કલ્યાણી અને મહિપાલે પહેલો સંબંધ બાંધ્યો છે ને તે પણ ભાણેજનો. કલ્યાણી આખી દુનિયા એટલે કે આખા સમાજને, ઓછામાં ઓછું સગાઓ અને નાતીલાઓને એમ બતાવવા માગે છે કે પોતે પણ મોટા માણસો છે. એનો પતિ એવડો મોટો લેખક છે કે એને વીસ હજાર રૂપિયાની આવક એક મુઠ્ઠી – બૅંકના એક ચેકથી થાય છે. કલ્યાણીના ચહેરા પર સોહાગનું નૂર વરસી રહ્યું છે. નાકમાં હીરાની ચૂંક, કાનમાં મોતીના લટકણિયાં, ગળામાં સોનાનો કોલર, કમરમાં સોનાનો કંદોરો, હાથમાં કાચની ચૂડીઓ સાથે સોનાની ડાયમંડકટ બંગડીઓ, પગમાં વીછિંયા પણ નવા અને આ વખતે સોહાગદેવતાના

આગ્રહથી ઘૂઘરીવાળા. કલ્યાણીએ લખનૌના વાજપેઈઓ સાથે સંબંધ બાંધ્યો છે. જમાઈ સેક્રેટરીએટમાં બસો ચાલીસ રૂપિયામાં નોકરી કરે છે. મોટો ભાઈ જંગલનો ઠેકેદાર છે. જમાઈથી નાનો એમ. એ.માં ભણે છે. સાસુ-નણંદ નથી એટલે ભારે સુખ છે. જમાઈરાજ સંયુક્ત કુટુંબમાં રહેવા છતાં પણ ઘરથી સ્વતંત્ર છે. એક ઘરમાં રહે છે ખરા, એક જ રસોડે જમે પણ છે, પરંતુ ભાભીને જમવાની માસિક રકમ આપીને. ભાઈઓમાં ઘરનો હિસાબ-કિતાબ સાફ છે અને આપસમાં સંપ પણ ખૂબ છે. ભગવાનની દયાથી શકુંતલા ખૂબ સુખમાં ગઈ. દુનિયા કહેશે 'કે જુઓ, મોટા મામા-મામીએ આવાં ભારે લગ્ન કર્યાં. જમાઈ ખૂબ લાયક છે. માત્ર દસ હજારમાં જ માની ગયો. તો પણ દસ હજાર દેવાવાળાની શક્તિ પણ કાંઈક હોય છે. મહિપાલ પીઢલી પર બેસી ગયો અને પકવાનોનાં નવાં વાસણોથી ભર્યા ભર્યા રસોડામાં એની હીરાઓની જડેલી ગૃહિણીને ખૂબ સંતોષપૂર્વક જોઈ રહ્યો, મહિપાલની દૃષ્ટિમાં કર્તા-પિતૃનો સંતોષદર્પ ચમકી રહ્યો હતો. રાજ્યશ્રી માને મદદ કરતી હતી. કલ્યાણીએ તાપથી તપેલા, લાલચોળ ચહેરાને કડાઈમાં તળાતા ઘૂઘરા તરફથી ફેરવીને પતિને જોયા, 'કોણ આવ્યું છે?'

'શાહનજફ રોડવાળા રઈસ આજમ મુસવ્વિરે આલમ જનાબ સજ્જનસાહેબ બહાદુરની હવેલીનો ચપરાસી આવ્યો છે.' મહિપાલે કાંઈક એવા ઢંગથી કહ્યું કે મા-દીકરીનો અહમ્ પણ તૃપ્ત થઈ ગયો. તેઓ ખડખડાટ હસી પડ્યાં.

કલ્યાણીએ પૂછ્યું, 'શો હુકમ આવ્યો છે? આમંત્રણ કેન્સલ થયું?'

મહિપાલ હસ્યો, બોલ્યો, 'ના, ડબલ થયું. ચાર વાગે આપણે લોકો નાવની સહેલ કરશું. ચાટ-નાસ્તાનો પ્રોગ્રામ થશે. અને રાત્રે ભોજન; ભોજન બાદ પહેલાં નક્કી કર્યા મુજબ એલફિન્સ્ટનમાં 'સંસાર'નું દર્શન કરજો.'

''સંસાર' તે કાંઈ પિકચર છે!' રાજ્યશ્રી મોં વાંકું કરીને બોલી, 'બોર થઈ જઈશું આપણે લોકો. પોપ્યુલર અપીલ છે બસ. આવડા મોટા આર્ટિસ્ટની પત્ની, આટલી પ્રગતિશીલ હોવા છતાં કાકીજી...'

'આને માટે કાકીનો જરાય દોષ નથી, તારી માતાજી અને તારી કર્નલ કાકીજી બંનેનો અભિપ્રાય થયો.'

'એ કરતાં તો આપણે 'બહાર' જોત તો સારું હતું.'

'જેવા નાગનાથ તેવા સાપનાથ; 'બહાર'માં કયું પ્રોગ્રેસીવિઝમ છે?' મહિપાલે છોકરીને થોડા મીઠા ઠપકા સાથે કહ્યું, 'અનનેચરલ, કઢંગાં પિકચરો આવે છે. એવી 'બહાર'થી 'સંસાર' લાખ દરજ્જે સારું હશે.'

રાજ્યશ્રી ચૂપ રહી. થાળના ઘૂઘરા ડબ્બામાં ભરવા જતાં એના થોડા બેધ્યાનપણાને કારણે હાથ હલી ગયો ને બે–ત્રણ ઘૂઘરા જમીન પર પડી ગયા. તળેલા ઘૂઘરા ઝારાથી ઉપાડીને બીજા ચુલા પર મૂકેલી ચાસણીવાળી કડાઈમાં નાખતી વખતે કલ્યાણીની કર્મસંલગ્ન દૃષ્ટિ એની દીકરીની બેપરવાઈ તરફ ગઈ. એ ખિન્નઈને બોલી, 'હું કહું છું કે સિનેમાની વાતો પછી ન થાય રજ્જો ? કામમાં જીવ નથી લાગતો.'

'પડી ગયા મા !' રજ્જોએ કાંઈક બબડીને કહ્યું અને જમીન પર પડેલા ઘૂઘરા ઉપાડીને ડબ્બામાં મૂકવા લાગી.

'એ જુઓ, એ જુઓ, હું કહું છું કે તારી અક્કલ ક્યાં ચાલી ગઈ છે. આમ જમીન પર પડેલા...'

'તો એમાં શું થઈ ગયું મા ? જમીન ધોયેલી છે.'

'રજ્જો, તું જા અહીંથી મને તારું કામ સારું નથી લાગતું.' કલ્યાણીની વાત પૂરી થતાં પહેલાં રાજ્યશ્રી ધમ્મ દઈને થાળી જમીન પર પટકી ઓરડામાંથી એકદમ પોબારા ગણી ગઈ. મહિપાલ મા-દીકરીના યુદ્ધમાં કશું ન બોલ્યો. રજ્જો જ્યારે ચાલી ગઈ ત્યારે પત્નીને કહ્યું, 'તારો ધરમ બહુ સતયુગી છે કલ્યાણી, આ જમાનામાં એ ન ચાલે.'

'ભલે ચાલે કે ન ચાલે, હું મારી મરજાદ નહિ છોડું.'

'ન છોડજે મારી યાર !' એના ઊંડા ઠંડા શ્વાસને મજાકનો જામો પહેરાવતાં મહિપાલે કહ્યું, 'તારા આ ધરમે મારા ધરમને લઈ લીધો ઉસ્તાદ...શું કહું !' બોલતાં બોલતાં મહિપાલની મજાક એકાએક ગંભીરતાના હિમાલયમાં ગળી ગઈ. કોઈ ઊંડી વેદનાનો ચસકો એના ચહેરા પર તરી આવ્યો. એની આંખો બંધ થઈ ગઈ. પળવાર માટે વાતાવરણથી કપાઈ જઈને તે પોતાની અંદર તન્મય બની ગયો.

'ભારે મોટો તમારો ધરમ ! તમારી આદતો છોકરાઓમાં પણ આવી છે. હું કહું છું કે મારી શકુંતલા બહુ સમજદાર છે. જેવા આચાર-વિચાર શીખવો...'

'હા-હા-હા. તારી પાસે શકુંતલા પાકી બ્રાહ્મણી બની જાય છે. એના સાસરિયામાં પણ મારા ધર્મનું જોર વધારે છે. છે વાજપેઈ, પરંતુ બરામણ નથી હા-હા-હા !'

'ભલે ન હોય, મારે શું કરવું છે. અરે શાસ્ત્રમાં લખ્યું છે કે કળજુગમાં આ બધા ભ્રષ્ટાચાર થશે, એ ખોટું થોડું છે. ઉમાશંકર શું તમારી જેમ બધું ખાય–પીએ છે. હં ?'

મહિપાલ ગંભીર થઈ ગયો. બોલ્યો, 'ના, ઉમાશંકર ઘણો જ ચારિત્ર્યવાન

છે. મેં બધા પાસેથી એની પ્રશંસા સાંભળી છે. જો કે હોટેલ-બેરા બધું ચાલે છે ભાઈને…'

'તો શું શિવશંકરની ઘરવાળી…'

'હા, તારી જેમ તો નહિ. બાકી બ્રાહ્મણી જરૂર છે. હા-હા-હા. એક સમજદાર માબાપે જેટલું પૂછવું-સમજવું જોઈએ તે બધું જ મેં શિવશંકરને પૂછ્યું છે. તારા જેવા કટ્ટરોના હાથમાં રાજ હોય એવા પરિવારમાં હું મારાં કોઈ બાળકનો સંબંધ હરગીજ નહિ કરું.'

'ન કરજો, બસ મને તો બે જ ચીજ જોઈએ. સંબંધ ષટ્કુળમાં થાય, માણસ ભલા હોય. અરે તમને શું કહું. બસ, મને તો એક જ વાતનું મનમાં છે, આપણાં બડકુ અને રજ્જોના સંબંધો જલદી થઈ જાય ને હું પણ દેખાડી દઉં કે એકલો ગટ્ટુ જ મોટો માણસ નથી. તમને સાચું કહું છું કે આ વખતે વીસ હજાર રૂપિયા મોકલીને ભગવાને એવી લાજ રાખી છે કે શું કહું ? દસ હજારનો દહેજ એ કાંઈ નાની વાત નથી. નર જેકિશોરને ઘરે મને મુલ્લરની મા મળી'તી…'

મહિપાલ ખૂબ રસપૂર્વક પત્નીની વાત સાંભળતો હતો. કેટલા દર્પભર્યા સ્વરમાં આજે કલ્યાણી બોલે છે! મુલ્લરની માએ એકવાર મેણું માર્યું હતું કે મહિપાલ મોટો માણસ જરૂર છે, પરંતુ પૈસામાં મોટો નથી. એની સાથે કોણ સારા ઘરવાળું સંબંધ બાંધશે! કલ્યાણી પાસેથી એ વાત સાંભળીને મહિપાલને તીવ્ર વેદના થઈ હતી. એ જ મુલ્લરની મા આજે ફરી વાતમાં આવી મહિપાલની ઉત્સુકતા ખૂબ વધી ગઈ. કલ્યાણીને કહ્યું, 'શું કહેતી'તી મુલ્લરની મા ?'

'એ શું કહેતી'તી ? એને જોઈને મેં જ જાણી જોઈને વાત ચલાવી અને કહ્યું કે બીજાનું મોટાપણું તો બેઈમાની ને લૂંટ પર ટકે છે. મેં કહ્યું એક મારા ઘેર મોટાપણું ધરમ અને તપસ્યા પર ટક્યું છે. અમારે બૅંકમાં ભલે લાખ-બે-લાખ ન હોય, પણ જ્યારે જેટલું જોઈએ તેટલું ધન મારા ઘરમાં આવી જાય છે. દસ હજાર શકુંતલાને દહેજ…' બોલતાં બોલતાં કલ્યાણીનો શ્વાસ જુસ્સાને કારણે ભરાઈ ગયો. એક ક્ષણ અટકી; બધા ઘૂઘરા તળાઈ ગયા હતા, પાસે જ પડેલા કપડાથી કડાઈ પકડીને જમીન પર ઉતારીને રાખી અને અડધી મિનિટ પેઢલી પર બેસીને મોં લૂછતાં આરામ કરવા લાગી. મહિપાલની ઉત્સુકતા વધી ગઈ હતી. એનો ચહેરો પ્રકાશ અને છાયાની ઝડપી દોડથી થાકેલો જણાતો હતો. આત્મપ્રશંસા સાથે સંબંધિત ઉત્સુકતાથી પોતાની જાતને સ્વસ્થ રાખીને પૂછ્યું, 'તો પછી શું કહ્યું મુલ્લરની માએ ? બીજા કોણ કોણ હતાં ત્યાં ?'

'બધાં હતાં.' તળેલા ઘૂઘરાના થાળને પોતાની તરફ ખેંચીને એને ચાસણીમાં નાખવાની તૈયારી કરતાં કલ્યાણી બોલી, 'જેકિશોરની મા હતી, એની ભાભી, જેકિશોરની ઘરવાળી – પણ હું શું કોઈથી દબાઉં છું? અરે, હું કહું છું કે જેવો મરદ મને મળ્યો છે તેવો એ લોકોના નસીબમાં નથી. મેં બીજુંયે કહ્યું. હું તો, તમે જાણો છો કે બધું મનમાં ભરીને બેઠી હતી આટલા દિવસથી. મોકો મળતાં જ મારા મનની બધી વાત કહી દીધી. મેં કહ્યું કે બીજાનાં મહેલ-મહેલાતો, ઠાઠ-બાઠ, મોટું નામ તો થોડાં વરસમાં વિલાઈ જશે, પણ મારા ઘરના મરદ તો જમાનો જેટલો જેટલો આગળ વધશે તેટલા વધશે. મેં કહ્યું કે શહેરમાં, સમાજમાં, મોટા મોટા ધનિક, ડૉક્ટર, વકીલો છે, એમને બહાર કોઈ ઓળખે છે? મેં કહ્યું કે મારા ઘરના માણસનું તો દેશ-પરદેશમાં નામ છે. ઊંચા ઊંચા અફસર અને માણસો મારા ઘરના માણસને ઓળખે છે – મારા ઘરના માણસની ચોપડીઓ વાંચે છે. મારા ઘરના માણસની બીજા સાથે શી સરખામણી થાય?' ઝારો ભરીને ઘૂઘરા ઉપાડી ચાસણીમાં નાખ્યા.

મહિપાલ ખૂબ જ પ્રસન્ન થતો હતો, કહેવું જોઈએ કે કલ્યાણીની વાતોથી પ્રસન્નતાની શરાબ પીતો હતો. એણે કહ્યું, 'તારે આવી વાતો ખુદ તારા મોંએ ન કહેવી જોઈએ, ગાંડી!'

'શા માટે ન કહું?' કલ્યાણીના હલવાથી એનાં ઘરેણાં ઝગારા ઊઠ્યાં, 'અરે ભગવાન મારું સાંભળે ને તમને આવી જ આવક રહે. અને જો તમે આપણા છોકરાનો દહેજ લેવા દો તો બે વરસમાં મોટર-બંગલો બધુંય બનાવીને બતાવી શકું છું હું.'

મહિપાલ રસમાં ડોલી ગયો. પતિને અડવાથી રોકતી પ્રેમથી મીઠા રોષભર્યા સ્વરે કલ્યાણી બોલી, 'અડશો નહિ મને ...અરે, અરે કોઈ આવી જશે.'

ખરેખર જ શકુંતલા આવી ગઈ. મહિપાલ ઊભો થઈ જ ગયો હતો. ભાણેજને જોઈને આળસ મરડવાનું બહાનું કરવા લાગ્યો, પછી શકુંતલાના માથાને બંને હાથે દાબીને પ્રેમથી બોલ્યો, 'કેમ રે, તારા સાસરિયા માટે તું પકવાન નથી બનાવતી?' શકુંતલા શરમાઈ ગઈ. મહિપાલે બારણાં તરફ જતાં એને પૂછ્યું, 'સજ્જનનો નોકર ગયો?'

'જી, ઘણી વાર થઈ.'

બારણાં પાસે પહોંચીને એણે ફરી કલ્યાણીને કહ્યું, 'કામમાંથી જલદી છૂટી થઈ જજે, સમજી. હોળીનો દિવસ છે.' મહિપાલ છત્તમાં આવી ગયો. શિવાલયમાં ઓટલા પર ફૂવારાના વાછટિયા નીચે રંગથી તરબોળ પાંચસાત છોકરાઓ બેઠા

બેઠાં હાસ્ય-મજાક કરતા હતા. દરવાજા સુધી પહોંચતાં મહિપાલ અટકી ગયો. એક છોકરો જોરજોરથી હસીને કહેતો હતો કે પોતે એત્રણ સાથીઓ સાથે ગલીમાં એક માળણને કેવી રીતે ઘેરી લીધી, તે કેવી ત્રાસી ગઈ કેવી મજા આવી; પછી કેવી રીતે એ લોકોએ માળણને પણ ખુશ કરી વગેરે વાતો એ અને વચ્ચે વચ્ચે એનો એક સાથી પણ બધાને કહેતો હતો.

બધા લોકોને મઝા આવતી હતી. મઝા મહિપાલને પણ આવતી હતી. પણ વાત વિચિત્ર લાગતી હતી. મૂળમાં હોળી છે તો મદનપર્વ. ફાગણનું માહાત્મ્ય જ કામદેવનું માહાત્મ્ય છે. એની બરાબર ઉપરવાળા ઓરડામાં, જે આજકાલ એનો સ્થાયી લેખનકક્ષ છે ત્યાં તકિયાને અઢેલીને પડ્યો પડ્યો મહિપાલ વિચારની ધૂનમાં મગ્ન હતો.

અચાનક શીલા મનની બારીમાં ડોકાઈ ગઈ. મહિપાલને લાગ્યું જાણે ક્યાંકથી અત્તરની સુગંધ એના વાતાવરણમાં આવીને વસી ગઈ. મહિપાલના શાંત વ્યવસ્થિત મનમાં અચાનક ભૂકંપ આવી ગયો. હોળીનો દિવસ છે ને શીલા એની પાસે નથી. શીલા એના પાસેથી ઝૂંટવાઈ ગઈ. મહિપાલને શીલાની તીવ્ર યાદ આવી. લોકાચાર અને નૈતિકતાની ઊંચી ચાર દીવાલની અંદર શીલા પરાણે પ્રવેશ કરતી હતી; મનમાં હા–ના અથડાયા કરતી હતી. 'ના–ના' કરતાં પણ શીલા મનમાં સમાયેલી જ છે. શીલા કેટલી ઉદાસ હશે. ...ગયે વર્ષે આજે હોળીને દિવસે બન્ને સાથે હતાં. શીલાની સાથે વીતેલું વરસ, દિવસ, કલાકો એકાએક ક્ષણોમાં ફેલાઈને એને એ જ શાંતિ આપવા લાગ્યા, જે અસંખ્ય તારાઓ ભરેલું આકાશ જોઈને મળે છે. શીલા ડોક્ટર શીલા સ્વિંગ છે. – નગરની એક પ્રખ્યાત પ્રતિષ્ઠિત મહિલા. દેશના એક પ્રખ્યાત પ્રતિષ્ઠિત સાહિત્યકાર મહિપાલ શુક્લને એના પ્રદેશના સરકારી ઉત્સવોનું આમંત્રણ નથી મળતું. પરંતુ ડો. શીલા સ્વિંગ શહેરના મોટામાં મોટા સમાજમાં આદર મેળવે છે. શીલાની પાસે લાખ–દોઢ લાખ રૂપિયા છે. ચમત્કારપૂર્ણ, સ્વતંત્ર વ્યક્તિત્વ હોવા છતાં પણ શીલા એના પ્રત્યે હૃદયથી વિનયશીલ છે. શીલા એનો આદર કરે છે. શીલા એને એની વાતો અને વ્યવહારથી સ્ફૂર્તિ બક્ષે છે. સાયન્સના માણસો મોટે ભાગે સાહિત્ય અને કલા પ્રત્યે રસહીન હોય છે, પરંતુ શીલા રસિક છે. વિરોધની પળો પણ આવી છે. પરંતુ શીલાએ ક્યારેય વિરોધને વધવા નથી દીધો. એ જ શીલાનો આજે તે વિરોધ કરી રહ્યો છે.

મહિપાલનું સારું-ભલું, ઘર-ગૃહસ્થીવાળું, સુખસમૃદ્ધિથી ભર્યું ભર્યું મન શીલાની યાદથી વિકળ બની ગયું. એકવાર શીલાને ઘેર જઈને પોતાની હોળીને

રસમયી બનાવવા માટે એનું મન વ્યાકુળ બનવા લાગ્યું. એ જશે, આખરે સમાજનો ભય કઈ કઈ વાતોમાં રાખવો જોઈએ? સમાજથી છાનો પણ આ સંબંધ સ્થાયી રાખી શકાય છે. આજ સુધી તે સાવધાન ન રહ્યો, બસ, એટલા માટે દુનિયામાં એની બદનામી ફેલાઈ ગઈ, નહિ તો ચોરી તો ઇચ્છા પ્રમાણે જીવનભર છુપાવી શકાય છે. મહિપાલ શીલાને મળવાની તડપ સાથે સારું-ખરાબ વિચારીને ઓરડાની બહાર નીકળ્યો, છતની નીચે બીજે માળે બાળકો રમતાં દેખાતાં હતાં. કલ્યાણી પણ પાલવથી હાથ લૂછતી રસોડાનાં વરંડામાંથી નીકળી એના ઓરડામાં જતી નજરે પડી. એને જોઈને મહિપાલની આખી સ્કીમ લથડી પડી. 'ના, હવે શકુંતલાનું લગ્ન કરવું છે. વહુઓ પણ આવશે. હું હવે એકલો નથી ...સ્વાધીન નથી. મારે મારી ઇચ્છાઓ, મારી પ્રેરણાઓનો ત્યાગ કરવો જ જોઈશે.'

જાતે મૂકેલા પ્રતિબંધની વિરુદ્ધ એનું મન શીલા માટે તડપી તડપીને ખોખલું થતું જતું હતું. અને એને (અંદરથી) એમ પણ લાગતું હતું કે એનું આ ખોખલાપણું મૂળમાં ખોખલું જ છે. એમાં કશો ભાવ નથી – ન પોતાનો, ન શીલાનો, ન કલ્યાણી અને બાળકોનો. એના અનુભૂતિના ઝરા પર જાણે કોઈ બહુ જ મોટો પથ્થર ઢંકાયેલો છે. આ બધા વિચાર કેવળ કલ્પના દ્વારા અનુભવાય છે, તે પોકળ છે, પોકળ છે, પોકળ છે!

ચાળીસ

ડૉ. શીલા સ્વિંગ બાલ્ઝાકનું જીવન વાંચતી હતી. કાર્ડનું નિશાન મૂકી પુસ્તક બંધ કર્યું. અબ્દુલે પલંગની બાજુમાં ચાનું ટેબલ મૂકી દીધું હતું ને તે ઊભો હતો. શીલાનો ચહેરો ફીકો અને ઉદાસ હતો ઊઠીને ચા પીવાનું પણ એને ગમતું નહોતું. તો પણ તે ઊઠી, બેઠાં બેઠાં જ સહેજ બગાસું ખાધું અને આળસ મરડી. જોસેફે ચાની કીટલી પરથી ટીકોઝી ઉતારે, કપ સીધો કર્યો ને ચા બનાવવા લાગ્યો.

'તું જા. હું બનાવી લઈશ.'

અબ્દુલ હાથ ખેંચી લઈ ઊભો થઈ ગયો ને બોલ્યો, 'સાંજે શું જમવાનું બનાવું મેમસાબ? કોઈ આવવાનું છે?'

'ના, શીલાએ બીજી વાર બગાસું ખાધું અને ખુલ્લા મોં સામે હાથ ધરીને બોલી, 'મનમાં આવે તે બનાવી લે.'

અબ્દુલ ચાલ્યો ગયો, શીલાનો નિશ્ચેતન હાથ જેમતેમ ચા બનાવવા લાગ્યો. હોળીના દિવસે એને પણ મહિપાલ યાદ આવે છે. મહિપાલની ગેરહાજરીમાં આડત્રીસ

વર્ષની શીલા એકાએક પોતાને બુઠ્ઠી લાગવા લાગી. એના જીવનનો રસસ્રોત સુકાઈ ગયો છે. આટલાં ધન, સંપત્તિ, માન, સન્માન કમાનારી સ્વતંત્ર નારી નિરધારીનો અનુભવ કરે છે. શીલા જીવનભર એના અભાવો અને નિરાધારતાની સાથે લડીને જ હવે આ દરજ્જે પહોંચી છે. એ બળ હવે મહિપાલની ખોટથી તૂટી રહ્યું છે. શીલાનો તમામ આમોદ-પ્રમોદ મહિપાલના વિયોગ પછી ધીમે ધીમે લગભગ ખતમ થઈ ગયો છે. ખૂબ કંટાળવાથી બે વાર પિક્ચર જોવા અવશ્ય ગઈ હતી, બાકી દરદીઓને જોવા જવા સિવાય કેટલાય વખતથી તે નથી ક્યાંય જતી–આવતી કે નથી કોઈને મળતી. સજ્જન-વનકન્યા ક્યારેક ક્યારેક ચક્કર મારી જાય છે. અન્યથા, મોટે ભાગે તો એ છે કે પુસ્તકો કે રેડિયો છે અને એકાંત એકાકીપણું છે.

શીલાનું બાળપણ અભાવોમાં વીત્યું. ઉત્તર પ્રદેશના ખ્રિસ્તીઓમાં લગભગ નવ્વાણું ટકા ગરીબ છે. એના બાળપણના સમયમાં ખ્રિસ્તીઓની નોકરીઓ લગભગ વિલાયતી મિશનરીઓને આધીન હતી. શીલાના પિતા પશ્ચિમ યુ. પી.માં એક નાના એવા કસ્બામાં મિશન સ્કૂલના હેડમાસ્તર હતા. મા પણ ભણાવતી હતી. છ ભાઈ-બહેનોના પરિવારમાં શીલા એનાં મા-બાપનું ત્રીજું સંતાન હતી. ભારે ગરીબીમાં દિવસ વીતતા હતા. શીલા ગરીબી સામે બળવો કરતી. એ હઠપૂર્વક નકામો ખર્ચ કરતી, પહેલેથી જ વિદ્રોહિણી હતી. ભણવામાં અને ડીબેટ કરવામાં હોશિયાર હોવાને લીધે બાળકોમાં એનું મહત્ત્વનું સ્થાન હતું એટલે તે પહેલેથી અભિમાની પણ હતી. સ્કૂલોની પ્રાંતીય ડીબેટમાં તે અલ્હાબાદથી બે વાર પ્રથમ પુરસ્કાર પણ જીતી હતી. ઘરમાં અનાદર તથા કલહ અને બહાર સન્માન મેળવીને ડૉક્ટર શીલાના માનસમાં દ્વંદ્વ જાગ્યું. એના બાળપણમાં થયેલા રાષ્ટ્રીય આંદોલનનો પ્રભાવ પણ એના માનસ પર ખૂબ પડ્યો. ખ્રિસ્તી સમાજ–ગોરા કાળા, શુદ્ધ ભારતીય ખ્રિસ્તી સમાજ–એ જમાનામાં પોતાને અંગ્રેજ જાતિનો ખાસ મસિયાઈ ભાઈ સમજતો હતો. આ સમજ, આ અકડાઈ એ હાલતમાં હતી જ્યારે અંગ્રેજ, અંગ્રેજ જ શું, મામૂલી કિરાણી પણ એમની સાથે સંબંધ ન રાખતાં. રાષ્ટ્રીય આંદોલનોએ વીસમી સદીના આરંભમાં જ આ ભારતવાસી ખ્રિસ્તી સમાજની અંદર પણ રાષ્ટ્રીયતાની લહેર દોડાવી દીધી હતી.

પેટને માટે વિલાયતી સંસ્થાઓને આધીન અને પોતાના દેશના સમાજથી સર્વથા અલગ થઈને રહેવાને કારણે રાષ્ટ્રીય ચેતનાના જલવાયુમાં ભારતીય ખ્રિસ્તી વિચિત્ર ગૂંગળામણભરી જિંદગી વિતાવવા લાગ્યા. એમની પોતાની સામાજિક વિશૃંખલતાઓ પણ ઘણી વધી ગઈ હતી. હિન્દુ ધર્મની નાનામાં નાની અને મોટામાં મોટી જાતિઓના લોકો પોતાના ધર્મનું પરિવર્તન કરીને ખ્રિસ્તીઓમાં

સામેલ થયા હતા. મુસલમાનોમાં પણ દરેક વર્ગના લોકો ખ્રિસ્તી બન્યા હતા. એમણે ધર્મ તો બદલ્યો પણ જૂના ધર્મના સંસ્કાર ન બદલી શક્યા. હિન્દુ ખ્રિસ્તી મોટે ભાગે હિન્દુ ખ્રિસ્તીમાં જ લગ્ન કરવાનું પસંદ કરતા હતા. ઊંચ–નીચનો ભેદ પણ ઘણો રહેતો હતો. મુસલમાન ખ્રિસ્તી પણ આ જ રીતે એમના પરિવર્તિત વર્તુળમાં પુરાયેલા હતા. અંધવિશ્વાસ અને રીતરિવાજ પણ વિશુદ્ધ ભારતીય ઢબ-ઢાંચાના હતા. અમુક દિવસે અમુક દિશામાં યાત્રા ન કરવી જોઈએ, દીકરીના ઘરનું પાણી પણ ન પીવું જોઈએ વગેરે વાતો ખ્રિસ્તી સમાજમાં પ્રચલિત હતી. રસોડામાં બહારના માણસ માટે પ્રવેશનિષેધ, નવા માણસની સામે ભોજન ન કરવું વગેરે સંપૂર્ણપણે હિંદુધર્મી બાબતો એમના સમાજમાં ઘર કરી ગઈ હતી. નામોમાં પણ હિન્દુસ્તાનીપણાની ઝલક રહેતી હતી – સિંહ મિસ્ટર સ્વિંગ થઈ ગયા, રામબલી મિસ્ટર રૈમ્બલ્સ થઈ ગયા. બેનર્જી મહાશયને મિસ્ટર બોનાર્જી કહેવાનું મનને ગમ્યું. અનેક પરિવારોમાં નામોને માટે ક્રાંતિઓ પણ થઈ. ખાસ શીલાના ઘરમાં જે બે ભાઈઓનાં નામ વિન્સેન્ટ રામ અને સેમ્યુઅલ રામ. પિતા મેસી સ્વિંગ અને ત્રીજા ભાઈ પૂર્ણ વિદેશી નામ ધારણ કરીને પોતાને સ્મિથ બ્રાઈટ કહેવડાવતા હતા.

શીલા સ્વિંગના બાળપણમાં, પહેલી લડાઈ પછી રાષ્ટ્રીય ચેતનાની લહેરમાં આખો દેશ વહેતો હતો; અહીંનો ખ્રિસ્તી સમાજ પણ પોતાની ભારતીયતા પ્રત્યે પહેલી વાર સચેત બન્યો હતો. ખ્રિસ્તી ધર્મનું ભારતીયકરણ થયું. પિયાનોની જગાએ તબલા-હારમોનિયમ આવ્યા. વિલાયતી ભજનોની જગાએ હળવાં શાસ્ત્રીય ઢબનાં ભજન અને ધાર્મિક ગઝલો ગવાવા લાગ્યાં. ભજનના સમયે ક્રોસની આરતી ઉતારવી આમીન-આમીન કે પીસ-પીસને બદલે શાંતિ – શાંતિ કહેવાની પ્રથા ચાલી. આ ભારતીયકરણનો વિરોધ પણ થયો. ખ્રિસ્તી વિદ્યાર્થી સંઘમાં બે પાર્ટી પડી ગઈ.

આ પ્રકારના સામાજિક આંદોલનમાં શીલા હંમેશાં આગળ પડીને ભાગ લેતી હતી. શરૂઆતથી જ તે નીડર અને બળવાખોર હતી. આ જ બળવાખોર પ્રકૃતિને લીધે એણે શરૂઆતથી જ વિલાયતી મિશનની નોકરી ન કરવાનો નિશ્ચય કર્યો. બળવાખોર હોવાને કારણે જ એની શિષ્યવૃત્તિ પણ બંધ થઈ. એને માટે ઘરનું વાતાવરણ ખૂબ જ કટુ બની ગયું. — આ બધું હોવા છતાં પણ પ્રબળ ઇચ્છાશક્તિને લીધે તે ભણી-ગણીને ડૉક્ટર બની ઘરમાંથી તરત સ્વતંત્ર બનવા માટે એ સરકારી મેડિકલ સર્વિસમાં દાખલ થઈ. વિઘ્નો હોવાં છતાં એને નોકરી મળી ગઈ. ભાગ્ય સાથ આપતું હતું. શીલામાં શ્રમ અને લગન ભરપૂર હતાં.

એટલે તે ક્રમશઃ ઉન્નતિ કરતી ગઈ. સન ઓગણીસસો સાડત્રીસમાં એને લખનૌની કિંગ જ્યોર્જ હૉસ્પિટલમાં જગા મળી ગઈ. અહીં આવતાં જ એનું ભાગ્યચક્ર વીજળીની ગતિથી દોડવા લાગ્યું. આ છેલ્લાં ચૌદ-પંદર વર્ષોમાં ડૉ. શીલા સ્વિંગ સંપૂર્ણ રીતે સ્વતંત્ર અને સમૃદ્ધ બનીને પોતાની પ્રેક્ટિસ જમાવવામાં સમર્થ બની. યુવાનીમાં એના સમાજના એક યુવક સાથે એને પ્રેમ થયો હતો. પોલ પણ ભારતીય સંસ્કૃતિનો ભારે હિમાયતી હતો. પોલ અને શીલા સાથે જ ભારતીય દર્શન, સાહિત્ય અને ઇતિહાસ વગેરે વાંચતાં હતાં. ભારતીયતાના જોશમાં આ બંને જણ પોતાની સમજ અને ઉંમર કરતાં પણ ઊંચા પુસ્તકો એકાગ્ર બનીને વાંચતાં અને તેના પર ગંભીર ચર્ચા પણ કરતાં. પોલ કૉલેરાનો શિકાર બનીને ચાર દિવસમાં ઊડી ગયો. શીલાના જીવનમાં સદાને માટે મોટી ખોટ આવી ગઈ. એના પછી પણ એના જીવનમાં બે યુવકો આવ્યા, પરંતુ તેઓ માત્ર મિત્ર જ બની શક્યા. મહિપાલ એના સૂના જીવનનો સાથી બનીને આવ્યો હતો. સુંદર, બલિષ્ઠ, સહૃદય કલાકાર, વિદ્યાવ્યસની, સ્વાભિમાની અને વિદ્રોહી વ્યક્તિત્વવાળો મહિપાલ શીલાના સૌભાગ્યનો મુકુટમણિ બની ગયો. હવે એને કોઈ પ્રકારની ખોટ સાલતી નહોતી. મહિપાલ પ્રત્યે એ પોતાનું તનમન વિશુદ્ધ ભારતીય ભાવનાથી સમર્પિત કરતી હતી. એને થતું કે જો પોતે એના પર પોતાનું ધન પણ લૂંટાવે તો એને સંતોષ થાય, પરંતુ એમનો આ સીમારેખા જ મહિપાલના વ્યક્તિત્વનો વિજય છે, એનું પૌરુષ છે જેની આગળ તે નમેલી છે. એકલાં ચા પીતાં પીતાં એનું મન મહિપાલના ઘર તરફ જ દોડતું હતું. કલ્યાણી અને એનાં બાળકો યાદ આવતાં હતાં. મહિપાલનાં બાળકો માટે શીલાને કોઈ માનસિક ખેંચાણ નહોતું. ક્યારેક કોઈ બાળક સામે આવી પડે ને એને જો કોઈ પ્રકારની લાગણી થાય તો પણ તે શુભકામનાભરી, કારણ કે એ એના મહિપાલનાં બાળકો છે. કલ્યાણી પ્રત્યે તે સદા ઉદાસીન રહી છે. કલ્યાણી જેવી શાંત, સીધીસાદી, મૂર્ખ સ્ત્રી કદી એની આડે આવી ન શકે એવી એને ખાતરી હતી. મહિપાલ ઘણીવાર કલ્યાણીના હઠીલા અને પુરાણા અજ્ઞાનપ્રેરિત સંસ્કારોથી ચિડાયેલો રહેતો હતો. શીલા હંમેશાં એને સંતોષ આપ્યા કરતી હતી. એને એમાં જ પોતાનો સ્વાર્થ લાગતો હતો કે મહિપાલ શીલા અને એના કુટુંબ સાથે બંધાયેલો રહે. એને કદી કલ્યાણીનો અધિકાર છીનવી લેવાનો વિચાર પણ આવતો નહોતો, પરંતુ જ્યારથી કલ્યાણીના ભાઈનાં લગ્ન વખતે એના અને મહિપાલના સંબંધ વિશે આક્ષેપો થયા અને કલ્યાણીએ મહિપાલના જીવનમાં શીલાના અસ્તિત્વનો ભારે વિરોધ કર્યો, જ્યારથી એનો મહિપાલ એની પાસેથી ઝૂંટવાઈ ગયો ત્યારથી એ કલ્યાણી અને બાળકો અથવા તો કહેવું જોઈએ કે પરિવારની ભાવના

પ્રતિ ખૂબ જ ચિડાઈ ગઈ હતી. અત્યારે સુપ્રસિદ્ધ નવલકથાકાર બાલ્ઝાકનું જીવન વાંચતાં એને મહિપાલ પ્રત્યે પણ માનની ખોટ સતાવી રહી છે. મેડમ ડી બર્ની અને બાલ્ઝાકના પ્રેમનું વર્ણન કરતા સ્ટીફન ઝવીગે કેટલી તડપની સાથે લખ્યું છે કે 'ફરિયાદ, ગૃહકલહ, ગામમાં ચાલતી છાની ગુસપુસ અને ચર્ચા – કાંઈ પણ એની પ્રિયતમા પ્રત્યેના એના સ્વતંત્ર અને તીવ્ર સમર્પણના ભાવને તોડી ન શક્યા.' આ વાક્ય રહી રહીને શીલાના મનના સૂનાપણાને તીક્ષ્ણ તીરની જેમ ભોંકાઈ રહ્યું હતું. આજે હોળીનો દિવસ છે, શીલા એકલી છે – શીલા હવે સદાને માટે એકલી જ રહેશે. શીલા સ્ત્રી નહિ, ડૉક્ટર છે; એની પ્રતિષ્ઠા છે – એની પાસે મોટર, બંગલો, બેન્ક એકાઉન્ટ છે. ...પણ શું આમાં જ બધું છે? નર-નારીનાં જીવનમાં શું આ 'બધાં'થી સંતોષ આવી જાય છે? શીલા અંદરને અંદર ઊકળતી હતી. એની જીદ જાગતી હતી – એ જીદ જે આટલાં વર્ષોથી સમૃદ્ધિની સેજ પર સૂતાં સૂતાં જાગવાનું જ ભૂલી ગઈ હતી. એ જાણતી હતી કે એની થોડી દૃઢતાથી જ મહિપાલ એનાં બધાં બંધન તોડીને એનો થઈ જશે. શીલાનું મન વારંવાર એવું કરવા માટે હઠ પકડતું હતું. ...એકીટશે જોતી એની ખુલ્લી આંખોમાં મહિપાલની મૂર્તિ સ્પષ્ટ હતી – પીઠ પાછળ બંને હાથ, પહોળી અને બલિષ્ઠ છાતી, બેપરવાઈ, ભોળપણ અને દૃઢતાવાળો મહિપાલનો ખડખડાટ હસતો ચહેરો જાણે કોઈ આનંદભરી 'એક' ક્ષણની સ્મૃતિ જેવો અત્યારે એની સામે આવીને ઊભો હતો.

'ઓહો... એકલાં–એકલાં આ પીઓ છો!' વનકન્યાના અવાજે શીલાને ચોંકાવી દીધી. વનકન્યા અને સજ્જન વર્મા ઓરડાના બારણાંમાં ઊભાં હતાં. ખસેડેલો બારણાનો પડદો હજી સુધી સજ્જનના હાથમાં જ હતો. વનકન્યાએ આજે કીમતી દાગીના અને સાડી પહેરી હતી. શીલાના ધ્યાનમાં આ પરિવર્તન આવ્યું. પહેરેલી–ઓઢેલી વનકન્યા વહુ જેવી લાગતી હતી. કોણ જાણે કયા અર્થમાં ડૉક્ટર શીલા સ્વિંગને વનકન્યા ભારતીય સોહાગની મૂર્તિમંત કલ્પના જેવી લાગી. મહિપાલ – પુરુષની યાદમાં ખોવાઈ ગયેલી એની આંખો છૂટતી છૂટતી સોહાગણના સૌંદર્યમાં બંધાઈ ગઈ. એક ક્ષણ માટે શીલાના મનમાં આવ્યું કે પોતે પણ કન્યાની જેમ સોહાગણ હોત તો ...ત્યાં સજ્જને કન્યાની વાત સાથે વાતને જોડતાં કહ્યું, 'મોટા ભાગના મોટા માણસોની જેમ એને હવે એકલપણા સાથે પ્રેમ થઈ ગયો છે.'

'સોશિયલ' થવા માટે, એકદમ માઠું લાગ્યું હોય એવો અભિનય કરીને ડૉ. શીલાએ સજ્જન તરફ નકાર ભણતો હાથ ઉઠાવીને કહ્યું, 'દુ–ર્જન! હાઉ બ્રૂટ

યૂ આર! કન્યા, તું તારા મિત્રાંની વાત પર વિશ્વાસ ન કરતી. આજકાલ એટલા કેસેઝ આવે છે કે ક્યારેક ક્યારેક તો...'

'એમ કેમ નથી કહેતી કે ડૉક્ટર પણ પેશન્ટ બની ગઈ છે.' સજ્જને શીલાની વાત અટકાવીને કહ્યું. શીલા નિરુત્તર રહી. ઘરમાં આગ લાગી જતાં કોઈ નીકળી આવે એમ મૂળ વસ્તુ એબાકળી બનીને બહાર નીકળી આવી.

ચા આવી ગઈ. વાતો ચાલતી રહી. મોટીની વાત નીકળી. શીલાએ એના સમાચાર પૂછ્યા. કન્યાએ કહ્યું, 'એના હવે કશા જ સમાચાર નથી મળતા.'

'થોડા દિવસ પહેલાં મેં એને હજરતગંજમાં બોરની સાથે જોઈ હતી. કોઈ કોઈ બીજો પણ રંગીલો જુવાન સાથે હતો. એના ઓવર મેકઅપમાં પણ એ સ્ત્રી ખૂબ જ ટ્રેજિક જણાતી હતી.' સજ્જને કહ્યું.

ત્યાર પછી થોડી વાર સુધી સૌ ચૂપ રહ્યાં, પછી શીલા બોલી, 'માણસોનો સમાજ માનવીનો સમાજ ન બન્યો હોત તો કેવું સારું થાત. ક્યારેક ક્યારેક વિચારું છું કે આખરે આ સભ્યતા, સંસ્કૃતિ, આ બધું સાયન્સ અને એજ્યુકેશન અને મોટી મોટી વાતો જે માનવી આજે કરી રહ્યો છે – આ બધો બોજ લાદવાની માનવીને જરૂર જ શી છે? એના વિના પણ માણસ સુખી રહી શકતો હતો. મારા ખ્યાલ પ્રમાણે તો વધુ સુખી રહી શકતો હતો. ઘરેણાંની લાલચમાં બોજો લાદીને તો માનવીની કુદરતી સુંદરતા પણ છુપાઈ જાય છે. અને બોજાથી તે થાકી જાય છે તે અલગ.'

સજ્જન મન બેઠો બેઠો શીલાને જોઈ રહ્યો હતો. કન્યા પણ ચૂપચાપ બેઠી હતી. શીલાના આંતર દ્વંદ્વ પ્રત્યે સજ્જનને પૂરી સહાનુભૂતિ હતી. એ જાણતો હતો કે શીલાની આ વિરક્તિભરી વાતોનો સંબંધ ઊંડા દર્દ સાથે છે. ત્યાગ ખરેખર ખૂબ જ કઠણ હોય છે. સજ્જન વિચારવા લાગ્યો, પોતે શું બાબા રામજીની ઇચ્છાનુસાર સંપત્તિત્યાગ કરી શકશે? ના, એ અશક્ય છે. એ પોતાના ઐશ્વર્યનો અમુક ભાગ બીજાને આપતાં રહે એ સંભવિત છે. પરંતુ પૂરેપૂરી રીતે પોતાની જાતને લુંટાવવી એ એનાથી નહિ બની શકે. સજ્જનને લાગ્યું કે એણે શીલા અને મહિપાલનું દુઃખ દૂર કરવું જ જોઈશે. એકાએક ઊભા થઈને એણે કહ્યું, 'ડૉક્ટર, જરા એક વાત સાંભળ. કન્યા, હું હમણાં આવું છું.' પછી શીલાને બાજુએ લઈ જઈને કહ્યું, આજે સાંજે મારે ત્યાં નાની એવી પાર્ટી છે. તને આવવા માટે જરૂર કહેત પરંતુ... કર્નલ અને મહિપાલની પત્નીઓ પણ આવવાની છે... એમને બોલાવવાનાં જ હતાં, આ ઘરમાં કન્યાની પહેલી હોળી છે. ...સાંભળ મહિપાલને મળવા ઇચ્છે છે?'

શીલા ચૂપચાપ ઊભી રહી. સજ્જને ફરી પૂછ્યું, 'બોલ !'

'એ શું ઇચ્છે છે?' પ્રશ્ન કરવા છતાં પણ શીલાની કીકીઓ સૂની જ રહી.

'મેં એને કશું પૂછ્યું તો નથી, પરંતુ એમાં પૂછવાનો કોઈ સવાલ નથી. મહિપાલ શું તને મળવા માટે ઉત્સુક નહિ હોય? તું એવું માની પણ શકે છે શીલા ?'

શીલા મૌન ઊભી રહી. એની આંખોમાંથી આંસુ ઝરવા લાગ્યા હતા.

શીલાના ખભા પર હાથ રાખીને સજ્જને કહ્યું, 'તું સાડાસાત વાગે મારે ઘેર આવી જજે શીલા તારા આવવાની ખબર કોઈને નહિ પડે. મહિપાલ તને મારા તરફથી હોળીની ભેટ તરીકે મળશે. લે, હવે તો ખુશ થા. તને આમ જોઈને મને સારું નથી લાગતું.'

વાત સાંભળીને શીલા મૌન બની ગઈ. પેલા બાળકની જેમ, જેને ખૂબ રડ્યા પછી મનપસંદ મિઠાઈ મળી હોય. કેટલા દિવસો પછી તે આજે પોતાના મહિપાલને મળશે !

એકતાળીસ

કન્યા, કલ્યાણી અને કર્નલની પત્ની બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. કલ્યાણી એમને ત્યાં ભોજન નહિ કરે, એ માત્ર મિઠાઈ જ ખાઈ શકશે. કન્યાએ કહ્યું, 'આટલી બધી છૂતાછૂત હવે કેમ નભશે જીજી! હવે તો તમારે આ બધા ઢોંગ છોડી દેવા જોઈએ.'

'અરે, અત્યાર સુધી તો અમારું નભી ગયું. ધરમ-કરમ, નિયમ ભલા ક્યારેય છૂટે ?' કલ્યાણી મોટાઈનો ભાવ બતાવતી બોલી.

'પણ બ્રાહ્મણે રસોઈ બનાવી છે. મેં તો તમારા વિચારથી જ આજે રસોડામાં પગ પણ નથી મૂક્યો. ભાભીને જુઓ, એ પણ ભારે ધર્મિષ્ઠ છે! પરંતુ આજે...'

'મારા ધરમ-કરમ તો બધાં છોકરાંઓએ છોડાવી દીધા. પહેલાં હું સૂરજ ડૂબતાં પહેલાં જમી લેતી હતી. અમારે જૈનોમાં એવો જ ધરમ છે. પણ શું કરું! એમને અને છોકરાઓને લીધે કશું નભી નથી શકતું. જ્યાં સુધી એ લોકો ન જમી લે ત્યાં સુધી હું કેવી રીતે જમું ?' કર્નલની પત્ની બોલી.

'સ્ત્રી પોતાના ધર્મ પર ચોંટી રહે તો પુરુષોને માનવું જ પડે છે. મારા ઘરવાળા શું કાંઈ ઓછા છે? પરંતુ મેં ઘરમાં ક્યારેય માંસ-મચ્છી આવવા નથી દીધાં, અમે લોકો બધાથી ઊંચા બ્રાહ્મણ છીએ.' કલ્યાણીની ઉચ્ચતાએ કર્નલ

પત્નીને ઉત્તેજિત કરી દીધી. એ બોલી, 'સૌ પોતપોતાના સમાજમાં ઊંચા છે. અમારો જૈન ધર્મ તો બહુ જ ઊંચો છે. અમારી કથામાં આવે છે કે કોણ જાણે કેટલાય બ્રાહ્મણ પંડિતોએ પોતાનો ધર્મ છોડીને મહાવીર ભગવાનનું શરણ લીધું, કારણ કે એમનો ધરમ બ્રાહ્મણોથી પણ ઊંચો હતો.'

કન્યાએ જોયું કે જૈન અને બ્રાહ્મણ ધર્મની ઉચ્ચતા આજની સુખદ સંધ્યાને થોડીવારમાં જરૂર ડૂબાડી દેશે. તે બોલી, 'અરે ભાભી, કેવી વાત લઈને બેઠાં તમે પણ. આ ઊંચ-નીચ જાતપાત બધો ઢોંગ છે. કેમ રાજ્યશ્રી, તારો શો મત છે ...શકુંતલા ?'

શકુંતલા અને રાજ્યશ્રી બંનેય ચૂપ બેઠી હતી, સાંભળીને શકુંતલા ચૂપ રહી, માત્ર જરા હસી. પરંતુ રાજ્યશ્રી બોલી, 'મારા બાપુજી નથી માનતાં, અમે પણ નથી માનતા કાકીજી. આ તો બધી જૂના જમાનાની વાત છે.'

કન્યા ખૂબ જોરથી હસી પડી. કલ્યાણી તરફ જોઈને બોલી, 'સાંભળી લીધું જીજી !'

કલ્યાણી નાક ચડાવીને બોલી, 'અરે રોજ સાંભળું છું આ લોકોની વાતો. કાંઈ સત્ત્વ છે એમાં ભલા ? ભગવાને બનાવેલા ઊંચનીચ, ભગવાને બનાવેલા જાત-ધરમ, એના વિના ક્યાં ગુજારો છે ?'

રાજ્યશ્રી એની પ્રગતિશીલ કાકીની સામે પોતાની માને હરાવવાનો યશ લૂંટવાના ઉત્સાહમાં આવી જઈને હસીને બોલી, 'ભગવાને માત્ર હિન્દુસ્તાન જ બનાવ્યું હશે મા ! બીજા પણ ઘણા દેશ છે...'

'ઠીક, ચૂપ રહે રજ્જો. બહુ બોલવાનું મને ગમતું નથી.' પછી કલ્યાણી કર્નલની પત્ની તરફ જોઈને બોલી, 'ગમે તે કહો બહેન, પણ પોતાનો ધરમ-કરમ છોડવાનું સારું નહિ.'

'હા બહેન, સારું તો નથી. પરંતુ પુરુષોની જેવી મરજી હોય તેમ ચાલવું એને હું તો સ્ત્રીનો સૌથી મોટો ધરમ માનું છું. હવે તો ઘેરઘેર નવો જમાનો આવી ગયો છે. ભલા કહો જોઈ, કે કોઈ ક્યાં સુધી આ બધી વાતોથી અલગ રહી શકે ? અને પોતાના માણસને દુઃખ દઈને ધરમ નિભાવવાને તો હું ધરમ નથી માનતી ભાઈ, સાચી વાત કહું છું.'

નોકરે આવીને કન્યાના હાથમાં એક ચીઠ્ઠી મૂકી, વાંચીને ઊભાં થતાં એણે કહ્યું, 'હમણાં આવું છું.'

રજ્જો બોલી, 'કાકીજી, મારાં સગાં કાકી છે ને, એમને જોઈએ તો...'

'મેં જોયાં છે, સારી રીતે ઓળખું છું.'

'તેઓ આવું નથી કરતાં. એમના ઘરમાં અમારે ત્યાં હોય છે એવો કશો જ પરહેજ નથી. હું માને કહું છું કાકીજી, કે જ્યારે આપણે હવેલી લઈશું ત્યારે પણ શું આમ જ રહેશે?'

આ સાંભળીને કર્નલની પત્નીએ હસીને કલ્યાણીને પૂછ્યું, 'હવેલી લ્યો છો બહેન?'

કલ્યાણી છોકરીની વાતોથી મનોમન ઊકળતી હતી તે એકાએક હવેલીની વાત આવી એટલે સંતુષ્ટ થઈને બોલી, 'અરે ક્યાં બેન, હવેલી-બવેલી તો ઠીક હા શકુંતલાનાં લગ્ન થઈ જાય પછી જરૂર વિચારીએ છીએ કે ક્યાંક રહેવાલાયક નાની સરખી ઝૂંપડી નાખી દેવી.'

'સાંભળ્યું છે કે શકુંતલાનાં લગ્ન પણ બહુ ઠાઠથી કરો છો?'

'ઠાઠ–માઠ તો શું બેન, પણ હા, દરજ્જા પ્રમાણે તો કરવાં જ પડશે. બહાર નાતમાં ને સમાજમાં અમારા ઘરવાળાનું જેવું મોટું નામ છે એવું તો કાંઈક કરવું જ પડશે. પંદરવીસ હજાર તો લાગશે જ. બહેન, અમારે ત્યાં દહેજ બહુ લાગે છે.'

'પણ બહેનજી, એટલું ખર્ચ કેવી રીતે કરશો? શુક્લાજી બિચારા...'

કલ્યાણીને ખરાબ લાગ્યું, હાથમાં પહેરેલી મોતીની બંગડીઓ ફેરવતી બોલી, 'ભગવાન સૌને આપે છે. અમારા ઘરમાં બેંક નથી તો શું થયું? કલમમાં એવી તાકાત છે કે ક્ષણભરમાં એક ચેકથી હજારો આવે છે.' બંને બહેનજીઓમાં દરજ્જાની, ચડઊતરની વાત ચાલતી રહી. રજ્જો આ વાતોથી કંટાળી ગઈ હતી. શકુંતલાને ઈશારાથી બોલાવીને બહાર જવા લાગી. કલ્યાણીએ પૂછ્યું, 'ક્યાં જાય છે રજ્જો?'

'ક્યાંય નહિ, અહીં બહાર જાઉં છું, બગીચામાં.'

'બહાર જાય છે તો તારા પિતાજીને કહે કે હવે જલદી ચાલે. નહિ તો મને ઘેર પહોંચાડી દે.'

'અરે, એવી શું ઉતાવળ છે જવાની? આજે તો સિનેમામાં જવાનું છે.'

'ના સિનેમા–ફિનેમામાં હું નહિ આવું. કાલે સવારે વેવાઈને ત્યાં તહેવારનાં પકવાન–બકવાન મોકલવાનો બધો બંદોબસ્ત કરવાનો છે. હવે અમે થોડીવારમાં જઈશું.'

કલ્યાણી અને કર્નલની પત્નીને વાતો કરતી મૂકીને રાજ્યશ્રી અને શકુંતલા સજ્જનના મહેલ જેવા ઘરમાં ફરવા નીકળ્યાં. રાજ્યશ્રીની નજરે ત્યાંની દરેક વસ્તુ સ્વર્ગીય હતી. રાજ્યશ્રી મોટા બાપની દીકરી તો હતી જ, એકાએક ઘરમાં પૈસા

આવી જવાથી મોટાઈનો ફુગ્ગો, જે ધનરૂપી હવા વિના કરમાયેલો પડ્યો હતો તે હવે ફૂલી ગયો હતો. ઉંમર નવા સ્વપ્ન એકઠાં કરવાની હતી. શકુંતલાની સગાઈએ એનામાં એકાએક એક ઊંડી ખોટ જગાડી દીધી હતી. એના માનસમાં જાગતી જ્યોત જેવી બેઠેલી હિરોઈન પોતાને માટે એક હીરો ઇચ્છવા લાગી હતી. કન્યા-કાકી અને સજ્જનકાકાના વૈભવશાળી – એને માટે અપાર વૈભવશાળી – સામ્રાજ્યમાં વિચરતાં ને પોતાની જાતને સોનેરી સ્વપ્નોમાં જકડાયેલી અનુભવતી હતી. એ બંનેનાં વ્યક્તિત્વથી એની પોતાની કલ્પનાઓની તૃપ્તિ થતી હતી. એ મુગ્ધભાવથી બોલી, 'કાકીનું નસીબ ભારે જબરજસ્ત છે. આ ઘર તો રાજાનો મહેલ છે.'

'તું પણ એવો જ ઘરવાળો શોધી લે તારે માટે.' શકુંતલાએ કહ્યું.

'મારું ચાલશે તો જરૂર શોધીશ. તું મને શું સમજે છે?' રજ્જોએ ભવાં ચઢાવીને ગુમાનથી આંખો કાઢીને કહ્યું, 'હું તારી જેમ માને ખુશ કરવા માટે મૂંગી રહીને મારું જીવન નષ્ટ નહિ કરું.' રાજ્યશ્રીએ દાદરા પાસે રાખેલા નકશીદાર માનવકદના અરીસામાં એના ગુમાનને ભારે શોખથી નિહાળ્યું. અરીસામાં શકુંતલા સાથે આંખો મળી.

શકુંતલા એની સામે જોઈને એવી રીતે હસી જેમ કોઈ બાળકની વાત પર હસે. રાજ્યશ્રી શકુંતલાના આ ઢંગથી સળગી ઊઠી. શકુંતલા એનાથી ત્રણ વર્ષ મોટી છે છતાં વર્તનમાં લગભગ સરખાપણાનો સંબંધ છે. ગાલીચો બિછાવેલા દાદરા પરથી ઊતરતાં શકુંતલાને હળવેકથી ધક્કો મારીને આંખો તતડાવતી બોલી, 'હસે છે શા માટે?'

શકુંતલાએ કહ્યું, 'છાપાની 'વૉન્ટેડ' કોલમમાં છપાવી દે કે એક લખપતિ પતિની જરૂર છે.'

'મને તો છપાવ્યા વિના જ મળશે. તારે ગરજ હોય તો છપાવ.'

'મને ભઈ લખપતિની જરૂર નથી.' શકુંતલાએ કહ્યું.

દાદરા નીચે ડાબા હાથ પર આવેલી નાની રૂમમાંથી વનકન્યા બહાર નીકળતી હતી. ચોરની જેમ ગભરાયેલી નજરે આ બંનેને જોઈને એણે પૂછ્યું, 'ક્યાં જાઓ છો?'

'જી, ક્યાંય નહિ, અમસ્તાં જ બગીચામાં,' રાજ્યશ્રીએ નમ્ર સ્વરે કહ્યું. વનકન્યા એમની સાથેસાથે જ ચાલી.

નીચે ડ્રોઈંગરૂમમાં સજ્જન, કર્નલ અને મહિપાલ બેઠા હતા. મહિપાલ આજે પૂર્ણ અમીરી ઠાઠમાં હતો – ભારે ચંપલ ઉમદા ચુન્નીદાર ધોતિયું. રેશમી ઝભ્ભો, રેશમી જવાહર જેકેટ, ફાવરલ્યૂબાની ઘડિયાળ, શેફર્સની સોનાની પેન, હાથમાં

પોખરાજની વીંટી, ખૂબ ગર્વથી એ કર્નલ અને સજ્જનને પોતાની આવક અંગે કહેતો હતો.

કર્નલે કહ્યું, 'હવે તો બેટા તારી તકદીર જાગી ગઈ. પરંતુ અત્યારે એકાએક આટલી રોયલ્ટી કેવી રીતે આવી ગઈ? વર્ષમાં સાડા ત્રણ હજાર રૂપિયા પણ ક્યારેક ક્યારેક પૂરા નહોતા પડતા.'

'મારું એક પુસ્તક પંજાબ યુનિવર્સિટીના કોર્સમાં મુકાયું છે.' મહિપાલે મોટાઈથી આંખ મીંચીને બેપરવાઈથી સિગરેટનો દમ ખેંચ્યો.

સજ્જને કહ્યું, ત્યારે તો એ ખુશીમાં એક પાર્ટી નક્કી થઈ ગઈ.'

'જ્યારે જોઈએ ત્યારે! ઠીક, કાલે સાંજે કપૂરમાં...'

મહિપાલને બોલતો અટકાવીને કર્નલે કહ્યું, 'કપૂરમાં શા માટે? ઘરમાં કેમ નહિ?'

'ઘરમાં એ શીલાને નહિ બોલાવી શકે.' સજ્જને કહ્યું.

'શીલાને તો હું અમસ્તોય નથી બોલાવવાનો. હું તો ત્યાં વ્હીસ્કી માટે જાઉં છું.' મહિપાલે એક વાત ખૂબ ગંભીર બનીને અને બીજી વાત એ ગંભીરતાને બેપરવાઈથી ઝાટકી નાખવાનો અભિનય કરીને કહી.

સજ્જન એના વલણને નીરખી રહ્યો હતો. એને લાગતું હતું કે શીલા પ્રત્યેની મહિપાલની આ કઠોરતા તદ્દન અન્યાય ભરી અને ખોટી છે. એ શીલાનો ત્યાગ કરવા માગે તો ભલે કરે, પરંતુ એના પ્રત્યે આટલો કઠોર શા માટે બને! આ પરથી એ સ્પષ્ટ થાય છે કે આ કઠોરતા શીલાનો પ્રભાવ પોતાના મન પરથી ન હટાવી શકવાને કારણે છે. આ હઠની કઠોરતા ખૂબ ઘાતક ચીજ છે. આને કારણે ક્યારેક મનુષ્ય પરિસ્થિતિવશ અત્યંત નિર્મમ થઈ શકે છે. આ વાત સજ્જન પોતાના અનુભવથી જાણે છે. પરંતુ મહિપાલ શીલા પ્રત્યે આટલો કઠોર અને નિર્મમ શા માટે છે? સમજ્યા કે એનો સંબંધ અનૈતિક છે. પરંતુ શીલા ખરાબ નથી. શીલા ઘણી સારી સ્ત્રી છે. એ બિચારી કેટલી દુ:ખી છે. સજ્જનને શીલા માટે દયા આવતી હતી. એણે પૂછ્યું, 'કેમ? શીલાને શા માટે બોલાવવા નથી માગતો?

મહિપાલ ચૂપ રહ્યો.

કર્નલે ગંભીર બનીને કહ્યું, 'જો સજ્જન, આમાં ભારે ગૂંચ આવી ગઈ છે. તું જાણતો નથી. તું મથુરા ગયો હતો.'

'મને બધી જ ખબર છે.' સજ્જને કહ્યું.

કર્નલ અને મહિપાલ બંને ચોંકીને એના તરફ જોવા લાગ્યા. બંને સમજી ગયા કે શીલા અને સજ્જનની મુલાકાત થઈ છે.

'...હવે એમાંથી એકે તો ગમ ખાવી જ પડે.' કર્નલે પોતાની રીતે સ્પષ્ટતા કરી.

'એ વાત અલગ છે, પરંતુ શીલા સાથે દોસ્તીનો, માનવતાનો સંબંધ તો રાખી જ શકે એ.'

'હું મારી સતી પત્નીને કોઈ પ્રકારનું દુઃખ પહોંચાડવા માગતો નથી.'

સજ્જનને બહુ ખરાબ લાગ્યું. એ બોલ્યો, 'તું આ સત્યના શબ્દોની આડશમાં શીલાને બેઆબરૂ કરવાની અસભ્યતા શા માટે કરે છે?'

વાત સાંભળીને મહિપાલના ભવાં પણ ચડી ગયા. સજ્જન એની આંખ સાથે આંખ મેળવીને એ જ જુસ્સાથી બોલ્યો, 'હું એકપત્નીવ્રતનો હિમાયતી છું, ભવિષ્યના જીવનને હું ખૂબ સંભાળીને રાખીશ. પરંતુ મારી પાછળની જિંદગીની જવાબદારીઓ તો બરાબર જ રહેશે. એમાંથી હું કેવી રીતે બચી શકું?'

મહિપાલે કહ્યું, 'તો તું જવાબદારીના નામ પર તારી તમામ માશુકાઓ સાથે પ્રેમ રાખશે અને એકપત્નીવ્રતનો ઝંડો પણ ફરકાવશે? હુંહ ...કોઈ પ્રોફેસર ઘોષ-બોઝ-બેનર્જી-ચેટર્જી તારે ત્યાં ભોજન કરીને એક જોરદાર લેખ પણ લખી નાખશે કે તું લગ્ન પછી કેવો આદર્શ સદ્‌ગૃહસ્થ થઈ ગયો છે! જસ્ટ લાઈક યૂ!'

બારણામાં ઊભી ઊભી કન્યા આ વાતો સાંભળતી હતી. એનું મન ઇચ્છાઓથી ઘેરાયેલું હતું. શીલા અને મહિપાલનો સંબંધ એને મનમાં ને મનમાં ગમતો નહોતો; એની અંદર બેઠેલી પત્ની આ સંબંધને સહન કરી શકતી નહોતી. એની સાથોસાથ, શીલાના વ્યક્તિત્વથી પ્રભાવિત હોવાને લીધે કલ્યાણી – મહિપાલના મેળ વિનાના યુગલને જોઈને, અને સાથે જ સજ્જનના આગ્રહને જોઈને તે આ અનૈતિક સંબંધનો મૌનભાવથી સ્વીકાર પણ કરતી હતી. તે દિવસના બોલાવ્યા પ્રમાણે શીલા આવી ગઈ હતી. એની જ ચીઠ્ઠી મળવાથી કન્યા અંતઃપુરમાંથી ઊઠી હતી. શીલાને 'દાદાજીવાળા ગ્રીકિટરૂમ'માં બેસાડીને એ સજ્જનને સૂચના આપવા આવી હતી.

રાજ્યશ્રી અને શકુંતલા બહાર ચાલ્યાં ગયાં. કન્યા બારણામાં ઊભી ઊભી સાંભળતી રહી. મહિપાલની વાતોનો એના પત્નીપણા પર પ્રભાવ પડતો હતો. એની અને સજ્જનની વચ્ચે તે કોઈ સ્ત્રીને સહી ન શકે. આ કચવાટને સ્વયં

પોતાનાથી જ છુપાવીને તે વિચારતી હતી કે આવી વિરોધી વાતો કરત મહિપાલજી શીલાને મળવાનું પસંદ કરશે? શીલા માટે એના દિલમાં ધબકારા થવા લાગ્યા. સ્વામીદયાળ – એક નોકર – બહારના બારણેથી અંદર આવ્યો. એને જોઈને કન્યા, પોતે ચૂપ રહી છે એ ચોરીને છુપાવતી ઝડપથી ઓરડાની અંદર ગઈ. કન્યાને જોઈને પુરુષોની વાતો અટકી ગઈ. કર્નલે પૂછ્યું, 'બિન્નો, તું ઠીક આવી ગઈ!'

'કેમ ભાઈસાહેબ?'

'અરે કાંઈ મિઠાઈ–બિઠાઈ તો મોકલ. ઠંડક વિના શુકલાજી મહારાજની ભાંગ ગરમ થઈ રહી છે.'

કન્યા હસી. પછી સભ્યતાને ખાતર મહિપાલનો પક્ષ લેતી બોલી, 'આજે તો તમે બધા હોળી મનાવો છો, એકલા શુકલાજી બિચારાને જ કેમ બદનામ કરો છો?'

સજ્જન એની ગુલાબી ઝાંકીઓવાળી મદમાતી આંખો કન્યા તરફ ફેરવીને બોલ્યો, 'હું તો તારા ડરથી નહોતો પીતો, આ તો મહિપાલે જબરજસ્તીથી પીવડાવી છે.'

'ઠીક, સાંભળ. બહાર આવ એક કામ છે.'

શીલા આવ્યાનું સાંભળીને સજ્જન ગંભીર બની ગયો. કન્યાએ કહ્યું, 'આજના દિવસે તારે ડૉક્ટરને બોલાવવી નહોતી જોઈતી. વિચાર કર્યા વિના તેં...'

'હું મહિપાલને હમણાં લાવું છું અને હું ઓળખું છું, શીલાની સામે આવતાં જ એ બધો વિરોધ ભૂલી જશે.' કહેતો કહેતો સજ્જન ફરી ઓરડામાં ચાલ્યો ગયો. કન્યા પાછી ફરી. મહિપાલ પાસે સજ્જનની સાથોસાથ શીલાની દૂત બનવાનું એને સ્વીકાર્ય નહોતું.

સજ્જન મહિપાલને લઈને દાદરાવાળા ઓરડામાં આવ્યો. ઓરડાની અંદરના એક મોટા કબાટ જેવા બારણામાંથી તે એને દાદાજીવાળા સીક્રેટ રૂમમાં લઈ ગયો. શીલા ખુરશી પર મૌન બેઠી હતી. મહિપાલને બારણાં સુધી છોડીને સજ્જન બહાર ચાલ્યો ગયો.

મહિપાલને સામે જોઈને શીલા ચહેરા પર ફિક્કું સ્મિત લાવી ઊભી થઈ ગઈ. મહિપાલનો ચહેરો સફેદ થઈ ગયો.

'હોળી મુબારક.' શીલાએ કહ્યું.

મહિપાલની કઠોરતા પરાસ્ત થતી જતી હતી. વાત કરવા માટે એને કશું ન સૂઝ્યું. પાગલ જેવું હાસ્ય કરીને એણે કહ્યું, 'આજે... આજે આપણે અહીં મળીએ છીએ!'

શીલાએ હસીને આંખો નીચી કરી લીધી. મહિપાલ એકાએક ઝટકા સાથે બોલ્યો, 'આ ભોંયરાની નીચે પણ કોઈ ભોંયરું નથી શું ?'

વાત શીલાની સમજમાં ન આવી. એ મૂંઝાઈ ગઈ. મહિપાલે આગળ કહ્યું. 'ચોરી કરવા માટે આપણે વધુ ઊંડા પાતાળમાં જવું જોઈએ, અહીં પણ કોઈ જોઈ જઈ શકે છે.'

શીલાએ કહ્યું, 'તારાથી આટલા દિવસ જુદા રહેવા...'

એકાએક મહિપાલનો સ્વર કઠોર બની ગયો. એ બોલ્યો, 'હું ચોરી પસંદ નથી કરતો શીલા! મળી શકીશ તો જેમ પહેલાં મળતો હતો તેમ ક્યારેક તારા ઘરે આવીને જ મળીશ.'

'મેં તો ક્યારેય ના નથી પાડી!'

'સાચી વાત છે. પણ મારી દુનિયા બદલાઈ ગઈ છે. અચ્છા, હું જાઉં છું.'

'સાંભળ, તેં સમાજના ભયથી મને છોડી છે કે તું પોતે પણ છોડે છે?'

મહિપાલ થંભી ગયો. એનું માથું ઝૂકેલું હતું. એક સેકંડ અટકીને કઠોર સ્વરમાં બોલ્યો, 'હું હવે આવી બધી વાતોનો વિચાર નથી કરતો.'

'એ યુક્તિ મને પણ બતાવી દે. જેથી હું પણ તને ભૂલી શકું.'

મહિપાલ જવા લાગ્યો. શીલા એના ખભા પર હાથ રાખીને બોલી, 'તું ઘરની જે જવાબદારીઓને કારણે આવડો મોટો ત્યાગ કરે છે એની હું કદર કરું છું. તું સારી રીતે જાણે છે કે હું કલ્યાણીની પણ કદર કરું છું. તારા કુટુંબનું સુખ ઉજાડવામાં કે તને બદનામ કરવામાં મને સુખ નહિ મળે.'

મહિપાલ નરમ પડ્યો, છતાં પણ એની સામે જોયા વિના બોલ્યો, 'બધું સમજવા છતાં આજે કેમ આવી?'

'તને જોવાનો લોભ થયો. એક સેકંડ બેસ, બેસને.'

મહિપાલ એના હાથે ખેંચાયો. બંને સામસામી ખુરશી પર બેઠા. ગોળ કમાનો અને થાંભલાવાળો ચોરસ ઓરડો અંધકાર અને એકાંતનું વાતાવરણ પ્રસ્તુત કરતો હતો. દીવાલ પર લાગેલી બે બત્તીઓ સિવાય આ ઓરડો બહારની દુનિયાથી એકદમ કપાઈ ગયેલો હતો. આ ઓરડામાં થોડો ભેજ પણ છે, થાંભલા અને દીવાલો પર લગાવેલા સેપિયા રંગ પર ડાઘા પડ્યા હતા. જ્યાં આ લોકો બેઠાં હતાં ત્યાં લોઢાના મોટા દંડુકાનું બનેલું પાંજરું હતું. જેમાં લોઢાની બે જૂની મોટી મોટી પેટીઓને બે ગોદરેજના કબાટો રાખ્યા હતા. પાંજરાના બારણા પર જૂનું પરદેશી તાળું વાસેલું હતું. મહિપાલ શીલાની નજરથી બચવા આમતેમ જોતો હતો. જે સુખજનક પરિસ્થિતિમાં રહેતાં રહેતાં એણે વર્ષો વીતાવ્યાં હતાં એ પરિસ્થિતિ

અત્યારે એના મનમાં મૂંઝવણ અને ગૂંગળામણ પેદા કરતી હતી. શીલા એના જીવનની એક ચોરી હતી, જેનો તે હવે ઇનકાર કરવા માગતો હતો.

શીલાએ કહ્યું, 'હવે આપણી ઉંમર મોટી થઈ છે મહિપાલ હું આડત્રીસ વર્ષની થઈ ગઈ. જૂનમાં ઓગણચાળીસમું બેસશે.'

મહિપાલે ન તો એની સામે જોયું. ન એની વાતનો જવાબ આપ્યો. શીલાએ ફરી કહ્યું. 'જિંદગી હવે બની ગયેલી અને આબાદ પણ થઈ ગયેલી ઇમારત જેવી છે, એ તો સમજ. ઈંટથી ઈંટને પથ્થરથી પથ્થર જોડાઈ ગયેલો છે. હવે નહિ ડાર્લિંગ! જે ચીજ આબાદ થઈ ગઈ છે એને ઉજાડ નહિ.'

મહિપાલનું માથું નીચું થઈ ગયું. શીલા ફરી બોલી, 'પાપ તો છે. પરંતુ હવે આટલાં વર્ષોના સાથથી શું આ પાપ આપણા જીવનનું પુણ્ય નથી બની ગયું ? બોલ, તું તો બોલતો જ નથી!'

મહિપાલ પહેલાંની જેમ જ બેસી રહ્યો. એના ચહેરા પર કશો ભાવ નહોતો માત્ર સૂનકાર હતો. એક ક્ષણ અટકીને શીલા એને જોઈ રહી. એ મહિપાલ સાથે વાતોની માળામાં પરોવાઈ રહેવા માગતી હતી, પરંતુ આ માનસિક સ્થિતિમાં એની પાસે પણ વાતોનો અભાવ હતો, ભાવ ચૂપ બની ગયા હતા. એના મૂંગા ભાવો એના પ્રિયકરની વાક્‌શક્તિ ઇચ્છતા હતા જે એને નહોતી મળતી. શીલાની આંખો દરિદ્રના ઘરના દીવાની જેમ ટમટમી રહી હતી. મહિપાલ એમ જ બેસી રહ્યો.

એક દબાયેલી આહ સાથે શીલાએ ફરી કહેવાનું શરૂ કર્યું, હોઠ પર પરાણે સ્મિતની રેખા ખેંચીને કહેવાનું શરૂ કર્યું. 'આવી આવી ચોરીઓ દુનિયાના દરેક મોટા લેખક સાથે અમર થઈ છે. એક એકલો તું જ નથી જે ઇતિહાસમાં બદનામ થઈશ.'

મહિપાલ ઊઠ્યો ને ચાલ્યો ગયો. શીલા એને બોલાવી ન શકી.

મહિપાલ જ્યારે બહાર આવ્યો ત્યારે એણે જોયું કે કલ્યાણી, કન્યા અને કર્નલની પત્ની હવેલીના ઠાકુરદ્વારા તરફ જતાં હતાં. મહિપાલ તરત જ પાછો ફરીને શીલાની પાસે આવ્યો, 'તું હમણાં બહાર ન નીકળતી.'

શીલા બેધ્યાનપણે બેઠી હતી. તે એકાએક મહિપાલની વાત સમજી ન શકી મહિપાલ ઊંબરા પર ઊભો હતો, એક પગ બહાર ને એક પગ અંદર. એનો અવાજ સાંભળતાં જ શીલા ઊભી થઈ. એને જોતી તે આગળ આવી. પોતાના શંકાશીલ ચિત્તને કારણે બારણાં તરફ આવતી શીલાને જોઈને મહિપાલ અત્યારે શીલાની આંખો સાથે આંખ મેળવવા માટે લાચાર હતો. નજર સાથે નજર મળતી હતી. શીલાની કીકીઓનું ખેંચાણ ના–ના કરતી મહિપાલની આંખોને પોતાના તરફ ખેંચતું

જ હતું. શીલા પાસે આવતી ગઈ, એ તેની તદ્દન નજીક આવી ગઈ. શીલા એકીટશે એને જોતી હતી. એવું લાગતું હતું કે આંખો એક ભાવશક્તિથી પ્રેરિત બનીને એનાથી જ એના આખા વાતાવરણને પ્રેરતી હતી. આંખોના રામઝરૂખા પર બેસીને શીલાના અંતરનો ભાવ સત્યસમ્રાટની જેમ એકછત્રધારી સત્તાધીશ બની ગયો હતો, જેની પાસે મહિપાલ મૌન હતો, વિવશ હતો. જે તૃષાભરી પ્રેમભરી નજરોથી શીલા તન્મય બની એની આંખોને જોતી હતી એ તૃષા અમર હતી. એ પ્રેમ મહિપાલને આત્મવિશ્વાસ જેવો લાગ્યો જેને એ પોતાનાથી દૂર કરવાની હઠ લઈ બેઠો હતો. શીલા પાસે આવી ગઈ. મહિપાલની જીદ એની વિવશતાના ચરમ બિંદુ પર આવી ગઈ. શીલા સ્વસ્થ નહોતી, મહિપાલ લાચાર બનતો જતો હતો.

મહિપાલના સૌંદર્યપ્રેમી લેખકે આજની આ ક્ષણ પહેલાં તન્મયતાના આ પરમ સુંદર રૂપનાં દર્શન નહોતાં કર્યાં. શીલાની કીકીઓમાં યોગાસન સાધીને બેઠેલો એનો પ્રેમ એને વારંવાર પડકારતો હતો કે 'વિવશતાના આ મહાસાગરને ઓળંગી શકીશ? તું ચોક્કસ એમાં ડૂબી જઈશ.'

શીલા મહિપાલની સામે એને અડીને ઊભી હતી. સન્નાટો શ્વાસના ગજમાં સમેટાઈ ગયો હતો. મહિપાલને આ ગરમ શ્વાસમાં લડાઈનાં વાજાં વાગતાં હોય એવું લાગ્યું. શીલાના હાથ વરમાળાની જેમ એનાં ગળામાં વીંટળાયા હતા, ધીરે ધીરે જકડતા હતા. ઊંબરાની બહાર રાખેલો પગ અંદર આવી ગયો, સ્પ્રીંગવાળું બારણું ખટ દઈને બંધ થઈ ગયું.

મહિપાલનું સ્વપ્ન તૂટી ગયું, એને ભાન આવ્યું, બારણાના ખટકા સાથે કર્નલની પત્ની અને કન્યાની સાથે ઠાકુરદ્વારા તરફ જતી કલ્યાણીનું એને ભાન આવ્યું. સમાજ, શકુંતલાનું લગ્ન, સગાસંબંધી, પદ-મર્યાદા, એટલે સુધી કે પોતાની ચોરી – આ ચોરીનો પ્રેમ – બધું જ ધ્યાનમાં આવી ગયું. મહિપાલ સાવધાન થયો. શાણો બન્યો, મોં ફેરવીને શીલાના હાથને હટાવી દેતાં એણે કહ્યું, 'વીતેલી કાલને ભૂલી જા શીલા. કઠણ બનીને ભૂલી જા. આપણે આટલાં નજીક ન હોત તો દોસ્ત રહી શકત, પરંતુ હવે દોસ્ત પણ નહિ રહી શકીએ.'

શીલાને થાક લાગતો હતો, મહિપાલની વાતોથી થોડી અળગી પણ હતી, મહિપાલે હાથ હટાવી દીધા છતાં એણે સ્પર્શ ન છોડ્યો. ચોરીથી એની સામે જોવા માટે મહિપાલ ફર્યો – શીલાનું માથું એની છાતી પર હતું, સેંથાના કિનારે બે-ત્રણ સફેદ વાળ ચમકતા હતા અને એની ઉપર જ રેશમી વાસકોટના ઉપરવાળા ખિસ્સામાં એની શેફર્સ પેનની સોનેરી કેપ પણ ચમકતી હતી. શીલાના સેંથા પર

શેફર્સની ચમકે મહિપાલના મનને અજબ રીતે મુલાયમ બનાવી દીધું. આ બંને ચમક એની પોતાની હતી, આ ક્ષણ કોઈ પણ વ્યક્તિના અહમ્ માટે કેટલી સુખદાયી હતી. હજારો લોકો એવા પણ હોય છે જે કોઈ સ્ત્રીનો પ્રેમ મેળવવા માટે આઠે પહોર સપનામાં ઉતાવળા થાય છે અને એક એ છે જેની આગળ એક સુપ્રતિષ્ઠિત નારી એના આટલા સાચા પ્રેમ સાથે સમર્પિત થઈ રહી છે. મહિપાલ કેટલા અપાર વૈભવનો ધણી છે! એની પાસે અત્યારે બૅન્ક એકાઉન્ટ પણ છે, રેશમી ઝભ્ભો, રેશમી જેકેટ અને શેફર્સ ફાઉન્ટન પેન પણ છે ...આ વૈભવ ચોરીના છે. જો ચોરી ખુલ્લી પડી જશે તો સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર મહિપાલ ક્યાંય મોં દેખાડવાને લાયક પણ નહિ રહે. શીલા સાથેનો એનો ચોરીનો સંબંધ જગજાહેર થઈ ચૂક્યો છે. શીલા ધનિક છે, ક્યાંક એનો ધનવૈભવ શીલાનું દાન માની લેવામાં ન આવે? ક્યાંક તે બદનામ ન થઈ જાય! આ ચિંતા એકદમ સમેટાઈને એના દિલમાં બેઠેલી મુલાયમતાને એના ભારથી દબાવવા લાગી. મહિપાલ નિષ્ક્રિય નપુંસકની જેમ પોતાની મર્યાદાથી પીડિત થવાની લાચારી અનુભવવા લાગ્યો. અગતિની પીડાએ એને ગતિ આપી, તે કઠોર થઈ ગયો. બોલ્યો, 'હવે મને મળવાની કોશિશ ન કરતી! મહિપાલ એનાથી છૂટો પડ્યો. જતાં જતાં કહ્યું, 'બહાર ...બહાર કલ્યાણી વગેરે છે. જોઈને જજે.' મહિપાલે હુકમના સ્વરમાં કહ્યું ને ચાલ્યો ગયો.

કર્નલ અને સજ્જન કોઈ પ્રસંગ પર હસતા હતા. મહિપાલના આવવાથી સહસા સ્તબ્ધતા છવાઈ ગઈ.

આયા જાનકીએ કન્યાને શીલાનો સંદેશો આપ્યો, ઠાકુરદ્વારા અને જૂનું જનાનખાનું જોઈને ત્રણે મિત્રપત્નીઓ પાછી આવતી હતી. કલ્યાણી અહીંથી જ ઘેર જવાની હતી. કન્યાની કેડ પર કલ્યાણીની નાની દીકરી ઊંઘતી હતી. એણે જાનકીને અલગ લઈ જઈને કહ્યું, 'અમે લોકો બહાર ચાલ્યા જઈએ પછી ડૉક્ટરને ઉપર મારા ઓરડામાં બેસાડી દેજે. હું મિસિસ શુક્લાને ગાડીમાં બેસાડીને આવું છું.'

કન્યાએ મૂકેલા પ્રસ્તાવ વિશે કલ્યાણી કર્નલની પત્ની સાથે વાત કરતી હતી. કન્યાએ સૂચન કર્યું હતું કે શકુંતલાનું લગ્ન આ ઘરમાં જ થાય, ઘરની જગા હોય પછી બહાર શા માટે તપાસ કરવી? કલ્યાણીને આ પ્રસ્તાવ સારો લાગ્યો હતો. એનું ઘર નાનું હતું, એને ક્યાંક બહાર જ લગ્ન કરવું હતું. એની અને મહિપાલની ચર્ચાવિચારણા બાદ કર્નલના ઘેર વિવાહ કરવાનું એક પ્રકારે તો નક્કી થઈ ચૂક્યું હતું. પરંતુ બંગલામાં લગ્ન કરવાનો પ્રસ્તાવ કલ્યાણીને વધારે ગમી ગયો. બંગલાવાળી દેરાણી પર પણ ખાસ્સો રોફ પડશે, સગાંવહાલાં અહીં આવશે, આ

બધી વાતો કલ્યાણીના જીવને ઘુમાવતી હતી. એ કર્નલની પત્નીને કહેતી હતી, 'કોઈ ને કોઈ માણસ તો ઘર પર સૂશે જ, અહીં લગ્ન કરવાથી જરા એટલું રહેશે કે એ ઘરનું બિલકુલ ધ્યાન નહિ રહે. જોઈએ, એમની સાથે વાતચીત કરીને પછી કહીશ.'

કન્યાએ કહ્યું, 'હા, હા, વાત કરજો, બાકી હું પણ એમને કહીશ. શકુંતલા પર કેવળ તમારો જ નહિ, અમારા સૌનો હક્ક છે બહેનજી!'

કલ્યાણી ખૂબ જ પ્રસન્ન થઈ, ગદ્‌ગદ્ થઈને બોલી, 'હા, હા, બહેનજી, પહેલાં તમારી, પછી અમારી. મિત્રોમાં કોઈ ભેદ હોય છે? મારા એ તો ક્યારેક ક્યારેક કહ્યા કરે છે કે સગો ભાઈ પોતાનો ન રહ્યો પરંતુ કર્નલ અને સજ્જન સગા ભાઈથી પણ વધારે છે.

શાનદાર પોર્ટિકોમાં કલ્યાણી મહિપાલ શુક્લ માટે ગાડી રાહ જોતી હતી.

બેતાળીસ

ડૉક્ટર શીલા ઉપર ન ગઈ. કલ્યાણીના જવાની રાહમાં એ લોબીમાં જ ઊભી રહી. કર્નલની પત્ની સાથે કન્યા અંદર પાછી આવી. એણે સામે એક ખૂણામાં મૂકેલી મૂર્તિ તરફ મુખ રાખીને ઊભેલી શીલાને જોઈ. કલ્યાણી અને શીલાની વચ્ચે મહિપાલના સંબંધની ચેતનાથી કન્યા અત્યારે મનમાં ને મનમાં ખૂબ મૂંઝવણ અનુભવતી હતી. એ પોતાની અંદર જૂઠાણું અનુભવતી હતી. કલ્યાણીની સામે શીલાને ચોરીના ધનની જેમ છુપાવી રાખવામાં એનું મન કચવાતું હતું. એને આ કાર્યમાં ઘોર અનૈતિકતા પ્રતીત થતી હતી. અને આ અનૈતિક વર્તનને માટે તે શીલા પ્રત્યેના પોતાના પ્રેમને કારણે લાચાર પણ હતી. કન્યાએ એના પિયરમાં અનૈતિક સંબંધો જોયા હતા. એમની ક્ષુદ્રતા પર એને ઘૃણા થતી હતી. પરંતુ અહીં તે ઘૃણા કરી શકતી નહોતી. કેમ? ...અહીં હજી એના મનમાં સ્પષ્ટ નહોતું અને તેથી જ એની બીજી ચિંતાઓની સાથે તે મનોમન મૂંઝાતી હતી.

'હલ્લો ડૉક્ટર!'

શીલાએ મોં ફેરવીને જોયું. કર્નલની પત્ની એને જોતાં જ ચોંકીને બોલી, 'અરે ડૉક્ટરસાહેબ, તમે ક્યારે આવ્યાં?'

'હમણાં થોડી વાર પહેલાં.' શીલાના કાન્તિહીન, ચિંતાસાગરમાં ડૂબેલા ચહેરા પર લાચારીનું સ્મિત દેખાયું.

'તમને જોઈને મારું મન ખુશ થઈ જાય છે!' પછી કન્યા તરફ જોઈને કર્નલની પત્નીએ કહ્યું, 'આમના જેવો સ્વભાવ મેં બહુ ઓછા લોકોમાં જોયો છે બીબીજી! તમે તો ઘણા દિવસથી અમારે ઘેર નથી આવ્યાં ડૉક્ટરસાહેબ! ડૉક્ટર-સાહેબને મારા ઘરની બાટી-પરોઠાં બહુ ભાવે છે બીબીજી.'

ડૉક્ટર શીલાના મોં પરથી કન્યાને લાગ્યું કે વાત કાંઈક બગડી ગઈ છે. ભેદ જાણવાની ઉત્સુકતામાં એની ભાભીની વાતનો 'જુઠ્ઠો' ઉત્તર આપતા એણે કહ્યું, 'તો એક દિવસ પાર્ટી કરી નાખો ભાભી. ડૉક્ટરસાહેબને બહાને હું પણ જમવા આવી પહોંચીશ.'

કર્નલની પત્નીએ વિનોદપૂર્ણ આંખો નચાવતાં કહ્યું, 'જોયું ડૉક્ટરસાહેબ, આ નણંદો એવી હોય છે કે દરેક ચીજમાં પોતાનો હક્ક પાકો કરી લે.'

સાથ આપવા માટે ડૉક્ટર શીલા મશીનની જેમ હસી. એને જોઈને કન્યાને શિષ્ટાચારનું નાટક પૂરું કરી દેવાની ઇચ્છા થઈ. એણે કર્નલની પત્નીને કહ્યું, 'ચાલો ભાભી, ઉપર જઈએ.'

કર્નલની પત્નીની સ્મૃતિ અને સહજબુદ્ધિ સચેત થઈ ગયાં. એણે એક પળ અર્થભરી દૃષ્ટિએ શીલા તરફ જોઈને તરત જ કહ્યું, 'બહેન, હું રસોડામાં જાઉં છું. પોણા આઠ થવા આવ્યા છે, હવે જલદી થાળીઓ મુકાવવાનો પ્રબંધ કરું.'

'હા ભાભી, એ ઠીક પડશે.' કન્યાને એના મન પરનો ભાર ઓછો થતો લાગ્યો. ભાભીની સમજ માટે આદર પણ થયો. એના ગયા પછી કન્યાએ પૂછયું, 'ડ્રોઈંગ-રૂમમાં આવશો ડૉક્ટર? કશો વાંધો તો નથીને?'

'હવે જઈશ.'

'ઊભા રહો, હું સજ્જનને બોલાવી લાવું. તમે અહીં ઑફિસના ઓરડામાં બેસો.'

શીલાને મળીને પાછા આવ્યા પછી મહિપાલ બેચેન બની ગયો હતો. એની સહજતા નષ્ટ થઈ ગઈ હતી. મહિપાલ શીલાને મળવા ગયો હતો ત્યારે કર્નલ અને સજ્જન વચ્ચે આ બંનેના પ્રશ્ન અંગે થોડી ગરમાગરમી પણ થઈ ગઈ હતી. અનૈતિકતાનો પ્રશ્ન હોવા છતાં સજ્જન એક વાત પર દૃઢ હતો કે શીલા પ્રત્યે મહિપાલે ઉદાર થવું જોઈએ. કર્નલે ચર્ચામાં સજ્જન સાથે વધુ જીદ ન કરી, એટલે વાત ત્યાં અટકી ગઈ હતી, પરંતુ મહિપાલ ઓરડામાં પાછો આવ્યો ત્યારે સજ્જને એને શીલા સંબંધમાં પ્રશ્ન અવશ્ય કર્યો ને મહિપાલ ગરમ થઈ ગયો, "હું બે નાવ પર પગ રાખીને ચાલવાને ટેવાયેલો નથી, અજ્ઞાનવશ ઘણા દિવસ સુધી દ્વિધામય જીવન વિતાવ્યું.'

શીલા પ્રત્યે પોતાનો પ્રેમ છે એ વાતનો ચર્ચામાં પણ એ અસ્વીકાર ન કરી શક્યો. પરંતુ એ પ્રેમનો એ ત્યાગ કરી રહ્યો છે – એક મોટા સિદ્ધાંતને માટે. વ્યક્તિગત પ્રેમ કરતાં કુટુંબ મોટી બાબત છે. સમાજને સુસંબદ્ધ રાખવા માટે વૈવાહિક કુટુંબ એક શક્તિશાળી પરંપરા છે. વ્યક્તિગત પ્રેમથી સમાજનાં બંધન ઢીલાં પડી જશે. કુટુંબની ભાવના નષ્ટ થઈ જશે – એ જ મહિપાલની મુખ્ય દલીલ હતી. જેના બળ પર એણે સજ્જનને નિરુત્તર કરી દીધો હતો.

મહિપાલની દલીલોમાં સાગર પાર ન કરી શકવાને કારણે સજ્જન ચૂપ અવશ્ય થઈ ગયો હતો, પરંતુ મહિપાલ પ્રત્યેનો એનો ક્રોધ અને અસંતોષ વધી ગયા હતા. એ મનોમન મહિપાલ વિરુદ્ધની ફરિયાદો એકઠી કરતો હતો.

મહિપાલ હંમેશાં એના અહમ્ સામે પડકારરૂપ રહ્યો છે. એ પોતાનાં જ્ઞાન અને દલીલોથી વારંવાર સજ્જનને વામણો બનાવવા માટે પ્રયત્ન કરતો રહ્યો છે. સજ્જન એની વાતો પાસે મોટે ભાગે નમતો રહ્યો છે. પરંતુ એની સાથોસાથ એના મનમાં સદા એ વિચાર પણ આવતો રહ્યો છે કે મહિપાલના મોંએથી નીકળેલી મોટી મોટી વાતો કેવળ ચર્ચાને માટે જ હોય છે, એ વાતોની આડશમાં મહિપાલ કેવળ પોતાની ખામીઓને ઢાંકે છે, એ કદી એનો અમલ નથી કરતો.

મહિપાલને પણ સજ્જન સામે આ જ ફરિયાદ છે. વાતોની ગરમી પછીનું મૌન ભીષણ બની ગયું હતું. હોળીની સાંજે ત્રણ મિત્રોના પરિવારનું રંગભર્યું મિલન જે ઉદ્દેશથી સજ્જનને ઘેર ગોઠવાયું હતું એ ઉદ્દેશ, શીલાનો પ્રસંગ આવી પડવાથી પાર ન પડી શક્યો. વાત બદલવા માટે કર્નલ કોઈ બીજી વાત કાઢવાનું વિચારી જ રહ્યો હતો ત્યાં કન્યા આવી. કર્નલે પૂછ્યું, 'કેમ બિન્નો, ખાવા-કરવાનું ક્યારે આપવાની છે ભાઈ?'

'બસ, તૈયાર છે ભાઈસાહેબ! ભાભી થાળીઓ મુકાવે છે.' પછી એણે સજ્જન તરફ જોઈને કહ્યું, 'એક સેકંડ માટે જરા અહીં આવજે તો.'

સજ્જન અને કન્યા શીલાને કાર સુધી પહોંચાડવા માટે બહાર આવ્યાં. સજ્જને કહ્યું, 'આજે તને બોલાવીને મેં મોટી ભૂલ કરી છે. મહિપાલ આવું કરશે એમ મેં નહોતું ધાર્યું!'

શીલા ચૂપ હતી. એનો નિર્વિકાર ચહેરો પથ્થર જેવો લાગતો હતો. કન્યાએ સજ્જનને કહ્યું, 'હું ગુલામમોહમ્મદને બોલાવું છું એ એમને મૂકી આવશે.'

'હું ચાલી જઈશ. મારે માટે તકલીફ ન લો.' શીલાની આ વાતને નકારીને સજ્જને કન્યાને કહ્યું, કન્યા, તું ગુલામમોહમ્મદને બૂમ પાડ. ડૉક્ટરને મૂકી આવીને એ ઘેર ચાલ્યો જશે.'

કન્યા વરંડા તરફ ચાલી. ગાડી પાસે સજ્જન અને શીલા ઊભાં હતાં. પૂનમની ચાંદનીમાં બગીચાનાં વૃક્ષો, લતાઓ, લીલી હરિયાળી લોન શાહીની ચાદર ઓઢી મૌનનાં પ્રતીક બની, આકર્ષક લાગતાં હતાં. ચાંદનીના ભયથી રાત જાણે સંકોચાઈને આ હરિયાળીમાં નિવાસ કરવા માટે ઊતરી આવી હતી. સજ્જનની ખામોશ નજર વાતના અભાવને કારણે ચારે બાજુ ફરી પાછી શીલાના, દર્દ અને વિચારોની બેહોશીમાં ગૂમસૂમ બની ગયેલા ચહેરા પર આવીને અટકી. જોઈને એના મનમાં ઊંડી વેદના ઊઠી. શીલાના માથા પર સ્નેહભર્યો હાથ ફેરવતાં તે બોલ્યો, 'બી બ્રેવ, ચાઈલ્ડ,' હાથ થંભી ગયો. સજ્જનનો સ્વર ઊંડો, વિચારમય બની ગયો. તે બોલ્યો. 'સત્ય ક્યારેક ક્યારેક બેધારી તલવારની જેમ ઘા કરે છે. મહિપાલ આર્ટિસ્ટ હોવા છતાં દર્દને ઓળખતો નથી, માત્ર ન્યાયની ઘોષણા કર્યા કરે છે. શું કહું, કાંઈ સમજાતું નથી.'

'પુરુષ સ્ત્રીના હૃદયને પથ્થર માને છે. પછી એમાં પ્રેમની વાતોથી અજંતા અને ઈલોરા જેવી સુંદરતા આલેખે છે, ઘડે છે. ...અને પછી એને વાઘ-વાઘણોની વસ્તી માટે છોડીને ચાલ્યો જાય છે. ...સ્ત્રી પથ્થર ભલે હોય, પણ એ પથ્થર પર આલેખાયેલી પોતાની જ સુંદરતાને માણસ કેવી રીતે ભૂલી જાય છે? હું આ ક્યારેય સમજી શકી નથી – કદી સમજી શકીશ નહિ. શીલાના ચહેરાની વિવશતા કરુણ વિચારોનો ટેકો મેળવીને ચહેરાની સૌમ્યતા બની ગઈ. સામેની બાજુમાં જોતી વિચારમગ્ન કીકીઓ વધતા અંધારામાં પણ દીવાની જેમ ચમકતી હતી.

શીલાને વિદાય આપીને પાછા ફરતી વખતે સજ્જનનું મન ઉશ્કેરાયેલું હતું. ડૉક્ટર શીલા સ્વિંગ સાથે એની ઘનિષ્ઠતા મહિપાલને કારણે જ વધી હતી. શીલામાં પાશ્ચાત્ય અને ભારતીય નારીનો અપૂર્વ સમન્વય હતો; એ ઝરણાંની જેમ જ મુક્ત પ્રવાહમાન અને ઝરણાંની જેમ જ પોતાના સ્રોતથી બંધાયેલી નારી હતી. શીલાનું વ્યક્તિત્વ બીજાના મનમાં એને માટે સદા આદર જગાવે છે.

કાર ફાટકની બહાર ચાલી ગયા પછી સજ્જન પાછો ફરવા લાગ્યો. કન્યા એની સાથોસાથ ચાલતી હતી. પોર્ટિકો સુધી આવતાં એકાએક ખૂબ જ વ્યાકુળતા અને ઉષ્માથી સજ્જને એનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. આંગળીઓમાં આંગળીઓ જકડી તે આગળ ચાલ્યો.

ડ્રોઈંગરૂમના દરવાજા સુધી બંને એમ જ ચાલ્યાં. કન્યાના હાથને પોતાની છાતી પર રાખી બીજા હાથથી એને ખૂબ જ કોમળતાથી દબાવીને નારાજીભર્યા

સ્વરે સજ્જન બોલ્યો, 'બીજાની ચિંતામાં આપણે આપણી સાંજ નકામી જ બગાડી. બધાંને ન બોલાવ્યાં હોત તો સારું હતું.'

કન્યાના ચહેરા પર સૌભાગ્યની સંતોષભરી લાલી આવી ગઈ; એ કશું જ ન બોલી.

આંગળીઓ ઢીલી થવા લાગી પરંતુ તે અલગ થવા નહોતી ઇચ્છતી, નજરો પણ જાણે ચારમાંથી બે થવા નહોતી માગતી.

'જાઉં છું.' કન્યાએ આંખો નીચી કરી અને ચાલવા તત્પર થઈ. એની આંગળીઓને પોતાના પંજામાં દબાવીને ભર્યાભર્યા સ્વરે સજ્જને પૂછ્યું, 'તને મારે અંગે કોઈ શંકા તો નથીને?'

આ પ્રશ્નથી કન્યા થરથરી ઊઠી, શીલા, કલ્યાણી અને મહિપાલની ચિંતાની આડમાં છુપાયેલો એનો ભય દિલના ધબકારામાં પ્રવેશ કરીને જાગ્રત થઈ ગયો.

સજ્જને એ જ રીતે એનો હાથ દબાવી રાખ્યો ને કહ્યું, 'ઠીક ઠીક જવાબદારીના ભાનવાળો માણસ હોવા છતાં પણ એક રીતે હું બગડેલા બાળક જેવો એકાખૂ છું. એક રીતે મને મારા પર વિશ્વાસ નથી. હું તારી શક્તિ પર વિશ્વાસ મૂકવા ઇચ્છું છું, કન્યા. મને તારો વિશ્વાસ આપ હું ક્યારેય મહિપાલ ન બનું – હરગીજ ન બનું.' સજ્જનની સચ્ચાઈ કન્યાના મનને સ્પર્શી ગઈ. એને સંતોષ પણ થયો મીઠા સ્વરે હસીને બોલી, 'તારા બગડેલા બાળક જેવા રૂપને પણ અહીં અને ગોવર્ધનમાં જોઈ ચૂકી છું. ગભરાઈશ નહિ, ક્યારેય ગાફેલ નહિ રહું.'

નજરો ફરી મળી. કન્યા હસતી હતી; સજ્જનના ચહેરા પર આ વખતે અધિકપણે ભોળપણ વરસતું હતું. એના મનમાં સંતોષને કારણે કન્યા એના પર પ્રસન્ન થતી હતી, એની આંખોમાં ફૂલ ચમકતાં હતાં. સજ્જનનું મન નાહી ગયું, સ્વચ્છ બની ગયું; એણે પોતાની અંદર એક નવું આશ્વાસન મેળવ્યું.

જતાં જતાં કન્યાએ કહ્યું, 'હું થાળીઓ પીરસાવું છું, તમે લોકો ઉપર જ આવી જાઓ.'

તેતાળીસ

રાત્રે મોડે સુધી જાગવાને લીધે સજ્જન ફરવા પણ ન જઈ શક્યો અને સવારે ચામાં પણ એક કલાક મોડું થયું. હોળીનું મળવા માટે સજ્જનને ઘણાં ઘરે જવાનું છે. પતિ-પત્નીએ નક્કી કરેલા પ્રોગ્રામ પ્રમાણે એ બાર વાગ્યા સુધીમાં

પાછો આવી જશે. પતિ-પત્ની આઝાદ પરીન્દાની જેમ ડ્રાઈવ કરતાં કાનપુર જશે; લંચ ત્યાં જ લેશે. સજ્જન રોઝવુડના સુંદર ડાઈનીંગ ટેબલ પર આંગળીઓથી તબલાં વગાડતો કન્યાના આવવાની રાહ જોતો હતો. કન્યા રસોડામાં નાસ્તાની ચીજો તૈયાર કરાવતી હતી. શીલા-મહિપાલના પ્રસંગને કારણે કાલ રાતથી પતિ-પત્ની નવેસરથી એમના સંબંધની અખંડિતતાને ઉષ્માથી અનુભવી રહ્યાં હતાં.

પ્રતીક્ષાની મિનિટ-બે મિનિટ પસાર થઈ, સજ્જન તબલાં વગાડવાનું છોડીને ફરીવાર છાપું ખેંચી સમાચારો પર નજર ફેરવવા માંડ્યો, ત્યાં નોકરે બાબાજીના આગમનના સમાચાર આપ્યા. સજ્જનના રોમાન્ટિક મૂડને અત્યારે બાબાજીના આગમનના સમાચારથી પ્રસન્નતા ન થઈ. તો પણ એણે તરત જ એમને ઉપર લાવવાની આજ્ઞા આપી. બાબાજીની અલૌકિક શક્તિથી સજ્જન અત્યંત પ્રભાવિત છે. મનથી મનની વાત જાણી લેવાનું કેવી રીતે સંભવી શકે એ સમસ્યા પર સજ્જન વારંવાર વિચાર કરીને હારી ચૂક્યો છે અને જેટલી એના મનમાં પરાજયની ભાવના આવે છે એટલી જ એની શ્રદ્ધા પણ વધતી જાય છે. કાલ બપોરથી, જ્યારથી બાબાજીએ સજ્જન અને કન્યાને બહુજનહિતાય, બહુજનસુખાય એમનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવાનું કહ્યું છે ત્યારથી સજ્જનના મનમાં સંકોચ પણ ભરાઈ ગયો છે. લોકહિત માટે પોતાની જાતને સમર્પિત કરી દેવાની વાત જો કે એને પણ બહુ ગમે છે, પરંતુ એના મનમાં પોષાતી અનેક ઇચ્છાઓ આટલો મોટો ત્યાગ કરવા માટે સંકોચ ઉત્પન્ન કરે છે. બાબાજીના આગમનના સમાચાર સાંભળીને એટલે જ સજ્જન થોડો ખમચાઈ ગયો.

ઉપરના અતિથિકક્ષમાં બાબાજીને બેસાડવામાં આવ્યા. સજ્જને વિનયપૂર્વક વાત શરૂ કરી, 'અમે લોકો ચા પીવા જતાં હતાં. આપને માટે દૂધ મગાવું?'

'ના રામજી, તમે લોકો ચા પી આવો અને કહો તો હું પણ ત્યાં આવીને બેસું. સમય શા માટે નસ્ટ કરવો?'

'પધારો. બસ એ જ છે કે...'

'શું રામજી?'

'અમે લોકો ઈંડા, ઑમલેટ...'

બાબાજી હસ્યા, બોલ્યા, 'ખાજો, તમારાં ઈંડા-ઑમલેટ કાંઈ મારા મોંમાં તો ચાલ્યાં નથી જવાના!'

કન્યાના આવી ગયા બાદ બાબાજીએ પોતાની વાત શરૂ કરી. એમણે સજ્જનને કહ્યું, 'રામજી, એક સ્ત્રી માટે ન્યાય માગવા તો તમે લોકોએ મોટું આંદોલન

ઊભું કર્યું હતું, વિમાન સુધ્ધાં ઉડાડ્યું હતું; હવે અનેક સ્ત્રીઓના ઉદ્ધાર માટે તમે મને સહાય કરી શકશો ?'

કન્યાએ કહ્યું, 'આજ્ઞા કરો, શું વાત છે ?'

'કાલે બપોરે મારા આશ્રમમાં એક વિચિત્ર ગાંડી દાખલ થઈ છે રામજી. એણે લોકોની સામે ભારે ઉગ્ર સ્વરૂપ બતાવ્યું, પરંતુ એકાંતમાં જ્યારે મેં એની સાથે વાતો કરી તો લાગ્યું કે તે બિલકુલ ગાંડી નથી.'

'તો પછી ?' સજ્જન અને કન્યા બંનેનું કુતૂહલ વધ્યું.

'એ અત્યાચાર-પીડિતા છે રામજી. મંડળમાં અનેક અત્યાચાર સહેવાને કારણે એનું ચિત્ત થોડું વિક્ષિપ્ત તો જરૂર થયું છે, પરંતુ એ જેટલું બતાવે એટલું નથી થયું. મંડળવાળા એને મારી પાસે મૂકી ગયા છે. તેઓ શું મૂકી ગયા, એમનું પાપ મૂકી ગયું. ત્યાં અનેક સ્ત્રીઓ અત્યાચાર સહન કરે છે.'

કન્યાનું ગોરું મુખ ઉશ્કેરાટથી લાલ બની ગયું. સજ્જનના ચહેરા પર ઉત્તેજના કરતાં ઉત્સુકતા વધારે હતી.

બાબાજીએ બધી વાત કરી. એ તથાકથિત ગાંડી એક રસોયણની દીકરી છે. એક શ્રીમંત વ્યક્તિને ઘેર એ કામ કરતી હતી. આ છોકરી પણ એની માની સાથે ત્યાં જતી હતી. છોકરી લખવા-વાંચવામાં હોશિયાર હતી, તેથી એ ધનિક મહાનુભાવે દયાળુ બનીને એને મદદ કરી. એમના જ દીકરા સાથે આ છોકરીને પ્રેમ થઈ ગયો. એવામાં રસોયણ બાઈનું અવસાન થઈ ગયું. ધનિક વ્યક્તિના કુળદીપકે એની માતૃહીન નિર્ધન નાયિકાના અંધારા ભવિષ્યને સૌભાગ્યનો પ્રકાશ આપ્યો; પરંતુ સ્નેહ ઓછો હતો, એટલે દીવો ટમટમીને બુઝાઈ ગયો. છોકરાનાં માબાપે એને લાચાર બનાવીને આ સંબંધ તોડાવી નાખ્યો, અને છોકરીના ભરણપોષણની વ્યવસ્થા મહિલા સેવામંડળમાં કરાવી દીધી. એ સેવામંડળ પ્રેમચંદ તથા ભારતની અન્ય ભાષાઓના મહાન સાહિત્યકારો દ્વારા અનેકવાર વર્ણન કરાયેલા મહિલાશ્રમો જેવો જ વ્યભિચાર અને વેપારનો અડ્ડો છે. એક મહાશય લગભગ વીસ-બાવીસ વર્ષથી એના અવૈતનિક મંત્રી અને સર્વોપરિ છે. કાર્યવાહી સમિતિમાં નગરની કેટલીક ધનિક અને પ્રતિભાશાળી વ્યક્તિઓ છે, જેમને કારણે આ સંસ્થા સરકાર દ્વારા માન્ય છે. પ્રતિ વર્ષે મહિલા સેવામંડળનો રિપોર્ટ પ્રકાશિત થાય છે, જેમાં ઓછામાં ઓછી આઠ-દસ વિધવા તથા ત્યક્તા દુઃખી સ્ત્રીઓના પુનર્વિવાહનો ઉલ્લેખ ખૂબ આડંબર સાથે કરવામાં આવે છે. પત્ની મેળવવાના ઇચ્છુક પુરુષો મંડળની સહાયનાર્થે પાંચસો-સાતસો રૂપિયા આપે છે. જેની એમની કાયદેસર રસીદ મળે છે. વિવાહ કરવા ઇચ્છતા સ્ત્રી-પુરુષ મેજિસ્ટ્રેટની સામે વિવાહના ફોર્મ પર સહી

કરે છે. કાયદેસરની આટલી કાર્યવાહી પછી કોઈને મહિલા સેવામંડળ પર કોઈ પ્રકારની શંકા કરવાનો અધિકાર જ નથી રહેતો. આ પ્રમાણે પ્રતિષ્ઠાના કોટ ચણી લઈને મહિલા સેવામંડળના ભવનની અંદર મંત્રી, કાર્યવાહી સમિતિના સભ્યો, એમના મિત્રો અને પોલીસવાળાના મનોરંજન માટે વ્યભિચારનો અડ્ડો ચાલે છે. મંડળના એજન્ટ રેલ્વે સ્ટેશનો અને મેળાઓમાં રખડી પડેલી સ્ત્રીઓને બહેકાવી – ફોસલાવીને મંડળમાં લઈ આવે છે. સામ્પ્રદાયિક ચળવળના દિવસોમાં મુસલમાન સ્ત્રીઓને કુમાર્ગે વાળીને એમને શુદ્ધ કરવાનું પરમ પવિત્ર કાર્ય પણ અહીં ખૂબ થતું હતું. મંડળમાં પહેલાં તો મોટે ભાગે ગામડાની અથવા નીચલા સામાજિક વર્ગની સ્ત્રીઓ જ આવતી હતી, પરંતુ દેશના વિભાજન પછી જ્યારથી કેટલીક અપહૃત સ્ત્રીઓના રક્ષણનો ભાર પણ મંડળ પર આવ્યો ત્યારથી મધ્યમ વર્ગની દુઃખી વિધવાઓને પણ શોધીશોધીને ભરતી કરવામાં આવતી હતી. મંડળ તરફથી એક જુદા મકાનમાં સીવણ, ભરત, હાથકારીગરીનાં કામ શીખવવા માટે વર્ગો પણ ચાલવા લાગ્યા છે, જેને લીધે બહારની સ્ત્રીઓની આવન-જાવન પણ ત્યાં સુલભ બની ગઈ છે. એમને મજૂરી પણ અપાય છે. શિક્ષણની ઓથે ત્યાં દિવસે સાર્વજનિક પાપાચાર ચાલે છે.

આ છોકરી જે હમણાં ગાંડી બનીને બાબાજીના આશ્રમમાં આવી છે એને શરૂઆતમાં વર્ગમાં રાખવામાં આવી. ત્યાં મહોલ્લાની તથા મંડળની કેટલીક સ્ત્રીઓની પ્રલોભનભરી વાતો તથા મંડળના મંત્રી મહોદયના મીઠા વ્યવહારથી ભુલાવામાં પડી જઈને તે ખૂબ સાંત્વન પામી. થોડા દિવસ પછી જ રહસ્ય પ્રગટ થવા લાગ્યું. લગભગ બે વર્ષના કઠોર સંઘર્ષ પછી પોતાને પૂર્ણ પાગલ સિદ્ધ કરીને એ છોકરી બહાર નીકળી શકી છે. એ પુરુષમાત્રથી ત્રાસેલી છે, પુરુષમાત્રને તિરસ્કારે છે. છેલ્લાં બે વર્ષથી પુરુષો દ્વારા એણે જેટલા માનસિક આઘાત મેળવ્યા અને સહ્યા છે તેણે એને ઘૃણામયી બનાવી દીધી છે. એનું પવિત્ર નિષ્કપટ માનસ પુરુષની કપટ-જાળમાં ફસાઈને જાતજાતનાં અપમાન અને બળાત્કાર સહીને અસ્તવ્યસ્ત બની ગયું છે.

બધી વાત સાંભળીને કન્યા ખૂબ જ ઉશ્કેરાઈ ગઈ. સજ્જન પર પણ એની ઊંડી અસર પડી.

કન્યા રોષિત થઈને બોલી, 'આ દુરાચારનો અંત લાવવો જ પડશે. અત્યારે પોલીસમાં રિપોર્ટ કરીને આ અડ્ડાને પકડવો જોઈએ.' એણે સજ્જનને કહ્યું, 'તું હમણાં જ જા! કાંઈ પણ કર – આ પાપનો અંત લાવ.'

બાબાજીએ કહ્યું, 'પહેલાં એને માટે સાબિતી મેળવવી જરૂરી છે. એ છોકરી માનસિક રીતે અત્યારે સ્વસ્થ નથી, હોઈ શકે કે એમાં થોડુંઘણું અસત્ય પણ હોય.'

સજ્જને કહ્યું, 'શહેરમાં આવા કેટલાક અડ્ડા ચાલે તો છે, એ અંગે મેં સાંભળ્યું છે.'

'ચાલે તો છે રામજી, પરંતુ સત્યને લૌકિક રૂપે પ્રગટ કરવા માટે પ્રમાણ પણ જોઈએ અને આ છોકરી એની વિક્ષિપ્તાવસ્થાને કારણે સત્યને પ્રગટ કરવા માટેનું પ્રમાણ બની ન શકે.'

અચાનક સજ્જને પૂછ્યું, 'આપ તો એટલા શક્તિશાળી છો કે બીજાના મનની વાત જાણી લો છો. આપનો શો ખ્યાલ છે?'

'રામજી, મારા ખ્યાલ પરથી તારો ખ્યાલ ન બાંધ. તું પોતે સત્ય પારખ, યથાર્થનો અનુભવ કર.'

'પરંતુ આ સ્થિતિમાં સત્યને પિછાનવાનો આપણી પાસે ઉપાય જ શું છે? આ કેસમાં યથાર્થનો અનુભવ કરી જ કેવી રીતે શકાય?'

'કાર્યથી, વિચારથી.'

'આવા અડ્ડા હોય છે, મેં બહુ જ સાંભળ્યું છે, વાંચ્યું પણ છે. હું પોલીસના મોટા ઑફિસરોને મળીને એની તપાસ કરાવીશ. હું હમણાં જ કર્નલને ફોન કરું છું.'

કન્યા બોલી, 'હું ભાઈસાહેબને ફોન કરીને બોલાવું છું.'

એ ઊઠીને જવા લાગી. બાબાજી બોલ્યા, 'ઊભી રહે બેટા, પહેલાં વિચાર કરી લે. રામજીએ હમણાં એક વાત કરી કે તેઓ મોટા અધિકારીઓ મારફત તપાસ કરાવશે. એ બરાબર છે, પરંતુ નાના અફસરો આ લોકોના પૈસા ખાય છે, ત્યાં ભોગવિલાસ કરવા જાય છે, મોટા અફસરોના પહોંચતાં પહેલાં તેઓ ત્યાંથી પાપની સાબિતીને ગાયબ કરી દે તો હું ને તમે શું કરશું રામજી?'

સજ્જન સ્તબ્ધ થઈ ગયો. વનકન્યા પીંજરામાં પૂરેલા પક્ષીની જેમ વિકળ બની ગઈ, બોલી, 'સ્ત્રીઓ પર આ અત્યાચાર થાય છે. સ્ત્રીઓ એ અંગે લાચાર છે. જગત જાણે છે, પછી ...કાંઈ પણ થાય, હું એને માટે પ્રમાણ એકત્ર કરીશ. હું કાંઈ પણ કરીશ, આ અન્યાયનો પ્રતિકાર કરીશ.'

બાબાજી હસ્યા, બોલ્યા, 'કેવી રીતે કરીશ બેટા, એ તો પ્રશ્ન છે.'

'હું ત્યાં જઈશ. ત્યાંની સ્ત્રીઓ સાથે વાતો કરીશ.'

'મંડળીના વ્યવસ્થાપક તને વાત ન કરવા દે તો?'

'સાર્વજનિક સંસ્થા છે બાબાજી. હું જઈ શકું, જોઈ શકું.'

બાબાજી ફરી હસ્યા, બોલ્યા, 'ચોર પ્રકાશમાં ચોરી નથી કરતો બેટા. એનો ભેદ કેવી રીતે મેળવીશ?'

કન્યા લથડી પછી તરત જ સંભાળી લઈને બોલી, 'ઠીક, માની લો કે હું સામાજિક કાર્યકર્તાના રૂપમાં ત્યાં જાઉં. થોડા દિવસ નિયમ મુજબ હું ત્યાંના વાતાવરણમાં હળતી-મળતી રહું અને ત્યાર પછી એ સ્ત્રીઓ પાસેથી મને બધી માહિતી મળી જશે.'

બાબાજીએ કહ્યું, 'ઉપાય તો સારો છે. પરંતુ એક બીજી પણ વાત વિચાર કરવા જેવી છે બેટા. એક વાર વિમાન દ્વારા સ્ત્રી આંદોલન જગાવીને તું આ નગરમાં અપરિચિત નથી રહી. માની લે કે મંડળના સંચાલકો તને હળવા-મળવાનો મોકો પણ આપે અને એની સાથોસાથ ત્યાંની સ્ત્રીઓને પણ સાવધાન કરી દે. આવી સ્થિતિમાં, મહિનાઓ સુધી ત્યાં જવા છતાં તું કાંઈ ભેદ પામી ન શકે.'

સજ્જને કહ્યું, 'બીજી પણ એક વાત છે, સત્ય જાણવા માટે જૂઠો ઢોંગ કરવો ઉચિત ગણાશે?'

'અનુચિત શા માટે ગણાય રામજી?'

'અનુચિત તો ગણાય જ. જુઠ્ઠાણાના માર્ગ પર ચાલીને આપણે સત્યને કેવી રીતે શોધી શકીએ?'

બાબાજીએ કહ્યું, 'ઠીક છે, પરંતુ એ પણ વિચારો કે આ જુઠ્ઠાણું કેટલા અંશ સુધી જૂઠું છે? તમે એક વાતનો ભેદ ઉકેલવા માટે ક્યાંક ગયા. ભેદથી ઘણા લોકોનું હિત થવાનું છે. તમારા ભેદની વાત તમે કેટલાક દિવસ છુપાવી રાખો છો. તો એમાં જૂઠું શું થયું?'

'જુઠ્ઠાણું તો થયું જ બાબાજી...'

'અચ્છા, મારી એક શંકાનું સમાધાન કરો રામજી. માની લે કે એક ચોર ચોરી કરીને ભાગી રહ્યો છે, તેં એને જોયો, પાછળ આવતો પોલીસ પણ જોયો. પોલીસે તને પૂછ્યું કે તમે ચોરને જોયો છે? તો તું શું કહીશ?'

'હું કહીશ કે હા, મેં જોયો છે.'

'ઠીક છે. હવે સમજ કે એ ચોરના ઘરમાં બાળક બીમાર છે. દવાદારૂને માટે એની પાસે પૈસા નથી. બાળકને જિવાડવા માટે એના મનમાં પ્રબળ ઇચ્છા છે. તું એ ચોરની સ્થિતિ જાણે છે. તેં એને ચોરીના ધન સાથે એના ઘરમાં જતો જોયો, પછી પોલીસે તને પૂછ્યું કે ચોરને જોયો? તો તું શો જવાબ દઈશ રામજી?'

સજ્જન બે પળ ચૂપ રહ્યો. પછી ઊંડો વિચાર કરીને બોલ્યો, 'ચોરને તો મેં જોયો જ છે, એનો ઈનકાર હું કેમ કરી શકું? પરંતુ એ વ્યક્તિની સ્થિતિ પણ વિચારવા યોગ્ય છે. ...હું એમ કરી શકું કે ચોરને દંડ કરાવું અને બાળકને બચાવવા માટે આર્થિકરૂપે એને મદદ કરું.'

'અને માની લે કે તારી પાસે મદદ કરવા માટે કોઈ સાધન નથી. તું પોતે ઘણો ગરીબ છે, કોઈ બીજા પાસેથી મદદ અપાવવા જેટલી તારી શક્તિ નથી, તો?'

'હું જૂઠું બોલીશ. આવા ચોરને પોલીસથી બચાવવો મારી દૃષ્ટિએ પુણ્ય છે, પાપ નથી.' કન્યા બોલી.

'હું... હું આ વિરોધી બાબતોને આટલી સરળતાથી મેળવી નથી શકતો. ચોરી ખરાબ ચીજ છે એ સાચું છે; પોતાના પરિવારમાં કે કોઈનો પણ જીવ બચાવવા ઉપાય કરવો પણ ઠીક છે, સાચું છે, આ બંને સત્ય પર સાર એટલાં વિરોધી છે કે...'

સજ્જન ઊંડા વિચારમાં ડૂબેલો હતો. એ નિર્ણય શૂન્ય હતો. કન્યા કાંઈક ઉત્તેજિત સ્વરે બોલી, 'તું નકામી ચર્ચા કરે છે? આ સમય કામ કરવાનો છે.'

'મારી ચર્ચા નકામી નથી કન્યા. બાબાજી મનની સ્થિતિ જાણે છે. તેઓ સાક્ષી આપી શકશે.' સજ્જને સંયમભર્યા સ્વરે જવાબ આપ્યો.

બાબાજીએ કહ્યું, 'તારા વિચારો પાછળ સાચું હૃદયમંથન છે રામજી, એ વાત તો સ્પષ્ટ છે. પરંતુ એક બીજી પણ વાત તોળીને તારા મનમાં જોઈ લે – કઈ પરિસ્થિતિને કારણે તારા મનમાં આ સત્યમંથન શરૂ થયું છે?'

'હું સમજ્યો નહિ.'

'તારી પત્ની એવા પાપાલયમાં પ્રવેશ કરે એ વાત તને ગમતી નથી. મારી વાતનું ખંડન કરે છે કે સમર્થન, બોલ.'

'જી, તમારી વાત સાચી છે.'

'માન કે તારી પત્ની નહિ પણ કોઈ અન્ય સ્ત્રી આવા પ્રકારનું સાહસભર્યું કાર્ય કરે તો તું એની પ્રશંસા કરે કે નહિ?'

પ્રશંસા તો હું આની પણ કરું; પરંતુ ડર લાગે છે કે ગુંડાઓની વચ્ચે એ આવી રીતે...'

'અને જે આટલી બધી અબળાઓ ગુંડાઓથી ઘેરાઈને તરફડી રહી છે તે? એમનામાં શું મારા જેવો જીવ નથી? હું ચોક્કસ જ એની ભાળ મેળવીશ. મેં મારા ઘરમાં જે અત્યાચાર જોયો છે, એ અનુભવ, એની પીડા મને આ અન્યાયનો અંત લાવવાનો પડકાર ફેંકે છે. આવા સમયે તારી આ દાર્શનિક વાતોનું વિવેચન

મને બહુ ખટકે છે સજ્જન. તારો એ સ્પિરિટ ક્યાં ગયો જે, હું તારી પત્ની નહોતી ત્યારે મને મદદ કરવા માટે જાગ્રત હતો ?'

કન્યા ખૂબ જ ઉશ્કેરાઈ ગઈ હતી. ચા-નાસ્તા તરફથી બધાનું ધ્યાન ઊઠી ગયું હતું. બાબાજી શાંત સ્વરે બોલ્યા, 'માત્ર ઉશ્કેરાટ નિરર્થક છે બેટા. કાર્યના સમયે પણ વિચારદર્શન માટે મગજને પ્રતિક્ષણ ફુરસદ હોવી જ જોઈએ. એના વિના કાર્ય સિદ્ધ નથી થઈ શકતું. તારા પતિની શંકા પણ સાચી છે. મેં એને પરિસ્થિતિ પ્રત્યે કેવળ એટલા માટે સચેત કર્યો છે જેથી એની દૃષ્ટિ ખોટી રીતે ન મૂંઝાય. ...હા, રામજી, હવે હું તમારી વાતનો જવાબ આપું. અત્યારે જૂઠાણું લક્ષ્ય નથી, માત્ર નીતિ છે, એનો સંબંધ એક વ્યાપક સત્ય સાથે હોય ત્યારે આપણે એને અપનાવવું જોઈએ. જ્યાં જરા સરખું જૂઠું બોલીને પરોપકાર કરવાની સંભાવના હોય ત્યાં સત્ય સંગત છે, પુણ્ય છે. વ્યાસ મહારાજનો એ ઉપદેશ છે કે પરોપકાર પુણ્ય અને પરપીડન પાપ છે, તે મને બરાબર લાગે છે.'

'તો તો હિંસા પણ ક્યારેક પરમ પુણ્ય ગણાય ?' સજ્જને પૂછ્યું.

'ગીતાના આ આદેશને પણ હું ઊચિત માનું છું. ઉદ્દેશ મહાન હોય તો ત્યાગની કસોટી પર હિંસા પણ પુણ્ય છે.'

'ગાંધીજી એનો વિરોધ કરતા હતા.'

'ના કાયરની અહિંસા કરતાં હિંસાને એમણે પણ શ્રેષ્ઠ માની છે. જીવનની રક્ષા કરવી એ મહાન ઉદ્દેશ છે. જ્યારે તમને મારવા માટે કોઈ હઠ પકડે ત્યારે એની સાથે લડવું જોઈએ. સ્ત્રીઓના આ વેપારીઓ સાથે જોશપૂર્વક લડો રામજી.'

'આ સેવામંડળ છે ક્યાં ? હું આજે જ જઈશ.' કન્યાએ કહ્યું.

'હા, આજે તો તમે બંને જાઓ. મારું નામ આપજો. એટલે તમારા બંનેનું ત્યાં જવાનું કારણ સ્પષ્ટ થઈ જશે. સો-બસો ત્યાં મદદના રૂપમાં ફેંકી દેજો. પછી આગળ જેમ પરિસ્થિતિ સમજાશે તેમ તેવા ઉપાય કરાશે.'

કન્યાની સામે એની ભાભીનું ચિત્ર હતું – આગથી સળગેલા – શેકાયેલા માંસના લોચા, લટકતો દેહ આગથી વિકૃત બનેલી હોઠ–નાક–આંખોની બખોલ, માથાના વાળ... કન્યા એ સ્મૃતિથી જડ થઈ ગઈ હતી. એની સામે સ્ત્રીઓની દુનિયા સળગેલી પડી હતી. આંખોમાં આંસું જાગૃતિ બનીને આવ્યાં. કન્યા કંપી, ફરી દૃઢ બની ગઈ.

આજે નવેસરથી એ એના ઉદ્દેશમાં બંધાઈ.

ચુંમાળીસ

'પ્રિય મહોદય,

શ્રીમાન બાબા રામજીના આશ્રમમાં પાગલોની તપાસ તથા સેવા-સહાયતા માટે હું અને મારા પતિ અવારનવાર જઈએ છીએ. આપના મહિલા સેવામંડળ વિશે અમને ત્યાંથી જ જાણવા મળ્યું. આપ સ્ત્રીજાતિની સેવા કરી રહ્યા છો, એ જાણીને મને ખૂબ આનંદ થયો, મને આવાં કાર્યોમાં ઘણો રસ છે. મંડળની સહાયતા માટે પત્ર-પુષ્પરૂપે આ સાથે સો રૂપિયાનો ચેક મોકલું છું. તમે એ સ્વીકારશો તો મને તથા મારા પતિને ઘણો આનંદ થશે.

આપની,

વનકન્યા વર્મા'

પત્ર અને ચેક પામી મહિલા સેવામંડળના અવૈતનિક મંત્રી મહોદય ખૂબ રાજી થયા. આભાર માનવા તેઓ પોતે જ પધાર્યા શ્રી અને શ્રીમતી સજ્જને નારીજાતિની જે અપૂર્વ સેવા કરી એની એમણે અસંખ્ય શબ્દોમાં પ્રશંસા કરી. વનકન્યાએ આશ્રમ જોવાની ઇચ્છા દર્શાવી, મંત્રીજીએ એને મંડળનું પરમ સદ્‌ભાગ્ય ગણ્યું બીજે દિવસે બે વાગે મંત્રી મહોદય પોતે આવીને બંનેને લઈ જશે. એમ નક્કી થયું.

અનાજથી ભરપૂર, લોકોના ગણગણાટથી ગૂંજતી જથ્થાબંધ બજાર, પીઠ પર વજનદાર ગુણો લાદી સડકની બંને બાજુ આવતા જતા મજૂરો, મણમણનો બોજો ખેંચતી ગાડીને જોડાયેલી કંગાળ ભેંસો અને ગુણથી લદાયેલાં ઊંટો, આ ગીરદીમાં પોતાનું જુદું જ અસ્તિત્વ ધરાવતાં હતાં. પહેરણ, જાકીટ, બે-પડી કે ગાંધીટોપી પહેરી ખભે અંગૂછો નાખી, રૂની બંડી, ચડ્ડી અને ઘૂંટણ સુધી ઊંચું ધોતિયું, ગામઠી ખાસડાં પહેરવાવાળા લોકો જ આ બજારમાં વિશેષ દેખાતા હતા. અનાજની ગંધથી બજાર મહેકી રહી હતી. હાથલારી, ટ્રક-સાઈકલ, એક્કા, રીક્ષા, ગાયો, બળદો, અને વેપારમાં ડૂબેલા લોકોના જમેલામાંથી સડકના ખાડા-ખાંચામાંથી મહામુશ્કેલીએ પસાર થતી સજ્જનની ગાડી આગળ ધપી રહી હતી. મંત્રી મહોદય આંગળી ઉઠાવી ડાબી તરફ દૂર એક છાપરા તરફ ઈશારો કર્યો, ત્યાં મંડળનું ખૂબ મોટું સાઈનબોર્ડ લગાવ્યું હતું. મંત્રીજીએ કહ્યું, 'મેં ત્રણે બાજુ છત પર આવાં મોટાં મોટાં સાઈનબોર્ડ લગાવ્યાં છે. જેથી, એક તો લોકોનું ધ્યાન ખેંચાય અને બીજું છત પર બધી બાજુએ પડદો થઈ જાય. હું પડદા વગેરેનું બહુ ધ્યાન

રાખું છું, દેવીજી. અમારા મંડળમાં ચારિત્ર્ય પર ખૂબ ધ્યાન અપાય છે. આ સેવા-કાર્ય કરતાં મને બાવીસ વર્ષ થઈ ગયા. હું તમને કહું છું, ચન્દ્રમાં કલંક છે, પરંતુ અમારી ચન્દ્રમુખીઓ નિષ્કલંક છે.'

અનાજની બજારમાંથી પસાર થઈને ગાડી ડાબી બાજુના રસ્તા પર આવી; સામે એક સાધારણ સિનેમા હૉલ, જનરલ મરચન્ટોનું નાનું બજાર આવ્યાં, દુકાનોવાળી ગેલેરી પછી ડાબી બાજુ ફરીને ગાડી ગલીમાં વળી, એક મકાન પર 'શ્રીમતી સુંદર બીબી દાતવ્ય ઔષધાલય'નું સાઈનબોર્ડ; એની બાજુના મકાન પર 'ફ્રેન્ડસ ટ્રેડિંગ કોર્પોરેશન'નું સાઈનબોર્ડ; પછી એક દરજીની દુકાન, અને પછી 'મહિલા સેવામંડળ'ની પીળા રંગે રંગાયેલી ઇમારત, જે સાઈનબોર્ડથી છવાયેલી હતી. દરવાજા પર મંડળનું નામ જમણી તરફ લાંબા સાઈનબોર્ડ પર મંત્રી મહોદય તથા સંરક્ષક સદ્‌ગૃહસ્થોની નામાવલિ, ડાબી તરફના સાઈનબોર્ડ પર મંડળના મુખ્ય ઉદ્દેશોની યાદી ટાંગી હતી. ખાલી દીવાલ પર મોટા મોટા અક્ષરોમાં 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ' લખ્યું હતું.

અંદર ઑફિસ હતી. ત્યાં ઑફિસના વૃદ્ધ મુનશી પાસે જ એક સ્ત્રી બેઠી હતી. રંગ ઘઉંવર્ણો, ભૂરા તલથી ભરેલા હાથ અને ચહેરો, ભૂરી, ઝીણી, કાજળ આંજેલી, સોનેરી ચશ્માં ચડાવેલી આંખો, જેની આંખોનાં પોપચાં અને નીચેની ચામડી ઘેરી કાળી હતી, ભૂરા વાળ, કાથાથી રંગેલા નાના-નાના દાંતવાળી આ શ્વેત ખાદીધારી સ્ત્રી ઊભી થઈ, દાંત દેખાડી એણે હાથ જોડ્યા. સજ્જનને એની દૃષ્ટિ અને સ્મિત ખૂબ ચાલાક લાગ્યાં. કપાળનો ચાંદલો અને માથાનું સિંદૂર દેવીજીના સૌભાગ્યનો પરિચય આપતાં હતાં. બાકી પરિચય આપતાં મંત્રીજીએ કહ્યું, 'આ છે શ્રીમતી ધનવતી દેવી શાસ્ત્રિણી, પ્રભાકર, રાજવૈદ્યા. અમારી નજીકમાં જ સુંદર બીબી દાતવ્ય ઔષધાલય છે એમાં તેઓ મુખ્ય કર્તા છે. અમારા મંડળનાં તો જાણે તેઓ પ્રાણ જ છે. એમની જ સલાહ અને સરકારથી અમે સ્ત્રીઓને આયુર્વેદ શીખવવાની વ્યવસ્થા પણ કરી છે.'

મંડળમાં સ્થાયી રહેતી આઠ સ્ત્રીઓને માનનીય અતિથિઓ સામે ઉજળા સફેદ પોશાકમાં રજૂ કરવામાં આવી. એમની ઉંમર અઢારથી પાંત્રીસની વચ્ચે હતી. રંગ સાધારણ રીતે શ્યામ, કોઈનો ઘેરો, કોઈનો ખૂલતો ચહેરો-મહોરો લગભગ બધાનો ઠીક હતો. એમાંની એકેય એવી નહોતી જેને સાચેસાચ સુંદર કહી શકાય. સ્ત્રીઓએ મંત્રીજીની આજ્ઞા પ્રમાણે થોડાં શ્લોક અને ભજનો સંભળાવ્યા ત્યાર બાદ એમને સીવણવર્ગ, ભરતગૂંથણ અને વણાટવર્ગ, સંગીતવર્ગ, નૃત્યવર્ગ, આયુર્વેદ વર્ગ, ધર્મવર્ગ બતાવવામાં આવ્યા. આમાં લગભગ પચાસ-પંચાવન

કિશોરીઓ, યુવતીઓ અને કેટલીક પ્રૌઢાઓ પણ હતી. આ બધી દિવસે કામ શીખવા આવતી ઘરબારવાળી સ્ત્રીઓ હતી. એમના કામની મજૂરી પણ આપવામાં આવતી હતી. કેવળ સંગીત અને નૃત્ય શીખનારને મજૂરી નહોતી મળતી. આ જ સ્થિતિ ધર્મના વર્ગની હતી. મંડળની જગા ઓછી પડવાથી આયુર્વેદ અને ધર્મનાં વર્ગો સુંદરબીબાના ઔષધાલયવાળા મકાનમાં ચાલતા હતા, જેને પરિણામે શ્રીમતી ધનવતીદેવી શાસ્ત્રિણી પ્રભાકર, રાજવૈદ્યાની ઉદારતા-રામાયણના મંત્રી મહોદય દ્વારા પુનઃપાઠ થયાં.

મંડળનું કાર્ય-સંચાલન જોઈ સજ્જન અને કન્યા બંને પર ઘણી સારી અસર પડી. આ સુવ્યવસ્થિત, સુઘડ વાતાવરણમાં ક્યાંય પણ એ ગંદકીનો ખ્યાલ ન આવ્યો, જેની શોધમાં તેઓ આવ્યાં હતાં. કન્યાં અનેક પ્રકારે મંડળની સહાયતા કરવાનું વચન આપીને આવી. પાછા ફરતાં એણે સ્વગત સ્વરમાં કહ્યું, 'કાં તો પેલી ગાંડી જુઠ્ઠી છે ને કાં તો આ એવું સંગઠન છે જેનું તળિયું સહેલાઈથી હાથ નહિ લાગે. ...કેવી કઠિન દુનિયા છે. એની સામે ઝૂઝવા કઠોર સાહસિક વ્યક્તિ જોઈએ.'

ત્યાર બાદ એણે સજ્જન સાથે મંડળ વિશે ક્યારેય ગંભીર ચર્ચા ન કરી. મંત્રી મહોદય વનકન્યા પાસે અવારનવાર આવતા હતા, પછી સજ્જન પાસે આવવા લાગ્યા. ધનવતીદેવી શાસ્ત્રિણી પ્રભાકર વૈદ્યા સાથે પણ તેઓ સજ્જન પાસે આવતા-જતા.

સજ્જને બાબાજીને મંડળ વિશે બધું જણાવ્યું અને કહ્યું, 'તમારી ગાંડીએ જે બાબતોનો નિર્દેશ કર્યો એની તો એક ઝલક પણ ત્યાં દેખાતી નથી!'

બાબાજીએ કહ્યું, 'રામજી, મારું મન કહે છે કે ત્યાં ચોક્કસ કોઈ મોટી જાળ ફેલાયેલી છે. એ ગાંડીની ઘણી વાતો એવી છે જેમાં ખોટી કલ્પનાનો જરા પણ અંશ નથી દેખાતો.'

બાબાજીએ અનાજના એક મોટા વેપારીનું નામ આપ્યું, જેણે પોતાની ભત્રીજીને જબરજસ્તીથી વશમાં રાખી છે. મંડળમાં એને સીવણકામ શીખવા જવું પડે છે અને અનિચ્છાપૂર્વક બધી માનસિક યંત્રણા સહન કરવી પડે છે. એ કહેવાતી ગાંડી વિશે પણ સજ્જનને વધુ કાંઈક જાણવા મળ્યું. ગાંડી કહેતી હતી કે પહેલાં એને મંડળના ધાર્મિક વાતાવરણથી પૂરેપૂરી પ્રભાવિત કરીને ક્રમશઃ એવું સમજાવવામાં આવતું હતું કે ગૃહસ્થ થવું એ જ સ્ત્રીનો સૌથી મોટો ધર્મ છે; એ સાથે જ, સ્ત્રીને પુરુષની માફક વારંવાર લગ્ન અને ત્યાગનો અધિકાર પણ છે. અને એવું કહેવામાં આવતું કે મંડળ વિશુદ્ધ આર્ય-પરંપરા અનુસાર સ્ત્રી-પુરુષ

વચ્ચે પ્રેમ-સંબંધ સ્થાપી સ્વયંવર રચવાની પૂરેપૂરી તક આપે છે. આ વાતો ધીરે ધીરે એના મનમાં બેસાડવામાં આવી. ગાંડી બધી રીતે અરક્ષિત હોવાથી મંડળની અસર તળે આવતી ગઈ. એક દિવસ એને મંડળની બાજુના ઓરડામાં લઈ જવામાં આવી, જ્યાં એક યુવક સાથે એનો પરિચય કરાવામાં આવ્યો. એ ઓરડામાં સાધારણ સજાવટ ઉપરાંત રાધાકૃષ્ણનું એક ચિત્ર પણ ટાંગવામાં આવ્યું હતું. એ ચિત્રની સામે એ ગાંડી અને પેલી વ્યક્તિ પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી કે તેઓ બંને એમનો ભેદ કોઈ ત્રીજી વ્યક્તિને કહેશે નહિ. ગાંડીએ લગભગ સ્વેચ્છાપૂર્વક પોતાની જાત પેલાને સમર્પિત કરી દીધી. પોતાના પાછલા કટુ અનુભવની કથા પણ નવા પ્રેમીને સુણાવી. ગાંડીનો નવો પ્રેમી આઠ-દસ દિવસ નિયમિત આવ્યો. પછી અચાનક એનું આવવાનું બંધ ગઈ ગયું. ફરી પાછી એક દિવસ જ્યારે એને પેલા ઓરડામાં જવા માટે બોલાવવામાં આવી ત્યારે એણે ત્યાં જઈને જોયું તો એક નવી જ વ્યક્તિ ત્યાં ઉપસ્થિત હતી. એ વ્યક્તિ સમક્ષ ફરીને બધી જૂની વાતોનું નાટક ભજવાયું, રાધાકૃષ્ણના ચિત્રની સામે જૂની પ્રતિજ્ઞા નવેસરથી લેવાના ખેલનો આરંભ થયો, ગાંડીએ એનો વિરોધ કર્યો. એણે પોતાને વેશ્યા બનાવવાનો ઇનકાર કર્યો. જેનું પરિણામ એ આવ્યું કે જબરજસ્તી કરવાથી એ ચીસ પાડી ઊઠી. મહિલા સેવામંડળની બહાર સુધી પહોંચેલી અને કેટલાક દિવસ સુધી નકામી ચર્ચાનો વિષય પણ બની રહી. ગાંડી તે જ દિવસથી મંડળના નીચેના ભાગમાં કેદ થઈ ગઈ, જ્યાં એને અનેક બળાત્કાર સહેવા પડ્યાં. બળાત્કાર કરનારાઓમાં, ગાંડીના કહેવા મુજબ ઘણીવાર પોલીસના માણસો પણ આવતા હતા. એને ત્યાં જ ગુપ્ત રોગ પણ થયો. ગાંડીએ એવું પણ કહ્યું કે મંડળના નીચેના ભાગમાં બે એવી મોટી-મોટી ઓરડીઓ પણ છે, જ્યાં ના પાડનાર સ્ત્રીઓને કેદ કરવામાં આવે છે, વારંવાર મારપીટ અને બળાત્કાર સહન કરવા લાચાર બનાવી એમના આત્માને તોડી નાખવામાં આવે છે. જે સ્ત્રીઓ મંડળની સૌભાગ્યવતી થઈ જાય છે તેઓ, ઇનકાર કરનાર સ્ત્રીઓ પર રાજ કરતી હોય છે. પરસ્પરની ઈર્ષા, લાલચ અને અત્યાચારોને વશ થઈને સ્ત્રીઓ મંડળવાળાની ઇચ્છાનુસાર કામ કરવા લાગે છે. આવી પાકી સ્ત્રીઓ જ મેજિસ્ટ્રેટની સામે લગ્નનો ઢોંગ કરીને કાયદાની નજરમાં ધૂળ નાખી બચી જાય છે. ધનવતીદેવી વૈદ્યા અને બીજી એક સ્ત્રી, જેનું નામ ગાંડીએ 'કિત્તોની ફોઈ' કહ્યું, મંડળની સ્ત્રીઓ માટે દંડ-પુરસ્કાર વગેરેના નિયમો બનાવે છે. ધનવતી વૈદ્યા અંગે સજ્જને સાંભળ્યું કે એ મંત્રી મહાશયથી પણ ક્યાંય વધારે અત્યાચારિણી છે. મંત્રી અને વૈદ્યા જ આ શેતાનના સામ્રાજ્યનાં રાજા અને રાણી છે. વૈદ્યાનો ઘરડો પતિ રોટી-ટુકડો

આઈને નોકરોની જેમ પડયો રહે છે.

સજ્જન આ બધું સાંભળીને ખૂબ જ વિહ્વળ થઈ ગયો. કોઈ ને કોઈ પ્રકારે આ રહસ્યને બહાર લાવવાની તેને ઇચ્છા થવા લાગી. કર્નલ સાથે પણ એણે આ અંગે ચર્ચા કરી. એણે મંડળ વિષે ઘણીવાર અફવાઓ સાંભળી હતી. મંત્રી મહોદય તો પૂરો ચારસોવીસ છે એમ કર્નલે કહ્યું, પરંતુ સાથે જ સજ્જનને એ વાતનો કડક આદેશ આપ્યો કે ભવિષ્યમાં તે આવી ગંદકીમાં હાથ નાખવાની કોશિશ ન કરે.

પરંતુ સજ્જનના મનમાં એક આગ લાગી ચૂકી હતી. એ આ રહસ્યને બહાર લાવવા માટે દૃઢ હતો, તેણે પોતાની ઇચ્છાઓ બીજાઓથી છાની રાખી. સજ્જને વનકન્યાના નામથી વધુ બે વખત પચીસ-પચાસ રૂપિયા મોકલાવ્યા. મંત્રી મહોદયને આ નવા દાની કુટુંબ તરફ સહેજે જ આકર્ષણ થઈ ગયું. તેઓ અવાર-નવાર આવવા લાગ્યા. એકવાર કન્યાને મંડળમાં વ્યાખ્યાન આપવા માટે પણ બોલાવી ગયા. એક દિવસ સમય નક્કી કરીને – કન્યા જ્યારે તાઈના ઘેર પોતાની નિશાળમાં જવાની હતી તે સમયે – સજ્જને તેના નામથી મંત્રીને ઘરે બોલાવ્યા. તેઓ આવ્યા સજ્જન એ વખતે શરાબનું પૂરું આયોજન કરીને બેઠો હતો. એણે મંત્રીને ત્યાં જ બોલાવ્યા, પૂછ્યું, 'બોલો, કેમ આવવું થયું ?'

મંત્રી બોલ્યા, 'કાલે બપોરે મને દેવીજીનો સંદેશો મળ્યો હતો. એમણે જ મને આજે આ સમયે અહીં બોલાવ્યો છે.'

'તે તો છે નહિ, કદાચ કોઈક જરૂરી કામ માટે બહાર ગઈ હશે. બેસો, આવતી જ હશે. લો, સ્વાદ કરો.'

'હેં-હેં-હેં-હેં ! હું તો પાન-તમાકુ સિવાય બીજો કોઈ નશો કરતો નથી.'

'હવે જવા દો! ...સ્વર્ગમાં રહીને કૌસર (સ્વર્ગની નદી) અને જમજમનાં (પવિત્ર નદી) પાણીની બાધા રાખો છો ?' થોડી જ વારમાં સજ્જને મંત્રી મહાશયને પોતાની વાતોમાં લપેટી લીધા. આમાં એની વાક્ચાતુરીથી વધારે એના વૈભવપૂર્ણ વાતાવરણનો ફાળો રહ્યો. એમને એવો વિશ્વાસ આપવામાં આવ્યો કે વનકન્યા અને સજ્જનના રસ્તા ભિન્નભિન્ન છે. આ સામાજિક કાર્યનું નાટક તો એ વનકન્યાને માટે જ કરે છે. સજ્જને પોતાના સંબંધમાં ઘણી સાચી-ખોટી રોમાન્ટિક કથાઓ જોડી કાઢીને સંભળાવી. એવું કહ્યું કે મહોલ્લામાં સ્ટુડિયો ખોલવા પાછળ તેનો આશય એ જ હતો, અને તેણે ત્યાં ઘણો જ આનંદ પણ મેળવ્યો. સજ્જને એવો પણ સંકેત કર્યો કે ગુપ્ત આનંદ મેળવવા માટે સેંકડો રૂપિયાનો ખર્ચ પણ કરે છે.

મંત્રી ભોળવાઈ ગયા. ધનવતીજી પણ એમનું ઘર જોઈ ગઈ હતી; વનકન્યા કરતાં સજ્જન સાથે તેઓ વધારે સંબંધ કેળવવા લાગ્યા.

એક દિવસ ધનવતીજીએ દિવસના સમયમાં સજ્જનને પોતાના ઘરે જમવા બોલાવ્યો. સજ્જન અચકાયો; એણે વિચાર કર્યો અને પછી ગયો. તે દિવસે એને સમગ્ર તંત્ર સમજાઈ ગયું. શ્રીમતી સુંદરબીબી દાતવ્ય ઔષધાલય અને મહિલા સેવામંડળની વચ્ચેનું ફ્રેન્ડસ ટ્રેડિંગ કોર્પોરેશનનું મકાન ખરેખર તો પુરુષોને આવવા-જવા માટેનો સરળ રસ્તો છે. ફ્રેન્ડસ ટ્રેડિંગ કોર્પોરેશન શૅર બજાર સાથે સંબંધ રાખતી સંસ્થા છે. મંડળના એક ધનવાન સંરક્ષકના કેટલાક કર્મચારીઓ ત્યાં કામ કરે છે, શૅરનો ધંધો તો ત્યાં માત્ર નામનો જ થાય છે, એ બહાને આખો દિવસ લોકોની આવ-જા માટે એ ઑફિસ સહેલો રસ્તો બનાવી દે છે. સજ્જન એ જ માર્ગથી અંદર ગયો. નીચેનું અંતાણું લગભગ ખાલી હતું, ઉપર કઠેરાની આગળ ખુલ્લી અગાસી હતી. સામે ત્રણ દરવાજાવાળો એક ઓરડો, જે અંદરથી એક ઈંટની દીવાલ દ્વારા ત્રણ નાની ઓરડીઓમાં વિભાજિત કરવામાં આવ્યો હતો. સુંદરબીબી દાતવ્ય ઔષધાલય, ફ્રેન્ડસ ટ્રેડિંગ કોર્પોરેશન અને મહિલા સેવામંડળ ઉપરથી બંને દરવાજા તોડીને એક મકાનના રૂપમાં બાંધવામાં આવ્યા હતા. શ્રીમતી ધનવતીદેવી વૈદ્યા શાસ્ત્રિણી સજ્જનને મંડળના મકાનમાં એક એવા ઓરડામાં લઈ ગઈ જ્યાંથી તે સીવણકામ, વણાટકામ જેવા વર્ગોમાં કામ કરતી સ્ત્રીઓને નિશ્ચિંત થઈને જોઈ શકતો હતો. થોડીક વારમાં ધનવતીદેવી શાસ્ત્રિણી ફરી આવી. એને એક ઝરૂખા પાસેથી હટાવીને બીજી દીવાલ પરના ઝરૂખા પાસે લઈ ગઈ. બીજી બાજુના ઓરડામાં આઠ-દસ સ્ત્રીઓ ભેગી થઈ ગઈ હતી. અનીતિને માર્ગે ગયેલી સ્ત્રીઓનો આ ચાનો સમય હતો. ગ્રાહકોને ઝરૂખામાંથી ચુપચાપ આ સમયે જ માલ બતાવવામાં આવતો હતો. ગ્રાહક જેને પસંદ કરે તેને તેની સેવામાં પહોંચાડવામાં આવતો હતો. સજ્જન એમની વાતો સાંભળતો ઊભો હતો. વાતો ઘરસંસારની, પતિઓની સગાંવહાલાંઓની હતી, તેઓ ઘરે કેવાં બહાનાં ઉપજાવી કાઢે તેના વિશે હતી, ખાનગી મજાક હતી. ધનવતીદેવી વૈદ્યા સજ્જનની વધુમાં વધુ નજીક ઊભી રહેવાનો પ્રયત્ન કરતી, ખૂબ જ રસપૂર્વક એ સ્ત્રીઓ વિષે કહી રહી હતી. બે-ત્રણ સ્ત્રીઓ અંગે તો એણે એમ કહ્યું કે તેમના પતિ ઘરડા છે, એકની ગરીબીનું વર્ણન કરતાં કહેવા લાગી, 'કેટલીય બિચારીનું તો ગુજરાન અહીંથી થાય છે. અમે લોકો ઈજ્જતપૂર્વક તન-મન-ધનની ભૂખ મટાડીએ છીએ, હું તો કહું છું કે આ મોટા પુણ્યનું કામ છે.'

સજ્જનને ધનવતીદેવીનો ડર લાગતો હતો. તેણે એ દિવસે કોઈ પણ

'અપ્સરા'ને પોતાની સેવામાં ન બોલાવી.

સજ્જન સતત ત્રણ-ચાર દિવસ ત્યાં જતો રહ્યો. ધનવતીદેવીના પોતાની તરફ વધી રહેલા આકર્ષણ-કષ્ટને પણ એને સહન કર્યું. એને રાજી રાખવા માટે એની ફરમાઈશ મુજબ અઢીસો રૂપિયાની એક ઘડિયાળ ભેટ આપી.

સજ્જનને આ ત્રણ-ચાર દિવસમાં અદ્ભુત વ્યક્તિગત અને સામાજિક અનુભવો મળ્યા. પોતાને વિષે એને જે નવો અનુભવ થયો તેનાથી એને પોતાને આશ્ચર્ય થતું હતું. થોડા મહિના પહેલાં આ જ સજ્જન ઉપરછલ્લી બુદ્ધિથી આવાં નીચ દુષ્કૃત્યોની નિંદા કરતો, પણ મનમાં ને મનમાં એના તરફ આકર્ષણથી બંધાતો જતો હતો. થોડા મહિના પહેલાં સજ્જન આ અડ્ડામાં આવીને પોતાની જાતને ભૂલી ગયો હોત. પરંતુ આજે એને આ દશ્યો આઠે પહોર અકળાવતા હતા. કન્યા સાથેનાં લગ્ન પહેલાં જે મનોમંથન અને લગ્ન પછી જે આત્મવિશ્વાસ પેદા થયો, જે વિચારો દૃઢ થયા, તે તેના માનસને નવા સ્વરૂપે આકાર આપી ચૂક્યા છે – એ એને મંડળમાં સતત આવવાથી જ ખ્યાલમાં આવ્યું. સ્ત્રીના સ્વાભિમાન સચ્ચારિત્ર્ય અને સમર્પણનો જે નવો માનદંડ વનકન્યાના રૂપમાં એના જીવનમાં સ્થાપિત થયો છે. તે તેને ઉપર લઈ ગયો છે. પોતાની મા સિવાય બીજી કોઈ પણ સ્ત્રીને સજ્જન જે આદર આપી શકતો ન હતો તે તેની પત્નીએ પોતાના આચરણથી તેના પાસેથી સરળતાથી મેળવી લીધો. અને વનકન્યાનો આદર કરવો એ જ એના જીવનની મોટામાં મોટી ક્રાન્તિ હતી. યુવાન સુંદર સ્ત્રી માત્ર વિશે એની દૃષ્ટિ બદલાઈ ગઈ હતી. આ ચાર દિવસ મંડળમાં આવતાં-જતાં સજ્જને પોતાને અંગે સૌથી મુખ્ય જે માન મેળવ્યું તે આ જ હતું. પોતાના પહેલાંના અનુભવો સાથે મંડળનાં આ દશ્યો જોડતાં એને કારણો પણ ખ્યાલમાં આવ્યાં જેને લઈને સ્ત્રીઓ આવો માર્ગ લે છે, શોખીન પૈસાવાળીઓ શોખથી આવે છે, એમના પતિ એમને છેતરે છે, તેઓ તેમના પતિઓને છેતરે છે. લાચારીનું જીવન વિતાવતી વિધવાઓ ધીમે ધીમે પ્રલોભનોથી ખેંચાઈને અહીં આવે છે. આપણા સામાજિક માળખામાં સામાન્ય રીતે વિધવાની સ્થિતિ એવી હોય છે કે તેને ધન અને જન બંનેથી વંચિત કરી દેવામાં આવે છે. વિધવાઓ ધર્મચર્ચાને બહાને, સીવણકામ કે મજૂરી કરવાને બહાને અહીં આવે છે. ઓછી આવકવાળા મધ્યમ વર્ગની એવી યુવતીઓ આવે છે જેમની ઇચ્છાનાં સ્વપ્નો જમાનાની અસર તળે રજવાડી હોય છે. પિયરમાં વિચારતી હોય છે કે પતિના પૈસાથી મોજ કરશું, પણ સામાન્ય રીતે એવું નસીબ બધાને પ્રાપ્ત નથી થતું. મોટા ભાગની યુવતીઓ

પોતાના પતિઓની આર્થિક મર્યાદાઓથી બંધાઈને દુઃખી રહેતી હોય છે. દિવસ-રાત ઘરમાં ક્લેશ કરે છે ને અતૃપ્તિઓથી ભરેલી હોય છે. સિનેમાના આધુનિક વાતાવરણમાંથી પસાર થતા આજના નબળા મગજની જેમ એમના મનને નવા હીરોની શોધ રહે છે – એવા હીરોની જે એમના પતિઓથી વિપરીત, એમનાં સૌંદર્ય અને ગુણો પર વારી જઈ એમને સુખ-સગવડના ઝૂલે ઝુલાવે – સજ્જને જોયું કે સંગીત-નૃત્ય શીખવાને બહાને આ મંડળમાં કુમળી વયની એવી કિશોરીઓને પણ ફસાવીને લાવવામાં આવે છે જેમનાં મનમાં, નહિ અનુભવેલા સેક્સ વિશે પ્રચંડ કુતૂહલ હોય છે. પૈસાના અભાવે લગ્ન ન થયાં હોય એવી મોટી ઉંમરની યુવતીઓ પણ અહીં આવે છે. એકવાર ખરાબ જીવનમાં ફસાઈ ગયા બાદ નારીનું ચારિત્ર્ય ક્રાન્તિકારી પલટો ખાય છે. ષડ્યંત્ર અને ભેદનું વાતાવરણ હોવાને કારણે, ઘણીખરી સ્ત્રીઓમાં સંઘબદ્ધતાવાળી ડિસિપ્લિન આપોઆપ ફૂટી નીકળે છે, પોતાના સંઘમાં વધુ ને વધુ સ્ત્રીઓ જોડાય એ માટે પણ મોટે ભાગે તેઓ પોતે જ પ્રયત્નશીલ હોય છે. અનેક એવી પણ હોય છે જે સ્વભાવથી સરળ, પરંતુ કમજોર મનની હોવાથી એકવાર ફસાયા બાદ જીવનભર આ નરકમાંથી છૂટવાનો માર્ગ મેળવી શકતી નથી; રાત-દિવસ ગુપ્ત માનસિક જ્વાળામાં બળ્યા કરે છે.

આ ચાર દિવસમાં સજ્જન પોતાના મનના ખૂણે ખૂણે અટકી અટકીને ફર્યો છે. સામાજિકતા, આબરૂદારી, સચ્ચરિત્રતા, કુલીનતા – આ બધા સોના જેવી નક્કર ચમકતી માન્યતાઓ એને ગંદી કાદવભરી નાળી જેવી દેખાવા લાગી. આ માન્યતાઓનું સમાજમાં એ જ મૂલ્ય છે જે મહિલા સેવામંડળની આગામી અને ફાટક પર લાગેલા સાઈનબોર્ડનું છે. ચિત્રા રાજદાનથી માંડીને ધનવતીદેવી વૈદ્ય શાસ્ત્રિણી સુધી, મંડળમાં આવનાર અનેક આબરૂદાર ઘરની સ્ત્રીઓ સુધી – સર્વત્ર એને નારીના રૂપમાં વેશ્યાનાં દર્શન થયાં. ઝરૂખાથી સજાવેલાં બજારોમાં જે વેશ્યા પ્રગટ છે, જેને યુગો સુધી ભરી સભામાં દ્રૌપદી બનાવીને રાખવામાં આવી છે, એ બિચારીએ જ તો પછી એવો કયો અપરાધ કર્યો છે જેથી માત્ર એને જ અસ્પૃશ્ય ગણવામાં આવે? બાહ્યરીતે ધર્મ, પવિત્રતા, સદાચારનો આવો મોટો આડંબર સજાવી છુપાઈ-છુપાઈને ચાલનાર આ આબરૂદાર વેશ્યાને શા માટે જગજાહેર ન કરવામાં આવે? આબરૂદાર સમાજ પોતે જ પોતાની આબરૂ લૂંટવા આવા અડ્ડા બનાવે છે. આવી ખોટી આબરૂનો ઘડો શા માટે ન ફોડી દેવો? – એના મનમાં નિરંતર અકળામણ ચાલતી રહી. સમાજની ગંદકીને સામે લાવવી એ શું સમાજ માટે કલ્યાણકારી થશે? આમ કરવાથી બેશરમી તો નહિ ફેલાઈ જાય? ઊંચી માન્યાતાઓના ભયથી

જે દુનિયા આજ સુધી લપાઈ–છુપાઈને આ કાર્ય કરે છે તે બેશરમ બની ઉઘાડે છોગ કરશે. એ દુનિયા ખૂબ ભયંકર હશે.

કર્નલે સજ્જનને આ ગંદકીમાં હાથ ન નાખવાનો આદેશ આપ્યો હતો, પરંતુ જ્યારે મંડળનો અનુભવ લઈને સજ્જન, બાબાજીની પ્રેરણા અને પોલીસની સહાયતાથી આ વ્યભિચાર અને અનીતિના અડ્ડાને મિટાડવાનો નિશ્ચય કરી ચૂક્યો ત્યારે એણે એને તમામ કથની કહી સંભળાવી, કર્નલ બીજાનું દુઃખ સાંભળીને ક્ષણવારમાં પીગળી જનાર પ્રાણી છે, તરત જ દોડધામ માટે તૈયાર થઈ ગયો. અધિકારી વર્ગમાં અનેક લોકોને સજ્જન ઓળખે છે, પરંતુ એમની સાથેનો પરિચય કર્નલ જેટલો ઘનિષ્ઠ નથી. કર્નલ સૌને કરંડિયા મોકલતો હોય છે, હળતો-મળતો હોય છે. સજ્જને કર્નલને કહ્યું, 'પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને આ સંબંધમાં મળ. હું પણ તારી સાથે આવીશ.'

કર્નલે કહ્યું, 'મને લાગે છે કે તું ડાયરેક્ટ મિનિસ્ટરને મળ. તને ખબર નથી કે કોઈ કોઈ કેસોમાં પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ પણ આવી કોન્સ્પિરસીમાં સામેલ હોય છે. હું તને એક કિસ્સો કહું. અલીગઢમાં આ જ રીતે સ્ત્રીઓને વેચવાનું સેન્ટર હતું. એ મામલામાં પાંચ ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ અને એક એસ. પી. સંડોવાયેલા હતા. યુ.પી.ની સી.આઈ.ડી.એ આ કેસ પકડ્યો હતો.'

સજ્જન આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. બોલ્યો, 'સરકારે આ વિશે શું કર્યું ?'

'બધાને નોકરીમાંથી કાઢી મૂક્યા, બીજું શું ? માત્ર પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને એમણે કાઢી ન મૂકતાં એની પાસેથી રાજીનામું લઈ લીધું. એટલે જ કહું છું કે...'

સજ્જન વાત કાપી નાખતાં બોલ્યો. 'જો યાર, મારો પોતાનો મત તો એવો છે કે આપણે મિનિસ્ટરને બદલે આ જ લોકો પાસેથી કામ લઈએ તો વધુ સારું. આમાં બધા એવા જ હશે એમ માનવાં હું તૈયાર નથી. એ સાચું છે કે પોલીસમાં બેજવાબદારોનું જૂથ ઘણું મોટું છે, પરંતુ બધા એવા ન હોઈ શકે. અંતે એમને પોતાની પ્રેસ્ટિજનો પણ ખ્યાલ તો હશે જ ને.'

'હા, એ તો છે જ. ખૂબ સારા સારા માણસો પણ હોય છે. પરંતુ બહુ જ ઓછા. પોલીસનું ખાતું જ એવું હોય છે, જે આજના વાતાવરણમાં પોતાના ઉદ્દેશથી બરાબર વિરુદ્ધ જઈને ઇન્સાનને હેવાન બનાવી દે છે.'

'છતાં પણ મને લાગે છે કે સીધા એસ.પી. પાસે જ જઈએ. બધાં કામમાં ઉપરની મદદ લઈને આગળ વધવાની રીત ખોટી છે. – ખાસ કરીને આવાં કામોમાં

આપણે વ્યક્તિની સદ્‌ભાવવાનો સહારો લેવો જોઈએ!'

કન્યાને આ બાબત વિશે હજી કોઈ પ્રકારની માહિતી નહોતી.

આજે ધનવતીદેવી વૈદ્યા શાસ્ત્રિણી, પ્રભાકર મહાન કલાકાર સમક્ષ એક એવી પ્રેરણા-સામગ્રી રજૂ કરવાનું વચન આપી ચૂકી હતી જે સાધારણ રીતે સૌને સુલભ ન હોય. સાથે જ ધનવતીએ એવું પણ વચન આપ્યું હતું કે એ આજે એને મંડળનાં અન્ય સ્ત્રી-પુરુષોનાં યુગલો પણ દેખાડશે. ધનવતીદેવી વૈદ્યા સજ્જનથી ખૂબ પ્રભાવિત હતી. આ સંસ્થામાં ધનવાનો તો ઘણા આવે છે; ભણેલા-ગણેલા, કોઈ વકીલ, બિઝનેસમેન પણ આવે છે. પરંતુ સજ્જન જેવો નામી, પ્રતિષ્ઠિત, ધનવાન, ભણેલો-ગણેલો, સુંદર ચિત્રકાર આ મંડળમાં, ધનવતીના સંપર્કમાં કદી નહોતો આવ્યો. વાતોમાં તેજ, સ્ત્રીને પોતાનાથી દોઢ હાથ દૂર રાખીને પણ રીઝવવા રમાડવાને ટેવાયેલો, જૂનો પાપી સજ્જન ધનવતીના મનમાં સપનાં જગાડી-જગાડીને એને લલચાવી રહ્યો હતો. ધનવતીદેવી વૈદ્યા મંત્રી મહાશયની સાથે એક દિવસ સજ્જનનો મહેલ જેવો બંગલો પણ જોઈ ગઈ હતી. લાલાશાહી ધનવાનોની હવેલીઓ તો ધનવતીએ ઘણીવાર જોઈ હતી, પરંતુ આ ઠાઠ-માઠ, સુંદર મૂર્તિઓ, કીમતી ગાલીચા, ઉમદા કારીગરીવાળી ચીજો, ભવ્ય ચિત્રો, દેશવિદેશના પ્રાચીન કીમતી ક્યુરિયોની ચીજો એને બીજા કોઈ ધનવાન પાસે જોવા મળી નહોતી. આ બધાથી પ્રભાવિત થઈને ધનવતી અજાણતાં જ સજ્જનના ષડ્‌યંત્રની સૌથી મોટી સહાયક બની ગઈ હતી.

સજ્જન રોજના સમય કરતાં થોડો વહેલો જ ત્યાં પહોંચી ગયો હતો. ધનવતીએ આજે એના બેસવાની વ્યવસ્થા પોતાના ઓરડામાં જ કરી હતી. એ એને બેસાડીને ચાલી ગઈ.

ઓરડામાં એકલો બેઠોબેઠો સજ્જન અનેક સારા-ખરાબ વિચારોમાં અટવાતો હતો, આજની પરિસ્થિતિ કાંઈક જુદી જ હતી. ઈંચે ઈંચે છૂપી પોલીસની જાળ ફેલાયેલી હતી. નિશ્ચિત સમયે સજ્જનનો સંકેત મળતાં પોલીસ આજે આ નરકના રહસ્યને ખુલ્લું પાડશે. મંત્રી અને ધનવતી વૈદ્યા, જે સજ્જનને પોતાનો મિત્ર માની એની સાથે પોતાનું અસલી રૂપ પ્રગટ કરી ચૂક્યા હતા, તેઓ આજે સજ્જનનું અસલી રૂપ જોશે. આજે એ ધનવતી સામે સીધી નજર પણ માંડી શકતો નહોતો. એને એક પ્રકારનો સંકોચ થતો હતો.

સામેના ઓરડામાં ચાલતા ધર્મના વર્ગનું પ્રવચન સજ્જનના કાને પડતું હતું. મંત્રી મહાશય પોતે ભાગવતનો પાઠ સંભળાવતાં કહી રહ્યા હતા, 'ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાનની ચીરહરણ લીલાનું સુંદર દૃષ્ટાંત આપેલું છે. ભગવાન મુરલી

બજાવતા, બધી ગોપીઓનાં વસ્ત્રો ઊંચકી કદમ્બના વૃક્ષ પર ચડી ગયા. ગોપીઓ જળમાં નગ્ન ઊભી નાહી રહી હતી...'

ધનવતી વૈદ્યા સજ્જનનું મન બહેલાવવા માટે બે-ત્રણ નાનાં પુસ્તકો આપી ગઈ હતી, સાથે જ એવું વચન પણ કે એ થોડી જ વારમાં સજ્જનને 'સ્વર્ગીય દૃશ્ય' બનાવશે. પુસ્તકો બોમ્બ જેવાં વિસ્ફોટક હતાં. કામ-ક્રીડાનાં આવાં ઉઘાડાં વર્ણનાવાળાં પુસ્તકો સજ્જને પહેલાં પણ જોયાં હતાં. યાત્રાથી ભરેલા એના જીવનમાં ઘણી હોટેલોમાં એને આવું સાહિત્ય વાંચવા મળ્યું હતું. પરંતુ આજ સુધી એણે માત્ર અંગ્રેજીમાં જ આવાં પુસ્તકો જોયાં હતાં. આજે હિન્દીમાં આવાં પુસ્તકો જોઈ એને અચાનક ધક્કો લાગ્યો. હિન્દીમાં આવા પુસ્તકો જોઈ એને ચોટ કેમ લાગી એ વાત એને સમજાઈ નહિ; પરંતુ એને ખૂબ ખટક્યું. એક પુસ્તકના બે પાનાં વાંચતાં જ એના લોહીમાં આગ લાગી ગઈ! એણે પુસ્તક બંધ કરી દીધું. ધર્મના વર્ગમાંથી મંત્રી મહોદયનો સ્વર સંભળાતો હતો. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનો ચીરહરણવાળો પ્રસંગ તેઓ ખૂબ પ્રેમથી કહી રહ્યા હતા. સજ્જનનો ગુસ્સો ઊકળી ઊઠ્યો. શું ભાગવતમાં વ્યાસજીએ આ ચીરહરણ લીલા આવા ઉદ્દેશથી લખી હશે. જે ઉદ્દેશથી મંત્રીવર એ સંભળાવી રહ્યા હતા? સાધારણ રીતે કૃષ્ણને જેવા વિલાસી ચીતરવામાં આવે છે એવા જ એ હોત તો સેંકડો સદીઓ પછી આજે પણ એ પૂજાત? કૃષ્ણ, રાધા, ગોપીઓ અને સમસ્ત વ્રજ સાથે સજ્જનને એક વ્યક્તિગત આત્મીયતા પણ છે. જ્યારથી એ મથુરા, વૃંદાવન, ગોવર્ધન વગેરે સ્થળોએ જઈ આવ્યો છે ત્યારથી આ પૌરાણિક પાત્રો સાથે આત્મીયતાનો અનુભવ કરવા લાગ્યો છે કૃષ્ણ એની દૃષ્ટિમાં ઘણાં ઊંચા ઊઠ્યા છે. એ વિચારવા લાગ્યો કે વ્યાસ, જયદેવ અને અન્ય કવિઓએ અંતે કઈ દૃષ્ટિથી આત્મા અને પરમાત્માનો આ પ્રકારનો ગોપનીય કામસંબંધ ચિત્રિત કર્યો છે? જગન્નાથપુરી અને ખજુરાહોના કંડરિયા મહાદેવના મંદિરમાં, સાર્વજનિક પૂજ્ય સ્થાનોમાં, કામશાસ્ત્રનાં આસનોને આધારે બનાવેલી નર-નારીની મૂર્તિઓ છેવટ શા માટે સ્થાપિત કરવામાં આવી છે? આ ગોપનીય અશ્લીલ પુસ્તકો ક્યા કારણે ગેરકાનૂની મનાય છે? એ જ કારણસર પુરી, ખજુરાહો વગેરેની મૂર્તિઓ ગેરકાનૂની માની નષ્ટ શા માટે નથી થઈ? હજાર-બારસો વર્ષમાં કોઈને પણ આ દૃશ્યો એવાં ખરાબ શા માટે ન લાગ્યાં કે તેઓ આ મંદિરોને તોડી પાડે કે મૂર્તિઓને નષ્ટ કરી નાખે? સજ્જને જ્યારે પુરી અથવા ખજુરાહોની આ મૂર્તિઓ જોઈ હતી ત્યારે એમાં અંકાયેલા વિષય પ્રત્યે એક પ્રકારની ગલીપચી અનુભવવા છતાં એના કલાપક્ષથી જ એ વિશેષ પ્રભાવિત થયો હતો. મૂર્તિઓ એટલી સુંદર અને સજીવ બની છે કે જોઈને ખુશ થઈ જવાય

સજ્જને વિચાર્યું, 'અલબત્ત, મારો ઇન્ટરેસ્ટ તો બીજો હતો, પરંતુ સાધારણ નજરવાળા માનવી પર કલાની આ સજીવતા કેવો પ્રભાવ પાડતી હશે? મા-બાપ, પુત્ર-પુત્રી, ખૂબ પવિત્ર અને સદાચારી જીવો ત્યાં એક સાથે જ જાય છે; આ ચીર-હરણ, રાધા-કૃષ્ણ, ગોપી-કૃષ્ણનાં વિલાસપૂર્ણ ચિત્રો સૌની સામે ખૂબ પ્રેમથી ગાઈ-બજાવીને રજૂ કરવામાં આવે છે – આખરે એનું કારણ શું છે? મહિપાલે એને ઘણીવાર કહ્યું છે, અને એણે પણ ક્યાંક ક્યાંક વાંચ્યું છે કે પ્રાચીન સંસ્કૃતિ-સાહિત્યમાં, વાલ્મિકી-રામાયણ વગેરેમાં પણ, કામસંબંધી વર્ણન ખૂબ ખુલ્લા શબ્દોમાં કરવામાં આવ્યું છે. આખરે એનું કારણ શું છે? એક બાજુ તો આપણી નૈતિક બુદ્ધિને કામસંબંધી ચર્ચાનો સખત બાધ છે અને બીજી બાજુ આટલું બધું આકર્ષણ પણ છે. સાચું શું છે? સ્ત્રી-પુરુષનો શારીરિક સંબંધ સાચો છે, પરંતુ સમાજના આ અતિ શ્રેષ્ઠ સંબંધ વિશે પ્રત્યેક વ્યક્તિની બુદ્ધિને એક જબરજસ્ત આંચકો કેમ લાગે છે? એક જ જીભે આપણે એને સારું અને ખરાબ સાથેસાથે જ કહીએ છીએ. કેવળ ભારતમાં જ નહિ, આખી દુનિયામાં પ્રત્યેક વ્યક્તિની સમજશક્તિ સાથે આ મજાક સદીઓથી આજ સુધી થતી આવી છે – અંતે આનો અર્થ શું છે – શું આ સમસ્યા આર્થિક, રાજનૈતિક સમસ્યાઓથી ઓછી મહત્ત્વપૂર્ણ છે? સ્ત્રી-પુરુષના કામસંબંધોની સમસ્યા શું અનેક રાજનૈતિક, આર્થિક સમસ્યાઓની પૃષ્ઠભૂમિ બની સામે નથી આવતી?

બંગાળના દુકાળના દિવસોમાં સજ્જન કલકત્તા ગયો હતો. ત્યાં પોતાના શોખના અડ્ડાઓ અંગે માહિતી મેળવતાં એને એવું પણ જાણવા મળ્યું હતું કે દુષ્કાળના પ્રદેશમાંથી ખરીદીને અનેક સ્ત્રીઓ બાબુઓનું મનોરંજન કરવા કલકત્તા લાવવામાં આવતી હતી. અનેક રિક્ષાવાળાઓ અંગૂઠામાં અટકાવેલો ઘૂઘરો વગાડી 'હુનહુન બાબુ, હુનહુન બાબુ'ની બૂમો પાડતા હતા. જગજાહેર વેશ્યાઓ ઉપરાંત આ આબરૂદાર ધંધાદારીઓના અડ્ડા શું આ દુનિયામાં ઓછા છે? – અને શું એની પાછળ આર્થિક સમસ્યા નથી? ઇતિહાસમાં એક નહિ અનેક એવા દાખલાઓ છે જ્યાં સ્ત્રી-પુરુષનો કામસંબંધ રાષ્ટ્રીય ઉથલપાથલ કરવા માટે બહાનારૂપ બન્યો હોય, ભારતમાં રાજનીતિના પ્રતિદ્વન્દ્વીઓને ફસાવવા માટે સુંદર છોકરીઓને છેક બાળપણથી જ ક્રમશઃ ઝેર ચટાડી ચટાડીને વિષકન્યા બનાવવામાં આવતી હતી. આ વિષકન્યાઓને નાચવા-ગાવાની, પુરુષોને કલાત્મક રીતે રીઝવવાની ઉત્તમમાં ઉત્તમ તાલીમ આપવામાં આવતી હતી. આ વિષકન્યાઓનાં મૂખ ચૂમનાર, ભોગ કરનાર પુરુષ એમના શરીરના સ્પર્શ માત્રથી જ મૃત્યુ પામતો. ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં આવી વિષકન્યાઓ તૈયાર કરવાની સલાહ આપે છે. સ્ત્રી-પુરુષના કામસંબંધને

રાજકારણમા શું એકસપ્લોઈટ કરવામાં નથી આવ્યો? સમગ્ર રાજકારણ, સમગ્ર અર્થકારણ શું ભૂખ અને કામસંબંધથી બંધાયેલાં નથી? તો પછી આ સમસ્યા વિશે મોટું આંદોલન શા માટે કરવામાં નથી આવતું? જે રીતે, સન તેંતાળીસમાં દુષ્કાળ ફેલાયો ત્યારે બંગાળી લોકો ખુલ્લંખુલ્લા રસ્તાઓ, મેદાનોમાં, આબરૂદારીના પડદામાં છુપાઈને રોજબરોજ ભૂખે મરતા કરોડો લોકોના પ્રતીક બની જગજાહેર થઈ ગયા હતા – ભૂખથી સુકાઈ-સુકાઈને, તરફડીને, પગ ઢસરડી-ઢસરડીને મરતા એ શહીદો ઊંચા ઊંચા આદર્શોનો ઢોલ પીટી પશ્ચિમી દુનિયાનાં મેદાનોમાં બોમ્બ ને ટેન્કોથી લડતા એ સમગ્ર રાજકારણ અને અર્થકારણની પોલ ઉઘાડી પાડી રહ્યા હતા.

એ જ રીતે શું વિશ્વની આધુનિક અર્થનીતિ સ્ત્રીની ઈજ્જતનો ખુલ્લો તમાશો દર્શાવવા માટે સભ્યતા અને સંસ્કૃતિનો પ્રલયકારી દુષ્કાળ રજૂ કરશે? દુનિયામાં જે દિવસે આ દૃશ્ય ક્યાંય પણ દેખાશે તે દિવસે આખી દુનિયા જ ભૂંસાઈ જશે.

વિચારોમાં અટવાયેલા સજ્જનનું મન પાકેલા ગુમડાની માફક તીક્ષ્ણ સણકા મારવા માંડ્યું. ધનવતી વૈદ્યાનું હાસ્ય એને હોશમાં લઈ આવ્યું. પોતાની નાની ભૂરી આંખોમાં ઊંડી કામુકતા ભરી લટકાથી ધનવતીએ કહ્યું, 'કોના ધ્યાનમાં ડૂબ્યા છો વિશ્વામિત્રજી? તમારી મેનકા આવી ગઈ.'

સજ્જને ઉત્સુક પ્રેમીનો અભિનય કર્યો, પરંતુ પોતાની વિચાર-ગંભીરતાના પ્રભાવમાંથી તરત છૂટી ન શક્યો.

સામેના ઓરડામાં મંત્રી મહાશયનું ગોપી-કૃષ્ણ સંબંધી પ્રવચન ચાલતું હતું. ધનવતીએ ઓરડાનું બારણું બંધ કર્યું અને સામેના એક દરવાજા પર ધીમેથી ટકોરો માર્યો. સજ્જનને અચાનક 'ચન્દ્રકાન્તા સંતતિ'ની જાદુઈ હવા યાદ આવી ગઈ. હસવું આવ્યું, પણ સાથે જ, ઈમારતને ઘેરીને ઊભેલી પોલીસ પણ યાદ આવી. ધનવતીની હાજરીમાં પોલીસ યાદ આવવાથી એનું મન સંકોચથી ભરાઈ ગયું. એને પોતે અપરાધી લાગવા માંડ્યો.

બારણું અંદરથી ખૂલી ગયું હતું. ધનવતીએ ફરીથી એને એવી જ ઊંડી કામુક દૃષ્ટિ અને સ્મિત સાથે આમંત્રણ આપ્યું. એ સમયે પોતાની અંદર જ ઊભરાતી અપરાધ-ભાવનાના સંકુચિત વર્તુળમાં પોતાના ઉદ્દેશની ગંભીરતાને અટવાયેલી અનુભવી સજ્જન ગૂંગળાઈ રહ્યો હતો! અને આ ગૂંગળામણ કસમયની હતી, એટલે એને બળપૂર્વક હટાવી રહ્યો હતો. ધનવતીની કામભેદભરી દૃષ્ટિ અને સ્મિતમાં એને, ધૂની હાસ્ય-વિનોદ સાથે સડેલી તાડીની વાસ આવતી હતી, સ્કોચ કે શેમ્પેનની નહિ.

અંદરની સાંકડી ઓરડીમાં અંધારું હતું. જે બારણામાંથી સજ્જને અંદર પ્રવેશ કર્યો હતો એની બરાબર સામે એક બીજું બંધ બારણું હતું. રસ્તા તરફની દીવાલમાં ઊંચે લગાવેલી બત્તીથી ઓરડીમાં આછું અજવાળું પડતું હતું. બૉક્સ, ડબ્બાઓ અને અથાણાંની બરણીઓથી ભરેલી અભેરાઈની પૃષ્ઠભૂમિમાં દૂધિયા રંગની પથારી પાથરેલ એક પલંગ પડ્યો હતો; અને પલંગની ધારે એક કોમળકાય સુંદરી ઊભી હતી, સજ્જનની સંકોચાયેલી, ડરેલી, ઝનૂન ભરેલી દૃષ્ટિ જાણી-જોઈને – હઠપૂર્વક – ક્ષણ બે ક્ષણ અટકીને જ એના પર પડી.

ધનવતીએ વીજળીની ચાંપ દાબી. સજ્જનના સંકોચાતા મનમાં કામસૌંદર્યનું અજવાળું પથરાઈ ગયું. બે અપરિચિત, મોટી, મીનાકાર, તરસી, શરમભરી આંખો અડધાં પોપચાં ઊંચકી એને તાકી રહી હતી. ચિકનનાં સાડી-બ્લાઉઝ પહેરેલ, કોમળ સુડોળ શરીર, લાંબું પાતળું નાક, કાથાના રંગે રંગાયેલા પાતળા હોઠ, અણીદાર ચિબુક અને મધ્યમ કદના કપાળવાળી સુંદરીની ઉંમર લગભગ ત્રીસ-બત્રીસની હશે. એનાં નાક, ડાબી બાજુના પાલવમાંથી નીકળતા કાન અને ગળાના થોડાક ખુલ્લા ભાગમાં મોતી ચમકી રહ્યા હતા. બંને હાથ પાલવમાં ઢાંકી, પોતાની જાતને ખૂબ સંકોચી, ડાબા પગનો અંગૂઠો કચડતી એ એવી અદાથી ઊભી હતી કે સજ્જનનો કલાકાર પ્રસન્ન થઈ ગયો! શું અદા, શું મરોડ, શું નજાકત છે! યુવતી ખરેખર સુંદર હતી; સાથે જ, પહેલી જ નજરે એ પણ સ્પષ્ટ જણાતું હતું કે એ કોઈક મોટા કુટુંબની હતી અને એનો ઘણોખરો ઉછેર પડદામાં થયો હતો, એના ચહેરા પર એરિસ્ટોક્રેટિક અદા હતી, એ 'મહિલા' લાગતી હતી.

યુવતીના ચહેરા પર એકીટશે નજર માંડી સજ્જનના હાથ આપોઆપ નમસ્કાર માટે જોડાઈ ગયા. ત્યાંથી પણ નાજુક, પાતળી, લાંબી, રંગેલા નખવાળી આંગળીઓ પાલવમાંથી બહાર નીકળી જોડાઈ ગઈ. હોઠ પર સ્મિતની રેખા અંકાઈ ગઈ, જે ખૂબ સજીવ, ખૂબ આકર્ષક હતી.

ધનવતીએ (સજ્જનની દૃષ્ટિએ એ સમયે 'તાડીની વાસ') બંને પર નશીલી નજર નાખી હસીને શેરની એક પંક્તિ સંભળાવી, 'ઉલ્ફત કા જબ મઝા હૈ કિ દોનોં હો બેકરાર. હા-હા, આવો આવો કલાનો વૈભવ તો જુઓ.'

ધનવતીએ સજ્જનનો હાથ પકડી એને પલંગ તરફ આગળ કર્યો. 'તાડીની વાસ'નો તાવ જેવો ગરમ ગરમ સ્પર્શ, એની ગંદી વાત સજ્જનને ખટકી. એ તરત હોશમાં આવી ગયો. બહાર પોલીસની ચોકી એના ઈશારાની રાહ જોતી ઊભી હતી.

સમયની ગતિ અત્યારે સજ્જનને કમાનથી છૂટેલા તીર જેવી તીવ્ર લાગતી હતી. એક ઘૃણાજનક ષડ્યંત્રને ખુલ્લું પાડવા માટે પોતે કાવતરાખોર બની પ્રેમીનો

ઢોંગ કરી એક કુલીન, ગુપ્ત વ્યભિચારિણી સુંદરીની સાથે, ધનવતીના ગયા બાદ એકલો બેઠોબેઠો સજ્જન પોતાના આંતર્દ્વન્દ્વથી ખૂબ દુઃખી થઈ રહ્યો હતો — 'આ મેં કેવું પાપ માથે લઈ લીધું? ક્ષણવારમાં જ કેટલી સભ્ય સ્ત્રીઓની આબરૂ ધૂળમાં મળી જશે? પોતાના ઘરના પુરુષો સામે સ્ત્રીઓની શું દશા થશે? એમનું આખું જીવન બરબાદ થઈ જશે. આ મેં શું કર્યું? મેં ખૂબ ખોટું કર્યું.' પોતાને વારંવાર ખરાબ કહી, દુઃખી થવાની સાથેસાથે જ એ પોતાની પૂર્વ ચેતનાથી પણ ધકેલાઈ રહ્યો હતો. એ એક સામાજિક ગંદકીને ઉઘાડી પાડી રહ્યો છે. એ કોઈ ખરાબ કામ નથી. જો આમ ન થાય તો સમાજ બદલાશે શી રીતે? સિદ્ધાંતને ખાતર નિર્મોહી પણ થવું પડે છે.

સામે બેઠેલી યુવતી પોતાની વાતોથી એને બીજી દિશામાં ખેંચી જતી હતી. મનના ભયંકર ઉહાપોહની સાથેસાથે સજ્જનને એની સાથે સરસ વાતો કરવાની ફરજ પણ પડતી હતી, જેને કારણે વચ્ચે વચ્ચે એ થોથવાઈ પણ જતો હતો, વચ્ચે એકવાર ધનવતી મીઠાઈ અને ચા મૂકવા માટે આવી હતી. એ યુવતી એક મોટા ઠેકેદાર અને લોખંડની ફર્મના માલિકની પત્ની હતી. એણે પોતાના પતિનું નામ, પોતાના ઘરનું સરનામું વગેરે કશું જ ન જણાવ્યું. સજ્જને પૂછ્યું તો એણે ખૂબ ચતુરાઈથી એ પ્રશ્ન ઉડાવી દીધો. હસીને કહ્યું, 'તમે પોપટ-મેનાની વાત સાંભળી છેને? એક ક્યાંકથી ઊડીને આવ્યો, એક બીજો ક્યાંકથી. બંને એક ડાળ પર બેઠાં હતાં અને બંનેને દોસ્તી થઈ ગઈ. આટલું જ ઘણું પૂરતું છે.'

વાતવાતમાં પૂછવાથી એ યુવતીએ એટલું જરૂર કહ્યું કે એના ને એના પતિના મનનો મેળ નથી. પત્ની પોતાની રીતે શૃંગારપ્રિય છે, રોમાન્ટિક છે, અને કવિતા, શેર-શાયરી વગેરેમાં રસ ધરાવનારી છે. જો કે ઊંચા સાહિત્યનું એને ખાસ આકર્ષણ નથી, પરંતુ એ રસિક છે અને એનો પતિ વિશુદ્ધ વ્યાપારી, જેને માટે સ્ત્રી-પુરુષનો સંબંધ કેવળ દેહભોગ જ છે. એ સ્ત્રી કામેચ્છાથી પીડિત રહેનારી સ્ત્રી નહોતી. એને એક એવા સાથીની ભૂખ હતી જે એને વાતચીતથી, પોતાના હાવભાવથી, પોતાની સરસતાથી રીઝવી શકે.

એની વાતો પરથી સજ્જને એવું અનુમાન પણ કર્યું કે પતિ પ્રત્યે તીવ્ર ઘૃણા હોવાને કારણે એ અજાણ પુરુષને પોતાનો દેહ સોંપી જાણે પતિ પર છાનો બદલો લે છે. સજ્જને અચાનક એને એક અટપટો સવાલ પૂછ્યો કે લગ્ન પહેલાં પણ શું તે આ રીતે અન્ય પુરુષને મળી હતી, અને એનો જવાબ એને 'હા' માં મળ્યો. એક વાર ધનવતીને એનો ઉપચાર કરવા બોલવવામાં આવી હતી અને ત્યારથી બંનેનો પરિચય છે. થોડા જ દિવસમાં ધનવતી એની પરમ મિત્ર બની ગઈ. એની

એકલતા ઘણીખરી દૂર થઈ ગઈ. સજ્જનના પૂછવા પર એણે એવું પણ કહ્યું કે અન્ય પુરુષોને આ રીતે મળવામાં એને કોઈ સંકોચ નથી થતો. જો પુરુષો આ રીતે મળી શકે તો સ્ત્રીઓ પણ શા માટે ન મળે? સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અરક્ષિત હોવાને લીધે જ એ પોતાના આવા સંબંધોને ગુપ્ત રાખવા માગે છે – બસ, બીજું કોઈ કારણ નથી.

સ્ત્રી આકર્ષક હોવા છતાં દુરાચારી છે. પોતાની વાતોથી મોહ પમાડનારી હોવા છતાં, કુટિલ છે અને છતાં પોતાના સ્વભાવની મસ્તીને કારણે એક રીતે સરળ પણ છે. સજ્જન એનું કશું બગાડવા માગતો નથી, એણે એવો નિશ્ચય કરી લીધો. એણે એ યુવતીને પોતાનું રહસ્ય કહી દીધું, યુવતી ચોંકી ઊઠી. પરંતુ સજ્જને એને આશ્વાસન આપ્યું કે જો તે એની સલાહ પ્રમાણે કામ કરશે તો એના પર પોતે કોઈ અપકાર નહિ કરે. સજ્જને યુવતીને સ્પષ્ટ ચેતવણી આપી કે એ ધનવતીને આ પ્રકારનો રહસ્ય જણાવ્યા વિના ચુપચાપ ચાલી જાય.

યુવતીના ગયા પછી પંદર મિનિટ બાદ જ આસપાસનાં બજાર, ઘરો અને રસ્તે ચાલતા લોકો માટે એક સનસનાટી ભર્યો તમાશો થઈ ગયો. બીજે દિવસે છાપાંઓનાં મહિલા સેવામંડળની ઉઘાડી પડેલી પોલ પહેલા પાનાના સમાચાર બની દરેક વ્યક્તિની જીભે ચર્ચાનો વિષય બની ગઇ. સજ્જન વર્માનું નામ એ દિવસે આ ઘટનાને કારણે શહેરમાં ચમત્કારિક રીતે જેટલું પ્રસિદ્ધ થયું એટલું કલાના ક્ષેત્રમાં ક્યારેય નહોતું થયું.

સજ્જનના દાખલાએ કેટલાક દિવસ સુધી શહેરમાં જાતજાતની સામાજિક પોલ ઉઘાડી પાડવાની હવા દોડાવી, અનેક યુવકો આ રીતે હીરો બની યશ લૂંટવા માટે કામ કરવા લાગ્યા. કોણ જાણે કેટલીયે રીતે સમાજને ઠગનાર સંસ્થાઓ પ્રત્યે લોકોનું ધ્યાન નવી રીતે દોરાયું. ગાયને નામે, રામલીલા, કીર્તનમંડળને નામે, અનેક સામાજિક ટ્રસ્ટના નામ પર લોકો કેવી રીતે ધંધો કરે છે, સમાજમાં લગભગ રોજ બનતી, સૌની જાણીતી આ બાબત સામૂહિક રૂપે એક નવી ચિંતાનો પ્રશ્ન બની વિચારશીલ લોકો સમક્ષ આવવા માંડી. મસ્જિદો, મંદિરોના કાંગરાથી ઘેરાયેલી, કીર્તનો, સત્યનારાયણની કથાઓ, મિલાદશરીફ, ભજનો, સંબંધોથી ગૂંજતી સભ્ય આબરૂદારોની આબાદી પોતાના સ્તરે કેટલી બિનપાયાદાર અને ગંદી છે એ ભાવ કેટલાયના મનમાં એક વિચિત્ર પ્રકારની અનાસ્થાભરી યંત્રણા ઉત્પન્ન કરવા લાગ્યો. જે આસ્થાઓ પર આપણે જીવન-મરણનો ઢોંગ કરીએ છીએ એ આસ્થાઓ કેટલી અશક્ત છે એ વાત અનેક વિચારશીલ લોકોના મનમાં ખટકવા લાગી.

પિસ્તાળીસ

હનુમાનજીના મંદિરથી થોડે દૂર ચોરા પર બેસી હુક્કો ગડગડાવતા લાલા મુકુંદીમલ શાકવાળા સાથે કંઈ ઝઘડો કરી રહ્યા હતા. મંદિરના નજીક, મોટી મોટી ભરાવદાર મૂછો અને કસરતી દેહવાળો એક બ્રાહ્મણ રામચરિત માનસનો પાઠ કરી રહ્યો હતો :

'નાયિ ચરન સિરુ કહ કર જોરી।
નાથ મોહિં કછુ નાહિં ન ખોરી॥
અતિશય પ્રબલ દેવ તવ માયા।
છૂટઈ રામ કરહુ જો દાયા॥

'અબે, મંડાલામાં પેસવાનું બંધ કરાવી દઈશ! સાલો, મારી સાથે છુબાજોટી કરે છે!!' લાલા મુકુંદીમલ શાકવાળા પર જોરથી ઊકળી પડ્યા.

'ચાર ડબલ શેરની તો મારી ખરીદી નથી લાલા, હું કેવી રીતે આપું? આવા મોટા – વયોવૃદ્ધ થઈને તમે તો મારા પર નકામા ગરમ થઈ રહ્યા છો!'

'જો સાલો, મારી સાથે ઝઘડો કરે છે. સાલી જાત જ ટકાની! સુઅર! અરે હરિયા! ઉઠાવ આનો ઝોળો ને ગટરમાં ફેંકી દે!'

'બિષય બસ્ય સુન નર મુનિ સ્વામી।
મૈં પામર પશુ કપિ અતિ કામી॥
નારિ – નયન – સર જાહિ ન લાગા।
ઘોર – ક્રોધ – તમ નીસિ જો જાગા॥
લોભ પાસ જેહિ ગર ન બંધાયા।
સો નર તુમ સમાન રઘુરાયા॥'

લાલા મુકુંદીમલ અને શાકવાળા વચ્ચે થતા લંકાકાંડની અસર તળે જરા પણ આવ્યા વિના રામાયણીજી તન્મય સ્વરે ડોલતા ડોલતા રામાયણનો પાઠ કરી રહ્યા હતા. બે સ્ત્રીઓ આવી, હનુમાનજી પર ફૂલ અને શિવજી પર પાણી તથા ફૂલ ચડાવી, સ્તુતિ અને શ્લોકને બદલે કોઈકની પત્ની અને મા પર કોઈકના દ્વારા થનાર અત્યાચારની અંદરોઅંદર ચર્ચા કરતી ચાલી ગઈ. બાબુ રાધેશ્યામ ત્રીજી આંગળીમાં સિગારેટ દબાવી મુઠ્ઠી વાળી, દમ ખેંચતાં, છાપું લઈને દાખલ થયા. લાલા જાનકીશરણના મુનીમ કુંજીલાલ બગલમાં ચોપડો દબાવી ક્યાંક જતા હતા ત્યાં લાલા મુકુંદીમલની ચલમ ઉઠાવી બે ફૂંક મારવાની લાલચમાં ઊભા રહી ગયા.

જોરજોરથી બૂમો પાડવાને લીધે લાલાને ઉધરસ ચડી ગઈ હતી. એ ઉધરસ ખાતાં ખાતાં કુંજીલાલને ફરિયાદ કરી રહ્યા હતા, 'સાલા ટકે શેર તો બજારમાં જોઈએ તેટલા મળતા હશે, અમે એક આનો કહ્યો એમાં શું ખોટું કહ્યું ? મહોલ્લામાં હવે સંપ નથી કુંજીલાલ, નહિ તો સાલાને અહીં કદી ઘૂસવા ન દઉં.'

સજ્જને ગલીમાં પ્રવેશ કર્યો. બાબુ રાધેશ્યામ એને જોતાં જ ઉત્સાહભર્યા સ્વરમાં બોલ્યા, 'આવો, પધારો, આજકાલ તો તમે ઘણી નામના મેળવી છે બાબુસાહેબ ! હા-હા-હા. એવો મસ્ત ભાંડો ફોડયો મહિલામંડળનો કે તબિયત ખુશ થઈ ગઈ. બેસો – બેસો !'

'અરે ભાઈ, કન્નોમલના પૌત્ર આવ્યા છે ?'

'જી હા, લાલાજી પ્રણામ કરું છું !' સજ્જને ચોરા પર બેસતાં પહેલાં લાલા મુકુંદીમલને હાથ જોડ્યા.

'ખુશ રહો ભાઈ, તેં તો ખરો ઝંડો ફરકાવી દીધો.'

સજ્જન પોતાની પ્રશંસાથી સંકોચાયો.

કુંજીલાલ મુનીમે બરછીની અણી જેવી નજર માંડી એકવાર સજ્જનને જોયો. પછી લાલાજીને કહ્યું, 'એમાં અમારો એક ખૂબ પરિચિત છોકરો પણ ફસાયો છે. આબરૂદાર માણસ, બિચારાએ પોલીસને હજારો રૂપિયા ખવડાવ્યા, પણ...'

'કોણ, કોણ ? કોનો છોકરો ફસાયો ?'

'અરે મંગતૂ આડતિયો છે. પોલીસ જ્યારે ત્યાં આવી ત્યારે એનો છોકરો ત્યાં જ હતો.'

'સારું થયું, જે જેવું કરે તેવું પામે.' કહીને બાબુ રાધેશ્યામે ત્રીજી આંગળીમાં દબાવેલી સિગરેટનો દમ ખેંચ્યો.

'બોલવું સહેલું છે બાબુજી, બાકી જેની આબરૂ જતી હોય એના દિલને પૂછો ! કેમ લાલા શું હું ખોટું કહું છું ?' કુંજીલાલ મુનીમે લાલા મુકુંદીમલ પાસેથી પોતાની વાતનું સમર્થન માગ્યું.

'હા ભાઈ, પોતાની આબરૂ બચાવવા તો માણસ બધું જ કરતો હોય છે. આબરૂ ગઈ તો લાખનું ઘર રાખનું ! અરે સુકરુઆ રે ! ચાર પાન દઈ જા તો !'

ચોરીની સામેના ટેકરાની જમણી બાજુ પોતાના ઘર તરફ અવાજ ફેંકતા લાલા મુકુંદીમલે ફરીને હુક્કાની નળી સંભાળી.

સજ્જને કહ્યું, 'આબરૂની જ તો વાત હતી લાલાજી, ત્યાં એક નહિ, સમસ્ત સમાજની લાજ હતી.'

'તમે સાચું કહો છો બાબુસાહેબ !' બાબુ રાધેશ્યામે કહ્યું, 'જે લોકો સમાજની ઇજ્જત સાથે આ રીતે રમે...'

'અરે, બધી સમાજની ઇજ્જત જ છે ! તું તો કાલનો છોકરો છે રાધેશ્યામ, અમારો તો આ જોતાં જોતાં જમાનો વીતી ગયો.' કુંજીલાલ મુનીમે કહ્યું, 'કહો તો તમારા જ મહોલ્લાનાં સારાં સારાં ઘરોની ઇજ્જતનો હાંડલો ફોડી દઉં ! પણ ના, હું તો માનું છું કે જેવી આપણી ઇજ્જત એવી સૌની. પોતાના ધોતિયા નીચે સૌ નાગા. કોને કહેવા જઈએ ?'

'ઇજ્જત હવે રહી જ ક્યાં છે ભાઈ કુંજીલાલ, હવે તો જમાનો બેશરમ થઈ ગયો છે. આ જ પંદર-વીસ વર્ષ પહેલાંની વાત વિચારો, ગરીબમાં ગરીબ હોય, ભલે ઘરમાં ભૂખ્યો સૂઈ રહે, પણ પોતાના સગાઓ સગાની પાસે પણ દુઃખ નહોતાં રોતાં. બોલો, સાચી વાત છે કે નહિ ?'

'ખરું છે લાલા !'

'અને હવે જુઓ. લખપતિ હોય કે ગરીબ હોય, સૌ સૌની સામે આજે એ જ રોદણાં રડે છે કે આવક નથી, ખર્ચને પહોંચી વળાતું નથી. એટલાથી જ સમજી લો કે જમાનામાં હવે ઇજ્જત-આબરૂ રહ્યાં નથી. પોતાની ઇજ્જત પોતાના હાથે ઉઘાડી પાડવી એ જમાનાની ફેશન છે ભાઈ, કોઈ શું કરે ?' આટલું મુકુંદીલાલ બોલ્યા, પછી એમનો હુક્કો બોલવા લાગ્યો.

કુંજીલાલ મુનીમ ક્યાંક જવાનો વિચાર માંડી વાળી ચોરા પર બેસી ગયા, બોલ્યા, 'પહેલાં બધું સસ્તું હતું લાલા, ત્યારે લોકો ગમે તેટલી ગરીબી સહન કરી લેતા હતા. આબરૂનો ડર રહેતો હતો. અરે, અમારા બાળપણમાં રૂપિયે પંદર શેર ઘઉં હતા, અઢાર-વીસ પચીસ શેર સુધીની દાળો, રૂપિયે દોઢ શેર ઘી, રૂપિયે સોળ શેર દૂધ-ભલા, કહો જોઉં, ત્યારે સ્વર્ગ હતું કે નહિ ? અને હવે, છાપામાં બરાબર જ છપાયું છે કે જેટલી સ્ત્રીઓ ત્યાં પકડાઈ એ ગરીબીને કારણે ખરાબ કામ કરતી હતી. ભલા, કહો જોઉં, ગરીબી મોટી કે ઇજ્જત મોટી.'

કુંજીલાલ મુનીમની વાત પર વાત વધારતાં બાબુ રાધેશ્યામ બોલ્યા, 'તમે કહેવા શું માગો છો મુનીમજી ? ક્યારેક ઇજ્જતને વખાણો છો ક્યારેક ગરીબીને.'

'હું કાંઈ આ બધું નથી કહેતો, આબરૂની વાત નીકળી એટલે મેં કહ્યું, જે બિચારી સ્ત્રીએ ગરીબીની મારી કોઈ રીતે લપાઈ-છુપાઈને બે પૈસા કમાઈ લેતી હતી એ બધીને જગજાહેર કરી દેવી એ શું ઇજ્જતનું કામ છે ?' કુંજીલાલની ગબડતી વાતોનો ખડક આ વખતે અનાયાસ જ સજ્જન પર ઢળી પડ્યો. સજ્જને આંખ ઊઠાવી મુનીમજી તરફ જોયું.

બાબુ રાધેશ્યામ પણ એ જ જોશમાં બોલ્યા, 'જી હા, સમાજમાં આવાં આવાં પાપોનો ભાંડો જરૂર ફોડવો જોઈએ. આ બધાં પૈસાવાળાઓનાં કાળાં કામો છે. તમને જનાબ ખરાબ એમ લાગ્યું કે તમારા કોઈ લખપતિ આડતિયાનો છોકરો પકડાઈ ગયો અને એમની આબરૂ ધૂળમાં મળી ગઈ. અરે, હું કહું છું કે આ પૂંજીપતિ લોકો પોતાના સુખ-સ્વાસ્થ્ય માટે કોઈ પણ ગંદામાં ગંદુ કામ કરે છે. નારી જાતિને ન છોડે, ગોસેવાને નામે ગોહત્યાને ન છોડે, રામલીલાને ન છોડે – સાલાઓએ મડદાના કફન સુધ્ધાંમાંથી કમાણી કરી છે. આ સમાજની આબરૂ લૂંટનાર રાક્ષસ તો ધનવાન લોકો જ છે. જેમની ચાકરી કરી કુંજીલાલ મુનીમ જેવા લોકો – ટુકડાખાઉ હલકા ગમે તેવી વાતો કરે છે.' બાબુ રાધેશ્યામનો પારો રિવાજ પ્રમાણે ધનવાન-આલોચનાના દોરડાને સહારે જોશીલા વ્યાખ્યાનના કિલ્લા પર ચડી ગયો. આટલી વારમાં એમની સિગરેટ પર લાંબી રાખ જામી ગઈ હતી. ટુકડો જ બચ્યો હતો. બાબુ રાધેશ્યામે મુઠ્ઠી ઝાટકી રાખ ખંખેરી નાખી અને આંગળી-અંગૂઠામાં સિગરેટ દબાવી છેલ્લા બે દમ ખેંચી ફેંકી દીધી.

સજ્જને ગલીના નાકે મહિપાલને આવતો જોયો. કુંજીલાલ મુનીમ બાબુ રાધેશ્યામની વાતોથી ગુસ્સે થઈ ગયા. બગલમાં પોતાનો ચોપડો દબાવી ઊભા થયા, અને કાંઈક બોલવા જ જતા હતા ત્યાં મુકુંદીમલે એમનો હાથ પકડી પોતાની તરફ નમાવી ધીરેથી કહ્યું, 'કોને મોં ચડો છો કુંજીલાલ, આજકાલ કમનિસ્ટી જમાનો છે, લો, ઊભા રહો, પાન ખાતા જાઓ. અરે મુકરુઆ બે! પાન લાવ્યો નહિ સસરો! અને ચલમ પણ લેતો આવજે.'

વાતો પર વાતો, જૂની યાદો પર અટ્ટહાસ્ય, ફલાણાનો દીકરો અને ફલાણાનો ભાઈ, દસ-પચીસ ગયા જમાનાના કે આજકાલના વૃદ્ધોની જુવાની અને બાળપણની ચર્ચા વિચારણાને બહાને પાછલાં સિત્તેર-એંશી વર્ષના સામાજિક વિકાસથી તસવીરો ક્રમરહિત વખાણાવા છતાં પોતાના મજેદાર પ્રવાહમાં સજ્જન અને મહિપાલની કલ્પનામાં એક પછી એક આવતી હતી. જૂની વાતો કહેવા ને સાંભળવાનો એક અજબ નશો હોય છે. રામાયણી ભક્ત કોણ જાણે ક્યારે ચાલ્યા ગયા; રસ્તે જતા કેટલાય ભક્ત-ભક્તાણી આવ્યા-ગયા. કેટલાય સાથે જૈરામ-જયહિંદ, સારું છે ? -હા. બધી ઈશ્વરની કૃપા છે – વગેરે ત્રૂટક-છૂટક વાતો થઈ; કેટલાક એ બેઠકમાં જોડાઈ પણ ગયા. લીમડાના દાતણથી માંડીને બ્રશ, ટુથ પાવડર અને પેસ્ટ સુધી; સવારના નાસ્તામાં જલેબી-કચોરીથી માંડીને પાઉં–માખણ સુધી; પહેરવેશમાં પાઘડી – અચકન, ખેસ, ઝભ્ભાથી માંડીને અપટુડેટ અંગ્રેજી ફેશન સુધીની અનેકાનેક પ્રકારની વાતો થઈ. સૂરજદેવતા ચોરો છોડી દીવાલ પર જઈ બિરાજ્યા સાડા ત્રણ કલાકે

મિજલસ બરખાસ્ત થઈ. મહિપાલ ચોરા પરથી ઊઠી બજરંગબલી સામે હાથ જોડી, 'શ્રીગુરુ ચરન સરોજ રજ,' વગેરેનો પાઠ કરી 'બોલે મૃત્યુંજય હર હર' ઉચ્ચારી સજ્જન તરફ વળ્યો. સજ્જન વિચારમગ્ન હતો, એણે મહિપાલ તરફ ખોવાયેલી નજરે જોયું. મહિપાલ એ દૃષ્ટિનો જવાબ ન આપી શક્યો, એને બદલે એણે સ્મિત કર્યું.

સજ્જન અચાનક ઘડિયાળ સામે જોઈને બોલ્યો, 'બાર ચાલીસ થઈ ગઈ! હું અહીં તાઈને મળવા આવ્યો હતો, પણ એવી મજેદાર વાતોનો ડાયરો જામેલો કે યાદ ન આવ્યું. તો પણ ખૂબ સરસ સમય પસાર થયો.'

'હા, ખૂબ સરસ વખત ગયો. ઘણા દિવસો પછી આવી મઝા આવી.'

પછી ક્ષણભરનું મૌન આવ્યું. એક ગાય પસાર થઈ રહી હતી, એના શરીર પર ડાંગીનાં નિશાન દેખાતાં હતાં. બંનેની નજર એના પર ગઈ. પછી સજ્જને પૂછ્યું, 'આ તરફ કેમ આવવું થયું?'

'એમ જ, તને મળવાનું મન થઈ ગયું.'

'હું તાઈને ઘેર જાઉં છું. જો ખાસ ઉતાવળ ન હોય તો સાથે ચાલ.'

મહિપાલ કંઈક ચિડાયો, બોલ્યો, 'તો તું જા, હું જાઉં ત્યારે?'

સજ્જને એના તરફ ધ્યાનથી જોયું અને પછી ભાર દઈને કહ્યું, 'જો કોઈ કામ ન હોય તો ચાલ. તાઈએ બોલાવ્યો છે. એમને મળીને પછી જ્યાં કહેશે ત્યાં જઈશું.'

મહિપાલ માની ગયો. બંને 'ગૌશાળા'ના ફાટક તરફ ચાલ્યા. સજ્જનને હવેલીના આ ભાગમાં વિતાવેલા દિવસો યાદ આવવા લાગ્યા. શરણાર્થીનું ષડ્યંત્ર તાઈનાં જાદુનાં પૂતળાં, ચોરોએ કરેલી તાઈની દુર્ગતિ, કન્યાની આવન-જાવન, મોટી બોરનો રોમાંચ...... અચાનક સજ્જને પૂછ્યું, 'અરે, મહાકવિ બોર ક્યાં છે? ઘણા દિવસથી દેખાતા નથી.'

મહિપાલે કહ્યું, 'મેં પણ એને હમણાંથી નથી જોયો. ખૂબ તિરસ્કારપાત્ર વ્યક્તિ છે.'

'કોણ જાણે કેટલાયે હશે. નબળાઈઓ માટે મને હવે લોકો પર ઓછો ગુસ્સો આવે છે. નબળાઈઓ સમાજવ્યાપી હોય છે.'

'નબળાઈઓ જ શા માટે, શક્તિ પણ સમાજવ્યાપી હોય છે...'

સજ્જને તાઈનાં ઘરની સાંકળ ખખડાવી. મહિપાલ વાત અધૂરી મૂકીને અટકી ગયો. અંદરથી તાઈનો અવાજ આવ્યો, 'અરે, કોણ છે દુષ્ટ!'

'ગાળ વિના તો કોઈ સાથે વાત જ નથી કરતી.' મહિપાલે હસીને કહ્યું,

સજ્જને દરવાજા તરફ મોં ફેરવી જોરથી જવાબ આપ્યો, 'હું છું તાઈજી, સજ્જન.'

'દુર્જન કેમ નથી કહેતો રે!'

'એ માત્ર શીલા કહે છે.'

શીલાનું નામ સાંભળી મહિપાલ ગંભીર થઈ ગયો. એ જ સમયે અંદરથી સાંકળ ખખડી, દરવાજો ખૂલ્યો. કન્યા ઊભી હતી. એણે પ્રસન્ન દૃષ્ટિએ પોતાના પતિને જોયો, મહિપાલ સામે હાથ જોડ્યા.

'ક્યાં રોકાઈ ગયો હતો આટલી વાર?' કન્યાએ પતિને પૂછ્યું.

'અહીં જ, ચોરા પર હતો.'

'જુગાર રમતો હતો કન્યાજી, પકડીને લાવ્યો છું.'

કન્યા હસી, કહ્યું, 'તો તમે પણ ત્યાં દાવ લગાવવા જ પહોંચી ગયા હશો,'

'એ ખાલી ગયો, એટલે તો ફરિયાદ કરી રહ્યો છે.' સજ્જન ઉંબરો ઓળંગતાં બોલ્યો.

'બાબાજી આવ્યા છે.' કન્યાએ કહ્યું.

'ક્યાં છે?'

'ઉપર.' કન્યા ઉપરના દાદર તરફ જતાં બોલી.

ઉપર ચૈત્રનો તડકો તપી રહ્યો હતો, તાઈ સૂર્ય તરફ પીઠ કરીને બેઠાં હતી અને કૃષ્ણવર્ણ, પુષ્ટ દેહ અને લંગોટધારી બાબા રામજી પલાંઠી વાળી એની સામે બિરાજમાન હતા. બંનેને જોઈ બાબાજીએ ખૂબ ઉત્સાહથી એમનું સ્વાગત કર્યું. સજ્જન એમને પગે લાગતો હતો ત્યાં તાઈએ પૂછ્યું, 'કેમ રે! આટલા દિવસ ક્યાં હતો?'

'તાઈજી ...અ ...કામમાં પડ્યો હતો.'

'અરે, એવું તો કેવું અભાગિયું કામ હતું કે અહીં આવવાની ફુરસદ જ નહીં! વહુને લીધે એના ખબર-અંતર મળી રહે છે બાબાજી, તો મનને સંતોષ મળે છે – નહિ તો...'

બાબાજી બોલ્યા, 'ના રામભક્તાણી, એની તો હું પણ સાક્ષી આપીશ; જો તારી વહુ અહીં કામ કરતી હતી તો તારો દીકરો પણ બહુ મોટું કામ કરતો હતો.'

'મારી વહુ શેની?'

'અરે, પણ જ્યાં દીકરો તારો છે ત્યાં વહુ તારી થઈ કે નહીં?'

'મેં તો આ કન્નોમલના પૌત્રને સો તોલાના દાગીના આપવાનું કહ્યું હતું, મારી નાતની સારી સારી છોકરીઓ પણ બતાવી...'

'પણ રામભક્તાણી જે કહે તે જ આ દીકરો તારો છે. તો વહુ પણ તારી છે. અને ગોરી નાજુક, કેવી સુંદર – અને જો, એનો સ્વભાવ કેવો સારો છે – ઘરે પતિની સેવા કરે છે, અહીં તારી સેવા કરવા આવે છે, સ્કૂલ ચલાવે છે, ખરાબ શું છે રામભક્તાણી? તું એનાથી અપ્રસન્ન શા માટે છે?'

તાઈએ એકવાર વનકન્યા તરફ આંખ ઉઠાવીને જોયું, બોલી, 'હં, સારી તો છે, પણ એણે શરૂશરૂમાં મને જૂઠું કેમ કહ્યું કે મારી જ નાતની છે...'

સજ્જને હસીને કહ્યું, 'તાઈજી, જસોદાજીના ડરથી તમારા કૃષ્ણ પણ જૂઠું બોલતા હતા.'

વનકન્યા તથા બાબાજી ખડખડાટ હસી પડયાં. મહિપાલે પણ સ્મિત કર્યું, અને તાઈના કાળાકાળા ઠૂંઠા જેવા દાંત પણ ચમકી ઊઠયા. બાબાજીએ કહ્યું, 'હવે તો ભાઈ રામભક્તાણી, તું આને કાંઈ નહિ કહી શકે તું જસોદામાતા છે અને આ તારો કૃષ્ણ કનૈયો છે. એટલે હવે તારે વહુને પણ માફ કરવી પડશે.'

'અરે માફ તો કરી દીધી. હું તો આ કાળમુખીને મારા દિલમાંથી હટાવવાની લાખ કોશિશ કરું છું. પણ એ સેવા એવી કરે છે ને કે શું કહું?'

'તો રામભક્તાણી, તું તારું સો તોલા સોનું એને આપી દે.'

તાઈએ આનો કોઈ જવાબ ન આપ્યો. મહિપાલ તરફ વળીને જોયું, સજ્જનને પૂછ્યું, 'આ કોણ છે?'

'એ બહુ મોટા પંડિત છે તાઈજી!' સજ્જને પટ દઈને જવાબ આપ્યો.

બાબાજીએ પણ કહ્યું, 'બહુ નામી વિદ્વાન છે, રામભક્તાણી.'

તાઈએ તરત મહિપાલ પાસે જમીન પર માથું ટેકવી પ્રણામ કર્યાં. પછી બોલી, 'ધન ભાગ મારા, કે આપ મારે ઘેર પધાર્યા. તો શું તેઓ અહીં જ રહે છે કે બહારથી આવ્યા છે?'

'અહીંના જ છે તાઈજી, એમણે ઘણાં પુસ્તકો પણ લખ્યાં છે.' કન્યાએ ઉત્સાહભર્યા સ્વરે મહિપાલનો વિશેષ પરિચય આપ્યો.

'તો તો એ પંડિતાઈ પણ કરતા હશે?'

'હા તાઈજી, ઘરમાં તો પૂજાપાઠ કરે જ છે.' સજ્જને કહ્યું, 'પણ એ લગ્ન-વિવાહ નથી કરાવી શકતા.'

'હું તો ભાઈ, એવો પંડિત શોધું છું જે ખૂબ સરસ રીતે ભગવાનનાં લગ્ન કરાવી આપે, કેમ બાબાજી? નહિ તો બનારસથી કોઈને બોલાવી લેજો. જે ખર્ચ થશે તે આપીશ.'

'સારી વાત છે, એનો પ્રબંધ કરી દઈશ, રામભક્તાણી.'

'હા, લગ્ન તો ખૂબ સરસ થવાં જોઈએ, બાબાજી. મારી શોકચના અભાગિયા પૌત્રના લગ્નમાં જો આટલી ધામધૂમ થઈ તો ભગવાનજીનાં લગ્નમાં ઘણી વધારે શોભા થવી જોઈએ. અને આ મૂઓ કન્નોમલનો પૌત્ર કાનમાં તેલ પૂરીને બેઠો છે, હવે રહ્યા કેટલા દિવસ, કાલથી મૂઓ વૈશાખ બેઠો, પૂનમે તો લગ્ન છે. ખાલી મહિનો રહ્યો. ન કોઈ ચીજ, ન તૈયારી.'

'અરે રામભક્તાણી, ચીજ-વસ્તુની ફિકર ન કર. અમને બસ, દહેજમાં એક આશ્રમ બનાવી આપજે.' બાબાજીએ કહ્યું.

'અને તાઈજી ચાંદલામાં શું આપશે?' કન્યાએ પૂછ્યું.

મહિપાલે કહ્યું, 'આજકાલ તો મોટીમોટી ચીજો અપાય છે, રેડિયો, સોફાસેટ, ઘડિયાળ...'

'રામભક્તાણી, તું આ બધું અમને આપીશ ? તો શું કૃષ્ણ પરમાત્માનાં લગ્ન કરાવીને તું અમને કોટ-પાટલુન પહેરાવીશ ?' બાબાજીની વાત સાંભળી સૌ હસી પડ્યા.

તાઈ બોલી, 'એટલે તો આજે બોલાવ્યા છે. ચાંદલામાં જુઓ બાબા, મેવા-મીઠાઈ-ફળ તો આવશે જ, પચાસ થાળી પણ નક્કી કરી રાખી છે.'

'અચ્છા, ભલે. એ તો અમે ઘાટ પર વહેંચી દઈશું, બાકીના રૂપિયા તું રોકડા આપી દેજે. એમાંથી અમે આશ્રમ માટે જમીન ખરીદશું. ચાંદલામાં જમીન લગ્નમાં આશ્રમ બનાવવાનો ખર્ચ.'

લગ્નનો બધો પ્રબંધ નક્કી થઈ ગયો. મહિપાલની ઉતાવળને લીધે સજ્જન પણ ઊઠ્યો. કન્યા હવેલી તરફ ચાલી ગઈ. એની પાઠશાળા હજી ચાલુ જ હતી. કન્યાની મદદ માટે હવે બીજી બે સ્ત્રીઓ આવી ગઈ હતી જે સીવણ-ભરત, નકશી અને જરીકામ શીખવતી હતી. કન્યાની પાઠશાળામાં હવે સ્ત્રીઓ પણ પૂરતા પ્રમાણમાં આવવા માંડી હતી. તાઈની હવેલીમાં સજ્જનનો સ્ટુડિયોવાળો ઓરડો હવે એના એક બુઝાયેલા શોખના પરિચાયક જેવો જ પડ્યો હતો. ઘણા વખતથી સજ્જને કોઈ ચિત્ર નહોતું બનાવ્યું અને જે થોડુંઘણું પણ કામ કરેલું તે પોતાને બંગલે જ. આજે સજ્જનને થોડું મન થયું, પરંતુ મહિપાલે કહ્યું, 'અહીં સ્ત્રીઓની ધાંધલ રહેશે.'

'આવો રામજી, મારે ત્યાં ચાલો.' બાબાજી કન્યાની પાઠશાળામાં ફરીને એ જ વખતે ત્યાં પહોંચ્યા હતા અને એમની વાત સજ્જન-મહિપાલની વાતોના ક્રમમાં એક નિર્ણયાત્મક પ્રસ્તાવ જેવી બેસી ગઈ, જો કે મહિપાલની ઇચ્છા નહોતી. બાબાજીએ કહ્યું, 'ચાલોને રામજી. દિવ્ય ભાંગ વટાવશું.'

સજ્જને હસીને કહ્યું, 'પણ હજી તો હું જમ્યો પણ નથી બાબાજી, ને મને લાગે છે કે મહિપાલ પણ...'

'હા, હું પણ બસ, ઘેરેથી નાસ્તો કરીને જ નીકળ્યો હતો...'

'તો પછી આજે ફળાહાર જ કરો. રસ્તામાં ક્યાંકથી બધી ચીજ-વસ્તુ લઈ લઈએ અને ફળ પણ લેતા જઈએ, લગભગ અઢી-ત્રણ વાગે અમારે ત્યાં ઘાટ પર એક પંડા-સ્ત્રી દૂધ દોહે છે, આજે એનું બધું દૂધ લઈ લઈશું કેમ રામજી, શું વિચાર છે?' બાબાજીએ મહિપાલની પીઠ પર હાથ રાખીને પૂછ્યું અને આગળ બોલ્યા, 'મતલબ એ છે કે મારો વિચાર હતો કે આપ બંને મહાનુભાવ મળી ગયા છો તો કાંઈ યોગ્ય સલાહ-વિચારણા થઈ જાય. આટલા પૈસા મળશે તો એનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ? એ બધું વિચારી લઈએ.'

મહિપાલ પછી નિરુત્તર થઈ ગયો.

છેતાળીસ

બાબાજીના આશ્રમથી એ લોકો જલ્દી જ પાછા આવી ગયા; મહિપાલની એવી ઇચ્છા હતી. મહિપાલે આગ્રહ કર્યો કે કપૂર હોટેલમાં જઈ પીણું લેવું. સજ્જને દારૂ પ્રત્યેથી મન ફેરવી લીધું હતું. છતાં એ મહિપાલ સાથે જવા તૈયાર થઈ ગયો.

મહિપાલે કહ્યું, 'મને સમજ નથી પડતી કે લોકો એકાએક કોઈ ચીજ કેવી રીતે છોડી દે છે?'

'કેમ? તું તો આદર્શવાદી લેખક છે. અનેકવાર અનેક ચીજો છોડવા અને અપનાવવાનો ઉપદેશ તારા સાહિત્યમાં આપી ચૂક્યો છે.'

મહિપાલને સજ્જનનો આ કટાક્ષ ખટક્યો. પરંતુ એ થોડીવાર મૌન રહ્યો, પછી બોલ્યો, 'વિચારવું સહેલું છે, કરવું ખૂબ મુશ્કેલ છે. શું તું પોતાને વિશે આવું નહિ કહી શકે?'

સજ્જન ગંભીર થઈ ગયો; બોલ્યો, 'હા અને ના પણ.'

'શી રીતે?'

'મને લાગે છે કે મારી નિશ્ચયાત્મક બુદ્ધિ તારાથી વિશેષ છે. સામાન્ય રીતે મનમાં એક નિશ્ચય કરી લીધા બાદ હું એને મારી લાઈફમાં અપનાવી લઉં છું.'

'એક વાત કહે, તેં જે વિહ્વળતા અને જે ઉદ્દેશ સાથે તારો આ મહોલ્લા-પ્રયોગ શરૂ કરેલો એને તારી નિશ્ચયાત્મક બુદ્ધિ ક્યાં સુધી આગળ ધપાવી શકી?'

સજ્જન ચૂપ રહ્યો, વિચારતો રહ્યો, ગાડી ચલાવતો રહ્યો. મહિપાલે ફરી પૂછ્યું. સજ્જન બોલ્યો, 'રોમાંસમાં ખોવાઈ ગયો દોસ્ત, નહિ તો કદાચ આજ સુધીમાં હું ઘણું કરી શક્યો હોત.'

'રોમાંસમાં કેમ ખોવાયો ?'

'મારા જીવનમાં ઊણપ હતી.'

'મારા જીવનમાં પણ ઘણી ઊણપો છે. એને કારણે જ હું પણ હારી જાઉં છું.' મહિપાલે એક ઊંડો ઊંડો શ્વાસ લઈને કહ્યું.

પછી ઘણી વાર સુધી પરસ્પર વાત ન થઈ, બંને પોતપોતાના વિચારોમાં મગ્ન રહ્યા. કપૂર હોટેલમાં મેનેજરને કહી એમણે ઉપરના એક ખાલી ઓરડામાં બેસવાની સગવડ કરી, મહિપાલે કહ્યું, 'આજ સવારથી મારું મન ઉદ્વિગ્ન છે.'

'કેમ ?'

'લાગે છે કે મારો અંતકાળ નજીક આવી ગયો છે.'

'ગાંડો છે. કોઈ સપનું જોયું હતું શું ?'

'હા.'

'એને કારણે જ બેચેની છે ?'

'હા.'

'સ્વપ્ન તો કેવળ મગજની ઉપજ હોય છે.'

'દર વખતે એવું નથી હોતું, અને સ્વપ્ન તો એક સંકેત છે. મને લાગે છે કે મારી ઊણપો મને ડુબાડી દેશે. હવે હું એની સાથે લડી નથી શકતો.'

'કેવું સ્વપ્ન જોયું હતું ?'

'સ્વપ્ન – એવું જોયું કે હું એક ખૂબ ઘૃણાજનક, ફાટેલાં ચીંથરાં, માટીનાં ભાંગેલાં વાસણ, ગંદકીથી ખરડાયેલા રૂ ને પાટાથી ભરેલી એક તંગ ગલીમાંથી પસાર થઈ રહ્યો છું.'

'બીજું કોઈ દેખાયું ?'

'કાંઈ નહિ, હું એકલો જ.'

'પછી ?'

'ચાલતાં ચાલતાં થાકી ગયો. ઇચ્છા થવા લાગી કે આમાંથી બહાર નીકળું. પણ નીકળી ન શક્યો. સપનામાં મારી જે બેચેની વધી એનું વર્ણન તને શી રીતે કરું સજ્જન ? એ એક અનુભવ હતો.'

'પછી ?'

'પછી હું એક નદીના કિનારે પહોંચ્યો, એક હોડી જતી હતી, લોકોથી ભરેલી. એ બધાં મને બોલાવવા લાગ્યા. હોડીને કિનારે લાવ્યા. હું એમાં બેસી ગયો. ઘણા પરિચિતો પણ હતા.'

'કોણ-કોણ ?'

'શીલા, કલ્યાણી, કર્નલ, મારો એક મામાનો દીકરો, ને બીજા કોણ જાણે કેટલાય.'

'પછી ?'

'પછી પ્રવાહ વચ્ચે પહોંચી હોડી ઊંધી વળી ગઈ. બધા તરવા લાગ્યા. લીલા-લીલા પાણીને તળિયે ઘણા બધા કાંગરા, મિનારા અને ખંડેરો ચમકી રહ્યા હતાં. એ ખંડેરો મને ખેંચવા લાગ્યાં.'

'પછી ?'

'હું મારી સાથે ઘણાને ખેંચીને લઈ ગયો. પણ થોડી વાર પછી બીજા બધા તો મારી દૃષ્ટિથી ઓઝલ થઈ ગયા, ને હું નદીની નીચે ખંડેરોમાં સાંકળોથી જકડાઈ ગયો. બહુ ગૂંગળાયો, ખૂબ અકળાયો પણ છૂટી ન શક્યો.'

'તારું કોઈક પ્રકારનું ફ્રસ્ટ્રેશન છે મહિપાલ, આ ગંદકી અને ખંડેર બધાં ફ્રસ્ટ્રેશનનાં જ તો પ્રતીક હોય છે. એને એનાલાઈઝ કરી લે. મોતનો તો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે ?'

મહિપાલ ચૂપ રહ્યો. સજ્જને પોતાની કૉફી પૂરી કરી સિગરેટ સળગાવી અને મહિપાલની સામે સિગરેટકેસ મૂકી દીધું. નશાની અસરમાં થોડી વાર સુધી એકીટશે જોઈને વિચાર્યા બાદ મહિપાલ બોલ્યો, 'તને દિલની એક વાત કહી દઉં, હળવો થઈ જાઉં ...મને તારી ઈર્ષા આવે છે.'

સાંભળીને સજ્જને સ્મિત કર્યું, ચૂપ રહ્યો.

'એક બીજી વાત કહું ? હું તને ચાહું પણ છું.'

'અને કર્નલને ?'

'કર્નલ દેવતા છે. આપણે બંને એનો મુકાબલો ન કરી શકીએ, એની ચેતના ભલે વિકસિત ન હોય, પણ એ બીજા માટે પ્રાણ આપતાં જાણે છે. એક બીજી વાત કહી દઉં સજ્જન ? જીવનમાં કદી હારીશ નહિ.'

'હાર-જીત આપણા હાથમાં થોડી જ હોય છે મહિપાલ, પરિસ્થિતિના કાબૂમાં હોય છે.'

'એ જે હોય તે, થાકીને બેસી જવું એ જ ખરી હાર છે. હું એની જ વાત કરું છું. તેં જે મિશન હાથમાં લીધું છે તે પૂરું કરજે.'

મહિપાલનો આ મૈત્રીપૂર્ણ આદેશ સજ્જનને ખૂબ સ્પર્શી ગયો. એ લાગણીવશ થઈને બોલ્યો, 'તું જો સાથે રહેશે તો આપણે દરેક મંઝિલ સર કરશું.'

હું હવે મારામાંથી બહાર નથી નીકળી શકતો. અને મને પોતાને સમજી પણ નથી શકતો; થાકી ગયો. આજથી દસ-પંદર વર્ષ પહેલાં વિચારતો હતો કે હું ઘણું બધું કરી જઈશ, હું દુનિયા બદલી નાખીશ. ઈશ્વરે મારી સામે જ પરીક્ષા ખડી કરી દીધી. હું મને જ ન બદલી શક્યો ત્યાં દુનિયાને શું બદલું?'

'જવા દે આ બધી વાતો.' સજ્જને કંટાળીને કહ્યું, ને પૂછ્યું, 'આજે સવારે તું શા માટે આવ્યો હતો?'

'એમ જ! કહ્યુંને, મન એકલું પડી ગયું હતું, સાથની જરૂર પડતી હતી. વિચાર્યું કે કર્નલ પાસે જાઉં, પણ એ આ બધી વાતો નથી સમજતો, પછી વિચાર્યું...' મહિપાલ બોલતાં બોલતાં ચૂપ થઈ ગયો ને એક ધીમો નિશ્વાસ નાખ્યો.

સજ્જને એ જોયું અને કહ્યું, 'તું તારા પર ને શીલા પર જબરજસ્તી કરી રહ્યો છે મહિપાલ જે દિવસથી તેં શીલા સાથેનો તારો સંબંધ તોડી નાખવાની જીદ કરી છે ત્યારથી જ તારું આ બધું ફ્રસ્ટ્રેશન શરૂ થયું છે.'

'એ વાત છોડ સજ્જન. ...અચ્છા, જવા દે આ વાતો.' મહિપાલ ટટ્ટાર થઈને બેઠો. ગ્લાસ હાથમાં લઈ સ્કૉચના સોનેરી રંગને ધ્યાનથી જોતો રહ્યો.

સજ્જને પૂછ્યું, 'તારી ભાણેજના લગ્ન ક્યારે છે?'

'અષાઢમાં, અમાવાસ્યા પછી નોમને દિવસે.'

'કન્યા અને ભાભીએ એક વાત નક્કી કરી છે. લગ્ન મારા ઘરેથી થશે.'

'હં.'

'હું આ નિર્ણયથી ખૂબ ખુશ છું. કાલે રાત્રે અમે લોકો વાતચીત કરતા હતા. જાનના ઉતારા માટે રાજાસાહેબની નાની હવેલી ખાલી કરાવી લઈશ. મેં સાંભળ્યું છે કે તમારે ત્યાં છોકરાવાળા બેહદ ઉદ્દંડતાનાં નખરાં દેખાડે છે.'

'દેખાડવા દો સાલાઓને!' મહિપાલે એક સાથે બે ઘૂંટડા ચડાવ્યા.

'અરે, હું દેખાડવા જ નહીં દઉં. ખાતર-બરદાસ્તથી તારા વેવાઈઓને ફ્લેટ કરી દઈશ, પણ છોકરો તો મેં સાંભળ્યું છે, ઘણો એડવાન્સ્ડ છે.'

'હા.'

'તોય આ બધી નાદાની હશે.'

'કહી ન શકું.'

'અચ્છા મહિપાલ, એક મઝાની વાત જો, આજે સવારે આપણી કેટલી વાતો સાંભળી, આ વાતો પુરવાર શું કરે છે? – સુધારક સમાજ આગળ વધ્યો,

આ રીઍક્શનરીઝ પાછા હટ્યા, પણ આટલું બધું થયા પછી પણ આ રીઍક્શનરીઓની – મંદ બુદ્ધિવાળાની આજ સુધી બોલબાલા છે. એ કેવી વાત છે?'

મહિપાલ થોડી વાર મૌન રહ્યો. સજ્જન ઉત્તરની પ્રતીક્ષામાં એની તરફ એકીટશે જોઈ રહ્યો, પછી આશા બાંધીને બેઠેલા નિરાશ ભિખારીની માફક એણે એ તરફથી નજર ફેરવી લીધી અને બારીની બહાર જોવા લાગ્યો. મહિપાલે સિગરેટની રાખ એશ-ટ્રેમાં ખંખેરી અને કહ્યું, 'તારી વાતનો જવાબ તો સજ્જન, મારી પાસે છે, પરંતુ પ્રમાણિકતાની વાત એ છે કે હું એ કહેવા માટે મને પોતાને અધિકારી માનતો નથી.'

'કેમ?'

'એટલા માટે કે મેં એનો અમલ નથી કર્યો.'

'તોય, તું શું માને છે?'

'કહેવું નકામું છે. જીવનના અંતિમ દિવસોમાં હવે જૂઠું નહિ બોલું. અને જૂઠાણું મારી ચેતનામાં સમાયું છે એને પ્રગટ કરી દેવાનું સામર્થ્ય જ્યાં સુધી મારામાં ન પામું ત્યાં સુધી સત્યનું વર્ણન કરવું એ મારે માટે ચોખ્ખો દંભ જ હશે.'

સજ્જન અકળાઈ ગયો, બોલ્યો, 'મહિપાલ, તારું આ ગાંડપણ હવે કંટાળો આપે છે. એક સ્વપ્ન તારું મગજ ખરાબ કરી દે એથી વધુ શરમજનક બાબત કોઈ પણ ભણેલા-ગણેલા માનવી માટે ન હોઈ શકે. માની લે કે તું એક સત્યનું પાલન ન કરી શક્યો, પરંતુ એને પ્રગટ કરી બીજા કોઈને તો તું શક્તિ આપી શકે!'

'મારી પાસે શક્તિ જ નથી, આપું ક્યાંથી? તેં મોહમ્મદ અને ગોળ ખાનાર છોકરાની વાર્તા સાંભળી છે ને? જ્યાં સુધી મોહમ્મદ ગોળ ખાય છે ત્યાં સુધી ગોળ ખાનાર બાળકને એ ન ખાવાનો ઉપદેશ ન આપી શકે. ...પણ ખેર. અહીં પરિસ્થિતિ જુદી છે. તું પહેલેથી જ ગોળ ન ખાનારમાંનો છો.'

'રહસ્યવાદી ન બન મહિપાલ!'

'રહસ્યનો પ્રશ્ન નથી. વાત સીધી જ છે, પરંતુ કેટલાંય હજાર વર્ષોના અથાક પરિશ્રમ પછી પણ હિન્દુસ્તાનમાંથી એ ખરાબીનાં મૂળ નથી ઉખાડી શકાયાં. હવે છૂટાછવાયા પ્રયોગો તો ઘણા થવા માંડ્યા છે, પરંતુ સામાજિક સ્તર પર એની મુદ્દલ અસર નથી થઈ. સુધારો તેં પોતે પણ કર્યો છે, પરંતુ કેવળ તેં જ કર્યો છે.'

સજ્જન એક રીતે હતાશ થઈ ગયો. મહિપાલ નશામાં છે, વિષાદમાં ડૂબેલો છે. એ પોતાની જ ગમગીનીમાં ડૂબ્યો રહેશે એમ વિચારી એ ઉદાસ થઈ ગયો. ત્યાં મહિપાલે પોતાની વાતની સ્પષ્ટતા કરી, 'મારો સંદર્ભ જાતિભેદ સાથે છે. હિન્દુસ્તાનમાં જ્યાં સુધી આ જટિલ જાતિભેદ રહેશે ત્યાં સુધી લાખ સુધારા છતાં સમાજને 'માનવસમાજ'ના રૂપમાં પ્રતિષ્ઠિત કરવામાં આપણે અસફળ રહીશું.'

'પરંતુ હવે તો જાતિભેદ ઘણો તૂટવા માંડ્યો છે.'

'સિવીલ લાઈનોમાં સજ્જન, ગલી-મહોલ્લામાં નહિ. આમાં બે-ચાર કેટલા કેસીસ થઈ જાય એથી સામાજિક પરિવર્તન નથી આવતાં.'

'પરંતુ હવે પહેલાં જેટલો તીખો વિરોધ તો છે નહિ.' સજ્જને કહ્યું, 'એટલે કે જ્યારે મેં તાઈજીને વર્મા અને એની પત્ની પ્રતિ સહાનુભૂતિ ધરાવતાં જોયાં ત્યારે હદ થઈ ગઈ. કન્યા માટે પણ એમના મનમાંથી વિરોધ નીકળી ગયો છે. એ એને પોતાના પાણીના ઘડાને અડવા નથી દેતા એ વાત જુદી છે.'

'વર્મા અથવા તારી પત્ની માટે તાઈનો વિરોધ અને જાતિની રક્ષા માટે પોતાનું ખાવા-પીવાનું અલગ રાખવું એમાં જ સમાજની નાડ ધબકે છે. કલ્પના કર કે તાઈ, તું, વર્મા અને તમારી પત્નીઓ આજથી પચાસ વર્ષ પહેલાં જન્મ્યા હોત તો, તમે લોકો મરી જાત તો પણ તાઈ તમારા પ્રત્યે દયા ન દાખવત. એ વખતે ન્યાત-બહાર લગ્ન કરવાં એક અકલ્પનીય બાબત હતી. અને એથી સામાજીક નિષ્ઠા પણ એમને માટે એટલી જ કઠોર હતી. અરે, પહેલા તાઈ જ તમામ લોકો માટે જાદુનાં પૂતળાં બનાવતી રહી. એ એ જ પુરાણી કઠોરતાનું પરિણામ હતું. આજે વધતા જતા આંદોલને રૂઢિવાદીઓના કિલ્લા ઘણા પ્રમાણમાં તોડી પાડ્યા છે, એટલે જમાનો મૌનપૂર્વક તમને સ્વીકારી લે છે, પણ તમારા સિદ્ધાંતને તો આજે પણ સ્વીકારતો નથી.'

'એ જ તો. પ્રશ્ન એ ઊભો થાય છે કે નવો જમાનો નવા સિદ્ધાંતને સાર્વજનિક રૂપે શી રીતે અપનાવશે?'

'કોઈક પ્રબળ શક્તિશાળી આંદોલન દ્વારા! એવું આંદોલન જે વ્યાપક રૂપે જાતિની શૃંખલાને તોડી શકે!' મહિપાલ એકએક શબ્દ વિચારી વિચારીને બોલતો હતો. 'અને એ પણ ખ્યાલમાં રાખજે કે ભારતવર્ષમાં ઘણીવાર થઈ ગયેલા જાતિ-વિરોધની હિસ્ટ્રી આંદોલનકારીઓએ પોતાના ધ્યાનમાં રાખવી પડશે. આ જાતિવાદ એક સમયે ભારતની શક્તિ અને ત્યાર બાદ આપણા નિરંતર પતનનું કારણ રહ્યો છે. સાધારણ રીતે, તું કોઈને જાતિ છોડવાની વાત કર તો એને એમ જ લાગશે કે તું એને એનો હિન્દુધર્મ છોડાવી રહ્યો છે.'

વાત પૂરી થઈ ગઈ. સજ્જન ગંભીર બની વિચારવા લાગ્યો. મહિપાલ પણ પોતાના ગ્લાસનું પીણું અને પ્લેટમાં રાખેલ કબાબ પૂરું કરવાની ક્રિયામાં મૌન રહ્યો. થોડી વાર પછી બંને પક્ષે અચાનક એક સાથે બોલવાની ઇચ્છા જાગી. મહિપાલ પોતાની વાત કહેતાં કહેતાં અટકી ગયો, સજ્જને કહ્યું, ‘કહે–કહે.’

‘હું મારું જીવન આ સમાજને બદલવામાં લગાવી દઈશ. હું એને બદલીને જ જંપીશ. સજ્જનના ચહેરા પર દૃઢતા હતી, મહિપાલ એને જોતો રહ્યો. એકાએક સજ્જનને ખ્યાલ આવ્યો કે મહિપાલ પણ કંઈક કહેવા જતો હતો. એણે મહિપાલને કહ્યું, ‘હાં, કાંઈ કહી રહ્યો હતો, મહિપાલ ?’

‘હું ? ઓહ !’ મહિપાલ હસ્યો, ‘હું કહેતો હતો કે રૂપરતને મને ગાડી આપવાનું વચન આપ્યું છે. વિચારું છું કે શકુંતલાના લગ્ન પછી લઈશ. નહીં તો છોકરાવાળા ક્યાંક મોટર જોઈને વધારે દહેજ માગી બેસશે !’

* * *

થોડી જ વાર પછી મહિપાલ અને સજ્જન પોતપોતાને રસ્તે ચાલ્યા ગયા. મહિપાલને એને ઘરે અથવા એને જ્યાં જવું હોય ત્યાં ગાડીમાં પહોંચાડી દેવાની સજ્જને ખૂબ ઇચ્છા દર્શાવી, પરંતુ મહિપાલે એકલા ફરવાના નિશ્ચિત મૂડમાં સ્પષ્ટ ઇનકાર કરી દીધો. હોટલની ગેલેરી નીચે રસ્તા પર સજ્જનની નાની ફોર્ડ ગાડી ઊભી હતી. જ્યારે સજ્જને સહજભાવે એને ‘પોતાની’ ગાડીમાં મૂકી આવવાનું કહ્યું તો મહિપાલ ‘પોતાની’ના વિચારે ચડી ગયો. એને રૂપરતનની નાની ‘ફિયાટ’ કાર કલ્પનામાં ‘પોતાની’ના રૂપમાં દેખાવા લાગી. રૂપરતનને એને કહ્યું હતું, ‘ગુરુ તમે મહાન લેખક છો એટલે તમારી પાસે ગાડી હોવી જ જોઈએ.’ મહિપાલને એ વિચાર ગમી ગયો. પરંતુ આઠ-દસ હજારની ગાડી ખરીદવી એને માટે સંભવિત નહોતું. વગર કારણે દાન લઈને રૂપરતન પ્રતિ કૃતજ્ઞતા અનુભવવી એ પણ એના અહમ્‌ને ન રુચ્યું. રૂપરતને અઢી-ત્રણ હજાર રૂપિયામાં પોતાની નાની ગાડી વેચવાનો પ્રસ્તાવ મૂક્યો. મહિપાલનું મનડું ડોલી ગયું. ઘરે આવી એણે કલ્યાણી સાથે એની ચર્ચા કરેલી. કારનું નામ સાંભળીને જ બડકઉ, છુટકઉ, રજ્જન, તપ્પુ અને એમની મા વગેરે સૌનું મન લલચાવા લાગ્યું. મહિપાલે એવી પણ ડીંગ મારી કે રૂપરતન એને ભવિષ્યનાં પુસ્તકોની એડવાન્સ રોયલ્ટીના રૂપમાં કાર આપી રહ્યો છે. એ પછી તો કાર જલદી જલદી ઘરે આવે એ ઘરવાળાઓને પરમ આવશ્યક લાગવા માંડ્યું. બડકઉ ડ્રાઈવીંગ શીખવાની યોજના બનાવવા લાગ્યો, કલ્યાણી કારના માસિક હિસાબ કાઢવા લાગી. મહિપાલે કહ્યું કે એ રૂપરતનના પ્રકાશન વિભાગનું કામ રોજ કલાક-બેકલાક જોવાના બદલામાં એની પાસેથી ગાડીનું લખ્યું

લઈ લેશે. એ પછી તો કશું વિચારવાની જરૂર જ ન રહી. છોકરાઓ અકળાવા લાગ્યા, પરંતુ કલ્યાણીને શકુંતલાનાં લગ્ન પહેલાં ગાડી ઘરે લાવવામાં વ્યવહારિક મુશ્કેલી જણાઈ. એને ડર હતો કે ગાડીનો વૈભવ જોઈ છોકરાવાળા કોઈક બહાને કંઈ વધુ રકમ ન માગી બેસે. મહિપાલ પણ આ બાબત પર ઢીલો પડી ગયો હતો. અત્યારે સજ્જનની 'પોતાની' પર મહિપાલને 'પોતાની'ની ધૂન પાછી સવાર થઈ ગઈ, એના વારંવાર આગ્રહ કરવા છતાં મહિપાલે એકલા જ રિક્ષામાં જવાનું નક્કી કર્યું. નશાની ભરતીમાં એને સાંજના ગુલઝાર હઝરતગંજનો વૈભવ પોતાના જેવો લાગ્યો. પ્લાઝા સિનેમા અને એની લાંબી છતની પેલે પાર દેખાતા પ્રિન્સ સિનેમા સુધી સ્ત્રી-પુરુષની અવર-જવર સજાવેલી દુકાનોના ચોગાનમાં આંટા મારતી સાજ-શણગારવાળી ખુશનુમા ભીડ; બસ, કાર, સાયકલ અને રિક્ષાઓની આવનજાવનથી ચારે બાજુ વિખરાયેલી રોનક મહિપાલના નશાની લાલીને બમણી કરી રહી હતી. એણે એક તંબોળીને ત્યાં જૂનું બંગલા પાન ખાધું, સિગરેટનું પેકેટ અને માચીસ ખરીદી ખિસ્સામાં નાખ્યાં. દુકાનના અરીસામાં પોતાના રૂઆબદાર નશીલા નૂરને નીરખ્યું અને હનુમાનજીના મંદિરની સામેના રસ્તા વચ્ચેથી પસાર થતી એક ખાલી રિક્ષાને બૂમ પાડી. રિક્ષાવાળો મહિપાલ તરફ એકવાર નજર નાખી આગળ ચાલ્યો ગયો, મહિપાલનો રૂઆબ હચમચી ગયો. રિક્ષાવાળાને પકડી એને હંટરે હંટરે ફટકારવાની એને ઇચ્છા થઈ. નશામાં પગે ચાલવું એને અટપટું અને ખટકે એવું લાગવા માંડ્યું. કારના મૂડ અને એક સાધારણ રિક્ષાવાળાના આ રીતે લાપરવાહી બતાવી ચાલ્યા જવાએ એના રૂઆબને ઉત્તેજનાના સંઘાડા પર ચડાવ્યો. અત્યારે જ જઈને રૂપરતન સાથે ગાડીનો સોદો કરી લેવાની એને ઇચ્છા થઈ. ફળવાળાની દુકાનોની નજીક પહોંચતાં પહોંચતાં એને એક વધુ ખાલી રિક્ષા દેખાઈ... 'ખાલી છે?' ...'ના બાબુજી.' ...મહિપાલનો 'પોતાના' વાહનનો આગ્રહ વધુ તીવ્ર બન્યો રિક્ષાવાળાને તમાચો મારવા અને ગાળ આપવાની તડપ પણ તેજ થઈ, પરંતુ એને એટલું ભાન હતું કે એ આવું કાંઈ ન કરી બેસે. રસ્તો ઓળંગી નરહીના ચાર રસ્તે પહોંચીને પણ રિક્ષાવાળાઓના બોલાવવા છતાં, બદલો લેવાની ભાવનાથી એણે ટાંગો કર્યો. હવે આમતેમ ફરવાની ઇચ્છા વિલીન થઈ ગઈ હતી, એની સામે એક નિશ્ચિત ઉદ્દેશ હતો; એણે રૂપરતનને ત્યાં ગાડીનો સોદો કરવા જવાનું હતું.

ટાંગામાં રૂઆબથી અર્ધ સુતેલા મહીપાલ પોતાની આજુબાજુ જતી ગાડીઓને જોઈ અત્યારે ક્ષુબ્ધ નહોતો થતો. એને અત્યારે બધા ગાડીવાળાઓ પોતાના સગા લાગતા હતા. આ જ રસ્તાઓ પર એક દિવસ મહિપાલની ગાડી પણ ક્યાંક આગળ પાછળ પસાર થતી દેખાયા કરશે અને...આ સામેથી આવતી નાની ગાડીમાં

જે રીતે આગલી સીટ પર એક સ્ત્રી-પુરુષ બેઠાં છે. જે મોટે ભાગે પતિ-પત્ની જ હશે ...કોઈક દિવસ હું પણ કલ્યાણીની સાથે આ જ રીતે...વિચાર આવતાં જ મહિપાલને એમ પણ લાગ્યું કે કલ્યાણીની સાથે ફરવા નીકળવામાં એને ખરેખર કાંઈ મઝા ન આવે. કલ્યાણી જુનવાણી છે. ઘણીવાર એ અને શીલા ગાડીમાં બેસીને નીકળ્યા છે. મહિપાલને શીલા યાદ આવવા લાગી. શીલાએ એનો કોઈ ગુનો નથી કર્યો. તે દિવસે સજ્જનના બંગલે શીલાએ એની કેટલી લાચારી કરી હતી. એને એમ પણ લાગ્યું કે શીલા સાથેનો સંબંધ તોડી એ ખૂબ મોટો અન્યાય કરી રહ્યો છે. અને આ વિચારની સાથે જ એને એવી આશંકા પણ થઈ કે શીલાની સાથે સંબંધ સ્થપાશે તો સમાજવાળા એમ જ સમજશે કે આ બધો વૈભવ શીલાનો છે. મહિપાલ બસ, આ વાતથી જ વિચલિત થઈ જાય છે. ઉપરનનની સાથે રહી પૈસા કમાતાં જો કોઈ એને ટોકે તો એટલો બધો વાંધો નથી. અનેક લોકો અનેકની સાથે આ પ્રકારે આર્થિક વ્યવહારિક સમજૂતી કરે છે, પરંતુ સ્ત્રીની સાથે રહીને એની પાસેથી ધન કમાવાનું કલંક મહિપાલને કદી સારું ન લાગી શકે. એટલે જ એ શીલા સાથે ફરીને સંબંધ સ્થાપિત કરવા નથી માગતો.

ટાંગો શાંત સડક પર દોડી રહ્યો હતો. મહિપાલનું મન શીલા પર સખ્ત રીતે વિચલિત થઈ રહ્યું હતું. એને લાગતું હતું કે એ આ રીતે માનવીના પ્રેમથી વિશેષ લૌકિક વૈભવને મહત્ત્વ આપી રહ્યો છે એ અન્યાય છે. કાર – બંગલા, નોકર-ચાકર અને વિવિધ પ્રકારના આર્થિક વૈભવમાં સુખ અને શાન ભલે હોય, પરંતુ મહાન ભાવનાઓ અને વિચારો પાસે એનું કોઈ મૂલ્ય નથી. પોતાની યુવાનીમાં મહિપાલે કોણ જાણે કેટલીવાર સિદ્ધાંતો ખાતર આર્થિક વૈભવને લાત મારી છે. એણે સિદ્ધાંત ખાતર જ પોતાના મોસાળનો વૈભવ છોડ્યો ઉપરતન સાથેનો સંબંધ તોડ્યો; ભાઈનાં લગ્નમાં દહેજ ન લીધો; ભાઈની ઉન્નતિ માટે પોતાની પત્નીના દાગીના સુધ્ધાં વેચી નાખવામાં પણ એને ક્યારેય મોહ ન થયો; એ જ મહિપાલ આજે આર્થિક વૈભવ માટે ક્યા ક્યા મહાન સિદ્ધાંતોનો ત્યાગ નથી કરતો ? એ કેટલો પવિત્ર થઈ ગયો છે ! મહિનાઓ વીતી ગયા, એણે એક અક્ષર નથી લખ્યો, કેવળ પોતાના ઘરમાં, પોતાની ચારે તરફ, દરેક બાજુ લક્ષ્મીનો આડંબર સજાવવામાં જ મોટે ભાગે એના દિવસો ચાલ્યા જાય છે. એની નવલકથા, જેની શરૂઆત કરતાં એણે વિચારેલું કે આ એની અનુપમ રચના થશે, આજ સુધી અધૂરી જ પડી છે. કેટલીયે વાર એને ઇચ્છા પણ થઈ કે એ લખવા બેસે, પરંતુ હવે એની કલ્પનાશક્તિ જાણે રૂના રેસાની જેમ વિખરાઈ ગઈ છે. અને સજ્જન ક્રમશઃ પ્રસિદ્ધિના ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. સજ્જને હમણાં જ એટલી ઝડપથી ખ્યાતિ મેળવી છે કે મહિપાલ એનો

મુકાબલો ન કરી શકે. મહિપાલને એની ઈર્ષ્યા આવે છે, પણ એ ઈર્ષ્યા નકામી છે. આગળ વધતો સમાજ લોકોના ઈર્ષ્યાંગત વિરોધને કદી વધુ મહત્ત્વ નથી આપતો. એણે કાલે સજ્જનના સામાજિક આંદોલનનો વિરોધ કરતો જે લેખ લખ્યો હતો એ દેખાતી રીતે ખૂબ જ તર્કપૂર્ણ હોવા છતાં સંપૂર્ણપણે અનુચિત છે. મહિપાલે લખેલું કે આ રીતે સામાજિક ગંદકીઓ ખુલ્લી પાડ્યા કરીએ તો સમાજમાં કેવળ ગંદકી ને ગંદકી જ ઊભરાયા કરશે. એ વાત એને આજે પણ એકદમ બરાબર લાગે છે, પરંતુ એ સાથે જ, મહિપાલ એ પણ જાણે છે કે સજ્જન કેવળ ગંદકીને ઉઘાડી પાડવાની દૃષ્ટિથી કામ નથી કરતો. એ અત્યારે બાબા રામજીની રચનાત્મક વૃત્તિ દ્વારા પ્રેરણા મેળવી રહ્યો છે. કન્યાનો સાથ પણ એને માટે વિનાશક નહિ બલકે રચનાત્મક જ છે. અને આજની વાતોમાં સાંભળેલો સજ્જનનો નિશ્ચય, એની નિષ્કપટ સિદ્ધાંતવાદિતાનો પરિચય એને શબ્દરૂપે મળ્યો છે. જ્યાં સિદ્ધાંત નિષ્કપટરૂપે આચરણમાં મૂકી શકાય છે ત્યાં વિનાશાત્મક બુદ્ધિ કામ નથી કરતી. અત્યારે મહિપાલ પોતાના મનમાં જેટલો વધુ સ્પષ્ટ થયો એટલી જ એની આત્મગ્લાનિ પણ વધી. એ ક્યાં જઈ રહ્યો છે? કોઈક દિશામાં જતાં જતાં ક્યાં વળી ગયો છે? આ બધું શું થઈ રહ્યું છે, હે ભગવાન! બદલાતા દેશ, કાળ અને સમાજમાં અત્યારે મોટરવાળા મહિપાલની આવશ્યકતા છે કે કલમધારી લેખકની? ગોસ્વામી તુલસીદાસ જો આર્થિક વૈભવના ચક્કરમાં જ ફસાઈ જાત તો આજે એમને કોણ યાદ કરત? અકબર તરફથી હોદ્દો મેળવી તુલસી કદી 'તીન ગાંઠ કોપીન મેં બિન ભાજી બિન લૌન' ન કહી શકત! મહિપાલે દુઃખની કોણ જાણે કેટલી વિષમ ક્ષણોમાં આ દુહાથી સંતોષબળ – આત્મબળ મેળવ્યું છે:

'તીન ગાંઠ કોપીન મેં બિન ભાજી બિન લૌન।
તુલસી મન સંતોષ જો ઇન્દ્ર બાપુરો કૌન॥'

દીર્ઘ નિશ્વાસ નાખી મહિપાલ અસ્ફુટ સ્વરે બબડ્યો. તુલસીનો આ દુહો અત્યારે, પહેલાંના એક ઉત્સાહના કેવળ શોક-પ્રસ્તાવ જેવો જ ઉચ્ચારાયો, મહિપાલ પોતાના મનમાં મનમાં જ થાકનો અનુભવ કરતો હતો. આ થાકમાં એને, બૅન્કમાં જમા કરેલા પોતાના આડત્રીસ હજાર રૂપિયા યાદ આવ્યા. એ રૂપરતનને ઘેર કારનો સોદો કરવા જઈ રહ્યો છે.... 'કેમ સમાજ, કેમ સિદ્ધાંત! ઋણ કરીનેય ઘી પીઓ! સિદ્ધાંતોમાં ચાર્વાકનો આ સિદ્ધાંત જ સર્વશ્રેષ્ઠ છે.'

જે રીતે અપંગનું મન ચાલે છે એ રીતે એણે પોતાના થાકેલા મનને ચલાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ ન ચાલી શક્યું. એ ચાલી નથી શકતો. અત્યારે

એનો એક કાર જોઈએ, નાનો એવો બંગલો પણ જોઈએ, એને વૈભવપૂર્ણ આદાન-પ્રદાન કરનારી દુનિયાદારી જોઈએ. એને 'તીન ગાંઠ કોપીન'વાળી અમરતા ...ન–હીં ...જોઈએ. સિદ્ધાંતવાદી લેખક મહિપાલ શુક્લ એની ચેતનામાં અત્યારે સ્પષ્ટરૂપે મૃત દેખાતો હતો. મહિપાલ મરી ગયા, એ વિચારથી એનું મન રડવા લાગ્યું.

ઢાળ પર જમણે હાથે વળી ટાંગો રૂપરતનના બંગલામાં પ્રવેશ્યો.

સુડતાળીસ

તાઈને ત્યાં રાધાજીનાં લગ્નની તૈયારી ખૂબ ધામધૂમથી થઈ રહી હતી. બાળા રાધાજીના કૃષ્ણ ભગવાન પરણવા આવશે. દૂર-દૂર સુધી ગલી-મહોલ્લામાં રાધા-કૃષ્ણનાં લગ્નની ચર્ચાથી દૈનિક જીવનમાં મનોરંજકતા અને નવી સ્ફૂર્તિ આવી ગયા છે. હસી હસીને ઘણા ઉત્સાહથી લોકો તાઈના આ ઉત્સવ-આયોજનની ચર્ચા કરે છે. અફવા તો એટલી ચાલી છે કે આ લગ્નમાં તાઈને પચાસ હજાર રૂપિયાનો ખર્ચ થશે. મેલાંઘેલાં કપડાં પહેરી, હંમેશાં અપશુકનિયાળ લાગતી તાઈ, જેની ચારે બાજુ ગાળાગાળ, બોલાચાલી અને જાદુમંત્રની માયાજાળ ફેલાયેલી રહે છે, જેને સવાર-સાંજ ચીડવીને બાળક-બુઢ્ઢા–યુવાન સૌ આનંદ મેળવે છે, એ તાઈ પચાસ હજારની સંપત્તિ લૂંટાવી ઉત્સવ ઊજવી રહી છે એ સમાચાર ઘણાને લલચાવી પણ રહ્યા છે. કઈ રીતે, કયા કામને બહાને પચાસ-સો રૂપિયા હાથમાં આવી જાય એની સ્કીમો પણ બનવા લાગી. પરંતુ ત્યાં કોઈની દાળ ગળતી નહોતી. રૂપિયા–નાણાંનો બધો વ્યવહાર સજ્જનના હાથમાં હતો. અંદરનું કામકાજ તાઈની ઉંમરની બે-ત્રણ વૃદ્ધાઓ સંભાળતી. કન્યા, તારા અને નાનીને રસોડા કે ભંડારઘરનું કોઈ કામ ન મળ્યું. કારણ કે એમનો ધર્મ ભ્રષ્ટ થઈ ગયો હતો. તોયે તાઈએ કન્યાને હિસાબ-કિતાબ, ચીજોની સંભાળનું ભરપૂર કામ સોંપી રાખ્યું છે.

આખી હવેલી લગ્નના કામમાં અટવાયેલી છે. ભઠ્ઠીઓ પર કંદોઈ મણબંધ મીઠાઈ તૈયાર કરી રહ્યા છે. જાનૈયાઓને વિદાયમાં એકએક ધોતિયું મળશે, ધોતિયાના ઢગલા પર ઢગલા થઈ રહ્યા છે. એને ભંડારઘરમાં મુકાવી ત્યાંની ચાવી તાઈને સોંપવાનું કામ વનકન્યાને મળ્યું છે, તાઈએ પોતાના બધા સગાસંબંધીઓને આમંત્રણ આપ્યું છે. પોતાની શોક્યને ઘેર પણ એણે નિમંત્રણ મોકલ્યું હતું. સજ્જન મારફત ખાસ રાજાસાહેબને પણ કન્યાદાન કરવાનો પ્રસ્તાવ તાઈએ પાઠવ્યો હતો: પરંતુ પોતે હવે મોહ-માયાનો ત્યાગ કર્યો છે, કોઈ લૌકિક કામ-

કાજમાં ભાગીદાર નહિ બની શકે એમ કહેવડાવી રાજાસાહેબે એનો અસ્વીકાર કર્યો. તાઈ રાધાજીનું કન્યાદાન કરવા માગે છે, એ એની મોટી ઇચ્છા છે. જો એની પુત્રી જીવતી હોત તો રાજાસાહેબ સાથે એણે કન્યાદાન આપ્યું હોત. પણ પુત્રી નહિ તો રાધાજી પણ પુત્રી સમાન છે. ભુવન-મોહિની મહામાયાનું કન્યાદાન કરવા જેવું મોટું પુણ્ય બીજું શું હોઈ શકે? પરંતુ રાજાસાહેબે તાઈનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. પતિ વિના પત્ની કન્યાદાન શી રીતે આપી શકે. એ વિવશતા તાઈને વ્યથિત કરવા લાગી, 'ભલે ન આવે અભાગિયો, મારા કોઈ કામકાજમાં એ થોડો આવશે! મારા જ નસીબથી આજે કરોડપતિ થયો છે. અને રાંડ વાંઝણી શોક્યની ચઢામણીથી મને આવી આવી રીતે સતાવે છે. મારા જેવી સતીના શાપથી...' તાઈ કોઈ ભયંકર શાપ દેતાં દેતાં કોણ જાણે મનના કોઈ અવરોધથી અટકી ગઈ. એની આંખોમાંથી ક્રોધને બદલે કરુણા ટપકી પડી: તાઈ આંખો લૂછી લૂછી કામોમાં પડી ગઈ.

રાજાસાહેબ એ દિવસોમાં પોતાની એક સંગેમરમરની મૂર્તિ બનાવડાવી રહ્યાં હતા. સંગેમરમર ખરીદીને રાખ્યું છે. બગીચાની બરાબર વચ્ચોવચ્ચ આવેલો ફુવારો તોડાવી ઊંચો અને ખૂબ મોટો ચોરો બનાવડાવે છે જેના ચારે ખૂણા પર સંગેમરમરના બુરજો બનશે. રાજાસાહેબની ઇચ્છા છે કે એ ચોરા પર જ એમના અંત્યેષ્ઠિ સંસ્કાર થાય. એ ઉપરાંત, એ સ્થળે સંગેમરમરનો ખૂબ મોટો મંડપ બનશે. જેની અંદર રાજાસાહેબની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવશે. મંડપનો નકશો થઈ ચૂક્યો છે. રાજાસાહેબના વસિયતનામામાં એનો ખર્ચ પણ ઉમેરાઈ ચૂક્યો છે. મૃત્યુ પછી પણ રાજાસાહેબનો મહિમા ફેલાયેલો રહે એવી એમની હાર્દિક ઇચ્છા છે. મર્યા પછી પણ એમનું શરીર એવી જગ્યાએ ન બાળવામાં આવે જ્યાં સાધારણ લોકોનાં શબોને અગ્નિદાહ અપાય છે. એ જ કારણે એમણે પોતાના અંતિમ સંસ્કાર માટે પોતાનો ભાગ પસંદ કર્યો છે, અને માયામોહથી રહિત બની તેઓ પોતાના મરણોત્તર વૈભવની તૈયારીમાં મશગૂલ રહે છે.

ચાંદલાની વિધિને દિવસે ખૂબ ભીડ થઈ. લાલા મુકુંદીમલના ઘરની પાસે ઓટલા પર મહેફિલનું આયોજન થયું. તાઈની ઇચ્છા હતી કે એમની શોક્યના પૌત્રના ચાંદલા વખતે જેવી શણગારવાળી મહેફિલ થયેલી એવી જ, બલ્કે એથી પણ વધુ શાનદાર મહેફિલ એને ત્યાં થાય. સજ્જનની દેખરેખ હેઠળ ખૂબ જ સુંદર મંડપ સજાવવામાં આવ્યો હતો. ઓટલાની ચારે તરફ તાડની ચટાઈની ચાર દીવાલો અને દક્ષિણી મંદિરોના ગોપુરમવાળા ત્રણ દરવાજા બનાવવામાં આવ્યા. અંદર ભગવાનનો મંડપ શું બન્યો હતો – એવું લાગતું હતું જાણે સંપૂર્ણ વ્રજ-

મંડળ અહીં લાવવામાં આવ્યું હોય! એક તરફ વૃંદાવનના ઘાટ અને મંદિરોનું મોડેલ, એની નજીક જ પ્રાચીન મથુરાનું મોડેલ હતું. બીજી બાજુ, ગોકુળ, નંદગામ અને વારસાના બનાવવામાં આવ્યાં હતાં. એની પાછળ ગોવર્ધન પર્વત. જેના પર ક્યાંક માનસી ગંગા, ક્યાંક રાધાકુંડ, કૃષ્ણકુંડ, ક્યાંક કુસુમ સરોવર વગેરે રચેલાં હતાં. વચ્ચે, ગોવર્ધન પર જબ સુંદર મંડપ બનાવી એમાં શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ લગ્ન માટે આચાર્ય શ્રીધર મહાપાત્રે રાધા અને કૃષ્ણની સુવર્ણ પ્રતિમા સજ્જનને આપી હતી. કૃષ્ણજી બિરાજમાન હતા. રાધા તાઈના ઘરે હતી. વીજળીથી નાચતા મોર, હરણ, વાંદરા, મેદાનમાં ચરતી ગાયોનું ઝૂંડ, મથુરા–વૃંદાવન વગેરેની નજીક થઈ વહેતી યમુના, પહાડમાંથી નીકળતાં ઝરણાંનાં દૃશ્યો ખૂબ જ સુંદર દેખાતાં હતાં.

ઝાંખી કરવા માટે હજારોની ભીડ ઉમટી પડી હતી. ચાંદલાના વિધિ પછી આ મંડપમાં અખંડ કીર્તનનો આરંભ થયો. શહેરની વધી કીર્તન મંડળીઓ લાગી ગઈ હતી. ગીરદી એટલી વધી ગઈ કે મંડપ અને ચાર દીવાલોનું રક્ષણ કરવા પોલીસ બોલાવવી પડી.

બાબાજી વૈરાગી થઈને બેઠા હતા. એમની સાથે ઘાટ પર રહેતા પંડા, ગોમતીને કિનારે બેસતા અનેક બાવા, લલ્લા, ફકીર, વૈરાગી, સંન્યાસી મગ્ન મને બેસી પાન ચાવતાં ચાવતાં પોતાને એક દિવસના સુલતાન જેવા માની રહ્યા હતા. સૌને માથે કેસર-ચંદન લગાવેલાં હતાં. ગળામાં ફૂલમાળા હતી. તાઈના ઘરેથી ચાંદલાની વસ્તુઓ આવી ત્રીસ – થાળ મીઠાઈ, દસ થાળ મેવો, દસ થાળ ફળો. વર માટે જડતરનો હાર અને વીંટી, કપડાં તથા એક હજાર અગિયાર રૂપિયા રોકડા ભગવાનને ચાંદલો ચડાવાયો.

પછી તો લગ્નની ધામધૂમ ઝડપથી વધવા લાગી. છોકરીને ત્યાંથી મુગટમાં બાંધેલાં 'લગ્ન' આવ્યાં. પાન, મીઠાઈ, ફળ, રોકડા રૂપિયા આવ્યા. પછી છોકરા-છોકરીના 'પીઠી' ચોળાઈ, 'તેલ' લગાવાયું જાનને દિવસે તો એટલી ગીરદી થઈ કે દૂર દૂર સુધીની ગલીઓ ભરાઈ ગઈ. તાઈની હવેલીમાં પેસવાની જગ્યા પણ નહોતી. શરણાઈ, પોલીસ બેન્ડ, મિલિટરી બેન્ડ, હાહાકાર બેન્ડ, દૃશ્યોથી સજાવેલા તખ્તા, કોઈક પર ગંગાજી, કોઈક પર યશોદાનાં દ્વારે કૃષ્ણ ભગવાનનાં દર્શનની લાલસામાં ઊભેલા શિવજી, કોઈક પર માખણચોરીની લીલા. દૃશ્યો ખૂબ સુંદર સજાવ્યાં હતાં. એ શણગારવા માટે મથુરાથી એક કારીગર આવ્યો હતો. હંસ-વિમાનરૂપે શણગારેલી વીજળીથી ઝગમગતી મોટર પર શ્રી કૃષ્ણની સવારી નીકળી, લોકોએ ઠેરઠેર આરતી ઉતારી અને તાઈની પ્રશંસા કરી. જાન ગલીમાં આવ્યા

બાદ ભગવાન મોટરમાંથી ઊતરી ગંગા-યમુનાની પાલખી પર બિરાજ્યા. અનેક ઘરોમાંથી ભગવાન પર પુષ્પવર્ષા કરવામાં આવી. વર્ષો થયાં આવી જાન જોવા નહોતી મળી.

તાઈને ઘરે એટલો ઘોંઘાટ છે કે કોઈને કોઈની વાત સંભળાતી નથી. સ્ત્રીઓ સામાન લઈને અહીંથી ત્યાં દોડાદોડ કરે છે. સ્ત્રીઓની વચ્ચે ગોકુલદ્વારાના દાદીવાળા ભિતરિયાજી પણ અવારનવાર મટકતા દેખાય છે. કન્યા, તારા અને નાની પણ વ્યસ્ત દેખાય છે અને તાઈ તો જાણે વિદ્યુતની બની ગઈ છે. એના સુક્કા શરીરમાં કોણ જાણે ક્યાંથી આટલી શક્તિ આવી ગઈ છે કે મોટા મોટા થાળ ઊંચકી દોડી પડે છે. તાઈ પૂજાઘરની અભેરાઈ પર રાખેલી બે છાબડી ઉતારવા ગઈ હતી. બાજી અભેરાઈ પરથી બિલ્લી કૂદી. તાઈ આશ્ચર્યમાં પડી ગઈ, 'મૂઆ, તું અહીં ક્યારથી પુરાયેલો ?'

તાઈના કિશનચંદ કોણ જાણે ક્યારથી પૂજાઘરની ઓરડીમાં પુરાઈ ગયા હતા. તાઈના પગમાં પોતાનું માથું રગડી મંદ ખુશામતખોર મ્યાંઉં કરતો તાઈનો પોષ્યપુત્ર કિશન એની બધી દોડધામ અને ઉતાવળને રોકવા લાગ્યો હતો. એને એક ડગલું માંડવું મુશ્કેલ કરી દીધું હતું. જ્યાં જાય ત્યાં તાઈના પગમાં ભરાય છાબડી કાઢી તાઈ બહાર આવી કિશન એની સાથે જ મ્યાંઉં મ્યાંઉં કરતો આવ્યો. સામે ભિતરિયાજી દેખાયા. તાઈએ એમને કહ્યું, 'એ ભિતરિયાજી કોઈ પાસેથી થોડું દૂધ લઈ આવો. આ કિશન મારો પીછો નહિ છોડે રાંડનો! કામકાજનો વખત ...સત્યાનાશી ક્યાંનો! અરે અભાગણી ન લાવી હજી સુધી ?'

ત્યાં તાઈએ આપેલું ઊજળું ધોતિયું અને બંડી પહેરી કીર્તનિયાજી ક્યાંકથી આવ્યા. મોટી મોટી રસલીન આંખોથી તાઈ ને બિલ્લીના બચ્ચાને જોતાં જોતાં બોલ્યા, 'તાઈ, તારા કિશન કન્હાઈ સાચા છે. ધનભાગ્ય કે આજે જસોદા અને ભગવાનનાં સાથે સાથે દર્શન થયાં.' ભક્તિના આવેશમાં કીર્તનિયાજી તાઈનાં ચરણોમાં આળોટી પડ્યા. તાઈ પોતાની ધૂનમાં હતી. અચાનક કીર્તનિયાજીના આ રીતે આળોટીને પ્રણામ કરવાથી એ ચોંકી ઊઠી, 'આવ મર, અભાગિયા, કોણ... કીર્તનિયાજી! તને પણ મૂઓ અત્યારે જ ભક્તિભાવ સૂઝ્યો ? છોકરીનાં લગ્ન, મૂઈ હજારો ઝંઝટ! બસ અહીંથી! લે, આને લઈને બેગો રહે. ભિતરિયાજી દૂધ લઈને આવશે, પિવડાવી દેજે.'

લગ્નમંડપમાં મહોલ્લાના અન્ય પ્રતિષ્ઠિત સજ્જનો બેઠા હતા — પંડિત શિવનાથ શાસ્ત્રી. લાલા મુકુંદીમલ, બાપુ ગુલાબચંદ, લાલે દલાલ, ભભૂતી સોની, વર્મા, રાધેશ્યામ, લાલા જાનકીશરણ, મહિપાલ, કર્નલ, શેઠ રૂપરતન, તાઈની શોકચના

મોટા પુત્ર ગિરધરદાસ વગેરે. ગિરધરદાસ વારંવાર બાબા રામજીને જોઈ રહ્યા હતા. એમણે સાંભળ્યું હતું કે સાધુએ કરિયાવરમાં તાઈ પાસેથી વીસ હજાર રૂપિયા મેળવ્યા છે. એટલે જ એમને સાધુ પ્રત્યે નફરત થઈ રહી હતી, બાજુમાં બેઠેલા જાનકીશરણને પૂછ્યું, 'કોણ છે આ બાબા ?'

'પાગલો-બાગલોની દવા કરે છે.'

'આ વીસ હજાર રૂપિયાનું શું કરશે ?'

લાલા જાનકીશરણ હસ્યા, બોલ્યા, 'ઘડપણમાં બાબાજીનું નસીબ ખૂલ્યું છે. હવે લંગોટી છોડી રેશમી ભગવા પહેરશે, મઠ બનાવશે; આરામથી માલપુઆ ઉડાવશે ...કેમ ? તમને ખરાબ લાગે છે શું ?'

લાલા ગિરધરદાસ ઝંખવાણા પડી ગયા, થોડીવાર ચૂપ રહી બોલ્યા, 'કેટલીયે વાર બાપુને કહ્યું કે મોટી અમ્માનો ખર્ચ ઓછો કરી નાખો. ત્રીસ રૂપિયાથી વધારેની એમને જરૂર નથી ...'

'અરે. એટલું તો એમને ત્યાં ભાડામાં જ નીકળી જાય છે.' લાલા જાનકીશરણ બોલ્યા.

'બાપુ સાંભળતા જ નથી, હું શું કરું ? હવે જુઓને, પાણીની પેઠે અમારો પૈસા વહેવડાવે છે. બંદા જાતે પલી પલી, મહેમાન ઉડાવે કુપ્પા !' અને આ સજ્જનનાં કામો છે. કોણ જાણે કઈ રીતે એણે મોટી અમ્માને પોતાના વશમાં કરી લીધા છે.' લાલા ગિરધરદાસે એક ઠંડો નિશ્વાસ મૂકી સમસ્ત અવરજવરથી ભરેલી મહેફિલ પર એક શૂન્ય નજર નાખી.

જાનકીશરણ બોલ્યા, 'મહોલ્લાવાળાએ જ્યારે એમની ઓરડી પર હુમલો કર્યો હતો, ત્યારે જોયું હતું તાઈનું રૂપ ? સળગતું લાકડું લઈ બધા પર તૂટી પડેલાં. બધા પર જાદુમંત્ર પણ નાખ્યા હતા. ...આ સજ્જન તમારી હવેલી તાઈ પાસેથી પડાવી લેશે ભાઈ !'

'હઃ. એમની હસ્તી જ શું છે ? અને હવે એમની પાસે રહ્યું પણ શું હશે, બહુમાં વધુ છ-સાત લાખના આસામી હશે. જમીનદારી તો ચાલી જ ગઈ. બિઝનેસ એ કરી જ નથી શકતા, આર્ટિસ્ટ માણસ છે. ત્રણ-સાડા ત્રણ લાખની મિલકત હશે, એવું જ ભાડું ખાય છે. એ ઉપરાંત કંઈક રોકડા, કંઈક દર-દાગીના, કંઈક ક્યુરિયોની વસ્તુઓ. હવેલી પર નજર નાખશે તો પચીસ કેસોમાં ફસાવી દઈશ. દસ વર્ષમાં બેટો બજારની ફૂટપાથ પર એની ક્યુરિયોની ચીજવસ્તુઓ વેચતો દેખાશે.' ગિરધરદાસની આંખોમાં ઉશ્કેરાટ આવી ગયો.

જાનકીશરણ બોલ્યો, 'ના ભાઈ. એવો વખત નહીં આવે. એમ તો આ છોકરો બડો ઉસ્તાદ છે. આજકાલ નેતા બની રહ્યો છે, ચાર દિવસમાં પાવરફૂલ થઈ જશે. તમારી હવેલી પર એની નિયત ક્યારેય નહિ ફરે.'

'અરે વધુ શું ફરશે? એની વહુએ અહીં સ્કૂલ તો ખોલી જ રાખી છે. તમને સૌને બેઆબરૂ કરી એણે અહીં પ્રદર્શન પણ કર્યું. હવે આ બાબાની જાગ ફેલાવી છે. જોઈ લેજો. આ માફાઓલો બની અહીં બેઠોબેઠો ધારશે એની આબરૂ ધૂળમાં મેળવી દેશે.'

મહિપાલ અને કર્નલ જરા દૂર બેઠાં બેઠાં વાતમાં મશગૂલ હતા. મહિપાલે રૂપરતન પાસેથી નાની મોટર ખરીદી લીધી છે. આજે પહેલી વાર પોતાની જ ગાડીમાં અહીં આવ્યો છે. મહિપાલ અને કર્નલ એની જ ચર્ચા કરી રહ્યા છે. કામકાજમાં ફસાયેલો સજ્જન ચારે તરફ દોડાદોડ કરતો હતો.

પુત્રીની વિદાયની ઘડી આવી. માંડવામાંથી વર-વધૂ વિદાય થશે. સ્ત્રીઓ ગીતો ગાવા લાગી. ભારે ધામધૂમવાળા લગ્નની અતિ વ્યસ્ત ક્ષણ તાઈ માટે થંભી ગઈ. રાધાજીની મૂર્તિ ઉઠાવી એણે હાથમાં લીધી. દીકરી – જે વિદાય લઈ રહી છે – નાનકડી છે. તાઈની દીકરી – જે એની સ્મૃતિમાં છે – નાનકડી જ હતી. તાઈની દીકરી – રાધાજી દીકરી – વિદાય લઈ રહી છે... તાઈએ દીકરીને હૈયાસરસી ચાંપી લીધી. એને મૂર્છા આવી ગઈ. કોલાહલ મચી ગયો: પાણી-પંખાના ઉપચાર થયા. બાબાજી, સજ્જન, કન્યા તાઈની સેવા કરવા લાગ્યાં. તાઈ ભાનમાં આવી. ચારે બાજુ જોઈ સૂકાં હાડકાનું બળ એકવાર ફરી સતેજ કરી બેઠી થઈ ગઈ. ફરીને વિદાયની હિલચાલ શરૂ થઈ. બહાર ખાસ આ પ્રસંગ માટે બનાવેલા રથ પર વર-વધૂનું સિંહાસન રાખવામાં આવ્યું. શંખ, ઘંટ, ઘડિયાળ વાગ્યા. રાધા-કૃષ્ણની જયથી ગલી ગૂંજી ઊઠી. વિદાય લેતી બહેનો દ્વારા તાઈએ ભાઈઓને તિલક કરાવ્યા. સૌથી પહેલાં તાઈએ પંડિત પાસે સજ્જનને ચાંદલો કરાવ્યો, પછી પોતાના કેટલાક બીજા સંબંધીઓનો રથ ચાલ્યો. સ્ત્રીઓનાં ગીત ગવાતાં રહ્યાં. વિદાય લેતા રથને તાઈ એકીટશે જોતી રહી, આંખમાં આંસુ ચળક્યાં. પછી રડી પડી. એને ફરીને મૂર્છા આવી ગઈ.

સફેદ ઘોડા જોડેલ સુંદર સજાવટવાળા રથમાં વર-વધૂની સવારી ગલીઓમાં જનતાને અપાર ઉત્સાહ, આશ્ચર્ય અને શ્રદ્ધાના તરંગો જન્માવતી હતી.

* * *

તાઈના ઘરે લગ્નની ધમાલ વીતી ગયેલી વાર્તા બની ગઈ. બાબાજીને તાઈ પાસેથી લગભગ વીસ-પચીસ હજારનો સામાન મળેલો, એ કર્નલ પાસે રાખવામાં

આવ્યો હતો. એક દિવસ તાઈની હવેલીમાં બેસીને બાબા રામજી, સજ્જન, કર્નલ અને કન્યા આ રૂપિયાનો ઉપયોગ કરવા અંગે વિચાર-વિમર્શ કરી રહ્યા હતા. લગ્ન પહેલાં એમ નક્કી થયું હતું કે તાઈ પાસેથી જે રકમ મળશે એમાંથી બાબાજીના પાગલખાનાને પાકાં મકાનો આપવામાં આવશે અને જે સ્ત્રીઓને પાપાચારમાંથી બચાવવામાં આવી છે એમની સારી રીતે રક્ષા કરવાનો પ્રબંધ કરવામાં આવશે, પરંતુ હવે બાબાજીનો વિચાર બદલાઈ ગયો હતો. એમણે કહ્યું, 'હવે હું શહેરમાં રહેવા નથી માગતો, રામજી, મારો વિચાર છે કે ગામડામાં જઈ દીન-દુઃખીની સેવા કરું. મને કોઈ એવા ગામમાં સ્થાન જોઈએ જ્યાં વાહન-વ્યવહાર વગેરેનો યોગ્ય પ્રબંધ ન હોવાને કારણે કોઈ પ્રકારની મદદ પહોંચી ન શકતી હોય. હું ત્યાં રોગીઓ, પાગલોની સેવા પણ કરીશ અને એક એવી સ્કૂલ પણ ખોલીશ જ્યાં ગામડાની કન્યાઓને યોગ્ય શિક્ષણ મળી શકે.'

સજ્જન બોલ્યો, 'તો શું આપ અહીંની આખી સ્કીમ ફેઈલ કરી રહ્યા છો?'

'હું શું કામ ફેઈલ કે પાસ કરું રામજી, અહીં ધનની કમી નથી. તમે પોતે, કોઈ પાસે માગ્યા વિના અહીંનો કારભાર ચલાવી શકો એમ છો.'

સજ્જન એક ક્ષણ માટે ગંભીર બન્યો, પછી બોલ્યો, 'પૈસાના મોહમાંથી હવે હું નિઃસંદેહ ઊગરી ચૂક્યો છું બાબાજી, પણ છતાં એકાએક બધી સંપત્તિનું દાન કરવા જેટલું બળ હજી નથી મેળવી શક્યો.'

'તમે પ્રસન્નતાપૂર્વક કેટલી રકમ દાન કરી શકો એમ છો?'

'ત્રણ લાખ.' કર્નલ અને કન્યા સજ્જનના મોં તરફ જોવા લાગ્યા.

બાબાજી બોલ્યા, 'ઘણા છે! આટલાં નાણાંથી જો તમે લોકો યોગ્ય પ્રબંધ કરો તો ઘણું મોટું આયોજન કરી શકો એમ છો.'

'પરંતુ કરીએ શું? દીન-દુઃખીઓને બેસાડીને ખવડાવવા માટે ત્રણ લાખ રૂપિયા...'

'બેસાડીને ખવડાવવું અમારા સિદ્ધાંતની વિરુદ્ધ છે રામજી. ડ્યુટી કરે અને પેટ ભરીને ભોજન મેળવે. એને માટે પ્રયત્ન કરો.'

'એવો પ્રયત્ન ખૂબ મુશ્કેલ છે બાબાજી ક્ષમા કરજો.' કર્નલે અદબપૂર્વક ટકોર કરી.

'બેટા, આરંભમાં કોઈ કામ સરળ નથી હોતું. અભ્યાસ કરતાં કરતાં જ પ્રત્યેક કામ સરળ થઈ જાય છે.'

'એ તો ઠીક છે બાબાજી, પણ હવે જમાનાના હાલ પણ જુઓ. આશ્રમ-ફાશ્રમમાં હવે કોઈને વિશ્વાસ નથી. લોકો ઇચ્છે છે કે પોતે કોઈ પણ રીતે વધુમાં

વધુ પૈસા અને સુખ મેળવી લે.' કર્નલે જવાબ આપ્યો.

'તો નકામાને તો પૈસા ન મળી શકે રામજી. જે કામ કરશે એને પૈસા પણ મળશે. તમે પણ એવો જ આશ્રમ ખોલો. આ શબ્દથી લોકોને ચીડ હોય તો કોપરેટિવ, સહકારી સંઘ, કંપની, જે ઇચ્છો તે નામ આપો. આપણને નામથી નહિ કામથી મતલબ છે. જુઓ આ છોકરીએ ધીરે ધીરે કરીને મહોલ્લાની આ પાઠશાળા જમાવી જ દીધી છે. તમે વધુ ને વધુ આવી પાઠશાળા ખોલો. છોકરીઓ-સ્ત્રીઓને દસ હુન્નરનાં કામ શીખવો અને એમના કામને બજારમાં વેચો. અમે તો ગામડામાં પણ આ જ કરશું રામજી. નિર્ધન પબ્લિકને ધન મળવું જોઈએ. શહેર અને ગામડાં—બંને આ દૃષ્ટિએ ભૂખ્યાં છે. આ બંનેને ધીમે ધીમે એક આર્થિક સ્તર પર લઈ આવો.'

'પણ હમણાં તો આ અસંભવ લાગે છે.' કન્યા બોલી, 'શહેરનાં આકર્ષણ વધુ છે, જરૂરિયાતો વધુ છે, અહીં પૈસા પણ વધુ જોઈએ.'

'જરૂરિયાતો તો એટલી નથી બેટા, જેટલાં આકર્ષણ વધુ છે! ખેર, હું એની ચર્ચા નથી કરતો. હું પોતે જ ગામડા માટે વીસ-પચીસ હજાર રૂપિયા અને શહેર માટે ત્રણ લાખ રૂપિયા આપી રહ્યો છું. આ ત્રણ લાખમાંથી તમે જો ગૃહઉદ્યોગ વધારીને શહેરના પુરુષોને મહાજનોની જાળ અને બેઇમાનીથી બચાવી શકો. તથા સ્ત્રીઓને એમની આર્થિક આવશ્યકતાની પૂર્તિ માટે મહિલાશ્રમ જેવી સંસ્થાઓથી બચાવવાની સાથે જ એમનું નૈતિક ધોરણ ઊંચું લાવી શકો તો ઘણું મોટું કામ થઈ જાય રામજી. અને એક છેલ્લી વાતને નિવેદન કરી દઉં, એ કદી ન ભૂલશો કે કાચીડાને જોઈને કાચીડા રંગ બદલી નાખે છે. એક વાર સંગઠિત થઈને તમે જેવી હવા વહાવશો એવો જ સમાજ પર પ્રભાવ પડશે.'

એકાંતમાં બાબા રામજીએ સજ્જનને કહ્યું, 'તમને એક પ્રાર્થના છે રામજી.'

'આજ્ઞા બાબાજી, આપ મારા ગુરુ છો.'

'તો દક્ષિણા માગું ?'

સજ્જન ખમચાઈ ગયા. બાબાજી સ્નેહથી એના માથે હાથ ફેરવી હસ્યા, બોલ્યા, 'એટલી જ પ્રાર્થના કરું છું. ...પૂર્ણ બ્રહ્મચર્ય જો ન પણ પળાય તો પણ ખૂબ અધિક સંયમથી કામ લેજો. મનુષ્યનું વીર્ય દિમાગની બત્તીનું ઈંધણ છે એ ન ભૂલશો. જો કોઈ કામની લગની લાગી છે તો એને પૂરું કરવામાં પોતાની શક્તિઓ પણ સંચિત કરો.'

સજ્જન માથું નમાવી બોલ્યો, 'પ્રયત્ન કરીશ.'

'રામજી. જે બીજાને માટે જીવે – જીવે અને જીવવા દે – એ જ ખરો સામ્યવાદી છે.'

'અવશ્ય જ હું સમયની સાથે ચાલીશ. આપે મને પ્રગતિશીલતામાં ઊંડી આસ્થા આપી છે.' કહીને સજ્જને બાબાજીનાં ચરણોમાં શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યા.

અડતાળીસ

સજ્જન ક્રમશઃ વ્યસ્ત થતા ગયા, એણે પોતાના ત્રણ લાખ રૂપિયાનું ટ્રસ્ટ કાયમી કરી દીધું. ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન પણ થઈ ગયું. કર્નલ, વનકન્યા, ચીફ કોર્ટના એક રિટાયર્ડ જજ, એક મુખ્ય સરકારી ઑફિસર અને એ પોતે ટ્રસ્ટના મેમ્બર બન્યા. પોતાની યોજનામાં સૌ પ્રથમ સજ્જને એક સહકારી બૅન્કની સ્થાપના કરી. એનું નિશ્ચિતપણે એમ માનવું હતું કે શહેરના દરેક વોર્ડની પોતાની એક બૅન્ક હોવી જોઈએ, જેમાં ત્યાંની જ મૂડી રોકાય અને એ દ્વારા ક્ષેત્રના સાર્વજનિક હિત માટે ઉદ્યોગ-ધંધા શરૂ કરવામાં આવે. સજ્જનના મુનીમજી તથા એક રિટાયર્ડ બૅન્ક મૅનેજર એની યોજનાને કાર્યાન્વિત કરવા માટે નીમવામાં આવ્યા.

જે દિવસે આ બૅન્કની સ્થાપના માટે સજ્જને વોર્ડના ધનવાન પુરુષો, મુખ્ય ડૉક્ટરો, વકીલો, અધ્યાપકો અને સામાજિક કાર્યકર્તાઓની સભા બોલાવી હતી એ જ દિવસથી લાલા જાનકીશરણ સજ્જનના ખુલ્લા વિરોધી થઈ ગયા હતા. બીજા કેટલાક શાહુકાર પણ આનો વિરોધ કરી રહ્યા હતા. આ સહકારી બૅન્ક મધ્યમ વર્ગને કરજમુક્ત કરવાનું સૂત્ર ઉચ્ચારી આગળ વધવા માગતી હતી. આજે શહેરોમાં રહેતા મધ્યમ વર્ગના લગભગ 85 ટકા શાહુકારને આધીન છે. લગ્ન-વિવાહ, જનોઈ, મુંડન, રોગ – બધું તો જીવનને વીંટળાઈને ઊભું છે, બધા માટે પૈસા જોઈએ. નાની આવકવાળા મધ્યમ વર્ગને પૈસા માટે શાહુકાર જોઈએ અને શાહુકારને અમાનત માટે સોનું જોઈએ. મધ્યમ વર્ગનાં મોટા ભાગના ઘરોનું સોનું ખેંચાઈને શાહુકારોની તિજોરીમાં પહોંચી ગયું છે, જે ત્યાંથી પાછું એમનું થઈ કદી બહાર નહિ નીકળે. કરજના બોજામાં નાક સુધી ડૂબેલો મધ્યમ વર્ગ પોતાના શાહુકારનું કદી ન ચૂકવાનાર દેવું, કદી પૂરી ન થનારી ઉઘરાણી અને કદી ખતમ ન થનારા જીવનના વ્યવહારોથી કંટાળીને બેશરમ, ચીડિયો, ફરિયાદી અને નકામો થતો જાય છે. સજ્જન એમને મુક્ત કરવા માગે છે. આ વાત શાહુકારોને કોઈ રીતે રુચતી નહોતી. વનકન્યાએ સભામાં, એમના વિરોધથી ઉશ્કેરાઈને ખૂબ

'લાલ' સ્પીચ આપી દીધી. લાલા જાનકીશરણ અને એમની સાથે જ કેટલાક 'ગણનાપાત્ર' મહાનુભાવો ઊઠીને ચાલ્યા ગયા.

આ સભાએ સજ્જનની યોજના પર નિશ્ચિત અસર કરી. સજ્જને પોતે એક ધનાઢ્ય કુળનો વંશધર તથા ત્રણ લાખ રૂપિયા દાન કરવાવાળો હોવાથી અને સાથે જ વોર્ડનો શાહુકારો દ્વારા તીવ્ર વિરોધ થવાથી જનસાધારણમાં ખૂબ પ્રભાવશાળી બની ગયો. ભણેલા-ગણેલા વર્ગમાં પણ નાની મૂડીની ક્ષેત્રીય સહકારી બેન્કનો વિચાર ખૂબ વખણાયો. સજ્જનનું કહેવું હતું કે જો આવી ક્ષેત્રીય સહકારી બેન્ક ખૂલે જેના દ્વારા પોતાની જ પૂંજીથી પોતાના જ લોકો માટે જુદા-જુદા ઉદ્યોગ-ધંધા વિકસાવી શકાય તો દરેક ક્ષેત્ર પોતાને આગળ વધારી શકે. આ નાની બેન્કોને પરસ્પર સહકારના સંબંધથી બાંધી પણ શકાય જે રીતે પ્રયોગ ખાતર અહીં સજ્જનની મૂડી રોકવામાં આવી છે એમ જો સરકાર રોકે, પ્રાઈવેટ શાહુકારો પર કાયદેસર પ્રતિબંધ મૂકી ગૃહઉદ્યોગની સ્કીમ ફેલાય તો દુઃખ અને અપમાનનું જીવન વિતાવનાર મધ્યમવર્ગ પોતાનું ખોખલું અસ્તિત્વ ગુમાવી નવેસરથી માનવી બની શકે.

'ચોક વોર્ડ સહકારી બેન્ક' એક આંદોલન રૂપે ખડી થઈ. દરેક જરૂરિયાતવાળાને બેન્ક ઉધાર આપતી હતી. એને બદલે કામ પણ લેતી હતી. અને આ રીતે દરેક વ્યક્તિને પ્રમાણિકતાથી ઋણમુક્ત થવાની તક પણ એ આપતી હતી – આ સિદ્ધાંત અનેક લોકોને ગમ્યો. બેન્કમાં જ સજ્જને હેન્ડલૂમનું કારખાનું, રબ્બરનાં રમકડાં અને ફુગ્ગા બનાવવાનાં કારખાનાં, નવી ડિઝાઈનના કપડાનું છાપકામ, ચિકનનું કામ વગેરે ધંધા પણ શરૂ કર્યા. જેમાં એ જ ક્ષેત્રના લોકોને કામ પર રોકયા. સ્ત્રીઓ પાસે પણ ઘેર બેઠાં અથવા તાઈની હવેલીમાં બોલાવીને કામ કરાવવાની યોજના શરૂ થઈ.

દર ગુરુવારે, બજારની રજાને દિવસે, ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિ પર વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં. નાટકો દ્વારા સામાજિક મનોરંજન અને શિક્ષણ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી. એ મહિનામાં સજ્જન અને વનકન્યાને શ્વાસ લેવાની પણ ફુરસદ ન રહી. એ બંને સાર્વજનિકરૂપે વિચિત્ર સંઘર્ષમાં પડી ગયા. સમાજમાં એમના કામોને લીધે ચૂલે મૂકેલી અધરાડેલી દાળ જેવી એમની સ્થિતિ હવે થઈ ગઈ હતી. એમને લઈને હજી સમાજમાં એકરસતા નહોતી આવી. રસ્તે જતાં એમના પર નકામા છાંટા પણ ઊડતા અને લોકોની આંખમાં એમના પ્રતિ આદર અને પ્રેમ પણ ડોકિયાં કરતા. સ્નેહથી સ્નેહ મળતો જોઈ સજ્જનના મનમાં હવે સૌને પોતાના પ્રતિ મમતા રાખતા જોવાની ઇચ્છા ઊમટી આવી હતી. અવારનવાર

લોકો એની પાસે પોતાની તકલીફો લઈને આવતા. શરૂશરૂમાં સજ્જને લોકોની તકલીફો દૂર કરવામાં એક પ્રકારનો આનંદભર્યો ઉત્સાહ જાગતો હતો. એને લાગતું કે લોકો એના પ્રત્યે આભારી થઈ એને આદર આપે છે. આદરનો આ સોદો કરવા માટે એ પોતાને વધુ ને વધુ પરોપકારી સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતો. એવું નહોતું કે લોકોની તકલીફોથી એના મનમાં કરુણા નહોતી જાગતી. પરંતુ કરુણા પોતાનું પ્રતિદાન માગતી હતી. કામ વધવાની સાથે જ સજ્જનનું આ બાળક જેવું જોશ ખલાસ થવા લાગ્યું. એને માટે એના મનને ઓછામાં ઓછો અવકાશ મળવા માંડ્યો. એનો વધુ ને વધુ સમય ચિંતન અને કર્મનો બની ગયો.

આ બાજુ તાઈની માંદગી વધી ગઈ હતી. મહિપાલના ઘરે ભાણેજનાં લગ્નના દિવસો પણ આંગળીના વેઢે આવી ગયા હતા. સજ્જન અને કન્યામાંથી એકને તાઈ પાસે બેસી રહેવું અનિવાર્ય થઈ ગયું. સજ્જન કામમાં ડૂબી ગયા પછી મહિપાલ અમસ્તો પણ એનાથી દૂર દૂર રહેતો હતો, હવે બહાનું કાઢીને એથીયે વધુ દૂર થઈ ગયો. એને એવી ફરિયાદ હતી કે સજ્જને કર્નલની માફક, મિત્રની માફક, એના કામમાં મદદરૂપ થઈ જ્યારે પોતાનો મિત્રધર્મ પણ નથી નિભાવી શકતો તો સમાજકલ્યાણનો ધર્મ કેવી રીતે નિભાવશે? કલ્યાણી અને કન્યા વચ્ચે થયેલા નિશ્ચયને અમાન્ય કરી શકુંતલાનાં લગ્ન સજ્જનની શાહનજફવાળી હવેલીથી કરવાને બદલે રૂપરતનની હવેલીથી કરવાની વ્યવસ્થા કરી. શેઠ રૂપરતન અને લાલા જનકીશરણના ઈશારે એણે સજ્જનની નવી યોજનાઓથી વિરુદ્ધ એક નાનકડી પુસ્તિકા લખી ખૂબ ઝેર ઠાલવ્યું. એણે લખ્યું કે 'સજ્જન વર્મા મારા અંતરંગ મિત્ર છે; પરંતુ જ્યાં મૈત્રી અને સાર્વજનિક હિત ટકરાય ત્યાં મૈત્રી પ્રત્યે પક્ષપાત બતાવ્યા વિના જનતાને સચેત કરવાનું મારું પરમ કર્તવ્ય છે. આ માનવતાનો પોકાર છે.' આ દાવા સાથે મહિપાલે સજ્જનની આખી યોજનાને શ્રીમંતાઈની નવી ચાલ તરીકે ઓળખાવી એમ સિદ્ધ કર્યું કે સજ્જનની આ સહકારી બૅન્ક યોજના જનહિતના નામ પર જનતાને સદાને માટે એની ગુલામ બનાવવાની ઊંડી ચાલ છે. પુરાણી પરંપરાના વ્યાજખાઉ લોકો જેમ સમાજની કેવળ થોડી વ્યક્તિઓને જ નુકસાન પહોંચાડે છે તેમ આ આખા સમાજને હડપ કરી જવાની સ્કીમ છે. ભારતીય સંસ્કૃતિના વિષયમાં સજ્જન જાણે છે જ શું? એ જે કાંઈ શીખ્યો છે તે મહિપાલ પાસેથી શીખ્યો છે. આવા અધકચરા જ્ઞાનવાળો મનુષ્ય નિઃસંદેહ પોતાને મનગમતા સાંસ્કૃતિક સુધારાના નામ પર સ્વસ્થ ભારતીય પરંપરાનું ગળું ઘૂંટી નાખશે. સાંસ્કૃતિક આયોજન નાટક વગેરે ખેલોને બહાને જનતાને ફોસલાવીને

ગૃહઉદ્યોગને બહાને બધાને પોતાને આધીન કરનારી આ ચાલ જો હમણાં જ પ્રગટ
નાખવામાં નહિ આવે તો ભવિષ્યમાં શક્તિ પ્રાપ્ત કરીને એ ઘાતક બની જશે.
સજ્જનની આ યોજના પેલી પૂતના રાક્ષસી જેવી છે જે એનાં સ્તનોમાં વિષ
લગાડીને વાત્સલ્યનો ઢોંગ કરી સુંદર રૂપ ધારણ કરી શ્રીકૃષ્ણને દૂધ પીવડાવવા
આવી હતી.

આ પુસ્તિકાને મોટા પાયા પર વહેંચવામાં આવી. લાલા જાનકીશરણે એમના ઘર પાસેના ઓટલા પર, જ્યાં થોડા મહિના પહેલાં તાઈના કૃષ્ણ ભગવાનનું દૃશ્ય સજાવ્યું હતું, ત્યાં એક સાર્વજનિક સભાનું આયોજન કર્યું, જેમાં બીજા વક્તાઓ ઉપરાંત મહિપાલે પણ ભાષણ કર્યું.

સજ્જનને મહિપાલના આવા વર્તનનું આશ્ચર્ય તો જરાયે ન થયું પણ દુઃખ અવશ્ય થયું. એના પોતાના મનમાં આત્મ પરીક્ષાની વૃત્તિ પણ તીક્ષ્ણ બની. ભલે મહિપાલે દલીલોને ખોટી રીતે ઊભી કરી હોય, પણ ક્યાંક એવું તો નથીને કે એની આ યોજનામાં ચોખ્ખી વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા જ છુપાઈ હોય? જો એવું હશે તો એના દ્વારા ઊપડેલું કાર્ય બહુ આગળ નહિ વધી શકે એ નિઃશંક છે. કોઈ પણ સાર્વજનિક કાર્યમાં શક્તિ ત્યારે આવે છે જ્યારે એમાં અનેકની આકાંક્ષાઓનો સમાન યોગ હોય. એ હાલતાં-ચાલતાં કામકાજમાં વ્યસ્ત રહેવા છતાં પણ સચેત રૂપથી આત્મપરીક્ષણ કર્યા કરતો હતો. એનામાં યથેષ્ટ માત્રામાં સ્વાભિમાન છે; જે કામ એણે પોતે ઉપાડયું છે તેને એની અક્ષમતા કે અવિચારને કારણે ઠેસ પહોંચે એવું તે કદી ન ઇચ્છે. બીજાઓ કરતાં મહિપાલની આલોચનાથી એ વધુ બેચેન થયો છે. મહિપાલની વાતને ભૂંસી નાખવા એણે એની વ્યક્તિગત ઇચ્છાઓથી પણ ઉપર જઈને એના કાર્યની શક્તિ બતાવવી પડશે.

શંકરલાલ, વર્મા વગેરે કેટલાય યુવકો સજ્જનની સાથે હતા. આયોજનો માટે અનેક વ્યક્તિ એની પાસે આવતી-જતી હતી. એની કુશળતા જનતાની સામે પુષ્ટ થવાને લીધે લોકોની સહાનુભૂતિ પણ ક્રમશઃ વધતી હતી. લાલા જાનકીશરણ, મહિપાલ શુક્લ વગેરે દ્વારા સજ્જનની સાર્વજનિક નિંદા થવાથી સજ્જનના અનેક પ્રશંસકોમાં ક્ષોભ ફેલાયો હતો. જ્યાં ને ત્યાં એની જ ચર્ચા થવા લાગી હતી. પોતપોતાની સમજ પ્રમાણે લોકો સજ્જન અથવા મહિપાલ, જાનકીશરણ વગેરેના પક્ષમાં હતા. સજ્જનના પ્રશંસકો સજ્જનને તરત જ એક મિટિંગ બોલાવી વિરોધી પાર્ટીને મોં તોડ જવાબ આપવાનું કહી પોતાની ગરમ વાતોથી વાતાવરણને ઉત્તેજિત બનાવતા હતા.

સજ્જન આ વિશે વિચાર કરતો રહ્યો. તે જ દિવસે એને એક મકાન જોવા જવાનું હતું. મહોલ્લામાં જ એક હૉસ્પિટલ સ્થાપવાની યોજના એ કરતો હતો. કોઈએ એને બનારસની આવી જ એક ધર્માર્થ હૉસ્પિટલની વાત કરી હતી. ત્યાં હોમિયોપેથિક, આયુર્વેદિક તથા એલોપેથિક વિભાગ છે, પ્રસૂતિગૃહ છે. આસપાસના લોકોને એ હૉસ્પિટલને કારણે ઘણી સુવિધા રહે છે. સજ્જનના મનમાં આ વિચાર ઘર કરી ગયો હતો, પરંતુ જગાના અભાવે તે એને અમલમાં મૂકી શક્યો નહોતો. એક મોટા મકાનના વેચાણની વાત સાંભળીને તે એનો સોદો કરવા માટે લલચાયો હતો.

પાકું, મજબૂત નવું મકાન હતું. મકાનમાલિક બીજી લડાઈના ગાળામાં લખપતિ બન્યા હતા. એમણે પોતાની શાન બતાવવામાં જ એમની કમાઈ ખતમ કરી નાખી. વોર્ડના મોટા મોટા શ્રીમંતોની રહેણીકરણી અને ખર્ચ સાથે હરીફાઈ કરવા લાગ્યા. મોટામોટામાં એમનું સ્થાન બનાવ્યું. પ્રભાવ જમાવ્યો. એકવાર જીવનનું બીબું બદલાઈ ગયા પછી રહેતા-કરવાનું સ્ટાન્ડર્ડ નીચું નથી કરી શકાતું. કરજની હારમાળા શરૂ થઈ અને એનો બોજો બેહદ થઈ જવાથી એક દિવસ ભાંડો ફૂટી ગયો. કરજ ચૂકતે કરવા માટે જ, જેલ અને કેસ અથવા કાનૂની રીતે દેવાળિયાનો કરાર કરવામાંથી બચવા માટે જ તે એની તમામ મિલકત ઊભાંઊભાં અર્ધી-પોણી કરવા લાગ્યો, ઘરેણાં, સોના-ચાંદીના વાસણ, મોટર, બગી – બધું ટપોટપ કાઢીને રોકડા કરવા લાગ્યા.

સજ્જનને અનુભવી અને જૂના દિવાનજી મકાન જોઈ આવ્યા હતા, એની કિંમત પણ આંકી આવ્યા હતા. મોડું કરવાથી સારી મિલકત હાથમાંથી ચાલી જવાનો ભય હતો. મહિપાલના આક્ષેપોનો જવાબ આપવા માટે મિટિંગ કરવા કરતાં હૉસ્પિટલનું મકાન ખરીદવા માટે તે ઉત્સુક હતો, 'મહિપાલના ઝેરનો જવાબ આ અમૃત હશે – ખૂબ જ ખામોશ છતાં ઘણું-ઘણું કહી જતો જવાબ.'

જવાબ આપવા માટે મિટિંગનો આગ્રહ કરનારાઓને આ જવાબ આપીને વારંવાર આપતાં – સજ્જનને એકાએક એમ લાગ્યું કે સાચેસાચ જ શું એને એના આ શબ્દોમાં શ્રદ્ધા પણ છે? ઘણીવાર એવું બને છે કે આપણે આપણા બચાવ માટે એક સુંદર વાત વિચારી લઈએ છીએ. પછી એની ઓથ લેતાં લેતાં આપણને એવી જ આદત પડી જાય છે. આપણો ભાવ શું છે એની આપણને પિછાણ પણ નથી હોતી અને આ પિછાણનો અભાવ આપણને ઘણીવાર ઢંગધડા વિનાના ઝમેલામાં ફસાવે છે, સજ્જન ખરેખર જ શુદ્ધ જનકલ્યાણની ભાવનાથી કામ કરે છે?

બદલામાં એ યશ નથી ઇચ્છતો ? સામાજિક કાર્યોમાં ચિત્રકલાની સાધના કરવાથી અધિક ચમત્કારી યશ મળશે, એની અંદર શું આ ભાવના કામ નથી કરતી ?

પ્રશ્નોએ એને ઘેરી લીધો. એકેએક વાતમાં મનની હા – ના ચાલવા લાગી. શુદ્ધ જનકલ્યાણની ભાવના – ના, એ યશ ઇચ્છે છે; પરંતુ એ સાચું નથી કે તે યશની લાલચમાં ચિત્રકલાને છોડીને એના પૂર્વજોની લક્ષ્મીના બળ પર તેના નેતા બન્યો છે. આ બધું એના જીવનમાં અનાયાસે આવી ગયું છે, જે પ્રશ્ન માટે એના ભારતીય સમાજની અગતિ–ગતિને જોવા તે આ મહોલ્લામાં આવ્યો હતો તે પ્રશ્ન જુઠ્ઠો નહોતો, એના પ્રાણની લગનમાંથી નીકળ્યો હતો. અસાધારણ સમાજમાં રહીને જે પ્રશ્નનો ઉત્તર એને નહોતો મળતો એ લેવા માટે તે જનસાધારણમાં આવ્યો હતો. એનું જોશ, એની સહેલાણી પ્રવૃત્તિ એને અહીં લઈ આવી હતી. જો કે હજી પણ તે સાધારણ જનતાના નિકટ સંપર્કમાં આવી નથી શક્યો, પણ એમને માટે દિન-પ્રતિદિન કરુણા ઊભરાયે જ જાય છે. એટલે એનું સામાજિક કાર્ય વિશુદ્ધ જન-કલ્યાણની ભાવનાથી સોએ સો ટકા પ્રેરાયેલું ન હોવા છતાં પણ વિશુદ્ધ યશલાલસાથી પણ નથી પ્રેરાયેલું. પ્રમાણિકપણે એના મનમાં જનકલ્યાણની ભાવનાનો પ્રભાવ યશલાલસાથી ક્યાંય વધારે છે. બલ્કે કામકાજમાં અધિક ફસેલો હોવાથી હવે ક્યારેક ક્યારેક યશની ભાવના એના મનમાંથી સંપૂર્ણ ગાયબ પણ થઈ જાય છે. ...તો પછી મહિપાલ માટે એના મનમાં ખીજ શા માટે છે ? જવાબ આપવા માટેની મિટિંગની વાત એને હજી પણ ખૂંચે છે એ શું સાચું નથી ? જો એને મકાન જોવા જવાનું ન હોત, એના મનમાં જરા પણ ફુરસદ હોત તો કદાચ એ આના પર વધારે ધ્યાન પણ આપત.

સજ્જન આ વાસ્તવિકતાથી મોં ફેરવી ન શક્યો.

ઓગણપચાસ

મકાન વીસ હજારમાં ખરીદી લેવાયું. આ નાની એવી હોસ્પિટલ માટે જરૂરી સાધનો ન આવે ત્યાં સુધી પ્રતીક્ષામાં બેસી રહેવાનું સજ્જનને ઉચિત ન લાગ્યું એક ડૉક્ટર, લેડી ડૉક્ટર, વૈદ, હકીમ અને હોમિયોપાથને નિયુક્ત કરવા ઉપરાંત એણે શહેરના એક પ્રસિદ્ધ ડૉક્ટર તથા ડૉ. શીલા સ્વિંગને પણ સપ્તાહમાં બે દિવસ સલાહકાર ડૉક્ટર તરીકે આવવા માટે વિનંતી કરી. શીલાએ આ વિનંતીના ઉત્તરમાં એની અડધી પ્રાઈવેટ પ્રેક્ટિસનો ત્યાગ કરીને રોજ સાંજે ત્યાં જવાનું

વચન આપ્યું. સજ્જન અને કન્યા અત્યંત રાજી થયાં. પ્રસૂતિગૃહ અને દવાખાનાના બધા સામાનની ખરીદી કર્નલ મારફત થતી હતી.

ડૉ. શીલાના ત્યાગની પ્રશંસા ચારે બાજુ ફેલાવવામાં સજ્જને ખૂબ ઉત્સાહ-પૂર્વક કામ કર્યું. શહેરનાં છાપાઓમાં પણ આ ખબર છપાયા. દુનિયા ભલે માને કે શીલાની આ પ્રશંસા ફેલાવવામાં સજ્જનનો અંગત સ્વાર્થ નહોતો, પરંતુ એમ કરવામાં સજ્જનના મનમાં મહિપાલ પ્રત્યે પ્રતિહિંસાની ભાવના હતી. એ એને ખીજવવા માગતો હતો.

મહિપાલ ખરેખર જ ચિડાઈ ગયો. એને લાગ્યું કે શીલાને એના વિરોધી કેમ્પમાં લાવીને સજ્જને મહિપાલની બદનામીની યાદ લોકોના મનમાં તાજી કરવાનો પ્રયત્ન કર્યો છે. સજ્જન પ્રત્યે એને ઉત્કટ ઘૃણા થઈ ગઈ. ચાણક્યની જેમ વારંવાર એના મનની શિખા ખૂલવા લાગી, મોસાળના સામન્તી સંસ્કાર મહિપાલની રગોમાં પ્રલયની લહેરોની જેમ ઊભરાવા લાગ્યા. પોતે સજ્જનને કચડી નાખે એના પર કૂતરા છોડી મૂકે, જમીનમાં દાટીને લાતો મારે, ઝાડ પર ઊંધો ટાંગીને ધુમાડો કરે, એના લાખોના વૈભવમાં આગ લગાવી દે – રહી રહીને ઘૃણા આવેશમાં એને હચમચાવી નાખતી હતી. એ સજ્જનનું સત્યાનાશ કરવા ઇચ્છતો હતો. શીલા પ્રત્યે પણ એને તીવ્ર ક્રોધ હતો, એ સજ્જનની સાથે કેમ ગઈ? શું આનું જ નામ પ્રેમ છે?

ઘરમાં લગ્નની તૈયારી શરૂ થઈ ગઈ હતી. શકુંતલાના પિતા તરફના લોકો, મહિપાલની બીજી બહેન અને એનાં બાળકો પણ લગ્નમાં ભાગ લેવા આવી ગયા હતાં. શેઠ રૂપરતને એની હવેલીનો એક ભાગ લગ્ન માટે આપી દીધો હતો. લગ્નનો બધો સામાન ઊંચકી-ઊંચકીને ત્યાં લાવવામાં આવતો હતો. લગ્નને કારણે ઘરમાં ચારે બાજુ વ્યસ્તતા હતી, માત્ર મહિપાલનું મન પ્રબળ ઈર્ષાને કારણે અસ્તવ્યસ્ત બની ગયું હતું. સજ્જનને કોઈક 'ઘણું-ઘણું-ઘણું' મોટું નુકસાન પહોંચાડવાની યુક્તિ વિચારવામાં જ એની પ્રત્યેક ક્ષણ જતી હતી. કોઈ યુક્તિ સૂઝતી નહોતી. એ આખો વખત ચિડાયા કરતો હતો. સવારથી મોટર લઈને નીકળવું, ક્યારેક રાજાસાહેબને ત્યાં, ક્યારેક રૂપરતનને ત્યાં, ક્યારેક કોઈ મિનિસ્ટર, ડેપ્યૂટી મિનિસ્ટરને ત્યાં હાકેમ-અમલદાર, જેની પણ સાથે એને થોડીઘણી ઓળખાણ હતી એમને ત્યાં જઈને વાતચીતમાં એ સજ્જનની નિંદા કરતો. ક્યાંક કહેતો કે કોમ્યુનિસ્ટ પત્નીના કહ્યામાં આવીને એ આ બધાં કામોની આડશમાં જનતાને કોમ્યુનિસ્ટ બનાવે છે. રાત્રે એને ઘેર કોમ્યુનિસ્ટ નેતાઓની બેઠક મળે છે, ક્યાંક એવી અફવા ફેલાવતો કે પતિ-પત્ની બંને અત્યંત ચારિત્ર્ય ભ્રષ્ટ છે; એન

મનોરંજન માટે સુંદર સ્ત્રીઓ મેળવી આપવી એ જ કન્યાની સ્કૂલનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રમાણ આપવા માટે વારંવાર એમ પણ કહી દેતો કે આ મેં પોતે જોયું છે. અથવા આ વાત ખુદ સજ્જને મને કહી હતી, ક્યાંક તે સજ્જનની યોજનાઓમાં બાબા રામજીને પણ સામેલ કરી એક વિશાળ ષડ્યંત્ર પ્રતિ સચેત રહેવા માટે ચેતવણી આપતો. ભૂખ-તરસ ભૂલીને ઘરની જવાબદારીઓને જનકલ્યાણના નામ પર વીસરી જઈને તે સવારથી સાંજ સુધી કેવળ સજ્જનની વિરુદ્ધ પ્રચાર કરવામાં જ લાગ્યો રહેતો. એણે રાજાસાહેબનું જીવનચરિત્ર લખીને એમને અમર કરી દેવાની લાલચ પણ આપી. દર્શનજ્ઞાનની વાતો હાંકીને પોતાના પાંડિત્યનો સિક્કો જમાવીને પણ પૂરો પ્રયત્ન કર્યો. એમની હવેલીમાંથી કન્યાની પાઠશાળા ખસેડાવી ત્યાં વેદ પુરાણ, ગીતા, ભાગવત વગેરેનો અખંડ પાઠ કરાવવાની સત સલાહ પણ આપી કે જેથી ભારતવાસીઓની ધાર્મિક નિષ્ઠા જાગે અને એમના પર સજ્જન જેવા વિભીષણ કોમ્યુનિસ્ટોનો પ્રભાવ ન પડી શકે. લાલા જાનકીશરણને ત્યાં જઈ-જઈને એ સમજાવતો હતો કે તેઓ રાજાસાહેબ તથા અન્ય મોટા લોકોનો સાથ લઈ એક એવી જ સંસ્થા ખોલવાનું આયોજન કરે જેથી સજ્જનનું આખું ષડ્યંત્ર ભાંગી પડે. એણે એમને ત્યાં સુધી ગભરાવવા પ્રયત્ન કર્યો કે વોર્ડના બધા મુખ્ય માણસો, ખાસ કરીને લાલા જાનકીશરણની આસપાસ, ઘરોમાં જાસૂસ રોકયા છે, એ અહીં રહેશે તો કોઈ પણ સારા માણસની આબરૂ બચશે નહિ.

આઠ દિવસની ક્સમય દોડાદોડની અસર થઈ. તે અત્યારે રૂપરતનના ઘરમાં જ રહેતો હતો, એટલે એને જ્યારે ને ત્યારે ઉશ્કેરવા માટે તક પણ ઘણી મળી રહેતી. શેઠ રૂપરતનની એક સૂતેલી મહત્ત્વાકાંક્ષાને જગાડવામાં એ સફળ બન્યો. એક મહાન આંદોલન ચલાવી શેઠ રૂપરતન ખૂબ જલદી સરકારી મંત્રીમંડળમાં દાખલ થવા માટે પોતાનો માર્ગ ખોલી દેશે – આ મહામંત્ર એનું કામ કરી ગયો. રૂપરતનને એણે એક યોજના બનાવવાની સલાહ આપી. દસ મોટા માણસો મળીને એવી જ સહકારી યોજના બનાવશે. એમની સહકારી બૅન્કો દ્વારા ગૃહઉદ્યોગનો ખૂબ મોટો કાર્યક્રમ ચાલશે. વાતાવરણમાં ચારે બાજુ ધાર્મિક ધામધૂમ મચાવી દેવી, ક્યાંક કીર્તન, ક્યાંક મહાત્માઓનાં પ્રવચન, ક્યાંક ઇતિહાસ પુરાણ — આ રીતે ચારે તરફ ભારતીયતાનો પ્રચાર કરી દેવાશે. આ યોજનાના આરંભમાં એક ખૂબ મોટો વિશ્વશાંતિ યજ્ઞ પણ કરવામાં આવશે જેથી જનતામાં ધાર્મિક નિષ્ઠા જાગે. રાતોરાત મહિપાલે એક લેખિત આયોજન કરી નાખ્યું. રાજાસાહેબ અને શેઠ રૂપરતનનાં શ્રીમુખેથી ઉચ્ચારિત થયા હતા તે તમામ આદર્શો એમાં પ્રસ્તુત કર્યા હતા.

એ દિવસ પછી વિક્ટોરીયા પાર્કના ચોકમાં એક બહુ જ મોટી સાર્વજનિક સભાની જાહેરાત થઈ. રાજાસાહેબ પોતે એના પ્રમુખ બનશે અને જનકલ્યાણ માટે નગરના પ્રતિષ્ઠિત સજ્જનોએ મળીને જે મહાન યોજના બનાવી છે તેના પર પ્રકાશ પાડશે.

એ દિવસોમાં તાઈ ખૂબ જ બીમાર હતી. એને પોતાને હવે બચવાની આશા નહોતી. એના મૃત્યુ પછી એના પતિ કે સાવકો દીકરો એનું યોગ્ય ક્રિયાકાંડ નહિ કરાવે એ ડરથી પોતે જીવતાંજીવત પોતાનું ક્રિયાકર્મ કરાવતી હતી. સજ્જન અને કન્યા પર એની બધી જવાબદારી આવી પડી હતી. કન્યા અને સજ્જન એનાં દીકરા–વહુ જેવાં બની ગયાં હતાં.

એટલે સુધી કે એક દિવસ તાઈએ 'કન્નોમલના પૌત્રની વહુ'ને સો તોલા સોનાનાં ઘરેણા પણ પહેરાવી દીધાં, કહ્યું, 'અભાગણી, તું વિધર્મી તો છે, પણ જ્યારે વહુ બનીને આવી જ ગઈ છે તો લે. મારી સેવા તો તું જ કરે છે. મારા કામમાં તો તું જ આવી છે.' આટલું બધું હોવા છતાં પણ તાઈને કન્યાના હાથનું અડેલું પાણી પીવામાં હજી સુધી વાંધો હતો. અંગ્રેજી દવા ખાવાનો પણ એણે ઇનકાર કરી દીધો હતો. સજ્જનના બે નોકરો ચોવીસે કલાક તાઈની સેવામાં રહેતા હતા. રાત્રે સજ્જન-કન્યામાંથી કોઈ એક તાઈને ત્યાં જ રહેતું. તાઈ જે દાન-પુણ્ય કરવાની ઇચ્છા કરતી તે બધાનું આયોજન થતું.

જે દિવસે સાંજે ચોકમાં રાજાસાહેબની મિટિંગ હતી એ જ દિવસે તાઈને ઘેર એના તેરમાનું બ્રહ્મભોજન હતું. સજ્જન અને વનકન્યાને, એમની પહેલાંની કામગીરીમાં આ કામગીરી ભળવાથી આંખ મટમટાવવા જેટલો પણ અવકાશ નહોતો. કર્નલ પણ એમની સાથે મદદમાં બરાબર ઊભો રહ્યો. સજ્જન અને મહિપાલમાં વિરોધ થવાથી કર્નલ જો કે અત્યંત ક્ષુબ્ધ હતો, છતાં પણ એ બાબતમાં એણે ભારે જબરો સંયમ રાખીને મૌન સેવ્યું અને બંને બાજુ કાર્યનો મોરચો સંભાળી લીધો હતો. કલ્યાણીને ઘેર બરાબર જતાં-આવતાં રહીને આવશ્યક ચીજો અંગે પૂછતાછ કરવી, જે રસ્તે ખૂબી સાથે બે પગની બચત થાય એ રસ્તો સુઝાડવાનું કર્નલનું જ કામ હતું. મહિપાલને એ મળતો, બધી વાતો થતી, પરંતુ સજ્જન અંગે તે મોંમાંથી એક અક્ષર કાઢતો નહિ. વિરોધ થતાં મહિપાલ ઘણી-વાર એને ખીજવવા સજ્જનની વાત કરતો. એકવાર કર્નલે કહી દીધું. 'જો ભાઈ, આ ચોખ્ખી તમારા લોકોની પરસ્પરની વાત છે; બે વિદ્વાનો વચ્ચેની વાત છે. મારે એ સાથે કશી મતલબ નથી. હવેથી મારી સાથે એની વાત ન કરતો.' સજ્જને પોતે પણ આ સંબંધમાં ક્યારેય એની સાથે વાત કરી નહોતી. મહિપાલ કર્નલનો

બહુ જૂનો મિત્ર હતો. સજ્જન અને કર્નલની દોસ્તી તો મહિપાલને કારણે થઈ હતી.

તે દિવસે સાંજે વિકટોરિયા પાર્કની મિટિંગમાં હદબહાર ચાલ્યો ગયો. સજ્જનને એણે પોતાનો બહુ ન જૂનો મિત્ર કહીને એમ સિદ્ધ કરવાનું શરૂ કર્યું કે તે 'હમેશા બેહદ સ્વાર્થી અને મહત્ત્વાકાંક્ષી રહ્યો છે. એ પોતાના પૈસાના જોરે પ્રતિષ્ઠિત આલોચકોને જમણ જમાડી-જમાડીને એમની ખુશામતો કરીને પ્રસિદ્ધ થયો છે. એ કલાકાર કરતાં વધારે કલાબાજ છે. એને મોટું નામ કમાવાની ધૂન છે.' જોશમાં આવીને આ પ્રકારની અનેક વાતો એણે એવી બકી નાખી જેથી એના પર બદનક્ષીનો કેસ થઈ શકે. એની સ્પીચમાં મોહનજોદરો, શિવ અને વેદ, આખો ઈતિહાસ, સમાજશાસ્ત્ર વગેરે એણે સજ્જનની નિંદા કરવા માટે જ જાણે એક કલાક સુધી વખાણ્યા. એણે જનતાને મંત્રમુગ્ધ કરી અને વચ્ચેવચ્ચે સજ્જન પ્રત્યે ઝેર ઢાલવ્યું. આજની સાંજ, સભાનો એ રંગમંચ એના જીવનનો શ્રેષ્ઠતમ વિજય મનાવતા હતા. એણે સજ્જનના લાખો સાથે લાખોની હોડ મારી. સજ્જન જો એની લક્ષ્મીના બળ પર પોતાને મહાપુરુષ બનાવી શકે છે તો મહિપાલ પણ પારકી લક્ષ્મીનાં સાધનો મેળવી મહાપુરુષ બની શકે છે. એ મહિપાલની 'મહાપુરુષત્વ'ની ક્ષણ હતી જેના નશામાં બહેકીને એણે સજ્જનની વિરુદ્ધ ગેરકાનૂની વાતો કરી નાખી હતી.

સજ્જનના સમર્થકોમાં આતંક ઉત્તેજના ફેલાઈ ગયાં. એક મોટી પૂંજી અને સંગઠિત શક્તિ, જે હજી સરખી રીતે ખીલી પણ નહોતો શક્યો એવા નાનકડા છોડનો નાશ કરવા માટે આવી રહી હતી. સજ્જન અને કન્યા બંને મહિપાલના આ વ્યવહારથી અત્યંત ક્ષુબ્ધ થયાં. ડૉક્ટર સ્વિંગ રડી પડી. સજ્જને મામલો વકીલના હાથમાં સોંપવાનો નિર્ણય કરી લીધો. ત્રીજે દિવસે સજ્જનના વકીલની રજિસ્ટર્ડ નોટિસ મહિપાલને મળી ગઈ. કર્નલ એ વખતે મહિપાલને ઘેર એટલે કે શેઠ રૂપરતનની હવેલીમાં હાજર હતો. મહિપાલ ખૂબ ઊકળ્યો, 'જોઈ લઈશ' અને 'સમજી લઈશ' કહી કહીને એણે ખૂબ જ હાથપગ ઉછાળ્યા.

કર્નલે કહ્યું, 'જો મહિપાલ, હું જનતા નથી કે જેને તું લેક્ચર આપીને ભરમાવી શકે. આ તો દીકરીનું લગ્ન છે એટલે મારા કાળજા પર તાળું મારીને મૌન બેઠો છું, તો પણ મારે કહેવું પડે છે કે એ કેસ કરે છે તે એકદમ બરાબર છે. અને તું કેસ હારી જઈશ. અને તારે જેલમાં જવું પડશે. તારા આ મોટા-મોટા લોકોમાંથી જો કોઈ એક પણ તને મદદ કરવા આવે મહિપાલ, તો મને કહેજે, તું જે કહીશ તે હું હારી જઈશ.' કર્નલે કલ્યાણીને પણ આખી પરિસ્થિતિ ચોખ્ખે-ચોખ્ખી સમજાવી દીધી. મહિપાલ એની પત્ની અને કર્નલની સામે ન્યાય-સત્યના

મોટા મોટા નારા લગાવવા લાગ્યો. સજ્જનને દુરાચારી ગણાવવા લાગ્યો, કર્નલને પણ ખૂબ જ ગુસ્સો આવી ગયો એણે કહ્યું, 'જો મહિપાલ, તું દૂધે નહાયેલો નથી. બીજાના મોં પર કીચડ ઉછાળે છે, તારા ઘાવ પર તું જ ગબડીશ. હું તને એક બીજી વાત પણ સાફસાફ કહી દઉં છું કે સજ્જન જો મને એના તરફના સાક્ષી તરીકે બોલાવશે તો હું અવશ્ય જઈશ. અને જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી ડૉક્ટર સાહેબ પણ આવી પરિસ્થિતિમાં તારી વિરુદ્ધ સાક્ષી આપવા જશે, અને એમણે જવું જ જોઈએ.'

'જાઓ, બધા જાઓ.' મહિપાલ ગરજી ઊઠ્યો. આવેશમાં આવીને એણે ખુરશી ઊંચકીને જોરથી પછાડી, એનો એક હાથો સાવ જ ભાંગી ગયો. આ ખુરશી વિક્ટોરિયા કાળની નકશીદાર બનાવટની હતી. મહિપાલને તરત જ ખ્યાલમાં આવ્યું કે એણે શેઠ રૂપરતનનું નુકસાન કર્યું. મહિપાલનો ક્રોધ ત્યાર પછી ફરી અસીમ ન રહ્યો, કાબૂમાં આવતાં આવતાં બડબડાટ સુધી ઊતરી આવ્યો.

કર્નલની પાસે કલ્યાણી ખૂબ જ અનુનય-વિનય કરવા લાગી, 'એમની તો મતિ બગડી ગઈ છે. તમે સજ્જન ભાઈસાહેબને સમજાવો, આ બાળકો સામે જુએ.'

કર્નલ, કન્યા અને સજ્જન વચ્ચે વાતો થઈ. સજ્જન એના નિશ્ચય પર અડગ રહ્યો, એણે કહ્યું, 'જો કર્નલ, આ મારો મામલો નથી. બધી વાતો મારા ટ્રસ્ટને બહાને શરૂ થઈ છે. જો હું આ વાતો પર કશું જ ન કરું તો મારા ટ્રસ્ટને નુકસાન થાય. મારા સંગઠનના રક્ષણ માટે મહિપાલને સજા કરાવીને જ રહીશ. તારે પણ મારા તરફથી સાક્ષી આપવી પડશે. અમારા બંનેમાં તેં જે કાંઈ નબળાઈઓ જોઈ હોય એનું શબ્દે શબ્દ વર્ણન કરજે. હું તારી પાસેથી પ્રેમ નથી માગતો, ન્યાય માગું છું.' સજ્જને કહ્યું અને ઊઠીને ચાલ્યો ગયો.

સભાનો રિપોર્ટ તાઈના માંદગીના બિછાના સુધી પહોંચી ગયો. શ્રી રાધેશ્યામના લગ્ન અને એની ક્રિયાને નામે આટલા દાન-પુણ્ય કરનારી તાઈના માંદગીના બિછાના પાસે સારો એવો દરબાર ભરાતો હતો. ગોકુલદ્વારાના પુજારી, ભિતરીયા, જલ-દાડિયા, કીર્તનિયા, સરસ્વતીદાદી, બન્ના બહુરિયા, નંદો, નંદોની મા, તારા, નાની, મહોલ્લાની બીજી પણ ઘરડી-બુઢ્ઢીઓ તાઈને ત્યાં દિવસ આખો જતી-આવતી રહેતી. તાઈનો તાવ ઉગ્ર હતો, વચ્ચેવચ્ચે બેહોશ પણ થઈ જતી હતી. ભાનમાં આવતી ત્યારે ચારે બાજુ નજર ફેંકી લોકોને જોઈ લેતી. ક્યારેક એમની વાતોનો હા-નામાં જવાબ પણ આપતી. તાઈને કાને વાત પડી કે રાજાસાહેબે કંપની બાગમાં મિટિંગ કરીને એના સજ્જનને ખૂબ ખૂબ ગાળો દીધી અને એ તથા જાનકીશરણ મળીને

પુરુષોની હવેલીમાંથી સજ્જનને કાઢીને પોતાની પાઠશાળા ચલાવશે. સખત તાવ અને નબળાઈમાં પણ આ સાંભળીને તાઈ ચપળ બની ગઈ. જિંદગીભર વિષમય રહેલી એની જીભ વિષ બહાર કાઢવા લાગી; બંને હાથની મૂઠીઓ ભીંસાઈ ગઈ. ગળાની નસો તણાઈ ગઈ, ચહેરો ક્રોધથી વિકૃત બની ગયો. તાઈએ અંતઃકરણથી એના પતિને ભાંડ્યો. આવેશે એની તબિયત પર ઘાતક અસર કરી અને તે બેહોશ બની ગઈ.

તે જ દિવસે સાંજે તાઈએ નંદોને પોતાની પાસે રોકી. કન્યા ત્રણ કલાક માટે તાઈ પાસે તારાને મૂકીને ડૉક્ટર શીલા સિંગની સાથે ગલીના ઘરે ઘરે સ્ત્રીઓ અને બાળકોની તબિયત જોવા ગઈ હતી. તાઈએ તારાને દૂર બેસવાનો આદેશ આપી નંદો સાથે ધીમે ધીમે કાંઈક વાતો કરી. નંદોના ચહેરા પર ગંભીર જવાબદારી અને રહસ્યમયતા ઊભરી આવ્યાં. દીવો થયો કે તરત જ તાઈએ તારાને એના બાળક સાથે ઘેર ચાલ્યા જવાનું કહ્યું. તારા તાઈની સેવાના વિચારથી ત્યાંથી જવા તૈયાર નહોતી. તાઈના ચહેરા પર ક્રોધની રેખા ઉપસી, અધિક વઢવાની શક્તિ એનામાં નહોતી. નંદોએ તારાને સમજાવીને કહ્યું, 'તેઓ જે કહે તે માની લો. અને હું તો એમની પાસે છું જ.' તારા સમજી ગઈ અને કશું કહ્યા વિના એના બાળકને તેડીને ચાલવા લાગી. બાળકને જતાં જોઈને તાઈએ એના ઢીલો હાથ ઊંચો કરીને એને પાસે બોલાવી. તાઈના ચહેરા પર વાત્સલ્યની શાંતિ છવાઈ ગઈ. તારા એને લઈને તાઈ પાસે નમી. બાળકે એનો રમતો હાથ આગળ કરીને તાઈની ગરમ હથેળીમાં મૂકી દીધો. તાઈએ એકવાર બાળકના નાનકડા હાથ, ગાલ અને માથા પર હળવેકથી હાથ ફેરવ્યો. એના ફિક્કા માંદલા ચહેરા પર હાસ્ય પ્રસર્યું, પછી એણે ઈશારાથી તારાને ચાલ્યા જવાનું કહ્યું. તારાના ગયા પછી નંદોએ તારા તરફના બારણાની સાંકળ વાસી દીધી. તાઈએ માથા તરફ તકિયાની નીચે રાખેલી એક નાની પોટલી કાઢવાનો આદેશ આપ્યો. નંદોએ પોટલી ખોલી દસ-દસની બે નોટ કાઢી, તાઈને બતાવીને પોતાના પાલવે બાંધી દીધી. નંદો ઉપરની સીડી તરફ જતાં બોલી, 'હું ચાદર ઓઢીને હમણાં જ આવું છું તાઈ, નાનીને અહીં બેસાડી જાઉં છું. તમારી વહુરાણી આવે તો એને પણ પાછી મોકલી દેજો. નાની અને ...બાકી તો હું હમણાં જ આવું છું.'

કન્યા લગભગ આઠ વાગે તાઈના ઘરે પહોંચી. નાની ત્યાં બેઠી હતી. તાઈને એ વખતે ઊંઘ આવી ગઈ હતી. વાર્તા વાંચવાનું છોડીને નાનીએ કન્યાને તાઈની તબિયતના સમાચાર કહ્યા અને નંદો કન્યા માટે જે હુકમ આપી ગઈ હતી તે પણ કહ્યો.

કન્યાએ પૂછ્યું, 'કેમ, શી વાત છે?'

નાની મોં મરડીને બોલી, 'નંદો બીબીજી અને તાઈ કોઈ મેજિક-બેજિક કરે છે કોઈકના પર, એટલે એકાંત ઇચ્છે છે.'

'આ બધી શી મજાક છે? અત્યારે હું તાઈને કોઈ પણ સ્થિતિમાં અને કોઈ પણ બહાને આ રીતે એમના શરીરને કષ્ટ દેવા નહિ દઉં. હું નહિ જાઉં.'

થોડી વાર બંનેએ અહીં-તહીંની વાતો કરી. તાઈ જાગી. કન્યાએ તરત ઊઠીને તાઈના માથા પર હાથ મૂક્યો. તબિયતના ખબર પૂછ્યા. તાઈએ એનો હાથ સ્નેહથી પંપાળીને કહ્યું, 'સારું છે. તું જા વહુ.'

'તાઈ, હું તમને છોડીને નહિ જાઉં. તેઓ મારા પર ખૂબ જ નારાજ થાય.'

'તને મારા સમ, જા.' એના નોકરોને પણ સાથે લઈ જવાનો આદેશ આપ્યો.

તાઈએ કન્યાના આગ્રહનો ફરીવાર દૃઢતાથી અસ્વીકાર કર્યો. આવી સ્થિતિમાં તાઈ પાસેથી ચાલ્યા ગયા સિવાય એની પાસે કોઈ ઉપાય નહોતો. તાઈ સાથે દલીલ કરવાનું અસંભવ હતું, અને આ સ્થિતિમાં તો ખાસ. કન્યા નાનીને જરૂરી સૂચના આપીને એના નોકરો સાથે અનિચ્છાપૂર્વક ચાલી ગઈ.

રાતના લગભગ સાડા અગિયાર-પોણા બાર વાગે નંદોએ આંગણામાં બધો સામાન એકઠો કર્યો—એક બાટલી શરાબ, ચાર સુવરનાં બચ્ચાં, માટીનું હાંડલું, લોટનું પૂતળું, લોટના ચાર મુખવાળો દીવો, તમાકુનું એક પાંદડું, ગાંજો વગેરે. તાઈ આજે પોતાના પતિ પર મૂઠ ચલાવવાનું આયોજન કરતી હતી. પ્રારંભિક વિધિ થઈ ગયા પછી હાંડલાને મંત્રથી બાંધવા માટે નંદોએ તાઈને કહ્યું.

તાઈ ફરીથી તાવની ગરમીમાં બેહોશ થઈ ગઈ હતી. વાતનો જવાબ ન મળવાથી નંદો પાસે આવી. ફાનસ ઉપાડીને તાઈને જોઈ અને પછી કાન પાસે મોં રાખીને બૂમ પાડી, 'તાઈ! એ તાઈ!'

તાઈએ આંખો ખોલી સ્તબ્ધ કીકીઓથી નંદો તરફ જોયું ને બેભાન જેવા અવાજમાં પૂછ્યું 'શું છે?'

'બધું એકઠું કરી નાખ્યું છે, તાઈ.'

'ભેગું કર્યું?' તાઈની ચેતના બરાબર પાછી આવી. એ વાતે એના જર્જરિત શરીરમાં શક્તિનો સંચાર કર્યો. ઊઠવાનો પ્રયત્ન કરતાં બોલી, 'મને ત્યાં લઈ લો જા બેટા.'

'અરે, તમે ત્યાં કેવી રીતે જશો ? આજે મને જ મૂઠનો મંતર આપી દો.' નંદોએ આગ્રહ કર્યો.

તાઈના તાવથી સૂકા થઈ ગયેલા, તપી ગયેલા, ને કરચલીવાળા ચહેરા પર આછું સ્મિત ફેલાઈ ગયું. કાળા કાળા ઠૂંઠા જેવા દાંત ચમકી ઊઠ્યા, બોલી, 'એમ અપાતા હશે મંતર ?' તાઈનો નબળો સ્વર નવો શ્વાસ ભરવા માટે અટકી ગયો, પછી બોલી, 'મસાણ... પર ...દીવો લઈ જા ...મંતર ...તેલીની ...પર, તું મને લઈ જા.' તાઈના શરીરમાં શક્તિ ઉછળવા લાગી.

નંદો એને આંગણામાં લઈ આવી. તાઈએ હાથ-પગ ધોયા. હાંડલામાં સામાન રાખતાં રાખતાં મંત્ર બોલવાનું શરૂ કર્યું. એના પતિને મારવા માટે મંત્રમાં એમનું નામ લેવું જરૂરી હતું. સંસ્કારવશ તાઈ એક પળ અચકાઈ, અને પછી જોરથી રાજાસાહેબનું નામ લઈને પૂતળા પર ચોમુખો દીવો મૂકતાં ગર્જના કરીને એને મારવાનો આદેશ આપ્યો. ક્ષણભર માટે તાઈની સ્તબ્ધ આંખોમાં ચોમુખા દીવાની જેમ જીવન ઝગમગી ઊઠ્યું. નંદો ભયની મારી ઊભી થઈ ગઈ. આંગણામાં એક સાથે બાંધેલા સુવરનાં બચ્ચાં ચીસો પાડતાં હતાં. એ પણ મૂઠના વિધાનમાં બંધાઈને આવે છે, એટલા માટે કે જો બીજા પક્ષમાં પણ કોઈ ભૂવો-જતિ હોય ને ભારે પ્રતિકાર કરી મૂઠને પાછી વાળે તો પાછી વળેલી મૂઠ, મૂઠ મરનારનો જીવ ન લે પણ સુવરના બચ્ચાના બલિથી જ સંતુષ્ટ થઈ જાય.

નંદોની આંખમાં વાતાવરણનો ચમત્કાર ભરાઈ ગયો. એકાએક તાઈ ચીસ પાડી ઊઠી, 'નહિ - નહિ - નહિ !'

'શું થયું તાઈ ?' કહેતી પાસે આવીને તાઈને સંભાળવા લાગી.

'હટ, ચાકુ લાવ.' કહીને તાઈએ એને ઝટકો માર્યો ને જોરથી મંત્ર બોલવા લાગી. દોઢ મહિનાના તાવથી ખખડી ગયેલી તાઈની ઇચ્છાશક્તિ એ ક્ષણે એના રોગ પર વિજય મેળવી ગઈ. ખૂબ ઝડપથી અને વ્યગ્રતાથી મંત્ર બોલતાં એણે બૂમો પાડવાનું શરૂ કર્યું. 'પાછી આવ, પાછી આવ, મારા પર પાછી આવ !' નંદો ચાકુ લઈ આવી હતી. તાઈએ આવેશમાં ખૂબ જોરથી એને પોતાની ડાબી હથેળીમાં ભોંકી દીધું હાંડલા પર તાઈના હાથમાંથી લોહી ટપકવા લાગ્યું.

તાઈ વાયુની ઉત્તેજનામાં બડબડતી રહી. સ્વરની ગર્જના ફરી ગાયબ થઈ ગઈ. બડબડતી ફરી પાછી બેભાન થઈને પડી ગઈ. એના પડવાથી હાંડલું ઊંધું થઈ ગયું. એમાંનો બધો સામાન વેરણછેરણ થઈ ગયો. નંદો ડરીને તાઈને ત્યા જ એવી હાલતમાં છોડીને નાસી ગઈ.

બીજા દિવસથી જ તાઈને સન્નિપાત થઈ ગયો. બડબડાટમાં કેટલીયે અસંબદ્ધ જેવી લાગતી વાતોમાં ભાંગ્યાતૂટયા શબ્દોમાં એક એ વાત પણ કેટલીય વાર નીકળી કે 'મરણકિનારે હવે કોઈનું બૂરું નહિ વાંચ્છું.' તે દિવસે તાઈની હાલત બગડી ગઈ. તે જ દિવસે સવારે સજ્જન બાબાજીને મળવા એમને ગામ ગયો હતો. તાઈ બડબડાટમાં એનું નામ પણ લેતી હતી.

પચાસ

સજ્જન બાબાજીને મળવા માટે ગામ જતો હતો. એનું મન પરસ્પર વિરોધી વિચારોથી ઘેરાયેલું હતું, કર્નલે એને મહિપાલ પર કેસ ન ચલાવવાનો આગ્રહ કર્યો અને કર્નલની આશાથી પ્રતિકૂળ સજ્જને એના આગ્રહનો અસ્વીકાર કર્યો. સજ્જનનું કહેવું હતું કે આ સિદ્ધાંતની વાત છે. પ્રશ્ન કેવળ–એક વ્યક્તિના અપમાનનો નથી, પરંતુ અનેક વ્યક્તિઓની આર્થિક અને નૈતિક હાનિનો છે. સજ્જન અત્યારે વ્યક્તિ નહિ, સંસ્થા છે. એના નિરર્થક અપમાનથી એક 'બહુજન હિતાય' સ્થાપિત કરેલી સંસ્થાનો નાશ થઈ શકે છે. કર્નલે કન્યાને પણ સંમત કરી દીધી પરંતુ સજ્જને એની વાતનો પણ અસ્વીકાર કર્યો, કહ્યું, 'આ મારો અંગત પ્રશ્ન નથી. હું સિદ્ધાંત માટે લડું છું. મારે જે પરિસ્થિતિમાં આ પગલું લેવું પડે છે એને જ હું મહત્ત્વ આપું છું મને નહિ.'

કન્યાએ કહ્યું, 'એને શું એ સંભવ નથી કે પરિસ્થિતિ ઉપરાંત તારા મનમાં મહિપાલજી માટે વ્યક્તિગત રૂપમાં ક્રોધ ચડયો હોય. સામાજિક રૂપથી પોતાના વ્યક્તિત્વને જોવા છતાં શું એ સંભવ નથી કે તારા મિત્ર મહિપાલ પ્રત્યે તારી અત્યંત અંગત કોઈ પુરાણી ઈર્ષાની ભાવના...'

'એ તો તું મને પૂછ. આ મામલો આર્ટિસ્ટ ક્વોલિટીનો છે. બંનેમાં જ્યારથી દોસ્તી થઈ ત્યારથી વેર પણ છે – હું જાણું છું.' – હાથ ઉપાડીને હવાને આંગળીઓથી કાપતાં આંખોની કીકીઓ અને ચહેરા પર ક્રોધના તમતમાટ સાથે કર્નલે સાચી વાત કહી દીધી. પછી બીજી જ પળે ખ્યાલ આવ્યો કે કદાચ સજ્જનનું મન દુભાયું હશે, એટલે ચટ દઈને હસીને એની તરફ જોતાં કહ્યું, 'જો ભઈ, માઠું ન લગાડતો, અને માઠું લાગે તો એક રોટલી વધુ ખાજે. અસલ ન્યાયની વાત એ જ થશે. પણ વાહ ભાઈ બિન્નો, તારે તો બેરિસ્ટર થવું જોઈતું હતું, બેરિસ્ટર. તેં પણ શું પોઈન્ટ પકડયો છે કે બસ, જીવતી રહે! ન્યાય આને કહે છે.'

સજ્જન માથું નમાવીને ચુપચાપ સાંભળી રહ્યો. એના ચહેરા પર કોઈ ભાવ નહોતો, કેવળ મુદ્રા ગંભીર હતી, કર્નલની વાત પૂરી થયા પછી એણે માથું ઊંચું કર્યું, અને કન્યા તરફ એક ઊડતી પરંતુ આત્મીયતાભરી નજર નાખીને કર્નલ સામે જોઈને કહ્યું, 'હું તારી વાતોની સાઈકલોજિકલ અસરથી દૂર છું કર્નલ, મારા પર કશી અસર નથી થઈ. અને કન્યાની વાતના જવાબમાં ...મારે એટલું જ કહેવાનું છે કે... મહિપાલ માટે મારું મન કોઈક જગાએ કોચાતું જરૂર રહ્યું છે. હું કર્નલ સાથે જેટલો સરળ, સહજ અને સાફ રીતે રહી શકું છું તેટલો મહિપાલ સાથેના વ્યવહારમાં નથી રહી શકતો. હું એનો ખૂબ આદર કરું છું કન્યા, તારા અને કર્નલના સોગંદપૂર્વક હું આ વાત કહી શકું છું. એ ઈન્ટેલેકચ્યુઅલ તો નહિ પણ ઘણો જ ભાવનાશાળી જીવ છે, એમ તો વાંચે છે પણ ખૂબ, વિચારે છે પણ ઘણું મહિપાલ.– પરંતુ આ બધું હોવા છતાં પણ મારો અનુભવ એમ કહે છે કે એનામાં જબરજસ્ત છીછરાપણું પણ છે અને દંભ, મિથ્યાભિમાન પણ જરૂર કરતાં વધારે છે.'

કર્નલે કહ્યું, 'તારી આ વાત બિલકુલ બરાબર છે. હું એમ માનું છું કે જ્યાં સુધી માનવતાનો સવાલ છે, ભલમનસાઈની વાત છે ત્યાં તારી ને એની કોઈ કમ્પેરીઝન નથી. મહિપાલનો જીવ બહુ જ ઓછો – છીછરો છે. પરંતુ ભાઈ સજ્જન, મારો તો એ સિદ્ધાંત રહ્યો છે કે મુસીબતમાં પડેલા દુશ્મન માટે પણ જાન મૂકી દેવો જોઈએ, મહિપાલ તો આપણો દોસ્ત છે આટલો જૂનો! મૂરખ બ્રાહ્મણ છે સસરો, પણ હવે એનું શું કરીએ? હું તને જૂઠું નથી કહેતો બિન્નો, મહિપાલ આજે ખૂબ જ મોટો ગ્રેટ માણસ હોત, પરંતુ સ્વભાવના છીછરાપણાને લીધે એનું ફ્યુચર સદાને માટે બગડેલું રહેશે. હમણાં રામ જાણે ક્યાંથી તકદીરનો આ સિકંદર જાગી ગયો છે કે...'

'હા, હમણાં તો મહિપાલજી આર્થિક દૃષ્ટિએ સુખી દેખાયા છે, ચાલીસ-પચાસ હજારની રોયલ્ટી મળી ગઈ છે. એ તો જાણે સારું થયું, પરંતુ આટલા મોટા લેખક થઈને કામ બહુ મૂરખ જેવું કરી રહ્યા છે.' કન્યા બોલી.

'મૂરખ! અરે હું કહું છું કે મહામૂરખ! અને તને કોણે કહ્યું કે ચાલીસ પચાસ હજારની રોયલ્ટી મળી ગઈ છે? વીસ હજારની રકમ મળી હશે, જેમાંથી દસ હજારનો દહેજ અપાઈ ચૂક્યો. ગામની જાન છે, એટલે જાનીવાસાની બે દિવસ સરભરા કરવી પડશે. બધું મળીને બીજા ત્રણચાર હજાર રૂપિયા લગ્નમાં ખર્ચાશે. તો ચૌદ હજાર એમ ગયા. બાકી આ જે આખા ઘરનાં ઘરેણાં, કપડાં જોડા, મોજાં ફર્નીચર વગેરે બદલ્યું તો એમાં પણ અઢી-ત્રણ હજારનો અંદાજ

લગાવો. કલ્યાણી બેચાર નવાં ઘરેણાં પહેરતી દેખાય છે એ પણ મોટી કિંમતના લાગે છે. અને આ જે કાર લીધી છે એ તો મને લાગે છે કે રૂપરતન પાસેથી કાંઈક ઉધાર લીધા હશે. આમ, જે રકમ આવી હતી તે ચાલી ગઈ. બહુ જલદી મોટર વેચવાની નોબત આવશે. એટલે તો કહું છું કે ભારે છીછરો છે.'

સજ્જન ગંભીર સ્વરમાં બોલી ઊઠ્યો, 'અહીં, અહીં હું તારાથી જુદો મત ધરાવું છું, કર્નલ. આ કામ મહિપાલની છીછરી બુદ્ધિ નથી કરતી. આ કામ એના ખૂબ વિચારેલા, અર્થભર્યા અને સ્પિરિટેડ મૂડનું છે. એ પોતાના પૈસાના અભાવથી મારા પર હમેશા ઈર્ષા કરતો રહ્યો છે. આ વખતે મહાજનોનો મારા કામ સામે વિરોધ હોવાથી એને ભારે સોનેરી અવસર પ્રાપ્ત થયો. તે એનો ફાયદો ઉઠાવી રહ્યો છે... હું તને સાચું કહું છું કર્નલ, હમણાં મહિપાલનું ચારિત્ર્ય પહેલાં કરતાં ઘણું ઊતરી ગયું છે. શીલા સાથેનો સંબંધ તોડીને એની પત્ની તરફ એ વફાદાર બન્યો છે એમાં પણ એનો કોઈક ઊંડો વિચાર છે.'

કર્નલ તરત બોલી ઊઠ્યો, 'ના, એ તો મારી નજરે જોયેલી વાત છે. એના સાળાની જાનમાં જ્યારે એની અને શીલાની બદનામીની વાત ઊડી કે એ ડૉક્ટર શીલાના પૈસા ખાય છે, તો એના ઘરમાં ઝઘડો થયો. એ ઘર છોડીને શીલાને ત્યાં રહેવા ચાલ્યો ગયો. પછી બિચારી કલ્યાણી આવી, હું એને શીલાને ત્યાંથી મોટરમાં મારી સાથે લાવ્યો. મારી નજરથી કશું છૂપું નથી થયું. – અને ત્યાર પછી જ સિતારો ચમકી ઊઠ્યો–એની પાસે વીસ હજાર રૂપિયાનો–ચેક આવી ગયો. શેઠ રૂપરતનની પ્રકાશન ઑફિસમાં સાહિત્યમાં એડવાઈઝર પણ થઈ ગયો. એ હવે ખ્યાતિમાં તો નેતા બની જ ગયો. હવે નેતા પણ બની જશે.'

'એટલે તો કહું છું કે...'

'મહિપાલની મોટર કદી નહિ વેચાય. પરંતુ તે એક દિવસ એનાથી પણ મોટી મોટર, કે કદાચ નવી મોટર પણ ખરીદી લેશે. નૈનીતાલમાં બંગલો પણ બંધાવી શકશે.'

– 'તું અદ્વિતીય બનવા ઇચ્છે છે રામજી, એ ઠીક નથી.' – પોતાની વાત કરતાં કરતાં એકાએક સજ્જનને રામજીની આ વાત સંભળાઈ. સજ્જનને માટે આ પરિસ્થિતિ ખૂબ જ વિચિત્ર બની ગઈ. બાબાજી એ ઓરડામાં નહોતા અને જે અવાજ આવ્યો તે પણ દૂરનો નહોતો. સજ્જનનું મન ખૂબ જ ભયભીત બની ગયું. કર્નલને કન્યા સાથે વાત કરતો રોકીને સહજભાવે એનાથી પુછાઈ જવાયું, 'તમે લોકોએ કાંઈ ...કાંઈ અવાજ સાંભળ્યો ?'

'શાનો અવાજ ?' કન્યાએ પૂછ્યું.

'મને ભ્રમ થઈ ગયો.' સજ્જને વાત ટાળી.

એ જ દિવસે ગામ જઈને બાબાજીને મળવાનો સજ્જને નિર્ણય કર્યો. મહિપાલ પર બદનક્ષીનો કેસ ચલાવવો કે નહિ તેનો અંતિમ નિર્ણય પણ એ ત્યાંથી પાછો ફરીને કરશે.

બીજા દિવસે સવારે જ સજ્જન બાબાજીને મળવા માટે એના એક મિત્રની જીપકાર લઈને ચાલ્યો ગયો. એના ગયા પછી થોડીવારમાં જ વર્માનો ફોન આવ્યો કે તાઈની હાલત ઘણી ખરાબ છે. કન્યા તરત જ એના ડ્રાઈવરને સજ્જનની પાછળ મોકલીને, વૈદજીને લઈને જ્યારે તાઈને ઘેર પહોંચી તો ઘરમાં પેસતાં જ સુવરનાં બચ્ચાને જોઈને થંભી ગઈ. તાઈ પથારીમાં બેભાનમાં પડી હતી. પથારીમાં સન્નિપાતમાં ઊકળી રહી હતી. તારા, વર્મા અને નંદોની મા તાઈનું ધ્યાન રાખતાં હતાં. તાઈ વચ્ચે વચ્ચે ઊઠીને ભાગતી હતી, ગુસ્સે થતી, આસપાસવાળાને મારી પણ બેસતી. એને સંભાળવાનું આ ત્રણેય માટે મુશ્કેલ બની ગયું હતું. નાડી જોઈને વૈદજીએ જણાવ્યું કે તાઈ માત્ર બે-ત્રણ કલાકની મહેમાન છે. એમણે મકરધ્વજની માત્રા આપી અને હાથપગના તળિયા પર જાયફળ ઘસીને ચોળવાનું કહ્યું. કન્યાનું મગજ ચારે તરફ દોડતું હતું. આજે જ મહિપાલને ઘેર શકુંતલાની જાન આવવાની હતી. કર્નલ ત્યાં જ રોકાયેલો હતો. વનકન્યાએ વિચાર કરીને આ સમયે કર્નલને અહીં બોલાવવાનું યોગ્ય ન ધાર્યું. એણે વર્માને મોકલીને એની હવેલી પર ટેલિફોન કરાવી દીવાનજીને બોલાવ્યા. એટલામાં શંકર અને નાની પણ આવી પહોંચ્યાં. નંદોએ પોતાના કોઈ સ્વાર્થ માટે જાદુમંત્ર કરાવ્યા અને તાઈને કષ્ટ આપ્યું, એ વાતની ફરિયાદ સ્વયં નંદોની માએ વનકન્યાને કરી અને શંકરલાલે પણ એની બહેનના કૃત્ય માટે લજ્જા અને ખેદ પ્રગટ કર્યા. કન્યાએ રાજાસાહેબને ત્યાં પણ સમાચાર આપવાનું ઘણું જરૂરી માન્યું.

ગલીઓમાં દૂર દૂર સુધી જાદુગરણી તાઈના સ્વર્ગવાસની વાત વીજળીની જેમ ફેલાઈ ગઈ. મૃત્યુના સમાચાર સાંભળતાં જ મહોલ્લાવાળા તાઈના બારણે એકઠા થવા લાગ્યા. ઘરમાં સ્ત્રીઓની ગીરદી ક્રમશઃ વધવા લાગી કન્યાએ જાદુ-મંત્રનો સામાન પહેલાં જ સાફ કરાવી નાખ્યો હતો. તાઈના અંતની સાથે પણ આ પ્રકારનો કોઈ પ્રસંગ જોડાય એવું તે ઇચ્છતી નહોતી. કન્યા સજ્જન વિના ગભરાતી હતી. લોકોએ કહ્યું કે વિમાન બનશે, તાઈ વાજતેગાજતે પૈસા-પતાસાં વહેંચતી ગંગા જશે. કન્યાએ દીવાનજીને જરૂરી ખર્ચ માટે કહી દીધું હતું. લાલા જાનકીશરણ એકવાર બારણા પાસે આવ્યા, સજ્જન માટે પૂછ્યું, કર્નલ અંગે પણ પૂછ્યું અને બંને ન હોવાથી પાછા ચાલ્યા ગયાં.

જનતાની જીભ પર તાઈનો જયજયકાર બોલાતો હતો, એનું અહીંનું કામ સમાજમાં ખૂબ જ વખણાયું હતું. ગંગા દશેરાને દિવસે તાઈનું અવસાન થયું એ વાત એના સીધા સ્વર્ગમાં ગયાની સાબિતી રૂપ કહેવાતી હતી.

સજ્જન પાછો આવ્યો. તાઈના મૃત્યુના સમાચારથી એને ખૂબ જ દુઃખ લાગ્યું હતું. તાઈ એના જીવનમાં અત્યંત નિકટ આવી ગઈ હતી. નવડાવી-ધોવડાવીને તાઈના દેહને ચુંદડી ઓઢાડીને આંગણામાં રાખવામાં આવી હતી. તાઈ સૌભાગ્યવતી મરી હતી, એટલે એના વાળ ઓળ્યા હતા. સેંથામાં સિંદૂર પૂર્યું હતું. માથા પર ટીલડી, નાકમાં નથણી, કાનમાં વાળી – સજ્જને તાઈને ક્યારેય આ રૂપમાં જોઈ નહોતી, એના મુખ પર શાંતિ પ્રસરેલી હતી, એનો જીવનભરનો સંઘર્ષ મૃત કરચલીઓમાં શાંત થઈ ગયો હતો. તાઈના માથા પર હાથ મૂકીને સજ્જન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. કન્યા, તારા અને વર્માની આંખોમાંથી સતત આંસુ વહ્યે જતા હતા.

છેક બપોરે પડી ત્યારે વળી ફોન પર ફોન અને સંદેશા પર સંદેશા મોકલ્યા પછી રાજાસાહેબના મોટા સુપુત્ર પધાર્યા. ત્યાં સુધીમાં તાઈના દરવાજા પર, ફાટકમાં અને બહાર ગલી સુધી લોકોની ભીડ જામી ગઈ હતી. ઘંટ, શંખ, ઘડિયાળની સાથે તાઈનું વિમાન ઊપડ્યું. બેન્ડ-વાજાં વાગવા માંડયાં. મહોલ્લાના બે નવયુવક વિમાન પર મોરછત્ર ઢોળવા લાગ્યા. સજ્જનના દીવાનજીએ હાથ ઊંચા કરીને પૈસા ઉછાળ્યા, ઝોળીઓ ધરીને ઊભેલી ભિખારીઓની ટોળી ઝોળી અને જમીન પર પડેલા પૈસા એકઠા કરવા અને ઝૂંટાઝૂંટી કરવા દોડાદોડી કરવા લાગી. લોકોના માથા પર ગુલાલ લગાડેલો હતો. તાઈનું વિમાન ફૂલની જેમ લોકો ઉપાડીને લઈ જતા હતા. જીવનભર તાઈને હેરાન કરી એની ગાળોથી પોતાનું મનોરંજન કરનારાં બાળકો, વૃદ્ધો, યુવાનો અંતિમ વાર તાઈની સાથે ચાલીને જતા હતા. આજે તાઈની લાઠીનો ભય નહોતો. તાઈ એમના ખભા પર હતી, દિલ પર હતી, જીભ પર હતી. ગલી પાર કરીને પહોળી સડક પર આવતાં જ સજ્જનના દીવાનજીએ ચાંદી-સોનાનાં ફૂલો ફેંક્યાં રાજાસાહેબના મોટા દીકરા મુન્નુઆએ પણ લોકલાજથી દસ રૂપિયાના છૂટા પૈસા મગાવી વહેંચી દીધાં.

સાંજે કર્નલે કોઈ પાસેથી તાઈના અવસાનના સમાચાર સાંભળ્યા. એણે એમ પણ સાંભળ્યું કે શબ કાનપુર-ગંગાજી લઈ જવાય છે. કર્નલને ઘણું જ દુઃખ થયું પણ એણે મહિપાલને ન કહ્યું, સાંજે સત્કાર માટે મહિપાલે ઘણું મોટું આયોજન કર્યું હતું. ઘણાં આમંત્રણપત્રો મોકલ્યા હતા, પરંતુ સજ્જન

અને વનકન્યાને નહોતાં બોલાવ્યાં. કર્નલ પર પોતાનો અધિકાર બતાવવા માટે મહિપાલે એને સવારથી જ બોલાવી લીધો હતો. કર્નલને ત્યાં કાંઈ કામ તો હતું નહિ, ખાલી બેઠો બેઠો તે લગ્નવાળા ઘરની અવરજવર અને રીતરસમ જોતો રહ્યો. જાનીવાસો કર્લ્ટન હોટેલના પાંચ રૂમમાં આપ્યો હતો. જાન આવતાં જ મિર્ચઆન એટલે કે એક ઘડો ભરીને મરીવાળું શરબત જાનીવાસે મોકલાયું. પછી આખો દિવસ નાસ્તા-ફળ-મીઠાઈઓ, ખાવા-પીવાની ચીજો વગેરે મોકલાતું રહ્યું. સાંજે સાત વાગે જમણવારની વિધિ થઈ. વાળંદ જાનને આમંત્રણ આપવા ગયો. મહિપાલને ઘેર આમંત્રિત લોકોની ભીડ જામવા લાગી. શેઠ રૂપરતનની વિશાળ લોનમાં પ્રીતિ-ભોજનનું આયોજન કર્યું હતું. પ્રતિષ્ઠિત નાગરિકોમાં બે મંત્રીઓ સુદ્ધાં હાજર હતા. આથી મહિપાલ ખૂબ જ પ્રસન્ન હતો, લોકોને કહેતો ફરતો હતો કે આ જો નૈનીતાલની સીઝન ન હોત તો સ્વયં પંતજી મહારાજ અને ગર્વનર મોદી સુદ્ધાં જરૂર એને ત્યાં આવ્યા હોત.

જાન ઘર પાસે પહોંચવાના સમાચાર મળ્યા. લોકો સત્કાર માટે સડક પર ઊભા રહી ગયા. પછી લખનૌના બાજપાઈ અને બાલાના શુકલ પોતપોતાની વડાઈ દેખાડતા પ્રથા અનુસાર સડક પર ઊભા રહી ગયા. છોકરાવાળા એક ડગલું આગળ વધીને અટક્યા, છોકરીવાળા પણ અટકી ગયા. છોકરાવાળાને ત્યાં ટોળું તો હતું, જાનમાં પ્રતિષ્ઠિત લોકો પણ હતા, પરંતુ છોકરીવાળાને ત્યાં મોટા મોટા ધનિક, અફસર, ડૉક્ટર, સાહિત્યકાર, પત્રકાર અને મિનિસ્ટર સુદ્ધાં ઉપસ્થિત હતા. તો પણ છોકરાવાળાએ પોતાના વડપણની ટેક નિભાવી અને આગળ ન વધ્યા. આ રીતે ડગલાં–બે ડગલાંના દેખાવ થયા પછી થોડી વારે મહિપાલ અને ડૉક્ટર જયપાલ આગળ આવીને વેવાઈઓની સામે નમી ગયા પછી મિલની થઈ.

પાર્ટી વખતે કર્નલે એની વ્યવસ્થાશક્તિનો જબરજસ્ત પરિચય આપ્યો. મહેમાનોની વિદાય પછી કર્નલે મહિપાલની રજા માગી. મહિપાલના ખૂબ આગ્રહથી જતાં પહેલાં એણે બરફીથી મોં એઠું જરૂર કર્યું પણ એ ખાઈ ન શક્યો. મહિપાલ અને સજ્જન વચ્ચે પડેલી ફાટફૂટથી કર્નલનું મન અત્યંત ખિન્ન હતું. મહિપાલના વર્તને એને અતિશય દુ:ખી કર્યો હતો. પાછા ફરતી વખતે કર્નલે સજ્જનની હવેલી પર જઈને તપાસ કરી. કન્યા મળી. કર્નલે ખેદ વ્યક્ત કરીને કહ્યું કે પોતે દિવસે ન આવી શક્યો. કન્યા પાસેથી જ એને જાણવા મળ્યું કે દાડ દેવા માટે રાજા-સાહેબના સુપુત્રે સજ્જનને હુકમ કરીને પાછળ ખસેડી દીધો હતો. જો કે સજ્જનના મનમાં ત્યાં સુધી કોઈ એવી વાત આવી જ નહોતી, તો પણ સજ્જન નેએથી

ઘણો આઘાત લાગ્યો. ત્યાર પછી તો એ શબની સાથે કાનપુર પણ જવા નહોતો ઇચ્છતો, પછી કન્યાના આગ્રહથી ગયો.

સાંભળીને કર્નલ હસ્યો, બોલ્યો. 'આ દાહ દેવાની વાત ભાઈસાહેબનો કાનૂની ટુચકો છે. દાહ દેવાથી ક્યાંક સજ્જન તાઈની રહી સહી મિલકતનો હકદાર ન બની જાય એ માટે આ સફાઈ પહેલેથી જ કરી લીધી.'

'કેવા નીચ હોય છે આ લોકો જે દરેક વખતે પૈસાને જ જુએ છે!' કહીને કન્યાએ એક ઊંડો નિસાસો નાખ્યો.

એકાવન

તાઈના મૃત્યુને બીજે જ દિવસે સજ્જનને રાજાસાહેબના વકીલની નોટિસ મળી. નોટિસ દ્વારા તરત જ હવેલી ખાલી કરી દેવાનો હુકમ આપવામાં આવ્યો હતો. સજ્જન આવું ધારતો પણ હતો. પરંતુ કન્યાએ જમાવેલી પાઠશાળા ઉપાડીને ક્યાં લઈ જાય? આમ તો હોસ્પિટલ માટે ખરીદેલા મકાનમાં પણ તે લઈ જાય, પરંતુ ત્યાં પ્રસૂતિગૃહ માટેની જગામાં તાણ પડી જવાની સંભાવના હતી; સાથે જ પાઠશાળાનો અવાજ પ્રસૂતિગૃહ માટે ઉચિત ન ગણાય. સજ્જન અને કન્યા બંનેય આ બાબત અંગે મોટી ચિંતામાં પડી ગયા. સજ્જને સૂચવ્યું કે એકવાર તે પોતે રાજાસાહેબ પાસે જઈને હવેલી ભાડે લેવાની વાત કરે. કન્યાએ કહ્યું કે રાજાસાહેબ એનો સ્વીકાર નહિ કરે. અને થયું પણ એમ જ. રાજાસાહેબે અત્યંત આત્મીયતા પ્રગટ કરીને બધાના કુશળ સમાચાર પૂછ્યા પછી કહ્યું, 'હું તો ભાઈ હવે બધી મોહમાયા છોડી ચૂક્યો છું. અંતકાળમાં હરિનામ જ બસ મારી પૂંજી છે. તું રાજાભાઈ સાથે વાત કર, એ જ બધું જુએ-સંભાળે છે.'

ભાઈસાહેબને મળીને સજ્જનને બે કડવી વાતો સાંભળવી પડી. તેઓ બોલ્યા, 'અમારા પૂર્વજોની હવેલી હિન્દુ ધર્મની કબર નહિ બને લાલા સજ્જનમલજી. મોટી મા હતાં એટલે એમનો અધિકાર હતો. બાકી હવે તો બાપુએ અમારી દાદીના નામે વૈદિક પાઠશાળા ખોલવાનું નક્કી કરી નાખ્યું છે.'

સજ્જન ચૂપ થઈ ગયો. પછી એણે બીજી વાત કરી. ઓછામાં ઓછી એક મહિનાની મહેતલ માગી. ભાઈસાહેબે મીઠાશથી કહ્યું, 'મારી વાતથી માઠું ન લગાડતા, સજ્જનમલ. મારા તરફથી મહિનો શું બે મહિના રાખો, આપણો તો કેટલો જૂનો સંબંધ છે. પણ વાત એમ છે કે ત્યાંની પબ્લિક તમારી અને ખાસ

કરીને તમારી કાયસ્થ પત્નીની ખૂબ જ વિરુદ્ધ થઈ ગઈ છે. હું તો હવેલીમાંથી પેલા બીજા ભાડૂતને પણ કાઢવા ધારું છું, એની પણ કાયસ્થ વહુ છે ને ?'

સજ્જનને ઘણું ખરાબ લાગ્યું, છતાં પણ ખૂબ જ સંયમથી કામ લેતાં એણે કહ્યું, 'પબ્લિક અમારાથી કેટલી વિરુદ્ધ છે એની ચર્ચા તમે રહેવા દો. અને આ આંતરજાતીય લગ્નો પણ, ખરાબ ન લગાડતા, હવે તો બીજાં પણ થશે. વધારેમાં વધારે થશે. તમારી એક શું પણ દસ કરોડ વૈદિક પાઠશાળાઓ સમાજને બદલાતાં રોકી નહિ શકે, જોઈ લેજો.'

ભાઈસાહેબ ધર્મના આવેશમાં આવી ગયા. આંખો ફાડીને બોલ્યા, 'મોટા મોટા સિકંદર, બાબર અને અંગ્રેજ તો અમારા લાખો-કરોડો વરસ પુરાણા હિંદુ ધર્મને ડગાવી ન શક્યા, તમે...'

'હું નહિ, સમય એનો વિકાસ કરશે. અમે હિન્દુસ્તાનના ધર્મને જરા પણ ધક્કો પહોંચાડતાં નથી. હા, એના ઢોંગને ધક્કો તો શું, પણ એકદમ જમીનદોસ્ત કરી દઈશું એ જોઈ લેજો.'

'તમે મને પડકાર દેવા ઇચ્છો છો સજ્જન, તો હું પડકાર પણ મંજૂર કરું છું. દરિદ્રોની પાસે કેટલા એંઠા ટુકડા નાખશો ? દરિદ્રો લાખો છે સજ્જન.'

'આ જ હકીકત તમને ખાઈ જશે !'

ભાઈસાહેબ ખૂબ મોટેથી હસીને બોલ્યા, 'સજ્જન, દાયણ પાસે પેટ છુપાવવાની કોશિશ કરવી નકામી છે. દરિદ્રોની ઓથ લઈને તમારો આ બિઝનેસ અમે બધા બરાબર સમજીએ છીએ, પરંતુ એક મિત્ર તરીકેની સલાહ મારી પાસેથી પણ લેતા જાઓ. તમારી આ યુક્તિ જમીનદારીની યુક્તિ છે, વેપારીની નહિ. તમે જે પોલિટિક્સ વિચાર્યું છે એને અમે ચાર માણસ મળીને એક વરસમાં જહાન્નમમાં મોકલી આપશું. (હસીને) તમારા સાત-આઠ લાખ, વધારેમાં વધારે દસ લાખ અમારી યુક્તિઓ પાસે મિનિટોમાં દારૂગોળાની ઢગલીની જેમ ઊડી જશે, અમારું કશું નહિ બગડે. અમે ધર્માદાની રકમ વધારી દઈશું–ઈન્કમ ટૅક્સ, સુપર ટૅક્સમાંથી મુક્તિ પણ મળી જશે.'

સજ્જન પણ એ જ રીતે શાંત સ્વરે હસીને બોલ્યો, 'ચાલો, એ બહાને તમે લોકો પબ્લિકની ભલાઈ માટે કાંઈક રૂપિયા તો ખર્ચ કરશો. અને રહ્યા મારા દસ લાખ, એ પેલી દારૂની–ઢગલીની જેમ ભલે ઊડી જાય, પરંતુ એ તમારા લોકોના કરોડો રૂપિયાને સાથે ઉડાવી જશે. એમાં દલીલની જરૂર નથી. આગળ જતાં તમારી નજરે જોજો.' કહીને સજ્જન ઊભો થઈ ગયો. જતાં જતાં એણે પાછું વળીને કહ્યું, 'તમારી નોટિસનો કાયદેસર જવાબ મળી જશે, પરંતુ હું કહી જાઉં છું કે

જ્યાં સુધી મને બીજી જગા નહિ મળે ત્યાં સુધી હું હવેલી નહિ છોડું. હા, જઈને જલ્દીથી જલ્દી બીજી જગા શોધીશ.'

ભાઈસાહેબ ગરજ્યા, બોલ્યા, 'હવેલી પંદર દિવસમાં ખાલી થઈ જવી જોઈએ સજ્જનમલ.'

'હું કોશિશ કરીશ.' સજ્જને ઠંડા સ્વરે કહ્યું.

ભાઈસાહેબ ખુરશી પરથી ઊભા થઈને બોલ્યા, 'કોશિશ કરશો ? તો પછી ત્રણ દિવસમાં ખાલી થવી જોઈએ.'

'હું કોશિશ કરીશ.' સજ્જને ફરી એ જ રીતે કહ્યું.

ભાઈસાહેબ ક્રોધમાં આવીને બે ડગલાં આગળ આવ્યા બોલ્યા, 'પૂર્વજોનો સંબંધ શા માટે બગાડો છો સજ્જન, પછી એમ ન કહેતા કે અંદરોઅંદર બરબાદી કરી નાખી.'

સજ્જન પાછો ફર્યો, પાસે આવીને બોલ્યો, 'હું તમને ખાતરી આપું છું કે મારો કોઈ પોલિટિક્સ ઈરાદો નથી. હું એક સામાજિક પ્રયોગ કરું છું.'

'એ જ તો તમારું સૌથી મોટું પોલિટિક્સ છે. ઠીક, હું તમને કહું કે તમે તમારી બેન્કનો આઈડિયા ડ્રોપ કરી દો અને પછી કરો સામાજિક પ્રયોગ. થોડો ઘણો નવો જમાનો જ લાવવા ધારો છો ને – લઈ આવો બસ, હવે મહોલ્લામાં મુસલમાન, ખ્રિસ્તી સાથે લગ્ન-વિવાહનો રિવાજ ન પાડતા, બાકી ન્યાત-જાત ભંગનાં મેરેજ પણ થવા દેજો. બાપુની હયાતિમાં હું આ કામમાં ખુલ્લેઆમ તો નહિ પણ ચૂપચાપ તમને મદદ પણ કરીશ. બીજા દસ મોટા મોટા માણસોની મદદ પણ અપાવીશ...'

ભાઈસાહેબે ઘણીવાર સુધી ઠંડું મીઠું ભાષણ પાયું, 'આ કરાવી આપીશ ને તે કરાવી આપીશ.' સજ્જને પણ એટલા જ શાંત મનથી સાંભળ્યું. પછી બોલ્યો, 'બેન્ક બંધ કરી દઉં તો મારો સામાજિક પ્રયોગ પૂરો કેવી રીતે થાય?'

'ભઈ, નાના સ્કેલમાં કરો તમારો પ્રયોગ. થોડો ફાળો હું આપીશ તમને.'

'ફાળાની રકમ પર જનતામાં આત્મશક્તિ કેવી રીતે આવે ? ઠીક, એક કામ કરો તમે,' સજ્જને એક પ્રસ્તાવ મૂક્યો, 'તમે – અથવા તો ડાયરેક્ટલી લાલા જાનકીશરણ–અને ત્યાંના જે બીજા મહાજનો છે જેમને મહોલ્લામાં કે વોર્ડોમાં સહકારી પૂંજીવાળી બેન્કોના ખૂલવાથી પોતાને માટે જોખમ લાગે છે તે એક રીતે દૂર પણ થઈ શકે છે. તમે પણ અમારી સહકારી પૂંજીમાં આવો અને એને પણ એક ધંધો માની ઉચિત નફો લ્યો.'

ભાઈસાહેબ બોલ્યા, 'અમે તમારી બૅન્કમાં સામેલ થવા તૈયાર છીએ, પરંતુ એક શરત પર. શૅર ભલે એક–એક રૂપિયાનો હોય, પરંતુ બોર્ડ ઑફ ડાયરેક્ટર્સમાં એ જ ચૂંટાઈ શકે જેની પાસે ઓછામાં ઓછા પાંચસો શૅર હોય.'

સજ્જને કહ્યું, 'તમે પબ્લિક સહકારને નામે પ્રાયવેટ ધંધો ફેલાવવા માગો છો ? ધંધો જરૂર ફેલાવો, પરંતુ સાર્વજનિક સ્તર પર ડાયરેક્ટરોના બોર્ડમાં આવવા માટે એક રૂપિયાવાળો પણ એટલો જ અધિકારી છે. અમને ડાયરેક્ટરોમાં કેવળ ધંધાદારી નહિ પણ સાર્વજનિક લાભ માટે ધંધો ચલાવનાર યોગ્ય માણસોની જરૂર છે.'

ભાઈસાહેબે ગંભીરતાપૂર્વક માથું હલાવ્યું, પછી હસીને બોલ્યા, 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ખેર, હવેલી ત્રણ દિવસમાં ખાલી કરી દેજો સજ્જનમલજી.'

આમ કહીને ભાઈસાહેબે જવા માટે મોઢું ફેરવ્યું. સજ્જનને એમના આ લાટસાહેબી રોફ અને વારંવાર 'લાલા' અને 'મલ' નામ લેવાનું બેહદ ખૂંચ્યું, જો કે એ જ એનું પૂરું નામ હતું. સ્વરમાં રોષ લાવીને એણે કહ્યું, 'તમને કહી દીધું કે કોશિશ કરીશ. વાયદો નથી કરી શકતો. અને જ્યાં સુધી મને બીજી જગા મળી નહિ જાય ત્યાં સુધી કોઈ શક્તિ મને તાઈની હવેલીમાંથી કાઢી નહિ શકે.'

રાજાસાહેબના ઘરેથી પાછો ફરીને સજ્જન ખૂબ જ ચિંતામાં પડી ગયો હતો. હવેલીમાંથી કન્યાની સ્કૂલ હટાવવાની એટલી મોટી સમસ્યા નહોતી, પરંતુ વિરોધી પક્ષ દ્વારા એનું સૃજનાત્મક સ્વપ્ન નષ્ટ-ભ્રષ્ટ થઈ જવાનો ભય હતો. તે આગળની પરિસ્થિતિની કલ્પના કરી શકતો હતો. એના કરતાં ઘણી મોટી અને સંગઠિત પૂંજી એના વિરોધમાં ઊભી થઈ હતી. એ પૂંજીનો સમૂહગત સ્વાર્થ સમાજની વાસ્તવિક ઉન્નતિ ન કરવા દેવા ઇચ્છતો હતો. અને જનતા ખૂબ જ ઝડપથી એની તરફ ખેંચાઈ રહી હોવા છતાં સજ્જનને હજી સુધી જનશક્તિ પર હૃદયથી વિશ્વાસ નહોતો બેઠો. એ વિચારતો હતો કે જે લોકો અત્યારે એની પાસેથી સહાય મેળવે છે એમાંથી અધિકાંશ જો વિરોધ પક્ષ પાસેથી લાંચ લઈને સજ્જનને દગો દે તો શું કરી શકે? સજ્જનની યોજના, કામ થતાં થતાં જો હવે જૂની થઈ ગઈ હોત, લોકો સાથે એને ઘનિષ્ઠ સંબંધ થઈ ગયો હોત તો અધિક ચિંતાને કારણ નહોતું. વિરોધ પક્ષ જેટલી ચાલ ચાલશે તે મોટે ભાગે રહસ્યમય હશે. એ ઉપરાંત આ મહાજન લોકો રાજનૈતિક પાર્ટીઓને પણ પોતાના સંગઠનમાં સામેલ કરશે. આ પરિસ્થિતિમાંથી સજ્જન એની યોજનાને ચોક્કસ જ બચાવવા ઇચ્છતો હતો. જનતા જાગે; જનતા પોતાના હિત અને અધિકારને યોગ્ય રીતે ઓળખે એ સજ્જનની હાર્દિક ઇચ્છા છે... પરંતુ પોતે એવું કયું કામ કરે જેથી

લોકો એનો વિશ્વાસ કરી શકે. જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે તે કેવા પ્રકારનો આત્મોસર્ગ કરે.

'સાધનને માટે સહજ ઉપાય છે રામજી, હું ગોમતી તટ પર આવ્યો છું. મળો !'

–પોતાની હવેલીના ઓરડામાં એકલા બેસીને વિચાર કરતા સજ્જનને બાબાજીનો સ્વર ફરી એ જ રીતે સંભળાયો જેમ બે દિવસ પહેલાં સંભળાયો હતો. સજ્જન આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયો, એના મનમાં દ્વન્દ્વ મચી ગયું, ક્યાંક આ ભ્રમ તો નથી. ક્યાંક એવું તો નથી કે મારું જ મન મને ધીરજ આપવા આ પ્રકારનું રૂપ ધારણ કરી મને સંતોષ દેતું હોય. ગોમતી તટ પર મળવાની વાત અવશ્ય કસોટી બની શકે, સજ્જને તરત જ ડ્રાઈવરને ગાડી કાઢવાનો આદેશ આપ્યો.

સાચે જ... સાચે, શિવાલયના વરંડામાં બાબાજી સૂતા હતા, જોતાં જ ઊભા થયા અને હમેશની જેમ હસીને બોલ્યા, 'આવો રામજી, બહુ રાહ જોવડાવી.'

સજ્જને કહ્યું, 'હું પરમ દિવસે આપને ત્યાં આવતો હતો...'

'હા. રામભક્તાણી મરી ગઈ બિચારી! અમારા પર ઘણો ઉપકાર કરી ગઈ રામજી. ગામમાં એવો સરસ આશ્રમ જામ્યો છે કે એનાથી ઘણા લોકોપકાર થઈ શકશે. પાઠશાળા, વ્યાયામશાળા બધું જ સારી રીતે ચાલે છે રામજી. હું આજે એટલા માટે આવ્યો છું કે તમે મને ટ્રેક્ટર અપાવી દો.'

સજ્જને કહ્યું, 'આપ જે માગશો તે થશે, પરંતુ મારી એક શંકાનું સમાધાન કરો.'

બાબાજી હસ્યા, 'એમાં શંકા શાની રામજી, તારી પાસે એક ટેલિફોન છે અને બીજો મારી પાસે છે.' કહીને બાબા ફરી હસ્યા.

'પણ આ કેવી રીતે સંભવી શકે?'

'સાધનથી.'

'એ કયું સાધન છે?'

'આત્મસંયમ અને ધ્યાન.'

'મન એકાગ્ર કેવી રીતે થાય છે?'

'સતત ચિંતનથી.'

'જીવનમાં આટલી અનેકતા છે તો એકનું સતત ચિંતન કેવી રીતે સંભવે?'

'તો એ જ અનેકતાનો વિચાર કરો. પોતાની ઇચ્છાને અનેકતામાં ફેલાવીને જુઓ કે ક્યાં એનો વાસ્તવિક રસ છે. પહેલાં સામાજિક કાર્યો માટે તારી

સંપત્તિનું દાન કરતાં તું અચકાતો હતો, પછી ખબર પડી કે ધન કરતાં જનને અધિક અપનાવવાની તારી ઇચ્છા પ્રબળ છે. હવે તારામાં અને જનમાં ભેદ પડ્યો છે; જેને તું અધિક ઇચ્છશે એમાં જ તારું ધ્યાન અધિક લાગશે, ચિત્ત પણ એકાગ્ર થશે.'

'હું લોકજીવનમાં એક થઈ જવા માગું છું.'

'તો જરૂર ન થઈ જઈશ.'

'આપનો આશીર્વાદ માગું છું. પરંતુ તમારી રહસ્યમયતા અંગે મારી જિજ્ઞાસા તો હજી એવી ને એવી જ છે.'

બાબાજી પલાંઠી મારી ટટ્ટાર થઈ સહજભાવથી બેઠા હતા, બોલ્યા, 'રામજી, સત્ય માનજે. રહસ્ય મારું નહિ, મારા વિરાટનું છે. હું તો ક્ષણ – પ્રતિક્ષણ સાધારણતા, સહજતાને સાધતો રહું છું. તારા મનમાં અદ્વિતીય બનવાની ભાવના છે. અલગ રહીને વિરાટને કેવી રીતે ઓળખશે રામજી?'

સજ્જન નતશિર ગંભીર થઈ ગયો. બાબાજીએ કહ્યું, 'મારા ગુરુએ મને સેવાનો મંત્ર આપ્યો, કહ્યું કે બધાને મારું જ રૂપ સમજીને સેવા કરજે. ભણ્યો-ગણ્યો તો છું નહિ રામજી. હા, આ એક જ વાતને નિષ્ઠાથી પકડી રાખી છે. આ જ સેવાની ઇચ્છાએ મનને એકાગ્ર કરી મારી સૂક્ષ્મ અને વિલક્ષણ શક્તિઓનું દર્શન કરાવી દીધું. કહે છે કે ઇચ્છા કરવાથી વાયુનું રૂપ ધારણ કરીને ગમે ત્યાં સદેહે પહોંચી શકાય છે. હજી મેં એ શક્તિનું દર્શન તો નથી કર્યું. પ્રભુની ઇચ્છા હશે તો થઈ જશે, નહિ તો શી ચિંતા છે. હું કેવળ નિષ્કામ સેવાનું વ્રત લઈને પરમ તત્ત્વની ખોજમાં નીકળ્યો છું, માર્ગમાં જે કાંઈ અનુભવ થશે એનો જ્ઞાનલાભ લઈને ચાલ્યો જઈશ. મને બીજી કોઈ ઇચ્છા નથી.'

સાંભળીને સજ્જને દીર્ઘ નિશ્વાસ નાખ્યો, કહ્યું, 'આપની વાતો સરળતાથી સમજાય એવું રહસ્ય છે, પરંતુ છતાંય રહસ્ય તો છે જ.'

'આદત નથી પડીને એટલે રામજી. પછી રહસ્ય નહિ લાગે કારણ કે એ દૈનિક જીવનનો ક્રમ બની જશે. નવા રસ્તે ચાલવામાં સંકોચ અને અટપટાપણું લાગે છે. બસ, એટલી જ વાત છે. પોતાની જાતને પૂછતો રહે કે તારી શી ઇચ્છા છે, પછી તારો જવાબ સાંભળ, પછી વિચાર કે આ ઇચ્છામાં કઈ કઈ વાત તને વિશેષ રૂપે રુચે છે અને કઈ વાત ખરાબ લાગે છે, પછી એને વણ, અર્થાત્ મેળ કરીને જો કે તારી રુચિઓ-અરુચિઓની પાછળ કયા પ્રકારનાં રોજિંદા, સામાજિક, ભૌતિક, આધિભૌતિક તત્ત્વ છે અને મૂળ તત્ત્વ શું છે, પછી એને વણ, એટલે કે પોતાની ઇચ્છાના મૂળ તત્ત્વને પિછાણીને એને વિકસિત કરવા માટે

વિચારો અને વસ્તુઓના તાણાવાણાથી વાતાવરણ તૈયાર કર. પછી ઇચ્છા તમને પહેરી લેશે રામજી અને તમે ઇચ્છાને પહેરી લેશો. અર્થાત્ પછી ઇચ્છાને કારણે તમારી દૃષ્ટિએ ક્યાંય ગૂંચવાશે નહિ. તારી પ્રત્યેક ક્ષણમાં તારા દ્વારા જે કાર્ય થશે તે તારી ઇચ્છાનુકૂળ હશે. એમાં તને તારી રુચિનો પરિચય મળશે અને શક્તિને ઓળખતાં એવી અનેક વિલક્ષણતાઓ જે આજે તને રહસ્યમય લાગે છે તેનો આપોઆપ અનુભવ થઈ જશે. અનુભવનો માર્ગ સરળ હોય છે રામજી, કેવળ અભ્યાસની આવશ્યકતાઓ છે.'

સજ્જન બાબાજીની સરળ વાતોથી પ્રભાવિત થઈ ચૂપ થઈ ગયો. એ વિચારતો હતો, બહુ ઊંડાણથી વિચારતો હતો, પરંતુ જે રીતે માણસ નિદ્રામાં સ્વપ્ન જુએ તે રીતે સભાન અને બેભાન બંનેની મિશ્ર સ્થિતિમાં તે ગુમ થઈ ગયો હતો.

મહિપાલ પર કેસ ચલાવવાની એની માનસિક જીદ અને ભાઈસાહેબ, લાલા જાનકીશરણ, રૂપરતન વગેરેનો સંગઠિત વિરોધ એની ઇચ્છાની કસોટી પર ચડતા હતા. બે દિવસ પહેલાં કન્યાએ કહેલી વાત એને અત્યારે ફરી યાદ આવતી હતી. અને અત્યારે દ્વેષ વિનાનું એનું મન સ્પષ્ટ રીતે એ ઓળખવા લાગ્યું કે એનામાં ઈર્ષાની ભાવના છે, પહેલી છે, પોતે અદ્વિતીય જ રહેવા ઇચ્છે છે. ...પરંતુ આ ઇચ્છા શું યોગ્ય છે? આ ઇચ્છા કેવળ વ્યક્તિગત છે, સાથે જ મૂર્ખતાપૂર્ણ પણ. આજે સમાજમાં, આટલા વિવિધ વ્યાપક અને વિશાળ જીવનમાં કઈ વ્યક્તિ અદ્વિતીય બની શકે? હા, એક પ્રકારે તે અદ્વિતીય જરૂર છે કે બધામાં જીવ એક છે, જીવ અદ્વિતીય છે. સજ્જન જો એ અદ્વિતીયતાને ઓળખી લે તો કોઈ પ્રત્યે ઈર્ષા-દ્વેષ નહિ થાય. ...પણ એ જ એને ભય લાગે છે કે જ્યારે બીજાના ઈર્ષા-દ્વેષ ભરેલા વિરોધોથી એ ઘેરાશે, બીજાનાં જુલ્માણાની ફાંસી એના ગળામાં પડશે, ત્યારે શું પોતે ઈર્ષા-દ્વેષ કર્યા વિના રહી શકશે? મનુષ્યનો જે સાધારણ ગુણ-અવગુણ છે એનાથી એ ભલા કેવી રીતે બચી શકે? બાબાજીને મળીને પાછા ફરતી વખતે સજ્જન વિચારોમાં ગૂંથાયેલો ચાલ્યો જતો હતો. શેઠ રૂપરતનની હવેલી રસ્તામાં આવી. એની ધજા-પતાકા અને સજાવટ સ્વાગતને કારણે એ તરફ ધ્યાન ગયું, મહિપાલ યાદ આવ્યો, સજ્જનનું મન થંભી ગયું, મનમાં લાલચ જેવું થયું કે મહિપાલને મળીને ભાણેજનાં લગ્નના અભિનંદન આપે. આમંત્રણ? આમંત્રણ ન આવ્યું તો કાંઈ નહિ. પોતે ઈર્ષાળુ બની શા માટે વિચારે, મહિપાલ સાથે એને અનેક વર્ષોની ગાઢ મૈત્રી રહી છે – પોતે એ વાતને જ શા માટે પોતાના મનમાં ન રાખે? એણે ડ્રાઈવરને ગાડી રોકવાનું કહ્યું. ગાડી રોકતાં રોકતાં એણે વિચાર્યું કે વધૂ માટે કાંઈક ભેટ પણ સાથે લઈ

જવી જોઈએ. ડ્રાઈવરને હજરતગંજ જવાનો હુકમ મળ્યો, જતાં જતાં વિચાર આવ્યો કે પ્રેઝન્ટ લઈ જવાથી કદાચ મહિપાલ એમ ન સમજે કે હું મારી મોટાઈ બતાવવા આવ્યો છું. ડ્રાઈવરને ગાડી પાછી વાળવાનો આદેશ મળ્યો, ગાડી પાછી ફરી, પણ હવે ડ્રાઈવર એ જાણવા માગતો હતો કે ગાડી પાછી ફરીને જાય છે ક્યાં, સજ્જનની હવેલી કે રૂપરતનની હવેલી? એણે પૂછ્યું પણ ખરું, પરંતુ સજ્જને સાંભળ્યું–ન સાંભળ્યું કર્યું. હજી એ એના મનમાં નિશ્ચય કરી શકતો નહોતો કે આવી હાલતમાં એ મહિપાલને મળવા જાય કે નહિ. કોણ જાણે પણ તે પોતાની નજરમાં ઈર્ષાળુ સિદ્ધ થતો હતો, જવામાં એને સંકોચ હતો, અપમાનિત થવાનો ભય હતો.

ગાડી એની હવેલી પાસે આવી ગઈ. ડ્રાઈવરે ગાડી દરવાજા તરફ ફેરવી. સજ્જને તરત આદેશ આપ્યો, 'રૂપરતનની હવેલી પર લે!'

એ વખતે મહિપાલને ત્યાં નાનો જમણવાર ચાલતો હતો. મહિપાલ અને જયપાલ વરના મામાઓ સાથે દહીં-મધ યુક્ત પાન એકબીજાની છાતી પર ચોંટાડી મિલની મળતાં હતાં. અને આ મિલની વખતે મહિપાલનું મન અંદર ને અંદર દ્વેષને કારણે સળગતું હતું. વરના મામાઓને કારણે આ લગ્નમાં ભારે ગરમી આવી ગઈ હતી. જાન જાનીવાસે આવતાંની સાથે જ મૂળ બૈસવાડાના નિવાસી આ મામાઓએ એને અને છોકરીવાળાના બધાને લોહીનાં આંસુએ રડાવવાનું શરૂ કર્યું હતું. કાલથી આજ સુધીમાં ડગલે ને પગલે મહિપાલનું અપમાન કર્યું ગમે તે સમયે અજુગતી માગણીઓ કરીને વરના મોટા, નાના, ને વચલા મામાઓએ છોકરીવાળાને ઘણી ખરાબ રીતે હેરાન કર્યા. છોકરાના મોટા મામા મહિપાલના મોસાળના સંબંધથી એના દૂરના સંબંધી પણ થતા હતા. એટલે તેઓ વારંવાર અને નાનાજી અને મામાના ટુકડા પર રહેનારો કહીને ટોણા મારતા હતા, કહેતાં હતા કે તમારી માએ પિયરથી જે માલ લાવીને ભર્યો છે તે કાઢો, મોટા-મોટા શ્રીમંતો – મિનિસ્ટરો સાથે હરીફાઈ કરો છો તો અમારી આ – તે ફરમાયેશો પૂરી કરો. કાલથી આજ સુધીમાં મોં બંધ કરીને જેટલું અપમાન સહેવું પડયું છે તેટલું પહેલાં ક્યારેય નથી થયું. ડૉક્ટર જયપાલ એક તો આખો વખત સાથે રહેતો જ નહિ અને જો રહેતો તો પણ ઝઘડી પડતો. પરંતુ મહિપાલ એના નાના ભાઈને વારંવાર શાંત કરી દેતો, ઝઘડો કરવાથી એ લોકો વળી વધારે કડવાં વચનો સંભળાવતા. મહિપાલ અને જયપાલની સ્વર્ગસ્થ માતા સંબંધી આક્ષેપો કરતા હતા.

મિલનીને સમયે જ મહિપાલને સજ્જનના આવ્યાના ખબર મળ્યા. એને

આશ્ચર્ય થયું, સાથે જ મનોમન ઝંખવાઈ પણ ગયો. એણે જાણી જોઈને સજ્જન તથા કન્યાને બોલાવ્યાં નહોતાં. એને કહેવામાં આવ્યું કે સજ્જન શેઠ રૂપરતનના ઓરડામાં છે ને કર્નલ પણ ત્યાં બેઠો છે.

રૂપરતને સજ્જનનો ખૂબ આદર-સત્કાર કર્યો. પછી એના ટ્રસ્ટ અને આંદોલનની વાત ચલાવી. વાતવાતમાં રૂપરતને કહ્યું, 'જ્યાં સુધી હિન્દુસ્તાનમાં અગણિત ઊંચ-નીચ જાતિઓ છે ત્યાં સુધી આ દેશમાં જનતાની સંગઠિત શક્તિથી કોઈ કામ બની જ ન શકે. અને જાતિઓ તોડવાની કોઈની શક્તિ નથી. કોણ જાણે કેટલાંય તોફાનો આવ્યાં ને ગયાં, પરંતુ આ અસંખ્ય જાતિઓ ભારતની છાતી પર મગ દળતી રહી છે. તો... હું તો હવે સીરીયસલી એમ વિચારવા લાગ્યો છું ભાઈજાન કે આપણે ફેશનમાં ભલે સમાજસુધારા અને સોશ્યાલિઝમની વાતો કરીએ. બિચારા ગરીબોને દિલાસો આપવા માટે આ રીતની વાતો કરવી જરૂરી પણ છે, પરંતુ કોઈ સમજદાર હિન્દુસ્તાનીએ ખરા દિલથી આ વિલાયતી સિદ્ધાંતો પર વિશ્વાસ ન કરવો જોઈએ. નવયુવાનીમાં હું પણ કટ્ટર સોશ્યાલિસ્ટ હતો. અત્યારે પણ મારા એ જ વ્યૂહ (દૃષ્ટિકોણ) છે. પરંતુ હવે હું સમજી ગયો છું કે હિન્દુસ્તાની જનતા માટે આ બધું ઉપયોગી નથી. ઓછામાં ઓછાં પચાસ વરસ તો અહીં ખાસ કાંઈ બદલાશે નહિ. ભવિષ્યની વાત ભવિષ્ય જાણે.'

સજ્જનને ખરાબ લાગ્યું: તરત જ મનમાં આવ્યું કે એને ખરાબ શા માટે લાગ્યું—ખરાબ શા માટે લાગવું જોઈએ? રૂપરતનને એવા જ સમાજમાં રહેવાની ઇચ્છા છે જ્યારે એને પોતાને એવી ઇચ્છા છે કે પોતે એવા સમાજમાં રહે જ્યાં વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે અનુચિત અસમતા ન હોય. જો એની આ ઇચ્છામાં સત્ય હશે તો તે પૂરી થશે જ. એને સ્પષ્ટ રીતે સમજાયું કે ભાઈસાહેબ, રૂપરતન, મહિપાલ વગેરેની વાતોને ખરાબ લગાડવાના દૃષ્ટિકોણથી અપનાવવી એ એકદમ જ ખોટું છે. આ વાતોથી એની ઇચ્છાશક્તિ પ્રબળ થવી જોઈએ. આ પ્રકારનો વિરોધ એની ઇચ્છાશક્તિ માટે પરીક્ષા બનીને આવે છે. એણે રૂપરતનને કહ્યું, 'તમારા લોકોની વાતોથી હું માઠું નથી લગાડતો. અને તમારી વાતોના સત્યને તો હું બિલકુલ નથી માનતો. હું તમારા વિરોધો સામે સવિનય ઝૂઝવા માટે તૈયાર છું.'

'અરે, ગાંધીજી બની ગયા?' રૂપરતને હસીને ટોણો ફેંક્યો.

સજ્જન હસ્યો, બોલ્યો, 'ગાંધીજી હિંદુસ્તાની હતા, હું પણ હવે હિન્દુસ્તાની બનવાનો પ્રયત્ન કરું છું.'

'તો શું આજ સુધી વિલાયતી હતા?'

'વિલાયતી પણ હતો ને આકાશી પણ, ન પોતાનો હતો ન પારકો – હવે પોતાનો થઈ ગયો છું !'

મહિપાલ આવ્યો. તે અત્યારે ઘણો જ ખિન્ન હતો. ઓરડામાં આવીને સજ્જન સામે જોયા વિના સોફા પર થાકીને બેસી ગયો. સજ્જને કહ્યું, 'હું તને વધાઈ આપવા આવ્યો છું !'

'થેંક્સ ! હું તો તારે બદલે તારા વકીલની નોટિસની રાહ જોતો હતો. સાંભળ્યું છે કે મારા પર બદનક્ષીનો કેસ ચલાવવાનો છે.'

સજ્જને શાંતભાવે જવાબ આપ્યો, 'ઈરાદો તો હતો, પરંતુ પછી જોયું કે હજી મારામાં જ ઈર્ષાભાવ ઘણો છે. એ કારણથી હું પોતે જ મારી બદનક્ષી ર્ક્યા કરું છું. મનની અદાલતમાં મારો કેસ જીતી જઈશ ત્યારે કાંઈક લાયક બની શકીશ.'

કર્નલના ચહેરા પર બાળક જેવી પ્રસન્નતા છવાઈ ગઈ, બોલ્યો, 'સજ્જન, તું મહાન છે ! હું મહિપાલના મોઢે કહું છું કે એનામાં તારા જેટલી ગ્રેટનેસ છે જ નહિ.'

મહિપાલને પોતાની અંદર ઘણી જ નાનપ લાગતી હતી. આ નાનપ એને બેહદ ચીડવતી હતી. જે રોષ તે એના વેવાઈઓ સામે બતાવી નહોતો શક્યો એ રોષ તીખા વ્યંગરૂપે અત્યારે સજ્જનની સામે ફૂટી નીકળ્યો. કર્નલની વાતનો જવાબ આપતાં એણે કહ્યું, 'ઘણાની મોટાઈ મેં જોઈ છે, આની તો શક્તિ જ શું છે. મોટા મોટા કરોડપતિઓને પણ મેં જોયા છે. મારી સામે કોઈ મોં ખોલી નથી શકતું. આદર્શની વાત પર બધાને એક છેડાથી ફટકારીને રાખી દઉં છું. હું નથી કોઈના પૈસાથી ડરતો અને નથી મને પૈસાની પરવા. કાલથી આજ સુધીમાં મેં પાણીની જેમ પૈસા વહાવ્યા છે.'

'હા ભાઈ, જેને મફતની રકમ હાથમાં આવી જાય તે ભલા પાણીની જેમ શું કામ ન વહાવે ?' શેઠ રૂપરતને ચિડાઈને કહ્યું.

વેવાઈઓ તરફથી આખો વખત અપમાનિત થવાને કારણે આટલા સમય સુધી મહિપાલે જે કષ્ટ સહન કર્યું હતું તે સજ્જનને બહાને, પોતાનો પ્રતિકાર કરવા જતાં જરૂર કરતાં વધુ ઊકળી જઈને એના મનમાંથી ફૂટી નીકળ્યું. શેઠ રૂપરતનને એથી માઠું લાગી ગયું. મહિપાલ શ્રીમંતો સાથે હરીફાઈ કરતો હતો. એમણે મહિપાલનો મિજાજ ઠેકાણે લાવવાની નિયતથી એની વાત આગળ વધારી. શેઠ રૂપરતને એને ઘણી મદદ કરી હતી. ઘરેણાં વેચાવી દેવાના નાતે પોતે જ ખરીદી લઈને મહિપાલ માટે ચાલીસ હજારની રકમ ઊભી કરી આપી હતી. લગ્ન

માટે પોતાની હવેલી સુદ્ધાં આપી હતી — તો પણ આ વ્યક્તિ આટલી અભિમાની અને અપકારી નીકળી કે ખુદ એની સામે પોતાની આન અને શાનની શેખી હાંકે છે! એટલે શેઠ રૂપરતન ફરી ખૂની કટાક્ષ કરીને બોલ્યા, 'મામાને ત્યાં ધાડ પડી, મહિપાલ શુક્લનું ભાગ્ય જાગી ગયું. શુભચિંતક બનીને ડાકુનો જીવ લઈ લીધો અને ડાકુઓને માથે દોષ ઢોળીને લૂંટ–ચોરી કરી પોતે ધન્ના શેઠ બની ગયા!'

કર્નલ અને સજ્જન એકબીજાનાં મોં જોવા લાગ્યા! મહિપાલ પાગલ બની ગયો, ગરજીને બોલ્યો, 'મારું અપમાન ન કરો. હું લોહી પી જઈશ!'

શેઠ રૂપરતન હસીને બોલ્યા, 'હા ભઈ, હાડમાંસવાળા અઝીરેઆદમ બન્યા છોને! મારું લોહી શા માટે ન પીઓ? પરંતુ ઊભા રહો, હમણાં તમારા મામાના દીકરા ભાઈને પણ અહીં બોલાવી લઉં. હું એને એ હાર, જેને તમે તમારી માનો હાર કહો છો, તે બતાવીને તમારા મિત્રોની સામે ફરીવાર પૂછી લઉં કે... હાર કોનો છે.' શેઠ રૂપરતને ટીપોય પર રાખેલી વીજળીની ઘંટીનું બટન દબાવ્યું, સજ્જને આગળ આવીને રૂપરતનને હાથ જોડીને કહ્યું, 'આ રીતે ઈજ્જત ન લો, મહિપાલ અમારો – સૌનો જૂનો દોસ્ત છે.' કર્નલ પણ વિનંતી ભર્યા ચહેરે શેઠ રૂપરતનને જોતો હતો. મહિપાલ પથ્થરની મૂર્તિની જેમ માથું નીચું કરી બેસી રહ્યો. રૂપરતને એક નજર મહિપાલ પર નાખીને કહ્યું, 'હવે ક્યાં ગઈ શાનબાન? દુનિયા આખીને આદર્શ શીખવો છો અને પોતે આવા કરતૂત કરો છો!!'

સજ્જન બોલ્યો, 'હશે, જવા દો રૂપરતન.'

'અરે, જવા તો દીધું જ છે. આ તો એની અકડાઈ પર મને રોષ આવી ગયો. અને ચોરીની વાત પણ એવી રીતે ખુલ્લી પડી કે એનો મામાનો છોકરો ભાઈ મારો ઘણો જૂનો ક્લાસફેલો છે. એમના થ્રુ જ મારી આમની સાથે ઓળખાણ થઈ હતી. લગ્નમાં એને ત્યાં આવ્યા છે એટલે પરમ દિવસે એમ જ વાતચીતમાં એમના ખાનદાની ઝવેરાત અને ચોરીના નુકસાનની વાત નીકળી પડી. મેં વિચાર્યું કે મહિપાલની મધરનો હાર પણ આખરે તો એમને ત્યાંનો જ છે. એ કારણે મેં એમને એમના ખાનદાનની ચીજો બતાવી દીધી. જોતાં જ તેઓ આશ્ચર્યમાં પડી ગયા. બોલ્યા, તમને આ બધી ચીજો ક્યાંથી મળી? આ ઝવેરાત તો હમણાં ચોરીમાં અમારે ત્યાંથી ચોરાયું છે. મને તરત જ ખાતરી થઈ ગઈ કે મહિપાલે ધાડની ગરબડમાં આ ચોરી કરી છે. ખેર, એમની સામે તો મેં વાત ઉપજાવી કાઢી, પરંતુ આજે આના આદર્શોના ઘમંડ પર મારાથી ન રહેવાયું. ચોર! બેકદર ક્યાંનો!! – થૂ તારી શક્તિ પર. મોટો બ્રાહ્મણ, આદર્શવાદી વિદ્વાન,

લેખક બને છે. સજ્જન ભલે લાખ વાર બૂરા હોય પણ પોતાના લાખો રૂપિયા પાણીની જેમ બીજાને માટે વહાવી તો રહ્યા છે. અને આ ચોરીના ધન પર ઘમંડ કરીને પાણીની જેમ રૂપિયા વહાવવાની શેખી હાંકે છે! અમારા ખાનદાની શ્રીમંતો સાથે હરીફાઈ કરે છે. આવ્યા મોટા ધન્ના શેઠ ક્યાંયના!'

મહિપાલનું માથું જે નીચું થયું તે ફરી ઊંચું થઈ ન શક્યું. પરિસ્થિતિની વિષમતા સમજીને સજ્જન મહિપાલને કશું કહ્યા વિના રૂપરતનની વિદાય લઈ ચાલ્યો ગયો. કર્નલ પણ એની સાથે સાથે જ ઊઠી ગયો.

મહિપાલ માટે દુનિયા ભારે થઈ પડી. દરેક દિશા દરેક વ્યક્તિ એને ચોર કહેતી નજરે પડી. રૂપરતનના ઓરડામાંથી બહાર નીકળીને મહિપાલ ફરીથી જાનીવાસ તરફ જઈ ન શક્યો. સીધો દરવાજા બહાર નીકળી ગયો. એનું સમસ્ત અધ્યયન, ચિંતન, મનન, લેખન, આદર્શ અને સિદ્ધાંત, બધું જ વ્યર્થ હતું! ધનના લોભે મહિપાલને અનાયાસે ચોર બનાવી દીધો. જે રહસ્યને એણે સમસ્ત સંસારથી છૂપું માન્યું હતું તે રહસ્ય મહિપાલનું એ પાપ – અનાયાસે જ ફૂટી ગયું! ચલચિત્રની જેમ એને તે રાત સ્પષ્ટ દેખાતી હતી, જ્યારે નાનાની હવેલી પર ડાકુઓનો હુમલો થયો હતો. કેટલી નીડરતા અને સાહસથી એણે ડાકુઓનો સામનો કર્યો. એની ગોળીના શિકાર બનેલા મૃત ડાકુને નજીકથી જોવાના જોશમાં તેની પાસે જવાની ઇચ્છા થવાથી તે એની પાસે ગયો. એની પાસે જ પડેલા થેલામાં ઘરેણાંનો ડબ્બો મળ્યો અને... અને જોતજોતામાં એની નિયત બગડી ગઈ. એણે એ ડબ્બો થેલામાં છુપાવી દીધો. કોઈને એના પર શક પણ આવી શકે તેમ નહોતું. બે ડાકુ ભાગી ગયા હતા, એમના પર જ ઝવેરાત ચોરી જવાનો આરોપ ચડી ગયો. મહિપાલ તો એક ડાકુને મારવાને કારણે હીરો બની ગયો હતો. એ દિવસનો હીરો આજે એના અનન્ય મિત્રોની સામે ચોર સાબિત ઠર્યો. હવે તે સજ્જનની સામે વિદ્રોહમાં અક્કડ બનીને માથું ઊંચકી નહિ શકે. હવે તે રૂપરતનની સામે સરખાપણું દર્શાવતી નજર નાખી નહિ શકે. કર્નલ જેવી વ્યક્તિ, કલ્યાણી, બાળકો, જ્યારે આ જાણશે ત્યારે તે પોતાને ઘરમાં રહેવાને લાયક નહિ રહે...

માથું નમેલું હતું, પગ આગળ ને આગળ ચાલતા હતા, મહિપાલનું અંતર અસંખ્ય યંત્રણાઓથી ભરાઈ ગયું હતું, 'આ મેં શું કર્યું – શું કરી નાખ્યું?' એ સાચું છે કે મહિપાલે ક્યારેય પૈસાને પૈસા માન્યા નથી; સદા ગરીબી સામે ઝૂઝ્યો છે, પૈસાની ઇચ્છા હતી છતાં પણ એણે પૈસા પાસે કદી પ્રત્યક્ષ રૂપમાં માથું નથીં નમાવ્યું – જો કે ધનના અભાવથી એનું જર્જર અચેતન મન પૈસા

પાસે પરાસ્ત થઈ ગયું હતું. એટલે તો એ ચોરી કરી શક્યો. પૈસા એની બધી શક્તિઓને ખાઈ ગયા. લગ્ન, વિવાહ, મુંડન, જનોઈ, બાળકોનું શિક્ષણ, શક્તિની સ્પર્ધા, કલ્યાણીની જિદ્દ – બધાએ મળીને ક્રમશઃ એને આદર્શભ્રષ્ટ કરી નાખ્યો. ...કેટલી લગનથી તે એના દેશનો સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ એકઠો કરી રહ્યો હતો. એણે એના આખા જીવનની સાધના લોભની એક ક્ષણમાં નષ્ટ કરી નાખી, 'બોળા! હવે તો તારું નામ લેતાં પણ મન સળગી ઊઠે છે! મેં આ શું કર્યું? મેં ઘણું ખરાબ કર્યું.'

વસ્તીથી દૂર મહિપાલ સન્નાટાની સડકો પર જતો હતો. સિકંદરબાદ પાર થયું, લાકડાનો પુલ પણ પાર થયો. નિશાતગંજની વસ્તીથી બચવા માટે મહિપાલ ગોમતીના તટ પર ચાલ્યો ગયો – ચાલતો જ ગયો.

દિવસ વીત્યો, રાત આવી, બીજે દિવસે ઘરનાંની ચિંતાનો પાર ન રહ્યો. કલ્યાણીનું મન તો પ્રતિક્ષણ પતિનો પગરવ બની ગયું હતું. એનું મન કેવળ પતિનો પગરવ જ સાંભળતું હતું, બીજી બધી રીતે ગુમ થઈ ગયું હતું. કોઈને ખબર જ નહોતી કે મહિપાલ અચાનક ક્યાં ગુમ થઈ ગયો. લગ્નના રિવાજો અને અવરજવર નિયમસર હતાં. સવારે નાસ્તા-પાણી થયાં, એની ખૂબ પ્રશંસા થઈ. શીખને સમયે એટલે કે જાનવાળાને વિદાયની દક્ષિણા આપતી વખતે મંડપમાં મહિપાલને ઘણો યાદ કર્યો. વિદાય લેતી શકુંતલા બધાને મળીને ધ્રુસકે ધ્રુસકે રડી. દીકરીની વિદાય વખતે ઘરમાં ચારે તરફ આંસુ ઊભરાઈ પડે છે, પરંતુ કલ્યાણીનાં આંસુ સુકાઈ ગયાં હતાં. એની ફાટેલી આંખો ચારે તરફ જોઈ રહી હતી. દિવસ આખો પતિના પગરવથી મન બંધાયેલું રહેવા છતાં પણ એનું શરીર મશીનની જેમ કામમાં લાગેલું હતું, એ કામ પણ હવે પૂરું થઈ ગયું હતું. કલ્યાણી એકદમ સૂની હતી. હવે તો પગરવનાં બહાનામાંથી પણ એનું મન એકદમ છૂટી ગયું હતું. ઘરવાળા ને જાનૈયા બધામાં મહિપાલના ગુમ થવા વિષે જાતજાતની શંકા અને વાતો ફેલાવા લાગી હતી.

શકુંતલાની વિદાય વખતે કન્યા અકસ્માત જ ત્યાં આવી ગઈ હતી. એનું અતિ ગંભીર મોઢું જોઈ કલ્યાણી એક ક્ષણ એને એકીટશે જોઈ રહી, પછી અનાયાસે પાસે જઈ હાથ પકડી જરા દૂર લઈ જઈ દબાયેલા પરંતુ દૃઢ સ્વરે પૂછ્યું, 'કાંઈ ખબર લાવ્યા છો?'

'પહેલાં તો દીકરીને માટે સૌભાગ્યની ભેટ લાવી છું.' કહીને કન્યા કલ્યાણીથી નજર બચાવી શકુંતલાની પાસે પહોંચી ગઈ. શકુંતલા એની કન્યામામીને ભેટીને

રહી. કર્નલ, સજ્જન, કર્નલની પત્ની અને પોતાના તરફથી કન્યા વર-વધૂ માટે ભેટ લઈને આવી હતી, જો કે અત્યારે ભેટ આપવાનો સમય નહોતો, છતાં એને જ યોગ્ય બનાવીને બંને મામાઓએ પોતાના મૃત સાથી તરફથી વર-વધૂને રાજસી ઉપહાર મોકલ્યો હતો. એવો ઉપહાર જેને દેવા માટે જ મહિપાલને તૂટી પડવું પડયું અને પછી મરી જવું પડયું. કીમતી ફર્નીચર તાકાના તાકા રેશમ, જડાઉ ઝવેરાત, નવી મોટર–અગડમ્ બગડમ્ જે કાંઈ પણ એ વ્યાકુળ મિત્રોથી એમના અંતરંગ મિત્રની ગેરહાજરીમાં ખરીદાઈ શકાયું તે બધું ખરીદીને ચાર ટ્રકમાં ભરી દીધું. બધું મળીને લગભગ ચાલીસ-પચાસ હજારનો માલ હતો. કર્નલનો ડ્રાઈવર નવી કાર લઈને આવ્યો હતો. કાર ફૂલોથી સજાવીને મોકલાવાઈ હતી, વરવધૂ પોતાની જ કારમાં બેસીને ગયાં. મહિપાલના મિત્રોએ આપેલ મબલખ દહેજથી વાતનો વિષય બદલાઈ ગયો હતો.

જાન વિદાય થઈ ગયા પછી માંડવીઆની ધમાલ તો ખૂબ જ રહી, પરંતુ કાર્યનો ઉત્સાહ ઠંડો પડી ગયો. કન્યા બારણું બંધ કરીને કલ્યાણી સાથે વાતો કરતી હતી. આથી બાળકોમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. કાલ બપોર પછી જેમના પિતા રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હોય એ બાળકોની મનસ્થિતિ વિચિત્ર થઈ જ જાય. ડૉક્ટર જયપાલ ક્યાંક બહારથી આવ્યો, અને એની પત્નીને અલગ બોલાવીને એક ખૂણામાં ધીરે ધીરે વાતો કરવા લાગ્યો. બાળકોના ચહેરા અજાણ્યા રહસ્યનાં યંત્રણા સહેતાં સહેતાં દયનીય જેવાં લાગતા હતા. પત્ની સાથે વાતો કર્યા પછી ડૉક્ટર જયપાલ બાળકોની પાસે આવ્યો ને તપ્પુને પૂછ્યું, 'તારી મા ક્યાં છે?' ડરી ગયેલા તપ્પુએ બંધ બારણા તરફ ઈશારો કરી દીધો. ડૉક્ટરે બારણા પર ટકોરો માર્યો, કન્યાએ બારણું ખોલ્યું, કલ્યાણીના દિયરને જોઈને બાજુએ ખસી ગઈ. કલ્યાણી ઓરડાની વચ્ચે બેસીને એના જમણા હાથથી ડાબા હાથના કાંડામાં પહેરેલી બંગડીઓ જોરથી દબાવીને તોડતી હતી. એની આંખો હજી પણ આંસુ વિનાની હતી. જયપાલે રડતાં રડતાં કહ્યું, 'ભાભી, આ શું કરી નાખ્યું ભાઈએ!' અને પછી ત્યાં જમીન પર બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો, કન્યાની આંખોમાંથી આંસુની ધાર વહેતા લાગી, મોટાં દીકરા-દીકરીઓ આ દશ્ય જોઈને ઓરડામાં દોડી આવ્યાં, કન્યાએ રાજ્યશ્રીને બાથમાં લઈ લીધી. મોટાએ કાકાને પૂછ્યું, 'પિતાજીને શું થયું?' પ્રશ્નોના જવાબમાં જયપાલ વધારે વિલાપ કરવા લાગ્યો. બાળકોના પ્રશ્નો વધુ તીવ્ર બન્યા ત્યારે એમને અને આખા ઘરને જાણ થઈ કે મહિપાલ – કોઈનો પિતા, પતિ, ભાઈ, ભત્રીજો–હવે આ લોકમાં નથી.

આજે સવારે કર્નલ રોજની જેમ લગ્નના ઘેર ન જતાં સજ્જનને ઘેર

પહોંચ્યો અને મિત્રો એકલાં બેઠાં બેઠાં વાતો કરતા હતા. મહિપાલની મતિ પર ખેદ કરતા હતા. સજ્જને એક-બે વાર પોતાનો એ ભય પણ પ્રગટ કર્યો કે લાજનો માર્યો મહિપાલ ક્યાંક કશુંક કરી ન બેસે, પરંતુ કર્નલને ખાતરી હતી કે લગ્નની વિધિઓ પૂરી થયા પહેલાં મહિપાલ કશું જ નહિ કરે, અને મહિપાલ શરમાય નહિ એટલા માટે તે આજે સવારે ત્યાં ગયો નહોતો. હાં, એ વાતનો ભય એને પણ હતો કે લગ્નનું કામ પૂરું થતાં જ મહિપાલ આત્મહત્યાનો પ્રયત્ન કરશે. સાંજે જાનની વિદાય પછી મહિપાલ પર બરોબર નજર રાખવાનું એણે વિચારી લીધું હતું.

કર્નલના આવ્યા પછી થોડીવારમાં જ કન્યા એના નિયમ પ્રમાણે કામ પર ચાલી ગઈ હતી. લગભગ અગિયાર – સાડા અગિયાર વાગે સજ્જનને એક દૈનિક પત્રના સંપાદકનો ફોન મળ્યો. એને તરત જ છાપાની ઑફિસમાં આવવાની વિનંતી કરી હતી.

સજ્જન પહોંચ્યા કે તંત્રી મહાશયે એની સામે એક પત્ર મૂક્યો. અક્ષરો મહિપાલના હતા. કોઈ શાળાના વિદ્યાર્થીની ઍરિથમેટિકની રદ્દી નોટબુકના રદ્દી કાગળની સાદી પીઠ પર પેન્સિલથી લખેલો પત્ર હતો :

'સંપાદકજી,

આ મારો અંતિમ લેખ છે. પત્રના રૂપમાં. એને છપાયેલો જોવા માટે હું નહિ હોઉં. હું હાથ જોડીને અનુરોધ નિવેદન કરું છું કે આને તમારા પત્રમાં બને તેટલો જલદી છાપીને એક મૃત વ્યક્તિની અંતિમ ઇચ્છા પૂરી કરજો! હું સાર્વજનિક રૂપથી એક અપરાધનો સ્વીકાર કરું છું, લોભની એક ક્ષણે મને ચોર બનાવી દીધો. હું મારા મામાના દીકરા ભાઈને ઘેર – એ ઘર જ્યાં હું ઊછર્યો હતો, ત્યાં ધાડ પડી ત્યારે હાજર હતો. એક ડાકુને મારીને મેં એની પાસેથી મિલકત લૂંટી લીધી, એ ઝવેરાત મારા મોસાળનું જ હતું. મેં તરત જ પાસે પડેલા ચૂનાના ઊંચા ઢગલામાં થેલાને સંતાડી દીધો. બે ડાકુ નાસી પણ ગયા હતા, એમની સાથે થોડાં ઘરેણાં ને રોકડ ચાલી ગઈ હતી, મેં સંતાડેલાં ઘરેણાંને પણ એ ડાકુઓની ચોરીમાં ગણાવી દીધાં. આ ચોરી કરતી વખતે મારો આત્મા ખૂબ જ કંપ્યો હતો, પરંતુ અભાવની દલીલોએ મારા આત્માને એના સકંજામાં જકડી લીધો. એ દિવસોમાં મારી ભાણેજનાં લગ્નની ચિંતામાં હતો. મારી પત્ની

પોતાની જ્ઞાતિ–સમાજની પરંપરા અનુસાર જ એનાં લગ્ન કરવાનો આગ્રહ રાખતી હતી. એની જીદમાં સમાજની નાડી બોલતી હતી. હું પોતે પણ મારી માતા-પિતાવિનાની ભાણેજનાં લગ્ન ઘણાં ભપકાથી કરવા માગતો હતો. આ જ નહિ, હું દરેક કામ ખૂબ ભપકાથી કરવા ઇચ્છતો હતો. તાલુકદારીના વાતાવરણમાં ઉછરીને મારા સંસ્કાર પણ રાજસી થઈ ગયા હતા. પાછલાં થોડાં વર્ષોથી મારું આર્થિક જીવન સંકટગ્રસ્ત થઈ ગયું હતું ત્યારથી એને માટે મારા મનમાં એક ઘણી ઊંડી અતૃપ્તિ ઉત્પન્ન થઈ ગઈ હતી. મારી આ હીન ભાવનાએ અચાનક મને દબાવી દઈને મારા ઈમાનની હત્યા કરી નાખી. મેં વિચાર્યું કે આ ધન મને ઈશ્વર પાસેથી મળ્યું છે. એકની પાસે તો એટલું ધન છે જ કે આ ઝવેરાત ગયા પછી પણ તે ઘણા સંપત્તિવાન જ કહેવાશે. અને એટલામાં મારી ભાણેજના લગ્ન માટે ધનની સમસ્યા ખૂબ આસાનીથી ઉકેલાઈ જશે.

'આજે મારી આ દલીલના પોલાણને હું સારી રીતે ઓળખી ગયો છું. ચોરી કર્યા પછી હું કાયર બની ગયો હતો અને કાયરની દલીલો પ્રત્યક્ષતઃ ઘણી ક્રાન્તિકારી લાગવા છતાં પણ તદ્દન અશક્ત હોય છે. મેં મારા મનને જૂઠી દલીલોથી બહેલાવ્યું.

'જે સમાજવ્યવસ્થા મારા જેવી જાગ્રત વ્યક્તિને અભાવગ્રસ્ત બનાવી આમ જીવતાંજીવ મારી શકે છે તે અધિકતર અચેતન અવસ્થામાં જડ સંસ્કારોમાં પોષાતા સમાજને કેમ પતનની એ ગર્તામાં ન ફેંકી દે જેની ભયાનકતાથી ભરેલા વિવિધ સમાચાર તમે તમારા પત્રમાં છાપો છો.

'મારી કાયરતાને ધોવા માટે હું સ્વેચ્છાએ ડૂબીને આત્મહત્યા કરું છું.

'બીજો અપરાધ એ પણ સ્વીકારું છું કે મારા પરમ મિત્ર, સુપ્રસિદ્ધ અને સુયોગ્ય ચિત્રકાર શ્રીયુત સજ્જન વર્માના સંપત્તિદાનથી ઈર્ષાળુ બનીને એમના એ સામાજિક આયોજનોનો વિરોધ કર્યો જે વર્ષોથી મારું આદર્શ સ્વપ્ન રહ્યું છે. મારા વ્યક્તિત્વની આ સંકીર્ણતા સમાજમાં સદા કલંકરૂપે યાદ રાખવામાં આવે અને હું મારી ચોરીથી પણ મોટો અપરાધ માનું છું.

અધમ

મહિપાલ શુક્લ'

પત્રની નીચે, પત્રથી અસંબદ્ધ કેટલાંક વાક્યો લખ્યાં હતાં : 'વ્યક્તિ વ્યક્તિ અવશ્ય રહે: પણ એના વ્યક્તિવાદી ચિંતનમાં પણ સામાજિક દૃષ્ટિકોણનું હોવું અનિવાર્ય હો – હું એકલો છું, પણ બહુજનના સાથમાં છું. દુઃખ – સુખ, શાંતિ અશાંતિ વગેરે વ્યકિતગત અનુભવ છે. પણ તે સમાજમાં પ્રત્યેક વ્યક્તિના છે, એટલે આપણે એમ માનવું જોઈએ કે સમાજ એક છે – વ્યક્તિ તો અનેક છે. સૂર્ય-ચંદ્રમા-ધરતી એ બધા એક એક છે – ભલે અનેક તત્ત્વોમાંથી એનું નિર્માણ થયું હોય.'

સજ્જને પત્ર એકવાર વાંચ્યો ને સ્તબ્ધ થઈ ગયા. ફરી વાંચવા લાગ્યો તો વાંચતાં વાંચતાં પત્ર હાથમાંથી પડી ગયો ને ટેબલ પર માથું રાખીને એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.

કર્નલને સમાચાર આપ્યા. ડૉક્ટર જયપાલને પણ ખબર આપી. પોલીસને પણ ખબર આપવામાં આવી. ગોમતીના કિનારે કિનારે કુરિયા ઘાટથી બંધ સુધી તપાસ કરવામાં આવી કે કદાચ ક્યાંક મહિપાલનાં કપડાં રાખ્યાં હોય તે મળી જાય. પરંતુ એ શ્રમ નકામો ગયો. મહિપાલે ક્યાંથી કાગળ ને પેન્સિલ મેળવ્યા ક્યાંક આવીને તે આ પત્ર તંત્રીની ઑફિસ બહારની પત્રપેટીમાં નાખી ગયો, ક્યાં ને ક્યારે જીવ દીધો... એ બધાં રહસ્યો મહિપાલ પોતાની સાથે લેતો ગયો !

બાવન

મહિપાલના મૃત્યુના આઘાતે કર્નલ, સજ્જન, કલ્યાણી, શીલા અને આ બધાની અંતરંગ હોવાના સંબંધે ? કન્યા પર પણ એની એક સ્થાયી છાપ મૂકી. કેટલાક દિવસ સુધી તો બધાને એમ લાગતું હતું કે જાણે મહિપાલ હજી મર્યો જ નથી; આટલામાં જ ક્યાંક છે, હમણાં આવતો જ હશે – અથવા તો ક્યારેક એમને મહિપાલ પોતાની પાસે આવ્યો હોય એવું લાગતું : ક્યારેક અવાજ સંભળાયો એવું લાગતું. લાંબાં લાંબાં ડૂસકાં જેવા શ્વાસોની સાથે ચોંકીને બધાનાં દિલ પોતાની વિવશતા સાથે ઊંચે ક્યાંક એકાંતમાં આંસુ ભરી આંખો ફેલાવતાં રડ્યાં છે. બધાનાં મનોએ પોતાની જાતને લાખો સવાલ પૂછી નાખ્યા છે. આ બધાનાં જીવનમાંથી માત્ર મહિપાલ ન ગયો, જીવનનો એક સ્થાયી ક્રમ ઊખડી ગયો. એક સ્પર્શ, એક સ્વર, રૂપ–વર્ણ–ગુણ–અવગુણભર્યો એક જન બધું – આત્મીય થોડી જ વારમાં 'છે' માંથી 'હતો' થઈ ગયો.

જન્મ-મૃત્યુ પ્રકૃતિનો નિયમ છે. જન્મની ખુશી અને મૃત્યુનો શોક સદા સમાજની વ્યક્તિગત બાબત રહ્યાં છે અને રહેશે પણ સમય શોકને ઓછો કરે છે. મહિપાલ જો ભારે મંદવાડમાં સપડાઈને ખૂબ સારવાર બાદ મર્યો હોત, અથવા વૃદ્ધાવસ્થા સુધીની જિંદગી ભોગવીને પછી એનો દેહ પડ્યો હોત તો દુઃખ થાત, પરંતુ મનને વારંવાર આવા ધક્કા ન લાગત, મહિપાલ જેવા વિચારકનું એક ખોટા મોહમાં પડીને એના પરિણામે આત્મહત્યા કરવી એ એક એવું તીક્ષ્ણતાભર્યું સત્ય હતું કે સજ્જનને એનો સ્વીકાર કરવો જ પડ્યો. મહિપાલ જેવી પરિસ્થિતિઓ જો સજ્જનનું જીવન વીત્યું હોત તો કદાચ એનો અંત પણ આવો જ આવ્યો હોત. સજ્જન વિચારવા લાગ્યો કે એવો કયો ઉપાય છે કે જેનાથી મનુષ્યને આત્મવિશ્વાસ અને આત્મબળ ખોઈને આવી બેહૂદી ઠોકરો ખાતો બચાવી શકાય.

સજ્જનની સામે જૂનો પ્રશ્ન, પાછો હતો તેમ જ આવી ગયો. જે દેશમાં કર્મયોગનો સિદ્ધાંત છે, વેદ, ઉપનિષદ, સાહિત્ય, શાસ્ત્ર છે; વ્યાસ, વાલ્મિકી જેવા યુગપ્રવર્તક મહર્ષિ છે, આટલું રસજ્ઞાન છે, અજંતા, ઇલોરા, કોણાર્ક, દક્ષિણ ભારત – આખા ભારતમાં વ્યાપેલું અનુપમ શિલા છે. સુનીતિઓ છે; જે દેશનો ઇતિહાસ આટલો મહિમામય છે તે દેશ જડતા અને ગંદકીમાં રહેવાનું પસંદ કરીને આજની ભયંકર અગતિના રૂપમાં આત્મહત્યા શા માટે કરે છે. મહિપાલ અને ભારત પોતાનાં જ્ઞાન અને અજ્ઞાનમાં એક સરખાં છે.

મહિપાલને ભૂલવા માટે સજ્જનની મૌન હઠ એની પાસે કઠિન શ્રમ કરાવવા લાગી. એ અને કન્યા ઘેર ઘેર જઈને લોકો પાસેથી એમની સમસ્યાઓની પ્રત્યક્ષ માહિતી મેળવવા લાગ્યાં. ગરીબીની મહામારી તો સાધારણ રીતે ફાલીફૂલી છે જ, એ ઉપરાંત આપણો દેશ સમયને અનુકૂળ ચાલવા માટે નિતાંત અશક્ત છે. સમયની સાથે ચાલવા માટે જે સંસ્કારોનું બળ જોઈએ તે પ્રત્યે આપણો સમાજ હજી જાગૃત નથી.

એનું કારણ શું છે?

આપણો દેશ વિચારો અને રીતરિવાજોનું એક મહાન અજાયબઘર છે. સેંકડો સદીઓની રહેણીકરણી, રીતરિવાજ અને માન્યતાઓ – જે આજના ભૌતિક વિજ્ઞાનના યુગમાં એકદમ અનુપયુક્ત સિદ્ધ થાય છે – ને આપણા સમાજે અંધનિષ્ઠાથી અપનાવી રાખી છે. દરેક યુગમાં જે સુધારા આવ્યા, જેટલા ઐતિહાસિક પ્રભાવ

પણ એમાંથી અધિકાર આજે પણ આપણા માથા પર પડેલા છે. આપણાં ઘરો, ગલીઓમાં ફરતા સાધુ, વૈરાગી, ફકીર છે, ચંડીપાઠ કરનારા પંડિત, લગ્ન, મૂંડન જનોઈથી માંડીને મૃત્યુના સંસ્કાર પણ કરનારા પંડિત, કથા વાંચનારા પંડિત, શાસ્ત્રાર્થ કરનારા પંડિત; ભૂત કાઢનારા ભૂવા–જતિ, શનિવારનું દાન લેનારા ભિખારી; જાદુમંતર, દહેજ, ઊંચનીચ, તેત્રીસ કરોડ દેવતા – આમ કારણ વિના મગજ ખરાબ કરનારી જુનવાણી વાતો ભરી છે. આમાં અંધવિશ્વાસ એકઠો થવાને કારણે આપણા સમાજમાં આત્મવિશ્વાસ જ નથી રહ્યો. ભૌતિક વિજ્ઞાનની આટલી તેજસ્વી પ્રગતિનાં યુગમાં તમામ પુરાણાં બીબાં અર્થહીન બની ગયાં છે. આ દેવતાઓ સાથે જકડાયેલી મનુષ્યની ચેતનાએ તરત જ મુક્ત થવું જોઈએ. શ્રદ્ધાના પ્રતીકની આવશ્યકતા છે, પરંતુ અંધશ્રદ્ધાનાં પ્રતીકોની નહિ. પૃથ્વીમાતા હંમેશા આ દેશની મહાન દેવતા રહી છે. પરમેશ્વર પોતા આકાશમાં નથી રહેતો એ સત્ય આ દેશે ઘણા સમયથી જોઈ લીધું હતું. એણે દરેક જીવમાં એને જોયું, મનુષ્યની એ પરમ શક્તિને ઓળખી. આ દેશે જ્ઞાન અને કર્મને જ પોતાના દર્શનના મૂલાધાર બનાવ્યા. આ રીતે એનો દૃષ્ટિકોણ સર્જનાત્મક રહ્યો છે. આ બધી વાતો માનવીના આત્મવિશ્વાસને દૃઢ કરે છે. આજના યુગમાં આપણને આપણી પરંપરાની આ જ શક્તિ લઈને આગળ વધવાનું છે, મૃત્યુના ભયના શકમાં પડીને પરલોકના ચિંતનમાં ફસાવી રાખનારું દર્શન બિલકુલ જડ અને આત્મઘાતક છે. આ પરલોકવાળું દર્શન અને એના ધર્મને લોકજીવનમાંથી સમેટી લઈ મ્યુઝિયમમાં મૂકી દેવાનું જ ઔચિત અને સમયાનુકૂળ છે. સ્વામી વિવેકાનંદે ક્યાંક કહ્યું છે કે આત્મવિશ્વાસ ખોઈને ઈશ્વર કે માનેલા તેત્રીસ કરોડ પૌરાણિક દેવ-દેવીઓમાં શ્રદ્ધા રાખવી એ ભૂલ છે. આત્મવિશ્વાસ જ નવા યુગનો ધર્મ છે.

આપણા આજના લોકજીવનમાં ફેલાયેલા અવિશ્વાસનું બીજું કારણ આજની રાજનૈતિક પાર્ટીઓ છે. આના સંચાલક બીજા પ્રકારના પંડિત, પંડા, ભૂવા-જતિ છે. રાજનીતિ આજે જે રૂપમાં પ્રચલિત છે તે જરાયે પ્રગતિશીલ શક્તિ નથી. રાજનીતિ કેવળ દાવ–પેચનો અખાડો છે: માનવહિતના આદર્શથી હીન, વ્યક્તિગત અહંકારને લીધે રાજનીતિના ખેલાડીઓની બુદ્ધિ, ચતુરાઈ અને કાર્યકુશળતા બહેકી ગઈ છે. વર્તમાન રાજનીતિનો જન્મ સામ્રાજ્યવાદથી થયો છે. આ સામ્રાજ્યવાદી નીતિથી ઔદ્યોગિક પૂંજીવાદને શક્તિ મળી છે. એ શક્તિ અને જનહિતનું વેર સ્વાભાવિક છે. સામ્રાજ્યશાહી ભલે પૂંજીવાદની હોય, રાષ્ટ્રવાદ, જાતિવાદ, ધર્મવાદની હોય, પણ તે સર્વથા મૂલભરેલી છે. દેશના પુરાણા–નવા ઇતિહાસ અનેક ઉદાહરણો આ વાતને સિદ્ધ કરે છે.

આજે દેશમાં શું કોંગ્રેસ, શું સોશ્યાલિસ્ટ પાર્ટી, કોમ્યુનિસ્ટ પાર્ટી, જનસંઘ, હિંદુ મહાસભા વગેરે જેટલી રાજનૈતિક પાર્ટીઓ છે – બધી અધિકાંશ એક-એકથી વધીને બેઈમાન, ક્ષુદ્ર આકાંક્ષાવાળા, દગાબાજ, દંભી અને ઘમંડીઓ દ્વારા અનુશાસિત છે: આદર્શ અને સિદ્ધાંત તો કેવળ શિકાર ખેલવા માટે બહાના પડદા છે. એમનો આપસનો સંઘર્ષ મોટે ભાગે વ્યક્તિગત છે. આ દેશની પ્રતિક્રિયાવાદી રાજનૈતિક શક્તિઓ ભારતીય પરંપરાઓને કેવળ રૂઢિઓમાં જ જુએ છે: તથાકથિત પ્રગતિશીલ શક્તિઓ પણ આપણા દેશને કેવળ રૂઢિઓમાં જ ઓળખે છે. એની પ્રગતિશીલ પરંપરાઓની સમજ એમને નથી અથવા તો બહુ ઓછી છે. એ બધા પ્રગતિશીલ પરંપરાને માત્ર વિદેશોમાં જ જુએ છે. વિદેશી પરંપરાઓને તેઓ અહીંની પરિસ્થિતિ પર જબરજસ્તીથી લાદવા માગે છે.

માનવજીવન અંધવિશ્વાસ અને ભ્રાન્તિઓથી જકડાયેલું છે. આવી સ્થિતિમાં બુદ્ધિવાદી ચૂપ બેસી શકે? શું આજે તેઓ પણ પૂંજી અને વ્યક્તિસત્તાવાદી વાતાવરણથી પ્રભાવિત બનીને જનતાને ભરમાવવામાં ફાળો આપતા રહેશે? શું આજે કોઈને પણ પોતાના દેશ માટે પ્રેમ નથી? દેશની પરંપરાગત અનેક સર્જનાત્મક શક્તિઓ માટે અભિમાન નથી?

મહિપાલ કહ્યા કરતો હતો કે બંગાળના દુકાળમાં મનુષ્ય પર એટલું સંકટ પડ્યું કે સહેતાં સહેતાં એમની ચેતના જ લુપ્ત થઈ ગઈ. મેં પોતાનું નામ પોતાને સુદ્ધાં ભૂલી ગયો હતો. અત્યારે આપણા ભારતીઓની પણ એ જ દશા છે. પોતે ભારતીય છે એ વાત ભારતીય ભૂલી ગયો છે; તે કોંગ્રેસી છે, સોશ્યાલિસ્ટ, જનસંઘી, કોમ્યુનિસ્ટ, અકાલી છે: તે યશસ્વી કવિ, કલાકાર, નેતા, ડોક્ટર, બેરિસ્ટર કે સમાજમાં 'કાંઈક' છે, પરંતુ વધારે પ્રમાણમાં ભારતીય નથી, માનવ પણ... ? ...નથી. આ લોકો લગભગ આખો દિવસ દેશ અને માનવતાનું નામ ઠીંકયે રાખે છે. પરંતુ એમનો દેશ શું છે એ તેઓ જાણતા નથી! એમના દેશે માનવતાના મર્મને કેવી ખૂબીથી ઓળખ્યો છે! અત્યારે તો એવું લાગે છે કે આ દેશમાં, પૃથ્વી પર, કેવળ વ્યક્તિ રહે છે, સમાજ નહિ. વ્યક્તિ કેવળ પોતાના વર્તુળમાં રહે છે, વિચારે છે, અને કાર્ય કરે છે. એવું લાગે છે જાણે દરેક વ્યક્તિ એક-એક દ્વીપમાં જુદી જુદી છે.

–શું મનુષ્યની આ પ્રાકૃતિક સ્થિતિ છે? – ના.

આજનો મનુષ્ય પોતાના મનમાં જ ક્યાંક ને ક્યાંક એવો અનુભવ અવશ્ય કરે છે કે પોતે ખોટે રસ્તે જઈ રહ્યો છે. એટલે વ્યક્તિ પોતાને છુપાવી દઈ દરેક

બીજી વ્યક્તિને ખોટી કહે છે. આથી ઝઘડો વધે છે, ભય ફેલાય છે. માનવીની આ સ્થિતિ અપ્રાકૃતિક છે.

મનુષ્યનો આત્મવિશ્વાસ જાગવો જોઈએ, એના જીવનમાં આસ્થા જાગવી જોઈએ મનુષ્યે બીજાનાં સુખ-દુઃખમાં પોતાનું સુખ-દુઃખ માનવું જોઈએ. વિચારોમાં ભેદ હોઈ શકે છે, વિચારોના ભેદથી સ્વસ્થ દ્વન્દ્વ થાય છે અને એનાથી ઉત્તરોત્તર એનો સમન્વયાત્મક વિકાસ પણ. પરંતુ શરત એ છે કે સુખ-દુખમાં વ્યક્તિનો વ્યક્તિ સાથે અતુટ સંબંધ ચાલુ રહે ...જેવી રીતે બિંદુ સાથે બિંદુ જોડાયેલું રહે છે; લહેરો સાથે લહેરો, લહેરોમાંથી સિંધુ બને છે. આ રીતે બિન્દુમાં સિંધુ સમાયેલો છે.

સજ્જન અને કન્યા એક લગન લઈને એમના નાનકડા ક્ષેત્રમાં માનવતાનું દર્શન કરવા માટે કાર્યરત બની ગયાં. રૂઢિવાદ પોતાને સંહારમાંથી બચાવતાં સખત પ્રહાર કરે છે. વધુ પણ કરશે, પરંતુ બંને પતિ–પત્ની શ્રદ્ધા પર ટકી રહેશે. વ્યક્તિની સામાજિક ચેતના જાગીને જ રહેશે.

□